## -: સંપાદકીય :-

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આ પૃથ્વી ઉપર પધારવાનો હેતુ જાણવો હોય તો મહાગ્રંથ સર્વોપયોગી શ્રીમત્ સત્સંગિજીવનમાં આ તૃતીય પ્રકરણ છે. આ પ્રકરણમાં શ્રીજીમહારાજ પ્રેમીભક્તોની ઈચ્છાઓ પૂરી કરવા મહા મહોત્સવો કર્યા છે. એવો જ ઉત્સવ આજે ભુજમાં શ્રીનરનારાયણદેવ નૂતન મંદિરમાં બિરાજમાન થઈ રહ્યા છે. તેના ઉપક્રમે આ સત્સંગિજીવન સરળ રીતે સમજી શકાય તેવું પ્રકાશન કરીએ છીએ. આ પ્રકરણમાં ગઢપુર નિવાસી અભયરાજાના પરિવાર તથા અન્ય પ્રેમીભક્તોની ભાવના જોઈને અન્નકૂટોત્સવ કર્યો તેની વિસ્તાર પૂર્વક કથા શતાનંદ સ્વામીએ લખી છે. ત્યારપછી પ્રબોધની એકાદશી સુધીના દિવસોમાં દરરોજની જુદી જુદી સભાઓમાં શ્રીજીમહારાજે અમૃત વચનો પીરસ્યાં છે. તથા પ્રબોધની એકાદશીનો ઉત્સવ પણ અન્નકૂટોત્સવ જેવો જ કર્યો છે અને ત્રીજો ઉત્સવ વૃત્તાલયપુરી પધારીને ફુલદોલોત્સવ કર્યો છે. જેમાં અનેક દેશાંતરથી ભક્તો પધારીને દિવ્ય અલૌકિક આનંદ માણીને મરણ ટાણાંની મુડી મેળવી છે. આવો જ આજે ભુજ મંદિરનો ઉત્સવ થઈ રહ્યો છે. જેના હર્ષથી આ આખો ગ્રંથ પ્રકાશન થયો છે. જેનો લાભ દરેક સત્સંગીઓ લઈને લીલાચરિત્રો વાગોળવાના છે. એમાં જ સર્વેનું શ્રેય છે.

**લી. સદ્ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી**

## સત્સંગિજીવન તૃતીય પ્રકરણ

# વિષયાનુક્રમણિકા


**વિષય** **પાના નં.**

**અધ્યાય : ૧** ૧૧

★ ભગવાન શ્રીહરિ ગઢપુર પધાર્યા તેને આઠ વર્ષ થયાં ને અભયરાજા ગોલોકવાસી થયા. ★ સપરિવાર ઉત્તમરાજાની અનુપમ દાસત્વભક્તિ. ★ પ્રસન્ન શ્રીહરિએ પૂજવા આપ્યું પોતાનું રાધાકૃષ્ણસ્વરૂપ. ★ સંતોષ પમાડવા પુનઃ આપ્યું પોતાનું શ્રીહરિકૃષ્ણસ્વરૂપ. ★ લલિતાબા સર્વશ્રેષ્ઠ. જયાબા આદિકના ઉપચારોનો પણ મૂર્તિએ કર્યો પ્રત્યક્ષ સ્વીકાર.

**અધ્યાય : ૨** ૧૮

★ રાજાના પ્રશ્ન પછી સુવ્રતમુનિએ મુકુન્દાનંદ બ્રહ્મચારી આદિ સેવકોની સેવા વ્યવસ્થાનું કરેલું નિરૂપણ.

**અધ્યાય : ૩** ૨૬

★ પોતાની સંપત્તિને સત્કાર્યમાં વાપરવા ઈચ્છતા ઉત્તમરાજાને ભગવાન શ્રીહરિએ આપેલી અનુમતિ. ★ જયાબા અને લલિતાબા વચ્ચે સુદપક્ષ અને વદપક્ષના ઉત્સવોની વહેંચણી.

**અધ્યાય : ૪** ૩૦

★ જયાબાના મુખ્યપદે વિજયાદશમીનો ભવ્ય મહોત્સવ. ★ જયાબા અને લલિતાબા બન્ને બહેનો વચ્ચે પ્રેમકલહ. ★ ઉત્તમરાજાએ અન્નકુટ ઉત્સવ ઉજવવાની આજ્ઞા માગી. ★ ઋણ ન કરવાનો શ્રીહરિનો સ્પષ્ટ આદેશ. ★ શક્તિ અનુસાર અન્નકૂટોત્સવ ઉજવવા આજ્ઞા.

**અધ્યાય - ૫** ૩૮

★ અન્નકૂટોત્સવ ઉજવવાની આજ્ઞા મળતાં બન્ને બહેનોના અંતરમાં આનંદ થયો ને સર્વે બહેનો સેવામાં લાગી ગયાં. ★ સ્ત્રીભક્તોની સેવા જોઈને

બ્રહ્માજી શરમાયા . ★ અન્નકુટોત્સવના દર્શન માટે સંતોને નિમંત્રણ .

**અધ્યાય - ૬** ૪૫
★ અન્નકૂટની સેવામાં તત્પર નરનારીઓનો ઉત્સાહ વધારવા બન્ને પાકશાળામાં પધારતા ભગવાન શ્રીહરિ.

**અધ્યાય - ૭** ૫૧
★ અન્નકૂટોત્સવના નિમિત્તે ભગવાન શ્રીહરિનાં દર્શને પધારેલા મંડળધારી સંતોનાં નામ.

**અધ્યાય - ૮** ૬૦
★ ધનતેરસને દિવસે ઉત્તમરાજાએ ભગવાન શ્રીહરિનું કરેલું પૂજન. ★ સંતો પધાર્યાના સમાચાર જોધા ભરવાડે આપ્યા . ★ શ્રીહરિ સંતોને મળવા ઉતાવળે સામે ગયા . ★ રોમાંચિત સંતોએ શ્રીહરિને મળવા દોટ મૂકી. ★ સંતોએ દર્શન કરેલા શ્રીહરિના રૂપનું વર્ણન .

**અધ્યાય - ૯** ૬૮
★ ભગવાન શ્રીહરિએ સંતોનું સ્વાગત કરી જમાડી તૃપ્ત કર્યા. ★ શ્રીહરિના કોઈ એક અંગમાત્રનાં દર્શનથી હરિભક્તોને થઈ સમાધિ. ★ શ્રીહરિએ ભક્તોને આપ્યો આવકાર .

**અધ્યાય - ૧૦** ૭૪
★ ધનતેરસની જેમ ભગવાન શ્રીહરિનો ચૌદશનો દિવસ પણ ભક્તજનોની આગતા સ્વાગતામાંજ પસાર થયો. દિવાળીને દિવસે શ્રીહરિએ નવાં વસ્ત્રો ધારણ કર્યાં. ★ શ્રીહરિની રાજાધિરાજની શોભાનું વર્ણન. ★ શ્રીહરિના દર્શને માનવમહાસાગર ઉમટ્યો.

**અધ્યાય - ૧૧** ૭૯
★ ભગવાન શ્રીહરિએ દેશદેશાંતરમાં થતી પોતાના સંપ્રદાય સંબંધી લોકવાયકા ભક્તજનોને પૂછી અને ભક્તજનોએ તે કહી સંભળાવી.

**અધ્યાય - ૧૨** ૮૬

★ દીપાવલીના પવિત્ર દિવસે દેશાંતરથી આવેલા હજારો ભક્તોએ શ્રીહરિનું વિવિધરીતે પૂજન કર્યું.

**અધ્યાય - ૧૩** ૯૭

★ દીપાવલી તથા અમાવાસ્યાના પવિત્ર પર્વે ભગવાન શ્રીહરિ સંતો-ભક્તો સાથે મધ્યાહ્ને ઉન્મત્તગંગામાં જળક્રીડા કરી. ★ ઉન્મત્તગંગાની સર્વશ્રેષ્ઠતા.

**અધ્યાય - ૧૪** ૧૦૬

★ દીપાવલીના બપોર પછી નિત્ય નિયમ પ્રમાણે પ્રાગજી પુરાણી પાસે પંચમસ્કંધનું શ્રવણ કર્યું. ★ મંગલાચરણ. ★ દીપોત્સવ . ★ શ્રીહરિને સજાવ્યા ઉત્તમરાજાએ ઉત્તમ શણગાર. ★ કરુણાષ્ટક સ્તોત્ર .

**અધ્યાય - ૧૫** ૧૧૫

★ અન્નકૂટમાં ક્ષત્રિય સ્ત્રીભક્તોની વિવિધ પાક બનાવવાની સેવાનું વર્ણન. ★ અન્નકૂટોત્સવની પૂર્વ તૈયારી .

**અધ્યાય - ૧૬** ૧૧૮

★ અમાવાસ્યાની અંતિમ રાત્રી અને નવાવર્ષનો પ્રથમ પ્રહર. ઉત્તમરાજાએ શ્રીહરિની પૂજા કરી. ★ દાદાખાચરે કરેલી શ્રીહરિની ધન્યાષ્ટક સ્તુતિ. ★ ભુજના મલ્લભક્તોની મલ્લકુસ્તી .

**અધ્યાય - ૧૭** ૧૨૪

★ સર્વે બ્રહ્મચારી તથા સંતોએ શ્રીહરિની સ્તુતિ કરી. ★ ભક્તજનોએ કરેલી સ્તુતિ.

**અધ્યાય - ૧૮** ૧૩૬

★ ભગવાન શ્રીહરિએ અદ્‌ભૂત અન્નકૂટ રચના કરાવી.

**અધ્યાય - ૧૯** ૧૪૧

★ લલિતાબાએ પોતાની પૂજાના ઠાકોરજી આગળ ગોઠવેલ અન્નકૂટનું દર્શન. ★ લલિતાબાનું અષ્ટપદીગાન .

**અધ્યાય - ૨૦** ૧૪૬

★ ભગવાન શ્રીહરિએ સંતોને વિવિધ વાનગીઓ પીરસીને જમાડ્યા.

**અધ્યાય - ૨૧** ૧૫૧

★ પાર્ષદો અને ક્ષત્રિયોને જમાડવાની શ્રીહરિની લીલા.

**અધ્યાય - ૨૨** ૧૫૮

★ ભગવાન શ્રીહરિએ સભામાં કરુણા કરીને સત્સંગદીપનું કરેલું પ્રકાશન.

**અધ્યાય - ૨૩** ૧૬૭

★ જયાબાની પ્રાર્થનાથી સંતો-ભક્તોને પ્રબોધની પર્યંત રોકાવાની શ્રીહરિની આજ્ઞા.

**અધ્યાય - ૨૪** ૧૭૧

★ ઉદ્ધવ સંપ્રદાયનાં નરનારીઓના ધર્મની રક્ષાનો અને વૃદ્ધિનો ઉપાય પૂછતા હેમંતસિંહ રાજા. ★ અસુરોની ઉત્પત્તિ, લક્ષણો અને સંગફળ . ★ દેવતા, ઋષિઓ અને મનુષ્યોની ઉત્પત્તિ. ★ અસુરવિનાસની ભગવાનની બે રીત . ★ ભગવાનની જેમ સેવવા યોગ્ય સંતના લક્ષણો . ★ સ્ત્રીઓ માટે સંતસેવનની રીત . ★ સાચા સંતનાં લક્ષણ . ★ અસંતના લક્ષણ.

**અધ્યાય - ૨૫** ૧૮૬

★ સત્સંગી સ્ત્રી-પુરુષોમાં સ્પર્શાસ્પર્શનો શ્રીહરિએ કહેલો વિવેક.

**અધ્યાય - ૨૬** ૧૯૪

★ ભગવાન શ્રીહરિએ કરેલું ધર્મ સિદ્ધિના સાધનોનું વર્ણન. ★ શુભ દેશનાં લક્ષણો.★ અશુભ દેશનાં લક્ષણો. ★ શુભકાળ. ★ અશુભકાળ. ★ શુભ-અશુભ ક્રિયાનાં લક્ષણો. ★ શુભશાસ્ત્રોનું લક્ષણ. ★ શુભ દીક્ષાનું વર્ણન. ★ અશુભ દીક્ષાનું વર્ણન. ★ શુભ મંત્રનું વર્ણન. ★ શુભ સંગનું વર્ણન. ★ અશુભ સંગનું વર્ણન .

**અધ્યાય - ૨૭** ૨૦૫
★ બ્રહ્માનંદ સ્વામીના પૂછવાથી શ્રીહરિએ સંતો માટે કહેલી નિષ્કામશુદ્ધિ.

**અધ્યાય - ૨૮** ૨૧૨
★ ગોપાળાનંદ સ્વામીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ ત્યાગી સંતોના આહ્નિક વિધિનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૨૯** ૨૨૦
★ મુક્તાનંદ સ્વામીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ કરેલું સ્વરૂપાદ્વૈત જ્ઞાનનું નિરૂપણ. ★ ભગવાન નિર્ગુણ, નિરાકાર અને સાકાર કેવી રીતે છે ?

**અધ્યાય - ૩૦** ૨૪૨
★ વાસુદેવાનંદ વર્ણીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ કહેલો પોતાના મંત્રજપનો વિધિ. ★ માળાના ભેદ. ★ નિષ્ફળ જપ. ★ જપના ત્રણ ભેદ.

**અધ્યાય - ૩૧** ૨૪૯
★ ભગવાન શ્રીહરિએ કહેલો સર્વ વ્રતો કરતાં એકાદશીનો સર્વોત્તમ મહિમા.

**અધ્યાય - ૩૨** ૨૫૩
★ એકાદશીની ઉત્પત્તિ અને તેને મળેલું વરદાન.

**અધ્યાય - ૩૩** ૨૬૬
★ ભગવાન શ્રીહરિએ ભક્તજનોના પૂછવાથી એકાદશીના વ્રતવિધિનું કરેલું વિસ્તારથી વર્ણન. ★ ઉપવાસનું લક્ષણ. ★ ઉપવાસમાં બ્રહ્મચર્યવ્રત. ★ વ્રતભંગનું પ્રાયશ્ચિત. ★ ધ્યાન. ★ પ્રાર્થના સ્તોત્ર. ★ વાયનપ્રદાન. ★ બારસતિથિનો વિધિ.

**અધ્યાય - ૩૪** ૨૯૪
★ ભગવાન શ્રીહરિએ કહેલો એકાદશી વ્રતનો ઉદ્યાપન વિધિ.

**અધ્યાય - ૩૫** ૨૯૯
★ ભગવાન શ્રીહરિએ કહેલા એકાદશીના અધિષ્ઠાતા કેશવાદિ ચોવીસ સ્વરૂપોનાં લક્ષણો.

**અધ્યાય - ૩૬** ૩૦૨
★ ભક્તજનોને શીખવવા માટે શ્રીહરિએ એકાદશીવ્રતનું વિધિપૂર્વક અનુષ્ઠાન કર્યું.

**અધ્યાય - ૩૭** ૩૦૮
★ પ્રબોધનીના દિવસે જયાબાએ આપેલ ગુડધેનું આદિ મહાદાન વિધિનું નિરૂપણ.

**અધ્યાય - ૩૮** ૩૧૬
★ ભગવાન શ્રીહરિએ સંતો ભક્તો સાથે એકાદશીનું જાગરણ કર્યું.

**અધ્યાય - ૩૯** ૩૨૧
★ સ્વયં શ્રીહરિએ પીરસીને સંતોને જમાડ્યા.

**અધ્યાય - ૪૦** ૩૨૮
★ શ્રીહરિએ રાજાઓના પૂછવાથી વિદુરનીતિનો આપેલો ઉપદેશ.

**અધ્યાય - ૪૧** ૩૩૩
★ એકાંતિક ભક્તજનોજ જેને પ્રાપ્ત કરી શકે છે તેવા બ્રહ્મપુર ધામનું વર્ણન.

**અધ્યાય - ૪૨** ૩૪૦
★ શ્રીહરિના આદેશથી સંતો ભક્તોએ પોતપોતાના દેશમાં જવાની તૈયારી કરી. ★ વિચરણ અર્થે દેશાંતરમાં જતા સંતોએ કરેલી શ્રીહરિની સ્તુતિ.

**અધ્યાય - ૪૩** ૩૫૨
★ જયાબા, રમાબા, લલિતાબા આદિ સ્ત્રી ભક્તોએ શ્રીહરિનું પૂજન કરી, સ્તુતિ કરી.

**અધ્યાય - ૪૪** ૩૬૦
★ ભગવાનને અતિશય પ્રસન્ન કરવાના સાધનસ્વરૂપે માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૪૫** ૩૭૦
★ અન્નકૂટ તથા પ્રબોધનીના ઉત્સવમાં સ્ત્રીભક્તોએ કરેલી સેવાથી પ્રસન્ન થયેલાં ભક્તિદેવીનું પ્રત્યક્ષ દર્શન.

**અધ્યાય - ૪૬** ૩૭૯
★ ભગવાન શ્રીહરિએ અનંત જગ્યાએ ઉજવેલા ઉત્સવોનું કરેલું સંક્ષિપ્ત વર્ણન.

**અધ્યાય - ૪૭** ૩૮૩
★ ભગવાન શ્રીહરિને વડતાલથી પુષ્પદોલોત્સવ ઉજવવા માટે પધારવાનું આવેલું આમંત્રણ.
માણકીયે ચડ્યા રે મોહનવનમાળી.

**અધ્યાય - ૪૮** ૩૯૧
★ વડતાલ પધારેલા શ્રીહરિનાં દર્શને પધારેલા ભક્તસમુદાયની સ્થિતિનું વર્ણન.

**અધ્યાય - ૪૯** ૩૯૮
★ રામપ્રતાપભાઈ આદિ અયોધ્યાવાસીઓનું આગમન.

**અધ્યાય - ૫૦** ૪૦૩
★ દશમની રાત્રે શ્રીહરિએ પાર્ષદોને ભોજન કરાવ્યું.

**અધ્યાય - ૫૧** ૪૧૧
★ શ્રીહરિની ફલાહારલીલાનું વર્ણન.

**અધ્યાય - ૫૨** ૪૧૫
★ એકાદશીને દિવસે શ્રીહરિએ બ્રાહ્મણો દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનનું મહાપૂજન કર્યું.

**અધ્યાય - ૫૩** ૪૧૮

★ ભગવાન શ્રીહરિના સાંનિધ્યમાં મોટી સભાનું આયોજન, ગાયકો દ્વારા ગાયન કળાનું દર્શન અને ગુજરાતના ભક્તજનોએ કરેલી ભગવાન શ્રીહરિની પૂજા.

**અધ્યાય - ૫૪** ૪૨૧

★ પૂર્વ તથા ઉત્તર દિશાના ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું.
દક્ષિણદિશાના ભક્તોની પૂજા.
પશ્ચિમદિશાના ભક્તોની પૂજા.

**અધ્યાય - ૫૫** ૪૨૬

★ ભગવાન શ્રીહરિની સાયંકાળની સંધ્યાવિધિની લીલા. ★ સંતોએ કરેલી ૧૦૮ નામની સ્તુતિ. ★ સ્તુતિ પછી કરેલી પ્રાર્થના. ★ જાગરણ કરવાની આજ્ઞા .

**અધ્યાય - ૫૬** ૪૩૨

★ ભગવાન શ્રીહરિએ બન્ને ભાઈઓને ઘેર પ્રતિદિન એકવાર ભોજન કરવાની હા પાડી. ★ ફૂલદોલોત્સવ શા માટે ?

**અધ્યાય - ૫૭** ૪૩૭

★ શ્રીહરિએ ફૂલડોલમાં બિરાજેલા શ્રીનરનારાયણ ભગવાનનું પૂજન કરી આરતી કરી. ★ શ્રીનરનારાયણ ભગવાનની આરતી .

**અધ્યાય - ૫૮** ૪૪૩

★ ફૂલડોલના ઉત્સવ સાથે ભગવાન શ્રીહરિએ રંગોત્સવ પણ કર્યો.

**અધ્યાય - ૫૯** ૪૪૯

★ ભગવાન શ્રીહરિએ સંતો, ભક્તો અને સ્ત્રીઓને શાસ્ત્રોની મર્યાદા પાલન કરવાનો ઉપદેશ કર્યો. ★ ત્યાગ કરવા યોગ્ય અસાધુનાં લક્ષણ. ★ સંગ કરવા યોગ્ય સાધુનાં લક્ષણ.

**અધ્યાય - ૬૦** ૪૫૮

★ સ્ત્રીના સહવાસથી મુક્ત ભાવને પામેલા નારદજી અને પર્વતનું થયેલું પતન.

**અધ્યાય - ૬૧** ૪૬૮

★ બ્રહ્મનિષ્ઠ હોવા છતાં પણ પુરુષના પ્રસંગથી દેવયાની નારીનું થયેલું પતન.

**અધ્યાય - ૬૨** ૪૭૫

★ ભગવાન શ્રીહરિએ ભક્તજનોને સંક્ષેપથી કરેલો ગૃહસ્થધર્મનો ઉપદેશ. ★ પ્રાયશ્ચિત આપનાર પર્ષદ. ★ પ્રાયશ્ચિતના અધિકારી-અનધિકારી. ★ ભગવાનમાં પ્રીતિ થવાનાં સાધનો

**અધ્યાય - ૬૩** ૪૮૧

★ મુક્તાનંદ સ્વામીએ કરેલું ષટ્પદીનું ગાન તથા શ્રીહરિએ સમાધીનું સુખ આપ્યું. ★ હજારો નરનારીઓને થઈ સામુહિક સમાધી.

**અધ્યાય - ૬૪** ૪૮૬

★ નારાયણગીરી બાવા તથા હરિભક્તોની પ્રાર્થનાથી ભગવાન શ્રીહરિએ પોતાની જન્મ જયંતી અને વિમલા એકાદશી સુધી વડતાલમાં રોકાવાનું આપેલું વચન, વિરહાતુર દાદાખાચરનો પત્ર.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# सत्सङ्गिजीवनम्

## तृतीय प्रकरणम् गुर्जरानुवाद सहितम्

**प्रथमः अध्यायः - १**

**सुव्रत उवाच -**

इत्थं निजान् दुर्गपुराधिवासान् देशान्तरस्थांश्च नरांश्च नारीः ।
अत्यर्थमानन्दयतो हि तस्य तत्र व्यतीयुः शरदोऽष्ट पुर्याम् । १
सम्पूर्णसर्वस्वमनोरथोऽथ जरन्नृपो भौतिकदेहमूर्जेः ।
विहाय दिव्यं प्रतिपद्य देहं तद्धाम गोलोकमवाप भूप ! ॥ २

---

## શ્રીમત્ સત્સંગિજીવન

## તૃતીય પ્રકરણ સરળ ગુજરાતી ભાષાંતર

## અધ્યાય - ૧

### ભગવાન શ્રીહરિ ગઢપુર પધાર્યા તેને આઠ વર્ષ થયાં ને અભયરાજા ગોલોકવાસી થયા.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! પૂર્વોક્ત દ્વિતીય પ્રકરણમાં કહ્યું એ રીતે દુર્ગપુર નિવાસી અને અન્ય દેશના નિવાસી નરનારી ભક્તજનોને અતિશય આનંદ પમાડતા ભગવાન શ્રીહરિને દુર્ગપુરને વિષે આઠ શરદઋતુઓ પસાર થઈ. વિક્રમ સંવત્ ૧૮૬૧ ના મહાસુદિ એકાદશીને દિવસે શ્રીહરિ ગઢપુર પધાર્યા ત્યારથી આરંભીને સંવત ૧૮૬૯ ના મહાસુદિ એકાદશી પર્યંત ગઢપુરના નિવાસને આઠ વર્ષ વીતી ગયાં.[૧] હે રાજન્ ! પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિની પ્રાપ્તિથી અને તેમની

तस्यात्मजः सन्मतिनरौर्ध्वदैहिकक्रियाविधौ साधुजनांश्च सर्वशः ।
श्रीकृष्णभक्तान्बहुशश्च वाडवानतर्पयत्स्वादुविचित्रभोजनैः ॥ ३
नृपासनस्थोऽपि स दास्यमेव स्वयं हरेश्चास्य सतां मुदैव ।
प्रीत्या चकारानुदिनं विनीतः श्रीकृष्णनिघ्नीकृतराज्यभारः । ४
स साधुसेवादिगुणैश्च भक्त्या हरेश्च बुद्ध्या नृप ! विद्ययापि ।
ज्ञानेन धर्मेण तथा विरक्त्या कीर्त्या च तातादधिको बभूव ॥ ५
हरेः प्रसादाद्धनधान्यऋद्धिस्तस्याभवत्सर्वनृपाधिकैव ।
वासाद्धरेस्तत्र च पौरलोका आढ्या बभूवुः किल सर्वशोऽपि ॥ ६
तस्य स्वसारो जननीद्वयं च स्त्रियौ तथा द्वे कुमुदा जुहूश्च ।
दासीशता अप्यनुकालमीशं सिषेविरे दास्य इव स्वयं ताः ॥ ७

---

સેવા પરિચર્યાના લાભથી પૂર્ણ મનોરથવાળા વૃદ્ધ અભયરાજા ભગવાન શ્રીહરિ દુર્ગપુર પધાર્યા તેના નવમા વર્ષના નવમા મહિને વિક્રમ સંવત ૧૮૭૦ ના કાર્તિકવદ પાંચમને દિવસે પંચભૌતિક શરીરનો ત્યાગ કરી ભાગવતી દિવ્ય દેહને પામી ભગવાનની કૃપાથી તેમના ગોલોકધામને પામ્યા.[૨] હે રાજન્ ! તે સમયે અતિશય ડાહ્યા, સદ્‌બુદ્ધિવાળા પુત્ર ઉત્તમરાજાએ પિતાની ઉર્ધ્વદૈહિક ક્રિયાવિધિમાં પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિના ભક્તો તથા સર્વે સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદો તથા અનેક બ્રાહ્મણોને અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન જમાડી તૃપ્ત કર્યા.[૩]

**સપરિવાર ઉત્તમરાજાની અનુપમ દાસત્વભક્તિ :–** હે રાજન્ ! ઉત્તમરાજા રાજગાદિપર આરૂઢ હોવા છતાં પણ વિનયભાવે વર્તતા અને રાજ્યનો તમામ ભાર ભગવાન શ્રીહરિને અધીન કરી રાખેલો તથા પોતે પ્રતિદિન અતિહર્ષથી ભગવાન શ્રીહરિ તથા સંતોના દાસભાવે પરમ પ્રીતિથી વર્તતા.[૪] હે રાજન્ ! સાધુસેવા આદિ સદ્‌ગુણો, સાક્ષાત્ શ્રીહરિની નવપ્રકારની ભક્તિ, લોક અને શાસ્ત્રને મળતી આવે એવી બુદ્ધિ, વિદ્યા જ્ઞાન, ધર્મ, વૈરાગ્ય તથા કીર્તિ આદિ અનંત સદ્‌ગુણોમાં ઉત્તમરાજા પોતાના પિતા કરતાં પણ ચડીયાતા હતા.[૫] હે રાજન્ ! ભગવાન શ્રીહરિની કૃપાથી તે ઉત્તમરાજાની ધન, ધાન્ય આદિ સર્વ સમૃદ્ધિ સર્વ રાજા મહારાજાઓ કરતાં પણ અધિક વૃદ્ધિ પામી. લક્ષ્મીપતિ ભગવાન શ્રીહરિનો ગઢપુરમાં નિરંતર નિવાસ થવાથી સર્વે ગઢપુરવાસી જનો પણ ધન આદિકથી સમૃદ્ધ થયાં.[૬] તે ઉત્તમરાજાની જયા, લલિતા, નાનુ અને પાંચાલી આ ચાર બહેનો,

तदर्थमेता दलनं च कण्डनं चक्रुर्जलस्याहरणं च नित्यदा ।
तन्मन्दिरे मार्जनलेपनादि च प्रक्षालनं तत्परिधानवाससाम् ॥ ८
इत्थं नृपस्यास्य च बान्धवानां श्रद्धां च भक्तिं दृढतां स्वधर्मे ।
मानक्रुधीर्ष्यादिविहीनतां च दृष्ट्वा तुतोषेश उदारतां च ॥ ९
तेभ्योऽर्चनायानुदिनं स राधाकृष्णस्य मूर्तिं स्वसमाश्रितेभ्यः ।
पृथक् पृथक् च प्रददौ स्वदोष्णा तेऽप्याददुस्तां विनयेन नत्वा ॥ १०
प्राप्यापि साक्षाद्भगवत्करात्तां मनांसि तेषां तुतुषुर्न भूप! ।
तल्लग्नसर्वेन्द्रियवृतिभाजां तमेव तस्यामपि पश्यतां वै ॥ ११

---

સુપ્રભા અને સોમાદેવી એ બે માતાઓ, કુમદા અને જસુદેવી આ બે પત્નીઓ તે સર્વે પણ પોતાની સેવામાં બીજી સો સો દાસીઓ રહેલી હોવા છતાં પણ સ્વયં દાસીઓની પેઠે વર્તી સમયે સમયે ભગવાન શ્રીહરિની સેવામાં જાતે તત્પર રહેતાં હતાં.[૭]

**પ્રસન્ન શ્રીહરિએ પૂજવા આપ્યું પોતાનું રાધાકૃષ્ણસ્વરૂપ :-** હે રાજન્ ! જયાબહેન આદિ સર્વે ઉત્તમરાજાનો પરિવાર ભગવાન શ્રીહરિને અર્થે ઘઉં આદિ દળવું, ચોખા આદિ ખાંડવું, પ્રતિદિન ઉન્મત્તગંગાથી જળ લાવવું, વાસણો માંજવાં, લીંપવું, વસ્ત્રો ધોવાં આદિ અનંત પ્રકારની સેવા નિષ્કપટભાવે પ્રેમપૂર્વક કરતા.[૮] તેથી ઉત્તમરાજા તથા જયાબહેન આદિ સંબંધીજનોની શ્રદ્ધા, ભક્તિ, ધર્મમાં દ્રઢતા, માન, ક્રોધ, ઈર્ષ્યા, કામ, રસાસ્વાદ આદિ સર્વ દુર્ગુણોથી રહિતપણું અને દાન આપવામાં ઉદારતા જોઈને પરમેશ્વર એવા ભગવાન શ્રીહરિ તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા.[૯] હે રાજન્ ! પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ કાયા, મન, વાણીથી જોડાયેલા ઉત્તમ આદિ આખા પરિવારને પ્રતિદિન પૂજવા માટે રાધાકૃષ્ણ દેવની ધાતુની પ્રતિમા પોતાના શુભ હસ્તે દરેકને અલગ અલગ અર્પણ કરી. ત્યારે સર્વેએ વિનયપૂર્વક ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી અર્પણ કરેલી પ્રતિમાઓ પ્રેમથી સ્વીકારી.[૧૦] હે રાજન્ ! પ્રગટ ભગવાન શ્રીહરિના હાથેથી જ રાધાકૃષ્ણની પ્રતિમા સર્વેને પ્રાપ્ત થઈ હતી અને તે પ્રતિમા પણ તે પ્રગટપણે વિરાજતા ભગવાન શ્રીહરિનું જ સ્વરૂપ છે, એમ માની સૌ તેનું પૂજન દર્શન પ્રતિદિન કરતાં હતાં, છતાં પણ તે ઉત્તમાદિ પરિવારના જનોની ઈન્દ્રિયોની વૃત્તિ અને તેનો વ્યાપાર માત્રને માત્ર પ્રગટ ભગવાન શ્રીહરિને વિષે જ આસક્ત રહેતો હોવાથી રાધાકૃષ્ણની મૂર્તિથી તેઓને સંતોષ પ્રાપ્ત થયો નહિ.[૧૧]

स्वपूर्वरूपादपि वर्णिरूपे स्वस्मिंस्तु भावातिशयं तदीयम् ।
विबुध्य भूयोऽपि ददौ स तेभ्यो मूर्ति निजां चापि पृथक्पृथग् वै ॥ १२
ततः प्रहृष्टः स्वसृभिः सहैव नृपः पुपूजानुदिनं हरिं तम् ।
तत्पूर्वरूपेण सहैव भक्त्या भेदं तयोस्त्वात्मनि न व्यजानात् ॥ १३
प्रत्यक्षकृष्णं प्रतिवासरं ते संसेवमाना अपि तस्य राजन्! ।
यथार्हमानर्चुरुदारभावा मूर्तिद्वयं तस्य निदेशतो वै ॥ १४
तत्रापि नित्यं निरुपाधिभक्त्या सर्वेभ्य आसील्ललिताऽधिकैव ।
तस्यै प्रसन्नः क्वचिदाह कृष्णो भद्रे! वृणु त्वं वरमीप्सितं मत् ॥ १५
सम्पूज्य कृष्णं प्रतिवासरं प्राक् राधावयस्या हि यथा तथैव ।
पाकेन सम्भोजयितुं समुत्का कृतेन सा स्वेन जगाद किञ्चित् ॥ १६

---

**સંતોષ પમાડવા પુનઃ આપ્યું પોતાનું શ્રીહરિકૃષ્ણસ્વરૂપ :-** હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ પોતાના પૂર્વ અવતાર શ્રીકૃષ્ણનાં સ્વરૂપ કરતાં પણ વર્તમાન અવતારી વર્ણિસ્વરૂપમાં ઉત્તમ આદિ આખા પરિવારનો અધિક પ્રેમ જોઈ ફરી તે સર્વેને પોતાના હરિકૃષ્ણ સ્વરૂપની ધાતુની પ્રતિમા અલગ અલગ પૂજવા આપી.[૧૨] ત્યારપછી જયા લલિતા આદિ બહેનોની સાથે અત્યંત ખુશ થયેલા ઉત્તમરાજા પૂર્વ અવતાર સ્વરૂપ શ્રી રાધાકૃષ્ણની મૂર્તિની સાથે વર્તમાન અવતારીનું સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજને પધરાવી પ્રતિદિન ભક્તિભાવપૂર્વક પૂજા કરવા લાગ્યા, અને મનમાં બન્ને પ્રતિમાઓમાં લેશમાત્ર પણ ભેદ સમજતા નહિ.[૧૩] હે રાજન્ ! તે ઉત્તમ રાજા આદિ સર્વેને પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિની સેવામાં બહુ આનંદ આવતો, છતાં ભગવાન શ્રીહરિની આજ્ઞાથી અતિશય પ્રેમસભર ઉદાર ભાવની સાથે બન્ને પ્રતિમાઓનું વિધિ પ્રમાણે પ્રતિદિન પૂજન કરતાં.[૧૪]

**લલિતાબા સર્વશ્રેષ્ઠ :-** હે રાજન્ ! પરિવારના સર્વે સભ્યોની મધ્યે લલિતાદેવી નિરંતર ઉપાધિ વિના નિષ્કપટ ભાવથી કરેલી ભક્તિથી સર્વ કરતાં શ્રેષ્ઠ સિદ્ધ થયાં, તેમની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીહરિએ એક દિવસે તેમને કહ્યું કે, "હે ભદ્રે ! તું મારી પાસેથી ઈચ્છિત વરદાન માગ."[૧૫] ત્યારે પૂર્વ અવતારમાં રાધાની સખી લલિતાદેવી જેમ શ્રીકૃષ્ણના અનુગ્રહનું વધુ પ્રિયપાત્ર થયાં હતાં તેમ અત્યારે પણ પ્રગટ ભગવાન શ્રીહરિની વર માગવાની પ્રેરણા મળતાં મોટાં જયાબા થકી નાનાં બહેન લલિતાબા ભગવાન શ્રીહરિનાં વધુ પ્રિયપાત્ર થયાં. પ્રતિદિનની

स्वामिन्विवक्षास्ति चिरं मनःस्था तथापि शक्नोमि न वक्तुमेव ।
वर्णाश्रमाचारधृतिस्तवाद्य रुणद्धि वाचं मम दिव्यमूर्तेः ॥ १७
तदा हरिः प्राह हसञ्छुभास्ये! बुद्धो मया ते हि मनोभिलाषः ।
मन्मूर्तियुग्मार्चनकाल एव मनोरथः सेत्स्यति वै तवैषः ॥ १८
इत्थं हरेः प्राप्तवराऽतिहृष्टा सा पूजयन्ती प्रतिमां तदीयाम् ।
प्रत्यक्षमेवाऽऽददतं स्वदतान्पूजोपहारांस्तमवैक्षताहो ! ॥ १९
प्रमोदफुल्लान्तरवक्त्रपद्मा साऽथान्वहं चारु विधाय पाकम् ।
न्यवेदयत्स्वप्रभुमर्चयन्ती तत्प्रीतयेऽसौ बुभुजे च राजन् ! ॥ २०

જેમ આજે પણ શ્રીહરિની મૂર્તિનું વિધિવત્ પૂજન કરી પોતાના હાથે તૈયાર કરેલા વિવિધ પ્રકારના ભોજનનો થાળ તૈયાર કરીને ભગવાન શ્રીહરિને જમાડવાનો અવસર પ્રાપ્ત થતાં અને ભગવાન શ્રીહરિએ વરદાન માગવાની પ્રેરણા કરતાં અતિ ઉત્સાહમાં આવી લલિતાબા કહેવા લાગ્યાં કે, હે સ્વામિન્ ! બહુ સમયથી મારા મનની ઈચ્છા તમને જણાવવાની તાલાવેલી હતી, છતાં પણ હું બોલી શક્તી ન હતી. કારણ કે, દિવ્ય મનુષ્યાકૃતિ ધરી રહેલા તમે અત્યારે બ્રાહ્મણ જાતિના બ્રહ્મચર્યાશ્રમના ધર્મમાં વર્તી રહ્યા છો. બહેનો સાથે નહિ બોલવાની આપની ધર્મમર્યાદા મારી વાણીને રોકી રાખે છે. પરંતુ આજે તમે સામેથી બોલાવી તેથી હું રાજી થઈ છું.[૧૬-૧૭] હે રાજન્ ! આ પ્રમાણે લલિતાબાએ કહ્યું ત્યારે તેનો શુભ આશય જાણીને હસતા હસતા ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે શુભાસ્યે ! ધર્મમર્યાદાનું ઉલ્લંઘન નહિ કરનારાં તમારો શુભ આશય મેં જાણ્યો છે. એ તમારા મનનો મનોરથ મેં અર્પણ કરેલી મારી બન્ને પ્રતિમાઓની પૂજા કરવાના સમયે નિશ્ચય પરિપૂર્ણ થશે. અને એમ થવાથી લોક અને શાસ્ત્રની મર્યાદામાં કોઈ બાધ નહિ આવે.[૧૮] હે રાજન્ ! આ રીતે ભગવાન શ્રીનારાયણમુનિ પાસેથી વરદાન મળવાથી અતિશય ખુશ થયેલાં લલિતા બન્ને મૂર્તિની અતિ પ્રેમથી પૂજા કરતાં અને ભગવાન પણ મૂર્તિમાંથી પ્રગટ થઈ અર્પણ કરેલા પૂજાના ઉપચારોને પ્રત્યક્ષ સ્વીકારતા. તેનું દર્શન કરીને લલિતાબાને આશ્ચર્ય સાથે આનંદ થતો.[૧૯] હે રાજન્ ! આ રીતે આનંદથી વિકસેલાં હૃદય અને મુખકમળવાળાં લલિતાબા પ્રતિદિન બન્ને મૂર્તિઓનું પૂજન કરી પોતાને હાથે તૈયાર કરેલી અતિશય સુંદર રસોઈનો થાળ ભગવાન શ્રીહરિને નિવેદન કરતાં, અને ભગવાન શ્રીહરિ પણ તેને રાજી કરવા

दिनानि जग्मुः कतिचिच्च तस्याः सुखं हरेरित्थमवाप्नुवत्याः ।
जनश्रुतिश्चास हरिर्हि भुङ्क्ते नैवेद्यमीशो ललितोपक्लृप्तम् ॥ २१
आश्चर्यमेतच्च निशम्य हर्षात्तस्या हरेः पूजनकाल एत्य ।
जयादयस्तां निकषैव तस्थुः स्त्रियस्तदीक्षास्थिरदीर्घनेत्राः ॥ २२
नैवैद्यकालेऽथ चतुर्विधान्नं ताः स्वामिभुक्तं ददृशुः सचित्रम् ।
भोक्तारमीशं तु न नीलकण्ठं प्रशस्य तां ताश्च ततोऽपसस्रुः ॥ २३
भावं स्वकीयं भगवत्यवेत्य न्यूनं हि तस्यास्तत आप्ततापाः ।
तथाविधत्वाप्तय एव यत्ता निर्वासनत्वे मनसो बभूवुः ॥ २४

---

પ્રગટ થઈને જમતા.[૨૦]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિ થકી મહાસુખને પ્રાપ્ત કરતાં લલિતાબાને કેટલાય દિવસો પસાર થઈ ગયા. તેવામાં પરમેશ્વર ભગવાન શ્રીહરિ મૂર્તિદ્વારા લલિતાબાએ અર્પણ કરેલાં ભોજનો સાક્ષાત્ પ્રગટ થઈને જમે છે, એવી લોકવાયકા પ્રસિધ્ધ થઈ.[૨૧] ત્યારે મોટાં જયાબા વગેરે પરિવારનાં સ્ત્રી ભક્તજનો આવા પ્રકારનું અલૌકિક આશ્ચર્ય થતું સાંભળીને અતિશય આનંદમાં આવી શ્રીહરિની પૂજાના સમયે જ લલિતાબા પાસે આવી તેમણે અર્પણ કરેલો થાળ સાક્ષાત્ શ્રીહરિકૃષ્ણ મહારાજ જમતા હોય તેનું દર્શન કરવા પોતાના સ્થિર અને દીર્ઘ નેત્રો કરીને બેઠાં.[૨૨] હે રાજન્ ! ત્યારે જયાબા વગેરે સ્ત્રીઓએ લલિતાબાએ અર્પણ કરેલા થાળમાંથી ચાર પ્રકારનું ભોજન ધીમે ધીમે અડધું થઈ ગયેલું જોયું, તેથી બહુજ આશ્ચર્ય પામ્યાં, પરંતુ સાક્ષાત્ ભોજન કરતા શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રત્યક્ષ જોયા નહિ, પ્રત્યક્ષ થાળ જમતા શ્રીહરિનાં તો એક લલિતાબાને જ દર્શન થયાં. તેથી જયાબા આદિ સર્વેએ લલિતાબાની ખૂબજ પ્રશંસા કરી પછી પોતાના નિવાસસ્થાને ગયાં.[૨૩]

**જયાબા આદિકના ઉપચારોનો પણ મૂર્તિએ કર્યો પ્રત્યક્ષ સ્વીકાર :–** હે રાજન્ ! આવું આશ્ચર્ય જોઈને જયાબા આદિને લલિતાબા ઉપર ઈર્ષ્યા ન થઈ. ઈર્ષ્યા તો દેહાભિમાની અને અજ્ઞાનીમાં પ્રગટે. આતો સર્વે આત્મા અને પરમાત્માના યથાર્થ જ્ઞાનથી સંપન્ન હતાં. તેથી ભગવાન શ્રીહરિને વિષે પોતાની પ્રીતિ લલિતાબા કરતાં ન્યૂન જાણીને જયાબા આદિના અંતરમાં બહુ જ સંતાપ થયો. ત્યારપછી લલિતાબા જેવી જ પોતાને ભગવાન શ્રીહરિમાં પ્રીતિ થાય તેને

अनन्यभावा ललितावदेव कालेन चाल्पेन हि ता बभूवुः ।
राजापि तादृक्त्वमवाप राजन्वर्णीन्द्रदास्यप्रसितत्वयोगात् ॥ २५
मनोरथं पूरयितुं हि तेषां हरिः स्वकीयप्रतिमात्मनैव ।
तद्दत्तपूजोपहृतीः प्रहर्षात्क्वचित्क्वचित्स्वीकुरुते स्म साक्षात् ॥ २६
ततोऽतिहर्षेण निरन्तरं तं सिषेविरे ते हि तदेकचित्ताः ।
तद्भक्त्यधीनोऽथ न तांस्तु हित्वा गन्तुं शशाक प्रभुरन्यतो वै ॥ २७
उवास तत्रैव सुखं ततोऽसौ देशान्तरीयैर्बहुभिर्नृपाद्यैः ।
स्वग्रामपुर्यागमनाय भक्त्या सम्प्रार्थ्यमानोऽपि मुहुः स्वभक्तैः ॥ २८
व्रजे यथोवास पुरा स कृष्णः प्रीत्यै यशोदाव्रजराजयोश्च ।
स्वभक्तगोपालकगोपिकानां तथाऽवसत्तत्र च तत्प्रियार्थम् ॥ २९

---

**માટે પોતાના મનને અતિશય શુદ્ધ કરવા પ્રયત્ન કરવા લાગ્યાં.[૨૪] હે રાજન્ ! ત્યારે જયાબા વિગેરે ટૂંક સમયમાં જ લલિતાબાની જેમ ભગવાન શ્રીહરિને વિષે અનન્ય ભક્તિભાવવાળાં થયાં. તેમજ ઉત્તમરાજા પણ વર્ણિરાજ શ્રીહરિની દાસભાવે અત્યંત સેવાપરાયણ થવાથી તેવી જ અનન્ય ભક્તિભાવ-વાળી સ્થિતિને પામ્યા.[૨૫] હે રાજન્ ! શ્રીસ્વામિનારાયણ ભગવાન તે સર્વે ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા માટે તેમણે અર્પણ કરેલા પૂજાના ઉપચારો પોતાની શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ દ્વારા ક્યારેક ક્યારેક અતિહર્ષથી પ્રગટ થઈ પ્રત્યક્ષપણે સ્વીકારવા લાગ્યા.[૨૬] આ રીતે જયાબા અને ઉત્તમરાજા આદિ સમસ્ત પરિવાર ભગવાન શ્રીહરિમાં એકાગ્ર મનવાળા થઈ અતિહર્ષથી નિરંતર તેમની સેવા કરવા લાગ્યા. ત્યારપછી તેઓની ભક્તિને આધીન થઈ સમર્થ ભગવાન શ્રીહરિ તેઓને છોડીને અન્યત્ર જવા સમર્થ થતા નહિ.[૨૭] હે રાજન્ ! ભગવાન શ્રીહરિને દેશદેશાંતરના રાજાઓ તથા બીજા અનેક ભક્તજનો પોતાના ગામ અને નગરને વિષે પધારવાની બહુ ભાવથી વારંવાર પ્રાર્થના કરતા છતાં પણ દુર્ગપુરમાં જ ઘણું કરીને રહેતા.[૨૮] જેવી રીતે પૂર્વે કૃષ્ણ-અવતારમાં નંદ-યશોદા તથા પ્રિય ભક્તો એવા ગોપ-ગોપીઓના પ્રેમને વશ થઈ તેમને રાજી કરવા ગોકુળમાંજ નિવાસ કરીને રહ્યા હતા. તેવી જ રીતે ભગવાન શ્રીહરિ જયાબા, લલિતાબા, ઉત્તમરાજા વગેરે અનન્ય પ્રેમી ભક્તોને રાજી કરવા માટે દુર્ગપુરમાં નિવાસ કરીને રહ્યા.[૨૯]**

**હે રાજન્ ! ભગવાનને વિષે અત્યંત ભક્તિવાળા ઉત્તમરાજાને ભગવાન**

स्नेहोऽभवद्भूरितरो हरेश्च तस्मिन्नृपे भक्तिमति क्षितीश ! ।
गेहं तदीयं तु स मन्यते स्म स्वकीयमेवेति च भक्तिवश्यः ॥ ३०
यो हरिं भजति दम्भवर्जितस्तं भजत्यपि हरिर्निरन्तरम् ।
भक्तदत्तमणुमात्रमप्यसौ वस्तु मेरुमिव मन्यते तथा ॥ ३१

*इति श्रीसत्सङ्गीजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे उत्तमादिभक्त्युत्कर्षनिरूपणनामा प्रथमोऽध्यायः॥ १ ॥*

---

**अथद्वितीयोऽध्यायः - २**

**राजोवाच-**

ब्रह्मन् ! कृष्णस्य चरितं मनःश्रवणयोः प्रियम् । शृण्वतोऽपि न मे तृप्तिर्जायते तत्र सर्वथा ॥ १
निजभक्तापदां हर्तुः श्रीहरेः परमात्मनः । चरितं श्रोतुमिच्छामि नूतनं हि पदे पदे ॥ २

---

**શ્રીસહજાનંદ સ્વામીમાં ઉત્કૃષ્ટ પ્રેમ ઉત્પન્ન થયો. તેની ભક્તિને વશ થયેલા ભગવાન તેમના ઘરને પોતાનું જ ઘર માનીને રહેવા લાગ્યા. હે રાજન્ ! જે ભક્ત નિર્ભયપણે ભગવાન શ્રીહરિકૃષ્ણની નિરંતર ભક્તિ કરે છે તે નિર્દંભી ભક્તની પણ શ્રીહરિ નિરંતર ભક્તિ કરે છે. તેવી જ રીતે તે ભક્તે અનન્યભાવે અર્પણ કરેલી અલ્પ સરખી કોઈ વસ્તુને ભગવાન શ્રીહરિ મેરુ સમાન મોટી માને છે.**[30-31]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં ઉત્તમરાજા આદિની ભક્તિનું ઉત્કર્ષપણાનું વર્ણન કર્યું એ નામે પ્રથમો અધ્યાય પૂર્ણ થયો. --૧--***

---

## અધ્યાય - ૨

### રાજાના પ્રશ્ન પછી સુવ્રતમુનિએ મુકુન્દાનંદ બ્રહ્મચારી આદિ સેવકોની સેવા-વ્યવસ્થાનું કરેલું નિરૂપણ.

**પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે બ્રહ્મન્ ! મન અને કાનને અતિશય પ્રિય લાગે એવા પરમાત્મા શ્રીહરિકૃષ્ણનાં ચરિત્રો સાંભળતાં મારા મનને લેશમાત્ર તૃપ્તિ થતી નથી.[1] તેથી પોતાના ભક્તજનોની વિપત્તિઓનો વિનાશ કરવાના**

सेवायामनिशं तस्य समवर्तन्त ये नराः । तेषां कः कश्च कां कां च सेवां चक्रेऽस्य तद्वद ॥ ३
वसन् दुर्गपुरे तत्र यद्यच्चरितमीश्वरः । चकार तत्तदखिलं वक्तुं चार्हसि मे मुने ! ॥ ४

**सुव्रत उवाच-**

सेवां तदीयां सकलां प्रायशो वर्णिराड् नृप ! । मुकुन्दानन्दनामैव चकारानुसवं शुचिः ॥ ५
विशेषतोऽस्य स्नपनं पादसंवाहनं तथा । शयनास्तरण चैष चकार जितमन्मथः ॥ ६
आजहारोदकं तस्मै शुचिर्ज्येष्ठा नृपस्वसा । जया तपस्विनी प्रीत्या प्रातः सायं च गालितम् ॥ ७
वर्णी नारायणानन्दस्तदीयाम्बुकमण्डलुम् । सोपपात्रं रक्षति स्म यथाकालं च तद्ददौ ॥ ८
कृष्णपूजनपात्राणां मञ्जनं प्रतिवासरम् । चकार वर्णी गोपालानन्दनामा हरेर्नृप ! ॥ ९
वासुदेवानन्दनामा वर्णी चन्दनघर्षणम् । चकार कृष्णपूजार्थं नियतं तस्य नैष्ठिकः ॥ १०

---

**સ્વભાવવાળા ભગવાન શ્રીહરિનાં ચરિત્રો સાંભળવાની મારા મનમાં નિરંતર ઈચ્છા વર્તે છે. કારણ કે તે પદે પદે અમૃતપાનની માફક નવીન ને નવીન લાગે છે.[૨] હે મુનિ ! જે ભક્તજનો રાત્રીદિવસ ભગવાન શ્રીહરિની સેવામાં તત્પર રહેતા, તે ભક્તજનોની મધ્યે કયા ભક્ત ભગવાન શ્રીહરિની કઈ સેવા કરતા તે કથા મને સંભળાવો.[૩] તથા હે મુનિ ! દુર્ગપુરમાં નિવાસ કરતા શ્રીહરિએ ત્યાં જે જે ચરિત્રો કર્યાં તે સર્વે ચરિત્રો મને સંભળાવો.[૪] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિની સમગ્ર સેવા બહુધા તો બહાર અંદર પવિત્ર જીવનવાળા મુકુન્દાનંદ બ્રહ્મચારી જ સમયે સમયે કરતા રહેતા.[૫] કામદેવ ઉપર વિજય મેળવનારા એ મુકુન્દાનંદ બ્રહ્મચારી ભગવાન શ્રીહરિને સ્નાનવિધિ કરાવતા, ચરણચંપી કરતા અને શયન માટે ઢોલિયા ઉપર ઓછાડે સહિત પથારી તૈયાર કરતા. બીજી ઘણી સેવા કરતા પણ આ ત્રણ વિશેષ પણે કરતા.[૬]**

**હે રાજન્ ! બહાર અંદર પવિત્ર અને તેજસ્વી જીવન જીવતાં ઉત્તમરાજાનાં મોટાં બહેન જયાબા પ્રાતઃકાળે અને સાયંકાળે ઉન્મત્ત ગંગામાંથી ઘાટાં વસ્ત્રથી ગાળેલું જળ ભગવાન શ્રીહરિ માટે લાવવાની પ્રેમપૂર્વક સેવા કરતાં.[૭] નારાયણાનંદ બ્રહ્મચારી શ્રીહરિને જળ પીવાના પ્યાલાએ સહિત જળભરેલું કમંડલુનું રક્ષણ કરતા અને શ્રીહરિને જ્યારે તૃષા લાગે ત્યારે તેમાંથી જળનો કટોરો ભરીને શ્રીહરિને પાન કરાવાની સેવા કરતા.[૮] હે રાજન્ ! ગોપાળાનંદ બ્રહ્મચારી ભગવાન શ્રીહરિની કૃષ્ણપૂજામાં ઉપયોગી સોનારૂપાના પાદ્ય, અર્ઘ્ય, આચમનીય આદિ પાત્રોને માંજીને શુદ્ધ કરવાની સેવા કરતા.[૯] હે રાજન્ !**

नानाविधानि पुष्पाणि तुलसीं चानुवासरम् । उमाभयो नाथजिच्च भक्तावाजहृतुर्वनात् ॥ ११
पुजोपहारान् सकलान् यथाकालं समाहितः । अखण्डानन्द आनीय तस्मै दन्ते स्म सत्वरम् ॥ १२
अन्नं तस्मै च सघृतं तैलं दुग्धं सितादि च । ददौ विशोध्यानुदिनं ललिता नृपतेः स्वसा ॥ १३
चकार तस्य पाञ्चाली पाकभूमेश्च लेपनम् । गृहसम्मार्जनं चक्रे नानी तस्योत्तमस्वसा ॥ १४
नृपतेर्मातरौ तस्य सोमादेवीसुरप्रभे । गौरमद्गोमयाभ्यां च चक्राते गृहलेपनम् ॥ १५
दयानन्दश्च गोविन्दानन्द एतौ हि वर्णिनौ । आजहतुर्वनात्तस्मै समिधश्च कुशाञ्छुभान् ॥ १६
वाट्याः शाकांश्च पत्राणि तस्मै हरजिदुत्करौ । आजह्तुश्च काष्ठानि मयजित् पाकसिद्धये ॥ १७

---

**વાસુદેવાનંદ બ્રહ્મચારી ભગવાન શ્રીહરિની ભગવત્પૂજા માટે ઉપયોગી ચંદન ઘસીને પ્રતિદિન તૈયાર કરી આપવાની સેવા કરતા.[૧૦] ઉમાભાઈ અને નાથજી આ બન્ને ભક્તો પ્રતિદિન બગીચામાંથી ભગવાનની પૂજા માટે અનેક પ્રકારનાં પુષ્પો તથા તુલસીપત્રો લાવી આપવાની શ્રીહરિની નિરંતર સેવા કરતા.[૧૧] હે રાજન્ ! અખંડાનંદ બ્રહ્મચારી અતિશય સાવધાનીપૂર્વક પૂર્વોક્ત ભક્તોએ લાવી મૂકેલાં પુષ્પો તથા તુલસીપત્રો આદિ સમસ્ત ઉપચારોને શ્રીહરિની પૂજાના સમયે સમીપે હાજર રહી સત્વરે શ્રીહરિને આપવાની સેવા કરતા.[૧૨]**

**હે રાજન્ ! ઉત્તમરાજાનાં બહેન લલિતાબા (લાડુબા) ઘઉંનો લોટ, ભાતના ચોખા, તુવેરદાળ વગેરે કાચુ અન્ન શુદ્ધ કરીને તથા ઘી, તેલ, દૂધ આદિ ગાળીને તથા સાકર, શાક, ફળ આદિ શુદ્ધ કરીને પ્રતિદિન શ્રીહરિને રસોઈ કરવા તેમની સમીપે મોકલી આપવારૂપ સેવા કરતાં.[૧૩] હે રાજન્ ! ઉત્તમરાજાનાં બહેન પાંચાલી (પાંચુબા) શ્રીહરિની પાકશાળા જે રસોડું તેને અતિશય ભાવપૂર્વક ગાર, છાણ વગેરેથી લીંપવારૂપ સેવા કરતાં. નાનુબા શ્રીહરિને નિવાસ કરવાના ભવનની પ્રતિદિન સફાઈ કરવાની સેવા કરતાં.[૧૪] સોમાદેવી અને સુરપ્રભા આ ઉત્તમરાજાની બન્ને માતાઓ ભગવાન શ્રીહરિના રહેવાના અક્ષરભુવનને પ્રથમ સામાન્ય છાણ તથા માટીથી લીંપી સુકાયા પછી તેને ઉજળું કરવા શ્વેત માટીમાં છાણનું મિશ્રણ કરી ફરી લીંપવાની સેવા કરતાં.[૧૫]**

**હે રાજન્ ! દયાનંદ અને ગોવિંદાનંદ આ બન્ને બ્રહ્મચારી વનમાંથી હોમ માટે સમિધ અને પવિત્ર દર્ભ ભગવાન શ્રીહરિ માટે લાવી આપવાની સેવા કરતા.[૧૬] હરજી અને ઉકાખાચર આ બન્ને ભક્તો ભગવાન શ્રીહરિ માટે વાડીઓથી વૃંતાક આદિક શાક તથા ભોજનના પાત્રમાં ઉપયોગી કેળનાં પત્ર કે ખાખરાનાં પત્રો**

रत्नजित् पाकपात्राणां चकार परिमञ्जनम् । हम्मीरजित्तदर्थं च मृत्तिकामानयच्छुभाम् ॥ १८
उपाहरद्दन्तकाष्ठं तस्मै च गुरुमानजित् । शिवरामः पादुके च तस्यारक्षद्विजोत्तमः ॥ १९
वाससां रक्षणं तस्य मयारामश्चकार च । यथाकालं ददाति स्म तानि तस्मै स शुद्धधीः ॥ २०
प्रक्षालनं तद्वस्त्राणां प्रतिवासरमादरात् । जयानन्दाभिधश्चके नैष्ठिको ब्रह्मचर्यवान् ॥ २१
द्रव्यादानप्रदाने च लब्धाख्यो हरजित्तथा। नृपामात्यावुभावेतौ चक्रतुस्तस्य सन्मती ॥ २२
गृहस्थानां तु सर्वेषां स्वधर्मस्थापनादिषु । हेमन्तसिंहो ववृते हरिशुश्रूषणे रतः ॥ २३
उत्तमोऽपि स्वयं तस्य निर्मानो दासवत्सदा । यथावकाशं सकलामपि सेवां चकार च ॥ २४

---

લાવી આપવાની સેવા કરતા. અને મિંયાજી નામના ભક્ત ભગવાન શ્રીહરિને રસોઈ બનાવવામાં ઉપયોગી સૂકાં કાષ્ઠ લાવી આપવાની સેવા કરતા.[૧૭] રતનજી ભક્ત ભગવાન શ્રીહરિને રસોઈ કરવામાં ઉપયોગી ધાતુનાં પાત્રો ભસ્મ અને જળ આદિકથી માંજી સાફ કરી આપવાની સેવા કરતા. અને હમીરજી ભગત શ્રીહરિને માટે પાત્રો માંજવા માટે કે, શૌચાદિક વિધિ પછી હસ્ત-ચરણ ધોવા માટે વનમાંથી સરસ માટી લાવી આપવાની સેવા કરતા.[૧૮]

ગુમાનજી ભક્ત શ્રીહરિને માટે પ્રતિદિન બાવળ આદિનાં કોમળ દાતણ લાવી આપવાની સેવા કરતા તથા શિયાણી ગામના વિપ્રવર્ય શિવરામ વિપ્ર શ્રીહરિની ચરણપાદુકાને સાચવી રાખવાની સેવા કરતા.[૧૯] માણાવદરના અત્યંત શુદ્ધબુધ્ધિવાળા મયારામ વિપ્ર ભગવાન શ્રીહરિને પહેરવા અને ઓઢવાનાં વસ્ત્રોની જાળવણી અને સાચવાણી કરી જે તે સમયે જરૂરી વસ્ત્રો આપવાની સેવા કરતા.[૨૦] જયાનંદ નામના નૈષ્ઠિક બ્રહ્મચારી પ્રતિદિન ભગવાન શ્રીહરિનાં વસ્ત્રો ધોઈ, સૂકવી લઈ આવવાની આદરપૂર્વક સેવા કરતા.[૨૧] હે રાજન્ ! ઉત્તમરાજાના ધાર્મિક નીતિએ અને સદ્‌બુદ્ધિએ સંપન્ન બે મંત્રીઓ એવા લાધા ઠક્કર અને હરજી ઠક્કર ભગવાન શ્રીહરિના ચરણે આવતી ભેટ આદિના ધનને લેવા અને શ્રીહરિની આજ્ઞા મુજબ ગરીબોને દાન દેવાની સેવા કરતા.[૨૨]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિની સેવામાં સદાય તત્પર હેમંતસિંહ રાજા જે પંચાળાના ઝીણાભાઈ સમસ્ત હરિભક્તોને ભગવાન શ્રીહરિએ બાંધેલી ધર્મમર્યાદામાં વર્તાવવાની સેવા કરતા.[૨૩] હે રાજન્ ! ઉત્તમરાજા દાસની પેઠે નિર્માની થઈ અવસર ઉપર સદા સાવધાન થઈ સર્વ પ્રકારની ભગવાન શ્રીહરિની સેવામાં તત્પર રહેતા.[૨૪] ભગવાન શ્રીહરિના અગ્રગણ્ય સંત રામદાસભાઈ

सर्वेषां सेवकानां च तत्तत्सेवाप्रवर्तनम् । रामदासो यथाकालं चक्रे भक्ताग्रणीर्हरिः ॥ २५
इतिहासपुराणानि धर्मशास्त्रं च तत्पुरः । पौराणिको ह्यचकथद्भुजेरन्ते प्रयागजित् ॥ २६
निशि भागवतं गीतां कार्ष्णीं नाम सहस्रकम् । विष्णोश्च वासुदेवीयं नित्यानन्दस्त्ववाचयत् ॥ २७
शुकानन्दोऽकरोत् पत्रलेखं पुस्तकरक्षणम् । हरे रतश्च सेवायां सदा सहचरो मुनिः ॥ २८
हरिणा लेखितान्यष्ट सच्छास्त्राणि तदग्रतः । शतानन्दो महाबुद्धिः शोधयामास चाञ्जसा ॥ २९
य इदं विदधे प्रीत्या हरिलीलोपबृंहितम् । सत्सङ्गिजीवनं रम्यं जीवातुं हरिसेविनाम् ॥ ३०
सर्वेषामपि साधूनां धर्मसंस्थापनादिषु । गोपालानन्द आसीच्च सेवमानो हरिं सदा ॥ ३१
मुक्तानन्दस्तथा ब्रह्मानन्द एतौ महामती । अधीतशास्त्रौ कुशलौ गायने च कवी उभौ ॥ ३२

---

**શ્રીહરિના સમસ્ત સેવકોને પોતપોતાની સોંપાયેલી સેવામાં સાવધાની રખાવવારૂપ સેવા કરતા.[૨૫] હે રાજન્ ! પુરાણોમાં પ્રવીણ પુરાણી પ્રાગજી દવે ભગવાન શ્રીહરિની આગળ પ્રતિદિન ભોજન કર્યા પછીના સમયે મહાભારત, પુરાણો અને ધર્મશાસ્ત્રોના ગ્રંથોની કથા વાંચી સંભળાવવાની સેવા કરતા.[૨૬] અને રાત્રીને વિષે નિત્યાનંદમુનિ શ્રીમદ્ભાગવત પુરાણ, શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીવિષ્ણુસહસ્ર નામ સ્તોત્ર અને શ્રીવાસુદેવ માહાત્મ્યની અવસરને અનુસારે ભગવાન શ્રીહરિ આગળ કથા વાંચી સંભળાવવાની સેવા કરતા.[૨૭] હે રાજન્ ! ભગવાન શ્રીહરિની સેવામાં સદાય તત્પર રહેતા અને સાથે જ વિચરણ કરતા શુકાનંદમુનિ ભગવાન શ્રીહરિની આજ્ઞાને અનુસારે પત્રો લખવા અને શ્રીહરિનાં પુસ્તકોની સાચવણી કરવાની સેવા કરતા.[૨૮] હે રાજન્ ! મહાન બુધ્ધિમાન મારા ગુરુવર્ય શ્રીશતાનંદમુનિ ભગવાન શ્રીહરિએ લેખન કરાવેલાં વેદાદિ આઠ સત્શાસ્ત્રોનું ભગવાન શ્રીહરિની આગળ જ બેસી યથાર્થ સંશોધન કરવાની સેવા કરતા અને હું જેની તમને કથા સંભળાવું છું તે શ્રીહરિના લીલારસથી ભરપૂર અને સત્સંગીઓના જીવનની ઔષધીરૂપ આ સત્સંગિજીવન ગ્રંથની તેમણે ભગવાન શ્રીહરિને રાજી કરવા માટે રચના કરી છે.[૨૯-૩૦]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિની સદાય સેવા કરતા ગોપાળાનંદ સ્વામી સર્વ સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદોને પોતપોતાની ધર્મમર્યાદામાં વર્તાવવા અને તે સર્વેને સાક્ષાત્ શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન આપવું આદિ સત્સંગનાં અનેક કાર્યોમાં ભગવાનની આજ્ઞા પ્રમાણે સેવા કરતા.[૩૧] મહાબુદ્ધિશાળી અને સમગ્ર શાસ્ત્રોને ભણેલા, ગાયન વિદ્યામાં કુશળ અને કવિવર એવા મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ**

छन्दःप्रबन्धान्विविधान्प्राकृतांश्चक्रतुश्च तौ । तस्यैव प्रीतये राजंस्तन्माहात्म्यप्रकाशकान् ॥ ३३
प्रेमानन्दो गानकलापटुर्वाद्ये चतुर्विधे । निपुणः प्राकृतांश्चके प्रबन्धांस्तद्गुणाश्रयान् ॥ ३४
चकार निष्कुलानन्दः प्रबन्धान्प्राकृतान्कविः । ध्यानानन्दस्तथाऽन्ये च भक्ताः सुन्दरजिन्मुखाः ॥ ३५
दीनानाथो व्यरचयत्संस्कृतान्यस्य सत्पतेः । तुष्ट्यै विचित्रवृत्तानि श्रीहरेरष्टकानि च ॥ ३६
गोविन्दानन्दनामा चाभेदानन्दश्च बुद्धिमान् । गुणातीतानन्दऋषिः शिवानन्दश्च सन्मतिः ॥ ३७
प्रज्ञानन्दश्च पञ्चैते हरेरग्रत आदरात् । कृष्णकीर्तनपद्यानि कीर्तयन्ति स्म भूपते! ॥ ३८
महानुभावानन्दश्चात्मानन्दः कृशविग्रहः । स्वयम्प्रकाशानन्दश्च त्रयः कार्यविशारदाः ॥ ३९
तदीक्षाया उपेतानां भक्तानां सर्वशो नृणाम् । मुनीनां चाचरन्नेते ह्यातिथ्यादि यथोचितम् ॥ ४०

---

સ્વામી શ્રીહરિના મહાત્મ્ય-જ્ઞાને સહિત દિવ્ય ચરિત્રોથી ભરપૂર જુદી જુદી પ્રાકૃત ભાષામાં અનેક પ્રકારનાં છંદ અને પ્રબંધો કીર્તનોની રચના કરી ભગવાન શ્રીહરિને રાજી કરવાની સેવા કરતા. અને મુક્તાનંદ સ્વામી સંસ્કૃત ગ્રંથોની રચના કરીને પણ શ્રીહરિને રાજી કરતા.[૩૨-૩૩] હે રાજન્ ! ગાયન કળામાં નિપુણ તથા બીન, સીતાર, સારંગ અને વીણા આ ચાર પ્રકારનાં તંતુવાદ્યોને વગાડવામાં પ્રવીણ એવા પ્રેમાનંદ સ્વામી ભગવાન શ્રીહરિનાં ચરિત્રોથી ભરપૂર પ્રાકૃત ભાષામાં પદોની રચના કરવાની સેવા કરતા.[૩૪] કવિવર નિષ્કુળાનંદ સ્વામી શ્રીહરિના ગુણો અને ચરિત્રોથી ભરપૂર પ્રાકૃત પ્રબંધોની રચના કરવાની સેવા કરતા અને દયાનંદ સ્વામી અને ભુજના સુંદરજી સુથાર વગેરે ભક્તો પણ પ્રાકૃત પદોની રચના કરીને ભગવાન શ્રીહરિને રાજી કરવાની સેવા કરતા.[૩૫]

મહાપંડિત દીનાનાથ ભટ્ટ સંતોના સ્વામી ભગવાન શ્રીહરિને રાજી કરવા સંસ્કૃત ભાષામાં શ્રીહરિની પ્રાર્થના આદિકના અનેક પ્રકારના અષ્ટકો, સ્તોત્રો રચીને સેવા કરતા.[૩૬] હે રાજન્ ! ગોવિંદાનંદ સ્વામી, અભેદાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી અને પ્રજ્ઞાનંદ સ્વામી આ પાંચ સંતો ભગવાન શ્રીહરિની આગળ બેસીને આદરપૂર્વક મુક્તાનંદ સ્વામી આદિ કવિવરોએ રચેલાં ભગવાન શ્રીકૃષ્ણનાં પદોનું સંકીર્તન કરી ભગવાન શ્રીહરિને રાજી કરવાની સેવા કરતા.[૩૭-૩૮] હે રાજન્ ! મહાનુભાવાનંદ સ્વામી અને શરીરે દુર્બળ એવા આત્માનંદ સ્વામી તથા સ્વયંપ્રકાશાનંદ સ્વામી સર્વે કાર્યો કરવામાં કુશળ એવા આ ત્રણે સંતો શ્રીહરિનાં દર્શન માટે દેશદેશાંતરમાંથી આવતા સર્વે ભક્તો તથા સર્વ સંતોની યથાયોગ્ય સ્વાગત અને ઉતારા આદિની વ્યવસ્થા કરી

निरञ्जनानन्दऋषिर्व्यापकानन्द आत्मवित् । सुखानन्दश्च परमचैतन्यानन्दनामकः ॥ ४१
गोविन्दानन्दनामान्यः कृपानन्दस्तथात्मदृक् । चैतन्यानन्दनामैते ऋषयः सप्त सद्धियः ॥ ४२
देशान्तराभ्युपेतानां जनानामग्रतोऽन्वहम् । विदधुर्भगवद्वार्तास्तत्प्रीत्यै परमादरात् ॥ ४३
आनन्दानन्द ईशस्य भक्तिरीतिं प्रदर्शयन् । दृढान्यकारयत्कृष्णमन्दिराणि महामतिः ॥ ४४
देवरामस्तथा नारायणो हीरश्च शिल्पिराट् । आधारानन्द इत्येते चित्रप्रतिकृतीर्व्यधुः ॥ ४५
देशान्तरागताभ्यश्च स्त्रीभ्यो वासस्थलादि च । माहेश्वरो ददौ दामोदरदासस्तथोचितम् ॥ ४६
तासामग्रे कृष्णवार्ता रमा चक्रे तपस्विनी । स्वधर्मज्ञानवैराग्यसम्पन्ना बालयोगिनी ॥ ४७
कृष्णदासो राजदास इत्युभौ नापितोत्तमौ । दीपिकाधारणं तस्य पुरतो निशि चक्रतुः ॥ ४८

---

આપવાની સેવા કરતા.[૩૯-૪૦]

હે રાજન્ ! આત્મદર્શી એવા નિરંજનાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, બીજા ગોવિંદાનંદ સ્વામી અને આત્મદર્શી કૃપાનંદ સ્વામી તથા ચૈતન્યાનંદ સ્વામી આ સાત સંતો ભગવાન શ્રીહરિને રાજી કરવા દેશાંતરમાંથી ભગવાન શ્રીહરિને દર્શને આવતા ભક્તજનોની આગળ શ્રીહરિની એકાંતિકી ભક્તિ દૃઢ કરે તેવી ભગવદ્વાર્તા પરમ આદરથી કરવાની પ્રતિદિન સેવા કરતા.[૪૧-૪૩] હે રાજન્ ! મહાબુધ્ધિશાળી આનંદાનંદ સ્વામી પરમેશ્વર શ્રીહરિની ભક્તિરીતિને પ્રવર્તાવવા ભક્તિ કાયમ ટકી રહે તે માટે ભગવદ્ મંદિરોનાં નિર્માણકાર્યની સેવા કરતા.[૪૪] હે રાજન્ ! શિલ્પકળામાં તથા ચિત્રકળામાં અતિશય કુશળ દેવરામ, નારાયણ અને હીરજી આ ભુજનગરના ત્રણે સુથાર ભક્તજનો તથા તેવા જ કુશળ આધારાનંદ સ્વામી એમ ચારે મળીને શ્રીહરિની ચિત્રની પ્રતિમા કે ધાતુની પ્રતિમા બનાવવાની સેવા કરતા.[૪૫]

હે રાજન્ ! વડથલ ગામના માહેશ્વરવિપ્ર અને અમદાવાદના દામોદર દાસ આ બન્ને વૈશ્ય ભક્તો દેશાંતરમાંથી ભગવાન શ્રીહરિનાં દર્શને આવતી સધવા, વિધવા સ્ત્રીભક્તજનોને યથાયોગ્ય ઉતારા પાણીની વ્યવસ્થા કરી આપવાની સેવા કરતા. અને સર્વે સ્ત્રીભક્તજનોની આગળ ભગવાન શ્રીહરિના મહિમાની વાતો કરવાની સેવા, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સંપન્ન અને તીવ્રતપશ્ચર્યા પરાયણ બાલયોગિની રમાદેવી કરતાં.[૪૬-૪૭] હે રાજન્ ! કૃષ્ણદાસ અને રાજદાસ આ બન્ને વાણંદ ભક્તો રાત્રીને વિષે ભગવાન શ્રીહરિની આગળ મશાલ ધારણ કરવાની

करिमो द्वारपालत्वं वृद्धस्तस्याकरोत्प्रभोः । तद्दिदृक्षागतान्भक्तान्मुहुस्तस्मै निवेदयन् ॥ ४९
सोमः सूरश्च भृगुजिन्मानसिंहश्च केसरी । वीरोऽलयो लक्षजाल्मौ रवजिन्मानजित्क्रमः ॥ ५०
इत्याद्याः क्षत्रियाः शूरास्तद्भक्ताः शस्त्रपाणयः । अन्ववर्तन्त तं नित्यं सर्वत्र द्वे शते नृप ! ॥ ५१

संसेवनेन हि हरेर्निजमानुषत्वसाफल्यमेव हृदयेषु विदन्त एते ।
इत्थं तदीयमनिशं विदधुः प्रहृष्टा दास्यं यदस्ति ननु दुर्लभमेव मुक्तेः ॥ ५२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयकरणे*
*हरिसेवनव्यवस्थानिरूपणनामा द्वितीयोऽध्यायः ॥२॥*

-------------------------------

સેવા કરતા.[૪૮] સરધારપુરના વયોવૃદ્ધ કરિમભક્ત શ્રીહરિનું દ્વારપણું કરતા અને શ્રીહરિનાં દર્શનની ઈચ્છાથી કોઈ ભક્તો આવે તેના વારંવારના સમાચારો ભગવાન સુધી પહોંચાડવા અને શ્રીહરિએ આપેલા જવાબ ભક્તો સુધી પહોંચાડવાની સેવા કરતા.[૪૯] હે રાજન્ ! સોમલાખાચર, સુરાખાચર, ભગુજી, માનસિંહ, વીરજી, કેસરી, અલયોખાચર, લાખો, જાલમ, રવજી, માનજી, કમો અને ભીમો આદિક મહાશૂરવીર બસો ક્ષત્રિય ભક્તજનો ભગવાન શ્રીહરિના પાર્ષદ થઈ હાથમાં તલવાર લઈ શ્રીહરિની પાછળ-પાછળ ફરવાની સેવા કરતા.[૫૦-૫૧]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિની સેવાથી જ અંતરમાં પોતાના મનુષ્ય જન્મનું સફળપણું માનતા મુકુન્દાનંદાદિ સર્વે ભક્તજનો અતિશય પ્રસન્ન થઈ રાત્રી દિવસ દાસભાવથી શ્રીહરિના સંબંધવાળી સેવા કરતા રહેતા. હે રાજન્ ! આવી સેવા પાંચ પ્રકારની મુક્તિ કરતાં પણ અધિક દુર્લભ છે. એ નિશ્ચિત બાબત છે.[૫૨]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં ભગવાન શ્રીહરિની સેવા વ્યવસ્થાનું નિરૂપણ કર્યું એ નામે બીજો અધ્યાય પૂર્ણ થયો. --૨--***

-------------------------------

## तृतीयोऽध्यायः - ३

सुव्रत उवाच

अथ राजोत्तमो धीमान् पित्रुद्देशेन वाडवान् । साधूंश्च भोजयामास प्रतिमासं सहस्रशः ॥ १
संवत्सरे व्यतीतेऽसौ वासितस्य स्ववेश्मनि । प्रीत्यै हरेः स्वपितृवदचिकीर्षन्महोत्सवान् ॥ २
जयालिलतयोः पार्श्वमेत्य ते मानयन्स च । उवाच विनयानम्रः कार्याकार्यविचक्षण : ॥ ३

उत्तम उवाच

युवां भगिन्यौ ! निपुणे हरेर्भक्तौ च लौकिके । व्यवहारेऽपि भवथस्ततः प्राप्तोऽस्म्यहं हि वाम् ॥ ४
हरिः स्वाम्यत्र कृपया स्थितोऽस्त्यस्मासु पत्तने । तस्यैव च प्रसादान्नः सम्पदेषाऽस्ति लम्भिता ॥ ५
अतस्तदर्थमेवैषा व्ययं नेया न चान्यथा । पित्रापि नः कृतं हीत्थं तथाहं कर्तुमुत्सहे ॥ ६
जन्माष्टमीमुखान्सर्वानुत्सवान्वार्षिकानहम् । पितृवत्कर्तुमिच्छामि यथाकालं पृथक् पृथक् ॥ ७

---

## અધ્યાય - ૩

## પોતાની સંપત્તિને સત્કાર્યમાં વાપરવા ઇચ્છતા ઉત્તમરાજાને ભગવાન શ્રીહરિએ આપેલી અનુમતિ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વખાણવાલાયક બુદ્ધિવાળા ઉત્તમરાજા પોતાના પિતા અભયરાજાને ઉદ્દેશીને પ્રત્યેક મહિને હજારો બ્રાહ્મણોને અને સંતોને જમાડી તૃપ્ત કરતા હતા.[૧] એમ કરતાં એક વર્ષ વ્યતીત થઇ ગયું, ત્યારે પોતાને ઘેર નિવાસ કરીને રહેલા શ્રીસહજાનંદ સ્વામીની પ્રસન્નતાર્થે પિતા અભયરાજાની માફક જ શ્રીહરિએ દર્શાવેલા વાર્ષિક વ્રતોના ઉત્સવો ઉજવવાની ઇચ્છા કરી.[૨] હે રાજન્ ! તે સમયે કાર્ય અને અકાર્યની બાબતમાં વિચક્ષણ ઉત્તમરાજા પોતાની જયાબા અને લલિતાબા બન્ને બહેનો પાસે આવ્યા. ત્યારે બન્ને બહેનોએ તેમને આવકાર્યા. તે સમયે વિનયથી નમ્ર થઇ બન્ને બહેનો પ્રત્યે ઉત્તમરાજા કહેવા લાગ્યા કે, હે બહેનો ! તમે ભગવાન શ્રીહરિની નવધા ભક્તિ કરવામાં અને લૌકિક વ્યવહારના કાર્યમાં પણ નિપુણ છો તેથી હું તમારી પાસે આવ્યો છું.[૩-૪] હે બહેનો ! સર્વે ઐશ્વર્યે સંપન્ન શ્રીહરિ આપણા ઉપર અકારણ કરુણા કરીને આપણે ઘેર નિવાસ કરીને રહ્યા છે. અને આપણે સંપત્તિ પણ તેમની પ્રસન્નતાથી જ પ્રાપ્ત થઇ છે.[૫] એથી આ સમગ્ર સંપત્તિ તેમને રાજી કરવામાં જ વપરાવી જોઇએ પણ બીજી રીતે વાપરવી યોગ્ય નથી. અને આપણા પિતાજીએ પણ એજ પ્રમાણે વિચારીને શ્રીહરિને રાજી કરવા ઉત્સવો કરતા. અને હું પણ જન્માષ્ટમી આદિ જુદા જુદા સર્વે વાર્ષિક ઉત્સવો ઉજવવા ઇચ્છું છું.[૬-૭]

साहाय्यं तत्र मे कार्यं भवतीभ्यां महाव्रते ! । उह्याऽस्त्येषावश्यमेव युवाभ्यामेव धर्मधूः ॥ ८
सम्पदेषा च दासाद्या भवतीसान्मया कृताः । आहारयिष्याम्यखिलान् पदार्थान्वामपेक्षितान् ॥ ९
पाकक्रियाव्यवस्थात्र भवतीभ्यां यथोचितम् । कार्या देशान्तरायातस्त्रीणां सम्भावना तथा ॥ १०

**सुव्रत उवाच**

इत्युक्ते ते तु संहृष्टे कृष्णसम्प्रीणनोत्सुके । ऊचतुर्भ्रातरं राजन्प्रशंसन्त्यौ महामती ॥ ११

**जयाललिते ऊचतुः**

सम्यगेतत्त्वया भ्रातर्हृदि व्यवसितं निजे । विधेहि त्वं यथावित्त हरिप्रीत्यै महोत्सवान् ॥ १२
पित्राश्रिते हि सन्मार्गे स्थेयं पुत्रेण धीमता । कृपापात्रं भगवतस्त्वं तु तद्वेत्सि सन्मतिः ॥ १३
त्वमानयस्व सम्भारानावां पाकादिकाः क्रियाः । यथावत्कारयिष्यावस्तच्चिन्तां त्यज सर्वथा ॥ १४

**सुव्रत उवाच**

स्वसृभ्यामेवमुक्तोऽसौ प्रहृष्टो हरिमेत्य तत् । कथयामास नृपतिः स्वचिकीर्षितमानतः ॥ १५

---

હે મહાવ્રતવાળી બહેનો ! તમે મને તે ઉત્સવો ઉજવવામાં સહાય કરો. આ ધર્મકાર્યનો ભાર તમારે અવશ્ય વહન કરવાનો છે.[૮] મેં આ સર્વે સંપત્તિ તથા દાસ દાસી આદિ નોકર ચાકર તમારે બન્નેને અધીન કરી દીધું છે. હવે તમે મને જે કાંઈ પણ વસ્તુની જરૂર પડે તે કહેજો. હું સર્વે પદાર્થો લાવીને હાજર કરીશ.[૯] અને આ સર્વે ઉત્સવોમાં આવતા સર્વેને માટે ભોજનની વ્યવસ્થા તમારે બન્નેને ગોઠવવાની છે. તેવી જ રીતે ઉત્સવોમાં આવતી દેશદેશાંતરવાસી સ્ત્રીભક્તજનોની આગત સ્વાગતા પણ તમારે બન્નેએ કરવાની છે.[૧૦] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પોતાના ભાઈનાં વચનો સાંભળી બન્ને બહેનો અતિશય ખુશ થઈ અને ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવામાં અતિશય ઉત્સાહવાળી તથા મહાન બુદ્ધિશાળી જયાબા તથા લલિતાબા ભાઈ ઉત્તમરાજાની પ્રશંસા કરવા લાગ્યાં.[૧૧] જયાબા અને લલિતાબા કહે છે, હે ભાઈ ! તમે વાર્ષિક દરેક વ્રતોત્સવો ઉજવવાનો મનમાં ખૂબજ સારો નિર્ણય કર્યો છે. તો તમે ભગવાન શ્રીહરિને રાજી કરવા ધનની વ્યવસ્થા પ્રમાણે મહોત્સવો ઉજવો.[૧૨] બુદ્ધિમાન પુત્રે પોતાના પિતાના સારા માર્ગ ઉપર તો ચાલવુંજ જોઈએ, આ બાબતને ભગવાન શ્રીહરિના કૃપાપાત્ર અને સદ્‌બુદ્ધિશાળી તમે તો સર્વે જાણો જ છો.[૧૩] તમે ઉત્સવોને ઉપયોગી સર્વે સામગ્રી લાવી આપો અમે ભોજન બનાવવા આદિકની સર્વે વ્યવસ્થા સંભાળીશું, તમે રસોડાની ચિંતા કરશો નહિ.[૧૪]

સુવ્રતમુનિ કહેછે, હે રાજન્ ! પોતાની બન્ને બહેનોનાં આ પ્રમાણેનાં વચનો

तमाह भगवान् प्रीतो धन्योऽसि नृपते! यतः । भक्तावेव हि कृष्णस्य मतिस्ते दृढतां गता ॥ १६
तपस्विन्यौ भगिन्यौ ते कार्येऽस्मिन् स्तो विचक्षणे । तदुक्तरित्याऽतः सर्वान्कुरु कृष्णामहोत्सवान् । १७
तत्र स्वसारौ मुख्ये ते साम्प्रतं भवता कृते । उचितं तत्कृतं नूनं तदर्हे स्तो यतो हि ते ॥ १८
तथापि मुख्यतैकस्मिन्नुत्सवे नोचिता द्वयोः । एकस्मिन्मुख्यतैकस्या भवेदिष्टफलप्रदा ॥ १९
इत्युक्त्वा तं ततस्ते द्वे आहूयाऽऽह हरिः स्वयम् । श्रृणुतं मद्वचो भद्रे! श्रुत्वा तत्कुरुतं तथा ॥ २०
उत्सवाः शुक्लपक्षीया ये स्युः कृष्णस्य तेषु तु । जये! तवैव मुख्यत्वं पाकादीनां विधापने ॥ २१
कृष्णपक्षीयोत्सवेषु ललिते ! तव मुख्यता । युवाभ्यां ते विधातव्या देशकालानुसारतः ॥ २२
भवत्योः कृष्णसेवायामुत्साहो वर्तते महान् । देवीनामपि दुष्प्रापः सफलः स भविष्यति ॥ २३

---

સાંભળી ઉત્તમરાજા અતિશય રાજી થયા અને ભગવાન શ્રીહરિની સમીપે આવી નમસ્કાર કરીને પોતાના મનનો મનોરથ કહી સંભળાવ્યો.[૧૫] ત્યારે શ્રીહરિ પણ અતિશય પ્રસન્ન થઈ ઉત્તમરાજાને કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમને ખરેખર ધન્ય છે, કારણ કે તમારી બુદ્ધિ ભગવાનની ભક્તિમાં સ્થિરતા પામી છે.[૧૬] તમારી બન્ને તપસ્વિની બહેનો ઉત્સવ ઉજવવાના કાર્યમાં બહુ જ વિચક્ષણ છે. એથી તેમના કહેવા પ્રમાણે સર્વે ઉત્સવો ઉજવવાનું આયોજન કરો.[૧૭] હે રાજન્ ! તમે અત્યારે કહ્યું તેમ તમારી બન્ને બહેનોને ઉત્સવકાર્યનું સંચાલન કરવા મુખ્ય બનાવી છે, તે કાર્ય તમે ખૂબજ યોગ્ય કર્યું છે. કારણ કે તમારી બન્ને બહેનો તેમાં યોગ્ય અધિકારી છે.[૧૮] છતાં પણ હે રાજન્ ! એક ઉત્સવમાં બે બહેનોની એક સાથે પ્રધાનતા યોગ્ય નથી, કારણ કે, એક ઉત્સવમાં એકનું જ મુખ્યપણું રહે તે ઈચ્છિતફળને આપનારું થાય છે. કાર્ય એક અને પ્રધાન બે તે કદાપિ ન ચાલે. કોઈક કાર્ય કરવામાં કોઈને રુચિ હોય અને કોઈને રુચિ ન હોય તેથી પરસ્પર કલહ ઉત્પન્ન થાય અને કરવા ધારેલું કાર્ય બગડી જાય.[૧૯]

**જયાબા અને લલિતાબા વચ્ચે સુદપક્ષ અને વદપક્ષના ઉત્સવોની વહેંચણી :–** હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમરાજાને કહીને ભગવાન શ્રીહરિએ જયાબા અને લલિતાબાને પોતાની સમીપે બોલાવ્યાં અને કહેવા લાગ્યા કે, હે ભદ્રે ! તમે મારું વચન સાંભળો અને સાંભળ્યા પછી જે હું કહું તે પ્રમાણે તમે કરો.[૨૦] હે જયાબા ! મહિનાના સુદ પક્ષમાં જે ઉત્સવો આવે છે તે તે ઉત્સવના પાક આદિક બનાવવાના કાર્યમાં તમારે મુખ્યપણે રહેવું અને હે લલિતાબા ! તમારે મહિનાના વદ પક્ષમાં આવતા ભગવાન શ્રીકૃષ્ણના સર્વે ઉત્સવોમાં મુખ્યપણે રહેવું. તમારે બન્નેએ પોતપોતાના પક્ષમાં આવતા સર્વે ઉત્સવો દેશકાળને અનુસારે

इत्युक्ते ते भगवता शीर्ष्णाऽऽदाय च तद्वचः । प्रणम्य तं निजस्थानं जग्मतुर्जगतीपते ! ॥ २४
कृष्णपूजोत्सवं चक्रे सर्वास्वेकादशीष्वथ । उत्तमः सर्वशः साधून्प्रतिद्वादश्यभोजयत् ॥ २५
जन्माष्टम्यां महान्तं हरिरखिलगुरुः कारयामास तेन ।
क्षोणीपालेन राजन्महमखिलनृपैर्दुष्करं मुख्यकल्पम् ॥
मुख्या पाकक्रियादौ प्रभुमिह ललिता सेवयाऽतोषयत्तं ।
नानादेशीयभक्तैः पृथुमहसुखितैर्वर्ण्यमानातिभक्तिः ॥ २६

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे उत्सवेषु जयाललितयोर्मुख्यत्वस्थापननामा तृतीयोऽध्यायः ॥३॥*

---

ઉજવવા.[૨૧-૨૨] તમારે બન્નેને ભગવાન શ્રીકૃષ્ણના ઉત્સવો ઉજવવામાં બહુ જ ઉત્સાહ વર્તે છે. તેથી દેવાંગનાઓને પણ દુર્લભ આવો તમારો ઉત્સાહ ફળીભૂત થાઓ.[૨૩] હે જગતપતિ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું ત્યારે જયાબા અને લલિતાબાએ શ્રીહરિનું વચન મસ્તક નમાવીને સ્વીકાર કર્યું અને પ્રણામ કરી પોતાને નિવાસસ્થાને ગયાં.[૨૪] ત્યારપછી ઉત્તમરાજાએ સુદપક્ષની અને વદપક્ષની સર્વે એકાદશીઓના દિવસે શ્રીકૃષ્ણ ભગવાનનો પૂજા મહોત્સવ ઉજવવા લાગ્યા અને બારસને દિવસે જેટલા સંતો ગઢપુરમાં હોય તેટલા સર્વે સંતોને જમાડી તૃપ્ત કરવા લાગ્યા.[૨૫]

હે રાજન્ ! આ રીતે સર્વજગતના ધર્મોપદેષ્ટા ગુરુ ભગવાન શ્રીહરિએ વિક્રમ સંવત ૧૮૭૨ ના શ્રાવણવદ ગોકુલાષ્ટમીનો મહાન ઉત્સવ પૃથ્વીપતિ ઉત્તમરાજા દ્વારા સમસ્ત રાજા-મહારાજાઓથી પણ કરવો દુઃસાધ્ય થાય, તેવા મુખ્યકલ્પથી ઉજવાવ્યો. તે ઉત્સવમાં લલિતાબા પકવાન્ન બનાવવાં આદિ ક્રિયામાં મુખ્ય હતાં, આ ઉત્સવથી મહાસુખ પામેલા એવા દેશદેશાંતરમાંથી આવેલા સર્વે ભક્તજનોએ લલિતાબાના ભક્તિભાવની ખૂબજ પ્રશંસા કરી, તેમજ લલિતાબાએ પણ પરમેશ્વર શ્રીહરિને ઉત્સવની સેવાથી અતિશય રાજી કર્યા.[૨૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં સુદ અને વદ પક્ષના ઉત્સવોમાં જયાબા અને લલિતાબાના મુખ્યપણાનું સ્થાપન કર્યું એ નામે ત્રીજો અધ્યાય પૂર્ણ થયો. --૩--***

## चतुर्थोऽध्यायः - ४

सुव्रत उवाच

पुरे नृपैवं सकलानचीकरत्कृष्णोत्सवानुत्तमसद्मनि प्रभुः ।
वदामि तत्रैकतमं समासतस्ततोऽनुमेया इतरे तथैव हि ॥ १
इषाख्यमासे विजयादशम्यां स सर्वधारिण्यथ वत्सरेऽस्य ।
मनोरथं पूरयितुं नृपस्य महोत्सवं रम्यमचीकरच्च ॥ २
मुख्याऽभवत्तत्र जयोत्तमस्य स्वसैव पाकादिविधापने च ।
सम्भावने सर्वश एव नानादेशागतानां वनिताव्रजानाम् ॥ ३
देशान्तरेभ्यो बहवः समीयुस्तत्रोत्सवे भक्तजनाः सहर्षम् ।
वर्णिव्रजास्त्यागिगणा नराश्च नार्यश्च नारायणदर्शनोत्काः ॥ ४

---

## અધ્યાય - ૪

### જયાબાના મુખ્યપદે વિજયાદશમીનો ભવ્ય મહોત્સવ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ આ રીતે દુર્ગપુરને વિષે ઉત્તમરાજાના ભવનમાં શ્રીકૃષ્ણ ભગવાનના સમગ્ર ઉત્સવો ઉજવતા તેમાંથી એક અન્નકૂટ મહોત્સવનું સંક્ષેપથી તમારી આગળ વર્ણન કરું છું. આના ઉપરથી તમારે બીજા સર્વે ઉત્સવો કેવા ઉજવાયા હશે ? તેનું અનુમાન કરી લેવું. એ અન્નકૂટોત્સવની કથા કરું તેના પહેલાં વચ્ચે આવતા દશેરા ઉત્સવની ટૂંકમાં કથા કહું છું.[1] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ વિક્રમ સંવત ૧૮૭૩ ના સર્વાધાર સંવત્સરના આસોસુદ વિજયાદશમીને દિવસે ઉત્તમરાજાનો મનોરથ પૂર્ણ કરવા અતિશય રમણીય મહોત્સવનું આયોજન કર્યું.[2] તે વિજયાદશમીના મહોત્સવમાં દેશાંતરમાંથી જે કોઈ ભક્તજનો પધારે તેને માટે રસોઈઆદિ કરવાના કાર્યમાં અને ખાસ કરીને સ્ત્રીભક્તજનોના સત્કાર આદિ કાર્યમાં ઉત્તમરાજાનાં મોટાં બહેન જયાબા પ્રધાનપણે રહ્યાં હતાં.[3] હે રાજન્ ! તે દશેરા ઉત્સવમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાની અતિ ઉત્કંઠા ધરાવતા અનેક ભક્તજનોમાં બ્રહ્મચારીઓનાં મંડળો, સંતોનાં મંડળો, ગૃહસ્થ નરનારીઓના સમૂહો અતિશય આનંદ પામતા પામતા દેશદેશાંતરમાંથી પધાર્યા.[4] ત્યારપછી અતિ ઉદારભાવના વાળા તે સર્વે સંતો ભક્તજનોએ મનુષ્યાકૃતિ ધરીને વિરાજમાન સાક્ષાત્ પરમેશ્વર

ते चन्दनेनाथ सुगन्धिपुष्पैर्वस्त्रैरनर्घ्यैश्च विभूषणैश्च ।
तं पूजयामासुरुदारभावाः श्रीवासुदेवं नरमूर्तिमीशम् ॥ ५
स त्यागिनां तत्र नृपश्च भक्त्या वृन्दानि पक्वान्नविचित्रशाकैः ।
सम्प्रीणयामास जनांस्तथान्यान् यथोचितं सर्वश एव सुज्ञः ॥ ६
एकान्तिकं धर्ममथानुशास्य तेभ्यः सुखं स्वस्य दिनानि सप्त ।
दत्वा हरिस्तान् परितोष्य भक्तान् प्रस्थापयामास पुनः स्वदेशान् ॥ ७
मार्गे प्रशंसन्त ऋषिप्रवीरास्तथा गृहस्थाः पुरुषाश्च नार्यः ।
बुद्धिं नृपस्यास्य शुभं स्वभावं हरौ च भक्तिं प्रययुः स्वदेशान् ॥ ८
व्रजत्सु तेषूत्तम आदरेण विप्रान्प्रभाशङ्करदाजिमुख्यान् ।
विप्राश्च गङ्गाप्रमुखाः स्वगेहे न्यवासयत्कर्तुमिहान्नकूटम् ॥ ९

---

શ્રી વાસુદેવ એવા ભગવાન શ્રીહરિની સુગંધીમાન ચંદન અને અનેક પ્રકારના પુષ્પો તેમજ હાર, અમૂલ્ય વસ્ત્રો તથા અલંકારોથી પૂજા કરી.[૫]

તે સમયે બહુજ વિચક્ષણ પુરૂષ એવા ઉત્તમ રાજાએ તે ઉત્સવમાં અનેક પ્રકારનાં પક્વાન્નો તથા શાકો તૈયાર કરાવી ભગવાન શ્રીહરિનાં દર્શનાર્થે પધારેલા સમસ્ત ત્યાગી સંતોના મંડળોને અતિશય ભક્તિભાવથી જમાડી તૃપ્ત કર્યા. તેવી જ રીતે અન્ય સર્વે નરનારી ભક્તજનોને પણ ઈચ્છિત ભોજનો જમાડી ખૂબજ આગતા સ્વાગતા કરીને રાજી કર્યા.[૬] ત્યારે શ્રીહરિએ પોતાનાં દર્શને પધારેલા સર્વ સંતો ભક્તોને એકાંતિક ભાગવતધર્મનો ઉપદેશ આપી સાત દિવસ સુધી પોતાનાં દર્શન અને વાણીનું સુખ આપી તેઓને ખૂબજ સંતોષ પમાડી પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપી.[૭]

હે રાજન્ ! મુનિશ્રેષ્ઠ એવા સર્વ સંતો તથા ગૃહસ્થ નરનારીઓ પોતપોતાના દેશ પ્રત્યે જવા પાછા વળતાં માર્ગમાં ઉત્તમરાજાની ઉત્તમબુદ્ધિ, નિર્દોષ સ્વભાવ અને શ્રીહરિ પ્રત્યેની અનન્ય ભક્તિની પ્રશંસા કરતા જતા હતા.[૮] અને પાછા જતા તે લોકોમાંથી ઉત્તમરાજાએ નજીકમાંજ આવતા અન્નકૂટોત્સવની તૈયારી માટે પ્રભાશંકર તથા દાજીભાઈ આદિ વિપ્રભક્તજનો તથા ગંગામા આદિ વિપ્ર સ્ત્રી ભક્તજનોને અતિ આદરપૂર્વક પોતાના રાજભવનમાં જ નિવાસ કરાવીને રાખ્યા.[૯] હે નરેશ ! પકવાન્નાદિ તૈયાર કરવામાં કુશળ તે બ્રાહ્મણો અને બ્રાહ્મણ સ્ત્રીઓ શ્રીહરિની સેવા તથા તેમના સંતો-ભક્તોની સેવામાંજ પોતાના માનવ જન્મનું

पाकक्रियादौ निपुणाश्च ते ताः प्रीत्यै हरेस्तस्य च भक्तिभाजाम् ।
तत्रावसंस्तत्परिचर्ययैव स्वजन्मसाफल्यविदो नरेश ! ॥ १०
विसर्जयित्वाथ स तत्र सर्वशः समागतान्भक्तजनान्निजाङ्गणे ।
वितर्दिकायां परिमेयपार्षदैर्वृतो हरिः पीठ उपाविशत्स्वके ॥ ११
तस्मिन् दिने च ललिताऽभयराजकन्या भक्तौ हरेश्च निपुणा व्यवहारकार्ये ।
प्रष्टुं जयां किमपि सा वयसा वरिष्ठां सम्मानयन्त्युपययौ मुखमन्दहासा ॥ १२
तत्रोपविश्य च जगौ भगिनि ! त्वयाऽद्य सन्तोषितो हि भगवानुरुसेवनेन ।
इच्छामि सम्प्रति तथाविधमन्नकूटे कर्तुं हि सेवनमहं तव सम्मतेन ॥ १३
इत्युक्ता सा जया प्राह भगिनीं तां कनीयसीम् । तोषितो हि त्वया भद्रे! जन्माष्टम्यां हरिर्भृशम् ॥ १४
हरेः सम्प्रीतये तत्र त्वया सेवा कृता भृशम् । दीपोत्सवे पुनः कुर्याः कृष्णपक्षागते शुभे! ॥ १५

---

સફળપણું માનતા હતા. તેથી તેમની પ્રસન્નતાર્થે સર્વે બ્રાહ્મણ ભક્ત નરનારીઓ ઉત્તમરાજાના ભવનમાં જ નિવાસ કરીને રહ્યાં.[૧૦] ભગવાન શ્રીહરિ પણ વિજયાદશમીના ઉત્સવમાં આવેલા સર્વ સંતો-ભક્તોને વિદાય આપી દરબારગઢના આંગણામાં પોતાના કેટલાક પાર્ષદોના સમૂહની વચ્ચે વેદિકા ઉપર સ્થાપન કરેલા સિંહાસન ઉપર સ્વયં વિરાજમાન થયા.[૧૧]

**જયાબા અને લલિતાબા બન્ને બહેનો વચ્ચે પ્રેમકલહ :–** હે રાજન્ ! આસોવદ પડવાને દિવસે અભયરાજાનાં પુત્રી લલિતાબા કે જે શ્રીહરિની નવધા ભક્તિ કરવામાં અને લૌકિક વ્યવહારના કાર્યમાં પણ બહુજ નિપુણ હતાં. તે પોતાની મોટી બહેન જયાબા પાસે ગયાં ત્યારે જયાબાએ તેમને આવકાર્યાં. ત્યારે મંદમંદ સ્મિત વેરતાં લલિતાબા જયાબાની સમીપે બેસી કહેવા લાગ્યાં કે, હે મોટીબા ! તમે અત્યારે વિજયાદશમીના ઉત્સવમાં બહુ પ્રકારની સેવા કરી ભગવાન શ્રીહરિને રાજી કર્યા. પણ જો તમારી અનુમતિ હોય તો આવતા અન્નકૂટ ઉત્સવમાં હું પણ તમારા જેવી જ સેવા કરીને ભગવાનને રાજી કરવા ઈચ્છું છું.[૧૨-૧૩] આ પ્રમાણે લલિતાબાએ કહ્યું. તે સાંભળી જયાબા પોતાનાથી નાની બહેન લલિતાબાને કહેવા લાગ્યાં કે, હે ભદ્રે ! તમે પણ જન્માષ્ટમીના ઉત્સવમાં ભગવાન શ્રીહરિને અત્યંત રાજી કરેલા છે.[૧૪] હે બહેન ! તે જન્માષ્ટમીના ઉત્સવમાં તમે ભગવાન શ્રીહરિને સેવા કરી જેમ રાજી કર્યા હતા તેમજ આ આસોવદમાં આવતા દીપોત્સવમાં પણ ફરી સેવા કરીને તમે રાજી કરજો.[૧૫] પરંતુ કાર્તિક મહિનાના

अन्नकूटोत्सवे सेवां शुक्लपक्ष उपागते । करिष्याम्यहमित्थं हि मर्यादा हरिणा कृता ॥ १६
इति श्रुत्वा जयावाक्यं प्राह सा सस्मितानना । युक्तिवाक्येषु निपुणा ललिता ललितं वचः ॥ १७

**ललितोवाच-**

ज्येष्ठे ! भगिनि ! सत्यं हि त्वया प्रोक्तमिदं वचः । आवाभ्यां पालनियाऽत्र मर्यादा भगवत्कृता ॥ १८
दीपोत्सवान्तर्गतोऽसावन्नाकूटो न वै पृथक् । अयि ! त्वया नारदोक्तिर्व्रतखण्डे श्रुता न किम् ॥ १९
संलग्नमेव कर्तव्यं दीपावल्या दिनत्रयम् । पृथक्कृतौ महान्दोष इति तत्र श्रुता मया ॥ २०
अत एव यथायुक्तं त्वमाज्ञापय मां स्वसः ! । आज्ञायामेव ते नित्यं वर्तितव्यं मया किल ॥ २१
रुचिश्चेत्तव तर्ह्यद्य गृहाणाज्ञां महाप्रभोः । सम्भारांश्च ततः कर्तुं त्वमाज्ञापय सेवकान् ॥ २२
युक्तियुक्तमिदं वाक्यं ललिताया निशम्य सा । ऋजुबुद्धिर्जया प्राह त्वमेव कुरु तच्छुभे! ॥ २३
अथोत्तमं समाहूय जया प्राह शुभं वचः । अन्नकूटोत्सवायाज्ञां गृहाण भ्रातरीशितुः ॥ २४

---

સુદપક્ષમાં આવતા અન્નકૂટોત્સવની સેવા તો હું કરીશ. કારણ કે, ભગવાન શ્રીહરિએ જ આપણા બન્ને વચ્ચે આવી વ્યવસ્થા કરી આપી છે.[૧૬]

હે રાજન્ ! આ પ્રમાણે મોટી બહેન જયાબાનું વચન સાંભળી યુક્તિયુક્ત વચનો બોલવામાં ચતુર લલિતાબા હસતાં હસતાં મોટીબાને વચનો કહેવા લાગ્યાં કે, હે મોટીબા ! તમે બહુ જ સાચી વાત કરી અને આપણે ભગવાન શ્રીહરિએ બાંધેલી મર્યાદાનું પાલન પણ કરવું જોઈએ.[૧૭-૧૮] પરંતુ દીપાવલી ઉત્સવ અને અન્નકૂટ ઉત્સવ બે અલગ અલગ નથી. શું તમે હેમાદ્રિના વ્રતખંડ ગ્રંથમાં નારદજીએ કહેલાં વચનો સાંભળ્યાં નથી ? કે ચૌદશ, દીપાવલી અને પડવાનો અન્નકૂટ ઉત્સવ આ ત્રણે સંલગ્ન ઉજવવા અને તેમાં ભેદ પાડવામાં આવે તો મહાન દોષ લાગે છે. આ વચનો શું તમે નથી સાંભળ્યાં ? વ્રતખંડમાંથી મેં તો આવું નારદજીનું વચન સાંભળ્યું છે.[૧૯-૨૦] હે મોટીબા ! દીપાવલી અને અન્નકૂટ ઉત્સવમાં ભેદ પાડવો એતો મોટો દોષ છે. બાકી તમને યોગ્ય લાગે તેમ મને આજ્ઞા કરો. હું તમારી આજ્ઞા પ્રમાણે જ હમેશાં સેવા કરવા ઈચ્છું છું.[૨૧] જો તમને અન્નકૂટ ઉત્સવ ઉજવવાની રુચિ જ હોય તો પછી આજે જ મહાપ્રભુની આજ્ઞા મેળવી લો, અને તેને લગતી સર્વે સામગ્રી ભેળી કરવાની સેવકોને આજ્ઞા આપવા માંડો.[૨૨]

હે રાજન્ ! યુક્તિપૂર્વક વાત કરવામાં ચતુર લલિતાબાનાં આ પ્રમાણેનાં વચનો સાંભળી સરળ બુદ્ધિવાળાં જયાબા કહેવા લાગ્યાં કે, હે શુભે ! શાસ્ત્રોનાં આવાં વચનો છે, તેથી તમે જ અન્નકૂટ ઉત્સવની સેવા પ્રારંભવાની તૈયારી કરો.[૨૩]

इत्युक्तः सोऽतिहर्षेण जगाम हरिसन्निधौ । तिष्ठतः स्म च दूरे ते उभे सदसि योषिताम् ॥ २५
उत्तमश्च हरिं नत्वा बद्धाञ्जलिपुटस्ततः । तस्थौ तदग्रेऽवसरं प्रतीक्ष्य स्वस्य भाषणे ॥ २६
तं विवक्षुं हरिर्ज्ञात्वा प्रोवाच प्रहसन्वचः । किं कार्यमस्ति भो राजन्नित्युक्तः सोऽब्रवीत्प्रभुम् ॥ २७

विज्ञाप्यमस्ति भगवन्मम किञ्चिदेव सम्प्रीणनाय तव तत्कृपया श्रृणु त्वम् ।
आज्ञा भवेद्यदि तव प्रियभक्त! तर्हि प्रीत्याऽन्नकूटमहसम्भृतिमाहरेम ॥ २८
निश्छद्मवाक्यमिति तस्य निशम्य हृष्टो नारायणो निजजनप्रियकृज्जगाद ।
आलोकयन्निजवचःश्रुति दत्तकर्णे दूरस्थबद्धकरसम्पुटतद्भगिन्यौ ॥ २९

**श्रीभगवानुवाच**

भूरिव्ययः कृतोऽस्त्येव युष्माभिर्नृप! दुष्करः । जन्माष्टम्यां च विजयादशम्यां द्वादशीषु च ॥ ३०

---

ત્યારપછી મોટીબાએ પોતાના ભાઈ ઉત્તમરાજાને બોલાવીને શુભ વચનો કહેવા લાગ્યાં કે, હે ભાઈ ! અન્નકૂટ ઉત્સવ ઉજવવાની શ્રીહરિની આજ્ઞા મેળવો.[૨૪]

**ઉત્તમરાજાએ અન્નકૂટ ઉત્સવ ઉજવવાની આજ્ઞા માગી :–** હે રાજન્ ! મોટીબાનું વચન સાંભળી અતિશય હર્ષઘેલા થયેલા ઉત્તમરાજા ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને બન્ને બહેનો સ્ત્રીઓની સભામાં શ્રીહરિનાં હાથજોડી દર્શન કરતી કરતી દૂર ઊભી રહી.[૨૫] ત્યારે ઉત્તમરાજા બન્ને હાથજોડી ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી પોતાને વચનો કહેવાના અવસરની પ્રતીક્ષા કરતા કરતા ભગવાન શ્રીહરિની આગળ ઊભા રહ્યા.[૨૬] ભગવાન શ્રીહરિ પણ ઉત્તમરાજા પોતાને કાંઈક પૂછવા માગે છે, એમ જાણી હસતાં હસતાં કહેવા લાગ્યા કે, હે રાજન્ ! શું કામ છે ? બોલો. આ પ્રમાણે શ્રીહરિએ પૂછ્યું, ત્યારે ઉત્તમરાજા કહેવા લાગ્યા કે, હે ભગવાન ! તમને પ્રસન્ન કરવા માટે હું એક વિનંતી કરવા આવ્યો છું. તો દયા કરીને આપ મારી વિનંતી સાંભળો. હે ભક્તવત્સલ ભગવાન ! જો આપની આજ્ઞા હોય તો હર્ષ પૂર્વક ઉત્સવની સામગ્રી અમે ભેળી કરવા માંડીએ.[૨૭-૨૮]

**ઋણ ન કરવાનો શ્રીહરિનો સ્પષ્ટ આદેશ :–** હે રાજન્ ! ઉત્તમરાજાનું આવું નિષ્કપટ વચન સાંભળી પોતાના ભક્તજનોનું હમેશાં પ્રિય કરનારા શ્રીસ્વામિનારાયણ ભગવાન અતિશય પ્રસન્ન થયા અને પોતાનાં વચનો સાંભળવા કાન ધરીને દૂર બન્ને હાથ જોડીને ઊભેલાં જયાબા અને લલિતાબાને જોતાં જોતાં ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમે જન્માષ્ટમી, વિજયાદશમી અને સર્વ દ્વાદશી ઉત્સવોમાં ધનનો બહુજ ખર્ચ કરેલો છે.[૨૯-૩૦]

आगतो नातिदूरे च प्रबोधन्या महोत्सवः । भवतां धनसम्पत्तिर्नाविज्ञाताऽस्ति मे किल ॥ ३१
द्रव्यसम्बन्धि यत्कार्ये तद्द्रव्येणैव साध्यते । न तु ज्ञानेन भक्त्या वा न नामस्मरणादिभिः ॥ ३२
आनीयेतस्ततो द्रव्यं ये धर्ममपि कुर्वते । उत्तमर्णोपद्रवेण क्लिश्यन्ति ज्ञानिनोऽपि ते ॥ ३३
अर्थानथोपदेशेन न भक्त्या बोधनेन वा । उत्तमर्णो गृहाद्याति विना द्रव्यं हि कर्हिचित् ॥ ३४
प्राणापदं विना क्वापि ऋणं कार्यं न कुत्रचित् । नोत्तमर्णसमं दुःखमन्यत्किञ्चन विद्यते ॥ ३५
पञ्चमेऽहनि षष्ठे वा शाकपत्राशनं वरम् । नतूत्तमर्णकदनं नृपतेरपि कर्हिचित् ॥ ३६
प्रीयते भावशुद्ध्यैव भगवान्न तु भूयसा । धनेनेति स एवाह गीतायामर्जुनं प्रति ॥ ३७
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति । तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ ३८

---

તેમજ પ્રબોધની ઉત્સવ પણ કાંઇ બહુ દૂર નથી. હમણાં જ તે આવશે. અને તમારી પાસે કેટલી ધન સંપત્તિ છે, તે કાંઇ મારાથી છાનું નથી.[૩૧] ધન ખર્ચીને જે કાર્ય સિદ્ધ કરવાનાં હોય તે ધન ખર્ચીને જ સિધ્ધ થાય. તે કાંઇ આત્મા-પરમાત્માના જ્ઞાનની વાતો કરવાથી સિધ્ધ ન થઇ જાય. ગમે તેટલી સ્નેહરૂપ ભક્તિથી માળા જપો, અથવા તો નામસ્મરણની રમઝટ લગાવો તોય પણ તે સિધ્ધ ન થાય. જે ધન ખર્ચીને કામ થવાનું હોય તે ધનથી જ સિધ્ધ થાય.[૩૨]

હે રાજન્ ! જે પુરુષો જ્યાં ત્યાંથી ઉછીનું ધન લાવી ધર્મકાર્ય કરે છે, તે ભલેને જ્ઞાની હોય છતાં પણ ધન આપનારની પછીની પીડાથી તે મહાકષ્ટને પામે છે.[૩૩] તે સમયે ભક્તપણું કે જ્ઞાન કાંઇ કષ્ટમાંથી મુક્ત કરતાં નથી. તે સમયે તમે ધન આપનારને ઉપદેશ આપો કે, 'ભાઇ ધનમાં તો પંદર પ્રકારના અનર્થ રહેલા છે. સાચું ધન તો આત્મા-પરમાત્માનું જ્ઞાન અને ભક્તિ એ જ છે.' તેણે કરીને તે ધન આપનારો પુરુષ ધન લીધા વિના ઘરેથી પાછો ફરી જતો નથી.[૩૪] હે રાજન્ ! પ્રાણની આપત્તિ વિના ક્યારેય પણ ઋણ ન કરવું. કારણ કે, ઋણ આપનાર પુરુષના ઉપદ્રવ જેવું આ દુનિયામાં બીજું કોઇ મોટું દુઃખ નથી.[૩૫] હે રાજન્ ! પાંચમે દિવસે કે છઠ્ઠે દિવસે મળતું માત્ર શાક પાંદડું જમીને જીવવું શ્રેષ્ઠ છે પણ ધન આપનારા માલિકે આપેલી પીડા સહન કરવી તે રાજાઓને માટે પણ ક્યારેય શ્રેષ્ઠ નથી, તો બીજાની શું વાત કરવી ?[૩૬] તમે કહેશો કે, ભગવાનને રાજી કરવા ભલેને ઋણ કરવું પડે તો કહું છું કે, ભગવાન તો શુદ્ધ ભાવનાના ભૂખ્યા છે, ધનના ઢગલાના નહિ. આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે કહેલું છે.[૩૭]

હે અર્જુન ! મારે વિષે જ એક મન જોડવાનો પ્રયાસ કરનારા ભક્તજનો

भक्त्यैकान्तिकया हीनो यः करोत्यच्युतार्चनम् । महद्भिरुपचारैस्तत्प्रीत्या गृह्णाति न प्रभुः ॥ ३९
बहुद्रव्यार्थयत्नोऽतः पूजार्थमपि सत्पतेः । न कार्यः कार्य एकान्तभक्त्याप्त्यै तस्य सर्वथा ॥ ४०
एकान्तिकेषु भक्तेषु यादृशोऽकिञ्चनेष्वपि । आदरो दृश्यते तादृगृद्धाभक्तेषु न प्रभोः ॥ ४१
यस्यान्यवासनायुक्तं भक्तस्यापि भवेन्मनः । तस्मान्निर्वासने भक्ते प्रीतिरस्त्याधिका हरेः ॥ ४२
समृद्ध्यैश्वर्यसम्पन्ना देवा इन्द्रादयो हरिम् । महोपचारैरर्चन्ति भक्त्या नित्यमतन्द्रिताः ॥ ४३
किन्त्वन्यवासनायुक्तं मनस्तेषां हि वर्तते । अत एकान्तिभक्तेषु लभन्ते गणनां न ते ॥ ४४
न्यूनैश्वर्या अपि ततो विरक्ताः सनकादयः । सन्त्येकान्त्यग्रगण्या वै हृत्स्थहर्येकवासनाः ॥ ४५
पत्रपुष्पादिभिस्ते च कुर्वन्तोऽप्यच्युतार्चनम् । प्रीणयन्त्येव नितरां राधिकारमणं प्रभुम् ॥ ४६

---

ભક્તિપૂર્વક પત્ર, પુષ્પ, ફળ અથવા જળ વિગેરે જે કાંઇ પદાર્થો મને અર્પણ કરેછે, તેનો સ્વીકાર કરીને હું આરોગું છું.[૩૮] એમ ભગવાને કહ્યું છે, તેથી હે રાજન્ ! અનન્ય ભક્તિભાવ વિના જે ભક્તજન મોટા મોટા પુષ્કળ ઉપચારોથી ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરે છે. તેમની પૂજા સમર્થ ભગવાન પ્રસન્નતાપૂર્વક સ્વીકારતા નથી.[૩૯] તેથી સંતોના પતિ ભગવાનની પૂજા કરવા માટે ઘણું દ્રવ્ય ભેળું કરવા પ્રયત્ન ન કરવો. પરંતુ ભગવાનની એકાંતિકી ભક્તિ પ્રાપ્તિ માટે સર્વ પ્રકારે પ્રયત્ન કરવો.[૪૦] હે રાજન્ ! જેવા નિર્ધન એકાંતિક ભક્તો ઉપર પ્રભુ રાજી થાય છે, તેવા એકાંતિક ભક્તિએ રહિત માત્ર ધનાઢ્ય ભક્તજનોના ઉપર થતા નથી.[૪૧] ધનાઢ્ય હોય કે ગરીબ પરંતુ જે ભક્તજનનું મન ભગવાન સિવાયની અન્ય વાસનાઓથી યુક્ત છે તેના કરતાં નિર્વાસનિક ભક્તજનો ઉપર ભગવાન શ્રીહરિને અધિક પ્રીતિ વર્તે છે.[૪૨]

ધન સમૃદ્ધિ આદિ સંપત્તિથી અને અણિમાદિક ઐશ્વર્યોથી યુક્ત ઇન્દ્રાદિ દેવતાઓ પણ આળસ છોડીને મોટા મોટા ઉપચારોથી ભગવાન શ્રીહરિની અતિઆદર પૂર્વક નિત્યે પૂજા કરે છે.[૪૩] પરંતુ તે ઇન્દ્રાદિક સર્વે દેવતાઓનાં મન બીજી વાસનાઓથી યુક્ત વર્તે છે, તેથી તે ઇન્દ્રાદિ દેવતાઓની ગણના એકાંતિક ભક્તોમાં થતી નથી.[૪૪] હે રાજન્ ! તીવ્ર વૈરાગ્યવાન અને મનમાં જેને એક જ ભગવાનની વાસના છે એવા સનકાદિકો પાસે તે દેવતાઓ જેવી સંપત્તિ કે ઐશ્વર્ય જેવું કાંઇ નથી છતાં તેઓની ગણના શ્રીકૃષ્ણ ભગવાનના એકાંતિક ભક્તોમાં થાય છે.[૪૫] અને તે સનકાદિકો પત્ર પુષ્પાદિકવડે જ ભગવાનનું પૂજન કરે છે. છતાં પણ રાધારમણ ભગવાન શ્રીકૃષ્ણને અતિશય પ્રસન્ન કરે છે.[૪૬]

तस्माद्गृहस्थैर्मद्भक्तैर्धर्मोऽपि स्वीयशक्तितः । कर्तव्यो न त्वृणं कृत्वा केनचिन्नृप! कर्हिचित् ॥ ४७
अन्नकूटोत्सवस्तस्माद्यथाशक्त्येव साम्प्रतम् । क्रियतां न तिथिः शून्या भवेद्भगवतो यतः ॥ ४८
नारायणो वासुदेवो गोलोकाधिपतिस्तु यः । वसुदेवगृहे जातः स कृष्णो व्रजमागतः ॥ ४९
तेन प्रवर्तितोऽस्त्येष गोवर्धनमहोत्सवः । अतस्तदीयैरस्माभिः कर्तव्योऽसाविति ध्रुवम् ॥ ५०

**सुव्रत- उवाच**

आज्ञप्त एवं हरिणा स तूर्णं प्रणम्य तं पार्श्वमगाद्भगिन्योः ।
श्रीकृष्णसेवारहितः क्षणोऽपि ययोर्न चित्ते क्व च रोचते वै ॥ ५१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे भगवदाज्ञाग्रहणनामा चतुर्थोऽध्यायः ॥४॥*

---

**શક્તિ અનુસાર અન્નકૂટોત્સવ ઉજવવા આજ્ઞા :-** હે રાજન્ ! તેથી મારા આશ્રિત ગૃહસ્થ ભક્તજનોએ ધનથી સાધ્ય ધર્માચરણ પણ પોતાની શક્તિને અનુસારે કરવું, પણ કોઈ અન્ય ગૃહસ્થ ભક્ત પાસેથી ઉછીનું લઈ ધર્મ કાર્ય પણ ન કરવું.[૪૭] તેથી અન્નકૂટ ઉત્સવમાં ઘણું બધું ધન ખર્ચાવાનો સંભવ છે. તેથી તમે અત્યારનો અન્નકૂટ ઉત્સવ તમારી શક્તિને અનુસાર ઉજવો, કે જેથી ભગવાનની ઉત્સવ-તિથિ ખાલી ન જાય. બાકી પહોંચનો વિચાર જરૂર કરવો.[૪૮] હે રાજન્ ! ગોલોકાધિપતિ ભગવાન શ્રીનારાયણ વાસુદેવ સ્વયં શ્રીકૃષ્ણે વસુદેવ અને દેવકી થકી આ પૃથ્વી પર પ્રગટ થઈને નંદજીના વ્રજમાં પધાર્યા તે ભગવાને આ ગોવર્ધન મહોત્સવ એટલે કે અન્નકૂટોત્સવની પ્રવૃત્તિ કરી છે. તેથી તેમના ઉપાસક ભક્ત એવા આપણે આ ઉત્સવ શક્તિને અનુસાર અવશ્ય ઉજવવો.[૪૯-૫૦] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ આજ્ઞા આપી તેથી ઉત્તમરાજા ભગવાન શ્રીહરિને નમસ્કાર કરીને તત્કાળ પોતાની બન્ને બહેનો પાસે ગયા કે જે જયાબા અને લલિતાબા બન્નેને ભગવાન શ્રીહરિની સેવા વિનાની એક ક્ષણ પણ વ્યર્થ જવા દેવી ગમતી ન હતી.[૫૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં જયાબા તથા લલિતાબાએ દાદાખાચર મારફત અન્નકૂટોત્સવ ઉજવવાની ભગવાન શ્રીહરિ પાસે આજ્ઞા મેળવી એ નામે ચોથો અધ્યાય પૂર્ણ થયો. -૪-***

## पञ्चमोऽध्यायः - ५

सुव्रत- उवाच

इङ्गितज्ञे हरेस्ते तु तद्दत्तनयनश्रुती । उत्तमागमनात्प्राग्वै बुबुधाते तदीहितम्।। १
हरिदास्येन साफल्यं जानत्यौ निजजन्मनः । अतिहर्षभृतोरस्के भगिन्यौ ते बभूवतुः।। २
तावदागत्य सोऽप्याह यथावद्वचनं प्रभोः । योषितां मध्यगे स्वस्य स्वसारौ नृपनन्दनः।। ३

क्रियतामिति वाक्श्रुतिस्तदा पृथुहर्ष हि तयोः सुचेतसोः ।
हृदि जातममान्तमन्तरे बहिरस्रावयदस्रकैतवात्।। ४
अथ ते झटिति स्वकेतनं प्रभुमानम्य मुदा समेत्य च ।
लघु साधयितुं चतुर्विधं प्रयतेते स्म सदन्नमञ्जसा।। ५
प्रथमं शुभशालिकण्डनं सितगोधूमसुसूक्ष्मपेषणम् ।
बहुभिर्वनिताभिरादराद्धरिभक्ताभिरकार्यत द्रुतम् ।। ६

---

## અધ્યાય - ૫

### અન્નકૂટોત્સવ ઉજવવાની આજ્ઞા મળતાં બન્ને બહેનોના અંતરમાં આનંદ થયો ને સર્વે બહેનો સેવામાં લાગી ગયાં.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિના મુખકમળ સામે જ નેત્રોની દૃષ્ટિ અને કાનની વૃત્તિ સ્થિર કરીને દૂર ઊભેલી બન્ને બહેનો ઉત્તમરાજાના આગમન પૂર્વે જ શ્રીહરિના ઇશારાઓ ઉપરથી તેમના હૃદયગત અભિપ્રાયને જાણી ગયેલી અને દાસભાવે ભગવાન શ્રીહરિની સેવા કરવામાં જ પોતાના મનુષ્યજન્મનું સફળપણું માનતી બન્ને બહેનો હર્ષથી અતિશય આનંદિત થઇ.[૧-૨] અને તેવામાં અભયપુત્ર ઉત્તમરાજા ત્યાં આવી પહોંચ્યા ને સ્ત્રીઓની સભામાં ઊભેલી પોતાની બન્ને બહેનો પ્રત્યે ભગવાન શ્રીહરિનાં વચનો જેમ હતાં તેમ કહી સંભળાવ્યાં.[૩] અને છેલ્લે તમે શક્તિ અનુસાર અન્નકૂટોત્સવ ઉજવો. આવું ઉત્તમરાજાનું મુખમાંથી નીકળતું શ્રીહરિનું વચન સાંભળ્યું, ત્યારે હર્ષનો પાર ન રહ્યો, પોતાના નિર્મળ હૃદયમાં પ્રગટેલો મહા આનંદ અંતરમાં સમાઇ શક્યો નહિ તેથી અશ્રુઓ દ્વારા નેત્રો વાટે બહાર વહેવા લાગ્યો.[૪]

હે રાજન્ ! ત્યારપછી બન્ને બહેનો ત્યાંથી જ ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી તત્કાળ પોતાના ભવનમાં આવી ચાર પ્રકારનાં પકવાન્નો જલદી તૈયાર થાય તેવા પ્રયત્નો કરવા લાગી.[૫] બન્ને બહેનો પ્રથમ અતિશય સુગંધીમાન ભાતને માટે ડાંગર

नितरामभवन्महोत्सवो हरिनिघ्नीकृतहृद्धनात्मनाम् ।
परिचारकयोषितां तदा सततं निष्कपटान्तरात्मनाम् ॥ ७
पुरि तत्र गृहे गृहेऽभवद्वनितानां दलनादिकर्मसु ।
दिवसेषु निशासु चाच्युतो हरिगीतध्वनिरेव मङ्गलम् ॥ ८
चतुरा ललितानिदेशतः शुचयो ब्राह्मणयोषितस्तदा ।
वटिकाः सितसूक्ष्मसेविकाः पृथुलान् पर्पटकांश्च चक्रिरे ॥ ९
वटिकागुलिका निधाय काचिज्जपमालामणिसङ्ख्यया तदानीम् ।
विदधेऽन्यतदालिभिः स्वकीयं जपमालाविधिमेव नैत्यकं च ॥ १०
सितनिर्मलकांस्यपात्रपृष्ठे विदधाना पृथुपर्पटं च काचित् ।
सहसा स्फुरितं हरिं समीक्ष्य प्रहसन्त्युद्धृतवेल्लणैव तस्थौ ॥ ११

---

ખાંડવાનું કાર્ય અને સફેદ ઘઉંનો લોટ પીસાવી તૈયાર કરાવવાનું કાર્ય અનેક સ્ત્રી ભક્તજનો પાસે કરાવવા લાગી.[૬] તે સમયે શ્રીહરિના ચરણોમાં તન, મન અને ધનને સમર્પણ કરી, નિષ્કપટભાવે શ્રીહરિની સેવામાં તત્પર થયેલી સ્ત્રીભક્તોને એ અવસર અંતરમાં એક નિરંતર આનંદ આપનારા અનોખા ઉત્સવ જેવો જણાતો હતો.[૭] ગઢપુરના દરેક ઘરે ઘઉં આદિ ધાન્યો દળવાના કાર્યમાં રોકાયેલી સ્ત્રી ભક્તજનોના મુખેથી ભગવાન શ્રીહરિના કીર્તનોનો મંગલ ધ્વનિ રાત્રીદિવસ અખંડ સંભળાતો હતો.[૮]

હે રાજન્ ! રસોઈ કામમાં ચતુર એવી પવિત્ર બ્રાહ્મણ સ્ત્રીઓ લલિતાબાની આજ્ઞા પ્રમાણે મગ અને અડદના લોટમાંથી વડી, સફેદ ઝીણી સેવ અને મોટા મોટા પાપડ વગેરે બનાવવા લાગી.[૯] કોઈક સ્ત્રીભક્ત જપમાળાની એકસો ને આઠની સંખ્યામાં વડીઓની નાની નાની ગોળીઓ બનાવી ખાટલા ઉપર બિછાવેલાં પવિત્ર શ્વેત વસ્ત્ર ઉપર મંત્રોચ્ચારણ સાથે પંક્તિબદ્ધ ગોઠવી તેના પર બીજી પંક્તિ કરી, એમ પોતાને નિત્યે જપવાની માળાના નિયમને પૂર્ણ કરતી હતી.[૧૦] કોઈ સ્ત્રી શ્વેત ઉજ્જવળ કાંસાનાં પાત્ર ઉપર વિશાળ પાપડને વેલણથી વણતી હોય તે સમયે ભગવાનમાં એકચિત્ત થવાથી એકાએક પાપડ ઉપર સ્ફુરાયમાન થયેલા ભગવાન શ્રીહરિને જોઈને હાસ્ય કરવા લાગતી અને વેલણ તેના હાથમાં જ અધર સ્થિર રહી જતું હતું.[૧૧] ધ્યાનની અતિશય દૃઢતાને કારણે જળ અને સ્થળમાં ભગવાન શ્રીહરિનું જ દર્શન કરતી કોઈ સ્ત્રીભક્તને સેવવણવાના પાટલા ઉપર અચાનક

हरिमेव जले स्थले च काचित्परिपश्यन्त्यथ सेविकाविधाने ।
स्फुरितं तमवेक्ष्य तैलमर्दं विदधानेव बभौ गतस्मृतिः सा ॥ १२
तितऔ विनिधाय भूरि पिष्टं विदधाना लघु चालनं कराभ्याम् ।
हसिता हरिणा पुरा भृशं तद्धृदि संस्मृत्य मुहुर्जहास काचित् ॥ १३
कलमानवहन्तुमिच्छती हरिमालोक्य च कण्डनीमुखे ।
स्फुरितं सहसाभवत्स्थिरा मुसलं दोषणि कापि बिभ्रती ॥ १४
सकला अपि योषितस्तदैवं निजभावानुसृतेः समीक्षमाणाः ।
सकलास्वपि ताः क्रियासु साक्षाद्धरिमासन्नधिकाः समाधिभाग्भ्यः ॥ १५
इति तासु सहर्षमुद्यतासु प्रभुसम्प्रीणनमेतादित्यवेत्य ।
घृतपूर्णकुतूः सिताढ्यपेटाः शतशो ह्यानयति स्म चोत्तमोऽपि ॥ १६
अनयञ्छतशोऽम्बरीषकन्दून्विततस्थालकटाहदीर्घदर्वीः ।
कलशीर्मणिकाञ्छरावकुम्भान्नृपपद्गाः पिठरांश्च कुण्डतर्दून् ॥ १७

---

સ્ફુરાયમાન થયેલા ભગવાન શ્રીહરિનાં દર્શન કરી, ભાન ભૂલી જવાથી શ્રીહરિના અંગ ઉપર જાણે તેલમર્દન કરતી હોયને શું ? તેમ કરવા લાગતી હતી.[૧૨]

કોઈ સ્ત્રીભક્ત ચારણીમાં ઘઉંનો ઘણો બધો લોટ ભરીને બે હાથેથી ચાળતી હોય ને ભગવાન શ્રીહરિની લીલાનું મનમાં અનુસંધાન જોડાતાં પહેલાં શ્રીહરિએ પોતાને હસાવી હોય તેનું એકાએક સ્મરણ થઈ આવતાં વારંવાર ખડખડાટ હસવા લાગતી અને ચાળવાની ક્રિયાને ભૂલી જતી હતી.[૧૩] કોઈ સ્ત્રીભક્ત ડાંગરને ખાંડવાની ઈચ્છા કરી ખાંડતાં ખાંડતાં ખાંડણીયામાં નજર કરે ને એકાએક સ્ફુરાયમાન થયેલા ભગવાન શ્રીહરિનાં દર્શન થાય ને હાથમાં ધારણ કરેલું મુસળ ઊંચુ ને ઊંચુ રહી જાય ને એમને એમ સ્થિર બેસી રહે.[૧૪] હે રાજન્ ! આ પ્રમાણે અન્નકૂટની સેવા કરતી સર્વે સ્ત્રીઓ સમગ્ર પ્રકારની ક્રિયામાં પોતપોતાની ભાવનાને અનુસારે પ્રગટ પ્રમાણ ભગવાન શ્રીહરિનાં દર્શન કરતી હોવાથી સમાધિનિષ્ઠ યોગીઓ કરતાં પણ અધિક શ્રેષ્ઠ સાબિત થઈ.[૧૫] આવા અન્નકૂટોત્સવ નિમિત્તે સેવા કરવી એજ સાક્ષાત્ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવાનું સાધન છે. એમ જાણી સર્વે સ્ત્રીભક્તો અતિશય આનંદ સાથે લલિતાબાના કહેવા પ્રમાણે કાર્યમાં તત્પર થઈને સેવા કરી રહી હતી, ત્યારે ઉત્તમરાજા પણ સેંકડો ઘી ભરેલા ઘડાઓ તથા સાકર ભરેલી પેટીઓ લાવી લાવીને હાજર કરતા હતા.[૧૬]

रजनीं मरिचानि जीरकं च त्वचकुस्तुम्बुरुश्रृङ्गवेरचिञ्चाः ।
लवणं दधितक्रराजिकादीन्नृपपत्न्यौ मुदिते स्म साधयेते ॥ १८
शुचिवासस आहरंस्तदानीं करकक्षान्तरगर्गरीघटाश्च ।
सधवा विधवाश्च विप्रयोषा व्रतशुष्यत्तनवोऽपि गाङ्गमम्भः ॥ १९
तपःक्रियाभिः कृशशुष्कगात्रा अपि श्रमं भूरि दिवा च रात्रौ ।
ताः कुर्वतीः स्त्रीस्तु समीक्ष्य धात्रा तदाबलानामधृता ललज्जे ॥ २०
अथ द्विजान् कान्दविकांश्च पृष्ट्वा तत्सूदशालामुचितामचीकरत् ।
नृपः स्वसृप्रेरित आशु शाकान्याहारयामास पुरान्तराच्च ॥ २१
आस्तां शुमे तत्र महानसे द्वे स्त्रीणां च पुंसां पृथगेकमेकम् ।
पुंसां प्रभाशङ्कर आस मुख्यो गङ्गा च योषास्विह पाककार्ये ॥ २२

---

તેવી જ રીતે ઉત્તમરાજાના સેવકો પણ ઊંડાં કઢાયાં, ઝારા, મોટી કાથરોટ, મોટાં કડાયાં, મોટી છાછટો, લાંબા હાથાવાળા કળછા, ગોળિયો, માણાંઓ, મોટી મોટી માટીની કાથરોટો, ઘડાઓ, ચાવટા, હાંડલાં આદિ પાત્રો લાવી લાવીને હાજર કરતા હતા.[૧૭] ઉત્તમરાજાની કુમુદા અને જશુબાઈ નામની બન્ને પત્નીઓ પણ અતિશય હર્ષપૂર્વક હળદર, મરચાં, જીરું, તજ, ધાણા, આદુ, આંબલી, મીઠું, કાળામરી, કાળાજીરુ વગેરે દળીને તૈયાર કરતી અને દહીં તથા છાશ પણ તૈયાર કરતી હતી અને રાઈને સાફ કરતી હતી.[૧૮]

**સ્રીભક્તોની સેવા જોઈને બ્રહ્માજી શરમાયા :-** હે રાજન્ ! તે સમયે સધવા અને વિધવા વિપ્ર સ્રીઓ વ્રત કરવાથી શરીરો કૃશ થયાં હોવા છતાં, પવિત્ર વસ્રો ધારણ કરી, હાથમાં ગાગરો અને કાખમાં ઘડાઓ ધારણ કરીને ઉન્મત્તગંગામાંથી જળ ભરી લાવતી હતી.[૧૯] તપશ્ચર્યા કરવાથી શરીર અતિશય કૃશ થયાં હોવા છતાં રાત્રીદિવસ ઘણો બધો પરિશ્રમ કરતી તે સર્વે સ્રી ભક્તોને જોઈને 'અબળા' આવું નામાભિધાન કરનારા બ્રહ્માજી પણ શરમાઈ ગયા.[૨૦] હે રાજન્ ! પોતાની બહેનો જયાબા અને લલિતાબાની પ્રેરણાથી ઉત્તમરાજા કંદોઈ તથા રસોયા બ્રાહ્મણોને પૂછીને યોગ્ય રસોડું તૈયાર કરાવી અન્ય નગરોમાંથી અનેક પ્રકારનાં શાક મંગાવ્યાં.[૨૧] આ રીતે ઉત્તમરાજાના દરબારમાં એક સ્રીઓનું અને બીજું પુરુષોનું એમ બે સ્વચ્છ રસોડાં તૈયાર થયાં. તેમાં પુરુષોના રસોડામાં પીપલાણા ગામના પ્રભાશંકર વિપ્ર મુખ્ય થયા અને સ્રીઓના રસોડામાં જેતલપુરનાં

ये पाचकास्तत्र पुमांस आसंस्तान्मानजित्कृष्णजिदम्बरामाः ।
शाकान्नकाष्ठानयनादिकृत्यैरनुक्षणं पर्यचरंस्तथाऽन्ये ॥ २३
शाकेन्धनाद्याहरणे तु योषाः स्त्रीभ्यः प्रसक्ता हरिरत्नवत्यौ ।
रामाऽन्यगङ्गा रजनी च नाथी वीज्या च कल्लूप्रमुखा बभूवुः ॥ २४
सम्भारसंसाधन एव पुंसु सक्तेषु हर्षाद्वनितासु चेशः ।
आकारणाय त्वरितं मुनीनां दूतानटाट्यान् दिश आदिदेश ॥ २५
ते गत्वा तत्र तत्राशु मुनीनाहुर्निजप्रभोः । आज्ञा धनत्रयोदश्यां स्वेक्षणस्यास्ति वः किल ॥ २६
इत्युक्तास्ते तु मुनयो भगवद्दर्शनोत्सुकाः । नत्वा हृदा प्रभुं सद्यो निर्ययुर्दुर्गपत्तनम् ॥ २७
पुस्तकादीन्यपि स्वानि यत्र तत्र निधाय च । ग्राम्यान् पौरानपि जनाननापृच्छ्यैव निर्ययुः ॥ २८

---

ગંગામા મુખ્ય થયાં.[૨૨] જે રસોડામાં બ્રાહ્મણ પુરુષો રસોઈ કરતા હતા ત્યાં માનજી, કૃષ્ણજી, અંબારામ, રામજી, હરજી આદિ ભક્તજનો હતા તે શાક લાવીને સુધારી આપવું, અન્ન લાવી આપવું, ઘી, તેલ લાવી ગાળીને તૈયાર કરી આપવાની પ્રતિક્ષણ સેવા કરતા હતા.[૨૩]

અને જ્યાં વિપ્ર સ્ત્રીઓ રસોઈ કરતી હતી, ત્યાં હીરા, રત્નવલી, રમા, ગંગા, રજની, નાથી, વિજયા, કલ્લુ આદિક ભક્તસ્ત્રીઓ શાક લાવીને સુધારી આપવું, અન્ન લાવી આપવું, ઘી, તેલ લાવી ગાળીને તૈયાર કરી આપવાની સેવામાં તત્પર રહેતી હતી.[૨૪] સ્ત્રી અને પુરુષોને અતિહર્ષપૂર્વક સામગ્રી ભેળી કરવામાં તલ્લીન થયેલા જોઈ ભગવાન શ્રીહરિએ દેશદેશાંતરમાં વિચરણ કરતા સંતોને જલદી બોલાવી લાવવા માટે ઉતાવળી ગતિએ ચાલતા સંદેશાવાહક દૂતોને તે તે દિશામાં જવાનો આદેશ આપ્યો.[૨૫] દૂતોએ તત્કાળ જઈ સંતોને કહ્યું કે, તમને ધનતેરસના દિવસે તમારા પ્રભુનાં દર્શન કરવા ગઢપુર આવવાનું છે. આવા પ્રકારની શ્રીહરિની આજ્ઞા છે.[૨૬]

**અન્નકૂટોત્સવના દર્શન માટે સંતોને નિમંત્રણ :–** હે રાજન્ ! આ પ્રમાણે દૂતોનાં વચન સાંભળી શ્રીહરિનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠાવાળા સંતોએ તત્કાળ મનોમન ભગવાન શ્રીહરિને વંદન કર્યા અને તે જ ક્ષણે દુર્ગપુર પ્રત્યે જવા ચાલી નીકળ્યા.[૨૭] તે સંતો પોતાનાં પુસ્તકો કે ગોદડી આદિ વસ્તુઓને જ્યાં હતી ત્યાં જ મૂકીને તેને સંભાળ્યા વિના અને જે તે ગામના કે નગરના ભક્તજનોને પૂછ્યા વિના ગઢપુર જવા નીકળી ગયા.[૨૮] હે રાજન્ ! સર્વે સંતો

यथालब्धं क्वचिद्भैक्षं फलपत्रादि वा क्वचित् । भुक्त्वाप्युपोष्य वा क्वापि ते चलन्ति स्म वर्त्मनि ॥ २९
तत्र तत्र हरेर्भक्ताः पुरुषा योषितोऽपि च । दर्शनावसराभिज्ञा ययुः सद्यः सहर्षिभिः ॥ ३०
पाश्चात्यपञ्चालजना मुनियूथानि सर्वतः । देशान्तरीयलोकांश्च साश्चर्यं ददृशुर्बहून् ॥ ३१
दृष्ट्वा ते सत्वरगतीनागच्छत ऋषीञ्जनान् । प्रतिक्षणं यूथशस्तान्बहुधैव व्यतर्कयन् ॥ ३२
निभृता मुनिभिः किन्नु महानौका उपागताः । उद्वेलः किमभूदेष ,समुद्रो वा जनात्मकः ॥ ३३
आश्चर्यमित्थं लोकानामतत्तत्वविदां पथि । जनयन्त उपाजग्मुर्मुनयो दुर्गपत्तनम् ॥ ३४
यथा यथा हरेर्धामसान्निध्यं पथि लेभिरे । तथा तथातिवेगास्ते बभूवुरश्रमा इव ॥ ३५
न ते दैह्यं सुखं दुःखमनुसन्दधुरध्वनि । धावदश्वाधिरुढं स्वं पश्यन्तः प्रभुमग्रतः ॥ ३६
दिग्भ्योऽष्टभ्यः समायाता मुनयः साङ्ख्ययोगिनः । साधवो वर्णिनश्चासन्नभितो दुर्गपत्तनम् ॥ ३७

માર્ગમાં જે કાંઈ અન્ન ભિક્ષામાં મળે તે જમી લેતા અને ક્યારેક ફળફૂલ મળે તે જમી લેતા અને ક્યારેક ઉપવાસ કરીને પણ ગઢપુર પ્રતિ ચાલતા રહેતા હતા.[૨૯] માર્ગમાં તે તે ગામ અને નગરના સત્સંગી સ્ત્રી પુરુષો પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શનનો અવસર પ્રાપ્ત થયો જાણી તે જ ક્ષણે સંતોની સાથે ચાલી નીકળતા હતા.[૩૦] હે રાજન્ ! તે સમયે પશ્ચિમપાંચાલ દેશના જનો ઉતાવળી ગતિએ અને સર્વે દિશાઓમાંથી ક્ષણે ક્ષણે આવતા સંતોનાં મંડળો અને દેશદેશાંતરના ભક્તોના સમૂહોને જોઈને અતિ આશ્ચર્યપૂર્વક અનેક પ્રકારના તર્ક વિતર્ક કરવા લાગ્યા કે, સાધુઓથી ભરેલી કોઈ મહા નૌકા કોઈ અન્ય દેશમાંથી આવી છે કે શું ? અથવા આ માનવ મહેરામણરૂપ મહાસમુદ્રે મર્યાદા મૂકી છે કે શું ?[૩૧-૩૩] આ પ્રમાણે હકીકતને નહીં જાણતા પશ્ચિમ પાંચાલ દેશના જનોને માર્ગમાં અતિશય આશ્ચર્ય ઉપજાવતા સર્વે સંતો દુર્ગપુર પ્રત્યે આવી રહ્યા હતા.[૩૪] સંતો જેમ જેમ માર્ગમાં ભગવાન શ્રીહરિના ધામ ગઢપુરની નજીક ને નજીક આવતા જતા હતા તેમ તેમ તેઓનો થાક પણ દૂર થતો હતો. અને વધુ વેગથી ચાલતા હતા, શ્રીહરિનાં દર્શનના લોભમાં તેઓને શરીરના પરિશ્રમનું પણ ભાન રહેતું ન હતું.[૩૫]

હે રાજન્ ! સર્વે સંતો જાણે કે, ઉતાવળી ગતિએ ચાલતા અશ્વ ઉપર આરુઢ થયેલા શ્રીહરિનાં દૃષ્ટિ આગળ દર્શન કરતા હોય તેમ માર્ગમાં ચાલતાં ચાલતાં દેહ સંબંધી સુખ-દુઃખને પણ ભૂલી જતા હતા.[૩૬] આઠે દિશામાંથી આવતા સાંખ્યયોગી એવા સાધુલક્ષણે સંપન્ન સંતો અને બ્રહ્મચારીઓ ગઢપુરની આસપાસના ગામડાઓમાં આવીને રોકાયા.[૩૭] એ સમયે તો દૂર દૂરના પ્રદેશોમાં વસતા તેથી જ

दूरदेशस्थिता ये च मुनयो गृहिणस्तथा । बोधन्यागमना वर्षे तेऽपि तत्रcraftयुस्तदा ॥ ३८
स्वस्वयूथैः सहैवैते त्यागिनो गृहिभिः सह । शाखापुराण्युपाश्रित्य तस्थुर्वै द्वादशीदिने ॥ ३९
ते दुर्गपुरदत्ताक्षाः सर्वे भक्तजना नृप! । दर्शनोत्का अपि हरेर्वाग्बद्धास्तत्र संस्थिताः ॥ ४०
सङ्कुलानि जनैः शाखानगराणि हरिप्रियैः । उद्वेलसागराभानि बभूवुर्द्वादशीनिशि ॥ ४१

स्मरन्त एते हृदि भक्तिनन्दनं सङ्कीर्तयन्तश्च गुणांस्तदाश्रितान् ।
स्वास्थ्यं न तत्र प्रतिपेदिरे हरेः प्रत्यक्षवीक्षाहृतमानसत्वतः॥४२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे मुनिमण्डलाकरणनामा पञ्चमोऽध्यायः ॥५॥*

---

વર્ષમાં એકાદ વાર જ પ્રતિવર્ષના પ્રબોધની ઉત્સવ પર શ્રીહરિના દર્શને આવતા સંતો તથા ગૃહસ્થ ભક્તજનો પણ આ વખતે અન્નકૂટ ઉત્સવ પર ગઢપુર આવી રહ્યા હતા.[૩૮] હે રાજન્ ! પોતપોતાના મંડળે સહિત સર્વે ત્યાગી સંતો તથા સાથે આવેલા ભકતજનોએ સહિત બારસના દિવસે ગઢપુરના આસપાસના શાખાનગરોમાં આવીને રહ્યા.[૩૯] હે રાજન્ ! દુર્ગપુર સામે જ દૃષ્ટિ માંડીને બેઠેલા સર્વે સંતો ભક્તો ભગવાન શ્રીહરિના દર્શનની અતિ ઉત્કંઠા હોવા છતાં પણ ભગવાન શ્રીહરિના વચને બંધાયા હોવાથી તે શાખાનગરોમાં જ નિવાસ કરીને રહ્યા.[૪૦]

હે રાજન્ ! ભગવાનને વહાલા સંતોભક્તોના સમૂહોથી દુર્ગપુરનાં શાખાનગરો બારસની રાત્રીએ જાણે ઉભરાયેલા મહાસાગરની શોભાને ધારણ કરતાં હોય તેમ બહુ શોભતાં હતાં.[૪૧] હૃદયમાં ભક્તિનંદન શ્રીહરિનું જ એક સ્મરણ અને તેના સંબંધી સદ્‌ગુણોનું સંકીર્તન કરતા સંતો ભક્તોનું મન ભગવાન શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કરવામાં આતુર હોવાથી તે શાખાનગરોમાં તેઓને ક્યાંય ચેન પડતું ન હતું.[૪૨]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકુટોત્સવ પર દેશદેશાંતરોમાંથી મુનિમંડળોનું શાખાનગરો સુધી આગમનનું નિરૂપણ કર્યું એ નામે પાંચમો અધ્યાય પૂર્ણ થયો. ।૫।***

---

## षष्ठोऽध्यायः - ६

### सुव्रत उवाच

दुर्गे पुरेऽथ निजभक्तमनोभिरामो नारायणः कपटमानवनाट्यधारी ।
पक्वान्नपुञ्जमपि कारयति स्म युक्त्या भक्तान् स्तुवन्प्रतिदिनं द्विगुणाभिवृद्ध्या ॥ १
पाकक्रियाभिरततामनुवेलमीशः स्त्रीणां नृणां च समबुध्यत गुप्तदूतैः ।
तेषामविश्रममहर्निशमुद्यमं तं ज्ञात्वाऽऽप विस्मयमसौ परमां मुदं च ॥ २
स्त्रीभ्यश्च पाचकनरेभ्य उतेशवाक्यं चत्वार एव गदितुं ह्यनुवेलमासन् ।
खट्वाङ्ग आदिम उमाभयनाचिकेतौ तुर्यश्च तत्र मयराम इमे ह्यकामाः ॥ ३
तत्रापि निष्कपटभावविशुद्धचित्तो दीर्घारवोर्ध्वकरदर्शितकार्यशैघ्र्यः ।
खट्वाङ्ग आत्मपरमात्मयथार्थरुपवेत्ता कृतात्मवसतिर्हरिपार्श्व आसीत् ॥ ४

---

## અધ્યાય - ૬

### અન્નકૂટની સેવામાં તત્પર નરનારીઓનો ઉત્સાહ વધારવા બન્ને પાકશાળામાં પધારતા ભગવાન શ્રીહરિ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પોતાની અસાધારણ યોગમાયારૂપ યુક્તિથી મનુષ્ય નાટકને ધારણ કરી પોતાના ભક્તજનોના મનને આહ્લાદ ઉપજાવતા ભગવાન શ્રીનારાયણ દુર્ગપુરમાં બિરાજી રસોયા ભક્તોની પ્રશંસા કરતા થકા તેમની પાસેથી પ્રતિદિન બમણા પકવાનોના ઢગ તૈયાર કરાવવા લાગ્યા.[૧]

તેવી જ રીતે પકવાન્નો બનાવવાની ક્રિયામાં નરનારી ભક્તજનોના પરિશ્રમને પોતાના ગુપ્તચરો દ્વારા પ્રતિક્ષણે જાણીને પરમેશ્વર શ્રીહરિ તેઓના રાત્રી દિવસના અવિરત પરિશ્રમને જોઈ અતિશય આનંદની સાથે પરમ વિસ્મયને પામ્યા. 'સેવા એ જ મુક્તિ છે' એવી નિષ્કામ ભાવના વિના આટલો અથાગ પરિશ્રમ કોણ કરી શકે ?[૨] પકવાન્નો તૈયાર કરી રહેલા સ્ત્રી ભક્તજનો અને પુરુષભક્તજનોનો ઉત્સાહ વધારવા પ્રતિક્ષણ ત્યાં જઈને ભગવાન શ્રીહરિના વચનોનો સંદેશો સંભળાવવાની સેવા અતિશય નિષ્કામી એવા ખટ્વાઙ્ગરાજા, ઉમાભાઈ, નાચિકેત અને મયારામ ભટ્ટ આ ચાર જણા બજાવી રહ્યા હતા.[૩] હે રાજન્ ! આ ચારે ભક્તોમાંથી પણ નિષ્કપટ ભાવનાવાળા, નિર્મળ અંતઃકરણવાળા, આત્મા પરમાત્માના સ્વરૂપને યથાર્થ જાણનારા તથા હમેશાં

निर्मानवृत्तिपरिपोषितवासुदेवौ धीरौ यथोक्तवचनस्य निवेदकौ च ।
आस्तां महानस उमाभयनाचिकेतौ पार्श्वे विभोश्च हरिभक्तजनानुकूलौ ॥ ५
वार्धक्यबद्धकटिदत्तकरो नतांसः कल्याणमस्त्विवति वचोर्थनहासितेशः ।
सद्यःक्रियो जवनिवेदितकार्यभारस्तत्रानिशं हरिपुरो मयराम आसीत् ॥ ६
पक्वान्नसिद्धिमथ वीक्षितुमच्युतोऽपि स द्वादशीनिशि वृतः परिमेयपद्गैः ।
कृष्णाख्यनापितपुरोधृतदीपिकाभाद्यो तत्तनुद्युतिरियाय च पाकशालाम् ॥ ७
दोर्ष्णैककेन स दधत्तनुवेत्रयष्टिमालम्बमान इतरेण कटिं च दोष्णा ।
तूर्णाञ्चनप्रचलदुत्तमहारराजिर्व्यालोलदीर्घनयनेक्षितभक्तसङ्घः ॥ ८

---

ભગવાન શ્રીહરિની સમીપે નિવાસ કરીને રહેતા ખટ્‌વાઙ્ગરાજા શ્રીહરિના આદેશના શબ્દોને વારંવાર દોહરાવી ઊંચા હાથ કરી કરી ઉચ્ચસ્વરે બોલતા સર્વે હરિભક્તોને તત્કાળ તે તે દેખાડેલાં કાર્યોમાં જોડાવાની પ્રેરણા કરતા હતા.[૪]

હે રાજન્ ! ચારમાંથી ઉમાભાઈ અને નાચિકેત હતા તે નિર્માની ભાવે વર્તી સાક્ષાત્ વાસુદેવ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરતા અને અતિશય ધીરજશાળી બન્ને શ્રીહરિનાં વચનોરૂપ સંદેશને જેટલા કહ્યા હોય તેટલાજ શબ્દોમાં પકવાન્ન કરનારા સ્ત્રીઓને અને પુરુષોને કહી સંભળાવતા. એટલું જ નહિ સર્વે હરિભક્તોને અનુકૂળ થઈ રહેતા હતા. તે બન્ને ક્યારેક સ્ત્રીઓના રસોડામાં હોય, ક્યારેક પુરુષોના રસોડામાં હોય અને ક્યારેક ભગવાન શ્રીહરિની સમીપે રહે એમ સતત સેવા પરાયણ રહેતા હતા.[૫] અને મયારામ વિપ્ર વૃદ્ધાવસ્થાને કારણે નીચે નમેલા હોવાથી કેડને વસ્ત્રથી મજબૂત બાંધી તેના પર હાથ ટેકવી ચાલતા 'સર્વેનું કલ્યાણ થાઓ, સર્વેનું કલ્યાણ થાઓ'. આ પ્રમાણેના શબ્દોથી ભગવાન શ્રીહરિને હસાવતા, રસોડામાં રહેલા નરનારીજનોને તત્કાળ શ્રીહરિના સંદેશના શબ્દોનું નિવેદન કરી ફરી શ્રીહરિ પાસે આવી જતા. આવી સેવાનો કાર્યભાર સંભાળતા મયારામ વિપ્ર ભગવાન શ્રીહરિની સમીપે રાત્રી-દિવસ નિવાસ કરીને રહેતા હતા.[૬]

હે રાજન્ ! ત્યારપછી અચ્યુત ભગવાન શ્રીહરિ પણ તૈયાર થયેલાં પકવાન્નોનું નિરીક્ષણ કરવા બારસની રાત્રીએ પોતાના પાર્ષદોની સાથે પાકશાળાઓમાં પધાર્યા, તે સમયે કૃષ્ણદાસ નામના વાણંદ ભક્તે ભગવાન શ્રીહરિની આગળ મશાલ ધારણ કરી હતી. તે મશાલના ઉજાસમાં ભગવાન શ્રીહરિનાં દિવ્ય શરીરની ઉજ્જ્વળ કાંતિ અતિશય શોભી રહી હતી.[૭] ત્યારે શ્રીહરિ

आन्दोलयन्निजजनार्पितशेखरालिं तूर्णक्रमाच्चटचटायितपादुकाङ्घ्रिः ।
धावत्पदातिगणसंश्रितपृष्ठदेशः प्रापत्सिताम्बरधरश्च महानसं सः ॥ ९
तेज आकस्मिकं विक्ष्य ज्ञात्वा भगवदागमम् । त्यक्तान्यवाचस्तत्रत्याः प्रणेमुस्तं द्विजोत्तमाः ॥ १०
प्रभाशङ्करशर्माथ दयारामश्च पाकवित् । दाजिद्वयं बर्हिचरो रामचन्द्रश्च लालजित् ॥ ११
नन्दुस्तथा नन्दलालो गङ्गादत्तो नरोत्तमः । लक्ष्मीदत्तो दयारामः कृपाशङ्कर ईश्वरः ॥ १२
काशीरामश्च तुलजारामश्च शिवयाज्ञिकः । देवरामस्तथा जीवो विप्रो लीलाधरस्तथा ॥ १३
पीताम्बरोऽनूपरामो रेवाशङ्करनामकः । बालो विजयरामश्च द्वावम्बारामसंज्ञितौ ॥ १४
तथा नारायणजयप्रमुखास्ते ससंभ्रमम् । प्रणम्य तं प्राञ्जलयस्तस्थुः सर्वे तदग्रतः ॥ १५

જમણા હાથમાં નેતરની નાની સોટી ધારણ કરી હતી. બીજો હાથ પોતાની કેડ ઉપર ધારણ કર્યો હતો. ઉતાવળી ગતિએ ચાલવાથી કંઠમાં ધારણ કરેલા ઉત્તમ પુષ્પોના હાર આમ તેમ ડોલતા હતા. વિશાળ ચંચળ નેત્રોથી ભક્તજનો ઉપર કૃપાકટાક્ષ વરસાવતા હતા.[૮] પોતાના ભક્તજનોએ પાઘમાં ધારણ કરાવેલા પુષ્પોના તોરાઓ પાઘમાં આમ તેમ ડોલી રહ્યા હતા. ઉતાવળી ગતિએ ચાલવાથી ચરણમાં ધારણ કરેલી ચાખડીઓનો ચટ્ચટ્ અવાજ ઉઠતો હતો. શ્રીહરિ એટલી બધી ઉતાવળી ચાલે ચાલતા હતા કે પાછળ ચાલતા પાર્ષદો દોડી દોડીને સાથે ચાલી શકતા હતા. શ્રીહરિએ સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. આવી શોભાએ યુક્ત ભગવાન શ્રીહરિ પાકશાળામાં પધાર્યા.[૯]

હે રાજન્ ! પાકશાળામાં અચાનક પ્રાદુર્ભાવ પામેલું તેજ જોઇને શ્રીહરિનું આગમન થયું લાગે છે એમ જાણીને સૌએ બોલવાનું બંધ કર્યું અને સર્વે કંદોઇ તથા રસોયા ભૂદેવોએ શ્રીહરિને જોયા ને તત્કાળ નમસ્કાર કર્યા.[૧૦] તે કંદોઈયા અને રસોયામાં પકવાન્ન બનાવવામાં કુશળ પ્રભાશંકર શર્મા હતા. બીજા દયારામ અને દાજી નામના બે ભક્તો હતા. તેમાં એક દાજીભાઇ પ્રભાશંકરના ભાઇ હતા, અને બીજા દાજીભાઇ બંધીયા ગામના હતા. તેમજ બીજા ભૂદેવોમાં બેચર, રામચંદ્ર અને લાલજી આ ત્રણ ગઢપુરના જ ભૂદેવો હતા.[૧૧] તેમજ નંદુભાઇ, નંદલાલ, ગંગાદત્ત, નરોત્તમ, લક્ષ્મીદત્ત, દયારામ, કૃપાશંકર અને ઈશ્વર આ આઠ ઉમરેઠના ભૂદેવો હતા.[૧૨] તેમજ દોરા ગામના કાશીરામ, વેમાલડીના તુલજારામ, હળવદપુરના શિવયાજ્ઞિક, ભાડેરના દેવરામ તથા પીઠવડીના જીવરામ, ઉમરેઠના લીલાધર, મેમદાવાદના પીતાંબર અને અનુપમરામ, ધોળકાના રેવાશંકર, વસોના

लौहान् पृथून्कटाहांस्तु रिक्तान् दृष्ट्वाथ तत्र सः । हरिः कान्दविकान् प्राह युष्माभिः क्रियतेऽत्र किम् ॥ १६
तमाहुस्ते वयं स्वामिन्नद्यैव निखिलान्यपि । न्यदीधपाम पेटासु पक्वान्नानि विधाय वै ॥ १७
चुल्लीभ्योऽप्यधुनैवैते कटाहा भुवि सत्पते! । उत्तारिताः सन्त्यस्माभिरन्यच्चेत्कार्यमुच्यताम् ॥ १८
भक्ष्यकारवचः श्रुत्वा ज्ञात्वा तत्करलाघवम् । सविस्मयं तान्संस्तुत्य प्राह चान्धसिकान्प्रभुः ॥ १९
आगमिष्यन्ति हि प्रातर्मुनियूथानि सर्वतः । तस्मादोदनसूपादिसाधने सन्तु तत्पराः ॥ २०
आज्ञाप्य पाचकानित्थं योषारसवतीगृहम् । जगाम भगवानेकः संस्थाप्य स्वानुगान्बहिः ॥ २१
दृष्ट्वा तमागतं नाथं सद्य उत्थाय योषितः । आसनर्थं ददुस्तस्मै पट्टकं हेमभूषितम् ॥ २२
बद्धाञ्जलिपुटा नत्वा तं तस्थुस्तत्र योषितः । गङ्गा रेवा च यमुना यतिनी लहरी तथा ॥ २३

---

વાલાધ્રુવ, સંજાયાના વિજયરામ, એક મેમદાવાદના અંબારામ અને બીજા સુરતના અંબારામ, અને ધોળકાના નારણજી આદિ સર્વે વિપ્રભક્તજનો ભગવાન શ્રીહરિના અચાનક આગમનથી વિસ્મય પામી ગયા અને ચરણમાં વંદન કરી બે હાથ જોડી શ્રીહરિની સામે ઊભા રહ્યા.[૧૩-૧૫] હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિએ રસોડામાં મોટાં મોટાં લોખંડનાં ખાલી કડાયાં જોયાં તેથી કંદોઈયા વિપ્રોને કહેવા લાગ્યા કે તમે અહીં શું કરો છો ? કડાયાં ખાલી કેમ છે ?[૧૬] ત્યારે સર્વે રસોયા ભૂદેવોએ કહ્યું કે, હે સ્વામિન્ ! હમણાંજ સમગ્ર બનાવેલાં પકવાન્નો પેટારામાં ભરી દીધાં છે.[૧૭] અને આ કડાયાં ચૂલા ઉપરથી હમણાંજ નીચે ઉતાર્યાં છે, હે પ્રભુ ! બીજી કોઈ આજ્ઞા હોય તો બોલો.[૧૮]

હે રાજન્ ! રસોયા વિપ્રોનાં આવા પ્રકારનાં વચનો સાંભળી શ્રીહરિ તેમની ઉતાવળે કામ પૂર્ણ કરી લેવાની હાથચતુરાઈ જોઈ વિસ્મય પામી ગયા. અને સર્વે કંદોયાઓની ખૂબ પ્રશંસા કરી કહેવા લાગ્યા કે, હે વિપ્રો ! આવતી કાલે પ્રાતઃકાળે સર્વદેશોમાંથી સંતોનાં મંડળો પધારશે. તેથી તેમના માટે દાળ, ભાત, શાક વિગેરે બનાવવાની જલદી તૈયારી કરો.[૧૯-૨૦] હે રાજન્ ! આ પ્રમાણે રસોઈયા ભૂદેવોને આજ્ઞા આપી ભગવાન શ્રીહરિ પોતાના પાર્ષદોને બહારજ ઊભા રાખી સ્વયં એકલા જ સ્ત્રીઓના રસોડામાં પધાર્યા.[૨૧]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિને પોતાના રસોડામાં પધારેલા જોઈ વિપ્ર સ્ત્રીઓ એકદમ ઉભી થઈ ગઈ અને ભગવાન શ્રીહરિને બેસવા એક સુંદર સુવર્ણથી વિભૂષિત બાજોઠ ઢાળી આપ્યો.[૨૨] તેના પર શ્રીહરિ વિરાજમાન થયા. ત્યારે રસોડામાં રહેલી સર્વે સ્ત્રીઓ ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી બે હાથ જોડી

मौना रुपा दुर्लभा च नाथी रामाऽमृताऽमरी । गुलाला पुत्तली लाडुर्जीवा मिट्ठिश्च जाह्नवी ॥ २४
मान्योदयकुमारी च काशी जयकुमारिका । उमा कुमारी कुशला हेतुर्वाणी सुखा तथा ॥ २५
एता अन्याश्च बहवो विप्रयोषा दिवानिशम् । पाककर्मप्रसक्तास्ता हरिः प्राह हसन्वचः ॥ २६
पच्यते साम्प्रतं किन्नु? भवतीभिर्महाव्रताः! । इत्युक्तवन्तं तं प्राह ललितैत्य प्रणम्य च ॥ २७
खाजकादीनि पुर्वेऽह्नि कृतान्यद्य तु फेणिकाः । कृत्वा श्वो भक्ष्यभोज्यानि कुर्वन्त्येताः सतां प्रभो! ॥ २८
वयं च क्षत्रियादीनां त्वद्दर्शन उपैष्यताम् । भक्तानां तु कृते कुर्मः पाकमस्मद्गृहे पृथक् ॥ २९
जया रमा च पाञ्चाली नानी फुल्लजया रतिः । अमरी चामला क्षेमा यमी देव्यजवा तथा ॥ ३०
अदिती रेवती सातिर्मेना मल्ली च जाह्नवी । इत्याद्याः कुर्वते पाकं तत्र क्षत्रस्त्रियो हरे! ॥ ३१

**સામે ઊભી રહી. તેમાં ગંગાબા અને રેવાબા શ્રીનગરનાં નિવાસી હતાં. યમુના અને યતિની એ બે વસો ગામનાં, લહેરી ભુજનાં, મૌના અને રૂપા એ બે ઉમરેઠનાં, દુર્લભા વડનગરનાં, નાથી ઉમરેઠનાં, રામબા, અમૃતા અને અમરી આ ત્રણ ગઢપુર નિવાસી હતાં. તેમજ ગુલાબા ગાંફ ગામનાં, પુતળી પીઠવડીનાં, લાડુ, જીવી અને મીઠી આ ત્રણ આખા-પિપલાણાનાં, જાહ્નવી અને માન્યા એ બે ત્રાપાસ ગામનાં, ઉદયકુમારી વિસનગરનાં, કાશીબાઈ મેમદાવાદનાં, જયકુમારીકા ઉઝાનાં, ઉમા શ્રીનગરનાં, કુમારી શિયાણીનાં, કુશલા અને વાણી ઉમરેઠનાં, હેતુ પીપલાણાનાં અને સુખા મેમદાવાદના નિવાસી હતાં.[૨૩-૨૫] એ સિવાય અન્ય અનેક વિપ્ર સ્ત્રીઓ રાત્રી દિવસ પકવાન્નો બનાવવામાં તત્પર રહેતાં હતાં. તેઓને ભગવાન શ્રીહરિ હસતાં હસતાં પૂછવા લાગ્યા કે, હે મહાવ્રતવાળી બહેનો ! અત્યારે તમે રસોઈમાં શું પકાવો છો ? ત્યારે લલિતાબા તત્કાળ સમીપે આવી કહેવા લાગ્યાં કે, હે પ્રભુ ! આગલા દિવસે આ વિપ્ર સ્ત્રીઓએ ખાજાં બનાવ્યાં અને આજે સુતરફેણી બનાવી છે. અને આવતી કાલે સંતો પધારે છે તેમના માટે ભક્ષ્ય ભોજ્યાદિ પદાર્થો બનાવવાની તૈયારી આ બહેનો કરી રહી છે.[૨૬-૨૮] તેમજ અમે ક્ષત્રિય બહેનો તમારાં દર્શને આવનારા ક્ષત્રિય આદિ સમસ્ત ભક્તો માટે અમારા ભવનમાં અમે જુદી રસોઈ તૈયાર કરીશું.[૨૯] તે ક્ષત્રિય સ્ત્રીઓમાં જયાબા, રમા, પાંચાલી, નાની અને ધોલેરાનાં ફુલજયા છે. તેમજ અમરી, અમલા, ક્ષેમા, યમી, દેવી આ છ ગઢપુરની જ બહેનો છે. ધોલેરાનાં અજુબા, જૂનાગઢનાં અદિતિ, કુંડળનાં રાઈબાઈ, નાગડકાનાં શાન્તાબા, કારિયાણીનાં મેના, સ્થલી ગામનાં મલ્લીકા અને જાહ્નવી વિગેરે અનંત ક્ષત્રિય સ્ત્રીઓ છે તે અમારા ભવનમાં રસોઈ બનાવે છે.[૩૦-૩૧]**

इति तस्या वचः श्रुत्वा हरिः सञ्ज्ञातविस्मयः । पुम्भ्योऽधिकं श्रमं जानन्नस्तौत्ता धूनयञ्छिरः ॥ ३२
आत्मना कथनीयं यत्तु ताभिः स्वयं कृतम् । इति तूष्णीं प्रभुः प्रायात्प्रसन्नः स्वस्य मन्दिरम् ॥ ३३
निष्कुलानन्दमाहूय मुनिं तत्र ततो नृप! । लब्धाख्यं च नृपामात्यमूचे हरजितं च सः ॥ ३४
आयास्यन्त्यत्र मुनयः प्रातःकाले सहस्रशः । देशान्तरीयश्च नरा योषितश्च महाव्रताः ॥ ३५
वासस्थानानि सर्वेषां तेषामद्य पृथक्पृथक् । यथोचितं कारयन्तु भवन्तो ह्यत्र पत्तने ॥ ३६
इत्याज्ञप्तास्त्रयस्ते तु गत्वा पुरि यथोचितम् । स्थानानि कारयामासुहरेराज्ञानुसारतः ॥ ३७

स्वीयभक्तहितमेव चिन्तयन् सोऽप्यशेत दशमक्षणे निशः ।
तस्य तर्ह्यपि तु योगनिद्रया प्रापि नैव नृप! सेवनक्षणः ॥ ३८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे भगवत्कृतपाकशालावलोकननाम षष्ठोऽध्यायः ॥६॥*

---

**હે રાજન્ ! આ પ્રમાણે લલિતાબાનું વચન સાંભળીને ભગવાન શ્રીહરિને અતિશય આશ્ચર્ય થયું અને પુરુષો કરતાં પણ તેઓના અધિક પરિશ્રમને જોઇ પોતાનું મસ્તક ધૂણાવી રસોઇ કરનાર સમસ્ત બહેનોની ખૂબજ પ્રશંસા કરી.[૩૨] પોતે જે કહેવા આવ્યા હતા તે તો પહેલેથી જ તેઓ સ્વયં કરવા લાગી ગઇ હોવાથી ભગવાન શ્રીહરિ મૌન રહ્યા અને પ્રસન્ન થતા પોતાના નિવાસસ્થાને પધાર્યા.[૩૩] ત્યારપછી ભગવાન શ્રીહરિએ નિષ્કુળાનંદ મુનિ, ઉત્તમરાજાના મંત્રીઓ, લાધા ઠક્કર અને હરજી ઠક્કરને પોતાના નિવાસસ્થાને બોલાવ્યા ને કહ્યું કે આવતી કાલે પ્રાતઃકાળે મહાવ્રતવાળા આપણા હજારો સંતો અને દેશદેશાંતરનાં નરનારી ભક્તજનો ગઢપુરમાં પધારશે, તો તે સર્વેને માટે અલગ અલગ ઉતારાની વ્યવસ્થા તમારે અત્યારથી જ કરવાની છે.[૩૪-૩૬] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ આજ્ઞા કરી તેથી ત્રણે જણા નગરમાં જઇને યથાયોગ્ય ઉતારાની વ્યવસ્થા કરી આવ્યા.[૩૭] હે રાજન્ ! શ્રીહરિ પણ પોતાના સંતો-ભક્તોનું હિત વિચારી આટલું કાર્ય પૂર્ણ કર્યા પછી રાત્રીના દશમા મુહૂર્તમાં થોડી નિદ્રાનો સ્વીકાર કર્યો. તે સમયે પણ શ્રીહરિની સેવાનો અવસર યોગનિદ્રાને પ્રાપ્ત થયો નહિ.[૩૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં ભગવાન શ્રીહરિએ પાકશાળાઓનું અવલોકન કર્યું એ નામે છઠ્ઠો અધ્યાય પૂર્ણ થયો. --૬--***

## सप्तमोऽध्यायः - ७

सुव्रत उवाच-

शाखानगरसंस्थानां मुनीनां सा तु शर्वरी । आसीत्कल्पसमा राजंस्तद्दिदृक्षातुरात्मनाम् ॥ १
कथञ्चिद्रजनीं नीत्वा भगवत्कीर्तनादिभिः । प्रातर्दुर्गपुरं तेऽथ सर्व एव समाययुः ॥ २
सत्वरं चलतां तेषां वर्त्मान्यासन् हि सर्वतः । न कर्करान्न पाषाणान्न वृतीस्ते त्वजीगणन् ॥ ३
कृपानन्दः स्वयूथेन साकं तूर्णमुपाययौ । त्यागानन्दस्तथैवाऽऽयान्निर्लोभानन्दयोर्द्वयम् ॥ ४
आत्मानन्दः सयूथश्च कृष्णानन्द उपाययौ । स्वयूथेनाथ परमहंसानन्दो मुनिस्तथा ॥ ५
तथैव चिन्मयानन्दो वैराग्यानन्द आययौ । अद्भुतानन्दयुगलं स्वस्वयूथसमन्वितम् ॥ ६
अक्षरानन्दजिज्ञासानन्दौ स्वैर्मुनिभिः सह । स्वयं प्रकाशकानन्दः कैवल्यानन्द आययौ ॥ ७
विरक्तानन्दचिद्रूपानन्दौ स्वस्वर्षिभिर्वृतौ । नरनारायणानन्दः स्वयूथेन च संवृतः ॥ ८

---

## અધ્યાય - ૭

### અન્નકૂટોત્સવના નિમિત્તે ભગવાન શ્રીહરિનાં દર્શને પધારેલા મંડળધારી સંતોનાં નામ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ગઢપુરની આસપાસના ગામોમાં નિવાસ કરીને રહેલા સંતોને ભગવાન શ્રીહરિનાં દર્શનની અતિશય આતુરતા હોવાથી મનમાં ક્યાંય શાંતિ વળતી ન હતી, તેથી તે બારસ લગી એકાદશીની રાત્રી તેમને માટે કલ્પ સમાન લાંબી થઇ પડી.[૧] આખી રાત્રી ભગવાન શ્રીહરિનાં કીર્તનોનું ગાન કરતા કરતા મહાકષ્ટથી તે રાત્રી વીતાવી અને સવારે બારસ અને ધનતેરસ ભેળાં હતાં તે પ્રાતઃકાળે સર્વે સંતો અતિ વેગથી ગઢપુર આવવા નીકળ્યા.[૨] ચારે તરફથી ગઢપુરના માર્ગે ઉતાવળી ગતિએ ચાલતા સર્વે સંતો રસ્તામાં આડા આવતા કાંટા, કાંકરા, પથરા કે ખેતરના ફરતે કરેલી કાંટાની વાડને પણ ગણતા ન હતા. તેમાં કૃપાનંદમુનિ પોતાના મંડળ સાથે સર્વ કરતાં પહેલાં ગઢપુર આવ્યા, તેવી જ રીતે ત્યાગાનંદમુનિ પણ પોતાના મંડળ સાથે પધાર્યા, નિર્લોભાનંદમુનિ નામના બે મંડલેશ્વરો હતા તે પણ પોતાના મંડળની સાથે ગઢપુરમાં પધાર્યા.[૩-૫]

(અહીં જે જે સંતોના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે તે સર્વે મંડળધારી સંતો છે અને પોતાના મંડળના પચીસ કે પચાસ જે કોઇ સંતો હોય તે સાથે જ છે એમ સમજી રાખવું, દરેક શ્લોકમાં મંડળની સાથે પધાર્યા એવો ઉલ્લેખ છે.)

तथा श्रीगुरुचरणरतानन्दो ह्युपागमत् । निजयूथेन पतितपावनानन्द आययौ ॥ ९
सह स्वयूथेन महापुरुषानन्द आगमत् । धीरानन्दशिवानन्दावाधारानन्द एव च ॥ १०
वासुदेवानन्द आयात्स्वयूथेन समन्वितः । तथा परमचैतन्यानन्द आयाच्च सत्वरम् ॥ ११
विश्वात्मानन्द आयाच्च वैष्णवानन्दयोर्द्वयम् । निर्गुणानन्द आयाच्च सूर्यानन्दः स्वयूथयुक् ॥ १२
राघवानन्दयुगलं कल्याणानन्द आययौ । स्वयूथयुक् पुरुषोत्तमानन्द उपाययौ ॥ १३
तथा भागेश्वरानन्दोऽरूपानन्दः स्वयूथयुक् । अपारानन्द आयाच्चामूर्तानन्दोऽपि सत्वरम् ॥ १४
गोपेष्टवरानन्दपद्मधरानन्दावुपेयतुः । लक्ष्मीनारायणानन्दो राधेशानन्द आययौ ॥ १५
नरानन्दश्च परमपुरुषानन्द आययौ । आयाच्च श्वेतवैकुण्ठानन्दः स्वैर्मुनिभिः सह ॥ १६
महानन्दो जगत्पावनानन्दश्च स्वयूथयुक् । भक्तेशानन्दयूथं च देवेशानन्द आययौ ॥ १७
हरिप्रकाशानन्दश्च तत्रागाच्छत्स्वयूथयुक् । हरिप्रसादानन्दश्च सुधार्मानन्द आययौ ॥ १८
राधेश्वरानन्द आयान्निजयूथसमन्वितः । सुखप्रकाशानन्दश्च निर्विघ्नानन्द आययौ ॥ १९
आययावक्षरनिवासानन्दश्च स्वयूथयुक् । धर्मप्रकाशानन्दश्च निर्दोषानन्द आययौ ॥ २०

---

આત્માનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી, પરમહંસાનંદ સ્વામી, ચિન્મયાનંદ સ્વામી, વૈરાગ્યાનંદ સ્વામી, એકનામ વાળા બે અદ્‌ભૂતાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, જીજ્ઞાસાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, કૈવલ્યાનંદ સ્વામી, વિરકતાનંદ સ્વામી, ચિદ્રૂપાનંદ સ્વામી, નરનારાયણાનંદ સ્વામી, શ્રીગુરુચરણરતાનંદ સ્વામી, પતિતપાવનાનંદ સ્વામી, મહાપુરુષાનંદ સ્વામી, ધીરાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, વિશ્વાત્માનંદ સ્વામી, બે વૈષ્ણવાનંદ સ્વામી, નિર્ગુણાનંદ સ્વામી, સૂર્યાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, કલ્યાણાનંદ સ્વામી, પુરુષોત્તમાનંદ સ્વામી, ભાગેશ્વરાનંદ સ્વામી, અરૂપાનંદ સ્વામી, અપારાનંદ સ્વામી, અમૂર્તાનંદ સ્વામી આદિ પોતાના મંડળે સહિત ઉતાવળા ગઢપુર પધાર્યા.[૬-૧૪]

ગોપેશ્વરાનંદ સ્વામી, પદ્મધરાનંદ સ્વામી, લક્ષ્મીનારાયણાનંદ સ્વામી, રાધેશાનંદ સ્વામી, નરાનંદ સ્વામી, પરમપુરુષાનંદ સ્વામી, શ્વેતવૈકુંઠાનંદ સ્વામી, પરાનંદ સ્વામી, જગતપાવનાનંદ સ્વામી, ભકતેશાનંદ સ્વામી, દેવેશાનંદ સ્વામી, હરિપ્રકાશાનંદ સ્વામી, હરિપ્રસાદાનંદ સ્વામી, સુધર્માનંદ સ્વામી, રાધેશ્વરાનંદ સ્વામી, સુખપ્રકાશાનંદ સ્વામી, નિર્વિઘ્નાનંદ સ્વામી, અક્ષરનિવાસાનંદ સ્વામી, ધર્મપ્રકાશાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી, સુખસ્વરૂપાનંદ સ્વામી, વિશ્વનાથાનંદ સ્વામી, પરમસંતોષાનંદ સ્વામી, શુદ્ધજ્ઞાનાનંદ સ્વામી, વિજયાત્માનંદ સ્વામી,

सुखरुपानन्दविश्वनाथानन्दौ समीयतुः । तथा परमसन्तोषानन्द आयात्स्वयूथयुक् ॥ २१
शुद्धज्ञानानन्द आयान्निजयूथसमन्वितः । विजयात्मानन्दमुनिः सयूथश्चाययौ द्रुतम् ॥ २२
आयाच्च बदरीनाथानन्दः स्वमुनिभिः सह । तथैव परमज्ञानानन्द आयात्स्वयूथयुक् ॥ २३
निवृत्यानन्द आयाच्च सदानन्दः स्वयूथयुक् । तथा त्रिविक्रमानन्दश्चिदानन्दोऽभ्युपाययौ ॥ २४
नयानन्दः सस्वयूथो ध्यानानन्दस्तथैव च । भजनानन्द आयाच्च परमानन्द आगमत् ॥ २५
गोविन्दानन्द आयाच्च स्वयूथेन समन्वितः । शमानन्दः सुखानन्दश्चाद्वैतानन्द आययौ ॥ २३
सयूथश्चाच्युतानन्दोऽनन्तानन्दः स्वयूथयुक् । अचिन्त्यानन्द आगच्छदमोघानन्द आशु च ॥ २७
अरिहन्त्रानन्द आयाद्गवेन्द्रानन्द आत्मनः । यूथेनानुभवानन्द आदित्यानन्द आययौ ॥ २८
स्वयूथेनाचलानन्दोऽथाजन्मानन्द आययौ । अखिलानन्द आकाशानन्द आयात्समण्डलः ॥ २९
स्वयूथेनाखिलब्रह्माण्डेश्वरानन्द आगमत् । ओंकारानन्द आयाच्च वीर्यानन्दः समण्डलः ॥ ३०
विश्वरुपानन्द आयात्प्रज्ञानन्दः स्वयूथयुक् । परमात्मानन्द आयाद्वेदान्तानन्द आययौ ॥ ३१
वैकुण्ठानन्दयूथं च ज्ञानानन्दस्य मण्डलम् । आयाद्भगवदानन्दस्तत्वानन्दः स्वयूथयुक् ॥ ३२
निजबोधानन्द आयात्सच्चिदानन्द आययौ । मुकुन्दानन्द आयाच्च क्षमानन्दः स्वयूथयुक् ॥ ३३
पुण्डरीकाक्षानन्दश्च विधात्रानन्द आययौ । अनादिनिधनानन्द उत्तमानन्द आगमत् ॥ ३४
अग्राह्यानन्द आयाच्च शाश्वतानन्द आत्मनः । यूथेनायाद्ध्रुवानन्दोऽप्रमेयानन्द आययौ ॥ ३५

---

**બદરીનાથાનંદ સ્વામી, પરમજ્ઞાનાનંદ સ્વામી, નિવૃત્ત્યાનંદ સ્વામી, સદાનંદ સ્વામી, ત્રિવિક્રમાનંદ સ્વામી, ચિદાનંદ સ્વામી, નયાનંદ સ્વામી, દયાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, શમાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી, અદ્વૈતાનંદ સ્વામી, અચ્યુતાનંદ સ્વામી, અનંતાનંદ સ્વામી, અચિંત્યાનંદ સ્વામી, ગવેન્દ્રાનંદ સ્વામી, અનુભવાનંદ સ્વામી, આદિત્યાનંદ સ્વામી, અચલાનંદ સ્વામી, અજન્માનંદ સ્વામી, અખિલાનંદ સ્વામી, આકાશાનંદ સ્વામી, અખિલબ્રહ્માંડેશ્વરાનંદ સ્વામી, ૐકારાનંદ સ્વામી, વીર્યાનંદ સ્વામી, વિશ્વરૂપાનંદ સ્વામી, પ્રજ્ઞાનંદ સ્વામી, પરમાત્માનંદ સ્વામી, વેદાંતાનંદ સ્વામી, વૈકુંઠાનંદ સ્વામી, જ્ઞાનાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, તત્ત્વાનંદ સ્વામી, નિજબોધાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી, મુકુન્દાનંદ સ્વામી, ક્ષમાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી, પુંડરિકાક્ષાનંદ સ્વામી, વિધાત્રાનંદ સ્વામી, અનાદિનિધનાનંદ સ્વામી, ઉત્તમાનંદ સ્વામી આદિ સર્વે સંતો પોતાના મંડળે સહિત ગઢપુર પધાર્યા.**[૧૫-૩૪]

**તેવીજ રીતે અગ્રાહ્યાનંદ સ્વામી, શાશ્વતાનંદ સ્વામી, ધ્રુવાનંદ સ્વામી, અપ્રમેયાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, સ્થવિષ્ઠાનંદ સ્વામી, ઋષિકેશાનંદ સ્વામી,**

पवित्रानन्द आयाच्च स्थविष्ठानन्द आशु च । हृषीकेशानन्द आयात्प्रभूतानन्द आययौ ॥ ३६
सयूथो नियमानन्दो निर्मानानन्द आययौ । निष्कामानन्द आगच्छन्निःस्वादानन्दमण्डलम् ॥ ३७
निःस्नेहानन्द आयाच्च कौशिकानन्द आशु च । अष्टावक्रानन्द आयाद्युक्तानन्दः स्वयूथयुक् ॥ ३८
जगदीशानन्द आयन्निजयूथसमन्वितः । पीताम्बरानन्द आयात्पूर्णानन्दः समण्डलः ॥ ३९
परमेश्वरानन्दश्च दयानन्दः समण्डलः । सर्वेश्वरानन्द आयादीश्वरानन्द आययौ ॥ ४०
सुरेश्वरानन्द आयाद्धर्मानन्दश्च यूथयुक् । मुनीश्वरानन्द आयान्नृहर्यानन्द आशु च ॥ ४१
बलभद्रानन्द आयात्प्रकाशानन्द आत्मनः । यूथेन सिद्धानन्दश्च शङ्करानन्द आययौ ॥ ४२
विश्रामानन्द आगच्छत्केशवानन्दमण्डलम् । कपिलेश्वरानन्दश्च स्ववशानन्द आययौ ॥ ४३
द्रष्टृप्रकाशानन्दश्च स्वयूथेन सहागमत् । सज्जनानन्द आयाच्च माधवानन्द आययौ ॥ ४४
साङ्ख्यानन्दः प्रभानन्दो भास्करानन्द आययौ । ऋषभानन्द आगच्छत्सगुणानन्द आशु च ॥ ४५
रमेश्वरानन्द आयान्नृसिंहानन्द आगमत् । निर्द्वन्द्वानन्द आगच्छद्विदेहानन्द आययौ ॥ ४६
निरालम्बानन्द आयाद्विज्ञानानन्द आययौ । निःसन्देहानन्द आयाद्विश्वासानन्द आययौ ॥ ४७
निर्विकारानन्द आयाद्दीप्तानन्दः समण्डलः । निरपेक्षानन्द आयाद्देवानन्दस्तथाययौ ॥ ४८
निरन्नानन्द आगच्छल्लक्ष्मणानन्द आशु च । सत्तानन्दो नीलकण्ठानन्दस्तत्राययौ द्रुतम् ॥ ४९

---

પ્રભુતાનંદ સ્વામી, નિયમાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી, નિઃસ્વાદાનંદ સ્વામી, નિઃસ્નેહાનંદ સ્વામી, કૌશિકાનંદ સ્વામી, અષ્ટાવક્રાનંદ સ્વામી, યુક્તાનંદ સ્વામી, જગદીશાનંદ સ્વામી, પીતાંબરાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, પરમેશ્વરાનંદ સ્વામી, દયાનંદ સ્વામી, સર્વેશ્વરાનંદ સ્વામી, ઈશ્વરાનંદ સ્વામી, સુરેશ્વરાનંદ સ્વામી, ધર્માનંદ સ્વામી, મુનીશ્વરાનંદ સ્વામી, નૃહર્યાનંદ સ્વામી, બલભદ્રાનંદ સ્વામી, પ્રકાશાનંદ સ્વામી, સિધ્ધાનંદ સ્વામી, શંકરાનંદ સ્વામી, વિશ્રામાનંદ સ્વામી, કેશવાનંદ સ્વામી, કપિલેશ્વરાનંદ સ્વામી, સ્વવશાનંદ સ્વામી, દ્રષ્ટૃપ્રકાશાનંદ સ્વામી, સજ્જનાનંદ સ્વામી, માધવાનંદ સ્વામી, સાંખ્યાનંદ સ્વામી, પ્રભાનંદ સ્વામી, ભાસ્કરાનંદ સ્વામી, ઋષભાનંદ સ્વામી, સગુણાનંદ સ્વામી, રમેશ્વરાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, નિર્દ્વન્દ્વાનંદ સ્વામી, વિદેહાનંદ સ્વામી, નિરાલંબાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, નિઃસંદેહાનંદ સ્વામી, વિશ્વાસાનંદ સ્વામી, નિર્વિહારાનંદ સ્વામી, દીપ્તાનંદ સ્વામી, નિરપેક્ષાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી પણ પોતાના મંડળે સહિત ગઢપુર પધાર્યા.[૩૫-૪૮]

નિરન્નાનંદ સ્વામી, લક્ષ્મણાનંદ સ્વામી, સત્તાનંદ સ્વામી, નીલકંઠાનંદ સ્વામી, નિર્મોહાનંદ સ્વામી, ભૂધરાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભદ્રાનંદ સ્વામી,

निर्मोहानन्द आगच्छद्भूधरानन्द आययौ । योगानन्दस्य यूथं च भद्रानन्दस्य मण्डलम् ॥ ५०
अविनाशानन्दयूथमच्छेद्यानन्दमण्डलम् । मायातीतानन्दयूथं मानदानन्दमण्डलम् ॥ ५१
हंसानन्दः समागच्छत्प्रद्युम्नानन्द आययौ । मञ्जुकेशानन्दयूथं प्रतोषानन्द आगमत् ॥ ५२
हरिभजनानन्दश्च निर्मलानन्दमण्डलम् । हयग्रीवानन्द आयाच्छान्तानन्दश्च यूथयुक् ॥ ५३
नरोत्तमानन्दयूथं प्रशान्तानन्दमण्डलम् । नारायणानन्द आयाद्धन्यानन्दश्च यूथयुक् ॥ ५४
सवित्रानन्द आयाच्च सुज्ञानानन्द आययौ । धरणीधरानन्दश्च सत्कर्त्रानन्द आययौ ॥ ५५
सत्येश्वरानन्द आयाज्ज्योतिषानन्द आगमत् । प्रबोधानन्द आयाच्च प्रभ्वानन्दः समण्डलः ॥ ५६
रामचन्द्रानन्दयूथं सर्वज्ञानन्दमण्डलम् । पद्मनाभानन्दयूथं तापसानन्द आययौ ॥ ५७
शून्यातीतानन्दयूथं तुरीयानन्द आगमत् । स्वस्वरूपानन्दयूथं वामनानन्दमण्डलम् ॥ ५८
जगन्निवासानन्दश्च विवेकानन्द आययौ । अक्षयरूपानन्दश्च मङ्गलानन्द आगमत् ॥ ५९
श्वेतद्वीपानन्दयूथमव्ययानन्दमण्डलम् । गोलोकेश्वरानन्दश्च सुव्रतानन्द आययौ ॥ ६०
तुरीयातीतानन्दश्च ह्यभेदानन्द आगमत् । दृढव्रतानन्द आयाद्विचारानन्द आशु च ॥ ६१
निर्विशेषानन्दयूथं क्षेमानन्दस्य मण्डलम् । अनिरुद्धानन्दयूथं जिष्णवानन्दश्च यूथयूक् ॥ ६२
मधुसूदनानन्दश्च विष्णवानन्दः समभ्यगात् । अव्ययात्मानन्दयूथं मुक्तिदानन्द आययौ ॥ ६३

---

**અવિનાશાનંદ સ્વામી, અછેદ્યાનંદ સ્વામી, માયાતિતાનંદ સ્વામી, માનદાનંદ સ્વામી, હંસાનંદ સ્વામી, પ્રદ્યુમ્નાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, પ્રતોષાનંદ સ્વામી, હરિભજનાનંદ સ્વામી, નિર્મલાનંદ સ્વામી, હયગ્રિવાનંદ સ્વામી, શાન્તાનંદ સ્વામી, નરોત્તમાનંદ સ્વામી, પ્રશાન્તાનંદ સ્વામી, નારાયણાનંદ સ્વામી, ધન્યાનંદ સ્વામી, સવિત્રાનંદ સ્વામી, સુજ્ઞાનંદ સ્વામી, ધરણીધરાનંદ સ્વામી, સત્કર્તાનંદ સ્વામી, સત્યેશ્વરાનંદ સ્વામી, જ્યોતિષાનંદ સ્વામી, પ્રબોધાનંદ સ્વામી, પ્રભવાનંદ સ્વામી, રામચંદ્રાનંદ સ્વામી, સર્વજ્ઞાનંદ સ્વામી, પદ્મનાભાનંદ સ્વામી, તાપસાનંદ સ્વામી, શૂન્યાતિતાનંદ સ્વામી, તુરીયાનંદ સ્વામી, સ્વસ્વરૂપાનંદ સ્વામી, વામનાનંદ સ્વામી, જગન્નિવાસાનંદ સ્વામી, વિવેકાનંદ સ્વામી, અક્ષયરૂપાનંદ સ્વામી, મંગલાનંદ સ્વામી, શ્વેતદ્વિપાનંદ સ્વામી, અવ્યયાનંદ સ્વામી, ગોલોકેશ્વરાનંદ સ્વામી, સુવ્રતાનંદ સ્વામી, તુરીયાતીતાનંદ સ્વામી, અભેદાનંદ સ્વામી, દઢવ્રતાનંદ સ્વામી, વિચારાનંદ સ્વામી, નિર્વિશેષાનંદ સ્વામી, ક્ષેમાનંદ સ્વામી, અનિરુદ્ધાનંદ સ્વામી, જિષ્ણવાનંદ સ્વામી, મધુસુદનાનંદ સ્વામી, વિષ્ણવાનંદ સ્વામી, અવ્યયાત્માનંદ સ્વામી, મુક્તિદાનંદ સ્વામી, સંશિતવ્રતાનંદ સ્વામી, વરદાનંદ સ્વામી, જ્ઞાનવલ્લભાનંદ સ્વામી, સુપૂર્ણાનંદ સ્વામી,**

संशितव्रतानन्दश्च वरदानन्द आशु च । ज्ञानवल्लभानन्दश्च सुपर्णानन्द आगमत् ॥ ६४
विश्वाधारानन्दयूथं दुर्लभानन्दमण्डलम् । घनश्यामानन्दयूथं प्रसादानन्द आगमत् ॥ ६५
दहरानन्द आयाच्चाप्यैश्वर्यानन्दमण्डलम् । अवदातानन्दयूथमलिङ्गानन्दमण्डलम् ॥ ६६
राधाकृष्णानन्दयूथं धर्मात्मानन्दमण्डलम् । आयाद्धरिहयानन्दो व्रजेशानन्दमण्डलम् ॥ ६७
बालमुकुन्दानन्दश्चोपशमानन्द आययौ । सङ्कर्षणानन्दयूथं श्रीधरानन्दमण्डलम् ॥ ६८
जनार्दनानन्दयूथममृतानन्दमण्डलम् । यज्ञेश्वरानन्दयूथं भूतात्मानन्द आगमत् ॥ ६९
पूतात्मानन्दयूथं च पुरुषानन्दमण्डलम् । आयात्प्रधानपुरुषेश्वरानन्दः समण्डलः ॥ ७०
हिरण्यगर्भानन्दश्च भावनानन्द आययौ । दुराधर्षानन्द आयात्प्रभवानन्द आशु च ॥ ७१
ईशानानन्द आयाच्च भूगर्भानन्द आगमत् । प्राणदानन्द आगच्छत्कृतज्ञानन्द आययौ ॥ ७२
संवत्सरानन्दयूथं सुरेशानन्दमण्डलम् । त्रिगुणातीतानन्दश्च बुद्धानन्दस्तथाययौ ॥ ७३
वृषाकप्यानन्दयूथं वस्वानन्दस्य मण्डलम् । वृषकर्मानन्द आयात्समात्मानन्द आगमत् ॥ ७४
सहस्रशीर्षानन्दश्च सर्वगानन्द आययौ । सर्वविदानन्दयूथं सामगानन्द आगमत् ॥ ७५
विष्वक्सेनानन्दयूथं वेदानन्दस्य मण्डलम् । धर्माध्यक्षानन्द आयाद्वेदाङ्गानन्द आययौ ॥ ७६
लोकाध्यक्षानन्दयूथं भ्राजिष्ण्वानन्दमण्डलम् । चतुर्व्यूहानन्दयूथं सहिष्ण्वानन्द आगमत् ॥ ७७

---

**વિશ્વધારાનંદ સ્વામી, દુર્લભાનંદ સ્વામી, ઘનશ્યામાનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી આદિ સર્વે સંતો પોતપોતાના મંડળ સહિત ગઢપુર પધાર્યા. ૪૯-૬૫**

**તેવીજ રીતે દહરાનંદ સ્વામી, ઐશ્વર્યાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, અલિંગાનંદ સ્વામી, રાધાકૃષ્ણાનંદ સ્વામી, ધર્માત્માનંદ સ્વામી, હરિહયાનંદ સ્વામી, વ્રજેશાનંદ સ્વામી, બાલમુકુન્દાનંદ સ્વામી, ઉપશમાનંદ સ્વામી, સંકર્ષણાનંદ સ્વામી, શ્રીધરાનંદ સ્વામી, જનાર્દનાનંદ સ્વામી, અમૃતાનંદ સ્વામી, યજ્ઞેશ્વરાનંદ સ્વામી, ભૂતાત્માનંદ સ્વામી, પૂતાત્માનંદ સ્વામી, પુરુષાનંદ સ્વામી, પ્રધાનપુરુષેશ્વરાનંદ સ્વામી, હિરણ્યગર્ભાનંદ સ્વામી, ભાવનાનંદ સ્વામી, દુરાધર્ષાનંદ સ્વામી, પ્રભવાનંદ સ્વામી, ઈશાનાનંદ સ્વામી, ભૂગર્ભાનંદ સ્વામી, પ્રાણદાનંદ સ્વામી, કૃતજ્ઞાનંદ સ્વામી, સંવત્સરાનંદ સ્વામી, સુરેશાનંદ સ્વામી, ત્રિગુણાતિતાનંદ સ્વામી, બુદ્ધાનંદ સ્વામી, વૃષાકપ્યાનંદ સ્વામી, વસ્વાનંદ સ્વામી, વૃષકર્માનંદ સ્વામી, સમાત્માનંદ સ્વામી, સહસ્રશીર્ષાનંદ સ્વામી, સર્વગાનંદ સ્વામી, સર્વવિદાનંદ સ્વામી, સામગાનંદ સ્વામી, વિશ્વક્સેનાનંદ સ્વામી, વેદાનંદ સ્વામી, ધર્માધ્યક્ષાનંદ સ્વામી, વેદાંગાનંદ સ્વામી, લોકાધ્યક્ષાનંદ સ્વામી, ભ્રાજિષ્ણવાનંદ સ્વામી, ચતુર્વ્યુહાનંદ સ્વામી, સહિષ્ણવાનંદ સ્વામી, ચતુરાત્માનંદ**

चतुरात्मानन्दआयादनघानन्द आययौ । चतुर्भुजानन्दयूथं विजयानन्द आगमत् ॥ ७८
ऊर्जितानन्दयूथं च कारणानन्दमण्डलम् । उपेन्द्रानन्द आयाच्च धृतात्मानन्द आययौ ॥ ७९
अतीन्द्रियानन्द आयात्सत्त्वस्थानन्द आगमत् । महावीर्यानन्दयूथं तत्राऽऽगच्छच्च सत्वरम् ॥ ८०
अयोनिजानन्द आयात्सात्त्वतानन्द आशु च । महोत्साहानन्दयूथं विश्रुतानन्दमण्डलम् ॥ ८१
अनिर्देश्यानन्दयूथं निमेषानन्दमण्डलम् । महेष्वासानन्दयूथमुदारानन्द आययौ ॥ ८२
महाशक्त्यानन्दयूथं विश्वानन्दस्तथागमत् । दुर्मर्षणानन्द आयाद्धामानन्दः स्वयूथयुक् ॥ ८३
गुरूत्तमानन्दयूथं भूषणानन्दमण्डलम् । सहस्राक्षानन्दयूथमनिलानन्द आययौ ॥ ८४
तत्राययौ सत्यपराक्रमानन्दस्य मण्डलम् । निवृत्तात्मानन्द आयात्संवृतानन्दमण्डलम् ॥ ८५
सत्कृतानन्दयूथं चासङ्ख्येयानन्दमण्डलम् । विशिष्टानन्दयूथं च सिद्धार्थानन्दमण्डलम् ॥ ८६
सिद्धसङ्कल्पानन्दश्च सिद्धिदानन्द आययौ । वर्धनानन्द आगच्छद्विविक्तानन्द आशु च ॥ ८७
श्रुतिसागरानन्दश्च महेन्द्रानन्द आगमत् । बृहद्रूपानन्द आयाद्वसुदानन्द आशु च ॥ ८८
जगन्नाथानन्दयूथं सन्न्यासानन्दमण्डलम् । प्रकाशात्मानन्दयूथं प्रतापानन्द आययौ ॥ ८९
अव्यक्तरुपानन्दश्च पावनानन्द आययौ । तथाऽनन्तजिदानन्दः क्रोधहानन्द आगमत् ॥ ९०
रामानुजानन्दयूथं प्रथितानन्दमण्डलम् । आयादशोकानन्दश्च सयूथस्तत्र सत्वरम् ॥ ९१

---

**સ્વામી, અનઘાનંદ સ્વામી, ચતુર્ભુજાનંદ સ્વામી, વિજયાનંદ સ્વામી, ઊર્જિતાનંદ સ્વામી, કારણાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી, ધૃતાત્માનંદ સ્વામી, અતીન્દ્રિયાનંદ સ્વામી, સત્વસ્થાનંદ સ્વામી, મહાવીર્યાનંદ સ્વામી, અયોનિજાનંદ સ્વામી, સાત્વત્તાનંદ સ્વામી, મહોત્સાહાનંદ સ્વામી, વિશ્રુતાનંદ સ્વામી, અનિર્દેશ્યાનંદ સ્વામી, નિમેષાનંદ સ્વામી, મહેષ્વાસાનંદ સ્વામી, ઉદારાનંદ સ્વામી, પણ પોતપોતાના મંડળે સહિત ગઢપુર પધાર્યા.** ૬૬-૮૨

**મહાશક્ત્યાનંદ સ્વામી, વિશ્વાનંદ સ્વામી, દુર્મર્ષણાનંદ સ્વામી, ધામાનંદ સ્વામી, ગુરૂત્તમાનંદ સ્વામી, ભૂષણાનંદ સ્વામી, સહસ્રાક્ષાનંદ સ્વામી, અનિલાનંદ સ્વામી, સત્યપરાક્રમાનંદ સ્વામી, નિવૃત્તાનંદ સ્વામી, સંવૃત્તાનંદ સ્વામી, સત્કૃતાનંદ સ્વામી, અસંખ્યેયાનંદ સ્વામી, વિશિષ્ટાનંદ સ્વામી, સિધ્ધાર્થાનંદ સ્વામી, સિધ્ધસંકલ્પાનંદ સ્વામી, સિધ્ધિદાનંદ સ્વામી, વર્ધનાનંદ સ્વામી, વિવિક્તાનંદ સ્વામી, શ્રુતિસાગરાનંદ સ્વામી, મહેન્દ્રાનંદ સ્વામી, બૃહદ્રુપાનંદ સ્વામી, વસુદાનંદ સ્વામી, જગન્નાથાનંદ સ્વામી, સંન્યાસાનંદ સ્વામી, પ્રકાશાત્માનંદ સ્વામી, પ્રતાપાનંદ સ્વામી, અવ્યાકતરૂપાનંદ સ્વામી, પાવનાનંદ સ્વામી, અનંતજિદાનંદ સ્વામી, ક્રોધહાનંદ સ્વામી, રામાનુજાનંદ સ્વામી, પ્રથિતાનંદ સ્વામી, અશોકાનંદ**

दामोदरानन्द आयादकामानन्दमण्डलम् । अनुकूलानन्दयूथमतुलानन्द आययौ ॥ ९२
आदिदेवानन्दयूथं श्रीगर्भानन्दमण्डलम् । महाभागानन्द आयान्निर्वाणानन्द आगमत् ॥ ९३
व्यवसायानन्द आयात्सन्तोषानन्द आययौ । नन्दानन्दः स्थिरानन्दो विरामानन्द आगमत् ॥ ९४
निर्मत्सरानन्द आयाच्छत्रुघ्नानन्दमण्डलम् । सुदर्शनानन्दयूथं विशालानन्द आययौ ॥ ९५
परमेष्ठ्यानन्द आयाद्दक्षानन्दश्च यूथयुक् । धर्मयूपानन्दयूथमिज्यानन्दस्य मण्डलम् ॥ ९६
महामखानन्दयूथं विमुक्तानन्दमण्डलम् । सुमुखानन्द आयाच्च सूक्ष्मानन्दश्च यूथयुक् ॥ ९७
जितक्रोधानन्द आयाद्ब्रह्मण्यानन्दमण्डलम् । मनोहरानन्दयूथं दर्पहानन्द आययौ ॥ ९८
भक्तवत्सलानन्दश्च शुभाङ्गानन्द आगमत् । ज्ञानगम्यानन्द आयाच्छान्तिदानन्द आययौ ॥ ९९
पुरातनानन्दयूथं सत्कीर्त्यानन्द आगमत् । सत्यसन्धानन्द आयाद्विशोकानन्द आययौ ॥ १००
प्रमोदनानन्द आयान्नन्दनानन्द आशु च । सत्यधर्मानन्द आयात् सद्गत्यानन्द आययौ ॥ १०१
गदाधरानन्दयूथं पुण्यानन्दः स्वयूथयुक् । आयाच्चक्रधरानन्दो दुर्जयानन्दमण्डलम् ॥ १०२
सनातनानन्दयूथं कुमुदानन्द आगमत् । तुर्णं तत्राऽऽगमच्छिन्नसंशयानन्दमण्डलम् ॥ १०३
विशुद्धात्मानन्दयूथमक्षोभ्यानन्दमण्डलम् । त्रिलोकेशानन्द आयात्सुलभानन्द आशु च ॥ १०४

---

**સ્વામી, દામોદરાનંદ સ્વામી, અકામાનંદ સ્વામી, અનુકૂલાનંદ સ્વામી, અતુલાનંદ સ્વામી, આદિદેવાનંદ સ્વામી, શ્રીગર્ભાનંદ સ્વામી, મહાભાગાનંદ સ્વામી, નિર્વાણાનંદ સ્વામી, વ્યવસાયાનંદ સ્વામી, સંતોષાનંદ સ્વામી, નંદાનંદ સ્વામી, સ્થિરાનંદ સ્વામી, વિરામાનંદ સ્વામી, નિર્મત્સરાનંદ સ્વામી, શત્રુઘ્નાનંદ સ્વામી, સુદર્શનાનંદ સ્વામી, વિશાલાનંદ સ્વામી, પરમેષ્ઠયાનંદ સ્વામી, દક્ષાનંદ સ્વામી, ધર્મયુપાનંદ સ્વામી, ઈજ્યાનંદ સ્વામી આદિ સંતો પોતાના મંડળના સંતો સાથે ગઢપુર પધાર્યા.**[૮૩-૯૬]

**મહામખાનંદ સ્વામી, વિમુક્તાનંદ સ્વામી, સુમુખાનંદ સ્વામી, સૂક્ષ્માનંદ સ્વામી, જિતક્રોધાનંદ સ્વામી, બ્રહ્મણ્યાનંદ સ્વામી, મનોહરાનંદ સ્વામી, દર્પહાનંદ સ્વામી, ભક્તવત્સલાનંદ સ્વામી, શુભાંગાનંદ સ્વામી, જ્ઞાનગમ્યાનંદ સ્વામી, શાંતિદાનંદ સ્વામી, પુરાતનાનંદ સ્વામી, સત્કીર્ત્યાનંદ સ્વામી, સત્યસંધાનંદ સ્વામી, વિશોકાનંદ સ્વામી, પ્રમોદાનંદ સ્વામી, નંદનાનંદ સ્વામી, સત્યધર્માનંદ સ્વામી, સદ્‌ગત્યાનંદ સ્વામી, ગદાધરાનંદ સ્વામી, પુણ્યાનંદ સ્વામી, ચક્રધરાનંદ સ્વામી, દુર્જયાનંદ સ્વામી, સનાતનાનંદ સ્વામી, કુમુદાનંદ સ્વામી, છિન્નસંશયાનંદ સ્વામી, વિશુદ્ધાત્માનંદ સ્વામી, અક્ષોભ્યાનંદ સ્વામી, ત્રિલોકેશાનંદ સ્વામી, સુલભાનંદ સ્વામી, ત્રિલોકેશાત્માનંદ સ્વામી, યોગીશાનંદ સ્વામી, આદિત્યવર્ણાનંદ સ્વામી,**

त्रिलोकात्मानन्द आयाद्योगीशानन्द आगमत् । आदित्यवर्णानन्दश्च विशुद्धानन्द आययौ ॥ १०५
धनञ्जयानन्दयूथं शुद्धानन्दश्च यूथयुक् । पुण्यकीर्त्यानन्द आयात्सुनेत्रानन्द आययौ ॥ १०६
भूतावासानन्दयूथं सद्भूत्यानन्दमण्डलम् । शूद्धात्मानन्दयूथं च विद्यानन्दस्तथाययौ ॥ १०७
दिव्यमूर्त्यानन्द आयाच्छरण्यानन्द आशु च । लोकनाथानन्द आयात्साक्ष्यानन्दश्च सत्वरम् ॥ १०८
महाकर्मानन्दयूथं सुहृदानन्दमण्डलम् । चतुर्वेदानन्दयूथं सत्त्वानन्दस्तथागमत् ॥ १०९
तथेश्वरेश्वरानन्द उद्भवानन्द आययौ । महाभूतानन्दयूथं तत्रागच्छच्च सत्वरम् ॥ ११०
आनन्दानन्दयूथं च यज्ञानन्दस्य मण्डलम् । तत्राऽऽगच्छच्च परमप्रकाशानन्दमण्डलम् ॥ १११
योगेश्वरानन्द आयाद्धर्यानन्दश्च यूथयुक् । विश्वचैतन्यानन्दश्च क्षेत्रज्ञानन्द आययौ ॥ ११२
तद्रूपानन्द आगच्छत्सत्यानन्दस्य मण्डलम् । अखण्डानन्दयूथं च चैतन्यानन्दमण्डलम् ॥ ११३
श्रीनिवासानन्द आयात्सद्धर्मानन्द आशु च । तथा भक्तेश्वरानन्द ईशानन्दश्च यूथयुक् ॥ ११४
रासेश्वरानन्दयूथं भावानन्दस्य मण्डलम् । हिरण्मयानन्दयूथं भूमानन्दस्तथाययौ ॥ ११५
एवं ते मुनयः सर्वे स्वस्वयूथसमन्विताः । अन्ये च पुरुषा योषा आययुर्दुर्गपत्तनम् ॥ ११६

---

**વિશુધ્ધાનંદ સ્વામી, ધનંજ્યાનંદ સ્વામી, શુદ્ધાનંદ સ્વામી, પુણ્યકીર્ત્યાનંદ સ્વામી, સુનેત્રાનંદ સ્વામી, ભૂતાવાસાનંદ સ્વામી, સદ્ભૂત્યાનંદ સ્વામી, શુદ્ધાત્માનંદ સ્વામી, વિદ્યાનંદ સ્વામી, દિવ્યમૂર્ત્યાનંદ સ્વામી, શરણ્યાનંદ સ્વામી, લોકનાથાનંદ સ્વામી, સાક્ષ્યાનંદ સ્વામી, મહાકર્માનંદ સ્વામી, સુહૃદાનંદ સ્વામી, ચતુર્વેદાનંદ સ્વામી, સત્ત્વાનંદ સ્વામી, ઈશ્વરેશ્વરાનંદ સ્વામી, ઉદ્ભવાનંદ સ્વામી, મહાભૂતાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, યજ્ઞાનંદ સ્વામી, પરમપ્રકાશાનંદ સ્વામી, યોગેશ્વરાનંદ સ્વામી, હર્યાનંદ સ્વામી, વિશ્વચૈતન્યાનંદ સ્વામી, ક્ષેત્રજ્ઞાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, સત્યાનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, શ્રીનિવાસાનંદ સ્વામી, સદ્ધર્માનંદ સ્વામી, ભક્તેશ્વરાનંદ સ્વામી, ઈશાનંદ સ્વામી, રાસેશ્વરાનંદ સ્વામી, ભાવાનંદ સ્વામી, હિરણ્યમયાનંદ સ્વામી, તથા ભૂમાનંદ સ્વામી આદિ સર્વે સંતો પોતપોતાનાં મંડળના સંતોએ સહિત તત્કાળ દુર્ગપુર પધાર્યા.[૯૭-૧૧૫]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પોતપોતાના મંડળે સહિત કૃપાનંદ સ્વામી આદિ ચારસો છવીસ મંડળધારી સંતો ગઢપુર પધાર્યા. અને તે સિવાય હજારો નરનારીઓ પણ અન્નકૂટનો ઉત્સવ કરવા દુર્ગપુર પ્રત્યે પધાર્યા.[૧૧૬] ગઢપુર આવતા સંતો અને ભક્તજનોને માર્ગમાં અતિશય મંગળને સૂચવતાં અનેક શુભ શુકનો થતાં હતાં. તે જોઈ ભગવાન શ્રીહરિનાં સાક્ષાત્ દર્શનનો અવસર**

शकुनानतिमङ्गलावहांस्तैर्बहुशो वर्त्मनि भूप! जायमानान्।
प्रसमीक्ष्य हरीक्षणक्षणः स्वान् झटति प्राप्त इति स्म मन्यते वै ॥ ११७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे मुनिमण्डलागमननामा सप्तमोऽध्यायः॥७॥*

---

**अष्टमोऽध्यायः - ८**

**सुव्रत उवाच**

ब्राह्मे मुहूर्त उत्थाय भगवानथ सर्वदृक् । कृत्वा शौचविधिं स्नात्वा नित्यकर्म समाचरत् ॥ १
स्वपीठेऽथ बहिर्वेद्यां स्वास्तृते निजपार्षदैः । उपाविशत्स्वभक्तानां नयनानन्दवर्धनः ॥ २
त्यागिभिर्गृहिभिश्चासौ प्रणतश्च पदातिभिः । योषाभिश्च दधौ हस्ते कृष्णस्मरणमालिकाम् ॥ ३

---

**આપણને હમણાં જ પ્રાપ્ત થશે. એમ માની બહુજ હર્ષ પામવા લાગ્યા.[૧૧૭]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં શ્રીહરિનાં દર્શને સંતોનાં મંડળો પધાર્યાં એ નામે સાતમો અધ્યાય પૂર્ણ થયો. --૭--***

---

## અધ્યાય - ૮

### ધનતેરસને દિવસે ઉત્તમરાજાએ ભગવાન શ્રીહરિનું કરેલું પૂજન.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સર્વદ્રષ્ટા ભગવાન શ્રીહરિ બ્રાહ્મમુહૂર્તમાં જાગ્યા, પછી શૌચવિધિ કરી સ્નાન કર્યું. અને પ્રાતઃકાલિન સંધ્યાવંદન આદિ નિત્યકર્મ કર્યું.[૧] તે પછી પોતાના ભક્તજનોના નેત્રોને પોતાનાં દર્શનવડે આનંદ ઉપજાવતા શ્રીહરિ ઉત્તમરાજાના આંગણામાં વેદિકા ઉપર તૈયાર કરેલા સિંહાસન ઉપર વિરાજમાન થયા.[૨] તે સમયે મુક્તાનંદ સ્વામી આદિ સંતો, મુકુન્દાનંદ બ્રહ્મચારી આદિ વર્ણિઓ, હેમતસિંહ આદિ હરિભક્તો સોમલાખાચર, ભગુજી આદિ પાર્ષદો અને જયા, રમા, લલિતા આદિ સ્ત્રીભક્તજનોએ ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી સભામાં પોતાનું સ્થાન લીધું. ત્યારે શ્રીહરિ જમણા હાથમાં જપમાળા લઈ ફેરવી રહ્યા હતા.[૩]**

कृतनित्यविधिस्तावन्नृपतिः समुपेत्य तम् । चन्दनाक्षतपुष्पाद्यैरुपचारैः पुपूज ह ॥ ४
वर्णिराट् पार्श्वसंस्थस्तं गृहीतसितचामरः । मुकुन्दो विजयामास व्यजनेन स चोत्तमः ॥ ५
मालिकः स्थविरो वाट्या हरनाथ उपेत्य तम् । धारयामास भक्त्यैव पौष्पान्हारांश्च शेखरान् ॥ ६
तावत्तत्रागमत्तूर्णं ललिताप्रेषिता रतिः । वासःपोटलिकां कक्षे दधानाऽऽच्छाद्य वाससा ॥ ७
प्रणम्य दूरे तिष्ठन्तीं तामवेक्ष्य हरिर्हसन् । किमेतदस्तीत्यप्राक्षीत्तदिङ्गितविदीश्वरः ॥ ८
सोमाद्याः प्राहुरनया नूतनान्यंशुकानि ते । धनत्रयोदशीत्यद्याऽऽनीतानि स्वीकुरु प्रभो! ॥ ९
तानाह सोऽद्य तु दिने कृष्णभूषामृजोत्सवः । क्रियतां नूत्नवासांसि धास्येऽहं प्रतिपद्दिने ॥ १०

इत्थं वदत्येव हरौ मुनींस्तान् क्रोशार्थदूरे पथि वीक्ष्य योधः ।
उपागतान् गोप उपेत्य दुर्गे दौवारिकं तत्त्वरितं जगाद ॥ ११

---

હે રાજન્ ! તે સમયે પોતાના નિત્યકર્મમાંથી પરવારી ઉત્તમરાજા ભગવાન શ્રીહરિની સમીપે આવ્યા અને ચંદન, ચોખા, પુષ્પો અર્પણ કરી આરતી ઉતારી પૂજન કર્યું.[૪] ત્યારે મુકુન્દાનંદ બ્રહ્મચારી પાસે ઊભા રહી હાથમાં શ્વેત ચામર ધારણ કરી શ્રીહરિને ઢોળતા હતા. ત્યારે ઉત્તમ રાજા પણ ભગવાન શ્રીહરિને વીંઝણો નાખવા લાગ્યા.[૫] ત્યારે હરનાથ નામના માળી લક્ષ્મીવાડીએથી આવ્યા અને અતિશય ભાવથી શ્રીહરિને ઉત્તમપુષ્પોના હાર તોરા ધારણ કરાવ્યા.[૬] ફરી તેજ અવસરે લલિતાબાની પ્રેરણાથી ભગવાન શ્રીહરિને ધારણ કરાવવાનાં સુંદર વસ્ત્રની પોટલી પોતાની બગલમાં ધારણ કરી કોઇ રતિ નામની સ્ત્રીભક્ત તત્કાળ ત્યાં આવી.[૭] અને તત્કાળ શ્રીહરિને નમસ્કાર કરી થોડે દૂર ઊભેલી તે રતિબાઇને જોઇ તેના અભિપ્રાયને જાણતા શ્રીહરિ મંદમંદ હાસ્ય કરતા પૂછવા લાગ્યા કે, આ બગલમાં ભરાવેલી પોટલીમાં શું છે ?[૮] શરમથી નહિ બોલી શકેલી રતિના અભિપ્રાયને જાણી સોમલાખાચર આદિ પાર્ષદોએ બે હાથ જોડી ભગવાન શ્રીહરિને કહ્યું કે, હે પ્રભુ ! આજે બારસના દિવસે જ અમાવાસ્યાનો ક્ષય હોવાથી ધનતેરસનો પવિત્ર દિવસ છે. તેથી તમારે માટે આ રતિબાઇ નવાં વસ્ત્રો લઇ આવી છે. તેને તમે ધારણ કરો.[૯] હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિ સોમલાખાચર આદિ ભક્તજનોએ કહ્યું કે, હે ભક્તો ! આજે શ્રીકૃષ્ણ ભગવાનનાં વસ્ત્રાભૂષણોનું પ્રક્ષાલન કરવાનો ઉત્સવ છે. તેની ઉજવણી કરો, અને હું પડવાને દિવસે નવાં વસ્ત્રો ધારણ કરીશ.[૧૦]

स्नात्वा व्रजन्नच्युतसन्निधानं कृतोर्ध्वपुण्ड्रो जलपात्रहस्तः ।
शुश्राव मुन्यागमनं तदैव ससम्भ्रमं तन्मयरामभट्टः ।। १२
अथद्रवन्प्रस्खलदङ्घ्रिराशु समुच्छ्वसन्बद्धकटिः सहासः ।
बद्धाञ्जलिः प्राह हरिं समेत्य स चिन्तयन्तं हृदि तत्तदेव।। १३
प्रभो! मुनीनामुपशल्य एव वृन्दानि सङ्घा अपि गौर्जराद्याः ।
समागताः सन्ति महोत्सवोऽद्य त्वद्दर्शनेनास्तु तदीक्षणानाम्।। १४
श्रुत्वा स्वभक्तनिचयागमनस्य वार्तामुत्फुल्लवक्त्रनयनाम्बुरुहोऽतिहर्षात् ।
प्रत्युद्गमोत्सुकमनाः सहसोदतिष्ठत्पीठोत्तमान्निजजनप्रियकृन्मुनीशः ।। १५

---

**સંતો પધાર્યાના સમાચાર જોધા ભરવાડે આપ્યા :–** હે રાજન્ ! ભગવાન શ્રીહરિ જ્યાં આવી વાત કરી રહ્યા છે. ત્યાં જોધો ભરવાડ આવ્યા ને સમાચાર આપ્યા કે, સંતોનાં મંડળો ગઢપુરથી અર્ધોકોશ દૂર છે. દ્વારપાલને જોધો ભરવાડ આ સમાચાર આપી રહ્યા હતા.[૧૧] ત્યારે ઉન્મત્તગંગાએથી સ્નાન કરી શ્રીહરિની સમીપે આવી રહેલા, ભાલમાં સુંદર ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરેલું છે, અને હાથમાં જળઝારી ધારણ કરેલી છે, એવા વૃદ્ધ મયારામવિપ્રે આ સમાચાર સાંભળ્યા. એકદમ આનંદમાં આવી શ્રીહરિ સન્મુખ દોડવા લાગ્યા.[૧૨] કેડમાં મજબૂત કછોટો બાંધી દોડતા તે માર્ગમાં લડથડીયાં ખાતા હતા, વેગથી આવવાના પરિશ્રમને કારણે તે બહુ શ્વાસોચ્છ્વાસ લેતા હતા. હૃદયમાં સંતોના આગમનનું ચિંતવન થતાં હરખ માતો ન હતો અને તત્કાળ ભગવાન શ્રીહરિની સમીપે આવી મંદમંદ હાસ્ય કરતા બે હાથ જોડી સંતોના આગમનના સમાચાર આપતાં કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! સંતોનાં મંડળો તથા ગુજરાત આદિ પ્રદેશના ભક્તજનોના સંઘો નગરના સીમાડાઓમાં આવી પહોંચ્યા છે. આજે આપનાં દર્શનથી તે સંતો ભક્તોને મોટો આનંદ ઉત્સવ થશે.[૧૩-૧૪]

**શ્રીહરિ સંતોને મળવા ઉતાવળે સામે ગયા :–** હે રાજન્ ! મયારામ વિપ્રના મુખથકી પોતાના પ્રિય સંતો ભક્તોના આગમનના સમાચાર સાંભળી હમેશાં પોતાના સંતો ભક્તોનું જ પ્રિય કરનારા મુનિપતિ ભગવાન શ્રીહરિનું મુખ અને નેત્રો અતિશય હર્ષથી વિક્સિત થયાં અને સંતોની સન્મુખ જવા અત્યંત ઉત્સુક મનવાળા થઈ પોતાના સિંહાસન ઉપરથી તત્કાળ ઊભા થઈ ગયા.[૧૫] ત્યારે ઉત્તમરાજાની આજ્ઞાથી ભગુજી પાર્ષદ ચપળગતિએ ચાલતા ઘોડાને તત્કાળ

तावद्धयं चपलचारिणमानिनाय भुपाज्ञया भृगुजिदाशु पुरोऽच्युतस्य ।
प्रावारशुभ्रपटबद्धकटिः स्वयं तं सोऽध्यारुरोह झटिति प्लुतिलाघवेन ॥ १६
वल्गापकर्षणनिरुद्धजवेन तेन स्वीयाग्रपार्श्वगसमीक्षकलोकसङ्घात् ।
तत्पत्तनात्करविदूरितमार्गलोको भूरित्वरोऽपि शनकैः किल निर्ययौ सः ॥ १७
शीघ्रोपबन्धशिथिलत्वचलायमानपर्याणतूर्णगतिवाजिवराधिरुढाः ।
सोमादयस्तमनुजग्मुरुदात्तकुन्ताः पद्माश्च ताननूययुस्तरवारिहस्ताः ॥ १८
सहस्रशोऽन्येऽपि नराश्च नार्यस्तानन्वयुस्त्यक्तसमस्तकृत्याः ।
हरिश्च पुर्या बहिरेत्य पार्ष्णिस्पर्शेन सोऽद्रावयदाशु वाहम् ॥ १९
दूरे गतं तं सहसावलोक्य तेऽप्यश्ववाराः पदधाविताश्वाः ।
अन्वद्रवंस्ताननु भक्तसङ्घाः सर्वेऽप्यधावन्हरिमीक्षमाणाः ॥ २०

શ્રીહરિની સમીપે લાવ્યા. ત્યારે ઉત્તરીય શ્વેતવસ્ત્રથી પોતાની કેડને દૃઢરીતે બાંધી સ્વયં ભગવાન શ્રીહરિ સરળતાથી કૂદકો મારી તત્કાળ અશ્વ ઉપર આરુઢ થયા.[૧૬] તે સમયે પોતાનાં દર્શન કરવા માર્ગમાં આડા ઊભેલા લોકોને રૂમાલ ધારણ કરેલા હાથની સંજ્ઞાથી દૂર કરતા ભગવાન શ્રીહરિ સંતમંડળોની સન્મુખ જવાની અતિશય ઉતાવળ હોવા છતાં પોતાનાં દર્શનાર્થે પધારેલા અને અત્યંત ઉત્કંઠા વાળા તેમજ ચારેબાજુ ઊભેલા ભક્ત સમુદાયને લીધે ઘોડાની લગામ ધીરે ધીરે ખેંચી મંદમંદ ગતિએ તેને ચલાવતા ધીરે ધીરે દુર્ગપુરમાંથી બહાર નીકળ્યા.[૧૭] ત્યારે સોમલાખાચર આદિ પાર્ષદ અસ્વારો હાથમાં ભાલા તથા બરછીઓ ધારણ કરી સ્વભાવસિદ્ધ વેગવતી ચાલે ચાલવાવાળા અશ્વો ઉપર આરુઢ થઈ ભગવાન શ્રીહરિની પાછળ ચાલવા લાગ્યા. ઉતાવળમાં ઘોડા ઉપર જલદીથી બાંધેલાં પલાણો શિથિલ થવાથી આમ તેમ હાલતા હતાં. તેમજ હાથમાં ખુલ્લી તલવારો લઈ રતનજી, ભગુજી વગેરે પાર્ષદો પણ તે ઘોડેસ્વારોની પાછળ ચાલવા લાગ્યા.[૧૮]

હે રાજન્ ! બીજા હજારો નરનારીઓ પણ પોતાનાં ઘર કામ છોડીને તે પાર્ષદોની પાછળ ચાલવા લાગ્યાં. ત્યારે ભગવાન શ્રીહરિ દુર્ગપુરથી બહાર નીકળી પગની એડીના સ્પર્શથી પોતાના અશ્વને દોડાવી મૂક્યો, સોમલાખાચર આદિ અસ્વારો પણ પોતાનાથી શ્રીહરિ અતિશય દૂર નીકળી ગયેલા જોઈ તે પણ પોતાના પગની એડીઓથી પ્રહાર કરી ઘોડાઓને દોડાવી શ્રીહરિની પાછળ દોડવા લાગ્યા.[૧૯] ત્યારે ભગવાન શ્રીહરિને દૂર નીકળેલા જોઈ સર્વે ભક્તજનો પણ

उद्गच्छन्ति धरातलात्किमु दिवं किं वाम्बराद्भूतलं हंसाः ।
सन्निपतन्ति किन्नु गरुडाः किं मूर्तिमन्तोऽनिलाः ॥
इत्याश्चर्यवशात्समीक्षकजनैस्ते तर्क्यमाणा मुनीन् ।
गीतध्वाननिनादिताखिलदिशश्चैक्षन्त नारीर्नरान् ॥ २१
तेऽत्येकं मुनयो मनोजवहयारुढं तमक्षिप्रियं ।
दूराद्वीक्ष्य च लक्षणैर्हरिरसौ वेगोच्छलच्छेखरः ॥
इत्यात्मान्यनुमाय हृष्टतनवस्तत्पृष्ठधावद्या- ।
रुढान्वीक्ष्य तु सत्वरं सहजनैस्तं दुद्रुवुर्यूथशः ॥ २२
सन्तप्ता वनवह्निनेव करिणो गङ्गाप्रवाहं हिमं ।
दूराद्वीक्ष्य तमुद्रावन्ति च यथा हंसाः सरो मानसम् ॥
दातारं च दरिद्रभिक्षुकजनाः सद्यो यथा ते तथा ।
धावन्ति स्म तमात्मवल्लभममी भक्तास्तदेकाश्रयाः॥२३

---

અસ્વારોની પાછળ દોડવા લાગ્યા.[૨૦] હે રાજન્ ! આ અસ્વારો ધરતીપરથી સ્વર્ગમાં ઉડી રહ્યા છે કે શું ? અથવા શ્વેત રાજહંસો આકાશમાંથી નીચે પૃથ્વીપર ઉતરી રહ્યાં છે કે શું ? અથવા સાક્ષાત્ ગરુડ પક્ષીઓ કે મૂર્તિમાન દિવ્ય શરીરધારી વાયુદેવ પધારી રહ્યા છે કે શું ? આ પ્રમાણે અસ્વારોને જોનારા જનો તેમના પ્રત્યે અનેક પ્રકારના તર્ક-વિતર્ક કરવા લાગ્યા. તેમજ તે અસ્વારોએ પણ ભગવાન શ્રીહરિનાં કીર્તનોનું ગાન કરી દશે દિશાઓને ગજવતા આવી રહેલા સંતોનાં મંડળો તથા અનંત નરનારી ભક્તજનોના સંઘોને દૂરથી જોયા.[૨૧]

**રોમાંચિત સંતોએ શ્રીહરિને મળવા દોટ મૂકી :–** તે સંતોએ પણ મનના વેગ જેવા ઘોડા ઉપર વિરાજમાન થયેલા અને પોતાના નેત્રોને આનંદ ઉપજાવી રહેલા એકાએકી આવી રહેલા ભગવાન શ્રીહરિને દૂરથી જોયા. તે સમયે ઘોડાના અતિશય વેગને કારણે ભગવાન શ્રીહરિની પાઘમાં લટકતા તોરાઓ ઉછળી રહ્યા હતા. તેમની પાછળ અશ્વારુઢ થયેલા ઘોડેસ્વારો પણ દોડતા આવી રહ્યા હતા. દૂરથી આવાં લક્ષણો જોઈ સંતોએ અનુમાન કર્યું કે, આપણા જીવનપ્રાણ ભગવાન શ્રીહરિ જ આવી રહ્યા છે. તેથી તેમના શરીરની રોમાવલી બેઠી થઈ અને ચાલીને આવતા અન્ય હજારો મનુષ્યોની સાથે સંતોએ ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા સામેથી દોટ મૂકી.[૨૨]

सर्वे ते मुनयस्तदा जविहयारुढप्रभोर्वीक्षणात्स्वीयं ।
दिव्यमवाप्य भावमभवंस्तद्देहभानोज्झिताः ॥
व्यासं वीक्ष्य शुको यथा गतवपुर्भानोऽतिदूराद्द्रवं ।
श्चापोन्मुक्तशरा इवाशुगतयस्तं लेभिरे तत्क्षणम् ॥ २४
तान्प्राप्य प्रभुरश्वमाशुजविनं सोऽतिष्ठिपत्तत्क्षणं ।
तेऽपि प्रेमदृगश्रवः स्वपरमप्रेष्ठं प्रभुं दण्डवत् ॥
नेमुः क्षोणितले निपत्य मुनयश्चान्ये पुमांसस्तथा ।
योषा अप्युपविश्य भूनिहितदोर्दत्तोत्तमाङ्गा मुदा॥२५॥
सोमाद्या हरिपार्षदा अथ तदा वाजिभ्य उत्तीर्य तान्नत्वा दण्डवदाशु ते स्वतुरगानध्यारुहन्नुत्प्लवैः ।

---

હે રાજન્ ! દાવાનળથી બળતા વનના હાથીઓ જેમ દૂરથી શીતલ ગંગાના પ્રવાહને જોઈ તેમના પ્રતિ દોટ મૂકે, તથા જેમ રાજહંસો માનસરોવર પ્રતિ દોટ મૂકે તેમ જેના જીવનનો એક ભગવાન શ્રીહરિ જ આધાર છે. એવા સંતો તથા ભક્તજનો પોતાના આત્મવલ્લભ શ્રીહરિને દૂરથી નિહાળી તેમના પ્રત્યે દોડવા લાગ્યા.[૨૩] ભગવાન શ્રીહરિની સામે દોડતા સર્વે સંતોએ જેવા અશ્વ ઉપર આરુઢ થયેલા શ્રીહરિનાં દર્શન કર્યાં કે પોતાનો દિવ્ય ભાવ પ્રગટી ગયો અને મનુષ્યભાવ ભૂલાતાં શરીરનું ભાન ભૂલ્યા. જેમ પિતા વ્યાસજીનાં દર્શન થતાં શુકદેવજી શરીરભાન ભૂલી દૂરથી દોટ મૂકી હતી તેમ સર્વે સંતો પણ ધનુષમાંથી છુટેલા તીરની જેમ દોડ્યા અને તત્કાળ શ્રીહરિને પામ્યા.[૨૪] ભગવાન શ્રીહરિ પણ સંતો પોતાની સમીપે પધાર્યા જાણી ઘોડાને ઊભો રાખ્યો, સંતોને શ્રીહરિનાં દર્શન થતાંની સાથે પ્રેમ ઊભરાતાં નેત્રોમાં હર્ષનાં અશ્રુઓ વહેવા લાગ્યાં, સર્વે સંતો તથા ભક્તજનો પોતાના પરમ પ્રિય પરમાત્મા ભગવાન શ્રીહરિને પૃથ્વીપર પડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. સ્ત્રી ભક્તજનો પણ પૃથ્વી પર બેસી બે હાથ જમીન પર ટેકવી મસ્તક નમાવી પંચાંગ પ્રણામ કરવા લાગ્યાં.[૨૫] તે સમયે સોમલાખાચર આદિ પાર્ષદો પણ અશ્વો પરથી નીચે ઉતરી સંતોને દંડવત્ પ્રણામ કરી પાછા પોતપોતાના અશ્વ ઉપર આરુઢ થયા. અને હર્ષઘેલા સર્વે સંતો દંડવત્ પ્રણામ કરી આદરપૂર્વક નેત્રકમળોથી પોતાના પ્રાણપ્રિય ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા.[૨૬]

नत्वा ते मुनयोऽतिहर्षविवशा उत्थाय फुल्लाक्षिभिः ।
सानन्दं च ससम्भ्रमं स्मितमुखाः स्वप्रेष्ठमैक्षन्त तम्॥२६॥
व्यावल्गच्चपळाश्वरोधनहठादाकृष्य वल्गां दधद्दोष्णैकेन परेण चोत्तमकशां शीर्षेल्लसच्छेखरः।
भक्ते क्षारभसादकञ्चुकधृतेः संलक्ष्यवक्षःस्थले ।
हारालिं च दधत्स पीततिलकस्तैरैक्षि शुक्लाम्बरः॥२७॥
तं वीक्ष्याक्षिमनःप्रियं मधुरया स्वानीक्षमाणं दृशा नातृप्यन्मुनयश्च ते हरिजना बद्धाञ्जलीन्संस्थिताः ।
तान्सम्भाव्य यथोचितं स भगवान्प्रायात्पुरं सादिभिः
साकं तैर्मुनिभिर्जनैश्च शनकैरानन्दयन् स्वान् पथि॥२८॥

---

**સંતોએ દર્શન કરેલા શ્રીહરિના રૂપનું વર્ણન :–** હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિ ઊંચે નીચે તેમજ ચારે તરફ આમ તેમ વારંવાર મુખ ફેરવી રહેલા અને સ્વભાવથી જ ચંચળ એવા અશ્વને સ્થિર કરવા માટે હઠથી ડાબા હાથે લગામ ખેંચી રહ્યા હતા, જમણા હાથમાં ચાબૂક ધારણ કરી રહ્યા હતા. તેમના મસ્તક ઉપર ધારણ કરેલી પાઘમાં લટકતા તોરા ઉછળતા હતા. તેમજ સંતોનાં દર્શન કરવાથી ઉતાવળમાં અંગ ઉપર શ્રીહરિએ અંગરખું પણ ધારણ કર્યું ન હતું તેથી રમણીય વક્ષઃસ્થળનાં સારી રીતે દર્શન થઇ રહ્યાં હતાં. અને તેમાં અનેક સુગંધીમાન પુષ્પોની ઉત્તમ માળાઓની પંક્તિ ધારણ કરી હતી. વિશાળ ભાલમાં કેસર મિશ્રિત ચંદનનાં ઊર્ધ્વપુંડ્ર તિલકે સહિત ગોળ ચાંદલો ધારણ કર્યો હતો. સર્વે શ્વેતવસ્ત્રો ધારણ કર્યાં હતાં.[૨૭] આવા ભગવાન શ્રીહરિનાં સંતો-ભક્તોએ દર્શન કર્યાં તે સમયે પોતાનાં નેત્રો અને મનને પ્રિય લાગે તેવી મધુર દૃષ્ટિથી પોતાના તરફ જોઇ રહેલા ભગવાન શ્રીહરિનાં દર્શન કરી બે હાથ જોડી ઊભા રહેલા સંતો અને ભક્તજનો દર્શનથી તૃપ્ત થતા ન હતા. અને શ્રીહરિએ પણ સર્વેનું યથાયોગ્ય સ્વાગતાદિ પ્રશ્નો પૂછી સન્માન કર્યું. ત્યારપછી માર્ગમાં તેઓ સર્વેને આનંદ ઉપજાવતા તેઓની સાથે ધીરે ધીરે ચાલતા દુર્ગપુર પ્રતિ આવવા લાગ્યા.[૨૮] હે રાજન્ ! તે સમયે અમદાવાદથી પધારેલા ભક્તજનો ત્રાંસાદિ અનેક પ્રકારના વાજિંત્રોનો ધ્વનિ કરતા હતા. અનેક પ્રકારનાં દુંદુભી, ઝાંઝ, પખાજ આદિના નાદ તથા બંદૂકોના આવાજને પણ કરતા હતા. તેને સાંભળતા તથા દેશદેશાંતરમાંથી આવેલી સ્ત્રીભક્તજનો પોતપોતાના ભાથાના ડબરાઓ અને વસ્ત્રની પોટલીઓ પોતાના મસ્તક પર ધારણ કરી ઉચ્ચ સ્વરે ગીત ગાતી ચાલતી સાથે આવી રહી

श्रृण्वञ्छ्रीनगरागतैः कृतमसौ तासादिवाद्यध्वनिं नानादुन्दुभिश्रृङ्गझर्झररवं सद्वन्धुकीधूष्कृतीः ।
यौषाभिर्निजभक्षपात्रवसनग्रन्थीः शिरःस्वात्मनां। धृत्वोच्चारितगीतिकाध्वनिमपि प्रायात्समाकर्णयन्॥२९॥
पुर्यां तत्र नृपालयाङ्गणमुपेत्याश्वात्समुत्तीर्य तानावासाय यथोचितं स भगवानाज्ञाप्य सर्वांस्ततः ।
वेद्याः निम्बतरोरधो मणिमये पीठे निषीदन् स्वयं
पाकं शीघ्रमकारयन्मुनिकृते भक्तान्समुत्साहयन्॥३०॥
भूरिकालतृषितैर्विलोचनैस्तन्मुखाम्बुजसुधां सदीक्षिताम्।
सन्निपीय बहुधापि तर्पणं प्रापि नैव नृप! तर्हि सन्नृणाम्॥३१॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे मुनिसन्मुखागातभगवद्दर्शनानन्दनामाष्टमोऽध्यायः॥८॥*

---

**હતી, તેના મધુર શબ્દોને સાંભળતા ભગવાન શ્રીહરિ દુર્ગપુર પધાર્યા.[૨૯]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિ આ રીતે ગઢપુરમાં ઉત્તમ રાજાના દરબારમાં પધારી અશ્વ ઉપરથી નીચે ઉતરી સર્વે દેશાંતરવાસી ભક્તજનોને યથાયોગ્ય ઉતારા આપવાની આજ્ઞા આપી. ત્યારપછી નિંબતરુ નીચે વેદિકા ઉપર સ્થાપન કરેલા મણિમય ઉત્તમ સિંહાસન ઉપર બેસી સ્વયં રસોઈ કરનારા ભક્તજનોને ઉત્સાહ પ્રેરી, સંતોને માટે તત્કાળ રસોઈ તૈયાર કરાવવા લાગ્યા.[૩૦] હે રાજન્ ! તે સમયે શ્રીહરિનાં દર્શન બહુ કાળે થયાં છે. માટે તેમના દર્શન કરવાની અત્યંત લાલસાવાળા સમસ્ત મુનિજનો અને ભક્તજનો નેત્રોવડે સારી રીતે સેવવા યોગ્ય ભગવાન શ્રીહરિના મુખકાંતિરૂપ અમૃતરસને બહુવાર સુધી સારી રીતે પાન કરીને પણ તૃપ્તિને તો પામ્યા જ નહિ.[૩૧]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવ પર પધારેલા સંતોની સન્મુખ ભગવાન શ્રીહરિ પધાર્યા અને ભગવાનનાં દર્શન કરી સંતોને ખૂબજ આનંદ થયાનું નિરૂપણ કર્યું એ નામે આઠમો અધ્યાય પૂર્ણ થયો. --૮--***

---

## नवमोऽध्यायः - ९

**सुव्रत उवाच**

स्वीयवासविधये गतेष्वथो सर्वशो गृहिजनेषु तत्र ते ।
त्यागिनो मुनय आज्ञया हरेरग्रतः खलु निषेदुरुन्मुदः ॥ १
स्वागातादिवचनेन तोषितास्तेन ते तु मुनयः प्रहर्षिताः ।
पत्रपुष्पफलवल्कलादिभिस्तं पुपूजुरखिलाश्च तापसाः ॥ २
भक्त्या हरेः पूजनकर्म तेषु कुर्वत्सु हर्षेण मुनीश्वरेषु ।
तं गालवोऽभ्येत्य जगाद वाक्यं पाकस्य सिद्धिर्भगवन्नभूद्वै ॥ ३
श्रुत्वेति वाक्यं भगवान् मुनींस्तानाज्ञापयामास तदैव भोक्तुम् ।
ततश्च ते शुद्धिविधिं विधाय भोक्तुं निषेदुः कृतपङ्क्तिबन्धाः ॥ ४
तान्भोजयित्वा विविधैः सुभोज्यैः सिताज्ययुक्पायसपूरिकाद्यैः ।
आज्ञापयामास ततः स तृप्तान्महाकुटीं गन्तुमृषीनृषीशः ॥ ५

---

## અધ્યાય - ૯

### ભગવાન શ્રીહરિએ સંતોનું સ્વાગત કરી જમાડી તૃપ્ત કર્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ગૃહસ્થ ભક્તજનો પોતપોતાને ઉતારે ગયા પછી અતિશય ત્યાગ પરાયણ જીવન જીવતા સર્વે સંતો ભગવાન શ્રીહરિની આજ્ઞાથી હર્ષપૂર્વક તે સભામાં શ્રીહરિની નજીક આવીને બેઠા.[1] ભગવાન શ્રીહરિએ તેમને સ્વાગતાદિ પ્રશ્નો પૂછી સંતોષ પમાડ્યા, તેથી અતિશય હર્ષ પામેલા તે તપસ્વી સંતો પણ તુલસીપત્ર, પુષ્પો, ફળ, વલ્કલ વસ્ત્રો અને કુંકુમથી શ્રીહરિનું પૂજન કર્યું.[2] હે રાજન્ ! તે સમયે ઉત્તમરાજાના મામા ગાલવ ભક્ત ભગવાન શ્રીહરિની સમીપે આવી કહેવા લાગ્યા કે, હે ભગવાન્ રસોઇ તૈયાર થઇ ગઇ છે.[3] આ પ્રમાણેનું ગાલવ ભક્તનું વચન સાંભળી શ્રીહરિ તેજ ક્ષણે સર્વે સંતોને પારણાં કરવાની આજ્ઞા આપી, ત્યારે સર્વે સંતો પણ મુખ તથા હાથપગની શુદ્ધિ કરી પંક્તિબદ્ધ ભોજન કરવા બેઠા.[4]

હે રાજન્ ! મુનિપતિ શ્રીહરિએ શ્વેત સાકર તથા ઘી-થી યુક્ત પકવાન્નો, ખીર, પૂરી, વડાં આદિ અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજનો જમાડી તૃપ્ત કર્યા. ત્યારપછી મોટી ધર્મશાળામાં જવાની આજ્ઞા આપી.[5] અને સ્વયં શ્રીહરિ પણ પોતાના અક્ષરભવનમાં પધારી રસોઇ પકાવી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય ધરી

कृत्वाथ पाकं स्वगृहे निवेद्य कृष्णाय भुक्त्वोपविवेश यावत् ।
सत्सङ्गिनस्तत्र च तावदायन्ननेकदेशेभ्य उदारभावाः ॥ ६
प्राच्योदीच्याश्च पाश्चात्या दाक्षिणात्याः सहस्रशः । मध्यदेशीयलोकाश्च तत्राजग्मुरनेकशः ॥ ७
आग्नेया नैऋताश्चापि वायव्या अपि भूरिशः । भक्तास्तत्राययुर्हृष्टा ऐशानाश्च सहस्रशः ॥ ८
वृद्धाश्च तरुणा बालाः सधवाः विधवाः स्त्रियः । पतिव्रताधर्मरता भक्तिमत्यश्च धर्मजे ॥ ९
वाद्यघोषं प्रकुर्वन्त उच्चैर्गीतध्वनिं तथा । ध्वनिं च तालिकानां ते पौरांश्चक्रुः ससम्भ्रमान् ॥ १०
उच्चैर्घोषं तमाश्रुत्य भगवान्निजमन्दिरात् । बहिर्वेद्यामुपेत्यैव तस्थौ भक्तजनप्रियः ॥ ११
अत्युत्कण्ठास्तदीक्षायां ते तं प्राप्य निजं प्रभुम् । प्रणेमुः प्रेमविवशा बद्धाञ्जलिपुटा जनाः ॥ १२
औत्सुक्यसम्भ्रमात्केचित्कराभ्यां तं ववन्दिरे । केचिच्च प्रेमविवशा निपत्य भुवि दण्डवत् ॥ १३

---

વૈશ્વદેવ વિધિપૂર્વક પારણાં કરી મુખવાસ લઈ ઢોલિયા ઉપર વિરાજમાન થયા, ત્યારે દેશદેશાંતર નિવાસી ઉદાર ભાવનાવાળા સર્વે સત્સંગીઓ ગઢપુર પ્રત્યે આવવા લાગ્યા.[૬] હે રાજન્ ! કોઈક પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાએથી કોઈ મધ્યવર્તી દેશોમાંથી હજારો મનુષ્યોના સંઘ ગઢપુર આવ્યા.[૭] તેમજ અગ્નિ, નૈઋત્ય, વાયુ અને ઈશાન ખુણામાંથી હજારો ભક્તજનો હર્ષ પામતા ત્યાં આવ્યા.[૮] તેમાં શ્રીહરિને વિષે પ્રીતિવાળા કેટલાય બાળકો, યુવાનો અને વૃધ્ધો હતા અને શ્રીહરિને વિષે પ્રીતિવાળી સધવા અને વિધવા નારીઓ પણ હતી.[૯] હે રાજન્ ! દેશાંતરમાંથી આવતા સર્વે નરનારી ભક્તજનો ઉચ્ચ સ્વરે વાજિંત્રોનો નાદ, ઉચ્ચ સ્વરે ગવાતો કીર્તનોનો ધ્વનિ અને તાલીઓનો ધ્વનિ કરતા આવતા હતા, તેથી ગઢપુરવાસી જનોના ચિત્તને મહાન સંભ્રમ ઉપજાવતા હતા.[૧૦] ભક્તપ્રિય ભગવાન શ્રીહરિ પણ આ રીતે ઉચ્ચ સ્વરે થતા વાજિંત્રો અને કીર્તનોના મહાનાદને સાંભળી અક્ષર ભવનમાંથી બહાર આવી આંગણામાં નિંબતરુ નીચે વેદિકા ઉપર રહેલા સિંહાસન પર બિરાજમાન થયા.[૧૧]

**શ્રીહરિના કોઈ એક અંગમાત્રનાં દર્શનથી હરિભક્તોને થઈ સમાધિ :–** હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિનાં દર્શનની અતિશય ઉત્કંઠાવાળાં નાના મોટા સર્વે ભાઈ બહેનો પોતાના આત્મીય પ્રભુને મળી પ્રેમથી પરવશ થઈ બે હાથજોડી નમસ્કાર કરવા લાગ્યાં.[૧૨] કેટલાક ભક્તજનો હર્ષઘેલા થઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાનું ભૂલી જઇ કેવળ હાથ જોડી વંદન કરી એમને એમ સ્થિર ઊભા રહી જતા હતા. અને કેટલાક પ્રેમને વશ થઈ દંડવત્ પ્રણામ

नमनं केऽपि विस्मृत्य तन्मूर्तिं ददृशुश्चिरम् । यो योऽपश्यद्यद्यदङ्गं तत्र तत्र स सोऽलगत् ॥ १४
केचित्पादाङ्गुलीर्वीक्ष्य निमेषोन्मेषवर्जिताः । सद्यस्तत्र निरुद्धाक्षिवृत्तयः स्तम्भवद्बभुः ॥ १५
केचिद्गुल्फौ हरेर्वीक्ष्य रुद्धदृग्वृत्तयोऽभवन् । केचिज्जङ्घे समीक्ष्यैवं जानुनी वीक्ष्य केचन ॥ १६
ऊरु दृष्ट्वा प्रभोः केचिदुदरं च कटिं तथा । दृष्ट्वा तत्रैव चित्तस्य निरोधं प्रतिपेदिरे ॥ १७
विशालं हृदयं तस्य केचिद्वीक्ष्य स्तनावपि । श्रीवत्सचिह्नमालोक्य समाधिं प्रापुरात्मनः ॥ १८
आजानुबाहुयुगलं केचित्केचित्कराङ्गुलीः । प्रभोरालोक्य तत्रैव सद्यः प्रापुः स्थितिं जनाः ॥ १९
केचिद्भगवतो वीक्ष्य प्रसन्नं मुखपङ्कजम् । केचिद्विशाले नेत्रे च तत्र लीनहृदोऽभवन् ॥ २०
केचित्तु नासिकां तस्य कपोलौ श्रवसी नृप! । ललाटं भ्रुकुटिं केचिद्वीक्ष्य तत्र स्थितिं ययुः ॥ २१
केचिद्धरेः शिरो वीक्ष्य नानाशेखरराजितम् । तत्रैव नेत्रवृत्तीनां निरोधं प्रतिपेदिरे ॥ २२

**કરતા હતા ને નમસ્કાર કરવાનું ભૂલી જતા હતા અને લાંબા સમય સુધી શ્રીહરિની મૂર્તિનું નિર્નિમેષ દર્શન કરી એમને એમ જોઇ રહેતા હતા. તેમાં જે જે ભક્તજનોને ભગવાન શ્રીહરિનાં દર્શન કરતાં વેંત જે જે અંગમાં દૃષ્ટિ પ્રથમ પહોંચી તે અંગમાં જ સ્થિર થઇ ગઇ.**[૧૩-૧૪]

**હે રાજન્ ! કેટલાક ભક્તજનો નિમેષરહિત સ્થિર દૃષ્ટિથી ભગવાન શ્રીહરિના ચરણની આંગળીઓનાં દર્શન કરીને તે જ ક્ષણે નેત્રોની વૃત્તિનો નિરોધ થઇ જતાં થાંભલાની માફક અચળ થઇ શોભવા લાગ્યા.[૧૫] કોઇ ભક્તજનોને ઘુંટીના દર્શનમાત્રથી વૃત્તિનો નિરોધ થતો હતો, વળી કોઇને ભગવાન શ્રીહરિની જંઘાના દર્શન થતાં જ નેત્રોની વૃત્તિ સ્થિર થઇ ગઇ, કોઇને બન્ને જાનુ, સાથળ કે ઉદરને જોઇને તથા કેડને જોઇને તેમાંજ ચિત્તવૃત્તિનો નિરોધ થઇ ગયો.[૧૬-૧૭] હે રાજન્ ! કોઇ ભક્તજનોને ભગવાન શ્રીહરિના વિશાળ વક્ષઃસ્થળને નિરખીને તો કોઇને શ્રીવત્સના ચિહ્ન આદિ એક એક અંગને દેખીને સમાધિ થઇ જતી હતી.[૧૮] તો કોઇ ભક્તને જાનુ પર્યંત લાંબા હસ્તકમળને નીરખીને તો કોઇને હાથની આંગળીઓ કે પ્રસન્ન મુખકમળને જોઇને અને કેટલાકને વિશાળ નેત્રોને જોઇને સમાધિ થતી હતી.**[૧૯-૨૦]

**હે રાજન્ ! કેટલાક ભક્તજનોને ભગવાન શ્રીહરિની નાસિકા, બન્ને ગાલ, કાન, વિશાળ ભાલ અને ભ્રકુટીનાં દર્શન કરીને તે તે અંગમાં ચિત્તવૃત્તિ સ્થિર થતાં સમાધિને પામ્યા.[૨૧] કોઇ ભક્તો તો અનેક પ્રકારના પુષ્પોમાંથી બનાવેલા તોરા ધારણ કરેલી પાઘડીઓ યુક્ત મસ્તકનાં દર્શન કરી તેમાં સ્થિરવૃત્તિ થતાં સમાધિને પામ્યા.**[૨૨]

सोऽपि नारायणमुनिस्तदानीं करुणानिधिः । स्वमूर्तेर्दिव्यतैश्वर्ये सौन्दर्यं चाप्यदीदृशत् ॥ २३
अतः पश्यजनाः सर्वे तत्तदङ्गेऽस्य लेभिरे । सद्य एव निरोधं वै निजप्राणेन्द्रियात्मनाम् ॥ २४
स्वदृष्टाङ्गेतरत्वङ्गमशक्ता द्रष्टुमीशितुः । ते तदा चित्रलिखिता इवाऽऽसन्नचला जनाः ॥ २५
निर्विकल्पसमाधिं ते प्राप्ताः केऽप्यपतन्भुवि । केचित्तथैव तस्थुश्च निषेदुः केऽपि भूतले ॥ २६
इत्थं तदानीमाश्चर्यं महदासीज्जनागमे । देवाः सुविस्मिताश्चक्रुः पुष्पवृष्टिं मुदा हरौ ॥ २७
स्त्रियश्च पुरुषास्तेऽपि स्वहृत्सु स्फुरितं ततः । तेजःपुञ्जं समद्राक्षुः कोटिसूर्यसमप्रभम् ॥ २८
तमेव भगवन्तं च स्फुरन्तं तत्र वीक्ष्य ते । परिषस्वजिरे गाढं प्रापुश्चालौकिकं सुखम् ॥ २९
इच्छयैव हरेस्तेऽथ पुनर्लब्धबहिर्दृशः । तमेव वेद्यामासीनं ददृशुः प्रभुमादरात् ॥ ३०
आनन्दं लेभिरेऽत्यन्तं ते सर्वे हरिदर्शनात् । सद्योगतश्रमा आसन्हर्षापूर्णहृदो जनाः ॥ ३१

**હે રાજન્ ! કરુણાના સાગર ભગવાન શ્રીહરિએ પણ તે સમયે પોતાની મૂર્તિની દિવ્યતા, ઐશ્વર્યની પ્રભુતા અને સુંદરતાનું સર્વે ભક્તજનોને દર્શન કરાવ્યું.[૨૩]**

**હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિની અલૌકિક મૂર્તિનાં જે જે અંગોનાં ભક્તજનોએ દર્શન કર્યાં તે તે અંગમાં તત્કાળ મનની વૃત્તિ લીન થઈ ગઈ.[૨૪] પોતે પ્રથમ નિહાળેલા અંગ સિવાયના ભગવાન શ્રીહરિના અન્ય અંગનાં દર્શન કરવા અસમર્થ થયેલા સર્વે ભક્તજનો જાણે ભીંતમાં આલેખેલાં ચિત્રો ન હોય ? એમ સ્થિર થઈ ગયા.[૨૫] આ રીતે નિર્વિકલ્પ સમાધિને પામેલા કોઈ કોઈ ભક્તજનો પૃથ્વી પર ઢળી પડ્યા, કોઈ ત્યાં ને ત્યાં સ્થિર ઉભા રહ્યા અને કોઈ પૃથ્વી પર બેસી ગયા.[૨૬] હે રાજન્ ! દર્શન કરનારા મનુષ્યોને આવી નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થઈ તેજ અવસરે એક મોટું આશ્ચર્ય સર્જાયું કે મહોત્સવનાં દર્શન કરવા પધારેલા બ્રહ્માદિ દેવતાઓ વિસ્મય પામી ભગવાન શ્રીહરિ ઉપર અતિશય આનંદ સાથે નંદનવનના પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા.[૨૭] તે સમયે સમાધિમાં ગયેલા નરનારીઓ પોતપોતાના હૃદયાકાશમાં સ્ફુરાયમાન થયેલા કોટિ સૂર્યની સમાન ઉજ્જ્વળ તેજ પુંજને નિહાળવા લાગ્યા, અને તેજના પુંજને મધ્યે તેજોમય મૂર્તિ એવા સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિનાં દર્શન કરી તેમને ગાઢ આલિંગન આપી અલૌકિક મહા સુખને પામ્યા.[૨૮-૨૯]**

**હે રાજન્ ! આવી રીતે શ્રીહરિના દિવ્ય સંકલ્પથી સર્વે હરિભક્તો ફરી ભાનમાં આવ્યા ને બહાર વેદિકા ઉપર સિંહાસનમાં બેઠેલા એજ ભગવાન શ્રીહરિનાં આદરપૂર્વક દર્શન કરવા લાગ્યા.[૩૦] આ રીતનાં શ્રીહરિનાં દિવ્ય દર્શન થવાથી સર્વે ભક્તજનો અતિશય વિસ્મય સાથે આનંદ પામ્યા, અને તેમના અંતરમાં હર્ષ**

तेषामासंश्च कतिचित्पञ्चमासाध्वगा जनाः । चातुर्मास्याध्वगाः केचित्केचित्त्रैमासिकाध्वगाः ॥ ३२
मासद्वयाध्वगाः केचित्केचिन्मासाध्वगा अपि । ते सर्वेऽपि हरिं प्राप्य लेभिरे परमां मुदम् ॥ ३३
हरिश्च तान् गृहसुखं त्यक्त्वा कष्टेन भूयसा । स्वदर्शनार्थमायातान्मानयामास सादरम् ॥ ३४
स्वागतं कुशलं पृष्ट्वा स तान्वासार्थमादिशत् । वासस्थानानि तान्निन्युर्हरजित्प्रमुखास्ततः ॥ ३५
तस्मिन् दिने तु भक्तानां मुहुरागच्छतां प्रभुः । स्वदर्शनप्रदानार्थं तत्रैव न्यवसच्चिरम् ॥ ३६
तत्रागतानां नारीणां सन्मानं च यथोचितम् । जयारमादयश्चक्रुर्ललिता तु विशेषतः ॥ ३७
तत्रागतेभ्यो विप्रेभ्यो भिक्षुकेभ्यश्च सर्वशः । अध्वक्षीणधनेभ्यश्च हरिरन्नाद्यदापयत् ॥ ३८
पञ्चानां दिवसानां च तदैवामान्नमीश्वरः । घृतं सितां च काष्ठादि तेभ्योऽशेषमदापयत् ॥ ३९

---

**ઉભરાવાથી તે જ ક્ષણે માર્ગમાં ચાલવાના પરિશ્રમથી મુક્ત થયા.[૩૧] હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં દર્શને આવેલા તે ભક્તજનોની મધ્યે કેટલાક પાંચ માસ પર્યંત ચાલીને દુર્ગપુર પહોંચ્યા હતા. તો કેટલાક ચારમાસ, કેટલાક ત્રણ માસ, કેટલાક બે માસ, કેટલાક એક મહિનો ચાલીને ગઢપુર પહોંચ્યા હતા. આ રીતે શ્રીહરિનાં દર્શન કરી સર્વે પરમ આનંદ પામ્યા.[૩૨-૩૩]**

**શ્રીહરિએ ભક્તોને આપ્યો આવકાર :–** હે રાજન્ ! ઘરના વૈભવસુખનો ત્યાગ કરી બહુ કષ્ટ વેઠીને પોતાનાં દર્શને આવેલા સર્વે ભક્તજનોનો ભગવાન શ્રીહરિએ આદરસત્કાર કર્યો ને બહુમાન આપી બોલાવ્યા.[૩૪] સ્વાગત કુશળ સમાચાર પૂછી ત્યારપછી શ્રીહરિએ તેઓને ઉતારા કરવાનો આદેશ આપ્યો. તે સમયે હરજી ઠક્કર આદિ ભક્તજનો સર્વે ભક્તજનોને યોગ્ય નિવાસસ્થાનોમાં લઈ ગયા.[૩૫] અને શ્રીહરિ પણ ધનતેરસના દિવસે વારંવાર પોતાના દર્શને દેશાંતરમાંથી આવતા ભક્તજનોને પોતાનું દર્શન આપવા વેદિકા ઉપર રહેલા સિંહાસને જ બહુકાળ પર્યંત બેસી રહ્યા.[૩૬] તેમજ શ્રીહરિનાં દર્શન માટે દેશદેશાંતરમાંથી ગઢપુર આવતા સ્ત્રીભક્તજનોનું યથા યોગ્ય સન્માન જયાબા, રમાબા વિગેરે બહેનો કરતાં હતાં. પરંતુ વિશેષપણે લલિતાબા તેમાં ધ્યાન આપતાં હતાં કારણ કે અન્નકૂટોત્સવ તેના ભાગમાં આવતો હતો.[૩૭]

હે રાજન્ ! ગઢપુરમાં પધારેલા સર્વે બ્રાહ્મણો કે ભિક્ષુકોને તથા કોઈ પણ અન્નાર્થીને તથા માર્ગમાં ચાલતાં જે કોઈ ભક્તોની ખર્ચી ખૂટી ગઈ હોય તે સર્વે ગૃહસ્થભક્તોને પણ ભગવાન શ્રીહરિ ઉત્તમરાજા પાસે અન્નાદિ જે કાંઈ જરૂરત હોય તે અપાવતા હતા.[૩૮] તેમાં શ્રીહરિએ પાંચ દિવસ સુધી ચાલે તેટલું કાચું

क्षत्रवैश्याश्च शूद्राश्च सूतमागधबन्दिनः । वादकाद्याश्च ये तांस्तु नृपतेर्गृह आशयत् ॥ ४०
अश्वमारुह्य रात्रौ च भटैः कतिपयैर्वृतः । निवासान् सर्वभक्तानां स जगाम पृथक् पृथक् ॥ ४१
तेषां स्वास्थ्यं समापृच्छ्य यन्न्यूनं तददापयत् । वर्तितव्यं सावधानैरिति सर्वानशिक्षयत् ॥ ४२
अज्ञातः पुरुषः स्त्री वा निष्कास्यः स्वस्ववासतः । इति सर्वानुपादिश्य निजमन्दिरमाययौ ॥ ४३
दूरदेशागतानां च जनानां स्वार्पितात्मनाम् । मुमुक्षां प्रशशंसासौ सोमादीनां पुरः प्रभुः ॥ ४४
सम्भावनं कुर्वत एव नृणामागच्छतां सङ्घश आशु तस्य ।
निशस्तृतीयप्रहरान्त आसीत्संलक्षितः कुक्कुटकूजितेन ॥ ४५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे देशान्तरागतभक्तसन्माननामा नवमोऽध्यायः॥९॥*

---

અનાજ, ઘી, સાકર, કાષ્ઠ આદિ સર્વે સીધું બ્રાહ્મણોને અપાવ્યું.[૩૯] અને બાકીના ક્ષત્રિય, વૈશ્ય શૂદ્ર, સૂત, માગધ, બંદીજનો તથા વાજિંત્ર વગાડનારા સર્વ જનોને ઉત્તમરાજાના રાજભવનમાં જ ભોજન કરાવ્યાં.[૪૦] ભગવાન શ્રીહરિ રાત્રીએ અલંકૃત અશ્વ ઉપર આરુઢ થઇ કેટલાક પાર્ષદોની સાથે દેશ દેશાંતરમાંથી આવેલા સમસ્ત ભક્તજનોના જુદા જુદા નિવાસસ્થાને પધાર્યા અને તેઓના કુશળ સમાચાર પૂછીને જે કાંઇ અધૂરાશ જેવું લાગે તે સર્વે પૂર્ણ કરાવી આપી. અને સાવધાન રહેજો, ગાફલાઇ રાખશો નહિ, એવી ભલામણ કરી કહ્યું કે, તમારાથી અજાણ્યા નરનારીઓને તમારા ઉતારામાંથી બહાર કાઢી મૂકવા. આવી ભલામણ કરી પોતાના અક્ષરભુવનમાં પાછા પધાર્યા.[૪૧-૪૩]

હે રાજન્ ! ત્યારપછી સમર્થ ભગવાન શ્રીહરિએ દૂર દૂર દેશમાંથી પધારેલા અને પોતાને સમર્પિત થયેલા સર્વે ભક્તોની મુમુક્ષુતાની સોમલાખાચર આદિ પાર્ષદો આગળ ખૂબજ પ્રશંસા કરી. આવી રીતે અન્નકૂટોત્સવનાં દર્શન કરવા આવતા ભક્તજનોના સર્વે સંઘોનાં તત્કાળ યથાયોગ્ય સન્માન કરાવી યથાયોગ્ય ઉતારાની વ્યવસ્થા કરાવવામાં વ્યસ્ત રહેલા શ્રીહરિએ કુકડાઓના બોલવા ઉપરથી જાણ્યું કે રાત્રીનો ત્રીજો પહોર પૂર્ણ થયો છે.[૪૪-૪૫]

**આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીયપ્રકરણમાં અન્નકૂટોત્સવમાં દેશાંતરમાંથી પધારતા ભક્તજનોનાં દર્શન સન્માનનું વર્ણન કર્યું એ નામે નવમો અધ્યાય પૂર્ણ થયો. –૯–**

दशमोऽध्यायः - १०

सुव्रत उवाच

किञ्चित्सुप्त्वा तदा स्वामी सहसा पुनरुत्थितः । कृत्वा स्नानविधिं चक्रे नित्यकर्मादरान्नृप ! ॥ १
चतुर्दश्या अपि दिनं प्रातरारभ्य पूर्ववत् । आगच्छतो निजान् भक्तांस्तस्य तोषयतो ह्यगात् ॥ २
दीपोत्सवदिने सोऽथ मङ्गलस्नानमीश्वरः । अरुणोदयवेलायां कृत्वा नैत्यकमाचरत् ॥ ३
वर्तुले तूलपटके निषसाद ततः क्षणम् । चकार पूजनं तस्य नैत्यकं चोत्तमो नृपः ॥ ४
तावच्च नूत्नवस्त्राणां कक्षे संछन्नपोटलीम् । मयरामः शीघ्रगतिर्गृहीत्वागच्छदुत्सुकः ॥ ५
तं दृष्ट्वा प्रहसन्प्राह हरिर्भट्ट! किमाहृतम् । तमाह नूत्नवस्त्राणि सन्तीमानीति स द्विजः ॥ ६
प्रीतये सर्वभक्तानां तानि जग्राह स प्रभुः । कौसुम्भं पटकं शीर्ष्णि बबन्ध मुकुटाकृति ॥ ७

# અધ્યાય - ૧૦

## ધનતેરસની જેમ ભગવાન શ્રીહરિનો ચૌદશનો દિવસ પણ ભક્તજનોની આગતા સ્વાગતામાંજ પસાર થયો. દિવાળીને દિવસે શ્રીહરિએ નવાં વસ્રો ધારણ કર્યાં.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીસહજાનંદ સ્વામી એ રાત્રીના ચોથા પહોરમાં થોડી યોગનિદ્રાનો સ્વીકાર કરી ફરી તત્કાળ જાગ્રત થયા ને સ્નાનવિધિ કરી સંધ્યાવંદન જપ, તર્પણાદિ નિત્યકર્મ આદરપૂર્વક પૂર્ણ કર્યું.[૧] શ્રીહરિનો આજે ચૌદશનો આખો દિવસ પણ ગઈ કાલની જેમ જ પ્રાતઃકાળથી આરંભીને રાત્રી પર્યંત દેશાંતરથી આવતા પોતાના ભક્તજનોને સત્કાર સન્માનાદિકથી સંતોષ પમાડી ઉતારા આદિકની વ્યવસ્થા કરવામાં જ પૂર્ણ થયો.[૨] હે રાજન્ ! ત્યારપછી પરમેશ્વર શ્રીહરિ દીપાવલીને દિવસે અરુણોદયનો સમય થતાં મંગલસ્નાન કરી નિત્યકર્મ પૂર્ણ કર્યું.[૩] પછી શ્રીહરિ ગોળ ચાકળા ઉપર એક ક્ષણ માટે બેઠા અને ઉત્તમરાજા પોતાના દરરોજના નિયમ પ્રમાણે નિત્યવિધિ કર્મમાં શ્રીહરિનું ચંદન, પુષ્પાદિ ઉપચારોથી પૂજન કર્યું.[૪] તે સમયે જયાબા અને લલિતાબાની પ્રેરણાથી ઉતાવળી ગતિએ ચાલતા મયારામભટ્ટ નવાં વસ્ત્રોની પોટલી પોતાની કાખમાં ભરાવી અત્યંત ઉત્સાહની સાથે ભગવાન શ્રીહરિની સમીપે આવ્યા. તેને જોઈ શ્રીહરિ હસતાં હસતાં પૂછવા લાગ્યા કે, હે ભટ્ટજી ! આ કાખમાં ભરાવીને શું લાવ્યા ? ત્યારે મયારામ વિપ્ર કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! આ

स्वर्णबुट्टं शोणवर्णं पर्यधादङ्गरक्षकम् । बबन्ध स्वर्णपटकं ततः कटितटे प्रभुः ॥ ८
ततश्चाकारयामास सर्वान्निजजनान्विभुः । कृतनित्यविधानास्ते तत्र सर्वे समाययुः ॥ ९
अधस्तान्निम्बवृक्षस्य भगवद्वेदिकामनु । आगत्य मुनयस्तस्थुर्गृहिणश्चाभितो मुनीन् ॥ १०
आगत्य तत्र योषाश्च योषित्सदसि सर्वशः । तस्थुः प्रतीक्षमाणा वै तत्र नारायणागमम् ॥ ११
पौराणिकाः शास्त्रिणश्च वैदिकास्तान्त्रिकास्तथा । तस्थुस्तत्रागत्य विप्रा नैष्ठिका ब्रह्मचारिणः ॥ १२
गायकाः शतशस्तत्र शतशो वाद्यवादकाः । आगत्य च नटा मल्लास्तस्थुः सूताश्च बन्दिनः ॥ १३
सर्वेऽपि ते समागत्य हरेरागमनं बहिः । प्रतीक्षमाणास्तस्थुर्वै तावत्तत्रागमत्प्रभुः ॥ १४

---

નવાં વસ્ત્રો છે. લ્યો ધારણ કરો.[૫-૬] ભગવાન શ્રીહરિએ સર્વ ભક્તજનોની ઈચ્છાને માન આપી સૌને રાજી કરવા તે નવાં વસ્ત્રોનો સ્વીકાર કર્યો અને કસુંબલ રંગથી રંગેલો પટકો મસ્તક પર બાંધ્યો, ત્યારપછી સુવર્ણના બુટ્ટાવાળું લાલ રંગનું અંગરખું ધારણ કર્યું અને કેડ ઉપર સુવર્ણના તારે ભરેલો સુંદર પટકો તાણીને બાંધ્યો.[૭-૮]

હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિએ પોતાના નિત્યકર્મોમાંથી પરવારી પોતાનાં દર્શનની રાહ જોઈ રહેલા સર્વે સંતો તથા ભક્તજનોને બોલાવ્યા. ત્યારે સર્વે સંતો ભક્તજનો ઉત્તમરાજાના દરબારમાં પધાર્યા.[૯] અને નિંબતરુ નીચે સદાય શ્રીહરિને બેસવાની વેદિકાની સમીપે પ્રથમ સમસ્ત સંતો આવીને શ્રીનારાયણ ભગવાનની સભામાં આવવાની રાહ જોઈને ઊભા રહ્યા. અને સંતોની ફરતે સર્વે ગૃહસ્થ ભક્તજનો અને તેની ફરતે બહેનોની સભામાં સર્વે સ્ત્રીભક્તનો પણ મર્યાદા પૂર્વક નારાયણ ભગવાનને આવવાની રાહ જોઈને ઊભા રહ્યાં.[૧૦-૧૧] તેમજ શ્રીમદ્ભાગવતાદિ પુરાણોની કથા કરનારા પુરાણીઓ, વેદાંતાદિ શાસ્ત્રોને ભણેલા શાસ્ત્રીઓ, વેદવિદ્યાનો અભ્યાસ કરનારા વૈદિકો તથા નારદપંચરાત્ર આદિ સત્શાસ્ત્રની વિદ્યાને જાણનારા વિદ્વાન વિપ્રો અને નૈષ્ઠિક બ્રહ્મચારી એવા સર્વે વર્ણિઓ પણ ત્યાં સભામાં આવી પોતપોતાની યોગ્ય જગ્યા ઉપર શ્રીનારાયણ ભગવાનના આગમનની રાહ જોઈને ઊભા રહ્યા.[૧૨] અને બીજા ગાયકવૃંદો, વાજિંત્રો વગાડવામાં નિપુણ પુરુષો, નટો, મલ્લો, સૂત અને બંદિજનો આ સર્વે સેંકડોની સંખ્યામાં આવીને ઊભા રહ્યા.[૧૩]

**શ્રીહરિની રાજાધિરાજની શોભાનું વર્ણન :–** હે રાજન્ ઉપરોક્ત સર્વે સંતો-ભક્તજનો શ્રીહરિના આવવાની રાહ જોઈ રહ્યા હતા તે સમયે સમર્થ પ્રભુ શ્રીહરિનું આગમન થયું. શ્રીહરિનાં દર્શન થતાંની સાથે જ હર્ષથી સર્વેનાં

तं विलोक्य जनाः सर्वे हर्षोत्फुल्लाननाशयाः । जयेति घोषं तुमुलं प्रणम्य नृप! चक्रिरे ॥ १५
आनन्दयन् भक्तजनान् हरिर्निम्बतरोरधः । वेद्यां सिंहासनवरे निषसाद तदैव सः ॥ १६
सितातपत्रमर्काभं सोमस्तच्छीर्ष्ण्यधारयत् । भगवन्मुखकान्त्या तन्नितरां शुशुभे तदा ॥ १७
भृगुजिच्चालयश्चोभौ रत्नदण्डे मनोहरे । गृहीत्वा चामरे तत्र वीजयामासतुः प्रभुम् ॥ १८
सूरो नाथश्च भगवत्पार्श्वयोः संस्थितावुभौ । प्रभुं तं तालवृन्ताभ्यां वीजयामासतुस्तदा ॥ १९
उशीरव्यजनं रम्यं गृहीत्वा हेमदण्डकम् । उत्तमः पार्श्वसंस्थश्च वीजयामास तं प्रभुम् ॥ २०
मुकुन्दो वर्णिराट् तस्य समीपे नक्तकं दधत् । तस्थौ प्रतीक्षमाणश्च निदेशं तस्य किञ्चन ॥ २१
दौवारिकः स्वर्णयष्टिर्जयेत्युच्चैर्वदन् प्रभोः । अग्रे कुबेरसिंहाख्यस्तस्थौ कार्यनिवेदकः ॥ २२
पार्षदप्रवराश्चान्ये क्षत्रवीरा महाभटाः । आज्ञाकराः प्रभोस्तस्थुः परितः शतशस्तदा ॥ २३

---

મુખકમળો ખીલી ઉઠ્યાં અને આનંદથી હૃદય ભરાયાં ને નમસ્કાર કરી જયજયકારનો તુમુલ ઘોષ કરવા લાગ્યા.[૧૪-૧૫] ભગવાન શ્રીહરિ પણ ભક્તજનોને આનંદ ઉપજાવતા નિંબતરુની નીચે વેદિકા ઉપર સ્થાપન કરેલા સિંહાસન પર બિરાજમાન થયા.[૧૬] હે રાજન્ ! તે સમયે સોમવર્મા પાર્ષદ ભગવાન શ્રીહરિના મસ્તક ઉપર સૂર્યની સમાન તેજસ્વી શ્વેત છત્ર ધારણ કર્યું તે છત્રની ઉપર શ્રીહરિના મુખકમળનાં કીરણો પડવાથી અતિશય શોભવા લાગ્યું.[૧૭] ભગુજી તથા અલૈયા નામના બન્ને પાર્ષદો રત્નજડીત દંડ યુક્ત મનોહર ચામર હાથમાં લઈ ભગવાન શ્રીહરિ ઉપર ઢોળવા લાગ્યા.[૧૮] સુરવર્મા અને નાંજવર્મા આ બન્ને પાર્ષદો શ્રીહરિની બન્ને પડખે ઊભા રહી ચિત્રથી રમણીય વીંજણાવડે પવન ઢોળવા લાગ્યા.[૧૯] અને ઉત્તમરાજા પણ શ્રીહરિની સમીપે જ ઊભા રહી સુવર્ણના દંડથી અલંકૃત કરેલ વીરણનો વીંજણો લઈ ધીરે ધીરે સુગંધ ઢોળવા લાગ્યા.[૨૦]

હે રાજન્ ! વર્ણીરાજ મુકુન્દ બ્રહ્મચારી હાથમાં મુખમાર્જનનું રૂમાલ ધારણ કરી શ્રીહરિની કોઈ પણ આજ્ઞાની પ્રતિક્ષા કરતા સમીપે ઊભા રહ્યા. શ્રીહરિની આજ્ઞાનું ભક્તજનોને નિવેદન કરતા અને ભક્તોની વિનંતીનું શ્રીહરિને નિવેદન કરતા સુવર્ણની છડી લઈને છડીદાર કુબેરસિંહજી ભગવાન શ્રીહરિના નામનો ઉચ્ચ સ્વરે જયજયકારનો ધ્વનિ કરી છડી પોકારતા શ્રીહરિની આગળ ઊભા રહ્યા.[૨૧-૨૨] વળી વિનયપૂર્વક સદાય શ્રીહરિની આજ્ઞામાં વર્તતા બીજા અનેક ક્ષત્રિય મહાવીરો તેમજ સેંકડો રતનજી આદિ પાર્ષદ વર્યો શ્રીહરિની ચારેબાજુ આવીને ઊભા રહ્યા.[૨૩]

ततोऽपश्यज्जनानेव भगवान् परितः स्थितान् । उद्वेलं सागरमिव सोत्कण्ठान्निजदर्शने ॥ २४
अन्योन्येषामुपरि तान् पततो धनसंस्थितीन् । नृपतेरङ्गणेऽपश्यदसंख्याताञ्जनान् हरिः ॥ २५
बहिःशालासु च जनान् गर्भागारेषु च स्थितान् । छदिष्षु च चतुष्केषु बहिर्वेदिषु चैक्षत ॥ २६
वलभीषु तथाट्टेषु चन्द्रशालासु च स्थितान् । मन्दुरासु च चैत्येषु प्राकारे गोपुरोपरि ॥ २७
आरुह्य च द्रुमानुच्चान्मूलादग्रावधि स्थितान् । पुरश्च पार्श्वयोः पश्चाज्जनान्वीक्ष्य जहास सः ॥ २८
तालिकां वादयित्वाथ हरिः स्थापनमुद्रया । उपावीविशदात्मीयान्सर्वांस्तांल्लक्षशो जनान् ॥ २९
कृतमौनास्तत्क्षणं ते निषेदुश्च व्यवस्थया । स्त्रियः स्त्रीमण्डलेष्वेव पुमांसः पुरुषेषु च ॥ ३०
निषेदुर्मुनयस्तत्र मुनीनां मण्डलेषु च । ब्राह्मणा ब्राह्मणेष्वेव वर्णिनो वर्णिमण्डले ॥ ३१
गृहस्थेषु गृहस्थाश्च वृद्धा वृद्धेषु सर्वशः । विद्वद्यूथेषु विद्वांसः शिल्पज्ञाः शिल्पवित्सु च ॥ ३२

---

**શ્રીહરિના દર્શને માનવમહાસાગર ઉમટ્યો :–** ત્યાર પછી ભગવાન શ્રીહરિ જાણે માનવનો મહાસાગર ઉમટ્યો હોય તેમ પોતાની ચારે બાજુએ ઊભા રહી પોતાનાં દર્શનની અત્યંત ઉત્કંઠા ધરાવતા ભક્ત સમુદાયને નિહાળવા લાગ્યા.[૨૪] તે સમયે એક બીજા ઉપર પડતા આખડતા મોટા ભક્તસમુદાયની ભીડ ઉત્તમરાજાના આંગણામાં શ્રીહરિએ જોઇ.[૨૫] સભાસ્થાનમાં જગ્યા ન મળતાં પોતાનાં દર્શનની ઉત્કંઠાને લીધે ઓસરી, ઓરડા, પડાળ, ચોક, ઓટલીઓ, છજાં, મેડીયો, અગાશીયો, ઘોડશાળ, ચકલાં, કોટ અને ગોપુર ઉપર રહેલા મનુષ્યોને શ્રીહરિએ જોયા.[૨૬-૨૭] તથા અતિશય ઊંચા પીંપળા, લીંબડા વગેરે વૃક્ષોના મૂળથી આરંભીને ટોચ પર્યંત રહેલા તથા પોતાની આગળ પાછળ અને બન્ને બડખાના ભાગમાં સર્વત્ર મોટા ભક્તસમુદાયને નિહાળી આ સર્વેને મારાં દર્શનની કેટલી ઉત્કંઠા છે, એવું વિચારી ભગવાન શ્રીહરિ મંદ મંદ હાસ્ય કરવા લાગ્યા.[૨૮]

હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિએ તાલી બજાવી પોતાના લક્ષાવધી ભક્તજનોને હાથના ઈશારે નીચે બેસવાનો આદેશ કર્યો.[૨૯] તે જ ક્ષણે ઘડીનો પણ વિલંબ કર્યા વગર ભગવાન શ્રીહરિના સંકલ્પરૂપ ઐશ્વર્યથી સર્વે ભક્તજનો મૌન ધારણ કરી વ્યવસ્થિત રીતે પોતપોતાની મર્યાદામાં સ્ત્રીઓ સ્ત્રીઓની સભામાં અને પુરુષો પુરુષોની સભામાં બેસી ગયા.[૩૦] તેમજ વૃદ્ધો વૃદ્ધોમાં, સંતો, બ્રાહ્મણો, બ્રહ્મચારીઓ, વિદ્વાનો, પાર્ષદો, ગૃહસ્થો સર્વે પોતપોતાની સભામાં મૌન ધારણ કરી શાંતિથી બેસી ગયા[૩૧-૩૨] ત્યારે ભગવાન શ્રીહરિએ અનેક પ્રકારનાં વાજિંત્રોને

तूष्णीं तेषूपविष्टेषु निजभक्तेषु स प्रभुः । आजिज्ञपद्वादकांश्च सज्जीभूय चिरस्थितान् ॥ ३३
ते च तासादिवाद्येषु यद्यत्स्वकरकौशलम् । तदानीं दर्शयामासुस्तत्तत्सर्वमशेषतः ॥ ३४
प्रशशंस हरिस्तांश्च दृष्ट्वा तत्करलाघवम् । ततोऽपश्यत्सभासंस्थान्नैकदेशागताञ्जनान् ॥ ३५
तेषां ये ये येषु येषु मुख्या देशेषु तान्प्रभुः । तत्तद्देशीयवृत्तान्तं प्रष्टुमाह्वास्त संसदि ॥ ३६
ते सद्य उत्थाय सहर्षमेव क्षमापते! तं समया समेत्य ।
प्रणम्य च प्राञ्जलयः पुरस्तात्तस्थुस्तदीयाननचन्द्रनेत्राः ॥ ३७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे सभोपवेशनवर्णननामा दशमोऽध्यायः॥१०॥*

---

સજ્જ કરી આજ્ઞાની રાહ જોઈને બહુ સમયથી બેસી રહેલા ગાયકવૃંદને વાજિંત્ર વગાડવા પૂર્વક ગાવાની આજ્ઞા આપી.[૩૩] તેથી સર્વે ગાયકો પોતાનાં વાજિંત્રોને વગાડવાની સાથે પોતાના સ્વરનું અને હસ્તકલાનું કૌશલ્ય શ્રીહરિને દેખાડી ખુશ કર્યા.[૩૪]

હે રાજન્ ! ત્યારે ભગવાન શ્રીહરિએ તેના હસ્તવાદનની ચતુરાઈ જોઈ તે સર્વે કલાકોરોની ખૂબજ પ્રશંસા કરી, અને સભામાં બેઠેલા દેશાંતરવાસી ભક્તજનોને પ્રેમભરી દૃષ્ટિથી નિહાળવા લાગ્યા.[૩૫] અને જે જે દેશના ભક્તોની મધ્યે જે જે ભક્તજનો મુખ્ય મુખ્ય હતા, તેને તેમના દેશમાં થતી સ્વસંપ્રદાય સંબંધી વાર્તા પૂછવા સભામાં પોતાની સમીપે બોલાવ્યા.[૩૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે સમસ્ત આગેવાન ભક્તજનો ભગવાન શ્રીહરિના બોલાવવાથી અતિશય ખુશ થયા અને તેજ ક્ષણે જ્યાં હતા ત્યાંથી ઊભા થઈ શ્રીહરિની સમીપે આવી બે હાથ જોડી નમસ્કાર કરી ચકોર પક્ષીની જેમ શ્રીહરિના મુખચંદ્રને જોતા સ્થિર ઊભા રહ્યા.[૩૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં દીપાવલીને દિવસે સુંદર સભાનું નિરૂપણ કર્યું એ નામે દશમો અધ્યાય પૂર્ણ થયો. --૧૦--***

---

## एकादशोऽध्यायः - ११

**सुव्रत उवाच-**

तान्मानयित्वा भगवान्निजभक्तान्विचक्षणान् । श्रृण्वतां सर्वलोकानां पप्रच्छ विनयानतान् ॥ १

**श्रीनारायणमुनिरुवाच-**

युष्मद्देशेषु मेऽथैषां त्यागिनां गृहिणां जनाः! । मदाश्रितानां स्त्रीणां च कीदृश्यस्ति जनश्रुतिः ॥ २
जना मद्विमुखा ये ते लौकिकानां सतां तथा । वार्तामात्मगुरुणां च कुर्वते कीदृशीं भुवि ॥ ३

**सुव्रत उवाच-**

इति पृष्टा भगवता ते तमूचुर्यथाश्रुतम् । यथादृष्टं च नृपते ! वृत्तान्तं स्वस्वदेशजम् ॥ ४

**जना ऊचुः-**

भगवन्नस्मदीयेषु देशेषु विमुखा अपि । जना यथा वदन्ति त्वां तथैव ब्रूमहे वयम् ॥ ५

---

## અધ્યાય - ૧૧

### ભગવાન શ્રીહરિએ દેશદેશાંતરમાં થતી પોતાના સંપ્રદાય સંબંધી લોકવાયકા ભક્તજનોને પૂછી અને ભક્તજનોએ તે કહી સંભળાવી.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વિનયથી નમ્ર થયેલા તેમજ લોક વ્યવહાર અને શાસ્ત્ર વ્યવહારમાં વિચક્ષણ એવા સર્વે ભક્તજનોને બહુમાન આપી ભગવાન શ્રીહરિ સર્વ સભાસદોને સાંભળતાં પૂછવા લાગ્યા.[૧]

ભગવાન શ્રીનારાયણ મુનિ પૂછે છે, હે ભક્તજનો ! તમારા દેશોમાં મારે વિષે લોકો શું શું વાતો કરે છે ? તેમ જ આપણા ત્યાગી સંતો, ગૃહસ્થ ભક્તજનો તથા સધવા વિધવા સ્ત્રી ભક્તજનો વિષે સામાન્ય સર્વે લોકો કેવી કેવી વાતો કરે છે ?[૨] તથા પૃથ્વીપર મારાથી વિમુખ જે જનો છે તે બીજા લૌકિક સાધુઓની તથા પોતાના ગુરુઓની કેવી કેવી વાતો કરે છે ?[૩] સુવ્રતમુનિ કહે છે, હે રાજન ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પૂછ્યું તેથી જે ભક્તજનને જે લોકવાયકા સાંભળવા મળી હતી કે પોતાની નજરે પોતે જે અનુભવી હતી તે તે સમગ્ર પોતપોતાના દેશમાં થઇ રહેલી વાર્તા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા.[૪]

ભક્તજનો કહે છે, હે ભગવાન્ ! અમારા દેશમાં વિમુખજનો પણ તમારે વિષે જે જે પ્રકારે વાતો કરે છે તે તમને અમે જણાવીએ છીએ.[૫] હે પ્રભુ ! વિમુખજનો એમ કહેતા હોય છે કે અત્યારે ધરતી પર નારાયણમુનિને ધન્ય છે. કારણ કે એ

धन्यो नारायणमुनिः साम्प्रंत धरणीतले । भक्तिज्ञानविरागाढ्यं सद्धर्मं पाति योऽखिलम् ॥ ६
गृहिभिन्नाश्रमस्थान् यस्त्यागिनो विधवास्तथा । सन्धारयत्यष्टविधं ब्रह्मचर्यं सुदुर्धरम् ॥ ७
यस्त्याजयति तान् कामं येन कामेन मोहिताः । विद्वांसोऽपि सगोत्राः स्त्रीर्गच्छन्ति पशवो यथा ॥ ८
यस्त्याजयति तान् द्रव्यं यल्लोभेन बुधा अपि । स्वबन्धूंश्चापि मित्राणि घ्नन्त्यन्यैर्घातयन्ति च ॥ ९
यश्च स्वामी रसास्वादं तांस्त्याजयति वै सतः । जायन्ते यद्वशा एव कामोद्वृत्ता हि पुरुषाः ॥ १०
स्वतश्च नीचजातीनामश्नन्त्यन्नादि येन च । विह्वला वर्णसाङ्कर्यं कुर्वते पुरुषा भुवि ॥ ११
यश्च त्याजयति स्वामी स्नेहं स्वान्वपुरादिषु । नरकान्प्रेतभावं च यद्वशाद्यान्ति मानवाः ॥ १२
यत्र यत्र भवेत्स्नेहो देहिनामिह वस्तुनि । ताद्रूप्यं तस्य तस्य स्यात्तादृक् स्नेहो हि हाप्यते ॥ १३
यः स्वामी मानमत्यर्थं हापयत्यात्मनः सतः । गुरुन्साधूनपि प्राज्ञा मन्यन्ते नैव यद्वशाः ॥ १४

---

સહજાનંદ સ્વામી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત સમગ્ર એકાંતિક ધર્મનું રક્ષણ કરી રહ્યા છે.[૬] એ નારાયણમુનિ છે તે ગૃહસ્થાશ્રમી સિવાયના અન્ય આશ્રમવાળા વાનપ્રસ્થ કે સંન્યાસી કે વિધુર પુરુષને આ કલિયુગમાં દુષ્કર એવું અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્યવ્રત પાલન કરાવે છે.[૭] વળી એ નારાયણમુનિ જે કામદેવના મોહમાં આવી વિદ્વાન પુરુષો પણ પશુઓ સાથે કે પોતાના ગોત્રની સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરે છે, એવા પ્રબળ કામનો પોતાના આશ્રિત સાધુજનો પાસે ત્યાગ કરાવી દીધો છે.[૮] અને જે ધનના લોભથી વિવેકી જનો પણ પોતાના ભાઇ, મિત્ર આદિની હત્યા કરાવે છે તે લોભ દોષનો એ સ્વામિનારાયણ પોતાના આશ્રિતો પાસે સદંતર ત્યાગ કરાવે છે.[૯]

વળી લોકો કહે છે કે, જે રસાસ્વાદને અધીન થઇ મોટા મુનિઓ પણ કામવિહ્વળ થાય છે તેમજ પોતાનાથી નીચ જાતિનું અગ્રાહ્ય અન્ન ભક્ષણ કરી જગતમાં વર્ણસંકરતા પેદા કરે છે તેવા ભયંકર રસાસ્વાદને સહજાનંદ સ્વામી પોતાના આશ્રિતો પાસે ત્યાગ કરાવે છે.[૧૦-૧૧] વળી મનુષ્યોને પોતાના શરીર અને શરીરના સંબંધમાં આવતી જે કોઇ વસ્તુમાં સ્નેહ રહી જવાથી રૌરવનરકની પ્રાપ્તિ થાય છે. તથા ભૂત પ્રેત આદિની યોનિ પ્રાપ્ત થાય છે, તે સ્નેહદોષનો સહજાનંદ સ્વામી પોતાના આશ્રિતજનો પાસે ત્યાગ કરાવે છે.[૧૨-૧૩] વળી લોકો કહે છે કે, જે માનદોષને કારણે શાસ્ત્રવેત્તા પુરુષો પણ પોતાના ગુરુની કે સાધુપુરુષોની અવગણના કરે છે તથા જે માનથી મનુષ્યો પોતાનું પાપ ગુપ્ત રાખે છે અને પોતાના આત્માની શુદ્ધિ માટે પણ નિષ્કપટ ભાવે સાધુપુરુષોની આગળ પણ જણાવી

मानेनैवात्मनः पापं साधूनां पुरतो नराः । न निष्कपटभावेन कथयन्त्यात्मशुद्धये ॥ १५
मानाद्धि जायते क्रोधो निर्दयो हिंस्रवृत्तिकृत् । अवाच्यवाचकः स्वस्य परेषां चापि घातकः ॥ १६
ईदृग्मानविहीना हि सन्तो यस्य परैः कृतम् । धूलिक्षेपं ताडनं च सहन्ते दुर्वचांसि च ॥ १७
धन्य एवास्त्यतः स्वामी सत्योऽसावेव सद्गुरुः । न महान् पुरुषः कश्चिद्वर्तते हीदृशो भुवि ॥ १८
धन्याश्च साधवस्तस्य ये धर्मान् स्वगुरूदितान् । प्रयता ब्रह्मचर्यादीन् पालयन्ति निरन्तरम् ॥ १९
धन्या गृहस्था अपि ते स्वामिनं समुपाश्रिताः । स्वसृमातृसमा ये तु जानन्ति परयोषितः ॥ २०
स्पर्शनं विधवास्त्रीणां गृहिणोऽपि कदाचन । विनाऽऽपदं न कुर्वन्ति स्वमात्रापि रहःस्थितिम् ॥ २१
भङ्गां गञ्जं चाहिफेनं मद्यमत्स्यामिषाणि च । अभक्ष्यं नैव भक्षन्ति न्यायार्जितधनाश्च ये ॥ २२
अदत्तं नैव गृह्णन्ति तृणाद्यपि परस्य ये । घातं स्वपरयोर्नैव ये विपद्यपि कुर्वते ॥ २३

---

શક્તા નથી, તેમજ જે માનને કારણે માણસ નિર્દય થઈ હિંસા આચરે છે, ન બોલવાનું બોલે છે. જેનાથી પોતાની અને પારકાની ઘાત થાય તેવો ક્રોધ ઉત્પન્ન થાય છે, તેવા જબર માનદોષને સ્વામિનારાયણ પોતાના આશ્રિત સાધુપુરુષો પાસે છોડાવે છે.[૧૪-૧૬] એટલું જ નહિ આવા માનદોષને ત્યાગ કરીને વર્તતા તેમના સંતોને દુર્જન પુરુષો માર મારે, માથે ધૂળ ઉડાવે, ગાળો દે, દુર્વચનો બોલે, છતાં પણ સહન કરીને પૃથ્વી પર વિચરે છે.[૧૭] એથી સહજાનંદ સ્વામીને ધન્ય છે. અને તે સહજાનંદ સ્વામી જ સાચા સદ્‌ગુરુ છે, અત્યારે એમની સમાન સાચા સદ્‌ગુરુ કે મહાપુરુષ અન્ય કોઈ નથી. એ પૂર્ણ સત્ય વાત છે.[૧૮]

વળી તે લોકો કહે છે કે, સ્વામિનારાયણના સાધુઓને પણ ધન્ય છે કે પોતાના ગુરુ સ્વામિનારાયણે કહેલા બ્રહ્મચર્યાદિક ધર્મોનું યથાર્થપણે નિયમમાં તત્પર થઈ પાલન કરે છે.[૧૯] અને સ્વામીના આશ્રિત ગૃહસ્થ ભક્તજનોને પણ ધન્ય છે કે, જે ગૃહસ્થો પરસ્ત્રીને તો પોતાની માતા અને બહેન માનીને વર્તે છે.[૨૦] તે ગૃહસ્થજનો વિધવા સ્ત્રીઓનો ક્યારેય પણ સ્પર્શ કરતા નથી. એટલું જ નહિ આપત્કાળ પડ્યા વિના તો પોતાની માતા, બહેન અને દીકરી સાથે પણ એકાંત સ્થળમાં રહેતા નથી.[૨૧] એ સ્વામીના આશ્રિત ગૃહસ્થો ભાંગ, ગાંજો, અફીણ, મદ્ય, દારુ, મત્સ્યાદિનું માંસ ભક્ષણ કરતા નથી. એ સિવાયની બીજી અભક્ષ્ય વસ્તુનું પણ ભક્ષણ કરતા નથી કે અપેય વસ્તુનું પાન કરતા નથી. ગૃહસ્થજનો ન્યાય અને નીતિથી જ ધન સંપાદન કરે છે.[૨૨] સ્વામીના ગૃહસ્થ ભક્તજનો કોઈ માલિકે નહી આપેલા પારકા તૃણ કાષ્ઠાદિક વસ્તુઓનો ક્યારેય સ્વીકાર કરતા

गुरोर्दृढाप्तज्ञानत्वान्मोक्षार्थमपि नैव ये । शास्त्रोक्तभृगुतुङ्गाद्यैस्तित्यक्षन्ति वपूंषि वै ॥ २४
इत्थं दृढधियो धीरास्तच्छिष्या गृहिणो नराः । वर्तमानास्तदाज्ञायां सन्ति धन्या भुवस्तले ॥ २५
स्त्रियश्चैषामपि पतिं निजमेकं विनापरान् । जानन्ति पुरुषान् स्वीयपितृभ्रातृसमान्किल ॥ २६
याश्च तं स्वामिनं नार्यो विधवाः समुपाश्रिताः । ता ब्रह्मचर्यमष्टाङ्गं पालयन्त्यगृहा इव ॥ २७
धनुर्मानान्तरेणैव पुम्भ्यो गच्छन्ति दूरतः । न भाषन्ते च पुरुषैः पितृभ्रातृसुतान्विना ॥ २८
सत्सङ्गिनः स्वपित्रादेर्वार्तां श्रृण्वन्ति या हरेः । चलन्ति सह तेनैव मार्गेऽप्यन्यैर्न कर्हिचित् ॥ २९
पित्रादिनापि साकं ता न तिष्ठन्ति रहःस्थले । एवं हि सर्वा विधवा वर्तन्ते स्वाम्युपाश्रिताः ॥ ३०
सर्वेऽत्येते तयोऽम्ब्वाज्यं न पिबन्ति ह्यगालितम् । व्रतान्येकादशीजन्माष्टम्यादीनि च कुर्वते ॥ ३१

---

**નથી. તેમજ આપત્કાળમાં પણ પોતાની કે પારકીની ઘાત કરતા નથી.[૨૩]**

**વળી તે સ્વામીના આશ્રિત ભક્તજનો પોતાના સ્વામી પાસેથી આત્મા-પરમાત્માનું દૃઢ જ્ઞાન પ્રાપ્ત કરેલા હોવાથી મોક્ષને માટે પણ ભૃગુએ અને તુંગે શાસ્ત્રમાં કહેલાં વચનોને અનુસરી પર્વત ઉપરથી પડતું મૂકવું કે અગ્નિમાં પડી બળી મરવું વિગેરે આત્મહત્યાનાં કર્મો પણ કરતા નથી.[૨૪] આ પ્રમાણે અચળ મતિવાળા અને ધીરજધારી સ્વામીના શિષ્ય-ગૃહસ્થજનો તેમની આજ્ઞામાં દૃઢ વર્તતા હોવાથી તેઓને આ પૃથ્વી પર હજારો વાર ધન્ય છે.[૨૫] વળી તે વિમુખ લોકો કહે છે કે, એ સ્વામીની આશ્રિત ગૃહસ્થ સધવા નારીઓ છે તે પણ બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીએ જેનો હાથ પકડ્યો તે પતિ સિવાય અન્ય પુરુષોને પોતાના પિતા, ભાઈ કે પુત્ર તુલ્ય માને છે. આવા હળાહળ કળિયુગમાં જ્યાં જુઓ ત્યાં ઘણે ભાગે સ્ત્રીઓ વ્યભિચારિણી દેખાય છે, ત્યારે સ્વામીની આશ્રિત સ્ત્રીઓને ખૂબજ ધન્યવાદ દેવા ઘટે.[૨૬] વળી સ્વામીની આશ્રિત વિધવા નારીઓ છે તે પણ ત્યાગી સાધુઓની પેઠે અષ્ટપ્રકારે પુરુષના ત્યાગરૂપ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે છે અને પુરુષોથી ચાર હાથ છેટે ચાલે છે. તેમજ પોતાના પિતા, ભાઈ કે પુત્ર સિવાયના અન્ય પુરુષો સાથે વાત પણ કરતી નથી.[૨૭-૨૮] અને પોતાના સત્સંગી પિતા, ભાઈ કે પુત્ર પાસેથી જ શ્રીકૃષ્ણ ભગવાનની કથા વાર્તા સાંભળે છે, બીજાની પાસે કથા પણ સાંભળતી નથી. કોઈ અવશ્યનું કામ હોય તો માર્ગમાં પોતાના પિતાદિ સાથે જ ચાલે છે પરંતુ બીજા પુરુષો સાથે તો કદાપિ માર્ગમાં ચાલતી નથી.[૨૯] તેમજ વિધવા સ્ત્રીઓ પણ પોતાના પિતા આદિકની સાથે પણ એકાંત સ્થળમાં ક્યારેય રહેતી નથી. આ પ્રમાણે સ્વામીની આશ્રિત વિધવા સ્ત્રીઓ પણ ધર્મ પાળે છે.[૩૦]**

आश्रित्य स्वामिनं चैते स्वस्वधर्मे स्थिताः सदा । अनन्यभक्तिं कुर्वन्ति कृष्णस्य परमादरात् ॥ ३२
धन्याः स्वाम्याश्रितास्तस्माद्योषितः पुरुषा इह । अस्मदीयास्तु गुरवस्त्यक्त्वा धर्मं चरन्ति हि ॥ ३३
न स्थापयन्ति स्वामीव स्वशिष्यान्धर्मवर्त्मनि । तस्माद्धिगस्तु तांस्तांश्च श्रीस्वामिविमुखांश्च नः ॥ ३४
इत्थं वदन्ति बहवो लोका नारायण! प्रभो! । केचिदाहुः श्रयिष्यामो वयं तं स्वामिनं त्विति ॥ ३५
तान्वदन्ति तदा केचिद्वयं कुलगुरून्यदि । त्यजेम तर्हि नो लज्जा लौकिकी हि गमिष्यति ॥ ३६
तदाहुः केऽपि निपुणा लज्जा तु स्वाम्युपाश्रयात् । स्थास्यत्येवान्यथास्माकं सा यास्यति न संशयः ॥ ३७
आस्माकीना हि विधवा बहवः स्वसृकन्यकाः । गुरुसंज्ञेभ्य एतेभ्यो गर्भं दधति निस्त्रपाः ॥ ३८

---

વળી વિમુખ લોકો વાતો કરતા હોય છે કે, સ્વામિનારાયણના આશ્રિત સાધુઓ, ગૃહસ્થો, ભાઈઓ, બહેનો સૌ કોઈ દૂધ, જળ, ઘી, તેલ આદિ ગાળ્યા વિનાનું ક્યારેય વાપરતા નથી. તેઓ એકાદશીઓ અને જન્માષ્ટમી આદિક વ્રતો રાખે છે.[૩૧] સ્વામિનારાયણના આશ્રિત સર્વે ત્યાગીઓ અને ગૃહસ્થો સદાય પોતપોતાના ધર્મમાં દૃઢપણે વર્તી અનન્યભાવે ભગવાન શ્રીકૃષ્ણનું ભજન સ્મરણ કરે છે.[૩૨] તેથી આલોકમાં સ્વામીના આશ્રિત નરનારીઓને ખૂબ ખૂબ ધન્યવાદ છે. અને આપણા ગુરુઓ પોતાના ધર્મને છોડીને વર્તે છે.[૩૩] તથા સ્વામી જેમ પોતાના શિષ્યોને ધર્મમાર્ગમાં વર્તાવે છે, તે રીતે આપણા ગુરુઓ આપણને વર્તાવતા નથી. તેથી તેમને ધિક્કાર છે તેમજ તેમને શરણે પડેલા અને સ્વામીથી વિમુખ આપણને પણ ધિક્કાર છે.[૩૪]

ભક્તજનો કહે છે, હે નારાયણ ! હે પ્રભુ ! આ પ્રમાણે સર્વે લોકો વાતો કરે છે. અને કેટલાક એમ પણ કહે છે કે, અમારે પણ સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરવો છે.[૩૫] અને હે પ્રભુ ! આ પ્રમાણે કોઈ જનો વાત કરે ત્યારે બીજા જનો તેને એમ કહેતા હોય છે કે, જો આપણે આપણા કુળપરંપરાના ગુરુનો ત્યાગ કરી દેશું તો આલોકમાં આપણી લાજ જશે.[૩૬] ત્યારે વળી તેમાં જે વિચક્ષણ પુરુષો હોય તે એમ કહે છે કે, હે... ભાઈ ! લાજ તો સ્વામિનારાયણનો આશરો કરશું તો જ રહેશે, નહીં તો આપણી લાજ મોડી વહેલી જવાની જ છે, તેમાં કોઈ સંશય નથી.[૩૭] કારણ કે દુરાચારી અને નામ માત્રથી ગુરુઓ થઈ બેઠેલા આપણા ગુરુઓ થકી આપણી અનેક વિધવા નારીઓ, આપણી બહેનો અને પુત્રીઓ નિર્લજ્જ થઈ ગર્ભ ધારણ કરે છે.[૩૮] વળી છૂપી રીતે મહાપાપરૂપ ગર્ભપાત પણ કરાવે છે. આમાં આપણી લાજ જવાની છે કે રહેવાની છે ? તેથી સ્વામિનારાયણનો આશ્રય

प्रच्छन्नं गर्भपातं ताः कुर्वते पातकं महत् । तस्मात्तासामघाद्रक्षा कार्या स्वाम्याश्रयेण वै ॥ ३९
तांस्तदा केचन प्राहुर्जायमानेऽपि पातके । एतावत्कालपर्यन्तमासील्लज्जा तु बाह्यतः ॥ ४०
साम्प्रतं त्वङ्गदीयस्य राज्यं सार्वत्रिकं भुवि । जातमस्तीति नो लज्जा गमिष्यत्येव निश्चितम् ॥ ४१
स जानाति नृपश्चारैर्विधवागर्भसम्भवम् । गर्भं घ्नतीस्तु ता हन्ति कण्ठपाशेन तत्क्षणम् ॥ ४२
तत्सम्बन्धिजनान् द्रव्यं गृहीत्वा दण्डयत्यसौ । लज्जानाशस्तथा पापं भविष्यति ततोऽधुना ॥ ४३
अपत्यरक्षणे तासां वधे वाऽपयशो महत् । मृत्योरप्यधिकं भूमावस्माकं हि भविष्यति ॥ ४४
तस्माद्भूमण्डले क्वापि चातुर्वर्ण्यस्य साम्प्रतम् । न स्वामिनं विनाऽन्यास्ति गतिस्तस्मात्स सेव्यताम् ॥ ४५
धूर्तास्तु येऽस्मद्गुरवः प्रवेष्टव्या न ते गृहे । कथञ्चिदागतास्ताड्या नागच्छेयुः पुनर्यथा ॥ ४६

---

**કરી આપણી બહેન દિકરીઓનું કે વિધવાઓનું આપણે ગર્ભપાત રૂપ મહાપાપ થકી રક્ષણ કરવું જોઈએ.[૩૯]**

**હે પ્રભુ ! ત્યારે વળી તેમાંથી કોઈ જનો એમ પણ કહેતા હોય છે કે આવું ગર્ભપાતનું મહાપાપ કરવા છતાં અત્યાર સુધી તો બાહ્યરીતે આપણી લાજ સમાજમાં જળવાઈ રહી છે.[૪૦] પરંતુ અત્યારે પૃથ્વી પર અંગ્રેજ સરકારનું સર્વત્ર રાજ્યશાસન થઈ ગયું છે, તેથી હવે આપણી લાજ ચોક્કસ જશે.[૪૧] કારણ કે, તે અંગ્રેજ રાજા પોતાના ગુપ્તચરો દ્વારા વિધવા નારીઓ ગર્ભધારણ કરાવે અને ગર્ભપાત પણ કરાવે તે વાત જાણે છે, ત્યારે તે જ સમયે ગળે ફાંસલો આપી દેહાંતદંડની સજા પણ આપે છે.[૪૨] તે રાજા આવી ગર્ભપાત કરનારી વિધવા નારીઓના સંબંધીઓને પકડીને રૂપિયાનો પણ દંડ કરે છે, તેથી આપણી લાજ પણ જશે અને પાપના ભાગીદાર પણ થશું.[૪૩] આપણી વિધવા નારીઓનાં સંતાનોનું પાલન કરવાથી અથવા અંગ્રેજ રાજા તેનો વધ કરે કે આપણે લાજ રાખવા કદાચ તેનો વધ કરી નાખીએ તો તેનાથી આલોકમાં મૃત્યુ કરતાં પણ અધિક આપણી અપકીર્તિ થશે.[૪૪] તેથી વર્તમાનકાળે આ પૃથ્વી પર ચારે વર્ણના મનુષ્યોને સ્વામી વિના બીજા કોઈનું શરણું સ્વીકારવા જેવું નથી. તેથી આલોક કે પરલોકના સુખ માટે આપણે સ્વામિનારાયણનુંજ સેવન કરવું જોઈએ.[૪૫] અને જગતને છેતરનારા આપણા ગુરુઓને હવે આપણા ઘરમાં પણ પેસવા ન દેવા જોઈએ. કદાચ કોઈ બહાનું કરીને કોઈ પણ રીતે આપણા ઘરમાં આવે તો તેને તાડન કરવું, કે હાથ પગ ભાંગી નાખવા, જેથી ફરી આપણા ઘરમાં આવે જ નહિ.[૪૬] આ રીતે આપણે તેનો સાથ છોડીને આપણી વિધવા નારીઓની સાથે સ્વામીનું શરણું લઈ તેનું જ ભજન કરશું,**

ततो नार्यो भजिष्यन्ति सहास्माभिरभर्तृकाः । स्वामिनं तेन नः कीर्तिः सपुण्या वृद्धिमेष्यति ॥ ४७
इत्थं महाराज! जना देशे देशे वदन्ति वै । यथाश्रुतं यथादृष्टं तथास्माभिरुदीरितम् ॥ ४८

**सुव्रत उवाच**

श्रुत्वेति तद्वचो राजन्! भक्तैः सह जहास सः । दिव्यरूपौ वीक्षमाणः पितरौ प्रीणयन्प्रभुः ॥ ४९
तेऽपीत्थमावेद्य जनास्तदीयां जनश्रुतिं तस्य ततो निदेशात् ।
स्पृष्ट्वाङ्घ्रिपद्मं च मुदा प्रणम्य स्वस्थानमेत्यैव पुनर्निषेदुः ॥ ५०

*इति श्रीसत्सङ्गीजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे देशान्तरीयवृत्तान्तश्रवणनामैकादशोऽध्यायः॥११॥*

---

**તો તેનાથી આપણાં પુણ્ય અને કીર્તિ વૃધ્ધિ પામશે.[૪૭] હે મહારાજ ! હે શ્રીહરિ ! આ પ્રકારે સર્વે દેશોમાં મનુષ્યો વાતો કરે છે, આ રીતે અમે જે કાનોકાન સાંભળ્યું છે અને અનુભવ્યું છે તે પ્રમાણે જ તમને અમે કહ્યું.[૪૮]**

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભક્તજનોનાં વચનો સાંભળી ભગવાન શ્રીહરિ પોતાની સમીપે જ દિવ્ય સ્વરૂપે બિરાજમાન પોતાનાં માતા-પિતા ધર્મ-ભક્તિની સામું જોઈ મંદમંદ હાસ્ય કરવા લાગ્યા અને સૌ ભક્તજનોને પણ આનંદ આપી હસાવવા લાગ્યા.[૪૯] હે રાજન્ ! આ પ્રમાણે ભક્તજનોએ ભગવાન શ્રીહરિની આગળ લોકવાયકાનું નિવેદન કર્યું. ત્યારપછી શ્રીહરિના આદેશથી નિવેદન કરવા આવેલા સર્વે ભક્તજનો શ્રીહરિના ચરણનો સ્પર્શ કરી અતિ હર્ષ પૂર્વક નમસ્કાર કરી તેઓ સર્વે સભામાં પોતપોતાની જગ્યા પર બેસી ગયા.[૫૦]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવ પર પધારેલા ભક્તજનો પાસેથી દેશદેશાંતરમાં થતી સ્વસંપ્રદાય સંબંધી લોકવાયકાનું શ્રીહરિએ શ્રવણ કર્યું એ નામે અગિયારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૧--***

---

## द्वादशोऽध्यायः - १२

सुव्रत उवाच

अथापश्यद्भक्तजनान्निजपूजासमुत्सुकान् । पूजाद्रव्याणि पात्रेषु भृत्वा स्वामी चिरस्थितान् ॥ १
तेषां मनोरथं पूर्णं कर्तुं राजन्नियेष सः । मयरामो द्विजस्तावद्बद्धाञ्जलिपुटोऽवदत् ॥ २
एते पुरःस्थिताः स्वामिन्! पुरुषा योषितस्तथा । दूरदेशादुपायाताः सन्ति भक्तास्तव प्रभो ! ॥ ३
तेषां हि चिरकालीनो हृद्यस्त्येव मनोरथः । पूजनार्थं तव हरे! तं पूरयितुमर्हसि ॥ ४
इत्युक्तस्तेन विप्रेण प्रहसन् हरिरब्रवीत् । अद्यास्ति किं दिनं ब्रह्मन्! कार्यमत्र च किं वद ॥ ५
इत्युक्तः स निजोष्णीषाद्दीर्घं पञ्चाङ्गपत्रकम् । निष्कास्य तद्विलोक्याह प्रभो! दीपोत्सवोऽद्य तु ॥ ६
ग्राम्याणां ग्राम्यसौख्येन ह्यानन्दो लौकिको नृणाम् । त्वदर्चनेन भक्तानामद्यानन्दोऽस्त्वलौकिकः ॥ ७

---

# અધ્યાય - ૧૨

## દીપાવલીના પવિત્ર દિવસે દેશાંતરથી આવેલા હજારો ભક્તોએ શ્રીહરિનું વિવિધરીતે પૂજન કર્યું.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીસ્વામિનારાયણ ભગવાન પૂજાના અનેક વિધ પાત્રોમાં ચંદન, પુષ્પાદિ દ્રવ્યો ભરીને લાંબા સમયથી ઊભેલા પોતાની પૂજા કરવાની અત્યંત ઉત્કંઠાવાળા ભક્તજનોને પ્રેમમય દૃષ્ટિથી નિહાળવા લાગ્યા.[૧] ત્યારે તેઓના મનોરથ પૂર્ણ કરવાની ભગવાન શ્રીહરિએ મનમાં ઇચ્છા કરી, તે સમયે મયારામ વિપ્ર બે હાથ જોડી કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! હે પ્રભુ ! તમારી આગળ પૂજાના દ્રવ્યો લઇ ઊભેલા સકલ નરનારી ભક્તજનો દૂરદૂર દેશોમાંથી આવ્યા છે[૨-૩] તેઓના મનમાં તમારી પૂજા કરવાનો ઘણા સમયથી મનોરથ છે. તેને તમે આજે પૂર્ણ કરો.[૪]

હે રાજન્ ! આ પ્રમાણે મયારામ ભટ્ટે કહ્યું, ત્યારે ભગવાન શ્રીહરિ મંદમંદ હાસ્ય કરતા કહેવા લાગ્યા કે, હે બ્રહ્મન્ ! આજે કઇ તિથિનો ઉત્સવ છે ? અને આજે શું કરવું જોઇએ ? તે તમે જણાવો.[૫] ત્યારે મયારામ વિપ્રે પોતાની પાઘડીમાંથી લાંબુ પંચાંગપત્ર બહાર કાઢ્યું. તેમાં જોઇને શ્રીહરિને કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! આજની તિથિએ તો દીવાળીનો ઉત્સવ છે.[૬] તેથી લૌકિક જગતના મનુષ્યો માટે આજનો દિવસ તો લૌકિક વિષય સુખનો આનંદ માણવાનો દિવસ છે. પરંતુ આપણા ભક્તોને માટે આપની પૂજા કરવામાં જ અલૌકિક દિવ્ય આનંદ પ્રાપ્ત

एतेषां ग्राम्यसौख्येच्छा नास्त्येव गृहिणामपि । दूरे त्यक्त्वा यतस्तत्तु समायाता इहाद्य वै ॥ ८
मनोरथं हि सर्वेषां त्वदीयानां ततः प्रभो ! । त्वं पूरयितुमीशोऽसि भक्तकल्पमहीरुहः ॥ ९
इत्युक्तः स हरिः प्राह पूजयन्तु जना इमे । किन्तु कोलाहलो नैव कार्यो नान्योन्यमर्दनम् ॥ १०
स्वस्वग्रामपृथग्यूथैरागत्यात्रार्चनं द्रुतम् । कृत्वा गन्तव्यमित्युक्ता जना आसन्प्रहर्षिताः ॥ ११
ततः क्रमेण तत्पूजां सर्वे कर्तुमुपाययुः । यूथशो हि हरेरग्रे पुरुषाश्च स्त्रियः पृथक् ॥ १२
तत्रादौ मध्यदेशीया जना हरिमुपाययुः । माथुराः शूरसेनाश्च वात्सघोषश्च यामुनाः ॥ १३
साल्वा नीपा उज्जिहाना माण्डव्याः कुरवस्तथा । दक्षिणोत्तरपाञ्चाला भद्राः कापिष्ठला अपि ॥ १४
गौरग्रीवाश्चारिमेदा हस्तिनापुरवासिनः । पारियात्रनगोत्पन्ना धर्मारण्योद्भवास्तथा ॥ १५
कालकोटय आश्वत्थाः कङ्ककाञ्चनपाण्डवाः । सारस्वताश्च मत्स्याश्च साकेताः कुकुरास्तथा ॥ १६
एते चान्येऽपिबहवो गौर्जरौदुम्बरादयः । भक्ता भगवतो दक्षास्तस्मिन्पूजनकर्मणि ॥ १७

---

કરવાનો જ આ દિવસ છે.[૭] હે પ્રભુ ! આ સર્વે ભક્તજનો ગૃહસ્થાશ્રમી હોવા છતાં તેઓને સાંસારિક સુખની કોઇ અભિલાષા નથી, તેથી તેઓ સંસારના સુખનો દૂરથી જ ત્યાગ કરી અત્યારે અહીં દુર્ગપુરમાં આપની સમીપે પધાર્યા છે. માટે હે પ્રભુ ! કલ્પવૃક્ષની સમાન આપ તે સર્વે ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા સમર્થ છો.[૮-૯]

હે રાજન્ ! આ પ્રમાણેના સ્વભાવાળા મયારામ વિપ્રનાં વચનો સાંભળી ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે ભટ્ટજી ! આ સર્વે ભક્તજનોને મારી પૂજા કરવાની છૂટ છે, પરંતુ કોઇએ કોલાહલ કે, સર્વે એક સાથે આવીને ભીડ ન કરવી.[૧૦] પરંતુ પોતપોતાના ગામના ભક્તજનો સમુદાયમાં આવીને મારી જલદીથી પૂજા કરીને પાછા પોતાને સ્થાને બેસી જવા જોઇએ. હે રાજન્ ! ભગવાન શ્રીહરિનું આટલું વચન સાંભળ્યું ત્યાં તો ભક્તજનોના હર્ષનો પાર ન રહ્યો.[૧૧] ત્યારપછી જુદાં જુદાં ગામનાં સ્ત્રી-પુરુષોનાં જુદાં જુદાં મંડળો ક્રમને અનુસારે ભગવાન શ્રીહરિની સમીપે આવી પૂજા કરવા લાગ્યાં.[૧૨] તે મનુષ્યોની મધ્યે પ્રથમ મધ્યપ્રદેશના જે ભક્તજનો હતા તે ભગવાન શ્રીહરિનું પૂજન કરવા આવ્યા. ત્યાર પછી અનુક્રમે માથુરદેશ, શૂરસેનદેશ, વત્સઘોષદેશ, યામુનદેશ, સાલ્વદેશ, નીપદેશ, ઉત્તર પાંચાલદેશ, ભદ્રદેશ, કાપિષ્ઠદેશ, ગૌરગ્રીવાદેશ, અરિમેદદેશ, હસ્તિનાપુરદેશ, પારિયાત્રા પર્વત પ્રદેશ, ધર્મારણ્યદેશ, કાલકોટીદેશ, અશ્વત્થદેશ, સાકેતનામનો દેશ, કુકરદેશ ઇત્યાદિ દેશના નિવાસી ભક્તજનો તથા ગુર્જરદેશ

सुगन्धिना चन्दनेन पौष्पैर्हारैर्मनोहरैः । स्वर्णबुट्टाङ्कितैर्वस्त्रैरुष्णीषैश्च महाधनैः ॥ १८
अमूल्यरत्नाभरणैः पूजयित्वा तदन्तिके । रौप्यामत्राणि निदधुः पिण्डकैर्निभृतानि ते ॥ १९
खेलनानि विचित्राणि शार्कराण्येव भूरिशः । ताम्बूलानि सपूगानि हरये ते न्यवेदयन् ॥ २०
तेषां नार्यो भक्तिमत्यो हरेः कण्ठे पृथक् पृथक् । नक्षत्रमाला निदधुर्नमस्कृत्य ततो ययुः ॥ २१
अथाययुर्महासत्त्वाः प्राच्या भक्तजनाः प्रभोः । मागाधाः कर्बटाः सुह्मा आम्बष्ठाश्चान्द्रपत्तनाः ॥ २२
काशयः कोसलाः पौण्ड्रा मेकला औत्कलास्तथा । गौडाश्च मिथिलोद्भूता माल्यवद्गिरिजास्तथा ॥ २३
किरातजाश्च लौहित्या वर्धमानपुरोद्भवाः । एतेऽन्येऽप्यौण्ड्रमुख्याश्च पुपूजुर्हरिमादरात् ॥ २४
चन्दनाक्षतपुष्पैश्च वासोभिश्चीनदेशजैः । मृदुभिश्च महामूल्यैस्तथा हेमविभूषणैः ॥ २५
मुक्तापीडैर्बहुविधैः पूजयित्वा हरेः पुरः । स्वर्णमुद्राभृतान्येव रुप्यामत्राणि ते दधुः ॥ २६
फलान्यनेकजातीनि स्वादूनि रुचिराणि च । अर्पयित्वा भगवते ययुस्तद्योषितस्तथा ॥ २७

---

તથા ઔદુંબરદેશ આદિક દેશના ભક્તજનો ભગવાન શ્રીહરિની પૂજા કરી. તેમાં મધ્યપ્રદેશાદિ દેશના પૂજા કરવામાં કુશળ એવા સર્વે ભક્તજનોએ સુગંધીમાન શીતળ ચંદન, મનોહર પુષ્પોના હારો, સુવર્ણના તારથી ગૂંથેલાં બુટાદાર અનેક વસ્ત્રો અને મહામૂલ્ય હીરાજડીત પાઘ અને આભૂષણોથી ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું. ત્યારપછી પેંડાથી ભરેલા ચાંદીના થાળ અને સાકરરસથી બનાવેલાં અનેકવિધ રમકડાંનાં પાત્રો તેમજ સોપારીના ચૂરાથી યુક્ત નાગરવેલનાં વાળેલાં પાનબીડાં શ્રીહરિની આગળ નિવેદન કર્યાં. ત્યારપછી તેજ પ્રદેશની સ્ત્રી ભક્તજનો હતી તે પણ શ્રીહરિને નમસ્કાર કરીને સત્તાવીસ મોતીના સેરવાળી નક્ષત્રમાળા શ્રીહરિના કંઠમાં ધારણ કરાવી, પાછી પોતપોતાને સ્થાને બેસી ગઈ.[૧૨-૨૧]

હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિના પૂર્વદેશોના નિવાસી મહાબળવાન ભક્તજનો ભગવાન શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમાં મગધદેશ, કર્બટદેશ, સુબ્રહ્મદેશ, અમ્બષ્ઠદેશ, ચાંદ્રપત્તનદેશ, કાશિદેશ, કોશલદેશ, પૌંડ્રદેશ, મેહુલદેશ, ઉત્કલદેશ, ગૌડદેશ, મિથિલદેશ, માલ્યવત્ પર્વતદેશ, કિરાતદેશ, લૌહિત્યદેશ, વર્ધમાનપુરદેશ, ઔંડ્રદેશ આદિ પૂર્વ દેશોના ભક્તજનો શ્રીહરિની અતિ આદરપૂર્વક પૂજા કરવા આવ્યા. તેઓએ ચંદન, ચોખા, પુષ્પોનાહાર, ચિનપ્રદેશનાં અતિશય કોમળ વસ્ત્રો, મહાઅમૂલ્ય સુવર્ણના આભૂષણો, બહુ પ્રકારના નાના મોટા મોતીઓના હાર અને તોરાથી ભગવાન શ્રીહરિની પૂજા કરી અને સુવર્ણની મુદ્રા ભરેલાં રૂપાનાં પાત્રો શ્રીહરિની આગળ મૂક્યાં. પછી પૂર્વદેશની

अथ तेषु गतेष्वायन्नग्निकाष्ठोद्भवा जनाः । जठराङ्गास्तथा वङ्गा उपवङ्गाश्च शूलिकाः ॥ २८
चर्मद्वीपा विदर्भाश्च वत्सा अन्ध्राश्च चेदयः । विन्ध्यान्तवासिनश्चैव दशार्णास्त्रैपुरास्तथा ॥ २९
एतेऽन्येऽपि च किष्किन्धाः शाबराद्या जनाः प्रभुम् । अनर्घ्यैः पीतवसनैर्हैमैर्वलयशृङ्खलैः ॥ ३०
मुक्तानां शेखरै रम्यैर्विविधैः कर्णवेष्टनैः । सम्पूज्याग्रे च निदधुरुपहारान्महाधनान् ॥ ३१
फलान्यनेकजातीनि पक्वानि गुणवन्ति च । राजतानि च हैमानि पात्राणि हरये ददुः ॥ ३२
कलशान् गर्गरीः कंसान् भृङ्गारान् वाटिकास्तथा । अलिञ्जरान् दर्शनीयान्प्रभवे ते न्यवेदयन् ॥ ३३
इति सम्पूज्य ते याता दाक्षिणात्या अथाययुः । सौरिकीर्णास्तालिकटा मलयाचलसम्भवाः ॥ ३४
नासिक्याः कोल्लगिरिजा भरुकच्छाश्च कौङ्कणाः । कर्कोटकाश्च शिबिका वेणातटनिवासिनः ॥ ३५
दार्दुरा ऋष्यमूकीया महेन्द्राचलवासिनः । कावेरीतटवासाश्च चैत्रकूटा जटाधराः ॥ ३६
कार्णाटकाश्च गोनर्दाश्चौलाः केरलदेशजाः । गाणराज्या ऋषीकाश्च काञ्चीवासास्तथार्षभाः ॥ ३७

---

સ્ત્રીભક્તજનાએ પૂજા કરી, અનેક જાતનાં દાડમ આદિ ફળો શ્રીહરિને અર્પણ કરી સૌ સૌના સ્થાને પાછાં ગયાં.[૨૨-૨૭]

ત્યારપછી અગ્નિ ખૂણાના દેશોના ભક્તજનો ભગવાન શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તે દેશોમાં જઠરાંગદેશ, વંગદેશ, ઉપવંગદેશ, શૂલિકદેશ, ચર્મદ્વિપદેશ, વિદર્ભદેશ, વત્સદેશ, આંધ્રદેશ, ચેદિદેશ, વિન્ધ્યાન્તદેશ, દશાર્ણદેશ, ત્રિપુરદેશ, કિષ્કંધાદેશ, શબરદેશ, નિષાદદેશ અને નાલિકેરાદિ દેશોના ભક્તજનોએ અમૂલ્ય પીતાંબરનાં વસ્ત્રો, સુવર્ણનાં કડાં તથા સાંકળાં તેમજ રમણીય મોતીઓના હાર, તોરા અને વિવિધ પ્રકારનાં કુંડળ વિગેરે અર્પણ કરી ભગવાન શ્રીહરિની પૂજા કરી તેમના ચરણમાં મહામૂલ્ય ઉપહારોની ભેટ મૂકી, તેમજ અનેક પ્રકારનાં પક્વફળો, સુવર્ણ તથા ચાંદીનાં પાત્રો, તાંબાના કળશિયાઓ, ગાગર્યો, દૂધપાન કરવાનાં પાત્રો, ઝારી, વાટકા અને સુંદર મણિકા વગેરે અનેક પાત્રો ભગવાન શ્રીહરિને અર્પણ કર્યાં.[૨૮-૩૩]

હે રાજન્ ! આ પ્રમાણે અગ્નિખૂણાના ભક્તજનો પૂજન કરીને ગયા પછી દક્ષિણદેશના ભક્તજનો ભગવાન શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તે દક્ષિણદિશાના દેશોમાં સૌરકીર્ણ, મલયાચલ, નાસિક્ય, તાલિકટ, કોલગિરિ, ભરુકચ્છ, કોંકણ, કેર્કાટ, શિબિક, વેણાનદીતટદેશ, દર્દૂર, ઋષ્યમૂકપર્વત પ્રદેશ, મહેન્દ્રાચલ પર્વત પ્રદેશ, કાવેરીનદી તટ પ્રદેશ, ચિત્રકૂટ પર્વત પ્રદેશ, જટાધરદેશ, કર્ણાટક, ગોનર્દ, ચોલ, કેરલ, ગણરાજ્ય, ઋષીક, કાંચીનગરી પ્રદેશ, ઋષભ, તામ્રપર્ણનદીતટ

ताम्रपर्णीतटावासा दण्डकारण्यवासिनः । बलदेवपत्तनाश्च तैलिङ्गा द्राविडास्तथा ॥ ३८
वेङ्कटाद्रिनिवासाश्च धर्मपत्तनवासिनः । एते चान्येऽपि बहवो मनुजाः सैंहलादयः ॥ ३९
पूजां भगवतश्चकुर्यथाविधि विचक्षणाः । यक्षकर्दमसंज्ञेन चन्दनेन सुगन्धिना ॥ ४०
एक्षतैर्विविधैः पुष्पैरनर्घ्यैर्वसनैः शुभैः । सितैः पीतैश्च रक्तैश्च चित्रैश्च स्वर्णबिन्दुभिः ॥ ४१
प्रावारैश्च निचोलैश्च पटकैः कटिबन्धनैः । कौशेयैश्च दुकूलैश्च पत्रोर्णैर्बहुमूल्यकैः ॥ ४२
अमूल्यैः शीर्षपटकैर्मञ्जीरैर्हंसकैस्तथा । ऊर्मिकाभिश्च केयूरैः पारिहार्यैश्च शृङ्खलैः ॥ ४३
ग्रैवेयकैः कुण्डलैश्च गुत्सगुत्सार्धगोस्तनैः । एकावलीभिः शतशो देवच्छन्दैश्च भासुरैः ॥ ४४
ललन्तिकाभिः काञ्चीभिर्हारैर्माणवकैस्तथा । ललाटिकादिभिस्तं च पुपूजुःस्ते जनाः प्रभुम् ॥ ४५
उपायनानि तस्याग्रे निदधुश्च बहूनि ते । भृतानि पृथुपात्राणि पर्पिकाशर्करादिभिः ॥ ४६
द्राक्षाक्षोडलवङ्गैलाजाती फलभृतानि च । निधाय पात्राणि ययुः प्रीणयन्तो हरिं भृशम् ॥ ४७
अथ नैऋतदिग्जाताः पुरुषाश्च स्त्रियो हरौ । भक्तिं परामनुप्राप्ता आययुः सस्मिताननाः ॥ ४८

---

**પ્રદેશ, દંડકારણ્ય, બલદેવપુર, તૈલંગ, દ્રવિડ, વેંકટાદ્રિપર્વત પ્રદેશ, ધર્મપત્તન અને સિંહલ આદિ દેશોના પૂજા કરવામાં વિચક્ષણ તે દક્ષિણ દિશાના ભક્તજનોએ વિધિ પ્રમાણે સુગંધીમાન ચંદન, કપૂર, કુંકુમમિશ્રિત ચોખા, અનેકવિધ પુષ્પોના હાર, તેમજ અમૂલ્ય અને મનોહર એવા શ્વેત, પીળાં, રાતાં અને ચિત્ર-વિચિત્રરંગનાં અને સુવર્ણનાં બિંદુઓથી અંકિત વસ્ત્રો તથા સુવર્ણના તારથી ભરેલા સુરવાળ તથા મહા કિંમતી પટ્ટા, દુપટ્ટા, શેલાં, રેશમી, વસ્ત્રો, પટકુળ, રેશમની ધોતી, મસ્તક ઉપર બાંધવાનો અમૂલ્ય ફેંટો, નૂપુર, પગનાં કડાં, વેઢ, બાજુબંધ, હાથનાં કડાં, સાંકળાં, કંઠનાં આભૂષણો, કુંડળ, બત્રીસ તથા ચોવીસ શેરનો ગુત્સહાર, ચાર સરનો ગોસ્તન હાર, અને બીજા એક શેરવાળા અનેક હાર, તેમજ અતિશય ચળકતા સો શેરના દેવચ્છંદ નામના હાર, નાભીપર્યંત લાંબી સુવર્ણની કંઠીઓ, કટિસૂત્ર, વીસલટોના માણવક હાર, લલાટના આભૂષણો, અને આંગળીની વીંટીઓ આદિ અનેક પ્રકારના ઉપહારોથી તે દક્ષિણદેશના ભક્તજનોએ ભગવાન શ્રીહરિની પૂજા કરી. ત્યાર પછી પેંડા અને પતાસાં ભરેલા વિશાળ સુવર્ણના અને ચાંદીના થાળ તથા દ્રાક્ષ, અખરોટ, લવિંગ, એલાયચી અને જામફળ વગેરેથી ભરેલાં તાંબાનાં પાત્રો ભગવાન શ્રીહરિના ચરણમાં સમર્પણ કરી પોતપોતાને સ્થાને બેઠા.**[૩૪-૪૭]

**હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિને વિષે અતિશય ઉત્તમ**

सिन्धुपह्लवकाम्बोजाः सौवीरा वडवामुखाः । नारीमुखा आरवाश्च कापिला यावनास्तथा ॥ ४९
क्रव्यादाम्बष्ठखण्डाश्च सैन्धवाः कालकास्तथा । बादराः फेनगिरयः कर्णप्रावेष्टबर्बराः ॥ ५०
तथा पारशवाः शूद्रा जना रैवतका अपि । सौराष्ट्राभीरचञ्चूकाः किराता द्राविडादयः ॥ ५१
हरिं पुपूजुर्भक्त्या ते सौराष्ट्रास्तु विशेषतः । वस्त्रैः श्वेतैश्च कौसुम्भैर्जाम्बुवर्णैश्च कैसरैः ॥ ५२
हेमबुट्टाङ्कितैः शोणैर्नीशारैरसितैरपि । और्णैरनर्घ्यैर्मृदुभिर्घनैः सूक्ष्मैश्च रल्लकैः ॥ ५३
जाम्बूनदेन शुद्धेन निर्मितैश्च विभूषणैः । मणिरत्नेन्द्रनिचितैरनर्घ्यैर्मुकुटादिभिः ॥ ५४
चन्दनैः पुष्पहारैश्च पूजयित्वा हरेः पुरः । उपायनानि निदधुर्महापात्रभृतानि ते ॥ ५५
शर्कराभिः पीतसारैः खारिकाभिर्भृतानि च । बहुभी रुप्यमुद्राभिः पात्राणि हरयेऽदिशन् ॥ ५६
उद्वेगभृतपात्राणि नालिकेराणि च प्रभोः । अग्रे निधाय जग्मुस्ते तत्स्त्रियोऽपि तथैव च ॥ ५७

---

**ભક્તિવાળા નૈર્ઋત્ય ખૂણાના દેશોના નરનારી ભક્તજનો હસતા હસતા શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તે ખૂણાના દેશોમાં સિંધુદેશ, પહલ્વદેશ, કામ્બોજદેશ, સૌવીરદેશ, વડવામુખદેશ, નારીમુખદેશ, આરબદેશ, કપિલદેશ, યવનદેશ, ક્રવ્યાદદેશ, અંબષ્ઠદેશ, ખંડદેશ, સૈન્ધવદેશ, કાલકદેશ, બાદરદેશ, ફેનગિરિ પ્રાંતપ્રદેશ, કર્ણદેશ, પાર્વેષ્ટદેશ, બર્બરદેશ, પારશવદેશ, શૂદ્રદેશ, રૈવતાચળદેશ, સૌરાષ્ટ્રદેશ, આભીરદેશ, ચંચુકદેશ, કિરાતદેશ, દ્રવિડદેશ, આનર્તદેશ વિગેરે નૈર્ઋત્યખૂણાના દેશોના ભક્તજનો પૂજા કરવા આવ્યા. તેઓ શ્વેત, કસુંબી, જાંબલી, કેસરી રંગનાં વસ્ત્રો અર્પણ કરી પૂજા કરી અને તેમાં પણ સૌરાષ્ટ્ર દેશના ભક્તજનો નજીકના હોવાથી અતિશય નિર્ભય થઇ વિશેષપણે પૂજા કરી, વળી તો નૈર્ઋત્ય ખૂણાના દેશોના સમસ્ત ભક્તજનોએ સુવર્ણના બુટાથી અંકિત લાલ અને શ્યામ રંગની ડગલીઓ, મહા અમૂલ્ય એવા કોમળ અને ઘાટા તથા સૂક્ષ્મતંતુઓથી નિર્માણ કરેલા કામળાઓ, શુદ્ધ સોનામાંથી તૈયાર કરેલા તથા પદ્મરાગમણિઓ અને રત્નો જડેલા મોંઘા મુકુટાદિ સર્વ આભૂષણો, ચંદન અને પુષ્પના હારોથી ભગવાન શ્રીહરિનું પૂજન કરી, તેમની આગળ અનેક પ્રકારના ઉપચારોથી ભરેલાં સોના-રૂપાનાં મોટાં મોટાં પાત્રો તથા સાકર, પતાસાં અને ખારેકથી ભરેલાં પાત્રો, તથા અનેક રૂપામુદ્રાથી ભરેલાં પાત્રો, સોપારી અને નાળિયેરથી ભરેલાં પાત્રો આદિ ભગવાન શ્રીહરિના ચરણોમાં સમર્પિત કરી સર્વે પોતપોતાની જગ્યાએ બેઠા. તેવી જ રીતે તે બાજુની સ્ત્રી ભક્તજનો પણ ભગવાન શ્રીહરિનું પૂજન કરી પોતપોતાની જગ્યા ઉપર બેઠી.**[૪૮-૫૭]

उपहारा हरेरग्रे गण्डशैला इवाभवन् । वस्त्राणां च चया आसन्पर्वता इव तत्र वै ॥ ५८
तत्रानन्दानन्दमुनिर्भगवत्पार्श्वसंस्थितः । वस्त्राणि च विभूषाश्च परिधापयति स्म तम् ॥ ५९
आगतेषु नवीनेषु पूर्वाण्यत्याजयत्तथा । सर्वेभ्यः स्वार्चकेभ्योऽदाद्धरिः पुष्पस्रगादि च ॥ ६०
प्रासादिकानि वस्त्राणि केभ्यश्चित्प्रददौ प्रभुः । अलङ्कारांश्च केभ्यश्चित्केभ्यश्चिच्च फलादिकम् ॥ ६१
केभ्यश्चिदुपहारार्धं केभ्यश्चित्सकलोपदाम् ।दत्ते स्म भगवांस्तत्र भक्तानानन्दयन्निजान् ॥ ६२
अथाययुस्तत्र भक्ताः पाश्चात्या अपि भूरिशः । मणिमत्पर्वतावासा मेघवद्गिरिजास्तथा ॥ ६३
पारताः शकदेशीया भक्ताः पाञ्चनदा अपि । अपरान्तका हैहयाश्चोष्काणा रामठादयः ॥ ६४
चन्दनाद्यैश्च वस्त्रैश्च हेमरौप्यविभूषणैः । पूजयित्वोपहारांस्ते तस्याग्रे निदधुः प्रभोः ॥ ६५
बदामनालिकेरैश्च खर्जूरैः क्रमुकेस्तथा । भृतानि रुप्यमुद्राभिः पात्राणि हरयेऽदिशन् ॥ ६६

---

હે રાજન્ ! ભગવાન શ્રીહરિની આગળ ભક્તજનોએ ભેટ ધરેલા વસ્ત્રાદિ ઉપહારોના મોટા મોટા ઢગલાઓ પર્વતની જેમ શોભવા લાગ્યા.[૫૮] ત્યારે શ્રીહરિની સમીપે જ બેઠેલા આનંદાનંદ સ્વામીએ શ્રીહરિને સર્વે નૂતન વસ્ત્રો તથા અલંકારો ધારણ કરાવ્યાં. અને જ્યારે પણ પૂજામાં ભક્તજનો નવીન વસ્ત્રો આભૂષણો અર્પણ કરે ત્યારે આનંદાનંદ મુનિ પૂર્વ ધારણ કરેલાં વસ્ત્રોને ઉતારી નવાં વસ્ત્ર ઘરેણાં ધારણ કરાવતા, અને શ્રીહરિ પોતે પહેરેલા પૂર્વના હાર તે પૂજા કરવા આવનારા ભક્તજનોને પ્રસાદિમાં અર્પણ કરતા હતા.[૫૯-૬૦] ભગવાન શ્રીહરિ કેટલાક ભક્તજનોને પોતાનાં પ્રસાદીનાં વસ્ત્રો અર્પણ કરી દીધાં, કેટલાકને સુવર્ણના અલંકારો, કેટલાકને દાડમ આદિ વિવિધ ફળો, કેટલાક ભક્તજનોને પૂજા કરવાના સમયે જ ખૂબજ આનંદ આપતા આપતા તેઓએ નિવેદન કરેલા ઉપહારોમાંથી અર્ધો સ્વીકારી અર્ધો ભાગ પ્રસાદીમાં પાછો આપી દેતા હતા. કેટલાક ભક્તજનોને તો સમગ્ર પદાર્થો જે ભેટ કરી તે સર્વે પ્રસાદી પાછી આપી દેતા હતા.[૬૧-૬૨]

હે રાજન્ ! ઉપરોક્ત ભક્તજનો પૂજા કરીને પાછા ગયા પછી પશ્ચિમ દેશના ઘણા બધા ભક્તજનો ભગવાન શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તે પશ્ચિમ દેશોમાં મણિમત્પર્વત પ્રદેશ, મેઘવત્ પર્વતદેશ, પારતદેશ, શકદેશ, પંચનદદેશ, અપરાન્તકદેશ, હૈહયદેશ, ચોષ્કાણદેશ અને રામઠદેશ, આદિના ભક્તજનોએ ચંદન, પુષ્પ, વસ્ત્ર તથા સોનારૂપાના આભૂષણોથી ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું. ત્યારપછી બદામ, નાળિયેર, ખજુર, સોપારી, તથા રૂપામુદ્રા ભરેલાં પાત્રો ભગવાન શ્રીહરિને અર્પણ કર્યાં, તથા દૂધના ફીણ જેવી ઉજ્જ્વલ શય્યાઓ, ઓશીકાં,

पयःफेननिभाः शय्या उपधानानि गेण्डुकान् । विविधास्तूलपटिका दीपिकाश्च न्यवेदयन् ॥ ६७
गतेषु तेष्वथाजग्मुर्वायव्या हरिसेवकाः । माण्डव्या मरुकच्छाश्च तथा फाल्गुलुकाश्मकाः ॥ ६८
एते चान्ये मद्रखसस्त्रीराज्यस्थादयः प्रभुम् । पुपूजुः परया भक्त्या गन्धपुष्पांशुकादिभिः ॥ ६९
पद्मरागेन्द्रनीलादिमणिमद्धेमभूषणैः । तं पूजायित्वोपहारांस्तदग्रे निदधुश्च ते ॥ ७०
नानामणिमयेष्वेव पात्रेषु स्वर्णमुद्रिकाः । भृत्वा न्यवेदयंस्तस्मै रुप्यमुद्राश्च केचन ॥ ७१
पादुका रत्नखचिता विचित्रास्त उपानहः । निवेद्य प्रययुस्तावदुदीच्या आययुर्जनाः ॥ ७२
यौधेयाः पौरवा मद्रा मालवा आर्जुनायनाः । कैकयाः क्षुद्रमीनाश्च त्रैगर्ताः कोसलास्तथा ॥ ७३
शरधाना वाटधाना भोगप्रस्था वसातयः । आन्तर्द्वीपा अश्वमुखाः कच्छारा दण्डपिङ्गलाः ॥ ७४
कैलावर्ताः कण्ठधानाः पुष्करावर्तशातकाः । गान्धाराः खचरा हूणा गव्या भूतपुरास्तथा ॥ ७५

---

ગાલમસુરીયા, રૂ ભરેલી ગાદી, તળાઇ, રજાઇ, ગોદડું, પીતળની દીવી વિગેરે અનેક ભેટો ભગવાન શ્રીહરિના ચરણમાં સમર્પિત કરી પોતપોતાની જગ્યાપર બેઠા.[૬૩-૬૭]

હે રાજન્ ! ત્યારપછી વાયુખૂણાના દેશોના ભક્તજનો ભગવાન શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તે વાયુખૂણાના દેશોમાં માંડવ્યદેશ, મરૂદેશ, કચ્છદેશ, ફાલ્ગુલકદેશ, અશ્મકદેશ, મદ્રદેશ, ખસદેશ, સ્ત્રીરાજ્યદેશ અને નૃસિંહવનદેશ આદિ દેશોના ભક્તજનો અનન્ય ભક્તિભાવ પૂર્વક ચંદન, પુષ્પના હાર, વસ્ત્રો અને આરતીથી ભગવાન શ્રીહરિનું પૂજન કર્યા પછી પદ્મરાગમણિ, ઇન્દ્રનીલમણિ અને ગારુત્મતાદિ મણિઓ જડિત સુવર્ણનાં આભૂષણો ધારણ કરાવી ભગવાન શ્રીહરિના ચરણોમાં અનેક ઉપહારોની ભેટ ધરી. તેમાં કેટલાક ભક્તજનોએ અનેક પ્રકારના મણિજડીત પાત્રોમાં સુવર્ણની મુદ્રિકાઓ ભરીને તો કોઇએ રૂપાની મુદ્રિકાઓ ભરીને ભગવાન શ્રીહરિના ચરણોમાં ભેટો ધરી. કોઇએ રત્જડીત પાદુકાઓ અને અનેક પ્રકારના મણિઓ જડિત મોજડીઓ, ભગવાન શ્રીહરિને અર્પણ કરી, તે સર્વે પોતપોતાની જગ્યા ઉપર જઇને બેઠા. ત્યારપછી ઉત્તર દિશાના ભક્તજનો પૂજા કરવા આવ્યા.[૬૮-૭૨]

હે રાજન્ ! ઉત્તર દિશાના દેશોમાં યૌધેયદેશ, પૌરવદેશ, મદ્રદેશ, માલવદેશ, અર્જુનાયનદેશ, કૈક્યદેશ, ક્ષુદ્રમીનદેશ, ત્રિગર્તદેશ, ઉત્તરકોશલદેશ, શરધાનદેશ, વાટધાનદેશ, ભોગપ્રસ્થદેશ, વસાતિદેશ, અંતદ્‌વીપદેશ, અશ્વમુખદેશ, કરછારદેશ, દંડપિંગલદેશ, કૈલાવર્તદેશ, કંઠધાનદેશ, પુષ્કરાવર્ત-

दासेरका केशधरास्तथा चिपिटनासिकाः । क्षेमधूर्ता हेमताला हिमाचलनिवासिनः ॥ ७६
यशोवतीनिवासाश्च माण्डव्याः कुरवस्तथा । एते चान्ये श्यामकाद्याः पुपूजुस्तं जनाः प्रभुम् ॥ ७७
सुगन्धिना कैसरेण चन्दनेनाक्षतैः शुभैः । प्रफुल्लपद्ममालाभिरभ्यर्च्योपायनान्यदुः ॥ ७८
महावस्त्राण्यमूल्यानि सितसूक्ष्मघनानि च । कस्तूरिकाभृतान्हैमान् समुद्गांश्चामराणि च ॥ ७९
गारुत्मतानि रत्नानि पद्मरागांश्च विद्रुमान् । महानीलांश्च नीलांश्च गोमेदान् स्फटिकांस्तथा ॥ ८०
हरये चार्पयामासुर्हीरकानर्कभासुरान् । ततो गतेषु तेष्वायन् ऐशाना हरिसेवकाः ॥ ८१
पशुपालाश्च काश्मीरा दरदास्तङ्गणास्तथा । अभिसाराश्च कौलूता जना ब्रह्मपुरोद्भवाः ॥ ८२
चीनाश्च दामरा घोषाः कोलिन्दाः कौविकास्तथा । गान्धर्वा वसुधानाश्च वनराष्ट्रादयस्तथा ॥ ८३
पुपूजुः परया भक्त्या नारायणमुनिं जनाः । तेषां च योषितो राजन्साध्वीधर्ममुपाश्रिताः ॥ ८४
चन्दनाक्षतपुष्पैश्च तुलसीमालिकादिभिः । वस्त्रैर्मृदुतरैः पीतै रक्तैर्नीलैश्च चित्रितैः ॥ ८५

---

દેશ, શાતકદેશ, ગાંધારદેશ, ખચરદેશ, હૂણદેશ, ગવ્યદેશ, ભૂતપુરદેશ, દાસેરકદેશ, કેશધરદેશ, ચિપિટનાસિકદેશ, ક્ષેમધૂર્તદેશ, હેમતાલદેશ, હિમાલયદેશ, યશોવતીતીરતટપ્રદેશ, માંડવ્યદેશ, ઉત્તરકુરુદેશ અને શ્યામાકદેશ, તથા તક્ષશિલાદિ દેશોના સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેઓએ સુગંધીમાન કેસર, ચંદન, ચોખા, ખીલેલા કમળની માળાઓથી ભગવાન શ્રીહરિનું પૂજન કરી, અનેક વિધ ઉપચારોની ચરણમાં ભેટ ધરી તેમાં શ્વેત સૂક્ષ્મ ઘાટાં અને અમૂલ્ય શાલદુશાલા આદિ વસ્ત્રો પરિધાન કરાવ્યાં તથા કસ્તૂરી ભરેલા સુવર્ણના સંપુટો, તેમજ ચામરો, મરકતમણિઓ, પદ્મરાગમણિઓ, વિદ્રુમમણિઓ, ઇન્દ્રનીલમણિઓ, મહાનીલમણિઓ, ગોમેદ, પીતસાર મણિઓ અને સ્ફટિકમણિઓ તથા સૂર્ય સમાન પ્રકાશિત હીરાઓ અને રત્નો ભગવાન શ્રીહરિના ચરણમાં સમર્પિત કરી તે વાયુદેશના ભક્તજનો પોતપોતાની જગ્યાએ બેઠા. ત્યારપછી ઈશાન ખૂણાના દેશોના ભક્તજનો ભગવાન શ્રીહરિની પૂજા કરવા આવ્યા.[૭૩-૮૧]

હે રાજન્ ! તે ઈશાન ખૂણાના દેશોમાં પશુપાલદેશ, કાશ્મીર, દરદ, તંગણ, અભીસાર, કુલૂત, બ્રહ્મપુર, ચીન, દામર, ઘોષ, કોલિંદ, કૌવિક, ગાંધર્વ, વસુધાન, વનરાષ્ટ્ર, પૌરવદેશ આદિ દેશોના ભક્તજનો તથા પતિવ્રતાના ધર્મમાં દ્રઢ નિષ્ઠાવાળી તેઓની સ્ત્રીઓ પણ ભાવ પૂર્ણ હૃદયથી ચંદન, ચોખા, પુષ્પ, તુલસીની માળાઓ અને અતિશય કોમળ લાલ, પીળાં, શ્યામ અને ચિત્રવિચિત્ર ભાતવાળાં

मुक्तामयैराभरणैः पूजयित्वा हरेः पुरः । उपायनानि निदधुर्जनास्ते तत्स्त्रियोऽपि च ॥ ८६
नानाविधानि रत्नानि स्वर्णस्थालभृतानि च । भृतान् करण्डकान् रौप्यान् दिव्यकुङ्कुमकेसरैः ॥ ८७
आसनानि विचित्राणि तार्णान्यतिमृदूनि च । मृदुस्पर्शांश्चित्रवर्णान् रम्यानासनकम्बलान् ॥ ८८
फलान्यनेकजातीनि सुरसाः सितशर्कराः । समर्प्येत्यादि हरये जग्मुस्ते सस्त्रियो जनाः ॥ ८९
एवं सर्वेऽपि ते भक्ता यथाविन्तं यथामति । पुपूजुः परया भक्त्या स्थविरास्तरुणार्भकाः ॥ ९०
भगवानपि भक्तानां भावदर्शी जगत्प्रभुः । पत्रपुष्पादिभिरपि तद्दत्तैस्तुष्यति स्म सः ॥ ९१
ततः प्रभुः स तान् सर्वान्वस्त्रालङ्कारसञ्चयान् । चक्रे ब्राह्मणसात्सद्यो जनयञ्जनविस्मयम् ॥ ९२
उपायनानि सर्वाणि तत्क्षणं प्रददौ च सः । विप्रेभ्यो रङ्कजीवेभ्यो भिक्षुकेभ्यश्च सादरम् ॥ ९३
साधुभ्यो ब्रह्मचारिभ्यः पद्गेभ्यश्च यथोचितम् । उपायनमदात्प्रीत्या पार्षदेभ्यश्च सत्पतिः ॥ ९४
राजभ्यो धनिकेभ्योऽपि स्ववस्त्रादि ददौ प्रभुः । सर्वेऽपि विस्मयं प्रापुश्चरित्रं वीक्ष्य तस्य तत् ॥ ९५

---

વસ્ત્રોથી અને મોતીઓના આભૂષણોથી ભગવાન શ્રીહરિનું પૂજન કરી તે સર્વે ભક્તજનો અને તેમની સ્ત્રીઓએ સુવર્ણના થાળ ભરેલા અનેક પ્રકારના રત્નો, લવિંગ તથા કુંકુમ કેસરથી ભરેલા રૂપાના નાના કરંડિયાઓ અનેક પ્રકારના તૃણમાંથી તૈયાર કરેલા કોમળ આસનો અને રમણીય કામળા આદિનાં આસનો અનેક જાતનાં સ્વાદિષ્ટ ફળો અને અતિશય મધુર રસથી યુક્ત શ્વેત સાકરના ખંડો ભગવાન શ્રીહરિના ચરણમાં સમર્પિત કરી પોતાની સ્ત્રીઓએ સહિત ઈશાન ખૂણાના દેશવાસી ભક્તજનો પોતપોતાના આસન ઉપર બેઠા.[૮૨-૮૯]

હે રાજન્ ! આ પ્રમાણે વૃદ્ધો, તરુણો, કુમારો આદિ સર્વ ભક્તજનોએ પોતપોતાની શક્તિ અને આવડતને અનુસારે પરમ ભક્તિભાવથી ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું.[૯૦] ભક્તજનોના અંતરના ભાવને જાણતા, ભગવાન શ્રીહરિ પણ તેમણે અર્પણ કરેલા પત્રપુષ્પાદિકથી ખૂબજ સંતુષ્ટ થયા, અને સભામાં બેઠેલા સમસ્ત ભક્તજનોને વિસ્મય ઉપજાવતા તે સમગ્ર વસ્ત્રો, આભૂષણો આદિ સર્વે પદાર્થો બ્રાહ્મણોને દાનમાં આપી દીધાં.[૯૧-૯૨] તે સર્વે ભક્તજનોએ અર્પણ કરેલી ભેટો બ્રાહ્મણો તથા રાંક ગરીબ ભિક્ષુકોને અતિશય આદરપૂર્વક તેજ ક્ષણે અર્પણ કરી દીધી.[૯૩] તે સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામી આદિ સંતો મુકુન્દબ્રહ્મચારી આદિ વર્ણિઓ તથા રતનજી, ભગુજી આદિ પાર્ષદોને પણ યોગ્ય વસ્તુઓ પ્રસાદીમાં અતિશય પ્રસન્ન થઈને આપી.[૯૪] હે રાજન્ ! એ સભામાં બેઠેલા રાજાઓને તથા ધનવાન ભક્તોને પણ પ્રસાદીનારૂપમાં પોતાના મહામૂલ્યવાળાં વસ્ત્રાદિકનું

नानानरेन्द्रसम्प्रार्थ्यान् पदार्थानपि तत्क्षणम् । कोटिशोऽपि ददौ स्वामी तेनाऽऽसन्विस्मिता नृपाः ॥ ९६
कृत्वाप्यमानुषं कर्म निरहङ्कृतिरीश्वरः । सितवासा यथापूर्वं बभूवानाप्तविस्मयः ॥ ९७
देशान्तरीयेषु जनेषु पूजामित्थं हि कुर्वत्सु हरेरुदाराम् ।
तदीक्षणात्युत्सुकमानसः किं सूर्योऽपि मध्ये गगनस्य तस्थौ॥९८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे देशान्तरीयसकलजनानां भगवदर्चनानन्दनिरुपणनामा द्वादशोऽध्यायः॥१२॥*

---

શ્રીહરિએ દાન કર્યું, ભગવાન શ્રીહરિનું આવું ઉદાર ચરિત્ર જોઇ સર્વે જનો અતિશય વિસ્મય પામી ગયા.[૯૫]

હે રાજન્ ! નાના મોટા રાજાઓ પણ જે પદાર્થોની સ્પૃહા કરતા હોય છે તે અપરિમિત પદાર્થો પોતાની પાસે પૂજામાં આવ્યાં ને તે જ ક્ષણે તેનું દાન કરી દીધું, તે જોઇ સર્વે રાજાઓ પણ વિસ્મય પામ્યા.[૯૬] શ્રીહરિ સર્વસ્વનું દાન કરી દેવારૂપ અલૌકિક કર્મ હમેશાં કરતા છતાં તેમના અંતરમાં કોઈ જાતનો ગર્વ કે અહંકાર ઉઠતો ન હતો. અને વિસ્મય પામવા જેવું તેમના માટે કાંઈ ન હતું. તેથી પૂર્વની માફક પોતાનાં સામાન્ય શ્વેત વસ્ત્રો પરિધાન કરી લીધાં.[૯૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે દેશદેશાંતરમાંથી આવેલા ભક્તજનો અતિશય ઉદારભાવનાની સાથે શ્રીહરિની મહાઉપચારોની સાથે પૂજા કરી રહ્યા હતા, તેવામાં સૂર્યનારાયણ પણ શ્રીહરિના દર્શનની અતિશય ઉત્કંઠા ધરાવતા હોયને શું ? એમ આકાશના મધ્યભાગે આવી સ્થિર થઈને ઊભા રહ્યા. જો સ્થિર ઊભા રહ્યા ન હોત તો આટલા બધા ભક્તજનોએ કરેલી પૂજા મધ્યાહ્ને કેમ પૂર્ણ થાય ? આ રીતે પૂજાના કાળમાં પણ ભગવાન શ્રીહરિએ પોતાનાં અલૌકિક ઐશ્વર્યનું દર્શન કરાવ્યું.[૯૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવ ઉપર પધારેલા દેશાંતરવાસી લક્ષાવધિ મનુષ્યોએ દીપાવલીના શુભ પર્વે ભગવાન શ્રીહરિની કરેલી પૂજાનું નિરૂપણ કર્યું એ નામે બારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૨--***

---

त्रयोदशोऽध्यायः - १३

सुव्रत उवाच

अथ माध्याह्निकं कर्तुं विधिं नारायणो नृप! । गङ्गां गन्तुमनाः प्राह मुनीन् स्वस्यार्चनोत्सुकान् ॥ १
युष्माभिः पूजनं कार्यं मुनयः! श्वो यथेप्सितम् । उन्मत्तगङ्गां गच्छामि स्नानार्थमधुना त्वहम् ॥ २
अमावास्याभिधं पर्व वर्ततेऽद्य महत्ततः । स्नानं नैमित्तिकं कार्यं गङ्गायामिति याम्यहम् ॥ ३
इत्युक्त्वोत्थाय भगवान्रोहिताश्वं महाजवम् । आनयेत्याह नान्नं च स तं शीघ्रमुपानयत् ॥ ४
अग्रे चलन्त्विति जनानाज्ञाप्य च मुनीन्प्रभुः । चचालाश्वं तमारुह्य जनतासु शनैः शनैः ॥ ५
तमन्वधावन्सकलाः पत्तयः शस्त्रपाणयः । उत्तमः स नृपः सोमः सूरोऽलर्कश्च मूलजित् ॥ ६

## અધ્યાય - ૧૩

### દીપાવલી તથા અમાવાસ્યાના પવિત્ર પર્વે ભગવાન શ્રીહરિ સંતો-ભક્તો સાથે મધ્યાહ્ને ઉન્મત્તગંગામાં જળક્રીડા કરી.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! સર્વે ભક્તજનોએ પૂજા પૂર્ણ કરી લીધા પછી ભગવાન શ્રીહરિએ પોતાની બ્રહ્મચારી ધર્મની માધ્યાહ્નિક વિધિ કરવા ઉન્મત્તગંગાએ જવાની ઈચ્છા કરી. તેથી પોતાની પૂજા કરવા તત્પર થયેલા મુક્તાનંદ સ્વામી આદિ સર્વે સંતોને કહ્યું કે, હે સંતો ! તમે સર્વે આવતી કાલે તમારી ઈચ્છા પ્રમાણે પૂજા કરજો. અત્યારે હું સ્નાન કરવા માટે ઉન્મત્તગંગા પ્રત્યે જાઉં છું.[૧-૨] આજે અમાવાસ્યાનું મહાપર્વ છે, તેથી તે નિમિત્તનું સ્નાન ઉન્મત્તગંગામાં મારે કરવું જોઈએ. તેથી હું ત્યાં સ્નાન કરવા જઈ રહ્યો છું.[૩] હે રાજન્ ! આ પ્રમાણે સંતોને કહી પોતાના આસન ઉપરથી ભગવાન શ્રીહરિ ઊભા થયા અને નાનખાચરને મહાવેગવંતા રોઝા ઘોડાને પોતાની સમીપે લઈ આવવાની આજ્ઞા કરી. તેથી નાનભક્ત તત્કાળ તે ઘોડાને ભગવાન શ્રીહરિની સમીપે લાવ્યા.[૪] ત્યારે શ્રીહરિએ સર્વે ભક્તજનો અને સંતોને તમે આગળ ચાલો, એવો આદેશ કર્યો, અને સ્વયં પોતે રોઝાઘોડા ઉપર આરુઢ થયા અને ભક્તજનોનાં વૃંદની સાથે ઉન્મત્તગંગા નદી તરફ ધીરે ધીરે ચાલવા લાગ્યા.[૫]

તે સમયે હાથમાં હથિયારધારી સર્વે ક્ષત્રિયો પણ પગપાળા શ્રીહરિની પાછળ ચાલવા લાગ્યા. અને પાર્ષદોમાં ઉત્તમરાજા, સોમલાખાચર, સુરાખાચર, અલૈયાખાચર, મુળુજી, જીવાખાચર, ભગુજી, નાંજાજોગીયા, રાઠોડ, માંત્રિક,

जीववर्मा च भृगुजिन्नाज्ञो राष्ट्रोढमान्त्रिकौ । व्याघ्रो वैरिभयो हस्ती मामयो रामगालवौ ॥ ७
गोवर्धनो मानजिच्च वास्तुर्वेलोऽलयोऽर्जुनः । केसरी मानसिंहश्च कुशलः पुञ्जजित्तथा ॥ ८
कालो हम्मीरजित् खोडो भीमो जूषश्च रत्नजित् । जाल्मो लक्षः कमो मोको वीरो देवश्च नथ्थुजित् ॥ ९
देशजित्प्रमुखाश्चान्ये हरिमन्वयुराशु ते । मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिकब्रह्मचारिणः ॥ १०
मयरामादयो विप्राः पर्वताद्यास्तथा विशः । हर्षजित्प्रमुखाः शूद्रा गोकुलाद्याश्च चारणाः ॥ ११
सर्व एव जना जग्मुः स्नातुं भगवता सह । वाद्यवादकसङ्घस्तु सर्वेषामग्रतोऽचलत् ॥ १२
तत्पृष्ठे च ययुः सर्वे मुनयो बाणचक्षुषः । अश्वारुढो हरिः साक्षात्तत्पृष्ठे शनकैर्ययौ ॥ १३
तत्पृष्टे पार्षदाः सर्वे तत्पृष्ठे निखिला जनाः । योषिद्वृन्दानि तेषां च पृष्ठतः शनकैर्ययुः ॥ १४
ततोऽपश्यद्धरिर्गङ्गां जनसङ्घसमाकुलाम् । समाह्वयन्तीं हर्षेण तरङ्गभुजचालनैः ॥ १५

---

વાઘજી, વેરાભાઈ, હસ્તી, મામયો, રામ, ગાલવ, ગોવર્ધન, માનજીત્, વસ્તો, વેલો, અર્જુન, અલય, કેસરી, માનસિંહ, કુશળ, પુંજાજી, કાળો, હમીરજી, ખોડો, ભીમો, જુષો, રત્નજી, જાલમ, લાખો, કમો, મોકો, વીરો, દેવો, નથુજી અને દેશજી આદિ અનંત ક્ષત્રિય ભક્તજનો ભગવાન શ્રીહરિની પાછળ ચાલવા લાગ્યા. તેવી જ રીતે મુકુન્દ બ્રહ્મચારી આદિ વર્ણીઓ પણ ચાલવા લાગ્યા, મયારામ આદિ ભૂદેવો અને પર્વતભાઈ આદિ વૈશ્યભક્તજનો, હરજી આદિ શૂદ્ર ભક્તજનો, ગોકુળ આદિ ચારણ ભક્તજનો ભગવાન શ્રીહરિની પાછળ ચાલવા લાગ્યા.[૬-૧૧] હે રાજન્ ! આ સર્વે ભક્તજનો સ્નાન કરવા પધારતા શ્રીહરિની સાથે સ્નાન કરવાનો લહાવો લેવા માટે જઈ રહ્યા હતા. તેમાં વાજિંત્રો વગાડનારાનો સંઘ સહુથી આગળ ચાલતો હતો.[૧૨] તેમની પાછળ બે હાથ દૃષ્ટિ પસારીને અહીંતહીં નહીં જોતા થકા સર્વસંતો, બ્રહ્મચારીઓ ચાલતા હતા. તેમની પાછળ અશ્વારુઢ થયેલા ભગવાન શ્રીહરિ ધીરે ધીરે ચાલી રહ્યા હતા.[૧૩] તેમની પાછળ સર્વે પાર્ષદો ચાલતા હતા. તેમની પાછળ ભક્તજનો અને સ્ત્રી ભક્તજનોનો સમુદાય ધીમે ધીમે ચાલતો હતો.[૧૪]

**ઉન્મત્તગંગાની સર્વશ્રેષ્ઠતા :–** હે રાજન્ ! તે સમયે ભક્તજનોના સમુદાયથી તેમજ તરંગોરૂપી પોતાના હાથ હલાવી જાણે બોલાવી રહી હોયને શું ? એવી ઉન્મત્તગંગાનદી શ્રીહરિએ નિહાળી.[૧૫] જે ઉન્મત્ત ગંગામાં આ પૃથ્વીપર પોતાના એકાંતિક ભક્તોના સુખને માટે કરુણા કરીને જેણે મનુષ્યાકૃતિ ધારણ કરી છે, એવા ભક્તપતિ સાક્ષાત્ વાસુદેવ ભગવાન શ્રીહરિ મંદમંદ મુખહાસ

या नित्यं भक्तभर्तुर्धृतनरवपुषो वासुदेवस्य साक्षात्साकं ।
मुक्तैर्मुनीन्द्रैः प्रमुदितवदनैः कीडया स्नानकाले ॥
कालिन्द्या वासुदेवाप्लवभवमतनुं मानमुन्मूलयन्ती वन्द्या ।
देवैः सहेशैर्भुवि जयतितरां मुक्तिदोन्मत्तगङ्गा ॥ १६
वीक्षामात्रेण पुंसामगणितजनिजं पातकं नाशयन्ती ।
स्नानात्सर्वार्थदात्री हसति भुवि च या भानुजां फेनजालैः ॥
या चान्यासां नदीनां प्रकटभगवतो ह्यङ्गसङ्गं विनापि ।
ख्यातं लोके महत्त्वं प्रतिवदतितरां वारिघोषैः किमुच्चैः॥ १७
श्वेतं स्वाभाविकं या मुनिगणतिलकैः स्नानधौतैश्च पीतं ।
वासःप्रक्षालनेन व्रतिमुनियतिनां चारु काषायरागम् ॥

---

કરતા પોતાના એકાંતિક અને બ્રહ્મરૂપ એવા મુક્તાનંદ સ્વામી કે વ્યાપકાનંદ સ્વામી જેવા સંતોની સાથે પ્રતિદિન બહુકાળ પર્યંત વારંવાર સ્નાન કરેલું છે. તથા જળ ઉછાળવું, ડૂબકી મારવી વગેરે અનેક પ્રકારની જેમાં જળક્રિડાઓ પણ કરી છે. તેણે કરીને સાક્ષાત્ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાનના સાક્ષાત્ જળક્રિડાદિકના સંબંધથી ઉદય પામેલી કાલિન્દી એવી યમુનાનદીના સર્વ કરતાં શ્રેષ્ઠપણાના અભિમાનને પણ હટાવી દેતી હોયને શું ? એવી આ ઉન્મત્તગંગા અત્યારે આ પૃથ્વી પર સર્વ તીર્થો કરતાં શ્રેષ્ઠ સર્વોપરી અને જયજયકારી પ્રવર્તે છે. અને તેથી જ બ્રહ્માદિ દેવતાઓ પણ જેને વારંવાર વંદન કરી ધન્ય થાય છે. એવી મહીમાવાળી આ ઉન્મત્તગંગા સ્નાન કરવા માત્રથી જીવોને મુક્તિ આપે છે.[૧૬]

વળી આ ઉન્મત્તગંગા દર્શન માત્રથી પણ મનુષ્યમાત્રનાં જન્મોજન્મથી ભેળાં થયેલાં અસંખ્ય પાપોનો પણ નાશ કરે છે. તથા સ્નાન કરવા માત્રથી સકળ પુરૂષાર્થને પૂર્ણ કરી આપે છે. પોતાના ફીણના ગુચ્છોથી યમુના નદીનો ઉપહાસ કરતી હોયને શું ? એવા મહિમાએ યુક્ત શોભી રહી છે. વળી જે ઉન્મત્તગંગા ઉચ્ચ સ્વરે થતા પોતાના જળપ્રવાહના ઉદ્‌ઘોષથી પ્રગટ પુરુષોત્તમનારાયણ ભગવાનના પ્રગટ અંગસંગ વિના પણ આલોકમાં પ્રસિધ્ધિ પામેલી ઈતર નદીઓના માહાત્મ્યનો નિષેધ કરતી હોય તેમ જણાય છે.[૧૭] વળી જેના જળનો સ્વાભાવિક શ્વેત વર્ણ હોવા છતાં સંતોનાં મંડળોએ અને ભક્તજનોએ સ્નાનના સમયે ધોઈને સાફ કરેલાં ઊર્ધ્વપુંડ્ર તિલકના કેસર ચંદનથી તેમનો વર્ણ પીળો થઈ જાય છે.

राज्ञीनामङ्गधौतैः पिशुनमृगमदैरीशपूजावशिष्टैः शोणं ।
कृष्णं च वर्णं स्वपयसि दधती चित्रवर्णा विभाति ।। १८
यस्याः स्नानं त्रिकालं पयसि विदधतां सन्नृणां योषितां वा ।
वक्त्रेभ्यो नामघोषः प्रकटितनृतनोः स्वामिनारायणस्य ।।
निर्यन्मिश्रोऽम्बुघोषैः प्रतिदिशमटतां भास्करेः किङ्कराणां ।
साशङ्कं दूरगाणां हरिविमुखदृशां कर्णशूलायते वै ।। १९
प्रायश्चित्तैरनाश्यानपि कलुषचयान्सद्य एव घ्नती या ।
सौरेस्तल्लेखकस्याप्यनुदिनमघकृद्दण्डविश्रान्तिदात्री ।।
दूरस्थैरन्तकालेऽप्यणुमितमपि चेदम्बु यस्याश्च पीतं ।
स्यात्तत्ते त्यक्तदेहाः सुरवरवनितासेव्यतां यान्ति सद्यः ।। २०

---

તેમજ બ્રહ્મચારી, સાધુ અને સંન્યાસીઓના ભગવાં વસ્ત્રોને ધોવાથી જે ગંગાનો વર્ણ પણ ભગવો થઈ જાય છે. તેમજ રાજાઓની રાણીઓ શ્રીહરિની પૂજા કરી બચેલાં પ્રસાદીભૂત કસ્તૂરી, કેસર અને કુંકુમને પોતાના શરીર પર ધારણ કરી આ ઉન્મત્તગંગામાં જ્યારે સ્નાન કરે છે. ત્યારે તેમનો વર્ણ લાલ, શ્યામ વિગેરેનો થઈ જતાં તે ગંગા ચિત્રવિચિત્ર તરંગવાળી થઈને શોભવા લાગે છે.[૧૮]

વળી આ ઉન્મત્તગંગાના નિર્મળ જળમાં સંતો તથા નરનારી ભક્તજનો ત્રિકાળ સ્નાન કરે છે. ત્રણ વખતના તેમના પ્રતિદિનના સ્નાન સમયે તેઓના મુખમાંથી પ્રત્યક્ષ પ્રગટ થઈ મનુષ્યભાવને પામેલા શ્રીહરિના સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એવા નામનો ઉદ્‌ઘોષ થાય છે તે ગંગાના જળના પ્રવાહના ઉદ્‌ઘોષની સાથે મળી દશે દિશાઓમાં વ્યાપે છે. ત્યારે ભગવાનથી વિમુખ જીવોના પ્રાણ લેવા નિઃશંક અને નિર્ભય થઈ દશે દિશાઓમાં ફરી રહેલા યમદૂતોના કાનમાં પડે છે, ત્યારે તેને તે શૂળની માફક લાગે છે. તેથી સ્વામિનારાયણ નામ સાંભળતાંની સાથે જ ઉન્મત્તગંગા નદીથી ક્યાંયના ક્યાંય દૂર ચાલ્યા જાય છે.[૧૯] વળી જે પ્રાયશ્ચિતો કરવાથી પણ વિનાશ ન પામે તેવા મહાપાપના પૂંજોનો આ ગંગામાં સ્નાન કરવા માત્રથી નાશ થઈ જાય છે. જેથી યમરાજાના લેખક પાપીઓને દંડ આપવા પ્રતિદિન પરિશ્રમ કરતા ચિત્રગુપ્તને વિશ્રાંતિ આપે છે, દૂરદૂર પ્રદેશમાં નિવાસ કરતા મનુષ્યો પણ જો પ્રાણાંતે આ ઉન્મત્તગંગાના જળબિન્દુનું પાન કરે છે તો તેઓ શરીરનો તત્કાળ ત્યાગ કરી સ્વર્ગમાં સિધાવે છે અને ત્યાં ઈન્દ્રાદિ

यस्यास्तीरे विहङ्गान्निवसत उदके मीननक्रोरगादीन् ।
दृष्ट्वा देहावसाने दिवि सुरवनितास्तत्कृतेऽन्योन्यकोपाः ॥
केशाकेशि प्रमर्दं विदधति मम वा एष ते नैव मेऽयं ।
कामादित्थं ब्रुवन्त्यो झटिति मृतिमितांस्तान्विमानैर्नयन्ति ॥ २१
यस्यास्तीरे कृतानां व्रतजपतपसां श्राद्धदानादिकानां ।
पुण्यं स्यादक्षयं वा अमरपितृनृणां तर्पणाद्भूरितृप्तिः ॥
नानायज्ञादिपुण्यं त्विह सकलजनैः स्नानतो लभ्यते वै ।
श्रेयस्कामैस्ततो या नृभिरनिशमसौ सेव्यते सर्वकामैः ॥ २२
दुष्टान् पापान् विगर्ह्यानपि पतितजनान् स्नानमात्रेण सद्यः ।
स्वर्गार्हान्कुर्वती या सुकविभिरुदिता नूनमुन्मत्तगङ्गा ॥

---

દેવતાઓની અપ્સરાઓને વરવા લાયક થાય છે.[20] વળી આ ઉન્મત્તગંગાને કિનારે નિવાસ કરતા ચક્રવાક, બતક, જળકુકડો, અને કારંડવ આદિ પક્ષીઓ તેમજ જળમાં નિવાસ કરતાં માછલાં, કાચબા, મગર, સર્પ આદિ અનંત જંતુઓને જોઈને સ્વર્ગની અપ્સરાઓ તે જંતુઓના અંત સમયની પ્રતીક્ષા કરી તેને પતિ તરીકે વરવા આ પ્રાણી મારો પતિ થશે તારો નહિ, એમ પરસ્પર કામવશ થઈ સ્પર્ધા કરતી વાક્યુદ્ધ અને કરયુદ્ધ કરતી એક બીજાના કેશ ખેંચે છે. અને કિનારાનાં પ્રાણી જ્યારે શરીર છોડે છે ત્યારે તેને તત્કાળ વિમાન દ્વારા સ્વર્ગમાં લઈ જાય છે.[21]

વળી આ ઉન્મત્તગંગાને કિનારે બેસી જે કાંઈ વ્રત, જપ, શ્રાદ્ધ, પિતૃકર્મ, દાન અને સાધુ બ્રાહ્મણોનું તર્પણ આદિ સત્કર્મ કરવામાં આવે તો તે અવિનાશી ફળને આપનારાં થાય છે. તેમજ આ ગંગાને તીરે દેવતાઓ, પિતૃઓ અને સનકાદિક જેવા મહાપુરુષોનું જલાંજલી અર્પણ કરી તર્પણ કરવામાં આવે તો તેઓને અત્યંત પ્રસન્ન કરનારું થાય છે. આ ગંગામાં સ્નાન કરવાથી કે માત્ર જળનો સ્પર્શ કરી આંખે સ્પર્શ કરવાથી મનુષ્યોને અનેકવિધ યજ્ઞો કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. તેથી જ મોક્ષને ઈચ્છતા અથવા અન્ય ત્રણે પુરુષાર્થની પ્રાપ્તિને ઈચ્છતા મનુષ્યો આ ઉન્મત્તગંગાનું નિત્યે સેવન કરે છે.[22] આ ઉન્મત્તગંગાના જળમાં દુષ્ટ પાપી, નિંદિત અને પતિતજનો પણ જો સ્નાન કરે છે તો તત્કાળ સ્વર્ગના અધિકારી થાય છે. તેથી આ નદીને કવિજનો ઉન્મત્તગંગા કહે છે. (ઉન્મત્ત માણસ જેમ યોગ્ય અયોગ્યનો વિચાર કર્યા વિના પોતાનું ઐશ્વર્ય વાપરે છે તેમ આ નદી પાપ બાળવામાં પોતાનું

माहात्म्यं नैव यस्या जगति भगवता स्वात्मसाद्वै कृताया ।
वक्तुं केऽपि क्षमन्ते भुजगपतिमुखा वर्णयन्तोऽपि नित्यम् ॥ २३
तां प्राप्य सस्नौ भगवांस्तदानीं साकं मुनीन्द्रैरखिलैर्नृभिश्च ।
सिञ्चञ्जलं स्वाञ्जलिलाघवेन तान् सिञ्चयंश्चापि परस्परं सः ॥ २४
आनन्दयन् स्वेक्षकलोकसङ्घानगाधतोयं च विवेश तत्र ।
प्रत्योघमेवाम्बुनि तिष्ठति स्म सङ्गीतकीर्तिर्निजभक्तसङ्घैः ॥ २५
प्रतिप्रवाहं स्थितमीक्षमाणास्तं सर्वतस्ते परिवृत्य तस्थुः ।
तत्पादमाघट्य पतत् तयोऽपि भक्ताः पिबन्ति स्म जवेन केचित् ॥ २६
तं देवसङ्घा जलकेलिलीलां कुर्वन्तमालोकयितुं समुत्काः ।
तूर्णं विमानैर्गगने समेत्य निरीक्ष्य चानन्दभरं समीयुः ॥ २७

ઐશ્વર્ય વાપરે છે. તેથી કવિજનાએ ઉન્મત્ત એવું નામ રાખ્યું છે.) અને સાક્ષાત્ પરમાત્મા પુરુષોત્તમનારાયણ આ તો મારી છે, એવા આત્મીયભાવથી તેનો સ્વીકાર કર્યો હોવાથી એનો મહિમા અને ઐશ્વર્ય અત્યંત વૃદ્ધિ પામે છે. તેથી તેનો મહિમા અને ઐશ્વર્ય સમગ્રપણે શેષ કે બ્રહ્માદિ દેવતાઓ કહેવા સમર્થ થતા નથી તો બીજાની શી વાત કરવી ?[૨૩]

હે રાજન્ ! આવી મહિમાવાળી પાવનકારી આ ઉન્મત્તગંગાને તીરે શ્રીહરિ સર્વે સંતો-ભક્તોને અને રાજાઓની સાથે પધાર્યા અને તેના જળમાં ઉતરી પોતાની સાથે સ્નાન કરવા ઉતરેલા સંતો-ભક્તો ઉપર જળનો છંટકાવ કરવા લાગ્યા, અને તે સંતોભક્તો પણ પરસ્પર જળાંજલીનો છંટકાવ કરી અપૂર્વ આનંદ લેવા લાગ્યા.[૨૪] તે સમયે શ્રીહરિ પોતાનું દર્શન કરવા ઊભેલા ભક્તજનોને અલૌકિક આનંદ ઉપજાવતા અગાધ જળમાં પ્રવેશ કર્યો. તે સમયે કીર્તનોનું ગાન કરી ભક્તજનો શ્રીહરિની કીર્તિનો મહિમા ગાવા લાગ્યા.[૨૫] અને શ્રીહરિ જળના પ્રવાહની સન્મુખ ઊભા રહ્યા ત્યારે શ્રીહરિનાં દર્શન કરતા સર્વે સંતો ભક્તો તેમની ફરતે ઊભા રહ્યા અને કેટલાક ભક્તો પાછળના ભાગે ઊભા રહી શ્રીહરિના ચરણની સાથે અથડાઈને વહેતાં જળનું પાન કરી ધન્યતા અનુભવવા લાગ્યા. તેથી નીચેના ભાગે સ્નાન કરતી સ્ત્રીભક્તજનો પણ જળનું પાન કરી ધન્યતા અનુભવી.[૨૬]

હે રાજન્ ! જળક્રીડા કરી પોતાના ભક્તજનોને અત્યંત આનંદ ઉપજાવી રહેલા શ્રીહરિનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠા વાળા બ્રહ્માદિક દેવતાઓ પણ

निमज्ज्य सद्यः प्लुतिलाघवेन स्वान्वेषकान् भ्रामयति स्म तोये ।
चरञ्जलेऽसौ तदचिन्त्यदेशे स्वीयं शिरो दर्शयति स्म तांश्च ॥ २८
पुनर्निमज्ज्याम्बुनि सद्य एव स्वं चिन्तयन् ब्रह्म च कृष्णसंज्ञम् ।
तिष्ठंश्चिरं सोऽम्भसि हृत्सु चित्रं कुर्वन्नृणां निःसरति स्म तोयात् ॥ २९
तरन्विचित्रैस्तरणप्रभेदैस्तद्वेदिनां चापि मनःसु चित्रम् ।
तदा समुत्पादयति स्म तोयक्रीडां स साकं मुनिभिः प्रकुर्वन् ॥ ३०
तं सन्तरन्तं ह्यनु पार्षदाग्र्या ऋषिप्रवीराः शतशश्च तेरुः ।
अप्राप्य तं फूत्कृतिफुल्लवक्त्राः समुच्छ्वसन्तस्तमहासयंस्ते ॥ ३१
मत्स्यादिरुपेण जले चिरस्थान्स्वपत्स्पृशि कामयतः सुरेशान् ।
आनन्दयंस्तां सरितं च रेमे निशावियोगां चिरमम्भसीशः ॥ ३२

વિમાનમાં બેસી તત્કાળ આકાશ માર્ગે ભેળા રહી શ્રીહરિનું દર્શન કરી આનંદ પામ્યા.[૨૭] તે સમયે જળમાં ડૂબકી મારવાની કુશળતાથી સંતાતા શ્રીહરિને શોધવા દોડાદોડ કરતા બ્રહ્માનંદ સ્વામી આદિ સંતોને જળમાં આમ તેમ ભમાવતા હતા અને સંતોએ નિર્ધાર નહિ કરેલા સ્થળે પહોંચી બહાર આવી મસ્તક ભાગનાં દર્શન કરાવી આનંદ ઉપજાવવા લાગ્યા.[૨૮] વળી ફરી જળમાં ડૂબકી મારી કોઈ શોધી ન શકે એવા સ્થળમાં શ્રીકૃષ્ણમંત્રના જપની સાથે ધ્યાન કરતા કરતા બહુકાળ પર્યંત જળમાં બેસી રહ્યા પછી સર્વને વિસ્મય ઉપજાવતા બહાર નીકળ્યા.[૨૯] આ રીતે અનેક પ્રકારે તરવાની યુક્તિથી બ્રહ્માનંદ સ્વામી આદિ સખા સંતોની સાથે અને સોમલાખાચર, સુરાખાચર આદિ પાર્ષદોની સાથે જળક્રીડા કરતા અનેક પ્રકારના ભેદથી તરતા હોવાથી સર્વને આશ્ચર્ય ઉપજાવતા સુંદર તરણલીલાનો વિસ્તાર કરતા શ્રીહરિની પાછળ સેંકડો પાર્ષદો તથા મુક્તાનંદ સ્વામી આદિ સેંકડો સંતો પણ તરવા લાગ્યા.[૩૦] તેમજ વારંવાર મુખમાં પાણી ભરી ફુત્કાર કરતા હોવાથી તેઓનાં મુખ ફુલી ગયાં અને શ્રીહરિનો સ્પર્શ કરવા વારંવાર પાછળ દોડવાના પરિશ્રમથી લાંબા શ્વાસ લેવા લાગ્યા, છતાં શ્રીહરિને સ્પર્શી શક્યા નહિ તેથી શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા, અને કિનારે ઊભેલા સર્વે ભક્તો પણ હસવા લાગ્યા.[૩૧]

હે રાજન્ ! આ રીતે સર્વને આનંદ ઉપજાવતા ભગવાન શ્રીહરિએ પોતાના ચરણકમળનો સ્પર્શ કરવાની ઈચ્છાથી જળમાં બહુ સમયથી માછલાંના રૂપને ધારણ કરી પ્રતીક્ષા કરતા બ્રહ્માદિક દેવતાઓને પણ સ્પર્શ કરવા આપી ધન્ય

स्नात्वाम्बुनैव तिलकं स विधाय सद्यो माध्याह्निकीं सितरुचं समुपास्य सन्ध्याम् ।
पश्यन् रविं गगनमण्डलमध्यसंस्थमम्बुस्थितस्तमुपतस्थ ऋजूर्ध्वबाहुः ॥ ३३
तं सूर्यमण्डलनिबद्धदृशं स्थिराङ्गं सूक्तं पठन्तमपि सौरमुदारमुच्चैः ।
स्वेदोदबिन्दुततिमौक्तिकदामभालमैक्षन्त साद्भुतममर्त्यगणाः खसंस्थाः ॥ ३४
स्नात्वा यथाविधि च तं त्वभितोऽम्बुसंस्था एकैकमर्घ्यमखिला अपि वर्णिविप्राः ।
दत्त्वैव पूष्ण उपतस्थिर ऊर्ध्वहस्ताः पङ्क्तिस्थिता नृप! सहस्रश आदृतास्तम् ॥ ३५
समाप्य सूर्योपस्थानं भगवान्धर्मरक्षकः । ब्रह्मयज्ञं विधायादौ चक्रे देवादितर्पणम् ॥ ३६
देवता उपवीती च नरान् निवीत्यतर्पयत् । प्राचीनावीत्यसौ पितॄनेकद्वित्र्यञ्जलिक्रमात् ॥ ३७

---

**કર્યા. તેમજ રાત્રીના સમયમાં પોતાના વિરહમાં ઝૂરતી ઉન્મત્તગંગાને પોતાના સંયોગનું પ્રદાન કરી આનંદ આપતા જળમાં બહુ કાળ સુધી જળક્રીડા કરી.[૩૨] હે રાજન્ ! ભગવાન શ્રીહરિનો જેના માટે પાદુર્ભાવ છે એવા ધર્માચરણની ભક્તજનોને શિક્ષા આપવા મધ્યાહ્ન કાલિક કર્મવિધિનું આચરણ કરવા લાગ્યા તે કથા સંભળાવું છું, શ્રીહરિ જળક્રીડા કર્યા પછી જળમાં જ ઊભા રહી જળવડે જ ભાલમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું, અને શુક્લ વર્ણવાળી મધ્યાહ્ન સમયે કરવાની સંધ્યાનું યથાવિધિ ઉપાસન કરીને આકાશના મધ્ય ભાગે વિરાજતા સૂર્યનારાયણને ઊંચી દૃષ્ટિ કરીને સરલપણે બે હાથ ઊંચા રાખી સૂર્યની ઉપાસના કરવા લાગ્યા.[૩૩] આ રીતે સૂર્યમંડળને વિષે દૃષ્ટિ અને શરીરને સ્થિર કર્યા પછી સૂર્યસૂક્તનો ઉચ્ચસ્વરે પાઠ કરવા લાગ્યા. આ રીતે સૂર્યોપાસન કરી રહેલા શ્રીહરિના વિશાળ ભાલમાં પરસેવાનાં બિંદુઓની પંક્તિરૂપી મોતીઓની સૂક્ષ્મ માળા સર્જાણી. ત્યારે બ્રહ્માદિ દેવતાઓ આકાશમાં આવી પોતપોતાનાં વિમાનમાં બેસી આશ્ચર્યપૂર્વક દર્શન કરવા લાગ્યા.[૩૪]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિને સૂર્યોપાસન કરતા જોઇ સર્વે મુકુન્દાનંદ આદિક બ્રહ્મચારીઓ તથા સમસ્ત ભૂદેવો પણ યથા વિધિ સ્નાન કરી ભગવાન શ્રીહરિની ચારે બાજુ જળમાંજ પંક્તિબદ્ધ ઊભા રહી એક એક અંજલી સૂર્યને અર્ઘ્ય આપી હાથ ઊંચા કરી અતિ આદર પૂર્વક હજારોની સંખ્યામાં તેઓ સૂર્યની ઉપાસના કરવા લાગ્યા.[૩૫] પછી ધર્મ રક્ષક ભગવાન શ્રીહરિએ સૂર્યોપાસન સમાપ્ત કર્યું ને પ્રથમ બ્રહ્મયજ્ઞ કરી દેવતાઓનું તર્પણ કરવા લાગ્યા.[૩૬]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ યજ્ઞોપવિતને ડાબે ખભે મૂળ સ્થિતિમાં**

द्विजैः सहेत्थं विधिना विधाय माध्याह्निकं वाजिनमारुरोह ।
संस्तूयमानो मुनिभिर्नरेन्द्रैः पुरं विवेशाथ स वर्णिराजः ॥ ३८
श्रृण्वन् स भक्तैः पथि गीयमानं यशः स्वकीयं मुनिभिः सहैत्य ।
संसिद्धपाकं नृपतेर्निशान्तं सम्भोजयामास मुनीन् यथावत् ॥ ३९
तृप्तान्स तान् पायसमोदकाद्यैर्गन्तुं द्रुतं विस्तृतधर्मशालाम् ।
आज्ञापयामास ततश्च सर्वान्भक्तानपि स्वान् गमनाय भोक्तुम् ॥ ४०
स्वस्थानमेत्य पुनराप्लवनं विधाय कृत्वा च पाकमथ संस्कृतभूप्रदेशे ।
कृष्णाय तं नृप! निवेद्य स वैश्वदेवं कृत्वा स्वयं च बुभुजे रसजिन्मिताशी ॥ ४१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे उन्मत्तगङ्गायां भगवज्जलक्रीडामाध्याह्निकविधिनिरुपणनामा त्रयोदशोऽध्यायः॥१३॥*

---

રાખી અગ્નિ આદિ દેવતાઓનું એક એક અંજલી આપી તર્પણ કર્યું. ત્યારપછી યજ્ઞોપવિતને નીવીત કરીને એટલે કે કંઠમાં લાંબી યજ્ઞોપવિતને ધારણ કરીને સનકાદિકોને બે અંજલી અર્પણ કરી તર્પણ કર્યું અને યજ્ઞોપવિતને જમણે ખભે ધારણ કરીને રાણાયન આદિક પિતૃઓને ત્રણ અંજલી અર્પણ કરી તર્પણ કર્યું.[૩૭] હે રાજન્ ! વર્ણીરાજ ભગવાન શ્રીહરિ બ્રહ્મચારી અને બ્રાહ્મણોની સાથે મધ્યાહ્ને કરવાનો સંધ્યાવિધિ કરીને જળમાંથી બહાર નીકળી તૈયાર થઈ રોઝા ઘોડા ઉપર અસ્વાર થઈ મુક્તાનંદ સ્વામી આદિક સંતો તથા હેમંતસિંહ અને ઉત્તમરાજા આદિક રાજાઓની પ્રાર્થનાથી તેઓની સાથે દુર્ગપુરમાં પ્રવેશ કરવા લાગ્યા.[૩૮] ત્યારે માર્ગમાં સંતો અને ભક્તજનો ઉચ્ચસ્વરે ગીતોનું ગાન કરતા હતા તેને સાંભળતા શ્રીહરિ ઉત્તમરાજાના ભવનમાં પધાર્યા. ત્યાં રસોઈ તૈયાર હોવાથી સર્વે સંતોને યથાયોગ્ય ભોજન કરાવવા લાગ્યા.[૩૯] તેમાં દૂધપાક, ખીર, પૂરી, મોતીયા લાડુ, વગેરે પીરસી ભગવાન શ્રીહરિએ સંતોને ખૂબ જ તૃપ્ત કર્યા, અને ધર્મશાળામાં જવાની આજ્ઞા આપી, ત્યારપછી સર્વે દેશ દેશાંતર વાસી ભક્તોને પણ ભોજન કરવા જવાની આજ્ઞા આપી.[૪૦]

હે રાજન્ ! ત્યારબાદ ભગવાન શ્રીહરિ પોતાના નિવાસસ્થાન અક્ષરભુવને આવી ફરી સ્નાન કર્યું ને પવિત્ર કરેલી ભૂમિમાં પોતાને હાથે રસોઈ તૈયાર કરી ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માને નિવેદન કરી વૈશ્વદેવ કર્મ કર્યું, ત્યારપછી રસાસ્વાદ

चतुर्दशोऽध्यायः - १४

सुव्रत उवाच -

मुहूर्तमथ विश्रम्य हरिर्नृप! पुनर्बहिः । वेद्यामेत्य निजे पीठे निषसाद सपार्षदः ॥ १
अह्नस्तृतीययामान्ते जनसङ्घाः सयोषितः । समेत्य पूर्ववत्तत्र निषेदुर्मुनयस्तथा ॥ २
जगुर्गुणानृषिवराः प्रेमानन्दादयो हरेः । वादयन्तो मृदङ्गांश्च वीणावेणुविपञ्चिकाः ॥ ३
तावदाकारयामास हरिः पौराणिकोत्तमम् । श्रोतुं नित्यकथां राजन्! प्रयागजिदिति श्रुतम् ॥ ४

ઉપર વિજય મેળવનારા અને મિતાહારી શ્રીહરિએ પણ ભોજનનો સ્વીકાર કર્યો.[૪૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવ પર દીપાવલીના દિવસે ઉન્મત્તગંગામાં સંતો-ભક્તોની સાથે જળક્રીડા કરી મધ્યાહ્ને કરવાનો સંધ્યાવિધિ કરી પુરમાં પાછા પધાર્યાનું નિરૂપણ કર્યું એ નામે તેરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૩--***

---

## અધ્યાય - ૧૪

### દીપાવલીના બપોર પછી નિત્ય નિયમ પ્રમાણે પ્રાગજી પુરાણી પાસે પંચમસ્કંધનું શ્રવણ કર્યું.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ બપોરનું ભોજન કર્યા પછી બેઘડી પ્રર્યંત પોતાના પાર્ષદોની સાથે બહાર વેદિકા પાસે સ્થાપન કરેલા સિંહાસન ઉપર વિરાજમાન થયા.[૧] આજે દીપાવલીના ત્રીજા પહોરને અંતે સંતો તથા સ્ત્રીઓએ સહિત ગૃહસ્થ ભક્તજનો પણ પૂર્વની માફક સભામાં બેઠા.[૨] ત્યારે પ્રેમાનંદાદિ ઋષિવરોએ મૃદંગ, વીણા, વાંસળી અને સાત તારવાળી વિપંચિકા વગેરે વાજિંત્રો વગાડી ભગવાન શ્રીહરિના ગુણોનું સંકીર્તન કર્યું.[૩] હે રાજન્ ! એ અવસરે ભગવાન શ્રીહરિએ નિત્યનિયમની કથાનું શ્રવણ કરાવવા પ્રાગજી પુરાણી નામના પ્રસિદ્ધ વક્તાને બોલાવ્યા.[૪] શરીરે પૌઢ અને શ્રીહરિની કૃપાથી તર્ક, મીમાંસા આદિ સમગ્ર શાસ્ત્રો અને શ્રીમદ્ ભાગવતાદિ સમગ્ર પુરાણો અને વેદના અર્થને યથાર્થ જાણવામાં ચતુર, સ્પષ્ટ અક્ષરોનું ઉચ્ચારણ કરી મધુરભાષામાં ઉચ્ચસ્વરે બોલી કથા શ્રવણ કરાવતા પ્રાગજી પુરાણી બે હાથ જોડી સભામાં બેઠેલા સંતોને

प्रौढाकृतिः सकल शास्त्रपुराणवेत्ता वेदार्थवेदनपटुर्भगवत्प्रसादात् ।
स्पष्टाक्षरप्रवचनो मधुदीर्घशब्दस्तत्राजगाम स मुनीन्प्रणमन्कराभ्याम् ॥ ५
बद्धाञ्जलिः स भगवत्पदयोः शिरः स्वं धृत्वा ननाम विनयेन च पार्षदादीन् ।
नारायणोऽपि विधिवद्विनयात्तमुच्चे व्यासासने समुपवेश्य ननाम विप्रम् ॥ ६
ब्रह्मण्यदेव इह धर्मपथावनेच्छुः पूज्योऽपि देवपतिभिः स सरस्वतीं प्राक् ।
सम्पूज्य सादरमथो तमपि द्विजेन्द्रमानर्च गन्धवरपुष्पफलोत्तमाद्यैः ॥ ७
क्रमप्राप्तां भागवतपञ्चमस्कन्धसङ्गताम् । वाचयिष्यन्कथां सोऽथ मङ्गलाचरणं व्यधात् ॥ ८
सुनीशारं सारं शुचिकनकबुट्टं परिदधन्निचोलं कौसुम्भं कटितटपटं चारुणरुचिम् ।
बहून् हारान् हैमान्वरवलयकेयूरमुकुटान् हसद्वक्त्रेन्दुर्मे दृशि जयतु नारायणमुनिः ॥ ९

---

નમસ્કાર કરી, શ્રીહરિના ચરણોમાં પોતાનું મસ્તક ધરી અતિશય આદરપૂર્વક વિનયથી નમસ્કાર કર્યા અને પાસે ઊભેલા સોમવર્મા આદિ પાર્ષદોને પણ નમસ્કાર કર્યા. ત્યારે મર્યાદાનું સ્થાપન કરવા તેનું પાલન કરતા શ્રીહરિએ પણ વિપ્ર પુરાણીને શાસ્ત્રવિધિ અનુસાર વિનયપૂર્વક ઊંચા વ્યાસાસને બેસાડી નમસ્કાર કર્યા.[૫-૬]

બ્રાહ્મણોને દેવ સમાન માની તેનું હિત કરતા આ પૃથ્વી પર ધર્મમાર્ગનું રક્ષણ કરવાની ઈચ્છા વાળા તેમજ બ્રહ્માદિ દેવતાઓ પણ જેની હમેશાં પૂજા કરે છે એવા ભગવાન શ્રીહરિએ સુગંધીમાન ચંદન, કુંકુમ, પુષ્પોના હાર, નાળિયેર, સુંદર ફળો અને સુવર્ણની મુદ્રિકાથી સૌ પ્રથમ શ્રીમદ્‌ભાગવત રૂપ સરસ્વતી દેવીનું પૂજન કર્યું, ત્યારપછી બ્રાહ્મણ શ્રેષ્ઠ પ્રાગજી પુરાણીનું ચંદનાદિવડે પૂજન કર્યું.[૭] પછી પ્રાગજી પુરાણીએ પણ નિત્ય વાંચવાના ક્રમ પ્રમાણે આવતા ભાગવતના પંચમ સ્કંધની કથા સંભળાવવાના પ્રારંભમાં મંગલાચરણ કર્યું.[૮]

**મંગલાચરણ :–** શુદ્ધ સુવર્ણનાં બુટ્ટાથી અંકિત શ્રેષ્ઠ પ્રકારની અને શોભાવાળી ડગલીને ધારણ કરનારા, કસુંબલ રંગવાળાં અને સુવર્ણના સૂત્રથી અંકિત સુરવાળને ધારણ કરનારા, અને તેવા જ રંગનું મસ્તકપર મંડિલને ધારણ કરનારા, રાતા વસ્ત્રને કેડ ઉપર બાંધનારા, સુવર્ણના અનેક હાર, શ્રેષ્ઠ બાજુબંધ, કડાં અને મુકુટ તથા નૂપુરને ધારી રહેલા અને મંદમંદ હાસ્ય કરતા મુખચંદ્રથી શોભતા એવા હે નારાયણમુનિ ! સાક્ષાત્ પરમાત્મા તમે મારી દૃષ્ટિ આગળ સદાય વિરાજમાન રહો, અને તમારો સદાય વિજય થાઓ.[૯] હે ભગવાન ! તમે સર્વેના નિયંતા પરમેશ્વર હોવા છતાં સ્વેચ્છાથી મનુષ્યાકૃતિને ધારણ કરનારા આનંદના

य ईशोऽपि स्वेच्छाधृतनृतनुरानन्दनिलयः कृपासिन्धुर्बन्धुर्भवजलनिधौ दुःखितनृणाम् ।
सकामैर्निष्कामैरपि सुरनरैः सेव्यचरणं नमाम्यात्मात्मानं तमहमिह नारायणमुनिम् ॥ १०
कृत्वेति मङ्गलं विप्रः कथामचकथत्स ताम् । तत्र तत्राध्यात्मभागं स्फुटीकृत्यावदत्प्रभुः॥ ११
स स्कन्धस्तद्दिने पूर्णस्ततः पौराणिकं प्रभुः । सम्पूज्य शीर्षपटकं तस्मै प्रादान्महाधनम् ॥ १२
धोत्रप्रावरणादीनि वस्त्राण्यन्यानि च प्रभुः । करभूषाद्यलङ्कारान् ददौ च विपुलं धनम् ॥ १३
बहुमूल्यं निजं चाश्वं रोहिताख्यं नृपेप्सितम् । तस्मै प्रादात्स भगवान् हैमालङ्कारभूषितम् ॥ १४
ततो व्यासासनाद्विप्रः स उत्थायानमत्प्रभुम् । उपाविवेश मुनिषु सूर्योऽस्तं तावदाप च ॥ १५
वासुदेवाङ्गणे तत्र मण्डपः शिल्पिभिस्तदा । चतुरस्रश्चतुर्द्वारश्चक्रे ऽतिविततः शुभः ॥ १६

---

નિધિ અને કૃપાસિંધુ છો. આ ભવસાગરમાં દુઃખ પામતા મનુષ્યોનો ઉદ્ધાર કરતા આત્મીયબંધુ છે, સકામી અને નિષ્કામી એવા મનુષ્યો અને દેવતાઓ પણ તમારા ચરણારવિંદની ઉપાસના કરે છે. એવા સર્વે આત્માના અંતર્યામી હે નારાયણમુનિ ! સાક્ષાત્ પરમાત્મા ! હું આપને આ કથાના પ્રારંભમાં કાયા, મન, વાણીથી નમસ્કાર કરું છું.[૧૦]

હે રાજન્ ! આ બે શ્લોકનું મંગલાચરણરૂપ પઠન કરી પ્રાગજી પુરાણી પંચમ સ્કંધની કથા કરવા લાગ્યા, ત્યારે તે તે કથા પ્રસંગમાં જ્યાં જ્યાં અધ્યાત્મભાગ આવે તેની વધુ સ્પષ્ટતા ભગવાન શ્રીહરિ પણ વચ્ચે કરતા હતા.[૧૧] હરિ ઇચ્છાએ આજે દીપોત્સવીને દિવસે જ પંચમ સ્કંધની કથામાં સમાપ્તિ થઇ હોવાથી કથા શ્રવણના વિધિ પ્રમાણે શ્રીહરિએ પુરાણીનું ચંદન, પુષ્પાદિકવડે પુનઃ પૂજન કરી પોતાના મસ્તક ઉપર ધારણ કરવાનું મહા કિંમતી વસ્ત્રનું દાન કર્યું.[૧૨] તેવી જ રીતે પુરાણીને ઉપયોગી ધોતી, ડગલી આદિ અન્ય વસ્ત્રો તથા હાથમાં ધારણ કરવાનાં કડાં આદિ અલંકારો અને વિપુલ પ્રમાણમાં ધન અર્પણ કર્યું.[૧૩] તે પછી બહુ મૂલ્યવાળો રાજાઓએ પણ સ્પૃહા કરેલો રોઝા નામનો પોતાનો ઘોડો સુવર્ણના આભૂષણોથી અલંકૃત કરીને પ્રાગજી પુરાણીને દાન કર્યો.[૧૪]

**દીપોત્સવ** :– હે રાજન્ ! પછી પ્રાગજી પુરાણી વ્યાસાસનથી નીચે ઉતરી શ્રીહરિને નમસ્કાર કર્યા અને સભામાં સંતમંડળની મધ્યે પોતાના આસન પર બેઠા. તે સમયે સૂર્યનારાયણ અસ્તાચળને પામ્યા.[૧૫] ત્યારે રાજદ્વારમાં ભગવાન શ્રીવાસુદેવ-નારાયણના મંદિરના આંગણામાં દેવરામ આદિ શિલ્પભક્તો વિશાળ અને સુશોભિત ચાર દ્વારવાળા મંડળની રચના કરી.[૧૬] તે મંડપની અંદર કૃષ્ણદાસ

दीपानां राजयस्तत्र दिवाकीर्तिभिरायताः । समास्तिर्यक् तथोर्ध्वं च चक्रिरे हि सहस्रशः ॥ १७
बहिर्वेदिषु बद्धेषु तिर्यग्वंशेषु दीपकाः । सहस्रशः कृता भक्तैस्तैर्दीर्घस्थूलवर्तयः ॥ १८
दीपिकानां शतान्यासन्नारायणमुनेः पुरः । मधूत्थवर्तिदीपाश्च रौप्याङ्कोड्डेषु भूरिशः ॥ १९
काचयन्त्रेषु दीपाश्च तस्मिन्निम्बतरावपि । निबद्धाः शतशो भक्तै दिशासु विदिशासु च ॥ २०
दीपचक्रभ्रमाश्चापि रथकारैर्हरेः पुरः । निर्मिता यत्र दीपानां शतान्यासन् भ्रमन्ति वै ॥ २१
रत्नेन्द्रसारा इव ते दीपा रोचिष्णवो बभुः । कुहूनिशायास्तिमिरं तदा तत्र व्यलीयत ॥ २२
ततः स्वर्णमयीं लक्ष्मीं विप्रानाहूय वैदिकान् । उपहारैर्बहुविधैः सोऽर्चयामास मण्डपे ॥ २३
गीतवादित्रनिनदस्तदानीं सुमहानभूत् । ततः प्रादात्स विप्रेभ्यो वस्त्रालङ्कारदक्षिणाः ॥ २४

---

વગેરે વાંણદ ભક્તજનોએ લાંબી એકસરખી આડી અને ઊભી હજારો દીવડાની પંક્તિઓ કરી દીધી.[૧૭] તેમજ બહારના ભાગમાં વેદિકાઓ ઉપર શણની દોરીઓથી સહેજ વાંકા બાંધેલા વાંસડાઓમાં લાંબી અને જાડી દિવેટોવાળા હજારો દીવડાઓ પ્રગટાવ્યા.[૧૮] અને શ્રીહરિની આગળના ભાગે પણ સેંકડો દીવડાઓ કર્યા. અને રૂપાના કોડિયામાં મીણબતીના પણ હજારો દીવડાઓ પ્રગટાવ્યા.[૧૯]

તેમ જ જે નિંબતરુ નીચે સુશોભિત સિંહાસન ઉપર શ્રીહરિ બિરાજે છે તે લીંબતરુમાં પણ દિશાઓ તથા વિદિશોમાં ચારેબાજુ રાજદાસ આદિક વાણંદ ભક્તજનોએ કાચની હાંડીઓમાં સેંકડો દીવડાઓ મૂકીને પ્રગટાવ્યા.[૨૦] તેમજ નારાયણજી આદિ સુથાર ભક્તજનોએ પોતાની કલાકારીગરીથી તૈયાર કરેલા અને પોતાની રીતે જ ચક્રાકારે ગોળ ગોળ ફરતા દીપયંત્રો ભગવાન શ્રીહરિની આગળના ભાગે ગોઠવ્યા. તેમાં હજારો દીવડાઓ ચક્રાકારે ફરવાથી અતિશય શોભવા લાગ્યા.[૨૧] પ્રકાશમાન તે સર્વે દીવડાઓ જાણે રત્નના ઉત્તમમણિઓ હોય તેવા દીપવા લાગ્યા તેથી અમાવાસ્યાની રાત્રીના અંધકારે ઉત્તમરાજાના દરબારમાંથી વિદાય લઇ લીધી.[૨૨] તે સમયે શ્રીહરિએ પૂજા પ્રકાર વિધિને જાણનારા હરિશર્મા આદિ વૈદિક વિપ્રોને બોલાવી મંડપમાં સુવર્ણની મૂર્તિસ્વરૂપે સ્થાપન કરેલાં શ્રીલક્ષ્મીદેવીનું અનેક ઉપચારોથી પૂજન કર્યું.[૨૩] તે લક્ષ્મીપૂજનના મહોત્સવમાં ગીત વાજિંત્રોનો મહાન ધ્વનિ થવા લાગ્યો, લક્ષ્મીજીનું પૂજન કર્યા પછી ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણોને વસ્ત્ર અને અલંકારો તથા સુવર્ણ આદિકની દક્ષિણાઓ આપી ખુશ કર્યા.[૨૪]

जयया प्रेरितोऽभ्येत्य तं नृपस्तत उत्तमः । पूजयामास भक्त्यैव महासदसि भूपते ! ॥ २५
शोणमाप्रपदीनं च चोलं प्राग्धरये ददौ । तत्प्रीतये हरिस्तं च धोत्रोपरि दधौ क्षणम् ॥ २६
अनर्घ्यं च शिरोवेष्टं नृपो भगवते ददौ । ततः शोणं स्वर्णमयं नीशारं पर्यधापयत् ॥ २७
चञ्चत्प्रान्तं कटिपटं गुम्फितैर्हैमतन्तुभिः । कौसुम्भं हरये प्रादात्कट्यां तं च बबन्ध सः ॥ २८
प्रावारपटकं चान्यं बहुमूल्यं सितं शुभम् । समर्प्य प्रभवे तस्थौ तं प्रणम्य स तत्पुरः ॥ २९
अथाहूतो ललितया नृपोऽगच्छत्तदन्तिकम् । तया दत्तानलङ्कारानानीय हरये ददौ ॥ ३०
पादयोर्नूपुरे तस्य किङ्किणीजालशोभिते । कट्यां च तादृशीं काञ्चीमुत्तमः पर्यधारयत् ॥ ३१
कटके शृङ्खले तस्य भुजयोश्चाङ्गदद्वयम् । अङ्गुलीषूर्मिका हैमीर्मणिरत्नविभूषिताः ॥ ३२
कर्णयोः कुण्डले कण्ठे हारान्नानाविधांस्तथा । तं धारयित्वा नृपतिः प्रणनाम कृताञ्जलिः ॥ ३३

**શ્રીહરિને સજાવ્યા ઉત્તમરાજાએ ઉત્તમ શણગાર :–** હે રાજન્ ! ત્યારે જયાબાની પ્રેરણાથી ઉત્તમરાજા ભગવાન શ્રીહરિની સમીપે આવ્યા ને મહાસભામાં શ્રીહરિનું અતિશય પ્રેમથી વિધિપૂર્વક પૂજન કર્યું.[૨૫] ત્યારે ઉત્તમરાજાએ લાલવર્ણનો ચરણ સુધી લાંબો સુરવાળ પ્રથમ શ્રીહરિને અર્પણ કર્યો. તેથી ઉત્તમરાજાને પ્રસન્ન કરવા શ્રીહરિએ તરત જ ધોતી ઉપર સુરવાળ ક્ષણવાર માટે ધારણ કર્યો.[૨૬] અને સુવર્ણના બુટ્ટાથી અંકિત લાલવર્ણની ડગલી અને મસ્તક ઉપર બાંધવાનું કિંમતી વસ્ત્ર ઉત્તમરાજાએ સહજાનંદ સ્વામીને ધારણ કરાવ્યું.[૨૭] પછી કેડમાં બાંધવાનો સુવર્ણના તારથી ગુંથેલો અને ચળકતા છેડાવાળો કસુંબી રંગનો પટકો ઉત્તમરાજાએ શ્રીહરિને અર્પણ કર્યો. તેને પણ શ્રીહરિએ ધારણ કર્યો.[૨૮]

હે રાજન્ ! વળી બહુમૂલ્યવાળું શ્વેત ઉત્તરીય એક વસ્ત્ર અર્પણ કર્યું, તે સમે શ્રીહરિને નમસ્કાર કરી તેમની આગળના ભાગે બે હાથ જોડી અન્ય કોઈ આજ્ઞાની રાહ જોતા ઊભા રહ્યા.[૨૯] તે સમયે લલિતાબાએ ઉત્તમરાજાને પોતાની સમીપે બોલાવી શ્રીહરિને ધારણ કરાવવા અલંકારો અર્પણ કર્યા, તે લઈને શ્રીહરિને ધારણ કરાવ્યા.[૩૦] તે અલંકારોમાં જડેલી ઘુઘરીઓની પંક્તિથી શોભતાં ઝાંઝર ચરણમાં, કંદોરો કેડમાં, બે કડાં, સાંકડાં અને બાજુબંધ હાથમાં ધારણ કરાવ્યાં, તથા સુવર્ણની અને મણિમય રત્નોથી વિભૂષિત વીંટીઓ અંગુલીમાં ધારણ કરાવી, કાનમાં કુંડળ તથા કંઠમાં અનેક પ્રકારના સુવર્ણના મોતીઓથી બનાવેલા હાર ધારણ કરાવી ઉત્તમરાજા બે હાથ જોડી શ્રીહરિને પ્રણામ કરી ઊભા રહ્યા.[૩૧-૩૩]

आनन्दयन्भक्तजनानथोत्थाय हरिः स्वयम् । मण्डपान्तर्गतं पीठमुपेत्याध्यारुरोह तत् ॥ ३४
दृढाबद्धकटिस्तत्र तालिकां वादयन्स्वयम् । नामसङ्कीर्तनं चक्रे तदा नारायणस्य सः ॥ ३५
श्रीराधाकृष्ण! गोविन्द! नरनारायण! प्रभो! । वासुदेव! हरे! स्वामिनित्युच्चैः समकीर्तयत् ॥ ३६
मुनयश्च जनाः सर्वे तदा तन्नामकीर्तनम् । उच्चैश्चक्रुर्वादयन्तस्तालीका हर्षसंयुताः ॥ ३७
आसीत्स तुमुलो घोषः सर्वाघौघविनाशनः । दिशश्च विदिशः सर्वाः स वै व्याप महाध्वनिः ॥ ३८
मुहूर्तमिति सङ्कीर्त्य निषसादासने प्रभुः । प्रणेमुस्तं जनाः सर्वे स्तुवन्तो विविधैः स्तवैः ॥ ३९
संस्कृतैः प्राकृतैः पद्यैः पुराणैर्नूतनैरपि । स्तुत्वा नारायणमुनिं प्रणेमुः परया मुदा ॥ ४०
दीनानाथस्तदा विप्रो नूत्नकाव्यविशारदः । बद्धाञ्जलिपुटोऽस्तौषीच्छ्लोकानामष्टकेन तम् ॥ ४१
महातेजः पुञ्जे स्फुरदमलसिंहासनवरे स्थितं सर्वाधीशं नखकिरणविद्योतितसभम् ।
सितच्छत्रं पार्श्वस्फुरदमलसच्चामरयुगं भृशं धन्यो लब्ध्वा नयनपथि नारायणमहम् ॥ ४२

---

તે સમયે સ્વયં ભગવાન શ્રીહરિ પોતાના આસન ઉપરથી ઊભા થઈ ભક્તજનોને આનંદ ઉપજાવતા મંડપના મધ્ય ભાગમાં સ્થાપન કરેલાં સિંહાસન ઉપર આવી વિરાજમાન થયા, ને કેડ સંગાથે દઢ કછોટો બાંધી સ્વયં તાલિકાનો ધ્વનિ કરતા સિંહાસન ઉપર બેસીને નારાયણ ધૂન્ય કરવા લાગ્યા.[૩૪-૩૫] હે રાધાકૃષ્ણ ! હે ગોવિંદ ! હે નરનારાયણ ! હે પ્રભુ ! હે વાસુદેવ ! હે હરિ ! હે સ્વામિન્ ! આ પ્રમાણે ઉચ્ચસ્વરે ભગવાનના નામનું સંકીર્તન કરતા હતા.[૩૬] તે સમયે સર્વે સંતો તથા ભક્તજનો પણ ભગવાન શ્રીહરિની સાથે તાલી બજાવી અતિ હર્ષપૂર્વક ઉચ્ચ સ્વરે નામ સંકીર્તન કરવા લાગ્યા.[૩૭] મનુષ્યમાત્રના સમગ્ર પાપના પુંજનો વિનાશ કરનારો તે નામઘોષ સર્વે દિશાઓ તથા વિદિશાઓમાં વ્યાપી ગયો.[૩૮] હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિ બે ઘડી પર્યંત નામ સંકીર્તન કરીને ફરી પોતાના આસન ઉપર વિરાજમાન થયા. અને સર્વે સંતો તથા ભક્તજનો જુદ જુદા સ્તોત્રનો ઉચ્ચાર કરવા લાગ્યા.[૩૯] પ્રાચીન તથા આધુનિક કવિઓએ રચેલા સંસ્કૃતના સ્તોત્રો તથા પ્રાકૃતભાષાના પદ્યોનું ગાન કરી શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના કરી પ્રેમથી પ્રણામ કર્યા.[૪૦] પછી નૂતન કાવ્ય રચવામાં કુશળ દીનાનાથ ભટ્ટ બે હાથ જોડી આઠ શ્લોકથી રચેલા સ્તોત્રવડે ભગવાન શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.[૪૧]

**કરુણાષ્ટક સ્તોત્ર :–** હે નારાયણ ! હું અત્યારે ધન્ય ભાગ્યશાળી થયો છું, મારો મનુષ્ય જન્મ સફળ થયો છે. કારણ કે સાક્ષાત્ નારાયણ તમે મારી દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ વિરાજો છો. કાળ, માયા અને અક્ષરાદિક સર્વેના નિયંતા તમે

हसद्वक्राम्भोजं चपलनयनालोकितजनं लसन्मुक्ताहारं विविधकुसुमापीडमुकुटम् ।
प्रचञ्चत्प्रावारं चरणविलसन्नूपुरमिदं हरे ! रुपं नित्यं मम मनसि सम्यक् स्फुरतु ते ॥ ४३
दृढं विश्वासो मे तव चरणपद्माश्रितजनो भवाम्भोधेः पारं व्रजति सहसा त्वत्करुणया ।
त्वमेवैकः स्वामी सकलजगतामित्यपि हरे! विदित्वा पादौ ते दृढतरमहं ह्याश्रयमिमौ ॥ ४४
न जाने शास्त्राणां विविधमतसन्निर्णयमहं पुराणव्रातानामपि च बहुकल्पाश्रितकथाः ।
न वा देवर्षीणां पृथगिह मनोरञ्जनविधिं परं जाने स्वामिन् !भ्रमणहरणं तेऽत्र शरणम् ॥ ४५
तपो नोग्रं तप्तं व्रतनियमदानानि च मया न चेष्टापूर्ते वा श्रवणमननाभ्यासदृढता ।
न चीर्णान्याप्तुं त्वामिह तदपि यस्त्वं दृशि गतो न जाने तद्धेतुं त्वदतितरकारुण्यत ऋते ॥ ४६

---

મહાતેજના પુંજની મધ્યે ચળકતા નિર્મળ સિંહાસન ઉપર વિરાજમાન થઇ તમારા ચરણકમળની આંગળીઓના નખમણિઓમાંથી નીકળતાં કિરણોથી સભાને પ્રકાશિત કરો છો. તમારા મસ્તક ઉપર પાર્ષદે શ્વેત છત્ર ધારણ કર્યું છે, બન્ને પડખે પાર્ષદો ઊભા રહી આપને વિશુદ્ધ ચંદ્રિકાસમાન ચામર ઢોળી રહ્યા છે.[૪૨] હે હરિ ! આપનું આ પ્રત્યક્ષ દિવ્યસ્વરૂપ સદૈવ મારા હૃદયમાં સ્ફુરાયમાન થતું રહે, તે દિવ્યસ્વરૂપ મંદમંદ હાસ્યથી શોભતા મુખકમળ અને ચપળ નેત્રોથી ભક્તજનો ઉપર કૃપાદૃષ્ટિ વરસાવનારું છે. શોભાયમાન મોતીઓની માળા ધારણ કરી રહેલ છે. અનેકવિધ પુષ્પના તોરાઓથી યુક્ત મુકુટને ધારણ કરી રહેલ છે. ચળકતાં ઉજ્જ્વળ ઉતરીય વસ્ત્રને ધારણ કરી રહેલ છે. ચરણમાં ધારણ કરેલ શોભાયમાન ઝાંઝરથી વિલસી રહ્યું છે.[૪૩]

હે હરિ ! મને દૃઢ વિશ્વાસ છે કે, આપના ચરણ કમળનો આશ્રય કરનારા મનુષ્યો આપની અસીમ કરુણાથી કોઇ પણ પ્રયાસ વિના આ ભવસાગરને પાર કરી જાય છે, અને તમે જ એક અનંતકોટી બ્રહ્માંડના સ્વામી છો. તેથી આટલી દૃઢ ખાત્રી કરીને મેં આપના ચરણકમળનો આશ્રય કર્યો છે.[૪૪] હે સ્વામિન્ ! હું શાસ્ત્રના વિવિધ સિદ્ધાંતોના કોઇ નિર્ણયને જાણતો નથી, પુરાણોમાં ગવાયેલી અનેક કલ્પોના આશ્રયવાળી કથાઓને પણ હું સમજી શકતો નથી. વળી આલોકમાં દેવતાઓએ અને ઋષિમુનિઓએ મનોરંજનના અનેક ભિન્ન ભિન્ન સાધનો બતાવ્યાં છે. તેને પણ હું સમજી શકતો નથી. પરંતુ આપના ચરણકમળનો આશ્રય છે, તે આ સંસારના ભ્રમણને હરી લે છે, બસ તેટલું જ મને જ્ઞાન છે. એના સિવાય બીજું હું કાંઇ જાણતો નથી.[૪૫] હે પ્રભુ ! આલોકમાં તમને મેળવવા મેં કાંઇ ઉગ્ર તપ કર્યું

भृशं पापव्रातैर्मदनमदमानादिभिरपि प्रभो! ग्रस्तस्यालं तव चरणपद्मेक्षणमिदम् ।
कथंकारं मे स्याद्यदि न पुरुकारुण्यपदवीं श्रयेथा नाथ! त्वं त्वयि हि तदिदं केवलमहो ! ॥ ४७
बलं नो मे बुद्धेर्न च सुदृढवैराग्यविलसन्निजात्मज्ञानस्य प्रचुरनियमानामपि हरे! ।
विमोक्तुं संसारान्निरतिशयमेकं हि बिरुदं विलोक्य स्वीयं मां भवजलनिधेरुद्धर निजम् ॥ ४८
न जाने धर्माणामतिगहनकर्तव्यसरणिं न शास्त्रं मन्त्राणां न च विविधतन्त्रागमविधिम् ।
न वा भक्तैः कृत्यं तव चरणपद्मार्चनविधिं ततो वन्दे दीनस्तव पदयुगं दण्डवदहम् ॥ ४९
करुणाष्टकसंज्ञेन स्तोत्रेणेत्थं निजस्तुतिम् । तस्मै विदधते तुष्टो भगवानभयं ददौ ॥ ५०
ततः सर्वऽपि मुनयो मध्ये कृत्वा तमीश्वरम् । प्रदक्षिणां प्रकुर्वन्तो गायनं चक्रुरादरात् ॥ ५१

---

નથી, તેમજ કોઈ વ્રત, નિયમ, દાન કે યજ્ઞયાગાદિ ઈષ્ટપૂર્તિનો વિધિ પણ કર્યો નથી. તથા તમારા મહિમાનું ગાન કરનારી કથાઓનું દઢતાપૂર્વક બહુકાળ પર્યંત શ્રવણ, મનન કે નિદિધ્યાસ પણ કર્યો નથી. છતાં પણ અક્ષરધામાધિપતિ તમે અમારી દૃષ્ટિગોચર થયા છો, તેમાં તમારી અપાર કરુણા સિવાય બીજો કોઈ હેતુ મને જણાતો નથી.[૪૬]

હે પ્રભુ ! હે નાથ ! હું પાપના સમૂહોથી અત્યંત ઘેરાયેલો છું. તેમજ વિદ્યાદિ ગુણોનો મદ, માન, લોભ આદિ દોષોથી પણ અત્યંત ઘેરાયેલો છું, તેથી જો તમે તમારી પરમ કારૂણ્ય પદવીનો સ્વીકાર ન કરો તો મને ભવસાગરને પાર કરનારા આ તમારા ચરણકમળનાં દર્શન ક્યાંથી થાય ? અને આવી અપાર કરુણા એક કેવળ તમારે વિષે જ વર્તે છે. બાકી બીજે હેતુ વિના કોઈ હેત કરતું નથી. આ કેવી આશ્ચર્યની વાત છે.[૪૭] હે હરિ ! જન્મમરણના પ્રવાહરૂપ આ સંસારસિંધુમાંથી મુક્ત થવા શાસ્ત્રનિપુણ હોવા છતાં મારી બુદ્ધિમાં કોઈ બળ નથી, દૃઢ વૈરાગ્યથી અલંકૃત એવું કોઈ આત્મજ્ઞાન નથી, તેમજ પવિત્રતા અને સંતોષ આદિ નિયમોનું પણ કોઈ બળ નથી. તેથી શરણે આવનારા ભક્તજનોનો ઉદ્ધાર કરવાનું આપનું જે બિરુદ છે તેને સંભારીને તમે મારો આ ભવસાગરમાંથી ઉદ્ધાર કરો.[૪૮] કારણ કે વર્ણાશ્રમના છ પ્રકારના ધર્મની કર્તવ્ય રીતને પણ હું જાણી શક્યો નથી. તેમજ શાસ્ત્ર કે મંત્રોને પણ બરાબર સમજી શક્યો નથી, પંચરાત્રશાસ્ત્રાદિ તંત્રાગમમાં દેખાડેલી ભગવાનની આરાધનાના અનુષ્ઠાનની રીતને હું જાણી શક્યો નથી, તમારા એકાંતિક ભક્તોને શું કરવું જોઈએ ? તેમજ આપના ચરણકમળની પૂજાના વિધિને પણ હું બરાબર જાણતો નથી. તેથી હે દિનબંધુ ! રંક હું દિનાનાથ તમારા

भ्रमन्तो मण्डलाकारमेककालं च तालिकाम् । वादयन्तश्च गायन्तस्तोषयामासुरीश्वरम् ॥ ५२
ततस्तुष्टः स भगवान् गन्तुं स्वस्वस्थलं जनान् । मुनींश्चाज्ञापयामास जग्मुः सर्वे तदाज्ञया ॥ ५३
पाकः शीघ्रं विधेयः श्व इत्याज्ञाप्य च पाचकान् । ब्राह्मणान् हरिरात्मीथं मन्दिरं प्रत्यगान्नृप ! ॥ ५४
स्नात्वा सन्ध्यावन्दनं होमकर्म स्वीयं नित्यं तत्र कृत्वाद्ययामे।
याते रात्रेर्योगनिद्रां समुत्कामक्ष्णासौ सम्भावयामास किञ्चित्॥५५॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रै धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे दीपावलीमहोत्सवनामा चतुर्दशोऽध्यायः॥१४॥*

---

ચરણકમળમાં કેવળ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું. કરુણા કરીને ઉગારી લેજો.[૪૯]

હે રાજન્ ! આ પ્રમાણે કરુણાષ્ટક સ્તોત્રથી દીનાનાથ ભટ્ટે ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી તેથી તેમના ઉપર ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને સંસારના ભયથી નિવૃત્તિનું અભયદાન આપ્યું.[૫૦] પછી સર્વે સંતો સિંહાસન ઉપર બિરાજતા શ્રીહરિને પ્રદક્ષિણા કરતા કરતા કીર્તનોનું ગાન કરવા લાગ્યા.[૫૧] શ્રીહરિને જમણી બાજુએથી ગોળાકાર ફરતા ફરતા એક સાથે તાલી મિલાવી સંકીર્તન કરી રહેલા સંતોએ પરમેશ્વરને ખૂબજ રાજી કર્યા.[૫૨]

હે રાજન્ ! સંતોની કીર્તન ભક્તિથી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિએ સર્વે સંતો તથા ભક્તજનોને પોતપોતાને ઉતારે જવાની આજ્ઞા આપી, તેથી સર્વે ઉતારે ગયા.[૫૩] ત્યારપછી હે રાજન્ ! રસોયા ભૂદેવોને આજ્ઞા કરી કે આવતીકાલ માટે રસોઇ બનાવવાની તૈયારી કરો. એમ કહી સ્વયં શ્રીહરિ પોતાના અક્ષરભુવનમાં પધાર્યા.[૫૪] ત્યાં આવી શ્રીહરિએ સ્નાન કરી પોતાનું નિત્ય કરવાનું સંધ્યા ઉપાસના અને હોમકર્મ કર્યું, પછી રાત્રીનો પહેલો પહોર વીતી ગયો હોવાથી પોતાની સેવામાં ઉત્સુક યોગનિદ્રાને નેત્રોમાં નિવાસ આપી તેમનો પણ સત્કાર કર્યો.[૫૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવ પર દીપાવલીને દિવસે દીવડાઓ પ્રગટાવી ઉત્સવ ઉજવ્યો ને દીનાનાથ ભટ્ટે સ્તુતિ કરી એ નામે ચૌદમો અધ્યાય પૂર્ણ થયો. --૧૪--***

---

## पञ्चदशोऽध्यायः - १५

सुव्रत उवाच

पाचकाः कृतपक्वान्नाः शाकसूपादि ते तदा । कर्तुमारेभिरे राजन् ! विप्रा योषास्तथा पृथक् ॥ १
तस्यां रात्रौ क्षत्रयोषा उत्तमस्यापि मन्दिरे । जयारमादयः पाकं चतुर्विधमसाधयन् ॥ २
सर्वाः सर्वाणि कार्याणि निर्मानास्तत्र चक्रिरे । विशेषेणाधिकारित्वं ब्रुवे तासां यथा तथा ॥ ३
जनन्यौ ललितायास्तु चक्रतुस्तत्र शोधनम् । तण्डुलद्विदलादीनां पाकार्हाणां यथोचितम् ॥ ४
जया च पाककर्त्रीणां सर्वासामपि योषिताम् । तत्तत्कार्यप्रेरणेऽभूत्सक्ता चापेक्षितार्पणे ॥ ५
पाके दाक्ष्यं दर्शयन्तीर्योषितः प्रशशंस च । अजानतीश्च तत्कार्यं ललिताशिक्षयत्स्वयम् ॥ ६
रमा तु तत्र सिद्धानि खाजकानि च शष्कुलीः । पात्रान्तरे सञ्चिचाय चातुर्यादक्षतानि हि ॥ ७

---

## અધ્યાય - ૧૫

### અન્નકૂટમાં ક્ષત્રિય સ્રીભક્તોની વિવિધ પાક બનાવવાની સેવાનું વર્ણન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિની પ્રેરણાથી રસોઇયા ભક્તોએ પ્રથમ પક્વાન્ન તૈયાર કરી શાક, દાળ, ભાત વગેરે ભોજનો તૈયાર કરવાનો પ્રારંભ કર્યો. તેવી જ રીતે રસોઇ કરવાવાળી વિપ્ર બહેનો હતી તેમણે પણ પોતાની પાકશાળામાં શાક, દાળ, ભાત આદિ ભોજન બનાવવાનો પ્રારંભ કર્યો.[૧] હે રાજન્ ! દીપોત્સવીની રાત્રીએ જયાબા, રમાબા આદિ ક્ષત્રિય સ્રીભક્તો પણ ઉત્તમ રાજાના ભવનમાં જ ભક્ષ્ય, ભોજ્યાદિ ચાર પ્રકારનાં ભોજનો તૈયાર કર્યાં.[૨] સર્વે સ્રીભક્તો નિર્માની થઇ સર્વપ્રકારની સેવા કરતી હતી. તેમાં પણ જે સ્રીઓને વિશેષ સેવાકાર્યનો અધિકાર સોંપવામાં આવ્યો હતો તેમની વિગતે હું તમને વાત કરું છું..[૩]

હે રાજન્ ! લલિતાબાનાં માતા સોમાદેવી અને સુરપ્રભા રસોઇની યોગ્યતા માટે ચોખા, દાળ આદિ અનાજની સફાઇ કરી શુદ્ધ કરવાની સેવા કરતાં હતાં.[૪] જયાબા રસોઇ તૈયાર કરતી સ્રીભક્તજનોને તે તે કાર્યમાં પ્રેરણારૂપ થઇ તેઓને જે જે વસ્તુઓની જરૂર પડતી તેને પહોંચાડવાની સેવા કરતાં હતાં.[૫] લલિતાબા રસોઇ પકાવવામાં પોતાનું ચાતુર્ય દેખાડતી સ્રીઓની પ્રશંસા કરતાં હતાં અને રસોઇ કરવાનું બરાબર નહિ જાણતી સ્રીઓને શીખવવાની સેવા કરતાં હતાં.[૬] તેમજ રમાબા રસોઇમાં તૈયાર થયેલાં ખાજાં, જલેબી આદિ પક્વાન્નોને ભાંગી ન

अमरी चामला क्षेमा क्वथिकावटिकादिषु । लेह्येषु नानाशाकेषु स्वचातुर्याण्यदीदृशन् ॥ ८
रतिमेनासातिदेव्यः पूरिकाः पोलिकास्तथा । कुर्वत्यस्तत्र नैपुण्यं दर्शयामासुरात्मनः ॥ ९
पाककर्मणि दक्षा च रेवती पायसं शुभम् । अपूपांश्चापि संयावं सूपं च कुरुते स्म सा ॥ १०
फुल्लादित्यजवामल्ल्यः कैसराद्यांश्च जाह्नवी । एता बहुविधांश्चक्रुरोदनान्नुचिरान्नृप ! ॥ ११
यमिफुल्लजया चोभे घर्घुरांश्चक्रतुः शुभान् । विदधुर्मण्डकादींश्च तत्रान्या अपि योषितः ॥ १२
पाञ्चाली तत्कनिष्ठा च पाचिकाभ्यः प्रतिक्षणम् । अपेक्षितानि वस्तूनि दत्तः स्माऽऽनीय वेश्मतः ॥ १३
श्रमिताभ्यः पाचिकाभ्यो विश्रान्तिं नृपयोषितौ । ददतुर्ललितोक्तेन कुर्वत्यौ तत्क्रियाः स्वयम् ॥ १४
एतासां परिचर्यायां जितामान्यादयः स्त्रियः । काष्ठपात्राम्बुदानादाववर्तन्तोद्यताः सदा ॥ १५
एलालवङ्गत्वक्पत्रराजिकाजरणोषणैः । कुस्तुम्बुरुप्रभृतिभिर्घृततैलसमन्वितैः ॥ १६

---

જાય તે રીતે પોતાની હાથચાતુરીથી સાચવવાની અને તેને સાવચેતીપૂર્વક બીજાં પાત્રોમાં ગોઠવવાની સેવા કરતાં હતાં.[૭] અમરી, અમલા, અને ક્ષેમા આ ત્રણે સ્ત્રીઓ કઢી, વડી, રાઈતાં આદિ લેહ્ય પદાર્થો તેમજ અનેક પ્રકારનાં શાક બનાવવામાં પોતાની ચાતુરાઈ દેખાડતાં હતાં.[૮] રતિ, મેના, સતી અને દેવી આ ચાર સ્ત્રીભક્તજનો પૂરી, પૂરણપોળી વિગેરે ખાદ્ય પદાર્થો બનાવવામાં પોતાની ચાતુરાઈ દેખાડતી હતી.[૯]

હે રાજન્ ! રેવતી નામનાં સ્ત્રીભક્તજન સુંદર દૂધપાક, માલપૂવા, શીરો અને સૂપ બનાવવાની સેવા કરતાં હતાં.[૧૦] ફુલ્લાં, અદિતિ, અજવા, મલ્લી અને જાહ્નવી આ પાંચ જણી સુંદર કેસરીયો ભાત રાંધવાની સેવા કરતી હતી.[૧૧] યમી અને ફુલ્લજયા આ બન્ને મળી શોભાયમાન ઘુઘરા બનાવતી હતી, તેમજ બીજી અનેક સ્ત્રીભક્તજનો માંડા, આદિ અનેક ખાદ્યપદાર્થો બનાવવાની સેવા કરતી હતી.[૧૨] પંચાળી અને નાની આ બે બહેનો રસોઇ તૈયાર કરતી સ્ત્રીઓને જે કાંઇ જોઈએ તે પદાર્થો ઘરમાંથી લાવીને હાજર કરવાની સેવા કરતી હતી.[૧૩] ઉત્તમરાજાનાં પત્નીઓ કુમુદા અને જશુબા લલિતાબાની પ્રેરણાથી રસોઈ કરતાં થાકેલાં સ્ત્રીભક્તજનોને વિશ્રાંતિ અપાવી પોતે તે તે રસોઇ કરવાની સેવા કરતાં હતાં.[૧૪] જીતા, માન્યા આદિ સ્ત્રીઓ સતત પ્રયત્નશીલ રહી રસોઈ કરતી સ્ત્રીઓને કાષ્ઠ, પાત્ર, જળ વિગેરે જે કાંઇ પદાર્થો જોઇએ તે લાવવાની શ્રદ્ધાપૂર્વક સેવા કરતાં હતાં.[૧૫]

આ અવસરે સ્ત્રીઓના રસોડામાં ઘી, તેલની સાથે એલાયચી, લવિંગ,

द्रव्यैः संस्क्रियमाणानां व्यञ्जनानां पुनः पुनः । छुम्कारा भूरिशस्तत्र स्त्रीणामासन्महानसे ॥ १७
वटकानां पूरिकाणामपूपानां च भूरिशः । घृतेषु पच्यमानानां सुर्सुङ्कारास्तथाऽभवन् ॥ १८
मृदुसूक्ष्मसितानां च तण्डुलानां महानसे । सौरभः पच्यमानानां व्यानशे सकलं पुरम् ॥ १९
जितस्वादा अपि च ताः प्रभुं प्रीणयितुं स्त्रियः । पाकं चतुर्विधं चक्रुः सूपशास्त्रविदो यथा ॥ २०
आपूपिका आन्धसिका निपुणाः पाककर्मसु । दृष्ट्वा तत्पाकचातुर्यं निर्माना अभवन्नराः ॥ २१
प्रातःकालेऽथ सम्प्राप्ते ब्राह्मणस्त्वर्चकः सुधीः । वासुदेवार्चनं चक्रे नवीनैर्वस्त्रभूषणैः ॥ २२
अन्नकूटस्य रचनां कर्तुं च हरिमन्दिरे । विचित्रं मण्डलं चक्रे नानारङ्गोपशोभितम् ॥ २३
तोरणानि तथाऽशोकसहकारादिपल्लवैः । अबन्धयद्धरेर्द्वारि रम्भास्तम्भैश्च मण्डपम् ॥ २४
पक्वान्नभृतपात्राणां स्थापनर्थं हरेः पुरः । पीठानि स्थापयामास चतुरस्त्राण्यनुक्रमात् ॥ २५

તજ, રાઈ, જીરુ, મરી, ધાણા, મરચાં આદિ વસ્તુઓથી વઘારવામાં આવતાં શાકોના વારંવાર છુમ્કારા થતા હતા.[૧૬-૧૭] તેમજ ઘીમાં તળવામાં આવતાં વડાં, પૂરી અને માલપૂવાના સૂસકારા વારંવાર થતા હતા.[૧૮] રસોડામાં રંધાઈને તૈયાર થતા કોમળ, સૂક્ષ્મ અને શ્વેત ભાતની સુગંધ દુર્ગપુરમાં ચારે તરફ પ્રસરવા લાગી.[૧૯] જયાબા, લલિતાબા આદિ સ્ત્રીભક્તજનોએ પોતે સ્વાદ જીતી લીધો હોવા છતાં રસોઈ તૈયાર કરવામાં પ્રસિદ્ધ નલ, ભીમ આદિકને પણ કુતૂહલ પમાડે તેવી સ્વાદિષ્ટ રસોઈમાં શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ભક્ષ્ય, ભોજ્યાદિ ચાર પ્રકારનાં ભોજનો બનાવતાં હતાં.[૨૦] અને રસોઈ કરવામાં ચતુર કંદોઈયા અને રસોઈયા પુરુષો હતા તે પણ આ સ્ત્રી ભક્તોની પાક ચાતુરી જોઈને પોતાના અભિમાનનો ત્યાગ કરી દીધો.[૨૧]

**અન્નકૂટોત્સવની પૂર્વ તૈયારી :–** એમ કરતાં પડવાનો પ્રાતઃકાળ પ્રાપ્ત થતાં પૂજા કરનારા બુદ્ધિમાન વિપ્રો નવીન વસ્ત્રાભૂષણો ધરાવી શ્રીવાસુદેવ ભગવાનનું પૂજન કર્યું.[૨૨] (પછી ગાયો, વાછડાઓ, બળદો અને વાછરડીઓને હળદર, કુંકુમ અને પુષ્પોના હારવડે પૂજન કરી શ્રીહરિની આજ્ઞાથી શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ ખેલવ્યાં, પછી ગોમયનો ગોવર્ધનગિરિ તૈયાર કરી તેમની પૂજા કરાવી.) પછી શ્રીવાસુદેવનારાયણના મંદિરમાં અન્નકૂટની રચના કરવા માટે પૂજારીએ જુદા જુદા રંગોની રંગોળી પુરી.[૨૩] મંદિરના દ્વારપર આસોપાલવ અને આંબાનાં તોરણ બંધાવી કેળના સ્થંભ મૂકાવ્યા.[૨૪] પછી શ્રીવાસુદેવ ભગવાનની આગળ પકવાન્નોથી ભરેલાં પાત્રો મૂકવામાટે

मध्याह्नपूजाविहितोपचारान्सम्पादयित्वा स हरेर्निदेशम् ।
तस्थौ प्रतीक्ष्यैव महान्नकूटविधान उत्कः सह वर्णिवर्यैः ॥२६॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे पाकनिष्पत्तिनामा पञ्चदशोऽध्यायः॥१५॥*

---

**अथ षोडशोऽध्यायः**

**सुव्रत उवाच-**

हरिर्निशोऽन्तिमे राजन्! याम उत्थाय सत्वरम् । स्वपार्षदैः कतिपयैः सह गङ्गां जगाम सः ॥ १
न विदुः प्रायशो लोकाः स्नानार्थं तं गतं प्रभुम् । जागरुकास्तु मुनयो विदित्वैव तमन्वयुः ॥ २
नित्यस्नानादिकं तत्र विधाय विधिना प्रभुः । जनसम्मर्दभीत्याशु स्वमन्दिरमुपाययौ ॥ ३

---

ચારખૂણાવાળાં પાટીયાં સીડીની પેઠે ઉતરતા ક્રમે ગોઠવવામાં આવ્યાં.[૨૫] અને પૂજારી વિપ્રે મધ્યાહ્ન સમયે પૂજા કરવામાં ઉપયોગી સમગ્ર ઉપચારો ભેળા કરીને અન્નકૂટ રચના કરવાની ઉત્કંઠાવાળા થઈ મુકુન્દાનંદ વર્ણીની સાથે ભગવાન શ્રીહરિના આદેશની પ્રતીક્ષા કરવા લાગ્યા.[૨૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં ઉપયોગી પક્વાન્નો તૈયાર કરવામાં ક્ષત્રિય બહેનોની સેવાનું નિરૂપણ કર્યું એ નામે પંદરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૫--***

---

## અધ્યાય - ૧૬

### અમાવાસ્યાની અંતિમ રાત્રી અને નવાવર્ષનો પ્રથમ પ્રહર. ઉત્તમરાજાએ શ્રીહરિની પૂજા કરી.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ અમાવાસ્યાની રાત્રીના અંતિમ પ્રહરમાં અને પડવાના પ્રથમ પ્રહરમાં યોગનિદ્રાનો ત્યાગ કરી, કેટલાક પાર્ષદોને સાથે લઈ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધાર્યા.[૧] તેને નગરવાસી કોઈ જનો જાણી શક્યા નહિ, પરંતુ ધ્યાન કરવા વહેલા જાગીને ભજન કરતા સંતોને તેનો ખ્યાલ આવતાં તેઓ શ્રીહરિની પાછળ સ્નાન કરવા સાથે ગયા.[૨]

तत्र धौताम्बरधर उपविश्यौर्ण आसने । कृत्वा पञ्चोर्ध्वपुण्ड्राणि सन्ध्यावन्दनमाचरत् ॥ ४
ततो जप्त्वा च गायत्रीमजुहोज्जातवेदसम् । आदरात्कृष्णमभ्यर्च्य तन्मनुं प्रयतोऽजपत् ॥ ५
तत एत्योत्तमो भूपस्तं प्रणम्यार्चिचत्प्रभुम् । चन्दनाक्षतपुष्पैश्च नूत्नवस्त्रैश्च भूषणैः ॥ ६
नद्यां स्नात्वाऽऽगतं तं च ज्ञात्वा विस्मितमानसः । धन्याष्टकेन तुष्टाव निजस्वामिनमादरात् ॥ ७

पदपङ्कजे रुचिरचङ्क्रमणे त्वं चलयन्प्रभो! व्रजसि यर्हि च तर्हि ।
मुनिमण्डलं धृतकमण्डलकन्थं ह्यभितोऽनुधावति समीक्ष्य भवन्तम् ॥ ८
तव गाङ्गवारिणि हरे! स्नपनार्थं गमनं त्वशेषतनुभृत्सुखहेतोः ।
भवतीति यास्युषसि पश्यजनेभ्यो भुवि धन्यताप्रदमिदं हि वपुस्ते ॥ ९

---

**શ્રીહરિએ શાસ્ત્રોક્ત વિધિને અનુસારે નિત્ય સ્નાનાદિ કર્મનું અનુષ્ઠાન કરી, પોતાનાં દર્શન માટે મનુષ્યોની અહીં ભીડ થશે એવા ભયથી તત્કાળ પોતાના નિવાસ સ્થાને આવી, ધોયેલાં પવિત્ર વસ્ત્રો ધારણ કરી, ઉનના આસન ઉપર બેસી, લલાટ, હૃદય, બે ભુજા અને કંઠ એમ પાંચ જગ્યાએ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું અને પ્રાતઃસંધ્યાનું ઉપાસન કરી ગાયત્રી મંત્રનો જપ અને જાતવેદસ અગ્નિમાં પ્રાતઃહોમ કરીને આદરપૂર્વક ષોડશોપચારથી શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરી. પછી એકાગ્રચિત્તે ગુરુ રામાનંદ સ્વામીએ ઉપદેશેલા શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનો ગોમુખીમાં રહેલી તુલસીની માળાવડે જપ કર્યો.[૩-૫] તે સમયે ઉન્મત્ત રાજા ભગવાન શ્રીહરિની સમીપે પધારી નમસ્કાર કરી ચંદન, ચોખા, પુષ્પો, નવીનવસ્ત્રો અને આભૂષણોથી પૂજા કરી અને શ્રીહરિ ગંગાએથી સ્નાન કરી તત્કાળ પધાર્યા છે, એમ જાણી વિસ્મય પામતા ધન્યાષ્ટકથી પોતાના સ્વામી શ્રીહરિની આદરપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા.[૬-૭]**

**દાદાખાચરે કરેલી શ્રીહરિની ધન્યાષ્ટક સ્તુતિ :- હે પ્રભુ ! તમે જ્યારે અતિશય સુંદર ઉતાવળી ચાલે ચરણકમળને આગળ મૂકતા ચાલો છો ત્યારે સંતોનાં મંડળો તમને જોઈને તત્કાળ પોતાના કમંડલુ અને કંથાને સાથે લઈ તમારી આસપાસ તમારી પાછળ દોડતા આવે છે.[૮] હે હરિ ! તમારે સામાન્ય મનુષ્યોની જેમ કર્મવશપણું નથી, જેથી પ્રાતઃકાળમાં ઉઠીને પ્રતિદિન નદીએ સ્નાન કરવા જવાનું નિયમ હોય પરંતુ આપ ઉન્મત્તગંગા તરફ સ્નાન કરવા જ્યારે ગમન કરો છો ત્યારે આપનું એ ગમન સમસ્ત દેહધારીઓને માટે પરમ આનંદનું કારણ સિદ્ધ થાય છે. અને એવો ભાવ રાખીને જ તમે પ્રાતઃકાળે ઉન્મત્તગંગામાં**

सदयत्वदीक्षणहतात्मतमस्कास्त्वयि भावतो मधुमिषस्त्रवदस्रा: ।
तरवोऽप्युपात्तफलपुष्पविनम्रा ऋषयस्त्वदर्चनपरा इव धन्या: ॥ १०
बहव: खगा अपि समीक्ष्य भवन्तं ह्यकृतात्मजातिरवणा: श्रितमौना: ।
अवलम्बितद्रुमभुजा: स्थिरगात्रा भवदङ्गचिन्तनसुखा ननु धन्या: ॥ ११
हरिणादयो वनभवा: पशवोऽपि त्वदुदीक्षणैकमनसोऽस्मृतदेहा: ।
न चलन्ति तर्हि मुनय: स्थितिगा वा सुखिनस्त्वयाऽचलदृशो भुवि धन्या: ॥ १२
पथि वीक्ष्य भिल्लवनिता वनचर्य: सहसा विसृष्टगृहदैहिककृत्या ।
कृतधावना भुवि निपत्य नमन्त्यो दधतीह धन्यतरतां हि भवन्तम् ॥ १३

સ્નાન કરવા જાઓ છો. કારણ કે તમારી આ દિવ્યમૂર્તિનું દર્શન એવું છે કે દર્શન કરનાર મનુષ્યને ધન્ય ધન્ય કરી દે છે.[૯] હે હરિ ! આ વૃક્ષો તમોગુણ પ્રધાન હોવા છતાં તમારી કરુણા ભરેલી દૃષ્ટિનો કૃપાપ્રસાદ મળતાં તેનો તમોગુણ નાશ પામ્યો છે. તેથી તમારે વિષે તેને પ્રેમભાવ પ્રગટ થતાં મધુધારાના મિષથી તે વૃક્ષો પણ પોતાને વિષે ધારણ કરેલાં ફળ પુષ્પોને કારણે વિનમ્ર થઈ તમારી પૂજામાં તત્પર સંતોની જેમ કૃતાર્થ થયાં છે. કારણ કે તે પણ તમને ફળ, પુષ્પ અર્પણ કરી તમારી પૂજા કરી નમસ્કાર કરે છે.[૧૦]

હે હરિ ! આપ જ્યારે ઉન્મત્તગંગા પ્રત્યે સ્નાન કરવા પધારો છો, ત્યારે અનેક પક્ષીઓ પણ તમારાં દર્શન કરી તત્કાળ પોતપોતાની જાતિના શબ્દોનો ત્યાગ કરી મૌન ધારણ કરે છે, અને વૃક્ષોની ડાળીઓનો આશ્રય કરી શરીરના અવયવોને સ્થિર કરી તમારા અંગનું ચિંતવન કરતાં કરતાં મૂર્તિનું સુખ પ્રાપ્ત કરે છે. તેથી તેઓને પણ ખૂબજ ધન્યવાદ ઘટે છે.[૧૧] હે હરિ ! જ્યારે તમે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધારો છો, ત્યારે વનનાં મૃગલાં આદિ પશુઓ તિર્યગ્જાતિમાં જન્મ્યાં હોવા છતાં પણ ઊંચી ડોક કરીને કેવળ તમારાં દર્શન કરવાનું તાન રાખતાં હોવાથી સમાધિનિષ્ઠ મુનિઓની જેમ શરીરનું ભાન ભૂલી, તમારી મૂર્તિનાં દર્શન કરી અંતરમાં તેનું જ સુખ પ્રાપ્ત કરતાં અચળ દૃષ્ટિ કરી સ્થિર બેસી રહે છે, તેથી પૃથ્વી પર તેઓને પણ ખૂબજ ધન્ય છે.[૧૨] હે હરિ ! ઉન્મત્તગંગાના માર્ગમાં આપ જ્યારે પસાર થાઓ છો ત્યારે આપનાં દર્શન કરતાંની સાથે જ વનમાં ફરનારી ભીલવનિતાઓ તે જ ક્ષણે પોતાના દેહસંબંધી અને ઘરસંબંધી કાર્યો છોડીને તત્કાળ તમારી પાસે આવે છે અને પૃથ્વીપર પડી શાસ્ત્રનું જ્ઞાન ન હોવાથી પંચાંગ પ્રણામ

निजतीरमागतमवेक्ष्य भवन्तं भृतभूरिभक्तिरसविद्रवदङ्गा ।
स्वतरङ्गभङ्गिचपला किल धन्या विवशा भवत्पतिसुखेन च गङ्गा ॥ १४
गतिलाघवं स्वकमुदस्य मरालास्त्वदुदारचङ्क्रमणचिन्तनसक्ताः ।
बहिरन्तराप्तभवदीक्षणधन्या यतयो महान्त इव सन्ति विमुक्ताः ॥ १५
स्नपनं विधाय मुनिभिश्च सलीलं धृतशुक्लवाससमहं निजगेहे ।
स्थितमब्जपत्रनयनं स्मितवक्त्रं दधदस्मि धन्य उरसीह भवन्तम् ॥ १६
स्तुवत्येवं नरपतौ जनाः श्रीपुरवासिनः । तत्राययुर्ये पूर्वेद्युर्नापुस्तत्पूजनक्षणम् ॥ १७
निवेदिता भगवते प्रतीहारेण ते जनाः । तदाज्ञयैत्य तत्राशु तं प्रणम्यार्चयन्प्रभुम् ॥ १८

---

કરવાને બદલે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી તમને નમસ્કાર કરે છે તેથી આલોકમાં તેઓને ધન્ય છે.[૧૩]

અને સ્વયંગંગા પણ આપ જ્યારે તીરે પધારો છો ત્યારે આપનાં દર્શન કરતાંની સાથે તેના અંગમાં ભરેલો પ્રચૂર ભક્તિરસ નીતરવા લાગે છે. અને પોતાના ઉછળતા તરંગોથી અતિશય ચંચળ થઈ ઉઠે છે. તથા તમારાં દર્શન થવાથી ઉપજેલા આનંદથી પરવશ થઈ આપની સેવા કરવા લાગે છે. તેથી ઉન્મત્તગંગાને પણ ધન્ય છે.[૧૪] વળી ગંગાના તટપર બેઠેલા રાજહંસો પોતાની મંદમંદ ચાલની ચતુરાઈ ભૂલી આપની ચાલનું મનમાં ચિંતવન કરવામાં મશગૂલ થઈ જતાં મુક્તભાવને પામેલા મહાપુરુષ એવા પરમહંસોની જેમ બહાર તથા અંતરમાં થયેલાં આપનાં દર્શનના આનંદમાં મગ્ન થઈ જાય છે તેથી તેને પણ ધન્ય છે.[૧૫] હે શ્રીહરિ ! સંતોની સાથે ઉન્મત્તગંગામાં જળક્રીડાયુક્ત સ્નાન કરીને ધોયેલાં શ્વેતવસ્ત્રો પરિધાન કરીને મારા ભવનમાં પધારી આપ અહીં બિરાજમાન થયા છો ત્યારે કમળપત્ર સમાન વિશાળ નેત્રો તથા મંદમંદ હાસ કરતા મુખારવિંદથી શોભતા આપના આ સ્વરૂપને હું મારા હૃદયમાં ધારણ કરું છું તેથી હું પણ આલોકમાં ધન્ય થયો છું.[૧૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમરાજા ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા તે સમયે ગઈ કાલે દીપાવલીને દિવસે શ્રીહરિની પૂજાનો અવસર પ્રાપ્ત નહિ થતાં અમદાવાદના હેમંતરામ આદિ ભક્તજનો ભગવાન શ્રીહરિના અક્ષરભુવનના દ્વારે આવી ઊભા રહ્યા.[૧૭] પાર્ષદ કરીમ નામના દ્વારપાળ તેમના આગમનના સમાચાર શ્રીહરિને આપ્યા. તેથી શ્રીહરિએ તેમને સમીપે આવવાની

नीशारैर्मृदुभिः शोणैः स्वर्णबिन्दुविचित्रितैः । सूक्ष्मैरनर्घ्यैररुणैर्दीर्घैरपि शिरःपटैः ॥ १९
प्रावारैः कटीबन्धैश्च कटकाद्यैर्विभुषणैः । चन्दनेनाक्षतैः पौष्पैर्हारैर्नीराजनादिभिः ॥ २०
सम्पूज्य तं तदग्रे च पीतसाराणि शर्कराः । फलादीनि निधायाथ जग्मुस्तस्याज्ञयैव ते ॥ २१
ततो नारायणमुनिः शोणाम्बरधरः प्रभुः । बहिर्वेदीमुपेत्य स्वे निषसादासने शुभे ॥ २२
जनाश्च मुनयः सर्वे पूर्ववत्तत्र सङ्घशः । समागत्य निषेदुस्ते स्वस्वमर्यादयाखिलाः ॥ २३
पार्षदा अपि सेवायां तस्यावर्तन्त पूर्ववत् । वाद्यान्यवादयंस्तज्ज्ञा गायकाश्च जगुस्तदा ॥ २४
स्थितं दीनानाथभट्टं विप्रं तत्रावलोक्य सः । तस्मै प्रसन्नो वासांसि स्वकीयानि ददौ तदा ॥ २५
स्वाङ्गान्नीशारमुत्तार्य तथैव कटिबन्धनम् । प्रावारं स्वमनर्घ्यं च ददौ शीर्षपटं तथा ॥ २६
धारया रौप्यमुद्राणां पूरयामास चाञ्जली । तस्य चानुग्रहं चक्रे भगवान् योगिवाञ्छितम् ॥ २७

---

આજ્ઞા આપી,તેથી તેઓ અંદર આવ્યા ને પ્રણામ કરી ભગવાન શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા.[૧૮] સુવર્ણના તારથી ગૂંથેલાં વિચિત્ર બુટ્ટાંઓએ યુક્ત, લાલરંગનાં સુરવાલ, જામો, ડગલી આદિ વસ્ત્રોથી તથા સૂક્ષ્મ તંતુઓથી વણેલાં મોઘાં લાલરંગનાં લાંબાં મસ્તક પર બાંધવાનાં મોળીયાંઓ, ઉત્તરીયવસ્ત્રો, કેડમાં બાંધવાનાં વસ્ત્રો, સુવર્ણનાં કડાંઓ આદિ આભૂષણોથી તથા ચંદન, ચોખા, પુષ્પોના હારથી અને આરતી ઉતારીને શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રીહરિની આગળ પતાસાં, સાકરના પડિયાઓ તથા ફળોની ભેટ ધરીને પોતપોતાને સ્થાને ગયા.[૧૯-૨૧]

ત્યારપછી ભગવાન નારાયણ તે લાલરંગનાં વસ્ત્રો ધારણ કરી લીંબતરુ નીચે વેદિકા ઉપર સ્થાપન કરેલાં સિંહાસન પર આવીને વિરાજમાન થયા.[૨૨] ત્યારે સર્વે સંતો તથા હરિભક્તોના સંઘે સંઘ સભામાં પૂર્વની જેમ પોતપોતાની મર્યાદામાં બેસી ગયા.[૨૩] સોમલાખાચર, સુરાખાચર, રતનજી, ભગુજી આદિ પાર્ષદો પણ શ્રીહરિની સેવામાં છત્ર, ચામર, વીંજણો ધારણ કરીને ઊભા રહ્યા. તે સમયે વાજિંત્રો વગાડવામાં નિપુણ સંતો ભક્તોએ વાજિંત્રો વગાડ્યાં અને તેની સાથે ગાન કર્યું.[૨૪] તે સમયે શ્રીહરિ સભામાં બેઠેલા પંડિત દીનાનાથભટ્ટને જોઈ પ્રસન્ન થયા ને પોતાનાં અંગ ઉપરથી અમૂલ્ય વસ્ત્રોમાં ડગલી, કેડમાં ધારણ કરેલો પટકો, ઉત્તરીય વસ્ત્ર અને મસ્તક ઉપરથી મોળીયું ઉતારી અર્પણ કરી દીધું.[૨૫-૨૬] અને ખોબો ભરાય તેટલા રૂપીયાની ધાર કરીને દક્ષિણા આપી. ભગવાનના અનુગ્રહની ઈચ્છા મોટામોટા યોગી પુરુષો રાખતા હોય તેવો જબરો અનુગ્રહ શ્રીહરિએ ભટ્ટજી ઉપર કર્યો.[૨૭]

गाङ्गेयप्रमुखास्तावन्मल्लाः स्वस्मिन्निजप्रभोः । दृष्टिपातार्थमाचेरुर्बाह्वास्फोटनमात्मनः ॥ २८
स्वामी नारायणो दृष्ट्वा तान्भक्तान् कूर्दनोत्सुकान् । रन्तुमाज्ञापयामास तत्प्रीत्यै करसंज्ञया ॥ २९
दृढं निबद्धकच्छास्ते तदैवोत्प्लवनादिभिः । हासयामासुरखिलान्कर्मभिः सहरीञ्जनान् ॥ ३०
उत्थापने चोन्नयने चालने स्थापने तथा । आकर्षणे श्रृङ्खलने प्लवने ताडनादिषु ॥ ३१
तेषां चातुर्यमालोक्य तान्प्रशंसन्हसन्प्रभुः । प्रसन्नो दापयामास तेभ्यो वस्त्राणि भूरिशः ॥ ३२
युक्तिवाक्येषु निपुणस्तथावसरवित्तदा । ब्रह्मानन्दो महाबुद्धिः स्मयमानोऽवदत्प्रभुम् ॥ ३३
आज्ञा ते ह्यस्तनास्माभिः सद्भिः पाल्या नवा प्रभो ! । विनात्र त्यागिनोऽन्येषां फलिता हि मनोरथाः ॥ ३४
इत्युक्तस्तेन भगवान्सतः सर्वानुवाच तान् । युयमप्यर्चनं मेऽद्य कुरुथैकैकशो द्रुतम्॥ ३५
इत्युक्तास्त्यागिनस्तेन घृष्टगन्धादिपाणयः । उत्तस्थुः पूजनं कर्तुं हरेः सर्वे नराधिप ! ॥ ३६

**ભુજના મલ્લભક્તોની મલ્લકુસ્તી :–** હે રાજન્ ! તે સમયે ભુજના ગંગારામ વગેરે મલ્લભક્તો મલ્લ કુસ્તીદ્વારા શ્રીહરિની કૃપા દૃષ્ટિ મેળવવા માટે પોતાની ભુજાઓ ઠપકારી મલ્લકુસ્તીની તૈયારી કરવા લાગ્યા.[૨૮] તે જોઈ શ્રીસ્વામિનારાયણ ભગવાને કુસ્તી કરવામાં ઉત્સુક થયેલા ગંગારામ આદિક ભક્તજનોને રાજી કરવા હાથના ઈશારાથી રમવાની આજ્ઞા આપી.[૨૯] તેથી તે મલ્લો દૃઢ કછોટા બાંધી કુદવા લાગ્યા અને મલ્લકુસ્તીની ચેષ્ટાથી શ્રીહરિએ સહિત સર્વે સંતો ભક્તોને હસાવવા લાગ્યા.[૩૦] મલ્લકુસ્તીમાં ઉત્થાપન, ઉન્નયન, ચાલન, સ્થાપન, આકર્ષણ, શૃંખલન, પ્લવન અને તાડન આદિ બત્રીસ પ્રકારના ભેદોની રમતોમાં મલ્લોનું ચાતુર્ય નિહાળી શ્રીહરિએ ખૂબજ પ્રશંસા કરી અને ઉત્તમરાજા પાસે તેઓને અનંત પ્રકારનાં વસ્ત્રોનું દાન કરાવ્યું.[૩૧-૩૨] તે સમયે યુક્તિ-પ્રયુક્તિપૂર્વક સમયોચિત વાત કરવામાં ચતુર અને અવસરને પારખવામાં બુદ્ધિમાન બ્રહ્માનંદમુનિ હસતા હસતા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! ગઈ કાલે તમોએ અમોને આજના દિવસે પૂજા કરવાની વાત કરેલી તેનું અત્યારે અમને પાલન કરવું કે નહિ ? કારણ કે આ ઉત્સવમાં ત્યાગી સંતો સિવાયના સર્વે ભક્તજનોના મનોરથ પૂર્ણ થયા છે. આપ કહો તેમ કરીએ.[૩૩-૩૪] હે રાજન્ ! બ્રહ્માનંદમુનિનું આવું યુક્તિપૂર્વકનું વચન સાંભળી ભગવાન શ્રીહરિ સર્વે સંતો તથા બ્રહ્મચારીઓને કહેવા લાગ્યા કે, તમો સર્વે અત્યારે જ એક એક આવી જલદીથી પૂજન કરો.[૩૫]

હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞા થતાં સર્વે ત્યાગી સંતો તથા બ્રહ્મચારીઓ ચંદનનું પાત્ર, પુષ્પમાળા, મંજરી અને ધૂપ આદિ હાથમાં લઈ ભગવાન શ્રીહરિનું

मुकुन्दानन्दाद्या झटिति भगवत्पार्षदवरास्तथा मुक्तानन्दप्रवरमुनयो हर्षनिभृताः ।
समागत्याभ्याशं बहुतरदयात्यार्द्रसुदृशः प्रभोश्चक्रुस्तस्यार्चनममलसद्वासनहृदः॥ ३७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे उत्तमसंस्तुतभगवतो बहिर्वेद्युपवेशननामा षोडशोऽध्यायः॥१६॥*

---

**अथ सप्तदशोऽध्यायः - १७**

**सुव्रत उवाच-**

चन्दनेनाक्षतैः पुष्पैः पूजनं तुलसीदलैः । कुर्वन्तस्ते हरेर्भक्त्या तुष्टुवुस्तं पृथक् पृथक् ॥ १

**मुकुन्दानन्द उवाच-**

मत्स्यं कूर्मं वराहं कपिलमथ हरिं वासुदेवं च वैन्यं ।
दत्तात्रेयं च हंसं नरहरिमृषभं वामनं पर्शुरामम् ॥

---

પૂજન કરવા ઊભા થયા. નિર્મળ અંતઃકરણવાળા, શુભ સંસ્કારયુક્ત મનવાળા, શ્રીહરિની સેવા કરવાવાળા પાર્ષદોમાં શ્રેષ્ઠ મુકુન્દાનંદ તથા વાસુદેવાનંદ બ્રહ્મચારી આદિ વર્ણીઓ તથા મુક્તાનંદ, ગોપાળાનંદ, બ્રહ્માનંદ સ્વામી વિગેરે સંતો અતિશય આનંદ પામતા નેત્રોદ્વારા કરુણા વરસાવી રહેલા પરમેશ્વર શ્રીહરિની સમીપે આવી પૂજા કરવા લાગ્યા.[૩૬-૩૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવ પર ઉત્તમરાજાએ ધન્યાષ્ટકથી સ્તુતિ કરી, મલ્લોએ કુસ્તી કરી તથા સંતો ભક્તોએ પૂજન કર્યું એ નામે સોળમો અધ્યાય પૂર્ણ થયો. --૧૬-***

---

## અધ્યાય - ૧૭

### સર્વે બ્રહ્મચારી તથા સંતોએ શ્રીહરિની સ્તુતિ કરી.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! બ્રહ્મચારીઓ તથા સંતોએ ઘસેલું ચંદન, તુલસી આદિકથી શ્રીહરિનું ભાવપૂર્વક પૂજન કરી સ્તુતિ કરવા લાગ્યા.[૧]

**પ્રથમ મુકુન્દાનંદ બ્રહ્મચારી સ્તુતિ કરે છે :-** હે પ્રભુ ! તમે સર્વે અવતારના અવતારી નારાયણ છો, આથી પૂર્વેના મત્સ્ય, કૂર્મ, વરાહ, કપિલ,

यज्ञं रामं कुमारं हयशिरसमथो नारदं राजराजं।
व्यासं कृष्णं च बुद्धं धृतपुरुवपुषं नौमि नारायणं त्वाम्॥ २

**मुक्तानन्द उवाच-**

कौसुमशेखरराजिविराजितभाललसत्तिलके कलितारे ।
चारुसरोजदलायतचञ्चललोचनलोचनमोचितनारे ॥
शोणपटेन कटिं च निबद्ध्य तदर्पितपाणियुगेऽङ्गदधारे ।
स्मेरमुखेऽस्तु मनोऽत्र विभो! त्वयि भूरिसुगन्धिमनोहरहारे ॥ ३

**गोपालानन्द उवाच-**

जय श्रीमद्भास्वच्चयरुचिबृहद्धामनिलय ! प्रभो ! कारुण्याब्धे ! जनसुखविधानात्तनृतनो ! ।
जय स्वामिन्नारायण ! निजजनानन्दद ! सदा दृगग्रे रुपं तेऽप्रतिम ! यदिदं ह्येव वसताम् ॥ ४

---

**હરિ, વાસુદેવ, પૃથુ, દત્તાત્રેય, હંસ, નૃસિંહ, ઋષભ, વામન, પરશુરામ, યજ્ઞનારાયણસ રામ, સનકાદિક, હયગ્રીવ, નારદ, રાજરાજ, વ્યાસ, કૃષ્ણ, બુદ્ધ, નરનારાયણ અને ધન્વંતરી આદિ અનેક અવતારોને ધારણ કરનારા તમે જ છો એવા હે નારાયણ ! હું તમને કાયા, મન, વાણીથી, નમસ્કાર કરું છું.[૨]**

**મુક્તાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે વિભુ ! હે સર્વના અંતર્યામી ! **તમે અધર્મસર્ગરૂપ કલિયુગ થકી આશ્રિતોનો ઉદ્ધાર કરવાનો શુભ સંકલ્પ કરીને પોતાના આનંદમય દિવ્યસ્વરૂપથી આ પૃથ્વી પર પ્રગટ થયા છો. આ તમારૂં દિવ્યસ્વરૂપ અનેક પ્રકારના પુષ્પોના તોરાઓની પંક્તિથી વિરાજીત, ચળકતા ભાલમાં શોભાયમાન ઊર્ધ્વપુંડ્ર તિલકને ધારી રહેલ છે. સુંદર કમળના પત્રની સમાન લાંબાં તેમજ ચંચળ નેત્રોમાંથી વરસતી કૃપાદૃષ્ટિ સર્વે જીવ સમુદાયને સંસારના બંધનમાંથી મુક્ત કરે છે, અમૂલ્ય લાલવસ્ત્રથી બાંધેલી કેડ ઉપર બન્ને હાથ ટેકવીને ઊભેલા અને બન્ને બાહુમાં રત્નજડિત બાજુબંધ ધારણ કરેલા તથા કંઠને વિષે સુગંધીમાન મનોહર પુષ્પોની માળાને ધારણ કરેલાં તમારાં આ દિવ્ય સ્વરૂપમાં મારૂં મન સદાય સ્થિર રહો.[૩]**

**ગોપાળાનંદ સ્વામી સ્તુતિ કરે છે:–** હે પ્રભુ ! હે કરૂણાના **સાગર ! હે અનંત સૂર્યોના સમૂહ સમાન તેજોમય વિશાળ બ્રહ્મપુર ધામને વિષે નિવાસ કરનારા ! તમારો સદાય સર્વત્ર વિજય થાઓ. હે સ્વામિન્ ! હે નારાયણ ! હે અનુપમ મૂર્તિ ! હે પોતાના ભક્તજનોને મહા આનંદને આપનારા !**

**ब्रह्मानन्द उवाच–**

त्वदीयं मनोहारि रुपं मदीयं मनो मा जहातु क्षणं ह्येतदेव ।
अनादृत्य लोकं लसच्छेखराले! वृतस्त्वं मया मस्तकेनासि बाढम् ॥ ५

**आनन्दानन्द उवाच–**

निखिलभक्तजनैरभितोऽर्चितं विविधनूतनवस्त्रमनोहरम् ।
रुचिररत्नविभूषणभूषितं हृदि भवन्तमहं निदधे सदा ॥ ६

**नित्यानन्द उवाच–**

किसलयमृदुले पदाम्वुजे ते निजजनहृत्तिमिरापहारशीले ।
विलसदशनिनीरजोर्ध्वरेखे नयनयुगं मम षट्पदत्वमेतु ॥ ७

---

તમારો સદાય સર્વત્ર જય થાઓ, જય થાઓ. તમારૂં આ મનોહર સ્વરૂપ મારી દૃષ્ટિ આગળ નિરંતર નિવાસ કરીને રહો.[૪]

**બ્રહ્માનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે શોભાયમાન તોરાઓની પંક્તિઓને મસ્તક ઉપર પાઘને વિષે ધારણ કરનારા ! હે પ્રભુ ! મારૂં મન તમારા આ મનોહરરૂપને એક ક્ષણવાર પણ ત્યાગ ન કરે, સમસ્ત લોકનો અનાદર કરી મેં શિર સાટે એક તમને વર્યા છે. કોઈ મારાં મસ્તકનો નાશ કરે તે મંજૂર છે પણ તમારો વિયોગ મને જરાય મંજૂર નથી. કદાચ મસ્તક જાય તોય હું તમને નહીં છોડું.[૫]

**આનંદાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે ભગવાન્ ! સર્વ ભક્તજનોએ સુગંધીમાન ચંદનથી તમારા સર્વઅંગમાં લેપન કરી પૂજન કર્યું છે. અને અનેક પ્રકારનાં નવીન વસ્ત્રો ધારણ કરવાથી જે અતિશય મનોહર લાગે છે, અને સુંદર રત્નજડિત આભૂષણો ધારણ કરવાથી શોભાયમાન છે, એવાં આપનાં આ દિવ્ય સ્વરૂપને મારા હૃદયમાં સદૈવ ધારણ કરું છું.[૬]

**નિત્યાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે શ્રીહરિ ! આપનાં કમળ સમાન કોમળ, સદાય ધ્યાનપરાયણ પોતાના ભક્તજનોના હૃદયમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારને હરણ કરવાના સ્વભાવવાળાં, વજ્ર, કમળ અને ઊર્ધ્વરેખા આદિ સોળ ચિહ્નોથી અંકિત એવાં આપનાં બન્ને ચરણ કમળમાં મારાં બન્ને નેત્રો ભ્રમરનો ભાવ ધારણ કરી સદાય મગ્ન રહે.[૭]

**મહાનુભાવાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે હરિ ! કોઈ પણ

**महानुभावानन्द उवाच**

केवलं ते कथामेव यः श्रोत्रगां मानवः कोऽपि कुर्यान्न सोऽपि भ्रमेत्।
संसृतो तर्हि साक्षाद्भवन्तं दृशा पश्यतः सा कुतस्तं भजे त्वां सदा॥८॥

**शुकानन्द उवाच–**

नित्यं योऽक्षरधाम्नि दिव्यमहसि स्वे प्राकृताख्यात्परे गाढात्सन्तमसात्प्रभोऽक्षरपरः श्रीवासुदेवः स्वयम्।
मुक्तैर्दिव्यवपुर्भिराश्रितपदोऽसङ्ख्यैश्च तेजोमयैरास्ते स त्वमिहासि दिव्यनृतनुर्नारायणाख्यो मुनिः ॥ ९
स्वज्ञानप्रथनं च भक्तनयनानन्दं च धर्मावनं कर्तुं ह्यात्तनराकृतौ करुणया स्वीयान्तरारिक्षिति।
प्रादुर्भावितदिव्यवैभव इह त्वय्येव तस्मिन्मनो लीनं मेऽस्तु सदा सिताम्बरधरे श्वेतप्रसूनस्रजि ॥ १०

**स्वयंप्रकाशानन्द उवाच–**

जाग्रत्स्वप्नसुषुप्तिसाक्षिणि परे मायादिशक्तीश्वरे वैराजस्य हिरण्यगर्भपुरुषस्यापीश्वरस्येश्वरे ।
आत्मीयाक्षरधामनित्यविलसत्क्रीडे मनुष्याकृतौ तस्मिञ्छ्रीपुरुषोत्तमे भगवति त्वय्यस्तु मे मानसम् ।

---

**માનવ કેવળ તમારી કથાનું શ્રવણ કરે તો પણ તેને જન્મમરણરૂપ સંસારના ચક્રમાં ભમવું પડતું નથી. તો પછી સાક્ષાત્ આપનું દર્શન કરનાર માનવને સંસારના ચક્રમાં ભમવાનું ક્યાંથી હોય ? ન જ હોય. આવા મહિમાવાળા આપનું હું સદાય ભજન કરૂં છું.**[૮]

**શુકાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** **હે પ્રભુ ! તમે પ્રકૃતિ નામની મૂળ માયાના અતિશય ગાઢ અંધકારથી પર રહેલા પોતાના અક્ષરધામને વિષે રહેલા, તેમજ સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ અને ઐશ્વર્ય આદિ અનંત સદ્‌ગુણોથી યુક્ત અક્ષરબ્રહ્મ થકી પણ પર વિરાજતા એવા સ્વયં વાસુદેવ છો. અતિશય તેજોમય દિવ્ય શરીરધારી અસંખ્ય અક્ષરમુક્તો તમારાં ચરણ કમળનું સદાય સેવન કરે છે. એવા તમે અત્યારે પૃથ્વીપરના જીવો ઉપર કૃપા કરીને દિવ્ય માનવરૂપ ધારણ કરી નારાયણમુનિ નામે પ્રસિદ્ધિ પામ્યા છો. આ પૃથ્વી પર પોતાનું અક્ષર થકી પણ પર એવા પુરુષોત્તમપણાનું સર્વોપરી જ્ઞાન પ્રવર્તાવનારા, પોતાના એકાંતિક ભક્તજનોના નેત્રોને આનંદ આપવા અને એકાંતિક ધર્મનું રક્ષણ કરવા કરુણા કરીને આ પૃથ્વી પર મનુષ્યાકૃતિને ધારણ કરી, પોતાના એકાંતિક ભક્તજનોના અંતરના માન, ઈર્ષ્યા આદિ શત્રુઓનો વિનાશ કરનારા, મનુષ્યોને સમાધિમાં અનંત ધામો તથા તેના વૈભવો સહિત ઐશ્વર્યનું દર્શન કરાવનારા, શ્વેત વસ્ત્રો તથા પુષ્પોના હારને ધારણ કરી વિરાજી રહેલા અને સમુદ્ર પર્યંત જે પ્રખ્યાતિને**

**आत्मानन्द उवाच–**

कृपया परयैव सद्यो भुवि मूढोऽपि जनो बुधैर्न जेयः ।
भवतीत्यखिलागमैकहेतुं भुवि नारायणमीश्वरं भजे त्वाम् ॥ १२

**चैतन्यानन्द उवाच–**

निदधे हृदये हृदयेश! वपुस्तव देशिकदेशिक ! हंसवृतम् ।
मम मा मतिरन्यपदं विपदं भजतां रमतामिह नाथ ! सदा ॥ १३

**भजनानन्द उवाच–**

सुखयितुमलं लोकं शोकार्णवे बहुधाऽर्दितं परमकृपया दध्रे यो वै नराकृतिमिच्छया ।
तमहमखिलब्रह्माण्डानां भवाभवकारणं स्वहृदि विदधे त्वामात्मानं हरे ! सकलात्मनाम् ॥ १४

---

પામ્યા છો, એવા આપને વિષે મારું મન સદાકાળ લીન રહો.[૯-૧૦]

**સ્વયંપ્રકાશાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે સ્વામિન્ ! તમે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાવાળા શરીરમાં રહેલા જીવના સાક્ષી છો. તેથી જીવ થકી પણ તમે પર છો, તેમજ માયા આદિક જે શક્તિઓ છે તેના પણ તમે નિયંતા છો, અને તેનાથી પણ તમે પર છો, વળી વિરાટદેહના અભિમાની વૈરાજપુરુષ, સુત્રાત્મા દેહના અભિમાની હિરણ્યગર્ભપુરુષ અને અવ્યાકૃત દેહના અભિમાની ઈશ્વરપુરુષ આ ત્રણેના તમે ઈશ્વર છો. આવી રીતે સર્વ થકી પર એવા તમે અક્ષરધામમાં સદાય રમણીય લીલા વિસ્તારીને વિરાજી રહ્યા છો. છતાં અનંત જીવો ઉપર કૃપા કરીને મનુષ્યાકૃતિ ધરી સાક્ષાત્ શ્રીપુરુષોત્તમનારાયણ સ્વરૂપે મારી સન્મુખ વિરાજી રહેલા તમારે વિષે મારૂં મન સદાય તલ્લીન રહો.[૧૧]

**આત્માનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે પ્રભુ ! આ પૃથ્વી પર નહિ ભણેલા તમારા આશ્રિત સામાન્ય મનુષ્યોને પણ તમારી કૃપાને કારણે શાસ્ત્રાર્થમાં વિદ્વાન પુરુષો પણ જીતી શકવા સમર્થ થતા નથી. કારણ કે સમગ્ર શાસ્ત્રની ઉત્પત્તિના કારણભૂત તમે વિરાજો છો, એવા તમે અત્યારે પૃથ્વી પર નારાયણમુનિ એવા નામથી પ્રસિદ્ધિને પામેલા સર્વના સ્વામી એવા તમારી હું ભક્તિ કરૂં છું.[૧૨]

**ચૈતન્યાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે ગુરુઓના પણ ગુરુ ! હે નાથ ! એક પરમહંસના સ્વરૂપમાં રહેલી આપની આ મૂર્તિનું મારા હૃદયમાં ચિંતવન કરું છું. મારી બુદ્ધિ તમારા સિવાય અન્ય આપત્તિરૂપ માયિક પદાર્થોમાં આસક્ત ન થાઓ, પરંતુ સદાય એક તમારે વિષે જ આસક્ત થઈને રહો.[૧૩]

**परमचैतन्यानन्द उवाच–**

अशेषदु:खभञ्जनं निजान्तरङ्गमञ्जनम् । विशालनेत्रखञ्जनं नमामि भक्तरञ्जनम् ॥ १५

**परमानन्द उवाच–**

संस्तूयमानमभिपूज्य महर्षिमुक्तैरेकान्तधर्मनिरतैर्गतकालभीकैः ।
स्वातन्त्र्यतो धृतनराकृतिनाटनं त्वां नारायणं नरसखं प्रणतोऽस्मि नित्यम् ॥ १६

**कृष्णानन्द उवाच–**

अव्याकृताभिमतिरीश्वर आदरात्त्वां सङ्कर्षणं ह्यथ विराडभिमान्युपास्ते ।
प्रद्युम्नमच्युत उताब्जभवोऽनिरुद्धं सूत्रात्ममान्यखिलनाथ ! नमामि तुभ्यम् ॥ १७

---

**ભજનાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે હરિ ! તમે શોકરૂપી મહાસાગરમાં બહુ પ્રકારે પીડાતા જનસમુદાયને સુખી કરવા પરમ કૃપાવડે આ પૃથ્વીપર મનુષ્યશરીર ધારણ કર્યું છે, અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશના કારણભૂત તેમજ સકલ આત્માઓના અંતર્યામી આત્મા, એવા તમને હું મારા હૃદયમાં ધારણ કરું છું.[૧૪]

**પરમચૈતન્યાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે પ્રભુ ! તમે સંસારનાં સમગ્ર દુઃખોનો વિનાશ કરો છો, જ્ઞાનનો ઉપદેશ આપી પોતાના ભક્તજનોના અંતરને ધોઈને સાફ કરો છો, કમળપત્રની સમાન વિશાળ અને ખંજન પક્ષીના જેવાં ચંચળ નેત્રોને ધારણ કરો છો અને ભક્તજનોને રંજન કરાવો છો, એવા હે શ્રીહરિ ! તમને હું નમસ્કાર કરું છું.[૧૫]

**પરમાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે પ્રભુ ! એકાંતિક ધર્મમાં નિષ્ઠાવાળા તથા કાળમાયાના ભયથી રહિત એવા મહામુનિ મુક્તાનંદ સ્વામી જેવા મહર્ષિ મુક્ત પુરુષોએ ચંદનાદિકથી પૂજેલા અને સ્તુતિ કરાતા એવા આપ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી આ પૃથ્વી પર મનુષ્યાકૃતિ ધારણ કરી નરના સખા સાક્ષાત્ નારાયણમુનિ તમને કાયા, મન, વાણીથી હું સદાય વંદન કરૂં છું.[૧૬]

**કૃષ્ણાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે ભગવન્ ! તમો સંકર્ષણરૂપે થઈને અવ્યાકૃત શરીરના અભીમાની ઈશ્વરથી આદરપૂર્વક ઉપાસના કરાઓ છો અને પ્રદ્યુમ્નરૂપે થઈને વિરાટ્ શરીરના અભિમાની વિષ્ણુથી ઉપાસના કરાઓ છો અને અનિરૂદ્ધરૂપે થઈને સૂત્રાત્મા શરીરના અભિમાની બ્રહ્માથી ઉપાસના કરાઓ છો, આ રીતે સર્વના નાથ તમોને હું નમસ્કાર કરું છું.[૧૭]

भगवदानन्द उवाच-

मनोभवशरातुरैर्गुरुभिरक्षपोषाकुलैर्विचित्रतिलकादिभिर्ज्ञपितविष्णुभक्तव्रतैः ।
अदृष्टतरवर्त्मने नमदकिञ्चनस्वामिने गवेषितमुमुक्षवे प्रणतपाल! तुभ्यं नमः ॥ १८

शिवानन्द उवाच-

नारायण ! तव चरणं शरणं मम कामपूरणं पुंसाम् । तारणकारणकरुणाभरणं शरणागतत्राणम् ॥ १९

वासुदेवानन्द उवाच-

सकलमुनिजनेशं धर्ममोक्षाब्धिमेशं मखसुखितसुरेशं नाथ ! मज्जीवितेशम् ।
अनुदितमदलेशं पावितानेकदेशं नटवरसमवेशं त्वां भजे मञ्जुकेशम् ॥ २०

---

**ભગવદાનંદમુનિ સ્તુતિ કરે છે :–** હે શરણાગત રક્ષક ! કામદેવના બાણથી દુ:ખી હૃદયવાળા, સર્વે ઈન્દ્રિયોનું પોષણ કરવામાં આસક્ત અને તિલક, માળા આદિ ચિહ્નો ધારણ કરી મનુષ્યોની આગળ વિષ્ણુભક્તપણાનો ખોટો દંભ કરતા મિથ્યા ગુરુઓ તમારા એક આત્મારામ મુનિઓએ જ સેવવા યોગ્ય માર્ગને સમજી શકતા નથી. અને તમે તો આ જગતમાં મુમુક્ષુઓને શોધી તેમનું હિત કરવા જ પ્રગટ થયા છો. તમે સદાય નમ્ર થઈ આપને શરણે રહેલા અકિંચન સાધુપુરુષોના એક માલિક છો, એવા હે ભગવાન શ્રીહરિ ! તમને હું વારંવાર નમસ્કાર કરૂ છું.[૧૮]

**શિવાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે નારાયણ ! પોતાના ભક્તજનોની ઈચ્છાને પૂર્ણ કરનારા, સંસારસાગરમાંથી પોતાના ભક્તજનોને તારવા માટે દયારૂપી આભૂષણને ધારણ કરનારા, શરણાગતોનું રક્ષણ કરનારા એવા આપના શ્રીચરણોમાં શરણે આવ્યો છું, તો આપના ચરણો જ મારા મનનું નિવાસ સ્થાન થાઓ.[૧૯]

**વાસુદેવાનંદ બ્રહ્મચારી સ્તુતિ કરે છે :–** હે નાથ ! તમે સકલ મુનિજનોના સ્વામી છો. એકાંતિક ધર્મ તથા આત્યંતિક મોક્ષરૂપ સમુદ્રમાં ભરતી કરવામાં ચંદ્રરૂપ છો. વિષ્ણુયાગ આદિ યજ્ઞોના અનુષ્ઠાન કરી બ્રહ્માદિદેવતાઓને તમે સુખી કરનારા છો. મારા પ્રાણના તમે પતિ છો. તમારામાં અનંત ઐશ્વર્યાદિ ગુણો હોવા છતાં એક અણુમાત્ર જેટલો પણ મદ પ્રગટ થતો નથી. તમે સર્વત્ર વિચરણ કરીને અનંત દેશોને પવિત્ર કર્યા છે. તથા તે દેશોમાં રહેતા જનોને પણ પવિત્ર કર્યા છે. ઉત્તમ નટના સમાન મનુષ્યવેષને ધારી રહેલા અને મસ્તક ઉપર મંજુલ કેશને ધારી રહેલા તમને હું ભજું છું.[૨૦]

**आत्मानन्द मुनिरुवाच–**

अधर्महेतुभेदनं प्रकाशितात्मवेदनं सुरैः कृताभिवन्दनं निरीशमार्गनिन्दनम्।
निजान्तरारितर्दनं नमामि मानमर्दनं ललाटपीतचन्दनं हरिप्रसादनन्दनम्॥ २१

**कपिलेश्वरानन्द उवाच–**

उद्दण्डहृद्गतरिपूद्दलनैकवीरो जाड्यान्धकारपटलोद्भमने पटीयान्।
स्वामिन्नघौघदलनो हि तव प्रतापस्तापांश्च पापनिकरान्हरतान्मदीयान्॥ २२

**भूधरानन्द उवाच–**

क्षोणीक्षेमकरः क्षमाजलनिधिः क्षुद्राध्वविध्वंसकः क्षोणीरक्षकलक्षसेवितपदः क्ष्मादेवरक्षाकरः।
अक्षक्षोभविहीनवीक्षणसुधालक्षीकृतात्मप्रियः क्षेमं नस्तनुतात्सदा क्षितितले श्रीवासुदेवो भवान्॥ २३

---

**આત્માનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે શ્રીહરિ ! તમે અધર્મના હેતુભૂત કલિયુગનો તથા અસુરોનો વિનાશ કરો છો, પોતાના પુરૂષોત્તમપણાના જ્ઞાનનો સર્વત્ર પ્રકાશ કરો છો. બ્રહ્મા અને શિવ આદિ અનેક દેવો પણ તમારી પોતાના કાર્યની સિદ્ધિ માટે પ્રાર્થના કરે છે. અનીશ્વરવાદી સંપ્રદાયોના સિદ્ધાંતોનું સત્શાસ્ત્રના પ્રમાણિક વચનોથી ખંડન કરી સેશ્વરવાદનું સ્થાપન કરો છો. પોતાના ભક્તજનોના કામક્રોધાદિ અંતઃશત્રુઓનો વિનાશ કરો છો. અભિમાનીઓના માનનું મર્દન કરો છો. અને જેના વિશાળ ભાલમાં ભક્તજનોએ કેસર મિશ્રિત ચંદનની અર્ચા કરી છે એવા, હે હરિપ્રસાદના પુત્ર ધર્મનંદન ! તમોને હું નમસ્કાર કરું છું.[૨૧]

**કપિલેશ્વરાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે સ્વામિન્ ! તમારો પ્રતાપ હૃદયમાં પડેલા લોભાદિ શત્રુઓનો પરાભવ કરવામાં સમર્થ, બુદ્ધિની જડતારૂપ અંધકારના પડળને તોડવામાં ચતુર, તેમજ પાપના પૂંજને પ્રજાળવામાં સમર્થ છે, તેથી તે પ્રતાપથી મારા અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ આ ત્રણ પ્રકારના તાપનો અને પૂર્વ જન્મના પાપસમૂહનો વિનાશ કરો. હું તમારે શરણે છું.[૨૨]

**ભૂધરાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે પ્રભુ ! તમે પૃથ્વીનો ભાર ઉતારનારા, ક્ષમારૂપી સદ્‌ગુણોના મહાસાગર છો. ક્ષુદ્રકૌલમતના વિધ્વંસક છો. અનેક રાજાઓ તમારા ચરણકમળનું સેવન કરે છે. બ્રાહ્મણોનું રક્ષણ કરનારા, ઈન્દ્રિયોના ક્ષોભથી રહિત હોવાથી અમીમયદૃષ્ટિદ્વારા આત્મપ્રિય ભક્ત સમુદાયને નિહાળો છો, એવા શ્રીવાસુદેવ તમે આ પૃથ્વીપર અમારૂં સદાય

**योगानन्द उवाच–**

अष्टाङ्गयोगाभ्यसनं विनापि यस्य प्रसादात्सहसा जनानाम् ।
भवत्यवस्थात्रितयात्परत्वं समाधियोगस्तमहं भजे त्वाम् ॥ २४

**पूर्णानन्द उवाच–**

विशदकुसुममालं पापतापौघकालं रुचिरतिलकभालं भक्तसङ्घैकपालम् ।
हृतनिजजनिजालं कालमायाकरालं सुखितपरमरालं त्वां भजे धर्मबालम् ॥ २५

**गुणातीतानन्द उवाच–**

निजानन्दं मन्दस्मितमधुरचन्द्राभवदनं दयासिन्धुं शान्तं बहुविधविभूषाश्च दधतम् ।
अनर्घ्यैर्वासोभिर्नटवरसमानच्छविमहं समायातोऽस्मि त्वां शरणमिह नारायणमुने! ॥ २६

---

કલ્યાણ વિસ્તારો.[૨૩]

**યોગાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે ભગવાન ! જેની પ્રસન્નતાથી અષ્ટાંગયોગના અભ્યાસ વિના પણ મનુષ્યોને તત્કાળ ત્રણ અવસ્થાથી પર એવો સમાધિયોગ પ્રાપ્ત થાય છે, તેવો અનુગ્રહ કરનારા દયાળુ તમને હું ભજું છું.[૨૪]

**પૂર્ણાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે ધર્મનંદન ! તમે ડોલરીયાની સુંદર માળા કંઠમાં ધારી છે. તમે અનંત જન્મોનાં પાપના પૂંજનો તથા ત્રણ પ્રકારના તાપનો વિનાશ કરનારા છો. વિશાળભાલમાં સુંદર ઊર્ધ્વપુંડ્ર તિલકને ધારણ કરનારા અને પોતાના ભક્તજનોના સમુદાયનું પાલન કરનારા છો. તમે ભક્તજનોના જન્મમરણરૂપ જાળનું ભેદન કરનારા અને કાળમાયાને પણ ભય ઉપજાવો છો, તથા પોતાના આશ્રિત પરમહંસોને અત્યંત સુખ આપનારા હે ધર્મના બાલ તમને હું ભજું છું.[૨૫]

**ગુણાતીતાનંદ સ્વામી સ્તુતિ કરે છે :–** હે નારાયણમુનિ ! તમે તમારા ભક્તજનોના સમુદાયને ખૂબજ આનંદ ઉપજાવો છો. મંદમંદ હાસ્યથી યુક્ત પૂર્ણિમાના ચંદ્ર સમાન સુંદર મુખકમળવાળા છો. દયાના સાગર, શાંતાકાર, અનેકપ્રકારના અલંકારોમાં શોભી રહ્યા છો, તેમજ ભક્તજનોએ અર્પણ કરેલાં અમૂલ્ય વસ્ત્રોને ધારણ કરી ઉત્તમ નટની સમાન શોભાને ધારણ કરનારા તમારા શરણે હું આવ્યો છું. દયા રાખજો.[૨૬]

**પ્રેમાનંદ સ્વામી આદિ સર્વે સંતો દંડક છંદથી સ્તુતિ કરે છે:–** હે શ્રીજીમહારાજ ! હે માયાના પતિ ! હે લક્ષ્મીપતિ ! તમારો જય થાઓ, જય

**प्रेमानन्दादयो मुनय ऊचुः-**

जय श्रीमहाराज माराज! सर्गादिकालस्वजाताब्जजातादिकात्मप्रजाजातजन्मादिदुःखापहृज्जन्म ! नैकेन्दुविद्योतदोर्जद्युतिध्वंसितात्मीयहार्दान्धकाराऽऽदिदेवाद्य ! विद्युत्प्रभाभासवासः ! सदानन्द ! गोविन्द ! सानन्दवन्दारुमन्दारपादारविन्दोत्तमक्षेमधामाक्षराध्यक्ष ! लोके मुमुक्षायियक्षागमेक्षातितिक्षा-समन्दाक्षतावर्जिताक्षीणविक्षोभणात्माक्षपोषप्रसक्तातिरूक्षाक्षरालापदक्षोद्धतक्षुद्ररक्षोविपक्षक्षयोद्युक्त ! । राधारमाम्भोजजन्मोक्षलक्ष्मार्चितातीक्ष्णवक्षःक्षमारक्षक ! त्र्यक्षभूभृद्वलक्षोत्तमश्लोक ! विष्णो ! वलक्षाख्यपक्षान्तनक्षत्ररक्षाकराभास्य ! दोषप्रशोष ! प्रकाशाश्रयाशेषशर्मेश ! शान्ताशयाशेषसिद्धेश ! सिद्धीश ! बुद्धीश ! बद्धोद्धरध्यान ! नैकावताराधमोद्धारक ! श्रीहरे ! त्वं प्रसीद प्रभो ! दीनबन्धो ! ॥ २७

---

થાઓ. તમે સૃષ્ટિના આદિ કાળમાં પોતાના અવતારસ્વરૂપ વૈરાટનારાયણના નાભિકમળમાંથી પ્રગટ થયેલા કમળમાં પ્રગટેલા બ્રહ્માજી, તેમજ તેના થકી સર્જાયેલી સમસ્ત પ્રજાજનોને જન્મમરણના દુઃખમાંથી છોડાવવા માટે ધર્મભક્તિને ઘેર પ્રગટ થયા છો, અનંત ચંદ્રના કિરણોની જેમ પ્રકાશિત એવી ચરણકમળના નખમંડળની કાંતિથી, પોતાના ચરણનું ધ્યાન કરનારા ભક્તોના હૃદયરૂપી અંધારી ગુફામાંથી અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરો છો. એવા તમારો જય થાઓ. હે આદિ દેવ ! સકલ કારણના પણ કારણ ! હે વીજળીની પ્રભા જેવાં ચળકતાં વસ્ત્રોને ધારણ કરનારા ! હે સાધુજનોને આનંદ આપનારા ! હે ગોવિંદ ! હે પ્રણામ કરતા ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન ચરણકમળ વાળા ! હે પાતાના આશ્રિતોને માટે સર્વોત્તમ કલ્યાયણના એક સ્થાનભૂત ! હે અક્ષરધામના અધિપતિ ! તમે જેઓને સંસારમાંથી મૂકાવાની જરા પણ ઈચ્છા નથી, કે જેઓને યજ્ઞાદિકનું અનુષ્ઠાન કરવાની ઈચ્છા નથી, શાસ્ત્રસેવનની પણ ઈચ્છા નથી, તિતિક્ષા, લજ્જા આદિ ગુણોના આદરની પણ જેને ઈચ્છા નથી, પરંતુ કેવળ વિષયોમાં ચપળ ઈન્દ્રિયોનું પોષણ કરવામાંજ તત્પર છે, અશ્લીલવાણી બોલવામાં કુશળ છે, ઉધ્ધત અને તુચ્છ સ્વભાવને આધિન છે, એવા ક્ષુદ્ર ગુરુ કે રાજાના રૂપમાં ઉત્પન્ન થયેલા અસુરોનો વિનાશ કરવામાં તત્પર છો. તમો રાધા, રમા, બ્રહ્મા, અને શિવ દ્વારા પ્રેમપૂર્વક અનેક વિધ ઉપચારોથી પૂજન કરાયેલા, કોમળ વક્ષઃસ્થળવાળા, ક્ષમાનું રક્ષણ કરનારા, શિવજીના નિવાસસ્થાનભૂત કૈલાશ જેવા ધવલ અને ઉત્તમ યશને ધારણ કરનારા છો, હે સર્વના અંતર્યામી વિષ્ણુ ! તમે

सुव्रत उवाच-

इत्थं त्यागिषु सर्वेषु मुनिषु स्तवनं प्रभोः। कृतवत्स्वितरेऽप्येनं भक्तास्तुष्टुवुरीश्वरम् ॥ २८

सर्वे जना ऊचुः-

अहो धन्याः स्वामिन्वयमिह कृतार्थीकृतकुलास्तपोदानध्यानव्रतहवनमौनादिफलिनः ।
यमद्राक्षीद्धाता नहि नलिननालेऽब्दशतकं विचिन्वंस्तं त्वाद्यं मनुजतनुमीक्षामह ऋतम् ॥ २९

---

વલક્ષ નામના શુક્લપક્ષના અર્કરૂપ પૂર્ણિમાના ચંદ્રમા સમાન મુખારવિંદથી શોભતા, અને પોતાના આશ્રિતજનોના કામાદિક દોષનું નિવારણ કરનારા છો. એવા હે અક્ષરાદિ સર્વપ્રકાશ પુંજના આધારરૂપ ! હે સમગ્ર સુખના અધિપતિ ! તમે માયિક પદાર્થોની આશાઓ જેની શાંત થઈ ગઈ છે એવા નિર્મળ અંતઃકરણ યુક્ત પુરુષોના સ્વામી છો. અણિમાદિ સકલ સિધ્ધિઓના અધિપતિ છો. જીવ, ઈશ્વર, માયા, પુરુષ, અક્ષરબ્રહ્મ તથા પુરૂષોત્તમ એવા પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપનારા છો. તમે પોતાની મૂર્તિનું ધ્યાન કરનારા બધ્ધજીવોનો પણ ઉદ્ધાર કરનારા અને પોતાના ભક્તજનોનું રક્ષણ કરવા સારૂં અસંખ્ય અવતાર ધારણ કરનારા છો. તથા અધમના ઉદ્ધારક એવા હે પ્રભુ ! હે દિનબન્ધુ ! હે શ્રીહરિ ! તમે અમારા સર્વે ઉપર પ્રસન્ન થાઓ.[૨૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સર્વે ત્યાગી, વર્ણીઓ તથા સંતો ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા ત્યારે અન્ય ભક્તજનો પણ પરમેશ્વર ભગવાન શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.[૨૮]

**ભક્તજનોએ કરેલી સ્તુતિ :–** હે સ્વામિન્ ! અમો આલોકમાં ખૂબજ ધન્ય થયા છીએ. અમારૂં સમગ્ર કુળ કૃતાર્થ થયું છે. અમારાં તપ, દાન, ધ્યાન, વ્રત, હવન અને મૌનવ્રતનું આચરણ આદિ સાધનો પણ સફળ થયાં છે. હે ભગવાન્ ! જે જગતસ્રષ્ટા બ્રહ્માજી પોતાની ઉત્પત્તિના સ્થાનભૂત કમળની નાળમાં દેવતાઓનાં સો વર્ષ પર્યંત તમને શોધવા ચાલ્યા હતા છતાં તેને તમારું દર્શન થયું ન હતું, તેવા સર્વના આદિ કારણ અને કૃપા કરીને મનુષ્યાકૃતિને ધારણ કરી સદાય સત્યસ્વરૂપે અમારી આગળ પ્રત્યક્ષ બિરાજતા તમારાં અમે દર્શન કરી શકીએ છીએ. તેથી અમે ખૂબજ ધન્ય ભાગ્યશાળી છીએ.[૨૯] હે નાથ ! પોતાના ભક્તજનોનો આ સંસારમાંથી અતિ ઉતાવળી ગતિએ ઉદ્ધાર કરવા જાણે કેડ ઉપર દૃઢ કછોટો

निजजनभवतारणातिशैघ्र्यादिव धृतपीतपटं दृढाप्तकच्छम्।
लसदरुणपटेन नाथ ! बध्वा स्थितवति नस्त्वयि चित्तमस्तु लीनम् ॥ ३०
वागस्माकं गायतु नित्यं गुणजातं कर्णौ नित्य नाथ ! चरित्रं श्रृणुतां ते ।
चक्षुर्नित्यं पश्यतु मूर्ति तव लोके रुपं ह्येतद्धयायतु नित्यं च मनो नः ॥ ३१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे सकलमुनिसङ्घकृतभगवत्पूजनस्तवननिरुपणनामा सप्तदशोऽध्यायः॥१७॥*

---

**બાંધી પીળું પીતાંબર ધારણ કરીને તેને શોભાયમાન લાલ ઉત્તરીય વસ્ત્રથી બાંધીને જાણે ઊભા હોયને શું ? એવા તમારા સ્વરૂપને વિષે અમારાં સર્વેનાં ચિત્ત હમેશાં તલ્લીન રહો.[30]**

**હે નાથ ! આ લોકમાં અમારી વાણી તમારા સત્ય, શૌચાદિ ગુણોનું સદાય ગાન કર્યા રાખે, અમારા કાન તમારા અનેકવિધ ઉત્સવોનું વર્ણન કરતા ચરિત્રોનું નિત્ય શ્રવણ કર્યા રાખે, અમારાં નેત્રો આપની મૂર્તિનું સદાય દર્શન કરે અને અમારૂં મન આપની આ સૌંદર્યમૂર્તિનું નિત્યે ધ્યાન કર્યા રાખે એવી અમારી પ્રાર્થના છે.[31]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવ પર પધારેલા સમગ્ર સંતમંડળે શ્રીહરિની પૂજા કરીને સ્તુતિ કરી એ નામે સત્તરમો અધ્યાય પૂર્ણ થયો. ૧૭***

---

अथ अष्टादशोऽध्यायः - १८

सुव्रत उवाच-

इति भक्तैः स्तूयमानं प्रीतं राजन् ! प्रभुं रतिः । दूरस्था प्राञ्जलिः प्राह पाकसिद्धिरभूदिति ॥ १
ततो नारायणमुनी राधाकृष्णस्य सन्निधौ । अन्नकूटं रचयितुं विप्रमर्चकमादिशत् ॥ २
ततः सोऽपि द्विजश्रेष्ठो राधाकृष्णसमर्चने । नित्यं प्रसक्तोऽरचयदन्नकूटं यथाविधि ॥ ३
वासुदेवानन्दमुख्यास्तदानीं वर्णिसत्तमाः । पक्वान्नभृतपात्राणि तत्रोपाजह्रुरादरात् ॥ ४
अन्नकूटस्य रचनां यथावत्स विधाय च । निवेदयामास ततः श्रीकृष्णाय नराधिप ! ॥ ५
हर्याज्ञयाऽऽगत्य तत्र मुकुन्दानन्दवर्णिराट् । शुचिर्नीराजनं चक्रे श्रीकृष्णस्य महाव्रतः ॥ ६
नारायणमुनिः श्रुत्वा घण्टानादं तदा स्वयम् । तत्रागत्य द्रुतं कृष्णं प्रणनाम कृताञ्जलिः ॥ ७
अन्नकूटं ततोऽपश्यन्निचितं वर्णिसत्तमैः । तेषां तत्रातिचातुर्यं प्रशंसन्बहुधा हरिः ॥ ८

---

## અધ્યાય - ૧૮

### ભગવાન શ્રીહરિએ અદ્‌ભૂત અન્નકૂટ રચના કરાવી.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અન્નકૂટને દિવસે આ પ્રમાણે ભક્તજનોએ સ્તુતિ કરીને શ્રીહરિને પ્રસન્ન કર્યા તેવામાં એક સ્ત્રીભક્ત રતિદેવી દૂર ઊભી રહી બન્ને હાથ જોડી ભગવાન શ્રીહરિને કહેવા લાગી કે, હે પ્રભુ ! અન્નકૂટમાટેની રસોઇ તૈયાર થઇ ગઇ છે. તે સાંભળી ભગવાન શ્રીનારાયણમુનિએ શ્રીરાધાકૃષ્ણદેવની આગળ અન્નકૂટ રચવાની પૂજારીને આજ્ઞા કરી.[૧-૨]

તે સમયે ભગવાન શ્રીરાધાકૃષ્ણની પૂજા કરવામાં નિત્યે તત્પર રહેતા શ્રેષ્ઠ પૂજારી ભૂદેવ અદ્‌ભૂત અન્નકૂટની રચના કરવા લાગ્યા.[૩] તે અવસરે વાસુદેવાનંદ આદિ બ્રહ્મચારીઓ પકવાન્નો ભરેલાં પાત્રો શ્રીરાધાકૃષ્ણ દેવની આગળ લાવતા ગયા અને પૂજારી વિપ્ર યથાયોગ્ય ગોઠવતા ગયા. પછી શ્રીવાસુદેવ ભગવાનને નિવેદન કર્યું.[૪-૫] તે સમયે મહાવ્રતવાળા મુકુંદાનંદ બ્રહ્મચારી ભગવાન શ્રીહરિની આજ્ઞાથી સ્નાન આચમનાદિવિધિ કરી પવિત્ર થઇને મંદિરમાં પધાર્યા અને ઠાકોરજીને પાનબીડું અર્પણ કરી મહાઆરતી કરવા લાગ્યા.[૬] હે રાજન્ ! ત્યારે સ્વયં ભગવાન શ્રીનારાયણમુનિ આરતીનો ઘંટાનાદ સાંભળી તત્કાળ મંદિરે પધાર્યા અને બે હાથ જોડી શ્રીવાસુદેવ ભગવાનને પ્રણામ કર્યા.[૭] ત્યારપછી ભગવાન શ્રીહરિ ઉત્તમ બ્રહ્મચારીઓએ ગોઠવેલા અન્નકૂટનાં દર્શન કર્યાં તેમાં

शतच्छिद्राणि चारूणि वर्तुलानि सितानि च । उपर्युपरि पङ्क्तिस्थान्यपश्यत्खाजकानि सः ॥ ९
शष्कुलीर्दक्षिणावर्ता मृद्यः शुभ्राश्च वर्तुलाः । वर्णिभिर्निचितास्तत्र पीठेषु हरिरैक्षत ॥ १०
संयावं पृथुपात्रस्थं प्रचुराज्यसितं तथा । घृतेनालोड्य कंसारं पर्वतीकृतमैक्षत ॥ ११
पर्पिकाखण्डकांस्तत्र चतुरस्त्रान् सुशोभनान् । पीठेषु निचिताञ्छुभ्रानुपर्युपरि चैक्षत ॥ १२
पिण्डकान् गुडकांश्चैव ग्रन्थिकान्मोदकांस्तथा । कलिकालड्डुकान्सक्तून्दौहित्रांश्चूर्णलड्डुकान् ॥ १३
सोहालिकाः सेविकाश्च मण्डकान् घृतपूरकान् । पूरिकाः पोलिकाः शुभ्राः पायसं च स ऐक्षत ॥ १४
दध्योदनं दुग्धकूरं बिरञ्जं मुद्गचूर्णकम् । वटकांस्तिलपिष्टं च शालिपिष्टं सशर्करम् ॥ १५
रसालां सुखदां फेणीं पीतसाराणि घुर्घुरान् । गुन्द्रपाकमपूपांश्च पूपान्मौक्तिकलड्डुकान् ॥ १६
कलिम्बाञ्छाटकान् रम्यान् स्थिरकान् बहुधाकृतान् । रम्भाफलानि च सिताघृतमिश्राण्यवैक्षत ॥ १७
महामत्रेष्वथापश्यच्छाकानि विविधानि सः । कोशातकीं दधियुतां त्वग्लवङ्गादिसंस्कृताम् ॥ १८

---

**અન્નકૂટ રચના કરવાની ચતુરાઈની પ્રશંસા કરતા નિહાળવા લાગ્યા.[૮]**

**તે અન્નકૂટમાં સો સો છીદ્રવાળાં સુંદર અને ગોળાકાર શ્વેતવર્ણનાં ઉપરાઉપર પંક્તિબદ્ધ ગોઠવેલાં ખાજાં, અને પીઠ ઉપર ગોઠવેલી જલેબી ભગવાન શ્રીહરિએ નીહાળી ખૂબજ પ્રશંસા કરી. વળી વિશાળ પાત્રમાં પર્વતના આકારે ગોઠવેલો બહુ ઘી અને સાકરયુક્ત શીરો, પુષ્કળ ઘી મિશ્રિત કંસાર, ઉપરાઉપર ગોઠવેલા ચતુષ્કોણ તથા રમણીય એવાં સફેદ બરફીનાં ચોસલાં શ્રીહરિએ નિહાળ્યાં.[૯-૧૨] પેંડા, લાકડસાઈ, ગાંઠિયા, લાડુ, કળિના લાડુ, દળના લાડુ, દહીંથરાં, તળેલા ચુરમાના લાડુ, સફેદ સુહાળીઓ, શેવો, માંડાં, ઘેબર, પૂરીઓ, રોટલી, દૂધપાક, દહીંભાત, દૂધભાત, કેસરીયોભાત, મગદળ, વડી, તલસાંકળી, સાકરમિશ્રિત હરિસો, શ્રીખંડ, સુખડી, સૂતરફેણી, પતાસાં, ઘુઘરા, ગુંદરપાક, માલપુવા, પુડલા, મોતિયાલાડુ, કલવો, સાટા, બહુપ્રકારનો સુંદર ઠોર, ઘી-સાકર મિશ્રિત કેળાનો કટકી રસ વગેરે અનેક પક્વાનો ભગવાન શ્રીહરિએ અન્નકૂટમાં નિહાળ્યાં.[૧૩-૧૭]**

**હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિ વિશાળ પાત્રોમાં ભરેલાં વિવિધ પ્રકારનાં લીલોત્રીનાં શાક નિહાળવા લાગ્યા, તેમાં તજ, લવિંગ, રાઈ, અને મરચાં આદિકથી વઘારેલાં શાકોમાં દહીંમિશ્રિત તુરીયાનાં શાક, વઘારેલાં ગલકાંનાં શાક, તેમજ ગવારફળી, ભીંડા, રતાળું, દૂધી આદિકનાં શાક નિહાળ્યાં, પછી અનેક પ્રકારનાં મસાલાથી વઘારેલાં રીંગણાં, મોગરીઓ, કંકોડાં, વાલોળ, કાકડી, ચિભડાં,**

राजकोशातकीं तद्वद्गवाहारांश्च भिण्डकान् । रक्तालुं स्वर्णदुग्धां च स ददर्श सुसंस्कृताम् ॥ १९
अनेकभेदरचितं वृन्ताकं मुत्करीस्तथा । कर्कोटकाञ्छिम्बिकां च कर्कटीं चिर्भटं तथा ॥ २०
राजमाषकशिम्बीश्च प्रवालानि मृदूनि च । बिम्बीफलानि मिष्टानि शार्करं कन्दमुज्ज्वलम् ॥ २१
खर्बुजं कारवेल्लं च कूष्माण्डं सूरणं तथा । मुनिशिम्बीः पटोलं च सम्यक् संस्कृतमैक्षत ॥ २२
तथैव मेथिकाभाजी तण्डुलीयं च मूलकम् । शतपुष्पामम्ललोणीं जीवन्तीं स्यन्दिकां तथा ॥ २३
भाजीं राजगिराख्यां च करञ्जप्रमुखानि सः । बहून्यालोक्य शाकानि राजिकाराद्धमैक्षत ॥ २४
दुग्धिकायाश्चिर्भटस्य कर्कारोः कदलस्य च । तथा शार्करकन्दस्य द्राक्षाखारिकयोरपि ॥ २५
शमीशिम्ब्याश्च रचितं राजिकाक्तं स ऐक्षत । वृन्ताकं भर्जितं दध्ना मिश्रितं पात्रसम्भृतम् ॥ २६
राजिकादधिमिश्राश्च वटिका वटकांस्तथा । सोऽपश्यत्पुष्पवटिकाः प्रफुल्ला वतुर्लाः प्रभुः ॥ २७
अथाऽऽलोः कदलादीनां भज्यानि विविधानि च । मृदूनि च प्रफुल्लानि कृतानि बहुयुक्तिभिः ॥ २८
एतेषां मध्यभागे च कृतमोदनपर्वतम् । सितं मृदुं सौरभेण व्याप्नुवन्तं दिशो दश ॥ २९
उपत्यकायां तस्यैव तुवरीसूपमैक्षत । निभृतं वङ्गपात्रेषु वर्तुलेषु पृथुष्वसौ ॥ ३०

---

ચોળાફળી, કોમળ પરવળ, મિઠાં ઘીલોડાં, શ્વેતસક્કરીયાં, શક્કરટેટી, કારેલાં, કોળું, ચૂરણ, અગથિયાફળી, સંસ્કાર કરેલાં પંડોળાં આદિ અનેક પ્રકારનાં શાક ભગવાન શ્રીહરિએ નિહાળ્યાં.[૧૮-૨૨]

વળી ભાજીનાં શાકમાં મેથીનીભાજી, તાંદળજાનીભાજી, મૂળા, સુવાનીભાજી, ખાટીલુણી, ડોડીનીભાજી, ફાંગનીભાજી, રાજગરાનીભાજી, કણઝરાની ભાજી આદિ અનેક પ્રકારની ભાજીનાં શાક અને રાયતું નિહાળવા લાગ્યા. તેમાં દૂધીયાંનું રાયતું, ચીભડાંનું, કાકડીનું, કોળાંનું, કેળાંનું, સક્કરીયાંનું, દ્રાક્ષનું, ખારેકનું અને સાંગરીયાંનું રાયતું આદિ અનેક દહીંમિશ્રિત રાયતાંઓ ભગવાન શ્રીહરિએ નિહાળ્યાં, તેમજ કેવળ અંગારા ઉપર પકાવેલાં અને દહીંમિશ્રિત કરેલાં રીંગણાંનું ભડથું મોટા પાત્રમાં ભરેલું ભગવાન શ્રીહરિએ નિહાળ્યું.[૨૩-૨૬] તેમજ રાઈ તથા દહીં મિશ્રિત વડીઓ, વડાઓ, ફુલેલી ગોળાકાર ફૂલવડી પણ શ્રીહરિએ નિહાળી. પતરવેલિયાં, કેળાં, રીંગણાં, કોળાં, દૂધી, સૂરણ, ગલકાં આદિનાં પતીકાં વડે બનાવેલાં વિવિધ પ્રકારનાં ફુલેલાં ભજીયાં શ્રીહરિએ નિહાળ્યાં. આ તમામ પ્રકારની વિવિધ વાનગીઓની વચ્ચે સફેદ, કોમળ અને દશે દિશામાં સુગંધ પ્રસરાવતો ભાતનો પર્વતાકારે રચેલો મોટો ઢગલો શ્રીહરિએ નિહાળ્યો. તેની સમીપે કલઈવાળાં ગોળપાત્રમાં ભરેલી તુવેરની દાળ પણ નિહાળી.

तलितान् हरिमन्थांश्च निष्पावान्वर्तुलांस्तथा । क्वथिकां दधि तक्रं च मण्डं पर्पटकांस्तथा ॥ ३१
सशर्करेण दुग्धेन क्वथितेन भृतानि च । हैयङ्गवीनेन तथा पात्राण्यैक्षत स प्रभुः ॥ ३२
ददर्श चान्यपात्रस्थं नवनीतं सशर्करम् । सुसंस्कृतं चारनालं लघुपात्रस्थितं तथा ॥ ३३
श्रृङ्गवेरं सजम्बीरं स्वादु भोजकरोचकम् । धान्याकादेश्च चटनीं लवणं चैक्षत प्रभुः ॥ ३४
भुजिपात्रमथापश्यदेकं कृष्णस्य सन्निधौ । हैमं भास्वच्च विततं वर्तुलं पूर्णचन्द्रवत् ॥ ३५
वाटिकाभिश्चतुःषष्ट्या रौप्याभिः सितकान्तिभिः । परितः शोभमानं च पश्यलोकमनोहरम् ॥ ३६
एकोत्तरशतं तत्र पदार्थान् परिवेषितान् । प्राग्दृष्टानेव सोऽपश्यन्मुमुदे च ततो भृशम् ॥ ३७
अन्नकूटं वीक्षमाणस्तत्र भक्तजनैः सह । भुव्येव निषसादासौ मर्यादां पालयन्प्रभुः ॥ ३८
अगापयत्कृष्णकृतं गोवर्धनमहोत्सवम् । पद्यबद्धं सुकविभिस्तदा तत्र स चर्षिभिः ॥ ३९
वीणाविपञ्चकाकांस्यतालमर्दलवेणुभिः । अन्यैश्च सह वाद्यैस्ते जगुः कृष्णाननेक्षणाः ॥ ४०
नीराजनं चान्नकूटमिति दृष्ट्वा प्रहर्षितः । हरिः प्रणम्य साष्टाङ्गं पूजाविधिमपूरयत् ॥ ४१

---

તેમજ ઘી, તજ વિગેરે મસાલાથી વઘારેલા ચણા, વાલ, વટાણા, કઢી, દહીં, છાસ, મઠો અને પાપડ વિગેરે શ્રીહરિએ નિહાળ્યાં.[૨૭-૩૧]

વળી સાકર મિશ્રિત ઉકાળેલાં દૂધનાં પાત્રો, તથા એકજ રાત્રીએ જમાવેલાં દહીંથી તૈયાર થયેલાં તાજાં માંખણને તાવેલા ઘીનાં ભરેલાં રૂપાનાં પાત્રો અને અન્ય સુવર્ણના પાત્રમાં સાકર મિશ્રિત ભરેલ માખણ તેમજ સંસ્કાર કરેલા અને નાના નાના સુવર્ણના વાટકામાં ભરેલાં અથાણાં ભગવાન શ્રીહરિએ જોયાં. તેમજ મીઠાં સાથે લીંબુરસ મિશ્રિત રુચિકર સ્વાદિષ્ટ આદુ, હળદરનાં ખાટાં અથાણાં તથા ધાણા આદિકની ચટણી ભગવાન શ્રીહરિએ નિહાળી.[૩૨-૩૪] પછી શ્રીહરિએ વિશાળ પૂર્ણિમાના ચંદ્ર જેવો ગોળ સુવર્ણમાંથી તૈયાર કરેલો ઉજ્જવલ વિવિધ ભોજનો ભરેલો થાળ ભગવાન શ્રીવાસુદેવની નજીક જ મૂકેલો નિહાળ્યો. તે થાળમાં શ્વેત કાંતિને ધારણ કરતી રૂપાની ચોસઠ વાટકીઓ ચારે તરફ ગોઠવેલી હોવાથી બહુજ શોભી રહેલો અને જોનારાનાં ચિત્તને હરી લે તેવો સુંદર હતો. આ સુવર્ણના થાળમાં પૂર્વે ભગવાન શ્રીહરિએ જેટલી વાનગીઓ નિહાળી તે એકસો ને એક વાનગીઓ પુનઃ એકજ થાળમાં નિહાળી શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા.[૩૫-૩૭]

હે રાજન્ ! શ્રીવાસુદેવનારાયણ ભગવાનના મંદિરમાં અન્નકૂટના દર્શન કરતા શ્રીહરિ ભગવાનની આગળ બેસવાની મર્યાદાનું પાલન કરતા, સંતો ભક્તોની સાથે જ પૃથ્વીપર પાથર્યા વિના નીચે બેસી ગયા. અને તે મંદિરમાં જ શ્રીહરિએ

मुनयश्च जनाः सर्वेऽप्यन्नकूटमहोत्सवम् । दृष्ट्वा जयध्वनिं भक्त्या कुर्वन्तोऽतिमुदं ययुः ॥ ४२

आनन्द आसीत्सुमहान्नराणां सम्पश्यतां सुन्दरमन्नकूटम् ।
स्त्रीणां तदानीं हरिभक्तिभाजां तत्रागतानां च महीभृदिन्द्र ! ॥४३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे भगवद्दृष्टान्नकूटरचनानिरुपणनामाऽष्टादशोऽध्यायः॥१८॥*

---

શ્રીકૃષ્ણ ભગવાનને વૃંદાવનમાં ગોપગોપીઓની પાસે જે ગોવર્ધન મહોત્સવ ઉજવ્યો હતો તે લીલાનાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ શ્રેષ્ઠ કવિઓએ રચેલાં કીર્તનોનાં પદોનું પ્રેમાનંદ સ્વામી આદિ સંતો પાસે ગાન કરાવ્યું. તે સમયે અપરોક્ષતાને પામેલા શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળમાં દૃષ્ટિ સ્થિર કરી પ્રેમાનંદ સ્વામી આદિ ગવૈયા સંતોએ વીણા, વિપંચિકા, કાંસા, ઝાંઝ, તાલ, મૃદંગ અને વાંસળી વિગેરે અનેક પ્રકારનાં વાજિંત્રોના નાદની સાથે અન્નકૂટોત્સવનાં પદોનું ગાન કર્યું. ૩૮-૪૦

હે રાજન્ ! આ રીતે મુકુન્દાનંદ વર્ણીએ આરતી કરી, તેનાં અને અન્નકૂટનાં દર્શન કરી બહુજ પ્રસન્ન થયેલા શ્રીનારાયણમુનિ શ્રીવાસુદેવનારાયણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી અન્નકૂટનો પૂજાવિધિ સમાપ્ત કર્યો, ત્યારે સર્વે સંતો, વર્ણીઓ, સત્સંગી નરનારીઓ અન્નકૂટોત્સવનાં દર્શન કરી અતિશય ભક્તિભાવ પૂર્વક જયજયનો નાદ કરી મહા આનંદ પામ્યા. હે મહિપતિ પ્રતાપસિંહ રાજન્ ! દુર્ગપુરમાં અન્નકૂટોત્સવનાં દર્શન કરવા આવેલા સંતો, ભક્તો અને નરનારીઓને રમણીય અન્નકૂટનાં દર્શન કરીને મહા આનંદ પ્રાપ્ત થયો. ૪૧-૪૩

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં શ્રીનારાયણમુનિએ શ્રીવાસુદેવ ભગવાનની આગળ ગોઠવેલા અન્નકૂટની રચનાનું દર્શન કર્યું એ નામે અઢારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૮--***

---

अथ एकोनविंशोऽध्यायः - १९

सुव्रत उवाच-

अथ तदा ललितापि निदेशतो भगवतो निजपूज्यहरेः पुरः ।
रचयितुं पृथगन्नगिरिं भुवं नृप ! विशोध्य चकार सुमण्डलम् ॥ १
समुपवेश्य हरिं मृदुलासने सह जयादिभिरादरतो भृशम् ।
वसनचन्दनकुङ्कुमकेसरैः कुसुमहारवरादिभिरार्चिचत् ॥ २
कनकभोजनताटकमुज्जवलं पुरत एत्य जया निदधौ हरेः ।
तदभितोऽकृत कंसशुभावलिं त्वथ रमा निदधे लघुवाटिकाः ॥ ३
कलशमुज्वलमम्बुभृतं तदा रतिरुपेत्य दधार च दक्षिणे ।
भगवतः पुर एत्य दधौ शुभं कनककंसमथो ललितानुजा ॥ ४

## અધ્યાય - ૧૯

### લલિતાબાએ પોતાની પૂજાના ઠાકોરજી આગળ ગોઠવેલ અન્નકૂટનું દર્શન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીસહજાનંદ સ્વામીના આદેશથી લલિતાબા પણ પોતાની નિત્ય પૂજાની મૂર્તિ શ્રીરાધાકૃષ્ણ હરિકૃષ્ણની આગળ અલગથી અન્નકૂટની રચના કરવા પોતાના ઓરડામાં પૃથ્વીને સ્વચ્છ કરી, ગુલાલ, હળદર આદિ દ્રવ્યોથી શોભાયમાન મંડળની રચના કરી, રંગોળી પૂરી, તે જગ્યાએ ઊંચી પીઠ ઉપર લલિતાબાએ કોમળ આસન બિછાવી તેના પર પોતાની પૂજાનાં અર્ચા સ્વરૂપો પધરાવ્યાં. તેમજ મોટીબા, જયાબાને સાથે રાખી અતિ આદરપૂર્વક વસ્ત્ર, ચંદન, કુંકુમ, કેસર, અનેક પ્રકારના પુષ્પોના હારો અને આભૂષણોથી તેમની પૂજા કરી.[૧-૨] જયાબાએ ઉજ્જવળસુવર્ણના મોટાપાત્રને મૂર્તિઓની આગળ પધરાવ્યું ને રમાબાએ તે મોટા થાળની ચારે બાજુએ ગોળાકાળે ચાંદીના પાત્રોની પંક્તિ કરી નાની વાટકીઓ ગોઠવી, રતિબાએ આવી જળભરેલો ઉજ્જવલ ચાંદીનો કળશ ઠાકોરજીની જમણી બાજુએ સ્થાપન કર્યો, પછી લલિતાબાની નાની બહેન પાંચાલીએ સુંદર સુવર્ણનું જળપાન કરવાનું પાત્ર ભગવાનની આગળ સ્થાપન કર્યું. અને કમલાબા, રતિબા, ફુલ્લજયા અને રેવતી આદિ સ્ત્રીભક્તજનો પણ ભગવાનને રાજી કરવા માટે આગળ પધરાવેલાં પાત્રોમાં પોતપોતાની પીરસવાની ચતુરાઈ દેખાડતી હોય તેમ વિવિધ પ્રકારનાં પદાર્થો લાવીને

निजनिजां परिवेषणचातुरीं प्रकटयन्त्य इव प्रभुतुष्टये ।
झटिति संविदधुः परिवेषणं सकमलारतिफुल्लजयादयः ॥ ५
अमरी देविका क्षेमा फुल्ला रामादयः स्त्रियः । पदार्थान् स्वस्वरचितांस्तत्रानिन्युर्मुदान्विताः ॥ ६
स्वस्वकल्पितपाकेषु यद्यच्चातुर्यसीमय । कृतं प्रीत्यै प्रभोस्तत्तत्तदानीं पर्यवेषयन् ॥ ७
पदार्थान् सकलांस्तत्र पूर्ववत्परिवेषितान् । एकोत्तरशतं दृष्ट्वा हरये ललिताऽऽर्पयत् ॥ ८
हसन्ती तां रमा प्राह भुङ्क्ष्वेति वद ते प्रभुम् । दिदृक्षामोऽत्र भुञ्जानमेता वयमपि ध्रुवम् ॥ ९
इत्युक्ता सापि भगवन्मुखपद्मार्पितेक्षणा । तस्थौ बद्धाञ्जलिपुटा पुरस्तात्तस्य भूपते! ॥ १०
तदा साक्षात्कृष्णः करकलितपक्वान्नकवलः पिबन्मध्ये मध्ये सुसलिलमभुक्तातिमुदितः ।
समीपस्था राधा करकमलसन्नक्तकधरा हसद्वक्त्राम्भोजा चपलनयनाऽवीजयदमुम् ॥ ११

---

પીરસવા લાગી.[૩-૫]

હે રાજન્ ! તે સમયે અમરી, દેવિકા, ક્ષેમા, ફુલ્લી, રમા, અમલા આદિ સ્ત્રીભક્તજનો પોતે બનાવેલાં પદાર્થો અતિહર્ષથી અન્નકૂટ નિર્માણ માટે લાવવા લાગી અને પોતે તૈયાર કરેલાં પકવાન્નોમાં જે વસ્તુ અતિ ચીવટથી બનાવેલી હોય તે ભગવાનને રાજી કરવા અન્નકૂટ રચના સમયે પીરસવા લાગી.[૬-૭] મોટા મંદિરમાં શ્રીવાસુદેવનારાયણ ભગવાનની આગળ નિવેદન કરેલા અન્નકૂટની જેમ જ પોતાની પૂજાના ઠાકોરજી આગળ એકસોને એક પદાર્થો પીરસાઈ ગયાં છે, હવે કાંઈ બાકી રહ્યું નથી એમ જાણી લલિતાબા ભક્તિભાવની સાથે ભગવાન શ્રીહરિને નિવેદન કરવા પૂર્વક અનેક પદાર્થો અર્પણ કરવા લાગ્યાં.[૮] તે અવસરે રમાબા હસતાં હસતાં કહેવા લાગ્યાં કે, હે લલિતા ! 'પ્રભુ, તમે ભોજન આરોગો' આ પ્રમાણે તમારા પ્રભુને પ્રાર્થના કરો, કારણ કે અમે સર્વે સ્ત્રીઓ અન્નકૂટમાં ભોજન આરોગતા પ્રગટ ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા ઈચ્છીએ છીએ.[૯] રમાબાના કહેવાથી લલિતાબા ભગવાન શ્રીહરિકૃષ્ણમહારાજનાં મુખકમળ સામે નેત્રોની વૃત્તિ સ્થિર કરી બે હાથજોડી હે પ્રભુ ! તમે ભોજન આરોગો, એવી મનથી પ્રાર્થના કરતાં મૂર્તિ સન્મુખ ઊભાં રહ્યાં.[૧૦] ત્યારે મૂર્તિમાંથી સાક્ષાત્ પ્રગટ થયેલા શ્રીહરિકૃષ્ણ ભગવાન પોતાના હાથથી પકવાન્નનો કોળીયો લઈ આરોગવા લાગ્યા અને વચ્ચે જલપાન કરવા લાગ્યા. તે સમયે મૂર્તિમાંથી પ્રગટ થઈ શ્રીરાધીકાજી પણ ભગવાન શ્રીહરિની પાસે ઊભાં રહી પોતાના જમણા હાથમાં રૂમાલ ધારણ કરી, મંદમંદ હાસ કરતાં, ચંચળ નેત્રોવાળાં શ્રીહરિકૃષ્ણ ભગવાનને વીંજણો ઢોળવા લાગ્યાં.[૧૧]

साश्चंर्य योषितः सर्वास्तदा तं पुरुषा अपि । प्रत्यक्षमेव ददृशुः पश्यभक्तमनोहरम् ॥ १२
ततः कृष्णोऽपि भगवान्भक्तानानन्दयन्निजान् । तत्तत्पदार्थनामानि पृच्छन्स बुभुजे रमाम् ॥ १३
अतिस्वादु कृतमिदं कयेति च पुनः पुनः । नामानि तत्तत्कर्त्रीणां पृच्छंस्ताः प्रशशंस सः ॥ १४
मुनयश्च जनाः सर्वे योषितश्चापि दूरतः । वीक्षमाणास्तमात्मेशमानन्दं लेभिरे भृशम् ॥ १५
मितभुक् स हरिः किञ्चद्भुक्त्वाथोत्थातुमैहत । तं स्थापयन्ती ललिता जगावष्टपदीमिमाम् ॥ १६

प्रभो ! भुङ्क्ष्व कामं प्रभो ! भृङ्क्ष्व कामं गच्छसि किमु झटिति सलीलम् ।
सहजसुख ! सुन्दरे तिष्ठ मम मन्दिरे मुञ्च चपलतर ! शिशुशीलम् ॥
पुरटमयवाटिका रुचिररसमण्डिकाः शोभयति विततरुचिवासे ।
कनकभुजिभाजने भोज्यरुचिराजने खाद्यमिदमुदितरविभासे॥ प्रभो० ॥ १७

---

હે રાજન્ ! ભગવાન પ્રત્યક્ષ થાળ આરોગી રહ્યા હતા તે સમયે રમાબા આદિ સર્વે સ્ત્રી ભક્તજનો અને અન્ય ભક્તજનો પણ ભોજન આરોગતા પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનાં આશ્ચર્ય પૂર્વક દર્શન કરવા લાગ્યા.[૧૨] સકલ ઐશ્વર્યના સ્વામી શ્રીહરિકૃષ્ણ મહારાજ પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવતા રમાબાને તે તે પદાર્થોનાં નામ પૂછતાં ભોજન કરવા લાગ્યા.[૧૩] આ પકવાન્ન અતિ સ્વાદિષ્ટ છે. કયા ભક્તે બનાવ્યું છે ? આ પ્રમાણે તે પદાર્થો બનાવનાર તે સ્ત્રી ભક્તનાં વારંવાર નામ પૂછીને તેની ખૂબ પ્રશંસા કરતા હતા.[૧૪] અને સર્વે સંતો, પુરુષો તથા સ્ત્રીઓ દૂરથી પ્રત્યક્ષ ભોજન કરતા પોતાના સ્વામી ભગવાન શ્રીહરિકૃષ્ણનાં દર્શન કરતાં અતિશય આનંદ પામવા લાગ્યાં.[૧૫] ત્યારે અલ્પાહારી શ્રીહરિ થોડુંક કાંઈક રુચિ અનુસાર જમીને ઊભા થવાની ઈચ્છા કરી. ત્યારે વધારે જમાડવાની ઈચ્છાથી ગદ્ગદ્ કંઠવાળાં લલિતાબા પ્રાર્થના કરતાં અષ્ટપદી ગાવવા લાગ્યાં.[૧૬]

**લલિતાબાનું અષ્ટપદીગાન :–** હે પ્રભુ ! તમારી ઈચ્છાનુસાર હજુ પણ કાંઈક ભોજન સ્વીકારો, આમ રમતમાં ઝટ ઉઠીને ચાલતા ન થાઓ. હે સહેજે સહેજે સુખ આપનારા સહજાનંદ સ્વામી ! તમે મારા રમણીય મંદિરમાં થોડું ભોજન કરવા બિરાજો. હે અતિશય ચંચળમૂર્તિ ! બાળકની જેમ થોડું જમીને ઉઠવાનો સ્વભાવ છોડો. સુંદર રસોથી શોભતી, શુદ્ધ સુવર્ણ જેવી કાંતિવાળી વડીઓ ચારેબાજુ મૂકેલી વાટકીમાં શોભી રહી છે, તે જમો. સૂર્ય જેવા પ્રકાશિત આપના સાંનિધ્યથી ચળકી રહેલા આ શુદ્ધ સુવર્ણના પાત્રમાં પીરસવામાં આવેલા ભક્ષ્ય, ભોજ્યાદિ ચાર પ્રકારનાં અન્ન તમે જમો. હે પ્રભુ ! ઈચ્છાનુસાર કાંઈક જમો.

अदनपटुमोदनं सितसुरमिमोदनं पायसमतिसितमथ सूपम् ।
दधिदलितराजिकामिलितहतखारिकामुपनतमनुपममपि पूपम्॥प्रभो० ॥ १८
पृथुममलमण्डकं बहुलघृतखण्डकं लड्डुकमधिरसदधिमण्डम् ।
फुल्लसितपूरिकां मृदुलतरपोलिकां माषवटकयुगलमखण्डम्॥ प्रभो० ॥ १९
चतुरतरसेविकारचितसितफेणिका नैकजनपदजनितशाकम् ।
मिलितघृतशर्करं कदलमथ घुर्घुरं चन्द्रशकलरुचिघृतपाकम्॥प्रभो० ॥ २०
त्वदभिमतचिर्भटं मरिचयुतपर्पटं शाष्कुलिकमतुलदधिघोले ।
क्वथितमथ गालितं सुरभिघृतमाहितं द्युतिमति वरकनककचोले॥प्रभो० ॥ २१
विधुजरणलोडिते लवणमरिचाञ्चिते दधनि निहितमतिमृदुकूरम् ।
अद्धि शनकैर्हरे! तव रुचिदमाहरे मा कुरुकवलमपि विदूरम्॥ प्रभो० ॥ २२
करकमलसङ्गतं तव सततसम्मतं लीढि ससितनवनवनीतम् ।
नववसनपावितं पिब नलदवासितं गाङ्गमिदमुदकमतिशीतम्॥प्रभो० ॥ २३

---

રમતમાં ઝટ ઉઠીને ચાલતા ન થાઓ.[૧૭] હે પ્રભુ ! ભોજનમાં રસીયા જનોને ખૂબજ ગમે તેવો સફેદ સુગંધીમાન આ ભાત તમે જમો. શ્વેત સાકરમિશ્રિત ધોળો દૂધપાક આરોગો. તુવેરની દાળ, દહીંની સાથે મિશ્રિત કરેલ રાઈ અને ખારેકના ચૂર્ણવાળું રાયતું હે પ્રભુ ! તમે જમો, તમારી સમીપે પાત્રમાં મૂકેલા આ પુડલા અને મોટી મોટી પૂરણપોળી પણ જમો. ઘી અને સાકરથી લચપચતા આ લાડુ, સ્વાદિષ્ટ ગોરસની તર, ફુલેલી શ્વેત પોળીઓ, સુંવાળી રોટલીઓ, વાટેલી અડદની દાળમાંથી બનાવેલાં આ બે વડાં પણ હે પ્રભુ ! તમે જમો.[૧૮-૧૯]

હે પ્રભુ ! પકવાન્નો તૈયાર કરવામાં ચતુર સ્ત્રીભક્તજનોએ બનાવેલી સેવ અને સૂતરફેણી, તેમજ અનેક દેશોમાં થતાં અને અહીં લાવીને તૈયાર કરેલાં નાના પ્રકારનાં શાક પણ તમે જમો. ઘી સાકરમિશ્રિત કેળાં, ચંદ્રના અર્ધભાગ જેવા શોભતા અને ઘીમાં પકાવેલા આ ઘુઘરા પણ તમે જમો.[૨૦] હે પ્રભુ ! તમને બહુ ગમતાં આ ચિભડાં તથા કાકડી જમો. મરીમિશ્રિત પાપડ, જલેબીનાં ગુચ્છ, ઘાટું દહીં, ઘાટાં વસ્ત્રથી ગાળેલું શુદ્ધ અને સુવર્ણના પાત્રમાં ભરેલું સુગંધીમાન ગાયનું ઘી પણ તમે આરોગો.[૨૧] હે હરિ ! કર્પૂર, જીરું, મીઠું અને મરીનું ચૂર્ણ નાખી તૈયાર કરેલું દહીં અને ભાત તમને સદાય ગમે છે. તે તમારી સમીપે લાવી છું. તો તમે ધીરે ધીરે તે દહીંભાત પણ જમો.[૨૨] અને તમને બહુ જ પ્રિય છે તેથી પકડી

शुद्धय करपङ्कजं तदनु मुखनीरजं स्वीकुरु समुचितमुखवासम् ।
तिष्ठ रुचिरासने भक्तमव शासने कुरु मम नयनपथे निवासम्॥प्रभो० ॥ २४

**सुव्रत उवाच-**

इत्यादिभिस्तं वचनैर्भोजयन्तीं शनैः शनैः । मितस्मितां ललितां तां प्रशशंसू रमादयः ॥ २५
भगवानपि ता योषा वार्तालुरिव रञ्जयन् । किञ्चिद्भुक्त्वा पुनः प्रीत्यै तासां चुलुकमाचरत् ॥ २६
ततस्ताम्बूलपूगादिमुखवासं स ईश्वरः । उपेत्य जयया दत्तं गृहीत्वाऽभक्षयत्करे ॥ २७
तावत्प्रासादिकं किञ्चिद्राधा तद्बुभुजे प्रभोः । भेजाते सद्य एवाथ प्रतिमाकारतां च तौ ॥ २८
वृत्तान्तमेतं तु हरिर्निशम्य स्वभक्तविच्चित्रमवाप हृष्टः ।
आज्ञापयामास ततो मुनीन्द्रान्स्वपार्षदांश्चाशितुमाशु चान्यान् ॥ २९

---

રાખેલો આ સાકરમિશ્રિત માખણનો પિંડ છે તે પણ તમે જમો. નવીન ઘાટાં વસ્ત્રથી ગાળેલું, વીરણના વારાથી સુગંધીમાન એવું આ ઉન્મત્તગંગાનું જળ લાવીછું તેનું તમે પાન કરો.[૨૩] હે હરિ ! તમારા હસ્તકમળ ધોઈ મુખની પણ શુદ્ધિ કરો, અને યોગ્ય પાનબીડાંનો મુખવાસ સ્વીકારી સુંદર સિંહાસન પર બિરાજમાન થાઓ. ભક્તજનોનું રક્ષણ કરતા મારાં નેત્રો આગળ સદાય નિવાસ કરીને રહો.[૨૪]

હે રાજન્ ! આ પ્રમાણેનાં અને બીજાં અનેક પ્રેમભરેલાં વચનોથી લલિતાબા ભગવાન શ્રીહરિને ધીરેધીરે ભોજન કરાવતાં હતાં ત્યારે શ્રીહરિ પણ લલિતાબા તથા રમાબા આદિ સર્વે સ્ત્રીભક્તોને અતિશય હસાવી આનંદ આપતા તેઓની પ્રશંસા કરતા ભોજન આરોગતા હતા.[૨૫] આ રીતે શ્રીહરિ સતત વાતોળિયાની જેમ વાતો કરતાં હતા અને સાંભળતાં લલિતાબા આદિ સ્ત્રીઓને રંજન કરાવતા હતા, અને તેઓને રાજી કરવા વળી થોડું જમી રમત કરતા કરતા ચળુ કરી હસ્ત, મુખારવિંદની શુદ્ધિ કરી.[૨૬]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પોતાની સમીપે આવી જયાબાએ અર્પણ કરેલા મુખવાસને હસ્તકમળમાં સ્વીકારીને મૂખમાં મૂકી જમી રહ્યા છે, તેવામાં રાધાજી પણ ભગવાન શ્રીહરિનું પ્રસાદિઅન્ન થોડું જમ્યાં. પછી લલિતાબાએ આરતી કરી, ત્યાર પછી તે બન્ને તત્કાળ પાછાં મૂર્તિમાં લીન થઈ ગયાં. તે સમયે લીંબતરુ નીચે સિંહાસન પર વિરાજતા સાક્ષાત્ શ્રીહરિ પણ ભક્તની જેમ નાટક કરતા લલિતાબા આદિ ક્ષત્રિયસ્ત્રીઓએ પોતાની પૂજાના ઠાકોરજી આગળ ધરેલો

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकारणे अन्नकूटोत्सवे भगवतः प्रत्यक्षभोजनलीलानिरुपणनामैकोनविशोऽध्यायः॥१९॥*

---

## अथ विंशोऽध्यायः - २०

**सुव्रत उवाच-**

आज्ञयाथ हरेः सर्वे मुनयः साधवो नृप ! । कृतशुद्धिविधानास्ते भोक्तुमीयुस्त्वरान्विताः ॥ १
अनुज्ञातो भगवता सर्वांस्तान्भोजकान्नृप ! । उपावीविशदायातान्मुक्तानन्दो यथोचितम् ॥ २
मर्यादयोपविष्टेषु तेषु त्यागिषु पंक्तिशः । जलानि बिभरामासुर्बद्धकच्छा द्विजातयः ॥ ३

---

**અન્નકૂટ ભગવાન પ્રત્યક્ષ આવીને જમ્યા. આ વાત સાંભળીને શ્રીહરિ ખૂબજ પ્રસન્ન થયા અને ભક્તજનોની સાથે અતિશય આશ્ચર્યમાં ગરકાવ થયા. પછી સમગ્ર સંતો, પાર્ષદો અને હરિભક્તોને ભોજન કરવાની તત્કાળ આજ્ઞા આપી.** [૨૭-૨૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં લલિતાબાની સામે ભગવાને મૂર્તિમાંથી પ્રગટ થઇ પ્રત્યક્ષ ભોજન કર્યું એ લીલાનું નિરૂપણ કર્યું, એ નામે ઓગણીસમો અધ્યાય પૂર્ણ થયો. --૧૯--***

---

## અધ્યાય - ૨૦

## ભગવાન શ્રીહરિએ સંતોને વિવિધ વાનગીઓ પીરસીને જમાડ્યા.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સંતોની પંક્તિનો શ્રીહરિએ આદેશ કર્યો ત્યારે સર્વે સંતો હાથ, પગ અને મુખશુદ્ધિ કરી તત્કાળ ભોજન કરવા પધાર્યા.[૧] તે સમયે ભગવાન શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીએ જમવા પધારેલા સર્વે સંતોને યથાયોગ્ય સ્થાને પંક્તિમાં બેસાડ્યા.[૨] ત્યારે કેડ સંગાથે કછોટા બાંધી સંતોની સેવામાં હાજરહજૂર રહેલા બ્રાહ્મણોએ ઉન્મત્તગંગાએથી લાવેલા સ્વચ્છ ગાળેલા જળથી સંતોનાં તૂંબડાંઓ ભરી દીધાં.[૩]**

आज्ञापयामास ततो भगवान्निजपार्षदान् । द्विजानन्यांश्च शतशः परिवेषणकर्मणि ॥ ४
आदौ पत्रावलीर्दत्त्वा ततः पर्णपुटान् दृढान् । दत्वा क्रमेण शाकानि द्विजास्ते पर्यवेषयन् ॥ ५
स्नातः स्वयं च कौशेयाबद्धपीताम्बरश्चरन् । पंक्तिमध्येषु मुनिभिः परिविष्टिमकारयत् ॥ ६
तत्रानभ्यस्ततत्कर्मा मुक्तानन्दस्तु बुद्धिमान् । अभिज्ञ इव युक्त्यैव चक्रे तत्परिवेषणम् ॥ ७
ब्रह्मानन्दस्तु झटिति हरये करलाघवम् । दर्शयन् हासयामास तं च भक्तजनान्भृशम् ॥ ८
विचित्रभक्ष्यभोज्यादेर्नामान्युच्चारयंस्तदा । महानुभावानन्दोऽपि हासयामास चाखिलान् ॥ ९
नित्यानन्दशुकानन्दौ परिवेषणकर्मणि । स्तूयेते स्मातिचातुर्यात्सर्वैः सहरिभिर्जनैः ॥ १०
सर्वपङ्क्तिषु साम्येन पदार्थार्पणलाघवात् । आनन्दानन्द आनन्दं हरेरजनयत्तदा ॥ ११
स्वयम्प्रकाशानन्दश्च मुनिः श्यामलविग्रहः । ध्याननिष्ठावशतया पर्यवेषयदक्रमम् ॥ १२

---

ત્યારે ભગવાન શ્રીહરિ પોતાની સેવામાં સદાય તત્પર મુકુન્દાનંદ બ્રહ્મચારી તથા મુક્તાનંદ સ્વામી વગેરે સંતો તથા સેંકડો અન્ય બ્રાહ્મણોને પણ સંતોની પંક્તિમાં પીરસવાની આજ્ઞા આપી.[૪] શ્રીહરિની આજ્ઞા થતાં બ્રાહ્મણોએ પ્રથમ પત્રાવળી સૌને આપીને દૂધપાક માટે મજબૂત પડિયા આપ્યા, ત્યારપછી અનુક્રમે શાક વિગેરે ભોજનો પીરસવા લાગ્યા.[૫] સ્વયં શ્રીહરિ પણ સ્નાન કરી પીતાંબર ધારણ કરી ઉપર રેશમી ઉત્તરીય વસ્ત્રથી સારી રીતે બાંધી પંક્તિમાં ફરતા ફરતા મુક્તાનંદાદિ સંતોની પાસે પીરસાવા લાગ્યા.[૬] પીરસતા સંતોની મધ્યે મુક્તાનંદ સ્વામીને તો પીરસવાનો અભ્યાસ ન હતો છતાં પણ તે પીરસવામાં જાણે બુદ્ધિમાન કુશળ હોય તેમ યુક્તિપૂર્વક સંતોની પંક્તિમાં પીરસવા લાગ્યા.[૭] અને બ્રહ્માનંદ સ્વામી તો પોતાની પીરસવાની હાથ ચતુરાઈ શ્રીહરિને દેખાડતા થકા જલદીથી પીરસી શ્રીહરિને તથા અન્ય સર્વે સંતો તથા હરિભક્તોને અત્યંત હસાવતા હતા.[૮] તે સમયે મહાનુભાવાનંદ સ્વામી પણ અનેક પ્રકારનાં ભક્ષ્ય-ભોજ્યાદિ અન્નોનાં નામ વિચિત્રપણે ઉચ્ચારણ કરી સર્વેને હસાવતા હતા.[૯] નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી આ બન્ને સંતો પીરસવામાં અતિશય કુશળ હોવાથી તેની પીરસવાની ક્રિયા જોઈ સંતોએ સહિત ભગવાન શ્રીહરિ પણ ખૂબજ પ્રશંસા કરવા લાગ્યા.[૧૦]

હે રાજન્ ! તે સમયે આનંદાનંદ મુનિ સંતોની સર્વે પંક્તિઓમાં શીઘ્રતાથી સૌને એક સરખાં પદાર્થો પીરસવાની ચતુરાઈ દેખાડી ભગવાન શ્રીહરિને ખૂબજ આનંદ ઉપજાવ્યો.[૧૧] શ્યામ શરીરવાળા અને શાંત સ્વભાવવાળા સ્વયંપ્રકાશાનંદ સ્વામી ભગવાન શ્રીહરિની મૂર્તિમાં અખંડ ધ્યાન રાખીને વર્તતા હોવાથી તેનો

आत्मानन्दः कृशाङ्गोऽपि परिपेषणपाटवः । क्षणेनैकेन वटकान् परितः पर्यवेषयत् ॥ १३
मुकुन्दानन्दमुख्याश्च भगवत्प्रीतये तदा । शष्कुलीखाजकादीनि परितः पर्यवेषयन् ॥ १४
व्यञ्जनानि विचित्राणि पक्वान्नानि च सर्वशः । सर्वेषामेव पात्रेषु नापुरन्योन्यमिश्रताम् ॥ १५
सर्वं सर्वेषु पात्रेषु परिवेषितमीश्वरः । विलोक्याज्ञापयामास भोक्तुं सर्वान्निजाश्रितान् ॥ १६
ततो बुभुजिरे राजन्! गृहीताज्ञाः परस्परम् । साधवो मुनयः सर्वे स्तुवन्तोऽद्यगुणान्मुहुः ॥ १७
सर्वमेव हि सुस्वादु भक्ष्यं भोज्यं तदश्नताम् । क्रमप्राप्ते पदार्थेऽभूद्रसास्वादो विशेषतः ॥ १८
पुनः पुनः स्वपात्रेषु शष्कुलीघृतपूरकान् । क्षिपतो भोजकाः साधून् न्यषेधन्करधूननैः ॥ १९
निषेधद्भ्यः परावृत्तानश्नद्भ्यः परिवेषकान् । ऋजुबुद्धीन् मुनीन्प्राह भगवान्प्रहसंस्तदा ॥ २०
हांहां हुंहुं रवे देयं देयं च करधूनने । शिरःकम्पेऽपि दातव्यं न देयं सिंहगर्जने ॥ २१

---

પીરસવામાં કોઈ ક્રમ જળવાતો ન હતો.[૧૨] તે સમયે દુર્બળ શરીર હોવા છતાં પણ પીરસવામાં અતિ ચતુર આનંદાનંદ સ્વામી એક જ ક્ષણમાં સંતોની સર્વે પંક્તિઓમાં વડાં પીરસી આવ્યા.[૧૩] મુકુન્દાનંદ આદિક બ્રહ્મચારીઓએ ભગવાનને રાજી કરતાં કરતાં સંતોની સર્વે પંક્તિઓમાં જલેબી અને ખાજાં વગેરે પદાર્થો પીરસ્યાં.[૧૪]

હે રાજન્ ! સંતોની પીરસવાની કુશળતાને કારણે અનેક પ્રકારનાં શાક તથા પક્વાન્નો પત્રાવળીમાં પીરસવામાં આવ્યાં, છતાં પણ પરસ્પર મિશ્ર થયાં નહિ.[૧૫] ત્યારપછી શ્રીહરિ સર્વે સંતોનાં પાત્રોમાં સર્વે પદાર્થો પીરસાઈ ગયાં છે, એમ જાણી સર્વે સંતોને જમવાની આજ્ઞા આપી.[૧૬] હે રાજન્ ! ત્યારે સરળ સ્વભાવના સર્વે સંતો પરસ્પર એકબીજાની આજ્ઞા લઈને ભગવાન શ્રીહરિની પ્રસાદીરૂપ સર્વે પદાર્થોની પ્રશંસા કરતા કરતા જમવા લાગ્યા.[૧૭] તે સમયે ભક્ષ્ય અને ભોજ્યાદિ ચારે પ્રકારનાં ભોજનો સ્વાદિષ્ટ હોવાથી ને વળી સંતો અનુક્રમે જમતા હોવાથી વિશેષ સ્વાદુ જણાતાં હતાં.[૧૮]

હે રાજન્ ! ભોજન પીરસનારા મુક્તાનંદાદિ સંતો જલેબી અને ઘેબર આદિ પદાર્થો વારંવાર પીરસતા હોવાથી જમનારા સંતો વારંવાર હાથ હલાવી નહિ જોઈએ, નહિ જોઈએ, એમ બોલતા નિષેધ કરતા હતા.[૧૯] જમનારા સંતોએ નિષેધ કર્યો ત્યારે સરળ બુદ્ધિવાળા પીરસનારા સ્વયંપ્રકાશાનંદાદિ સંતો પંક્તિમાંથી પાછા ફર્યા, ત્યારે ભગવાન શ્રીહરિ તેઓને કહેવા લાગ્યા કે, હે સંતો ! જમનારા હાંહાં કરે, હું હું કરે, હાથ હલાવી ના પાડે તોય પીરસવું. અને માથું ધુણાવે તોય પણ આપવું. પરંતુ ઉચ્ચેસાદે જ્યારે સિંહગર્જના કરે કે નહિ જોઈએ, ત્યારે ન

इत्युक्तास्ते तु मुनयो लड्डुकान्मौक्तिकाह्वयान् । आसिंहगर्जनात्तेषाममत्रेष्वक्षिपन्नृप ! ॥ २२
औत्सुक्यादथ दृढबद्धपीतवासाः साधूनां नृप ! परिवेषणं विधातुम् ।
उत्तस्थौ स्वयमपि हर्षयन्स्वभक्तान्सर्वेषामपि स तदैकदृश्य आसीत् ॥ २३
ज्ञात्वा तं मुनिपरिवेषकाममीशं पक्कान्नाचितपृथुरीतिपात्रहस्ताः ।
धावन्तो रभसपराग्भवत्पुरोगं ह्यासेदुः सपदि तदन्तिकं द्विजाश्च ॥ २४
तत्तत्पात्रात्स गृह्णंश्चपलगतिपदो लड्डुकान्मौक्तिकाख्यान् ।
द्वौ द्वौ दोर्भ्यां च पङ्क्तिक्रमणमनुसृतः प्रत्यमत्रं ददानः ॥
स्वानां स्वीयप्रसादाभिलषितमपि सम्पूरयन्पूर्ण कामस् ।
तेषां सर्वासु पङ्क्तिष्वपि मुहुरचरद्भुरिदोर्लाघवश्रीः॥२५॥
लड्डुकान्स परिवेष्य मौक्तिकानाशु शाष्कुलिकमप्यनाकुलः ।
पर्यवेषयदवापुरद्भुतं तेन भूरि परिवेषका अपि ॥ २६

---

**આપવું.[૨૦-૨૧]**

**હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પીરસનારા સંતોને આજ્ઞા કરી ત્યારે તેઓએ ભોજન કરનારા સંતોના પાત્રમાં તેઓ સિંહ ગર્જના કરે ત્યાં સુધી મોતૈયાલાડુ વગેરે પકવાન્નો પીરસ્યાં.[૨૨] પછી સ્વયં ભગવાન શ્રીહરિ સર્વે ભક્તજનોને આનંદ ઉપજાવતા દૃઢ ઉત્તરીય વસ્ત્રથી પીતાંબરને બાંધી સંતોને પીરસવા ઊભા થયા. તે સમયે સર્વે સંતો અને ભક્તજનોની દૃષ્ટિ એક ભગવાન શ્રીહરિ ઉપર સ્થિર થઈને પીરસણ લીલાનું સૌ દર્શન કરવા લાગ્યા.[૨૩] હે રાજન્ ! પરમેશ્વર ભગવાન શ્રીહરિ સંતોની પંક્તિઓમાં પીરસવા ઈચ્છે છે, તે જોઈને પીરસનારા સંતો મોતૈયા લાડુ અને જલેબીનાં મોટાં મોટાં પાત્રો ભરીને પોતાના હાથમાં લઈ વેગથી દોડતા દોડતા ભગવાન શ્રીહરિની નજીક આવી, પાછા પગે ચાલતાં ચાલતાં શ્રીહરિને મદદ કરવા લાગ્યા.[૨૪] ત્યારે ભગવાન શ્રીહરિ પણ પીરસતા સંતોના હાથમાં રહેલાં પાત્રોમાંથી મોતૈયા લાડુ પોતાના હાથમાં લઈ ચપળ ગતિએ પગલાં મૂકતા અનુક્રમે એક એક પંક્તિમાં ફરવા લાગ્યા અને બે બે લાડુ સંતોના પાત્રમાં મૂકવા લાગ્યા. સંતોને પણ ભગવાન શ્રીહરિના હાથનો પ્રસાદ લેવાની અંતરમાં ઈચ્છા હતી તેથી પૂર્ણકામ ભગવાન શ્રીહરિ તેમના મનોરથ પૂર્ણ કરવા સંતોની સર્વે પંક્તિમાં વારંવાર ફરવા લાગ્યા.[૨૫] આ પ્રમાણે મોતૈયા લાડુ પંક્તિમાં પીરસી જરાપણ થાક્યા વિના જલેબી પીરસવા લાગ્યા, આવા પ્રકારની**

सर्वतः परिवेष्येत्थं प्रहसद्वदनो हरिः । भुङ्ग्ध्वं यथेष्टं शनकैरित्युक्त्वाऽशोधयत्करौ ॥ २७
धृत्वाथ घृतभृङ्गारं निषिञ्चन् स्थूलधारया । मुनिपायसपात्रेषु मुकुन्दोऽहासयत्प्रभुम् ॥ २८
पात्रसम्भृतपक्कान्नांस्तानथेङ्गितविद्धरेः । स एव वर्णिराडुच्चैः प्राह नैष्ठिक ऊर्ध्वदोः ॥ २९
हरेः प्रासादिकं खाद्यं स्वपात्रे केनचित्क्कचित् । नावशेष्यं महामुक्ता ! इत्याज्ञा पारमेश्वरी ॥ ३०
इत्युक्ते तेन तद्वाक्यं ब्रह्मानन्दोऽतिमानयन् । हसन्नाम्रेडितं कृत्वा श्रावयंस्तानभोजयत् ॥ ३१
तद्भयादेव भक्ष्याणि सर्वे तेऽपि शनैः शनैः । अभुञ्जतैव निःशेषं वीक्षमाणाः परस्परम् ॥ ३२
ओदनं क्वथिकां चाथ घृतं च प्रचुरं प्रभुः । परिवेष्य द्विजैः सर्वांस्तर्पयामास भोजकान् ॥ ३३
अतितृप्तान्भोजनेन गृहीतचुलुकोदकान् । स्वस्वस्थानं ततो गन्तुं हरिराज्ञापयच्च तान् ॥ ३४

---

શ્રીહરિની પીરસવાની લીલાનાં દર્શન કરીને અતિશય ચતુર પુરુષો હતા તે પણ આશ્ચર્ય પામી ગયા.[૨૬]

હે રાજન્ ! આ પ્રમાણે સર્વે સંતોની પંક્તિઓમાં પીરસી મંદમંદ હાસ્ય કરતા શ્રીહરિ 'હે સંતો ! તમે સર્વે ધીરે ધીરે ભોજન જમજો'. આ પ્રમાણે કહી પોતાના હસ્તકમળ જળથી ધોઈ સ્વચ્છ કર્યા.[૨૭] ત્યારપછી મુકુંદબ્રહ્મચારી ઘીની ઝારી ભરીને લાવ્યા અને સંતોના દૂધપાકવાળા પડિયામાં જાડી ધારે પીરસી શ્રીહરિને હસાવવા લાગ્યા.[૨૮] શ્રીહરિના હૃદયગત અભિપ્રાયને જાણી શ્રીમુકુન્દાનંદ નૈષ્ઠિક બ્રહ્મચારી બે હાથ ઊંચા કરી ભોજન ભરેલાં પાત્રવાળા સંતોને ઊંચે સ્વરે કહેવા લાગ્યા કે, હે સંતો ! હે મહામુક્તો ! કોઈ પણ સંતે ક્યારેય પણ ભગવાન શ્રીહરિની પ્રસાદી પોતાના ભોજનપાત્રમાં વધારવી નહિ. એક કણ પણ બાકી છોડવો નહિ. આ પ્રમાણે શ્રીહરિની આજ્ઞા છે.[૨૯-૩૦]

હે રાજન્ ! આ પ્રમાણે મુકુન્દબ્રહ્મચારીએ પંક્તિમાં કહ્યું ત્યારે બ્રહ્માનંદ સ્વામી પણ તે જ વચનને આદર આપીને હસતા ને હસાવતા પુનઃ તેજ વાક્યને બેવડીને સંતોને સંભળાવતા થકા ભોજન કરાવતા હતા.[૩૧] તે સમયે ભોજન કરનારા સંતો પણ પરસ્પર એક બીજાની સામે જોતા જોતા ભગવાનનાં વચનનો ભંગ ન થાય તેવા ભયથી ભગવાન શ્રીહરિનાં પ્રસાદી ભૂત સર્વ પદાર્થો ધીરે ધીરે જમી ગયા.[૩૨] ત્યારપછી વળી ભગવાન શ્રીહરિએ ભાત, કઢી અને પુષ્કળ ઘી સંતો પાસે પીરસાવી સમગ્ર સંતોને ખૂબજ તૃપ્ત કર્યા, પછી ચળુ કરીને તૈયાર થયેલા સંતોને ભગવાન શ્રીહરિએ પોતપોતાને ઉતારે જવાની આજ્ઞા આપી.[૩૩-૩૪]

आज्ञप्ता अपि हरिणा स्वकीयशालां गन्तुं ते मुनिनिकरास्तदीक्षणोत्काः ।
यावत्तद्बहिरुपवेशनं नृपाऽऽसीत्तावत्तेऽप्यमुमुपतस्थिरे स्वनाथम् ॥ ३५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे साधुसन्तर्पणनामा विंशोऽध्यायः॥२०॥*

---

### अथ एकविंशोऽध्यायः - २१

**सुव्रत उवाच-**

ततो भोजयितुं स्वामी क्षत्रियादीन्निजाश्रितान् । आज्ञापयन्नृपं सोऽपि सत्वरं तानुपाह्वयत् ॥ १
पञ्चार्द्रान् पङ्क्तिशः सर्वान् यथार्हं तानवीविशत् । परिवेषयितुं तांश्च द्विजानन्यान् स आदिशत् ॥ २

---

હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ પોતપોતાની ધર્મશાળામાં જવાની આજ્ઞા આપી હતી, છતાં પણ સંતોના સમૂહો ભગવાનનાં દર્શન કરવામાં અત્યંત ઉત્કંઠાવાળા હોવાથી જ્યાં સુધી ભગવાન શ્રીહરિ લીંબતરુ નીચે વેદિકા ઉપર વિરાજમાન હતા, ત્યાં સુધી તેઓ પણ ત્યાં જ પોતાના પ્રાણનાથનાં દર્શન કરવા બેસી રહ્યા.[૩૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં સંતોને જમાડી તૃપ્ત કર્યાનું વર્ણન કર્યું એ નામે વીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૦--***

---

## અધ્યાય - ૨૧

### પાર્ષદો અને ક્ષત્રિયોને જમાડવાની શ્રીહરિની લીલા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિએ પોતાના આશ્રિત ક્ષત્રિય ભક્તજનોને જમાડવા ઉત્તમરાજાને આજ્ઞા આપી. તેથી તેમણે તત્કાળ તે ભક્તોને જમવા માટે બોલાવ્યા.[૧] ત્યારે હાથ-પગ અને મુખ ધોઈ તૈયાર થયેલા સર્વે ક્ષત્રિયભક્તોને ભગવાન શ્રીહરિએ યથાયોગ્ય પંક્તિમાં બેસાડ્યા અને તેમને પીરસવા માટે સંતોને તથા બ્રાહ્મણોને આજ્ઞા આપી.[૨] હે રાજન્ ! તે સમયે

अन्नं चतुर्विधं सर्वं सत्वरं पर्यवेषयन् । द्विजास्तांस्तेऽथ मुनिवत्सर्वे बुभुजिरे नृप ! ॥ ३
भुञ्जानान् भगवान् प्रीत्या पुनः पुनरदापयत् । पक्वान्नं व्यञ्जनादीनि हसंस्तांश्च स हासयन् ॥ ४
तृप्तानिव समालक्ष्य नृपादींस्तांस्ततः स्वयम् । तेषां स्वदोःप्रसादेच्छामुदतिष्ठद्विदन्प्रभुः ॥ ५

तिष्ठन्नुच्चे स पीठे पृथुलकटितटाबद्धकौशेयवासा ।
नानापुष्पावतंसः स्थलकमलमिलन्मल्लिकाहारराजिः ॥
नानाभक्तेक्षणाब्जैः परिरचितमहातोरणश्रीभिरेभिः ।
सग्रासास्यास्फुटोच्चैर्जयजयवचनैर्हासितोऽसौ व्यराजत् ॥ ६
आहूतैश्चपलमुपागतैर्मुनीन्दैः पक्वान्नाभृतपृथुताम्रपात्रहस्तैः ।
तस्याग्रे चपलपराग्गतिप्रवीणैस्तद्दोष्णोः स्तिमितविलोचनैश्च तस्थे ॥ ७

---

પીરસનારા સંતો ક્ષત્રિયભક્તોને ભક્ષ્ય, ભોજ્યાદિ ચાર પ્રકારનાં અન્ન તત્કાળ પીરસવા લાગ્યા. ત્યારે ક્ષત્રિયભક્તો પણ સંતોની જેમ જ જમવા લાગ્યા.[૩]

હે રાજન્ ! ભોજન કરી રહેલા ક્ષત્રિય ભક્તજનોને ભગવાન શ્રીહરિ કોઇ મશ્કરીનાં વચનોથી હાસ્ય કરાવતા હતા અને સ્વયં પણ મંદમંદ વારંવાર હસતા હતા. અને પ્રેમપૂર્વક વિવિધ પકવાનો વારંવાર ફરી ફરી પીરસાવી જમાડતા હતા.[૪] ત્યારપછી ભક્તજનો તૃપ્ત થઇ ગયા હતા છતાં સ્વયં ભગવાન શ્રીહરિના હાથની પ્રસાદી જમવાની ઇચ્છા હતી તેથી પોતે પીરસવા ઉઠ્યા.[૫] પછી શ્રીહરિ ઊંચી પીઠ ઉપર સ્થાપન કરેલા રત્નસિંહાસન પર પીતાંબર ઉપર રેશમી વસ્ત્રથી કછોટો વાળીને વિરાજમાન થયા. અનેક પુષ્પોના તોરાઓ શિરપર પાઘમાં ધારણ કર્યા હતા. ગુલાબ તથા માલતી અને મોગરાના પુષ્પોના હારની પંક્તિથી શોભતા હતા. તે સમયે સર્વ ભક્તજનોએ પોતાનો મનોરથ પૂર્ણ કરવા ઉભા થયેલા જાણીને પ્રેમરસ ભરેલાં નેત્રોવડે શ્રીહરિને નિરખવા લાગ્યા. અને ભગવાન શ્રીહરિ પણ કમળના લાંબા તોરણોની શોભાએ સંપન્ન હોય ને શું ? એવા જણાતા હતા. તે સમયે સર્વે ભક્તજનોને અતિશય આનંદનો ઉભરો આવતાં અર્ધો જમેલો કોળિયો મુખમાં હોવા છતાં અસ્પષ્ટ ઉચ્ચારેલા જયજયના ધ્વનિથી શ્રીહરિને ખૂબ જ હસાવતા હતા. આવી શોભાએ સંપન્ન ભગવાન શ્રીહરિ સિંહાસન પરથી પીરસવા ઊભા થયા.[૬]

હે રાજન્ ! ત્યારપછી પીરસનારા સંતોને બોલાવ્યા ત્યારે હાથમાં પકવાન્નથી ભરેલાં વિશાળ તાંબાનાં પાત્રો લઇ સંતો તત્કાળ ભગવાન શ્રીહરિની

दोर्भ्यां तूर्णां गृहीत्वा मुनियुगलधृतात् पात्रतः शष्कुलीनां ।
षट्कं वा सप्तकं वा झटितिपदगतिः प्रत्यमत्रं ददानः ॥
पात्रस्थाद्यैरपि स्वैर्विकचसरसिजाभोर्ध्वहस्तद्वयैस्तैः ।
प्रीत्यैवाभ्यर्थ्यमानः स्मितमधुरमुखः पङ्क्तिशः सर्वतोऽगात् ॥ ८

एकवारं हरिः कृत्वा सर्वत्र परिवेषणम् । पर्पिकाखाजकादींश्च स मुहुः पर्यवेषयत् ॥ ९
परिवेषणचातुर्यान्मुहुः सर्वत्र चेक्षणात् । बहुरुप इवादर्शि जनैरचिरकृत्प्रभुः ॥ १०
गृहाण पिण्डकं सोम ! गृहाणालर्क ! शष्कुलीम् । मृदुलं खाजकमिदं जीववर्मन् ! गृहाण भो ! ॥ ११
गृहाण गोलकं वीर ! रत्नजित् ! पर्पिकां च भो ! । वदन्नेवं हरिः प्रादात्सर्वेभ्योऽपि मुहुर्मुहुः ॥ १२
हरेः प्रसादमाहात्म्यं विदन्तो भोजकाश्च ते । अभुञ्जत तदाऽऽकण्ठं स्वयं चाप्याप्तविस्मयाः ॥ १३

---

આગળ આવી ઊભા રહ્યા. તેઓ પાછે પગે ચાલવામાં ચતુર હતા. તેમનાં નેત્રો પક્વાન્નોને પાત્રમાંથી લઈ પીરસતા ભગવાન શ્રીહરિના હસ્તકમળ ઉપર જ સ્થિર રહેતાં હતાં.[૭] પકવાન્નનાં પાત્રને ઉપાડી પાછા પગે ચાલતા બન્ને સંતો ઉતાવળી ગતિએ પાછાં પગલાં મૂકતા હતા અને શ્રીહરિ તે પાત્રમાંથી પોતાના બન્ને હાથવડે છ-સાત જલેબીના ગુચ્છ લઈ પંક્તિમાં બન્ને બાજુએ બેઠેલા ભક્તજનોનાં પાત્રમાં જલદીથી પીરસતા હતા. કેટલાક ભક્તજનોનાં પાત્રમાં પક્વાન્નો પડેલાં હતાં છતાં પણ પોતાના બન્ને હાથ ઊંચા કરી પ્રીતિપૂર્વક ભગવાન શ્રીહરિને પીરસવાની પ્રાર્થના કરતા હતા. ત્યારે તેમના હાથ સરોવરમાં ખીલેલા કમળના ડોડાની જેવી શોભાને ધારણ કરતા હતા. ''મને આપો મને આપો'' આ રીતે કહેતા ભક્તજનોને મંદ મંદ મુખહાસ કરતા ભગવાન શ્રીહરિ પંક્તિમાં ફરી ફરીને સર્વેને ખૂબજ પીરસી રહ્યા હતા.[૮]

હે રાજન્ ! આ રીતે ભગવાન શ્રીહરિએ સર્વે પંક્તિઓમાં એક વખત જલેબીનું પરિવેષણ કર્યું,પછી ખાજાં, બરફી વિગેરે પદાર્થો વારંવાર પીરસવા લાગ્યા.[૯] આવી રીતે વારંવાર પીરસવાની પોતાની ચતુરાઈથી શ્રીહરિ સર્વે પંક્તિઓમાં પીરસવા માટે વારંવાર દર્શન આપતા હોવાથી દર્શન કરનારા ભક્તજનોને જાણે બહુરૂપે દર્શન થતાં હોય એમ જણાતું હતું.[૧૦] હે સોમવર્મા ! આ પેંડો ગ્રહણ કરો. હે અલૈયા આ જલેબી લ્યો. હે જીવવર્મા ! આ પોચાં ખાજાં સ્વીકારો.[૧૧] હે વીરવર્મા ! આ ગોળગોળ મોતૈયાલાડુ ગ્રહણ કરો. અરે રતનજી આ બરફી લ્યો. હે રાજન્ ! ભગવાન શ્રીહરિ આ પ્રમાણે સર્વે જમનારા

तृप्तत्वाच्च सफूत्कारमश्नन्मृदुलशष्कुलीम् । सुरस्तां ददतं प्राह तुन्दस्फाटो भविष्यति ॥ १४
इत्युक्तवन्तं तं स्वामी प्राह चिन्ताऽत्र नास्ति वै । यतः कृष्णप्रसाद्यन्नमश्नतां नोदरं स्वकम् ॥ १५
अनूर्ध्ववदनं नाञ्जं कुर्वन्तं करधूननम् । दृष्ट्वा करेण तत्पात्रे शष्कुलीं हरिरक्षिपत् ॥ १६
अब्रुवाणं तथाप्येनं दृष्ट्वादात्स हसन् प्रभुः । तिस्रोऽन्याः स तदा चक्रे ह्यूर्ध्वदृक् सिंहगर्जनाम् ॥ १७
दूराद्दृष्ट्वा हरिं स्वीयं धूनयन्तं शिरः शनैः । सोमं दृष्ट्वा तत्समीपं स उपेत्याब्रवीद्वचः ॥ १८
स्थविरेण त्वया खाद्ये न गृहीतेऽयमुत्तमः । लज्जिष्यत इति प्रोच्य ददौ तस्मै स शाटकान् ॥ १९
दूरादेव प्रकुर्वन्तमलीकं सिंहगर्जनम् । मान्त्रिकं स प्रभुः प्रापत्तद्विद्विरदनाननम् ॥ २०
पायसेन घृताक्तेन पृथुलं कांस्यभाजनम् । तदीयं पूरयामास तदोच्चैःसोऽकरोद्ध्वनिम् ॥ २१

ભક્તજનોનાં નામ લઈ લઈ વારંવાર પક્વાન્નો આપતા હતા.[૧૨] તે સમયે ભગવાનની પ્રસાદીનું માહાત્મ્ય જાણી ભોજન કરતા સર્વે ભક્તજનો પણ વિસ્મય પામી ગયા કે આજે ઘણું જમ્યા છતાં ઉદરતૃપ્તિ કેમ થતી નથી ? આ પ્રમાણે વિસ્મય પામતા ગળા સુધી ભોજન કર્યું.[૧૩]

હે રાજન્ ! સુરાખાચર તૃપ્ત થયા હોવાથી ભગવાન શ્રીહરિએ પીરસેલી જલેબી હાંફ ચડવાને કારણે ફૂંફાડા મારતા મારતા માંડમાંડ જમી રહ્યા હતા, તેવામાં તો શ્રીહરિએ બીજી જલેબી પીરસી દીધી. ત્યારે સુરાખાચર કહે, હે ભગવાન્ ! હવે તો આ ફાંદ ફાટી જશે.[૧૪] ત્યારે સુરાખાચરને ભગવાન કહે હે સુરાભક્ત ! પેટ ફાટી જાય તેની ચિંતા ન કરશો. કારણ કે ભગવાનની પ્રસાદીનું અન્ન જમતી વખતે તમારે આ પેટ મારું નથી એમ સમજવું.[૧૫] ત્યારપછી નીચું માથું નમાવી બે હાથથી નિષેધ કરતા નાજાભક્તને જોઈ શ્રીહરિએ પોતાના હાથમાં રહેલી જલેબી પડખેથી નાંજા ભક્તના પાત્રમાં મૂકી દીધી.[૧૬] આ પ્રમાણે જલેબી મૂકવા છતાં મુખથી કાંઈ પણ બોલ્યા નહિ તેથી હસતાં હસતાં શ્રીહરિએ અન્ય ત્રીજી જલેબી આપી દીધી, ત્યારે નાંજાભક્તે ઊંચી દૃષ્ટિ કરી જોરથી સિંહગર્જના કરી.[૧૭]

હવે દૂરથી જ પોતાને જોઈ મસ્તક ધુણાવતા સોમલાખાચર પાસે ભગવાન શ્રીહરિ પહોંચ્યા ને કહેવા લાગ્યા કે હે સોમવર્મા ! વયોવૃદ્ધ તમે જો પક્વાન્ન ગ્રહણ નહિ કરો તો આ તમારી પાસે બેઠેલા યુવાન ઉત્તમરાજા પણ લેતાં શરમાશે. આ પ્રમાણે કહી ના પાડતા હોવા છતાં તેના પાત્રમાં શ્રીહરિએ સાટા મૂકી દીધા.[૧૮-૧૯] ત્યારપછી દૂરથી પાતાને નિહાળી ખોટી સિંહગર્જના કરતા વયોવૃદ્ધ અને મુખમાં દાંત વગરના માંતરા ધાંધલને જોઈ આ ખોટી સિંહગર્જના કરે છે, એમ કહીને

ततोऽन्यत्र हसन्प्रायाद्दोश्चतुर्लड्डुकः प्रभुः । रिक्ते हम्मीरजित्पात्रे तान् क्षिप्त्वा जगृहेऽपरान् ॥ २२
लज्जयैव निषेधन्तं कराभ्यां तमवेत्य च । पुनः करस्थांस्तान्दत्वा सिंहध्वनिमचीकरत् ॥ २३
दृष्ट्वा वैरिभयं वृद्धं चर्वन्तं पर्पटं शनैः । त्वद्योग्यमेतदित्युक्त्वाप्रादात्तस्मै स पर्पिकाम् ॥ २४
एवमानन्दयन्भक्तान् पार्षदान् स्वान्स ईश्वरः । सर्वानपि मुहुः प्रीत्या यथेष्टं पर्यवेषयत् ॥ २५
पक्वान्नभृतपात्राणि गृहीत्वा मुनयः प्रभोः । समीप एव बहवस्तिष्ठन्ति स्म विचक्षणाः ॥ २६
समाप्यमान एकस्मिन् पात्रे सद्योऽपरं परे । न्यधारयन् पूर्णपात्रं नारायणमुनेः पुरः ॥ २७
हरेः पृष्ठचरो ब्रह्मानन्दोऽदत उवाच तान् । एतादृशप्रसादास्ती राजानो ! दुर्लभा ननु ॥ २८
अनित्य एव देहोऽस्ति यूयमित्यपि वेत्थ वै । अतो वपुरनादृत्य सम्यगश्नीत निर्भयाः ॥ २९

---

**ભગવાન શ્રીહરિ તેની સમીપે આવી ઘી મિશ્રિત દૂધપાકથી વિશાળ ભોજનપાત્ર છલકાવી દીધું. ત્યારે માંતરા ધાંધલે ઉચ્ચસ્વરે સાચી સિંહ ગર્જના કરી.[૨૦-૨૧] ત્યારપછી ભગવાન શ્રીહરિ હસતા હસતા બન્ને હાથમાં બે બે લાડુ લઇ બીજી પંક્તિમાં પીરસવા ગયા. ત્યાં જમ્યા પછી ખાલી પાત્ર ઉપર બેઠેલા હમ્મીરજીના પાત્રમાં ચાર લાડુ પીરસી દીધા ને ફરીથી બીજા ચાર લાડુ ગ્રહણ કર્યા ત્યારે મનમાં લેવાની ઇચ્છા હોવા છતાં શરમથી માત્ર હાથથી નિષેધ કરતા હમ્મીરજીને જોઇ ભગવાને બીજા ચારલાડુ તેમના પાત્રમાં પીરસી દીધા, ત્યારે તેમણે સિંહગર્જના કરી.[૨૨-૨૩] હે રાજન્ ! પછી ધીરે ધીરે પાપડ ચાવતા વૃદ્ધ વેરાભાઇને જોઇને ભગવાન શ્રીહરિએ કહ્યું આ પદાર્થ તમને યોગ્ય છે, એમ કહીને તેના પાત્રમાં બરફીનાં ચોસલાં મૂકી દીધાં.[૨૪] આ પ્રમાણે ભગવાન શ્રીહરિ પોતાના સોમલાખાચર આદિ પાર્ષદોને તથા દેશાંતરમાંથી આવેલા અન્ય ક્ષત્રિયભક્તજનોને અતિશય આનંદ ઉપજાવતા વારંવાર પ્રેમપૂર્વક પીરસતા હતા.[૨૫] હે રાજન્ ! તે સમયે વિચક્ષણ પીરસનારા સંતો પણ બહુ પ્રકારનાં પક્વાન્નોથી ભરેલાં પાત્રો હાથમાં લઇ શ્રીહરિની સમીપમાં જ સજ્જ થઇ ઊભા રહેતા હતા.[૨૬] એક પાત્ર ખાલી થાય કે તરત જ બીજા સંતો અન્ય પક્વાન્ન ભરેલાં પાત્ર હાથમાં લઇ ભગવાન શ્રીનારાયણમુનિની આગળ આવી ઊભા રહી જતા હતા.[૨૭] શ્રીહરિની પાછળ ફરતા બ્રહ્માનંદ સ્વામી જમી રહેલા ક્ષત્રિય ભક્તજનોને કહેવા લાગ્યા કે, હે રાજાઓ ! સાક્ષાત્ ભગવાનના હાથે આવો પ્રસાદ મળવો ઘણો દુર્લભ છે.[૨૮] તેથી પંચભૌતિક આ શરીરને નાશવંત જાણીને તમે ખૂબ પ્રસાદ જમો. દેહ પડી જવાની શંકા કરશો નહિ. તેથી પોતાના શરીરનો અનાદર કરી નિર્ભય થઇને ખૂબજ જમો.[૨૯]**

इत्युक्ते तेन जहसुर्भोजकाश्च हरिः स्वयम् । सर्वत्र पात्रपूरं हि चकार परिवेषणम् ॥ ३०
सहासमित्थं तान् सर्वान् यथेष्टं परिवेष्य च । हस्तप्रक्षालनं कृत्वा पीठे तस्थौ ततः प्रभुः ॥ ३१
ललाटं शुशुभे तस्य श्रमस्वेदस्य बिन्दुभिः । मुक्ताफलानां दामन्या विभूषितमिवार्चकैः ॥ ३२
अतितृप्तांस्तथाचान्तान् स्वस्वावासगमाय सः । प्रीत आज्ञापयामास जग्मुस्ते च नराधिप ! ॥ ३३
गतेषु तेषु भगवान्भोक्तुं तान् परिवेषकान् । आज्ञाप्य योषितस्ताश्च निजमन्दिरमाययौ ॥ ३४
कृष्णार्थं च स्वयं पाकं शुचिर्भूत्वा विधाय सः । तस्मै निवेद्य तच्छेषं बुभुजे धर्मधारकः ॥ ३५
भुक्त्वाथ सम्यक् स्वस्थानं ययुस्ते परिवेषकाः । ललिता भोजयामास ततः सर्वाश्च योषितः ॥ ३६
नापितेभ्यः कुलालेभ्यो ह्यन्नार्थिभ्यश्च सर्वशः । देशान्तरीयलोकेभ्यः प्रादाच्चान्नं यथोचितम् ॥ ३७

---

**હે રાજન્ ! બ્રહ્માનંદ સ્વામીએ આ પ્રમાણે કહ્યું તેથી સર્વે ક્ષત્રિય ભક્તજનો ખૂબજ હસવા લાગ્યા અને શ્રીહરિ પણ હસતા હસતા સર્વે પંક્તિઓમાં ફરી ફરી ભક્તજનોનાં તમામ પાત્રો પીરસીને ભરી દીધાં.[૩૦] આ પ્રમાણે શ્રીહરિ સર્વે ભક્તોને હસાવતા તેઓની ઈચ્છાનુસાર પીરસી પોતાના હાથની શુદ્ધિ કરીને વેદિકા ઉપર સ્થાપન કરેલાં ઊંચાં સિંહાસન ઉપર આવીને વિરાજમાન થયા.[૩૧] તે સમયે શ્રીહરિનું લલાટ પીરસવાના પરિશ્રમથી પ્રગટેલાં પરસેવાનાં બુંદવડે જાણે પૂજન કરનારા ભક્તજનોએ મોતીઓની માળાથી શણગાર્યા હોયને શું ? એવું શોભતું હતું.[૩૨] હે નરાધિપ ! ભક્તજનોને જોઈ પ્રસન્ન થયેલા શ્રીહરિએ જમીને તૃપ્ત થયેલા તથા ચળુ કરી હાથ મુખની શુદ્ધિ કરી મુખવાસ ગ્રહણ કરતા સર્વે ભક્તજનોને પોતપોતાને ઉતારે જવાની આજ્ઞા આપી.[૩૩] તેથી તેઓ ઉતારે ગયા, પછી શ્રીહરિએ પીરસનારા સંતોને તથા સમસ્ત સ્ત્રીભક્તજનોને જમવાની આજ્ઞા આપીને સ્વયં પોતાના અક્ષરભુવનમાં પધાર્યા.[૩૪] પછી સ્નાનાદિક વિધિ કરી પવિત્ર થઈ શ્રીકૃષ્ણ ભગવાનના નૈવેદ્ય માટે રસોઈ બનાવીને તેમને નિવેદન કરી, પછી તેનું પ્રસાદિભૂત અન્ન સ્વયં જમ્યા.[૩૫] તે દરમ્યાન પીરસનારા સંતો યથેષ્ટ ભોજન કરીને પોતપોતાની ધર્મશાળામાં ગયા. પછી લલિતાબાએ સર્વે સ્ત્રીભક્તજનોને યથેષ્ટ ભોજન કરાવ્યું.[૩૬] ત્યાર પછી લલિતાબાએ બચેલાં ચાર પ્રકારનાં અન્નો ભગવદ્‌ભક્ત એવા વાણંદ, કુંભાર, ભિક્ષુક તેમજ દેશદેશાંતરમાંથી આવેલા અન્ય સર્વે મનુષ્યોને યથાયોગ્ય અર્પણ કરવા લાગ્યાં.[૩૭] હે રાજન્ ! તે સમયે ઉત્તમરાજાના દરબારમાં લ્યો, લ્યો અને આપો, આપો નો શબ્દધ્વનિ અવિરત થયા કરતો હતો.[૩૮]**

दीयतां दीयतां चेति गृह्यतां गृह्यतामिति । शब्दो बभूवाविरतं नृपतेर्मन्दिरे तदा ॥ ३८
जनेभ्यो विभजन्ती तदन्नं प्रासादिकं हरेः । आसायमपि तस्यान्तं न लेभे ललिता तु सा ॥ ३९
हरेरेव प्रतापं तं जानती सातिविस्मया । तमेव सर्वभावेन भेजे नित्यमतन्द्रिता ॥ ४०

इत्थं नरेश ! प्रभुरन्नकूटमहोत्सवं सम्यगकारयत्सः।
येनोज्ज्वला कीर्तिरभूज्जगत्यां तस्य क्षितीन्द्रस्य नृपैर्दुरापा ॥ ४१
आसंश्च दीपावलयो निशायां तथाह्नि पूर्वे हरमन्दिरादौ।
सभा महत्याऽऽस च तत्र तस्यामुपाविशत् पीठ उदार ईशः ॥ ४२

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे निजपार्षदोत्तमादिनृपतिमण्डलसन्तर्पणे भगवत्पेरिवेषणलीलानिरुपणनामैकविंशोऽध्यायः ॥२१

---

**હે રાજન્ ! આ પ્રમાણે લલિતાબા ભગવાન શ્રીહરિના પ્રસાદીભૂત અન્નનું સાયંકાળ પર્યંત આવતા સર્વજનોને વિતરણ કરતાં રહ્યાં, છતાં પણ અન્ન ખૂટ્યું નહિ ત્યારે આ સર્વે પ્રતાપ પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનો જ છે, એમ જાણી અતિ વિસ્મય પામ્યાં. અને આળસ છોડી એકદમ ભાવયુક્ત થઈ કાયા, મન, વાણીથી ભગવાન શ્રીહરિનું નિત્ય સ્મરણ કરવા લાગ્યાં.[૩૯-૪૦]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ ઉત્તમરાજા પાસે સર્વોત્તમ રીતે શ્રેષ્ઠ અન્નકૂટોત્સવ ઉજવાવ્યો. જે અન્નકૂટનાં મહોત્સવથી ઉત્તમરાજાની બીજા રાજાઓ પ્રાપ્ત ન કરી શકે તેવી ઉજ્જવલ કીર્તિ જગતમાં ચારે તરફ પ્રસરી ગઈ.[૪૧] હે રાજન્ ! દીપોત્સવીની રાત્રીએ જેવી દીપમાળાઓ પ્રગટાવવામાં આવી હતી તેવી જ દીપમાળાઓ આ અન્નકૂટઉત્સવની રાત્રીએ પણ હરિમંદિર આદિ સર્વત્ર પ્રગટાવવામાં આવી, અને એ કાર્તિકસુદિ પડવાની રાત્રીએ મોટી સભાનું પણ આયોજન થયું. તે સભાને વિષે ભગવાન શ્રીહરિ ઊંચા સિંહાસન પર આવીને બિરાજમાન થયા.[૪૨]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવમાં પોતાના પાર્ષદો અને ઉત્તમાદિરાજાઓનાં મંડળોને જમાડી તૃપ્ત કરવામાં ભગવાન શ્રીહરિની પીરસણલીલાનું નિરૂપણ કર્યું એ નામે એકવીસમો અધ્યાય પૂર્ણ થયો. -૨૧-***

---

अथ द्वाविंशोऽध्यायः - २२

सुव्रत उवाच-

सदःस्थाखिलभक्तौघवीक्ष्यमाणाननाम्बुजः । श्रीनीलकण्ठः प्रोवाच सर्वानथ निजाश्रितान् ॥ १

श्रीनारायणमुनि उवाच-

औद्धवे सम्प्रदायेऽस्मिन् सर्वे सत्सङ्गिसंज्ञिताः । यूयं भवथ तन्नाम धार्यमन्वर्थकं ततः ॥ २
सत्सङ्गेनैव मुक्तिः स्यादित्याचार्यमतं हि नः । अस्तीति सत्सङ्गपदं निर्वच्मि श्रृणुताखिलाः ॥ ३
सच्छब्देन परंब्रह्म साधवश्च तदाश्रिताः । प्रोक्तास्तदीयो धर्मश्च शास्त्रं चैतत्त्रिकाश्रयम् ॥ ४
तत्र विष्णुः परंब्रह्म योऽसौकृष्णो नराकृतिः । नृत्वेऽपि दिव्यकर्मा च दिव्य एव नृनाट्यधृत् ॥ ५
तदुक्तधर्मसंस्था ये सद्भक्तास्ते तु साधवः । निरुप्यतेऽथ सद्धर्मः साक्षाद्भगवतोदितः ॥ ६

---

## અધ્યાય - ૨૨

### ભગવાન શ્રીહરિએ સભામાં કરુણા કરીને સત્સંગદીપનું કરેલું પ્રકાશન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! સભામાં બેઠેલા સમસ્ત સંતો-ભક્તોની દૃષ્ટિ ચકોર ચંદ્રમાની જેમ એક શ્રીહરિના મુખકમળ સામે જ સ્થિર હતી. તે સમયે શ્રીનીલકંઠવર્ણી પોતાના સર્વે આશ્રિત ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! આ ઉદ્ધવસંપ્રદાયમાં તમે સર્વે ''સત્સંગી'' એવું નામ ધારણ કરો છો, પરંતુ તે સત્સંગી નામ સાર્થક થાય તે રીતે તમારે વર્તીને ધારણ કરવું.[૧-૨] સત્સંગથી જ મુક્તિ થાય છે, આ પ્રમાણે આપણા ઉદ્ધવસંપ્રદાયના આચાર્યનો સિદ્ધાંત છે. તેથી સત્સંગ શબ્દની વ્યાખ્યા હું તમને સંભળાવી સ્પષ્ટ કરૂં છું, તમે સર્વે સાવધાન થઈ શ્રવણ કરો.[૩] ''સત્'' શબ્દથી એક પરબ્રહ્મ, બીજા તે પરબ્રહ્મના આશ્રિત સંતો, ત્રીજો પરબ્રહ્મે પ્રતિપાદન કરેલો ભાગવતધર્મ અને ચોથો આ ત્રણેનું પ્રતિપાદન કરનારાં સત્શાસ્ત્રો. અર્થાત્ ''સત્'' શબ્દ આ ચારે માટે પ્રયોજાય છે.[૪]

હે ભક્તજનો ! આ ચારેમાં જે પરબ્રહ્મ છે તે સર્વાન્તર્યામી તથા મનુષ્યાકૃતિ ધરી રહેલા આ સાક્ષાત્ કૃષ્ણ છે. તેને જ પરબ્રહ્મ જાણવા. પોતે મનુષ્યભાવમાં વર્તતા હોવા છતાં તેમનાં કર્મો દિવ્ય છે, તેમનો આકાર પણ દિવ્ય છે, અને તે મનુષ્યરૂપનું માત્ર નાટક કરે છે એમ જાણવું.[૫] અને તે પરબ્રહ્મ પરમાત્માએ કહેલા ધર્મમાર્ગમાં ચાલતા અને તેમની જ અનન્યભાવે ઉપાસના કરતા જે સાધુઓ

श्रीमद्भागवते प्राह नारदस्तं युधिष्ठिरम् । राजसूयमखस्यान्ते तमेवाहं ब्रुवे स्फुटम् ॥ ७

श्रीनारद उवाच-

नत्वा भगवतेऽजाय लोकानां धर्महेतवे । वक्ष्ये सनातनं धर्मं नारायणमुखाच्छ्रुतम् ॥ ८
योऽवतीर्यात्मनोंऽशेन दाक्षायण्यां तु धर्मतः । लोकानां स्वस्तयेऽध्यास्ते तपो बदरिकाश्रमे ॥ ९
धर्ममूलं हि भगवान्सर्ववेदमयो हरिः । स्मृतं च तद्विदां राजन्! येन चात्मा प्रसीदति ॥ १०
सत्यं दया तपः शौचं तितिक्षेक्षा शमो दमः । अहिंसा ब्रह्मचर्यं च त्यागः स्वाध्याय आर्जवम् ॥ ११
सन्तोषः समदृक्सेवा ग्राम्येहोपरमः शनैः । नृणां विपर्ययेहेक्षा मौनमात्मविमर्शनम् ॥ १२

---

છે તેજ સત્ શબ્દ વાચ્ય કહેલા છે. અને હવે તમારી આગળ સાક્ષાત્ ભગવાને કહેલા સત્ શબ્દ વાચ્ય ભાગવત ધર્મો જે છે તેનું નિરૂપણ કરું છું.[૬] હે ભક્તજનો ! શ્રીમદ્‌ભાગવતપુરાણમાં નારદજીએ રાજસૂયયજ્ઞને અંતે યુધિષ્ઠિર રાજા પ્રત્યે જે સદ્ધર્મો કહેલા છે, તે જ સદ્ધર્મો હું તમને સંભળાવું છું.[૭] નારદજી કહે છે, હે યુધિષ્ઠિર રાજન્ ! મનુષ્યમાત્રમાં ધર્મની પ્રવૃત્તિના કારણભૂત જે સકલ ઐશ્વર્ય સંપન્ન અજન્મા ભગવાન નારાયણ છે. તેમને નમસ્કાર કરી તે જ નારાયણના મુખકમળ થકી શ્રવણ કરેલા સનાતન ધર્મો હું તમને સંભળાવું છું.[૮] તે નારાયણ કોણ છે ? તો તે ધર્મ અને ભક્તિદેવી થકી આ પૃથ્વીપર પોતાના અંશરૂપ નરની સાથે પ્રગટ થઈ પોતાના ભક્તજનોના કલ્યાણને માટે બદરિકાશ્રમમાં તપ કરે છે.[૯]

હે યુધિષ્ઠિર રાજન્ ! ભગવાન શ્રીનારાયણ ધર્મની ઉત્પત્તિ આદિકનું મૂળ છે. કારણ કે, ભગવાન શ્રીનારાયણ છે તે જ સર્વ વેદોનું મૂળ છે, અને તે વેદોમાં કહેલા સર્વે ધર્મો નારાયણમૂલક છે, તે વેદોના અર્થને જાણનારા યાજ્ઞવલ્ક્ય કે પરાશર આદિક મુનિઓએ જે સ્મૃતિઓ રચી છે, તે સ્મૃતિઓ ધર્મનું મૂળ છે. જે ધર્મોનું મનુષ્ય પોતાના અધિકારને અનુસારે આચરણ કરે તેનો જીવાત્મા શુદ્ધ થાય છે. અર્થાત્ શુદ્ધ થઈ બ્રહ્મભાવને પામી પરબ્રહ્મ પરમાત્મા ભગવાનના ચરણની સેવાનો અધિકારી થાય છે. આ ધર્મપાલનનો મહિમા છે.[૧૦] તે ધર્મો સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા, ઈક્ષા, શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, આર્જવ એટલે સરળતા, સંતોષ, શત્રુ અને મિત્રમાં સમાન દૃષ્ટિ, મોટા પુરુષોની સેવા, ધીરે ધીરે ગ્રામ્ય પંચવિષયોમાંથી નિવૃત્ત થવું, ધર્મથી વિપરીત વર્તન કરવાથી મનુષ્યને થતાં દુઃખોનું દર્શન કરવું, મૌન, આત્મા છે તે આ નાશવંત શરીરથી જુદો છે એવું સતત ચિંતવન કરવું. પોતાના જીવન જરૂરિયાતથી વધારાના

अन्नाद्यादेः संविभागो भूतेभ्यश्च यथार्हतः । तेष्वात्मदेवताबुद्धिः सुतरां नृषु पाण्डव ! ॥ १३
श्रवणं कीर्तनं चास्य स्मरणं महतां गतेः । सेवेज्यावनतिर्दास्यं सख्यमात्मसमर्पणम् ॥ १४
नृणामयं परो धर्मः सर्वेषां समुदाहृतः । त्रिंशल्लक्षणवान्राजन्सर्वात्मा येन तुष्यति ॥ १५
इत्थं क्षीनारदः प्राह सतो धर्मान् युधिष्ठिरम् । तेषामर्थं तत्त्वतोऽहं कथयामि समासतः ॥ १६
तत्र सत्यं तु जीवानां हितकृद्वचनं मतम् । परदुःखासहिष्णुत्वं दया नत्वात्मबन्धकृत् ॥ १७
यया भवेदपयशः स्वस्य वा स्वानुयायिनाम् । साप्यस्माकं मते नूनं दया नैवास्ति सम्मता ॥ १८
व्रतोपवासकृच्छ्राणि स्वधर्मश्च तपो मतम् । शौचं तु द्विविधं प्रोक्तं बाह्यं चाभ्यन्तरं तथा ॥ १९

**અન્નાદિક પદાર્થોનો ભૂતપ્રાણીમાત્રમાં યથાયોગ્ય વિભાગ કરીને વહેંચી દેવું, તે સર્વે ભૂતપ્રાણીમાત્રના જીવમાં એક જ અંતર્યામીપણે પરમાત્મા રહેલા છે, એવી બુદ્ધિ કેળવવી. અને મનુષ્યોમાં તો તેના કરતાં પણ વધુ દૈવાત્મબુદ્ધિ રાખવી, વળી સંતોના શરણ્ય એવા પરમાત્મા નારાયણની નવ પ્રકારની ભક્તિ જે શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમસ્કાર, દાસ્ય, સખ્ય અને આત્મસમર્પણ રૂપ કરવી.[૧૧-૧૪] હે યુધિષ્ઠિર રાજન્ ! સર્વે મનુષ્યોને માટે આ ત્રીસ લક્ષણવાળો ધર્મ જે મેં કહ્યો, તે જ સર્વોત્તમ ધર્મ છે, આ ધર્મના અનુષ્ઠાનથી સર્વના અંતર્યામી આત્મા પરબ્રહ્મ શ્રીનારાયણ અત્યંત પ્રસન્ન થાય છે.[૧૫]**

**ભગવાન શ્રીહરિ કહે છે, હે ભક્તજનો ! આ પ્રમાણે નારદજીએ "સત્" શબ્દ વાચ્ય સદ્ધર્મો યુધિષ્ઠિર રાજા પ્રત્યે કહેલા છે. હવે તેના યથાર્થ અર્થો હું તમને સંક્ષેપમાં કહું છું.[૧૬]**

**સત્ય :- તે ધર્મોની મધ્યે જીવોનું હિત કરનારાં વચનો બોલવાં તેને સત્ય કહેલું છે, જેથી પોતાનો કે પરનો દ્રોહ થાય તેવું સત્ય પણ ન બોલવું.**

**દયા :- પરના દુઃખને દેખી પીગળવું તે દયા કહેલી છે. અને યથાશક્તિ તે દુઃખનો પ્રતિકાર પણ કરવો, પરંતુ ઋષભદેવના પુત્ર ભરતજીએ મૃગલા ઉપર દયા કરી, તેવી પોતાને બંધનકર્તા થાય એવી દયા ન કરવી. વળી જે દયાથી પોતાની કે પોતાને શરણે રહેલા સંબંધી આદિકની અપકીર્તિ થાય તેવી દયા કરવી, તે પણ આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં માન્ય નથી.[૧૭-૧૮]**

**તપ :- એકાદશી કે જન્માષ્ટમીના વ્રતોમાં ઉપવાસ કરવા કે પ્રાયશ્ચિતના રૂપમાં ઉપવાસ કે ચાંદ્રાયણાદિ વ્રતો કરવાં તે એક પરબ્રહ્મ પરમાત્માને પ્રસન્ન કરવા માટે જ કરવાં, તેને તપ કહેલું છે. તેમ જ પોતાના વર્ણાશ્રમને ઉચિત ધર્મનું**

तत्र बाह्यं मृदम्बुभ्यामस्पर्शात्पापकर्मणाम् । त्यागाच्च मद्यमांसादेस्तथा साङ्कर्यकर्मणः ॥ २०
आभ्यन्तरं तु सर्वेषामात्मवच्छुभचिन्तनम् । मानसानां मलानां च सद्विचारेण शोधनम् ॥ २१
यत्प्राप्तं देशकालाभ्यां दुःखं प्रारब्धकर्मणा । तत्सम्मर्षस्तितिक्षेक्षा युक्तायुक्तविवेचनम् ॥ २२
शमस्तु मनसोऽक्षोभः पञ्चभिर्विषयैरपि । प्रोक्तो बाह्येन्द्रियाणां च निग्रहोऽकार्यतो दमः ॥ २३
आलिक्षाया आमनुष्यात्प्राणिमात्रस्य सर्वथा । अद्रोहो बुद्धिपूर्वं यः सा त्वहिंसेति कथ्यते ॥ २४
आत्मघातानाचरणं स्वर्गार्थमपि सोच्यते । ब्रह्मचर्यं चागृहिणामष्टधा स्त्रीविवर्जनम् ॥ २५

---

પાલન કરવું, તે પણ તપ કહેલું છે.

**શૌચ** :– બાહ્ય અને આંતર શુદ્ધિ એજ સાચું શૌચ કહેલું છે, તે બે પ્રકારના શૌચમાં માટી (શુદ્ધ સાબુ) અને જળથી સ્નાનાદિકથી પવિત્ર રહેવું, પાપીઓના સ્પર્શથી દૂર રહેવું, મદ્ય કે માંસના સ્પર્શથી દૂર રહેવું અને વર્ણસંકરતા પેદા કરે તેવા પ્રકારનાં કર્મનો ત્યાગ કરવાથી બાહ્ય શૌચનું પાલન થાય છે. તેવી જ રીતે આંતર શૌચનું પાલન સર્વ જીવપ્રાણીમાત્ર પ્રત્યે પોતાના આત્મા જેવું જ શુભ ચિંતવન કરવાથી અને પોતાના મનમાં ઉઠતા કામ ક્રોધાદિના દષ્ટવિચારોને સત્શાસ્ત્ર કે સંતો થકી પ્રાપ્ત થયેલા સદ્વિચારો દ્વારા શોધન કરી ત્યાગ કરવાથી થાય છે.[૧૯-૨૧]

**તિતિક્ષા** :– દેશકાળને લીધે જે દુઃખ પ્રાપ્ત થાય, તેમજ પ્રારબ્ધકર્મથી જે દુઃખ પ્રાપ્ત થાય, તેને ધીરજતાથી જે સહન કરવું, તેને તિતિક્ષા કહેલી છે, તેમાં કોઈ ઘોર જંગલમાં પ્રવેશ થઈ જવાથી આવી પડેલું દુઃખ તથા કોઈ પર્વત ઉપર ચડતાં ઉતરતાં આવી પડેલું દુઃખ, દેશ દુઃખ કહેલું છે. અને ટાઢ-તડકો-વરસાદ આદિકના લીધે થયેલું દુઃખ કાળદુઃખ કહેલું છે. કોઈ ઉપાયે ન મટે તેવા ક્ષય, પિત્તપ્રદોષાદિ દુઃખો પ્રારબ્ધનાં દુઃખો કહેલાં છે.

**ઇક્ષા** :– પોતપોતાના વર્ણાશ્રમના અનુરોધ પ્રમાણે યોગ્યાયોગ્ય, કર્તવ્યાકર્તવ્યનો વિવેક ધારણ કરવો તેને ઈક્ષા કહેલ છે.[૨૨]

**શમ** :– માયિક શબ્દાદિ પંચવિષયો થકી મનમાં ક્ષોભ ન પામવું, તેને શમ કહેલ છે. **દમ** :– બ્રાહ્ય ઈન્દ્રિયોનો શાસ્ત્રવિરૂદ્ધ આચરણમાંથી નિગ્રહ કરવો, સંયમ રાખવો તેને દમ કહેલ છે.[૨૩]

**અહિંસા** :– માથાના વાળમાં પડતી લીખથી માંડીને મનુષ્ય પર્યંત પ્રાણીમાત્રનો જાણી જોઈને કાયા, મન, વાણીથી પણ દ્રોહ ન કરવો, તેને અહિંસા કહેલી છે. તેવી જ રીતે સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિને માટે પણ તીર્થાદિકને વિષે પણ

गृहस्थानां तु तत्प्रोक्तं परस्त्रीसङ्गवर्जनम् । त्यागस्तत्स्वस्त्रियाश्चोक्तं व्रतश्राद्धाहपर्वसु ॥ २६
अष्टधा पुरुषत्यागो विधवानां तदुच्यते । स्त्रीणां च सधवानां तत्परपुंसङ्गवर्जनम् ॥ २७
त्यागः स्वशक्तितो दानं पदार्थानां स्त्रियं विना । स्वाध्यायः स्वोचितस्तोत्रमन्त्रादेः शक्तितो जपः ॥ २८
आर्जवं वक्रतात्यागः सन्तोषोऽन्नांशुकादिषु । दैवलब्धेष्वलम्बुद्धिस्तथा स्तेयस्य वर्जनम् ॥ २९
ब्रह्मचर्यादिनियमैर्युक्तानां कृष्णसेविनाम् । सेवोक्ता समदृक्सेवा विनयेनानुवर्तनम् ॥ ३०

---

આત્મઘાત ન કરવો, તે પણ અહિંસા કહેલી છે. તેમ જ ક્રોધ, શોક, લાજ, ભય આદિકના દુઃખને લીધે આત્મઘાત ન કરવો તે પણ અહિંસા જ કહેલી છે.

**બ્રહ્મચર્ય :–** ત્યાગીઓએ અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો, તેને બ્રહ્મચર્ય કહેલું છે, ત્યાગીમાં બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ત્રણે આશ્રમ આવી જાય છે, તેવી જ રીતે ગૃહસ્થાશ્રમી પુરુષોએ પરસ્ત્રીનો સર્વથા ત્યાગ તેમજ એકાદશી આદિક વ્રતને દિવસે કે પૂર્ણિમા, અમાવાસ્યા, વ્યતિપાત કે સંક્રાન્તિ આદિ પર્વને દિવસે તેમજ તેના આગલા પાછલા દિવસે પણ પોતાની સ્ત્રીના સંગનો ત્યાગ, તે ગૃહસ્થનું બ્રહ્મચર્ય કહેલું છે. તેવીજ રીતે ત્યાગીની જેમ વિધવા નારીએ પણ અષ્ટપ્રકારે પુરુષનો ત્યાગ રાખવો તેને વિધવાનું બ્રહ્મચર્ય કહેલું છે. તથા સધવા સ્ત્રીએ પણ પરપુરુષના સંગનો સર્વથા ત્યાગ અને વ્રત આદિકને દિવસે પોતાના પતિનો પણ સંગ ન કરવો, તે સધવાનું બ્રહ્મચર્ય કહેલું છે.[૨૪-૨૭]

**ત્યાગ :–** પોતાની પત્ની સિવાયનું પોતાને કોઈ પણ પ્રિય પદાર્થોનું પોતાની શક્તિને અનુસારે યોગ્યપાત્રને દાન કરવું તેને ત્યાગ કહેલો છે.

***સ્વાધ્યાય* :–** પોતપોતાને ઉચિત એવા વેદ, શાસ્ત્ર અને પુરાણાદિકમાં કહેલા સ્તોત્ર અને મંત્રાદિકનો પોતપોતાની શક્તિને અનુસારે જાપ કરવો તેને સ્વાધ્યાય કહેલ છે.[૨૮]

**આર્જવ :–** સાધુની આગળ કાયા, મન, વાણીથી પોતાની કુટિલતા છોડીને સરળ વર્તવું તેને આર્જવ કહેલ છે. **સંતોષ :–** નીતિપૂર્વક મહેનત કરવાથી પોતાનાં પ્રારબ્ધને અનુસારે જે અન્ન વસ્ત્રાદિક પ્રાપ્ત થાય તેમાં સંપૂર્ણતાની બુદ્ધિ રાખવી પરંતુ અધિક તૃષ્ણાનો ત્યાગ કરવો, તથા માલિકીના પદાર્થોનો પ્રત્યક્ષ કે પરોક્ષરીતે માલિકને પૂછ્યા વિના લેવાનો ત્યાગ રાખવો, તેને સંતોષ કહેલ છે.[૨૯]

**સમદૃક્–સેવા:–** બ્રહ્મચર્ય, નિર્લોભ, નિર્માન આદિક નિયમોમાં વર્તી

शनैः शनैर्ग्राम्यसौख्याद्विरामः संसृतिप्रदात् । अनुद्योगस्तदर्थं च ग्राम्येहोपरमो मतः ॥ ३१
प्रोक्ता विपर्ययेहेक्षा ग्राम्यसौख्याप्तये नृणाम् । बहुधा यतमानानां दुःखबाहुल्यदर्शनम् ॥ ३२
वृथा प्रलापतो बुध्घा निवृत्तिर्मौनमुच्यते । देहात्पृथक्तया ज्ञानं जीवस्याऽऽत्मविमर्शनम् ॥ ३३
यथोचितं तु जीवेभ्यो दत्त्वैवान्नोदकादि च । तस्योपभोगाचरणं संविभाग इतीर्यते ॥ ३४
ज्ञात्वैव व्यापकं विष्णुं सर्वभूतेषु सन्नतिः । ज्ञेयाऽऽत्मदेवताबुद्धिर्मानमत्सरवर्जनम् ॥ ३५
कथामृतस्य श्रीविष्णोः पानं श्रवणमुच्यते । गुणानां गायनं तस्य प्रेम्णा कीर्तनमुच्यते ॥ ३६
तस्य मूर्तेर्हृदि ध्यानं नित्यदा स्मरणं मतम् । तस्य निश्छद्मभावेन सदा सेवानुवर्तनम् ॥ ३७

એકાંતિકભાવે ભગવાનનું સેવન કરનાર સંતોની આગળ વિનયી થઈ નમ્રભાવે વર્તવું અને તેમની ઈચ્છાને અનુસારે સેવા કરવી તેને સમદકૃસેવા ધર્મ કહેલો છે.[૩૦]

**ગ્રામ્યપંચવિષયોમાંથી ઉપરતિ :–** જન્મમરણરૂપ સંસૃતિને પમાડનારા માયિક પંચવિષયના સુખ થકી ધીરે ધીરે તેમાં દોષ જોતાં જોતાં વિરામ પામવું, અને તે ગ્રામ્ય સુખને પ્રાપ્ત કરવા પ્રયત્ન ન કરવો, તેને ગ્રામ્યસુખમાંથી ઉપરતિ કહેલી છે.[૩૧] **વિપર્યયેહેક્ષા :–** માયિક સુખની પ્રાપ્તિ માટે બહુ પ્રકારના પ્રયત્નો કરતાં મનુષ્યોને આવી પડતાં બહુ પ્રકારનાં દુઃખોનું દર્શન કરવું, તેનો વિચાર વિમર્શ કરવો તેને વિપર્યેહેક્ષા કહેલી છે.[૩૨] **મૌન :–** ફોતરાં ખાંડવા સમાન નિષ્પ્રયોજન માયિક વાર્તાના આલાપ થકી બુદ્ધિપૂર્વક વિચારીને તેમાંથી નિવૃત્ત રહેવું, તેને મૌન કહેલું છે. **આત્મવિમર્શન :–** ક્ષેત્રજ્ઞ એવા જીવને ક્ષેત્રરૂપ આ સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરથી જ્ઞાતાપણે તથા અછેદ્યાદિ લક્ષણોથી અલગ માનવો તેને આત્મવિમર્શન કહેલું છે.[૩૩]

**સંવિભાગ :–** અન્નજળાદિક જે કાંઈ ભોગ્યપદાર્થ હોય તેની પોતાનાં પાસેથી ઈચ્છા રાખતા જીવપ્રાણીમાત્રને યથાયોગ્ય વિભાગ કરીને વહેંચી આપવું, પછીથી અન્નજળાદિકનો ઉપભોગ કરવો, તેને સંવિભાગ કહેલો છે.[૩૪] **આત્મદેવતા બુદ્ધિ :–** સ્થાવર, જંગમ સમગ્ર જીવપ્રાણિમાત્રમાં અંતર્યામીપણે વ્યાપીને રહેલા શ્રીવાસુદેવ ભગવાનને જાણીને તેને સર્વત્ર પ્રણામ કરવા, પણ કોઈનો દ્રોહ થવા દેવો નહિ, તેમજ માન, મત્સરનો ત્યાગ કરવો, તેમાં પણ મનુષ્યો સાથે વિશેષપણે ત્યાગ કરવો તેને આત્મદેવતાબુદ્ધિ કહેલી છે.[૩૫] **શ્રવણ :–** શ્રીકૃષ્ણ ભગવાનની કથામૃતનું કાનના પડીયા દ્વારા પાન કરવું તેને શ્રવણ કહેલ છે. **કીર્તન :–** તેજ ભગવાનના સત્યશૌચાદિ ગુણોનું અતિશય પ્રેમથી ગાયન કરવું, તેને કીર્તન કહેલું

विधिना पूजनं चेज्या तस्य शाक्त्यनुसारतः । नमस्कारश्च साष्टाङ्गं तस्मा अवनतिर्मता ॥ ३८
परिचर्या तस्य दास्यं सख्यं स्नेहातिशायिता । सर्वथा तदधीनत्वं प्रोक्तमात्मसमर्पणम् ॥ ३९
सद्धर्म एष कथितस्त्रिशल्लक्षणवान् परः । सच्छब्दार्थ इति त्रेधा तत्त्वतोऽत्र निरुपितः ॥ ४०
सच्छब्दवाच्यमेतच्च त्रितयं यत्र वर्णितम् । स्यात्तत्सच्छास्त्रमुदितं सङ्क्षिप्तं वापि विस्तृतम् ॥ ४१
वेदाः श्रीमद्भागवतं नीतिश्च विदुरोदिता । विष्णोर्नामसहस्त्रं च गीता भागवती तथा ॥ ४२
शारीरकाख्यसूत्राणि याज्ञवल्क्यस्मृतिस्तथा । श्रीवासुदेवमाहात्म्यमिति तज्ज्ञेयमष्टकम् ॥ ४३
येऽनुसृता भवेयुश्च सद्ग्रन्था एतदष्टकम् । तेऽपि सच्छास्त्रमित्युक्ता मुमुक्षूणां हितावहाः ॥ ४४
सच्छब्दार्थ इति प्रोक्तः सङ्गशब्दार्थ उच्यते । सतः कृष्णस्य सङ्गस्तु साक्षाद्भक्तिर्दृढं स्थिरा ॥ ४५

---

છે.[૩૬] **સ્મરણ :–** ભગવાનની મૂર્તિનું નિત્યે હૃદયમાં એક એક અંગનું ધ્યાન કરી ચિંતવન કરવું તેને સ્મરણ કહેલું છે. સેવા :- નિષ્કપટભાવે શ્રીકૃષ્ણ ભગવાનની અનુવૃત્તિમાં સદાય રહેવું તથા તેમની ચરણચંપી આદિ કરવું તે સેવા કહેલી છે.[૩૭]

**ઇજ્યા(અર્ચન) :–** શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પોતપોતાની શક્તિને અનુસારે શ્રીકૃષ્ણ ભગવાનની બે પ્રકારે બાહ્યપૂજા અને માનસીપૂજા કરવી,તેને ઈજ્યા કહેલી છે. **અવનતિ(વંદન) :–** શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરવા તેને અવનતિ કહેલી છે.[૩૮] **દાસ્ય :–** શ્રીકૃષ્ણ ભગવાનની દાસની જેમ નિર્માની થઈને પરિચર્યા સેવા કરવી તેને દાસ્ય કહેલું છે.

**સખ્ય :–** વિશ્વાસ પૂર્વક શ્રીકૃષ્ણ ભગવાનમાં અતિશય સ્નેહ કરવો, તેને સખ્ય કહેલ છે. અને **આત્મસમર્પણ :–** કાયા, મન, વાણીથી સર્વ પ્રકારે શ્રીકૃષ્ણ ભગવાનને અતિશય આધીન વર્તવું તેને આત્મસમર્પણ કહેલું છે.[૩૯]

હે ભક્તજનો ! આ પ્રમાણે ત્રીસ લક્ષણોએ યુક્ત જે સર્વોત્તમ સદ્ધર્મ છે તે મેં તમને કહ્યો, આ પ્રમાણે અહીં ત્રણ પ્રકારે ''સત્'' શબ્દનો જે પ્રયોગ થાય છે, તે તમને કહ્યો. હવે એ સત્ શબ્દ વાચ્ય પરબ્રહ્મ, સાધુ અને સદ્ધર્મ આ ત્રણેનું જે શાસ્ત્રમાં સંક્ષેપથી કે વિસ્તારથી નિરૂપણ કર્યું હોય તેને પણ સત્ શબ્દથી યુક્ત સત્શાસ્ત્ર જ કહેલું છે.[૪૦-૪૧]

હવે તે સત્શાસ્ત્રોમાં ચાર વેદ, શ્રીમદ્ભાગવત પુરાણ, વિદુરનીતિ, વિષ્ણુસહસ્રનામ, ભગવદ્ગીતા, શારીરિકસૂત્રો, યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તથા શ્રીવાસુદેવમાહાત્મ્ય આ આઠ ગ્રંથોને સત્શાસ્ત્રો જાણવાં, અને જે સદ્ગ્રંથો આ આઠને અનુસરતા હોય તેવા મુમુક્ષુના હિતકારી ગ્રંથોને પણ સત્શાસ્ત્રો કહેલાં

साधूनां च सतां सङ्गः सेवाऽर्चा तद्वचःस्थितिः । धर्माणां तु सतां सङ्गस्तदत्यागो विपद्यपि ॥ ४६
सतः शास्त्रस्य सङ्गस्तु कृष्णभक्त्यादिपुष्टये । श्रवणं कीर्तनं प्रीत्या पाठनं श्रावणं तथा ॥ ४७
एतेषां हि सतां सङ्गो येषामीदृग्भवेद्भुवि । सत्सङ्गिनस्ते कथिताः सम्प्रदाय इहौद्धवे ॥ ४८
एत एकान्तिका भक्ताः कथ्यन्ते शास्त्रदर्शिभिः । सन्तो भागवताश्चैव सात्त्वताः साधवस्तथा ॥ ४९
भक्ता एते तु देहान्ते धाम गोलोकमुत्तमम् । लभन्ते राजते यत्र श्रीराधाकृष्ण ईश्वरः ॥ ५०
एतं विहाय सत्सङ्ग सज्जन्तेऽन्यत्र येऽसति । कुसङ्गिनस्ते विज्ञेया असदीशादिसङ्गिनः ॥ ५१
कालो माया स्वभावश्च कर्म तामसदेवताः । अस्वातन्त्र्यादिमे प्रोक्ता असदीश्वरसंज्ञकाः ॥ ५२

---

છે.[૪૨-૪૪] હે ભક્તજનો ! આ પ્રમાણે મેં તમને સત્ શબ્દનો અર્થ કહ્યો. હવે ''સંગ'' શબ્દનો અર્થ કહું છું. સ્થિરબુદ્ધિ રાખી મહાત્મ્યજ્ઞાનપૂર્વક અતિશય દૃઢતાની સાથે સત્ શબ્દ વાચી આ પ્રગટ પ્રમાણ ભગવાન શ્રીકૃષ્ણની નવધા ભક્તિથી ભજન કરવું તેને ''સંગ'' શબ્દનો પ્રથમ અર્થ કહેલો છે. સત્ શબ્દવાચી સંતોની અન્ન-વસ્ત્રાદિકથી સેવા કરવી, ચંદન પુષ્પાદિકથી તેમનું પૂજન કરવું અને પોતાના હિતને માટે કહેલાં તેમનાં ઉપદેશનાં વચનો કાયા, મન, વાણીથી પ્રીતિપૂર્વક પાલન કરવાં તે ''સંગ'' શબ્દનો બીજો અર્થ છે. તેમજ આપત્કાળમાં પણ કહેલા ત્રીસ લક્ષણોવાળા સદ્ધર્મનો ભંગ ન કરવો, તેને સંગ શબ્દનો ત્રીજો અર્થ કહેલો છે. અને વળી સત્ શબ્દવાચ્ય કહેલા આઠ ગ્રંથો આદિ સત્શાસ્ત્રોનો ભગવાનની નવધા ભક્તિને પૃષ્ટ કરવા અને ભગવાનનું માહાત્મ્ય સમજવા અતિશય પ્રીતિપૂર્વક શ્રવણ, કીર્તન અને પઠન કરવું તથા બીજા શ્રોતાઓને સંભળાવવાં તેને સંગ શબ્દનો ચોથો અર્થ કહેલો છે.[૪૫-૪૭]

હે ભક્તજનો ! આ રીતે સત્ શબ્દ વાચ્ય પરબ્રહ્મ, સંત, સદ્ધર્મ અને સત્શાસ્ત્ર આ ચારનો આવી રીતનો સંગ જે મનુષ્યો આ પૃથ્વી પર કરે છે, તેને આપણા ઉદ્ધવસંપ્રદાયમાં ''સત્સંગી'' એવા શબ્દથી સંબોધવામાં આવે છે. તે સત્સંગીઓને શાસ્ત્રદર્શી પુરુષો બીજા છ શબ્દથી પણ સંબોધે છે. ૧. એકાંતિક, ૨. ભક્ત, ૩. સંત, ૪. ભાગવત, ૫. સાત્ત્વત અને ૬. સાધુ. આ રીતે સાત શબ્દોથી સંબોધાતા સત્સંગીઓ અને સંતો દેહને અંતે સર્વોત્તમ ગોલોકધામને પ્રાપ્ત કરે છે. જે ગોલોકધામમાં પરમેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન રાધા અને લક્ષ્મીએ સહિત વિરાજે છે.[૪૮-૫૦]

હે ભક્તજનો ! જે મનુષ્યો પૂર્વોક્ત સત્શબ્દવાચ્ય ચારના સંગનો ત્યાગ

कालाद्युपासका विष्णुं विहाय परमेश्वरम् । श्रुतिस्मृतिविरुद्धेहा असन्तः साधुसंज्ञकाः ॥ ५३
दम्भमानकलिक्रोधहिंसालोभस्मरादयः । अधर्मसर्गजाः पापा असन्तो धर्मविभ्रमाः ॥ ५४
असदेतत्त्रयं यत्र वर्णितं स्यान्निजेच्छया । असच्छास्त्रं तु तत्प्रोक्तमल्पं वा महदस्तु तत् ॥ ५५
एतच्चतुष्टये सक्ता ये नरा असति ध्रुवम् । कुसङ्गिनस्त एवोक्ता दम्भभक्तादिनामकाः ॥ ५६
जना असद्धियस्त्वेते पाषण्डिगुरुभिर्मुहुः । वञ्चिता वित्तयोषादिग्रहणैस्तांस्त्यजन्ति हि ॥ ५७
सतः श्रयन्ते तेऽथैषां दृष्ट्वा शीलं तु दुष्करम् । हित्वा तानथ कुण्डादीन् श्रित्वा क्रीडन्ति कीशवत् ॥ ५८
ततस्ते गुरुभिः साकं शिष्यसंज्ञाः कुसङ्गिनः । प्रयान्ति नरकान् घोरान् देहान्ते नात्र संशयः ॥ ५९
इति सत्सङ्गशब्दार्थदीप उद्दीपितो मया । ज्ञात्वा तेनान्वहं सन्तः सङ्गम्या ईश्वरादयः ॥ ६०

કરી અસત્ માં બંધાય છે, એટલે કે અસત્ ઈશ્વર, અસત્ સાધુ, અસત્ ધર્મ અને અસત્ શાસ્ત્રોમાં આસક્ત થાય છે, તેને કુસંગી જાણવા. તેમાં કાળ, માયા, સ્વભાવ, કર્મ, ભૈરવાદિ તામસ દેવતાઓ, સર્વે પરતંત્ર હોવાથી અસત્ ઈશ્વર કહેલા છે. તેમ જ જે મનુષ્યો કે સાધુઓ પરમેશ્વર ભગવાન વિષ્ણુને છોડી કાળ, માયા આદિકની ઉપાસના કરે છે, તેમજ શ્રુતિ અને સ્મૃતિ વિરુદ્ધ ધર્મનું આચરણ કરે છે, તે સાધુઓને અસાધુ કહેલા છે. તે જ રીતે દંભ, માન, કલહ, ક્રોધ, હિંસા, લોભ, કામ આદિ અધર્મસર્ગથી જે ઉત્પન્ન થયેલા છે, તે પાપી છે. તેમાં ધર્મનો ભાસ છે પણ ખરેખર તે ધર્મો નથી, તેથી તેને અધર્મો કહેલા છે. વળી જે શાસ્ત્રમાં અસત્, શબ્દ વાચ્ય આ ત્રણ અસત્, ઈશ્વર, અસાધુ અને અધર્મનું પોતાની ઈચ્છાનુસાર શ્રુતિ, સ્મૃતિથી વિરુદ્ધ દુરાગ્રહપૂર્વક વર્ણન કર્યું હોય, તેને અસત્ શાસ્ત્ર કહેલું છે, તે પછી નાનું હોય કે મોટું હોય છતાં તેને અસત્શાસ્ત્ર જ કહેલું છે.[૫૧-૫૫]

હે ભક્તજનો ! જે મનુષ્યો અસત્ શબ્દવાચ્ય ઉપરોક્ત ચારનો સંગ કરે છે, તે મનુષ્યોને કુસંગી, દંભી, પાખંડી, નાસ્તિક, અસુર આદિ શબ્દોથી સંબોધવામાં આવે છે. અસદ્બુદ્ધિવાળા તે કુસંગીજનો પોતાના પાખંડી ગુરુઓ થકી ધન, સ્ત્રી, વસ્ત્રાદિક પદાર્થોના ગ્રહણથી વારંવાર છેતરાય છે, અને તેનો ત્યાગ પણ કરે છે. કેટલાક કુસંગીજનો પ્રથમ સત્પુરુષોનો આશ્રય કરે છે, પરંતુ સંતોના ભાગવતધર્મના આચરણરૂપ દુષ્કર ચરિત્રો જુવે છે, ત્યારે પોતાનાથી આ નહિ પાળી શકાય, એવું વિચારીને તે સત્પુરુષોનો ત્યાગ કરી દે છે, અને અસત્પુરુષોનો આશ્રય કરી મોજશોખ પ્રધાન પંથમાં ભળી વાનરની જેમ ક્રીડા કરે છે.[૫૬-૫૮]

सत्सङ्गदीपकमिमं कुमतान्धकारनाशं समाश्रयति यः श्रुतिकीर्तनाभ्याम् ।
सोऽज्ञानसन्तमसतो भवबन्धहेतोर्मुक्तो भवत्यभिमतं लभते स सौख्यम् ॥ ६१

**सुव्रत उवाच-**

श्रुत्वा गुरोर्वजनमेतदसंशयं ते भक्तास्तदेक शरणा जगृहुः शिरोभिः ।
आज्ञापिता निजनिजां वसतिं ययुस्ते तेनाथ सोऽप्युटजमात्मन आजगाम ॥ ६२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे अन्नकूटोत्सवे सत्सङ्गदीपप्रकाशननामा द्वाविंशोऽध्यायः ॥२२॥*

---

ત્યારપછી વિષયભોગ માટે જ નામ માત્ર શિષ્ય થઈને ફરતા તે કુસંગીજનો અસદ્‌ગુરુઓની સાથે જ ઘોર નરકમાં પડે છે. તેમાં કોઈ સંશય નથી.[૫૯]

હે ભક્તજનો ! આ પ્રમાણે મેં તમારી આગળ સત્સંગ શબ્દનો અર્થરૂપી દીવો પ્રજ્જલિત કર્યો, તેથી પ્રથમ આ "સત્સંગાર્થદીપ" હાથમાં લઈ સત્યને ઓળખી, સત્શબ્દવાચ્ય પરબ્રહ્મ, સત્પુરુષો, સદ્ધર્મ અને સત્શાસ્ત્ર આ ચારનો પ્રતિદિન કહ્યા પ્રમાણે સંગ કરવો.[૬૦] હે ભક્તજનો ! જે મનુષ્ય કુત્સિતમતરૂપી અંધકારનો નાશ કરનાર આ સત્સંગદીપને સાંભળશે કે કહેશે તે મનુષ્ય ભવબંધનમાં કારણભૂત અજ્ઞાનરૂપી અંધકારથકી મુક્ત થઈ ઈચ્છિત પરમ સુખને પામશે.[૬૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ગુરુવર્ય શ્રીસહજાનંદ સ્વામીનું સંશય રહિતનું સ્પષ્ટ પૂર્વોક્ત વચન સાંભળી તેમને જ પ્રગટ પરબ્રહ્મ પરમાત્મા જાણી તેનો જ અનન્ય આશ્રય કરી રહેલા સર્વે સભાસદ્ સત્સંગીજનોએ એ વચનને પોતાના મસ્તક ઉપર ધારણ કર્યું. ત્યારપછી ભગવાન શ્રીહરિની આજ્ઞાથી તેઓ પોતપોતાને નિવાસ સ્થાને ગયા અને ભગવાન શ્રીહરિ પણ પોતાની અક્ષરઓરડીએ પધાર્યા.[૬૨]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં અન્નકૂટોત્સવના દિવસે રાત્રી સભામાં ભગવાન શ્રીહરિએ "સત્સંગદીપ" નું પ્રકાશન કર્યું, એ નામે બાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૨--***

अथ त्रयोविंशोऽध्यायः - २३

सुव्रत उवाच-

ततो यमद्वितीयायां पोलिकापायसादिभिः । बहुलाज्यसितैर्भोज्यैरतर्पयदृषीन्नृपः ॥ १
तस्यां निशि सदःसंस्थं चरितुं भूतले मुनीन् । आजिज्ञापयिषुं भूपः प्रोवाच हरिमानतः ॥ २

उत्तम उवाच-

अन्नकूटोत्सवे ह्यद्य ललितायास्तु सर्वथा । मनोरथस्त्वया सर्वो भक्तवत्सल ! पूरितः ॥ ३
एवमेव त्वया कार्यं प्रबोधन्युत्सवेऽपि च । नातिदूरे वर्तमाने जयाया अपि तोषणम् ॥ ४
स्थितिमत्रैव कुर्वन्तु पूर्णिमान्तं यथासुखम् । सर्वेऽपि मुनयः स्वामिन्नित्यस्ति प्रार्थितं मम ॥ ५
विप्रादयो यथापूर्वं गृह्णन्त्वन्नादि मद्गृहात् । निमित्तमात्रमेवाहं कर्ता कारयिता भवान् ॥ ६

---

# અધ્યાય - ૨૩

## જયાબાની પ્રાર્થનાથી સંતો-ભક્તોને પ્રબોધની પર્યંત રોકાવાની શ્રીહરિની આજ્ઞા.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિકસુદ ૨, ભાઈબીજ યમદ્વિતીયાના દિવસે ઉત્તમરાજાએ બહુજ ઘી સાકરથી યુક્ત પૂરણપોળી, દૂધપાક તેમજ અન્નકૂટનાં બચેલાં પક્વાન્નોથી સંતોને જમાડી ખૂબજ તૃપ્ત કર્યા.[૧] તે જ દિવસની રાત્રીએ મોટી સભામાં ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન ભગવાન શ્રીહરિએ આ પૃથ્વીપર અજ્ઞાની જનોને ઉપદેશ આપવા સંતોને વિચરણ કરાવા મનમાં ઈચ્છા કરી. તે સમયે ઉત્તમરાજા ભગવાન શ્રીહરિની સમીપે આવી નમસ્કાર કરી જયાબાની પ્રેરણાથી કહેવા લાગ્યા.[૨]

ઉત્તમરાજા કહેછે, હે ભક્તવત્સલ ભગવાન ! આ અન્નકૂટના ઉત્સવમાં તમે લલિતાબાના સર્વે મનોરથ સર્વપ્રકારે પૂર્ણ કર્યા,[૩] અને હે પ્રભુ ! પ્રબોધનીનો ઉત્સવ પણ કાંઈ હવે દૂર નથી, તેથી જયાબાનો મનોરથ પૂર્ણ કરવાની પણ આપ કૃપા કરો.[૪] હે સ્વામિન્ ! સર્વે સંતો પણ કાર્તિકી પૂર્ણિમા સુધી સુખપૂર્વક અહીં ગઢપુરમાંજ નિવાસ કરીને રહે, એવી મારી આપની પાસે પ્રાર્થના છે.[૫] તેમજ દેશદેશાંતરમાંથી આવેલા બ્રાહ્મણાદિ સર્વે ભક્તજનો પણ અહીં મારા ઘરમાંથી જ અન્નાદિ પદાર્થોનો સ્વીકાર કરીને અહીં રહે. હું તો નિમિત્તમાત્ર છું. બાકી બધું જ કરાવનારા ને કરનારા એક તમે જ છો.[૬]

**सुव्रत उवाच-**

इत्युत्तमवचः श्रुत्वा पश्यन् दूरस्थितां जयाम् । तथास्त्विति हरिः प्राह प्रहसन्मुखपङ्कजः ॥ ७
जयान्तिकमथोपेत्य तत्तथाऽवददुत्तमः । सापि प्रीता स्वानुजावत्तत्सम्भारानचीक्लृपत् ॥ ८
हरिश्चाह मुनीन्सर्वान् भक्तांस्तत्र च सङ्गतान् । पूर्णिमावधि सर्वेऽपि यूयमत्र वसन्तु भोः! ॥ ९
आमान्नादेर्ग्रहीतारो येऽत्र स्युर्ब्राह्मणादयः । नृपमोदिवणिग्गेहात्ते गृह्णन्तु यथा पुरा ॥ १०
सिद्धान्नस्य च भोक्तारो ये स्युस्तैर्नृपमन्दिरे । भोजनीयं यथाकालं दिवसानि त्रयोदश ॥ ११
इति प्रोक्ता भगवता विप्राद्यास्ते तथाऽऽचरन् । सुखेन न्यवसंश्चैते भक्ता भूपेन सत्कृताः ॥ १२
मुन्यादींस्तांस्ततो राजा यथेष्टं प्रतिवासरम् । प्रचुराज्यसितैः खाद्यैः प्रीणयामास भक्तितः ॥ १३
सम्भावयन्नृपं सोऽपि भगवन्विविधानि च । कारयामास भोज्यानि जयया नृपमन्दिरे ॥ १४

---

**હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમરાજાનાં વચનો સાંભળી ભગવાન શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા અને દૂર ઊભેલાં જયાબાની સામે જોતાં જોતાં, ભલે તે પ્રમાણે તમારો સંકલ્પ પૂર્ણ થાઓ, આ પ્રમાણે કહીને ખૂબજ રાજીપો દર્શાવ્યો.[૭] પછી ઉત્તમરાજા જયાબાની સમીપે જઈને ભગવાન શ્રીહરિએ કહેલાં વચનો સંભળાવ્યાં, તે સમયે જયાબા પણ ખૂબજ ઉત્સાહમાં આવી ગયાં અને લલિતાબાની જેમજ પ્રબોધનીના ઉત્સવની સામગ્રી ભેળી કરવા લાગ્યાં.[૮] આ બાજુ ભગવાન શ્રીહરિ સંતોને તથા દેશાંતરવાસી સર્વે ભક્તજનોને કહ્યું કે, હે સંતો ! હે હરિભક્તો ! તમે સર્વે કાર્તિકી પૂનમ સુધી અહીં દુર્ગપુરમાંજ નિવાસ કરીને રહો.[૯] તેમજ તમારામાંથી જે કાચું અન્ન ગ્રહણ કરનારા બ્રાહ્મણો હોય તે સર્વે ઉત્તમરાજાના રાજકોષમાંથી જેમ પૂર્વે લેતા હતા તેમ જ લેજો.[૧૦] અને જે રાંધેલું અન્ન જમનારા ભક્તજનો હોય તે ઉત્તમરાજાના ભવનમાં તેર દિવસ સુધી સમયે સમયે ભોજન લેશો.[૧૧]**

**આ પ્રમાણે ભગવાન શ્રીહરિની આજ્ઞા થવાથી સર્વે સંતો-ભક્તો અને બ્રાહ્મણો વચન પ્રમાણે વર્તવા લાગ્યા અને ઉત્તમરાજા દ્વારા અતિશય સત્કાર પામી સુખપૂર્વક ગઢપુરમાં જ નિવાસ કરીને રહ્યા.[૧૨] અને ઉત્તમરાજા પ્રતિદિન મુનિજનો તેમજ ભક્તજનોને ખૂબજ ઘી સાકર યુક્ત ભોજનો પ્રેમપૂર્વક ઈચ્છાનુસાર જમાડી તૃપ્ત કરવા લાગ્યા.[૧૩] તે સમયે શ્રીહરિએ પણ ઉત્તમરાજાની બહુ સંભાવના કરી સત્કાર્યા અને રાજભવનમાં જયાબા દ્વારા પ્રબોધનીના ઉત્સવ નિમિત્તે વિવિધ પકવાન્નો તૈયાર કરાવા લાગ્યા.[૧૪] હે રાજન્ ! રમાબા તથા લલિતાબા આદિક**

रमा च ललितामुख्या योषितस्तत्र सादरम् । पाकसिद्ध्यादि चक्रुस्ता निर्मानाः पूर्ववन्नृप ! ॥ १५
हरौ भक्तिं परां प्राप्ता जयापि ललितेव सा । आरभ्यैव तृतीयायाः प्रसिताऽभवदुत्सवे ॥ १६
प्रभाशङ्करमुख्याश्च ब्राह्मणा अपि पूर्ववत् । गङ्गाद्य विप्रपत्नयश्च विदधुः पाकमादृताः ॥ १७
दृढबद्धकटिस्तत्र नित्यं पाकादि कारयन् । आनन्दयामास हरिर्जयां तां ललितामिव ॥ १८
महादानान्यथ स्वस्त्रा कारयन् हर्यनुज्ञया । आनयामास नृपतिर्देयवस्तून्युदारधीः ॥ १९
प्रश्नोत्तरैरनेकैश्च सभायां प्रत्यहं प्रभुः । सर्वानानन्दयामास कुर्वन्निःसंशयान् जनान् ॥ २०
तृतीयायां प्रदोषेऽसौ कृष्णनीराजनोत्तरम् । नामसङ्कीर्तनं कृत्वा सदःसंस्थोऽब्रवीन्निजान् ॥ २१
प्रष्टव्यं यस्य यत्किञ्चिद्भवेत्पृच्छतु मां स तत् । निःसंशयं सेवितौ यद्भक्तिधर्मौ फलप्रदौ ॥ २२

---

પૂર્વોક્ત અનેક સ્ત્રીભક્તજનો પણ નિર્માની થઈ આ પ્રબોધનીના ઉત્સવ નિમિત્તે અતિશય આદરપૂર્વક અન્નકૂટના ઉત્સવની જેમ જ પકવાન્નો તૈયાર કરવામાં તત્પર થયાં.[૧૫] તેમજ ભગવાન શ્રીહરિને વિષે સર્વોત્તમ ભક્તિભાવને પામેલાં જયાબા પણ લલિતાબાની જેમજ કાર્તિકસુદ તૃતીયાથી આરંભીને પ્રબોધની ઉત્સવમાટે સેવા કાર્યમાં તત્પર થયાં.[૧૬] તેમજ પ્રભાશંકર આદિ સર્વે બ્રાહ્મણો અને ગંગામા આદિ બ્રાહ્મણ પત્નીઓ પણ અતિશય આદરપૂર્વક અન્નકૂટના ઉત્સવની માફક જ પકવાન્નો તૈયાર કરવાની સેવામાં લાગ્યાં.[૧૭]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પણ કેડ સંઘાથે દઢ કછોટો બાંધી પ્રબોધનીના ઉત્સવને માટે નિત્યે પકવાન્નો તૈયાર કરાવતા લલિતાબાની જેમ હવે જયાબાને પણ ખૂબજ આનંદ આપવા લાગ્યા.[૧૮] તે સમયે ઉદાર બુદ્ધિવાળા ઉત્તમરાજા પણ શ્રીહરિની આજ્ઞાથી જયાબા દ્વારા ઉત્સવ ઉપર મહાદાન કરવાને માટે ઉપયોગી વસ્તુ સામગ્રી લાવવાની સેવા કરવા લાગ્યા. [૧૯]અને ભગવાન શ્રીહરિ પણ પ્રતિદિન સત્સંગ સભામાં અનેક પ્રકારની પ્રશ્નોત્તરીથી સર્વે સંતો-ભક્તોને નિઃસંશય કરી આનંદિત કરવા લાગ્યા.[૨૦] હે રાજન્ ! કાર્તિક સુદ તૃતીયાની રાત્રીના પ્રથમ પ્રહરમાં ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવનારાયણની આરતી કરી નારાયણ ધૂન્ય આદિ નામ સંકીર્તન કરી સભામાં ઊંચા સિંહાસન પર વિરાજમાન થઈ પોતાના સંતો-ભક્તો પ્રત્યે કહેવા લાગ્યા.[૨૧] કે હે ભક્તજનો ! જે ભક્તજનના અંતરમાં જે કાંઈ પણ મને પૂછવાની ઈચ્છા હોય તે પૂછો, કારણ કે, નિઃસંશયપણે ભક્તિ તેમજ ધર્મનું આચરણ કરવામાં આવે તો યથાર્થ ફળની પ્રાપ્તિ થાય છે.[૨૨] હે રાજન્ ! તે સમયે પોતાના વંશે સહિત ભાગવતધર્મની પોતાના હૃદયમાં વૃદ્ધિ કરવા ઈચ્છતા સભામાં

हेमन्तसिंहो नृपतिस्तदानीं सदःस्थितस्तं विनयेन नत्वा ।
सद्धर्मपुष्टिं हृदि कामयानः पप्रच्छ च स्वस्य सहान्वयस्य ॥२३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे दुर्गपुरे मुन्याद्यावासननामा त्रयोविंशोऽध्यायः॥२३॥*

---

## चतुर्विंशोऽध्यायः - २४

**राजोवाच-**

पुंसां स्त्रीणां च भगवन्सम्प्रदाय इहौद्धवे । धर्मरक्षा भवेद्येन साधनं ब्रूहि तद्धि मे ॥ १
स्यात्सद्धर्मस्य संवृद्धिर्यथा कृष्णस्य च प्रभो ! । उपासनायास्तद्ध्रासस्तथा सम्यङ्गिरुपय ॥ २

---

ઉપસ્થિત પંચાળાના હેમંત-સિંહરાજા વિનયપૂર્વક ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને પૂછવા લાગ્યા [૨૩]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ પર્યંત સંતો-ભક્તોને દુર્ગપુરમાંજ નિવાસ કરવાની આજ્ઞા આપી તેનું નિરૂપણ કર્યું એ નામે ત્રેવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૩--***

---

## અધ્યાય - ૨૪

### ઉદ્ધવ સંપ્રદાયનાં નરનારીઓના ધર્મની રક્ષાનો અને વૃદ્ધિનો ઉપાય પૂછતા હેમંતસિંહ રાજા.

હેમંતસિંહ રાજા પૂછે છે, હે ભગવાન ! આ ઉદ્ધવસંપ્રદાયમાં રહેતા સ્ત્રી-પુરુષોના ધર્મની રક્ષા જે સાધનથી થાય તે સાધન શું છે ? તે આપ જણાવો, આ પહેલો પ્રશ્ન છે. વળી હે પ્રભુ ! જે પ્રકારે સદ્ધર્મની સંવૃદ્ધિ થાય તેનો ઉપાય શું છે ? આ બીજો પ્રશ્ન છે. અને ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસનાની સંવૃદ્ધિ કઇ રીતે થઇ શકે ? આ ત્રીજો પ્રશ્ન છે. તેમજ સદ્ધર્મનો અને ઉપાસનાનો જીવનમાંથી ક્ષય કેમ થઇ જાય છે ? આ ચોથો પ્રશ્ન છે. તો હે પ્રભુ ! આ ચારે પ્રશ્નોના ઉત્તર અમને વિવેચન કરીને સમજાવો. [૧-૨]

**श्रीनारायणमुनिरुवाच-**

श्रृणु राजन् ! ब्रुवे तुभ्यं सद्धर्मावनसाधनम् । सत्सङ्गमेव तन्मुख्यं विद्धि सच्छास्त्रसम्मतम् ॥ ३
दैवसम्पद्युजां सङ्गात्सद्धर्मोपासनाबलम् । विवर्धते क्षीयते तत्सङ्गाद्ध्यासुरसम्पदाम् ॥ ४
धर्मज्ञानविरक्तीनां भक्तेश्चापि निरुपणे । बाह्यवेषे चास्ति साम्यमुभयेषां च योषिताम् ॥ ५
तत्र निष्कपटं स्वीयश्रेयोर्थं दैवसम्पदः । प्रीतये च हरेर्नित्यं स्वधर्माद्याचरन्ति हि ॥ ६
स्त्रीद्रव्यरसमानादिप्राप्तयेऽन्ये तु दाम्भिकाः । धर्मादिवार्तां कपटाद्वाङ्मात्रेणात्र कुर्वते ॥ ७
फूत्कृत्य गुप्तं दंशन्तो मूषका इव ते शनैः । धर्मादिवार्तां कृत्वैतन्मूलच्छेदं हि कुर्वते ॥ ८
सदसद्व्यक्तिबोधोऽतो यथा स्यादुद्धवाध्वनि । मनुष्याणां तथा स्पष्टं तल्लक्ष्माद्यपि कथ्यते ॥ ९

---

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે રાજન્ ! પહેલાં હું તમને સદ્ધર્મની રક્ષાનું સાધન શું છે, એ પ્રશ્નનો ઉત્તર આપું છું, તેને તમે સાવધાન થઈને સાંભળો. હે રાજન્ ! સત્સંગ છે તે જ સદ્ધર્મના રક્ષણનો શ્રેષ્ઠ ઉપાય છે, અને આ વાત છે તે સકલ શાસ્ત્ર સંમત છે, એમ તમે નક્કી જાણો.[૩] દૈવી સંપત્ યુક્ત સ્ત્રી-પુરુષોના સત્સંગથી જ સદ્ધર્મ અને ભગવાનની ઉપાસનાનું બળ વૃદ્ધિ પામે છે. તેમાં પુરુષોએ પુરુષોનો સમાગમ કરવો અને સ્ત્રીઓએ સ્ત્રીઓનો સમાગમ કરવો. આ વિવેક અતિશય અગત્યનો સમજવો. તેમજ આસુરી સંપત્ યુક્ત સ્ત્રી-પુરુષોના સહવાસથી સદ્ધર્મ અને ભગવાનની ઉપાસનાનું બળ ઘટી જાય છે.[૪] હે રાજન્ ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું નિરૂપણ કરવામાં તેમજ બાહ્યવેષમાં દૈવી અને આસુરી સંપત્તવાળા પુરુષો કે સ્ત્રીઓ એક સરખા હોય છે, ઉપરથી તો જલદી ઓળખી શકાય નહિ.[૫] પરંતુ જે દૈવીસંપત્‌વાળા સાધુપુરુષો સજ્જન હોય છે, તે નિષ્કપટભાવે કેવળ પોતાના આત્યંતિક કલ્યાણને માટે અને ભગવાન શ્રીહરિને રાજી કરવા માટે જ સ્વધર્માદિકનું અનુષ્ઠાન કરે છે.[૬]અને જે આસુરીસંપત્ વાળા દંભીભક્તો છે તે સ્ત્રી, દ્રવ્ય, રસાસ્વાદ તથા માન મેળવવા માટે કપટથી કેવળ વાણીવિલાસ માટે જ ધર્મજ્ઞાનાદિકની ગોષ્ઠી કરે છે, તેના વાણી વિલાસને અને ધર્માચરણને કોઈ લેવા-દેવા હોતા નથી.[૭] ફૂંકી ફૂંકીને છૂપી રીતે દંશ આપતા ઉંદરની જેમ તે આસુરી સંપત્તવાળા પુરુષો ધીરે ધીરે ધર્મસંબંધી વાતો કરી તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં મૂળજ ખોદે છે.[૮]

**અસુરોની ઉત્પત્તિ, લક્ષણો અને સંગફળ :–** હે રાજન્ ! તેથી આ ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા સ્ત્રી-પુરુષોને સત્ અને અસત્‌નો બોધ થાય તેના

निःश्रेयसाय जीवानां श्रीविष्णुर्भगवान्स्वयम् । आविर्भवति भूलोके स्वतन्त्रः करुणानिधिः ॥ १०
नरनारायणो दत्त ऋषभः कपिलादयः । रामकृष्णादयश्चास्यावताराः सन्ति भूरिशः ॥ ११
ते निहत्यासुरान्दुष्टान्धर्मसाधुसुरद्रुहः । धर्मं प्रवर्तयन्त्यत्र सेव्यास्ते मोक्षकाङ्क्षिभिः ॥ १२
असुरांस्ते यथा घ्नन्ति यादृशास्तेऽसुरा यथा । जातास्तदादौ वच्म्यत्र श्रीमद्भागवतोदितम् ॥ १३
सर्गारम्भे पुरा ब्रह्मा छाययैवात्मनोऽसृजत् । अविद्यां पञ्चपर्वाणं निजसर्गोपबृंहणाम् ॥ १४
तमो मोहो महामोहस्तामिस्रं च तुरीयकम् । पञ्चमं त्वन्धतामिस्रमविद्यापर्व कीर्त्यते ॥ १५
एतामविद्यां सृष्ट्वैव तां तनुं विजहावजः । तमोरुपा निशा साऽभूदसुराणां बलं यतः ॥ १६
एतत्तनुसमुद्भूता विधेर्जघनजास्तथा । असुरा यक्षरक्षांसि बभूवुर्दुःखहेतवः ॥ १७

---

માટે તેમનાં લક્ષણો હું સ્પષ્ટપણે તમને જણાવું છું, તેમજ તેમના સત્સંગથી કે કુસંગથી પ્રાપ્ત થતું સુખ દુઃખરૂપ ફળ કેવું મળે છે, તે પણ સ્પષ્ટ સંભળાવું છું.[૯] હે રાજન્ ! સર્વતંત્ર, સ્વતંત્ર, કરુણાનિધિ, સર્વાન્તર્યામી , સ્વયં ભગવાન શ્રીવાસુદેવ પરમાત્મા જીવોના આત્યંતિક કલ્યાણને માટે આ મૃત્યુલોકમાં પ્રગટ થાય છે.[૧૦] તે શ્રીનરનારાયણદેવ, દત્તાત્રેય, ઋષભદેવ, કપિલ, કુમાર, નારદાદિ તથા શ્રીરામચંદ્રજી, શ્રીકૃષ્ણચંદ્ર આદિ ભગવાનના અવતારો થયા છે.[૧૧] તે અવતારો આ પૃથ્વીપર ધર્મ, સાધુ અને દેવતાઓનો દ્રોહ કરનારા દુષ્ટ અસુરોનો સંહાર કરી ધર્મમાર્ગનું પ્રવર્તન કરે છે, તેથી સર્વે અવતારો મોક્ષાર્થીજનો માટે અવશ્ય ઉપાસના કરવા યોગ્ય છે.[૧૨] તે ભગવાનના અવતારો જે રીતે અસુરોનો સંહાર કરે છે, તે અસુરો કેવા પ્રકારના હોય છે ? તથા તે કઇ રીતે ઉત્પન્ન થાય છે ? તે સર્વે વૃત્તાંત શ્રીમદ્‌ભાગવતમાં વર્ણન કરેલું છે. તેથી તે વાત હું તમને પ્રશ્નના ઉત્તરમાં યથાર્થ કહું છું.[૧૩]

હે રાજન્ ! પૂર્વે સૃષ્ટિના પ્રારંભમાં જગતસ્રષ્ટા બ્રહ્માજીએ પોતે રચેલી સૃષ્ટિને વૃદ્ધિ પમાડવા પાંચ પર્વોવાળી (ગાંઠોવાળી) પોતાની બુદ્ધિની છાયારૂપ અવિદ્યાનું સર્જન કર્યું. તમ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર આ પાંચ અવિદ્યાના પર્વ છે.તેમાં તમ એટલે અવિવેક, મોહ એટલે અંતઃકરણમાં વિભ્રાંતિ, મહામોહ-માયિક પંચવિષયોના ભોગ ભોગવવાની ઇચ્છા, તામિસ્ર-ક્રોધ અને અંધતામિસ્ર-મરણ.[૧૫] બ્રહ્માજી આ પાંચ પર્વવાળી અવિદ્યાનું સર્જન કરીને તે અવિદ્યાનું જેમાંથી સર્જન થયું હતું તે પોતાનું શરીર છોડી દીધું. તે શરીર ગાઢ અંધકાર સ્વરૂપ રાત્રી થઇ, જે રાત્રીમાં અસુરોનું બળ વૃદ્ધિ પામે છે.[૧૬]

सर्गोऽधर्मात्तदा चाभूद्ब्रह्मपृष्ठोद्भवादयम् । कामलोभमदेर्ष्या रुट् हिंसा माया कलिर्भयम् ॥ १८
मोहमत्सरमानाद्या अधर्मकुलनायकाः । एते ह्यसुरदेहेषु न्यूषुः सर्वे यथासुखम् ॥ १९
तदाविष्टास्तु ते यब्धुं भोक्तुं पातुं च निर्दयाः । ब्रह्माणं दुद्रुवुः सर्वे स तं देहं तदा जहौ ॥ २०
पतन्स देहः सन्ध्याऽभूत्तां ते मूढाः प्रपेदिरे । त्रिषु लोकेषु ते दुष्टाश्चरन्तोऽभ्यार्दयंश्च तान् ॥ २१
आसीत्तेषां जीवनं चाथैहिकामुष्मिकं सुखम् । अधर्मसर्ग एवैकमसुराणां दुरात्मनाम् ॥ २२
तन्वाऽथ प्रभया विद्यातपोयोगसमाधिना । देवानृषीन् मनूंन्नृंश्च ससर्ज विधिरादरात् ॥ २३
साक्षाद्धर्मस्ततो जातो ब्रह्मणो दक्षिणस्तनात् । सह स्वपरिवारेण देवादिष्ववसच्च सः ॥ २४
श्रद्धा मैत्री दया शान्तिस्तुष्टिः पुष्टिः क्रियोन्नतिः । बुद्धिर्मेधा तितिक्षा ह्रीर्मूर्तिर्धर्मस्य योषितः ॥ २५

---

**હે રાજન્ ! અવિદ્યારૂપ રાત્રી જે શરીરમાંથી ઉત્પન્ન થઈ તે જ શરીરમાંથી ઉત્પન્ન થયેલા તથા બીજા શરીરને પામેલા એવા બ્રહ્માના જંઘા થકી ઉત્પન્ન થયેલા અસુરો, યક્ષો, રાક્ષસો, બ્રહ્માંડમાં રહેલા સકલ જીવોને દુઃખ આપવા લાગ્યા.[૧૭] તે જ સમયે બ્રહ્માના પૃષ્ઠભાગમાંથી અધર્મસર્ગ ઉત્પન્ન થયો. તે અધર્મસર્ગમાં કામ, ક્રોધ, લોભ, મદ, ઈર્ષ્યા, હિંસા, કપટ, કલહ, ભય, મોહ, મત્સર, માન આદિ મુખ્ય હતા. તે અસુરો, યક્ષો અને રાક્ષસોના શરીરમાં પ્રવેશ કરી સુખપૂર્વક રહેવા લાગ્યા. તેથી તે અસુરોની સર્વે ક્રિયા જેમ ભૂતપ્રવેશ કરેલા માણસની ક્રિયાનું ઠેકાણું ન રહે તેમ કામાદિકનો પોતામાં પ્રવેશ થતાં અધર્મસર્ગને અધીન થવાથી કોઈનું ઠેકાણું રહ્યું નહિ.[૧૯]**

**કામાદિક અધર્મસર્ગે પોતાનામાં પ્રવેશ કર્યા પછી તે નિર્દય અસુરો મૈથુન કરવા માટે, માંસ ભક્ષણ કરવા માટે અને રુધિરનું પાન કરવા માટે ખુદ બ્રહ્માની પાછળ દોડ્યા. તેથી ભયભીત થયેલા બ્રહ્માએ તત્કાળ શરીર છોડી દીધું.[૨૦] ને તે શરીરે તત્કાળ સંધ્યાનું રૂપ ધારણ કરી લીધું. પછી મૂઢબુદ્ધિવાળા અસુરો તે સંધ્યાને પોતાને ઈચ્છિત સ્ત્રી મળી એમ જાણી તેનો સ્વીકાર કરી લીધો. પછી તે દુષ્ટ અસુરો, યક્ષો અને રાક્ષસો ત્રિલોકીમાં ફરવા લાગ્યા અને પ્રજાને પીડા આપવા લાગ્યા.[૨૧] દુષ્ટ મનના તે સર્વેને આલોક કે પરલોકમાં કેવળ અધર્મસર્ગ જ એક જીવનનું અને સુખનું સાધન માત્ર હતું.[૨૨]**

**દેવતા, ઋષિઓ અને મનુષ્યોની ઉત્પત્તિ :–** હે રાજન્ ! પછી બ્રહ્માજીએ પોતાનાં પ્રભારૂપ શરીરથકી દેવતાઓનું સર્જન કર્યું. તેમજ વિદ્યા, તપ, અને ભગવાનના ધ્યાનમાં એકાગ્ર થઈ ઋષિઓ, મનુ અને મનુષ્યોનું સર્જન

एता लक्ष्मीर्यथा विष्णुं शिवा वा शङ्करं यथा । शक्तयोऽनुव्रताः सन्ति तथा धर्मं हि सर्वदा ॥ २६
शुभं सुखं प्रसादश्च क्षेमाभयमुदादयः । पुत्रा धर्मस्य तैः साकं तत्रोवास सुखेन सः ॥ २७
सह सम्बन्धिभिर्धर्मो देवादीनां तु जीवनम् । आसीदत्र परत्रापि स एव सुखमीप्सितम् ॥ २८
वपूंष्यधर्ममुख्यानां सन्त्यविद्यामयानि वै । विद्यामयानि सर्वेषां धर्मादीनां भवन्ति च ॥ २९
दैवी सम्पदिति प्रोक्तः सान्वयो धर्म आसुरी । सम्पच्चाधर्मसर्गस्तु हरिगीतासु विस्तरात् ॥ ३०
दैवी सम्पन्मोक्षकर्त्री बन्धकर्त्री मताऽऽसुरी । देवतास्वस्ति दैव्येवमासुरी चासुरेष्वपि ॥ ३१
देशकालक्रियासङ्गवैषम्याद्दैवतेष्वपि । आसुरी सम्पदायाति तदा तेऽप्यसुरा मताः ॥ ३२
यथा शच्याः प्रसङ्गेन परिजाततरोः कृते । कृष्णेन भूरि युयुधे देवेन्द्रोऽप्यसुरेन्द्रवत् ॥ ३३

---

કર્યું.[૨૩] ત્યારપછી બ્રહ્માજીના જમણા સ્તનમાંથી સાક્ષાત્ ધર્મપ્રજાપતિ ઉત્પન્ન થયા. તે પોતાના વંશે સહિત દેવતાઓ, ઋષિઓ, મનુ અને મનુષ્યોમાં નિવાસ કરીને રહ્યા. તેથી તે દેવતાઓ આદિકની સર્વે ક્રિયા ધર્મસર્ગને અધીન થવા લાગી.[૨૪]

હે રાજન્ ! તે ધર્મવંશમાં તેમની પત્નીઓ શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી (લજ્જા) અને મૂર્તિ આ તેર હતી.[૨૫] લક્ષ્મીજી જેમ ભગવાન વિષ્ણુને અનુસરે છે. તેવી જ રીતે આ તેર ધર્મપ્રજાપતિની પત્નીઓ તેમને સદાય પતિવ્રતાના ધર્મનું પાલન કરતી અનુસરવા લાગી.[૨૬] તેમના શુભ, સુખ, પ્રસાદ, ક્ષેમ, અભય, જ્ઞાન, વૈરાગ્ય, યોગ, તપ, પ્રશ્રય આદિક અનેક પુત્રો થયા. પત્નીઓ અને પુત્રોએ સહિત ધર્મપ્રજાપતિ તે દેવતા અને ઋષિઓ આદિકમાં સુખપૂર્વક નિવાસ કરવા લાગ્યા.[૨૭] ત્યારે તે દેવતાઓ આદિકના આલોક કે પરલોકમાં જીવવાનું સાધન અને ઈચ્છિત સુખનું સાધન એક માત્ર વંશ સહિત ધર્મપ્રજાપતિ જ હતા.[૨૮]

હે રાજન્ ! અધર્મ તથા તેમના કામાદિક વંશજોનાં શરીરો અવિદ્યાત્મક અજ્ઞાન, પ્રધાન છે. જ્યારે ધર્મ તથા તેમના વંશજોનાં શરીરો વિદ્યાત્મક જ્ઞાન પ્રધાન છે.[૨૯] પરિવારે સહિત જે ધર્મ છે તે દૈવી સંપત્તિ છે, અને અધર્મ સર્ગ છે તે આસુરી સંપત્તિ છે, આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમદ્ભગવદ્ગીતામાં વિસ્તારથી વર્ણન કર્યું છે.તેમાં દૈવી સંપત્તિ છે તે મોક્ષકારી છે, જ્યારે આસુરી સંપત્તિ છે તે બંધનકારી છે.[૩૦]દેવતાઓ, ઋષિઓ, મનુ અને મનુષ્યોમાં દૈવીસંપત્તિ રહેલી છે, જ્યારે અસુરો, યક્ષો અને રાક્ષસોમાં આસુરીસંપત્તિ રહેલી છે.[૩૧] જ્યારે દેશ, કાળ, ક્રિયા અને સંગના વિષમપણાથી દૈવીસંપત્તવાળા દેવતાઓ, ઋષિઓ, મનુ

देशादीनां सतां योगादसुरेष्वपि कुत्रचित् । दैवी निविशते सम्पत्तदा देवा हि ते मताः ॥ ३४
प्रह्लादो दैत्यपुत्रोऽपि यथा नारदसङ्गमात् । दैवीं सम्पदमेवाऽऽप विष्णौ भक्तिं परां व्यधात् ॥ ३५
तस्यैव सङ्गाच्च यथा तत्पौत्रो बलिरासुरम् । त्यक्त्वा भावं हरिं चक्रे स्ववशं दैवसम्पदा ॥ ३६
देशादीनां सदसतां सम्बन्धात्सम्पदोर्द्वयम् । इदं देवासुराख्याकृन्मनुष्येष्वपि वर्तते ॥ ३७
देशादेरसतो योगाद्दैविका अपि मानवाः । आसुरीं सम्पदं प्राप्य लभन्ते ह्यसुराभिधाम् ॥ ३८
दुर्योधनस्याश्रयणाद्द्रोणभीष्मादयो यथा । आसन्नधर्मरुचयस्ततो दुर्योधनार्थितैः ॥ ३९
पातालस्थासुरैर्विष्टा देवा अप्यसुरा इव । नरनारायणाभ्यां ते कृष्णाभ्यां युद्धमाचरन् ॥ ४०
कृतकार्येषु दैत्येषु निर्गतेषु तदङ्गतः । पुनस्ते भगवद्भक्तिं चक्रिरे धर्ममाश्रिताः ॥ ४१

---

અને મનુષ્યોમાં પણ આસુરીસંપત્તિ પ્રવેશ કરી જાય છે. ત્યારે તે દેવાદિક પણ અસુરો જેવું વર્તન કરે છે, તેથી તેને પણ અસુર કહેવાય છે.[૩૨] જેવી રીતે દેવેન્દ્રે પત્ની સચીના પ્રસંગથી અધર્મસર્ગ પ્રવેશ કરતાં પારિજાતના વૃક્ષ સંબંધે પહેલાં જેની પોતે પૂજા કરી હતી તેવા શ્રીકૃષ્ણ ભગવાનની સાથે જ હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ દૈત્યોની જેમ ભયંકર યુદ્ધ કર્યું હતું.[૩૩]

તેવીજ રીતે દેશ, કાળ, ક્રિયા અને સંગના શુભપણાને લીધે આસુરીસંપત્તિવાળા અસુરો, યક્ષો, રાક્ષસો આદિકમાં પણ દૈવીસંપત્તિ પ્રવેશ કરે છે. ત્યારે તે અસુરો પણ દેવતા આદિક જેવું વર્તન કરે છે, તેથી તેને દેવ,ભક્ત આદિક કહેવાય છે.[૩૪] જેવી રીતે દૈત્યપુત્ર પ્રહ્લાદજીને નારદજીનો સંગ થયો, તો દૈવી સંપત્તિવાળા થયા. અને શ્રીવિષ્ણુ ભગવાનની સર્વોત્કૃષ્ટ ભક્તિ કરીને જીવન વ્યતીત કર્યું.[૩૫] તેમજ પ્રહ્લાદજીના પ્રસંગથી તેમના પૌત્ર બલિરાજાએ આસુરીભાવનો ત્યાગ કરી દૈવીસંપત્નો આશરો કરી ભગવાન શ્રીહરિને વશ કર્યા.[૩૬] મૂળભૂત રીતે માનવ દૈવીસંપત્વાળો હોવા છતાં શુભ અશુભ દેશકાળાદિકના પ્રસંગથી તેમાં પણ પૂર્વોક્ત દૈવીસંપત્ કે આસુરી સંપત્ આવીને નિવાસ કરે છે, ત્યારે દૈવીસંપત્વાળો માનવપણ અશુભ દેશકાળાદિકના યોગથી આસુરીસંપત્તિને પામી અસુર એવા નામને ધારણ કરે છે.[૩૭-૩૮] જેવી રીતે દૈવીસંપત્વાળા દ્રોણ, ભીષ્મ, કૃપાચાર્ય વિગેરેને કલિયુગના અવતારરૂપ દુર્યોધનનો પ્રસંગ થવાથી લોભ અને માન આદિક અધર્મમાં રુચિ થઈ. પછી દુર્યોધનની પ્રાર્થનાથી પાતાળ નિવાસી અસુરોએ તેમાં પ્રવેશ કર્યો. ત્યારે પોતે દૈવી સંપત્તિવાળા હોવા છતાં અસુરોની જેમ નર અને નારાયણના અવતારરૂપ અર્જુન અને શ્રીકૃષ્ણની

सतो योगात्तथा क्वापि देशादेरासुरक्रियाः । अपि देवाभिधां यान्ति दैवीं प्राप्यात्र मानवाः ॥ ४२
कदर्यपिङ्गलाद्याश्च दत्तात्रेयसमागमात् । यथाऽऽसुरक्रिया हित्वा पूज्या देवा इवाभवन् ॥ ४३
धर्मेण चाप्यधर्मेण सवंश्येनाश्रितात्मनाम् । देवासुराणामेतेषां वैरमस्ति परस्परम् ॥ ४४
छिद्राणि स्वस्वशत्रूणां ते पश्यन्त इतस्ततः । विचरन्ति त्रिलोक्यां वै स्वयूथैर्विजिगीषवः ॥ ४५
देशकालक्रियासङ्गान् सतो यर्हि श्रयन्ति ह । देवास्तर्हि जयन्त्येव धर्माद्यैर्निजवैरिणः ॥ ४६
देशादीनसतो यर्हि श्रयन्ते देवताः क्वचित् । तदा स्वनिष्ठाधर्माद्यैरसुरास्ता जयन्ति हि ॥ ४७
इत्थं देवाश्चासुराश्च स्वस्थयोः सम्पदोर्वशात् । व्यवह्रियन्ते लोकेषु तत्तन्नाम्ना द्विधा किल ॥ ४८
तत्रेदृशासुरान्हन्ति धर्मसंरक्षणाय सः । कृतावतारो भगवान् द्वेधा तदधुनोच्यते ॥ ४९

---

સાથે મહાયુદ્ધ કર્યું.[૩૯-૪૦] પોતાનું કાર્ય કરીને અસુરો તેમના શરીરમાંથી જ્યારે નીકળી ગયા. ત્યારે ફરીને દૈવી સંપત્તિનો આશ્રય કરી ભગવાનની ભક્તિ કરી.[૪૧]

હે રાજન્ ! ક્યારેક ક્યારેક આલોકમાં આસુરી ક્રિયા કરતા મનુષ્યો પણ શુભ દેશકાળાદિકના યોગે કરીને દૈવીસંપત્તિને પામી દેવ એવા નામને ધારણ કરે છે.[૪૨] જેમ અવંતીનગરીનો બ્રાહ્મણ કદર્ય, તેમજ મિથિલાનગરીની વેશ્યા પિંગલા, ગૃહરાજા, શબરી વિગેરે ભગવાન શ્રીદત્તાત્રેય અને શ્રીરામચંદ્રના પ્રસંગથી આસુરીક્રિયાને છોડીને દેવતાઓની જેમ પૂજ્યપણાને પામ્યા. કદર્યે લોભાદિ આસુરી ક્રિયા છોડી, પિંગલાએ કામાદિક આસુરી ક્રિયા છોડી, ગૃહ તથા શબરી આદિકે હિંસા આદિક આસુરી ક્રિયા છોડી દીધી અને ભગવાનનું ભજન કર્યું.[૪૩]

હે રાજન્ ! પોતાના પરિવારે સહિત ધર્મ દેવતાઓમાં રહેલા છે, અને પોતાના પરિવારે સહિત અધર્મ અસુરોમાં રહેલો છે, તેથી તે બન્નેને પરસ્પરનું વૈર સ્વાભાવિક થઇ ગયું છે.[૪૪] તેથી પરિવારે સહિત અધર્મનો પ્રવેશ પામેલા અસુરો એકબીજાનાં છિદ્રો શોધે છે, અને એક બીજા ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે પોતપોતાના યૂથની સાથે ત્રિલોકમાં આમ તેમ ફર્યા રાખે છે.[૪૫] દૈવીસંપત્તિવાળા દેવતાઓ પણ શુભ દેશકાળાદિકનો આશ્રય કરી ધર્મવંશનું બળ પ્રાપ્ત કરીને અસત્દેશકાળાદિકના યોગમાં રહેવાથી નિર્બળ થઇ ગયેલા પોતાના શત્રુ અસુરો ઉપર વિજય પ્રાપ્ત કરે છે.[૪૬] જો દેવતાઓ ક્યારેય પણ અસત્ દેશ-કાળાદિકનો આશ્રય કરે છે, ત્યારે અસુરો પોતાને વિષે રહેલા અસત્ દેશ-કાળાદિકને યોગે બળ પામેલા અધર્મથી દેવતાઓને જીતે છે. [૪૭]આ પ્રમાણે દેવતાઓ અને અસુરો પોતામાં પડેલી દૈવી અને આસુરી સંપત્તને આધીન થઇને વર્તે છે. તેથી આલોકમાં

प्रवृत्तिमार्गमाश्रित्य भगवान् यर्हि वर्तते । रामकृष्णादिरुपेण तदा तान् हन्ति हेतिभिः ॥ ५०
क्वचित्क्वचिच्च तन्निष्ठान्कामादीनान्तरासुरान् । ज्ञानोपदेशखड्गेन स हन्ति नतु तत्तनूः ॥ ५१
निवृत्तिमार्गमाश्रित्य भगवान् यर्हि वर्तते । नारायणादिरुपेण तदा हन्त्यान्तरान्रिपून् ॥ ५२
स्वाभाविकान्हन्ति दोषान्कामादीनसुरस्थितान् । सांसर्गिकांश्च देवस्थान्नतु तेषां तनूः क्वचित् ॥ ५३
स एव भगवान् पुंभिर्धृतमानुषविग्रहः । उपासनीयः श्रेयोऽर्थमज्ञानतिमिरापहः ॥ ५४
स्वतन्त्रत्वात्स भगवान्प्रत्यक्षः क्वापि वर्तते । क्वचित्परोक्षवच्चासावदृश्यो वर्तते नृभिः ॥ ५५
अदृश्यः स यदा तर्हि तूपास्या तस्य सर्वथा । प्रतिमैवाथ साधूनां सेवा कार्या च पूजनम् ॥ ५६
निष्कामा अथ निर्लोभा निःस्वादा निष्परिग्रहाः । निःस्नेहा निर्ममा दान्ता निर्मानाः साधवो मताः ॥ ५७

---

તેઓને દેવતાઓ, કે અસુરો એવા નામથી સંબોધવામાં આવે છે.[૪૮] તેમાં જે આસુરી સંપત્તિને ધારણ કરનારા અસુરો છે, તેનો ધર્મની રક્ષા કરવા પૃથ્વીપર અવતાર ધારણ કરનારા ભગવાન શ્રીનારાયણ વિનાશ કરે છે. તે વિનાશ પણ બે પ્રકારનો હોય છે. એક સાક્ષાત્ દેહનો વિનાશ અને બીજો તેની આજીવિકારૂપ આસુરી સંપત્તિનો વિનાશ કહેલો છે.[૪૯]

**અસુરવિનાસની ભગવાનની બે રીત :–** ભગવાન જ્યારે પ્રવૃત્તિ માર્ગનો આશ્રય કરી શ્રીરામકૃષ્ણાદિક સ્વરૂપે વર્તે છે, ત્યારે સુદર્શનાદિક આયુધો દ્વારા તે અસુરોનો વિનાશ કરે છે.[૫૦] અને ક્યારેક તે પરમાત્મા અસુરોમાં રહેલા આંતર અસુર એવા કામ,ક્રોધાદિ દોષરૂપ અસુરોનો જ્ઞાનોપદેશરૂપ ખડગથી વિનાશ કરે છે. પરંતુ તેના દેહનો વિનાશ કરતા નથી.[૫૧] હે રાજન્ ! જ્યારે ભગવાન, શ્રીનારાયણઋષિ આદિ સાધુ સ્વરૂપે નિવૃત્તિમાર્ગનો આશ્રય કરીને વર્તે છે. ત્યારે આંતર અસુર એવા કામાદિક શત્રુનો વિનાશ કરે છે.[૫૨] અસુરોમાં રહેલા સ્વભાવસિદ્ધ કામાદિક આસુરી દોષોનો વિનાશ કરે છે. તેમજ અસુરોના સંસર્ગથી દેવતાઓમાં આવી પડેલા તે કામાદિક આસુરી દોષોનો પણ ભગવાન વિનાશ કરે છે. પરંતુ સાધુ સ્વરૂપે હોવાથી તેના શરીરનો ક્યારેય પણ વિનાશ કરતા નથી.[૫૩] આ રીતે કૃપા કરીને મનુષ્ય શરીરને ધારણ કરી જીવાત્માઓની અંદર રહેલા અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશ કરતા એવા પ્રવૃત્તિ ધર્મમાં કે નિવૃત્તિધર્મમાં રહેલા પરમાત્મા જ એક પોતાના આત્મકલ્યાણમાટે મનુષ્યોએ ઉપાસના કરવા યોગ્ય છે.[૫૪] તે પરમાત્મા સ્વતંત્ર હોવાથી ક્યારેક સકલ મનુષ્યોને દર્શન થાય એ રીતે પ્રત્યક્ષપણે વર્તે છે. અને ક્યારેક મનુષ્યો જોઈ ન શકે તે રીતે

तितिक्षवः कारुणिकाः सुहृदः सर्वदेहिनाम् । अजातशत्रवः शान्ताः साधवः साधुभूषणाः ॥ ५८
सन्तोऽपि द्विविधा ज्ञेया धीमन्तोऽल्पधियस्तथा । धीमन्तस्तत्र देशादीन् सत एवाश्रयन्ति हि ॥ ५९
हरेरदृश्यादपि ते भिया पूर्ववदात्मनः । वर्तन्ते सर्वथा धर्मे जानन्तस्तस्य नित्यताम् ॥ ६०
माहात्म्यबलमाश्रित्य हरेरन्ये तु निर्भयाः । असतो देशकालादीन् सेवन्ते च निरङ्कुशाः ॥ ६१
तानधर्मः सह स्वस्य वंश्यैर्जयति सत्वरम् । धर्मभ्रष्टा भवन्त्येव ततस्ते पापचेतसः ॥ ६२
भक्तेषु द्विविधेष्वेषु प्रागुक्ता धर्मसंस्थिताः । ये ते तु परमप्रीत्या सेवनीया मुमुक्षुभिः ॥ ६३
नियमान् ब्रह्मचर्यादीन्न जह्युर्ये भयाद्धरेः । ज्ञानिनो भगवद्भक्तास्तद्वशेऽस्ति यतः प्रभुः ॥ ६४
अधर्मसर्गेण जिता भक्ताख्या ये तु निर्भयाः । ते महापापिवत्तूर्णं दूराद्धेया मुमुक्षुभिः ॥ ६५

---

અદૃશ્યરૂપે વર્તે છે.[૫૫] જયારેઅદૃશ્યરૂપે વર્તે ત્યારે તેની પ્રતિમાની સર્વ પ્રકારે ઉપાસના સેવા ભક્તિ કરવી તથા તેમના આશ્રિત સંતોની સેવા પૂજા કરવી.[૫૬]

**ભગવાનની જેમ સેવવા યોગ્ય સંતના લક્ષણો :–** હે રાજન્ ! જે સંત નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, પરિગ્રહ રહિત, નિઃસ્નેહી, મમતાએ રહિત, પોતાના ધર્મને અનુસરે ઈન્દ્રિયોનું દમન કરતા, નિર્માની, ક્ષમાશીલ, દયાળુ, સર્વજીવપ્રાણીમાત્રના મિત્ર, અજાતશત્રુ, મનનો નિગ્રહ કરતા, શીલરૂપ આભૂષણને ધારણ કરતા હોય તેને સાધુ કહેલા છે.[૫૭-૫૮] આવા સંતોમાં પણ બે પ્રકાર છે, એક ઉત્તમબુદ્ધિવાળા અને બીજા અલ્પબુદ્ધિવાળા. તેમાં જે ઉત્તમબુદ્ધિવાળા છે તે શુભ દેશકાળાદિકનો આશ્રય કરે છે અને પોતાની ઈચ્છાથી અગોચર વર્તતા ભગવાન શ્રીહરિના સર્વત્ર સદાય હાજરપણાના ભાવને નિરંતર જાણે છે. તેથી પરમાત્મા અદૃશ્ય હોવા છતાં પણ ભગવાનને પ્રત્યક્ષભાવ રાખી તેનાથી ભય પામતા પોતે પોતાના ધર્મમાં સર્વ પ્રકારે દૃઢ વર્તે છે.[૫૯-૬૦] અને જે અલ્પબુદ્ધિવાળા સાધુ છે તે શ્રીહરિના અતિશય માહાત્મ્યના બળનો આશ્રય કરી અધર્મનો ભય છોડી નિર્ભય થઈ ગુરુ આદિકનું શાસન છોડી સ્વતંત્ર થઈ મહીમાના કેફમાં અશુભ દેશકાળાદિકનું સેવન કરે છે[૬૧] પછી આવા અલ્પબુદ્ધિવાળા સંતને વંશે સહિત અધર્મ તત્કાળ પરાભવ પમાડે છે. તેથી ધર્મભ્રષ્ટ થઈ પાપાચરણમાં આસક્ત મનવાળા થઈ જાય છે.[૬૨] આવા બે પ્રકારના સાધુઓની મધ્યે જે ઉત્તમબુદ્ધિવાળા અને નિષ્કામાદિક ધર્મમાં વર્તતા સંતો છે, તેની મુમુક્ષુ ભક્તજનોએ પરમપ્રીતિથી સેવા પૂજા કરવી.[૬૩] કારણ કે જ્ઞાની અને ભગવાનના ભક્તો એવા એ ઉત્તમ બુદ્ધિવાળા સંતો ભગવાન પરોક્ષ હોય છતાં તેના થકી ભય પામીને બ્રહ્મચર્યાદિક

न तेषां सेवया श्रेयो न प्रीतिश्च श्रियः पतेः । केवलं धर्महानिः स्यादतस्त्याज्या हि ते मताः ॥ ६६
धर्मस्योपासनायाश्च बलवृद्धिर्भवेत्सताम् । सङ्गात्तद्बलनाशश्च सङ्गात्स्यादसतां ध्रुवम् ॥ ६७
सदसद्व्यक्तिबोधस्तु भवेद्बुद्ध्यैव देहिनाम् । सा तु सुज्ञेषु पुंसु स्यान्नतु स्त्रीषु कदाचन ॥ ६८।
अतस्ताभिर्दृढं भक्त्या श्रीविष्णोः प्रतिमैव हि । साक्षाद्विष्णुधियोपास्या न सन्तोऽन्तर्हिते हरौ ॥ ६९
यदि सद्वृत्तयः सन्तः स्युस्तर्हि स्त्रीभिरात्मनः । साकं सम्बन्धिभिः श्रव्या कथा तेभ्यस्तु संसदि ॥ ७०
सम्बन्धिभिरपि स्त्रीणां पितृभ्रातृसुतादिभिः । परीक्ष्यादौ सतो नेया योषास्तद्दर्शनाय ताः ॥ ७१
असन्तोऽप्यत्र बहवः सद्वेषा विचरन्ति हि । वाचाति ज्ञानवैराग्यभक्तिधर्मनिरूपकाः ॥ ७२
अतस्तेषां परीक्षापि दुष्करा सर्वपूरुषैः । सुप्रयुक्तस्य दम्भस्य नान्तं गन्तुं हि शक्यते ॥ ७३

---

નિયમોનો ક્યારેય ત્યાગ કરતા નથી. તેથી ભગવાન તેને સદાય વશ વર્તે છે. માટે તેવા સંતોની ભગવાનની જેમ સેવા પૂજા કરવી.[૬૪]

હે રાજન્ ! અધર્મ સર્ગથી પરાભવ પામેલા કેવળ સંત એવું નામ ધારણ કરીને ફરતા તેમજ ભગવાનના મહિમાના બળે નિર્ભય થયેલા અલ્પબુદ્ધિવાળા જે કહેવાતા સંતો છે તેનો મુમુક્ષુ ભક્તજનોએ મહાપાપીની જેમ તત્કાળ દૂરથી જ ત્યાગ કરવો.[૬૫] તેમની સેવા કરવાથી મોક્ષ કે શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનની પ્રીતિ પ્રાપ્ત થતી નથી, ઉલટાનો તેનાથી તો કેવળ ધર્મનો વિનાશ જ થાય છે. એથી અલ્પબુદ્ધિવાળા સંતોનો ત્યાગ કરી દેવો.[૬૬] અને પૂર્વોક્ત ઉત્તમબુદ્ધિવાળા સંતોનો સમાગમ કરવાથી સ્વધર્મ અને ભગવાનની ઉપાસના ભક્તિનું બળ વૃદ્ધિ પામે છે. અને અલ્પબુદ્ધિવાળા સંતોનો સમાગમ કરે તો સ્વધર્મ ને ભગવાનની ઉપાસના તથા ભક્તિના બળનો ક્ષય થાય છે, માટે અસત્નો સમાગમ નહિ કરતાં સત્પુરુષોનો સમાગમ કરવો.[૬૭]

**સ્રીઓ માટે સંતસેવનની રીત :–** હે રાજન્ ! મનુષ્યોને સંત તથા અસંતપણાના વિવેકનું જ્ઞાન સત્શાસ્ત્રના અભ્યાસથી થાય છે. તેવી બુદ્ધિ સુજ્ઞપુરુષોમાં હોય છે, સ્ત્રીઓમાં હોતી નથી.[૬૮] તેથી ભગવાન જ્યારે પ્રત્યક્ષ ન હોય અને પૃથ્વી ઉપરથી અંતર્ધાન થઈ જાય ત્યારે સ્ત્રીઓએ ભગવાનની પ્રતિમામાં પ્રગટપણાની બુદ્ધિ રાખી સ્વધર્મે સહિત દઢભક્તિથી સેવા પૂજા કરવી, પણ પૂર્વોક્ત બન્ને પ્રકારના સંત અને અસંતની પ્રત્યક્ષ સેવા પૂજા કરવી નહિ.[૬૯] પરંતુ જો પૂર્વોક્ત ઉત્તમબુદ્ધિવાળા સાધુ લક્ષણે સંપન્ન સંત હોય તો સ્ત્રીઓએ પોતાના સંબંધીજનો સાથે તે સંતોની સત્સંગ સભામાં જઈને તેમની કથાવાર્તા સાંભળવી. પરંતુ એકાંત

तथापि चतुरैः पुम्भिः परीक्षा शास्त्रबुद्धिभिः । कर्तुं तेषां शक्यतेऽतो ब्रुवे लक्ष्माणि सत्सताम् ॥ ७४
अहिंसाब्रह्मचर्याद्याः स्वधर्माः सन्ति येऽमलाः । अल्पस्यापि च्युतौ तेषामनुतापं व्रजन्त्यति ॥ ७५
तन्निष्कृतिं यथोक्तां च ततो भगवतो भयात् । परोक्षादपि कुर्वन्ति प्रत्यक्षादिव ये द्रुतम् ॥ ७६
आपद्वशात् क्वचित्तस्यामकृतायां तु निष्कृतौ । अनुतापविकारः स्यात् येषामन्तर्बहिर्महान् ॥ ७७
महापापेष्वन्यतमे क्वापि जाते यथाऽऽपदि । सम्भावितस्य पुंसः स्यात्तापस्तेषां तथाल्पके ॥ ७८
व्याघ्रादप्यधिका येषां स्त्रियाः स्त्रैणाच्च भीर्भुवि । नात्मश्लाघां च कुर्वन्ति ये ते ज्ञेया हि साधवः ॥ ७९
परीक्षितानामेतेषां दर्शनार्थं गृहस्थितैः । सम्बन्धिन्यः स्त्रियो नेयास्ताभिः श्रव्या च तत्कथा ॥ ८०
अथ ये दाम्भिका भक्ताः सद्वेषा वाचि साधवः । देहाचारेण वाचा च परीक्ष्यास्तेऽपि सज्जनैः ॥ ८१

**સ્થળે સમાગમ કરવા જવું નહિ.[૭૦] તેમાં પણ પ્રથમ પિતા, ભાઈ, પુત્રાદિક સંબંધી પુરૂષોએ સાધુની પરીક્ષા કરી ઉત્તમબુદ્ધિવાળા સંતોની સભામાં જ પોતાની સ્ત્રીઓને દર્શનાદિક માટે લઈ જવી.[૭૧] કારણ કે આ લોકમાં સાધુના વેષમાં વાચાળવાણીથી સ્વધર્મનિષ્ઠ સંતો કરતાં પણ વિશેષ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મનું નિરૂપણ કરનારા અનેક અસાધુ વિચરતા હોય છે.[૭૨] તેથી તેવા સંતોની પરીક્ષા કરવી સર્વ જનો માટે દુષ્કર છે. કારણ કે દંભીપુરુષોએ આચરેલા યુક્તિપૂર્વકના દંભનો પાર પામવા કોઈ સમર્થ થઈ શકતું નથી.[૭૩] છતાં પણ શાસ્ત્રાર્થને જાણવામાં કુશળ બુદ્ધિવાળા ચતુર પુરુષો તેવા દંભની પરીક્ષા કરી શકે છે, તેથી તેમને ઓળખવા માટે પહેલાં સાચા સંતોનાં લક્ષણો તમને સંભળાવું છું[૭૪]**

**સાચા સંતનાં લક્ષણ :–** **હે રાજન્ ! અહિંસા, બ્રહ્મચર્યવ્રત કે ધનનો ત્યાગ આદિ વિશુદ્ધ ધર્મો જે શાસ્ત્રમાં કહ્યા છે તેમાંથી અલ્પ સરખો પણ કોઈ ધર્મનો ભંગ થાય તો તેનો હૃદયમાં અતિશય પશ્ચાતાપ થાય તેને સંત જાણવા.[૭૫] વળી પશ્ચાતાપ કર્યા પછી તે સંતો પ્રગટ પ્રમાણ વિરાજતા ભગવાન થકી જેમ ભય પામે તેમ પરોક્ષ હોય ત્યારે પણ અંતર્યામી જાણીને તેનો તેટલો જ ભય રાખી શાસ્ત્રમાં કહેલા ધર્મભંગના પ્રાયશ્ચિત તત્કાળ કરી નાખે તેને સંત જાણવા.[૭૬] વળી કોઈ આપત્કાળના વશને કારણે પોતાના ધર્મભંગનું પ્રાયશ્ચિત ન થઈ શકે તો પણ તે નિરંતર અંતરમાં અને બહાર બહુજ દુઃખી થાય.[૭૭] વળી જે રીતે ધાર્મિક ગુણોથી વિખ્યાત થયેલા પુરુષને ક્યારેક આપત્કાળને વિષે બ્રહ્મહત્યાદિ મહાપાપથી જેટલો અનુતાપ થાય તેટલો અલ્પ સરખા ધર્મનો ભંગ થઈ જતાં પણ અનુતાપ થાય છે.[૭૮] હે રાજન્ ! આ પૃથ્વી પર જે સંતો સ્ત્રીઓ થકી કે સ્ત્રીલંપટ પુરુષ થકી વાઘ**

ये वासुदेवमाहात्म्ये धर्मा भगवता स्वयम् । कथिताः साधुभक्तानां तत्र द्वित्रच्युतावपि ॥ ८२
तन्निष्कृतेराचरणे स्वशैथिल्यस्य गोपनम् । कर्तुं नारायण स्येत्थं माहात्म्यं दर्शयन्ति ये ॥ ८३
अधमोद्धारणो नूनं हरिः पतितपावनः । सकृत्तन्नामकीर्त्या वा पापं नैवावशिष्यते ॥ ८४
नाम्नोऽस्ति यावती शक्तिः पातकानां विनाशने । तावत्कर्तुं न शक्नोति पातकं पातकी नरः ॥ ८५
अङ्गसङ्गं वैष्णवानां वदेयुर्दुर्लभं च ये । आत्मश्लाघां मुहुर्ये च कुर्युः सिद्धत्वबुद्धये ॥ ८६
ये च स्वसद्धर्मरतान्साधकानेव चक्षते । स्वैरं तु चरतः सिद्धान्मुक्तान्प्राहुश्च दुर्धियः ॥ ८७
वयं ब्रह्म जगत्सर्वं मूर्तिमद् ब्रह्म निश्चितम् । स्त्रीपुसानां च शृङ्गारो ब्रह्मकल्लोल एव हि ॥ ८८
राधाकृष्णस्य रासोऽपि गोलोकेऽस्माभिरैक्षि वै । समाधौ नात्र सन्देहः स कृष्णोऽस्मासु वर्तते ॥ ८९

---

આદિક હિંસક પ્રાણી કરતાં પણ અધિક ભય પામતા રહે. અને ક્યારેય પણ પોતાની પ્રશંસા કરે નહિ, તેને જ સાચા સંત કહેલા છે.[૭૯] હે રાજન્ ! આવા પ્રકારના લક્ષણથી ઉત્તમબુદ્ધિવાળા સંતોની પરીક્ષા કરી ગૃહસ્થ ભક્તજનોએ પોતાની સંબંધી સ્ત્રીઓને સંતોનાં દર્શને (કથા શ્રવણ માટે) લઈ જવી અને પોતાના ધર્મમાં રહીને દૂરથી સત્સંગ સભામાં તેની કથા સાંભળવી.[૮૦]

**અસંતના લક્ષણ :–** હે રાજન્ ! હવે અસત્પુરુષોનાં લક્ષણ કહું છું, દંભી દ્વેષયુક્ત ભક્તો જે માત્ર કહેવા પુરતા સાધુ હોય તેમના વર્તન અને વાણીથી સજ્જનોએ પરીક્ષા કરવી.[૮૧] હે રાજન્ ! વાસુદેવમાહાત્મ્યને વિષે સ્વયં ભગવાન શ્રીનારાયણે સાધુભક્તોના જે ધર્મો કહ્યા છે, તે ધર્મોની મધ્યે બે ત્રણ ધર્મોનો ભંગ થઈ જાય છતાં તેનું પ્રાયશ્ચિત કરવામાં પોતાની શિથિલતાને છૂપાવવા એ અસાધુપુરુષો ભગવાનના મહિમાનો ઓથ લઈ પોતાના ધર્મભંગને જોઈ જનાર ભક્ત આગળ વાત કરવા લાગે છે કે, ભગવાન તો અધમ ઓધ્ધારણ અને પતિતપાવન છે, કેવળ એકવાર તેમનાં "નારાયણ" નામનું ઉચ્ચારણ કરવા માત્રથી સર્વે પાપ બળીને ભસ્મ થઈ જાય છે. વળી પાપીજનોના પાપનો વિનાશ કરવાની જેટલી શક્તિ ભગવાનના નામમાં રહેલી છે, તેટલું તો પાપી મનુષ્ય પાપ કરવા સમર્થ થઈ શકતો નથી. આ પ્રમાણે ભગવાનના નામના મહિમાનો ઓથ લઈ અસત્ પુરુષો વાત કરતા હોય છે.[૮૨-૮૫] વળી તે અસત્પુરુષો પોતાના જેવા વૈષ્ણવોના અંગસંગને પણ દુર્લભપણે વર્ણવે છે, ને કહે છે કે, આવા વૈષ્ણવના ચરણસ્પર્શનો એટલો બધો મહિમા છે કે શાસ્ત્રો પણ તેનું પૂરેપૂરું વર્ણન કરવા સમર્થ થઈ શકતાં નથી, તો પછી આખા અંગનું આલિંગન પ્રાપ્ત થવું તો બહુજ

कृष्णबुद्धिं करिष्यन्ति तस्मादस्मासु ये जनाः । भवित्री भगवल्लोकप्राप्तिस्तेषां यथैव नः ॥ ९०
इत्थं मिथ्यादम्भवार्ताचाटुभिर्वञ्चितान् जनान् । स्वविश्वस्तान् प्रकुर्युर्ये धर्मभ्रष्टान् दुराशयाः ॥ ९१
अधर्मसर्गेण जिता असन्तस्तेऽवगम्यताम् । यदाश्रयात्प्रपच्यन्ते कुम्भीपाकेषु मानवाः ॥ ९२
तत्परीक्षणकालं च सूचयामि समासतः । तद्धार्दं ज्ञायते यत्र मुहुस्तत्पार्श्वगैर्नरैः ॥ ९३
स्वतुल्यशीलिनो यर्हि भवेयुस्ते तु सङ्गताः । भक्तिधर्मविरक्तीनां कुर्युर्मूलच्छिदां तदा ॥ ९४
ब्रह्मणो ज्ञानमात्रस्य कुर्युश्च स्थापनं मुदा । एतस्मिन्नन्तरे कश्चिद्यद्यागच्छेदुपासकः ॥ ९५
तदा तु स्वस्य सिद्धान्तमाच्छाद्यैवाशु ते खलाः । धर्मादिस्थापनं कुर्युस्तस्मादप्यधिकं सतः ॥ ९६

---

દુર્લભ છે. આવી રીતની વાણી બોલનારા જે પુરુષો છે તેને અસત્પુરુષો જાણવા. વળી તેઓ પોતાની સિદ્ધાઈની પ્રસિદ્ધિમાટે વારંવાર આત્મશ્લાઘા કરે છે. તેમજ તે દુષ્ટમતિવાળા અસાધુઓ પોતાના નિષ્કામાદિ ધર્મમાં દઢ વર્તતા સાચા સાધુઓને તો હજુ સાધનદશાવાળા કહે છે, કારણ કે તેઓ સ્ત્રી આદિકના સ્પર્શથી ભય પામે છે તેથી સાધનદશાવાળા છે. અમારી જેમ સિદ્ધદશા પ્રાપ્ત થાય પછી સ્ત્રી આદિકના સ્પર્શથી કે તેમની સાથે વાત કરવાથી કોઈ ધર્મભ્રષ્ટ થવાનો ભય રહેતો નથી. આવા વિધિનિષેધ તો માત્ર સાધનદશા વખતે જ પાળવાના હોય છે, અમે તો સિદ્ધદશાને અને મુક્તભાવને પામેલા તેના કરતાં ઉચ્ચકોટીના સાધુ છીએ, વગેરે બોલનારા અસત્ સાધુઓ કહેલા છે.[૮૬-૮૭]

હે રાજન્ ! વળી તે અસત્સાધુઓ બકે છે કે, અમે બ્રહ્મ છીએ, આ જગત પણ મૂર્તિમાન બ્રહ્મ છે. સ્ત્રીપુરુષ વચ્ચેનો જે સંભોગ છે તે મહાતરંગ જેવો બ્રહ્મવિલાસ છે. કારણ કે, વેદમાં કહ્યું છે કે, આનંદ માણવો તે બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા બરાબર છે, અને અમને સમાધિદશામાં ગોલોક વિષે રાધાકૃષ્ણની રાસક્રીડાનાં દર્શન થાય છે. અને એ શ્રીકૃષ્ણ અમારી અંદર સદાય નિવાસ કરીને રહે છે, એમાં કોઈ જાતનો સંશય નથી. તેથી જે મનુષ્યો અમારામાં કૃષ્ણબુદ્ધિ કરીને અમારો સંગ કરશે તેને પણ અમારી જેમ જ ગોલોકધામની પ્રાપ્તિ થશે.[૮૮-૯૦] આ પ્રમાણે દુષ્ટ આશયવાળા અસત્પુરુષો મિથ્યાભૂત દંભીવાતોની ડિંગાઈઓ મારી પોતાને વશ વર્તતા લોકોને છેતરી ધર્મભ્રષ્ટ કરે છે. આ પ્રમાણે જે પુરુષો અધર્મસર્ગને વશ વર્તતા હોય તેને અસત્પુરુષો જાણવા. તેઓનો આશ્રય કરનારા મનુષ્યો કુંભીપાક નરકમાં પડે છે, અને ત્યાં તપાવેલા તેલમાં રંધાય છે.[૯૧-૯૨] આવા અસત્પુરુષોની પરીક્ષા કરવાનો અતિ ટુંકો સમય તમને સંક્ષેપમાં સમજાવું છું. તેમની સાથે રહેતા મનુષ્યો તે અસાધુઓના હૃદયગત અભિપ્રાયને જાણતા

इत्यादिकाले ह्यसतां ज्ञेय आभ्यन्तराशयः । नित्यानुयायिभिः पुंभिर्धर्मध्वंसैकलक्षणः ॥ ९७
मद्ये मांसे पारदार्ये स्तैन्ये स्वपरहिंसने । गुप्तं तेषां प्रवृत्तिश्च ज्ञेया साङ्कर्यकर्मसु ॥ ९८
धर्मस्य स्थापने यादृक् श्रीविष्णोराग्रहोऽस्ति हि । तथैव तेषामसतां धर्मोन्मूलन आग्रहः ॥ ९९
इत्थं कुलक्षणैर्ज्ञात्वा दाम्भिकानसतः खलान् । तद्दर्शनार्थं गृहिभिर्न नेया योषितः क्वचित् ॥ १००
न पुम्भिरपि कर्तव्यः सङ्गस्तेषां ततः परम् । श्रीविष्णोः प्रतिमैवार्च्या सर्वैरपि मुमुक्षुभिः ॥ १०१
एतां सच्छास्त्रमर्यादामतिक्रम्यात्र याः स्त्रियः । वर्तिष्यन्ते नरा वा ये नङ्क्ष्यन्ति च न संशयः ॥ १०२
प्राप्स्यन्त्यपयशोऽत्रापि परत्र च यमालये । आर्तनादान्प्रकुर्वन्तो लप्स्यन्ते तीव्रवेदनाः ॥ १०३
धर्मसंरक्षणेनैव मुक्तिमेकान्तिकीं तु ये । इच्छेयुस्तैश्चिन्तनीयमेतन्मद्वाक्यमादरात् ॥ १०४

---

હોય છે.[૯૩] કારણ કે જ્યારે સરખી વિચારધારાવાળા તે અસાધુઓ પરસ્પર ભેળા થાય છે. ત્યારે ધર્મ, ભક્તિ, વૈરાગ્યની ઠેકડી ઉડાવી તેનાં મૂળિયાંનું નિકંદન કરતા હોય છે.[૯૪] અને કેવળ શુષ્ક બ્રહ્મજ્ઞાનનું સ્થાપન કરી અતિ હર્ષ પામતા હોય છે. અને કહે છે કે મોક્ષ તો માત્ર ''હું બ્રહ્મ છું'' આટલું જ્ઞાન સિદ્ધ થાય એટલામાં જ છે. બાકી ઉપાસના, ભક્તિ, ધર્મ અને વૈરાગ્ય તો માત્ર બ્રહ્મજ્ઞાનમાં વિશ્વાસ પેદા કરાવવા લોકોને છેતરવાનો એક માર્ગ છે, આવી પરસ્પર વાતો કરતા હોય ત્યારે કોઈ ભગવાનનો ભક્ત ત્યાં આવી ચડે તો તે ખળ અસત્પુરુષો પોતાના બ્રહ્મજ્ઞાનવાળા સિદ્ધાંતને તત્કાળ છુપાવીને સત્પુરુષો કરતાં પણ વધુ સારી રીતે ધર્મ, વૈરાગ્યાદિકનું પ્રતિપાદન કરવા લાગે છે.[૯૫-૯૬] આવા સમયે નિત્યે તેમની પાસે જ નિવાસ કરતા પુરુષો તે ધર્મનો ધ્વંશ કરનારા અસત્પુરુષના અંતરનો અભિપ્રાય જાણી શકે છે.[૯૭]

હે રાજન્ ! મદ્યપાન, માંસભક્ષણ, પરસ્ત્રીસંગ, ચોરી, પોતાની કે પારકી ઘાત તેમજ વર્ણાશ્રમના ધર્મથી ભ્રષ્ટ કરે તેવી વર્ણસંકરતાની પ્રવૃત્તિ આદિક તેઓની સર્વે ગુપ્ત ક્રિયાઓને સાથે રહેનારા પુરુષો જાણી શકે છે.[૯૮] જેવો ભગવાન શ્રીનારાયણને ધર્મસ્થાપન કરવાનો આગ્રહ હોય છે, તેવો જ આગ્રહ આ અસત્પુરુષોને ધર્મનાં મૂળિયાં ઉખેડવામાં હોય છે.[૯૯] આવા પ્રકારનાં કુલક્ષણોથી ભરેલા દંભી અસત્પુરુષોને ઓળખીને તેમનાં દર્શન કરવાને માટે ગૃહસ્થ ભક્તજનોએ પોતાની સંબંધી સ્ત્રીઓને ક્યારેય પણ લઈ જવી નહીં.[૧૦૦] આવી રીતે અસત્પુરુષોને ઓળખ્યા પછી મુમુક્ષુ મનુષ્યોએ તેઓનો સંગ ન કરવો. તેમજ મુમુક્ષુ સ્ત્રી-પુરુષોએ પોતાના કલ્યાણને માટે માત્ર ભગવાનની પ્રતિમાની સેવા પૂજા કરવી.[૧૦૧] આ મારી શાસ્ત્રમર્યાદાનું આલોકમાં ઉલ્લંઘન કરીને જે સ્ત્રી-

सुव्रत उवाच

श्रुत्वैतद्धरिणोदितं स नृपतिर्भूप ! स्वधर्मावनं प्रीतोऽ । भूच्च सदःस्थिता मुनिगणाः स्त्रीपुंसङ्घास्तथा ॥
प्रीतिं प्राप्य परां प्रणम्य च हरिं तस्याज्ञयेयुः । स्वकानावासांश्च निजाश्रमं प्रभुरपि प्रायाद्गुरुणां गुरुः ॥ १०५

योषाणां च नृणां स्वधर्ममवितुं सच्छास्त्रवारांनिधिं ।
निर्मथ्यैव समुद्धृतोऽस्ति हरिणा सारस्तदीयो ह्ययम् ॥
एतं येऽनुदिनं पठन्ति मनुजाः श्रृण्वन्ति वा भूपते ! ते ।
धर्मं परिरक्ष्य च स्वममलं यान्त्येव विष्णोः पदम् ॥ १०६

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे श्रीनारायणहेमन्तसिंहसंवादे धर्मरक्षानिरुपणनामा चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥*

---

પુરુષ વર્તશે, તે પોતાના મોક્ષમાર્ગથકી ભ્રષ્ટ થશે. તેમાં કોઇ સંશય નથી.[૧૦૨] તેઓ આલોકમાં અપકીર્તિને પામશે ને મૃત્યુ પછી યમપુરીના દારુણ દુઃખને આર્તનાદ કરતા કરતા ભોગવશે.[૧૦૩]

હે રાજન્ ! જે મુમુક્ષુજનો ધર્મનું પાલન કરી એકાંતિક મુક્તિ પામવા ઇચ્છતા હોય તે જનોએ મારાં આ વચનો અતિ આદરપૂર્વક ધારણ કરવાં ને મનમાં સતત તેનું ચિંતવન કરવું.[૧૦૪]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિએ પ્રતિપાદન કરેલાં અને સદ્ધર્મનું રક્ષણ કરનારાં આવાં વચનામૃતોનું પાન કરી હેમંતસિંહ રાજા ખૂબજ પ્રસન્ન થયા. અને સભામાં બેઠેલા સંતગણ, સ્ત્રીઓ તથા પુરુષો પણ અતિશય પ્રસન્ન થયા ને ભગવાન શ્રીહરિને પ્રણામ કરી પોતપોતાને ઉતારે ગયા. ત્યારે ગુરુઓના ગુરુ ભગવાન શ્રીહરિપણ પોતાની અક્ષરઓરડીએ પધાર્યા.[૧૦૫]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ પોતાના આશ્રિત નરનારીઓના ધર્મની રક્ષા કરવાને માટે સત્શાસ્ત્રોરૂપી સમુદ્રનું મંથન કરી આ પૂર્વોક્ત સારને બહાર કાઢ્યું છે. જે મનુષ્યો સત્શાસ્ત્રના આ સારને પ્રતિદિન વાંચશે અથવા સાંભળશે, તે મનુષ્યો પોતાના નિર્મળ ધર્મનું રક્ષણ કરી ભગવાનના પરમધામને પામશે.[૧૦૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ દરમ્યાન ભગવાન શ્રીનારાયણમુનિ અને હેમંતસિંહ રાજાના સંવાદરૂપે ધર્મરક્ષાનું નિરૂપણ કર્યું એ નામે ચોવીસમો અધ્યાય પૂર્ણ થયો. –૨૪–***

## अथ पञ्चविंशोऽध्यायः - २५

सुव्रत उवाच-

चतुर्थ्यां तु सदःसंस्थः स्वयमेव हरिर्निजान् । अस्पृश्यस्पर्शजाद्दोषाद्रिरक्षिषुरुवाच ह ॥ १

श्रीनारायणमुनिरुवाच-

श्रृण्वन्तु पुरुषाः सर्वे गृहिणस्त्यागिनस्तथा । सर्वेषां हि हितं वच्मि युष्माकं मामुपेयुषाम् ॥ २

स्त्रियोऽत्र द्विविधाः सन्ति तत्रैका धर्मसर्गजाः । पतिव्रतासतीसाध्वीसंज्ञाश्च शुचयः सदा ॥ ३

अधर्मसर्गजाश्चान्याः कृत्याः पातकचेतसः । पुंश्चलीकुलटाद्याख्या अपवित्राः सदा मताः ॥ ४

सम्बन्धीतरपुंस्पर्शे स्वतो जाते विनापदम् । तत्राद्या बिभ्यति यथा सर्पाद्देहाभिमानिनः ॥ ५

स्वं चेत्क्वापि स्पृशेदन्यस्तदा तु प्राप्नुयू रुजम् । स्पर्शे यथैव वानर्यास्तीक्ष्णाग्नेर्वा तथात्र ताः ॥ ६

द्वितीयास्त्वथ पुंस्पर्शे स्वतो जाते च वान्यतः । न तेन हृदि तप्यन्ते न क्रियास्वपि तद्भयम् ॥ ७

---

# અધ્યાય - ૨૫

## સત્સંગી સ્ત્રી-પુરુષોમાં સ્પર્શાસ્પર્શનો શ્રીહરિએ કહેલો વિવેક.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિક સુદ ચોથની રાત્રીએ સંધ્યા આરતી પછી સભાને વિષે ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન ભગવાન શ્રીહરિએ પોતાના ભક્ત એવા સ્ત્રી પુરુષોને સ્પર્શને કારણે ઉત્પન્ન થતા દોષો થકી રક્ષા કરવા સ્વયં કૃપા કરી કહેવા લાગ્યા.[૧] હે ગૃહસ્થ ભક્તજનો ! હે ત્યાગી સંતો ! તથા બ્રહ્મચારીઓ ! તમે મારું વચન સાંભળો. તમે મારે શરણે આવ્યા છો, તેથી તમારું સૌનું હિત થાય તેવાં વચન હું તમને સંભળાવું છું.[૨] હે ભક્તજનો ! આલોકમાં બે પ્રકારની સ્ત્રીઓ છે. તેની મધ્યે એક ધર્મસર્ગથી ઉત્પન્ન થયેલી પતિવ્રતા, સતી, સાધ્વી એવા નામથી પ્રસિદ્ધ છે અને નિરંતર પવિત્ર જીવન જીવે છે. અને બીજી છે તે અધર્મસર્ગથી ઉત્પન્ન થયેલી છે તે કૃત્યા, પાપીણી, પુંશ્ચલી, કુલટા આદિક નામથી પ્રસિદ્ધ હોય છે. તે સદાય અપવિત્ર જીવન જીવનારી હોય છે.[૩] આ બન્ને પ્રકારની સ્ત્રીઓની મધ્યે પહેલી પતિવ્રતા નારી છે તે પોતાના સમીપ સંબંધ વિનાના ઈતર પુરુષોનો સ્પર્શ જો આપત્કાળ વિના થઈ જાય તો જેમ દેહાભિમાની મનુષ્યો કાળાનાગથી ભય પામે તેમ ભય પામે.[૪-૫] અને જો ક્યારેક સંબંધી વિનાનો પુરુષ પોતાનો સ્પર્શ કરે તો તે પતિવ્રતા નારી જેમ વાનરીના કે પ્રજ્જવલિત અગ્નિના સ્પર્શથી પીડા પામે તેમ અત્યંત અંતરમાં પીડા પામે છે.[૬] હે ભક્તજનો ! બીજા પ્રકારની જે કૃત્યા જેવી સ્ત્રી છે તે કોઈ પુરુષનો પોતાને સ્પર્શ થાય કે પોતાનો કોઈ

इत्थं द्वेधा स्त्रियः सन्ति पुंमासोऽपि तथा द्विधा । धर्मवंश्याः पुण्यवन्तोऽधर्मवंश्याश्च पापिनः ॥ ८
पतिव्रतातुल्यशीलास्तत्राद्याः पापभीरवः । कृत्याशीलाश्च सन्त्यन्ये स्त्रीस्पर्शाशङ्किनो नराः ॥ ९
ज्ञानाद्वाज्ञानतः स्पर्शे स्त्रीपुंसानां परस्परम् । जाते दोषो भवत्येव पापरुपश्च दुःखदः ॥ १०
तस्मात्स्पर्शविवेकोऽयं स्त्रीपुंसानां हितावहः । सर्वेषामपि लोकेऽस्मिन्मया साधु निरुप्यते ॥ ११
अमङ्गलानां सर्वेषामशुचीनाममङ्गलः । अशुचिर्विधवादेहः पुराणे बहुधोच्यते ॥ १२
अत उद्धववर्त्मस्थैर्विधवा योषितो नरैः । स्प्रष्टव्या नापि गृहिभिस्ताभिः स्पृश्या न ते तथा ॥ १३
अज्ञानाद्विधवास्पर्शे जाते स्नायात्पुमांश्च सा । ज्ञानाच्चेत्तर्हि कुर्यातामेकैकं तावुपोषणम् ॥ १४
यदि बुद्ध्या स्पृशेत्कामाद्विधवा पुरुषं क्वचित् । तदा तु निष्कृतिस्तस्याः शास्त्रेषु द्विविधोदिता ॥ १५

---

પુરુષને સ્પર્શ થાય છતાં તેને અંતરમાં કોઈ પણ પ્રકારનો સંતાપ થતો નથી. તેમજ માર્ગમાં આવતે જાતે અન્ય પુરુષનો સ્પર્શ થતો હોય તેમાં તેને કોઈ ભય હોતો નથી.[૭] હે ભક્તજનો ! આ રીતે જેમ સ્ત્રીઓ બે પ્રકારની છે, તેમ પુરુષો પણ બે પ્રકારના હોય છે. તેમાં એક ધર્મવંશ સાથે ઉત્પન્ન થયેલા અને પુણ્યશાળી હોય છે. જ્યારે બીજા પ્રકારના પુરુષો અધર્મવંશ સાથે ઉત્પન્ન થયેલા પાપી પુરુષો હોય છે, તેમાં પહેલા પ્રકારના પુરુષો એક પત્નીવ્રતવાળા હોય છે, પરસ્ત્રીના સ્પર્શથી થતાં પાપથી તે ભય પામતા હોય છે. અને બીજા પ્રકારના પુરુષો કુલટા સ્ત્રી જેવા ભડવા હોય છે, પરસ્ત્રી સ્પર્શમાં તેને કોઈ શંકા જ હોતી નથી.[૮-૯]

હે ભક્તજનો ! સ્ત્રી તેમજ પુરુષને પરસ્પર જાણે કે અજાણે સ્પર્શ થઈ જાય તો તે સ્પર્શદોષ પાપરૂપ છે, અને દુઃખદ પણ છે.[૧૦] તેથી આ લોકમાં સર્વ સ્ત્રીપુરુષોનું હિત કરનારો આ સ્પર્શાસ્પર્શનો વિવેક હું તમને યથાર્થ નિરૂપણ કરીને કહું છું.[૧૧] વિધવા સ્ત્રીનું શરીર સર્વ અમંગળ વસ્તુઓમાં પણ અમંગળરૂપ છે અને અપવિત્રમાં પણ અપવિત્ર છે. આ રીતે પુરાણોમાં બહુ પ્રકારે કહ્યું છે.[૧૨] તેથી આપણા ઉદ્ધવસંપ્રદાયમાં રહેલા ગૃહસ્થ પુરુષોએ વિધવા સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો. તેમજ વિધવા સ્ત્રીઓએ પણ પુરુષમાત્રનો સ્પર્શ ન કરવો.[૧૩] અજાણતાં વિધવા સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો પુરુષે વસ્ત્રે સહિત સ્નાન કરવું, તેમજ વિધવા સ્ત્રીએ પણ અજાણતાં કોઈ પુરુષનો સ્પર્શ થઈ જાય તો વસ્ત્રે સહિત સ્નાન કરવું. પરંતુ જો જાણી જોઈને સ્પર્શ કર્યો હોય તો બન્ને એ સ્નાન કર્યા પછી એક એક ઉપવાસ કરવો.[-૧૪]

હે ભક્તજનો ! વિધવા નારી જો જાણી જોઈને કામભાવનાથી કોઈ પુરુષનો

रहसि स्पर्शमात्रे तु दिनद्वयमुपोषणम् । तादृक्स्पर्शे जनैर्ज्ञाते कार्यं चान्द्रायणं व्रतम् ॥ १६
एतां या निष्कृतिं नारी न कुर्याद्यद्यनादरात् । कायक्लेशभयाद्वा सा प्राप्नुयादापदं भृशम् ॥ १७
प्राप्य सापयशोऽत्रापि मृत्वाथ यमयातनाः । भुक्त्वा निरुदकेऽरण्ये पिशाची स्यात् क्षुधाकुला ॥ १८
अथ स्पृशेद्यः पुरुषः कामाद्बुद्ध्या विभर्तृकाम् । तस्यापि निष्कृतिः प्रोक्ता पूर्ववद्द्विविधैव हि ॥ १९
स्पर्शे जनैरविदिते दिनद्वयमभोजनम् । विदिते तु यथाशास्त्रं कार्य चान्द्रायणं व्रतम् ॥ २०
य एतन्नैव कुर्वीत प्रायश्चित्तं पुमान् कुधीः । सोऽत्रैवाप्नोत्यपयशो मृत्वा च यमयातनाः ॥ २१
ततोऽयुतं स वर्षाणि पिशाचः स्यात् क्षुधाकुलः । विण्मूत्ररक्तमांसाशी वने धावन्नितस्ततः ॥ २२

સ્પર્શ કરે તો તે દોષની નિવૃત્તિ માટે શાસ્ત્રોમાં બે પ્રકારનું પ્રાયશ્ચિત કહેલું છે.[૧૫] તેમાં કોઈ એકાંત સ્થળમાં વિધવા સ્ત્રીએ કામભાવથી પુરુષનો માત્ર સ્પર્શ કર્યો હોય તો તેને બે દિવસ પર્યંત ઉપવાસ કરવા. તેમજ તેણે કરેલા સ્પર્શને ઈતર મનુષ્યો જો જોઈ જાય કે જાણી જાય તો વિધવાએ ચાંદ્રાયણ વ્રત કરવું. અને પુરુષે બે ઉપવાસ કરવા.[૧૬] હે ભક્તજનો ! મારાં આ વચનનો અનાદર કરીને જે સ્ત્રી કાયાકલેશના ભયથી મેં કહેલું પ્રાયશ્ચિત નહિ કરે તો તે નારી મહા આપત્તિને પામશે.[૧૭] આલોકમાં અપકીર્તિ પામી, મૃત્યુપછી યમયાતના ભોગવી, પાણી વિનાના જંગલમાં દશહજાર વર્ષ પર્યંત પિશાચણી થશે અને ભૂખના દુઃખથી અત્યંત પીડા પામશે.[૧૮] હે ભક્તજનો ! તેમજ જે ગૃહસ્થ પુરુષો જાણી જોઈને કામભાવથી કોઈ પણ વિધવા નારીનો સ્પર્શ કરે તો તે દોષની નિવૃત્તિ માટે પૂર્વોક્ત બે પ્રકારનાં પ્રાયશ્ચિત કરવાં.[૧૯] તેમાં એકાંતમાં કામભાવથી જો પુરુષે વિધવા સ્ત્રીનો સ્પર્શ કર્યો હોય તો તે પુરુષે બે ઉપવાસ કરવા, અને વિધવા સ્ત્રીએ કામભાવ ન હોવાથી એક ઉપવાસ કરવો. તેમજ જે પુરુષે કરેલા સ્પર્શને જો ઈતર મનુષ્યો જાણી જાય તો પુરુષે યથાશાસ્ત્ર ચાંદ્રાયણ વ્રત કરવું અને વિધવાએ બે ઉપવાસ કરવા.[૨૦]

હે ભક્તજનો ! આ મારાં વચનનો અનાદર કરી કુબુદ્ધિમાન ગૃહસ્થ પુરુષ જો મેં કહેલું પ્રાયશ્ચિત નહિ કરે તો તેની આલોકમાં અપકીર્તિ થશે અને મરીને યમયાતના ભોગવશે.[૨૧] ત્યારપછી તે પુરુષ દશહજાર વર્ષ પર્યંત પાણી વિનાના ઘોર જંગલમાં પિશાચ થઈને ભટકશે અને ભૂખની પીડાથી અતિશય વ્યાકુળ થશે. તેમજ તેને વિષ્ટા, રક્ત, મૂત્ર અને માંસનું ભક્ષણ કરી જીવવું પડશે.[૨૨]

હે ભક્તજનો ! પતિના અવસાન પછી વિધવા નારીએ અષ્ટપ્રકારના પુરુષત્યાગનું બ્રહ્મચર્યવ્રત પાળવાનો તેનો મુખ્ય ધર્મ થઈ જાય છે. તે સમયે પુરુષનો

विधवानां मुख्यधर्मो ब्रह्मचर्यस्य पालनम् । तद्भङ्गः स्याद्धि पुंस्पर्शान्महान् दोषस्ततो मतः ॥ २३
तस्याश्च ब्रह्मचर्यस्य स्वस्पर्शेनैव नाशनात् । पुंसो दोषो महानुक्तो विधवास्पर्शने किल ॥ २४
यादृक् पतिव्रतानार्याः सङ्गे पुंसः परस्य वै । स्याद्दोषस्तादृगेव स्यात्पुंस्पर्शे विधवास्त्रियाः ॥ २५
दोषः स्याद्गृहिणो यादृक् स्वकीयेतरयोषितः । सङ्गे स्याद्विधवास्पर्शे बुध्द्या तादृगसंशयम् ॥ २६
सङ्गे परस्त्रिया दोषो गृहिणो यादृगीरितः । अगृहस्थस्य तादृक् स्यात्स्त्रीमात्रस्पर्शने किल ॥ २७
मृते पत्यौ ब्रह्मचर्यं विधवाया दृढं मतम् । स्त्रीस्पर्शात् ब्रह्मचारीव भीता पुंस्पर्शतो भवेत् ॥ २८
सच्छास्त्रश्रवणे दाने तीर्थे च ब्राह्मणार्चनम् । सदस्यावश्यकं कुर्याद्यदि सा नात्र दोषभाक् ॥ २९
रहःस्थाने यदि तु तत्कुर्यात्तर्हि तयोर्द्वयोः । भक्तयोः स्त्रीपुरुषयोर्हरिः शुद्धिर्मतैन्दवात् ॥ ३०

સ્પર્શ એ બ્રહ્મચર્યવ્રતનો ભંગ છે. તેથી જ પૂર્વે કહ્યો તેટલો મોટો દોષ લાગે છે.[૨૩] તેમજ પુરુષે વિધવાનો સ્પર્શ કરી તેના બ્રહ્મચર્ય વ્રતનો ભંગ કરાવ્યો હોવાથી તે પુરુષને પણ વિધવાના સ્પર્શમાં બહુ જ મોટો દોષ કહ્યો છે.[૨૪] જેવી રીતે સધવા નારીને પોતાના પતિ સિવાયના પુરુષની સાથે વ્યભિચારકર્મ કરે ને જેટલો દોષ લાગે છે, તેટલો જ દોષ વિધવા નારીને માત્ર કામભાવે પુરુષનો સ્પર્શ કરવાથી લાગે છે.[૨૫]

હે ભક્તજનો ! જેવી રીતે ગૃહસ્થ પુરુષને પોતાની સ્ત્રી સિવાયની સ્ત્રી સાથે વ્યભિચાર કરે ને જેટલો દોષ લાગે તેટલો જ દોષ જાણીને કામભાવે વિધવાનો માત્ર સ્પર્શ કર્યો હોય તેમાં લાગે છે. તેમાં કોઈ સંશય નથી.[૨૬] વળી જેવી રીતે ગૃહસ્થ પુરુષને પરસ્ત્રી સાથે વ્યભિચાર કરવામાં જેટલો દોષ છે તેટલો જ દોષ બ્રહ્મચારી, વાનપ્રસ્થ, સંન્યાસી અને ત્યાગી સાધુપુરુષને કેવળ વિધવા કે કુમારી સ્ત્રીનો જાણી જોઈને સ્પર્શ કરવા માત્રથી લાગે છે.[૨૭] હે ભક્તજનો ! પતિના મૃત્યુ પછી વિધવા સ્ત્રીએ અષ્ટપ્રકારે પુરષના ત્યાગરૂપ બ્રહ્મચર્યનું પાલન કરવું, તે શાસ્ત્ર સંમત વાત છે. તેથી બ્રહ્મચારી આદિ પુરુષો જેવી રીતે સ્ત્રીઓના સ્પર્શથી ભય પામે છે, તેવી જ રીતે વિધવા સ્ત્રીઓએ પણ પુરુષના સ્પર્શથી ભય પામવું.[૨૮]સત્શાસ્ત્રના શ્રવણ નિમિત્તે કરવામાં આવતા દાનના પ્રસંગમાં, તેમજ તીર્થ સ્નાનના નિમિત્તે કરવામાં આવતા વિધિના પ્રસંગમાં કે કોઈ અવશ્યનું કામ પડે અથવા બ્રાહ્મણોના પૂજનના પ્રસંગમાં તથા બહુજન ભેળા થયા હોય તથા સભાના પ્રસંગમાં જો વિધવા સ્ત્રીને પુરુષનો સ્પર્શ થઈ જાય તો તે દોષરૂપ નથી.[૨૯] પરંતુ જો એકાંતસ્થળમાં બ્રાહ્મણને દાન આપે કે પૂજન કરે તો ભગવાનની ભક્ત એવી

रोगे वैद्यस्य च स्पर्शे मुण्डने नापितस्य च । स्पर्शे तस्या न दोषोऽस्ति यदि तत्रेतरो भवेत् ॥ ३१
आसन्नसम्बन्धभाजां स्पर्शे जाते नृयोषिताम् । आवश्यकत्वादन्योन्यं न दोषो ह्यगतित्वतः ॥ ३२
पिता भ्राता पितृव्यश्च तत्पुत्रास्तत्सुतादयः । मातामहो मातुलश्च तत्पुत्रास्तत्सुतादयः ॥ ३३
मातृष्वसुः पति पुत्रास्तथा पितृष्वसुः पतिः । तत्पुत्रा गुरुतत्पुत्रावन्नदाता च तत्सुतः ॥ ३४
सभ्रातृकश्च श्वशुरस्तथा ज्येष्ठाश्च देवराः । तेषां पुत्राश्च दौहित्रा दुहितृपतयस्तथा ॥ ३५
पुत्रपौत्रादयः स्वस्या एते सम्बन्धिनो मताः । एतेषां स्पर्शने दोषो नास्ति ते यदि धार्मिकाः ॥ ३६
एतद्भिन्ननरस्पर्शः क्रयविक्रयकर्मसु । जलागन्यादिभये वापि कृष्यादौ स्यान्न दोषकृत् ॥ ३७
तथा सम्बन्धियोषायाः स्पर्शेऽन्यस्याः क्रयादिषु । स्पर्शे च पुरुषस्यापि नास्ति दोषः स्त्रिया यथा ॥ ३८

---

વિધવા સ્ત્રીએ તથા તે બ્રાહ્મણે શુદ્ધિ માટે ચાંદ્રાયણ વ્રત કરવું.[૩૦] અને રોગાદિ આપત્કાળમાં નાડી તપાસવા આદિકના પ્રસંગમાં વૈદ્યનો સ્પર્શ થાય અને મુંડન કરાવતી વેળા વાણંદનો સ્પર્શ થાય, તે સમયે ઈતર સ્ત્રી કે પુરુષ સાથે હોય તો દોષ નથી. પરંતુ જો કોઈ હાજર ન હોય તો બન્ને વ્યક્તિએ કાર્ય પૂર્ણ થયા પછી એક ઉપવાસ કરવો.[૩૧]

હે ભક્તજનો ! આ અગત્યના સ્પર્શમાં કે બીજો કોઈ ઉપાય ન હોય ત્યારે સમીપ સંબંધવાળા સ્ત્રી પુરુષોનો પરસ્પર સ્પર્શ થાય, ત્યારે આવા સ્પર્શમાં વ્યવહારના કામની સિદ્ધિમાટે તે જરૂરી હોતાં,બન્નેને દોષ લાગતો નથી.[૩૨] હવે તે સમીપ સંબંધવાળા સ્ત્રી પુરુષો કોને જાણવા ? તે કહું છું. પિતા, ભાઈ, કાકા, ભાઈના પુત્રો, તેમજ પોતાના નાના, મામા, મામાના પુત્રો, મામાના પુત્રોના પુત્રો, તેમની દીકરીઓના પુત્રો, માસો તથા માસાના પુત્રો, ફુવા કે ફુવાના પુત્રો, ગુરુ અને ગુરુપુત્ર, માતાને અન્ન આપી જીવાડનારો દાતા કે દાતાનો પુત્ર, સસરા, સસરાના ભાઈઓ, પોતાના પતિના મોટાભાઈ જેઠ, નાનાભાઈ દીયર તથા બન્નેના પુત્રો, પોતાની દીકરીના પુત્રો તેમજ પોત્રા અને પરપોત્રા આદિ સર્વે સમીપ સંબંધવાળા પુરુષો કહેલા છે. તે જો સ્વયં ધાર્મિક હોય અને બીજાની ધર્મરક્ષા કરવા સજાગ હોય તો સર્વેના સ્પર્શમાં કોઈ દોષ નથી.[૩૩-૩૬]

હે ભક્તજનો ! મૂલ્ય આપી કોઈ વસ્તુ ખરીદવી કે વહેંચવી હોય તો તેવા પ્રસંગમાં તથા જળમાં ડૂબી જવા આદિકના ભય ઉત્પન્ન થવાના પ્રસંગમાં,કે અગ્નિથી ઘર, દેહ આદિ બળવાના પ્રસંગમાં, માથા ઉપર ભારો ચડાવવા આદિકમાં કોઈની મદદ લેવા આદિ પ્રસંગમાં સમીપ સંબંધ વિનાના પુરુષનો

प्रयाणकाले विधवादर्शनं चात्यमङ्गलम् । तिर्यग्गच्छत्कृष्णसर्पादप्येतदधिकं मतम् ॥ ३९
न केवलं कार्यहानिः किन्तु मृत्युरपि ध्रुवम् । स्वस्य स्वीयस्य वापि स्याद्धननाशोऽथवाग्निभीः ॥४०
अतस्तद्दर्शनाघस्य शान्तये शास्त्रवेदिभिः । सद्य एवास्ति कथितं हरिस्मरणमङ्गलम् ॥ ४१
तासां चाप्याशिषो ज्ञेया आशीविषविषोपमाः । ताभ्यो भेयमतः पुंभी राक्षसीभ्य इवाखिलैः ॥ ४२
मात्रा स्वस्त्रा दुहित्रा वा रहःस्थाने वयःस्थया । न तिष्ठेत्पुरुषस्तादृक् हरेर्भक्तो विनाऽऽपदम् ॥ ४३
अज्ञानात्तु रहःस्थाने स्थितावेकमुपोषणम् । उभाभ्यामपि कर्तव्यं स्त्रीपुंसाभ्यां प्रयत्नतः ॥ ४४
सविकारेण मनसा स्पर्शमात्रे रहःकृते । चान्द्रायणं व्रतं कार्यमुभाभ्यां स्वाघशान्तये ॥ ४५
एकलः पुरुषः क्वापि कयाचिदपि योषया । गच्छेद्विधवया सार्कं नैव वर्त्मनि सर्वथा ॥ ४६

સ્પર્શ થાય તો તે દોષકારક નથી.[૩૭] તેમજ ગૃહસ્થ પુરુષોને વિધવાની માફક જ ક્રય-વિક્રયાદિના પ્રસંગમાં પોતાની સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીના સ્પર્શમાં દોષ લાગતો નથી.[૩૮] કોઈ કાર્ય પ્રસંગે ગામાન્તરે જવાના સમયે કાળો સર્પ આડો ઉતરવા કરતાં પણ વિધવા સ્ત્રીનું મુખ દેખાય તો તે અતિ અમંગળકારી છે.[૩૯] છતાં જવાનું પ્રયાણ કરે તો માત્ર કાર્યની હાનિ થાય તેટલું ફળ છે એમ નહિ, પોતાનું કે પુત્ર પત્નિનું મૃત્યુ પણ થઈ શકે છે, તેમાં સંશય નથી. અથવા તો ધનનો નાશ થાય, અગ્નિ કે જળનો ભય ઉત્પન્ન થાય અર્થાત્ કોઈને કોઈ અવશ્ય થાય છે.[૪૦] હે ભક્તજનો ! તેથી વિધવાના મુખદર્શનના દોષને શાંત કરવા માટે શાસ્ત્રવેત્તાઓએ તત્કાળ હરિસ્મરણ કરવા રૂપ પ્રાયશ્ચિત કહેલું છે.[૪૧] વિધવા સ્ત્રીઓના આશીર્વાદ પણ કાળા સર્પના ઝેર સમાન જાણવા એટલા જ માટે સર્વે પુરુષોએ રાક્ષસીની જેમ વિધવા સ્ત્રીઓથી ભય પામવું.[૪૨] તેમજ પોતાની માતા, અપરમાતા, બહેન કે દીકરી જો વિધવા હોય તો તેમની સાથે પણ યુવાવસ્થાવાળા પુરુષોએ આપત્કાળના પ્રસંગ વિના કદાપિ એકાંતસ્થળમાં ન રહેવું.[૪૩]

હે ભક્તજનો ! અજાણતાં જો એકાંત સ્થળમાં નિવાસ થાય તો બન્ને એ પ્રયત્નપૂર્વક એક એક ઉપવાસ કરવો.[૪૪] તેમાં પણ એકાંતમાં પરસ્પર કામભાવે માત્ર સ્પર્શ થઈ જાય તો તે દોષની નિવૃત્તિને માટે બન્નેએ ચાંદ્રાયણ વ્રત કરવું.[૪૫] વળી ક્યારેય પણ એકલા યુવાન પુરુષે પોતાના સમીપ સંબંધવાળી એકલી વિધવા નારી સાથે માર્ગમાં ચાલવું નહિ.[૪૬] અને જો સંબંધવાળી એકલી વિધવા સ્ત્રી સાથે અસાવધાનીના કારણે યુવાન પુરુષ માર્ગમાં ચાલે તો તે યુવાન હરિભક્ત અને વિધવા નારી બન્નેએ પોતાના પાપની શુદ્ધિને માટે એક રાત્રી દિવસ ઉપવાસ કરવો.[૪૭]

यदि गच्छेत्प्रमादेन तर्हि साकं तया स्त्रिया । उपवासं स कुर्वीत दिनमेकं स्वशुद्धये ॥ ४७
तरुणानां नराणां च तरुणीनां च योषिताम् । सर्वथैव प्रसङ्गोऽयं निषिद्धोऽस्ति परस्परम् ॥ ४८
अभर्तृकाणां नारीणां सम्बन्धिपुरुषैः सदा । स्वातन्त्र्यगमनाद्रक्षा कार्या पितृसुतादिभिः ॥ ४९
समाजोत्सवतीर्थेभ्यो विवाहात्पान्थसार्थतः । साधुभ्योऽनाश्रमिभ्यश्च रक्ष्या योषा हि सर्वथा ॥ ५०
असुरा राक्षसा यक्षा अतिकामातिहिंसकाः । स्त्रीद्रव्यहरणार्थं हि तिष्ठन्त्येतेषु नित्यदा ॥ ५१
अबलानामतस्तेभ्यो रक्षणं पुरुषैः स्वकैः । प्रयनेनैव कर्तव्यं गृहिभिः पापभीरुभिः ॥ ५२
तासां रक्षापि धर्मिष्ठैर्बुद्धिमद्भिः सयुक्तिना । साम्ना दानेन वा कार्या पुंभिर्भेदेन वापि तैः ॥ ५३
नाङ्गच्छेदोऽङ्गभङ्गो वा तासां कार्यो न तैर्वधः । तदात्मघातहेतुश्च न वाच्या मर्मभिच्च वाक् ॥ ५४
धर्मस्य रक्षणे शक्तिः स्वस्यान्येषां च सर्वथा । भुवि भूपस्य च गुरोः सर्वेभ्योऽप्यधिकास्ति हि ॥ ५५

---

**હે ભક્તજનો ! યુવાન સ્ત્રી પુરુષો માટે પરસ્પરનો પ્રસંગ શાસ્ત્રની દૃષ્ટિએ સર્વથા નિષેદ્ધ છે.[૪૮] પિતા, પુત્ર, ભાઈ વગેરે સંબંધીજનોએ વિધવા નારીઓનું સ્વતંત્ર આવવા જવાની પ્રવૃત્તિથી સદાય રક્ષણ કરવું.[૪૯] તે કેવી રીતે ? તો કહું છું કે, બહુજન સમાજ ભેળો થયો હોય, ઉત્સવના પ્રસંગ હોય, તીર્થમાં જવું હોય, વિવાહમાં, મનુષ્યોના સંઘ સાથે માર્ગે ચાલતાં, કહેવા માત્રના સાધુના સહવાસના આદિના પ્રસંગમાં તથા વાંઢા પુરુષના સહવાસના પ્રસંગથી સંબંધી પુરુષોએ યુવાન વિધવાઓનું રક્ષણ સર્વ પ્રકારે કરવું.[૫૦] કારણ કે અતિ કામી પુરુષો, હિંસક પુરુષો, રાક્ષસો, અસુરો અને યક્ષો સ્ત્રી અને દ્રવ્યની પ્રાપ્તિ માટે આવા પ્રસંગોમાં નિત્યે આંટા મારતા હોય છે. તેને ઉત્સવાદિકના દર્શનનું તાન હોતું નથી. પરંતુ સ્ત્રીઓને પટાવવાનું જ તાન હોય છે, તેથી પાપભીરુ ગૃહસ્થ પુરુષોએ પોતાની સંબંધી સધવા-વિધવા સ્ત્રીઓની પ્રયત્ન પૂર્વક રક્ષા કરવી.[૫૧-૫૨]**

**હે ભક્તજનો ! ધર્મનિષ્ઠ બુદ્ધિમાન ગૃહસ્થ પુરુષોએ જો સ્ત્રીઓ સરળ સ્વભાવની હોય તો સ્નેહના વચનોથી તેને સમજાવીને રોકવી. પરંતુ જો ઉધ્ધત હોય તો પૈસાના મિષથી લલચાવીને રોકવી. અને જો અતિ ઉધ્ધત હોય તો ભેદના વચનોથી ધમકાવીને રોકવી,[૫૩] પરંતુ લાકડી આદિકનો માર કે નાક, કાન આદિકના અંગ છેદનું કાર્ય કરવું નહિ. અને ખડ્ગ આદિક શસ્ત્રથી ઘાત પણ કરવી નહીં. અને તે સ્ત્રી આત્મહત્યા કરે તેવી મર્મભેદ વાણી પણ ઉચ્ચારવી નહિ.[૫૪] હે ભક્તજનો ! આ પૃથ્વી પર પોતાના તેમજ પારકાના ધર્મની સર્વપ્રકારે રક્ષા કરવાનું સામર્થ્ય રાજા તેમજ દીક્ષાપ્રદ ગુરુઓમાં પિતા ભાઈ આદિ કરતાં અધિકપણે**

शिक्षयित्वा प्रजा राज्ञा शिष्यांश्च गुरुणा ततः । पुंस्पर्शाद्विधवाधर्मो रक्षणीयः प्रयत्नतः ॥ ५६
कुरुतो नैव यावित्थं तौ प्रजाशिष्यपातकैः । नृपो गुरुश्च युज्येते भुञ्जाते तान्यमुत्र च ॥ ५७
पितरश्च पतन्त्येव तयोः स्वर्गगता अपि । पापेन तेन महता निरयेषु न संशयः ॥ ५८
उद्धवस्वामिनैवैषा मर्यादास्ति पुरा कृता । उल्लङ्घयेत्तां यः कोऽपि स ज्ञेयस्तत्पथाद्बहिः ॥ ५९
एतामुल्लङ्घ्य मर्यादां स्त्री पुमान्वा निजेच्छया । वर्तिष्येते तयोर्भूरि भविष्यत्ययशो भुवि ॥ ६०
मिथ्याकलङ्कानपि तौ प्राप्यान्ते निरयान्बहून् । भोक्ष्येते नात्र सन्देहो नीलकण्ठो ब्रवीम्यहम् ॥ ६१

**सुव्रात उवाच–**

एतन्निशम्य प्रमुदस्तदानीं सर्वे जनाः प्राञ्जलयः प्रभुं तम् ।
प्रणम्य ते बाढमितीशवाक्यमुपाददुः सन्मतयो नरेन्द्र ! ॥ ६२

---

રહેલું હોય છે.[૫૫] તેથી રાજાએ પોતાની પ્રજાને અને ગુરુઓએ પોતાના શિષ્યોને યથાયોગ્ય શિક્ષણ આપવું ને પુરુષોના સ્પર્શ થકી વિધવા સ્ત્રીઓના ધર્મનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું.[૫૬] જે રાજા અને ગુરુનાં વચન પ્રમાણે પ્રજા અને શિષ્યો ધર્મનું રક્ષણ ન કરે તો તે બન્નેએ કરેલાં પાપના ભાગીદાર રાજા અને ગુરુઓ થાય છે.તેથી મર્યા પછી તેને નરકને વિષે પાપનો ભાગ ભોગવવો પડે છે. તે રાજા અને ગુરુઓના પિતૃઓ સ્વર્ગમાં ગયા હોય છતાં યથાયોગ્ય શિક્ષણ ન આપવાના પાપે કરીને પિતૃઓને પણ નરકમાં નાખે છે, તેમાં કોઈ સંશય નથી.[૫૮]

હે ભક્તજનો ! મેં કહેલી આ મર્યાદાનું પૂર્વે ગુરુ રામાનંદ સ્વામીએ સ્થાપન કરેલું છે. આ મર્યાદાનું જે કોઈ ઉલ્લંઘન કરે તેને ઉદ્ધવસંપ્રદાય થકી બહાર જાણવા.[૫૯] તેમજ સધવા, વિધવા સ્ત્રીઓ અને પુરુષો આ મેં કહેલી ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરીને પોતાની ઈચ્છામાં આવે તેમ વર્તશે તો આ પૃથ્વી ઉપર કલંકિત થઈ બહુજ અપકીર્તિને પામશે.[૬૦] મિથ્યા કલંકોના ભોગી બનશે અને મૃત્યુ પછી બહુ પ્રકારના નરકોની યાતના ભોગવશે, તેમાં કોઈ સંશય નથી. તમારો ઈષ્ટદેવ હું નીલકંઠ આ સત્ય વચનો કહું છું, મારાં આ વચનો તમારા આલોક તથા પરલોકને માટે સુખદાયક છે. તેથી સર્વે ભલા થઈને સ્વીકાર કરજો.[૬૧]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! પરમેશ્વર શ્રીહરિનાં આવાં અમૃતવચનો સાંભળી સભામાં બેઠેલા સાત્વિક બુદ્ધિવાળા સર્વે ભક્તજનો ખૂબજ આનંદ પામ્યા અને બે હાથ જોડી શ્રીહરિને પ્રણામ કરી તમે જેમ કહ્યું તે રીતે જ અમે સૌ વર્તશું. એમ કહીને તેમનાં વચનો મસ્તક ઉપર ચડાવ્યાં.[૬૨] હે રાજન્ ! જે

य: पूरुष: स्पर्शविवेकमेतं नारी पठेद्वा श्रृणुयात्प्रभूक्तम् ।
तावत्र कीर्तिं धनधान्यऋद्धिं सम्प्राप्नुतो धाम हरेस्तथान्ते ॥ ६३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे स्पर्शविवेकनिरुपणनामा पञ्चविंशोऽध्याय:॥२५॥*

---

**अथ षड्विंशोऽध्याय: - २६**

**सुव्रत उवाच-**

प्रदोषकालेऽथ च पञ्चमीतिथौ महासभायामुपविष्टमीशम् ।
मुनि: शुकानन्द उदारबुद्धि: पप्रच्छ हेतुं नृप ! धर्मसिद्धे: ॥ १
भगवन् ! हेतुना केन धर्म: सिध्धति सान्वय: । शीघ्रं च मानवानां तद्वक्तुमर्हसि मेऽञ्जसा ॥ २

---

**સ્ત્રીપુરુષો શ્રીહરિએ કહેલાં આ સ્પર્શાસ્પર્શ વિવેકનાં અમૃતસમાન વચનોનો પાઠ કરશે, વાંચન કરશે અને સાંભળશે તે આલોકમાં મોટી કીર્તિએ સહિત ધનધાન્યાદિ સમૃદ્ધિને પામશે, અને દેહને અંતે ભગવાન શ્રીહરિના અક્ષરધામને પામશે.**[૬૩]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધીનીના ઉત્સવ દરમ્યાન રાત્રીની સભામાં શ્રીહરિએ સ્પર્શાસ્પર્શના વિવેકનું નિરૂપણ કર્યું એ નામે પચીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૫--***

---

## અધ્યાય - ૨૬

### ભગવાન શ્રીહરિએ કરેલું ધર્મ સિદ્ધિના સાધનોનું વર્ણન.

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિકસુદ પાંચમને દિવસે સાયંકાળે ભગવાનની સંધ્યા આરતી થયા પછી મહાસભામાં ઊંચા સિંહાસન ઉપર બેઠેલા ભગવાન શ્રીહરિ પ્રત્યે ઉદારબુદ્ધિવાળા શુકાનંદ સ્વામી ધર્મસિદ્ધિનાં સાધન પૂછતાં કહેવા લાગ્યા કે હે ભગવાન ! આપના આશ્રિત સર્વે મનુષ્યોને વંશે સહિત ધર્મની તત્કાળ સિદ્ધિ કયા સાધનથી થાય ? તે સાધનો મને યથાર્થ કહી સંભળાવો.**[૧-૨]

**ભગવાન શ્રીનારાયણમુનિ કહેવા લાગ્યા કે, હે બ્રહ્મન્ ! જ્યાં શુભ**

**श्रीनारायणमुनिरुवाच-**

धर्मः सहान्वयो ब्रह्मन् ! देशादौ सति वर्तते । सिद्ध्येत्तत्सेविनां धर्मः स्यादैश्वर्यं सुखं च तत् ॥ ३
असत्यधर्मो देशादावास्ते सपरिवारकः । तत्सेविनामधर्मः स्याद्दुःखं चैश्वर्यतश्च्युतिः ॥ ४
देशः कालः क्रिया ध्यानं शास्त्रं दीक्षा तथा मनुः । सङ्गश्चेत्यष्ट धर्मस्य हेतवो हीतरस्य च ॥ ५
लक्षणानि सतां तेषां देशादीनां तथाऽसताम् । कथयामि समासेन हिताय वै नृणामहम् ॥ ६
चतुर्वर्णाश्रमवतां धर्मो यत्र विभागशः । यत्रैकान्तिकभक्ताः स्युर्हरेर्देशः स शोभनः ॥ ७
यत्र ह ब्राह्मणकुलं तपोविद्यादयान्वितम् । यत्र यत्रहरेरर्चा स देशः श्रेयसः पदम् ॥ ८
पुराणप्रथिता यत्र गङ्गाद्या स्युश्च निम्नगाः । पुष्करादीनि तीर्थानि क्षेत्राण्यर्हाश्रितानि च ॥ ९
कुरुक्षेत्रं गयाशीर्षं प्रयागः पुलहाश्रमः । नैमिषं फाल्गुनं सेतुः प्रभासोऽथ कुशस्थली ॥ १०

---

**દેશકાળાદિક વર્તતા હોય ત્યાં પરિવારે સહિત ધર્મ નિવાસ કરીને રહે છે. તેથી શુભ દેશ કાળાદિકનું સેવન કરનારા મનુષ્યોને ધર્મની સિદ્ધિ થાય છે, અને ધર્મ સિદ્ધિ થયા પછી ઐશ્વર્ય અને સુખની પ્રાપ્તિ થાય છે.[૩] અને જ્યાં અશુભ દેશકાળાદિક વર્તતા હોય ત્યાં પોતાના વંશે સહિત અધર્મ નિવાસ કરીને રહે છે, તેથી અશુભ દેશકાળાદિકનું સેવન કરનારા મનુષ્યોને વિષે અધર્મ વૃદ્ધિ પામે છે. તેમનું ફળ દુઃખની પ્રાપ્તિ છે અને ધર્મપાલનથી પ્રાપ્ત થયેલા ઐશ્વર્ય થકી ભ્રષ્ટ થાય છે.[૪] અને દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્રજાપ અને સંગ આ આઠ જો શુભ હોય તો તે ધર્મની વૃદ્ધિના હેતુ છે, અને જો અશુભ હોયતો અધર્મની વૃદ્ધિના હેતુ છે.[૫] શુભ તથા અશુભ દેશકાળાદિક આઠનાં લક્ષણો મારા આશ્રિત સર્વે મનુષ્યોના હિતને માટે હું સંક્ષેપથી કહું છું. તેમાં પ્રથમ શુભનાં લક્ષણો કહું છું.[૬]**

**શુભ દેશનાં લક્ષણો :– હે બ્રહ્મન્ ! જે દેશમાં બ્રાહ્મણાદિ ચારે વર્ણના મનુષ્યોના તથા બ્રહ્મચર્યાદિ ચારે આશ્રમોના મનુષ્યોના સદાચારનું વિભાગ અનુસાર અલગ અલગ પ્રવર્તન હોય, અને જ્યાં ભગવાનના એકાંતિક ભક્તો નિવાસ કરતા હોય, તે દેશને શુભ જાણવો.[૭] વળી જે દેશમાં તપ, સદ્વિદ્યા અને ધ્યાનવાન બ્રાહ્મણકુળનો નિવાસ હોય તથા શ્રીહરિના અર્ચાસ્વરૂપો પધરાવેલ મંદિરો હોય, તે દેશને શુભ જાણવો.[૮] જે દેશમાં પુરાણપ્રસિદ્ધ પવિત્ર ગંગાદિ નદીઓ વહેતી હોય, પુષ્કરરાજ જેવાં તીર્થો હોય, પૂજ્ય મહર્ષિ જેવા મહાપુરુષો નિવાસ કરીને રહેતા હોય, તેને શુભ દેશ જાણવો.[૯] કુરુક્ષેત્ર, ગયાજી, પ્રયાગરાજ, પુલહાશ્રમ, નૈમિષારણ્ય, ફાલ્ગુનક્ષેત્ર, સેતુબંધરામેશ્વર, પ્રભાસક્ષેત્ર, દ્વારિકા,**

वाराणसी मधुपुरी पम्पा बिन्दुसरस्तथा । नारायणश्रमोऽयोध्या सीतारामाश्रमादयः ॥ ११
सर्वे कुलाचलाः पुण्या महेन्द्रमलयादयः । देशानामुत्तमो देशः सत्पात्रं यत्र लभ्यते ॥ १२
एते पुण्यतमा देशाः सेव्याः श्रेयोर्थिभिर्नरैः । धर्मो ह्यत्र कृतः पुंसां सहस्राधिफलोदयः ॥ १३
असद्देशानथो वच्मि हातव्यान् धर्मबुद्धिभिः । अङ्गवङ्गकलिङ्गाश्च म्लेच्छदेशाश्च कीकटाः ॥ १४
असंस्कृताश्चोषराश्च हर्यर्चारहिताश्च ये । यत्रत्योदकपानेन भवेयुर्जाठरा रुजः ॥ १५
स्वस्वधर्मविहीनाः स्युर्नरा यत्र तथा स्त्रियः । भक्ताश्चैकान्तिका यत्र न स्युर्भगवतोऽमलाः ॥ १६
राजा च राजकीया वा बलाद्यत्र परस्त्रियः । परस्वानि हरेयुश्च पीडयेयुश्च दुर्बलान् ॥ १७
यत्र च व्यभिचारिण्यो भवेयुः प्रायशः स्त्रियः । मद्यमांसादिलेपाः स्युर्यत्र च स्तेयकर्मिणः ॥ १८
देशे सत्यपि यत्र स्यान्मारीरोगाद्युपद्रवः । राजसैन्योपद्रवश्च स्याच्चेतीनामुपद्रवः ॥ १९

---

**વારાણસી, મથુરા, પંપાસરોવર, બિંદુસરોવર, બદરિકાશ્રમ, અયોધ્યા, ચિત્રકૂટ, પંચવટી, કપિલાશ્રમ, મહેન્દ્રાચલ પર્વત, મલયપર્વત, સહ્યાદ્રિ, શુક્તિમાન, ઋક્ષ, વિંધ્યાચળ, પારિયાત્ર આદિ પર્વતો હોય તેવા પ્રદેશને શુભ જાણવા. આ સાતે પર્વતોને કુળપર્વતો કહેલા છે. તે સર્વે દેશોમાં પણ જ્યાં સત્પાત્ર વ્યક્તિનું મિલન થાય તે દેશ શુભમાં પણ વધુ શ્રેષ્ઠ છે.[૧૦-૧૨] માટે પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છતા મનુષ્યોએ આ પવિત્રદેશોનું સેવન કરવું. આ શુભ સ્થાનોમાં રહીને આચરેલો ધર્મ મનુષ્યોને અનંતગણું ફળ આપનાર છે.[૧૩]**

**અશુભ દેશનાં લક્ષણો :–** હે બ્રહ્મન્ ! હવે હું તમને ધર્મનિષ્ઠ બુદ્ધિમાન મનુષ્યોએ ત્યાગ કરવા યોગ્ય અશુભ દેશોની વાત કરું છું. અંગદેશ, વંગદેશ, કલિંગ, સિંધ, અને કિટકદેશ આ સર્વે મ્લેચ્છોના દેશો અશુભ મનાયેલા છે.[૧૪] વળી જે દેશની ભૂમિ અસંસ્કૃત હોય, ખારી ભૂમિહોય, જ્યાં ભગવાનની પ્રતિમાઓનું સ્થાપન થયેલું ન હોય, જ્યાંનું પાણી પીવાથી પેટના રોગો ઉદ્‌ભવતા હોય, જે દેશમાં સ્ત્રી કે પુરુષો પોતાના ધર્મનું પાલન ન કરતા હોય, નિર્મળ અંતઃકરણવાળા ભગવાનના એકાંતિક ભક્તનો જ્યાં નિવાસ ન હોય, જે દેશમાં રાજા કે રાજાના મંત્રીઓ બળપૂર્વક પરસ્ત્રી અને પરધનનું હરણ કરી જતા હોય, અને દુર્બળને પીડતા હોય તે સર્વે અશુભ દેશો કહેલા છે. વળી જે દેશમાં બહુધા સ્ત્રીઓ વ્યભિચારિણી હોય, જ્યાં મદ્ય અને માંસનું સેવન કરવામાં આવતું હોય, જ્યાં ચોરી અને લૂંટફાટ કરનારા જ નિવાસ કરતા હોય, શુભદેશ હોવા છતાં જ્યાં કોલેરા કે મરકીનો રોગ ફાટી નીકળ્યો હોય, જ્યાં રાજાના સૈન્યનો વારંવાર ઉપદ્રવ

यत्रान्नवस्त्रातिदुःखादपि स्वजनविक्रयम् । कुर्वीरन् पुरुषाश्चैते देशाः खल्वशुभा मुने! ॥ २०
शुभो ब्राह्ममुहूर्तादिः पूर्वाह्णो देवकर्मणि । कालोऽपराह्णः पैत्रे च कर्मणि प्रोच्यते शुभः ॥ २१
तथायनं च विषुवं व्यतीपातो दिनक्षयः । चन्द्रादित्योपरागश्च द्वादशी वैष्णवं च भम् ॥ २२
अक्षयाख्या तृतीया च नवमी कार्तिके सिता । चतस्त्रोऽप्यष्टकाश्चैव माघे च सितसप्तमी ॥ २३
समासर्क्षाः पौर्णमास्य एकादश्यश्च सर्वशः । संस्कारकालो जायाया अपत्यस्यात्मनस्तथा ॥ २४
सप्तमी भानुयुक्ता च सोमामा च बुधाष्टमी । अङ्गारकचतुर्थी च षष्ठी च कपिलाह्वया ॥ २५
यस्मिंश्चापररात्रे स्युर्देवविप्रेक्षणादयः । सुस्वप्नाः शकुनाश्च स्युः सन्तः कालः स शोभनः ॥ २३
प्रेतक्रियायाः कालश्च मृताहो व्रतवासराः । जन्मोत्सवा हरेश्चेति पुण्यकालाः प्रकीर्तिताः ॥ २७

થતો હોય, જ્યાં સાત ઈતિઓનું દુઃખ વારંવાર પડતું હોય, તથા જ્યાં અન્ન વસ્ત્રના દુઃખથી પીડાતા પુરુષો પત્ની પુત્ર આદિને વેચી મારતા હોય આ સર્વે દેશો અશુભ કહેલા છે.[૧૫-૨૦]

**શુભકાળ :–** હે મુનિ ! બ્રાહ્મમુહૂર્ત આદિ દિવસનો પૂર્વભાગ શ્રીવિષ્ણુ આદિ દેવતાઓના પૂજનમાં શુભ મનાએલો છે. અને બપોર પછીનો સમય પિતૃસંબંધી શ્રાદ્ધાદિ કર્મ કરવા માટે શુભ મનાએલો છે.[૨૧] તેમજ દક્ષિણાયન, ઉત્તરાયણ, કર્ક સંક્રાંતિ, મક્કરસંક્રાંતિ મેષસંક્રાંતિ વ્યતિપાતનો દિવસ, દિવસનો ક્ષય, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, સર્વે બારસ, શ્રવણનક્ષત્ર, અક્ષયતૃતીયા, કાર્તિકસુદ નવમી તિથિ, માગસર, પોષ, મહા અને ફાગણ આ ચાર મહિનાની વદ આઠમો, મહા મહિનાની સુદ સાતમ, દરેક પૂનમ અને એકાદશી, પોતાની પત્નીના પુંસવનાદિ સંસ્કારના સમય, પોતાના પુત્રના જાતકર્માદિ સંસ્કારનો સમય તથા પોતાનો જન્મ દિવસ, જન્મ સમય, વૈષ્ણવી દીક્ષા સમય, યજ્ઞદીક્ષા સમય, રવિવારે સહિત સપ્તમી તિથિ, સોમવારે સહિત અમાવાસ્યા, બુધવારે સહિત આઠમ, મંગળવારે સહિત ચોથ અને વૈશાખવદ ચોથ, કપિલા ષષ્ઠી એટલે બાર વર્ષે એકવાર આવતી ભાદરવાવદ છઠ્ઠની તિથિ જેમાં હસ્તનક્ષત્ર, વ્યતિપાતનો યોગ અને મંગળવાર આટલાનો યોગ હોય તે ષષ્ઠી, આ શુભકાળ કહેવાય છે. તેમજ રાત્રીના છેલ્લા પ્રહરમાં દેવ, બ્રાહ્મણ અને ભગવદ્ ભક્તોનાં દર્શન થાય તેવાં સ્વપ્ન આવવાં તે શુભકાળ છે. તેમજ મંગલધ્વનિનું શ્રવણ જે સમયે થાય તે સમય, પ્રેતનો ઔર્ધ્વદૈહિકક્રિયા કરવાનો સમય, પોતાના માતાપિતા આદિકના મૃત્યુની સંવત્સરી તિથિ, કૃચ્છ્ર ચાંદ્રાયણવ્રતના સર્વે દિવસો, ભગવાનના જન્માષ્ટમી, રામનવમી

एषु स्नानं जपो होमो व्रतं देवद्विजार्चनम् । पितृदेवनृभूतेभ्यो यद्दत्तं तघ्द्यनश्वरम् ॥ २८
प्रदोषश्च निशीथादिः सूतकं दुर्दिनानि च । दिव्यभौमोत्पातहेतुः सर्वोद्वेगादिकृत्तथा ॥ २९
आत्मनः पशुवित्तादेर्हानिकृत्सर्वथा च यः । असन्त एते विज्ञेयाः कालाः पुंभिर्विचक्षणैः ॥ ३०
यस्मिंश्चापररात्रे स्युः कृष्णसर्पेक्षणादयः । दुःस्वप्नाश्चापशकुनाः प्रोक्तः कालः स चाप्यसन् ॥ ३१
सत्क्रियास्तु हरेर्भक्तिर्नवधा श्रवणादिका । अहिंसयज्ञा दानानि व्रतानि नियमा यमाः ॥ ३२
स्वधर्मश्च सतां सेवा ब्राह्मणाराधनं तथा । तीर्थयात्रादिका ज्ञेयाः क्रियाः सत्यो मनीषिभिः ॥ ३३
असत्क्रियास्तु विज्ञेया जीवहिंसानृतं तथा । मघमांसाशनं स्तेयं दम्भः साङ्कर्यकर्म च ॥ ३४
घूतं च परनारीणां सङ्गः क्ष्वेलिश्च नर्म च । अपमानः सतां चेति ह्यसत्यः कथिताः क्रियाः ॥ ३५

આદિ પ્રાદુર્ભાવની તિથિઓ, આ સર્વે શુભકાળ કહેવાય છે, આ સમયે કરવામાં આવતાં સ્નાન, જપ, હોમ, વ્રત, દેવપૂજા, બ્રાહ્મણપૂજા, પિતૃશ્રાદ્ધ, દેવયજ્ઞ, અતિથિ પૂજા, કીડિયારું પૂરવું, ગાયને નીરણનું દાન, કૂતરાંને રોટલા આપવા, વગેરે જે કાંઈ શુભકર્મ કરવામાં આવે તે અવિનાશી ફળને આપનારું થાય છે.[૨૨-૨૮]

**અશુભકાળ :–** હે મુનિ ! હવે અશુભકાળનું વર્ણન કરું છું, સાંજનો સંધ્યા સમય, મધ્યરાત્રીનો સમય, જન્મમરણાદિકના સૂતકના દિવસો, ઋતુ વિના વરસાદી વાદળોથી ઢંકાયેલા દિવસો, આકાશમાંથી થતા વીજપ્રપાત, ભૂકંપ, સર્વેને ઉદ્વેગ પમાડનારો દુષ્કાળ પડવો કે લૂટારુઓની ધાડ પડવી, આ અશુભકાળ કહેવાય છે. પોતાના પશુ ધન આદિકની હાનિ કરનારો સમય, તેમજ રાત્રીના છેલ્લા પ્રહરમાં સ્વપ્નમાં કાળા સર્પનું દેખાવું, ભૂત પ્રેતાદિકનાં દર્શન થવાં તથા જ્યારે અપશુકન થાય તે અશુભકાળ કહેલો છે.[૨૯-૩૧]

**શુભ–અશુભ ક્રિયાનાં લક્ષણો :–** હે બ્રહ્મન્ ! હવે હું શુભક્રિયાનું વર્ણન કરૂં છું. ભગવાનની શ્રવણ, કીર્તનાદિ નવપ્રકારની ભક્તિ કરવી, અહિંસામય યજ્ઞો કરવા, દાન, વ્રત, નિયમ, યમ, સ્વધર્મનું પાલન, સત્પુરુષોની સેવા, બ્રાહ્મણોનું પૂજન અને તીર્થયાત્રા કરવી આદિ ક્રિયાઓને બુદ્ધિમાન પુરુષોએ શુભક્રિયા કહેલી છે.[૩૨-૩૩] હે બ્રહ્મન્ ! હવે અશુભ ક્રિયા કહું છું. જીવોની હિંસા કરવી, અસત્ય બોલવું, મદ્યમાંસનું ભક્ષણ, ચોરી, દંભ, પોતાની જાતિથકી ભ્રષ્ટ કરે તેવાં કર્મોનું આચરણ, દ્યુતકર્મ, જુગાર, પરસ્ત્રીનો સંગ, પરસ્ત્રી સાથેની ખેલકૂદ, તેની સાથે હાસ્ય વિનોદ, સત્પુરુષોનું અપમાન કરવું વગેરે ક્રિયાને અશુભ ક્રિયા જાણવી.[૩૪-૩૫]

**શુભ ધ્યાનનું વર્ણન :–** હે મુને ! પ્રશાંતમૂર્તિ, સકલઐશ્વર્ય સંપન્ન,

शान्तमूर्तेर्भगवतो वासुदेवस्य सत्पतेः । नारायणस्य श्रीभर्तुर्यध्यानं तत्सदुच्यते ॥ ३६
कृष्णसम्बन्धिनां स्थानासनभूषणवाससाम् । वेणुमालायुधादीनां ध्यानं च सदुदीरितम् ॥ ३७
कालीभैरवयक्षाणां मद्यमांसाशिनां तु यत् । ध्यानं तामसदेवानामशुभं परिकीर्तितम् ॥ ३८
मूर्तयश्चावताराणां श्रीविष्णोः प्रतिपादिताः । श्रीरामकृष्णमुख्यानां यत्र सच्छास्त्रमेव तत् ॥ ३९
यन्नारदोद्धवादीनामेकान्तिकसतां हरेः । प्रतिपादनकर्तृ स्यान्मूर्तीनां तच्च सन्मतम् ॥ ४०
यत्र साक्षाद्भगवतो धृतदिव्यनराकृतेः । तत्सतां च वचांसि स्युः प्रतिपाद्यानि तच्च सत् ॥ ४१
सच्छास्त्रलक्षणं प्रोक्तमसच्छास्त्रं ब्रवीम्यथ । एतच्छारुविरुद्धं यदसच्छास्त्रं तदुच्यते ॥ ४२
आकारखण्डनं यत्र स्याद्धरेश्चापि तत्सताम् । आत्मनिष्ठा च भक्तिश्च स्याद्यत्र रहिता यमैः ॥ ४३

---

સંતોના પતિ, સર્વાન્તર્યામી, લક્ષ્મીપતિ, પરમાત્મા ભગવાન શ્રીવાસુદેવની સકલ મૂર્તિનું ધ્યાન અથવા એક એક અંગનું પૃથક્ પૃથક્ ધ્યાન તેને શુભ ધ્યાન કહેલું છે.[૩૬] તે ભગવાનના સંબંધમાં આવેલાં સ્થાનો, આસનો, આભૂષણો, વસ્ત્રો, મોરલી, માળા, ગદાદિ આયુધોનું ભગવાનની મૂર્તિ સાથે ચિંતવન કરવું તેને શુભ ધ્યાન કહેલું છે.[૩૭]

**અશુભ ધ્યાનનું વર્ણન :–** હે મુને ! મદ્યમાંસનું ભક્ષણ કરતા કાલિકા, કાળભૈરવ, યક્ષાદિ મલિનદેવતાઓનું સ્મરણ, તેમ જ ભૂત, પ્રેત, પિશાચ આદિકની સાધના માટેનું સ્મરણ, તામસદેવતાઓનું સ્મરણ તે અશુભ ધ્યાન જાણવું.[૩૮]

**શુભશાસ્રોનું લક્ષણ :–** હે બ્રહ્મન્ ! જે શાસ્ત્રોમાં ભગવાન શ્રીવિષ્ણુના અવતારભૂત શ્રીરામ, શ્રીકૃષ્ણ આદિકનું સ્વરૂપ અને એમના સંબંધી દિવ્ય ચરિત્રોનું પ્રતિપાદન કર્યું હોય તેને સત્શાસ્ત્ર કહેલાં છે.[૩૯] તેમજ ભગવાનના એકાંતિક ભક્ત જે નારદજી, ઉદ્ધવજી વગેરેનાં સ્વરૂપ તથા ચરિત્રનું જેમાં પ્રતિપાદન કર્યું હોય તે પણ સત્શાસ્ત્ર માન્યું છે.[૪૦] જેમાં ધર્મરક્ષણ માટે દિવ્ય નરાકાર સ્વીકારનાર સાક્ષાત્ ભગવાનના દિવ્ય સ્વરૂપો તથા દિવ્ય ચરિત્રોનો અનુવાદ કર્યો હોય તે સત્શાસ્ત્ર સમજવું.[૪૧]

**અશુભ શાસ્રોનું લક્ષણ :–** હે મુને ! મેં સત્શાસ્ત્રનાં લક્ષણ કહ્યાં હવે અસત્શાસ્ત્રનાં લક્ષણ કહું છું, સત્શાસ્ત્રોથી જે વિરુદ્ધ વર્ણન તે સર્વે અસત્શાસ્ત્રો કહેલાં છે.[૪૨] જે શાસ્ત્રોમાં ભગવાન કે ભગવાનના એકાંતિક સત્પુરુષોના આકારનું કે તેમનાં વચનોનું ખંડન કર્યું હોય, વળી જે શાસ્ત્રમાં આત્મનિષ્ઠા, ભક્તિ, યમ, નિયમ આદિના વર્ણનથી રહિત હોય અથવા તેમનું ખંડન કરેલું હોય.[૪૩] જેમાં

अवतारचरित्रेषु विष्णोरारोप्य दूषणम् । कृतं स्यान्निन्दनं यत्र तदसच्छास्त्रमुच्यते ॥ ४४
यत्र तामसदेवानां द्रव्यैरशुचिभिर्भवेत् । पूजाविधिश्च तत्सर्वं शास्त्रं ह्यसदितीर्यते ॥ ४५
कण्ठस्त्रक् जपमाला च पुण्ड्रं वस्त्राणि दैहिकी । प्रकृतिश्च भवेत्सौम्या यस्यां दीक्षा तु सा सती ॥ ४६
आनखादाशिखं वेषो यस्यां स्याच्च भयानकः । यस्यां क्रोधश्चापशब्दाः सा दीक्षा त्वसती मता ॥ ४७
यद्दर्शनाद्बिभीयुश्च जना व्याघ्रादितो यथा । मद्यमांसाद्यभक्ष्यस्य भक्षणं यत्र वा भवेत् ॥ ४८
आरक्ते लोचने यत्र गञ्जभङ्गादिभक्षणात् । प्रोक्ता सा चासती दीक्षा पारदार्यं च यत्र वा ॥ ४९
सन्मन्त्रः स तु विज्ञेयो यत्र स्युर्मङ्गलाभिधाः । कृष्णनारायणनरवासुदेवादयो हरेः ॥ ५०
असन्मन्त्रस्तु स ज्ञेयो मारणोच्चाटनादिकृत् । युक्तस्तामसदेवानां नाम्ना चित्तभ्रमश्च यः ॥ ५१

---

શ્રીકૃષ્ણ ભગવાન તથા તેમના અવતારોના ચરિત્રોમાં હિંસાદિકનું દોષારોપણ કરી તેને દૂષિત કરીને નિંદાના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું હોય, આ સર્વે અસત્શાસ્ત્રો કહેલાં છે.[૪૪] વળી જે શાસ્ત્રમાં અપવિત્ર મદ્યમાંસાદિક દ્રવ્યવડે કાલિકા, ભૈરવ આદિ તામસ દેવતાઓની પૂજાનું વર્ણન કરવામાં આવ્યું હોય તે સર્વે અશુભશાસ્ત્રો કહેલાં છે.[૪૫]

**શુભ દીક્ષાનું વર્ણન :–** હે મુને ! જે દીક્ષાવિધિમાં કંઠમાં પહેરવાની માળા (કંઠી), જપની માળા, ઊર્ધ્વપુંડ્ર તિલક, ધારણ કરવાનાં વસ્ત્રો સૌમ્ય હોય તથા દૈહિક દેખાવ સૌમ્ય હોય, તથા પોતપોતાના ધર્મપાલનની પ્રતિજ્ઞા સાથે જે દીક્ષા ગ્રહણ કરવામાં આવતી હોય તે શુભદીક્ષા કહેલી છે.[૪૬]

**અશુભ દીક્ષાનું વર્ણન :–** હે મુને ! જે દીક્ષામાં નખથી શિખા પર્યંતનો વેષ અતિશય ભયાનક હોય, જેમાં ક્રોધ અને અપશબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવતું હોય, જેમનાં દર્શન કરવાથી મનુષ્યો વાઘ આદિકથી જેમ ભય પામે તેમ ભય પામે તેવો વિકૃતવેષ ધારણ કરવાનો હોય, જેમાં મદ્ય, માંસ, ડુંગળી, લસણ આદિક અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરવાની છૂટ હોય, જે દીક્ષામાં ગાંજા, ભાંગ આદિકના સેવનની છૂટ હોય કે જેનાથી નેત્રો લાલચોળ અને ચહેરો ભયંકર થઈ જાય છે. વળી જે દીક્ષામાં પરસ્ત્રી સંગનું પણ પ્રતિપાદન હોય તે દીક્ષા અશુભ છે.[૪૭-૪૯]

**શુભ મંત્રનું વર્ણન :–** હે મુને ! જે મંત્રોમાં હરિ, કૃષ્ણ, નારાયણ, વાસુદેવ, નર, વિષ્ણુ, કેશવ આદિ મંગલકારી નામોનો જપ કરવામાં આવે તે મંત્રો શુભ જાણવા.[૫૦]

ये तु भागवतास्तेषां सङ्गः सत्सङ्ग उच्यते । लक्षणैस्ते तु विज्ञेयाः सच्छास्त्रेषूपवर्णितैः ॥ ५२
अष्टाङ्गं ब्रह्मचर्यं ये पालयेयुर्दृढव्रताः । धनमात्रत्यागिनश्च निःस्वादाः स्नेहवर्जिताः ॥ ५३
निर्मानिा निःस्पृहाः शुद्धाः क्रोधेर्ष्याद्रोहवर्जिताः । निर्मत्सराश्च निर्लोभा आत्मनिष्ठा जितेन्द्रियाः ॥ ५४
भक्तिं हर्यवतारेषु माहात्म्यज्ञानपूर्विकाम् । कुर्युरैकान्तिका भक्तास्तेषां सङ्गो हि सन्मतः ॥ ५५
धृतावतारस्य हरेः साक्षात्सङ्गश्च यो भुवि । तदीयानां च शास्त्राणां सङ्गः सत्सङ्ग उच्यते ॥ ५६
देशादिसप्तकस्यापि सच्छब्देनोदितस्य यः । सङ्गः स सर्वोऽपि मतः सत्सङ्गो मुनिसत्तमैः ॥ ५७
सङ्गोऽसतामसन्नुक्तो ज्ञातव्यास्तेऽपि लक्षणैः । भक्तिहीना भवेयुर्ये श्रीविष्णौ वैष्णवेषु च ॥ ५८
ये सच्छास्त्रेष्वविश्वासा नास्तिका धनलोलुपाः । पारदार्यरताः स्तेनाः सुरामिषनिषेविणः ॥ ५९

**અશુભ મંત્રોનું વર્ણન :–** જે મંત્રોમાં મારણ, ઉચાટન, પતન, ચિત્તભ્રમ, વશીકરણ આદિનું વર્ણન હોય તથા કાલિકા અને ભૈરવાદિ તામસદેવતાઓનાં જે મંત્રોમાં નામ આવતાં હોય તે સર્વે મંત્રો અશુભ મંત્રો કહેલા છે.[૫૧]

**શુભ સંગનું વર્ણન :–** હે મુને ! ભગવાનના એકાંતિક ભાગવત ભક્તો તથા સંતોનો સમાગમ કરવો તે શુભ સંગ કહેલો છે, સાચા ભાગવત ભક્તોની ઓળખ સત્શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલાં તેમનાં લક્ષણો ઉપરથી થાય છે.[૫૨] તેનાં લક્ષણ સંક્ષેપથી આ પ્રમાણે છે. જે ભાગવતો અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરતા હોય, પોતાના વ્રતોનું દૃઢપણે પાલન કરતા હોય, જે ધનમાત્રનો ત્યાગ રાખતા હોય, જે નિઃસ્વાદી, નિઃસ્નેહી, નિર્માની, નિઃસ્પૃહી હોય, જે બહાર અંદર શુભ વર્તતા હોય, જે કામ, ક્રોધ, ઈર્ષ્યા અને પરના દ્રોહથી રહિત હોય, જે નિર્મત્સરી, નિર્લોભી, આત્મનિષ્ઠ અને જીતેન્દ્રિય હોય, તેમજ જે ભગવાન અને ભગવાનના અવતારોની માહાત્મ્યજ્ઞાન-પૂર્વકની ભક્તિ કરતા હોય, જે સદાય એકાંતિકભાવે ભગવાનનું ભજન કરતા હોય, આવા સત્પુરુષોનો સંગ કરવો તે શુભ સંગ કહેલો છે.[૫૩-૫૫] વળી પૃથ્વીપર અવતાર ધારણ કરનારા પ્રત્યક્ષ ભગવાન તથા તેમનાં વચનોનું જેમાં વર્ણન હોય તેવાં સત્શાસ્ત્રોનું વાંચન તે પણ શુભસંગ કહેલો છે.[૫૬] વળી આગળ સત્ શબ્દથી પ્રતિપાદન કરેલા દેશ કાળાદિકનું સેવન કરવું, તે પણ શુભસંગ મહર્ષિઓએ કહેલો છે.[૫૭]

**અશુભ સંગનું વર્ણન :–** હે મુને ! અસત્પુરુષોનો સંગ તે અશુભ સંગ કહ્યો છે. તે અસત્પુરુષોને પણ તેમનાં લક્ષણોથી ઓળખી રાખવા. જે વિષ્ણુ ભગવાન અને તેમના ભક્ત વૈષ્ણવોમાં ભક્તિએ રહિત હોય, જે સંતો તથા

मानिनो मत्सरग्रस्ता दाम्भिका द्यूतदेविनः । अभक्ष्यभक्षा हिंस्राश्च मदमत्ताः पुरुक्रुधः ॥ ६०
महतो ब्रह्मचर्यादीन् गुणांस्त्यक्त्वाल्पकेऽपि ये । सतां दोषे दैहिके तु महादोषापवादिनः ॥ ६१
आत्मश्लाघापरा ये च हरितद्भक्तनिन्दकाः । गृह्णन्तोऽन्नादि च स्वार्थमुपद्रुत्य परान् भृशम् ॥ ६२
नृदेहं हरिणा दत्तं कृपया भक्तिधर्मयोः । संसाधकमपि प्राप्य पौरुषं नाचरन्ति ये ॥ ६३
कालं दैवं च संस्कारं कृपां भगवतस्तथा । श्रेयोऽर्थे पौरुषे हेतुं मन्यन्ते ये प्रमादिनः ॥ ६४
अशान्त्यादिभिरन्यैश्च युक्ता दुर्लक्षणैस्तु ये । असन्तस्ते हि पुरुषास्तेषां सङ्गस्त्वसन्मतः ॥ ६५
देशादिसप्तकं यद्यदसच्छब्देन कीर्तितम् । तत्तत्सङ्गोऽप्यसज्ज्ञेयः स्त्रीभिः पुंभिश्च तत्वतः ॥ ६६
इत्थं सतां चासतां च देशादीनां समासतः । लक्षणानि मयोक्तानि बोधायैव मुमुक्षताम् ॥ ६७

---

**સત્શાસ્ત્રોના વચનોમાં અવિશ્વાસી હોય, નાસ્તિક, ધનલોલુપ, પરસ્ત્રી સંગમાં આસક્ત, ચોરી કરવાના સ્વભાવવાળા હોય, સુરા, મદિરા, માંસનું સેવન કરનારા હોય, માની, મત્સરી, દંભી, દ્યુતક્રીડામાં આસક્ત, ડુંગળી, લસણ આદિ અભક્ષ્ય વસ્તુને ખાતો હોય, જીવહિંસા કરતો હોય, વિદ્યા, ધન અને કુળના મદથી ઉધ્ધત હોય, બહુ ક્રોધી હોય, ભગવાનના ભક્ત અને સંતોમાં બ્રહ્મચર્યાદિક શ્રેષ્ઠ ગુણોને છોડીને કોઇ દૈહિક અલ્પ સરખા દોષને જેમ કે ખાવાનો, વસ્ત્ર પહેરવાનો, લેતીદેતીના વ્યવહાર આદિ અલ્પ દોષને મહાન ગણીને ઉહાપો કરનારો હોય, પોતાની જ વારંવાર પ્રશંસા કરતા હોય, અને પ્રગટ ભગવાન શ્રીહરિના ઉપાસકોની નિંદા કરતા હોય, પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે બીજાઓને અત્યંત પીડા આપી અન્નવસ્ત્રાદિક વસ્તુઓ તેમના થકી મેળવતો હોય, શ્રીહરિની કૃપાથી પ્રાપ્ત થયેલા તેમજ ધર્મ અને ભક્તિની સિદ્ધિ કરાવી આપે એવા દુર્લભ માનવ શરીરને પ્રાપ્ત કર્યા પછી પણ જે પુરુષપ્રયત્ન કરી ધર્મ અને ભક્તિને સાધતો ન હોય તથા બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતો ન હોય, જે પ્રમાદિ હોવાના કારણે કાળ, ભાગ્ય, પૂર્વસંસ્કાર અને ભગવાનની કૃપાને જ કલ્યાણનું સાધન માનતા હોય છે. અને પુરુષાર્થ પણ ભગવાનની કૃપા વિના થતો નથી, એમ માનતા હોય છે. તેમજ અશાંતિ આદિ અનેક દુર્ગુણોથી ભરેલા હોય તે અસત્પુરુષો કહેલા છે. તેના સંગને અશુભ કહેલો છે. તેમજ પૂર્વે અસત્ શબ્દથી કહેલા દેશકાળાદિકનો સંગ કરવો તે પણ અશુભસંગ કહેલો છે. આ પ્રમાણે મારા આશ્રિત નરનારીઓએ યથાર્થ જાણી રાખવું.[૫૮-૬૬]**

**હે મુનિ ! આ પ્રમાણે મેં તમને શુભ અને અશુભ દેશકાળાદિકનાં લક્ષણો**

शुभैरेतैः सेवितैस्तु शुभा बुद्धिर्भवेन्नृणाम् । अशुभैस्तैर्भवेद्बुद्धिरशुभा नात्र संशयः ॥ ६८
यादृशी यस्य बुद्धिः स्यात्कर्म कुर्यात्स तादृशम् । कर्मानुरुपं च फलं प्राप्नुयात्स ततो मुने ! ॥ ६९
असतो देशकालादीन्न सेवेत ततः सुधीः । विहाय ताञ्छुभानेव हितार्थी शीघ्रमाश्रयेत् ॥ ७०
यथा पीयूषममलमज्ञानादपि सेवितम् । मूर्खं वा पण्डितं वापि नयत्यमरतां किल ॥ ७१
तथा सद्देशकालादिरज्ञानादपि सेवितः । संसृतेर्मोचयत्येव सुज्ञमज्ञं च देहिनम् ॥ ७२
पीतं च मद्यभङ्गादि शास्त्रं वा जडं नरम् । मादयित्वा यथा सद्यो नयत्युन्मत्ततुल्यताम् ॥ ७३
तथैव देशकालादिरसन्नेष स्वसेविनम् । उत्पथं प्रापयत्येव विद्वांसमपि सात्विकम् ॥ ७४
ईदृक्स्वभावमेवैतद्वर्तते सर्वथा मुने ! । स्वाभाविकं गुणं नैव हातुं शक्नोति कश्चन ॥ ७५

---

**મારા આશ્રિત મુમુક્ષુજનોને જ્ઞાન થાય તે માટે સંક્ષેપથી કહ્યાં.[૬૭] તેમ શુભ દેશકાળાદિકનું સેવન કરવાથી મનુષ્યોની બુદ્ધિ શુભ થાય છે. અને અશુભ દેશકાળાદિકનું સેવન કરવાથી બુદ્ધિ અશુભ થાય છે. તેમાં કોઈ પણ જાતનો સંશય કરવો નહિ.[૬૮] હે મુનિ ! જે મનુષ્યની શુભ કે અશુભ જેવી બુદ્ધિ હોય તે માણસ તેવાં જ શુભ કે અશુભ કર્મો કરે છે. ત્યારપછી પોતાનાં કરેલાં કર્મોને અનુસારે શુભ-અશુભ ફળને પામે છે.[૬૯] તેથી પોતાનું હિત ઈચ્છતા બુદ્ધિમાન મનુષ્યોએ અશુભ દેશકાળાદિકનું સેવન છોડીને તત્કાળ શુભ દેશકાળાદિકનો આશ્રય કરવો.[૭૦] જેવી રીતે અજાણતાં પણ કરેલું અમૃતનું પાન મૂર્ખ કે પંડિત માણસને પણ નિશ્ચય અમર કરી દે છે.[૭૧] તેમ અજાણતાં પણ સેવન કરાયેલા શુભ દેશકાળાદિક પંડિત કે મૂર્ખ માણસને આ સંસારના બંધનમાંથી મૂકાવે છે.[૭૨]**

**શ્રીહરિ કહે છે, હે મુનિ ! વળી જેવી રીતે મદ્ય કે ભાંગનું પાન શાસ્ત્રજ્ઞ પંડિત કરે કે મૂર્ખ માણસ કરે તેને કેફ ચડાવી તે જ ક્ષણે ઉન્મત્ત કરે છે.[૭૩] તેમ અશુભ દેશકાળાદિકનું સેવન સાત્ત્વિક ગુણવાળા વિદ્વાન પુરુષને પણ નરકમાં લઈ જનારા નઠારા પાપના માર્ગે ચડાવી દે છે. તો પછી રજોગુણી, તમોગુણી મૂર્ખમાણસને અશુભ દેશકાળાદિકનું સેવન ક્યાં લઈ જશે ? તેનું શું કહેવું ?.[૭૪] હે મુનિ ! તમે કહેશો કે આવું કેમ સંભવે ? તો કહું છું કે દેશકાળાદિકનો મૂળભૂત સ્વભાવ જ એવો છે. જેમ સ્વભાવિક સારો નરસો ગુણ માણસમાં હોય ને તે છોડવા સમર્થ થઈ શકતો નથી, તેમ દેશકાળાદિ પોતાના શુભ અશુભ સ્વભાવને છોડી શકતા નથી.[૭૫]**

यः सतो देशकालादीन्सेवते नित्यमादृतः । धर्मः सिद्ध्यति तस्यैव सकलाभीप्सितार्थदः ॥ ७६
यावज्जीवं सुखं भुङ्क्ते स एवात्र धरातले । देहान्ते परमं धाम गोलोकं लभते प्रभोः ॥ ७७
तत्र चैतन्यदेहेन सोऽनन्तानक्षयान्नरः । प्राप्नोति स्वेप्सितान् दिव्यान्भोगानमरदुर्लभान् ॥ ७८
देशादीनसतो यस्तु सेवेत स पुमानिह । यावज्जीवं दुःखमेव प्राप्नुयाद्धर्मतः मतश्च्युत ॥ ७९
देहान्ते नरकान् भुक्त्वा दारुणान् स यमालये । चतुरशीतिलक्षेषु ततो भ्राम्यति योनिषु ॥ ८०
असद्देशादिसम्बन्धाद्भीत एव ततः पुमान् । धर्मस्य सिद्धये नित्यं देशादीनाश्रयेत्सतः ॥ ८१

**सुव्रत उवाच-**

श्रुत्वेति नारायणवाचमापद्धर्षं महान्तं स मुनिः सहान्यैः ।
भक्तैस्तमानम्य तदीयवाचं जग्राह राजन्! शिरसा हितार्थी ॥ ८२

---

**હે મુનિ ! જે મનુષ્ય ભગવાનનો ભક્ત હોય અને આદરપૂર્વક નિત્યે શુભ દેશકાળાદિકનું સેવન કરે તો તેને સકલ ઇચ્છિત પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અને તે મનુષ્ય સદાય સુખનો અનુભવ કરે છે. અને દેહને અંતે શ્રીકૃષ્ણ ભગવાનના પરમ ગોલોકધામને પામે છે. તે ધામમાં ચૈતન્યમય દેહને પ્રાપ્ત કરી અનંત અવિનાશી પોતે ઇચ્છેલા અને દેવતાઓને પણ દુર્લભ એવા દિવ્ય સુખોને ભોગવે છે.[૭૬-૭૮] હે મુનિ ! જે મનુષ્ય આ લોકમાં અશુભ દેશકાળાદિકનું સેવન કરે છે તે પુરુષ પોતાના ધર્મથકી ભ્રષ્ટ થઇ જીવન પર્યંત દુઃખ ભોગવે છે.[૭૯] ત્યારપછી દેહના અંતે યમપુરીમાં જઇ દારુણ દુઃખને ભોગવી ચોર્યાસી લાખ જાતના શરીરોમાં જન્મ લઇ ભટક્યા કરે છે. અને તે તે જન્મમાં અપાર કષ્ટોને ભોગવે છે.[૮૦] તેથી મનુષ્યોએ અશુભ દેશકાળાદિકથી બહુ જ ભય પામી ધર્મની સિદ્ધિને માટે નિત્ય શુભ દેશકાળાદિકનું જ સેવન કરવું.[૮૧]**

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનોનું શ્રવણ કરી પોતાનું હિત ઇચ્છતા શુકાનંદ સ્વામી અતિશય હર્ષ પામ્યા તથા સભામાં બેઠેલા અન્ય સમસ્ત સંતો તથા હરિભક્તો ખૂબજ આનંદ પામ્યા અને ભગવાન શ્રીહરિના ચરણમાં પોતાનાં મસ્તક નમાવી તે વચનો અતિ આદરપૂર્વક મસ્તકે ધારણ કર્યાં.[૮૨] હે રાજન્ ! આ ધર્મની સિદ્ધિ સમગ્ર વેદથી પ્રમાણિત છે, ભગવાન વર્ણિરાટ શ્રી નારાયણમુનિએ ગૃહસ્થ ભક્તજનો, ત્યાગી સંતો અથવા કોઇ પણ માનવના ધર્મરક્ષણને માટે જ આ ધર્મસિદ્ધિ કહેલી છે. જે મનુષ્યો આનું પ્રતિદિન શ્રવણ કરશે, કોઇને સંભળાવશે**

इत्येषा धर्मसिद्धिर्भुवि नृषु गृहिणस्त्यागिनो वापि ये स्युस् ।
तेषां धर्मावनार्थं निगमगणमता कीर्तिता वर्णिराज्ञा ॥
एतां श्रोष्यन्ति ये वा प्रतिदिनमपि ये कीर्तयिष्यन्ति तेषां ।
धर्मस्थैर्यं च सौख्यं विविधमिह तथा संभविष्यत्यमुत्र ॥ ८३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे श्रीनारायणशुकानन्दसंवादे धर्मसिद्धिनिरुपणनामा षड्विंशोऽध्यायः॥२६॥*

---

**अथ सप्तविंशोऽध्यायः - २७**

**सुव्रत उवाच-**

षष्ठ्यां निशागमे राजन् ! सदस्युच्चासनस्थितम् । ब्रह्मानन्दो मुनीन्द्रोऽथ प्रणम्यापृच्छदीश्वरम् ॥ १
सम्प्रदायेऽत्र भगवन्निष्कामं हि बृहद्व्रतम् । आश्रिताः सन्ति बहवस्त्यागिनस्तावका इमे ॥ २

---

**તે બન્ને જણને ધર્મમાં દૃઢ સ્થિતિ થશે. તેમજ આલોક તથા પરલોકમાં અનેક પ્રકારનાં સુખો ભોગવશે.**[૮૩]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધીનીના ઉત્સવ ઉપર શ્રીનારાયણમુનિ અને શુકાનંદ સ્વામીના સંવાદમાં ધર્મસિદ્ધિનું નિરૂપણ કર્યું એ નામે છવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૬--***

---

## અધ્યાય - ૨૭

### બ્રહ્માનંદ સ્વામીના પૂછવાથી શ્રીહરિએ સંતો માટે કહેલી નિષ્કામશુદ્ધિ.

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિક સુદ છઠ્ઠને દિવસે ભગવાન શ્રીવાસુદેવનારાયણની સંધ્યાઆરતી થયા કેડે સભાને વિષે ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયેલા પરમેશ્વર ભગવાન શ્રીહરિને નમસ્કાર કરીને મુનિશ્રેષ્ઠ બ્રહ્માનંદ સ્વામી પૂછવા લાગ્યા કે, હે ભગવાન ! આ ઉદ્ધવસંપ્રદાયને વિષે નિષ્કામ બ્રહ્મચર્યવ્રતનો આશ્રય કરનારા અમે તમારા અનેક ત્યાગી ભક્તો છીએ.[૧-૨] હે સ્વામિન્ ! અમારામાંથી કોઈ ત્યાગીને સ્ત્રીઓના પ્રસંગે કરીને ક્યારેક કોઈ વ્રતનો**

व्रतभङ्गे क्वचित्वेषां जाते सम्बन्धतः स्त्रियाः । यथा शुद्धिर्भवेत्स्वामिंस्तथा वक्तुं त्वमर्हसि ॥ ३

**श्रीनारायणमुनिरुवाच-**

बुद्धिपूर्वं न कर्तव्यो व्रतभङ्गः क्वचिन्मुने ! । जाते त्वज्ञानतः कार्या तच्छुद्धिः सद्य एव हि ॥ ४
अष्टाङ्गब्रह्मचर्यस्य रक्षणं स्यात्तया ततः । एकान्तिकत्वं भक्तानां भवत्येवेति सोच्यते ॥ ५
निष्कामव्रतकृद्यस्तु पुरुषः क्वापि योषिताम् । वार्तां चेच्छृणुयात् प्रीत्या कुर्यादेकमुपोषणम् ॥ ६
स्त्रीणां गुणान्वाप्यगुणान्सच्छास्त्रीयकथां विना । व्रती चेद्वर्णयेत्तर्हि कुर्यादेकमुपोषणम् ॥ ७
मुग्धामध्यादिकान्भेदानसत्काव्योपवर्णितान् । श्रृणुयाच्चेत्कीर्तयेद्वा कुर्यादेकमुपोषणम् ॥ ८
रममाणा यदि स्वैरं योषितो मूढवच्चिरम् । पश्यंस्तिष्ठेत्तदाप्येष कुर्यादेकमुपोषणम् ॥ ९
स्त्रिया दृशा निजदृशं बध्नन् प्रेक्षेत तां यदि । क्षणमात्रमपि ह्येष कुर्यादेकमुपोषणम् ॥ १०

---

ભંગ થઈ જાય તો તેની જે પ્રકારના પ્રાયશ્ચિતે કરીને શુદ્ધિ થાય તેની રીત તમે અમોને કહો.[૩]

હે રાજન્ ! સકલ ત્યાગીજનોનું હિત ઈચ્છનારા બ્રહ્માનંદ સ્વામીએ જ્યારે આ પ્રમાણે પૂછ્યું ત્યારે અપાર આનંદના મહાસાગર ભગવાન શ્રીનારાયણમુનિ કહેવા લાગ્યા કે, હે મુનિ ! જાણી જોઈને નિષ્કામવ્રતનો ભંગ તો ક્યારેય પણ કરવો નહિ. અને અજાણતાં બ્રહ્મચર્યવ્રતનો ભંગ થઈ જાય તો તેની શુદ્ધિ તત્કાળ કરવી.[૪] અને તે શુદ્ધિએ કરીને અષ્ટ અંગવાળા બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ થાય છે. તેથી ભગવાનના ત્યાગી ભક્તોને એકાંતિકપણું પ્રાપ્ત થાય છે. તેથી તે શુદ્ધિ અમે તમને કહીએ છીએ.[૫] હે મુનિ ! નિષ્કામવ્રતનું પાલન કરનારો ત્યાગી પુરુષ ક્યારેય પણ જો સ્ત્રીઓની વાર્તા પ્રીતિપૂર્વક કાન દઈને સાંભળે તો તત્કાળ એક ઉપવાસ કરે. વળી નિષ્કામવ્રતવાળો ત્યાગી પુરુષ શ્રીમદ્ભાગવત આદિ સત્શાસ્ત્રોને વિષે કહેલી સ્ત્રીઓના ગુણ-અવગુણની કથા વિના જો બીજી સ્ત્રીઓના ગુણ-અવગુણનું વર્ણન કરે તો એક ઉપવાસ કરે.[૬-૭] અને વળી અસત્ કાવ્ય એવાં જે રસમંજરી તથા રસિકપ્રિયા આદિક રસિકગ્રંથોમાં વર્ણન કરેલા મુગ્ધા, મધ્યા, પ્રગલ્ભા આદિક સ્ત્રીઓના ભેદનું વર્ણન પોતે સાંભળે કે બીજાને સંભળાવે તો નિષ્કામવ્રતવાળો પુરુષ અલગ અલગ એક એક ઉપવાસ કરે.[૮] અને પોતાની ઈચ્છાએ કરીને પરસ્પર ક્રીડાને કરતી સ્ત્રીઓને જોતો જોતો મૂરખની પેઠે ઘડીકવાર જો ત્યાં ઊભો રહે તો નિષ્કામવ્રતવાળો પુરુષ એક ઉપવાસ કરે.[૯] અને જો સ્ત્રીની દષ્ટિની સાથે પોતાની દષ્ટિ બાંધીને ક્ષણમાત્ર પણ જો તે સ્ત્રીને જુએ તો એ નિષ્કામી વ્રતવાળો પુરુષ એક

स्त्र्यङ्गस्थवस्त्रस्पर्शे च स्पर्शे स्त्र्यवयवस्य वा । स्त्रीधार्यवस्त्रस्पर्शेऽपि कुर्यादेकमुपोषणम् ॥ ११
स्त्रियमुद्दिश्य भगवद्वार्ताः पुंसां पुरो यदि । कुर्याद्व्रती स तु तदा कुर्यादेकमुपोषणम् ॥ १२
स्त्रीसम्बन्धिनि सङ्कल्पे दुष्टे जातेऽपि चेतसि । भाषणे वा स्त्रिया जाते कुर्यादेकमुपोषणम् ॥ १३
पुंद्वारा बोधनं नार्याः प्रच्छन्नं कारयेत्तथा । तद्वार्तां श्रृणुयाद्योऽसौ कुर्यादेकमुपोषणम् ॥ १४
प्रासादिकं भगवतो गुप्तं चेत्प्रेषयेत्स्त्रियै । स निष्कामव्रती तर्हि कुर्यादेकमुपोषणम् ॥ १५
नार्या वा प्रेषितं विष्णोर्यदि प्रासादिकं पुमान् । गुप्तं गृह्णीत तर्ह्येष कुर्यादेकमुपोषणम् ॥ १६
प्रच्छन्नं प्रेषयेन्नार्यै पुस्तकं वा तयैषितम् । गृह्णीयात्काकुदं सोऽपि कुर्यादेकमुपोषणम् ॥ १७
यत्किञ्चिद्वस्तु वा नार्यै प्रेषयेद्वैषितं तया । गृह्णीयाद्गुप्तमेवासौ कुर्यादेकमुपोषणम् ॥ १८

ઉપવાસ કરે.[૧૦] સ્ત્રીના અંગ ઉપર રહ્યું જે વસ્ત્ર તેનો જો સ્પર્શ થઈ જાય તો નિષ્કામવ્રતવાળો પુરુષ એક ઉપવાસ કરે અને સ્ત્રીના હાથ પગ આદિક અંગનો સ્પર્શ થઈ જાય તો પણ એક ઉપવાસ કરેતથા સ્ત્રીએ પહેર્યા પછી ઉતારેલાં જે વસ્ત્ર તેનો સ્પર્શ થઈ જાય તો પણ એક ઉપવાસ કરે. પરંતુ સ્ત્રીનું વસ્ત્ર ધોયા પછી ભીનું હોય કે સુકાયેલું હોય અથવા નવું હોય તેને અડી જવાય તો તેનો ઉપવાસ કરવો નહિ.[૧૧]

હે મુનિ ! વળી જે નિષ્કામવ્રતવાળો પુરુષ ભગવાનની વાર્તા સ્ત્રીને સંભળાવવા સારું જો પુરુષ આગળ કરે તો પણ એક ઉપવાસ કરે.[૧૨] અને જો ચિત્તને વિષે સ્ત્રી સંબંધી મલિન સંકલ્પ પણ થઈ જાય તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે. અને સ્ત્રી સાથે બોલી જવાય તો એક ઉપવાસ કરે.[૧૩] અને પુરૂષ પાસે સ્ત્રીને છાની જ્ઞાનવાર્તા કહીને મોકલે, તો નિષ્કામ વ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે; તથા તે સ્ત્રીએ કોઈક પુરૂષ પાસે છાની વાર્તા કહેવરાવી હોય ને તેને જો છાનો સાંભળે તો એક ઉપવાસ કરે.[૧૪] અને નિષ્કામવ્રતવાળો પુરૂષ તે ભગવાનની પ્રસાદી એવું જે પુષ્પ, ચંદન, અન્ન, વસ્ત્રાદિક પદાર્થ તે છાનું સ્ત્રીને દઈને મોકલે તો એક ઉપવાસ કરે.[૧૫]

સ્ત્રીએ મોકલ્યું જે ભગવાનનું પ્રસાદી એવું પુષ્પ, ચંદન, અન્નાદિક વસ્તુ તેને જો છાનું ગ્રહણ કરે, તો નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે.[૧૬] અને પુસ્તક લખીને અથવા લખાવીને જો છાનું સ્ત્રીને અર્થે મોકલે, તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે. અને પુસ્તક લખાવવા સારૂં સ્ત્રીએ મોકલ્યા જે કોરા કાગળ તેને જો છાના ગ્રહણ કરે, તો એક ઉપવાસ કરે.[૧૭] અને

स्त्रीचित्रप्रेक्षणे चासौ स्त्रीचित्रकरणे तथा । स्त्रीवेशधारिपुंस्पर्शे कुर्यादेकमुपोषणम् ॥ १९
या क्रिया यत्र च स्त्रीणां भवेत्स्नानासनादिका । तां तत्र कुर्याद्यश्चासौ कुर्यादेकमुपोषणम् ॥ २०
स्त्रीणां सञ्चरणस्थाने चोत्सर्गं मलमूत्रयोः । यदि कुर्यात्तर्हि पुमान् कुर्यादेकमुपोषणम् ॥ २१
स्त्रीमुखाद्भगवद्वार्तां श्रोतुं तिष्ठेच्च सन्मुखम् । स्त्रीणामुपविशेद्यश्च कुर्यादेकमुपोषणम् ॥ २२
धनुर्मानाभ्यन्तरे च पृथौ मार्गेऽप्यनापदि । यः कुर्याद्गमनं सोऽपि कुर्यादेकमुपोषणम् ॥ २३
सह स्त्रिया चोपविशेदेकस्मिञ्छकटे तथा । स्त्रीचित्रं च स्पृशेद्योऽसौ कुर्यादेकमुपोषणम् ॥ २४
काष्ठादिजायाः स्त्रीमूर्तेः स्पर्शे जातेऽपि च व्रती । स्त्रीगुह्याङ्गेक्षणे चासौ कुर्यादेकमुपोषणम् ॥ २५
पशूनां पक्षिणां वापि मैथुनस्येक्षणे क्वचित् । जाते मनोवशतया कुर्यादेकमुपोषणम् ॥ २६

---

અન્ન-વસ્ત્રાદિક જે કાંઈક પદાર્થ હોય ને તે જો છાનું સ્ત્રીને અર્થે મોકલે, તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે. તથા સ્ત્રીએ મોકલ્યું જે અન્ન-વસ્ત્રાદિક કાંઈક પદાર્થ તેને જો છાનું ગ્રહણ કરે તો પણ એક ઉપવાસ કરે.[૧૮] અને સ્ત્રીઓનાં ચિતરામણ તેને મન દઈને જો જુએ તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે, તથા જો સ્ત્રીનું ચિતરામણ પોતે કરે, તો એક ઉપવાસ કરે. સ્ત્રીના વેષને ધરી રહ્યો જે પુરૂષ તેને જો અડે તો એક ઉપવાસ કરે; તથા તે સાથે બોલે તો પણ એક ઉપવાસ કરે.[૧૯] અને જે સ્થળને વિષે સ્ત્રીઓની જે સ્નાન આસનાદિક ક્રિયા થતી હોય, ને તે સ્થળને વિષે જો તે ક્રિયાને કરે તો એ નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે.[૨૦]

અને જે સ્થળને વિષે સ્ત્રીઓનો પગ ફેર હોય, તે સ્થળને વિષે જો લઘુશંકા કરવા જાય તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે. તથા તે સ્થળને વિષે જો દિશા ફરવા જાય તોપણ એક ઉપવાસ કરે.[૨૧] અને નિષ્કામવ્રતવાળો જે પુરૂષ તે જો સ્ત્રીના મુખ થકી ભગવાનની વાર્તા સાંભળવા સારૂં ઊભો રહે તો એક ઉપવાસ કરે; અને વળી જો સ્ત્રીઓના સન્મુખ બેસે તોપણ એક ઉપવાસ કરે.[૨૨] અને માર્ગ પહોળો હોય તો પણ જો સ્ત્રી થકી પાંચહાથ છેટે ન ચાલે ને ઢૂકડો ચાલે તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે.[૨૩] અને નિષ્કામવ્રતવાળો પુરૂષ જો સ્ત્રી ભેળો એક ગાડા ઉપર બેસે તો તે એક ઉપવાસ કરે.[૨૪] અને દેવતાની પ્રતિમા વિના બીજી કાષ્ટ મૃત્તિકા કે પાષાણ આદિકની સ્ત્રીની પૂતળી તેને જો અડી જવાય, તો નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે. અને સ્ત્રીનું જે ગુહ્ય અંગ તેને જો દેખી જવાય તો એક ઉપવાસ કરે.[૨૫]

અને મૈથુનને વિષે આસકત એવાં જે પશુ તથા પક્ષી તેમને જો ક્યારેક

प्रयोजनेन वा स्वैरं स्त्र्यागच्छेच्चेत्सबन्धने । स्वस्थाने तत्र चैकश्चेत् कुर्यादेकमुपोषणम् ॥ २७
कार्यार्थं सहजं वापि ह्यापदैकः स्त्रिया गृहम् । प्रविश्य प्रतिगच्छेत्स कुर्यादेकमुपोषणम् ॥ २८
स्त्रीसम्बन्धेन मलिने स्वप्ने जाते तथा स्त्रियाः । दर्शनाद्वीर्यपाते च कुर्यादेकमुपोषणम् ॥ २९
उपविष्टं भोजनार्थं यं नारी परिवेषयेत् । शुद्ध्यर्थमात्मनश्चासौ कुर्यादेकमुपोषणम् ॥ ३०
अनाच्छादितकौपीनस्त्यागी चेद्वाससा सभाम् । आगच्छेत् स्त्रीयुतां तर्हि कुर्यादेकमुपोषणम् ॥ ३१
इत्थं सामान्यतः प्रोक्तं स्त्रीसंसर्ग उपोषणम् । अन्यत्रापीदृशे स्थाने कुर्यादेकमुपोषणम् ॥ ३२
एकाकिन्या स्त्रिया साकं स्वस्यैकस्य रहःस्थितौ । स्त्रिया साकं चाध्वगतौ दिनत्रयमुपोषणम् ॥ ३३
करेण कामवैवश्याद्वीर्यपाते कृते व्रती । उपोषणं प्रकुर्वीत दिनानां स चतुष्टयम् ॥ ३४

---

મનને પરવશ થઈને જોવાઈ જવાય તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે.[૨૬] અને વાડ્ય તથા વંડી તથા ભીંત તેણે કરીને બંધીએ યુક્ત એવું જે પોતાનું સ્થાનક તેને વિષે કોઈક પ્રયોજન સારું અથવા અજાણે અથવા સહજ સ્વભાવે કોઈક સ્ત્રી આવે ને ત્યાં જો પોતે એકલો હોય તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે.[૨૭] અને કોઈક કારજને અર્થે અથવા સહજ સ્વભાવે અથવા આપત્કાળે કરીને નિષ્કામવ્રતવાળો પુરૂષ તે પોતે એકલો જ જે ઘરમાં સ્ત્રી હોય તે ઘરમાં પેસીને જો તત્કાળ પાછો નીસરી આવે, તો એક ઉપવાસ કરે.[૨૮] અને સ્ત્રીના સંબંધે કરીને પોતાના વ્રતને દૂષણ પમાડે એવું સ્વપ્ન જો થાય તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે, તથા સ્ત્રીનાં દર્શને કરીને જો વીર્યપાત થાય તો એક ઉપવાસ કરે.[૨૯] અને ભોજન કરવાને અર્થે બેઠો એવો જે નિષ્કામવ્રતવાળો પુરૂષ તેને જો સ્ત્રી પીરસે, તો તે પોતાના આત્માની શુદ્ધિને અર્થે એક ઉપવાસ કરે.[૩૦]

અને નિષ્કામવ્રતવાળો જે પુરૂષ તે બહિરવાસે કરીને નથી ઢાંક્યું કૌપિન જેણે એવો થકો સ્ત્રીઓએ યુક્ત એવી સભા તે પ્રત્યે આવે, તો એક ઉપવાસ કરે.[૩૧] એવી રીતે સામાન્યપણે કરીને સ્ત્રીના સંબંધને વિષે એક એક ઉપવાસ કરવા કહ્યા. અને એવી જ રીતનું જે બીજું સ્થાનક તેને વિષે પણ જો એવો સ્ત્રીનો સંબંધ થાય તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે.[૩૨] હવે એથી કાંઈક વિશેષ સ્ત્રીનો સંબંધ થાય તેને વિષે વિશેષ ઉપવાસ કરવાની રીત કહીએ છીએ. એકલી જે સ્ત્રી તે સંગાથે એકલો જે પોતે નિષ્કામવ્રતવાળો પુરૂષ તેની એકાંત સ્થળને વિષે થોડીકવાર જો સ્થિતિ થઈ જાય તો તે નિષ્કામવ્રતવાળો પુરૂષ લાગઠ ત્રણ ઉપવાસ કરે. તથા એકલી જે સ્ત્રી તે ભેળે એકલાવતે માર્ગમાં ચલાઈ જવાય

स्त्रीसङ्गे तु कृते साक्षाद्धारणापारणं व्रतम् । वर्षमेकं प्रकुर्वीत सक्तून्निर्लवणान् पिबन् ॥ ३५
एतत्कर्तुमशक्तस्तु धर्मशास्त्र उदीरितम् । विध्यन्तरं विदित्वा तत्कुर्याच्छक्त्यनुसारतः ॥ ३६
शुद्ध्यर्थेषूपवासेषु नीरमात्रं पिबेद्व्रती । न त्वन्यद्भक्षयेत्किञ्चिद्बालो रुग्णो जरन्नपि ॥ ३७
एतेऽवश्यं तूपवासा निष्कामव्रतचारिभिः । कार्या इति ममैवाज्ञा भवतीत्यवगम्यताम् ॥ ३८
व्रतक्षतौ करिष्यन्ति नोपवासांस्तथा च ये । निषेधिष्यन्ति तत्कर्तृंस्ते भविष्यन्ति कामिनः ॥ ३९
दयया ये निषेधेयुर्बालादीनुपवत्स्यतः । स्वयं त एवोपवासान् विदध्युस्तद्विशुद्धये ॥ ४०

---

તો પણ લાગઠ ત્રણ ઉપવાસ કરે.[૩૩] અને નિષ્કામ વ્રતવાળો જે પુરૂષ તે કામવશ થઈને જો પોતાને હાથે કરીને વીર્યપાત કરે અથવા બીજાને હાથે કરીને વીર્યપાત કરાવે તો તે લાગઠ ચાર દિવસ સુધી ઉપવાસ કરે અને જો સાક્ષાત સ્ત્રીનો સંગ થાય તો બાર મહિના સુધી નિરંતર ધારણાં પારણાં નામે જે વ્રત તેને કરે. તે જે દિવસ ઉપવાસ કરે તે દિવસ તો કેવળ જળ માત્ર જ પીવે અને જે દિવસ પારણાં કરે તે દિવસ તો મીઠા વિનાનો કેવળ સાથવો પાણીમાં ઘોળીને પીવે. એવી રીતે બાર મહિના સુધી કરે.[૩૪-૩૫]

અને બાર મહિના સુધી ધારણાં પારણાં વ્રત તેને કરવાને અર્થે અસમર્થ એવો જે પુરૂષ તે ધર્મશાસ્ત્રને વિષે કહ્યો જે એ પાપનિવારણનો બીજો પ્રકાર તેને જાણીને પોતાની શક્તિને અનુસારે કરીને કરે.[૩૬] અને આ નિષ્કામવ્રતની શુદ્ધિને અર્થે જે જે ઉપવાસ કરવા કહ્યા તેને વિષે નિષ્કામવ્રતવાળો જે ઉપવાસનો કરનારો પુરૂષ તે એક જળ માત્ર જ પીવે પણ બીજું કાંઈ ખાય નહિ. અને બાળક હોય તથા રોગી હોય તથા વૃદ્ધ હોય ને તેમને પણ એ પૂર્વે કહી આવ્યા તે માંહેલો ઉપવાસ કરવો પડે તો તે ઉપવાસને દિવસે એક જળ માત્ર જ પીવું; પણ બીજું કાંઈ ખાવું નહિ. તેમાં આઠ વર્ષથી ઉપર ને સોળ વર્ષ સુધી બાળક કહેવાય, અને એંશી વર્ષનો હોય તે વૃદ્ધ કહેવાય. એવી રીતે વ્યવસ્થા છે.[૩૭] અને એ નિષ્કામવ્રતના પાળવાવાળા જે પુરૂષ તેમણે એટલા જે ઉપવાસ તે અવશ્ય કરવા, કહેતાં જરૂર કરવા. એવી રીતે અમારી આજ્ઞા છે; એમ તમારે સર્વેને જાણવું.[૩૮] અને નિષ્કામવ્રતના પાળનારા જે પુરૂષ તે એ નિષ્કામવ્રતના ભંગને વિષે કહ્યા જે ઉપવાસ તેમને જો કરશે નહિ; તથા ઉપવાસને કોઈક કરતો હશે ને તેને વારશે; તો એ બેય જણા અતિશય કામે કરીને વ્યાકુળ થાશે.[૩૯] અને એ નિષ્કામવ્રતના ભંગના જે ઉપવાસ તેને કરશે એવા જે, બાળક, વૃદ્ધ ને રોગી તેમને દયાએ કરીને જે વારે તો તેમની શુદ્ધિને અર્થે તે વારનારો પોતે ઉપવાસને કરે.[૪૦]

ये मया विहितामेतां मर्यादामात्मशुद्धये । पालयेयुस्तु ते बोध्या औद्धवीया नहीतरे ॥ ४१

**सुव्रत उवाच–**

श्रुत्वेति वाक्यं स हरेर्महर्षिः प्रीतस्तथान्येऽपि गृहीतराश्च ।
तथा विधातुं विदधुः प्रतिज्ञां प्रणम्य तं भक्तहितप्रसक्तम् ॥ ४२
इति परमपवित्रामत्र निष्कामशुद्धिं प्रतिदिनमनुरागाद्ये पठेयुः प्रभाते ।
त्रिभुवनजयदर्पं ते सुखेनैव कामं सकलगुणकलङ्कं नूनमुन्मूलयेयुः ॥ ४३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे श्रीनारायणब्रह्मानन्दसंवादे निष्कामशुद्धिनिरूपणनामा सप्तविंशोऽध्यायः॥२७॥*

---

**અને નિષ્કામવ્રતના પાળનારા જે પુરૂષ તેમના અંતઃકરણની શુદ્ધિને અર્થે અમે કરી જે આ મર્યાદા તેને જે નિષ્કામ વ્રતવાળા પાળે; તેમને અમારા ઉદ્ધવ સંપ્રદાયના જાણવા અને એ મર્યાદાને જે ન પાળે તે ઉદ્ધવ સંપ્રદાય થકી બહાર છે ને વિમુખ છે.[૪૧] હવે સુવ્રત ઋષિ કહે છે, હે રાજન્ ! સર્વ દુઃખ માત્રને નાશ કરી નાખે એવા શ્રીહરિ જે સહજાનંદ સ્વામી મહારાજ તેનું જે આવી રીતનું વચન તેને સાંભળીને મોટા ઋષિ જે બ્રહ્માનંદ મુનિ તથા તે સભાને વિષે જે ગૃહસ્થ વિનાના બીજા એ નિષ્કામવ્રતના પાળનારા હરિજન તે સર્વે પ્રસન્ન થયા થકા પોતાના ભક્તજનનું જે હિત કરવું તેને વિષે તત્પર એવા જે તે શ્રીજીમહારાજ તેમને નમસ્કાર કરીને જેમ એ શ્રીજીમહારાજે કહ્યું તેવી રીતે પાળવાની સર્વે પ્રતિજ્ઞા કરતા હતા.[૪૨] એવી રીતે શ્રીજી મહારાજે કહી ને પરમ પવિત્ર એવી જે આ નિષ્કામશુદ્ધિ તેનો આ લોકને વિષે નિષ્કામવ્રતવાળા પુરૂષ દિવસ દિવસ પ્રત્યે પ્રભાતને સમે અતિ હેત થકી જો પાઠ કરે, તો તે સુખે કરીને પોતાના હૃદય થકી કામને મૂળમાંથી ઉખેડી નાખે છે. તે કામ કેવો છે ? તો ત્રિલોકીનો જે જય તેણે કરીને છે અતિશય અહંકાર જેને એવો છે; અને સમગ્ર જે રૂડા ગુણમાત્ર તેનો કલંકરૂપ છે; કહેતાં સમગ્ર રૂડા ગુણને ભૂંડા કરી નાખનારો છે.[૪૩]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવમાં ભગવાન શ્રીનારાયણમુનિ અને બ્રહ્માનંદ સ્વામીના સંવાદમાં નિષ્કામ–શુદ્ધિનું નિરૂપણ કર્યું એ નામે સત્તાવીસમો અધ્યાય પૂર્ણ થયો. –૨૭–***

---

अथ अष्टाविंशोऽध्यायः

सुव्रत उवाच–

सप्तम्यामथ संसत्स्थं नारायणमुनिं निशि । गोपालानन्द ऋषिराट् पप्रच्छ प्राञ्जलिर्नृप ! ॥ १
साधूनामिह सर्वेषां त्यागिनां त्वामुपेयुषाम् । बुभुत्सात्म्याह्निकविधिमनुष्ठेयं महाप्रभो ! ॥ २

श्रीनारायणमुनिरुवाच–

सङ्क्षेपतो मुने ! वच्मि त्यागिनामाह्निकं विधिम् । अनुष्ठेयमवश्यं हि शृणु त्वं मदुपाश्रितैः ॥ ३
रजन्या अन्तिमे यामे मुहूर्ते ब्राह्मसंज्ञके । उत्थायाऽऽशु स्वेष्टदेवं त्यागी भक्तो विचिन्तयेत् ॥ ४
नामसङ्कीर्तनं कुर्याच्छ्रीकृष्णस्य ततो मुनिः । प्रणम्य वैष्णवान् गच्छेत्सोदपात्रः पुराद्बहिः ॥ ५
मलोत्सर्गविधिं कृत्वा विजनेऽथ जलाशयम् । उपेत्य करपादादिशुद्धिं कुर्यान्मृदम्बुभिः ॥ ६

---

# અધ્યાય – ૨૮

## ગોપાળાનંદ સ્વામીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ ત્યાગી સંતોના આહ્નિક વિધિનું કરેલું નિરૂપણ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! કાર્તિક સુદ સાતમના સાયંકાળે ભગવાન શ્રીવાસુદેવનારાયણની સંધ્યાઆરતી થયા પછી સભાને મધ્યે ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન ભગવાન શ્રીનારાયણમુનિને ઋષિરાજ ગોપાળાનંદ સ્વામી બન્ને હાથ જોડી નમસ્કાર કરી પૂછવા લાગ્યા કે, હે મહાપ્રભુ ! આ ઉદ્ધવ સંપ્રદાયમાં આપને શરણે રહેલા સમસ્ત ત્યાગી સંતોને પ્રતિદિન અનુષ્ઠાન કરવા યોગ્ય આહ્નિકવિધિને હું આપના મુખ થકી સાંભળવા ઇચ્છું છું.[૧-૨]

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! અવશ્ય પાલન કરવા યોગ્ય મારા આશ્રિત ત્યાગી સાધુઓનો આહ્નિકવિધિ તમને હું સંક્ષેપથી કહું છું. તેને તમે સર્વે મારા આશ્રિત સંતોની સાથે સાવધાની પૂર્વક સાંભળો.[૩] હે મુનિ ! ત્યાગી સંતે રાત્રીના છેલ્લા પ્રહરમાં બ્રાહ્મમુહૂર્તમાં તત્કાળ નિદ્રાનો ત્યાગ કરવો, અને પોતાના ઇષ્ટદેવ પ્રગટ ભગવાન શ્રીહરિકૃષ્ણનું ધ્યાન કરવું. ત્યારપછી ભગવાનનું નામસંકીર્તન કરી એક એક સંતને મસ્તક નમાવી પ્રણામ કરવા. ત્યારપછી હાથમાં જળપાત્ર લઇ સંતોએ ગામ, નગર કે પુરની બહાર જવું. ત્યાં કોઇ એકાંત પ્રદેશમાં મળ વિસર્જન કરી નદી, સરોવર, વાવ, કૂવા આદિ જલાશ્રય પ્રત્યે આવવું ત્યાં જળ અને માટીવડે હસ્ત-ચરણ નિયમ પ્રમાણે ધોઇ શુદ્ધ કરવા.[૪-૬]

न तिष्ठन्नाप्सु नो विप्रगोवन्ह्यर्केन्दुसन्मुखः । न फालकृष्टभूभागे न मार्गे न नदीतटे ॥ ७
गवां मध्ये धान्यमध्ये जीर्णदेवालये क्वचित् । विण्मूत्रे ष्ठीवनं नैव कुर्यात्स्त्रीसन्मुखस्तथा ॥ ८
सजन्तुर्मृत्तिका नैव ग्राह्या शौचविधौ क्वचित् । अशुचिस्थानगा चैव शौचशिष्टा च नाकुजा ॥ ९
एका लिङ्गे गुदे तिस्त्रो दश वामकरे मृदः । दोष्णोर्द्वयोः सप्त देयास्तिस्रस्तिस्रश्च पादयोः ॥ १०
यथालब्धेन काष्ठेन दन्तधावनमाचरेत् । न तु त्यागी स्वयं छिन्द्यादार्द्रकाष्ठं द्रुमात्क्वचित् ॥ ११
व्रतोपवासदिवसे न कार्यं दन्तधावनम् । काष्ठेनापां तु गण्डूषैस्तदा द्वादशभिर्मतम् ॥ १२
नद्यां तडागे कूपे वा ततः स्नानं समाचरेत् । उष्णोदकेनापदि तु मानसं वा तदाचरेत् ॥ १३
ध्यात्वा हरिं स्वहृदये तन्नामोच्चारपूर्वकम् । मनसा कल्पितैस्तोयैर्यत्स्नानं तत्तु मानसम् ॥ १४

---

હે મુનિ ! કોઈએ પણ ઊભા ઊભા મળ, અને મૂત્રનું વિસર્જન ન કરવું. જળમાં મળ મૂત્ર અને થૂંક છોડવું નહિ. તેમજ વિપ્ર, ગાય, અગ્નિ, સૂર્ય અને ચંદ્રની સન્મુખ બેસીને પણ મળ અને મૂત્રનું વિસર્જન ન કરવું, હળથી ખેડેલી જમીનમાં, માર્ગમાં, નદીના તટ ઉપર, ગાયોની મધ્યે, વાવેલાં ખેતરમાં, જીર્ણ દેવાલયમાં, તેમજ સ્ત્રીઓની સન્મુખ બેસીને કોઈએ પણ મળમૂત્ર કરવું નહિ.[૭-૮] હે મુનિ ! શૌચવિધિમાં હાથપગને શુદ્ધ કરતી વખતે ક્યારેય પણ સૂક્ષ્મ જંતુવાળી માટી ગ્રહણ કરવી નહિ. અપવિત્ર સ્થાનમાંથી પણ માટી ગ્રહણ કરવી નહિ. બીજા કોઈના હાથ ધોતાં બાકી રહેલી માટી પણ ગ્રહણ કરવી નહિ, તેમજ રાફડાની માટી ગ્રહણ કરવી નહિ.[૯] અને શૌચવિધિની શુદ્ધિમાં એક વખત લિંગ, ત્રણ વખત ગુદા, દશ વખત ડાબો હાથ, અને સાત વખત બન્ને હાથ ભેળા કરીને માટી અને જળથી શુદ્ધ કરવા, ત્યારપછી ત્રણ વખત બન્ને પગ માટી અને જળથી શુદ્ધ કરવા.[૧૦]

હે મુનિ ! ત્યાગી સંતે હરિઈચ્છાએ જેવું મળી આવે તેવા કાષ્ઠથી દાતણ કરવું, પરંતુ સ્વયં જાતે લીલાવૃક્ષમાંથી દાતણ કાપવું નહિ. એકાદશી કે જન્માષ્ટમી આદિ વ્રતના તથા પ્રાયશ્ચિતના ઉપવાસને દિવસે પણ દાતણ ન કરવું. તે દિવસે પાણી વડે બાર કોગળા કરીને મુખશુદ્ધિ કરવી. પછી નદી, તળાવ, કૂવા પ્રત્યે સ્નાન કરવું, તેમાં કૂવામાંથી જળ સિંચીને સ્નાન કરવું અને નદીમાં પ્રવાહ સન્મુખ ઊભા રહીને અને તળાવમાં સૂર્યસન્મુખ ઊભા રહીને સ્નાન કરવું, અને ક્યારેક રોગાદિ આપત્કાળ આવી પડ્યો હોય ત્યારે ગરમ જળથી સ્નાન કરવું. અથવા સ્નાન થઈ જ શકે તેમ ન હોય તો માનસિક સ્નાન કરવું.[૧૧-૧૩]

હે મુનિ ! પોતાના હૃદયકમળમાં ભગવાન શ્રીહરિનું ધ્યાન કરી તેના નામનું

स्नानकाले स्मरेद्गङ्गां विष्णुपादोदकीं शिवाम् । भगीरथतपः सिद्धिं महापातकनाशनीम् ॥ १५
वसीत धौतं कौपीनं बहिर्वासश्च तादृशम् । धौतवस्त्रान्तराभावे त्वार्द्रवासाश्चरेद्विधिम् ॥ १६
उदङ्मुखः प्राङ्मुखो वा निषीदेदासने शुचौ । एकोपवेशनार्हे च कौशाद्यान्यतमे मुनिः ॥ १७
नारायणं वासुदेवं विष्णुं चेति क्रमात् स्मरन् । कुर्यादाचमनं त्यागी गालितेन त्रिरम्भसा ॥ १८
नारायणार्चाविशिष्टचन्दनेन सचन्द्रकम् । ऊर्ध्वपुण्ड्रं प्रकुर्वीत स गोपीचन्दनेन वा ॥ १९
ललाटे हृदये नित्यं कार्यं पुण्ड्रं च दोर्द्वये । श्रीराधार्चाशिष्टवरचन्द्रको वा तदन्तरे ॥ २०
वासुदेवं स्मरेद्भाले हृदि सङ्कर्षणं तथा । प्रद्युम्नमनिरुद्धं च दक्षे वामे च दोषणि ॥ २१
आचम्याथ यथापूर्वं नामभिर्वैष्णवैस्त्रिभिः । साधुस्त्रैवर्णिको भक्त्या गायत्रीं वैष्णवीं जपेत् ॥ २२

---

ઉચ્ચારણ કરતાં મનથી કલ્પેલા જળથી જે સ્નાન તે માનસિક સ્નાન કહેલું છે. જ્યારે સ્નાન કરવું ત્યારે ભગવાન વિષ્ણુના ચરણકમળમાંથી પ્રગટેલા, ભગીરથ રાજાના તપથી સિદ્ધિરુપા અને મહાપાતકનો વિનાશ કરનારાં ગંગાજીનું સ્મરણ કરવું. સ્નાન કર્યા પછી ધોયેલી કૌપીન ધારણ કરી તેના ઉપર ધોયેલું ધોતીયું પહેરીને નિત્યવિધિ કરવી. જો ધોયેલાં વસ્ત્રનો અભાવ હોય તો તે જ ભીનાં વસ્ત્રો ધારણ કરીને પણ નિત્યવિધિ કરવો.[૧૪-૧૬]

હે મુનિ ! નિત્યવિધિમાં સાધુએ પવિત્ર જગ્યા ઉપર પોતે એકલા બેસી શકાય તેવા રેશમ કે ઉનના આસન ઉપર ઉત્તરમુખે કે પૂર્વમુખે બેસવું. ત્યારપછી શિખાનું બંધન કરીને 'ૐનારાયણાય નમઃ, ૐવાસુદેવાય નમઃ, ૐવિષ્ણવે નમઃ' આ ત્રણ મંત્રો ક્રમાનુસારે બોલીને ત્રણ વખત વસ્ત્રથી ગાળેલા જળથી આચમન કરવું. પછી ભગવાનની પૂજા કરતાં બાકી રહેલાં ચંદનથી અથવા ગોપીચંદનથી ચાંદલાએ સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું, તેમાં લલાટ, હૃદય અને બે બાહુમાં પ્રતિદિન ઊર્ધ્વપુંડ્ર તિલકના મધ્યે ગોપીચંદનનો ચાંદલો કરવો.[૧૭-૨૦] હે મુનિ ! ભાલમાં તિલક ધારણ કરતી વખતે 'ૐ શ્રી વાસુદેવાય નમઃ' એ મંત્ર બોલવો, હૃદયમાં તિલક ધારણ કરતી વખતે 'ૐ શ્રી સંકર્ષણાય નમઃ', તેમજ જમણા બાહુમાં તિલક કરતી વખતે 'ૐ શ્રી પ્રદ્યુમ્નાય નમઃ' અને ડાબા બાહુમાં 'ૐ શ્રી અનિરુદ્ધાય નમઃ' એ મંત્ર બોલવો.[૨૧] હે મુનિ ! ત્રણે વર્ણના સાધુએ પૂર્વોક્ત ત્રણ મંત્રો સાથે ત્રણ વખત આચમન કરીને "ૐ નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ તન્નો વિષ્ણુ પ્રચોદયાત્" આ વિષ્ણુગાયત્રી મંત્રનો જપ કરવો. નારદજી આ મંત્રના ઋષિ છે, ગાયત્રી આ મંત્રનો છંદ છે, શ્રીવિષ્ણુ આ મંત્રના દેવતા છે, જ્ઞાન બીજ

अस्य श्रीविष्णुगायत्रीमन्त्रस्यर्षिस्तु नारदः । गायत्रीछन्द उदितं श्रीविष्णुर्देवता तथा ॥ २३
ज्ञानं बीजं मतं ध्यानं शक्तिराज्ञा च कीलकम् । श्रीविष्णुदेवप्रीत्यर्थे विनियोगो जपे मतः ॥ २४
शीर्षास्यवक्षोनाभ्यङ्घ्रिसर्वाङ्गेषु क्रमान्न्यसन् । नारदर्षिमुखान् कुर्यात् न्यासानृष्यादिकांस्ततः ॥ २५
विभक्त्यन्तैर्मन्त्रपदैः करन्यासान् समाचरेत् । तत्र तन्नो विष्णुरिति ज्ञेयमेकं पदं मुने ! ॥ २६
हृदयादीनेवमेव न्यासान् कुर्यात्ततः स च । लक्ष्मीरूपां हृदि ध्यायेद्गायत्रीं वैष्णवीं मुनिः ॥ २७
श्रीविष्णुवामपार्श्वस्थां सर्वकालमनुव्रताम् । कोटिशारदपूर्णेन्दुप्रभैकैकाङ्गसुन्दराम् ॥ २८
कौसुम्भवसनां गौरीं नानालङ्कारशोभनाम् । शान्तां सहासवदनां महापुरुषलक्षणाम् ॥ २९

છે, ધ્યાન શક્તિ છે, આજ્ઞા કિલક છે, અને આ મંત્રનો વિનિયોગ ભગવાન શ્રીવિષ્ણુની પ્રસન્નતા માટે જપમાં મનાયેલો છે.[૨૨-૨૪] પછી ક્રમાનુસાર ન્યાસ કરવો, તેમાં મસ્તકમાં 'નારદઋષયે નમઃ' મંત્રથી ન્યાસ કરવો, મુખમાં 'ગાયત્રી છંદસે નમઃ', વક્ષઃસ્થળમાં 'શ્રીવિષ્ણુપરમાત્મદેવતાયૈ નમઃ', નાભિમાં 'જ્ઞાનબીજાય નમઃ', ચરણમાં 'ધ્યાનશક્ત્યૈ નમઃ', તેમજ સર્વ અંગોમાં 'આજ્ઞાકિલકાય નમઃ' આ પ્રમાણે મંત્રોથી ન્યાસ કરવો.[૨૫]

હે મુનિ ! પછી વિભક્તિ અંતમાં જોડાયેલી હોય તે રીતે મંત્રના એક એક શબ્દથી કરન્યાસ કરવો, તેમાં પણ "તન્નો વિષ્ણુ" બન્ને મળીને એક શબ્દ જાણવો. 'નારાયણાય' બોલી અંગુઠામાં ન્યાસ કરવો, 'વિદ્મહે' એમ બોલી તર્જની આંગળીમાં ન્યાસ કરવો, 'વાસુદેવાય' એમ બોલી મધ્યમા આંગળીમાં ન્યાસ કરવો, 'ધીમહિ' એમ બોલી અનામિકા આંગળીમાં ન્યાસ કરવો, 'તન્નો વિષ્ણુ' એમ બોલી કનિષ્ઠિકા આંગળીમાં ન્યાસ કરવો, 'પ્રચોદયાત્' એમ બોલી બન્ને હાથનાં તળિયાં અને પૃષ્ઠભાગનો સ્પર્શ કરી ન્યાસ કરવો.[૨૬] અને હૃદયાદિ છ અંગમાં ન્યાસ કરવો ત્યારે 'નારાયણાય' બોલી હૃદયમાં ન્યાસ કરવો, 'વિદ્મહે', મસ્તકમાં, 'વાસુદેવાય' શિખામાં, 'ધીમહિ' કવચમાં, 'તન્નો વિષ્ણુ' બોલી બન્ને નેત્રોમાં ન્યાસ કરવો, અને 'પ્રચોદયાત્' એમ બોલી બન્ને આંગળીમાં કલ્પેલા અસ્ત્રમાં ન્યાસ કરવો. પછી સાધુએ વિષ્ણુગાયત્રીરૂપા મહાલક્ષ્મીજીનું પોતાના હૃદયમાં ધ્યાન કરવું.[૨૭] માતા ગાયત્રીદેવી શ્રીવિષ્ણુ ભગવાનની ડાબે પડખે સદાય સેવામાં ઊભાં રહી વિષ્ણુની ઇચ્છા પ્રમાણે વર્તે છે, કરોડો શરદઋતુના ચંદ્રમાની કાંતિની સમાન પ્રકાશિત એવા એક એક અવયવોથી સુંદર જણાય છે, કસુંબી રંગનાં વસ્ત્રો ધારણ કર્યાં છે, શરીરનો ગૌરવર્ણ શોભે છે. અનેક પ્રકારના અંગો

कमलं दक्षिणे पाणौ वामेऽमृतघटं करे । दधतीं देवदेवीभिर्वन्दितां पूजितां मुहुः ॥ ३०
मुक्तिमेकान्तिकीं तूर्णे भक्तेभ्यो ददतीं श्रियम् । ध्यायामि हृदये नित्यं गायत्रीं वैष्णवीमहम् ॥ ३१
इति ध्यात्वा यथाशक्ति तत्त्ववर्णां जपेत्स ताम् । निवेदयेद्भगवते यथासङ्ख्यं जपं ततः ॥ ३२
सहस्रपरमां देवीं शतमध्यां दशावराम् । गायत्रीं तां जपेन्नित्यं स्वावकाशानुसारतः ॥ ३३
स्वेष्टदेवं ततो भक्तः श्रीकृष्णं स प्रबोधयेत् । मन्त्रेणानेन सप्रेम कुर्वाणस्तालिकाध्वनिम् ॥ ३४
उत्तिष्ठोत्तिष्ठ गोविन्द ! उत्तिष्ठ गरुडध्वज ! । उत्तिष्ठ कमलाकान्त ! त्रैलोक्ये मङ्गलं कुरु ॥ ३५
तां च मूर्तिं भगवत उपावेश्य शुभासने । प्रमार्ज्य वस्त्रखण्डेन ध्यायेच्छ्रीकृष्णमन्तरे ॥ ३६
विधाय मानसीं पूजां सद्गुरूक्तक्रमेण च । प्रतिमायामिष्टदेवं तं भक्त्यावाहयेन्मुनिः ॥ ३७

ઉપર ધારણ કરેલાં અલંકારો શોભી રહ્યાં છે, શાંતાકાર સ્વરુપ અને મંદમંદ હાસ્ય કરતા મુખથી શોભી રહ્યાં છે. મહાપુરુષના લક્ષણથી યુક્ત, જમણા હાથમાં કમળ અને ડાબા હાથમાં કળશને ધારણ કરી રહ્યાં છે. દેવદેવીઓ વારંવાર વંદન કરી પૂજા કરે છે, પોતાના ઉપાસક ભક્તજનોને તત્કાળ એકાંતિકી મુક્તિ આપે છે. આવાં લક્ષ્મીરૂપા વૈષ્ણવી ગાયત્રીનું હું હૃદયમાં નિત્ય ધ્યાન કરું છું.[૨૮-૩૧]

હે મુનિ ! આ પ્રમાણે ત્યાગી સાધુ ગાયત્રીનું ધ્યાન કરી ચોવીસ અક્ષરવાળા તે વિષ્ણુગાયત્રી મંત્રનો પોતાની શક્તિને અનુસારે જપ કરવો. તેમાં જેટલી સંખ્યામાં જપ કર્યા હોય તે સર્વે ભગવાનના ચરણમાં નિવેદન કરવા, અને બોલવું કે, મારી શક્તિ પ્રમાણે જપ કરેલા આ વિષ્ણુગાયત્રીમંત્રના જપથી આપ ભગવાન શ્રીલક્ષ્મીનારાયણદેવ મારી ઉપર પ્રસન્ન થાઓ.[૩૨] હે મુનિ ! હજારની સંખ્યામાં કરેલો જપ ઉત્તમ મનાયેલો છે. સોની સંખ્યાનો જપ મધ્યમ અને દશની સંખ્યાનો જપ કનિષ્ઠ મનાયેલો છે. તેથી લક્ષ્મીસ્વરુપ વૈષ્ણવી ગાયત્રીમંત્રનો જપ પોતપોતાની અનુકૂળતાએ નિત્ય કરવો.[૩૩] ત્યારપછી તે સાધુએ અતિશય પ્રેમભાવથી તાલી બજાવી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણના અર્ચાસ્વરુપને મંત્ર બોલતાં જગાડવા.[૩૪] હે ગોવિંદ ! ઉઠો ઉઠો. હે ગરૂડધ્વજ ! ઉઠો, હે કમલાકાન્ત તમે ઉઠો અને આ ત્રિલોકીનું મંગલ કરો.[૩૫] આ પ્રમાણે મંત્ર બોલી ભગવાનની મૂર્તિને પોતાની આગળ સ્થાપન કરેલા આસન ઉપર પધરાવવા ને કોમળ વસ્ત્રના ખંડથી મૂર્તિ ઉપર માર્જન કરવું, પછી પોતાના હૃદયમાં એ મૂર્તિનું ધ્યાન કરવું ને પોતાના સદ્‌ગુરુએ શિખવેલા ક્રમ પ્રમાણે માનસીપૂજા કરવી, પછી મનમાં પૂજેલા ભગવાનને પોતાની આગળ સ્થાપન કરેલી ભગવાનની મૂર્તિમાં આવાહન મંત્ર બોલતાં આવાહન કરવું.[૩૬-૩૭]

शैली दारुमयी लौही लेप्या लेख्या च सैकती । मनोमयी मणिमयी प्रतिमाऽष्टविधा स्मृता ॥ ३८
उदङ्मुखः प्राङ्मुखो वा प्रतिमासन्मुखोऽथवा । यथाविध्यर्चयेद्भक्त्या यथालब्धोपचारकैः ॥ ३९
अभाषमाणश्चान्येन भगवन्तं समर्चयेत् । उपचारैः षोडशभिस्तदभावे तु मन्त्रतः ॥ ४०
मन्त्रैः पौराणिकैरेव नाममन्त्रेण वार्चनम् । साधुः सप्रेम कुर्वीत श्रीविष्णोः प्रतिवासरम् ॥ ४१
प्रमादानादरौ त्यक्त्वा स्वस्थः पूजनमाचरेत् । ततो जपेत् कृष्णमन्त्रं नियतं शक्तितः सदा ॥ ४२
तुलसीकाष्ठजा श्रेष्ठा पद्मबीजोद्भवाऽथवा । श्रीखण्डकाष्ठजा वापि जपमाला शुभावहा ॥ ४३
और्णं तार्णं च पार्णं वा वास्त्रं वाऽऽजिनमासनम् । मुनीनामुचितं प्रोक्तं भूमौ मन्त्रजपो वृथा ॥ ४४
ऋजुरेकाग्रदृष्टिश्च स्वस्तिकासनमास्थितः । वस्त्राच्छादितमालश्च जपेन्मौनव्रतः स्थिरः ॥ ४५

હે મુનિ ! આગમ શાસ્ત્રમાં પાષાણની, કાષ્ઠની, ધાતુની, ચંદનની, ચિતરામણની, રેતીમાં બનાવેલી, મનોમયી અને સ્ફટિક આદિ મણિમાંથી બનાવેલી આઠ પ્રકારની મૂર્તિ માન્ય કરેલી છે.[૩૮] પૂજા કરનાર સંતે પૂર્વમુખે કે ઉત્તરમુખે પૂજા કરવા બેસવું. કદાચ દિશાનું જ્ઞાન ન હોય તો મૂર્તિ સન્મુખ મુખ રાખીને પણ જે સમયે જે ઉપચાર પોતાને પ્રાપ્ત થયા હોય તેના દ્વારા ભક્તિ પૂર્વક વિધિને અનુસારે પૂજા કરવી.[૩૯] પૂજા કરતી વખતે અન્ય સાથે બોલવું નહિ, ને ષોડશોપચારથી પૂજા કરવી. આવાહનમંત્ર, આસનમંત્ર, પાદ્યમંત્ર આદિ અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર અર્પણ, યજ્ઞોપવિત, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, પ્રદક્ષિણા અને સોળમો વિસર્જન મંત્ર, આ રીતે એક એક મંત્રની સાથે ઉપચારો અર્પણ કરી પૂજા કરવી. ઉપચારોના અભાવમાં પ્રતિદિન માત્ર મંત્રોથી પૂજા કરવી.[૪૦] તેમાં પણ વૈદિકમંત્રો ન આવડતા હોય તો પૌરાણિકમંત્રોથી પૂજા કરવી અને તે પણ ન આવડે તો માત્ર નામમંત્રથી તે તે ઉપચારો અર્પણ કરી શ્રીવિષ્ણુની પ્રતિદિન પ્રેમપૂર્વક પૂજા કરવી.[૪૧]

હે મુનિ ! સાધુએ જ્યારે પૂજન કરવા બેસવું ત્યારે પ્રમાદનો તેમજ અનાદરનો ત્યાગ કરી સાવધાન થઈ સ્વસ્થચિત્તે ભગવાનનું પૂજન કરવું. તેમાં પોતાની શક્તિને અનુસારે નિયત કરેલી સંખ્યમાં શ્રીકૃષ્ણ ભગવાનના અષ્ટાક્ષરમંત્રની માળા કરી જપ કરવો.[૪૨] તેમાં તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી માળા, કમળના બીજમાંથી બનાવેલી માળા અને ચંદનમાંથી બનાવેલી માળા શ્રેષ્ઠ છે. તે માળા વડે જપ કરવો તે પણ આસન ઉપર બેસીને કરવો. તેમાં ઊન, તૃણ, પાંદડાં, વસ્ત્રખંડ, અથવા મૃગચર્મમાંથી તૈયાર કરેલાં આસન ત્યાગી સાધુઓને

स्तोत्रपाठं यथाशक्ति श्रीविष्णोर्विदधीत सः । नामसङ्कीर्तनं कुर्यादापत्काले तु केवलम् ॥ ४६
ततः संस्थाप्य भगवत्प्रतिमामुचितस्थले । गुरुं प्रणम्य भिक्षायै स गच्छेद्गृहिणः शुचीन् ॥ ४७
अपक्वान्नं तु याचित्वा शुचिर्भूत्वा समाहितः । गायत्रीं कृष्णमन्त्रं च यथाशक्ति जपेत्पुनः ॥ ४८
आपत्काले तु कुर्वीत प्रातर्माध्याह्निकं जपम् । प्रातर्भवं च मध्याह्ने कुर्यादेवं द्वयं द्वयम् ॥ ४९
नैवेद्यार्थं ततः पाकं विष्णोः कुर्याच्छुचिस्थले । महानैवेद्यमीशाय समर्प्य स्वापयेच्च तम् ॥ ५०
प्रासादिकं हरेरन्नं सम्प्रोक्ष्यैवाथ भक्षयेत् । एकाहारं च कुर्वीत प्रत्यहं स विनापदम् ॥ ५१
त्यागी न भक्षयेदन्नं विष्णवे ह्यनिवेदितम् । आपदि प्रतिमाभावे मनसा तन्निवेदयेत् ॥ ५२
यदि भोजनवेलायां कश्चिद्याचेत भिक्षुकः । तर्हि दद्यादात्मबुध्द्या तस्मा अन्नमविक्लवः ॥ ५३
एकादशीषु सर्वासु हरेर्जन्मोत्सवेषु च । प्रायश्चित्तोपवासेषु नाद्यादन्नं च सन्नरः ॥ ५४

---

જપ કરવામાં યોગ્ય કહેલાં છે. કોઈ પણ પ્રકારનાં એક આસન ઉપર બેસીને જપ કરવો. આસન વિના માત્ર પૃથ્વી પર બેસીને કરેલો જપ નિષ્ફળ જાય છે.[૪૩-૪૪] હે મુનિ ! જપ કરતી વખતે શરીરને સરળ રાખવું, દૃષ્ટિ એકાગ્ર રાખવી અને સ્વસ્તિક આસને બેસી માળાને વસ્ત્રથી ઢાંકી, મૌનવ્રત રાખી સ્થિર મને જપ કરવો.[૪૫] પછી સાધુએ વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો પોતાની શક્તિ પ્રમાણે પાઠ કરવો. અને આપત્કાળમાં કેવળ ભગવાનના નામનું સંકીર્તન કરવું.[૪૬] પછી સાધુએ પોતાની પૂજાની પ્રતિમાને યોગ્ય સ્થળે સ્થાપન કરી ગુરુને પ્રણામ કરવા, તેમજ ભિક્ષાને માટે પવિત્ર ગૃહસ્થને ઘેર ભિક્ષા કરવા જવું.[૪૭] ત્યાંથી કાચું અન્ન માગીને પોતાના ઉતારે આવી હાથ પગ મુખ આદિ ધોઈ પવિત્ર થઈ એકાગ્રમનથી ફરી ગાયત્રીમંત્રનો કે અષ્ટાક્ષરમંત્રનો પોતાની શક્તિ પ્રમાણે જપ કરવો.[૪૮]

હે મુનિ ! ક્યારેક આપત્કાળ જેવું હોય, ત્યારે મધ્યાહ્ને જપવાના નિયમના મંત્રોનો જાપ પ્રાતઃકાળે જ કરી લેવો, અથવા પ્રાતઃકાળનો મધ્યાહ્ન કાળે જપ કરવો.[૪૯] આવી રીતે બન્ને સમયનો જપ ભેળો કરવાનો હોવાથી બેવડો કરવો, પછી ભગવાનના થાળ માટે પવિત્ર સ્થળમાં રસોઈ કરીને ભગવાનને મહાનૈવેદ્ય ધરી તેમને હસ્ત, મુખ ધોવડાવી જલપાન કરાવી શયન કરાવવું.[૫૦] અને સાધુએ ભગવાન શ્રીહરિના પ્રસાદીના અન્નનું પ્રસાદીના જળથી પ્રોક્ષણ કરી આપત્કાળ પડ્યા વિના પ્રતિદિન એકવાર ભોજન કરવું.[૫૧] ત્યાગી સાધુએ ભગવાનને નિવેદિત કર્યા વિના અન્ન જમવું નહિ. કોઈ આપત્કાળમાં પ્રતિમાનો અભાવ હોય તો મનથી ઠાકોરજીને અન્ન નિવેદન કરવું.[૫૨] ભોજન કરતી વખતે કોઈ અન્નાર્થી ભિક્ષુક

पठनं पाठनं कार्यं सच्छास्त्रस्यानुवासरम् । न दिवा शयनं कार्यं त्यागिना तु विनापदम् ॥ ५५
श्रवणं कीर्तनं विष्णोर्ध्यानं वन्दनमर्चनम् । विना कालो वृथा नैव नेतव्यस्तेन च क्वचित् ॥ ५६
मलोत्सर्गे कटिस्नानं वस्त्रशुद्धिश्च योगिना । कार्याश्च मूत्रोत्सर्गे तु लिङ्गदोःशुद्धिरम्बुना ॥ ५७
सायं शुचिः प्रबोध्येशं कुर्यान्नीराजनं ततः । नामसङ्कीर्तनं कृत्वा कुर्वीत स्तुतिपाठनम् ॥ ५८
नमस्कृत्य स्वापयेच्च श्रीकृष्णं हृदयाम्बुजे । करण्डकादौ प्रतिमां वन्देताथ निजं गुरुम् ॥ ५९
ततः शुचिः समासीनः पूर्ववत्सुस्थिरासनः । गायत्रीं कृष्णमन्त्रं च जपेत्स निजशक्तितः ॥ ६०
ततः सच्छास्त्रपठनपाठनध्यानकीर्तनैः । विष्णुसम्बन्धिभिः कृत्यैर्याममेकं स जागृयात् ॥ ६१
श्रीकृष्णमेव हृदये चिन्तयन् स ततः स्वपेत् । भूमावापदि तु त्यागी खट्वायामपि संविशेत् ॥ ६२
क्रमेणानेन कर्तव्यं त्यागिना नित्यमात्मनः । आह्निकं विधिवत्तेन श्रीकृष्णः प्रीयतेतराम् ॥ ६३

---

આવીને અન્નની માંગણી કરે તો જરા ક્રોધ કર્યા વિના શાંત મને તેમને પોતાનો માનીને અન્ન આપવું.[૫૩]

હે મુનિ ! સાધુપુરુષે સર્વે એકાદશીઓ, ભગવાનના પ્રાગટ્યના દિવસો, શિવરાત્રી આદિ વ્રતના દિવસો તથા પ્રાયશ્ચિતના ઉપવાસના દિવસે અન્ન જમવું નહિ.[૫૪] વળી ત્યાગી સાધુએ પ્રતિદિન સત્શાસ્ત્રનું પઠન તથા પાઠન કરવું. આપત્કાળ પડ્યા વિના દિવસે નિદ્રા ન કરવી.[૫૫] ત્યાગી સાધુએ ભગવાનની કથા શ્રવણ, કીર્તન, ધ્યાન, વંદન, પૂજન વિનાનો વ્યર્થ સમય જવા દેવો નહિ. નવધા ભક્તિ સંબંધી કાંઈક કાર્ય કર્યા કરવું.[૫૬] વળી સાધુએ મળ ત્યાગની ક્રિયામાં કેડ સુધીનું સ્નાન કરવું તથા પહેરેલું વસ્ત્ર ધોઈ નાખવું. તેમજ મૂત્રત્યાગ કરીને જળથી લિંગ અને બે હાથની શુદ્ધિ કરવી, અને મુખથી જળનો કોગળો પણ કરવો.[૫૭] હે મુનિ ! સાયંકાળે હાથ પગ મુખ ધોઈ ભગવાનને જગાડી સંધ્યાઆરતી કરી નારાયણધૂન્ય કરવી, પછી ભગવાનની સ્તુતિના સ્તોત્રનું ગાન કરવું.[૫૮] પછી ભગવાનને નમસ્કાર કરી પોતાના હૃદય કમળમાં સુવડાવવા અને મૂર્તિને સિંહાસનમાં કે નાની શૈયા ઉપર શયન કરાવવું. ને પોતાના ગુરુને વંદન કરવા.[૫૯] ત્યારપછી વળી હાથ પગ મુખાદિ ધોઈ પવિત્ર થઈ શુદ્ધ આસન ઉપર બેસી પૂર્વની જેમજ સ્વસ્થ ચિત્તે સ્વસ્તિક આસને બેસી પોતાની શક્તિને અનુસારે વિષ્ણુગાયત્રી કે અષ્ટાક્ષરમંત્રના જપની માળા કરવી.[૬૦] પછી સાધુએ સત્શાસ્ત્રનું વાંચન, ધ્યાન કે કીર્તન કરતાં અથવા અન્ય કોઈ પણ ભગવાન સંબંધી કાર્ય કરતાં રાત્રીના પહેલા પ્રહર સુધી જાગવું.[૬૧] ત્યારપછી ભગવાનનું પોતાના હૃદયમાં ધ્યાન કરતાં કરતાં પૃથ્વી પર

सुव्रत उवाच-

इत्युक्तमाश्रुत्य मुनिप्रवीरो नारायणेनाह्निकमुत्तमं सः ।
प्रीतस्तथैव स्वयमाचरंस्तदवीवृतत्सर्वमुनींश्च राजन् ! ॥६४

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे श्रीनारायणमुनिगोपालानन्दसंवादे त्यागिनां संक्षिप्ताह्निकविधिनिरूपणनामाष्टाविंशोऽध्यायः ॥२८॥

---

अथ एकोनत्रिंशोऽध्यायः - २९

सुव्रत उवाच-

अथाष्टम्यां निशारम्भे कृतसन्ध्याविधिर्हरिः । नीराजनान्ते कृष्णस्य न्यषीदद्भक्तसंसदि ॥ १

---

જ સુઇ જવું, અને કોઇ આપત્કાળ જેવું હોય તો ખાટલા ઉપર સુવું.[૬૨]

હે ગોપાળાનંદ મુનિ ! ત્યાગી સાધુએ અમારા કહ્યા પ્રમાણે પોતાનો આહ્નિક વિધિ પ્રતિદિન કરવો, તેમ કરવાથી ભગવાન ખૂબજ પ્રસન્ન થાય છે.[૬૩]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીનારાયણ ભગવાને આ પ્રમાણે મુનિવર ગોપાળાનંદ સ્વામીને આહ્નિકવિધિ કહ્યો તે સાંભળીને સ્વામી ખૂબજ પ્રસન્ન થયા ને તે પ્રમાણે જ સ્વયં આચરણ કરવા લાગ્યા તથા સર્વે સંતોને તે પ્રમાણે શીખવી આચરણ કરાવવા લાગ્યા.[૬૪]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવમાં શ્રીનારાયણ મુનિ અને ગોપાળાનંદ સ્વામીના સંવાદમાં ત્યાગી સાધુના સંક્ષિપ્ત આહ્નિકવિધિનું નિરૂપણ કર્યું એ નામે અઠ્ઠાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૮--***

---

## અધ્યાય - ૨૯

### મુક્તાનંદ સ્વામીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ કરેલું સ્વરૂપાદ્વૈત જ્ઞાનનું નિરૂપણ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિકસુદ અષ્ટમીની તિથિએ ભગવાન શ્રીહરિ શ્રીવાસુદેવનારાયણની સંધ્યા આરતી થયા પછી ભક્તજનોની

प्रणम्य तं मुनिश्रेष्ठो मुक्तानन्दो महामतिः । पप्रच्छ कुर्वन्सकलान् कृष्णभक्तानसंशयान् ॥ २
स्वामिन् ! स्वरूपं कृष्णस्य बुभुत्साम्यहमञ्जसा । अस्माकमिष्टदेवस्य प्रतिपाद्यस्य चागमैः ॥ ३
कथं स सगुणो ज्ञेयो निर्गुणश्च जगत्प्रभुः । साकारश्च निराकारः कर्ताऽकर्ता कथं च सः ॥ ४
ब्रह्मधामस्थितादि्व्यात्स्वरूपान्मनुजाकृतिः । भिन्नो भवत्यभिन्नो वा तन्मे ब्रूहि दयानिधे ! ॥ ५
एतेऽपि वैष्णवाः सर्वे जिज्ञासन्तीदमञ्जसा । शास्त्रानुभवसिद्धान्तमतस्त्वं वक्तुमर्हसि ॥ ६

**सुव्रत उवाच–**

इति जिज्ञासुना तेन सम्पृष्टो भगवान् हरिः । उवाचानन्दयन्वाचा निजाश्रितजनान्नृप ! ॥ ७

**श्रीनारायणमुनिरुवाच–**

श्रृणु वैष्णवसिद्धान्तं मुनेऽवश्यमुपासकैः । श्रोतव्यं हृदि धार्यं च तत्त्वतः कथयामि ते ॥ ८

---

મોટી સભામાં પોતાના ઊંચા સિંહાસન પર વિરાજમાન થયા.[૧] તે સમયે સર્વે ભક્તજનોને ભગવાનના સ્વરૂપના જ્ઞાનમાં નિઃસંશય કરવા માટે મુનિશ્રેષ્ઠ, મુક્તાનંદ સ્વામી ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને પૂછવા લાગ્યા કે, હે સ્વામિન્ ! વેદાદિ સત્શાસ્ત્રો દ્વારા સર્વના કારણપણે અને સર્વથકી પરપણે જેનું નિરૂપણ કરવામાં આવ્યું છે, એવા આપણા સર્વેના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ હું યથાર્થ જાણવા ઈચ્છું છું.[૨-૩] હે સ્વામિન્ ! જગતપિતા પરમાત્માને સગુણ કેવી રીતે સમજવા ને નિર્ગુણ કેવી રીતે સમજવા ? સાકાર અને નિરાકાર કેવી રીતે સમજવા ? અકર્તા કેવી રીતે સમજવા ? હે દયાનિધિ ! પોતાના અક્ષરબ્રહ્મ ધામને વિષે રહેલા દિવ્ય સ્વરૂપવાળા પરમાત્માને ભિન્ન સમજવા કે અભિન્ન સમજવા ? અર્થાત્ અક્ષરધામની મૂર્તિ અને આ મનુષ્યાકૃતિ મૂર્તિ એક છે કે તેમાં કાંઈ ભિન્નતા છે ? આ મારા પ્રશ્નોના ઉત્તર આપ મને કહો.[૪-૫]

હે પ્રભુ ! આ સભામાં બેઠેલા આપના આશ્રિત સર્વે ભક્તો આ મારા પ્રશ્નોના યથાર્થ ઉત્તર જાણવાની જિજ્ઞાસા ધરાવે છે. એથી તમે સત્શાસ્ત્રને અનુસારે અને આપના અનુભવને અનુસારે જે સિદ્ધાંત નક્કી કર્યો હોય તે અમને સંભળાવો.[૬] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે જીજ્ઞાસુ મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું તેથી સકલ ઐશ્વર્યે સંપન્ન ભગવાન શ્રીહરિ પોતાના ભક્તજનોને અમૃત વચનોથી આનંદ ઉપજાવતા કહેવા લાગ્યા.[૭]

શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! ભગવાનની ઉપાસના કરતા ભક્તજનોએ અવશ્ય સાંભળવા યોગ્ય તેમજ પોતાના હૃદયમાં ધારી મનન કરી સાક્ષાત્કાર કરવા યોગ્ય વૈષ્ણવસિદ્ધાંત તત્ત્વપૂર્વક તમને હું કહું છું તેને તમે સાંભળો

श्रीकृष्णो यः परब्रह्म स्वयंज्योतिः परात्परः । ज्ञेयो नारायणो विष्णुर्भगवान् पुरुषोत्तमः ॥ ९
महेश्वरो वासुदेवो भूमा च परमेश्वरः । आत्मात्मनां चेतनानां चेतनश्च श्रुतीरितः ॥ १०
कालस्य प्रकृतेश्चापि नियन्ता पुरुषस्य च । प्रकाशकश्च सर्वेषां स्वतन्त्रो दिव्यविग्रहः ॥ ११
धामाक्षरं तु यत्तस्य तद्ब्रह्मपुरमुच्यते । यस्यैकः सूक्ष्मदेशोऽपि कोटिकोट्यर्कभासुरः ॥ १२
यदुच्यते चिदाकाशं ध्रुवमाकाशवत्सदा । अनाद्यनन्तं चाखण्डं सच्चिदानन्दलक्षणम् ॥ १३
नवीननीरदश्यामस्तत्र दिव्ये स्वधामनि । विभात्यतिश्वेतरुचिः सूर्यचन्द्राग्नितेजसः ॥ १४
तस्यैकरोम्णस्तेजोऽपि समग्राक्षरतेजसः । अधिकत्वान्न तत्तेन तत्रस्थैरुपमीयते ॥ १५
स प्रभुर्दिव्यवसनो दिव्यालङ्कारशोभनः । राधारमादिभिः स्वाभिः शक्तिभिश्च निषेव्यते ॥ १६

---

અને હૃદયમાં ધારણ કરો.[૮] હે મુનિ ! જે શ્રીકૃષ્ણ ભગવાન છે તે જ વેદાદિ સત્શાસ્ત્રોમાં પ્રતિપાદિત પરબ્રહ્મ છે. સ્વયંજ્યોતિ છે. તે સર્વે થકી પર એવા અક્ષરબ્રહ્મ થકી પણ પર છે. જગતના કારણભૂત સર્વે તત્ત્વોના પ્રવર્તક સ્વયં નારાયણ છે. સર્વેના અંતર્યામી ક્ષર અક્ષર થકી ઉત્તમ એ પુરુષોત્તમ છે.[૯] તે ઈશ્વરોના પણ ઈશ્વર છે. સર્વના આધાર એવા વાસુદેવ છે. અપાર મહિમાવાળા તે પરમેશ્વર છે. અને વેદોએ પ્રતિપાદન કરેલા આત્માઓના પણ આત્મા છે. ચેતનોના પણ ચેતન છે.[૧૦] તે કાળ, મહાપ્રકૃતિ અને મહાપુરુષના પણ નિયંતા છે. અને સર્વેના અંતરમાં પ્રવેશ કરી તેના જ્ઞાનના પ્રકાશક પણ તે જ ભગવાન શ્રીકૃષ્ણ છે. તે સદાય સ્વતંત્ર અને દિવ્યાકૃતિ ધરીને અક્ષરધામમાં વિરાજે છે.[૧૧]

હે મુનિ ! તે આ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનનું અક્ષરધામ છે, તેને બ્રહ્મપુર કહે છે. તે ધામનો એક સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ પ્રદેશ છે તે પણ એક સાથે ઉદય પામેલા કરોડો સૂર્યના પ્રકાશથી પણ વધુ પ્રકાશિત છે.[૧૨] તેથી તે ધામને ચિદાકાશ એવા નામથી પણ કહેવાય છે. જે સદાય સ્થિર છે, નિરંતર આકાશની પેઠે નિર્લેપ છે. તે અનાદિ, અનંત અને અખંડ છે. તેમજ તે ધામ સત્, ચિત્ત અને આનંદરૂપ છે.[૧૩] હે મુનિ ! આવા દિવ્ય બ્રહ્મપુરધામમાં નવીન મેઘની સમાન શ્યામ સુંદર મૂર્તિધારી તેમ જ કરોડો સૂર્ય, ચંદ્ર અને અગ્નિ કરતાં પણ અતિશય ઉજ્જવળ કાંતિને ધારણ કરનારા પરમાત્મા શોભી રહ્યા છે.[૧૪] એ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનના એક એક રોમમાં જે તેજ રહેલું છે તે તેજ આખા બ્રહ્મપુરધામના તેજ કરતાં પણ અતિશય અધિક છે. તેથી અક્ષરમુક્તો પણ તે તેજને ભગવાનના એક રોમના તેજની સાથે સરખાવી શકતા નથી.[૧૫]

श्रीदामविष्वक्सेनाद्यैः पार्षदैर्दिव्यविग्रहैः । सेव्यमानश्च सच्छत्रचामरव्यजनादिभिः ॥ १७
सुदर्शनादिभिः स्वास्त्रैर्मूर्तिमद्भिरुपासितः । ऐश्वर्याद्यैर्भगैः षड्भिः सिद्धिभिश्चाणिमादिभिः ॥ १८
असङ्ख्यैश्च महामुक्तैर्दिव्यसुन्दरविग्रहैः । दिव्यैरनेकोपचारैः पूज्यमानपदाम्बुजः ॥ १९
द्विभुजः स सदा स्वामी भक्तेभ्यो निजदर्शनम् । चतुर्भुजादिरूपेण दत्ते क्वापि तदिच्छया ॥ २०
न प्राकृता गुणास्तस्मिन्सन्तीत्युक्तः स निर्गुणः । अप्राकृताकृतित्वाच्च निराकारः स कीर्त्यते ॥ २१
स्वधर्मज्ञानवैराग्ययुजा भक्त्या ह्यनन्यया । ये भजेयुस्त एवामुं तथाभूतं विचक्षते ॥ २२
ज्ञानाद्यैरपि सम्पन्ना भक्त्या हीनास्त्वनन्यया । ब्रह्मतेजः प्रपश्यन्ति न तु साक्षात्तमीश्वरम् ॥ २३

હે મુનિ ! તે આવા દિવ્ય વસ્ત્રોને ધારી રહેલા અને અલંકારોથી અતિશય મનોહર જણાતા સમર્થ એવા શ્રીકૃષ્ણ ભગવાનની રાધા અને રમા આદિક પોતાની અનંત દિવ્ય શક્તિઓ દિવ્ય ઉપચારોથી સદાય સેવા કરે છે.[૧૬] તેમજ દિવ્ય શરીરધારી શ્રીદામા અને વિષ્વક્સેન આદિ અનંત પાર્ષદો અતિશય શોભાયમાન દિવ્ય છત્ર, ચામર, વીંજણો આદિ અનંત ઉપકરણોથી શ્રીકૃષ્ણ ભગવાનની સદાય સેવા કરે છે.[૧૭] અને દિવ્ય શરીરધારી સુદર્શનાદિ પોતાનાં આયુધો પણ તેમની સેવા કરે છે. તેમજ દિવ્ય શરીરધારી છ ભગ જે ઐશ્વર્ય, જ્ઞાન, યશ, શ્રી, વૈરાગ્ય અને ધર્મ તે પણ તેમની નિરંતર સેવા કરે છે. અણિમાદિક અષ્ટ સિદ્ધિઓ પણ સદાય તેમની સેવા કરે છે.[૧૮] હે મુનિ ! દિવ્ય અને રમણીય શરીરધારી તે અક્ષરધામના મહામુક્તો પણ અનંત દિવ્ય ચંદનાદિ ઉપચારોથી સદાય પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળને પૂજે છે.[૧૯] તે સર્વના સ્વામી સદાય દ્વિભુજ છતાં પોતાના ભક્તજનોની ઈચ્છાને પૂર્ણ કરવા ચતુર્ભુજ, અષ્ટભુજ કે સહસ્રભુજરૂપે પોતાનું દિવ્ય દર્શન આપે છે.[૨૦]

**ભગવાન નિર્ગુણ, નિરાકાર અને સાકાર કેવી રીતે છે? :–** તે શ્રીકૃષ્ણ નારાયણને વિષે માયાના સત્ત્વાદિ પ્રાકૃતગુણો નથી. તેથી તેને નિર્ગુણ કહેલા છે. તેજ રીતે પ્રાકૃત માયાનો આકાર નથી તેથી તેને નિરાકાર કહેલા છે.[૨૧] હે મુનિ ! તેમ છતાં જે પુરુષો સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત અનન્ય ભક્તિથી શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરે છે તે પુરુષો પરમાત્માને નિર્ગુણ અને નિરાકાર હોવા છતાં અક્ષરધામને વિષે સદાય દિવ્ય સાકાર સ્વરૂપે જુએ છે. અને કહે છે પણ ખરા.[૨૨] અને જે પુરુષો સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત હોવા છતાં પણ માહાત્મ્યજ્ઞાને સહિત તેની અનન્ય ભક્તિથી રહિત હોય છે, તે પુરુષો તે પરમાત્માને

तेजोमण्डलमध्यस्थं द्विभुजं दिव्यविग्रहम् । नेक्षन्तेऽर्कं यथा लोकाः साकारं तं तथैव ते ॥ २४
ततो ब्रह्म निराकारमिति मन्यन्त एव ते । तावता न निराकारं कृष्णाख्यं हि परं बृहत् ॥ २५
एकदेशस्थितस्यापि पूर्णत्वं तस्य तेजसा । सर्वत्रास्ति यथार्कस्य शृण्वत्र वचनं विधेः ॥ २६
अहो भाग्यमहो भाग्यं नन्दगोपव्रजौकसाम् । यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम् ॥ २७
अनेकाण्डोद्भवाद्यर्थं निर्गुणः स यदा प्रभुः । मायागुणानुपादत्ते सगुणः प्रोच्यते तदा ॥ २८

---

કેવળ નિરાકાર બ્રહ્મતેજ રૂપે જ નિહાળે છે. પરંતુ સાક્ષાત્ સાકાર સ્વરૂપે જોઇ શકતા નથી.[૨૨-૨૩]

હે મુનિ ! તે તમને દૃષ્ટાંતથી સમજાવું છું. જેવી રીતે મનુષ્યો તેજના મંડળને મધ્યે રહેલા શંખ, ચક્ર સહિત દ્વિભૂજ અને દિવ્ય શરીરધારી સૂર્યનારાયણને જોઇ શકતા નથી, માત્ર તેમના તેજને જ જુવે છે. તેમ અનન્ય ભક્તિથી રહિત હોવાથી અને કૈવલ્યાર્થી હોવાથી તે મુક્તો ભગવાનના સદાય દિવ્ય સાકાર સ્વરૂપને જોઇ શકતા નથી, માત્ર અક્ષરબ્રહ્મ તેજ સ્વરૂપે જ જુએ છે. તેથી હે મુનિ ! જે કૈવલ્યાર્થી મુક્ત પુરૂષો છે તે ભગવાનને ''નિરાકારબ્રહ્મ'' માને છે. તેઓના નિરાકાર માનવાથી કે કહેવાથી શ્રીકૃષ્ણ નામના પરબ્રહ્મ પરમાત્મા નિરાકાર થઇ જતા નથી. તે તો સદાય સાકાર જ છે.[૨૪-૨૫] હે મુનિ ! કદાચ એમ કહેશો કે, ભગવાન શ્રીકૃષ્ણ જો સાકાર પરબ્રહ્મ હોય તો સર્વત્ર વ્યાપી કેમ શકે ? કારણ કે સાકાર વ્યાપી ન શકે અને જે વ્યાપક હોય તે સાકાર ન હોય. બન્ને વિરોધાભાસ એકને વિષે કેમ સંભવી શકે ? તો તેમાં પણ હું કહું છું કે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના અક્ષરબ્રહ્મધામને વિષે એક જગ્યાએ સદા સાકાર સ્વરૂપે વિરાજે છે છતાં પોતાની તેજરૂપ અંતર્યામી શક્તિથી સર્વને વિષે પણ પૂર્ણપણે વ્યાપીને રહેલા છે. જેવી રીતે સૂર્યનારાયણ એક જગ્યાએ રહેલા હોવા છતાં પોતાના તેજથી સર્વના નેત્રરૂપી ઈન્દ્રિયના પ્રકાશકપણે આખા બ્રહ્માંડમાં વ્યાપીને રહેલા છે. એક અણુ પણ ખાલી નથી. તેમ પરમાત્મા પોતાની અંતર્યામી શક્તિથી સર્વત્ર વ્યાપક છે. કોઇ પણ જગ્યા ખાલી નથી. આ બાબતનું શ્રીમદ્ભાગવતને વિષે બ્રહ્માજીનું વાક્ય છે તે તમે સાંભળો.[૨૬] બ્રહ્માજી કહે છે, અરે ! આ નંદજીના વ્રજમાં નિવાસ કરતા વ્રજવાસીઓના ભાગ્યનું હું શું વર્ણન કરું ? તેઓ કેટલા મહાભાગ્યશાળી છે ? આ જોઇને તો હું અતિશય આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો છું. કારણ કે પરમાનંદ,

अनिरुद्धस्वरूपेण मायायास्तु रजोगुणम् । गृहीत्वा ब्रह्मसंज्ञः सन् ब्रह्माण्डं सृजति प्रभुः ॥ २९
त्रैलोक्यमौदरीकृत्य लये नैमित्तिके ह्यसौ । एकार्णवजले शेते काले सृजति तत्पुनः ॥ ३०
स प्रद्युम्नस्वरूपेण वासुदेवोऽखिलं जगत् । सत्त्वं मायागुणं धृत्वा पाति विष्णुः प्रजापतिः ॥ ३१
असौ विराजपुरुषः कथ्यते लोकपालकः । मुक्तिं चतुर्विधां दत्ते स्वभक्तेभ्यः सुरारिहा ॥ ३२
सङ्कर्षणस्वरूपेण वासुदेवस्तमोगुणम् । अङ्गीकृत्यैव मायायाः शिवाख्यः संहरत्यदः ॥ ३३
शेषरूपेण भूगोलं धत्ते सङ्कर्षणो ह्यसौ । मूर्तयो वासुदेवस्य षडेताः सगुणा मताः ॥ ३४

---

**સનાતન અને પોતાની અંતર્યામી શક્તિએ કરીને અનંત વિશ્વમાં વ્યાપીને રહેલા પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન જેના મિત્રભાવે વર્તી રહ્યા છે.[૨૭]**

**હે મુનિ ! માયાના ત્રણગુણોથી પર, નિર્ગુણ અને મહાસમર્થ પરમાત્મા જ્યારે અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ તેમજ પ્રલયને માટે જ્યારે પ્રકૃતિ એવી માયાના ગુણોનો સ્વીકાર કરે છે ત્યારે તે પરમાત્મા સગુણ કહેલા છે.[૨૮] એ પરમાત્મા સૃષ્ટિસમયે ''અનિરૂદ્ધ'' સ્વરૂપે માયાના રજોગુણનો સ્વીકાર કરીને, ''બ્રહ્મા'' એવા નામથી આ બ્રહ્માંડનું સર્જન કરે છે.[૨૯] આ જ અનિરૂદ્ધરૂપ બ્રહ્માના સ્વરૂપમાં ભગવાન રાત્રી પ્રલયમાં ત્રિલોકીને પોતાના ઉદરમાં સમાવી મહાપ્રલયના જળમાં શયન કરે છે, ફરી રાત્રી પૂર્ણ થતાં ભગવાન ત્રિલોકીનું સર્જન કરે છે.[૩૦] હે મુનિ ! એજ અક્ષરધામ નિવાસી ભગવાન વાસુદેવ પ્રદ્યુમ્નસ્વરૂપે માયાના સત્વગુણને ધારણ કરીને પ્રજાપતિ વિષ્ણુરૂપે થઈ સમસ્ત જગતનું પાલન-પોષણ કરે છે. તેને વૈરાજપુરુષ તથા લોકપાલ કહેવાય છે. તે અસુરોને હણી પોતાના ભક્તોને સાલોક્યાદિ ચતુર્ધા મુક્તિ આપે છે.[૩૧-૩૨]**

**હે મુનિ ! વળી તેજ ભગવાન વાસુદેવ સંકર્ષણસ્વરૂપે માયાના તમોગુણનો સ્વીકાર કરીને ''શિવ'' ના નામથી આ ત્રિલોકીનો સંહાર કરે છે. એ સંકર્ષણરૂપ શેષસ્વરૂપે રહેલા પરમાત્મા આ પૃથ્વીને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. આ પ્રમાણે ભગવાન વાસુદેવની અનિરૂદ્ધ, બ્રહ્મા, પદ્યુમ્ન, વિષ્ણુ, સંકર્ષણ અને શિવ, આ છ મૂર્તિઓ સગુણ મનાયેલી છે.[૩૩-૩૪] તેમ જ આ જગતની ઉત્પત્તિ આદિકનાં કાર્ય કરવાને માટે છ મૂર્તિના સંબંધવાળી અન્ય હજારો મૂર્તિઓ રહેલી છે. તે સર્વે સગુણમૂર્તિઓ સૃષ્ટિનું કાર્ય નિભાવવા સ્વીકાર કરેલા પોતાના ગુણોનો ત્યાગ કરી દે છે. ત્યારે એને પણ ''નિર્ગુણ'' કહેવામાં આવે છે. તેમાં અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ આ ત્રણ સ્વરૂપો તો અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિના કારણભૂત છે, અને**

कार्यार्थं मूर्तयोऽप्यासां सन्त्यन्याश्च सहस्रशः । एताः सर्वा गुणत्यागे प्रोच्यन्ते निर्गुणा अपि ॥ ३५
दिव्याङ्गो निर्गुणो ह्येष देवक्यां वसुदेवतः । प्रादुर्बभूव कृष्णाख्यो भूतले मनुजाकृतिः ॥ ३६
दिव्यमूर्तिनराकृत्योस्तस्य भेदो न किञ्चन । इति जानीहि सद्बुद्धे ! वैष्णवाचार्यनिश्चयम् ॥ ३७
स दिव्यमूर्तिः सन्नेव नरनाट्यं दधौ प्रभुः । तेनैव च स्वरूपेण सोऽभूद्दिव्याकृतिर्मुहुः ॥ ३८
कथैषा विस्तृताऽस्त्येव पुराणेषु च भारते । तत्सारमात्रमाकृष्य कथयामि समासतः ॥ ३९
स वासुदेवः प्रथमं सतां धर्मस्य गुप्तये । भूभारहरणार्थं च वसुदेवमनोऽविशत् ॥ ४०
तद्द्वारा देवगकीगर्भो भूत्वा काले व्यजायत । प्राग्जन्मस्मृतये पित्रोर्विष्णुरूपः स एव च ॥ ४१

---

બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આ ત્રણસ્વરૂપો તો પ્રત્યેક બ્રહ્માંડનાં જુદાં જુદાં સ્વરૂપો છે. અને વળી અક્ષરધામાધિપતિ ભગવાન શ્રીવાસુદેવની મૂર્તિ અનાદિસિદ્ધ હોવાથી અને તેમાં સત્ય, શૌચ, દયા આદિ અનંત કલ્યાણકારી ગુણો સદાય રહેલા હોવાથી તેને પણ ''સગુણ'' જાણવા. આવી રીતે પરમાત્મા નિર્ગુણ હોવા છતાં સગુણ છે એમ જાણવું.[૩૫]

હે મુનિ ! નિત્ય સિદ્ધ દિવ્ય અંગવાળા અને નિર્ગુણમૂર્તિ એ પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમનારાયણ વાસુદેવ આ પૃથ્વીપર વસુદેવ અને દેવકીને ત્યાં શ્રીકૃષ્ણસ્વરૂપે મનુષ્યાકૃતિ ધારણ કરીને પ્રગટ થયા.[૩૬] હે સદ્‌બુદ્ધિમાન મુનિ ! તે શ્રીકૃષ્ણ ભગવાનની ધામમાં રહેલી દિવ્ય મૂર્તિ અને અહીં મનુષ્યાકારમાં રહેલી મૂર્તિમાં કોઇ ભેદ નથી. આ પ્રમાણે રામાનુજાચાર્ય તેમજ ઉદ્ધવાચાર્ય માત્રનો નિર્ણય છે. એમ તમે નક્કી જાણો.[૩૭] સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન દિવ્યસ્વરૂપે જ નરનાટકને ધારણ કરે છે, તે સમયે નર સ્વરૂપે રહેલા હોવા છતાં સ્વયં નારાયણે પોતાનું દિવ્યસ્વરૂપ વારંવાર પ્રગટ કરેલું છે. તેના પરથી નક્કી થાય છે કે મનુષ્ય સ્વરૂપમાં પણ પરમાત્મા દિવ્યસ્વરૂપે જ વિરાજમાન છે.[૩૮] આ કથા શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોમાં તથા મહાભારતાદિ ઈતિહાસોમાં વિસ્તારપૂર્વક વર્ણવી છે. તે કથાઓનો સાર માત્ર હું તમને સંક્ષેપમાં કહું છું. તેથી તમે સ્વયં સમજી શકશો કે દિવ્યમૂર્તિ અને અહીંની મનુષ્ય મૂર્તિમાં કોઇ ભેદ નથી.[૩૯]

હે મુનિ ! દિવ્યમૂર્તિ ભગવાન વાસુદેવ પોતાના એકાંતિક ભક્ત સંતોનું તથા પોતાની આરાધનાના આધારભૂત સદાચારરૂપ ધર્મનું રક્ષણ કરવા તેમજ પૃથ્વીના ભારભૂત અસુરોનો વિનાશ કરી પૃથ્વીને ભાર રહિત કરવા પ્રથમ મથુરાને વિષે વસુદેવજીના મનમાં પ્રવેશ કર્યો.[૪૦] વસુદેવજી દ્વારા માતા દેવકીજીના ઉદરમાં

पितृभ्यां कंसभीताभ्यां प्रार्थितोऽथाभवन्नरः । स जृम्भणे यशोदायै विश्वरूपमदर्शयत् ॥ ४२
मृद्भक्षणे पुनस्तस्यै नराकृतिरपि स्वयम् । ब्रह्माण्डमखिलं व्यात्ते स्वमुखे समदर्शयत् ॥ ४३
नराकृतिः स एवेशो दाम्नोलूखलबन्धने । अपरिच्छेद्यतां स्वस्य सर्वा गोपीरदर्शयत् ॥ ४४
गोपवत्सापहरणे कृतेऽजेन नरोऽपि सन् । तत्तद्रूपः स्वयं भूत्वा स चिक्रीडैकवत्सरम् ॥ ४५
वत्सवत्सपरूपान् स्वान्विष्णुरूपांस्ततोऽखिलान् । ब्रह्माणं दर्शयामास पुनरेकोऽभवन्नरः ॥ ४६
कालीयदमनं कृत्वा विषोदेन मृतान् पशून् । गोपांश्च जीवयामास स दृष्ट्यामृतवर्षया ॥ ४७
निशि दावानलं पीत्वा नराकृतिधरोऽपि सः । सर्वान् व्यमोचयत्तीरे कालिन्द्या व्रजवासिनः ॥ ४८

---

મનુષ્યાકૃતિ ધરીને પ્રવેશ કર્યો. દશમે માસે પ્રગટ થયા ત્યારે માતા પિતા વસુદેવ દેવકીને પૂર્વજન્મની સ્મૃતિ કરાવવા માટે વિષ્ણુરૂપ દિવ્યસ્વરૂપે દર્શન આપ્યું.[૪૧] ત્યારપછી કંસથી ભય પામેલાં માતાપિતાની પ્રાર્થનાથી મનુષ્યરૂપ બાળકની આકૃતિ ધારણ કરી ત્યારે વસુદેવજી તેમને ગોકુળમાં મૂકી આવ્યા. ત્યાં યશોદાજીને બાળકનારૂપમાં રહેલા ભગવાને પોતાના મુખમાં પોતાનું જ વિશ્વરૂપ દેખાડ્યું.[૪૨]

હે મુનિ ! તે પરમેશ્વર ભગવાન મનુષ્યાકૃતિમાં હોવા છતાં પણ સ્વયં ભગવાને માટીભક્ષણના નિમિત્તે પહોળા કરેલા નાના એવા મુખમાં માતા યશોદાજીને ફરી પોતાનાં અખિલ બ્રહ્માંડસ્વરૂપનું દર્શન કરાવ્યું.[૪૩] વળી તે શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્યાકૃતિમાં નાના સ્વરૂપે હોવા છતાં પણ જ્યારે ગાય બાંધવાનાં દોરડાંથી પોતાને ખાંડણિયા સાથે મા યશોદાજીએ બાંધવા પ્રયત્ન કર્યો ત્યારે પોતાનું અનંતપણું અપરિમિતપણું સર્વે ગોપીઓને દેખાડ્યું.[૪૪] વળી હે મુનિ ! જ્યારે બ્રહ્માજીએ પરીક્ષા કરવા વૃંદાવનમાં ગોપબાળકો અને વાછરડાંઓનું હરણ કર્યું ત્યારે સ્વયં મનુષ્યાકૃતિ હોવા છતાં પણ તે ગોપબાળકો અને વાછરડાંઓ રૂપે થઈ એક વર્ષ પર્યંત ક્રીડા કરી હતી.[૪૫] ત્યારપછી ગોપના રૂપમાં અને વાછરડાંના રૂપમાં રહેલાં પોતાનાં સ્વરૂપોમાં સકલ ઐશ્વર્ય સંપન્ન ચતુર્ભુજ એવા વિષ્ણુસ્વરૂપો રૂપે બ્રહ્માજીને દર્શન કરાવ્યું. ફરી એજ શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્યાકૃતિમાં રહેલા એક બાળકસ્વરૂપે થયા.[૪૬]

હે મુનિ ! પછી મનુષ્યાકૃતિમાં જ પરમાત્માએ કાલીયનાગનું દમન કર્યું અને ઝેરીલા જળનું પાન કરવાથી મૃત્યુ પામેલી ગાયો તથા ગોવાળોને પોતાની અમૃતમય દિવ્ય દૃષ્ટિથી ફરી જીવતાં કર્યાં.[૪૭] વળી તે મનુષ્યાકૃતિ પરમાત્માએ રાત્રીએ દાવાનળનું પાન કરી યમુનાને તીરે સૂતેલા સર્વ વ્રજવાસીઓનું રક્ષણ

पुनर्दावानलं पीत्वा गा ररक्ष स एव च । सप्ताहमेकहस्तेन दध्रे गोवर्धनं च सः ॥ ४९
नन्दं च दर्शयामास वारुणे लोक उत्तमे । लोकपालैरर्च्यमानां निजमूर्तिं स एव च ॥ ५०
पुनर्वैकुण्ठलोकेऽसौ सर्वान् गोपानदीदृशत् । छन्दोभिः स्तूयमानं स्वं नन्दादीन् रूपमद्भुतम् ॥ ५१
सर्वासामपि गोपीनां परिपूर्णसुखाप्तये । तावद्रूपधरो भूत्वा स रेमे रासमण्डले ॥ ५२
यमुनाया ह्रदेऽक्रूरं कंसमारणशङ्कितम् । स्वं रूपं दर्शयामास तद्बहिः स्यन्दने च सः ॥ ५३
कंसरङ्गसभामध्ये सर्वेभ्योऽपि स्वदर्शनम् । पृथक् पृथक् यथायोग्यं तत्तद्रसमयं ददौ ॥ ५४
स एव विष्णुरूपेण दृष्टो यवनभूभुजा । पलायमानो दृष्टश्च मुचुकुन्देन तादृशः ॥ ५५
चिरान्मृतं गुरोः पुत्रमानिनाय यमालयात् । सोदरांश्चानिनायासौ मातुः प्रीत्यै रसातलात् ॥ ५६

કર્યું.[૪૮] ફરી જ્યારે મુંજના વનમાં દાવાનળ લાગ્યો ત્યારે એ જ મનુષ્યાકૃતિ શ્રીકૃષ્ણ ભગવાને તે દાવાનળનું કરી ગાયો તથા ગોવાળોનું રક્ષણ કર્યું. વળી તે શ્રીકૃષ્ણ ભગવાને મનુષ્યાકૃતિમાં રહીને સાત દિવસ સુધી એક જ હાથે ગોવર્ધન પર્વત ધારણ કર્યો.[૪૯] પોતે મનુષ્યાકૃતિ હોવા છતાં વરુણદેવના ઉત્તમલોકમાં વરુણાદિ સર્વે લોકપાલો જેમની પૂજા કરે છે એવી પોતાની દિવ્ય મૂર્તિનું પિતા નંદજીને દર્શન કરાવ્યું.[૫૦]

હે મુનિ ! તે ભગવાને વૈકુંઠલોકમાં મૂર્તિમાન વેદો જેની સ્તુતિ કરે છે એવાં પોતાનાં અદ્‌ભૂત દિવ્ય સ્વરૂપનું નંદરાય આદિ સર્વ ગોવાળોને દર્શન કરાવ્યું.[૫૧] વળી મનુષ્યાકૃતિ શ્રીકૃષ્ણ ભગવાને સર્વે ગોપીઓને પરિપૂર્ણ સુખ આપવા જેટલી ગોપીઓ તેટલાં સ્વરૂપો ધારણ કરી રાસમંડળમાં રાસ ક્રીડા કરી.[૫૨] વળી કંસ આ બાળક શ્રીકૃષ્ણને મારી તો નહિ નાખે ને ? એવી શંકા કરતા અક્રૂરજીને નિઃશંક કરવા સારૂં યમુનાજીના ધરામાં શેષશાયી અને બહાર રથ ઉપર રહેલ શ્રીકૃષ્ણ સ્વરૂપે, વળી ફરી ધરામાં પોતાનાં શેષશાયી સ્વરૂપનું એમ બન્ને એક સ્વરૂપે દર્શન કરાવ્યું.[૫૩]

હે મુનિ ! કંસરાજાની રંગસભામાં સર્વે મનુષ્યોને પોતપોતાના ભાવ અને અધિકાર પ્રમાણે સૌ સૌને યોગ્ય અને જુદાં જુદાં સ્વરૂપે દિવ્ય દર્શન આપ્યું.[૫૪] વળી મનુષ્યાકૃતિ શ્રીકૃષ્ણ ભગવાન કાળયવનના ભયથી મથુરાથી ભાગ્યા છતાં કાળયવનને ચતુર્ભુજ દિવ્યસ્વરૂપે દર્શન આપ્યું અને ગુફામાં મુચકુંદરાજાને પણ ચતુર્ભુજ વિષ્ણુ સ્વરૂપે દર્શન આપ્યું.[૫૫] હે મુનિ ! તે શ્રીકૃષ્ણ બહુકાળથી મૃત્યુ પામેલા ગુરુ સાંદીપનિના પુત્રને યમપુરીમાંથી પાછો લાવી આપ્યો. તેમજ માતા

दुःशासनेन द्रौपद्याः कृष्टे वस्त्रे स्मृतस्तया । सद्यः श्रीशयनादेत्य तत्र वासांस्यपूरयत् ॥ ५७
वने स्मृतश्च पाञ्चाल्या दुर्वासःशापसङ्कटे । तत्रैत्यात्त्वाऽथ शाकान्नं त्रिलोकीं सोऽप्यतर्पयत् ॥ ५८
विश्वरूपोऽभवत्सोऽथ न्राकृतिः पार्थसारथिः । ताक्ष्यरुढो ययौ स्वर्गं पारिजातजिहीर्षया ॥ ५९
द्वार्वत्यां सकलस्त्रीणां प्रीतये तावदाकृतिः । वसन्प्रतिगृहं प्रादान्नारदाय स्वदर्शनम् ॥ ६०
आनेतुं विप्रतनयान्रथस्थः सार्जुनो ययौ । स ब्रह्मधाम स्वस्यैव प्राकृतात्तमसः परम् ॥ ६१
तपः कुर्वन्स पुत्रार्थं हिमाद्रौ वैष्णवाग्निना । स्थावराञ्जङ्गमान्दग्ध्वा पुनस्तांश्चाप्यजीवयत् ॥ ६२
बहुलाश्वनृपावासे श्रुतदेवगृहे च सः । मिथिलायां द्विधाऽवात्सीत् न्राकृतिऋषिभिः सह ॥ ६३
उभयत्र ब्रह्मवादं कुर्वन्नानन्दयन्निजौ । भक्तौ राजर्षिब्रह्मर्षी मासमेकमुवास सः ॥ ६४

---

દેવકીજીને પ્રસન્ન કરવા રસાતળમાંથી બલિરાજા પાસેથી પોતાના મોટા છ ભાઈઓને લાવી આપ્યા હતા.[૫૬] વળી જ્યારે દુઃશાસને સતી દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચ્યાં ત્યારે દ્રૌપદીએ તેમનું સ્મરણ કર્યું ત્યારે રુક્મિણિના શયનખંડમાંથી એક ક્ષણમાં હસ્તિનાપુર પહોંચી તેનાં ચીર પુર્યાં.[૫૭] વળી વનમાં પાંડવો જ્યારે દુર્વાસા થકી શાપ પામવાનું સંકટ પામ્યા ત્યારે દ્રૌપદીજીના સ્મરણ માત્રથી તત્કાળ ત્યાં પહોંચી શાકનું પત્ર જમી ત્રિલોકીને તૃપ્ત કરી.[૫૮]

હે મુનિ ! પોતે મનુષ્યાકૃતિમાં હોવા છતાં પણ મહાભારતના યુદ્ધમાં અર્જુનના સારથી થયેલા તે વખતે પોતાનું વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. વળી ગરુડની સવારી કરી પારિજાતનું વૃક્ષ લેવા સ્વર્ગમાં ગયા.[૫૯] દ્વારિકામાં સોળહજાર એકસો ને આઠ પટરાણીઓની પ્રસન્નતાર્થે તેટલાંજ રૂપ ધારણ કરી દરેક પત્નીના ભવનમાં નિવાસ કરીને રહેલા હોય તેવાં નારદજીને દર્શન કરાવ્યાં.[૬૦] હે મુનિ ! મનુષ્યાકૃતિ ભગવાન શ્રીકૃષ્ણ લાકડાનાં રથમાં બેસી અર્જુનની સાથે દ્વારિકા નિવાસી બ્રાહ્મણના પુત્રને લેવા સારૂં પ્રકૃતિના ગાઢ અંધકારથી પર રહેલા દિવ્ય પોતાનાં અવ્યાકૃત ધામમાં ગયેલા.[૬૧] વળી હિમાલયમાં પુત્ર પ્રાપ્તિમાટે તપ કરતા ભગવાન શ્રીકૃષ્ણે પોતાના મુખમાંથી નીકળેલા વૈષ્ણવાગ્નિથી પશુ પક્ષી તેમજ વનવેલી વૃક્ષાદિ સમસ્ત સ્થાવર, જંગમ જંગલને ભસ્મીભૂત કરી ફરી પોતાની અમૃત વર્ષાથી આખા જંગલને સજીવન કર્યું.[૬૨]

શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્યાકૃતિ હોવા છતાં મિથિલાનગરીમાં બહુલાશ્વ નામના જનકરાજાના રાજભવનમાં અને શ્રુતદેવ બ્રાહ્મણના ઘરમાં એક સાથે બે સ્વરૂપો ધારણ કરી વ્યાસાદિ ઋષિમુનિઓની સાથે નિવાસ કરીને રહ્યા.[૬૩] આ

तथाऽसौ भगवान्कृष्णो देवमानुषदुःखदान् । देवैरवध्यानसुरान् जघानामानवक्रियः ॥ ६५
पूतनां च तृणावर्तं शकटं वत्सकं बकम् । अघं वृषं केशिनं च गजमल्लोग्रसेनजान् ॥ ६६
अन्यांश्च सद्द्रुहो दैत्यान्निर्दयान् नृपरूपिणः । बहून्सेतुभिदो हत्वा भुवि धर्ममतिष्ठिपत् ॥ ६७
एवंविधान्यनेकानि चरित्राण्यस्य सन्ति वै । मानुषत्वेऽपि दिव्यानि तानीत्येव विदुर्बुधाः ॥ ६८
तस्माद्दिव्याकृतिः कृष्णोः न्राकृतिश्चैक एव सः । भेदं य उभयोर्विद्युस्ते त्वज्ञानिन ईरिताः ॥ ६९
अनेकरूपिणोऽप्यस्य ये जानन्त्येकरूपताम् । मानुष्येऽप्यस्य दिव्यत्वं ते ज्ञेया ज्ञानिनो नराः ॥ ७०
यथा यो बलिना राज्ञा वामनो भगवान् पुरा । दृष्टः स एव वैराजो वामनश्च पुनः स वै ॥ ७१
एक एव यथा विष्णुरजितोऽमृतमन्थने । चतुर्मूर्तिधरश्चक्रे क्रिया दिव्याः पृथक् पृथक् ॥ ७२

---

પ્રમાણે પોતાના રાજર્ષિ અને બ્રહ્મર્ષિ બન્ને એકાંતિક ભક્તોને ઘેર એક સાથે બે સ્વરૂપે બ્રહ્મજ્ઞાન સંબંધી ઉપદેશ આપતા અને આનંદ ઉપજાવતા એક માસ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૬૪]

હે મુનિ ! મનુષ્યભાવ ધારી રહેલા શ્રીકૃષ્ણ ભગવાનને અમાનુષિક દિવ્યચરિત્રોનો વિસ્તાર કરતા થકા દેવતા તથા મનુષ્યોને કષ્ટ આપતા તેમજ ઈન્દ્રાદિ દેવતાઓથી પણ નહીં મારી શકાતા પ્રબળ અસુરોનો વિનાશ કર્યો.[૬૫] તેમાં પૂતના, તૃણાવર્ત, શકટાસુર, વત્સાસુર, બકાસુર, અઘાસુર, વૃષભાસુર, કેશિ, ગજ, મલ્લો, ઉગ્રસેનના કંસાદિ પુત્રો, અને બીજા અનેક અસુર રાજાઓ કે જે સત્પુરુષોનો દ્રોહ કરી ધર્મસેતુને તોડતા હતા તે સર્વેનો વિનાશ કરી ધરતી પર ધર્મની સ્થાપના કરી.[૬૬-૬૭] હે મુનિ ! આવા પ્રકારનાં ભગવાન શ્રીકૃષ્ણનાં અનેક ચરિત્રો છે. એ ચરિત્રો મનુષ્યાકૃતિ દ્વારા કરેલાં હોવા છતાં જ્ઞાની પુરુષોને તેમાં અનેક રીતે દિવ્યતાનું દર્શન થતું હોવાથી તેને દિવ્યચરિત્રો કહે છે.[૬૮] તેથી મનુષ્યાકૃતિ અને દિવ્યાકૃતિમાં રહેલા ભગવાન એક જ છે. પરંતુ તે બન્નેમાં કોઈ પણ જાતનો ભેદ નથી. તેમ છતાં તે બન્ને સ્વરૂપમાં જે ભેદ સમજે છે અને કહે છે તે પુરુષો અજ્ઞાની કહેલા છે.[૬૯]

હે મુનિ ! અનેક રૂપમાં રહેલા પરમાત્માને જે મનુષ્યો એકરૂપમાં જ અભિન્ન સમજે છે તેમજ તેમના મનુષ્યભાવને પણ જે દિવ્ય જાણે છે તે પુરુષોને જ્ઞાની સમજવા.[૭૦] તે બન્ને સ્વરૂપ એક છે તે દૃષ્ટાંતથી સમજાવું છું. જેવી રીતે બલિરાજાએ પૂર્વે પ્રથમ ભગવાનનાં વામનસ્વરૂપે દર્શન કર્યા પછી તે જ સ્વરૂપને વિરાટસ્વરૂપે જોયું. ફરી તેના તે જ સ્વરૂપનાં વામનસ્વરૂપે દર્શન થયાં.[૭૧] તેવી

तत्राजितो ममन्थाब्धिं कूर्मो दध्रे च मन्दरम् । धन्वन्तरिः सुधां निन्ये व्यभजत्तां च मोहिनी ॥ ७३
विप्राकृत्तिर्यथा वाग्निः खाण्डवस्य दिधक्षया । कृष्णौ सम्प्रार्थयामास तुन्दरुक् श्मश्रुपिङ्गलः ॥ ७४
तदाज्ञया स एवाभूज्ज्वालामाली च तद्वनम् । दग्ध्वा सजीवमखिलं विप्रोऽभूत्पूर्ववत्पुनः ॥ ७५
नराकृतिस्तथा कृष्णो ज्ञातव्यो दिव्यविग्रहः । दिव्यविग्रह एवासौ नरनाट्यधरश्च वै ॥ ७६
जन्मकर्माणि दिव्यानि ज्ञातव्यानि ततोऽस्य च । अभेद एव च सदा दिव्यमानुषरूपयोः ॥ ७७
वासुदेवोऽयमेवास्ति भगवाञ्जगतः प्रभुः । स्वातन्त्र्येण करोत्यस्य भवस्थित्यप्ययान् यतः ॥ ७८
कालकर्मस्वभावानां मायायाश्चैष आदितः । कर्तास्तीत्युच्यतेऽनादिरादिकर्तेश्वरेश्वरः ॥ ७९
कालादिशक्तिभिः स्वाभिर्विश्वसर्गादि कारयन् । अकर्ता निष्क्रियश्चेति प्रोक्तः सम्राडिवैष च ॥ ८०

જ રીતે સમુદ્રમંથન વખતે અજીત ભગવાન વિષ્ણુએ ચાર સ્વરૂપો ધારણ કરી જુદી જુદી ક્રિયાઓ કરી.[૭૨] એ ચાર સ્વરૂપના મધ્યે અજીત સ્વરૂપે સમુદ્રમંથન કર્યું, કૂર્મ સ્વરૂપે મંદરાચળ પર્વતને પીઠ ઉપર ધારણ કર્યો. ધન્વંતરી સ્વરૂપે અમૃતનો કુંભ લાવ્યા. તેમજ મોહીની સ્વરૂપે અમૃતની વહેંચણી કરી.[૭૩] ત્રીજુ દૃષ્ટાંત જેવી રીતે અગ્નિદેવ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી તેમાં પણ પેટની પીડાથી પીડાતા પીળી દાઢીવાળા થઇ ઇન્દ્રના ખાંડવ વનને બાળવાની ઇચ્છાથી ભગવાન શ્રીકૃષ્ણ તથા અર્જુનની મંજૂરી અર્થે પ્રાર્થના કરવા આવ્યા, ત્યારે બ્રાહ્મણના રૂપમાં રહેલા અગ્નિને ભગવાનની અને અર્જુનની આજ્ઞા મળી ગઇ કે તરત જ મહા ભયંકર જવાળારૂપે થઇ પશુ, પક્ષી આદિ સમસ્ત જીવોએ સહિત સમગ્ર ખાંડવ વનને બાળીને ભસ્મ કર્યું, ફરી પાછા બ્રાહ્મણનું રૂપ ધરીને હાજર થયા.[૭૪-૭૫] હે મુનિ ! આ ત્રણ દૃષ્ટાંત પ્રમાણે જ મનુષ્યાકૃતિ ધરી રહેલા શ્રીકૃષ્ણ ભગવાન છે તે જ દિવ્યસ્વરૂપે થઇ પોતાના અક્ષરધામમાં બેઠા છે. અને જે દિવ્યસ્વરૂપે અક્ષરધામમાં છે તે જ આ મનુષ્યાકૃતિમાં પૃથ્વી ઉપર રહેલા છે. એમ નક્કી જાણવું.[૭૬] તેથી આ શ્રીકૃષ્ણ ભગવાનનાં જન્મ અને કર્મો દિવ્ય જાણવાં. તેમજ તેમનાં દિવ્યસ્વરૂપમાં અને મનુષ્યસ્વરૂપમાં પણ સદાય અભેદ જાણવો.[૭૭]

હે મુનિ ! આ જે ઉપર કહેલાં ચરિત્રોવાળા ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણ છે તે જ સમસ્ત જગતના એટલે કે અનંત કોટી બ્રહ્માંડના સ્વામી છે. તેથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને સ્વતંત્રપણે કરે છે.[૭૮] વળી એ પરમાત્મા કાળ, કર્મ, સ્વભાવ, માયા અને પુરુષના આદિ કર્તા છે. તેથી જ તેને અનાદિ અને આદિ કર્તા તથા ઇશ્વરોના પણ ઇશ્વર કહેલા છે.[૭૯] એ પરમાત્મા પોતાની કાળ, માયા

स्वातन्त्र्येणैव हेतुत्वं कालादीनामतः क्वचित् । उत्पादनादौ जगतो मन्तव्यं नैव कर्हिचित् ॥ ८१
विनापि कालमायादीन्स्वतन्त्रो भगवान्स्वयम् । ब्रह्माण्डकोटिसर्गादौ समर्थोऽस्ति प्रभुत्वतः ॥ ८२
ईदृक्सामर्थ्यवानेव न्राकृतावपि स प्रभुः । भवतीत्यस्य दिव्यत्वं नृत्वं चैक्येन वर्णितम् ॥ ८३
कृष्णस्यैतादृशस्यापि जन्म कर्म च विग्रहम् । प्राकृतं रूपभेदं च ये वदन्त्यसुरा हि ते ॥ ८४
साधुधर्मसुरद्रोहिदुष्टदैत्यवधादिषु । दोषानेव प्रपश्यन्ति कृष्णलीलासु ते किल ॥ ८५
अभ्यसूयन्ति भक्तेभ्यो वर्णयद्भ्यो गुणान्प्रभोः । यथार्थानपि ते मन्दाः स्तुवन्त्यन्यांस्तु सद्द्रुहः ॥ ८६
सतां गुणेषु दोषेक्षा वैरं चाथासतां नृणाम् । दोषेषु गुणधीर्मैत्रीत्यसुराणां स्वभावतः ॥ ८७
पुराणादिप्रसिद्धा च भवत्याख्यायिकात्र ताम् । दुष्टासुरस्वभावस्य बुद्ध्यै वच्मि समासतः ॥ ८८

---

**આદિ અનંત શક્તિઓ દ્વારા અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ આદિક ચક્રવર્તી રાજાની જેમ કરાવે છે. પોતે કશુ કરતા નથી તેથી તેમને અકર્તા પણ સત્શાસ્ત્રોમાં કહેલા છે.[૮૦] હે મુનિ ! તેથી જ જગતની ઉત્પત્તિ આદિકમાં કાળ, માયાદિકનું સ્વતંત્ર કારણપણું કોઈ પણ જગ્યાએ અને ક્યારેય પણ ન માનવું, ભગવાનની પ્રેરણા વિના એ કાંઈ પણ કરવા સમર્થ નથી.[૮૧] પરંતુ સ્વયં ભગવાન સ્વતંત્ર છે. તે પોતાના અસાધારણ ઐશ્વર્યથી કાળ, માયાની સહાયતા વિના પણ અનંતકોટી બ્રહ્માંડનું સર્જન કરવા સમર્થ છે.[૮૨] તે જ પરમાત્મા જ્યારે મનુષ્યાકૃતિ ધરે છે ત્યારે પણ તેટલી જ અને તે જ સામર્થીએ યુક્ત હોય છે. એટલા જ માટે ભગવાનના દિવ્યસ્વરૂપમાં અને મનુષ્યસ્વરૂપમાં એકતા વર્ણવી છે.[૮૩] છતાં પણ શ્રીકૃષ્ણ ભગવાનના આ પૃથ્વી પરના જન્મ, કર્મ અને દેહને પણ જે મનુષ્યો પ્રાકૃત કહે છે, તેમજ દિવ્ય સ્વરૂપમાં અને મનુષ્ય સ્વરૂપમાં ભેદ કહે છે, તે પુરુષોને અસુરો જાણવા.[૮૪] અને આવા મૂઢ અસુરો છે તેને સાધુ, ધર્મ, અને દેવતાઓના દ્રોહી એવા દુષ્ટોના વિનાશ કરતા શ્રીકૃષ્ણ ભગવાનની લીલામાં પણ દોષો દેખાય છે.[૮૫] તે મૂઢ અસુરો પરમાત્મામાં રહેલા યથાર્થ કલ્યાણકારી ગુણોનું જે ભક્તજનો વર્ણન કરે છે તેના ઉપર પણ ઈર્ષ્યાભાવ રાખે છે. અને સંતો ભક્તોનો જે દ્રોહ કરે છે તેની પ્રશંસા કરે છે.[૮૬] આ રીતે ભગવાન કે ભગવાનના ભક્તોના ગુણોમાં દોષ જોવા અને તેની સાથે વૈરબુદ્ધિ રાખવી તેમજ અસત્પુરુષોના દોષોમાં ગુણ જોવા અને તેમની સાથે મિત્રતા રાખવી આવું વર્તન એ જ અસુરોનો સહજ ધર્મ છે.[૮૭]**

**હે મુનિ ! આ બાબતને સ્પષ્ટ કરતાં અનેક આખ્યાનો પુરાણ ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. તે દુષ્ટ અસુરોના સ્વભાવનું દર્શન કરાવતાં હોવાથી હું તમને સંક્ષેપમાં**

शिशुपालो राजसूये धर्मराजस्य संसदि । दोषान्कृष्णगुणेष्वाह भीष्मोक्तेष्वखिलेष्वपि ॥ ८९
बालग्रहस्य राक्षस्याः पूतनाया वधे स तु । स्त्रीहत्यादोषमवदन्नतु बालावनं गुणम् ॥ ९०
अजीवकाष्ठभङ्गं च शकटासुरनाशने । चापल्यदोषं स प्राह श्रीकृष्णचरितेऽसुरः ॥ ९१
नाशेऽघस्य बकस्याऽऽह हत्यां सोऽहिपतत्रिणोः । नाशे वत्सारिष्टयोश्च गोहत्यादोषमाह च ॥ ९२
वल्मीकोत्खातदोषं च गोवर्धनगिरेर्धृतौ । कालीयमर्दनं दावानलपानं च मायिकम् ॥ ९३
कामदर्पहृतौ रासे गोपीभिर्बहुरूपिणा । ऊर्ध्ववीर्येण कृष्णेन पारदार्यं कृतेऽवदत् ॥ ९४
अन्नदस्य गुरोर्हत्यां दुष्टकंसविनाशने । राजहत्यां च तां प्राह ब्रह्महत्याधिकां खलः ॥ ९५
सैन्यैः सप्तदशकृत्वः स्वजिघांसोर्यदुद्रुहः । जरासन्धस्याऽऽह नाशे स छलाद्धर्मिघातनम् ॥ ९६

---

સંભળાવું છું.[૮૮] જેમ કે યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞની સભામાં ભીષ્મપિતામહે વર્ણન કરેલા શ્રીકૃષ્ણ ભગવાનના સમગ્ર ગુણોમાં શિશુપાલે દોષનું જ આરોપણ કર્યું.[૮૯] તેમજ શ્રીકૃષ્ણ ભગવાને બાલગ્રહ એવી રાક્ષસી પૂતનાનો વધ કર્યો, એ ચરિત્રમાં શિશુપાલે સ્ત્રીહત્યાનો દોષ આરોપ્યો પરંતુ અનંત બાળકોના જીવ બચાવ્યાનો ગુણ ન લીધો.[૯૦] શકટાસુરના વધ-ચરિત્રમાં તે અસુરે એક નિર્જીવ લાકડાંને ભાંગવાની ચંચળતારૂપ દોષનું આરોપણ કર્યું.[૯૧] તે જ શ્રીકૃષ્ણે અઘાસુર અને બકાસુરનો નાશ કર્યો તેમાં શિશુપાળે એક સર્પ અને પક્ષીની હત્યારૂપ દોષનું આળ ચળાવ્યું. વત્સાસુર અને અરિષ્ઠાસુરના વધ ચરિત્રમાં ગોહત્યારૂપ દોષનું આરોપણ કર્યું.[૯૨] તેમજ શ્રીકૃષ્ણ ભગવાને ગિરિરાજ ગોવર્ધન પર્વત ધારણ કરી વ્રજવાસીઓનું રક્ષણ કર્યું તે ચરિત્રમાં શિશુપાલે અનેક જીવજંતુઓવાળા રાફડાને ખોદી નાખવારૂપ દોષનું આરોપણ કર્યું, કાલીદમન અને દાવાનળ પાનના ચરિત્રમાં તેમજ વિશ્વરૂપનાં દર્શનમાં શિશુપાલે મલિનમંત્રોની સાધનાવાળી કેવળ મિથ્યા માયાજાળ દર્શાવી, એવો દોષ જોયો, પરંતુ ભગવાનમાં ક્યાંય ગુણ જોયો નહિ.[૯૩]

વળી હે મુનિ ! નૈષ્ઠિક બ્રહ્મચારી એવા શ્રીકૃષ્ણ ભગવાને કામદેવનો ગર્વ હરવા નિમિત્તે અનંતરૂપોને ધારણ કરી ગોપાંગનાઓની સાથે રાસક્રીડા કરી તે ચરિત્રમાં શિશુપાલે પરસ્ત્રીસંગનું આરોપણ કર્યું.[૯૪] સર્વને દુઃખ આપનારા દુષ્ટ કંસના વિનાશના ચરિત્રમાં ખળ એવા શિશુપાલે અન્નદાતા રાજા તથા ગુરુની હત્યા કર્યાનો આરોપ મુક્યો, તથા તે રાજહત્યાને બ્રહ્મહત્યા કરતાં પણ વધુ દોષિત ઠરાવી.[૯૫] ત્રેવીસ અક્ષૌહિણી સૈન્યની સાથે સત્તર વાર પોતાને મારવા મથુરા ઉપર ચડાઈ કરીને આવેલા યાદવોના દ્રોહી મગધદેશના રાજા જરાસંધનો ભીમસેન દ્વારા

इत्याद्यसूयावाक्यानि कृष्णलीलासु सोऽवदत् । जगन्मङ्गलरुपासु धर्मस्थापनहेतुषु ॥ ९७
नैष्ठिकव्रतिनं भीष्मं प्रशंसन्तं गुणान् प्रभोः । स षण्ढं बन्दिधर्माणमपुत्राघं तथावदत् ॥ ९८
कृष्णार्चकं धर्मनिष्ठमपि भूपं युधिष्ठिरम् । स तु धर्मभ्रष्टमाह चाबुद्धिं पशुधर्मिणम् ॥ ९९
ये तु कामक्रोधलोभाध्यधर्मान्वयमास्थिताः । भूभाराः कृष्णतद्भक्तद्रोग्धारः पापबुद्धयः ॥ १००
रुक्मिसाल्वैकलव्याद्या नृपा दैत्यांशसम्भवाः । तांस्त्वग्रपूज्यानेवाऽऽह महायज्ञे स तत्र च ॥ १०१
दयाक्षमासत्यशौचधर्मज्ञानादिभिस्तथा । धर्मवंश्यैरनेकैश्च गुणैः कल्याणकारिभिः ॥ १०२
युक्तं कृष्णं नराकारं परं ब्रह्म तु सोऽसुरः । अपूज्यं भषकध्वांक्षतुल्यं च प्राह दुर्मतिः ॥ १०३
इत्थं स चैद्यः कृष्णस्य तद्भक्तानां गुणेष्वपि । दोषानेव हि जग्राह नत्वेकमपि सद्गुणम् ॥ १०४
अन्येऽपि तद्धियो ये ते तदुक्तं मेनिरे ऋतम् । साम्प्रतं तादृशा ये स्युस्ते ज्ञेया ह्यसुरास्ततः ॥ १०५

---

નાશ કરાવ્યાનાં ચરિત્રમાં શિશુપાલે છળ-કપટથી ધર્મમાર્ગની હત્યા કરવાનો આરોપ કર્યો.[૯૬]

હે મુનિ ! આ પ્રમાણે જગતના મંગલરૂપ અને ધર્મસ્થાપનના હેતુરૂપ તે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રોમાં શિશુપાલે અસૂયાને લીધે દોષારોપણ કરતાં અનેક વચનો કહ્યાં.[૯૭] તેમજ ભગવાનના ભક્ત, નૈષ્ઠિક બ્રહ્મચારી અને શ્રીકૃષ્ણ ભગવાનના ગુણોની પ્રશંસા કરતા ભીષ્મપિતામહને પણ શિશુપાલે નપુંસક, ભાટ, ચારણ જેવા બંદીજન અને પુત્ર ઉત્પન્ન ન કરવાથી મહાપાપના ભાગીદાર કહીને ખૂબજ નિંદા કરી.[૯૮] અને રાજસૂયયજ્ઞ વખતે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રથમ પૂજા કરતા ધર્મનિષ્ઠ યુધિષ્ઠિર રાજાને શિશુપાલે ધર્મભ્રષ્ટ, બુદ્ધિહીન અને પશુધર્મી કહ્યા.[૯૯] તેમજ કામ, ક્રોધ, લોભ વિગેરે અધર્મવંશને આશરી રહેલા અને પૃથ્વીના ભારરૂપ તેમજ ભગવાન અને ભગવાનના ભક્તોના દ્રોહી, પાપબુદ્ધિવાળા અને દૈત્યોના અંશથી ઉત્પન્ન થયેલા રુક્મિ, સાલ્વ, એકલવ્ય આદિ રાજાઓને તે રાજસૂયયજ્ઞમાં શિશુપાલે અગ્રપૂજાને યોગ્ય કહ્યા.[૧૦૦-૧૦૧] હે મુનિ ! વળી તે દુર્મતિ અસુર શિશુપાલે દયા, ક્ષમા, સત્ય, શૌચ, ધર્મ, જ્ઞાન આદિક ધર્મવંશના અનેક કલ્યાણકારી ગુણોના ધામરૂપ અને નરાકૃતિ ધારણ કરેલા સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણનારાયણને રાજસૂયયજ્ઞમાં પ્રથમ પૂજવા માટે અયોગ્ય તેમજ કૂતરા અને કાગડા જેવા કહ્યા.[૧૦૨-૧૦૩] આ પ્રમાણે ચેદીદેશના રાજા શિશુપાલને ભગવાન કે ભગવાનના ભક્તોના ગુણોને વિષે દોષોનુંજ ગ્રહણ કર્યું પણ તેમાંથી એર પણ ગુણ ગ્રહણ કર્યો નહિ.[૧૦૪]

ईदृशाः पुरुषा ये च नार्यो वा दुष्टचेतसः । कृष्णलीलासु मुह्यन्ति त एव भुवि नेतरे ॥ १०६
अज्ञत्वं पारवश्यत्वं विधिभेदादिकं तथा । तथा प्राकृतदेहत्वं देहत्यागादिकं तथा ॥ १०७
असुराणां विमोहाय दोषा विष्णोर्नहि क्वचित् । इति ब्रह्मपुराणे तु तन्मोहः स्पष्टमीरितः ॥ १०८
अभक्तानां हि मोहः स्यादासुर्या दुष्ट्या धिया । भक्तानां नेति भगवान् गीतायां प्राह सोऽर्जुनम् ॥ १०९
जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः । त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जन ! ॥ ११०
अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् । परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ १११
मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः । राक्षसीमासुरीं चैव प्रकुतिं मोहिनीं श्रिताः ॥ ११२

---

**હે મુનિ ! શિશુપાલ જેવી બુદ્ધિ ધરાવતા અન્ય રુક્મિ, સાલ્વ, આદિ રાજાઓએ પણ તે શિશુપાલના વચનોને જ સત્ય કહીને અનુમોદન આપ્યું. તેથી હે મુનિ ! અત્યારના સમયે પણ ભગવાન કે ભગવાનના ભક્તોના ગુણોને વિષે દોષ જોનારા અને તેનું અનુમોદન કરનારા જે મનુષ્યો હોય તેને પણ અસુર જાણવા.[૧૦૫] આવા પ્રકારના દુષ્ટબુદ્ધિવાળા જે સ્ત્રી પુરુષો છે તેજ આ પૃથ્વીપર પ્રગટ પ્રમાણ અસુરો કહેલા છે અને તે શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રોમાં મોહ પામીને દોષારોપણ કરે છે. પરંતુ ભગવાનના ભક્તો છે તે શ્રીકૃષ્ણના ચરિત્રોમાં મોહ પામતા નથી પરંતુ દિવ્યતાનો અનુભવ કરે છે.[૧૦૬] હે મુનિ ! અજ્ઞાનીપણું, પરાધીનપણું, વિધિનિષેધને આધિનપણું, પ્રાકૃત શરીરના વિકારો જેવા કે અહંતા-મમતા, બાલ્ય, યુવાન, વૃદ્ધાવસ્થાદિ વિકારોનું પ્રદર્શન તથા સામાન્ય મનુષ્યોની જેમ દેહત્યાગ આ સર્વે જ્યારે પૃથ્વી પર મનુષ્યરૂપે પ્રગટ થયાલાં ભગવાનનાં ચરિત્રોને વિષે અસુરોને મોહ ઉપજે છે. પરંતુ ભગવાન વિષ્ણુમાં આ કોઈ દોષો હોતા નથી. પરંતુ જીવોના કલ્યાણને માટે ધારણ કરેલા ગુણો જ છે. આ પ્રમાણે બ્રહ્મપુરાણમાં અસુરોના મોહ વિષે સ્પષ્ટ વાત કરી છે.[૧૦૭-૧૦૮] હે મુનિ ! આસુરી સંપત્તિથી યુક્ત દુષ્ટબુદ્ધિવાળા અસુર અભક્તોને ભગવાનનાં ચરિત્રોમાં મોહ ઉત્પન્ન થાય છે પરંતુ દૈવી સંપત્તિવાળા ભક્તોને ક્યારેય પણ ભગવાનનાં ચરિત્રોમાં મોહ ઉત્પન્ન થતો નથી.[૧૦૯] આ પ્રમાણે અર્જુન પ્રત્યે ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પોતે કહેલું છે કે, હે અર્જુન ! મારા જન્મ અને કર્મને તત્ત્વપૂર્વક યથાર્થપણે જે દિવ્ય જાણે છે તે મનુષ્ય આ શરીરનો ત્યાગ કર્યા પછી આ સંસારને પામતા નથી પરંતુ મને જ પામે છે.[૧૧૦] હે અર્જુન ! હું સમસ્ત ભૂતપ્રાણીમાત્રનો ઈશ્વર છું. આવા મારા પરાભવને નહીં સમજતા મૂઢ બુદ્ધિવાળા અસુરજનો ભક્તજનોના**

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् । क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥ ११३
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि । मामप्राप्यैव कौन्तेय ! ततो यान्त्यधमां गतिम् ॥ ११४
महात्मानस्तु मां पार्थ ! दैवीं प्रकृतिमाश्रिताः । भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥ ११५
इत्यादि बहुशो वाक्यैरिदमेव स ऊचिवान् । त्यक्त्वाऽतः प्राकृतधियं तस्मिन्सेव्यः स सर्वथा ॥ ११६
यथा चिन्तामणिर्लोके कल्पवृक्षश्च कामधुक् । सेवितोऽसौ तथा कृष्णः सर्वाभीष्टफलप्रदः ॥ ११७
यत्र क्वापि वसेद्भूमौ तत्र त्वप्रार्थितोऽप्यसौ । स्वप्रतापेन कुरुते धनं धर्मं यशः सुखम् ॥ ११८
नित्यं सन्निहितोऽस्त्येव सोऽधुना द्वारिकापुरि । भक्तैरेकान्तिकैरेव दृश्यते हि क्वचित् क्वचित् ११९

હિતને માટે મનુષ્યસ્વરૂપે વિચરતા મારી અવજ્ઞા કરે છે, મારા ગુણોમાં પણ દોષોનું દર્શન થાય તેવો મોહ ઉપજાવનારી દ્વેષપ્રધાન રાક્ષસી અને આસુરી પ્રકૃતિને વરેલા તે મૂઢ પુરુષોની મને ઉદ્દેશીને કરેલી અવળી આશાઓ, પ્રયત્નો, જ્ઞાન અને વિચારો સર્વ નિષ્ફળ જાય છે. અને વ્યવહારિકજ્ઞાનમાં તેમનું ચિત્ત વિપરીત થઈ જાય છે. ટૂંકમાં મારા વિરુદ્ધ જે કાંઈ પણ તે મોહને વશ થઈને કરે છે, તેમાં તેનાં પાસાં અવળાં પડે છે.[૧૧૧-૧૧૨] આવા મારો દ્વેષ કરનારા ક્રૂર સ્વભાવના નરાધમ, અમંગળકારી તે પુરુષોને હું હમેશાં આસુરી યોનિમાં ફેંકી દઉં છું.[૧૧૩] હે કૌન્તેય ! આસુરી યોનિને પામેલા તે મૂઢ પુરુષો જન્માંતર સુધી મને નહીં પામીને અતિશય અધમ યોનિને પામે છે.[૧૧૪] હે પાર્થ ! આ બાજુ દૈવી પ્રકૃતિનો આશ્રય કરનારા મહાન આત્માઓ મારા અનન્ય ભક્તો મને સર્વભૂતપ્રાણીમાત્રનો કારણ તથા અવિનાશી જાણીને અનન્ય ભાવથી મારૂં ભજન કરે છે.[૧૧૫]

હે મુનિ ! શ્રીકૃષ્ણ ભગવાને પણ આવાં પ્રકારનાં અનેક વચનોથી મેં કહેલી વાતનું જ સ્પષ્ટ દર્શન કરાવેલું છે. તેથી શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્યાકૃતિમાં હોય છતાં તેમાં પ્રાકૃત બુદ્ધિનો સર્વથા ત્યાગ કરી તેમનું સર્વપ્રકારે ભજન કરવું.[૧૧૬] જેવી રીતે કોઈ પુરુષ આલોકમાં ચિંતામણિ, કલ્પવૃક્ષ તેમજ કામધેનુનું સેવન કરે ને જેમ ઈચ્છિત ફળ પ્રાપ્ત કરે છે. તેમ શ્રીકૃષ્ણ ભગવાનનું સેવન પણ પોતે ઈચ્છેલા માયિક કે દિવ્યફળના મનોરથને તત્કાળ પૂર્ણ કરે છે.[૧૧૭] તેમજ ભગવાન શ્રીકૃષ્ણ આલોકમાં જે કોઈ પણ જગ્યાએ નિવાસ કરે છે, ત્યાં માગ્યા વિના પણ આપોઆપ પોતાના પ્રતાપથી ધન, ધર્મ, યશ અને સુખનું સ્થાપન કરી દે છે.[૧૧૮] હે મુનિ ! એ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન અત્યારે દ્વારિકાપુરીમાં નિત્ય નિવાસ કરીને રહ્યા છે અને એકાંતિક ભક્તજનોને તેનું કયારેક-ક્યારેક દર્શન પણ થાય છે.[૧૧૯] આ

या देहत्यागलीलाऽस्य सा त्वस्त्यसुरमोहिनी । न त्वत्र मोहो भक्तानां दृष्टान्तोऽत्र निगद्यते ॥ १२०
काश्चिद्याति यथा स्वर्गमैन्द्रजालिकविन्नटः । पत्नीं राज्ञेऽर्पयित्वा स्वां युध्यते तत्र चासुरैः ॥ १२१
विच्छिन्नसर्वावयवः पुनः पतति स क्षितौ । ततस्तत्स्त्री रुदन्त्यग्नौ तदङ्गैः सह दह्यते ॥ १२२
पूर्ववद्बद्धशस्त्रोऽथ नट एत्य निजां स्त्रियम् । नृपं याचति साक्रोशं जनयञ्जनविस्मयम् ॥ १२३
नटविद्याविदो ये स्युस्ते तु मुह्यन्ति नात्र वै । अन्ये तु सर्वे भूपाद्या मुह्यन्त्येवाज्ञभावतः ॥ १२४
तथैवात्रापि कृष्णस्य देहत्यागोऽथ तद्वपुः । गृहीत्वाग्निप्रवेशोऽपि रुक्मिण्यादेश्च मायिकः ॥ १२५
एवं भगवता तेन तिरोधाने निजेच्छया । कृतेऽप्यज्ञा विमुह्यन्ति तन्मायावेदिनो न तु ॥ १२६

---

શ્રીકૃષ્ણ ભગવાનની દેહ ત્યાગની જે લીલા છે તેતો અસુરોને મોહ ઉપજાવે છે. પરંતુ ભક્તજનોને તેમાં ક્યારેય પણ મોહ થતો નથી. આ બાબતમાં પણ હું તમને એક દૃષ્ટાંત આપું છું.[૧૨૦]

હે મુનિ ! જે રીતે ઇન્દ્રજાળની વિદ્યાને જાણતો કોઇ નટ પોતાની પત્ની ખેલ કરાવનારા રાજા પાસે મૂકીને સ્વર્ગમાં જાય છે. ત્યાં અસુરોની સાથે દેવતાઓને સહાય કરવા યુદ્ધ કરે છે.[૧૨૧] તે સમયે અચાનક તે નટના કપાયેલા હાથ, પગ વિગેરે પૃથ્વીપર પાછા પડે છે. ત્યારે રુદન કરતી તે નટની સ્ત્રી નટના અવયવો લઇ અગ્નિમાં બળી મરે છે.[૧૨૨] ત્યાં તો પૂર્વની માફક જ અસ્ત્ર શસ્ત્રથી સજ્જ તે નટ રાજા પાસે આવીને ઊભો રહે છે, તે જોઇ લોકો અને રાજા ખૂબજ આશ્ચર્ય પામે છે. ત્યાર પછી તે નટ આક્રોશ સાથે રાજા પાસેથી પોતાની સ્ત્રીની માગણી કરે છે, ત્યારે રાજા કહે કે, તે તો પૃથ્વીપર પડેલા તારા અવયવોની સાથે ચિત્તાગ્નિમાં બળીને પરલોક સિધાવી ગઇ છે. ત્યારે નટ બોલે છે, અરે !!! ઓ... મારી અર્ધાંગના ક્યાં છે તું અહીં આવ. ત્યારે રાજાના રાજસિંહાસન નીચેથી બહાર આવી રાજાને નમસ્કાર કરીને ઊભી રહે છે.[૧૨૩] હે મુનિ ! આવી રીતે જે પુરુષો આ નટની વિદ્યાને જાણે છે તે પુરુષોને આમાં કોઇ આશ્ચર્ય કે મોહ થતો નથી પરંતુ નટવિદ્યાને નહિ જાણતા રાજા તથા પ્રજા સર્વેને અજ્ઞાનતાને કારણે મોહ થાય છે.[૧૨૪]

હે મુનિ ! તેવી જ રીતે શ્રીકૃષ્ણ ભગવાનને આ લોકમાં દેહત્યાગ અને તેના શરીરની સાથે રુક્મિણિ આદિ અષ્ટ પટરાણીઓનો અગ્નિ પ્રવેશ આ સર્વે ભગવાનની યોગમાયાનો પ્રભાવ છે.[૧૨૫] આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાન પોતાની ઇચ્છાથી આલોકમાંથી અંતર્ધાન થાય ત્યારે અજ્ઞાની મનુષ્યો ભગવાનની યોગમાયાના બળને નહિ જાણતા હોવાથી મોહ પામે છે. પરંતુ ભગવાનના ભક્તો

असुराणां मोहनार्थं लीलां भगवता कृताम् । एतां विदन्तो भक्तास्तं पश्यन्तीह यथा पुरा ॥ १२७
स एष भगवान्कृष्णः पुम्भिः स्त्रीभिश्च निर्गुणः । ब्रह्मचर्यादिनियमान्पालयद्भिरुपास्यताम् ॥ १२८
उपासकानां तस्यापि तत्सम्बन्धवशान्मुने ! । निर्गुणत्वं भवत्येव तज्ज्ञानादेश्च सर्वथा ॥ १२९
श्रीमद्भागवते ह्येतद्भक्तमेकान्तिकं निजम् । उद्धवं भगवानाह स्वमुखेनैव तच्छृणु ॥ १३०
कैवल्यं सात्विकं ज्ञानं रजो वैकल्पिकं तु यत् । प्राकृतं तामसं ज्ञानं मन्निष्ठं निर्गुणं स्मृतम् ॥ १३१
वनं तु सात्विको वासो ग्रामो राजस उच्यते । तामसं द्यूतसदनं मन्निकेतं तु निर्गुणम् ॥ १३२
सात्विकः कारकोऽसङ्गी रागान्धो राजसः स्मृतः । तामसः स्मृतिविभ्रष्टो निर्गुणो मदुपाश्रयः ॥ १३३

**જરાય મોહ પામતા નથી.[૧૨૬] અને તેથી જ અસુરોને મોહ પમાડવા માટે જ પોતાના દેહત્યાગરૂપ કરેલી શ્રીકૃષ્ણ ભગવાનની લીલાને જાણતા ભક્તજનો અત્યારે પણ દ્વારિકાપુરીમાં પૂર્વની જેમ જ રૂક્મિણી આદિ પટરાણીઓએ સહિત ભગવાન શ્રીકૃષ્ણનું દર્શન કરે છે.[૧૨૭] તેથી નિર્ગુણ એવા એ શ્રીકૃષ્ણ ભગવાન બ્રહ્મચર્યાદિક નિયમોનું યથાર્થ પાલન કરતા નરનારીઓ માટે પોતાના આત્યંતિક કલ્યાણને અર્થે ઉપાસના કરવા યોગ્ય છે.[૧૨૮] હે મુનિ ! તે શ્રીકૃષ્ણની ઉપાસના કરતા ભક્તજનો અને તેનું જ્ઞાન ભગવાનના સંબંધે કરીને નિર્ગુણ ભાવને પામે છે.[૧૨૯] કારણ કે ભગવાન સ્વયં નિર્ગુણ છે. તે વાત શ્રીમદ્‌ભાગવતપુરાણમાં શ્રીકૃષ્ણ ભગવાને પોતાના મુખેથી જ એકાંતિક ભક્ત ઉદ્ધવજીને કહી છે. તે તમને કહું છું, તેને તમે સાંભળો.[૧૩૦]**

**શ્રીકૃષ્ણ ભગવાન કહે છે, હે ઉદ્ધવજી ! દેહથી વ્યતિરિક્ત કેવળ શુદ્ધ આત્મા સંબંધી જે કૈવલ્યજ્ઞાન છે તે જ્ઞાન સાત્વિક કહેલું છે. દેવ મનુષ્યાદિકના માયિક લોક અને ભોગ સંબંધી જે વૈકલ્પિક જ્ઞાન છે તે રાજસ જ્ઞાન છે, મૂઢ બાળકના જેવું પ્રાકૃતજ્ઞાન છે તે તામસ જ્ઞાન કહેલું છે. અને આ સાક્ષાત્ પરમેશ્વર છે, એવું મારા સંબંધી જે જ્ઞાન છે તે નિર્ગુણ જ્ઞાન કહેલું છે.[૧૩૧] હે ઉદ્ધવજી ! વનમાં નિવાસ કરવો તે સાત્વિક નિવાસ છે, વિષયી જનોની સાથે ગામમાં નિવાસ કરવો તે રાજસ નિવાસ છે. દારુનું પાન થતું હોય અને જુગાર રમાતો હોય આવાં સ્થાનોમાં જે નિવાસ કરવો તે તામસ નિવાસ કહેલો છે અને મારા મંદિરમાં નિવાસ કરવો તે નિર્ગુણ નિવાસ છે.[૧૩૨] હે ઉદ્ધવજી ! કર્મફળની ઇચ્છા છોડીને પોતાના વર્ણાશ્રમને ઉચિત કર્મ કરનારો સાત્ત્વિક કર્તા છે, અને કર્મફળની ઇચ્છા રાખીને કર્મ કરનારો રાજસકર્તા છે, તેમજ માયિક પંચવિષયો અનર્થ કર્તા છે એવું જોવા**

सात्त्विक्याध्यात्मिकी श्रद्धा कर्मश्रद्धा तु राजसी । तामस्यधर्मे या श्रद्धा मत्सेवायां तु निर्गुणा ॥ १३४
पथ्यं पूतमनायस्तमाहार्यं सात्विकं स्मृतम् । राजसं चेन्द्रियप्रेष्ठं तामसं चार्तिदाशुचि ॥ १३५
सात्त्विकं सुखमात्मोत्थं विषयोत्थं तु राजसम् । तामसं मोहदैन्योत्थं निर्गुणं मदुपाश्रयम् ॥ १३६
इत्येवं भगवद्वाक्यप्रामण्यान्मामकैर्जनैः । सगुणत्वं निर्गुणत्वमित्थं ज्ञेयं न चान्यथा ॥ १३७
इत्युक्तं वासुदेवस्य स्वरूपं ते सुनिश्चितम् । ऐक्यं च दिव्यमनुजाकारयोरपि सन्मते ! ॥ १३८
एतच्छ्रुतेर्विलीयन्ते कुतर्काः संसृतिप्रदाः । देशकालानुसारासु कृष्णलीलासु ये नृणाम् ॥ १३९

---

જાણવા છતાં તેની સ્મૃતિથી ભ્રષ્ટ થઇ તેને માટે જે કર્મ કરે છે તે તામસકર્તા કહેલો છે. અને જે મારી અનુવૃત્તિમાં રહી એકાંતિકભાવે મારૂં ભજન સત્સંગ સેવા આદિ કર્મ કરે છે તે નિર્ગુણ કર્તા છે.[133] હે ઉદ્ધવજી ! કેવળ આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવામાટેની જે શ્રદ્ધા છે તે સાત્ત્વિકશ્રદ્ધા કહેલી છે, વર્ણાશ્રમના ધર્મને અનુરૂપ કર્મ કરવાની શ્રદ્ધા રાજસ કહેલી છે, અને અધર્મપ્રવૃત્તિમાં ધર્મપણાની શ્રદ્ધા તે તામસશ્રદ્ધા છે અને જે મારી અનુવૃત્તિમાં રહી મારી આરાધના પૂજા કરવાની જે શ્રદ્ધા તે નિર્ગુણ કહેલી છે.[134] હે ઉદ્ધવજી ! પોતાના શરીરને પથ્ય પડે તેવો હિતકારી, પવિત્ર, માગ્યા વિના અનાયાસે પ્રાપ્ત થયેલો અન્નાદિકનો આહાર તે સાત્ત્વિક છે. ગમે તેવો હોય માત્ર ઇન્દ્રિયોના સુખને માટે પ્રાપ્ત કરવામાં આવેલો આહાર રાજસ કહેલો છે, અપવિત્ર અને શરીરને પીડાદાયક અન્નનો આહાર તે તામસ કહેલો છે, તેમજ પથ્ય, પવિત્ર અને મને નિવેદન કરી મારું સ્મરણ કરતાં કરેલો અન્નનો આહાર નિર્ગુણ કહેલો છે.[135] હે ઉદ્ધવજી ! આત્માનુભવજન્ય સુખ સાત્ત્વિક કહેલું છે, માયિક વિષયભોગ જન્ય સુખ રાજસ છે, સ્ત્રીપુત્રાદિકના મોહથી કે દીનતાથી પ્રગટેલું સુખ તામસ છે. જ્યારે મારી ઉપાસના, ભક્તિ, કથાશ્રવણ, કીર્તનાદિમાંથી પ્રગટેલું સુખ નિર્ગુણ કહેલું છે.[136]

હે મુનિ ! આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનનાં વચનોનાં પ્રમાણથી મારા આશ્રિત સર્વે ભક્તજનોએ સગુણપણું કે નિર્ગુણપણું ભગવાને કહ્યું તે રીત પ્રમાણે જ સમજવું પણ બીજી રીતે ન સમજવું.[137] હે સન્મતિ મુક્તમુનિ ! આ પ્રમાણે ભગવાન શ્રીવાસુદેવના સ્વરૂપ સંબંધી જ્ઞાનશાસ્ત્રનો મેં જે નિશ્ચય કરેલો છે તે યથાર્થપણે તમને કહ્યો. ભગવાનના દિવ્યાકાર અને મનુષ્યાકારની અભિન્નતા પણ કહી.[138] શ્રીકૃષ્ણ ભગવાનનાં લીલા ચરિત્રોની આપૃથ્વીપર દેશકાળને

निरीशशास्त्रश्रुतिजं विश्वोत्पत्तिलयादिषु । स्वतन्त्रहेतुताज्ञानं कालादेश्च निवर्तते ॥ १४०
एतदेवाभ्यसेन्नित्यं मुमुक्षुर्भक्तिवृद्धये । सम्यक्स्वरूपज्ञानार्थं श्रीकृष्णस्य च सत्पतेः ॥ १४१
अधीयते ज्ञानमेतत्सकृदप्यादराच्च ये । भगवद्विषयास्तेषां सर्वे नश्यन्ति संशयाः ॥ १४२

दिव्यं कृष्णस्य रूपं भवति च सततं तस्य लोकोऽपि दिव्यो ।
दिव्या भोगाश्च भोग्यान्यपि च भगवतस्तस्य दिव्यानि सन्ति ॥
दिव्या वै पार्षदाश्च प्रकटितनृतनोः शक्तयस्तस्य दिव्या दिव्या ।
भक्ताश्च सर्वे जगति यदुपतेः सन्ति दिव्याः क्रियाश्च ॥१४३
इत्थं निर्दोषरूपं सकलगुणगणालंकृतं दिव्यमूर्ति ज्ञात्वा ।
श्रीवासुदेवं भजत भुवि सदा मुक्तये भो मदीयाः ! ॥

---

અનુસારે પ્રવૃત્તિ થયેલી છે, તેમાં જે મનુષ્યો કુતર્કો કરે છે તે જન્મ-મરણરૂપ સંસૃતિને પામે છે. પરંતુ મારા દ્વારા ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કહ્યા પછી તે કુતર્કો વિલીન થઈ જશે.[૧૩૯] તેમજ નિરીશ્વરવાદનું પ્રવર્તન કરતાં શાસ્ત્રોના શ્રવણથી ઉત્પન્ન થયેલા કાળ, માયા એ વિશ્વની ઉત્પત્તિના સ્વતંત્ર કારણ છે. આવા વિપરીતજ્ઞાનની પ્રવૃત્તિ પણ મારા દ્વારા કહેવાયેલા આ ભગવદ્સ્વરૂપના જ્ઞાનનો નિશ્ચય થતાં નિવૃત્ત પામશે.[૧૪૦] હે મુનિ ! સંતોના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણના યથાર્થ જ્ઞાનની વૃદ્ધિને માટે તથા ભક્તિની વૃદ્ધિને માટે મુમુક્ષુ ભક્તજનોએ આ મેં કહેલા જ્ઞાનનો નિરંતર અભ્યાસ રાખવો.[૧૪૧] અને મારા દ્વારા કહેવાયેલા આ જ્ઞાનનો આદરપૂર્વક એકવાર પણ જો પાઠ કરશે તો તે મુમુક્ષુઓના અંતરમાંથી ભગવાનના સ્વરૂપ સંબંધી સર્વે સંશયો વિનાશ પામશે.[૧૪૨]

હે મુનિ ! આ પૃથ્વીપર સ્વેચ્છાથી પ્રગટ થયેલા યદુપતિ ભગવાન શ્રીકૃષ્ણની આકૃતિ નિરંતર દિવ્ય છે. તેમના લોક, ભોગ અને સુખો સર્વે દિવ્ય છે. તેના ભોગ્યપદાર્થો, પાર્ષદો અને શક્તિઓ પણ દિવ્ય છે, અને તેના સંબંધમાં આવેલા સર્વ સ્ત્રી-પુરુષો પણ દિવ્ય અને તેની સર્વે ક્રિયા જે ચરિત્રો તે પણ દિવ્ય છે.[૧૪૩] હે મુક્તમુનિ ! હે સર્વે ભક્તજનો ! આ પ્રમાણે નિર્દોષસ્વરૂપ, સત્ય શૌચાદિ સકલ કલ્યાણકારી ગુણોથી સદાય અલંકૃત ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવની દિવ્યમૂર્તિ જાણી પોતાની આત્યંતિક મુક્તિને માટે આ પૃથ્વીપર તમે સર્વે સદાકાળ પ્રેમપૂર્વક નવધા ભક્તિથી આરાધના કરો. એક જ અને અદ્વિતીય તેમજ પરબ્રહ્મ એવા સચ્ચિદાનંદરૂપ ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય સ્વરૂપમાં કે માનુષસ્વરૂપમાં ભેદ

एकस्मिन्नद्वितीये भगवति च परब्रह्मणि द्वैतबुद्धिः कर्तव्या ।
नैव तस्मिन्नणुरपि च कुधीः सच्चिदानन्दरूपे ॥१४४

**सुव्रत उवाच-**

इति श्रुत्वाऽऽकृत्योर्हरिगदितमद्वैतमृषिराड् रमाभर्तुः सोऽभूत्सह सकलभक्तैः प्रमुदितः ।
नराकारे तस्मिन्भगवति हि नारायणमुनौ दृढं दिव्यं भावं सपदि नृपते ! प्रापदमलम् ॥ १४५
स्वरूपाद्वैतं यः पठति च शृणोतीह विमलं परं ज्ञानं नारायणमुनिमुखान्निःसृतमिदम् ।
प्रभौ तस्मिन् भक्तिं परमसुखरूपे स परमां सभुक्तिं मुक्तिं चेप्सितमखिलसौख्यं च लभते ॥ १४६

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे श्रीनारायण-मुक्तानन्दसंवादे श्रीकृष्णस्वरूपाद्वैतज्ञाननिरूपणनामैकोनत्रिंशोऽध्यायः ॥२९॥**

---

બુદ્ધિ ન કરવી, તેમજ તેના ગુણ ચરિત્રોમાં અલ્પ સરખી પણ દોષબુદ્ધિ ન કરવી.[૧૪૪]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિએ પરમાત્મા રમાપતિ ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપાદ્વૈતનું વર્ણન કર્યું. તેને સાંભળી ઋષિરાજ મુક્તાનંદ સ્વામી તથા સભામાં બેઠેલા સર્વે સંતો-ભક્તો ખૂબજ પ્રસન્ન થયા અને સ્વેચ્છાએ મનુષ્યાકૃતિ ધરી પોતાની સન્મુખ વિરાજતા તેમજ પરોક્ષપણે પોતાનાજ આગલા અવતારરૂપ શ્રીકૃષ્ણભાવે સ્વરૂપાદ્વૈતનું જ્ઞાન આપી રહેલા પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીનારાયણમુનિમાં સર્વેને તત્કાળ અતિશય દૃઢ નિર્મળ દિવ્યભાવ પ્રગટ થયો.[૧૪૫] હે રાજન્ ! શ્રીનારાયણમુનિના મુખકમળમાંથી નીકળેલા આ સ્વરૂપાદ્વૈતના નિર્મળ અને સર્વોત્તમ જ્ઞાનશાસ્ત્રનો આલોકમાં જે જનો પાઠ કરશે અને સાંભળશે તે સર્વે જનો પરમસુખરૂપ પરમાત્મા શ્રીહરિને વિષે પરમ એકાંતિકી ભક્તિ તથા ભુક્તિએ સહિત પરમ મુક્તિ તેમજ મનોવાંછિત સમસ્ત સુખને પ્રાપ્ત કરશે.[૧૪૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ પર ભગવાન શ્રીનારાયણમુનિ અને મુક્તાનંદ સ્વામીના સંવાદમાં શ્રીકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાનનું નિરૂપણ કર્યું એ નામે ઓગણત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૯--***

---

त्रिंशोऽध्यायः - ३०

सुव्रत उवाच-

तं राजमानं सदसि नवम्यां च निशागमे । वासुदेवानन्दनामा पप्रच्छ वर्णिराडथ ॥ १
कृष्णमन्त्रजपस्याहं कार्यस्य प्रत्यहं हरे ! । विधानं श्रोतुमिच्छामि कृतः सिद्ध्येत्स येन वै ॥ २

श्रीनारायणमुनिरुवाच-

कथयामि समासेन विधिं ते वर्णिसत्तम ! । मन्त्रराजजपस्याहं सच्छास्त्रप्रतिपादितम् ॥ ३
स्नातः शुचिः स्वस्थचित्तः क्रोधचिन्ताविवर्जितः । सद्गुरुप्राप्तमन्त्रश्च जापकः पुरुषो मतः ॥ ४
यतीनामासनं श्लक्ष्णं कूर्माकारमुदीरितम् । अन्येषां तु चतुष्पादं चतुरस्त्रं च सम्मतम् ॥ ५

---

# અધ્યાય - ૩૦

## વાસુદેવાનંદ વર્ણીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ કહેલો પોતાના મંત્રજપનો વિધિ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિકસુદ નવમીની તિથિએ શ્રીવાસુદેવનારાયણની સંધ્યા આરતી થયા પછી રાત્રીના સમયે મોટી સભામાં રત્નજડિત સિંહાસન ઉપર અનેક શોભાથી શોભી રહેલા ભગવાન શ્રીહરિને વર્ણિરાજ વાસુદેવાનંદ બ્રહ્મચારી નમસ્કાર કરી પૂછવા લાગ્યા કે, હે શ્રીહરિ ! શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રજપને તમે પ્રતિદિન કરવાની આજ્ઞા કરેલી છે. તેનો વિધિ શું છે ? તે હું સાંભળવા ઇચ્છું છું કારણ કે તમે એમ કહેલું છે કે વિધિ અનુસાર જો મંત્રજપ કરવામાં આવે તો ઇચ્છિત ફળને આપનારો થાય છે.[૧-૨]

શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મચારી શ્રેષ્ઠ ! સત્શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલો સર્વમંત્રોનો રાજા શ્રીકૃષ્ણાષ્ટાક્ષરમંત્રનો જપવિધિ તમને હું સંક્ષેપથી કહું છું.[૩] હે વર્ણી ! જે પુરુષ વિધિપૂર્વક સ્નાન કરી પવિત્ર થયેલો, ક્રોધ અને ચિંતાથી મુક્ત અને સ્વસ્થચિત્ત થયેલો હોય તથા ધર્મવંશી અને ધર્મ-ભક્તિ નિષ્ઠ આચાર્ય થકી વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરી, જેણે અષ્ટાક્ષરમંત્રનો સ્વીકાર કર્યો હોય, તે પુરુષ અહિં *'મંત્રજપનો અધિકારી'* કહેલો છે.[૪] હે વર્ણી ! સંન્યાસીઓને માટે કાચબા આકારનું વર્તુળ આસન શ્રેષ્ઠ કહેલું છે.[૫] તેના સિવાયના અન્ય સર્વે આશ્રયવાળા ભક્તજનોને માટે ચાર પાયાવાળો પાટલો કે બાજોઠ તથા ચોરસ આસન માન્ય કહેલું છે. તેમાં કાળિયાર મૃગનુંચર્મ, વ્યાઘ્રચર્મ, રેશમીવસ્ત્રમાંથી તૈયાર કરેલું,

कार्ष्णाजिनं व्याघ्रचर्म कौशेयं वेत्रनिर्मितम् । वास्त्रं वा काम्बलं कौशमासनं जपसिद्धिदम् ॥ ६
गोमयं मृन्मयं भिन्नं पालाशं पैप्पलं तथा । लोहबद्धं वंशजं च पाषाणं वर्ज्यमासनम् ॥ ७
काष्ठं चाघटितं वर्ज्यं लोहकीलमयज्ञियम् । स्यादापदि शुभं सर्वं विना ह्यशुचिलेपनम् ॥ ८
तुलसीकाष्ठसम्भूता जपमाला शुभा मता । धात्रीकाष्ठभवा वापि पद्मबीजोद्भवा तथा ॥ ९
तथा स्फटिकमाला च ग्राह्या रुद्राक्षमालिका । कुशग्रन्थिभवा वापि चन्दनादिमयी च वा ॥ १०
सर्वापि माला श्रीविष्णुपादस्पर्शाच्छुचिर्भवेत् । जपोचिता च तस्मात्तां बिभृयात्तादृशीं पुमान् ॥ ११
निश्चला त्रुटिता चैव सशब्दा च पुरातनी । ग्रथिता जीर्णसूत्रेण जपे माला विगर्हिता ॥ १२
धृता पाषण्डिभिर्या तु पापिभिश्च दुरात्मभिः । असंस्कृता तथा माला ज्ञेया दुःस्वप्नदा नृणाम् ॥ १३

---

વેત્રમાંથી બનાવેલું, વસ્ત્રનું, ઉનનું તેમજ દર્ભનું બનાવેલું આ સર્વે આસન જપની સિદ્ધિ આપનારાં કહેલાં છે.[૬] હવે *'નિષેધ આસન'* કહે છે, ગોબરનું આસન, માટીનું, તૂટેલું, ખાખરાના અને પીપળાના કાષ્ઠમાંથી બનાવેલું આસન નિષિદ્ધ છે. તેમજ લોખંડની પટ્ટી કે ખીલા જડેલું અથવા લોખંડના પતરાનું આસન, તેમજ વાંસની સળીઓથી બનાવેલું અને પથ્થરનું આટલા આસન જપવિધિમાં નિષેધ કરેલાં છે.[૭] તેમજ ઘડ્યાવિનાના કાષ્ઠમાંથી કલ્પેલું, તથા યજ્ઞને યોગ્ય કાષ્ઠમાંથી તૈયાર કરેલું હોય તે આસન વર્જ્ય છે, છતાં આપત્કાળમાં અપવિત્ર દ્રવ્યનો તેના પર જો લેપ ન હોય તો જપવિધિ માટે ચાલી શકે છે.[૮]

**યોગ્ય માળા :–** હે વર્ણી ! હવે યોગ્ય માળા કહું છું. જપ કરવાની માળા તુલસીના કાષ્ઠની સર્વોત્તમ શ્રેષ્ઠ માનેલી છે. તે ન મળે તો આમળાના કાષ્ઠની, કમળનાબીજની, સ્ફટિકની, રૂદ્રાક્ષની, દર્ભની તેમજ ચંદનના કાષ્ઠમાંથી તૈયાર કરેલી માળા જપને માટે ગ્રહણ કરવી.[૯-૧૦] હે વર્ણી ! આ સર્વે માળાઓ ભગવાન શ્રીવિષ્ણુના ચરણોનો સ્પર્શ કરવાથી પવિત્ર થાય છે. અને જપને માટે યોગ્ય બને છે. તેથી જપ કરનારા પુરુષે પવિત્ર કરેલી માળા જપ માટે સ્વીકારવી.[૧૧]

**અયોગ્ય માળા :–** હે વર્ણી ! મણકા ફેરવી ન શકાય એવી, ગઠ કે જાડા દોરામાં પરોવેલી માળા, તૂટેલા મણકા કે તૂટેલા દોરાવાળી, ફેરવતી વખતે કટ કટ શબ્દ કરતી, જૂનાદોરામાં પરોવેલી માળા જપને માટે અયોગ્ય કહેલી છે.[૧૨] પાખંડી, પાપી અને દુરાચારી પુરુષોએ પોતાના હાથમાં કે કંઠમાં ધારણ કરેલી માળા તથા ભગવાનના ચરણનો સ્પર્શ કર્યા વિનાની માળાનો મંત્રજપમાં ઉપયોગ કરે તો તેને ખરાબ સ્વપ્નાં આવે છે તેથી તે નિષેધ છે.[૧૩]

अष्टोत्तरशतेनोक्ता मणिभिर्मालिकोत्तमा । मध्यमा स्यात्तदर्धेन तदर्धेन कनीयसी ॥ १४
अकारादिक्षकारान्तान् वर्णान् सर्वान् क्रमेण वा । लिखित्वा स्थापयेदग्रे पङ्क्त्यैव मणिकानिव ॥ १५
एकैकमानुलोम्येन प्रातिलोम्येन च क्रमात् । पश्यन्वर्णजपं कुर्यादक्षमालेयमुच्यते ॥ १६
आरभ्यानामिकामध्यात्प्रादक्षिण्येन च क्रमात् । तर्जनीमूलपर्यन्तं जपेत् सा करमालिका ॥ १७
स्वस्तिकासनमासीनो मुक्तपद्मासनं तु वा । ऋजुरेकाग्रदृष्टिश्च भगवन्तं हृदि स्मरन् ॥ १८
वस्त्रगोपितमालश्च मन्त्रमेकैकमुच्चरन् । त्यजन्नेकैकमणिकं जपेन्नियतसङ्ख्यया ॥ १९
तर्जन्या न स्पृशेत्सूत्रं मध्यमामध्यपर्वणि । अङ्गुष्ठपर्वणा मालामणिमेकैकमाहरेत् ॥ २०
न स्पृशेद्वामहस्तेन जपमालां कदाचन । न पातयेत्कराक्तां च जपन्तावधि जापकः ॥ २१

---

**માળાના ભેદ :–** હે વર્ણી ! એકસો ને આઠ મણકાવાળી માળા ઉત્તમ મનાયેલી છે. તેનાથી અર્ધી ચોપન મણકાવાળી માળા મધ્યમ અને તેનાથી અર્ધી સત્તાવીસ મણકાવાળી માળા કનિષ્ઠ કહેલી છે.[૧૪]

**અક્ષરમાળા :–** અકારથી આરંભીને ક્ષકાર સુધીના સર્વે વર્ણોને ક્રમ પ્રમાણે લેખન કરીને મણકાની જેમ પંક્તિબદ્ધ ગોઠવી પોતાની આગળ સ્થાપન કરવા. ત્યારપછી એક એક વર્ણને અનુલોમ તથા પ્રતિલોમ ક્રમથી અર્થાત્ પ્રથમ અક્ષરથી છેલ્લા અક્ષર સુધી અને છેલ્લા અક્ષરથી પહેલા અક્ષર સુધી એક એક અક્ષરે મંત્રોચ્ચાર સાથે જપ કરવો તેને અક્ષરમાળા કહેલી છે.[૧૫]

**કરમાળા :–** હે વર્ણી ! અનામિકા આંગળીના મધ્યપર્વથી પ્રારંભકરીને પ્રદક્ષિણાના ક્રમથી તર્જની આંગળીના મૂળ પર્યંત દશ પર્વમાં મંત્રનો જપ કરવો તેને કરમાળા કહેલી છે. તેમાં મધ્યમા આંગળીના મૂળના બે પર્વ મેરુ કહેલા છે તેથી તેનું ઉલ્લંઘન કરવું નહિ.[૧૭]

**જપ કરવાની રીત :–** હે વર્ણી ! માળાથી જપ કરવા બેસવું ત્યારે સ્વસ્તિક આસને અથવા મુક્ત પદ્માસને બેસવું. શરીરને સરળ રાખી એકાગ્રદષ્ટિથી હૃદયમાં ભગવાનનું સ્મરણ કરવું. વસ્ત્રથી કે ગૌમુખીથી માળાને ઢાંકીને રાખવી, અને એક એક મંત્રનું ઉચ્ચારણ કરતાં એક એક મણકાને મુક્તા જવું. આ પ્રમાણે જપ કરનારે પ્રતિદિન નિશ્ચિત સંખ્યામાં જપ કરવા.[૧૯]

હે વર્ણી ! માળા ફેરવતી વખતે તર્જની આંગળીથી માળાના દોરાને સ્પર્શ ન કરવો. મધ્ય આંગળીના મધ્યપર્વ ઉપર અંગુઠાના અગ્ર પર્વથી એક એક મણકાને ગ્રહણ કરતાં જવું ને મુક્તા જવું, એ રીતે જપ કરવો.[૨૦] ડાબા હાથથી જપ માળાનો

प्रमादात्पतितायां तु मालायां स्वस्य हस्ततः । तद्दोषशान्तये कुर्याज्जपमष्टोत्तरं शतम् ॥ २२
मालां न स्पर्शयेद्भूमिं स्वस्य पादतलं तथा । जपं कुर्वन्न हस्तं च धूनयेन्न च मस्तकम् ॥ २३
उष्णीषी कञ्चुकी नम्रो मुक्तकेशोमलावृतः । अपवित्रकरोऽशुद्धः प्रलपन्न जपेत्क्वचित् ॥ २४
अप्रावृतकरश्चैव संवेष्टितशिरास्तथा । चिन्ताशोकाकुलमनाः क्रुद्धो भ्रान्तः क्षुधाकुलः ॥ २५
अनासनः शयानश्च गच्छन्नुत्थित एव च । उपानत्पादुकारुढो यानशय्यागतस्तथा ॥ २६
न जपेद्वैष्णवो मन्त्रं प्रौढपादश्च कर्हिचित् । प्रसार्य पादौ न जपेत्काकासनगतस्तथा ॥ २७
प्रहसंस्त्वरमाणश्च नेक्षमाण इतस्ततः । करसंज्ञां नेत्रसंज्ञां कुर्वन्नैव जपेत्पुमान् ॥ २८
रथ्यायामशिवस्थाने न जपेत्तिमिरान्तरे । दुर्गन्धिवातस्थाने च न पापिजनसन्निधौ ॥ २९

---

ક્યારેય સ્પર્શ ન કરવો. જ્યાં સુધી નિયમના જપ પૂર્ણ ન થાય ત્યાં સુધી જપમાળા જમણા હાથમાંથી પડવા ન દેવી. જો પ્રમાદ કે આળસને લીધે પોતાના જમણા હાથમાંથી માળા નીચે પડી જાય તો તેના દોષની શાંતિને માટે નિયમની માળા કરતાં એક માળા અધિક ફેરવવી. એકસોને આઠ મંત્રોનો અધિક જપ કરવો.[૨૧-૨૨] હે વર્ણી ! માળા ફેરવતી વખતે માળાનો ભૂમિને સ્પર્શ થવો ન જોઈએ તથા પોતાના પગનાં તળાંને પણ સ્પર્શ થવો ન જોઈએ. માળા કરતાં કરતાં હાથને અને માથાને ધુણાવવું નહિ.[૨૩] મસ્તક ઉપર પાઘડી તથા અંગરખું પહેરીને જપ કરવો નહિ. નીચું મુખ રાખીને તથા શિખાનું બંધન કર્યા વિના જપ ન કરવો. ગંદા શરીરે, અપવિત્ર હાથે, ઉલટી આદિકથી અશુદ્ધ થયેલા શરીરે જપ કરવો નહિ. વાતો કરતાં કરતાં જપ ન કરવો.[૨૪] ગૌમુખી કે ઉત્તરીય વસ્ત્રથી જમણા હાથને ઢાંક્યા વિના જપ કરવો નહિ. મસ્તક ઉપર વસ્ત્ર બાંધીને, જપ કરવો નહિ. અહીં વસ્ત્ર બાંધવાનો નિષેધ છે પરંતુ મસ્તક ઉપર ઓઢ્યા વિના જપ ન કરવાનો વિધિ હોવાથી ખુલ્લા માથે પણ જપ ન કરવો. ચિંતાતુર મન હોય, ક્રોધથી, ભ્રાંતિથી કે ભૂખ તરસથી વ્યાકુળ હોય ત્યારે જપ કરવો નહિ.[૨૫] આસન પાથર્યા વિના નીચે બેસીને, સુતાં સુતાં, ઊભા રહીને, ચાલતાં ચાલતાં પણ જપ કરવો નહિ. પગમાં પગરખાં પહેરીને, રથ આદિ વહાનમાં તથા ખાટલા આદિ શય્યા ઉપર બેસીને જપ ન કરવો.[૨૬] પગ લાંબા કરીને, જંઘા ઉપર કે ગોઠણ ઉપર પગ ચઢાવીને, કાગડાની જેમ બેસીને, હાસ્ય વિનોદ કરતાં પણ જપ ન કરવો. ઉતાવળી ગતિએ માળા ફેરવતાં જપ ન કરવો. આમ તેમ જોતાં જોતાં, કોઈને કામની પ્રેરણારૂપ હાથની ચેષ્ટા કરતાં કે નેત્રોની સાન કરતાં જપ ન કરવો.[૨૭-૨૮] શેરી કે બજારમાં

निद्राख्योऽस्ति महान्विघ्नो जपे ह्यलसदुर्जयः । जयेत्तं सावधानोऽतो विफलोऽस्त्यन्यथा जपः ॥ ३०
अङ्गुल्यग्रे तु यज्जप्तं यज्जप्तं मेरुलङ्घने । असङ्ख्यातं तु यज्जप्तं तत्सर्वं निष्फलं भवेत् ॥ ३१
निषेधातिक्रमं नैव कुर्यादेष विनापदम् । मनो नियम्य मतिमान् जपं कुर्वीत सर्वथा ॥ ३२
मनःसंयमनं शौचं मौनं मन्त्रार्थचिन्तनम् । अव्यग्रत्वमनिर्वेदो जपसंसिद्धिहेतवः ॥ ३३
जपेच्च नियतो भक्त्या त्रिकालं पुरुषोत्तमम् । बाह्यैर्वा मानसैर्द्रव्यैः पूजयित्वा स्थिरान्तरः ॥ ३४
मार्जारमूषकस्पर्शे क्रोधेऽधोवायुसर्पणे । जपकाले तु सञ्जाते मालां वस्त्रोपरि न्यसेत् ॥ ३५
आचम्य प्राणानायम्य दृष्ट्वा वाऽर्कं हरिं स्मरन् । शेषं कुर्याज्जपं स्नात्वा स्पर्शे त्वस्पृश्यवस्तुनः ॥ ३६
त्रयो भेदा जपस्योक्ता वाचिकोपांशुमानसाः । कनीयोमध्यमोत्कृष्टास्तान् ज्ञात्वोत्तममाचरेत् ॥ ३७

---

બેસીને, સ્મશાનાદિ અપવિત્ર ભૂમિમાં બેસીને તથા દુર્ગંધ આવતી હોય તેવી ભૂમિપર બેસીને જપ ન કરવો. અંધકારમાં બેસીને તથા પાપી મનુષ્યોના સાંનિધ્યમાં બેસીને જપ ન કરવો.[૨૯]

**નિષ્ફળ જપ :–** હે વર્ણી ! મંત્રજાપમાં આળસ મનુષ્યથી જીતી ન શકાય તેવો નિદ્રા નામનો મહાશત્રુ વિઘ્નકર્તા છે. તેથી સાવધાનીપૂર્વક તેને જીતવો, નિદ્રાને જીત્યા વિના ઉંઘમાં કરેલો જપ નિષ્ફળ જાય છે.[૩૦] આંગળીના મધ્ય પર્વને બદલે પહેલા પર્વ ઉપર માળા રાખીને જપ કર્યો હોય તો નિષ્ફળ જાય છે. માળાના મેરુનું ઉલ્લંઘન કરીને અને સંખ્યાની ગણતરી વિના કરેલો જપ નિષ્ફળ જાય છે.[૩૧] જપના વિધિ નિષેધને જાણતા બુદ્ધિમાન પુરુષે આપત્કાળ પડ્યા વિના માળાના જાપમાં જેનો નિષેધ કર્યો છે તે મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. તેમજ સર્વે પ્રકારે મનને જીત્યા વિના કરેલો જપ નિષ્ફળ જાય છે.[૩૨] હે વર્ણી ! મનનો સંયમ, પવિત્રતા, મૌન, મંત્રાર્થનું ચિંતવન, આકુળતા અને ઉદાસીનતાનો ત્યાગ આટલાંવાના મંત્રજપને સફળ કરવાનાં કારણો છે.[૩૩] પોતાના ઈષ્ટદેવ પુરુષોત્તમનારાયણનું યથાપ્રાપ્ત ચંદનપુષ્પાદિ ઉપહારોથી બાહ્યપૂજન કે માનસીપૂજન કરી સ્થિર મનવડે પ્રતિદિન આટલા જપ કરવા જ એવા નિયમવાળો થઈ જપ કરનારે ભક્તિભાવથી ત્રિકાલ જપ કરવો.[૩૪] તેમજ જપના સમયે બિલાડી અથવા ઉંદરનો સ્પર્શ થઈ જાય, ક્રોધ ઉપજે, અથવા અધોવાયુ છૂટે તો માળાને વસ્ત્ર ઉપર પધરાવી હરિનું સ્મરણ કરતાં કરતાં આચમન કરી, પ્રાણાયામ કરી, સૂર્યદર્શન કરીને નિયમમાં બાકી રહેલા જપની માળા ફરી શરૂ કરવી. તથા અસ્પૃશ્ય વસ્તુનો સ્પર્શ થઈ જાય તો ફરી સ્નાન કરીને બાકી રહેલા જપ પૂર્ણ કરવા.[૩૫-૩૬]

उदात्तनीचस्वरितैः शब्दैः स्पष्ट पदाक्षरैः । मन्त्रस्योच्चारणं यत्र स जपो वाचिको मतः ॥ ३८
किञ्चिच्छ्रवणयोग्यं च मन्त्रस्योच्चारणं शनैः । यत्रेषच्चौष्ठचलनं स उपांशुर्जपो मतः ॥ ३९
धिया यत्राक्षरश्रेणी स्वरवर्णपदात्मिका । उच्चार्येत च संस्मृत्या स जपो मानसो मतः ॥ ४०
उच्चैर्जपादुपांशुः स्याद्विशिष्टो दशभिर्गुणैः । जिह्वाजपः शतगुणः सहस्त्रगुण आन्तरः ॥ ४१
गृहे जपं समं प्राहुर्गोष्ठे दशगुणं तथा । गृहोद्याने शतगुणं सहस्त्रगुणकं वने ॥ ४२
अयुतं पर्वते पुण्ये नद्यां लक्षगुणं तथा । देवालये कोटिगुणमनन्तं हरिसन्निधौ ॥ ४३
इत्थं योषापि कुर्वीत नाममन्त्रजपं हरेः । सधवा विधवा वापि भक्ता भगवतोऽनघ! ॥ ४४

**જપના ત્રણ ભેદ :–** હે વર્ણી ! વાચિક, ઉપાંશુ અને માનસ આ ત્રણ કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ ભેદ કહેલા છે. તે ભેદને સમજીને બની શકે તેમ ઉત્તમ પ્રકારનો ભેદ આચરણમાં મૂકવો.[૩૭] તેમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત આવા ત્રણ પ્રકારે ઉચ્ચારાયેલા સ્પષ્ટ શબ્દોથી તેમજ સ્પષ્ટપદ કે અક્ષરોથી મંત્રનું ઉચ્ચારણ કરવું, તે જપ વાચિક કહેવાય છે.[૩૮] બીજાથી થોડુંક કાંઈક સાંભળી શકાય એ રીતે ધીરે ધીરે મંત્રનું ઉચ્ચારણ કરતાં કરેલો જપ, કાંઈક હોઠ ચાલતા હોય તે રીતે કરેલો જપ ઉપાંશુ કહેલો છે.[૩૯] ત્રીજા પ્રકારના જપને વિષે સ્વર, વર્ણ, પદ અને વાક્યને જેવા છે તેવાજ સ્પષ્ટ સ્વરૂપે અક્ષરોની પંક્તિને વિશુદ્ધ બુદ્ધિથી મનમાં સ્મરણ કરતાં જપ કરવો તે માનસ જપ કહેલો છે.[૪૦] તેમાં વાચિક-જપકરતાં ઉપાંશું-જપ દશગણો અધિક છે, અને ઉપાંશુ-જપમાં પણ માત્ર કાંઈક હોઠ ચલાવતાં કરેલો જિહ્વા-જપ સો ઘણો અધિક છે. અને જિહ્વા-જપ કરતાં માનસ-જપ હજાર ગણો અધિક કહેલો છે.[૪૧] હે વર્ણી ! ઘરમાં કરેલોજપ જેટલા જપ કર્યા હોય તેટલું સમાન ફળ આપે છે, ગૌશાળામાં બેસીને કરેલો જપ દશગણું ફળ આપે છે, ગૃહ-ઉદ્યાનમાં બગીચામાં બેસીને કરેલો જપ સોગણું ફળ આપે છે, વનમાં કરેલો જપ હજારગણું ફળ આપે છે.[૪૨] પવિત્ર પર્વત ઉપર જપ કરેલો હોય તો દશહજારગણું ફળ આપે છે, વહેતી નદીને તીરે કરેલો જપ લાખગણું ફળ આપે છે, કોઈ દેવાલયમાં કરેલો જપ કોટિગણું ફળ આપે છે અને ભગવાનની સાંનિધ્યમાં બેસીને કરેલો જપ અનંતફળને આપનારો થાય છે.[૪૩]

હે નિષ્પાપ વર્ણી ! આ પ્રમાણે જ ભગવાનની ભક્ત સધવા કે વિધવા નારીઓએ પણ ભગવાનના મંત્રનો જપ કરવો.[૪૪] સ્નાન કર્યા વિના જપમાળાથી ક્યારેય પણ જપ ન કરવો, આપત્કાળમાં માનસી-સ્નાન કરીને જપ કરવો.[૪૫]

अस्नातो मालया नैव जपं कुर्वीत कर्हिचित् । आपन्नो मानसं स्नानं कृत्वा कुर्याज्जपं पुमान् ॥ ४५
स्नानादिनियमो नास्ति मानसे तु जपे नृणाम् । कीर्तने च हरेर्नाम्नां विना मालां कदाचन ॥ ४६
मालामशुचिहस्तेन न स्पृशेन्न क्षिपेद्भुवि । स्त्रियं च स्पर्शयेन्नैव जपान्ते निदधीत खे ॥ ४७
इत्थं जपन्ति नियतं हरिनाममन्त्रं ये मानवा भुवि सदौद्धववर्त्मसंस्थाः ।
ते यान्ति धाम परमं परमात्मनो वै गोलोकसंज्ञममलं कमलाधवस्य ॥ ४८

**सुव्रत उवाच–**

श्रुत्वा पुरातनमहामुनिनेत्थमुक्तं श्रीकृष्णमन्त्रजपनिर्णयमाप तुष्टिम्।
वर्णी स चान्यमुनिभिः सह भूमिपाल! प्रीतो ननाम च हरिं सकलार्थसिद्धिम् ॥ ४९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे श्रीनारायण-वासुदेवानन्दसंवादे श्रीकृष्णमन्त्रजपविधिनिरुपणनामा त्रिंशोऽध्यायः ॥३०॥*

---

**માળા વિના માત્ર મનથી જપ કરવાના સમયે સ્નાનાદિકનો કોઇ નિયમ નથી. તેમજ માળાવિના ભગવાનના નામસંકીર્તન કરવામાં સ્નાનાદિકનો પણ કોઇ નિયમ નથી.[૪૬] હે વર્ણી ! જપમાળાને અપવિત્ર હાથે ક્યારેય સ્પર્શ ન કરવો. માળાને ભૂમિપર ફેંકવી નહિ, પુરુષની માળાને નારીએ સ્પર્શ કરવો નહિ. જપ કરી લીધા પછી માળાને ખીંટી ઉપર લટકાવવી[૪૭] હે વર્ણી ! આ પ્રમાણે આ પૃથ્વીપર ઉદ્ધવસંપ્રદાયના આશ્રિત સર્વે મનુષ્યો ભગવાન શ્રીહરિના નામમંત્રનો નિયત સંખ્યાના નિયમપૂર્વક સદાય જાપ કરે છે, તે મનુષ્યો લક્ષ્મીપતિ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણના ગોલોકધામને નક્કી પામે છે.[૪૮]**

**સુવ્રતમુનિ કહે છે, હે ભૂમિપતિ ! પુરાણપુરુષ શ્રીનારાયણમુનિએ આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણના મંત્રજપનો વિધિ કહ્યો. તેને સાંભળી વાસુદેવાનંદ બ્રહ્મચારી તથા સભામાં બેઠેલા સમસ્ત સંતો-ભક્તજનો ખૂબજ પ્રસન્ન થયા અને તેઓએ સકલ પુરુષાર્થની સિદ્ધિ આપનારા ભગવાન શ્રીહરિને પ્રણામ કર્યા ને સભાની પૂર્ણાહુતિ થઇ.[૪૯]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં ભગવાન શ્રીનારાયણમુનિ અને વાસુદેવાનંદ વર્ણીના સંવાદમાં શ્રીકૃષ્ણમંત્રજપના વિધિનું નિરૂપણ કર્યું એ નામે ત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. –૩૦–***

## अथ एकत्रिंशोऽध्यायः - ३१

**सुव्रत उवाच-**

अथो दशम्यां तरणौ गतेऽस्तं विधाय सान्ध्यं स विधिं विधिज्ञः ।
महासभायामुपविष्ट उच्चे पीठे प्रसन्नास्य उवाच भक्तान् ॥ १

**श्रीनारायणमुनिरवाच-**

शृण्वन्तु मुनयः सर्वे गृहिणश्च स्त्रियोऽखिलाः । हितं वदामि सर्वेषां गुरुत्वादहमादरात् ॥ २
प्रबोधन्यभिधा श्वोऽस्ति तिथिरेकादशी जनाः ! । व्रंत तस्याः प्रकर्तव्यं सर्वैरेव मदाश्रितैः ॥ ३
अस्माकमिष्टदेवो हि श्रीकृष्णः पुरुषोत्तमः । व्रतं तस्यैतदस्तीति सर्वैः कार्यं प्रयत्नतः ॥ ४
न करोति हि यो मूढ एकादश्यामुपोषणम् । स नरो नरकं याति रौरवं तमसावृतम् ॥ ५
यानि कानि च पापानि ब्रह्महत्यासमानि च । अन्नमाश्रित्य तिष्ठन्ति संप्राप्ते हरिवासरे ॥ ६
तानि पापान्यवाप्रोति यो भुङ्क्ते हरिवासरे । मातृहा पितृहा चैव गुरुहा च स उच्यते ॥ ७

## અધ્યાય - ૩૧

**ભગવાન શ્રીહરિએ કહેલો સર્વ વ્રતો કરતાં એકાદશીનો સર્વોતમ મહિમા.**

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કાર્તિકસુદ દશમીના સૂર્યાસ્ત પછી શ્રીનારાયણમુનિ સંધ્યાવંદન કરીને સભામાં ઊંચા સિંહાસન ઉપર બેસીને પ્રસન્નવદને સભામાં બેઠેલા સર્વ ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા.[૧]

શ્રીનારાયણમુનિ કહે છે, હે સર્વે સંતો ! હે સર્વે ભક્તજનો ! તથા હે સર્વે બહેનો ! સાંભળો. તમે સર્વે મને ગુરુના સ્થાન ઉપર સ્વીકાર્યો છે તેથી તમારા સર્વેનું હિત થાય તેવાં વચનો હું કહું છું. તે તમે આદરપૂર્વક સાંભળો.[૨] હે ભક્તજનો ! આવતી કાલે પ્રબોધની એકાદશીની તિથિ છે. આ એકાદશીનું વ્રત મારા આશ્રિત તમારે સર્વેને વિશેષપણે કરવું.[૩] પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે. આ એકાદશીવ્રત તેમનું છે. તેથી સર્વે મારા આશ્રિત ભક્તજનોએ પ્રયત્નપૂર્વક આ વ્રત અવશ્ય કરવું.[૪] હે ભક્તજનો ! જે મૂઢ મનુષ્ય એકાદશીનો ઉપવાસ કરતો નથી, તે ગાઢ અંધકારથી ઘેરાયેલા રૌરવ નરકમાં પડે છે.[૫] કારણ કે બ્રહ્મહત્યા સમાન સર્વે મહાપાપો તથા જે કોઈ પાપો એકાદશીના દિવસે અનાજમાં નિવાસ કરીને રહે છે.[૬] તેથી એકાદશીને દિવસે જે કોઈ માનવ અન્નનું ભક્ષણ કરે છે તેને બ્રહ્મહત્યા જેવાં મહાપાપો લાગે છે. તેમજ તેને માતૃઘાતી, પિતૃઘાતી અને ગુરુઘાતી કહેલો છે.[૭]

एकादश्यां तु यो भुङ्क्ते पक्षयोरुभयोरपि । प्रतिग्रासं स वै भुङ्क्ते मलं पृथ्वीसमुद्भवम् ॥ ८
निष्कृतिर्ब्रह्महत्यायाः शास्त्रे प्रोक्ता मनीषिभिः । एकादश्यन्नकामस्य निष्कृतिः क्वापि नोदिता ॥ ९
इह पानेन मद्यस्य पातैव नरकं व्रजेत् । एकादश्यन्नकामस्तु पितृभिः सह मज्जति ॥ १०
वैष्णवः पुरुषः स्त्री च कुर्यादेकादशीव्रतम् । यथा शुक्ला तथा कृष्णा विशेषो नात्र विद्यते ॥ ११
अष्टवर्षाधिको मर्त्यो ह्यशीतिन्यूनवत्सरः । एकादशीमुपवसेत् पक्षयोरुभयोरपि ॥ १२
ब्रह्मचारी गृहस्थश्च वानप्रस्थश्च भिक्षुकः । एकादशीव्रतं कार्यं तैश्च स्त्रीभिश्च सर्वशः ॥ १३
विधवा या भवेन्नारी भुञ्जीतैकादशीदिने । तस्यास्तु सुकृतं नश्येद् ब्रह्महत्या दिने दिने ॥ १४
सम्प्राप्य वासरं विष्णोर्यो नरः संयतेन्द्रियः । उपवासपरो भूत्वा पूजयेन्मधुसूदनम् ॥ १५
तत्कथाश्रुतिकीर्तिभ्यां रात्रौ कुर्याच्च जागरम् । स शोधयति पापानि शरदम्बुमलं यथा ॥ १६

---

હે ભક્તજનો ! જે માનવ બન્ને પક્ષની એકાદશીને દિવસે અન્નનું ભક્ષણ કરે છે તો તે ગ્રાસે ગ્રાસે પૃથ્વીપરના સમગ્ર મળને ખાય છે.[૮] બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત બુદ્ધિમાન પુરુષોએ ધર્મશાસ્ત્રમાં કહેલું છે, પરંતુ એકાદશીના દિવસે અન્નનું ભક્ષણ કરનાર મનુષ્યના પાપનું પ્રાયશ્ચિત કોઈ પણ ધર્મશાસ્ત્રમાં કહેલું નથી.[૯] આ લોકમાં દારુનું પાન કરનારો માત્ર પોતે જ નરકમાં જાય છે, પરંતુ એકાદશીના અન્ન ખાનારો પોતાના પૂર્વજો સ્વર્ગમાં ગયા હોય તેને ત્યાંથી નરકમાં પરાણે નાખે છે અને પોતે પણ ઘોર નરકમાં પડે છે.[૧૦] હે ભક્તજનો ! તેથી જ વૈષ્ણવ એવા સર્વે સ્ત્રી-પુરુષ ભક્તજનોએ એકાદશીનું વ્રત અવશ્ય કરવું. તેમાં સુદપક્ષની કે વદપક્ષની એકાદશીમાં વિશેષપણે કોઈ ભેદ નથી.[૧૧] બન્ને એકાદશીઓ સરખી છે. આઠ વર્ષની ઉપરના અને એશીં વર્ષની અંદરના દરેક મનુષ્યો તથા બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસી તથા સર્વે સધવા અને વિધવા સ્ત્રીઓએ બન્ને પક્ષની એકાદશીનું વ્રત અવશ્ય કરવું.[૧૨-૧૩] તેમાં પણ એકાદશીના દિવસે વિધવા નારી જો અન્નનું ભક્ષણ કરે તો તેનાં સર્વે સુકૃત એજ ક્ષણે નાશ પામે છે. ને દિવસે દિવસે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.[૧૪]

હે ભક્તજનો ! એકાદશી તો ભગવાનનો દિવસ છે. તેને પામીને જે મનુષ્યો ઈન્દ્રિયોને નિયમમાં રાખી ઉપવાસ કરીને મધુસૂદન પરમાત્માનું પૂજન કરે છે, તથા એકાદશીની રાત્રીમાં ભગવાનની કથા કીર્તન કરી જાગરણ કરે છે, તે મનુષ્યો શરદઋતુ જેમ પાણીના મેલને ધોવે છે તેમ પોતાનાં પૂર્વે કરેલાં સર્વે પાપોને ધોઈ નાખે છે.[૧૫-૧૬] વિધિ પ્રમાણે અનુષ્ઠાન કરાયેલો એકાદશીરૂપી અગ્નિ પૂર્વના સો

एकादशीसमुत्थेन वह्निना पातकेन्धनम् । भस्मतां याति सकलमपि जन्मशतोद्भवम् ॥ १७
नेदृशं पावनं किञ्चिन्नराणामिह विद्यते । यादृशं पद्मनाभस्य दिनं पातकहानिदम् ॥ १८
तावत् पापानि देहेऽस्मिंस्तिष्ठन्ति हि महान्त्यपि । यावन्नोपोष्यते मर्त्यैः पद्मनाभदिनं शुभम् ॥ १९
कुरुक्षेत्रे तु यत्पुण्यं ग्रहणे चन्द्रसूर्ययोः । गोदानेन भवेत्तत्स्यादेकादश्यामुपोषणात् ॥ २०
तपस्विनो गृहे नित्यं लक्षं यस्य च भुञ्जते । षष्टिवर्षसहस्राणि तस्य पुण्यं तु यद्भवेत् ॥ २१
एकादशीव्रतेनैव तत्पुण्यं प्राप्नुयान्नरः । स्वधर्मदृढनिष्ठश्च वासुदेवपरायणः ॥ २२
अश्वमेधसहस्राणि राजसूयशतानि च । एकादश्युपवासस्य कलां नार्हन्ति षोडशीम् ॥ २३
एकादशेन्द्रियैः पापं यत्कृतं पूर्वजन्मसु । एकादश्युपवासेन तत्सर्वं विलयं व्रजेत् ॥ २४
एकादश्या समं किञ्चत्पापत्राणं न विद्यते । व्याजेनापि कृता या तु न दर्शयति भास्करिम् ॥ २५

---

જન્મોનાં સમગ્ર પાપને ભસ્મીભૂત કરે છે. પદ્મનાભ ભગવાનનો આ એકાદશીનો દિવસ જેવો આલોકમાં મનુષ્યના પાપને બાળવામાં સમર્થ છે. તેવો બીજો કોઈ વ્રતનો દિવસ પાવનકારી અને સમર્થ નથી.[૧૭-૧૮] હે ભક્તજનો ! જ્યાં સુધી મનુષ્યે પદ્મનાભ ભગવાનની આ શુભ એકાદશીના દિવસે ઉપવાસ કર્યો નથી ત્યાં સુધી જ તેના શરીરમાં મહાપાપો નિવાસ કરીને રહે છે. જેવો એકાદશીનો ઉપવાસ કર્યો કે તત્કાળ તે સર્વેનો નાશ થઈ જાય છે.[૧૯] તથા સૂર્ય અને ચંદ્રના ગ્રહણ સમયે કુરુક્ષેત્રને વિષે ગૌદાનનું જેટલું પુણ્ય શાસ્ત્રમાં કહ્યું છે તેટલું પુણ્ય માત્ર એકાદશીનો ઉપવાસ કરવાથી પ્રાપ્ત થાય છે.[૨૦] વળી જે પુરુષ પોતાને ઘેર એક લાખ તપસ્વી ભગવદ્‌ભક્તોને સાઠહજાર વર્ષ પર્યંત પ્રતિદિન ભોજન કરાવે ને જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેટલું પુણ્ય સ્વધર્મનિષ્ઠ, વાસુદેવ ભગવાનપરાયણ પુરુષને નિયમપૂર્વક એકાદશીના ઉપવાસથી પ્રાપ્ત થાય છે.[૨૧-૨૨] વળી હજાર અશ્વમેધયજ્ઞ તેમજ સો રાજસૂય યજ્ઞનું અનુષ્ઠાન કરવાથી જે પુણ્ય થાય છે તે પુણ્ય એકાદશીના અનુષ્ઠાનથી થતા પુણ્યના સોળમા ભાગની તોલે પણ આવી શકતું નથી.[૨૩]

હે ભક્તજનો ! પૂર્વજન્મમાં અગિયારે ઈન્દ્રિયો દ્વારા જે કાંઈ પાપ કર્યું હોય તે સર્વે પાપ એકાદશીનો વિધિપૂર્વક ઉપવાસ કરવાની સાથે જ વિલીન થઈ જાય છે.[૨૪] આ એકાદશીના વ્રત જેવું અન્ય બીજું કોઈ વ્રત આટલા બધા પાપથી બચાવતું નથી. કોઈ બહાનાથી મનુષ્ય એકાદશીનો ઉપવાસ કરે તેને પણ યમરાજનું દર્શન થતું નથી, તો પછી ભક્તિપૂર્વક ઉપવાસ કરનારને યમરાજનું દર્શન ક્યાંથી હોય ? ન જ હોય.[૨૫] હે ભક્તજનો ! એકાદશીનું વિધિપૂર્વક કરેલું વ્રત મોક્ષ,

स्वर्गमोक्षप्रदा ह्येषा शरीरारोग्यदायिनी । सुकलत्रप्रदा ह्येषा राज्यपुत्रप्रदायिनी ॥ २६
न गङ्गा न गया वापि न काशी न च पुष्करम् । न चापि कौरवं क्षेत्रं न रेवा न च देविका ॥ २७
यमुना चन्द्रभागा च तुल्या नैवानया यतः । अनायासेन व्रतिभिः प्राप्यतेऽस्याः परं पदम् ॥ २८
रात्रौ जागरणोपेतं समुपोष्य हरेर्दिनम् । सर्वपापविनिर्मुक्तो विष्णुलोकं व्रजेन्नरः ॥ २९
दशैव मातृके पक्षे तथैव दश पैतृके । प्रियाया दश चात्मानं पुरुषानुद्धरेत्स च ॥ ३०
कल्पद्रुचिन्तामणिवन्नृणां वाञ्छितपूरणी । भवत्येकादशी तस्मात्तद्व्रतात्पूर्णकामता ॥ ३१
एकादशीं प्रपन्ना ये नरास्ते हि वरोत्तमाः । द्विद्वन्द्वबाहवो भूत्वा नागारिकृतवाहनाः ॥ ३२
स्रग्विणः पीतवस्त्राश्च प्रयान्ति हरिमन्दिरम् । प्राप्नुवन्ति पुनर्नैव संसृतिं च कदाचन ॥ ३३
एष प्रभावो हि मया ह्येकादश्याः प्रकीर्तितः । पापेन्धनस्य सर्वस्य पावकाख्यो महीतले ॥ ३४

---

**સ્વર્ગ, શરીરનું આરોગ્ય, સારા સરળ સ્વભાવવાળી સ્ત્રી, રાજ્ય, અને રાજ્ય ભોગવે તેવો પુત્ર આપે છે.[૨૬] આ એકાદશીના તોલે ભાગીરથી ગંગા પણ આવે નહિ, તેમજ ગયા, કાશી, પુષ્કર, કુરુક્ષેત્ર, નર્મદા, દેવિકા, યમુના અને ચંદ્રભાગા વિગેરે તીર્થક્ષેત્રો પણ એકાદશીના વ્રતની તોલે આવી શકતાં નથી. આ વ્રત કરનારો માણસ કોઈ અન્ય પ્રયત્ન વિના સરળતાથી ભગવાનના પરમપદને પામે છે. તેથી તેની સમાન ગંગા આદિ તીર્થક્ષેત્રો ક્યાંથી આવી શકે ?.[૨૭-૨૮]**

**હે ભક્તજનો ! હરિભક્ત સાથે રાત્રીનું જાગરણ કરવા પૂર્વક જે પુરુષ એકાદશીનો ઉપવાસ કરે છે. તે સર્વ પાપથકી મુકાઈ દેહને અંતે ચોક્કસ વિષ્ણુના વૈકુંઠલોકને પામે છે.[૨૯] હે ભક્તજનો ! આ પ્રમાણે વિધિપૂર્વક એકાદશીનો ઉપવાસ કરનારો પુરુષ પોતાની માતાના કુળના દશ, પિતાના કુળના દશ, પત્નીના કુળના દશ અને સ્વયં પોતાનો પણ ઉદ્ધાર કરે છે.[૩૦] આ એકાદશી કલ્પવૃક્ષ અને ચિંતામણિ તુલ્ય છે. તેથી પોતાનું અનુષ્ઠાન કરનાર પુરુષોની મનમાં ઈચ્છેલી સર્વે કામનાઓને પૂર્ણ કરનારી છે.[૩૧] હે ભક્તજનો ! જે મનુષ્યો એકાદશીને શરણે જઈ વિધિપૂર્વક વ્રત કરે છે, તે ખરેખર આલોકમાં ઉત્તમ પુરુષો છે. અને દેહને અંતે ચતુર્ભુજ થઈ ગરુડની સવારી કરી કંઠમાં વનમાળા ધારણ કરી પીતાંબરમાં શોભતા ભગવાનના ધામમાં સિધાવે છે. અને ફરીને ક્યારેય પણ સંસારના ચક્રમાં પડતા નથી.[૩૨-૩૩]**

**હે ભક્તજનો ! પૃથ્વીપરનાં સર્વે પ્રકારનાં પાપરૂપી ઇંધણાંને ભસ્મસાત્ કરનાર અગ્નિરૂપ આ એકાદશી વ્રતનો પ્રભાવ મેં તમારી આગળ કહ્યો.[૩૪] હે**

माहात्म्यमेकादशिकाव्रतस्य शुष्कार्द्रपापक्षयकारि भक्ताः ।
प्रोक्तं मयैतध्दृदयेऽवधार्य तत्कार्यमेव स्वहिताय सर्वैः ॥ ३५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे एकादशीव्रतमाहात्म्यनिरूपणनामैकत्रिंशोऽध्यायः - ३१*

**अथ द्वात्रिंशोऽध्यायः - ३२**

**सुव्रत उवाच-**

एकादश्यास्तु माहात्म्यमित्थं भगवतोदितम् । श्रुत्वाहृषञ्जनाः सर्वे धर्मनिष्ठास्तु निर्भरम् ॥ १
तेषु ये प्रश्ननिपुणा जनास्तेऽथ प्रणम्य तम् । पप्रच्छुः स्वामिनं भक्त्या बद्धाञ्जलिपुटा नृप ! ॥ २

**जना ऊचुः-**

तिथिरेकादशी स्वामिंस्त्वया सर्वव्रताधिका । प्रोक्ता महाफला चात्र हेतुं नो वक्तुमर्हसि ॥ ३

---

ભક્તજનો! જાણે અજાણે થઇ ગયેલું જે કાંઇ પાપ છે તેને નાશ કરનાર એકાદશી વ્રતનું માહાત્મ્ય તમને કહ્યું. તમેં સર્વે તમારા અંતરમાં ધારણ કરજ્યો. તેમજ પોતાના હિતને અર્થે આ એકાદશીના વ્રતનું અનુષ્ઠાન પણ કરજો.[૩૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ એકાદશીના વ્રતના મહિમાનું નિરૂપણ કર્યું એ નામે એકત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૧***

-------------------------------------

## અધ્યાય - ૩૨

## એકાદશીની ઉત્પત્તિ અને તેને મળેલું વરદાન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિના મુખેથી એકાદશીનું માહાત્મ્ય સાંભળીને સભામાં બેઠેલા ધર્મનિષ્ઠ સમસ્ત સંતો-ભક્તજનો અત્યંત પ્રસન્ન થયા.[૧] હે નૃપ ! તે ભક્તજનોની મધ્યે જે ભક્તજનો પ્રશ્નો પૂછવામાં નિપુણ હતા તેઓએ બે હાથ જોડી, સકલ ઐશ્વર્યે સંપન્ન સર્વના માલિક ભગવાન શ્રીનારાયણમુનિને ભક્તિભાવથી પ્રણામ કરી પૂછવા લાગ્યા.[૨] ભક્તજનો પૂછે છે, હે સ્વામિન્ ! એકાદશીની તિથિ બીજાં સર્વ વ્રતો કરતાં અધિક ફળ આપે છે, એમ તમે કહ્યું તેનું કારણ શું છે ? તે અમને તમે જણાવો.[૩]

सुव्रत उवाच-

इति पृष्टो निजैर्भक्तैर्भक्तवत्सल ईशिता । तन्माहात्म्याधिक्यहेतुं वक्तुं समुपचक्रमे ॥ ४

श्रीनारायणमुनिरुवाच-

माहात्म्यस्याधिकत्वं तु विष्णोः सम्बन्धतो नृणाम् । सर्वेषां जायते नूनमिति जानीत सुव्रताः ! ॥ ५
साक्षाच्छ्रीवासुदेवस्य देहजत्वात्तथा वरात् । माहात्म्यमीदृशं तस्या यथा जातं तथा ब्रुवे ॥ ६
आसीत्पुरा कृतयुगे नाडीजङ्घाभिधोऽसुरः । तस्य पुत्रो मुरो नाम्ना बभूवातिबलोद्धतः ॥ ७
ब्रह्माणं तपसाराध्य दुष्करेण स दैत्यराट् । देवैः सर्वैरवध्यत्वं वरं लेभे निजेप्सितम् ॥ ८
ततो मदोद्धतः सर्वान्स जित्वा दिक्पतीन् द्रुतम् । चक्रे स्वतेजसैवान्यानिन्द्रादीनेकराट् स्वयम् ॥ ९
ततः सुरगणाः सर्वे स्थानभ्रष्टा हतौजसः । भीता दैत्यपतेश्चेरुः कामरूपा महीतले ॥ १०

---

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પોતાના આત્મીય ભક્તજનોએ પૂછ્યું તેથી ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ એકાદશીના અધિકમહિમાનું કારણ કહેવા લાગ્યા.[૪] ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે સુંદર વ્રતને ધારણ કરનારા ભક્તજનો ! આ પૃથ્વી પર સર્વે મનુષ્યોનો મહિમા જે અધિક ને અધિક વધે છે તેનું કારણ સાક્ષાત્ ભગવાન વિષ્ણુનો સંબંધ છે. કારણ કે તેની સમાન બીજું કોઈ મોટું તત્ત્વ જ નથી. મોટામાં મોટા એ ભગવાન છે. તેથી જ ભગવાનના સંબંધમાં જે આવે તેનો મહિમા સર્વ કરતાં અધિક વધે છે.[૫] આ બાબત તમે જાણો છો. ભગવાન શ્રીવાસુદેવનારાયણનાં શરીરમાંથી ઉત્પન્ન થવાને કારણે તથા ભગવાન થકી વરદાન પ્રાપ્ત કરવાને કારણે એકાદશીનો પૂર્વ કહ્યો એવો મહિમા વધ્યો છે. તેથી તેમની કથા હું તમને સંભળાવું છું.[૬]**

**હે ભક્તજનો ! પૂર્વે સત્યુગમાં નાડીજંઘ નામે એક અસુર હતો. તેને ત્યાં અતિશય બલવાન તેમજ ઉદ્ધત એક મુર નામનો પુત્ર થયો.[૭] દાનવરાજ તે મુરદાનવે દુષ્કર તપશ્ચર્યાથી બ્રહ્માજીનું આરાધન કર્યું, અને તેમની પાસેથી સર્વે દેવતાઓદ્વારા મૃત્યુ નહીં પામવાનું વરદાન મેળવ્યું.[૮] ત્યારપછી મદથી ઉદ્ધત થયેલા તે મુરદાનવે ઈન્દ્રાદિ સર્વે દિગ્પાળોને તત્કાળ જીતી લીધા. તેમની પાસેથી તેના અધિકારો છીનવીને સ્વયં એક ચક્રવર્તી સમ્રાટ થયો અને પોતાના સામર્થ્યથી પોતાની અસુરજાતિના ઈન્દ્રાદિ દિગ્પાળો નીમ્યા.[૯] તે સમયે પોતાના અધિકારમાંથી ભ્રષ્ટ થયેલા તેમજ નિઃસ્તેજ થયેલા સર્વે ઈન્દ્રાદિ દેવતાઓ મુરદાનવથી ભય પામતા પામતા પૃથ્વીપર પોતાને ઈચ્છિત ગુપ્તરૂપ ધારણ કરી વિચરવા લાગ્યા.[૧૦] હે**

कालेन कियता तेऽथ दुःखितास्त्रिदिवौकसः । ब्रह्मणं शरणं गत्वा स्वीयं दुःखं न्यवेदयन् ॥ ११
अकल्पस्तत्प्रतीकारे सोऽपि तैः शङ्करेण च । साकं जगाम क्षीरोदं श्वेतद्वीपोऽस्ति यत्र तु ॥ १२
तीरे पयोनिधेस्तस्य समाहितधियः सुराः । उपतस्थू रमाकान्तं निराहारा जितेन्द्रियाः ॥ १३
एकपादस्थिताः सर्वे ह्यूर्ध्वलोचनबाहवः । चक्रुस्तीव्रं तपोऽव्यग्रास्तत्प्रसादमभीप्सवः ॥ १४
तेषामत्युग्रतपसा सन्तुष्टः कमलापतिः । प्रादुर्बभूव वैकुण्ठात्तेषामग्रे महाद्युतिः ॥ १५
तपस्यन्तः सुरास्तेऽथ महान्तं ददृशुस्तदा । अयुतार्कप्रतीकाशं तेजःपुञ्जमतर्कितम् ॥ १६
तत्र श्रीवासुदेवं ते साक्षाद्विष्णुं जगत्पतिम् । ददृशू रमया साकं सेवितं पार्षदोत्तमैः ॥ १७
चतुर्भुजं गदापद्मशङ्खचक्रविभूषितम् । इन्द्रनीलमणिश्यामं पद्माक्षं सुस्मिताननम् ॥ १८

---

ભક્તજનો ! દુઃખી થયેલા તે ઈન્દ્રાદિ દેવતાઓ કેટલાક સમયપછી બ્રહ્માજીને શરણે ગયા ને પોતાના દુઃખનું નિવેદન કર્યું.[૧૧] દેવતાઓનું દુઃખ નિવારણ કરવામાં અસમર્થ બ્રહ્માજી તે દેવતાઓને સાથે લઈ ભગવાન શિવજી પાસે ગયા. પછી તેમને પણ સાથે લઈ ક્ષીરસાગરના ઉત્તર કિનારે આવ્યા કે જ્યાં ભગવાન શ્રીવાસુદેવનું શ્વેતદ્વીપધામ આવેલું છે.[૧૨]

હે ભક્તજનો ! ક્ષીરસાગરને ઉત્તર કિનારે ઈન્દ્રિયોને વશ કરી, આહારનો ત્યાગ કરી, જીતેન્દ્રિય થઈ, બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિ સર્વે દેવતાઓ રમાકાંત ભગવાન શ્રીવાસુદેવની આરાધના કરવા લાગ્યા.[૧૩] એક પગે ઊભા રહી, નેત્રો મીંચી બન્ને હાથ ઊંચા કરી, મનમાં એક શ્રીવાસુદેવને જ પ્રસન્ન કરવાની ઈચ્છા રાખી, સર્વે તીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા.[૧૪] દેવતાઓની તીવ્ર તપશ્ચર્યા જોઈ કમલાપતિ ભગવાન વાસુદેવ અતિશય પ્રસન્ન થયા અને વૈકુંઠમાંથી ત્યાં આવી મહાપ્રકાશે યુક્ત દેવતાઓની આગળ પાદુર્ભાવ પામી ઊભા રહ્યા.[૧૫] હે ભક્તજનો ! તે સમયે તપશ્ચર્યા કરતા દેવતાઓએ એક સાથે ઉદય પામેલા કરોડો સૂર્યની સમાન અને અચાનક પ્રગટ થયેલા મહાતેજના પુંજનાં દર્શન કર્યાં.[૧૬] ત્યારપછી તેજની મધ્યે સર્વાન્તર્યામી જગત્પતિ ભગવાન શ્રીવાસુદેવનાં સાક્ષાત્ દર્શન થયાં. તે સમયે નંદ સુનંદ આદિક પાર્ષદો ભગવાનની સેવા કરી રહ્યા હતા. રાધા અને રમા આદિક શક્તિઓ પણ ભગવાનની સાથે શોભી રહી હતી.[૧૭] ચતુર્ભુજ પરમાત્મા શંખ, ચક્ર, ગદા, અને પદ્મથી વિભૂષિત હતા. ઈન્દ્રમણિ, અને નીલમણિ સમાન શ્યામ વર્ણમાં શોભતા, ભગવાનનાં કમળના પત્રોની સમાન વિશાળ નેત્રો અને મંદ મંદ હાસ્ય કરતું મુખારવિંદ મનોહર જણાતું હતું.[૧૮] આવા પરમાત્માનાં દર્શન કરી બ્રહ્માદિ

ततस्तं परया भक्त्या नत्वा स्तुत्वा प्रसाद्य च । सर्वं निवेदयामासुः कर्मदैत्यपतेस्तु तत् ॥ १९
दृष्ट्वा देवगणान् क्लिष्टान्भगवान्करुणानिधिः । प्रदाय तेभ्यो ह्यभयं दैत्यं हन्तुं मनोऽकरोत् ॥ २०
देवैः सहैव तस्याथ गत्वा चन्द्रवतीं पुरीम् । पाञ्चजन्यं हरिर्दध्मौ तेन त्रेसुः सुरारयः ॥ २१
अमृष्यमाणस्तं नादं मुरः स युयुधे सुरैः । अशक्तास्तत्प्रहारं ते सोढुं दश दिशो ययुः ॥ २२
भगवानपि चक्रेण युद्धं कुर्वन् स दारुणम् । हन्तुं शशाक न मुरं सहस्रं वत्सरा ययुः ॥ २३
ततः श्रान्तो हरिः प्रायात्स्वकीयं बदरीवनम् । गुहां सिंहवती तत्र प्राप्य शिश्ये भयादिव ॥ २४
इन्द्रियाणि दशैकं च स्वस्वरूपोन्मुखानि सः । विधाय स्वीचकाराशु योगनिद्रां क्षणं प्रभुः ॥ २५
योजनानि द्वादशैव विस्तीर्णामेकनिर्गमाम् । तां गुहां पृष्ठलग्नोऽसौ मुरश्चाप्याययौ द्रुतम् ॥ २६

---

દેવતાઓએ પરમભાવથી તેમને નમસ્કાર કર્યા, ત્યાર પછી ભગવાનની આગળ દૈત્યપતિ મુરદાનવનું પોતાના સ્થાનમાંથી ભ્રષ્ટ કરી કાઢી મુકવા આદિ સર્વ વૃત્તાંતનું નિવેદન કર્યું.[૧૯]

હે ભક્તજનો ! અતિશય દુઃખી થયેલા દેવતાઓના સમૂહને જોઇ કરૂણાનિધિ ભગવાન વાસુદેવ તેમને અભયવરદાન આપી મુરદાનવનો વિનાશ કરવાનો મનમાં નિશ્ચય કર્યો.[૨૦] ત્યાર પછી સર્વે દેવતાઓને સાથે લઈ સ્વયં ભગવાન તે મુદાનવની રાજધાની ચંદ્રાવતીપુરી પ્રત્યે આવ્યા ને પાંચજન્ય શંખનો નાદ કર્યો. તેથી ચંદ્રાવતીના સર્વે દૈત્યો ત્રાસ પામવા લાગ્યા.[૨૧] તે સમયે શંખનો ધ્વનિ સહન નહિ કરી શકવાથી મુરદાનવ દેવતાઓની સાથે યુદ્ધ કર્યું, તેથી તેનાં શસ્ત્ર અને અસ્ત્રના પ્રહારને સહન નહિ કરવાથી અસમર્થ દેવતાઓ દશે દિશાઓમાં ભાગી ગયા.[૨૨]

હે ભક્તજનો ! ભગવાન વાસુદેવે પણ સુદર્શન ચક્રથી મુરદાનવ સાથે દારુણ યુદ્ધ કર્યું, છતાં મુરદાનવ મરી શક્યો નહિ. યુદ્ધ કરતાં કરતાં હજાર વર્ષ વીતી ગયાં.[૨૩] તેથી ભગવાન થોડી વિશ્રાંતિ લેવા પોતાનાં બદરિકાશ્રમમાં આવ્યા. ત્યાં સિંહવતી ગુફામાં પ્રવેશ કરીને જાણે મુરદાનવથી ભય પામતા હોય તેમ શયન કરી ગયા.[૨૪] પોતાની દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન તેને સ્વસ્વરૂપમાં લીન કરી સમર્થ ભગવાન વાસુદેવે તે જ ક્ષણે યોગનિદ્રાનો સ્વીકાર કર્યો.[૨૫] સિંહવતી ગુફા બારયોજનના વિસ્તારવાળી બહુજ મોટી હતી, તેમાંથી જવા આવવાનો માત્ર એક જ માર્ગ હતો. મુરદાનવે પણ ભગવાનની પાછળ ગુફામાં પ્રવેશ કર્યો.[૨૬] ભગવાન તો યોગનિદ્રાનો આશ્રય કરી શયન કરતા હતા. પોતાની પાછળ આવેલા

तमागतं हरिर्दृष्ट्वा दुर्जयं दैत्यमुद्धतम् । चुक्रोध तस्मै विज्ञाय वरेणावध्यतां विधेः ॥ २७
एकादशेन्द्रियभवात्तदानीं तस्य तेजसः । दिव्यप्रहरणैका स्त्री बभूवातितपस्विनी ॥ २८
रूपसौभाग्यसम्पन्नां दृष्ट्वा तां स तु दानवः । मुग्धे ! मां वरयस्वेति प्रार्थयामास सादरम् ॥ २९
तं कामविह्वलं देवी प्राह सा दैत्य ! मां युधि । जित्वा गृहाण यस्मान्मे व्रतं जेता भवेत्पतिः ॥ ३०
ततस्तया स युयुधे शस्त्रैरस्त्रैश्च दानवः । क्रुद्धा चिच्छेद सा तस्य शिरः खड्गेन दुर्मतेः ॥ ३१
ततः प्रसन्नो भगवान्देवताश्चातिहर्षिताः । प्रशशंसुः पूजयन्तः पप्रच्छुश्चासि केति ताम् ॥ ३२

**देव्युवाच**

अहमेकादशी स्वामिन् ! शक्तिरस्मि तव प्रभो ! । त्वत्तेजसः समुद्भूता तपोरूपात्तपस्विनी ॥ ३३

---

**દુર્જય અને ઉધ્ધત મુરદાનવને ભગવાને પોતાની અંતર્દષ્ટિથી જોયો, ત્યાં જણાયું કે બ્રહ્માજીના વરદાનથી તે મરાતો નથી. તેથી તેમના ઉપર ભગવાન અતિશય ક્રોધાયમાન થયા.[૨૭]**

**હે ભક્તજનો ! જેવો ભગવાને મુરદાનવ ઉપર ક્રોધ કર્યો, તેવામાંજ પોતાની અગિયાર ઈન્દ્રિયોના મહાતેજમાંથી દિવ્ય આયુધોવાળી અતિશય તપસ્વિની એક કન્યાનો પ્રાદુર્ભાવ થયો.[૨૮] રૂપ અને સૌભાગ્ય-સંપન્ન તે કન્યાને જોઈ મુરદાનવ ભગવાનને ભૂલી ગયો અને કન્યાને કહેવા લાગ્યો કે, હે સુંદરી ! તું મને વર. એમ આદરપૂર્વક વારંવાર કન્યાની પ્રાર્થના કરવા લાગ્યો.[૨૯] કામથી અતિશય વિહ્વળ થઈ ગયેલા મુરદાનવને દિવ્યરૂપા કન્યા કહેવા લાગી કે, હે દૈત્ય ! મારી સાથે યુદ્ધ કરી તું રણસંગ્રામમાંથી જીતીને પછી મને પરણ. કારણ કે મારૂં વ્રત છે કે જે મને યુદ્ધમાં જીતી જાય તેજ મારો પતિ થાય.[૩૦] હે ભક્તજનો ! દેવીનાં વચન સાંભળી મુરદાનવ શસ્ત્ર અસ્ત્રથી તે કન્યા સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે સમયે અતિશય ક્રોધાયમાન થયેલી કન્યાએ દુષ્ટબુદ્ધિવાળા તે મુરદાનવનું તલવારથી માથું કાપી નાખ્યું.[૩૧] તે સમયે મુરદાનવના મૃત્યુથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીવાસુદેવ અતિશય પ્રસન્ન થયા અને બ્રહ્માદિ સર્વે દેવતાઓ પણ તે કન્યાનું પૂજન કરી તેની ખૂબજ પ્રશંસા કરવા લાગ્યા ને પૂછવા લાગ્યા કે, હે દેવી ! તમે કોણ છો ?[૩૨] ત્યારે દેવીએ ભગવાન વાસુદેવના ચરણમાં વંદન કરીને ભગવાન પ્રત્યે કહેવા લાગી કે, હે સ્વામિન્ ! હે પ્રભુ ! તપોરૂપ તમારી અગિયાર ઈન્દ્રિયોના તેજમાંથી હું ઉત્પન્ન થઈ છું, તેથી મારૂં નામ એકાદશી છે. તમારા તપના તેજમાંથી પ્રગટી છું. માટે હું તપસ્વિની પણ છું.[૩૩] આ બ્રહ્માંડમાં જે કાંઈ નાનાં મોટાં પાપ હોય કે**

ब्रह्माण्डे यानि पापानि लघूनि च गुरूणि च । दैत्याश्च येऽखिलास्तेषामस्मि संहारकारिणी ॥ ३४
तां प्रसन्नः प्रभुः प्राह त्वदीयेऽद्य दिनेऽनघे ! । आनन्दोऽभूत् त्रिलोक्यां वै सा त्वं वरय मद्वरम् ॥ ३५

**एकादश्युवाच**

यदि तुष्टोऽसि मे देव ! यदि देयो वरो मतः । तर्हि मद्व्रतकर्तृणां सर्वं सिद्ध्यतु वाञ्छितम् ॥ ३६
उपवासं तु यः कुर्यान्मदीये व्रतवासरे । सर्वपापविनिर्मुक्तो भुक्तिं मुक्तिं स चाप्नुयात् ॥ ३७
एकभक्तेन नक्तेन तथैवायाचितेन वा । योऽशक्तोऽपि व्रतं कुर्यात्सोऽपि वाञ्छितमाप्नुयात् ॥ ३८
त्रिषु लोकेषु भगवंश्चतुर्ष्वपि युगेषु च । द्वादशस्वपि मासेषु प्रवर्तेत व्रतं मम ॥ ३९
चतुर्विशतिरूपिण्या मम स्वामी त्वमीश्वर ! । भूत्वानन्दय मां नित्यमित्यैतद्याचितं मम ॥ ४०

**श्रीभगवानुवाच–**

भद्रे ! त्वया वरो मत्तो देवेशैरपि दुर्लभः । याचितोऽसौ तथाप्यद्य प्रसन्नोऽहं ददामि ते ॥ ४१

---

સમસ્ત દૈત્યો હોય કે પછી અસુરો હોય તે સર્વેનો સિંહની જેમ વિનાશ કરનાર છું.[૩૪]

હે ભક્તજનો ! આ પ્રમાણે જ્યારે એકાદશીએ કહ્યું ત્યારે પરમાત્મા વાસુદેવ તેમના ઉપર પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે, હે નિષ્પાપ એકાદશી ! આજના આ તારા પ્રાગટ્યને દિવસે આખી ત્રિલોકીમાં આનંદ આનંદ થઇ રહ્યો છે. હું તારા ઉપર ખૂબજ પ્રસન્ન થયો છું, તું મારી પાસેથી કાંઇક વરદાન માગ.[૩૫] ત્યારે એકાદશી કહેવા લાગી કે, હે દિવ્યમૂર્તિ દેવ ! જો તમે મારા ઉપર ખરેખર પ્રસન્ન થયા હો તો એવું વરદાન આપો કે મારૂં એકાદશીનું વ્રત જે કોઇ કરે તેના સર્વે મનોરથો સિદ્ધ થાય.[૩૬] હે દેવ ! જે મનુષ્ય મારા વ્રતના દિવસે ઉપવાસ કરે તે મનુષ્ય સર્વ પાપથકી મુકાઇ આલોકમાં ભુક્તિ અને મૃત્યુ પછી પરલોકમાં મુક્તિને પામે.[૩૭] કોઇ રોગાદિકથી અશક્ત હોય ને ઉપવાસ ન કરે તો તે માનવ એકવાર ભોજન કરે કે માત્ર રાત્રી ભોજન કરે તથા માગ્યા વિના મળેલા એકવારના ભોજનથી પણ મારૂં વ્રત કરે.[૩૮] તો તેઓના સર્વે મનોરથો સફળ થાય. હે દેવ ! ત્રીજું વરદાન એ માગું છું કે, હે ભગવાન ! ત્રિલોકીમાં ચારે યુગમાં અને બારે મહિનામાં મારૂં વ્રત પ્રવર્તે એવો વર આપો.[૩૯] હે ઈશ્વર ! ચોવીસ સ્વરૂપે રહેલી મારા તમે પતિ થાઓ અને મને નિત્ય આનંદ આપો, આ મારી યાચના છે.[૪૦]

હે ભક્તજનો ! એકાદશીની પ્રાર્થના સાંભળી ભગવાન કહેવા લાગ્યા કે, હે ભદ્રે ! હે પ્રિયે ! તેં બ્રહ્માદિ દેવતાઓને પણ દુર્લભ એવો વર મારી પાસેથી માગ્યો છે. પરંતુ હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તેથી તે વર અત્યારે જ મેં તને

अद्यप्रभृति ये केचित्करिष्यन्ति व्रतं तव । मत्पूजनोत्सवोपेतं ते प्राप्स्यन्त्येव वाञ्छितम् ॥ ४२
व्रतकर्ता तु मोक्षार्थी मोक्षं प्राप्स्यति संसृतेः । सांसारिकसुखार्थी च कामान् सर्वान् हि लप्स्यते ॥ ४३
सर्वान्कामानवाप्स्यन्ति त्वद्व्रतेन यतो नराः । भुक्तिदा मुक्तिदा चातः ख्याता लोके भविष्यसि ॥ ४४
चतुर्विंशतिसङ्ख्याकैः स्वरूपैः केशवादिभिः । चतुर्विंशतिरूपिण्या भविष्यामि पतिस्तव ॥ ४५

श्रीनारायणमुनिरुवाच–

प्रभोः प्राप्तवरा सैवं सन्तुष्टैकादशी गता । भगवान्कारयामास व्रतं तस्यास्तदा निजान् ॥ ४६
चक्रुस्तन्मुनयः सर्वे बदरीवनवासिनः । तत आरभ्य लोकेषु व्रतमेतत्प्रवर्तते ॥ ४७
एकादश्यै वरं दत्त्वा व्रतं तस्याश्च भूतले । प्रवर्तयित्वा भगवान्स्वधाम परमं ययौ ॥ ४८
एकादशी योगनिद्रा विष्णोर्लब्धवराऽथ सा । तदङ्गवासं लक्ष्मीवत्स्वस्याचीकमत ध्रुवम् ॥ ४९
तं प्रसन्नं पुनः कर्तुं श्वेतद्वीपेऽमृतस्थले । तपःप्रिया तपो घोरं साऽकारोच्छतवत्सरान् ॥ ५०

---

આપ્યો.[૪૧] આજથી તારી જન્મ જયંતી માગસરસુદ એકાદશીથી આરંભીને જે કોઈ ભક્તજનો મારી મહાપૂજાના મહોત્સવ સાથે ઉપવાસ કરીને તારૂં વ્રત કરશે તે જનો પોતાના ઈચ્છિત સર્વે મનોરથો ચોક્કસ પ્રાપ્ત કરશે.[૪૨] હે પ્રિયે ! તારું વ્રત કરનારો જો મોક્ષાર્થી હશે તો સંસારથકી મૂકાઈને મુક્તિ પામશે, અને જો સંસારનો સુખાર્થી હશે તો સંસારનાં સર્વે ઈચ્છિત સુખને પામશે.[૪૩] તેથી જે મનુષ્યો તારૂં વ્રત કરવાથી સર્વે મનોરથો પ્રાપ્ત કરવાના હોવાથી લોકમાં તું "ભુક્તિદા" અને "મુક્તિદા" એવા નામથી પ્રસિદ્ધ થઈશ.[૪૪] તું ચોવીસ રૂપવાળી છો તેથી હું પણ કેશવાદિક ચોવીસ સ્વરૂપે સ્વીકાર કરી તારો પતિ થઈશ.[૪૫]

શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! આ પ્રમાણે ભગવાન શ્રીવાસુદેવ પાસેથી વરદાન પ્રાપ્ત કરી એકાદશી ખૂબજ સંતુષ્ટ થઈ. પછી ભગવાને તેનું વ્રત પોતાના સર્વે ભક્તજનો પાસે કરાવ્યું.[૪૬] ત્યારે બદરિકાશ્રમવાસી સર્વે મુનિઓએ પણ એકાદશીનું વ્રત આદરપૂર્વક કર્યું. તે દિવસથી આરંભીને લોકની અંદર આ વ્રત કરવાની પ્રવૃત્તિ થઈ.[૪૭] તે સમયે ભગવાન શ્રીવાસુદેવ પણ એકાદશીને વર આપી, પૃથ્વીપર તેના વ્રતની પ્રવૃત્તિ કરાવી પોતાના ધામમાં સિધાવ્યા.[૪૮] હે ભક્તજનો ! ભગવાન વિષ્ણુ પાસે વરદાન પ્રાપ્ત કરનારી અને યોગનિદ્રા સ્વરૂપા એકાદશીએ લક્ષ્મીજીની જેમ જ પોતાનાં અચળ સ્વરૂપે ભગવાન શ્રી વાસુદેવના અંગને વિષે નિવાસ કરવાની મનમાં ઈચ્છા કરી.[૪૯]તેથી તપપ્રિયા એકાદશી ફરી ભગવાનને પ્રસન્ન કરવા માટે અમૃતસ્થળ એવા શ્વેતદ્વીપધામમાં સો વર્ષ પર્યંત

तस्या भक्त्या च तपसा स प्रसन्नः पुनर्हरिः । तत्समीपमुपेत्याह वरं वरय मत्प्रिये ! ॥ ५१

**एकादश्युवाच-**

यदि प्रसन्नो भवसि प्रभो ! मयि तदा निजे । एकस्मिन्नेव मामङ्गे वासय त्वं रमामिव ॥ ५२

**श्रीभगवानुवाच-**

अधःकट्या मदङ्गं तु गरुडेनात्मसात्कृतम् । वक्षो लक्ष्म्या च चक्राद्यैरायुधैर्बाहवोऽपि मे ॥ ५३
श्रवसी कुण्डलाभ्यां च सरस्वत्या च मे मुखम् । किरीटेन शिरो रुद्धं नेत्रस्थानं तु ते ददे ॥ ५४
अतिप्रियस्य हि स्थानं नेत्रमुक्तं मनीषिभिः । लक्ष्म्या अतिप्रियासि त्वमतो नेत्रे निवासये ॥ ५५
अद्यास्त्याषाढमासस्य शुक्ला ह्येकादशी तिथिः । इत आरभ्य मन्नेत्रे मासांस्त्वं चतुरो वस ॥ ५६
वार्षिकांश्चतुरो मासान्प्रतिवर्षं तपस्विनि ! । धारयित्वा स्वनयने स्वप्स्यामि क्षीरनीरधौ ॥ ५७

---

**ઉગ્ર તપશ્ચર્યા કરી.[૫૦] એકાદશીના તપથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ તેમની સમીપે આવ્યા ને કહેવા લાગ્યા કે, હે પ્રિયે ! મારી પાસેથી કાંઈક વરદાન માગ.[૫૧] તે વચનો સાંભળી એકાદશી કહેવા લાગી કે, હે પ્રભુ ! જો તમે પ્રસન્ન થાય હો તો લક્ષ્મીજીની જેમ મને પણ તમારા કોઈ એક અંગમાં નિવાસ આપો.[૫૨]**

**હે ભક્તજનો ! એકાદશીનું વચન સાંભળી ભગવાન કહેવા લાગ્યા કે, હે પ્રિયે ! કેડની નીચેનો ભાગ તો ગરુડજીએ પોતાનો અનામત કરી રાખ્યો છે, મારું વક્ષઃસ્થળ લક્ષ્મીજીએ આત્મસાત્ કરી રાખ્યું છે. ચારે હસ્ત ચક્રાદિ આયુધોને ભાગે ગયા છે.[૫૩] બન્ને કર્ણ કુંડળોએ સાંખ્ય અને યોગના લક્ષણથી પોતાના કરી રાખ્યા છે. મારા મુખમાં સરસ્વતીએ નિવાસ કર્યો છે, મારા મસ્તકને મુગટે પોતાનું કરી લીધું છે. હવે ખાલી સ્થાન માત્ર મારાં બે નેત્રો છે. તેમાં તને નિવાસ આપું છું.[૫૪] અને હે પ્રિયે ! બુદ્ધિમાન મનુષ્યોએ અતિ પ્રિયપાત્રને માટે નેત્રનું જ સ્થાન કહેલું છે. તું પણ મને લક્ષ્મીજીની પેઠે અતિશય વ્હાલી છો. એથી આજથી તને મારા બન્ને નેત્રોમાં વાસ આપું છું.[૫૫] હે પ્રિયે ! આજે તારી અષાઢ સુદની એકાદશી તિથિ છે. તેથી આજથી આરંભીને ચાર માસ પર્યંત તું મારા નેત્રોમાં નિવાસ કરીને રહે. હે તપસ્વિની ! આવી રીતે પ્રતિવર્ષે ચાતુર્માસમાં તને હું મારાં નેત્રોમાં ધારણ કરી ક્ષીરસાગરમાં શયન કરીશ.[૫૭]**

**હે સુંદરી ! મુરદાનવને મારવા તું મારા તપોરૂપ અગિયાર ઈન્દ્રિયોનાં તેજમાંથી પ્રગટ થઈ છો, તેથી તું યોગનિદ્રા છો. માટે મારાં નેત્રોમાં જે તને નિવાસ આપ્યો તે યોગ્ય જ છે.[૫૮] ક્ષીરસાગરને વિષે શેષશય્યા ઉપર તને મારાં નેત્રોમાં**

त्वं हि जाता तपोरूपादैन्द्रियात्तेजसो मम । हन्तुं दैत्यं मुरं नाम्ना योगनिद्राऽसि सुन्दरि ! ॥ ५८
अब्धौ शेषाहिशयने स्वीकृतायां मया त्वयि । तप एव करिष्यन्ति मद्भक्ता गृहिणोऽपि हि ॥ ५९
मत्प्रीतये तपो योगं मत्पूजां वापि ये नराः । चातुर्मास्ये करिष्यन्ति सिद्धिः शीघ्रं भविष्यति ॥ ६०
इति दत्त्वा वरं तस्यै वासुदेवोऽमृतोदधौ । नेत्रयोर्धारयित्वा तां शेषेऽशेतेव मञ्चके ॥ ६१
त्यक्त्वेन्द्रियाणामाहारं तत्तद्विषयलक्षणम् । वृत्तीस्तेषां समनसां चकार स्वस्वरूपगाः ॥ ६२
निराहारे भगवति योगनिद्रामुपेयुषि । निराहारा चकारास्य पादसंवाहनं रमा ॥ ६३
तदा नन्दसुनन्दाद्याः पार्षदास्तस्य सर्वशः । क्षीराब्धेरुत्तरे तीरे निराहारास्तपोऽचरन् ॥ ६४
तथा मुनिगणास्तत्र तन्मूर्त्यर्पितदृष्टयः । निर्निमेषमतप्यन्त निराहारा जितेन्द्रियाः ॥ ६५

---

ધારણ કરીશ. તે સમયે મારા ગૃહસ્થ ભક્તજનો પણ તપ કરશે.[૫૯] હે પ્રિયે ! જે જનો ચાતુર્માસને વિષે મને રાજી કરવા કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપ કરશે, અષ્ટાંગયોગની સાધના કરશે, મોટી સામગ્રીથી મારી મહાપૂજા કરશે, તે સર્વે જનો તત્કાળ તપની સિદ્ધિ પામશે.[૬૦]

ભગવાન શ્રીહરિ કહે છે, હે ભક્તજનો ! આ પ્રમાણે શ્રીવાસુદેવનારાયણ ભગવાને એકાદશીને વરદાન આપ્યું ને તેને યોગનિદ્રારૂપે નેત્રોમાં ધારણ કરીને ક્ષીરસાગરને વિષે શેષનાગરૂપી પલંગ ઉપર શયન કર્યું .[૬૧]તે સમયે પોતાની ઇંદ્રિયોના આહારનો ત્યાગ કરી મને સહિત સર્વે ઇન્દ્રિયોની વૃત્તિને સ્વસ્વરૂપમાં લીન કરી દીધી.[૬૨] આહારનો ત્યાગ કરી ભગવાને જ્યારે યોગનિદ્રાનો સ્વીકાર કર્યો ત્યારે લક્ષ્મીજી પણ સર્વે ઇન્દ્રિયોના આહાર છોડી ભગવાનની ચરણચંપી કરવા લાગ્યાં.[૬૩] ભગવાનના પાર્ષદો પણ નિરાહાર રહી ક્ષીરસાગરને ઉત્તર કિનારે તપ કરવા લાગ્યા.[૬૪] અને નિર્નિમેષ થઇ દૃષ્ટિ ભગવાનની મૂર્તિમાં સ્થિર કરી. શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્તો પણ નિરાહારી અને જીતેન્દ્રિય થઇ ક્ષીરસાગરના ઉત્તર કિનારે તપશ્ચર્યા કરવા લાગ્યા.[૬૫] હે ભક્તજનો ! તેથી ચતુર્માસમાં સર્વે ભક્તજનોએ યથાશક્તિ તપ કરવું. અને લક્ષ્મીની સાથે વાસુદેવ ભગવાનનું પૂજન કરવું.[૬૬] આ રીતે ભગવાન તપોરૂપા યોગનિદ્રાનો નેત્રોમાં સ્વીકાર કરીને શયન કરે છે, ત્યારે ક્ષીરસાગર નિવાસી સર્વે મુક્તો, પાર્ષદો પોતાના અંતરમાં બહુ જ ખેદ પામે છે.[૬૭] એ પાર્ષદો તથા મુક્તોને પોતાની ઉગ્ર તપશ્ચર્યાથી ક્યારેય પણ ખેદ થતો નથી. પરંતુ પોતાના સ્વામીનું કષ્ટ જોઇ તેમને વિષે પ્રીતિ હોવાથી તેમને બહુજ ખેદ થાય છે.[૬૮] હે ભક્તજનો ! વિવેકી એવા ગૃહસ્થ ભક્તજનો પણ ભગવાનમાં

चातुर्मास्ये ततः सर्वैर्यथाशक्ति तपोजनाः ! । कर्तव्यं वासुदेवस्य सह लक्ष्म्या च पूजनम् ॥ ६६
योगनिद्रां तपोरूपां हरावित्थं तु बिभ्रति । खिद्यन्ते हृदि ते भक्ताः क्षीराब्धितटवासिनः ॥ ६७
नोग्रेणाप्यात्मतपसा तेषां खेदोऽभवत्क्वचित् । कष्टं तु स्वामिनो वीक्ष्य खिन्नास्ते भक्तभावतः ॥ ६८
भुवि मङ्गलकृत्यानि चातुर्मास्ये बुधाः क्वचित् । गृहिणोऽपि न कुर्वन्ति कुर्वन्त्येव तपस्त्वतः ॥ ६९
चातुर्मास्ये व्यतीतेऽथ कार्तिकैकादशीदिने । जागर्ति भगवांस्तर्हि जायते ह्युत्सवो महान् ॥ ७०
आनन्दं परमं प्राप्य मुनयः पार्षदास्तथा । महेन्द्रमुख्या सगणाः देवाश्चार्चन्ति तं प्रभुम् ॥ ७१
दिव्यैरनेकोपचारैर्वादयन्तः स्वदुन्दुभीन् । योगेश्वरं तमर्चन्ति लक्ष्म्या युक्तं सुरास्तदा ॥ ७२
अत्यानन्दो भवत्येव ब्रह्माण्डेऽप्यखिले जनाः ! । एकादश्यामूर्जशुक्ले ततो ह्येषाऽधिका मता ॥ ७३
एषा जन्मतिथिश्चास्ति साक्षाद्धर्मस्य मत्पितुः । आत्रेयमुनिशप्तस्य ततोऽपीष्टाऽस्ति नः खलु ॥ ७४
योगेश्वरो वासुदेवः प्रातरस्यां सह श्रिया । पूज्यश्च भक्त्या सहितो धर्मदेवो मदाश्रितैः ॥ ७५

---

હેત હોવાથી ચાતુર્માસમાં યજ્ઞોપવિત સંસ્કાર કે લગ્ન વગેરે મંગલકાર્યો કરતા નથી. પરંતુ માત્ર તપઃપરાયણ સમય પસાર કરે છે.[૬૯] અને પછી જ્યારે ચાતુર્માસ વ્યતીત થાય અને કાર્તિક સુદી એકાદશીએ ભગવાન જ્યારે જાગે ત્યારે મોટો આનંદનો ઉત્સવ મનાવે છે.[૭૦]

હે ભક્તજનો ! મુનિજનો તથા પાર્ષદો તેમજ પોતપોતાના ગણોએ સહિત બ્રહ્મા, શિવ, ઈન્દ્રાદિ દેવતાઓ પણ પરમ આનંદ પામે છે અને દિવાળી મનાવી ભગવાનનું પૂજન કરે છે.[૭૧] તથા પોતપોતાનાં દુંદુભિ આદિ વાજિંત્રો વગાડી અનેક દિવ્ય ઉપચારોથી લક્ષ્મીજીએ સહિત ભગવાન શ્રી યોગેશ્વરનું પૂજન કરે છે.[૭૨] હે ભક્તજનો ! કાર્તિકસુદ એકાદશીના દિવસે ભગવાન જાગે છે તેથી સમગ્ર બ્રહ્માંડમાં અતિશય આનંદ છવાઈ જાય છે. તેથી સર્વે કરતાં આ પ્રબોધની એકાદશીનો અધિક મહિમા કહેલો છે.[૭૩] હે ભક્તજનો ! દુર્વાસા મુનિનો શાપ પામેલા મારા પિતાજી ધર્મદેવની પણ આજે જ પ્રાગટ્ય તિથિ છે. તેથી આ તિથિ આપણ સર્વને માટે વધારે પ્રિય છે.[૭૪] હે ભક્તજનો ! આજના દિવસે પ્રાતઃકાળે મારા આશ્રિત સર્વે ભક્તજનોએ લક્ષ્મીદેવીએ સહિત યોગેશ્વર ભગવાનનું પૂજન કરી, ભક્તિદેવીએ સહિત ધર્મદેવનું પણ પૂજન કરવું.[૭૫] હે ભક્તજનો ! સાયંકાળે પ્રબોધની એકાદશીના પતિ દામોદર નામના શ્રીવાસુદેવ ભગવાનનું રાધાએ સહિત પૂજન કરવું.[૭૬] તેમજ આ એકાદશીની રાત્રીએ બ્રહ્મચર્યાદિ નિયમોનું પાલન કરવા પૂર્વક ઉપવાસ કરી હરિભજન સાથે જાગરણ કરવું, પછી બારસના દિવસે સર્વેનું ઉત્તર

एकादश्यधिपश्चार्च्यो राधया सहितो जनाः ! । प्रदोषकाले भगवान् प्रीत्या दामोदराभिधः ॥ ७६
उपवासो जागरश्च ब्रह्मचर्यादिभिर्यमैः । सहात्र कार्यो द्वादश्यां पुनश्चोत्तरपूजनम् ॥ ७७
सन्तर्प्य भगवद्भक्तान्ब्राह्मणांश्चेष्टभोजनैः । सह स्वेष्टजनैः कार्या व्रतिभिः पारणा ततः ॥ ७८
आरभ्यैकादशीं भक्ता ! दिनानां पञ्चकं सुराः । महोत्सवं प्रकुर्वन्ति क्षीराब्धौ मुनिभिः सह ॥ ७९
दिनपञ्चक एतस्मिन्ग्रहदोषोऽपि नास्ति वै । ब्राह्मणानामपि ततो भवेदुद्वाहमङ्गलम् ॥ ८०
प्रबोधन्युत्सवो ह्येष प्रतिवर्षं मदाश्रितैः । अवश्यमेव कर्तव्यः सर्वव्रतफलप्रदः ॥ ८१
औद्धीवीये सम्प्रदाये सर्वाप्येकादशी तिथिः । उपोषितव्या पुरुषैर्नारीभिश्चात्मशुद्धये ॥ ८२
एकादशीं वासुदेव आत्मीयामेव यत्तिथिम् । चकारातः सदोपोष्या शुक्ला कृष्णा च साखिलैः ॥ ८३
यतिभिर्विधवास्त्रीभिस्त्वेषोपोष्या विशेषतः । अन्यथा ब्रह्महत्या स्यात्तेषां तासां दिने दिने ॥ ८४
एकादशीनां सर्वासामशक्ता य उपोषणे । कुर्युस्ते फलनक्ताद्यैरनुकल्पैरपि व्रतम् ॥ ८५

---

**પૂજન કરવું.[૭૭] તે નિમિત્તે ભગવાનના ભક્ત બ્રાહ્મણોને ઈચ્છિત ભોજન જમાડી તૃપ્ત કરવા, ત્યારપછી વ્રત કરનારોએ પોતાના પ્રિયજનોની સાથે પારણાં કરવાં.[૭૮]**

**હે ભક્તજનો ! તે સમયે દેવતાઓ, મુનિજનોને સાથે રાખી એકાદશીથી આરંભીને પાંચ દિવસ પર્યંત ક્ષીરસાગરને ઉત્તર કિનારે મોટો મહોત્સવ ઉજવી ''દેવદિવાળી'' મનાવે છે.[૭૯] આ પાંચ દિવસ સુધી કોઈ પણ જાતના ગ્રહોના દોષો નડતા નથી. તેથી બ્રાહ્મણોના વિવાહ આદિક મંગલકાર્યો આજ દિવસોમાં થાય છે.[૮૦] હે ભક્તજનો ! મારા આશ્રિત સર્વે ભક્તજનોએ સર્વે વ્રતોનું ફળ આપતો આ પ્રબોધનીનો ઉત્સવ પ્રતિ વર્ષે અવશ્ય ઉજવવો.[૮૧] તેમજ ઉદ્ધવસંપ્રદાયના સર્વે નરનારીઓએ પ્રત્યેક એકાદશીના ઉપવાસો પોતાના આત્માની શુદ્ધિને માટે અવશ્ય કરવા.[૮૨] શ્રીવાસુદેવ ભગવાને એકાદશીની તિથિને પોતાની કરીને સ્વીકારી છે તેથી સમસ્ત મારા આશ્રિત ભક્તજનોએ સુદ પક્ષની કે વદ પક્ષની બન્ને એકાદશીએ ઉપવાસ કરવા.[૮૩] હે ભક્તજનો ! સંન્યાસી તેમજ વિધવા સ્ત્રીઓએ તો વિશેષપણે એકાદશીના ઉપવાસ કરવા અને જો એમ ન કરે તો તેને દિવસે દિવસે બ્રહ્મહત્યાનો દોષ લાગે છે.[૮૪] જે પુરુષો એકાદશીના દિવસે ઉપવાસ કરવા અસમર્થ હોય તે પુરુષોએ ગૌણ પક્ષનો સ્વીકાર કરી ફલાહાર કરીને કે રાત્રી ભોજન કરીને એકાદશીનું વ્રત અવશ્ય કરવું.[૮૫] ફલાહારાદિથી પણ વ્રત કરવામાં અશક્ત મનુષ્યોએ બાર માસ નહિ તો માત્ર ચાતુર્માસની એકાદશીઓના તો ઉપવાસ અવશ્ય કરવા.[૮૬] હે ભક્તજનો ! જે ચાતુર્માસની એકાદશીના પણ**

ईदृशाः पुरुषा ये स्युरशक्ता योषितोऽपि च । चातुर्मास्यैकादशिकास्तैरुपोष्याः प्रयत्नतः ॥ ८६
तत्राप्यशक्तैः पुरुषैः फलमूलाशनं जनाः ! । विधाय तद्व्रतं कार्यं दानपूजासमन्वितम् ॥ ८७
अपि तादृग्विधैः पुम्भिरुपोष्यास्तिस्र आदरात् । शयनी बोधनी चैव तृतीया परिवर्तिनी ॥ ८८
तासामप्यधिका ह्येषा बोधन्यानन्ददायिनी । उपोष्यावश्यमखिलैः सकृद्विर्वाम्बुपायिभिः ॥ ८९
एकेनाप्युपवासेन प्रबोधन्याः कृतेन वै । एकादशीनां सर्वासां निराहारफलं भवेत् ॥ ९०
व्यावहारिकविक्षेपो न येषां धनिनश्च ये । महापूजा तु तैः कार्या सर्वास्वेकादशीष्वपि ॥ ९१
श्रीकृष्णो निर्गुणो यस्तु सर्वकारणकारणम् । स मध्यकलशे पूज्यः सर्वतोभद्रमण्डले ॥ ९२
पञ्चरात्रप्रसिद्धाभिः शक्तिभिः सह तस्य याः । मूर्तयः केशवाद्यास्ताः पूज्यास्तत्परिमण्डले ॥ ९३
पञ्चामृतेन स्नपनमभिषेको महांस्तथा । महानैवेद्यदानं च महा नीराजनं प्रभोः ॥ ९४

---

ઉપવાસ કરવા અસમર્થ હોય તેમણે ફળ કે મૂળનો આહાર કરી દાન, પૂજાની સાથે તે વ્રત કરવું.[૮૭]

હે ભક્તજનો ! ચાતુર્માસમાં પણ ફલાહાર કરીને એકાદશીનાં વ્રત કરતા પુરુષોએ પણ અષાઢસુદ દેવપોઢીની, ભાદરવાસુદ પરિવર્તિની અને કાર્તિકસુદ પ્રબોધિની આ ત્રણ એકાદશીએતો આદરપૂર્વક ઉપવાસ કરવા.[૮૮] એ ત્રણમાં પણ સર્વ કરતાં વધુ આનંદ આપનારી આ પ્રબોધિની એકાદશી તિથિ છે તેનો મહિમા અધિક છે, તેથી દિવસમાં એક કે બે વાર જળપાન કરીને સમસ્ત ભક્ત નરનારીઓએ અવશ્ય ઉપવાસ કરવો.[૮૯] આ એક પ્રબોધનીનો ઉપવાસ કરવાથી સર્વે એકાદશીઓના નિરાહાર ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે.[૯૦] હે ભક્તજનો ! જે ગૃહસ્થ ભક્તજનોને વ્યવહારિક પ્રવૃત્તિનો વિક્ષેપ ન હોય તેવા ધનવાન ગૃહસ્થપુરુષોએ સર્વે એકાદશીઓના દિવસે ભગવાનની મહાપૂજા કરાવવી.[૯૧] મહાપૂજામાં સર્વકારણના કારણ, નિર્ગુણ શ્રીકૃષ્ણ ભગવાનનું સર્વતોભદ્ર મંડળની રચના કરી મધ્યે કળશનું સ્થાપન કરી તેમાં પૂજન કરવું.[૯૨] પાંચરાત્રશાસ્ત્રમાં પ્રસિદ્ધ પણે પ્રતિપાદન કરેલી શક્તિઓની સાથે ભગવાનની કેશવાદિ જે ચોવીસ મૂર્તિઓ તે સર્વેનું ભગવાન શ્રીકૃષ્ણની ચારે બાજુ સ્થાપન કરી મંડલાકાર પ્રદેશમાં પૂજન કરવું.[૯૩] હે ભક્તજનો ! શ્રીકૃષ્ણ ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવવું, તથા મહાઅભિષેક કરવો, તથા મહાનૈવેદ્ય ધરવું, પછી મહાઆરતી કરવી.[૯૪] આ સર્વે કર્મો સત્શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે પ્રત્યેક એકાદશીએ કરવાં. જો સર્વે એકાદશીએ મહાપૂજા કરવા અસમર્થ પુરુષો ચાતુર્માસની એકાદશીએ અવશ્ય

एतत्सर्वं हि शास्त्रोक्तं कार्यमेकादशीदिने । सर्वत्र कर्तुं योऽशक्त: स चातुर्मास्य आचरेत् ॥ ९५
तत्राप्यशक्तो बोधन्यां कुर्यादेव महोत्सवम् । वित्तशाठ्यं न कर्तव्यं धनिकैरत्र मामकैः ॥ ९६
एकादशी तिथि: प्रेष्ठा वासुदेवस्य सद्धियः ! । ततस्तत्रोत्सवः कार्यो विशेषेण मदाश्रितैः ॥ ९७
य एतां नैव मन्येत तिथिं स तु पुमाङ्गनाः ! । औद्धवीयाध्वनो बाह्यो भवतीत्यवगम्यताम् ॥ ९८

**सुव्रत उवाच–**

एतन्निशम्यातिमुदं प्रपन्ना महामुनेस्तस्य वचो जनास्ते ।
विधिं व्रतस्यास्य बुभुत्सवस्तं पुनः स्म पृच्छन्ति हरिं नरेश ! ॥९९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे एकादश्युत्पत्तितद्वरदानादिनिरूपणनामा द्वात्रिंशोऽध्यायः॥३२॥*

---

મહાપૂજા કરવી.[૯૫] તેમાં પણ જે અશક્ત હોય તેમણે પ્રબોધની એકાદશીને દિવસે તો અવશ્ય મહાપૂજાનો ઉત્સવ કરવો. તેમાં મારા આશ્રિત ધનવાન ભક્તજનોએ ધન વાપરવામાં કંજૂસાઇ ન કરવી.[૯૬] હે સદ્‌બુદ્ધિમાન ભક્તજનો ! એકાદશીની તિથિ શ્રીવાસુદેવ ભગવાનને અતિશય પ્રિય છે. તેથી મારા આશ્રિત ભક્તજનોએ એકાદશીના દિવસે વિશેષ ઉત્સવ ઉજવવો.[૯૭] હે ભક્તજનો ! જે નર-નારી એકાદશીનો આદર ન કરે તેને આપણા ઉદ્ધવસંપ્રદાય થકી બહાર જાણવો.[૯૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુનિજનોના રાજાધિરાજ ભગવાન શ્રીહરિનું આવી રીતનું વચન સાંભળીને સભામાં બેઠેલા સર્વે સંતો તથા ભક્ત નરનારીઓ અતિશય પ્રસન્ન થયા અને એકાદશીવ્રતનો વિધિ વધુ જાણવાની ઇચ્છાથી ફરી શ્રીહરિને પૂછવા લાગ્યા.[૯૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ ઉપર એકાદશીની ઉત્પત્તિ અને ભગવાન દ્વારા તેને મળેલાં વરદાન આદિનું નિરૂપણ કર્યું એ નામે બત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૨--***

---

अथ त्रयत्रिंशोऽध्यायः - ३३

जना ऊचुः-

एकादशी व्रतमिदं विधिना केन सत्पते ! । अस्माभिरिह कर्तव्यं वक्तुमर्हसि तद्धि नः ॥ १

श्रीनारायणमुनिरुवाच-

एकादशीव्रतविधिं स्मृतिवाक्यैः सनिर्णयम् । मदाश्रितेभ्यो वक्ष्यामि स्निग्धेभ्यो वोऽहमादरात् ॥ २
उदयात्प्राक् चतस्रस्तु घटिका अरुणोदयः । पलमात्रमपि त्याज्यं दशम्यास्तत्र सर्वथा ॥ ३
शुद्धा विद्धा द्वयी नन्दा त्रेधा न्यूनसमाधिकैः । षट्प्रकाराः पुनस्त्रेधा द्वादश्यूनसमाधिकैः ॥ ४

---

## અધ્યાય - ૩૩

### ભગવાન શ્રીહરિએ ભક્તજનોના પૂછવાથી એકાદશીના વ્રતવિધિનું કરેલું વિસ્તારથી વર્ણન.

ભક્તજનો કહે છે, હે સત્પતે ! આ એકાદશીનું વ્રત અમારે આલોકમાં કેવા વિધિથી કરવું એ અમને આપ યથાર્થ સંભળાવો.[૧] પરમકૃપાળુ ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! મારે વિષે અતિશય સ્નેહવાળા મારા આશ્રિત તમને સર્વેને સ્મૃતિઓનાં વચનોથી યથાર્થ નિર્ણય પામેલો એકાદશીનો વ્રતવિધિ હું સંભળાવું છું.[૨] હે ભક્તજનો ! સૂર્યોદય પહેલાંનો ચાર ઘડી (દોઢકલાક) નો સમય અરુણોદયકાળ કહેલો છે. તે કાળમાં દશમી તિથિ એક પલ પણ આવી જતી હોય તો તે એકાદશી વ્રતમાટે સર્વથા છોડી દેવી. અર્થાત્ પંચાવન ઘડીની રાત્રીથી એક પળ પણ વધારે દશમી તિથિ છપ્પનમી ઘડીમાં પ્રવેશી જતી હોય તો તે તિથિ એકાદશી તરીકે ક્યારેય સ્વીકારવી નહિ. કારણ કે દશમી તિથિની વેધવાળી એકાદશી માન્ય નથી.[૩]

હે ભક્તજનો ! એકાદશી બે પ્રકારની છે. એક શુદ્ધ અને બીજી વેધવાળી, એ બે પ્રકારમાં પણ ન્યૂન, સમ અને અધિક આ ત્રણ પ્રકારના ભેદ પડતાં એકાદશી તિથિ છ પ્રકારની થઈ. તે આ પ્રમાણે શુદ્ધન્યૂના, શુદ્ધસમા, શુદ્ધાધિકા, વિદ્ધાન્યૂના, વિદ્ધાસમા અને વિદ્ધાધિકા આ છ પ્રકારો છે. તેમાં બારસની તિથિના પણ ત્રણ પ્રકાર ન્યૂન, સમ અને અધિક ભેદ છે. તે આ છ પ્રકારમાં જોડાતાં એકાદશી તિથિમાં અઢાર પ્રકારના ભેદ થયા. તે આ પ્રમાણે છે. ૧. શુદ્ધન્યૂન-ન્યૂનદ્વાદશિકા, ૨. શુદ્ધન્યૂન-સમદ્વાદશિકા. ૩. શુદ્ધન્યૂન-અધિકદ્વાદશિકા, ૪. શુદ્ધસમ-

एवमष्टादशविधा प्रोक्ता पूर्वैर्महर्षिभिः । विद्धायास्तत्र हेयत्वाच्छुद्धायां किञ्चिदुच्यते ॥ ५
आदित्योदयवेलायाः प्रांमुहूर्तद्वयान्विता । एकादशी तु सम्पूर्णा शुद्धा च परिकीर्तिता ॥ ६
एकादशी द्वादशी वाऽधिका चेत्त्यज्यतां दिनम् । पूर्वं ग्राह्यं तूत्तरं स्यादिति वैष्णवनिर्णयः ॥ ७
एकादशी यदा लुप्ता परतो द्वादशी भवेत् । उपोष्या द्वादशी तत्र यदीच्छेत्परमां गतिम् ॥ ८
दशमीमिश्रिता पूर्वा द्वादशी यदि लुप्यते । उपोष्या द्वादशी तत्र त्रयोदश्यां तु पारणम् ॥ ९

---

ન્યૂનદ્વાદશિકા, ૫. શુદ્ધસમ-સમદ્વાદશિકા. ૬. શુદ્ધસમાધિકદ્વાદશિકા, ૭. શુદ્ધાધિકન્યૂનાદ્વાદશિકા, ૮. શુદ્ધાધિકસમદ્વાદશિકા, ૯. શુદ્ધાધિકાધિકદ્વાદશિકા, ૧૦. વિદ્ધન્યૂનન્યૂનદ્વાદશિકા, ૧૧. વિદ્ધન્યૂનસમદ્વાદશિકા, ૧૨. વિદ્ધન્યૂનાધિકદ્વાદશિકા, ૧૩. વિદ્ધસમન્યૂનદ્વાદશિકા, ૧૪. વિદ્ધસમસમદ્વાદશિકા, ૧૫. વિદ્ધાધિકસમદ્વાદશિકા, ૧૬. વિદ્ધાધિકન્યૂનદ્વાદશિકા, ૧૭. વિદ્ધાધિકસમદ્વાદશિકા, ૧૮. વિદ્ધાધિકાધિકદ્વાદશિકા. આ પ્રમાણે શુદ્ધ અને વેધવાળી એકાદશી તિથિમાં અઢાર ભેદ છે.[૪]

હે ભક્તજનો ! આ અઢાર પ્રકારના ભેદ પૂર્વે ઋષિમુનિઓએ પાડ્યા છે. તેમાં વેધવાળા નવ પ્રકારનો તો વૈષ્ણવોએ સર્વથા ત્યાગ કરી દેવો. પરંતુ શુદ્ધ ના નવ ભેદ છે તેમાંથી પણ અમુક ત્યાગ કરવા યોગ્ય છે તે તમને કહું છું.[૫] હે ભક્તજનો ! સૂર્યોદય પહેલાં ચારઘડીમાં એકાદશી તિથિ હોય તો તે સંપૂર્ણ શુદ્ધ છે. કારણ કે તેમાં દશમી તિથિનો કોઈ વેધ નથી. તેમાં પણ જો એકાદશી અધિક તિથિ હોય અર્થાત્ પહેલા દિવસે સાઠ ઘડીની પૂર્ણ હોય અને બીજે દિવસે માત્ર એક ઘડીની હોય તો બે એકાદશી થઈ. તેમાંથી પૂર્વની સાઠ ઘડીવાળીનો ત્યાગ કરવો. પરંતુ બીજે દિવસે ઊગતી એકાદશી તિથિ એકઘડીવાળી અને બારસના વેધવાળી હોવા છતાં તે દિવસે જ વૈષ્ણવોએ વ્રત કરવું. અથવા બારસ અધિક હોય તો એકાદશીની તિથિ ભલે શુદ્ધ હોય છતાં બે બારસને કારણે પહેલી બારસની તિથિએ વ્રત કરવું. આવો વૈષ્ણવોનો નિર્ણય છે.[૬-૭]

હે ભક્તજનો ! જો એકાદશીની તિથિનો ક્ષય હોય, સાક્ષાત્ સૂર્યોદય વખતે એક ઘડી દશમી તિથિ હોય પછીથી એકાદશીની તિથિ બેસે, તે પણ પંચાવન ઘડીથી ઓછી હોય અને છપ્પનમી ઘડી પહેલાં બારસ આવી જતી હોય તો તેમાં એકાદશી તિથિનો ક્ષય ગણાય. તેથી બીજે દિવસે બારસની તિથિ હોય તેમાં પણ

सम्पूर्णैकादशीं त्याज्या परतो द्वादशी यदि । उपोष्या द्वादशी तत्र द्वादश्यामेव पारणम् ॥ १०
नवमी पलमेकं स्याद्दशमी परतो यदि । उपोष्या द्वादशी शुद्धा त्रयोदश्यां तु पारणम् ॥ ११
अविद्धैकादशी स्याच्च द्वादशी वृद्धिगामिनी । यदा तदोपवासस्तु शक्तैः कार्यो दिनद्वये ॥ १२
द्वादश्यामेव चाशक्तैर्विष्णुभक्तैरुपोषणम् । कर्तव्यं सोत्सवं भक्त्या द्वादश्यामेव पारणम् ॥ १३
एकादशीमुपोष्याथ द्वादशीं समुपोषयेत् । न तत्र विधिलोपः स्याद्देवो यदुभयोर्हरिः ॥ १४
दशमी पञ्चपञ्चाशद्घटिका यावदेव हि । तावन्न दशमीवेधः प्रोक्तः प्रोक्तस्तदुर्ध्वतः ॥ १५

પરમગતિને ઇચ્છતા વૈષ્ણવોએ બારસની તિથિએ જ એકાદશીનું વ્રત કરવું.[૮] હે ભક્તજનો ! એકાદશીને દિવસે સૂર્યોદય પૂર્વે છપ્પનમી ઘડીમાં માત્ર એક પળ દશમી તિથિ આવી જતી હોય તો એકાદશી દશમના વેધવાળી ગણાય અને તેમાં પણ તે એકાદશી આખો દિવસ ભલે સાઠઘડીની હોય છતાં બીજે દિવસે બારસની તિથિનો ક્ષય હોય અર્થાત્ બારસની તિથિ અઠાવન ઘડીની હોય પછી તેરસ બેસી જતી હોય ત્યારે પણ દશમના વેધવાળી એકાદશી તિથિને છોડીને ક્ષયવાળી બારસને દિવસે વ્રત કરવું, અને પારણાના સમયે ભલે તેરસ હોય છતાં પણ બારસની જ તિથિ એકાદશીના વ્રતમાટે લેવી. પરંતુ દશમીની વેધવાળી તો નજ લેવી.[૯] જો એકાદશી સંપૂર્ણ શુદ્ધ હોય બીજે દિવસે બારસ હોય. તે બારસ ત્રીજે દિવસે સાઠઘડીની રાત્રી વટાવીને સૂર્યોદયમાં પ્રવેશી જતી હોય ત્યારે બે બારસ થઇ ગણાય. તેથી શુદ્ધ એકાદશીની તિથિ છોડીને પહેલી બારસના ઉપવાસ કરી, બીજી બારસનાં પારણાં કરવાં.[૧૦] સૂર્યોદય વખતે નવમી તિથિ માત્ર એક પળની હોય પછી દશમીતિથિ ચાલતી હોય. પરંતુ બીજે દિવસે સૂર્યોદય સમયે એકાદશી હોય તો દશમી તિથિનો ક્ષય થયો ગણાય. અર્થાત્ બે નવમી હોય અને દશમનો ક્ષય હોય અને એકાદશી સંપૂર્ણ હોય અને બારસ પણ સંપૂર્ણ હોય તો એકાદશીની તિથિએ વ્રત છોડીને શુદ્ધ બારસના વ્રત કરવું અને તેરસનાં પાંરણા કરવાં.[૧૧]

જો એકાદશી દશમ વગરની શુદ્ધ હોય, બીજે દિવસે બારસ પણ શુદ્ધ હોય અને ત્રીજે દિવસે પણ સૂર્યોદય વ્યાપ્તબારસ હોય તેથી બારસ બે થઇ. તે વખતે સમર્થ પુરુષોએ શુદ્ધ એકાદશી અને પહેલી શુદ્ધ બારસ, બન્ને દિવસે ઉપવાસ કરવા ને બીજી બારસનાં પારણાં કરવાં.[૧૨] જો બે દિવસ ઉપવાસ કરવા અસમર્થ હોય તો એકાદશી છોડીને પહેલી શુદ્ધ બારસનો ઉપવાસ કરવો અને બીજી બારસે પારણાં કરવાં.[૧૩] હે ભક્તજનો ! પહેલા શુદ્ધ એકાદશીનો ઉપવાસ કરી બીજી

एवमेव हि गोस्वामिविठ्ठलेशमतं ततः । मदीयैरपि युष्माभिस्तदेव ग्राह्यमादरात् ॥ १६
बहुवाक्यविरोधेऽथ सन्देहे च तिथेर्विदाम् । उपोष्या द्वादशी शुद्धा त्रयोदश्यां तु पारणम् ॥ १७
एकादशी प्रमादेन विस्मृता स्याद्यदा तदा । परेऽह्नि द्वादशीमेव समुपोष्य व्रतं चरेत् ॥ १८
एकादशेन्द्रियाणां यत्तत्तद्विषयलक्षणम् । हित्वाऽऽहारं वासुदेवसम्मुखत्वमखण्डितम् ॥ १९
एकादशीव्रतस्यैतन्मुख्यं भवति लक्षणम् । उपवासो निराहार एष एव मतो बुधैः ॥ २०
उपावृत्तस्य पापेभ्यो यस्तु वासो गुणैः सह । उपवासः स विज्ञेयः सर्वभोगविवर्जितः ॥ २१
तज्जप्यजपनं ध्यानं तत्कथाश्रवणादयः । उपवासकृतामेते गुणाः प्रोक्ता मनीषिभिः ॥ २२

---

શુદ્ધબારસનો પણ ઉપવાસ કરે ત્યારે બે ઉપવાસમાં પારણાં કરવાના વિધિનો લોપ થતો નથી. કારણ કે એકાદશી અને બારસ બન્ને તિથિના દેવતા એક ભગવાન વાસુદેવ જ છે.[૧૪] જ્યાં સુધી પંચાવન ઘડીની દશમી તિથિ હોય ત્યાં સુધી દશમનો વેધ ન કહેવાય, પરંતુ પંચાવન ઘડીથી એક પળ પણ વધારે દશમી હોય તો પણ તે એકાદશી દશમના વેધવાળી જ ગણાય, આવો ગોસ્વામી વિઠ્ઠલનાથજીનો મત છે. તેથી મારા આશ્રિત એવા તમારે ગોસ્વામીના મતનો જ સ્વીકાર કરવો. તેમાં પણ જો તિથિ બાબતે પરસ્પર બહુવચનોનો વિરોધ આવતો હોય અથવા જ્યોતિષશાસ્ત્રની ગણનામાં પરસ્પર વિરોધ આવતો હોય ત્યારે શુદ્ધ બારસનો ઉપવાસ કરી તેરસનાં પારણાં કરવાં.[૧૫-૧૭] હે ભક્તજનો ! કદાચ ક્યારેક આળસમાં અસાવધાનીના કારણે શુદ્ધ એકાદશીવ્રત કરવાનું ભૂલાઈ જાય તો બીજે દિવસે બારસના ઉપવાસ કરીને વ્રત કરવું, પણ એકાદશીનું વ્રત જવા દેવું નહિ.[૧૮]

**ઉપવાસનું લક્ષણ :–** હે ભક્તજનો ! ઉપવાસ કોને કહેવાય તે કહું છું. દશ ઇંદ્રિયો અને અગિયારમું મન. આ અગિયારે પોતપોતાના વિષયના આહારનો ત્યાગ કરીને ભગવાન શ્રીવાસુદેવનું અખંડ સાનિધ્યપણું રાખે. આ એકાદશીના ઉપવાસનું મુખ્ય લક્ષણ છે. અને વિવેકી પુરુષો આને જ નિરાહાર ઉપવાસ કહે છે.[૧૯-૨૦]બીજું શાસ્ત્રનિષિદ્ધ કર્મોના પાપથકી નિવૃત થયેલા મનુષ્યનો કહેલા ગુણોની સાથે નિવાસ તેને ઉપવાસ કહેલો છે. સર્વે માયિક વિષય ભોગથી નિવૃત્ત થવું તેને ઉપવાસ કહેલો છે.[૨૧] વિદ્વાન પુરુષોએ ઉપવાસ કરનારાજનો માટે વ્રતના ઈષ્ટદેવ વાસુદેવ ભગવાનના જપવા યોગ્ય મંત્રનો જપ કરવોલ તેમની મૂર્તિનું ધ્યાન કરવું, કથા સાંભળવી અને પૂજા કરવી આદિક મુખ્ય ગુણો કહેલા છે.[૨૨] તેમજ પર અપરાધને ક્ષમા આપવી. સર્વ જીવપ્રાણીમાત્રનું હિત થાય તેવું

क्षमा सत्यं दया शौचं दानमिन्द्रियनिग्रहः । देवपूजाग्निहवनं सन्तोषः स्तेयवर्जनम् ॥ २३
एकादशं ब्रह्मचर्यमहिंसा रसवर्जनम् । सर्वव्रतेषु सामान्या धर्मा एते त्रयोदश ॥ २४
स्मृतिश्चालोकनं गन्धः स्वादनं चापि कीर्तनम् । अन्नस्य सर्वथा वर्ज्यमुपवासं प्रकुर्वता ॥ २५
पतितान्नास्तिकान्हिंस्त्रानन्त्यजान्वेदनिन्दकान् । नाभिभाषेत नेक्षेत न स्पृशेच्च व्रती नरः ॥ २६
अनातुरोऽसकृन्नैव पिबेत्तोयं व्रती क्वचित् । इन्द्रियक्षोभजननं भक्षयेन्न च किञ्चन ॥ २७
गात्राभ्यङ्गं शिरोभ्यङ्गं ताम्बूलं चानुलेपनम् । व्रतस्थो वर्जयेदेव खट्वायां शयनं तथा ॥ २८
स्त्रीणां सम्प्रोक्षणात्स्पर्शात्ताभिः सङ्कथनादपि । विपद्यते ब्रह्मचर्यं स्वदारेषु तु सङ्गमात् ॥ २९
प्राप्त आवश्यके कार्ये भाषणे तु परस्त्रिया । स्पर्शे वापदि संवृत्ते न दोषो गृहिणां स्मृतः ॥ ३०

---

સત્ય વચન બોલવું. યથાશક્તિ પરોપકાર કરવારૂપ દયા કરવી, બહાર અંદર પવિત્ર રહેવું, પાત્રમાં યથાશક્તિ પોતાને પ્રિય પદાર્થનું દાન કરવું, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, વ્રતના દેવની મહાપૂજા કરવી, વૈષ્ણવાગ્નિમાં હોમ કરવો, સંતોષ રાખવો, પારકા પદાર્થની ચોરી ન કરવી, બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું, હિંસા ન કરવી, રસાસ્વાદનો ત્યાગ કરવો, આ તેર ગુણોની સાથે વાસ કરવો. આ ગુણો સર્વવ્રતમાં સરખા આચરવાના પણ જાણવા.[૨૩-૨૪]

હે ભક્તજનો ! ઉપવાસના દિવસે અન્નનું ચિંતવન, દર્શન, સુગંધ, માત્ર સ્વાદ જોવા ખાતર એક કણનું પણ ભક્ષણ અને તેના ગુણ અવગુણનું વર્ણન સર્વથા છોડી દેવું એ જ સાચો ઉપવાસ છે.[૨૫] ઉપવાસ કરનાર પુરુષે તે દિવસે પોતાની જાતિ થકી ભ્રષ્ટ થયેલા મહાપાપીની સાથે, નાસ્તિકની સાથે, હિંસાપ્રિય વ્યક્તિની સાથે, અંત્યજની સાથે તથા વેદની નિંદા કરનારની સાથે બોલવું નહિ અને જોવું પણ નહિ, તથા તેમનો સ્પર્શ પણ કરવો નહિ.[૨૬] વ્રત કરનારો જો સ્વસ્થ હોય તો ઉપવાસના દિવસે વારંવાર જળ પીવું નહિ, તેમજ ઈન્દ્રિયોને ક્ષોભ પમાડે તેવું કંઈ પણ ભક્ષણ કરવું નહિ.[૨૭] ઉપવાસ કરનારે શરીર ઉપર તૈલમર્દન ન કરવું, પાનબીડું ચાવવું નહિ, ચંદનનો લેપ ન કરવો, તેવી જ રીતે ખાટલા ઉપર સૂવું પણ નહિ.[૨૮]

**ઉપવાસમાં બ્રહ્મચર્યવ્રત :–** હે ભક્તજનો ! પરસ્ત્રીની સામે જોવાથી, તેનો સ્પર્શ કરવાથી અને વાતચીત કરવાથી, તેમજ પોતાની સ્ત્રી સાથે અંગસંગ કરવાથી બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય છે.[૨૯] જો અવશ્યનું કાર્ય હોય ને પરસ્ત્રી સાથે બોલાય, તેમજ આપત્કાળમાં કોઈ પ્રયોજન સારું પરસ્ત્રીના અંગનો સ્પર્શ થાય તો

असकृज्जलपानाच्च सकृत्ताम्बूलचर्वणात् । उपवासः प्रणश्येद्वै दिवास्वापाच्च मैथुनात् ॥ ३१
अश्रुप्रपातो रोषश्च कलहस्य कृतिस्तथा । पुरुषं च स्त्रियं सद्यो व्रताद्भ्रंशयति ध्रुवम् ॥ ३२
दानं व्रतं च नियमा ज्ञानं ध्यानं हुतं जपः । यत्नेनापि कृतं सर्वं क्रोधितस्य वृथा भवेत् ॥ ३३
मिथ्यावादे दिवास्वापे बहुशोऽम्बुनिषेवणे । अष्टाक्षरं व्रती जप्त्वा शुद्ध्येदष्टोत्तरं शतम् ॥ ३४
स्तेननास्तिकहिंस्रादिभाषणादौ व्रती पुमान् । अष्टाक्षरं जपेत्स्नात्वा शतत्रयमुदङ्मुखः ॥ ३५
ताम्बूलमद्यमांसादिभक्षणे मैथुने तथा । ग्राम्यवार्ताप्रकथने गालिदाने च ताडने ॥ ३६
तमालभक्षे मदकृद्भक्षे च द्युतदेवने । अज्ञानादपि सञ्जाते व्रतलोपो भवेद्ध्रुवम् ॥ ३७
विभर्तृकायाः स्पर्शस्तु भवेत्पुंसो धिया यदा । तस्याः पुंसोऽथ च स्पर्शो व्रतलोपस्तदोभयोः ॥ ३८

---

ગૃહસ્થાશ્રમી પુરુષને બ્રહ્મચર્યના નાશનો દોષ નથી.[૩૦] વારંવાર જલપાન કરવાથી, પાનબીડું ચાવવાથી, દિવસે શયન અને પોતાની સ્ત્રીનો સંગ કરવાથી, રૂદન કરવાથી, ક્રોધ કરવો, કજીયો કરવો આદિ અયોગ્ય કર્મથી સ્ત્રી અને પુરુષના ઉપવાસનો ચોક્કસ નાશ થાય છે.[૩૧-૩૨] હે ભક્તજનો ! દાન, વ્રત, નિયમો, જ્ઞાન, ધ્યાન, યજ્ઞ અને જપ આ સર્વે મહા પ્રયત્ન પૂર્વક સાધ્યાં હોય છતાં ક્રોધ કરવાથી સર્વે વ્યર્થ થાય છે.[૩૩]

**વ્રતભંગનું પ્રાયશ્ચિત :–** હે ભક્તજનો ! ઉપવાસના દિવસે ખોટું બોલાઈ જાય, નિદ્રા કે બહુવાર જલપાન થઈ જાય તો એકસોને આઠ અષ્ટાક્ષરમંત્રનો જપ કરવો. પ્રત્યેકની જુદી જુદી માળા કરવાથી શુદ્ધ થવાય છે.[૩૪] ચોર, નાસ્તિક, હિંસક, પતિત અને વેદની નિંદા કરનારની સાથે બોલાઈ જાય, તેનો સ્પર્શ થઈ જાય, દૃષ્ટિ માંડીને જોવાઈ જાય તો પ્રત્યેક માટે સ્નાન કરીને ઉત્તર મુખે બેસી ત્રણસો અષ્ટાક્ષરમંત્રના જપ કરવા તેથી વ્રતનો ભંગ થતો નથી.[૩૫] હે ભક્તજનો ! જેનું કોઈ પ્રાયશ્ચિત નથી એવાં વ્રતને ભંગ કરનારાં કર્મો કહું છું. પાનબીડાંનું ભક્ષણ, મદ્ય, માંસ, ડુંગળી, લસણ આદિકનું ભક્ષણ કરવાથી વ્રતનો ભંગ થાય તો તેનું કોઈ પ્રાયશ્ચિત નથી. પોતાની સ્ત્રી સાથે સંગ કરે, નિષ્પ્રયોજન ગ્રામ્યવાર્તા સાંભળે ને કહે, કોઈને ગાળ દે, ચોટીયું ભરે, તમાલનું ભક્ષણ કરે, માદક વસ્તુનું ભક્ષણ અને જુગાર રમવું. ઉપરોક્ત કોઈ પણ કર્મ અજાણતા કરે તો વ્રતનો ભંગ થાય છે અને તેના દોષ નિવારણનું કોઈ પ્રાયશ્ચિત નથી.[૩૬-૩૭] તેમજ પુરુષને જાણી જોઈને વિધવાનો સ્પર્શ થાય અને વિધવાને જાણી જોઈને પુરુષનો સ્પર્શ થાય તો બન્નેના વ્રતનો ભંગ થાય છે.[૩૮] પુરુષને જાણી જોઈને કરમૈથુન કે સ્વપ્નમાં વીર્યપાત

बुद्धिपूर्वं वीर्यपातः पुंसः स्वप्नेऽपि चेद्भवेत् । तदापि व्रतलोपः स्यात्तत्पुमान् बिभियात्स्त्रियाः ॥ ३९
अष्टावेवाव्रतघ्नानि जलं मूलं फलं पयः । हविर्ब्राह्मणकाम्या च गुरोर्वचनमौषधम् ॥ ४०
सर्वभूतभयेनाथ व्याधिनाऽज्ञानतोऽपि वा । व्रतभङ्गो यदि भवेत्तर्हि दोषो न विद्यते ॥ ४१
पूर्वं व्रतं गृहीत्वा यो नाचरेत्काममोहितः । जीवन्भवति चण्डालो मृतः श्वा च स जायते ॥ ४२
क्रोधात्प्रमादाल्लोभाद्वा व्रतभङ्गो भवेद्यदि । दिनत्रयं न भुञ्जीत मुण्डनं शिरसोऽथवा ॥ ४३
जाताशौचे मृताशौचे व्रतप्रारम्भतः पुरा । प्राप्ते नित्यं व्रतं कुर्याद्दानार्चादिविवर्जितम् ॥ ४४
उपावसंश्च नियमान् पालयन्सूतकी स्वयम् । व्रताङ्गदेवपूजादि कारयेद्ब्राह्मणेन वै ॥ ४५
प्रारब्धेऽथ व्रते प्राप्ते सूतके तु व्रती स्वयम् । स्नात्वा व्रताङ्गदेवस्य भक्त्या कुर्वीत पूजनम् ॥ ४६
नारी रजोदर्शने तु कृत्वा स्वयमुपोषणम् । देवार्चनादि चान्येन कारयेत्प्रयता व्रते ॥ ४७

---

થાય તો પણ વ્રતનો ભંગ થાય છે. તેથી વ્રત કરનારે સ્ત્રી થકી ભય પામતા રહેવું.[૩૯]

હે ભક્તજનો ! જેનાથી વ્રતનો ભંગ નથી થતો તે કહું છું, એક બે વાર જલનું પાન કરે, કંદમૂળ કે ફળફુલનું ભક્ષણ કરે, દૂધનું પાન કરે, વ્રતને યોગ્ય હવિષ્યાન્નનું ભક્ષણ કરે, આવશ્યક પ્રયોજન માટે બ્રાહ્મણની અનુમતિથી કાંઇ ભક્ષણ કરે, ગુરુના વચને કાંઇ ભક્ષણ કરે અને ઔષધીનું ભક્ષણ કરે, આ આઠ વસ્તુના સેવનથી વ્રતનો ભંગ થતો નથી. ભયથી, રોગની આપત્તિથી અથવા અજાણતાં વ્રતનો ભંગ થાય તો તેનો દોષ લાગતો નથી.[૪૦-૪૧] હે ભક્તજનો ! ગૃહસ્થના વ્રતભંગનું પ્રાયશ્ચિત કહું છું. જે મૂઢપુરુષ પ્રથમ વ્રત ગ્રહણ કરીને પછી કોઇ વિષય ભોગની ઇચ્છાથી વ્રતનું આચરણ ન કરે તો તે પુરુષ જીવતો થકો ચાંડાળ થાય છે. અને મર્યા પછી કૂતરાની યોનિને પામે છે.[૪૨] જો ક્રોધથી, આળસથી કે લોભથી વ્રતનો ભંગ થાય તો ત્રણ દિવસ પર્યંત ખાવું નહિ. વ્રતના દિવસે માથા પર મુંડન કરાવે, દાઢી, મુંછ કરાવે તો પણ ત્રણ દિવસ સુધી અન્ન જમવું નહિ.[૪૩]

હે ભક્તજનો ! હવે વ્રતમાં કોઇ વિઘ્ન આવે તો શું કરવું, તે કહું છું. વ્રતના પ્રારંભ પહેલાં જન્મ કે મરણનું સૂતક આવી જાય તો ઉપવાસ કરવારૂપ નિત્યે કરવાનું વ્રત કરવું પણ તેમાં દાન કે ભગવાનની પૂજા તથા બ્રાહ્મણોને ભોજન વગેરે બ્રાહ્મણ દ્વારા કરાવવું.[૪૪-૪૫] પરંતુ જો વ્રતનો પ્રારંભ થઇ ગયો હોય (કાંડું બંધાઇ ગયું હોય) તો બન્ને પ્રકારના સૂતકમાં પણ સ્વયં વ્રત કરનારે સ્નાન કરી વ્રતના અંગદેવ ભગવાન શ્રીકૃષ્ણનું પરિવારે સહિત ભક્તિ ભાવથી પૂજન કરવું.[૪૬] સધવા કે વિધવા નારીએ વ્રતનો પ્રારંભ કર્યો હોય ને રજસ્વલાપણું પ્રાપ્ત થાય તો

व्रतोपवासदिवसे श्राद्धप्राप्तौ तु पूरुषः । पित्र्यमन्नमुपाघ्राय कुर्वीत व्रतमादरात् ॥ ४८
वैष्णवैस्तु विशेषेण श्राद्धमेकादशीभवम् । द्वादश्यामेव कर्तव्यं पितरो वैष्णवा यतः ॥ ४९
गर्भिणी रोगिणी च स्त्री सूतिका चापदं गता । अन्येनैव व्रतं स्वीयं कारयेन्न तु हापयेत् ॥ ५०
भार्या पत्युर्व्रतं कुर्याद्भार्यायाश्च पतिर्व्रतम् । तदभावे परस्ताभ्यां व्रते प्रतिनिधिर्मतः ॥ ५१
पुत्रं शिष्यं विनीतं वा भगिनीं भ्रातरं च वा । एषामभावे विप्रं वा व्रते स्वस्य नियोजयेत् ॥ ५२
पितृमातृपतिभ्रातृगुर्वर्थे च विशेषतः । यः कुर्यादुपवासं स पुण्यं शतगुणं व्रजेत् ॥ ५३
उपवासासमर्थो वा विप्रमेकं सुभोजयेत् । तावद्धनं च वा दद्याद्भुक्तस्य द्विगुणं पुमान् ॥ ५४
सहस्रसंमितां देवीं जपेद्वा प्राणसंयमान् । कुर्याद्द्वादशसङ्ख्याकान् यथाशक्त्यातुरो नरः ॥ ५५
शारीरान्नियमांस्त्वत्र कर्ता कारयिता तथा । पालयेत्सकलान्भक्त्या श्रम एवान्यथा भवेत् ॥ ५६

---

સ્વયં ઉપવાસ કરવો અને વ્રતમાં તત્પર રહી દેવતાઓનું પૂજન અન્ય બ્રાહ્મણાદિક પાસે પૂર્ણ કરાવવું.[૪૭] વ્રત કે ઉપવાસના દિવસે જો પોતાના પિતૃઓનું શ્રાદ્ધ આવે તો વ્રત કરનારે પિતૃઓને નિવેદન કરેલા અન્નને માત્ર સુંઘીને વ્રતનું આદરપૂર્વક પાલન કરવું.[૪૮] વૈષ્ણવ ભક્તોએ એકાદશીની તિથિએ આવતું શ્રાદ્ધ બારસની તિથિએ કરવું, કારણ કે તેના પિતૃઓ પણ વૈષ્ણવ જ હોય છે.[૪૯]

હે ભક્તજનો ! કોઇ ગર્ભવંતી સ્ત્રી, રોગમાં ઘેરાયેલી સ્ત્રી, બાળકને જન્મ આપનારી, કે અન્ય કોઇ આપત્તિમાં આવી પડેલી સ્ત્રીએ પોતાનું વ્રત બીજા પાસે કરાવવું, પરંતુ છોડી દેવું નહિ.[૫૦] તેમાં પતિનું વ્રત પત્ની કરી શકે અને પત્નીનું વ્રત પતિ કરી શકે અથવા વિનયી પુત્ર કે શિષ્ય અથવા તો પોતાની બહેન કે ભાઇ વ્રત કરી શકે, આમાંથી કોઇ ન મળે તો અન્ય કોઇ ધર્મનિષ્ઠ બ્રાહ્મણને પોતાનો પ્રતિનિધિ કરી વ્રત કરવું.[૫૧-૫૨] હે ભક્તજનો ! પિતા, માતા, પતિ, ભાઈ અને ગુરુ આટલાને માટે જે પુરુષ કે નારી વિશેષપણે ઉપવાસ કરે છે તે મનુષ્ય સો ગણા ફળને પ્રાપ્ત કરે છે.[૫૩] અથવા ઉપવાસ કરવા અસમર્થ પુરુષ કે સ્ત્રીએ એક સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણને બારસના દિવસે મિષ્ટાન્ન જમાડી તૃપ્ત કરવો, અથવા તે નિમિત્તે તેટલું દ્રવ્ય આપવું, અથવા તેનાથી બમણું દ્રવ્ય આપવું.[૫૪] વળી વ્રત કરવામાં અશક્ત જને એકહજાર વિષ્ણુગાયત્રી મંત્રના જપ કરવા, અથવા પોતાની શક્તિને અનુસારે બાર પ્રાણાયામ કરવા.[૫૫]

શ્રીહરિ કહે છે, હે ભક્તજનો ! વ્રત કરતી વખતે પ્રતિનિધિ તરીકે વ્રત કરનાર પુરુષે તથા કરાવનાર અશક્ત પુરુષે શરીરસંબંધી સર્વે નિયમોનું અતિશય

कांस्यं माषान्मसूरांश्च चणकान्कोरदूषकान् । शाकं मधु परान्नं च पुनर्भोजनमैथुने ॥ ५७
द्यूतमत्यम्बुपानं च मृषावादं तथा कलिम् । गन्धताम्बूलपुष्पादि दशम्यां वैष्णवस्त्यजेत् ॥ ५८
अत्याहारमसत्सङ्गमनृतं च दिवास्वपिम् । त्यजेत्स्वपेन्निशि भुवि शब्दादिविषयोज्झितः ॥ ५९
दिवा दशम्यां लघुभुक् स्नात्वाभ्यर्च्य हरिं निशि । उदंमुखो व्रतस्यास्य गृह्णीयान्नियमं नरः ॥ ६०
एकादश्यां तु वा प्रातर्दन्तधावनपूर्वकम् । स्नात्वोपवासनियमं गृह्णीयात्सन्निधौ हरेः ॥ ६१
एकादश्यां निराहारः स्थित्वाहमपरेऽहनि । भोक्ष्यामि पुण्डरीकाक्ष ! शरणं मे भवाच्युत ! ॥ ६२
रजन्या अन्तिमे यामे समुत्थाय हरिं हृदि । ध्यात्वा प्रणम्य भक्तांश्च कुर्याच्छौचविधिं पुमान् ॥ ६३
न दन्तधावनं कार्यं काष्ठेनैकादशीदिने । अपां द्वादश गण्डूषैः पर्णाद्यैः शोधयेन्मुखम् ॥ ६४

---

ભક્તિથી પાલન કરવું. જો પાલન કરવામાં ન આવે તો કરેલું અનુષ્ઠાન માત્ર પરિશ્રમ જ પૂરવાર થાય છે, તેનું કાંઈ પણ ફળ મળતું નથી.[૫૬]

હવે શરીર સંબંધી નિયમો તમને કહું છું, દશમી તિથિના દિવસે અડદ, મસૂર, ચણા અને કોદરા આદિકનું ભોજન ન કરવું. કાંસાના પાત્રમાં ન જમવું, દશ પ્રકારના શાકનો ત્યાગ કરવો, મધનું સેવન ન કરવું, પારકું અન્ન ન ખાવું, બીજીવાર ભોજન ન કરવું, મૈથુન ન કરવું, જુગાર ન રમવો, અતિશય જળપાન, ગ્રામ્યવાર્તા, કજિયો અને શરીર ઉપર ચંદનાદિકનું લેપન ન કરવું, પાનબીડું ન ખાવું, પુષ્પની માળા ધારણ ન કરવી, ભોજનમાં મીઠાં(નમક)નો ત્યાગ કરવો, અતિશય આહાર ન કરવો, અસત્પુરુષનો સંગ ન કરવો, ખોટુ ન બોલવું, દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, આ સર્વે નિયમોનું દશમના પાલન કરી માયિક શબ્દાદિ પંચ વિષયોના ભોગ છોડીને રાત્રીમાં પૃથ્વી પર શયન કરવું.[૫૬-૫૯] હે ભક્તજનો ! દશમના દિવસે અલ્પ આહાર કરી, રાત્રીએ શયન કરતાં પહેલાં સ્નાન કરી, શ્રીહરિનું પૂજન કરી ઉત્તરદિશા તરફ મુખ રાખીને આવતી કાલના આવનારા એકાદશીવ્રતનું અનુષ્ઠાન કરવાનો નિયમ ગ્રહણ કરવો.[૬૦] એકાદશીના પ્રાતઃકાળે માત્ર કોગળાથી દાતં સાફ કર્યા પછી સ્નાન કરી શ્રીહરિની પ્રતિમા સન્મુખ ઊભા રહીને ઉપવાસ કરવાનો નિયમ ગ્રહણ કરવો. ને બોલવું કે, હે પુંડરીકાક્ષ ! હું આજે એકાદશીએ સર્વે ઈન્દ્રિયોના આહાર છોડી, નિરાહાર રહીને બીજે દિવસે બારસના અન્નનું ભક્ષણ કરીશ, તો હે અચ્યુત ! તમારે શરણે આવેલા મારું રક્ષણ કરજો.[૬૧-૬૨]

હે ભક્તજનો ! હવે એકાદશીના દિવસે શું કરવું તે કહું છું. વ્રત કરનારા મનુષ્યે રાત્રીના અંતિમ પ્રહરમાં ઉઠવું અને હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરવું,

स्नात्वा स्वं नैत्यकं कर्म विधाय स समाहितः । शक्त्या सम्भृतसम्भारः कुर्यात्कृष्णमहार्चनम् ॥ ६५
व्रतकर्ता पुमानर्चेदेकादश्यधिपैः सह । सशक्तिभिश्च श्रीकृष्णं रुक्मिणीकान्तमादरात् ॥ ६६
एकादशीस्वामिनाम्ना कृष्णं वैकं समर्चयेत् । तच्छक्तिनाम्ना लक्ष्मीं च भक्त्याऽशक्तस्तु पुरुषः ॥ ६७
मार्गशीर्षे शुक्लपक्षे मोक्षदैकादशी मता । पूजनीयश्च मालत्या केशवोऽत्र श्रिया सह ॥ ६८
अर्घ्ये फलं तु नारिङ्गं नैवेद्ये मोदकास्तथा । सप्त धान्यानि देयानि मुख्यान्यत्रोदितानि वै ॥ ६९
मार्गशीर्षे कृष्णपक्षे सफलैकादशी मता । सङ्कर्षणोऽत्र सम्पूज्यः सुनन्दासहितः प्रभुः ॥ ७०
पूजायां मुनिपुष्पाणि नैवेद्ये गुडका मताः । अत्रार्घ्ये चामृतफलं स्वर्णदानं च कथ्यते ॥ ७१
पोषे शुक्ला तु सानन्दा कथितैकादशी तिथिः । नारायणोऽत्र सम्पूज्यः पद्मया सह भक्तितः ॥ ७२

---

**ત્યારપછી સંતો-ભક્તોને પગે લાગી શૌચવિધિ કરવા જવું.[૬૩] એકાદશીનું વ્રત હોવાથી કાષ્ઠનું દાતણ ન કરવું, પરંતુ જળના બાર કોગળા કરીને ઉલ્લેખીનીથી ઉલ ઉતારીને મુખશુદ્ધિ કરવી.[૬૪] અને ઈન્દ્રિયોને નિયમમાં રાખવા પૂર્વક સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરવો. પછી પોતાની શક્તિને અનુસારે પૂજાની સામગ્રી ભેળી કરીને ભગવાન શ્રીકૃષ્ણની મહાપૂજા કરવી.[૬૫] તે મહાપૂજામાં પોતપોતાની શક્તિઓની સાથે કેશવાદિ ચોવીસમૂર્તિઓની પણ રુક્મિણીપતિ શ્રીકૃષ્ણની પૂજા સાથે આદરપૂર્વક પૂજા કરવી. તેમાં અશક્ત પુરુષે માત્ર એકાદશીના સ્વામી એવા શ્રીકૃષ્ણસ્વરૂપ એકની લક્ષ્મીજીની સાથે ભાવથી પૂજા કરવી.[૬૬-૬૭]**

**(૧) મોક્ષદા એકાદશી :–** હે ભક્તજનો ! માગસર મહિનાના સુદપક્ષની ''મોક્ષદા'' નામે એકાદશી છે આના અધિપતિ ''શ્રી'' નામની શક્તિની સાથે કેશવ ભગવાન પૂજ્ય છે, તેથી તેમનું માલતીના પુષ્પોથી પૂજન કરવું. અર્ઘ્યદાનમાં નાળિયેરનું ફળ અર્પણ કરવું અને નૈવેદ્યમાં ઘીમાં તળેલા લાડુ અર્પણ કરવા અને આ એકાદશીનું વ્રત કરનારે સાત ધાનોનાં દાન કરવા, તે મુખ્ય દાન કહેલું છે.[૬૮-૬૯]

**(૨) સફલા એકાદશી :–** માગસર મહિનાના વદપક્ષની ''સફલા'' એકાદશીના અધિપતિ સુનંદા નામની શક્તિની સાથે સંકર્ષણ ભગવાન પૂજ્ય છે. આ એકાદશીએ તેમની મુનિપુષ્પો-અગથિયાના પુષ્પોથી પૂજા કરવી અને નૈવેદ્યમાં લક્કડસાઈ લાડુ અર્પણ કરવા, તથા અર્ઘ્યદાનમાં જામફળ અર્પણ કરવું, અને સુવર્ણનું દાન મુખ્ય કહેલું છે.[૭૦-૭૧]

**(૩) સાનંદા એકાદશી :–** પોષમહિનાના સુદ પક્ષની એકાદશી

कुम्भान्युक्तानि पुष्पेषु चूर्णं नैवेद्यमत्र च । अर्घ्ये च दाडिमफलं देयं च घृतपात्रकम् ॥ ७३
एकादशी पौषकृष्णा तिलदाख्या च कीर्तिता । तस्यां श्रीप्रियया साकं वासुदेवोऽर्च्य उच्यते ॥ ७४
कह्लाराण्यत्र पुष्पाणि नैवेद्ये घृतपूरकाः । ज्ञेया द्राक्षाफलं चार्घ्ये वस्त्रदानमिहोत्तमम् ॥ ७५
माघे शुक्ला जयानाम्नी कथितैकादशी तथा । नित्यया सह सम्पूज्यो माधवस्तत्र हीश्वरः ॥ ७६
पुष्पेषु बकुलान्यर्घ्ये बीजपूरं निवेदने । मण्डकाश्चात्र दाने च तिलद्रोणः प्रकीर्तितः ॥ ७७
एकादशी माघकृष्णे विजयाख्याथ कथ्यते । प्रद्युम्नो व्रतिभिस्तत्र पूजनीयो धिया सह ॥ ७८
पूजायां तुलसी मुख्या तत्र जम्बीरमर्हणे । सोहालिकाश्च नैवेद्ये दाने तूपानहौ मते ॥ ७९
एकादशी फाल्गुने च शुक्ला धात्रीति कीर्त्यते । गोविन्दं पूजयेत्तत्र चन्द्रवत्या सह व्रती ॥ ८०

''સાનંદા'' નામની કહેલી છે. તે દિવસે પદ્મા નામની શક્તિની સાથે ''નારાયણ'' નામના ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા દેવ છે. તેમનું ગૂગળનાવૃક્ષના ફૂલથી ભક્તિની સાથે પૂજન કરવું, નૈવેદ્યમાં ચૂરમાના લાડુ અર્પણ કરવા તથા અર્ઘ્યમાં દાડમનું ફળ અર્પણ કરવું અને ઘીથી ભરેલા કાંસાના પાત્રનું દાન કરવું.[૭૨-૭૩]

**(૪) તિલદા એકાદશી :–** પોષ મહિનાના વદપક્ષની એકાદશી ''તિલદા'' નામથી કહેલી છે, આ એકાદશીમાં ''શ્રીપ્રિયા'' નામની શક્તિની સાથે વાસુદેવ નામના ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે, તેમનું ગુલાબના પુષ્પથી પૂજન કરવું ને નૈવેદ્યમાં ઘેબર અર્પણ કરવા, તથા અર્ઘ્યમાં દ્રાક્ષનાંફળ અર્પણ કરવાં અને વસ્ત્રનું દાન કરવું તે ઉત્તમ કહેલું છે.[૭૪-૭૫]

**(૫) જયા એકાદશી :–** મહા સુદ પક્ષની એકાદશી ''જયા'' નામથી કહેલી છે, આ એકાદશીમાં ''નિત્યા'' નામની શક્તિની સાથે સમર્થ એવા માધવ ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેની બોરસલીના પુષ્પથી પૂજા કરવી અને અર્ઘ્યમાં બિજોરાનું ફળ અર્પણ કરવું તથા નૈવેદ્યમાં ''માંડા'' અર્પણ કરવા અને એક દ્રોણ એટલેકે બત્રીસ શેર પરિમિત તલથી ભરેલ ત્રાંબાના પાત્રનું દાન કરવું.[૭૬-૭૭]

**(૬) વિજયા એકાદશી :–** મહાવદપક્ષની એકાદશી ''વિજયા'' નામે કહેલી છે આ એકાદશીમાં ''ધી-બુદ્ધિ'' નામની શક્તિની સાથે પ્રદ્યુમ્ન ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેની તુલસીપત્રોથી પૂજા કરવી અને અર્ઘ્યમાં લીંબુનાં ફળ અર્પણ કરવાં તથા નૈવેદ્યમાં સુહાળી અર્પણ કરવી અને પાદુકાનું દાન કરવું.[૭૮-૭૯]

मन्दाराण्यत्र पुष्पेषु कंसारश्च निवेदने । तिलपात्रं तथा दाने ज्ञेयमक्षोडमर्हणे ॥ ८१
एकादशी फाल्गुने च कृष्णोक्ता पापमोचनी । अनिरुद्धः पूजनीयः सुशीलासहितस्त्विह ॥ ८२
कुन्दपुष्पाणि पूजायां सेवाश्चोक्ता निवेदने । कर्कन्धूफलमर्घ्येऽत्र दाने च तिलगौर्मता ॥ ८३
एकादशी चैत्रशुक्ले विमलाख्या प्रकीर्तिता । कामदाख्या च सैवोक्ता सर्ववाञ्छितदायिनी ॥ ८४
रमया सहितः शक्त्या तत्र विष्णुस्तु पूज्यते । उपचारैः षोडशभिर्यथावित्तं यथाविधि ॥ ८५
अर्घ्ये फलं चिर्भटाख्यमाम्रपुष्पं च पूजने । नैवेद्ये सक्तवश्चात्र दाने पक्वान्नमीरितम् ॥ ८६
एकादशी कृष्णपक्षे चैत्रे प्रोक्ता वरुथिनी । नन्दया सहितः शक्त्या तत्रार्च्यः पुरुषोत्तमः ॥ ८७
अर्घ्ये जातीफलं प्रोक्तं नैवेद्ये वटकास्तथा । चम्पकानि च पुष्पेषु तत्र दाने च भूर्मता ॥ ८८

**(૭) ધાત્રી એકાદશી :–** ફાગણ મહિનાના સુદ પક્ષની એકાદશી ''ધાત્રી'' નામથી કહેલી છે. તે એકાદશીમાં ચંદ્રવતી નામની શક્તિની સાથે ગોવિંદ નામના ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની ગુલદાવદીના પુષ્પોથી પૂજા કરવી અને નૈવેદ્યમાં કંસાર જમાડવો તથા અર્ઘ્યમાં અખરોટ અર્પણ કરવા અને તલનું પાત્ર ભરી દાન કરવું.[૮૦-૮૧]

**(૮) પાપમોચિની એકાદશી :–** ફાગણ મહિનાના વદપક્ષની એકાદશી ''પાપમોચની'' કહેલી છે. આ એકાદશીમાં સુશીલા નામની શક્તિની સાથે અનિરૂદ્ધ નામના ભગવાન અધિપતિ અને પૂજ્ય પણે કહેલા છે, તેમની નાનામોગરાના પુષ્પોથી પૂજા કરવી, નૈવેદ્યમાં સેવ ધરવી, અર્ઘ્યમાં બોરડીનું ફળ અર્પણ કરવું અને તિલધેનુનું દાન કરવું.[૮૨-૮૩]

**(૯) વિમલા એકાદશી :–** ચૈત્ર મહિનાના સુદપક્ષની એકાદશી ''વિમલા'' નામથી કહેલી છે, તે સર્વ ઈચ્છાઓને પૂર્ણ કરનારી છે તેથી ''કામદા'' એવા નામથી પણ પ્રસિદ્ધ છે તેમાં રમા નામની શક્તિની સાથે વિષ્ણુ ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની ધન સંપત્તિને અનુસારે વ્રત કરનારે સોળ-સોપચારોથી પૂજા કરવી, અર્ઘ્યમાં ચિભડાંનું ફળ અર્પણ કરવું, આંબાના મોરપુષ્પોથી પૂજા કરવી. નૈવેદ્યમાં દળનાલાડુ ધરવા અને પકવાન્નનું દાન કરવું.[૮૪-૮૬]

**(૧૦) વરૂથિની એકાદશી :–** ચૈત્ર વદપક્ષની એકાદશી ''વરૂથિની'' નામથી કહેલી છે. તેમાં ''નંદાદેવી'' નામની શક્તિની સાથે પુરુષોત્તમ ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની પૂજા ચંપાના પુષ્પોથી કરવી, અર્ઘ્યમાં જાયફળ અર્પણ કરવું, નૈવેદ્યમાં વડાં ધરાવવાં અને ભૂમિનું દાન કરવું.[૮૭-૮૮]

एकादशी मोहिनी च वैशाखस्य सितोदिता । माधव्या सह सम्पूज्यस्तस्यां तु मधुसूदनः ॥ ८९
पुष्पेषु मल्लिकात्रोक्ता नैवेद्ये पायसं तथा । अर्घ्ये फलं च पनसं शय्या दानं च कीर्त्यते ॥ ९०
एकादशी त्वपराख्या वैशाखस्यासिता मता । केतकैः पूजनीयोऽत्र सह त्रय्या ह्यधोक्षजः ॥ ९१
अर्घ्ये बहुफलं प्रोक्तं दुग्धौदननिवेदनम् । सवत्सायाश्च गोर्दानं ब्राह्मणायोदितं त्विह ॥ ९२
एकादशी निर्जलाख्या ज्येष्ठशुक्ले प्रकीर्तिता । पद्माक्ष्या सह सम्पूज्यस्त्रिविक्रम इह प्रभुः ॥ ९३
पुष्पेषु यूथिका मुख्या अर्घ्येऽत्राम्रफलं मतम् । नैवेद्ये दधिभक्तं च दाने छत्रं प्रकीर्त्यते ॥ ९४
एकादशी ज्येष्ठकृष्णा योगिनीसंज्ञिका मता । क्षेमङ्कर्या सहात्रार्च्यो नृसिंहाह्वय ईश्वरः ॥ ९५
भृङ्गराजोऽत्र पुष्पेषु ज्ञेयोऽर्घ्ये जाम्बवं फलम् । नैवेद्ये पिण्डकाः प्रोक्ता दानं च जलगोर्मतम् ॥ ९६
आषाढे शुक्लपक्षेऽथ शयन्येकादशी मता । वामनः कमलायुक्तः पूजनीयोऽत्र भक्तितः ॥ ९७

---

**(૧૧) મોહીની એકાદશી :–** વૈશાખ મહિનાના સુદ પક્ષની એકાદશી "મોહીની" નામની કહેલી છે. તેમાં માધવીદેવી નામની શક્તિએ સહિત મધુસુદન નામના ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેની મોટા મોગરાના પુષ્પોથી પૂજા કરવી, નૈવેદ્યમાં દૂધપાક ધરાવવો, અર્ઘ્યમાં ફણસનું ફળ અર્પણ કરવું તેમજ શય્યાનું દાન કરવું.[૮૯-૯૦] **(૧૨) અપરા એકાદશી :-** વૈશાખ વદપક્ષની એકાદશી "અપરા" નામની કહેલી છે. તેમાં ત્રયીદેવી નામની શક્તિની સાથે અધોક્ષજ નામના ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની કેતકીના પુષ્પોથી પૂજા કરવી, અર્ઘ્યમાં બોફલી નામનું ફળ અર્પણ કરવું, નૈવેદ્યમાં દૂધભાત ધરાવવા અને આજે વાછડાએ સહિત ગાયનું દાન કરવું.[૯૧-૯૨]

**(૧૩) નિર્જળા એકાદશી :–** જેઠ માસના સુદ પક્ષની એકાદશી "નિર્જળા" નામની કહેલી છે. પદ્માક્ષી નામની શક્તિની સાથે ત્રિવિક્રમ નામના સમર્થ પ્રભુ અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમનું જૂઈના પુષ્પોથી પૂજન કરવું. અર્ઘ્યમાં આંબાનું ફળ અર્પણ કરવું. નૈવેદ્યમાં દહીંભાત ધરાવવા અને છત્રીનું દાન કરવું.[૯૩-૯૪]

**(૧૪) યોગિની એકાદશી :–** જેઠ માસના વદપક્ષની એકાદશી "યોગિની" નામથી કહેલી છે. તેમાં ક્ષેમંકરી નામની શક્તિની સાથે નૃસિંહનામના ઈશ્વર અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની ભાંગરાના પુષ્પોથી પૂજા કરવી. અર્ઘ્યમાં જાંબુનું ફળ અર્પણ કરવું, નૈવેદ્યમાં પેંડા ધરાવવા અને જલધેનુનું દાન કરવું.[૯૫-૯૬]

**(૧૫) શયની એકાદશી :–** અષાઢ મહિનાના સુદપક્ષની એકાદશી

अपामार्गोऽत्र पुष्पेषु नैवेद्ये पूरिकास्तथा । नालिकेरीफलं त्वर्घ्ये दानं च स्वर्णगोर्मतम् ॥ ९८
आषाढकृष्णपक्षे च कामिकैकादशी मता । अच्युतो विजयायुक्तः सम्पूज्यस्तत्र भक्तितः ॥ ९९
पुष्पेषु पारिजातानि बिल्वमर्घ्ये फलं मतम् । शतच्छिद्रं च नैवेद्ये दानं स्त्रीपुंसवस्त्रयोः ॥ १००
एकादशी पुत्रदाख्या श्रावणस्य सिता मता । श्रीधरः पूजनीयोऽत्र कान्तिमत्या सहैव च ॥ १०१
शतपत्राणि पुष्पेषु नैवेद्येऽपूपकास्त्विह । प्रोक्ताः सीताफलं चार्घ्ये पादुकादानमुत्तमम् ॥ १०२
अजाख्या श्रावणे मासिकृष्णैकादश्युदीरिता । सुन्दर्या च सहेवार्च्यस्तस्यां देवो जनार्दनः ॥ १०३
पुष्पेषु पाटला मुख्या अर्घ्ये पूगीफलं मतम् । दाने च महिषी प्रोक्ता नैवेद्ये गुडमोदकाः ॥ १०४
एकादशी भाद्रपदे शुक्ला पद्माभिधा मता । हृषीकेशोऽत्र सम्पूज्यो ह्यपराजितया सह ॥ १०५

---

"શયની" નામે કહેલી છે. તેમાં કમલા નામની શક્તિની સાથે વામન નામના ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમનું અઘેડાના પુષ્પોથી ભક્તિભાવથી પૂજન કરવું, નૈવેદ્યમાં પૂરી ધરાવવી. અર્ઘ્યમાં નાળિયેરનું ફળ અર્પણ કરવું અને સુવર્ણનું દાન કરવું.[૯૭-૯૮]

**(૧૬) કામીકા એકાદશી :–** અષાઢ વદપક્ષની એકાદશી "કામીકા" નામથી કહેલી છે. તેમાં "વિજયા" નામની શક્તિની સાથે અચ્યુત ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની પારિજાતના પુષ્પોથી પૂજા કરવી, અર્ઘ્યમાં બીલીફળ અર્પણ કરવાં, નૈવેદ્યમાં સો છિદ્રવાળાં ખાજાં ધરાવવાં, અને સ્ત્રી-પુરુષોને ધારણ કરવા યોગ્ય વસ્ત્રોનું દાન કરવું.[૯૯-૧૦૦]

**(૧૭) પુત્રદા એકાદશી :–** શ્રાવણ મહિનાના સુદ પક્ષની એકાદશી "પુત્રદા" નામથી કહેલી છે. તેમાં કાંતિમતિ નામની શક્તિની સાથે શ્રીધર નામના ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની સો પત્રવાળાં કમળપુષ્પોથી પૂજા કરવી, નૈવેદ્યમાં માલપૂવા ધરાવવા, અર્ઘ્યમાં સીતાફળ અર્પણ કરવું અને પાદુકાનું દાન કરવું.[૧૦૧-૧૦૨]

**(૧૮) અજા એકાદશી :–** શ્રાવણ વદ પક્ષની એકાદશી "અજા" નામની કહેલી છે. તેમાં સુંદરી નામની શક્તિની સાથે જનાર્દન ભગવાન અધિપતિ અને પૂજ્ય કહેલા છે. તેમની સુંદરશ્રેણીના પુષ્પોથી પૂજા કરવી, નૈવેદ્યમાં ગોળના લાડુ ધરાવવા અર્ઘ્યમાં સોપારી અર્પણ કરવી અને ભેંસનું દાન કરવું.[૧૦૩-૧૦૪]

**(૧૯) પદ્મા એકાદશી :–** ભાદરવા મહિનાના સુદ પક્ષની એકાદશી "પદ્મા" નામની કહેલી છે. તેમાં અપરાજિત નામની શક્તિની સાથે હૃષિકેશ

काशपुष्पाणि पूजायां तिलपिष्टं निवेदने । कूष्माण्डमर्घ्ये विज्ञेयं दाने ब्रह्मपुरी मता ॥ १०६
एकादशी भाद्रपदे कृष्णा च कथितेन्दिरा । उपेन्द्रः सुभगायुक्तः पूज्यो दूर्वाभिरत्र तु ॥ १०७
अर्घ्ये शिवाफलं प्रोक्तं कर्णवेष्टं निवेदने । कन्यादानं तथात्रोक्तं व्रतसाङ्गफलाप्तये ॥ १०८
एकादश्याश्विने मासि शुक्ला पाशाङ्कुशाभिधा । पद्मनाभः पद्मवत्या सह पूज्योऽत्र भक्तितः ॥ १०९
शमीपत्राणि पूजायामर्घ्ये कामफलं मतम् । शालिपिष्टं च नैवेद्ये दाने प्रोक्तास्तु मोदकाः ॥ ११०
आश्विने कृष्णपक्षे तु रमाख्यैकादशी मता । हिरण्यया सहाभ्यर्च्यो हरिस्तस्यामधीश्वरः ॥ १११
पुष्पेषु मुचुकुन्दानि तत्रार्घ्ये कदलं मतम् । नैवेद्येऽपि च तत्साज्यं दानं घृतघटस्य च ॥ ११२
कार्तिके शुक्लेपक्षे तु बोधन्येकादशी मता । राधया सह सम्पूज्यस्तत्र दामोदरः प्रभुः ॥ ११३

---

ભગવાન અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની કેવડાના પુષ્પોથી પૂજા કરવી, નૈવેદ્યમાં તલસાંકળી ધરવી, અર્ઘ્યમાં કેળું અર્પણ કરવું અને બ્રહ્મપુરીનું દાન કરવું.[૧૦૫-૧૦૬]

**(૨૦) ઈન્દિરા એકાદશી :–** ભાદરવા વદપક્ષની એકાદશી "ઈન્દિરા" કહેલી છે તેમાં સુભગા નામની શક્તિની સાથે ઉપેન્દ્ર નામના ભગવાન અધિપતિ પૂજ્ય કહેલા છે. તેમની ધરો-છબરથી પૂજા કરવી, અર્ઘ્યમાં શિવાફલ અર્પણ કરવું, નૈવેદ્યમાં જલેબી ધરાવવી અને વ્રતના સંપૂર્ણ ફળને માટે કન્યાનું દાન કરાવવું.[૧૦૭-૧૦૮]

**(૨૧) પાશાંકુશા એકાદશી :–** આસો મહિનાના સુદ પક્ષની એકાદશી "પાશાંકુશા" નામની કહેલી છે. તેમાં પદ્માવતી નામની શક્તિની સાથે પદ્મનાભ નામના ભગવાન અધિપતિ અને પૂજ્ય કહેલા છે. તેમનું ભકિતભાવથી સમીપત્રોથી પૂજન કરવું. અર્ઘ્યમાં મીંઢળનું ફળ અર્પણ કરવું, નૈવેદ્યમાં હરિસો ધરાવવો અને ઘી સાકર યુક્ત ચોખાના લોટમાંથી તૈયાર કરેલા સફેદ લાડુનું દાન કરવું.[૧૦૯-૧૧૦]

**(૨૨) રમા એકાદશી :–** આસો મહિનાના વદ પક્ષની એકાદશી "રમા" નામથી કહેલી છે. તેમાં હિરણ્ય નામની શક્તિની સાથે શ્રીહરિ અધીશ્વર અને પૂજ્યપણે કહેલા છે. તેમની સાતપડા મોગરાના પુષ્પોથી પૂજા કરવી, અર્ઘ્યમાં કેળાનાં ફળ અર્પણ કરવાં. નૈવેદ્યમાં ઘી-સાકર યુક્ત કેળાંનો રસ ધરાવવો અને ઘીથી પૂર્ણ ભરેલા ઘડાનું દાન કરવું.[૧૧૧-૧૧૨]

**(૨૩) પ્રબોધની એકાદશી :–** કાર્તિક મહિનાના સુદપક્ષની "પ્રબોધની"

पद्मपुष्पाणि पूजायां मुख्यान्यत्र निवेदने । मुद्गचूर्णं पद्मफलमर्घ्ये देयस्तु मञ्चकः ॥ ११४
कार्तिके कृष्णपक्षे स्यादेकादश्यभयाभिधा । कृष्णः सुलक्षणोपेतः पूजनीयोऽत्र च प्रभुः ॥ ११५
तिलपुष्पाणि पूजायां नैवेद्ये च गुडौदनः । ग्राह्यं सदाफलं चार्घ्ये तत्र देयो वृषो मतः ॥ ११६
एकादश्यधिके मासि कमलाख्या च तत्पतिः । पुरुषोत्तम इत्युक्तो विधिस्तन्मासिकोऽपरः ॥ ११७
इत्येकादशिकाधीशा मया प्रोक्ता सशक्तिकाः । तत्तत्पूजाविशेषश्च पूजकेप्सितपूरकः ॥ ११८
अलाभे तूक्तवस्तूनां सर्वास्वेकादशीष्वपि । कार्या पूजा यथाशक्ति यथालब्धोपचारकैः ॥ ११९
फले पूगीफलं देयं पुष्पे च तुलसीदलम् । नैवेद्ये शर्कराखण्डो दाने चान्नं स्वशक्तितः ॥ १२०
आनूकूल्ये सति पुमाननुकल्पं न कर्हिचित् । गृह्णीयाद्वित्तलोभेन प्रमादाद्वाप्यनादरात् ॥ १२१

---

નામથી કહેલી છે, તેમાં રાધા નામની શક્તિની સાથે દામોદર નામના ભગવાન અધિપતિ પૂજ્ય કહેલા છે. તેમની પૂજા કમળના પુષ્પોથી કરવી, નૈવેદ્યમાં મગદળ ધરાવવા, અર્ઘ્યમાં કમળફળ અર્પણ કરવું અને ખાટલાનું દાન કરવું.[૧૧૩-૧૧૪]

**(૨૪) અભયા એકાદશી :–** કાર્તિક મહિનાના વદ પક્ષની એકાદશી ''અભયા'' નામથી કહેલી છે. તેમાં સુલક્ષણા નામની શક્તિની સાથે ભગવાન શ્રીકૃષ્ણ અધિપતિ અને પૂજ્યપણે કહેલા છે. તેમની તલના પુષ્પોથી પૂજા કરવી. નૈવેદ્યમાં બિરંજ ધરાવવો, અર્ઘ્યમાં નાળિયેરનું ફળ અર્પણ કરવું અને ખેતીલાયક બળદનું દાન કરવું.[૧૧૫-૧૧૬]

**(૨૫–૨૬) કમળા એકાદશી :–** અધિકમાસની બન્ને એકાદશીને ''કમળા'' નામથી કહેલી છે. તેમના અધિપતિદેવ પુરુષોત્તમ સ્વયં ભગવાન છે. તેમની પૂજા વગેરેનો વિધિ જે જે માસ અધિક હોય તેજ આ પુરુષોત્તમ માસનો વિધિ જાણવો.[૧૧૭]

ભગવાન શ્રીહરિ કહે છે, હે ભક્તજનો ! આ પ્રમાણે મેં શક્તિઓએ સહિત એકાદશીના અધિષ્ઠાતા દેવોની વાત કરી, તેમજ પૂજન કરનારની ઈચ્છાઓને પૂર્ણ કરે તેવો પૂજાનો વિધિ પણ સાથે કહ્યો, અને એકાદશીનાં જુદાં જુદાં નામ પણ કહ્યાં.[૧૧૮] સર્વે એકાદશીઓમાં કહેલા પુષ્પાદિ પદાર્થો ન મળે તો પણ જે મળે તેવા ઉપચારોથી ભક્તિભાવની સાથે પૂજા કરવી.[૧૧૯] અને ફળમાં સોપારીનું ફળ અર્પણ કરવું. અને પુષ્પમાં તુલસીપત્ર અર્પણ કરવું, નૈવેદ્યમાં સાકર ધરવી અને દાનમાં પોતાની શક્તિ પ્રમાણે કાંઈક અન્ન આપવું.[૧૨૦] હે ભક્તજનો ! વ્રત કરનાર પુરુષે સર્વ વસ્તુની અનુકૂળતા હોય છતાં ધનના લોભથી,

प्रतिमां कारितां शक्त्या श्रीकृष्णस्य सहश्रियः । हैम्यादिं पूजयेद्भक्त्या सर्वतोभद्रमण्डले ॥ १२२
चतर्विंशतिसङ्ख्याकैः पूर्वोक्तैः केशवादिभिः । नन्दादिभिः पार्षदैश्च तमर्चेत्स सहश्रियम् ॥ १२३
अशक्तस्त्वेकमभ्यर्चेत्तण्डुलाष्टदलाम्बुजे । श्रीकृष्णं सश्रियं भक्त्या यथालब्धोपचारकैः ॥ १२४
एकादश्यधिपो यः स्यात्तन्नाम्ना कृष्णमर्चयेत् । तस्य शक्तिर्भवेद्या च तन्नाम्ना रुक्मिणीं तथा ॥ १२५
एकादश्यधिपाः सर्वे कृष्णस्यैकस्य पूजया । पूजिताः स्युः शक्तयश्च तेषां लक्ष्म्यास्तु पूजया ॥ १२६
स्थापयित्वाऽव्रणं कुम्भं रत्नगर्भं सकाञ्चनम् । वस्त्रेण वेष्टिते तस्मिन् स्थापयेत्पात्रमुत्तमम् ॥ १२७
कमलं द्वादशदलं कृत्वा तत्र सुशोभनम् । तत्रार्चेत्सश्रियं कृष्णं स्थापयित्वा यथाविधि ॥ १२८
उपचारैः षोडशभिर्महापूजां समाचरेत् । लघुपूजामशक्तस्तु भक्त्या कुर्वीत पूरुषः ॥ १२९

---

**આળસથી કે અનાદરથી ગૌણપક્ષનો ક્યારેય પણ સ્વીકાર કરવો નહિ.[૧૨૧] પોતાની સંપત્તિને અનુસારે તૈયાર કરાવેલ લક્ષ્મીએ સહિત ભગવાન શ્રીકૃષ્ણની સુવર્ણની પ્રતિમાનું સર્વતોભદ્રમંડળમાં સ્થાપન કરી, ભક્તિભાવની સાથે પૂજન કરવું, વ્રત કરનારો પુરુષ જો શક્તિમાન હોય તો તેમણે પૂર્વોક્ત સર્વે શક્તિઓએ સહિત કેશવાદિ ચોવીસ સ્વરૂપો અને નંદ, સુનંદાદિ પાર્ષદોની સાથે ભગવાન લક્ષ્મીનારાયણનું પૂજન કરવું.[૧૨૨-૧૨૩] જો વ્રત કરનારો પુરુષ અશક્ત હોય તો તેમણે ચોખાના અષ્ટદળ કમળમાં ભગવાન લક્ષ્મીનારાયણની સ્થાપના કરીને શક્તિ પ્રમાણે પ્રાપ્ત થયેલા ઉપચારોથી શ્રદ્ધાથી પૂજા કરવી.[૧૨૪] તેમાં પણ જે જે એકાદશીના જે જે અધિષ્ઠાતા દેવ હોય અને જે જે દેવી હોય તેનું ભગવાન શ્રીકૃષ્ણ અને લક્ષ્મીજીમાંજ તે તે નામથી પૂજન કરી લેવું.[૧૨૫] આ રીતે એક ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરવાથી સર્વે એકાદશીઓના અધિપતિ કેશવાદિ મૂર્તિઓનું પૂજન થઈ જાય છે અને એક લક્ષ્મીજીનું પૂજન કરવાથી સર્વે એકાદશીની શક્તિઓનું પણ પૂજન થઈ જાય છે.[૧૨૬]**

**હે ભક્તજનો ! જો વ્રત કરનારો પુરુષ શક્તિમાન હોય તેમણે છિદ્રરહિતના જળે ભરેલા સુવર્ણ કુંભમાં પંચરત્નો પધરાવી સ્થાપન કરવું. વસ્ત્રથી વીંટાળેલા તે કુંભ ઉપર ઉત્તમપાત્રનું સ્થાપન કરવું.[૧૨૭] તે પાત્રને ફરતું બાર પાંખડીવાળું ચોખાનું કમળ કરવું. તેના મધ્યે લક્ષ્મીજીએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું વિધિએ સહિત સ્થાપન કરી પૂજન કરવું.[૧૨૮] તેમાં વ્રત કરનાર શક્તિમાન પુરુષે ષોડશોપચારથી મહાપૂજા કરવી, અને અશક્ત હોય તો પોતાની શક્તિ પ્રમાણે સામાન્ય પૂજા કરવી.[૧૨૯] તેમાં પણ ત્રણ વર્ણના બ્રાહ્મણાદિક દ્વિજાતિ પુરુષોએ**

सहैव वैदिकैर्मन्त्रैर्द्विजः पूजनमाचरेत् । देशकालादि सङ्कीर्त्य मन्त्रानेतांश्च कीर्तयन् ॥ १३०
तेजोमण्डलमध्यस्थं कोटिकन्दर्पसुन्दरम् । नवीननीरदश्यामं पीताम्बरधरं प्रभुम् ॥ १३१
दक्षेण पाणिना चक्रं शङ्खं वामेन बिभ्रतम् । रमया सेवितं वामे दिव्यपङ्कजहस्तया ॥ १३२
अनेकदिव्यालङ्कारं वनमालाविभूषितम् । उपास्यमानं प्रयतैः पार्षदैर्गरुडादिभिः ॥ १३३
स्तूयमानं मुनिगणैर्देवगन्धर्वकिन्नरैः । कृष्णमेवंविधं ध्वात्वा ततः पूजनमाचरेत् ॥ १३४
आवाहनीयं देवेशं भक्तानामभयप्रदम् । सुस्निग्धं वरदं शान्तं मनसावाहयाम्यहम् ॥ १३५
सुवर्णमणिभिर्दिव्यैः खचिते देवनिर्मिते । दिव्यसिंहासने स्निग्धे निषीद त्वं सुराधिप ! ॥ १३६
गङ्गोदकं सुरश्रेष्ठ ! सुवर्णकलशे स्थितम् । गन्धपुष्पाक्षतैर्युक्तं गृहाण रमया सह ॥ १३७

---

દેશકાળાદિકનું ઉચ્ચારણ કરી સંકલ્પ કરીને વૈદિક મંત્રોની સાથે આ કહું એવા મંત્રોનું ઉચ્ચારણ કરતાં પૂજન કરવું.[૧૩૦]

**પૂજા પહેલાં ધ્યાન :–** હે ભક્તજનો ! પૂજન કરતાં પહેલાં ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું, તે ભગવાન તેજના મંડળની મધ્યે વિરાજે છે, કરોડો કામદેવને લજ્જા પમાડે તેવા અતિશય સુંદર છે. નવીન મેઘની સમાન શ્યામ સુંદર છે, પીતાંબરને ધારણ કરનારા ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવામાં સમર્થ છે. જમણા હાથમાં ચક્ર અને ડાબા હાથમાં શંખને ધારણ કરેલા છે. ડાબા પડખે ઊભેલાં અને હાથમાં દિવ્ય કમળને ધારી રહેલાં લક્ષ્મીજી જેની સેવા કરી રહેલાં છે. અનેક પ્રકારના દિવ્ય અલંકારોથી સુશોભિત છે, કંઠમાં વનમાળા ધારણ કરી છે. ગરુડાદિ પાર્ષદો અતિશય નમ્ર થઈ સેવા કરી રહ્યા છે. મુનિગણો દેવતાઓ, ગંધર્વો અને કિન્નરો પણ તેમની સ્તુતિ કરી રહ્યા છે. આવા ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરી પછી તેમનું પૂજન કરવું.[૧૩૧-૧૩૪]

**આહ્વાન :–** આહ્વાન કરવા યોગ્ય પોતાના ભક્તજનોને અભયદાન આપનારા, ભક્તવત્સલ, પોતાના ભક્તજનોને ઈચ્છિત વરદાન આપનારા, શાંત આકૃતિવાળા, દેવોના દેવ એવા શ્રીકૃષ્ણ ભગવાનનું હું મનથી આહ્વાન કરું છું.[૧૩૫] **આસન :–** હે દેવતાઓના અધિપતિ ! તમે દિવ્ય સુવર્ણ તથા દિવ્ય મણિઓથી જડેલા અને દેવતાઓએ નિર્માણ કરેલા આ રમણીય દિવ્ય સિંહાસન પર વિરાજમાન થાઓ.[૧૩૬] **પાદ્ય :–** હે સર્વે દેવતાઓમાં શ્રેષ્ઠ ! સુવર્ણના કળશમાં ભરેલું ચંદન, પુષ્પ, ચોખાથી યુક્ત ગંગાનું જળ ચરણ ધોવા અર્પણ કરું છું. તમે લક્ષ્મીજીએ સહિત તેનો સ્વીકાર કરો.[૧૩૭]

गन्धपुष्पादिसंयुक्तं स्वर्णपात्रे स्थितं जलम् । अर्घ्यं गृहाण भो देव! भक्तानामभयप्रद ! ॥ १३८
देवदेव ! नमस्तुभ्यं पुराण ! पुरूषोत्तम ! । मया दत्तमिदं तोयं गृह्णीष्वाचमनीयकम् ॥ १३९
पयो दधि घृतं चैव मधु शर्करया युतम् । पञ्चामृतेन स्नपनं प्रीत्यर्थं प्रतिगृह्यताम् ॥ १४०
कामधेनुसमुद्भूतं सर्वेषां जीवनं परम् । पावनं यज्ञहेतुस्ते पयः स्नानार्थमर्पये ॥ १४१
पयसस्तु समुद्भूतं यदम्लद्रव्ययोगतः । दध्यानीतं मया देव ! स्नानार्थं प्रतिगृह्यताम् ॥ १४२
नवनीतसमुत्पन्नं सर्वसन्तोषकारकम् । यज्ञाङ्गं देवताहारं घृतं स्नानार्थमर्पये ॥ १४३
वृक्षसारसमुद्भूतं सर्वतेजोविवर्धनम् । सर्वपुष्टिकरं देव ! मधु स्नानार्थमर्पये ॥ १४४
इक्षुसारसमुद्भूतां शर्करां सुमनोहराम् । मलापहारिणीं स्नातुं गृहाण त्वं मयार्पिताम् ॥ १४५
नदीनां चैव सरसां मयानीतं जलं शुभम् । गृहाण स्नानमन्त्रेण प्रभो ! स्नानीयमर्पितम् ॥ १४६

---

**અર્ઘ્ય :–** હે ભક્તજનોને અભયદાન આપનારા દેવ ! સુવર્ણના કળશમાં ચંદન, પુષ્પાદિથી સંયુક્ત રહેલું અર્ઘ્યજળ આપના હસ્તકમળ ધોવા માટે અર્પણ કરું છું. આપ સ્વીકાર કરો.[૧૩૮] **આચમન :–** હે દેવનાદેવ ! હે પુરાણપુરુષ ! હે પુરુષોત્તમ ! તમને મારા નમસ્કાર છે. મેં અર્પણ કરેલા આ આચમન માટેના જળનો સ્વીકાર કરો.[૧૩૯] **પંચામૃતસ્નાન :–** હે પ્રભુ ! દૂધ, દહીં, ઘી, સાકર અને મધયુક્ત પંચામૃતથી હું આપને સ્નાન કરાવું છું તેનો આપ મને રાજી કરવા સ્વીકાર કરો.[૧૪૦] **પયઃસ્નાન :–** હે શ્રીહરિ ! કામધેનું થકી પ્રાપ્ત થયેલું સર્વના જીવનરૂપ પવિત્રતાનું કારણ તેમજ યજ્ઞના હેતુભૂત એવા દૂધથી તમને સ્નાન કરાવું છું. તેનો સ્વીકાર કરો.[૧૪૧] **દધિસ્નાન :–** હે દેવ ! ખાટી છાસના યોગથી દૂધમાંથી તૈયાર થયેલાં દહીંને આપના સ્નાન માટે લાવ્યો છું. તેનો સાદર સ્વીકાર કરો.[૧૪૨] **ઘૃતસ્નાન :–** હે દેવ ! માખણમાંથી તૈયાર થયેલાં સર્વે જનોને સંતોષ આપનારાં, યજ્ઞના અંગભૂત અને દેવતાઓના આહારરૂપ ઘી આપના સ્નાન માટે લાવ્યો છું, તેનો સ્વીકાર કરો.[૧૪૩] **મધુસ્નાન :–** હે દેવ ! સર્વવૃક્ષોના સારરૂપ રસમાંથી તૈયાર થયેલાં અને સર્વને પુષ્ટિ કરનારા મધને આપના સ્નાન માટે લાવ્યો છું. તેનો સ્વીકાર કરો. મધથી સ્નાન કરો.[૧૪૪]

**શર્કરાસ્નાન :–** હે પ્રભુ ! શેરડીના રસમાંથી તૈયાર થયેલી, ઘી આદિકના ચીકાશને દૂર કરનાર સાકરને આપને સ્નાન માટે અર્પણ કરૂં છું. તેનો આપ સ્વીકાર કરી સ્નાન કરો.[૧૪૫] **શુદ્ધોદકસ્નાન :–** હે પ્રભુ ! હું સ્નાન માટે શુદ્ધ જળ લાવ્યો છું. ગંગા આદિક નદીઓનું પુષ્કર આદિ તીર્થોનું આ નિર્મળજળ મંત્ર

वस्त्रयुग्मं गृहाणत्वं पट्टसूत्रेण निर्मितम् । सूक्ष्मं कार्पासतनन्तूनां सुवर्णेन विराजितम् ॥ १४७
नारायण ! नमस्तेऽस्तु पाहि मां भवसागरात् । ब्रह्मसूत्रं सोत्तरीयं गृहाण पुरुषोत्तम ! ॥ १४८
केयूरमुकुटैश्चैव नूपुरैरङ्गुलीयकैः । पूजितोऽसि प्रयत्नेन रत्नैराभरणैर्विभो ! ॥ १४९
चन्दनं मलयोद्भूतं कस्तूर्यगुरुसंयुतम् । कर्पूरेण च संमिश्रं स्वीकुरुष्वानुलेपनम् ॥ १५०
शतपत्रैः कर्णिकारैश्चम्पकैर्मल्लिकादिभिः । पुष्पैर्नानाविधैश्चैव पूजयामि सुरेश्वर ! ॥ १५१
दशाङ्गसंज्ञितं धूपं सुगन्धं च मनोहरम् । गृहाण देवदेवेश! मया भक्त्या समर्पितम् ॥ १५२
आरात्रिकां सुरश्रेष्ठ ! वर्त्या गोघृतसिक्तया । संयुक्तां तेजसा कृष्ण ! गृहाण सुरपूजित ! ॥ १५३
अन्नं च पायसं भक्ष्यं सितालेह्यसमन्वितम् । दधिक्षीरघृतैर्युक्तं गृहाण सुरवल्लभ ! ॥ १५४
नागवल्लीदलैर्युक्तं पूगीफलसमन्वितम् । कर्पूरखदिरोपेतं ताम्बूलं प्रतिगृह्यताम् ॥ १५५

---

સાથે આપને અર્પણ કરૂં છું તે શુદ્ધ જળથી આપ સ્નાન કરો.[૧૪૬]

**વસ્રાર્પણ :–** હે શ્રીહરિ ! કપાસના તંતુઓની મધ્યે રેશમના તંતુઓથી તૈયાર કરેલો અને સુવર્ણના સૂક્ષ્મ તારથી સુશોભિત કરાયેલાં આ બન્ને વસ્રો આપને અર્પણ કરૂં છું આપ તેને ધારણ કરો.[૧૪૭] **યજ્ઞોપવીતાર્પણ :–** હે નારાયણ ! હે પુરુષોત્તમ ! તમને મારા નમસ્કાર છે. તમે મારું આ સંસારસાગર થકી રક્ષણ કરો. ઉત્તરીયવસ્રની સાથે આ બ્રહ્મસૂત્ર એવી યજ્ઞોપવીતનો આપ સ્વીકાર કરો.[૧૪૮] **આભૂષણાર્પણ :–** હે વિભુ ! બાજુબંધ, મુકુટ, નૂપુર, વેઢ, વીંટી આદિ શ્રેષ્ઠ રત્નો જડિત આભૂષણો ધારણ કરાવી આપની પૂજા કરૂં છું આપ રાજી થશો.[૧૪૯] **ચંદનાર્પણ :–** મલયાચલ પર્વતમાં ઉત્પન્ન થયેલાં, ઘસીને તૈયાર કરેલાં, કસ્તૂરી, અગરુ અને કપૂરથી મિશ્રિત કરેલા આ ચંદનના લેપને આપના અંગ ઉપર ચર્ચુ છું. તેનો હે પ્રભુ ! આપ સ્વીકાર કરો.[૧૫૦] **પુષ્પાર્પણ :–** હે દેવતાઓના સ્વામી ! સો પત્રવાળા કમળના પુષ્પથી તથા કરેણ, ગરમાળો, ચંપો, મલ્લિકા, ડોલર આદિ બીજા અનેક પુષ્પોથી હું આપની પૂજા કરું છું. તેનો આપ સ્વીકાર કરો.[૧૫૧] **ધૂપનિવેદન :–** હે દેવોના દેવ ! અતિશય સુગંધીમાન તેમજ મનોહર દશાંગધૂપ હું તમને અર્પણ કરૂં છું. આપ સ્વીકાર કરી તેની સુગંધી લ્યો.[૧૫૨] **દીપનિવેદન :–** હે સુરશ્રેષ્ઠ ! હે દેવતાઓથી પૂજાયેલા ! હે શ્રીકૃષ્ણ ! ગાયના ઘીથી પલાળેલી દિવેટોમાં અગ્નિ પ્રગટાવી આપની આરતી કરૂં છું તેનો આપ સ્વીકાર કરો.[૧૫૩]

**નૈવેદ્યાર્પણ :–** હે દેવતાને પ્રિય ! હે પ્રભુ ! દહીં, દૂધ, ઘી, સાકરથી યુક્ત ભોજ્ય અન્ન તથા સાકર યુક્ત લેહ્ય અન્ન સ્વરૂપે આ દૂધપાક, જલેબી આદિ

बीजपूराम्रपनसखर्जूरीकदलीफलम् । नालिकेरफलं दिव्यं गृहाण भगवन्निदम् ॥ १५६
न्यूनातिरिक्तपूजायाः सम्पूर्णफलहेतवे दक्षिणां काञ्चनीं देव ! स्थापयामि तवाग्रतः ॥ १५७
नीराजनं गृहाणेश! पञ्चवर्तिसमन्वितम् । तेजोराशे! मया दत्तं लोकानन्दकर! प्रभो! ॥ १५८
जय देव ! जय देव ! जय मङ्गलदाता २ लक्ष्मीवर ! राधावर ! २ शरणागतपाता ।

**ध्रुवपदम्–**

हर्तुं भारमवन्या जातो भुवि विष्णु २ र्दितिजानीकमनेकं २ जघनिथ सहजिष्णुः ।
भीष्मकतनयावरणे विधिसुरपतिमुख्यै २ रभिषिक्तोऽधिपतिस्त्वं २ नरपतिगणमुख्यैः जय देव० । १५९
पार्थप्रेमवशस्त्वं बहुधा पुरि तेषां २ न्यवसो ननु भवसि त्वं २ जीवनमपि तेषाम् ।
सौत्यं विदधद्विजयं प्रतिभटनृपसङ्घै २ दुर्जयमुज्झितशस्त्रोऽ २ प्यकरोः सुरसङ्घैः जय देव० । १६०

---

ભક્ષ્ય અન્ન તથા ચોષ્ય આદિ ચાર પ્રકારનું અન્ન હું નિવેદન કરૂં છું. તેનો આપ સ્વીકાર કરી મને ધન્ય કરો.[૧૫૪]

**તાંબુલાર્પણ :–** હે પ્રભુ ! સોપારી. કર્પૂર, કાથો અને ચુનાથી યુક્ત નાગરવેલનું પાનબીડું તમને અર્પણ કરૂં છું. તેનો આપ સ્વીકાર કરો.[૧૫૫]

**ફલાર્પણ :–** હે ભગવાન ! આ સુંદર બીજોરી, આંબાનાં ફળ, ફણસ, ખજૂર, કેળાં, આદિ ફળ તથા નાળિયેરનું ફળ તમને અર્પણ કરૂં છું. તેનો આપ સ્વીકાર કરીને આરોગો.[૧૫૬]

**દક્ષિણાર્પણ :–** હે દેવ ! પૂજામાં કાંઇ કહેલા વિધિમાં ઓછાં અધિકનો દોષ થયો હોય તેના નિવારણને માટે તેમજ સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય તે માટે આ સુવર્ણની દક્ષિણા આપના ચરણમાં અર્પણ કરૂં છું, આપ સ્વીકાર કરો.[૧૫૭]

**નાનીઆરતી :–** હે ઈશ ! હે તેજોરાશી ! હે લોકોને આનંદ પમાડનારા ! હે પ્રભુ ! આ પાંચ વાટોવાળી આરતી હું તમને અર્પણ કરૂં છુ, તેનો આપ સ્વીકાર કરો.[૧૫૮]

**મહાઆરતી :–** હે દેવોના દેવ ! તમારો જય થાઓ, જય થાઓ. હે લક્ષ્મીવર ! હે રાધાવર ! તમે સર્વનું મંગળ કરનારા છો, અને શરણાગતનું રક્ષણ કરનારા છો એવા તમારો સર્વત્ર જય થાઓ. સર્વના અંતર્યામી વિષ્ણુ તમે પૃથ્વીનો ભાર ઉતારવા પૃથ્વીપર પ્રગટ થયા અને અર્જુનને સાથે રાખી અનેક અસુરોનો વિનાશ કર્યો છે. રૂક્મિણી દેવીના વરવાના સમયે બ્રહ્મા અને ઇન્દ્રાદિ સર્વે દેવતાઓએ તથા સર્વે મોટા મોટા રાજાઓએ સર્વેના અધિપતિ તરીકે તમારો અભિષેક કર્યો છે. એવા હે દેવોના દેવ ! તમારો સર્વત્ર જય થાઓ, જય થાઓ.[૧૫૯]

नूनं पाण्डवपत्न्या त्वयि कृतबहुदाने २ प्रेमा कार्मणविद्या २ निदधे त्विति जाने ।
निःस्पृहमुक्तपतिस्त्वं विवशो हि वनादिं २ ययिथ यया स्मृतमात्रो २ हित्वा कमलादिं जय देव० १६१
वात्स्यायनमुनिगीतं प्रथमं रसमखिलं २ गोपीषु च भामायां २ विदधिथ तं सफलम् ।
साकं देवकलत्रैर्निजललनासङ्घैः २ केलिं चाम्बुधिवारिणि २ यदुसुरमुनिसङ्घैः जय देव० ॥ १६२
चञ्चद्रक्तकिरीटं नवजलदश्यामं २ मकराभश्रुतिभूषण २ मीषत्स्मितराममम्।
स्वर्णद्युति वसनं त्वां दधतं च नवीनं २ वन्दे हारिलकण्ठं २ दृशिमोदितदीनं जय देव० ॥ १६३
अञ्जलिस्थानि पुष्पाणि चार्पयामि जगत्पते ! । गृहाण सुमुखो भूत्वा जगदानन्ददायक ! ॥ १६४

---

**હે કૃષ્ણ ! યુધિષ્ઠિરાદિ પૃથાના પુત્રોના પ્રેમને વશ થઈ તેમની પ્રાર્થનાથી ઘણો સમય હસ્તિનાપુર નિવાસ કરીને રહ્યા કારણ કે તમે પાંડવોના જીવનપ્રાણ છો. તમે હાથમાં હથિયાર ધારણ કર્યા વિના પણ અર્જુનના સારથી થઈ તેમને શત્રુભૂત રાજાઓનો સમુદાય કે ઈન્દ્રાદિ દેવતાઓનો સમુદાય જીતી ન શકે, તેવાનો દુર્જય કર્યો હતો. એવા હે દેવોના દેવ ! તમારો સર્વત્ર જય થાઓ જય થાઓ.[૧૬૦] હે કૃષ્ણ ! પાંડવપત્ની દ્રૌપદીજીના અનેક મનોરથ પૂર્ણ કરનારા, તમારી ઉપર દ્રૌપદીજીએ પ્રેમભક્તિરૂપી કામણવિદ્યાથી કેવું કામણ કર્યું હતું તે હું જાણું છું. કારણ કે નિઃસ્પૃહ આત્માના સ્વામી તમે દ્રૌપદીજીના સ્મરણ કરવા માત્રથી વિવશ થઈને રુક્મિણી આદિ સર્વેનો ત્યાગ કરી, દ્રૌપદીનું સંકટ નિવારણ કરવા દુર્ગમ જંગલમાં તેમની પાસે એકાએક પધાર્યા. એવા હે દેવોના દેવ ! તમારો સર્વત્ર જય થાઓ, જય થાઓ.[૧૬૧] હે કૃષ્ણ ! તમે વાત્સાયનમુનિએ ગાન કરેલા પ્રથમ રસ એવા શૃંગારરસને ગોપીઓ તથા સત્યભામા આદિ સર્વે પત્નીઓની સાથે સફળ કર્યો. તેમજ દેવાંગનાઓ સાથે તથા પોતાની પત્નીઓના સમૂહોની સાથે જળમાં જળક્રીડા કરી અને યાદવો, દેવતાઓ તથા મુનિઓ સાથે પણ જળક્રીડા કરી છે. એવા હે દેવોના દેવ ! તમારો સર્વત્ર જય થાઓ, જય થાઓ.[૧૬૨] હે કૃષ્ણ ! તમે ચળકતા રત્ન જડિત મુકુટને ધારણ કર્યો છે, નવીન મેઘની સમાન શ્યામસુંદર વર્ણવાળા છો, કાનમાં મકરાકાર કુંડળ ધારણ કરનારા, મંદમંદ મુખહાસ્યથી મનોહર જણાતા, નવીન સુવર્ણની કાંતિ સમાન પીતાંબરને ધારણ કરનારા, ત્રણ રેખાથી અંકિત મનોહર કંઠથી શોભતા, કંઠમાં હારના પુંજને ધારણ કરતા. દષ્ટિમાત્રથી રંક તથા દીન જીવોને આનંદિત કરતા તમને હું વંદન કરું છું. એવા હે દેવોના દેવ ! તમારો સર્વત્ર જય થાઓ, જય થાઓ.[૧૬૩]**

नमस्ते देवदेवेश ! नमस्ते गरुडध्वज ! । नमोऽस्तु विष्णवे तुभ्यं व्रतस्य फलदायक ! ॥ १६५
पद्भ्यां कराभ्यां जानुभ्यामुरसा शिरसा दृशा । वचसा मनसा चेति प्रणामोऽष्टाङ्ग ईरितः ॥ १६६
बाहुभ्यां चैव जानुभ्यां शिरसा वचसा दृशा । पञ्चाङ्गोऽयं प्रणामः स्यात्पूजासु प्रवराविमौ ॥ १६७
तत्राष्टाङ्गः प्रणामस्तु पुसांमेव हितो मतः । अन्य पुंसां तथा स्त्रीणां सर्वेषामपि सम्मतः ॥ १६८
प्रणमेद्दक्षिणे भागे किञ्चद्दूरे तु दण्डवत् । कराभ्यां दक्षवामाभ्यां पादौ गृह्णन् हरेः क्रमात् ॥ १६९

गोविन्द ! माधव ! दयालय ! दीनबन्धो ! श्रीमन् ! मनोनयननन्दन दिव्यमूर्ते ! ।
दिव्येन्द्रनीलमणिकान्तिमनोहराङ्ग ! श्रीरुक्मिणीरमण ! मामव वासुदेव ! ॥ १७०
कंसादिदुष्टदमन ! प्रणतैकबन्धो ! कामान्तकादिनुत ! शङ्खरथाङ्गपाणे ! ।
श्रीद्वारिकापुरपुरन्दर ! पूर्णकाम ! श्रीरुक्मिणीरमण ! मामव वासुदेव ! ॥ १७१

---

**પુષ્પાંજલી :–** હે જગત્પતિ ! હે જગતને આનંદ આપનારા ! હું મારી અંજલીમાં રહેલાં પુષ્પો તમને અર્પણ કરૂં છું. તમે મારી સન્મુખ વિરાજી તેનો સ્વીકાર કરો.[૧૬૪] **નમસ્કાર :–** હે દેવોના દેવ ! તમને નમસ્કાર, હે ગરૂડધ્વજ ! તમને નમસ્કાર, હે વ્રતના ફળને આપનારા વિષ્ણુ ! તમને મારા નમસ્કાર છે.[૧૬૫] **સાષ્ટાંગ પ્રણામ :–** બે ચરણ બે હાથ, બે જાનું, વક્ષઃસ્થળ, મસ્તક, ભગવાનના ચરણમાં જોડેલી દૃષ્ટિ, નમસ્કાર શબ્દ બોલવા પૂર્વકની સ્તુતિવાણી, ભગવાનના માહાત્મ્યના વિચારમાં ડૂબેલું મન, આ આઠ અંગે સહિત જે પ્રણામ કરવા તે "અષ્ટાંગ પ્રણામ" કહેલા છે.[૧૬૬] **પંચાંગ પ્રણામ :–** બે હાથ, બે જાનુ, મસ્તક, વાણી અને દૃષ્ટિથી જે પ્રણામ કરવા તેને "પંચાંગ પ્રણામ" કહેલા છે.[૧૬૭] તેમાં અષ્ટાંગ પ્રણામ માત્ર પુરુષોને જ હિતકારી કહેલા છે. બહેનોએ સાષ્ટાંગ પ્રણામ કરવા નહિ. અને પંચાંગ પ્રણામ સ્ત્રી અને પુરુષ બન્નેને કરવા યોગ્ય કહેલા છે.[૧૬૮]

હે ભક્તજનો ! ભગવાનથી થોડેક દૂર જમણી બાજુએ ઊભા રહીને દંડની માફક ચરણમાં પડવું ને જમણા હાથથી ભગવાનના જમણા ચરણનો સ્પર્શ કરવો અને ડાબા હાથથી ડાબા ચરણનો સ્પર્શ કરવો. આ પ્રમાણે મનોભાવ કેળવીને દંડવત્ કરવા. ભગવાનની એકદમ સામે, પાછળ અને ડાબે પડખે ઊભા રહીને દંડવત્ પ્રણામ ન કરવા. તેમજ મંદિરના ગર્ભગૃહમાં પણ દંડવત્ પ્રણામ કે જપ હોમ આદિ ન કરવા. ભગવાનને એક હાથે પ્રણામ કરે, કે માત્ર એક પ્રદક્ષિણા કરે અને અકાળે દર્શન કરે તો પૂર્વનાં પુણ્ય હરાઈ જાય છે.[૧૬૯]

**પ્રાર્થના સ્તોત્ર :–** શ્રીનારાયણ ભગવાન કહે છે, હે ભક્તજનો ! પ્રણામ

आनन्दकन्द ! यदुनन्दन ! शारदीयपूर्णेन्दुबिम्बवदनाम्बुजमन्दहास ! ।
भूभारराजबलनाशन ! शेषबन्धो ! श्रीरुक्मिणीरमण ! मामव वासुदेव ! ॥ १७२
भामानुरञ्जनसमाहृतपारिजात ! प्रद्युम्नतात ! पुरुहूतसभासदस्य ! ।
पट्टाङ्गनाद्विगुणिताष्टसहस्रकान्त ! श्रीरुक्मिणीरमण ! मामव वासुदेव ! ॥ १७३
आत्मीयपाण्डवहिते रत ! जिष्णुसूत ! कृष्णामनोभिलषितप्रदकल्पवृक्ष ! ।
देवेन्द्रवन्द्य ! गरुडध्वज ! शार्ङ्गपाणे ! श्रीरुक्मिणीरमण ! मामव वासुदेव ! ॥ १७४
धर्माध्वसेतुरचनोद्यत ! नित्यदानैः सन्तर्पितद्विजवरौघ ! हरे ! मुरारे ! ।
श्रीनारदादिमुनिगीतपवित्रकीर्ते ! श्रीरुक्मिणीरमण ! मामव वासुदेव ! ॥ १७५

---

કરી ભગવાનની પ્રાર્થના કરવી કે, હે ગોવિંદ !હે માધવ ! હે દયાના સાગર ! હે દીનબંધુ ! હે શ્રીમન્ ! હે પોતાનું દર્શન કરનારા ભક્તજનોના મન અને નેત્રોને આનંદ આપનારા ! હે દિવ્યમૂર્તિ ! હે નીલમણિના જેવી કાંતિથી મનોહર અંગવાળા ! હે શ્રીરૂક્મિણીને રંજન કરનારા ! હે વાસુદેવ ! મારું આ સંસૃતિ થકી રક્ષણ કરો.[૧૭૦] હે કંસાદિ દુષ્ટોનું દમન કરનારા! હે શરણાગતના એક બંધુ ! હે કામનો અંત આણનારા ! હે શિવાદિ દેવતાઓથી સ્તુતિ કરાયેલા ! હે શંખ ચક્રને ધરનારા ! હે દ્વારિકાપુરીના એક નાથ ! હે પૂર્ણકામ ! હે શ્રીરૂક્મિણીને રંજન કરનારા ! હે વાસુદેવ ! મારું આ સંસૃતિ થકી રક્ષણ કરો.[૧૭૧] હે આનંદની ઉત્પત્તિના મૂળકારણ ! હે યદુનંદન ! હે શરદઋતુના ચંદ્રમા સરખા મંદમંદ હાસ્યથી શોભતા ! હે પૃથ્વીના ભારરૂપ અસુર રાજાઓના સૈન્યબળનો નાશ કરનારા ! હે શેષાવતાર બલરામના ભાઈ ! હે શ્રીરૂક્મિણીને રંજન કરનારા ! હે વાસુદેવ ! મારું આ સંસૃતિ થકી રક્ષણ કરો.[૧૭૨] હે સત્યભામાને રાજી કરવા સ્વર્ગમાંથી પારિજાતના વૃક્ષને લાવનારા ! હે પ્રદ્યુમ્નના પિતા ! હે ઈન્દ્રે મોકલેલી સુધર્મા નામની સભાના સભ્ય ! હે અષ્ટપટરાણીઓએ સહિત સોળહજાર ને એકસો મહારાણીઓના કાંત-પતિ ! હે શ્રીરૂક્મિણીને રંજન કરનારા ! હે વાસુદેવ ! મારું આ સંસૃતિ થકી રક્ષણ કરો.[૧૭૩] હે પાંડવોને સદાય આત્મીય જાણી તેમનું હિત કરનારા ! હે અર્જુનના સારથી ! હે દ્રૌપદીના મનોરથ પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન ! હે બ્રહ્મા, ઈન્દ્ર આદિ દેવતાઓથી સદાય વંદનીય ! હે શ્રીરૂક્મિણીને રંજન કરનારા ! હે વાસુદેવ ! મારું આ સંસૃતિ થકી રક્ષણ કરો.[૧૭૪] હે વર્ણાશ્રમધર્મના સેતુને નિર્માણ કરવામાં સદાય પ્રયત્નશીલ ! હે પ્રતિદિન દાન આપી સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણોના સમૂહને સંતોષ પમાડનારા ! હે

कारुण्यसागर ! भवाम्बुधिपारदायिन् ! कल्याणकृत्पतितपावननामधेय ! ।
ब्रह्मण्यदेव ! नरदेवशिखामणे ! त्वं श्रीरुक्मिणीरमण ! मामव वासुदेव ! ॥ १७६
संसारखिन्नशरणागतजीवरक्षानित्योघतोद्धवसमर्पितनैजबुद्धे ! ।
नानावतारपरिपालितसाधुलोक ! श्रीरुक्मिणीरमण ! मामव वासुदेव ! ॥ १७७
अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम । तस्मात्कारुण्यभावेन रक्ष रक्ष रमेश्वर ! ॥ १७८
परमान्नमिदं दिव्यं कांस्यपात्रेण संयुतम् । वाणकं द्विजवर्याय सहिरण्यं ददाम्यहम् ॥ १७९
इति सम्पूज्य सम्प्रार्थ्य दिवाशेषं नयेत्ततः । श्रीमन्नारायणकथाकीर्तनश्रवणादिभिः ॥ १८०
न व्यावहारिकं कर्म कार्यमेकादशीदिने । औद्धवीयैर्नृभिः स्त्रीभिः किञ्चिदप्यापदं विना ॥ १८१
कर्षुकैर्न कृषिः कार्या वणिग्भिः पणनं न च । न क्रयो विक्रयश्चापि कार्यः कस्यापि वस्तुनः ॥ १८२

---

હરિ ! હે મુરારિ ! હે નારદાદિ મુનિઓએ ગાયેલી પવિત્ર કીર્તિને ધારણ કરનારા ! હે શ્રીરૂક્મિણીને રંજન કરનારા ! હે વાસુદેવ ! મારું આ સંસૃતિ થકી રક્ષણ કરો.[૧૭૫] હે કરૂણાના સાગર ! હે ભવસાગરને પાર ઉતારનારા ! હે કલ્યાણકારી નામને ધારણ કરનારા ! હે બ્રાહ્મણોને દેવ સમાન પૂજનારા ! હે સમસ્ત ચક્રવર્તી રાજાઓના પણ ચૂડામણિ ! હે શ્રીરૂક્મિણીને રંજન કરનારા ! હે વાસુદેવ ! મારું આ સંસૃતિ થકી રક્ષણ કરો.[૧૭૬] હે સંસારમાંથી બહુ દુખી થઇ અંતે આપના શરણે આવેલા જીવોની રક્ષા કરવામાં નિરંતર તત્પર રહેતા ! હે ઉદ્ધવજીને પોતાના સ્વરૂપના જ્ઞાનનો બોધ આપનારા ! હે અનેક અવતારો ધારણ કરી સંતોનું પાલન પોષણ કરનારા ! હે શ્રીરૂક્મિણીને રંજન કરનારા ! હે વાસુદેવ ! મારું આ સંસૃતિ થકી રક્ષણ કરો.[૧૭૭] હે રમાપતિ ! મને તમારા વિના બીજો કોઇ આશરો નથી, હું એક તમારે જ શરણે છું. તેથી કરુણા કરી મારું પ્રેમથી રક્ષણ કરો, રક્ષણ કરો.[૧૭૮]

**વાયનપ્રદાન** :– હે ભગવાન ! સુંદર કાંસાના પાત્રમાં રહેલું વાયન નામનું આ શ્રેષ્ઠ અન્ન સોનામહોરની સાથે હું બ્રાહ્મણશ્રેષ્ઠને આપું છું.[૧૭૯] ભગવાન શ્રીહરિ કહે છે, હે ભક્તજનો ! આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણની પૂજા, પ્રાર્થના કરીને બાકીનો દિવસ ભગવાન શ્રીમન્નનારાયણની કથા, કીર્તન અને શ્રવણ ભક્તિ આદિકથી પસાર કરવો.[૧૮૦] અને આપણા ઉધ્ધવસંપ્રદાયના આશ્રિત નરનારી જનોએ એકાદશીના દિવસે આપત્કાળ પડ્યા વિના વ્યવહારિક કોઇ પણ કાર્ય કરવું નહિ.[૧૮૧] ખેડૂત વર્ગે ખેતી ન કરવી, વેપારીએ વેપાર ન કરવો, તેમજ કોઇ પણ વસ્તુને ખરીદવી કે વેચવી નહિ.[૧૮૨] હે ભક્તજનો ! એકાદશીના દિવસે

स्त्रीभिः शोको रोदनं न कार्यं सूत्रकर्तनम् । न वृथाभाषणं कार्यं नास्पृश्यस्पर्शनादि च ॥ १८३
हर्यर्थमेव कर्तव्यमिदं त्वेकादशीदिनम् । मदाश्रितैः कृष्णभक्तैः पुम्भिः स्त्रीभिश्च सर्वथा ॥ १८४
परतन्त्रो भवेद्यस्तु दरिद्रो दुर्बलोऽथवा । आवश्यकं स कुर्वीत व्यवहारं न चाधिकम् ॥ १८५
दानं देयं यथाशक्ति द्विजाय प्रीतये प्रभोः । रात्रौ जागरणं कार्यं भगवत्कीर्तनादिभिः ॥ १८६
विष्ण्वालयं जागरार्थं सन्मण्डलमथापि वा । गच्छतोऽस्त्यश्वमेधस्य फलं पुंसः पदे पदे ॥ १८७
स्त्रीभिः स्त्रीष्वेव कर्तव्यः पुम्भिः पुंस्वेव जागरः । कथादिभिर्हरेरेव न तु द्यूतादिभिः क्वचित् ॥ १८८
एकादशीदिने यस्तु भुञ्जीतान्नं कुसङ्गतः । चान्द्रायणेन शुद्धिः स्यात्तस्य पुंसो न चान्यथा ॥ १८९
एकभक्तेन नक्तेन तथैवायाचितेन च । उपवासेन दानेन न निर्द्वादशिको भवेत् ॥ १९०

---

સ્ત્રીઓએ શોક ન કરવો, રડવું નહિ, સૂતર કાંતવું નહિ, ગ્રામ્યવાર્તા કરવી નહિ, અપવિત્રનો સ્પર્શ કરવો નહિ, નહિ બોલવા પાત્ર પાપીને બોલાવવા પણ નહિ.[૧૮૩] મારા આશ્રિત સર્વે નરનારી ભક્તજનોએ એકાદશીનું વ્રત તો સર્વ પ્રકારે ભગવાનની નવધા ભક્તિ કરીને જ પસાર કરવું.[૧૮૪] જે વ્યક્તિ પરતંત્ર હોય અથવા ધનથી દુર્બળ હોય અથવા શરીરથી દુર્બળ હોય તો એ ત્રણે જણ આવશ્યક વ્યવહારિક કામકાજ કરે. પરંતુ અધિક ન કરે.[૧૮૫]

હે ભક્તજનો ! એકાદશીના પવિત્ર દિવસે ભગવાનને રાજી કરવા માટે પોતાની શક્તિ પ્રમાણે સુપાત્ર બ્રાહ્મણોને દાન આપવું અને રાત્રીએ ભગવાનનાં કીર્તન, કથા આદિક વડે જાગરણ કરવું.[૧૮૬] જાગરણ માટે ભગવાનના મંદિર પ્રત્યે કે સંતોના મંડળ પ્રત્યે જનારા પુરુષને પગલે પગલે અશ્વમેધયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.[૧૮૭] જાગરણ કરતી વખતે સ્ત્રી સ્ત્રીઓની સાથે ભગવાનની કથા કીર્તનાદિકથી જાગરણ કરવું. અને પુરુષોએ પુરુષોના સમુદાયમાં બેસી કથા કીર્તનાદિ વડે જાગરણ કરવું. પરંતુ પરસ્પર ભેળા બેસીને જાગરણ ન કરવું, દ્યુત કે ગ્રામ્યવાર્તા વડે ન કરવું.[૧૮૮] હે ભક્તજનો ! હવે એકાદશી વ્રત ન કરવાનું પ્રાયશ્ચિત કહું છું, જે પુરુષ કુસંગના યોગથી એકાદશીના દિવસે અન્ન ખાય છે. તે એક ચાંદ્રાયણવ્રત કરવાથી શુદ્ધ થાય છે.[૧૮૯] એકાદશીવ્રત કરવામાં અસમર્થ વ્યક્તિએ મધ્યાહ્ન પછી એકવાર ભોજન લેવું. અથવા પોતાની છાયા બમણી થાય ત્યારે અથવા માગ્યા વિના કોઈ આપે તો એકવાર ભોજન લેવું. અથવા વ્રતના નિમિત્તે યથાશક્તિ પાત્ર બ્રાહ્મણને સુવર્ણનું દાન આપવું, આ ચારમાંથી કોઈને કોઈ એકનું અનુષ્ઠાન કરીને એકાદશી વ્રત કરવું. પણ વ્રત વ્યર્થ જાવા દેવું નહિ.[૧૯૦]

नक्तं हविष्यान्नमनोदनं वा फलं तिलाः क्षीरमथाम्बु चाज्यम् ।
यत्पञ्चगव्यं यदि वापि वायुः प्रशस्तमत्रोत्तरमुत्तरं हि ॥१९१
प्रातः स्नात्वा पुनः पूजां नित्यनैमित्तिकार्चयोः । कुर्यात्तत्र यथाप्तेन सदन्नेन निवेदनम् ॥ १९२
तन्त्रेण मूर्त्योरुभयोः समाप्य प्रातरर्चनम् । व्रतं निवेदयेद्भक्त्या हरये स्वकृतं व्रती ॥ १९३
अज्ञानतिमिरान्धस्य व्रतेनानेन मे हरे ! । प्रसीद सुमुखो भुत्वा ज्ञानदृष्टिप्रदो भव ॥ १९४
कृष्णमूर्तिं ततो दद्याद्ब्राह्मणाय सदक्षिणाम् । दानानि दद्याच्चान्यानि यथाशक्त्यन्नमेव वा ॥ १९५
भोजयित्वा ततो विप्रान् शक्त्या साधूंश्च वैष्णवान् । हविष्णन्नेन कुर्वीत पारणां प्रयतो व्रती ॥ १९६
दिवानिद्रां परान्नं च पुनर्भोजनमैथुने । द्वादश्यां वर्जयेत्तैलं कांस्यपात्रे च भोजनम् ॥ १९७

હે ભક્તજનો ! ઉપવાસના વિકલ્પોમાં શું કરવું ? તે કહું છું. પોતાનો પડછાયો બમણો થયા પછી ભોજન લેવું. હવિષ્યાન્નનું, ભાત રહિતના હવિષ્યાન્નનું, ખજૂર, નાળિયેર આદિ ફળોનું, કેવળ કાળા તલ છોડીને તલનું ભોજન લેવું. માત્ર દૂધનું પાન કે જળનું પાન કરવું. તેમજ અલ્પ માત્રમાં ઘીનું તથા પંચગવ્યનું પાન કરવું તથા વાયુનું ભક્ષણ કરવું. આ કહેલા દશ વિકલ્પોમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.[૧૯૧]

**બારસતિથિનો વિધિ :–** હે ભક્તજનો ! બારસના પ્રાતઃકાળે સ્નાન કરી પોતાની નિત્ય પૂજાની પ્રતિમાની પૂજા કે સર્વતોભદ્ર મંડલની રચના કરીને એકાદશીના જેવી નૈમિત્તિક પૂજા કરીને મૂર્તિની આગળ યથાપ્રાપ્ત શ્રેષ્ઠ ભોજનનું નૈવેદ્ય ધરવું.[૧૯૨] બન્ને પ્રકારની પૂજા મુખ્યતંત્રથી જ કરી તેની સમાપ્તિ કરવી. અને ત્યારપછી વ્રત કરનાર પુરુષે પોતાનું વ્રત પ્રીતિપૂર્વક ભગવાન શ્રીહરિના ચરણમાં સમર્પિત કરી દેવું.[૧૯૩] તે સમયે આ પ્રમાણે મંત્ર બોલવો કે, હે હરિ ! અજ્ઞાનરૂપી અંધકારથી અંધ એવા મારા આ વ્રતથી તમે મારા ઉપર પ્રસન્ન થાઓ અને મારી સન્મુખ દૃષ્ટિ કરીને મને જ્ઞાનદૃષ્ટિ આપી દેખતો કરો.[૧૯૪] આ પ્રમાણે વ્રતનું નિવેદન કરી દક્ષિણા આપવાની સાથે સાથે સર્વતોભદ્ર મંડલમાં સ્થાપન કરેલી શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ પણ બ્રાહ્મણને આપી દેવી, તેમજ અન્ય દાનો આપવાં તથા અન્નનું દાન પણ યથાશક્તિ આપવું.[૧૯૫]

હે ભક્તજનો ! ત્યારપછી વ્રત કરનાર પુરુષે નિયમમાં રહીને વૈષ્ણવ બ્રાહ્મણો તથા સાધુઓને પોતાની શક્તિને અનુસારે જમાડવા અને પછી હવિષ્યાન્નવડે પોતે પારણાં કરવાં.[૧૯૬] બારસના દિવસે પણ વ્રતકરનાર વ્યક્તિએ દિવસે શયન ન કરવું, અને પારકું અન્ન ખાવું નહિં. બીજીવાર ભોજન કરવું નહિ, મૈથુન ન

पारणाहे तु लभ्येत स्वल्पापि द्वादशी यदि । तत्रैव पारणां कुर्यान्न तामुल्लङ्घयेद्व्रती ॥ १९८
कलार्धां द्वादशीं दृष्ट्वा निशीथादूर्ध्वमेव हि । आमध्याह्नात्क्रियाः सर्वाः कर्तव्याः शंभुशासनात् ॥ १९९
यदा भवेदतीवाल्पा द्वादशी पारणादिने । उषःकाले द्वयं कार्यं प्रातर्मध्याह्नकर्म च ॥ २००
सङ्कटे समनुप्राप्ते द्वादश्यां दैवयोगतः । अद्भिस्तु पारणां कुर्यात्पुनर्भुक्तं न दोषकृत् ॥ २०१
द्वादश्याः प्रथमः पादो हरिवासरसंज्ञितः । तमतिक्रम्य कुर्वीत पारणं विष्णुतत्परः ॥ २०२
आभाकासितपक्षेषु मैत्रश्रवणरेवती । सङ्गमे नैव भोक्तव्यं द्वादश द्वादशीर्हरेत् ॥ २०३
मैत्राद्यपादे स्वपितीह विष्णुः श्रुतेश्च मध्ये परिवर्तमेति ।
पौष्णान्त्यपादे प्रतिबोधमेति सुप्तिप्रबोधपरिवर्तनमेव वर्ज्यम् ॥ २०४

---

કરવું, તૈલવાળા પદાર્થો ન ખાવા અને કાંસાના પાત્રમાં ભોજન ન કરવું.[૧૯૭]

હે ભક્તજનો ! પારણાં કરવાના દિવસે સવારે સ્વલ્પ જેટલી પણ બારસ હોય તો વ્રત કરનારાએ સર્વે વિધિ પહેલાં પૂર્ણ કરીને બારસના સમયમાં જ પારણાં કરી લેવાં પરંતુ બારસનું ઉલ્લંઘન ન થઈ જાય તે જોવું.[૧૯૮] મધ્યરાત્રી પછી એક પ્રહર ઉપરાંત અર્ધ કલા માત્રની જો બારસ હોય તો પંચાગમાં જોઈ તે જ સમયે પ્રાતઃસ્નાન આહ્નિકથી લઈ મધ્યાહ્ન સુધીની સર્વે ક્રિયા પૂર્ણ કરીને પારણાં કરી લેવાં, તેમાં દોષ નથી. એવું શંભુનું વચન છે.[૧૯૯] પરંતુ જો પારણાંના દિવસે બારસ અતિશય અલ્પ હોય તો સૂર્યોદયથી પહેલાં પાંચ ઘડીની રાત્રી બાકી હોય ત્યારે સૂર્ય ઊગ્યાથી દોઢ કલાક વહેલા ઊઠી પ્રાતઃકાળના સ્નાનાદિકથી લઈ મધ્યાહ્ન સંધ્યા સુધીનો વિધિ પૂર્ણ કરીને પછી પારણાં કરવાં.[૨૦૦] જો પારણાંના સમયે અતિથિ આદિના અનાદરરૂપ કોઈ સંકટ ઊભું થાય તો કેવળ જળથી પારણાં કરી લેવાં. પછી જ્યારે અવસર મળે ત્યારે ભોજન કરવું, તે સમયે પુનઃ ભોજન કર્યાનો દોષ લાગતો નથી.[૨૦૧]

હે ભક્તજનો ! પારણાંના દિવસે બારસ લાંબો સમય રહે એમ હોય તો તેનો પહેલો પંદર ઘડીનો ભાગ એકાદશી ગણાય તેથી તે પૂર્ણ થયા પછી જ વૈષ્ણવભક્તોએ પારણાં કરવાં.[૨૦૨] અષાઢસુદ નિયમની એકાદશીના બીજે દિવસે જ્યાં સુધી અનુરાધા નક્ષત્ર હોય ત્યાં સુધી પારણાં ન કરવાં. તથા ભાદરવા સુદ પરિવર્તિની એકાદશીના દિવસે શ્રવણ નક્ષત્ર હોય ત્યાં સુધી પારણાં ન કરવાં, અને કાર્તિક સુદ પ્રબોધની એકાદશીના બીજા દિવસે રેવતી નક્ષત્ર હોય ત્યાં સુધી પારણાં ન કરવાં. અને જો કરે તો દ્વાદશી અને એકાદશી બન્ને વ્રતનું ફળ નાશ પામે

एकादशीव्रतविधिस्तु मया यथावदुक्तो जनाः ! स्मृतिवचोन्वितवर्त्मनेत्थम् ।
सर्वैर्भवद्भिरयमादरतो विधेयोऽथोद्यापनं विधिवदस्य वदामि सम्यक् ॥ २०५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे एकादशीव्रतविधिनिरूपणनामा त्रयस्त्रिंशोऽध्यायः॥३३॥*

---

**अथ चतुस्त्रिंशोऽध्यायः - ३४**

**श्रीनारायणमुनिरुवाच-**

उद्यापनं विना नैव व्रतं हि फलदं भवेत् । तस्मात्प्रयत्नतः कार्यमेकादश्या व्रतस्य तत् ॥ १
अस्तगे च गुरौ शुक्रे बाले वृद्धे मलिम्लुचे । उद्यापनं न कर्तव्यं कार्यमन्यत्र शक्तितः ॥ २

---

**છે.[૨૦૩-૨૦૪] હે ભક્તજનો ! તેનું કારણ કહું છું કે, અષાઢ માસમાં અનુરાધા નક્ષત્રના આદિ પાદમાં ભગવાન શયન કરે છે. ભાદરવા માસમાં શ્રવણ નક્ષત્રના મધ્યભાગમાં ભગવાન અંગ-પરિવર્તન કરે છે. અને કાર્તિક માસના રેવતી નક્ષત્રના અંતિમપાદમાં ભગવાન જાગ્રત થાય છે. તેથી તે ત્રણ નક્ષત્રમાં પારણાં કરવાનો નિષેધ છે.[૨૦૨-૨૦૪]**

**હે ભક્તજનો ! આ પ્રમાણે મેં સ્મૃતિ વચનોનો આધાર લઈ એકાદશીવ્રતનો વિધિ યથાર્થ તમને કહ્યો. આ વિધિનું તમારે સર્વેએ અતિશય આદરપૂર્વક પાલન કરવું. હવે પછી શાસ્ત્રમાં કહેલા એકાદશી વ્રતનો ઉદ્યાપન વિધિ કહું છું.[૨૦૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં શ્રીહરિએ એકાદશી વ્રતના વિધિનું નિરૂપણ કર્યું એ નામે તેત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. -૩૩-***

---

## અધ્યાય - ૩૪

### ભગવાન શ્રીહરિએ કહેલો એકાદશી વ્રતનો ઉદ્યાપન વિધિ.

**શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! ઉદ્યાપન કર્યા વિના કોઈ પણ વ્રત પૂર્ણ ફળને આપનારૂં થતું નથી. તેથી એકાદશીના વ્રતનું ઉદ્યાપન પ્રયત્નપૂર્વક કરવું.[૧] ગુરુ અને શુક્રના અસ્ત સમયે તથા તેના બાલપણાના અને વૃદ્ધપણાના સમયે તથા અધિક માસમાં, ગુરુની સિંહ રાશિમાં સ્થિતિ હોય તે સમયે ઉદ્યાપન ન કરવું.[૨]**

महापूजा प्रकर्तव्या विप्रसन्तर्पणं तथा । शक्त्या स्वर्णं च गौर्देया सामान्योद्यापनं त्विति ॥ ३
सकृदेव हविष्याशी दशम्यां प्रयतः पुमान् । ब्रह्मचर्यपरो रात्रौ स्वपेद्भूमौ हरिं स्मरन् ॥ ४
रजन्या अन्तिमे यामे समुत्थाय यथाविधि । अदीर्घसूत्री कुर्वीत शौचस्नानादि नैत्यकम् ॥ ५
पूजोपहारान्सम्भृत्य विधिज्ञं ब्राह्मणं ततः । आहूय स्वस्थचित्तोऽर्चेद्भक्त्या श्रीपुरुषोत्तमम् ॥ ६
स्वकीयगेहे सुस्वच्छे पुण्यक्षेत्रेऽथवा शुभे । विष्णवालये विशेषेण कुर्यात्पूजाविधिं व्रती ॥ ७
मण्डपे निर्मिते रम्ये कदलीस्तम्भमण्डिते । विधाय सर्वतोभद्रं तन्मध्ये स्थापयेद्घटम् ॥ ८
पञ्चपल्लवसंयुक्ते सूक्ष्मवस्त्राभिवेष्टिते तस्मिन् पात्रं निदध्याच्च रम्यास्तरणमण्डितम् ॥ ९
कमलं द्वादशदलं नानावर्णोपशोभितम् अन्तर्द्वादशभिः पत्रैर्युक्तं कुर्यात्तदन्तरे ॥ १०
तन्मध्ये वासुदेवस्य हैमीं लक्ष्मीयुतस्य च । यथाशास्त्रं कारयित्वा प्रतिमां स्थापयेन्नरः ॥ ११
पूर्वाद्यनुक्रमेणैव केशवाद्याः सशक्तयः । तदङ्गदेवताः स्थाप्याः पद्मपत्रेषु सर्वतः ॥ १२

**હે ભક્તજનો ! સામાન્ય રીતે ઉદ્યાપનમાં મોટી સામગ્રીથી ભગવાનની મહાપૂજા કરવી તથા બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કરવા તથા સુપાત્ર બ્રાહ્મણને સુવર્ણનું તથા સારા લક્ષણવાળી ગાયનું દાન કરવું. આમાંથી કોઈ પણ શક્તિ પ્રમાણે કરવું. આ ઉદ્યાપનનું સામાન્ય લક્ષણ છે.[૩] હવે વિશેષ વિધિ કહું છું. વ્રત કરનારા પુરુષે દશમી તિથિએ એકજ વાર જમવું. નિયમમાં તત્પર રહેવું, રાત્રીએ બ્રહ્મચર્ય વ્રત રાખી શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં ભૂમિ ઉપર જ શયન કરવું.[૪] પછી રાત્રીના છેલ્લા પ્રહરમાં ઉઠીને આળસ રહિત થઈ, તત્કાળ સ્નાનાદિ નિત્ય કર્મવિધિ પૂર્ણ કરી, પૂજાના ઉપચારો ભેળા કરીને, ઉદ્યાપન વિધિને જાણનારા ઉદ્ધવ સંપ્રદાયના બ્રાહ્મણને આમંત્રણ આપી, તેના દ્વારા સ્વસ્થચિત્તે શ્રીપુરુષોત્તમ ભગવાનનું ભક્તિથી પૂજન કરવું.[૫-૬] પછી વ્રત કરનાર પુરુષે લીંપીને સ્વચ્છ કરેલા પોતાના ભવનમાં કે શુભ પુણ્યક્ષેત્રમાં કે મંદિરમાં વિશેષપણે પૂજાવિધિ કરવો.[૭] કેળના સ્થંભથી સુશોભિત કરેલા રમણીય મંડપની મધ્યે સર્વતોભદ્રમંડલની રચના કરી તેના મધ્યે સુવર્ણ કળશનું સ્થાપન કરવું.[૮] આંબાના પાંચ પલ્લવ પધરાવી વસ્ત્રથી વીંટાડેલા કળશની ઉપર બિછાવેલા વસ્ત્રથી શોભતા પાત્રનું સ્થાપન કરવું.[૯] તે પાત્રની મધ્યે બાર પાંખડીવાળું નાના વર્ણોથી સુશોભિત કમળ કરવું. તેની મધ્યે નાના પાંદડાંવાળા કમળની રચના કરવી.[૧૦] તે કમળની મધ્યે લક્ષ્મીજીએ સહિત સુવર્ણની વાસુદેવ ભગવાનની પ્રતિમાનું પૂજન કરી સ્થાપન કરવું.[૧૧] ત્યારપછી બાર પાંખડીના કમળના પત્રોમાં પૂર્વાદિ દિશાના અનુક્રમથી શ્રીકૃષ્ણ ભગવાનના અંગ દેવતા જે કેશવાદિ ચોવીસ સ્વરૂપો તેમનું તેની પત્નીએ સહિત સ્થાપન કરવું.[૧૨]**

आद्ये दले केशवस्तु स्थापनीयः श्रिया सह । नारायणस्तदग्रे च पद्मया दक्षिणक्रमात् ॥ १३
माधवो नित्यया साकं गोविन्दश्चन्द्रया सह । रमया सह विष्णुश्च माधव्या मधुसूदनः ॥ १४
त्रिविक्रमश्च पद्माक्ष्या वामनः कमलायुतः । श्रीधरः कान्तिमत्या च हृषीकेशापराजिते ॥ १५
पद्मनाभः पद्मवत्या राधादामोदरौ ततः । स्थापनीयाः क्रमेणैवमेता द्वादश देवताः ॥ १६
तथाभ्यन्तरपत्रेषु स्थाप्या द्वादश देवताः । सङ्कर्षणः पूर्वपत्रे स्थाप्यः सह सुनन्दया ॥ १७
वासुदेवो हरिण्याथ दक्षिणक्रमतस्ततः । प्रद्युम्नश्च धिया साकमनिरुद्धः सुशीलया ॥ १८
स्थापनीयः क्रमेणैव नन्दया पुरुषोत्तमः । अधोक्षजस्त्रयीयुक्तः क्षेमङ्कर्या नृकेसरी ॥ १९
अच्युतो विजयायुक्तः सुन्दर्या च जनार्दनः । उपेन्द्रः सुभगायुक्तो हरिः सह हिरण्यया ॥ २०
कृष्णः सुलक्षणायुक्तः स्थापनीयोऽन्तिमे दले । ततः पूजां प्रकुर्वीत यथाशक्ति यथाविधि ॥ २१

---

હે ભક્તજનો ! પૂર્વ દિશાના પ્રથમ પત્રમાં શ્રીદેવીએ સહિત કેશવભગવાનનું સ્થાપન કરવું, પછી પ્રદક્ષિણાના ક્રમથી તેનાથી આગલા પત્રમાં પદ્માદેવીએ સહિત નારાયણનું સ્થાપન કરવું.[૧૩] ત્યારપછી અનુક્રમે નિત્યાદેવીની સાથે માધવ ભગવાન, ચંદ્રાદેવીની સાથે ગોવિંદ ભગવાન, રમાદેવીની સાથે વિષ્ણુ ભગવાન, માધવીની સાથે મધુસૂદન, પદ્માક્ષીની સાથે ત્રિવિક્રમ ભગવાન, કમલાની સાથે વામન, કાંતિમતીની સાથે શ્રીધર ભગવાનનું સ્થાપન કરવું. અપરાજીતાની સાથે હૃષિકેશ ભગવાન, પદ્માવતીની સાથે પદ્મનાભ, રાધાની સાથે દામોદર ભગવાનની સ્થાપના કરવી. આ પ્રમાણે પૂર્વથી પ્રદક્ષિણાના ક્રમે કેશવાદિ શુદપક્ષના અધિપતિ બાર દેવતાઓનું પોતાની પત્નીઓની સાથે સ્થાપન કરવું.[૧૪-૧૬] હે ભક્તજનો ! પૂર્વોક્ત ક્રમ પ્રમાણે અંદરની બાર પાંખડીના કમળમાં વદપક્ષના અધિપતિ દેવતાઓની પોતાની શક્તિઓ સાથે સ્થાપના કરવી. તે આ પ્રમાણે કે પૂર્વના પત્રમાં સુનંદાદેવીની સાથે સંકર્ષણ ભગવાનની સ્થાપના કરવી.[૧૭] પછી પ્રદક્ષિણાના ક્રમે હરિણીદેવીની સાથે વાસુદેવ ભગવાન, ધીદેવીની સાથે પ્રદ્યુમ્ન ભગવાન, સુશિલાદેવીની સાથે અનિરૂદ્ધ ભગવાન, નંદાદેવીની સાથે પુરુષોત્તમ ભગવાન, ત્રયીદેવીની સાથે અધોક્ષજ ભગવાન, ક્ષેમકરીદેવીની સાથે નૃસિંહભગવાન, વિજયાદેવીની સાથે અચ્યુત ભગવાન, સુંદરીદેવીની સાથે જનાર્દન ભગવાન, સુભગાદેવીની સાથે ઉપેન્દ્ર ભગવાન, હિરણ્યાદેવીની સાથે શ્રીહરિ ભગવાન, અને સુલક્ષણાદેવીની સાથે શ્રીકૃષ્ણ ભગવાનની અંતિમ પત્રમાં સ્થાપના કરવી. પછી પોતાની શક્તિ અને વિધિ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા શરૂ કરવી.[૧૮-૨૧]

पञ्चामृतेन च स्नानं कार्यमभ्यङ्गपूर्वकम् । महाभिषेकः कर्तव्यः कृत्वादौ लघुपूजनम् ॥ २२
नवीनवस्त्रभूषादि समर्प्य च चतुःसमम् । सर्वगन्धं च वा भक्त्या सुमनोभिः प्रपूजयेत् ॥ २३
सहस्रतुलसीपत्रैः पूजयित्वाऽमृताह्वयम् । धूपं समर्प्य दीपं च नैवेद्यं तु निवेदयेत् ॥ २४
मोदकान् गुडकांश्चैव चूर्णानि घृतपूरकान् । सोहालिकांश्च कंसारं सक्तून्सेवांश्च मण्डकान् ॥ २५
वटकान् पायसं दुग्धकूरं दध्योदनं तथा । पिण्डकान् पूरिकाश्चैव शतच्छिद्रांश्च लड्डुकान् ॥ २६
तिलपिष्टं कर्णवेष्टं शालिपिष्टं सशर्करम् । रम्भाफलं च सघृतं मुद्गचूर्णं गुडौदनम् ॥ २७
समर्प्येत्यादि नैवेद्यं ताम्बूलं च फलं व्रती । महानीराजनं कृत्वा दद्यात्पुष्पाञ्जलिं ततः ॥ २८
समाप्य पूजां दानानि दद्याच्छक्त्यनुसारतः । गोभूतिलहिरण्याश्वगजादीनि दृढव्रतः ॥ २९
ततो देवस्य पुरतो गोष्ठे वा होममाचरेत् । मन्त्रेणेदं विष्णुरिति समिदाज्यतिलौदनैः ॥ ३०

હે ભક્તજનો ! આ પ્રમાણે લઘુપૂજા કરી ભગવાનના અંગ ઉપર પુષ્પ તથા તૈલમર્દન કરીને પંચામૃતથી સ્નાન કરાવી મહાઅભિષેક કરવો.[૨૨] શુદ્ધ સ્નાન કરાવી ભગવાનને વસ્ત્રો ધારણ કરાવવાં, કસ્તૂરીના બે ભાગ, ચંદનના ચાર ભાગ, કુંકુમના ત્રણ ભાગ, અને કર્પૂરનો એક ભાગ મેળવીને તૈયાર કરેલું ચંદન ભગવાનને ચર્ચવું, અથવા સર્વગંધ નામનું ચંદન સમર્પણ કરવું, પછી ભાવથી સુંદર પુષ્પોની માળા કંઠમાં પહેરાવવીને હજાર તુલસીપત્રોથી પૂજન કરવું. પછી અમૃતધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરવું.[૨૩-૨૪] હે ભક્તજનો ! નૈવેદ્યમાં તળેલા લાડુ, લક્કડશાઈ, ચૂરમું, ઘેબર, કંસાર, સુહાળિ, સેવ, દળના લાડું, માંડા, વડાં, દૂધપાક, દૂધભાત, દહીંભાત, પેંડા, પૂરી, ખાજાં, માલપૂવા, ગોળના લાડુ, તલસાંકળી, જલેબી, હરિસો, ઘી સાકર મિશ્રિત કેળાંનો રસ, મગદળ અને બીરંજ અર્પણ કરવો. આ પ્રમાણે નૈવેદ્ય અર્પણ કરી ચળુ કરાવી, પાનબીડું તથા ફળ અર્પણ કરી મહાઆરતી કરવી, પછી પુષ્પાંજલી અર્પણ કરવી.[૨૫-૨૮]

હે ભક્તજનો ! દઢતા પૂર્વક વ્રતનું અનુષ્ઠાન કરનાર મનુષ્યે આ રીતે પૂજાની સમાપ્તિ કરી ગાય, ભૂમિ, તલ, સુવર્ણ, અશ્વ, હાથી તથા શય્યા વગેરેનું પોતાની શક્તિ અનુસાર દાન કરવું.[૨૯] પછી સર્વતોભદ્રમંડળમાં સ્થાપન કરેલા શ્રીકૃષ્ણ ભગવાનની આગળ અથવા ગૌશાળામાં "ઈદં વિષ્ણુઃ" આ મંત્ર બોલી સમિધ, ઘી, તલ, અને ભાતથી હોમ કરવો.[૩૦] પછી કેશવાદિ ચોવીસ નામો બોલવા પૂર્વક પૂર્વોક્ત હોમ દ્રવ્યથી એક એક નામની સાથે આહૂતિ આપવી. પછી ચોવીસ અથવા દશ અથવા એક ગાયનું દાન કરવું અથવા તેના નિમિત્તે કાંઈક સુવર્ણનું દાન કરવું.[૩૧]

तैरेव च यजेत्पश्चान्नामभिः केशवादिभिः । गाश्चतुर्विंशतिं दद्याद्दशैकां वाथ काञ्चनम् ॥ ३१
देया गावः श्वेतवर्णाः कपिला वा यथाविधि । रात्रौ जागरणं कृत्वा प्रभाते चार्चयेद्धरिम् ॥ ३२
सुवर्णनिर्मितां मूर्तिं दद्यात्स्वगुरवे हरेः । अलङ्कारांश्च वासांसि दत्त्वा विप्रांश्च भोजयेत् ॥ ३३
चतुर्विंशतिसङ्ख्याकान्सतिलान्नफलोदकान् । घटान्दत्त्वा द्विजेभ्यश्च प्रदद्याद्दक्षिणां नरः ॥ ३४
गन्धपुष्पांशुकाद्यैश्च सम्पूज्या ब्रह्मचारिणः । साधवो भोजनीयाश्च सदन्नैर्विष्णुसेवकाः ॥ ३५
ततश्च पारणां कुर्यात्स्वजनैः सह स व्रती । एवं कृते व्रतमिदं यथोक्तफलदं भवेत् ॥ ३६
इत्येकादशिकाव्रतस्य महिमा सच्छास्त्रवृन्दं मया । निर्मथ्योद्धृत आदराद्व्रतविधिः साङ्गश्च संक्षेपतः।
प्रोक्तः श्रीरमणाश्रिताखिलजनप्रीत्यै तमेतं नरो यः । श्रोष्यत्यथवा पठिष्यति स तु प्राप्स्यत्यभीष्टं फलम् ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे एकादशीव्रतोद्यापनविधिनिरूपणनामा चतुर्स्त्रिशोऽध्यायः ॥३४॥*

---

હે ભક્તજનો ! ગાયના દાનમાં શ્વેતવર્ણની ગાયો તથા કપિલા ગાયોનું વિધિપૂર્વક દાન કરવું. રાત્રીએ જાગરણ કરી પ્રભાતે શ્રીહરિની પૂજા કરવી.[૩૨] પછી સુવર્ણની મૂર્તિનું પોતાના ગુરુ, આચાર્યને દાન કરવું તથા ગુરુને વસ્ત્રાલંકારોનું દાન કરવું ને બ્રાહ્મણોને ભોજન કરાવવું.[૩૩] વ્રતનું ઉદ્યાપન કરનાર પુરુષે તલ, અન્ન, ફળ અને જળથી ભરેલા ચોવીસ ઘડાઓનું બ્રાહ્મણોને દાન કરી દક્ષિણા આપવી.[૩૪] અને ભગવાનના ભક્ત એવા બ્રહ્મચારીઓ, સાધુઓનું પણ ચંદન, પુષ્પાદિવડે પૂજન કરી, મિષ્ટાન્ન જમાડી તૃપ્ત કરવા.[૩૫] ત્યારપછી પોતાના સ્વજનોની સાથે પારણાં કરવાં, આ પ્રમાણે ઉદ્યાપન વિધિ સાથે વ્રતનું અનુષ્ઠાન કરવાથી, એકાદશીનું વ્રત શાસ્ત્રમાં કહેલા સંપૂર્ણ ફળને આપનારું થાય છે.[૩૬]

હે ભક્તજનો ! આ પ્રમાણે મેં સત્શાસ્ત્રોનું મંથન કરી એકાદશી વ્રતનો મહિમા તથા અંગે સહિત એકાદશી વ્રતમાં કરવાના પ્રકારનો વિધિ પણ સંક્ષેપથી શ્રીરાધાકૃષ્ણ ભગવાનના આશ્રિત એવા સમસ્ત જનોની પ્રસંન્નતાર્થે આદરપૂર્વક તમારી આગળ કહ્યો. જે મનુષ્ય મહિમાએ સહિત આ વ્રતવિધિ સાંભળશે અથવા કહેશે, તે મનુષ્ય ઈચ્છિત ફળને પ્રાપ્ત કરશે.[૩૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ ઉપર ભગવાન શ્રીહરિએ એકાદશીવ્રતના ઉદ્યાપનવિધિનું નિરૂપણ કર્યું એ નામે ચોત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૪--***

---

## अथ पञ्चत्रिंशोऽध्यायः - ३५

**जना ऊचुः-**

केशवादीनि रूपाणि यान्येकादशिकातिथौ । पूज्यान्युक्तानि तेषां त्वं ब्रूहि लक्ष्माणि नः पृथक् ॥ १

**श्रीनारायणमुनिरुवाच-**

मूर्तीनां केशवादीनां वासुदेवस्य वो जनाः! । कथयामि यथाशास्त्रं लक्षणानि पृथक् पृथक् ॥ २
चतुर्विंशतिरूपिण्या एकादश्याः प्रियाय सः । चतुर्विंशतिमेकोऽपि विष्णुर्मूर्तीर्दधाति वै ॥ ३
शङ्खचक्रगदाब्जानां स्थानभेदेन धारणात् । नामान्युक्तानि तासां वै चतुर्विंशतिरेव हि ॥ ४
धारणं स्थानभेदेन शङ्खादीनां यथा तथा । वदामि तत्तु विज्ञेयं दक्षिणाधः करक्रमात् ॥ ५
पद्मं शङ्खं तथा चक्रं गदां वहति केशवः । शङ्खं पद्मं गदां चक्रं धत्ते नारायणः सदा ॥ ६

# અધ્યાય – ૩૫

## ભગવાન શ્રીહરિએ કહેલા એકાદશીના અધિષ્ઠાતા કેશવાદિ ચોવીસ સ્વરૂપોનાં લક્ષણો.

ભક્તજનો પૂછે છે, હે સ્વામિન્ ! એકાદશીના દિવસે પૂજવા યોગ્ય જે કેશવાદિ ચોવીસ સ્વરૂપોની વાત કરી તે સ્વરૂપોનાં જુદાં જુદાં જે લક્ષણો હોય તે અમને સમજાવો. અમને તે પણ જાણવાની ઈચ્છા છે.[૧]

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! શ્રીવાસુદેવ ભગવાનની કેશવાદિ ચોવીસ મૂર્તિઓ છે તેનાં લક્ષણો યથાશાસ્ત્ર જેમ છે તેમ જુદાં જુદાં કરીને તમને કહું છું.[૨] ભગવાન તો એક જ છે છતાં પણ ચોવીસ એકાદશીને રાજી કરવા ચોવીસ મૂર્તિરૂપે થયા છે.[૩] તેમાં પણ શંખ, ચક્ર, ગદા અને પદ્મ આ ચાર આયુધોને જુદા જુદા હાથમાં ધારણ કરવાને લીધે ચોવીસ નામવાળી અલગ અલગ મૂર્તિ કહેલી છે.[૪] હે ભક્તજનો ! હવે તમને શંખાદિ આયુધોને કેવી રીતે હાથમાં સ્થાન ફેર કરીને ધારણ કરવાથી જુદાં સ્વરૂપો થાય છે તે કહું છું. તેમાં પ્રથમ જમણા ભાગનો નીચેનો હાથ,પછી ઉપરનો હાથ,અને પછી ડાબા ભાગનો ઉપરનો હાથ, પછી નીચેનો હાથ. આ ક્રમ પ્રમાણે શંખાદિ ચાર આયુધોના ધારણથી મૂર્તિ ભેદ થાય છે. એમ તમારે જાણવું.[૫]

**કેશવ ભગવાન :–** અનુક્રમે પદ્મ, શંખ, ચક્ર અને ગદાનું ધારણ કરે છે. નારાયણ ભગવાન શંખ, પદ્મ, ગદા અને ચક્ર ધારણ કરે છે. માધવ ભગવાન ગદા, ચક્ર, શંખ અને પદ્મ ધારણ કરે છે. ગોવિંદ ભગવાન ચક્ર, ગદા, પદ્મ અને

गदां चक्रं तथा शङ्खं पद्मं वहति माधवः । चक्रं गदां पद्मशङ्खौ गोविन्दो धरते भुजैः ॥ ७
गदां पद्मं तथा शङ्खं चक्रं विष्णुर्बिभर्ति च । चक्रं शङ्खं तथा पद्मं गदां च मधुसूदनः ॥ ८
पद्मं कौमोदकीं चक्रं शङ्खं धत्ते त्रिविक्रमः । शङ्खं चक्रं गदां पद्मं वामनो धरते सदा ॥ ९
पद्मं चक्रं गदां शङ्खं श्रीधरो धरते भुजैः । हृषीकेशो गदां चक्रं पद्मं शङ्खं दधाति च ॥ १०
पद्मनाभः करैर्धत्ते शङ्खं पद्ममरिं गदाम् । पद्मं शङ्खं गदां चक्रं धत्ते दामोदरः सदा ॥ ११
सङ्कर्षणो गदाशङ्खपद्मचक्रधरः स्मृतः । वासुदेवो गदाशङ्खचक्रपद्मधरो मतः ॥ १२
चक्रशङ्खगदापद्मधरः प्रद्युम्न उच्यते । अनिरुद्धश्चक्रगदाशङ्खपद्मधरः स्मृतः ॥ १३
चक्रं पद्मं तथा शङ्खं गदां च पुरुषोत्तमः । पद्मं कौमोदकीं शङ्खं चक्रं धत्तेऽप्यधोक्षजः ॥ १४
चक्रं पद्मं गदां शङ्खं नरसिंहो बिभर्ति च । गदां सरोजं चक्रं च शङ्खं धत्तेऽच्युतः सदा ॥ १५
पद्मं सुदर्शनं शङ्खं गदां धत्ते जनार्दनः । शङ्खं कौमोदकीं चक्रमुपेन्द्रो धरतेऽम्बुजम् ॥ १६
शङ्खं चक्रं सरोजं च गदां वहति वै हरिः । शङ्खं कौमोदकीं पद्मं चक्रं कृष्णो बिभर्ति च ॥ १७

---

**શંખ ધારણ કરે છે. વિષ્ણુ ભગવાન ગદા, પદ્મ, શંખ અને ચક્ર ધારણ કરે છે. મધુસૂદન ભગવાન ચક્ર, શંખ, પદ્મ અને ગદા ધારણ કરે છે. ત્રિવિક્રમ ભગવાન પદ્મ, ગદા, ચક્ર અને શંખ ધારણ કરે છે. વામન ભગવાન શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરે છે. શ્રીધર ભગવાન પદ્મ, ચક્ર, ગદા, શંખ ધારણ કરે છે. હૃષિકેશ ભગવાન ગદા, ચક્ર, પદ્મ, શંખ ધારણ કરે છે. પદ્મનાભ ભગવાન શંખ, પદ્મ, ચક્ર, ગદા ધારણ કરે છે. દામોદર ભગવાન પદ્મ, શંખ, ગદા, ચક્ર ધારણ કરે છે. સંકર્ષણ ભગવાન ગદા, શંખ, પદ્મ, ચક્ર ધારણ કરે છે. વાસુદેવ ભગવાન ગદા, શંખ, ચક્ર, પદ્મ ધારણ કરે છે. પ્રદ્યુમ્ન ભગવાન ચક્ર, શંખ, ગદા, પદ્મ ધારણ કરે છે. અનિરૂદ્ધ ભગવાન ચક્ર, ગદા, શંખ, પદ્મ ધારણ કરે છે. પુરુષોત્તમ ભગવાન ચક્ર, પદ્મ, શંખ, ગદા ધારણ કરે છે. અધોક્ષજ ભગવાન પદ્મ, ગદા, શંખ, ચક્ર ધારણ કરે છે. નરસિંહ ભગવાન ચક્ર, પદ્મ, ગદા, શંખ ધારણ કરે છે. અચ્યુત ભગવાન ગદા, પદ્મ, ચક્ર, શંખ ધારણ કરે છે. જનાર્દન ભગવાન પદ્મ, ચક્ર, શંખ, ગદા ધારણ કરે છે. ઉપેન્દ્ર ભગવાન શંખ, ગદા, ચક્ર, પદ્મ ધારણ કરે છે. હરિ ભગવાન શંખ, ચક્ર, પદ્મ, ગદા ધારણ કરે છે. કૃષ્ણ ભગવાન શંખ, ગદા, પદ્મ, ચક્ર ધારણ કરે છે.**[૬-૧૭]

**હે ભક્તજનો ! આ પ્રમાણે મેં કેશવાદિ ચોવીસ મૂર્તિઓનું નિરૂપણ કર્યું. તે મૂર્તિઓનું દરેક એકાદશીએ પૂજન કરવું, કેશવાદિ બાર સ્વરૂપો સુદ પક્ષની એકાદશીઓના અધિષ્ઠાતા દેવ છે. અને સંકર્ષણાદિ બાર સ્વરૂપો વદ પક્ષની**

इत्येताः केशवाद्या वो मूर्तयो लक्षणैर्मया । निरुपिता भक्तजनाः ! पूज्या एकादशीषु ताः ॥ १८
एकादशीनां शुक्लानामीश्वराः केशवादयः । द्वादशोक्ताश्च कृष्णानां ज्ञेयाः सङ्कर्षणादयः ॥ १९
मार्गशीर्षे शुक्लपक्षे एकादश्यां तु केशवः । पूज्यस्तथा कृष्णपक्षे तत्र सङ्कर्षणोऽर्चकैः ॥ २०
एवं पौषादिमासेषु पक्षयोः शुक्लकृष्णयोः । नारायणादयः पूज्या मले तु पुरुषोत्तमः ॥ २१
अत्र सङ्कर्षणाद्या याश्चतस्रो मूर्तयो मया । प्रोक्तास्तास्तु पृथग्ज्ञेयाश्चतुर्व्यूहस्वरूपतः ॥ २२
वित्तशाठ्यं न कर्तव्यमेकादश्युत्सवे जनाः ! । लक्ष्मीकान्तोऽत्र सर्वासां दाता तुष्यति सम्पदाम् ॥ २३

यः प्रातरुत्थाय विकुण्ठभर्तुः कृष्णस्य रूपाण्यघनाशनानि ।
श्रीकेशवादीनि पुमानुत स्त्री स्मरेत्स वै मङ्गलमिष्टमेतु ॥ २४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे केशवादिमूर्तिलक्षणनिरूपणनामा पञ्चत्रिंशोऽध्यायः ॥ ३५ ॥*

---

એકાદશીના અધિષ્ઠાતા દેવ છે.[૧૮-૧૯] હે ભક્તજનો ! વ્રત કરી ભગવદ્ પૂજન કરનારા ભક્તજને માગસર સુદ એકાદશીના દિવસે કેશવ ભગવાનનું પૂજન કરવું. માગસર વદની એકાદશીએ સંકર્ષણ ભગવાનનું પૂજન કરવું.[૨૦] તેવીજ રીતે અનુક્રમે પોષ વિગેરે માસમાં સુદ પક્ષ તથા વદ પક્ષમાં નારાયણ તથા વાસુદેવ આદિ અંગ દેવતાઓનું પૂજન તથા અધિકમાસમાં પુરુષોત્તમ ભગવાનનું પૂજન કરવું.[૨૧] અહીં ચોવીસ વ્યૂહ સ્વરૂપોમાં સંકર્ષણાદિ જે ચાર મૂર્તિઓ મેં કહી તે મૂર્તિઓ તો ચતુર્વ્યૂહમાં જે ચાર સ્વરૂપો છે તેનાથી ભિન્ન સમજવી.[૨૨]

હે ભક્તજનો ! એકાદશીનો ઉત્સવ ઉજવવામાં જો ધન હોય તો તેને વાપરવામાં કંજૂસાઈ ન કરવી, કારણ કે એકાદશીના ઉત્સવમાં ધન વાપરવાથી સર્વે સંપત્તિના દાતા લક્ષ્મીપતિ ભગવાન શ્રીવાસુદેવ અત્યંત પ્રસન્ન થઈ બહુ જ વધુ સંપત્તિ આપે છે.[૨૩]

હે ભક્તજનો ! અક્ષરધામાધિપતિ ભગવાન શ્રીકૃષ્ણનું તથા પાપને નાશ કરનારા તેમના કેશવાદિ ચોવીસ સ્વરૂપોનું જે પુરુષ અને સ્ત્રી પ્રાતઃ કાળે ઉઠી સદાય સ્મરણ કરશે, તે પુરુષ અને સ્ત્રી પોતાની ઈચ્છિત શુભ મનોકામનાને અવશ્ય પ્રાપ્ત કરશે.[૨૪]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ ઉપર ભગવાન શ્રીહરિએ ચોવિસ એકાદશીના અધિષ્ઠાતા કેશવાદિ દેવોના સ્વરૂપોનું નિરૂપણ કર્યું એ નામે પાંત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. –૩૫–***

अथ षट्त्रिंशोऽध्यायः - ३६

सुव्रत उवाच-

इति श्रीहरिणा गीतं माहात्म्यादि निशम्य ते । एकादश्या जनाः सर्वे सन्तुष्टिं परमां ययुः ॥ १
तमेव हृदि जानन्तः श्रीकृष्णं धर्मनन्दनम् । तदग्र एव नियमं जगृहुस्तद्व्रतस्य ते ॥ २
स्वस्वस्थानं ततो गन्तुमाज्ञाप्य स्वाश्रितांश्च तान् । स्वावासमगमत्स्वामी वन्द्यमानो जनव्रजैः ॥ ३
एकादशीव्रतविधिमाचरिष्यन् कृताप्लवः । कृष्णं सोऽभ्यर्च्य जग्राह तदग्रे नियमं नृप ! ॥ ४
महानैवेद्यसामग्रीं कारयामास वाडवैः । रम्भास्तम्भादिभिः पूजामण्डपं चाप्यचीकरत् ॥ ५
पूजोपहारान्सम्पाद्य किञ्चित्सुष्वाप भूतले । तृतीयः प्रहरस्तावद्रात्रेः प्रापत्समापनम् ॥ ६
अलब्धनिद्र एवासावुत्तस्थौ सहसा ततः । स्वस्वरूपं हृदि ध्यात्वा साकं भक्तैर्नदीं ययौ ॥ ७

# અધ્યાય - ૩૬

## ભક્તજનોને શીખવવા માટે શ્રીહરિએ એકાદશીવ્રતનું વિધિ પૂવક અનુષ્ઠાન કર્યું.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિના મુખ કમળથી એકાદશીનું માહાત્મ્ય અને તેનો સંપૂર્ણ વિધિ સાંભળીને સભામાં બેઠેલા સર્વે સંતો તથા ભક્તજનો પરમ આનંદ પામ્યા ને ધર્મનંદન ભગવાન શ્રીહરિને જ પોતાના હૃદયમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન જાણતા તે સર્વે જનોએ તેમની આગળજ એકાદશીવ્રત કરવાનો નિયમ ગ્રહણ કર્યો.[૧-૨] ત્યારે શ્રીહરિએ પોતાના આશ્રિત સર્વેને પોતપોતાના ઉતારે જવાની આજ્ઞા આપી. તેથી સર્વે ભક્તજનો શ્રીહરિના ચરણમાં વંદન કરી પોતાને ઉતારે ગયા અને ભગવાન શ્રીહરિ પણ પોતાની અક્ષર ઓરડીએ પધાર્યા.[૩]

એકાદશીના વ્રતનું યથાશાસ્ત્ર અનુષ્ઠાન કરવાની ઈચ્છાથી ભગવાન શ્રીહરિએ સ્નાન કર્યું અને પોતાના નિત્ય સેવ્ય સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરીને તેમની આગળ જ 'હું એકાદશીનું વ્રત કરીશ,' એવો નિયમ ગ્રહણ કર્યો.[૪] પછી બ્રાહ્મણો પાસે મહાનૈવેદ્યની સામગ્રી તૈયાર કરાવી, કેળના સ્થંભ આદિકથી પૂજામંડપની રચના કરાવી તથા પૂજાના ઉપચારો સર્વે ભેળા કરાવ્યા. ભગવાન શ્રીહરિએ પૃથ્વી પર થોડું શયન કર્યું. જ્યારે રાત્રીનો ત્રીજો પહોર સમાપ્ત થયો ત્યારે હજુતો યોગનિદ્રાનો સ્વીકાર કર્યો ન હતો ત્યાંજ ઉઠીને સ્વસ્વરૂપનું ધ્યાન

आदौ शौचविधिं कृत्वा गण्डूषान् द्वादशैव च । तस्यामुन्मत्तगङ्गायां चकार विधिनाऽऽप्लवम् ॥ ८
स्नानाङ्गं तर्पणं कृत्वा कलशेऽत्युज्ज्वले जलम् । भृत्वाऽर्चनार्थं श्रीविष्णोरार्द्रवासा गृहं ययौ ॥ ९
ईश्वरोऽनेकशिष्योऽपि दर्शयन् हरिसेविनाम् । दासधर्मं स्वयं तोयमानिनाय निजाश्रमम् ॥ १०
पुष्पाणि च गृह्योद्यानादानीय तुलसीं च सः । धौतांघ्रिपाणिः शुचिनी पर्यधात्सितवाससी ॥ ११
उपविश्यासने कौशे गोपीचन्दनमृत्सया । कृत्वा पञ्चोर्ध्वपुण्ड्राणि सन्ध्यावन्दनमाचरत् ॥ १२
नित्यहोमं ततः कृत्वा ब्राह्मणान्वेदवित्तमान् । पूजाविधिज्ञानाहूय प्रारेभे कृष्णपूजनम् ॥ १३
तं पूजां कारयामासुर्ब्राह्मणास्ते यथाविधि । विदधुः सर्वतोभद्रमादौ ते मण्डलं शुभम् ॥ १४
विचित्ररङ्गशोभाढ्ये तस्मिन्कलशमुज्ज्वलम् । सौवर्णं स्थापयामासुर्ब्राह्मणा विधिकोविदाः ॥ १५
पञ्चपल्लवसंयुक्ते सूक्ष्मवस्त्राभिवेष्टिते । तत्र स्थिते शुभे पात्रे रम्यास्तरणमण्डिते ॥ १६

---

**કરી, પોતાની સમીપે રહેતા સંતો-ભક્તોની સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધાર્યા.[૫-૭]**

**શ્રીહરિએ પ્રથમ શૌચવિધિ કરી દાતણની જગ્યાએ બાર કોગળા કર્યા, ને ઉન્મત્તગંગામાં પ્રાતઃકાળના વિધિ પ્રમાણે સ્નાન કર્યું.[૮] તેમજ સ્નાનના અંગભૂતદેવતાનું તર્પણ કરીને શ્રીવિષ્ણુ ભગવાનના પૂજન માટે ઉજ્જવળ કળશમાં ગાળીને ગંગાનું જળ ભરી ભીને વસ્ત્રે પોતાના ભવનમાં પધાર્યા.[૯] હે રાજન્ ! સ્વયં શ્રીહરિએ અનેક શિષ્યો હોવા છતાં અને પોતે પરમેશ્વર હોવા છતાં પણ પોતાની સેવા કરતા ભક્તજનોને દાસધર્મ શીખવવા માટે સ્વયં જળ ભરીને પોતાના ભવનમાં લાવ્યા.[૧૦] પછી સ્વયં શ્રીહરિ ભવનના બગીચામાંથી પુષ્પો તથા તુલસીપત્ર લાવ્યા ને હસ્ત ચરણની શુદ્ધિ કરી, ભીનાં વસ્ત્રો દૂર કરી સુંદર ધોયેલાં શ્વેતવસ્ત્રો ધારણ કર્યાં.[૧૧] પછી રેશમના આસન ઉપર વિરાજમાન થઈ ગોપીચંદન વડે પાંચ ઉર્ધ્વપુંડ્ર્ તિલક ધારણ કર્યાં. આ પ્રમાણે પ્રાતઃકાળનો સંધ્યાવિધિ અને હોમ કરીને સંપ્રદાયના નિયમ પ્રમાણે પૂજાવિધિને જાણતા વેદના વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી, શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવાનો પ્રારંભ કર્યો.[૧૨-૧૩] ત્યારે તે સર્વે બ્રાહ્મણો પણ વિધિપૂર્વક શ્રીહરિની પાસે પૂજન કરાવવા લાગ્યા. તેમાં પ્રથમ શુભ સર્વતોભદ્રમંડળની રચના કરાવી.[૧૪]**

**હે રાજન્ ! પૂજાવિધિમાં પ્રવીણ બ્રાહ્મણોએ અનેકવિધ રંગોથી શોભતા મંડળની મધ્યે સુવર્ણના કળશનું સ્થાપન કર્યું. પાંચ આંબાનાં પત્ર મૂકી સૂક્ષ્મ વસ્ત્રથી વીંટેલા કળશ ઉપર રમણીય આચ્છાદન વસ્ત્ર પાથરી તેમના પર શોભાયમાન**

कमलं द्वादशदलं नानावर्णोपशोभितम् । अन्तर्द्वादशभिः पत्रैर्युक्तं चक्रुर्मनोहरम् ॥ १७
तन्मध्ये प्रतिमां हैमीं लक्ष्मीयोगेश्वरस्य ते । प्राणप्रतिष्ठां कृत्वैव स्थापयामासुरादरात् ॥ १८
तदङ्गदेवताश्चान्याः पार्षदांश्च यथादिशम् । स्थापयामासुरव्यग्रास्तन्त्रोक्तविधिना द्विजाः ॥ १९
पूर्वाद्यनुक्रमेणैव केशवाद्याः सशक्तयः । बाह्याभ्यन्तरपत्रेषु स्थापिता ह्यङ्गदेवताः ॥ २०
आद्ये दले केशवस्तु स्थापितस्तैः श्रिया सह । नारायणस्तदग्रे च पद्मया दक्षिणक्रमात् ॥ २१
माधवो नित्यया साकं गोविन्दश्चन्द्रया सह । रमया सह विष्णुश्च माधव्या मधुसूदनः ॥ २२
त्रिविक्रमश्च पद्माक्ष्या वामनः कमलायुतः । श्रीधरः कान्तिमत्याऽग्रे हृषीकेशापराजिते ॥ २३
पद्मनाभः पद्मवत्या राधादामोदरौ ततः । स्थापिता द्वादशैवैता बहिःपत्रेषु देवताः ॥ २४
मार्गशीर्षादिमासेषु द्वादशस्वप्यनुक्रमात् । एकादशीनां शुक्लानामेता एव हि देवताः ॥ २५

---

**પાત્ર પધરાવ્યું.[૧૫-૧૬] તેને ફરતા બાર પાંખડીવાળા કમળની અને તેમની વચ્ચે બીજા બાર પાંખડીવાળા નાના કમળની રચના કરાવી.[૧૭] પછી પૂજા કરાવનારા બ્રાહ્મણોએ તે કમળના મધ્ય ભાગમાં લક્ષ્મીજીએ સહિત યોગેશ્વર ભગવાનની સુવર્ણની પ્રતિમાઓ પ્રાણપ્રતિષ્ઠાનો વિધિ કરી સ્થાપન કરી.[૧૮] હે રાજન્ ! પછી ભૂદેવો સ્વસ્થ મને અન્ય અંગદેવતાઓ તથા ભગવાનના પાર્ષદોનું પણ દિશાઓના અનુક્રમે તંત્રશાસ્ત્રમાં બતાવેલા વિધિ પ્રમાણે સ્થાપન કર્યું. તેમાં પોતપોતાની શક્તિઓની સાથે કેશવાદિ અંગદેવતાઓની સ્થાપના પૂર્વ અધ્યાયમાં કહી તે પ્રમાણે બહારની અને અંદરની બારબાર પાંખડીઓમાં ક્રમાનુસાર કરાવી.[૧૯-૨૦]**

**હે રાજન્ ! તેમાં પ્રથમ પાંખડીમાં શ્રીદેવીની સાથે કેશવ ભગવાનની સ્થાપના કરી. તેથી આગળના પત્રમાં પ્રદક્ષિણાના ક્રમે પદ્માદેવીની સાથે નારાયણ ભગવાનની સ્થાપના કરી.[૨૧] પછી નિત્યાદેવીની સાથે માધવ ભગવાનની સ્થાપના કરી. ચંદ્રાદેવીની સાથે ગોવિંદભગવાનની, રમાદેવીની સાથે વિષ્ણુભગવાનની, માધવીદેવીની સાથે મધુસૂદન ભગવાનની, પદ્માક્ષીની સાથે ત્રિવિક્રમ ભગવાનની, કમલાદેવીની સાથે વામન ભગવાનની, કાંતિમતીની સાથે શ્રીધર ભગવાનની સ્થાપના કરી. તેનાથી આગળની પાંખડીમાં અપરાજિતાની સાથે હૃષિકેશ ભગવાન, પદ્માવતી સાથે પદ્મનાભ ભગવાનની અને છેલ્લે રાધાદેવીની સાથે દામોદર ભગવાનની સ્થાપના કરી. આ બારે અંગદેવતાઓની બહારની મોટી પાંખડીમાં સ્થાપના કરી.[૨૨-૨૪] આ કેશવાદિ દેવતાઓ માગસર આદિ બારે માસના સુદપક્ષની એકાદશીના અધિપતિઓ છે.[૨૫]**

तथाभ्यन्तरपत्रेषु द्वादशस्वपि देवताः । कृष्णैकादश्यधिष्ठात्र्यः स्थापिताश्च सशक्तयः ॥ २६
सङ्कर्षणः पूर्वपत्रे स्थापितस्तु सुनन्दया । वासुदेवो हरिण्या च सहाग्रे ब्राह्मणैस्ततः ॥ २७
प्रद्युम्नश्च धिया साकमनिरुद्धः सुशीलया । स्थापितोऽनुक्रमेणैव नन्दया पुरुषोत्तमः ॥ २८
अधोक्षजस्त्रयीयुक्तः क्षेमङ्कर्या नृकेसरी । अच्युतो विजयायुक्तः सुन्दर्या च जनार्दनः ॥ २९
उपेन्द्रः सुभगायुक्तो हरिः सह हिरण्यया । कृष्णः सुलक्षणायुक्तो द्वादश स्थापिता इति ॥ ३०
स्थापयित्वाथ नन्दादीन् पार्षदानष्टदिक्षु ते । पूजामकारयन्विप्रा मन्त्रैर्वैदिकतान्त्रिकैः ॥ ३१
तत्रादौ हृदये दध्यौ स्वामी योगेश्वरं प्रभुम् । वामपार्श्वस्थया लक्ष्म्या सह पङ्कजहस्तया ॥ ३२
पद्मासनसमासीनं किञ्चिन्मीलितलोचनम् । घ्राणाग्रदत्तदृष्टिं च श्वेतपद्मोपरि स्थितम् ॥ ३३
मेघश्यामं चतुर्बाहुं कौस्तुभेन विराजितम् । नानाभरणशोभाढ्यं किरीटविलसन्मुखम् ॥ ३४

---

હે રાજન્ ! પછી બ્રાહ્મણોએ એજ રીતે અંદરના ભાગની પાંખડીમાં વદપક્ષની એકાદશીઓના અધિપતિ દેવતાઓની પોતાની શક્તિઓની સાથે સ્થાપના કરી.[૨૬] તેમાં પૂર્વની પાંખડીમાં સુનંદાદેવીની સાથે સંકર્ષણ ભગવાનની સ્થાપના કરી. પછી પ્રદક્ષિણાના ક્રમે તેનાથી આગળના પત્રમાં હરિણીદેવીની સાથે વાસુદેવ ભગવાન, ધીદેવીની સાથે પ્રદ્યુમ્ન ભગવાન, સુશીલાદેવી સાથે અનિરૂદ્ધ ભગવાન, નંદાદેવી સાથે પુરુષોત્તમ ભગવાન, ત્રયીદેવીની સાથે અધોક્ષજ ભગવાન, ક્ષેમકરીદેવીની સાથે નરસિંહ ભગવાન, વિજયાદેવી સાથે અચ્યુત ભગવાન, સુંદરીદેવીની સાથે જનાર્દન ભગવાન, સુભગાની સાથે ઉપેન્દ્ર ભગવાન, હિરણ્યાદેવીની સાથે હરિ ભગવાન, અને સુલક્ષણાદેવીની સાથે શ્રીકૃષ્ણ ભગવાનની સ્થાપના કરી. આ પ્રમાણે વદપક્ષની એકાદશીના બારે દેવતાઓની સ્થાપના કરી.[૨૭-૩૦]

હે રાજન્ ! વિધિ કરાવનારા બ્રાહ્મણોએ આઠે દિશાઓમાં નંદ, સુનંદ આદિક પાર્ષદોની સ્થાપના કરાવી. વેદોક્ત મંત્રોથી ભગવાન શ્રીહરિ પાસે લક્ષ્મીજીએ સહિત યોગેશ્વર ભગવાનનું પૂજન કરાવ્યું.[૩૧] તે સમયે શ્રીહરિએ પ્રથમ ડાબા પડખામાં વિરાજમાન તેમજ હસ્તમાં કમળને ધારી રહેલાં લક્ષ્મીજીએ સહિત યોગેશ્વર ભગવાનનું પોતાના હૃદય કમળમાં ધ્યાન કર્યું.[૩૨] એ યોગેશ્વર ભગવાન કમળના આસન ઉપર વિરાજમાન છે. કાંઈક અર્ધ મીંચેલાં નેત્રોથી નાસિકાના અગ્રભાગમાં દૃષ્ટિ રાખી શ્વેત કમળપર બિરાજમાન થયા છે.[૩૩] નવીન મેઘની સમાન સુંદર શ્યામ શરીરવાળા ચતુર્ભુજ મૂર્તિ, કંઠમાં ધારણ કરેલા કૌસ્તુભમણિથી અને અનેક આભૂષણોથી, તથા મસ્તક ઉપર ધારણ કરેલા મુકુટથી

अङ्के कृत्वा वामदक्षावुत्तानौ च भुजौ स्थितम् । तत्करद्वयपार्श्वस्थे दध्यौ पद्ममहागदे ॥ ३५
ऊर्ध्वे करद्वये तस्य पाञ्चजन्यसुदर्शने । ध्यात्वा तस्मिन्वासुदेवे चकार स्वं मनः स्थिरम् ॥ ३६
उपचारैः षोडशभिस्तत आवाहनादिभिः । नीलकण्ठोऽर्चयामास स्वप्रेष्ठं तमनन्यधीः ॥ ३७
पञ्चामृतेन संस्नाप्य लघुपूजां विधाय च । महाभिषेकविधिना स्नापयामास तं पुनः ॥ ३८
सुगन्धिना कैसरेण चन्दनेन सिताक्षतैः । सुगन्धिभिर्बहुविधैः पुष्पैरानर्च तं ततः ॥ ३९
धूपं दत्त्वा दशाङ्गं च तस्मै दीपान्निवेद्य च । अर्पयामास नैवेद्यं चतुरैः पाचकैः कृतम् ॥ ४०
मोदकान् गुडकांश्चैव चूर्णानि घृतपूरकान् । सोहालिकाश्च कंसारं सक्तून्सेवाश्च मण्डकान् ॥ ४१
वटकान् पायसं दुग्धकूरं दध्योदनं तथा । पिण्डकान् परिकाश्चैव शतच्छिद्रांश्च लड्डुकान् ॥ ४२
तिलपिष्टं कर्णवेष्टं शालिपिष्टं सशर्करम् । रम्भाफलं च सघृतं मुद्गचूर्णं गुडौदनम् ॥ ४३

**અત્યંત શોભી રહ્યા છે. મુખકમળની શોભા પણ મનોહર છે.[૩૪] ખોળામાં ડાબા હાથ ઉપર જમણો હાથ મૂકી ધ્યાનમુદ્રામાં વિરાજમાન થયા છે. ત્યારે નીચેના ડાબા અને જમણા હસ્તમાં ધારવાના પદ્મ અને ગદા, તેમની સમીપે જ રહેલ છે, એવું ધ્યાન કર્યું.[૩૫] અને ઉપરના બન્ને હાથમાં શંખ અને ચક્રનું ધ્યાન કરી શ્રીવાસુદેવ ભગવાનને વિષે પોતાનું મન સ્થિર કર્યું.[૩૬]**

**હે રાજન્ ! પછી શ્રીહરિએ એકાગ્ર મનથી આવાહન આદિ ષોડશોપચારથી પોતાના પ્રિય યોગેશ્વર ભગવાનનું પૂજન કરવા લાગ્યા.[૩૭] તે સમયે તેમણે ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવી નાની પૂજા કરી, ફરી મહાઅભિષેકના વિધિથી સ્નાન કરાવવા લાગ્યા.[૩૮] પછી સુગંધીમાન કેસરયુક્ત ચંદન, શ્વેત ચોખા, તેમજ સુગંધીમાન પુષ્પોથી યોગેશ્વર ભગવાનનું પૂજન કર્યું. પછી દશાંગ ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કર્યું.[૩૯-૪૦]**

**હે રાજન્ ! તે નૈવેદ્યમાં તળેલાલાડુ, લક્કડશાઈ, ચુરમાના લાડુ, ઘેબર, માંડા, સુંહાળિયો, કંસાર, સેવ, દળનાલાડુ, વડાં, દૂધપાક, દૂધભાત, પેંડા, પૂરી, ખાજાં, માલપુવા, ગોળનાલાડુ, તલસાંકળી, જલેબી, હરિસો, ઘી, સાકર યુક્ત કેળાંનો રસ, મગદળ અને બીરંજ તેમજ અન્ય ભક્ષ્ય અને ભોજ્ય આદિ પદાર્થોનું નૈવેદ્ય ધરી મધ્યે પાણી પીવા માટે પવિત્ર જળ અર્પણ કર્યું. પછી ચળુ કરાવી હસ્ત, મુખકમળ ધોવરાવી નાગરવેલનું પાનબીડું અને નાળિયેર આદિ અનેક પ્રકારનાં ફળો અર્પણ કર્યાં.[૪૧-૪૪]**

**હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિએ કર્પૂરની મહાઆરતી કરી ત્યારે**

भक्ष्यभोज्यानि चान्यानि समर्प्य च जलं शुचि । ददौ ताम्बूलपूगादि फलानि विविधानि च ॥ ४४
चकार घनसारेण महानीराजनं ततः । गीतवाद्यनिनादोऽभूज्जयशब्दयुतस्तदा ॥ ४५
तदा सुरगणाः सर्वे वादयन्तः स्वदुन्दुभीन् । ववृषुः पुष्पवर्षाणि जगुर्गन्धर्वकिन्नराः ॥ ४६
नीराजनं विधायाथ ददौ पुष्पाञ्जलिं हरिः । नमस्कृत्य च सम्प्रार्थ्य विष्णुं पूजामपूरयत् ॥ ४७
पूजयामास च ततो धर्मदेवं यथाविधि । युक्तं स्वपरिवारेण तण्डुलाष्टदलाम्बुजे ॥ ४८
दश दानानि विप्रेभ्यो व्रताङ्गत्वाद्ददौ ततः । माध्याह्निकं विधायादाद्भक्तेभ्यो निजदर्शनम् ॥ ४९

प्रवर्तयन् धर्मविधिं धरायां स्वयं यथाशास्त्रमिहाचरंस्तम्।
आनन्दयामास स धर्मसंस्थान् भक्तव्रजान् भूमिप! धर्मसंस्थः ॥ ५०

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे नारायणमुनिकृतैकादशीव्रतविधिनिरूपणनामा षट्त्रिंशोऽध्यायः॥३६॥*

---

**ભક્તજનોએ જયજયકારના ધ્વનિ સાથે વાજિંત્રોનો મહાઘોષ કર્યો અને આકાશમાં રહેલા દેવતાઓ પણ પોતાના દુંદુભિઓ વગાડતા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા.[૪૫-૪૬] ભગવાન શ્રીહરિએ આરતી પૂર્ણ કરી ભગવાન યોગેશ્વરને પુષ્પાંજલી અર્પણ કરી, નમસ્કાર કરી છેલ્લે પ્રાર્થના કરીને પૂજાની સમાપ્તિ કરી.[૪૭] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ ચોખાથી રચેલા આઠ પાંખડીવાળા કમળમાં ભક્તિ, શ્રદ્ધા આદિ પોતાના પરિવારે સહિત પિતા ધર્મદેવનું પણ સ્થાપન કરી વિધિપૂર્વક પૂજા કરી.[૪૮] વ્રતના અંગભૂત દશપ્રકારનાં દાનો બ્રાહ્મણોને અર્પણ કર્યાં. પછી મધ્યાહ્નનો નિત્ય વિધિ કરી ઉત્સવમાં આવેલા ભક્તજનોને સિંહાસન ઉપર બેસી દર્શન આપવા લાગ્યા.[૪૯]**

**હે રાજન્ ! ધર્મનિષ્ઠ ભગવાન શ્રીહરિ આ ભારતવર્ષની ધરાપર ધર્મવિધિનું પ્રવર્તન કરવા શાસ્ત્ર અનુસાર સ્વયં તે વિધિનું અનુષ્ઠાન કરતા ધર્મમાં રહેલા પોતાના આશ્રિત સમસ્ત ભક્તજનોના સમૂહોને ખૂબજ આનંદ પમાડ્યા.[૫૦]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં ભગવાન શ્રીનારાયણમુનિએ પ્રબોધનીના દિવસે એકાદશી વ્રતવિધિનું સંપૂર્ણ અનુષ્ઠાન કર્યું એ નામે છત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૬--***

---

### अथ सप्तत्रिंशोऽध्यायः - ३७

सुव्रत उवाच-

एकादश्यां दिने प्रातर्जया साऽथ यथाविधि । प्रातः स्नानादिकं कृत्वा चक्रे भगवदर्चनम् ॥ १
सौवर्णं पूजयामास लक्ष्मीयोगेश्वरं तु सा । तथैव भक्तिधर्मं च सर्वतोभद्रमण्डले ॥ २
पञ्चामृतैश्चन्दनेन पुष्पैः सुरभिभिस्तथा । धूपदीपोपहारैश्च फलैर्नानाविधैरपि ॥ ३
पूजयित्वाऽकरोत्प्रेम्णा महानीराजनं ततः । मन्त्रपुष्पाञ्जलिं दत्वा प्रणनाम कृताञ्जलिः ॥ ४
ततो भगवतः प्रीत्यै महादानानि साऽकरोत् । धेनूर्दशविधाः प्रादान्मेरुन्दशविधांस्तथा ॥ ५
तत्र गोमयलिप्तायां दर्भानास्तीर्य सा भुवि । उदक्पादाः प्राङ्मुखीश्च कल्पयामास गा दश ॥ ६
गुडधेनुं गुडैनैव चतुर्भारमितेन सा । कारयामास तद्वत्सं भारेणैकेन शोभनम् ॥ ७

---

## અધ્યાય - ૩૭

## પ્રબોધનીના દિવસે જયાબાએ આપેલ ગુડધેનુ આદિ મહાદાનવિધિનું નિરૂપણ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ઉત્તમરાજાનાં મોટી બહેન જયાબાએ પ્રબોધની એકાદશીના દિવસે પ્રાતઃકાળે સ્નાનાદિ પોતાનો નિત્યવિધિ કરીને શ્રીયોગેશ્વર ભગવાનનું પૂજન કરવા લાગ્યાં. તેમાં તેણે સૌપ્રથમ સર્વતોભદ્રમંડળની રચના કરી, તેમાં સુવર્ણની લક્ષ્મીજીની સાથે યોગેશ્વર ભગવાનની મૂર્તિની સ્થાપના કરી તેમનું પૂજન કર્યું. સર્વતોભદ્ર મંડળમાં ભક્તિમાતાએ સહિત ધર્મદેવની સ્થાપના કરી તેમનું પણ પૂજન કર્યું.[૧-૨] હે રાજન્ ! તે પૂજન વિધિમાં જયાબાએ પંચામૃત, ચંદન, સુગંધીમાન પુષ્પો, ધૂપ, દીપ વિગેરે ઉપચારો તથા અનેક પ્રકારનાં ફળો અર્પણ કરી અતિશય પ્રેમથી મહાઆરતી કરી. પછી પુષ્પાંજલી અર્પણ કરીને બન્ને હાથ જોડી પ્રણામ કર્યા.[૩-૪] ભગવાન શ્રીનારાયણમુનિને પ્રસન્ન કરવા જયાબા મહાદાન આપવા લાગ્યાં. દશપ્રકારની ધેનુ અને દશપ્રકારના મેરુનાં દાન કરવા લાગ્યાં.[૫]

હે રાજન્ ! તે મહાદાનમાં જયાબાએ સૌ પ્રથમ ગાયના છાણથી લીંપેલી ભૂમી ઉપર દર્ભ બિછાવીને, ઉત્તર દિશા તરફ ચરણ હોય અને પૂર્વદિશા તરફ મુખ હોય તેવી દશ ગાયોની કલ્પના કરી.[૬] તેમાં સો સો શેર ગોળમાંથી એક એક ગાયની કલ્પના કરી, અને એકભાર માપના એટલે કે પચીસ શેરના ગોળમાંથી

अनर्घ्यैर्वसनैः सूक्ष्मैर्वेष्टयित्वा च तावुभौ । शोभयामास विविधैः रत्नैश्च मणिभिश्च तौ ॥ ८
शुक्तिकर्णाविक्षुपादौ शुचिमुक्ताफलेक्षणौ । ताम्रपृष्ठौ क्षौमपुच्छौ सितकम्बलकम्बलौ ॥ ९
स्वर्णशृङ्गौ रूप्यखुरौ विद्रुमभ्रुकुटीयुतौ । नानाभरणशोभाढ्यौ कांस्यदोहनसंयुतौ ॥ १०
एवं विधाय गौवत्सौ पूजयामास सादरम् । तथविधाश्चकारान्या घृतधेनुमुखाश्च गाः ॥ ११
घृतधेनुं क्षीरधेनुं शर्कराधेनुमुत्तमाम् । तिलधेनुं मधुधेनुं रसधेनुं च साऽकरोत् ॥ १२
दधिदेनुं चाम्बुधेनुं स्वर्णधेनुं तथान्तिमाम् । यथावत्कल्पयामास शास्त्रोक्तविधिना जया ॥ १३
चतुर्भारमितेनैव घृतेन परिपूरितान् । कुम्भानस्थापयत्तत्र घृतधेनुविधौ तु सा ॥ १४
भारेणैकेन वत्सं च विधिमन्यं तु पूर्ववत् । चकार सा बुद्धिमती दुष्करं भूमिपैरपि ॥ १५
द्रवद्द्रव्यस्य कुम्भाश्च तिलादीनां तु राशयः । स्थापितास्तत्र सर्वत्र तुरीयांशेन वत्सकाः ॥ १६

---

એક એક વત્સની કલ્પના કરી.[૭] ત્યારપછી તે બન્ને ગાય અને વત્સને બહુ મૂલ્ય સૂક્ષ્મ વસ્ત્ર વિંટાળી, અનેક પ્રકારનાં રત્નો અને મણિઓથી ગાય વત્સને સુશોભિત કરવામાં આવ્યાં.[૮] હે રાજન્ ! વત્સે સહિત તે ગાયના કર્ણ છીંપથી કરવામાં આવ્યા. ચરણ શેરડીના દંડથી, નેત્રો વિશુદ્ધ મોતીથી, પીઠનો ભાગ ત્રાંબાથી, પૂંછ રેશમી વસ્ત્રથી, ગળે લટકતી ગોદડી શ્વેત કમ્બલથી, શીંગડા સુવર્ણથી, ખરીઓ રજતથી, તેમજ પ્રવાલના મોતીઓથી ભ્રૂકુટિની રચના કરી, અનેક પ્રકારનાં આભૂષણોથી શણગારીને ગાયોની રચના કરવામાં આવી અને પાસે કાંસાનાં ઉત્તમ દોહન પાત્રો મૂકવામાં આવ્યાં.[૯-૧૦]

હે રાજન્ ! આ પ્રમાણે દાન આપવા માટેની ગાયોનું વત્સ સાથે નિર્માણ કરીને આદર પૂર્વક તેમનું પૂજન કર્યું. તેમજ ઘૃતધેનુ, ક્ષીરધેનુ, શર્કરાધેનુ, તિલધેનુ, મધુધેનુ, રસધેનુ, દધિધેનુ, જળધેનુ, અને સુવર્ણધેનુ, આ સર્વેની શાસ્ત્રોક્ત વિધિને અનુસારે જયાબાએ કલ્પના કરાવી.[૧૧-૧૩] ઉપરોક્ત સર્વે ધેનુઓની મધ્યે ઘૃતધેનુની વિધિમાં જયાબાએ ચારભાર પરિમિત એટલે કે સો સો શેર ઘીથી ભરેલા કળશોનું સ્થાપન કરાવ્યું, અને પચીસશેર ઘીથી ભરેલા પાત્રથી વત્સની કલ્પના કરાવી સ્થાપન કર્યા. બાકી અન્ય ધેનુઓની સ્થાપના ગુડધેનુની જેમજ રચના કરાવીને સ્થાપન કરાવી. હે રાજન્ ! આ પ્રમાણે અતિશય બુદ્ધિશાળી જયાબાએ મોટા મહારાજાઓ પણ ન કરી શકે તેવો ગુડધેનુ આદિની રચના કરાવી મહાદાનનો વિધિ કર્યો.[૧૪-૧૫] હે રાજન્ ! તે સર્વે પ્રકારની ધેનુઓને મધ્યે દ્રવિભૂત ઘી આદિ પદાર્થોના કળશ સ્થાપન કર્યા અને તિલ, ગોળ, સાકર, આદીના ઢગલા સ્થાપન

चतु:पलसुवर्णेन स्वर्णधेनुं चकार च । वस्त्रैर्विभूषणैस्ताश्च साऽलञ्चक्रेऽखिला अपि ॥ १७
सम्पूज्य ताश्च विप्रेभ्य: पूजितेभ्यो दशापि गा: । तदा ददौ जया भक्त्या भगवत्प्रीतये नृप ! ॥ १८
मेरुसंज्ञान्पर्वतांश्च तत: साऽकल्पयद्दश । वृक्षै: सरोवरैर्युक्तान्नानावस्त्रैर्विराजितान् ॥ १९
प्रथमो धान्यशैलश्च द्वितीयो लवणाचल: । गुडशैलस्तृतीयश्च चतुर्थो हेमपर्वत: ॥ २०
पञ्चमस्तिलशैलश्च षष्ठ: कार्पासपर्वत: । सप्तमो घृतशैलश्च रत्नशैलस्तथाष्टम: ॥ २१
रूप्यशैलश्च नवमो दशम: शर्कराचल: । यथाविधि दशैवैते पर्वता: स्थापितास्तया ॥ २२
मण्डपं कारयामास वासुदेवाङ्गणे शुभम् । तत्र गोमयलिप्तायां भुव्यास्तारीत्कुशानृजून् ॥ २३
मध्ये व्रीहिमयस्तत्र सहस्रद्रोणसम्मित: । मेरु: कृतोऽथ तत्पूर्वे मुक्तावज्राण्यतिष्ठिपत् ॥ २४
गोमेदपुष्परागांश्च दक्षिणेऽस्थापयन्मणीन् । तथा नीलान्मरकतान्पश्चिमे सा न्यधारयत् ॥ २५

---

કર્યા. તેમજ વત્સ માટે ચોથાભાગના નાના ઢગલા કર્યા.[૧૬] અને છેલ્લી જે સુવર્ણધેનુની કલ્પના કરી તેમાં જયાબાએ ચાર પલ પરિમિત સુવર્ણધેનુ અને એક પલપરિમિત વત્સની રચના કરીને સમસ્ત ગાયોને વસ્ત્ર આભૂષણોથી શણગારવામાં આવી.[૧૭]

હે રાજન્ ! જયાબાએ આ રીતની દશે પ્રકારની ગાયોનું પૂજન કરીને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાને માટે ભાવથી બ્રાહ્મણોનું પૂજન કરી તેને દાનમાં આપી દીધી.[૧૮] પછી જયાબાએ વૃક્ષો અને સરોવરથી શોભતા, અનેક પ્રકારના વસ્ત્રોથી સુશોભિત કરેલા મેરુ નામના દશ પર્વતોની કલ્પના કરી, તેમાં પ્રથમ ધાન્યનો પર્વત, બીજો નમકનો પર્વત, ત્રીજો ગોળનો પર્વત, ચોથો સુવર્ણનો પર્વત, પાંચમો તલનો પર્વત, છઠ્ઠો કપાસનો પર્વત, સાતમો ઘીનો પર્વત, આઠમો રત્નનો પર્વત, નવમો ચાંદીનો પર્વત, દશમો સાકરનો પર્વત. આ પ્રમાણે દશ પર્વતો જયાબાએ વિધિ પૂર્વક સ્થાપન કરાવ્યા.[૧૯-૨૨]

હે રાજન્ ! હવે તે દશ પર્વતોની સ્થાપનાનો વિધિ વિસ્તારથી કહું છું. શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ આંગણામાં શોભાયમાન મંડપ બંધાવ્યો. તે મંડપની મધ્યે ગાયના છાણથી લીંપેલી ભૂમિ ઉપર કોમળ દર્ભની પથારી કરી.[૨૩] તે દર્ભ પાથરેલી ભૂમિને મધ્યે જયાબાએ એકહજાર દ્રોણ માપનો ધાન્યનો ઢગલો કરાવી મેરુ પર્વત રચાવ્યો. બત્રીસ શેર ધાન્યનો એક દોણ કહેવાય, તે ધાન્ય મેરુની પૂર્વદિશામાં મોતી, વજ્ર હીરા, વગેરે ધાતુરત્નોની સ્થાપના કરાવી.[૨૪] પછી જયાબાએ તે પર્વતના દક્ષિણ દિશાના ભાગમાં ગોમેદ તેમજ પુણ્યરાગ મણિઓની

वैदूर्यलोहितमणीनुत्तरे मेरुतस्तथा । संस्थाप्य विद्रुमलता अभितस्तं बबन्ध ह ॥ २६
इक्षुवंशैर्गुहाश्चक्रे शिलास्तस्य च शुक्तिभिः । सा चकार घृतेनैव बहुप्रस्रवणान्यपि ॥ २७
पूर्वे शुक्लाम्बरचयैर्मेघपंक्तिं तथाकरोत् । दक्षिणे पीतवस्त्रैश्च कर्बुरैस्तस्य पश्चिमे ॥ २८
उत्तरे रक्तवस्त्रैश्च मेघपंक्तिं विधाय सा । चक्रे शृङ्गाणि चत्वारि रौप्याणि कटकानि च ॥ २९
मेरोर्मूर्ध्नि ब्रह्मविष्णुरुद्रर्कांश्च हिरण्मयान् । देवानन्यान्मुनींश्चापि हैमांश्चक्रे स्वशक्तितः ॥ ३०
इन्द्रादीनष्टदिक्पालान् कृत्वा सा राजतान् शुभान् । फलैः पुष्पैश्चन्दनैश्च शोभयामास तं गिरिम् ॥ ३१
तस्योपरि च सौवर्णान् वृक्षांस्त्रीनप्यतिष्ठिपत् । मन्दारं पारिजातं च तृतीयं कल्पपादपम् ॥ ३२
लसन्मुक्तापुष्पहारं वितानं पञ्चवर्णकम् । अबन्धयत्तादृशाद्रेरुपरिक्षितिपात्मजा ॥ ३३
मेरुमेवंविधं कृत्वा तत्तुरीयांशसम्मितान् । साऽवष्टम्भनगांश्चक्रे चतुरस्तच्चतुर्दिशम् ॥ ३४

---

**સ્થાપના કરી. પશ્ચિમમાં નીલમણિ અને મરકતમણિઓની સ્થાપના કરી.[૨૫] તેમજ તે ધાન્ય મેરુની ઉત્તર દિશાના ભાગમાં વૈદૂર્ય અને લોહિતમણિની સ્થાપના કરી, તેમજ તે ધાન્ય મેરુની ચારેતરફ પ્રવાલ અને લતાઓનાં તોરણો બાંધ્યાં.[૨૬] હે રાજન્ ! તે મેરુ પર્વત પર જયાબાએ શેરડીના દંડ તથા વાંસના દંડથી ગુફાઓની રચના કરી. તથા મોતીની છીપલીઓથી તે મેરુપર્વતના પથ્થરોની રચના કરી, તેમ જ ઘીથી અનેક ઝરણાં રચવામાં આવ્યાં.[૨૭] મેરુ પર્વતની પૂર્વમાં શ્વેતવસ્ત્રોના ઢગલાથી વાદળાની પંક્તિ કરી, દક્ષિણમાં પીળાં વસ્ત્રોના ઢગલાથી, પશ્ચિમમાં રંગબેરંગી કાબરચિતરાં વસ્ત્રોથી અને ઉત્તરદિશામાં લાલવસ્ત્રોથી વાદળાંઓની પંક્તિઓની રચના કરવામાં આવી. ચાંદીથી પર્વતના ઉપર ચાર શિખરો કરવામાં આવ્યાં. તેમજ તેની તળેટીની ભૂમિ પણ ચાંદીની જ કરવામાં આવી.[૨૮-૨૯]**

**હે રાજન્ ! જયાબાએ તે પર્વતના મસ્તક ઉપર સુવર્ણના તૈયાર કરેલા બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, અને સૂર્ય સ્થાપ્યા. તેમજ અન્ય દેવતાઓ અને મુનિઓ પણ પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણના તથા ચાંદીના કરીને સ્થાપ્યા.[૩૦] વળી ઈન્દ્રાદિ આઠ દિગ્પાળો ચાંદીના કરીને મૂક્યા. ફળ, પુષ્પો અને ચંદનથી મેરુપર્વતને શણગાર્યો.[૩૧] તેના ઉપરના ભાગમાં મંદાર, પારિજાત અને કલ્પવૃક્ષ આ ત્રણ વૃક્ષો સુવર્ણનાં તૈયાર કરી ને સ્થાપન કર્યા.[૩૨] ત્યારપછી રાજકુમારી જયાબાએ તે મેરુ પર્વત ઉપર પાંચ રંગવાળા વસ્ત્રોથી તૈયાર કરેલો તેમજ મોતીના હાર અને પુષ્પોના હારથી સુશોભિત કરેલો ઉલ્લોચ બાંધ્યો.[૩૩]**

**હે રાજન્ ! આ પ્રમાણે જયાબાએ મેરુ પર્વતની રચના કરી તેનાથી ચોથા**

मन्दराद्रिं यवैः पूर्वे सा चकार फलादिभिः । नानावस्त्रैश्च पुष्पैस्तं शोभमानं च चन्दनैः ॥ ३५
तस्योपरि द्रुमौ द्वौ च हैमौ भद्रकदम्बकौ । वनं रौप्यमयं चापि चक्रे चैत्ररथाभिधम् ॥ ३६
तस्मिंश्च काञ्चनमयं काममस्थापयज्जया । क्षीरोदं चारुणोदाख्यं सरो रौप्यमयं तथा ॥ ३७
चकार दक्षिणे मेरोस्ततः सागन्धमादनम् । गोधूमैः पर्वतं नानावस्त्रादिभिरलंकृतम् ॥ ३८
हेमजम्बूं च तन्मूर्ध्नि तथा रूप्यमयं वनम् । गान्धर्वाख्यं तत्र चासौ रौप्यं यक्षपतिं न्यधात् ॥ ३९
घृतोदं मानसाख्यं च सरो रूप्यमयं तथा । कृत्वा तमद्रिं विविधैर्वस्त्रैः पुष्पैरशोभयत् ॥ ४०
सुमेरोः पश्चिमे साऽथ तिलैर्विपुलपर्वतम् । कृत्वा नानाविधैर्वस्त्रैः शोभयामास तं फलैः ॥ ४१
तस्योपरि च सौवर्णं न्यधाद्धंसं च पिप्पलम् । रौप्यं बैभ्राजाख्यवनं दधिशुद्धोदकं सरः ॥ ४२
मेरोः सौम्ये सुपार्श्वाद्रिं कृत्वा माषमयं ततः । तस्योपरि वटं हैमं हैमीं कामदुघां न्यधात् ॥ ४३

---

ભાગના નાના ચાર પર્વતો ચારે દિશામાં સ્થાપન કરાવ્યા.[૩૪] તેમાં મેરુ પર્વતના પૂર્વભાગમાં જવના ધાન્યથી મંદરાચળની રચના કરી તેને અનેક વસ્ત્રો, પુષ્પો ચંદન અને ફળોથી શણગાર્યો.[૩૫] તે મંદરાચળ પર્વતપર સુવર્ણના બે ભદ્ર તથા કદંબ નામના વૃક્ષો રોપ્યાં. તેમજ ચાંદીનું ચૈત્રરથ નામનું વન બનાવ્યું.[૩૬] તથા ક્ષરોદ, અરુણોદ નામના બે ચાંદીનાં સરોવર રચાવ્યાં, અને તે પર્વત પર સુવર્ણની કામદેવની મૂર્તિની સ્થાપના કરી.[૩૭] હે રાજન્ ! જયાબાએ મેરુ પર્વતની દક્ષિણ દિશામાં ઘઉંના ગંધમાદન પર્વતની રચના કરી. તેને વિવિધ પ્રકારના વસ્ત્રોથી અને પુષ્પોથી શણગાર્યા.[૩૮] તેના ઉપરના ભાગે ટોચપર સુવર્ણના જાંબુના ઝાડની સ્થાપના કરી તથા ગંધર્વ નામનું રૂપાનું વન બનાવી તેમાં યક્ષપતિ કુબેરની રૂપાની મૂર્તિ બેસાડી.[૩૯] તે ગંધમાદન પર્વત પર ચાંદીનાં ઘૃતોદ અને માનસ નામના સરોવરની રચના કરી, તે પર્વતને અનેક પ્રકારના વસ્ત્રો તથા પુષ્પોથી શણગાર્યો.[૪૦]

હે રાજન્ ! પછી મેરુપર્વતની પશ્ચિમ દિશામાં તલથી વિપુલ નામનો પર્વત કર્યો. અને તેને અનેક પ્રકારનાં વસ્ત્રો તથા ફળોથી સુશોભિત કર્યો.[૪૧] તે પર્વત ઉપર ચાંદીનું વિભ્રાજ નામનું વન રચી તેમાં દધીસર અને શુદ્ધોદકસરની રચના કરી, તેમાં સુવર્ણના હંસ તરતા મૂકવામાં આવ્યા અને કિનારે સુવર્ણના પીપળાનાં વૃક્ષો સ્થાપવામાં આવ્યાં.[૪૨] હે રાજન્ ! પછી તે મેરુ પર્વતની ઉત્તર દિશામાં અડદના ઢગલાથી સુપાર્શ્વ નામના પર્વતની રચના કરી. તેના ઉપર ચાંદીનું સાવિત્ર નામનું વન રચાવી, મધુભદ્ર નામે સરોવર કર્યું. અને તે સુપાર્શ્વ પર્વતને અનેક પ્રકારનાં વસ્ત્રોથી શણગારી તેનાપર સુવર્ણનું વટવૃક્ષ તથા સુવર્ણની કામધેનુ

सावित्राख्यं वनं रौप्यं मधुभद्रसरस्तथा । कृत्वा तमद्रिं वस्त्राद्यैर्विविधैः समशोभयत् ॥ ४४
रचयित्वेदृशं मेरुं विधिज्ञैः सा ततो द्विजैः । वाचयित्वा स्वस्त्ययनं ग्रहशान्तिं विधाय च ॥ ४५
आवाह्य पर्वतान् देवांस्तान्सम्पूज्य यथाविधि । पुपूज स्वगुरुं भक्त्या चन्दनांशुकभूषणैः ॥ ४६
मध्यमं पर्वतं तस्मै प्रददौ मेरुसंज्ञकम् । तद्दानसाङ्गतासिद्ध्यै गाश्चतुर्विंशतिं ददौ ॥ ४७
अवष्टम्भगिरीनन्यांश्चतुरश्च ततः परम् । ऋत्विग्भ्योऽदाच्चतुर्भ्यः सा भगवत्प्रीतये तदा ॥ ४८
एतेन विधिना दत्त्वा धान्यशैलं तु सा जया । लवणाद्रिमुखानन्यान् गिरीन्व्यरचयन्नव ॥ ४९
लवणाद्रिं तत्र चक्रे द्रोणैः षोडशभिर्मितम् । विष्कम्भाद्रींश्च चतुरस्तच्चतुर्थांशसम्मितान् ॥ ५०
द्रुमान्सरांसि देवांस्तु यथापूर्वं चकार सा । विविधैर्वसनैः पुष्पैः फलाद्यैस्तमशोभयत् ॥ ५१
गुडाद्रिं दशभिर्भारैः सा चकार ततः शुभम् । सहस्रेण पलानां च विदधे हेमपर्वतम् ॥ ५२

---

ગાય પધરાવવામાં આવી.[૪૩-૪૪] હે રાજન્ ! જયાબાએ આ પ્રમાણે ચાર પ્રાંતપર્વતોની રચના કરી, મુખ્ય મેરુપર્વતની યથાયોગ્ય સ્થાપના પૂર્ણ કરી, વિધિને જાણનારા બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કર્મ કરાવી ગ્રહશાંતિ કર્મ કરાવ્યું.[૪૫] ત્યારપછી તે તે પર્વત ઉપર તે તે દેવોનું આવાહન કરીને તેમની વિધિપૂર્વક પૂજા કરી, પોતાના ગુરુનું ચંદન, પુષ્પ, વસ્ત્રાદિકવડે ભક્તિભાવપૂર્વક પૂજન કર્યું.[૪૬] અને મધ્યના મેરુપર્વતનું ગુરુને દાન આપ્યું. તે મેરુદાનની પરિપૂર્ણ સિદ્ધિ માટે ચોવીસ ગાયોનું પણ સાથે દાન કર્યું.[૪૭] પછી તેજ ક્ષણે મેરુ પર્વતના પાસેના નાના ચાર પર્વતો પણ ભગવાન શ્રીહરિને રાજી કરવા ચાર ઋત્વિજો જે બ્રહ્મા, હોતા, ઉદ્‌ગાતા અને અધ્વર્યુને દાનમાં આપી દીધા.[૪૮]

હે રાજન્ ! જયાબાએ આ પ્રમાણે વિધિપૂર્વક ધાન્યનો મેરુપર્વત દાનમાં અર્પણ કર્યા પછી મીઠું, ગોળ વિગેરે બીજા નવ પર્વતોની રચના કરી.[૪૯] તેમાં સોળ દ્રોણમાપના મીઠાંથી લવણાદ્રિની રચના કરી, તેમાં ચાર વિષ્કંભાદ્રિની પણ ચોથા ભાગના ચારદોણના મીઠાંથી રચના કરી.[૫૦] તેના ઉપર વન, વૃક્ષ અને સરોવરની રચના કરી, તેમજ તે તે દેવોની સ્થાપના કરી અનેક પ્રકારનાં વૃક્ષો, પુષ્પો, ફળો, વગેરેથી સુશોભિત કર્યો.[૫૧] હે રાજન્ ! પછી દશભાર ગોળથી શોભાયમાન ગુડપર્વતની રચના કરી, હજાર પલ જેટલા સુવર્ણથી સુવર્ણપર્વતની રચના કરી.[૫૨] ત્યાર પછી ઉદાર મનવાળાં જયાબાએ ભગવાન શ્રીહરિને રાજી કરવા માટે દશદ્રોણ માપના તલથી તિલપર્વતની રચના કરી. આ બધા પર્વતોનો વિધિપૂર્વ ધાન્ય પર્વત જેવો સમજવો.[૫૩] તેમાં જયાબાએ કપાસપર્વતની વીસભાર

ततश्च सा जया चक्रे हरिप्रीत्यै महामनाः । तिलाद्रिं दशभिर्द्रोणैः पूर्ववच्च यथाविधि ॥ ५३
कार्पासाद्रिं च विंशत्या भारैः परिमितं तथा । कुम्भैर्विंशतिसङ्ख्याकैर्घृताद्रिं च चकार सा ॥ ५४
मुक्ताफलसहस्रेण रत्नाचलमथाकरोत् । तत्पूर्वे मन्दराद्रिं तु गोमेदैर्हीरकैस्तथा ॥ ५५
इन्द्रनीलैः पुष्परागैर्दक्षिणे गन्धमादनम् । वैदूर्यैर्विद्रुमैश्चक्रे पश्चिमे विपुलाचलम् ॥ ५६
पद्मरागैः ससौवर्णैरुत्तरे च सुपार्श्वकम् । चकार शेषं तु विधिं सा पूर्ववदुदारधीः ॥ ५७
अयुतेन पलैश्चक्रे ततो रूप्याचलं च सा । प्राग्यद्यद्राजतं प्रोक्तं हैमं तत्तदिहाकरोत् ॥ ५८
ततो भारैः परिमितं साष्टभिः शर्कराचलम् । यथाविधि विधायैवं वस्त्राद्यैस्तमशोभयत् ॥ ५९
मध्यमाद्रिचतुर्थांशसम्मितांश्चतुरो गिरीन् । सर्वत्रैवाकरोच्चान्यद्विधानं धान्यशैलवत् ॥ ६०

---

કપાસમાંથી રચના કરી અને ઘૃતપર્વતની ઘીથી ભરેલા વીસ ઘડાઓથી રચના કરી. તેમાં ચોસઠ શેરનો એક ઘડો જાણવો.[૫૪] પછી એકહજાર મુક્તાફળથી રત્નપર્વતની રચના કરી તેના પૂર્વભાગે ગોમેદ તથા હીરાથી મંદરપર્વતની રચના કરી.[૫૫] દક્ષિણમાં ઈન્દ્રનિલમણિ અને પુષ્પરાગમણિથી ગંધમાદન પર્વત કર્યો. પશ્ચિમમાં વૈદૂર્યમણિથી વિપુલાચલ પર્વતની રચના કરી અને ઉત્તર દિશામાં ઉદાર બુદ્ધિવાળાં જયાબાએ સુવર્ણ સહિત પદ્મરાગમણિઓથી સુપાર્શ્વ પર્વત કર્યો. બાકીનો વિધિ પૂર્વના ધાન્ય પર્વતની જેટલો જ વિશાળ કર્યો એમ તમારે સમજવું.[૫૬-૫૭]

હે રાજન્ ! પછી જયાબાએ દશહજારપલ જેટલા રૂપામહોરોથી રૂપાના પર્વતની રચના કરી. બાકીનો સર્વ વિધિ ધાન્યપર્વતની જેમ કર્યો. પરંતુ પૂર્વના પર્વતમાં જે જે જગ્યાએ રૂપાનો ઉપયોગ બતાવ્યો હતો તે આ રૂપાના પર્વતમાં તે તે સર્વે કલ્પો સુવર્ણથી રચાવ્યાં.[૫૮] પછી આઠ ભારના માપથી સાકરથી શર્કરાપર્વતની પૂર્વોક્ત વિધિ પ્રમાણે જ રચના કરી. પછી વસ્ત્રાદિથી તેમને શણગારવામાં આવ્યો.[૫૯] ઉપરોક્ત નવેનવ પર્વતોની સાથે બીજા ચાર ચાર પ્રાંતપર્વતો ચોથા ભાગના દ્રવ્યોથી કરવામાં આવ્યા. અને જે વિધિ ધાન્યપર્વતને વિષે કરવામાં આવ્યો તે સર્વે પર્વતોમાં પણ કરવામાં આવ્યો.[૬૦] પછી જયાબાએ ભગવાન શ્રીહરિને રાજી કરવા માટે વસ્ત્રોથી સુશોભિત સર્વે પર્વતોનું વિધિ પ્રમાણે બ્રાહ્મણોને દાન આપ્યું.[૬૧] હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમરાજાએ શ્રીહરિને રાજી કરવા માટે તેમની આજ્ઞા પ્રમાણે પોતાનાં મોટાં બહેન જયાબા દ્વારા પૂર્વોક્ત સર્વે મહાદાનો આજે પ્રબોધનીના વ્રત નિમિત્તે અપાવ્યાં.[૬૨] આવા પ્રકારની ઉત્તમરાજાની ઉદારતા જોઈને

वस्त्राद्यैः शोभितांस्तांश्च सर्वानपि च पर्वतान् । यथाविधि ब्राह्मणेभ्यो ददौ सा प्रीतये हरेः ॥ ६१
एवं स उत्तमो राजा प्रीत्यै भगवतो हरेः । तदाज्ञयैव जयया महादानान्यदीदपत् ॥ ६२
औदार्यमीदृशं तस्य विलोक्यैवाखिला नृपाः । देशान्तरीया लोकाश्च विस्मयं प्रतिपेदिरे ॥ ६३
रात्रौ सा च यथाशास्त्रं राधादामोदरं जया । एकादश्यधिपं भक्त्या पुपूज शुचिमानसा ॥ ६४
वृद्धा युवानः शिशवः पुमांसस्तस्मिन् दिने तु प्रभुतोषणार्थम् ।
चक्रुर्निराहारव्रतं च योषा राजन् ! यथावन्निशि जागरं च ॥ ६५

*इति सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे जयाकृतगुडधेन्वादिमहादानविधिनिरूपणनामा सप्तत्रिंशोऽध्यायः॥३७॥*

---

અન્ય સર્વ રાજાઓ તેમજ દેશાંતરમાંથી પધારેલા સર્વે ભક્તજનો અતિશય વિસ્મય પામ્યા.[૬૩] અને પવિત્ર મનવાળાં જયાબા રાત્રીના સમયે પ્રબોધની એકાદશીના અધિપતિ દામોદર ભગવાનની રાધાદેવીની સાથે ભક્તિભાવથી યથાશાસ્ત્ર પૂજા કરી.[૬૪]

હે રાજન્ ! તે પ્રબોધની એકાદશીના દિવસે વૃદ્ધો, યુવાનો, બાળકો, પુરુષો તથા સર્વે સ્ત્રીઓએ ભગવાન શ્રીહરિને રાજી કરવા માટે નિરાહારવ્રત કરી રાત્રીએ વિધિપ્રમાણે જાગરણ કર્યું.[૬૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ ઉપર શ્રીહરિને રાજી કરવા માટે ઉત્તમરાજાએ મોટી બહેન જયાબાદ્વારા ઉત્તમપક્ષનો આશરો કરી ગુડધેનુ આદિ તથા ધાન્યપર્વતાદિ મહાદાનો કર્યાંનું નિરૂપણ કર્યું એ નામે સાડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૭--***

---

अथ अष्टत्रिंशोऽध्यायः - ३८

सुव्रत उवाच-

तस्मिन्दिने सोऽपि निरन्नमेव व्रतं चकार प्रभुरप्युदारः ।
मानुष्यलीलां विदधच्च धर्मं पातुं नरेशात्र कृतावतारः ॥ १
रात्रौ सभायां निजमुच्चपीठमध्यास्य नारायणनामघोषम् ।
कृत्वा च शुश्राव वसिष्ठगीतं माहात्म्यमेकादशिकातिथेः सः ॥ २
कुर्वंस्ततो जागरणं मुनींस्तान् जनांश्च गातुं भगवद्गुणान् सः ।
आज्ञापयामास च गीयमानान् शुश्राव तान्भक्तमनोभिरामान् ॥ ३
ततस्तृतीये प्रहरे निशाया गायत्सु भक्तेषु सतालिवाद्यम् ।
उत्तीर्य पीठाद्भगवाञ्जयाया द्रष्टुं समायात्स तु पाकशालाम् ॥ ४
विधाप्य पक्वान्नचयान्निषण्णाः क्षणं रमाद्याः स्त्रिय आशु तत्र ।
समागतं प्रेष्ठमवेक्ष्य दूरादुत्थाय नत्वा ददुरासनं च ॥ ५

## અધ્યાય - ૩૮

### ભગવાન શ્રીહરિએ સંતો ભક્તો સાથે એકાદશીનું જાગરણ કર્યું.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભાગવતધર્મનું રક્ષણ કરવા માટે આ મનુષ્યલોકમાં અવતાર ધારણ કરી મનુષ્યલીલાને કરતા મહાઉદાર ચરિત્રવાળા સમર્થ ભગવાન શ્રીહરિ પણ તે પ્રબોધની એકાદશીના દિવસે નિરાહાર વ્રત કર્યું.[૧] રાત્રીના સમયે સંધ્યા આરતી પછી નારાયણ ધૂન્યનો ઉદ્‌ઘોષ કરી સ્વયં પોતાના ઊંચા સિંહાસન ઉપર આવીને વિરાજમાન થયા ને વસિષ્ઠમુનિએ કહેલ એકાદશીના માહાત્મ્યનું શ્રવણ કર્યું. અને રાધાએ સહિત દામોદર ભગવાનનું પૂજન કર્યું.[૨] પછી શ્રીહરિએ ભગવાનના ગુણકીર્તનોનું ગાન કરી જાગરણ કરવાની સભામાં બેઠેલા સંતો તથા હરિભક્તોને આજ્ઞા આપી. તે સમયે સંતો-ભક્તોએ ગાન કરેલા ભક્તજનોના મનને આનંદ પમાડનારા સદ્‌ગુણોનું શ્રવણ કરવા લાગ્યા. સંતો-ભક્તો તાલીના નાદની સાથે ભગવદ્‌ગુણોનું સંકીર્તન કરી રહ્યા હતા ત્યારે રાત્રીનો ત્રીજો પ્રહર થયો તે સમયે શ્રીહરિ પોતાના સિંહાસન ઉપરથી નીચે ઉતરી જયાબાની પાકશાળામાં તૈયાર થતા પાકોનું નિરીક્ષણ કરવા પધાર્યા.[૩-૪] ત્યાં પકવાનોના ઢગલા તૈયાર કરાવી એક ક્ષણ પહેલાં જ રમાબા આદિ સ્ત્રીભક્તજનો થોડી વિશ્રાંતિ લેવા બેઠાં જ હતાં ત્યાં પાકશાળા જોવા પધારતા

तत्रोपविश्य प्रभुरैक्षताग्रे सच्छष्कुलीनां नगराजमेकम् ।
तत्पार्श्वयोः खाजकगण्डशैलान् स श्वेतवर्णांश्चतुराचितांच्च ॥ ६
एतावता किं भवितात्र पूर्तिः पाकेन वान्यं विदधीमहीमम् ।
इत्थं तमूचे ललिता तदानीं कृत्यं तदीयं हृदि जानती वै ॥ ७
तदा स तामाह नरेशकन्ये ! नाहं मुनींश्चेत्परिवेषयेय ।
प्राक्पंक्तिभाजां तु तदा कथञ्चित्पूर्येत पुण्येन तपिस्विनीनाम् ॥ ८
मितस्मिता तं भगवन्तमूचे तदामला सापि वचोविदग्धा ।
जानासि किं द्वादशिकादिनीयमेतत्प्रभो ! पाञ्चदिनं हि विद्धि ॥ ९
स्पर्शो न यावत्तु तपस्विनस्ते पक्वान्नराशेः किल तावदस्य ।
शङ्का भवत्येवमपूर्णताया जाने करस्पर्शफलं यतस्ते ॥ १०

---

પોતાના પ્રાણપ્યારા ભગવાન શ્રીહરિને દૂરથી જોઇ તત્કાળ ઊભાં થઇ, સામે જઇ પંચાંગ પ્રણામ કર્યાં અને ભગવાન શ્રીહરિને બેસવા આસન આપ્યું.[૫] તે આસન ઉપર વિરાજમાન થઈને સામે નજર કરી ત્યાં એક જલેબીનો પર્વત જેવડો મોટો ઢગલો જોયો તેની પાસેના ભાગમાં ચતુર સ્ત્રીઓએ બનાવેલા મોટા પર્વતની નીચે પડેલી એક મોટી શીલા જેવડા શ્વેતવર્ણના ખાજાંના ઢગલાને જોયો.[૬] આના કરતાં અન્નકૂટોત્સવ પર બે ગણા વધુ પક્વાન્નો તૈયાર કરાવ્યાં હતાં. એ વાતને પોતાના અંતરમાં જાણતાં લલિતાબાએ ભગવાન શ્રીહરિને પૂછ્યું કે હે પ્રભુ ! અમોએ આટલા પ્રમાણમાં જલેબી આદિ સર્વે પક્વાન્નો તૈયાર કર્યાં છે, તે સંતો આદિ સર્વને પર્યાપ્ત થઇ રહેશે, કે હજુ બીજાં વધુ બનાવીએ ? તેમનું વચન સાંભળી ભગવાન કહેવા લાગ્યા કે, હે રાજકુમારી ! જો સંતોને હું પીરસવા ન જાઉં તો પ્રથમ પંક્તિમાં જમવા બેઠેલા સંતોને કદાચ તપોનિષ્ઠ તમારા પુણ્યના પ્રતાપે આટલાં પક્વાન્ન મહાકષ્ટથી પૂર્ણ થાય.[૭-૮]

હે રાજન્ ! શ્રીહરિનું આવું વચન સાંભળી બોલવામાં ચતુર અને વિશુદ્ધમનવાળાં લલિતાબા મંદમંદ હસતાં હસતાં શ્રીહરિને કહેવા લાગ્યાં કે, હે પ્રભુ ! શું આ જલેબી આદિ પક્વાન્નો માત્ર બારસના પારણામાંજ પૂર્ણ થઇ જશે એમ માનો છો ? અમે તો આ પક્વાન્નો પાંચ દિવસ ચાલશે એમ માનીએ છીએ.[૯] હે શ્રીહરિ ! આ પક્વાનોને તપોનિષ્ઠ તમારા હાથનો જ્યાં સુધી સ્પર્શ નથી થયો ત્યાં સુધી જ તમારા કહેવા પ્રમાણેની અપૂર્ણતાની શંકા કરવી શક્ય છે. પરંતુ

इत्थं तयोक्ते हरिमानतास्यं तं धूनयन्तं च शिरः सचिन्तम् ।
प्रदर्शयामास रमा द्वितीये गेहे पाकं किल जायमानम् ॥ ११
स तत्र गत्वाथ ददर्श योषा गङ्गां च रामां यमुनां च रेवाम् ।
ततच्च ताभिः क्रियमाणमीशः कृतं च पर्यैक्षत पाकमेव ॥ १२
तुङ्गे चये मौक्तिकलड्डुकानामुत्फुल्लगोलायितपूरिकाणाम् ।
चये च तत्साम्यदृशि तदीयो वर्णस्तु पीतश्च सितो न्यषेधीत् ॥ १३
गोलान् घनीभूतघृतेन शुभ्रान् स लड्डुकानैक्षत चूर्णपूर्वान् ।
दशप्रभेदान्स्थिरकाच्च तत्र द्विःपीतसत्फाणितशुभ्रवर्णान् ॥ १४
महान्तिकायां पृथुलं कटाहं निधाय दोर्भ्यां धृतहस्तकाभ्याम् ।
संहेलयन्त्यौ सममालुलोके संयावमीशो यमुनां च रामाम् ॥ १५
प्रफुल्लिताः फुल्लवटीश्च नाथी सम्भृत्य पात्रे पृथुलेऽथ पूपान् ।
कर्तुं प्रसक्ता ददृशे च तेन मौना च भज्यानि विधाय फेणीम् ॥ १६

**જ્યારે તમારા હસ્તનો સ્પર્શ થશે, પછી વાત પૂરી. કારણ કે અમે તમારા હાથનો પ્રતાપ જાણીએ છીએ.[૧૦]**

**હે રાજન્ ! આ પ્રમાણે લલિતાબાએ કહ્યું ત્યારે ભગવાન શ્રીહરિ કાંઈક નીચું મુખ કરી મસ્તક ધુણાવવા લાગ્યા અને મનુષ્યનાટ્ય કરતા હોય તેમ ચિંતા કરવા લાગ્યા. ત્યારે ભગવાન શ્રીહરિની ચિંતાને સહન નહીં કરી શકનાર રમાબા બીજા ભવનમાં તૈયાર થઈ રહેલાં પક્વાન્નો શ્રીહરિને બતાવવા લઈ ગયાં.[૧૧] ત્યાં જઈને શ્રીહરિએ ગંગા, રમા, યમુના, રેવા આદિ અનેક સ્ત્રી ભક્તજનોને જોયાં, અને તેઓએ તૈયાર કરેલાં અને તૈયાર થઈ રહેલાં પક્વાન્નો ચારે તરફ જોયાં.[૧૨] નિરીક્ષણ કરતા શ્રીહરિએ મોતૈયા લાડુનો મોટો ઢગ જોયો. ફુલેલી ગોળાકાર પૂરીઓનો ઊંચો ઢગ જોયો. તે બન્ને ઢગલા દૂરથી તો સરખા જણાતા હતા છતાં ભગવાન શ્રીહરિએ પીળાવર્ણથી મોતૈયા અને શ્વેત વર્ણથી પૂરીઓનો ભેદ સ્પષ્ટરૂપે નિહાળ્યો.[૧૩] તેજ રીતે શિયાળાને કારણે થીજી ગયેલા ઘી ભરેલા ગોળાકાર શ્વેતવર્ણના ચૂરમાના લાડુઓ પણ જોયા. તેમજ બે વખત પાયેલી ચાંસણીને કારણે અત્યંત ધોળાં જણાતાં દશપ્રકારના ઠોર નામનાં પક્વાન્નો પણ નિહાળ્યાં.[૧૪] મોટા ચૂલા ઉપર મોટું કઢાયું મૂકી બન્ને હાથમાં ગ્રહણ કરેલા મોટા તાવેથાઓ વડે સામસામે હલાવી શીરો શેકી રહેલાં રમાબા તથા યમુનાબાને ભગવાન શ્રીહરિ નિહાળવા લાગ્યા.[૧૫]**

अन्यत्र चापश्यदसौ मुनीशोऽमरीं कृतानेकविचित्रशाकाम् ।
प्रकुर्वतीं सद्वटकान् गुलालां विधाय सन्मण्डकपुञ्जमाशु ॥ १७
दौहित्रकग्रन्थिकघुर्घुराणां पुञ्जान्तिके तावदुपेत्य तूर्णम् ।
स्थितां हसन्तीममृतामवेक्ष्य तत्कर्म तस्या इति स व्यजानात् ॥ १८
समानयन्त्यौ निजदासिकाभिः पुनः पुनर्दुग्धघटाननेकान् ।
विधापयन्त्यौ परमान्नमाशु क्षितीशपत्न्यौ स ददर्श तत्र ॥ १९
ददर्श सत्कान्दविकोपक्लृप्तान्सत्पर्पिकाखण्डकपिण्डकांश्च ।
रमासमीपे समुपाहरन्तीं पाञ्चालिकां चापि स तत्कनिष्ठाम् ॥ २०
एवं स्त्रियोऽन्या अपि पाककर्मसक्ता निजप्रीणनमात्रकामाः ।
ददर्श लाडुं यतिनीं च जीवामुमाकुमारीकुशलासुखाद्याः ॥ २१
गेहान्तरे चाथ ददर्श दैविः क्षत्राङ्गनाः पाकरताः स्वतुष्ट्यै ।
क्षेमामलामर्यदितीश्च फुल्लां स रत्नमालारतिदेविकाद्याः ॥ २२

---

હે રાજન્ ! ફૂલેલી ફૂલવડી મોટા પાત્રમાં ભરીને મૂકેલી, પછી પુડલા તૈયાર કરવા તત્પર થયેલાં નાથી નામનાં સ્ત્રી ભક્તને શ્રીહરિએ જોયાં. તેમજ ભજીયાં તૈયાર કરી, સૂતરફેણી કરવા તત્પર થયેલાં મૌના નામનાં સ્ત્રીને પણ શ્રીહરિએ જોયાં.[૧૬] આ પ્રમાણે શ્રીહરિ બીજા રસોડામાં જઇ અનેક પ્રકારનાં શાક તૈયાર કરી રહેલાં અમરીબાને જોયાં. તેમજ માંડાને તૈયાર કરી વડાં તૈયાર કરતાં ગુલાલાદેવીને શ્રીહરિએ જોયાં.[૧૭] પછી દહીંથરાં, ગાંઠીયા અને ઘુઘરા આદિના ઢગલા પાસે આવી ઊભા ત્યારે હસતાં હસતાં અમૃતબા ત્યાં આવીને ઊભાં રહ્યાં. તેને જોઇ આ પક્વાન્નો અમૃતબાએ કર્યાં છે, એમ માની શ્રીહરિ રાજી થયા.[૧૮] હે રાજન્ ! પછી શ્રીહરિએ ઉત્તમરાજાની બન્ને પત્નીઓ કુમુદા અને જશુબા પોતાની સેવીકાઓ દ્વારા દૂધના અનેક કળશો વારંવાર મંગાવી દૂધપાક તૈયાર કરી રહ્યાં હતાં તે જોયાં.[૧૯] કુશળ કંદોઇ વિપ્રોએ તૈયાર કરેલા બરફી તથા પેંડાને રમાબાની સમીપે લાવીને મૂકતી ઉત્તમરાજાની બન્ને નાની બહેનો પાંચાલી અને નાનીબાને પણ શ્રીહરિ નિહાળવા લાગ્યા.[૨૦] તેમજ પાક કરવામાં તત્પર થયેલી અને પોતાને જ એક રાજી કરવા મનમાં ઇચ્છા ધરાવતી લાડુ, યતી, જીવી, ઉમા, કુમારી, કુશલા, સુખા આદિક અનેક સ્ત્રી ભક્તજનોને પણ શ્રીહરિ નિહાળવા લાગ્યા.[૨૧]

હે રાજન્ ! પછી ધર્મદેવના પુત્ર ભગવાન શ્રીહરિ બીજા રસોડામાં ગયા. ત્યાં પાકશાળામાં તત્પર થયેલી ક્ષેમા, અમલા, અમરી, અદિતિ, ફુલ્લા, રત્નમાલા,

स्वदृष्टविप्राकृतपाकतुल्यं पाकं कृतं च क्रियमाणमाभिः ।
स्वप्रीणनार्थं बहुयत्नतोऽसौ ददर्श साश्चर्यमुदारकृत्यः ॥ २३
स पाकदक्षाभिरुदारधीभिस्तपस्विनीभिः क्रियमाणमित्थम् ।
पाकं विलोक्य प्रशशंस नारीः सर्वा जयाज्ञावशगा जयां च ॥ २४
यावांस्तु पाको ललितागृहेऽभूत्ततोऽप्ययं द्वित्रगुणोऽस्ति नूनम् ।
पदार्थसङ्ख्या त्विह तावतीति ज्ञात्वा स्वचित्ते स जहर्ष भूमा ॥ २५
ततः समाज्ञाप्य स पाचिकास्ताः सदोदनं च क्वथिकां च सूपम् ।
प्रातर्विधातुं निजवासमायात्तावच्चुकूजुः कृकवाकवोऽपि ॥ २६
जागरं सह निजैर्हरिरित्थं भूपते ! स तु विधाय विभाते ।
निम्नगाप्लवविधिं च विधिज्ञः कर्म नैत्यकमुपाचरदीशः ॥ २७

---

રતિ, દેવિકા આદિ અનેક સ્ત્રી ભક્તજનો હતી તેને પણ ભગવાન શ્રીહરિએ નિહાળી.[૨૨] પોતાને પ્રસન્ન કરવા માટે ક્ષત્રિય સ્ત્રી ભક્તજનો બહુજ પ્રયત્ન કરતી હતી તે જોયું, અને તૈયાર કરેલાં પક્વાન્નો પણ જોયાં. ત્યારે બીજા રસોડામાં વિપ્રસ્ત્રીઓએ જેટલાં પક્વાન્નો તૈયાર કર્યાં હતા તેને સરખાંજ આ તૈયાર થયેલાં પક્વાન્નો જોઈ ભગવાન શ્રીહરિ ખૂબજ આશ્ચર્ય પામી નિહાળવા લાગ્યા.[૨૩] ત્યારે પાક બનાવવામાં કુશળ ઉદાર બુદ્ધિશાળી અને તપસ્વિની આ સર્વે વિપ્ર અને ક્ષત્રિય સ્ત્રીભક્તજનોને જયાબાની આજ્ઞા અનુસાર રસોઈ કરવામાં તત્પર થયેલી જોઈ, સર્વે સ્ત્રીઓની અને જયાબાની ભગવાન શ્રીહરિ ખૂબજ પ્રશંસા કરવા લાગ્યા.[૨૪]

હે રાજન્ !અન્નકૂટોત્સવ વખતે લલિતાબાના ભવનમાં જેટલાં પક્વાન્નો તૈયાર થયાં હતાં, તેના કરતાં પણ જયાબાના ભવનમાં બમણાં જોયાં. સંખ્યા એકસો ને એક જેટલી જ છે. આટલું જાણ્યા પછી મહા ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિ મનમાં ખૂબજ હર્ષ પામવા લાગ્યા.[૨૫] પછી શ્રીહરિ તે રસોઈ કરનાર સર્વે બહેનોને ભાત, કઢી, દાળ, વગેરે રસોઈઓ પ્રાતઃકાળે કરજો. એવી આજ્ઞા આપીને પોતાના નિવાસ સ્થાને પધાર્યા ત્યાં તો કૂકડાઓ બોલવા લાગ્યા.[૨૬]

હે રાજન્ ! આ પ્રમાણે કીર્તનાદિકવડે સર્વે સંતો તથા ભક્તોને એકાદશીનું જાગરણ કરાવી ભગવાન શ્રીહરિએ પણ તેઓની સાથે જાગરણ કર્યું ને પછી પ્રાતઃકાળે સ્નાનાદિ સમસ્ત નિત્યવિધિને જાણનારા શ્રીહરિએ ઉન્મત્તગંગામાં સ્નાન અને નિત્યકર્મનું અનુષ્ઠાન કર્યું.[૨૭]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे भगवत्कृतपाकपाचिकादर्शननिरूपणनामाष्टत्रिंशोऽध्यायः ॥३८॥*

---

**अथ एकोनचत्वारिंशोऽध्यायः - ३९**

**सुव्रत उवाच-**

प्रातःकृत्यं विधायाशु भगवान् द्वादशीदिने । न्यषीदत्पीठमारुह्य वेद्यां निम्बतरोरधः ॥ १
देशान्तरीयाश्च जनाः कृत्वा नित्यविधिं द्रुतम् । मुनिभिः सह तत्रैत्य निषेदुश्च व्यवस्थया ॥ २
योगेश्वरस्य कृत्वा च जयाऽप्युत्तरपूजनम् । चकार तन्मूर्तिदानं गोदानादि च सादरम् ॥ ३
वर्णिराट् तावदभ्येत्य दीर्घपाण्डुजटाधरः । पाकसिद्धिरभूत्स्वामिन्नित्युवाच महाप्रभुम् ॥ ४

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ ઉપર ભગવાન શ્રીહરિ સંતો-ભક્તોની સાથે કરેલું જાગરણ તથા પાકશાળામાં પક્વાન્ન કરતાં નરનારીઓને આપેલાં દર્શનનું નિરૂપણ કર્યું, એ નામે આડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. -૩૮-***

---

## અધ્યાય - ૩૯

### સ્વયં શ્રીહરિએ પીરસીને સંતોને જમાડ્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ કાર્તિક સુદ બારસના દિવસે પ્રાતઃકાલીન સ્નાન-સંધ્યા આદિ નિત્યકર્મ સમાપ્ત કરી લક્ષ્મીજીએ સહિત યોગેશ્વર ભગવાનનું ઉત્તરપૂજન કરી તે મૂર્તિનું બ્રાહ્મણોને દાન કર્યું. પછી લીંબતરુ નીચે સ્થાપન કરેલા ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા.[૧] તે સમયે સંતોની સાથે દેશદેશાંતરથી પધારેલા સર્વે ભક્તજનો પણ પોતપોતાનો નિત્યવિધિ પૂર્ણ કરીને શ્રીહરિ સમીપે આવી પોતાની મર્યાદા પ્રમાણે સભામાં બેઠા.[૨]

હે રાજન્ ! તે સમયે જયાબાએ પણ લક્ષ્મીજીએ સહિત યોગેશ્વર ભગવાનનું ઉત્તરપૂજન કરી તે મૂર્તિનું આચાર્યને દાન કરી, ગૌદાનાદિ સર્વ પ્રકારનો વિધિ આદરપૂર્વક પૂર્ણ કર્યો.[૩] તેટલામાં લાંબી તથા પીળા વર્ણની જટાને ધારણ કરતા વર્ણિરાજ મુકુન્દાનંદ બ્રહ્મચારી શ્રીહરિ સમીપે આવીને કહેવા લાગ્યા કે,

तदाज्ञप्ता भगवता सर्वेऽपि मुनयो नृप ! । अतिहर्षान्वितास्तूर्णं भोक्तुमायंश्च यूथशः ॥ ५
पञ्चार्द्राः साम्बुपात्राश्च तत्र पंक्तिषु सर्वशः । मर्यादया निषेदुस्ते हर्यास्यार्पितदृष्टयः ॥ ६
कटिवस्त्राबद्धकच्छाश्चतुराः परिवेषकाः । भुक्तिपात्राणि चांबूनि ददुरादौ द्विजातयः ॥ ७
ततो भक्ष्याणि भोज्यानि लेह्यान्यपि च कृत्स्नशः । यथोचितं यथाभोक्तृ पंक्तिशः पर्यवेषयन् ॥ ८
सर्वं सर्वेषु पात्रेषु परिवेषितमित्यसौ । दृष्ट्वा तान् भगवान् भोक्तुमाजिज्ञपदुदात्तदोः ॥ ९
तस्मिन् दिने तु स स्वामी मुक्तान्दमुखान् सतः । भोक्तुं समुपवेश्यैव चकार परिवेषणम् ॥ १०
भुञ्जानांस्तान् मुनीन् राजन् ! द्विजैः साकं द्रुतक्रियैः । पर्यवेषयदीशोऽसौ सर्वपंक्तिचरो द्रुतम् ॥ ११
पक्वान्नभृतपात्रेभ्यो विधृतेभ्यो द्विजैः प्रभुः । शष्कुलीग्रन्थिकादीनि स मुहुः पर्यवेषयत् ॥ १२
भोज्यहस्तो ययौ पंक्तौ यस्यां यस्यां यदा यदा । भोजकान् याचतोऽपश्यत्तस्यां तस्यां तदा तदा ॥ १३

હે સ્વામિન્ ! રસોઈ તૈયાર થઈ ચૂકી છે.[૪] ત્યારે ભગવાન શ્રીહરિએ સર્વે સંતોને પારણાં કરવાની આજ્ઞા આપી. ત્યારે સર્વે સંતો પણ ખૂબજ આનંદ પામી ભોજન લેવા પોતપોતાના સંતોનાં મંડળની સાથે તત્કાળ આવ્યા.[૫] હાથ, પગ, મુખ ધોઈ, કોગળા કરીને જળ ગાળવાનાં વસ્ત્રોથી જળ ગાળીને તુંબડાંઓ ભરવા લાગ્યા. સર્વે સંતો ભગવાન શ્રીહરિના મુખકમળની સામેજ દષ્ટિ સ્થિર કરીને મર્યાદા પ્રમાણે ભોજન કરવા પંક્તિબદ્ધ બેઠા.[૬] કેડ સંગાથે ધારણ કરેલા વસ્ત્રનો કછોટો બાંધી પીરસવામાં ચતુર વિપ્રો પ્રથમ પત્રાવળીઓ તથા પડીયાઓ આપી, મીઠું ગાળેલું જળ તુંબડાંઓમાં આપવા લાગ્યા.[૭]

હે રાજન્ ! ત્યારપછી પીરસનારા વિપ્રો ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય આ ચાર પ્રકારનાં ભોજનો યથાયોગ્ય ભોજન કરનારા સંતોને જે જે રુચિ હોય તે પ્રમાણે પંક્તિમાં પીરસવા લાગ્યા.[૮] સર્વ પ્રકારનાં ભોજનો સર્વના પાત્રમાં પીરસાઈ ગયાં છે. આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ જોયું, પછી હાથ ઊંચા કરી સંતોને જમવાની આજ્ઞા આપી.[૯] આજે તો સમગ્ર સંતોના સ્વામી ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ સમસ્ત પીરસનારા સંતોને પણ સાથે જ જમવા બેસાડ્યા હતા અને સ્વયં પોતે જ એક બ્રાહ્મણો સાથે પીરસતા હતા.[૧૦] હે રાજન્ ! સર્વેશ્વર શ્રીહરિ શિઘ્રતાથી પીરસી રહેલા ભૂદેવોની સાથે ઉતાવળી ગતિએ સર્વે પંક્તિમાં ફરી જમનારા સંતોને પીરસવા લાગ્યા.[૧૧] પાછા પગે ચાલતા પીરસનારા બ્રાહ્મણોએ ધારણ કરેલા પાત્રમાંથી ભગવાન શ્રીહરિ જલેબી આદિ સર્વે પક્વાન્નો વારંવાર પીરસવા લાગ્યા.[૧૨] ભોજન પદાર્થો હાથમાં લઈ શ્રીહરિ

पात्रपूरं ततस्तेभ्यो हसन् भोज्यानि सोऽर्पयन् । तर्पयामास सकलान् भुञ्जानांस्तान्मुनीन्नृप ! ॥ १४
आश्चर्यं जनयन्नृणां दोर्भ्यां तद्याचितं ददत् । दिव्यदेहागतान्मुक्तानदृश्यानप्यभोजयत् ॥ १५
तत्कृपाप्राप्तदिव्याक्षास्तदानीं कतिचिन्नराः । नार्यस्तान् ददृशुर्देवानपि तत्र समागतान् ॥ १६
पक्वान्नानां च बहुशः पर्वतान्नुचिरांस्तथा । घृतकुल्याः पयःकुल्याः पायसादिनदीरपि ॥ १७
तमेव भगवन्तं ते तेषां सम्परिवेषणम् । कुर्वन्तमैक्षन्त तदा चरन्तं सर्वपंक्तिषु ॥ १८
तत्करार्पितपक्वान्नग्रहणे सादरांस्तु ते । देवादींस्तांस्तथैवैतान् मुनींश्च ददृशुः समान् ॥ १९
तृप्तेषु तेषु पक्वान्नैः सफूत्कृतिमुखेषु च । द्विजानुवाच भगवान् भक्तमानीयतामिति ॥ २०

---

જ્યારે જ્યારે જે જે પંક્તિમાં જતા ત્યારે તે તે પંક્તિમાં ભોજન કરતા સંતો કહેતા કે હે મહારાજ ! મને પ્રસાદી આપો, મને પ્રસાદી આપો. એ પ્રમાણે પ્રાર્થના કરતા સંતો સર્વત્ર દેખાતા હતા.[૧૩] હે રાજન્ ! સંતોની પ્રાર્થના સાંભળી ભગવાન શ્રીહરિ હસતા હસતા તેમનાં પાત્રો ભોજનના પદાર્થોથી ભરપૂર કર્યાં, આમ સર્વે સંતોને ખૂબજ ભોજનો પીરસી તૃપ્ત કરવા લાગ્યા.[૧૪] હે રાજન્ ! દર્શન કરનારા જનોને અત્યંત આશ્ચર્ય ઉપજાવતા ભગવાન શ્રીહરિ પ્રાર્થના કરનારા સંતોને યથા યોગ્ય પીરસીને તેમજ દિવ્ય શરીર ધારણ કરીને ભગવાનની પ્રસાદીનું માહાત્મ્ય જાણીને અદૃશ્ય સ્વરૂપે આવેલા અક્ષરધામના મુક્તોને તથા અનંત ધામના મુક્તોને પણ ભોજન કરાવવા લાગ્યા.[૧૫] તે સમયે ભગવાન શ્રીહરિની કૃપાથી દિવ્ય દૃષ્ટિ પામેલા કેટલાક નરનારી ભક્તજનોને દિવ્યસ્વરૂપે આવેલા મુક્તાત્માઓનાં તથા બ્રહ્મા, શિવ, ઈન્દ્રાદિ દેવતાઓનાં પણ દર્શન થતાં હતાં.[૧૬] તેવી જ રીતે તે દિવ્ય દૃષ્ટિવાળા નરનારીઓને ભગવાન શ્રીહરિના સંકલ્પમાત્રથી નિર્માણ પામતા પકવાન્નોના મોટામોટા મનોહર પર્વતો તથા ઘીનાં કુંડલાંઓ તથા દૂધ તેમજ દૂધપાકની નદીઓ જાણે વહી રહી હોય એવાં દર્શન થતાં હતાં.[૧૭]

હે રાજન્ ! તે સમયે દિવ્ય દૃષ્ટિ પામેલા નરનારીઓને મુક્તો, દેવતાઓ અને સંતોને પીરસી રહેલા અને સર્વ પંક્તિમાં ફરી રહેલા અનેક સ્વરૂપવાળા શ્રીહરિનાં દર્શન થવા લાગ્યાં.[૧૮] પંક્તિમાં પીરસી રહેલા સાક્ષાત્ ભગવાન શ્રીહરિના હસ્તકમળમાંથી અર્પણ કરેલાં પક્વાન્નો જેવી રીતે સંતો ગ્રહણ કરતા હતા તેજ રીતે આદરપૂર્વક ગ્રહણ કરી રહેલા મુક્તાત્માઓનાં અને દેવતાઓનાં પણ દર્શન દિવ્યદૃષ્ટિવાળાં નરનારીઓને થવા લાગ્યાં.[૧૯] પક્વાન્નો જમીને તૃપ્ત થયેલા સંતો

लड्डुकं वामहस्ते च दक्षे पायसभाजनम् । गृहीत्वा परिचक्राम स ततः सर्वपंक्तिषु ॥ २१
ययाचे न यदा कोऽपि प्रत्यागच्छत्तदा स तु । प्रसाददौर्लभ्यवित्तं ब्रह्मानन्दो जुहाव ह ॥ २२
एह्येहि भगवन्नत्र पात्रं नो विस्मृतोऽस्ययम् । नित्यानन्दो रिक्तपात्रो लज्जते याचितुं मुहुः ॥ २३
तदा तत्रैत्य स हरिर्भाजने तस्य पायसम् । न्यषिञ्चत्स तदोवाच पश्यंस्तद्दोष्णि लड्डुकम् ॥ २४
लिह्यां पायसमात्रं चेत्तन्नित्यानन्द एष माम् । पूषणं वक्ष्यति स्वामिंस्तद्गोलकमपि क्षिप ॥ २५
ततो हसन्स भगवान्हासयंस्तांश्च भोजकान् । तत्पात्रे लड्डुकं क्षिप्त्वा सिंहनादमचीकरत् ॥ २६
वर्णिराट् तावदागत्य लड्डुकामत्रकं करे । बिभ्रद्धरेः पुरस्तस्थौ द्वौ ततः सोऽग्रहीद्द्रुतम् ॥ २७
हरिं विक्ष्यान्तिकप्राप्तं मुक्तानन्दोऽतितृप्तवान् । भुक्तशिष्टं स्वपात्रस्थं लड्डुकं तमदीदृशत् ॥ २८

જ્યારે મુખેથી ફુત્કારી મારી હાંફવા લાગ્યા ત્યારે ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણોને રાંધેલો ભાત અને દાળ લાવવાની આજ્ઞા કરી.[૨૦] હે રાજન્ ! ભાત પીરસનારા બ્રાહ્મણોએ પંક્તિમાં ભાત પીરસી દીધો. પછી ભગવાન શ્રીહરિ પોતાના ડાબા હાથમાં મોતૈયા લાડુ અને જમણા હાથમાં દૂધપાકનો ડંકો ભરીને સર્વે પંક્તિમાં ફરી રહ્યા હતા.[૨૧] જ્યારે કોઇ પણ સંતોએ માગણી કરી નહિ ત્યારે ભગવાન શ્રીહરિ પાછા જવા લાગ્યા. તેમને જોઇ પ્રસાદની દુર્લભતા જાણતા બ્રહ્માનંદ સ્વામી ઉચ્ચ સ્વરે શ્રીહરિને બોલાવી કહેવા લાગ્યા કે, હે ભગવાન્ ! અહીં પધારો અમારૂં પાત્ર ભૂલી ગયા કે શું ? આ નિત્યાનંદ સ્વામી ખાલી પાત્રે બેઠા છે અને વારંવાર માંગવામાં શરમાય છે.[૨૨-૨૩]

હે રાજન્ ! બ્રહ્મમુનિનું વચન સાંભળી ભગવાન શ્રીહરિ તેમની સમીપે પધાર્યા ને તેમનાં પાત્રમાં દૂધપાક પીરસવા લાગ્યા, ત્યારે બ્રહ્મમુનિ શ્રીહરિના હાથમાં રહેલા લાડુ સામું જોઇને કહે કે, હે સ્વામિન્ ! જો હું કેવળ દૂધપાક જમીશ તો આ નિત્યાનંદ સ્વામી મને દાંત વગરનો બોખો કહેશે, તેથી આ લાડુ પણ મને પીરસી દ્યો.[૨૪-૨૫] બ્રહ્માનંદ સ્વામીનો એવો ભાવ હતો કે, દૂધપાકને મહારાજનો સંબંધ પરંપરાથી છે. જ્યારે લાડુનો સાક્ષાત્ સંબંધ છે, તેથી લાડુ પીરસવાનું કહ્યું, તે સાંભળી ભગવાન શ્રીહરિ હસવા લાગ્યા ને સર્વે સંતોને હસાવતા બ્રહ્માનંદ સ્વામીના પાત્રમાં લાડુ પીરસીને સિંહગર્જના કરાવી.[૨૬] તે સમયે મુકુન્દાનંદ બ્રહ્મચારી પોતાના હાથમાં મોતૈયા લાડુનું ભરેલું પાત્ર લઇને ભગવાન શ્રીહરિની સમીપે આવીને ઊભા રહ્યા. તે સમયે શ્રીહરિએ પાત્રમાંથી બે લાડુ તત્કાળ લીધા અને ભોજન કરી તૃપ્ત થયેલા મુક્તાનંદ સ્વામી પાસે આવવા લાગ્યા, તે જોઇને

अपेक्षितोऽस्य त्वेतावानिति ज्ञात्वा च स प्रभुः । यावत् क्षिपति तं तावत्सोऽकरोत्सिंहगर्जनाम् ॥ २९
चैतन्यानन्दमालोक्य पात्रे कृत्वा करं शिरः । धूनयन्तं स तत्पात्रे हरिर्लड्डुकमक्षिपत् ॥ ३०
ऊर्ध्वं शिरो धूनयन्तं नित्यानन्दं हसन्मुखम् । तृप्तं ज्ञात्वा लड्डुकार्धं तत्पात्रेऽक्षिपदीश्वरः ॥ ३१
कृतसिंहरवे तस्मिन्नानन्दानन्दमाययौ । ज्ञात्वा शिथिलदन्तं तं दापयामास पायसम् ॥ ३२
गोपालानन्दमालोक्य मिताहारं हरिर्हसन् । अर्धार्धं लड्डुकस्यादात्कारयन्सिंहगर्जनाम् ॥ ३३
सच्चिदानन्दमेत्यासौ वृथाऽऽदौ सिंहनादिनम् । दृष्ट्वा रिक्तं तु तत्पात्रं लड्डुकद्वयमक्षिपत् ॥ ३४
कृपानन्दं स दृष्ट्वाऽथ प्रतीक्ष्य स्वमवस्थितम् । तत्समीपमुपेयाय गृहीत्वा लड्डुकं करे ॥ ३५
तृप्तं ज्ञात्वा भक्तकामं लड्डुकं वीक्ष्य सोऽब्रवीत् । एतद्भङ्गेऽङ्गुलीनां ते श्रमः स्यादिति निःक्षिप ॥ ३६

---

**મુક્તાનંદ સ્વામી પોતાના પાત્રમાં બાકી રહેલા લાડુ દેખાડીને ના પાડતા હતા. પરંતુ શ્રીહરિએ જાણ્યું કે, બસ, આટલો બીજો આપી દ્યો એમ કહે છે. એમ સમજીને તેમના પાત્રમાં એક લાડુ પીરસી દીધો. ત્યારે મુક્તમુનિએ પણ સિંહગર્જના કરી.**[૨૭-૨૯]

**હે રાજન્ ! પોતાના પાત્ર ઉપર હાથ આડા રાખી માથું ધુણાવતા ચૈતન્યાનંદ સ્વામીને જોઇ ભગવાન શ્રીહરિ તેમની સમીપે જઇ તેના પાત્રમાં એક લાડુ પીરસી દીધો. ત્યારે તેમણે પણ સિંહગર્જના કરી.[૩૦] વળી ઊંચું માથું રાખીને ધૂણાવતા અને મુખેથી હસતા નિત્યાનંદ સ્વામીને તૃપ્ત થયેલા છે એવું જાણીને શ્રીહરિએ તેમના પાત્રમાં અર્ધો લાડુ મૂક્યો તેથી નિત્યાનંદ સ્વામીએ પણ સિંહગર્જના કરી. પછી શ્રીહરિ આનંદાનંદ મુનિ પાસે ગયા તેમના દાંત શિથિલ હતા તેથી તેમના પાત્રમાં દૂધપાક પીરસ્યો.[૩૧-૩૨] તેમની સમીપે મિતાહારી ગોપાળાનંદ સ્વામીને જોઇ હસતા હસતા શ્રીહરિએ સિંહગર્જના કરાવવા માટે જ લાડુના અર્ધાનો પણ અર્ધો ભાગ પીરસ્યો ને સિંહગર્જના કરાવી.**[૩૩]

**ભગવાન શ્રીહરિ પધારે તેના પહેલાં જ મિથ્યા સિંહગર્જના કરી રહેલા સચ્ચિદાનંદ સ્વામીને જોઇ શ્રીહરિ તેમની સમીપે પધાર્યા. અને ખાલી થયેલા પાત્રમાં બે લાડુ પીરસી દીધા.[૩૪] પછી પોતાની પ્રતીક્ષા કરી રહેલા કૃપાનંદ સ્વામીને જોઇ હાથમાં બે લાડુ લઇ તેમની સમીપે પધાર્યા. તેમને તૃપ્ત થયેલા જાણી, લાડુ ભાંગી અર્ધો આપવા જતા શ્રીહરિને જોઇ કૃપાનંદ સ્વામી કહે પ્રભુ ! લાડુને ભાંગવા જતાં તમારી કોમળ આંગળીને પરિશ્રમ પડશે માટે આખો આપી દ્યો. તેથી તેમના પાત્રમાં શ્રીહરિએ આખો પીરસી દીધો અને બીજો લેવા જાય ત્યાં કૃપાનંદ સ્વામીએ**

तं च क्षिप्त्वा स तत्पात्रे यावत्क्षिपति चापरम् । उच्चैर्ननाद स तदा शुकानन्दमगात्स च ॥ ३७
पात्रावशिष्टपक्वान्नं चर्वन्तं शष्कुलीं शनैः । अर्धां दत्वा लज्जमानमात्मानन्दं व्यचष्ट सः ॥ ३८
निष्कासितेतः सन्ताड्य ब्रह्मानन्देन तु त्रपा । गृहाण भुङ्क्ष्व तत्स्वेष्टमित्युक्त्वादात्स लड्डुकौ ॥ ३९
शष्कुलीभृतवक्त्रेण ब्रुवते चास्फुटं ददौ । महानुभावानन्दाय करस्थं सार्धलड्डुकम् ॥ ४०
एवमन्यानपि हरिर्भोजकान्परिवेष्य सः । भक्तं च क्वथिकां सूपं दापयित्वाशुधत्करौ ॥ ४१
भुक्त्वा करमुखं ते च विशोध्य स्वस्वकेतनम् । पुल्लतुन्दा ययुः सर्वे भोजका मुखफूत्कृताः ॥ ४२
ततश्च पार्षदान्सर्वान् क्षत्रियादीन्स पूर्ववत् । भोजयामास भक्तान्स्वानन्यांश्चान्नार्थिनो जनान् ॥ ४३

---

ઉચ્ચ સ્વરે સિંહગર્જના કરી. તેની બાજુમાં સ્વયંપ્રકાશાનંદ સ્વામી હતા તેમના પાત્રમાં પણ એક પીરસીને બીજો પીરસવા જાય ત્યાં તેમણે પણ સિંહગર્જના કરી. પછી ત્યાંથી શુકાનંદ સ્વામી પાસે પધાર્યા.[૩૫-૩૭] હે રાજન્ ! શુકાનંદ સ્વામી પોતાના પાત્રમાં શ્રીહરિએ પહેલાં આપેલી જલેબી ધીરે ધીરે જમી રહ્યા હતા, ત્યાંતો ફરી અર્ધી જલેબી પીરસી. પછી લાડુની માંગણી કરવામાં શરમ રાખતા આત્માનંદ સ્વામી પાસે પધાર્યા ને કહેવા લાગ્યા કે હે આત્માનંદ સ્વામી ! આ બ્રહ્માનંદ સ્વામીએ 'હે ભગવાન ! અહીં આવો, અમને લાડુ પીરસો' એમ સર્વેની વચ્ચે ઊંચે સાદે બોલીને શરમને તો અહીંથી કાઢી મૂકી છે. હવે શરમાઓ છો શું ? તેથી તમને પ્રિય પક્વાન્ન સ્વીકારોને આરોગો. આ પ્રમાણે કહીને તેમના પાત્રમાં બે લાડુ પીરસ્યા.[૩૮-૩૯]

હે રાજન્ ! પછી મુખમાં જલેબી હોવાથી અસ્પષ્ટ બોલતા, ન જોઈતું હોવા છતાં જાણે જોઈએ છે, એવું બોલતા મહાનુભાવાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિએ પોતાના હાથમાં રહેલો અર્ધો લાડુ જ્યાં પીરસ્યો ત્યાં તેમણે સિંહ ગર્જના કરી.[૪૦] આ પ્રમાણે સર્વે મુનિઓને પીરસી ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણો પાસે દાળ-ભાત, કઢી વગેરે પીરસાવ્યાં અને સ્વયં જળથી પોતાના હાથ શુદ્ધ કર્યા.[૪૧] સર્વે સંતોએ પણ ભોજન કરી પોતાના હાથ, મુખ ધોઈને શુદ્ધ કર્યા ને બહુ ભોજન કરવાથી ફુલેલી ફાંદવાળા અને મુખે ફુત્કાર કરી રહેલા સર્વે સંતો પોતપોતાની ધર્મશાળામાં પધાર્યા.[૪૨] પછી શ્રીહરિએ સોમલાખાચર, સુરાખાચર આદિ પોતાના પાર્ષદોને તથા હેમંતસિંહ આદિ અન્ય ક્ષત્રિય ભક્તજનોને તથા અન્ય સર્વે અન્નાર્થી ભક્તજનોને પણ અન્નકૂટોત્સવની માફક ખૂબ ભોજન કરાવી આનંદ પમાડ્યા.[૪૩]

ततः स पारणां कर्तुं योषाश्चाज्ञाप्य सर्वशः । भोजनार्थं ततस्त्वायान्निजमन्दिरमीशिता ॥ ४४
पाकं विधाय श्रीकृष्णनैवेद्या वैश्वदेविकम् । कृत्वैव विदधे स्वामी पारणां धर्मवत्सलः ॥ ४५
अकुर्वन्स दिवानिद्रां पार्षदानां पुरो गुणान् । जयाया वर्णयन्नेव तत्र याममुपाविशत् ॥ ४६
एवमेव नृपते ! जगत्पतिः श्रीहरिर्भवति भक्तवत्सलः ।
दम्भहीननिजसेविमानवान्नाधिकं किमपि तस्य सर्वथा ॥ ४७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे भोजने हरिपरिवेषणलीलावर्णन-नामैकोनचत्वारिंशोऽध्यायः ॥३९॥*

---

પછી શ્રીહરિ જયા, લલિતા આદિ સર્વે સ્ત્રી ભક્તજનોને પણ પારણાં કરવાની આજ્ઞા આપી સ્વયં પોતાના ભવનમાં પધાર્યા.[૪૪] ધર્મવત્સલ ભગવાન શ્રીસહજાનંદ સ્વામીએ રસોઈ તૈયાર કરી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય ધરી, વૈશ્વદેવવિધિ કરીને પારણાં કર્યાં.[૪૫]

હે રાજન્ ! આજે પણ દિવસની નિદ્રાનો ત્યાગ કરી બ્રહ્મચારીના ધર્મનું પાલન કરતા પોતાના સોમલાખાચર આદિ પાર્ષદોની આગળ જયાબાના ગુણોની પ્રશંસા કરતા કરતા પોતાની અક્ષર ઓરડીએ એક પ્રહર સુધી બેસી રહ્યા.[૪૬] હે રાજન્ ! તમે કહેશો કે, પૂર્ણકામ ભગવાનને જયાબાની પ્રશંસા કરવાનું શું પ્રયોજન હતું ? તો કહું છુ કે, ભગવાનને પોતાના નિર્દંભ સેવકો સિવાય બીજું કાંઈ અધિક નથી. તેથી આવો પોતાનો સ્વભાવ દેખાડવાનું જ એક માત્ર પ્રયોજન હતું. જગત્પતિ ભગવાન શ્રીહરિ પૂર્વોક્ત પ્રકારે જ્યારે ભક્તવત્સલ થાય છે ત્યારે દંભહીન નિષ્કપટ પોતાના ભક્ત સિવાય તેમને કોઈ પણ વસ્તુ અધિક નથી.[૪૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ પર બારસના પારણામાં સંતોને શ્રીહરિએ પીરસીને જમાડ્યા એ લીલાનું નિરૂપણ કર્યું એ નામે ઓગણચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૯--***

---

अथ चत्वारिंशोऽध्यायः - ४०

सुव्रत उवाच-

अथ प्रदोषे भगवानुपायात् पुनर्बहिर्वेदिमुदारकीर्तिः ।
तावज्जनौघा मुनयश्च सर्वे योषाश्च तत्रैत्य मुदा निषेदुः ॥ १
तत्रोपविश्य प्रभुरात्मपीठे पर्यैक्षत स्वान् विनयावनम्रान् ।
सुशिक्षितांस्तानपि साधुवर्त्म भूयो विविक्षुः स गिरं जगाद ॥ २

श्रीनारायणमुनिरुवाच-

यूयं हि वर्णाश्रमिणस्त्यागिनो मुनयस्तथा ! सर्वे सम्मिलिताः स्थात्र कृष्णभक्ता यमान्विताः ॥ ३
तेषां मध्ये भवेद्येषां प्रष्टव्यं किमपि प्रजाः ! । ते मां पुच्छन्तु निर्भीकाः कश्चिद्वो मास्तु संशयः ॥ ४

सुव्रत उवाच-

एवमुक्ते भगवता राजानस्तत्र संस्थिताः । पुञ्जजिद्वास्तुसूराद्या भक्ताः प्रश्नमकुर्वत ॥ ५

---

## અધ્યાય - ૪૦

### શ્રીહરિએ રાજાઓના પૂછવાથી વિદુરનીતિનો આપેલો ઉપદેશ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ઉદારકીર્તિવાળા ભગવાન શ્રીહરિ સાયંકાળે ફરી બહાર વેદિકા ઉપર સિંહાસન પર વિરાજમાન થયા. તે સમયે સર્વે સંતો તથા દેશાંતરમાંથી પધારેલા સર્વે નર-નારી ભક્તજનો પણ હર્ષપૂર્વક સભામાં આવી યથાયોગ્ય સ્થાને બેઠા.[૧] ત્યારપછી વાસુદેવનારાયણની સંધ્યાઆરતી થઈ, દર્શન કરી, નારાયણ ધૂન્ય કરી, ફરી ભગવાન શ્રીહરિ સિંહાસન ઉપર વિરાજમાન થઈ, વિનયથી પોતાને નમસ્કાર કરી રહેલા ભક્તજનોને નિહાળવા લાગ્યા. સર્વે ભક્તજનો સુસંસ્કારી હતા. છતાં ફરી સજ્જન ભગવદ્‌ભક્તોનો માર્ગ તેમને સમજાવવાની ઈચ્છાથી શ્રીહરિ મધુર વચનો કહેવા લાગ્યા.[૨]

શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! તમે સર્વે પ્રગટ પ્રમાણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક છો. અહિંસા આદિ યમ નિયમે યુક્ત છો, ગૃહસ્થ અને ત્યાગી તમે સર્વે પોતપોતાના વર્ણાશ્રમ ધર્મનું યથાર્થ પાલન પણ કરો છો.[૩] હે ભક્તજનો ! આ સભામાં બેઠેલા કોઈ પણ મારા આશ્રિત ભક્તજનોને કાંઈ પણ પૂછવું હોય તો નિર્ભય થઈને પૂછી શકો છો. તમારા જીવનમાં તમને કોઈ પણ જાતનો સંશય રહેવો જોઈએ નહિ.[૪]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ

परस्परं ते सम्मन्त्र्य नमस्कृत्य प्रभुं नृप ! । बद्धाञ्जलिपुटाः प्रोचुर्वाचं लोकहितावहाम् ॥ ६

**राजान ऊचुः-**

वयं सर्वे नृपाः स्वामिन् ! प्रजाश्चेमा निरन्तरम् । प्रवृत्तिधर्मस्थितयस्त्वां श्रिताः स्मो जगद्गुरो ! ॥ ७
तेषां नो यद्भवेत्कार्यमकार्यं यच्च सर्वथा । तत्पृथग्विशदीकृत्य त्वं बोधयितुमर्हसि ॥ ८

**सुव्रत उवाच-**

इति तैरादरात्पृष्टः प्रसन्नः स मुनीश्वरः । स्मरन्स्वभक्तं विदुरं प्रोवाच वचनं नृपान् ॥ ९

**श्रीनारायणमुनिरुवाच-**

ये पण्डिता इति प्रोक्ताः सच्छास्त्रेषु च साधवः । तेषां यद्वचनं तत्तु कार्यमेवेति निश्चितम् ॥ १०
तत्रैवोक्ताश्च ये मूर्खा असन्तश्च कुबुद्धयः । तदुक्तं वचनं भक्ता ! अकार्यमिति मे मतम् ॥ ११
पण्डितानां च मूर्खाणां लक्षणानि सविस्तरम् । कार्याकार्ये च विदुरो धृतराष्ट्रं पुराऽवदत् ॥ १२

---

પ્રશ્ન પૂછવાની પ્રેરણા કરી તે સમયે સભામાં બેઠેલા રાજાઓ, પુંજાજી, વસ્તોખાચર, સુરોખાચર, હેમંતસિંહ વિગેરે ક્ષત્રિય ભક્તજનોએ મંત્રણા કરીને આ પ્રશ્ન પૂછવો એવો નિર્ણય કર્યો. પછી બન્ને હાથજોડી નમસ્કાર કરીને ભગવાન શ્રીહરિ પ્રત્યે સકલ જનોના હિતને માટે પ્રશ્ન પૂછવા લાગ્યા.[૫-૬]

રાજાઓ પૂછે છે, હે સ્વામિન્ ! હે જગદ્ગુરુ ! અમે સર્વે રાજાઓ તથા સર્વે પ્રજાજનો નિરંતર પ્રવૃત્તિધર્મમાં રહેલા છીએ. અને તમારો આશ્રય પણ સ્વીકાર્યો છે.[૭] તમારું શરણું સ્વીકારનારા અમો સર્વેને પ્રવૃત્તિ માર્ગમાં શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેનો સ્પષ્ટ વિભાગ કરીને સમજાવો.[૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે જ્યારે પોતાના આશ્રિત રાજાઓએ આદરપૂર્વક પ્રશ્ન કર્યો, ત્યારે મુનીશ્વર ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા અને પોતાના ભક્ત વિદુરજીનું મનમાં સ્મરણ કરી, પુંજાજી આદિ સર્વે રાજાઓ તથા ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા.[૯] શ્રીનારાયણ મુનિ કહે છે, હે રાજાઓ ! સત્શાસ્ત્રમાં જે પુરુષોને વિદ્વાન તેમજ સાધુપુરુષ કહેલા છે, તેઓનાં વચનને અનુસારે તમારે સર્વેને કાર્ય કરવાં.[૧૦] હે રાજાઓ ! તેજ સત્શાસ્ત્રોમાં મૂર્ખ તેમજ અસાધુ અને કુબુદ્ધિજનોનાં પણ વચનો કહેલાં છે. તે પ્રમાણે તમારે કોઈએ ન વર્તવું. એવો મારો સિદ્ધાંત છે.[૧૧] તેમાં પંડિત-સજ્જનો કોને કહેવાય ? અને મૂર્ખ-કુબુદ્ધિવાળા કોને કહેવાય ? એ સમજવા માટે ભક્ત વિદુરજીએ ધૃતરાષ્ટ્ર પ્રત્યે તેઓનાં લક્ષણ વિસ્તારથી કહ્યાં છે.[૧૨] ગૃહસ્થાશ્રમરૂપ પ્રવૃત્તિમાર્ગમાં રહેલા

प्रोक्ता विदुरनीतिः सा गृहिणां त्यागिनां हिता । तामभ्यस्य ततो ज्ञेयः कार्याकार्यविनिर्णयः ॥ १३
सर्वेषां नीतिशास्त्राणां सारो वैदुरिकोनयः । तेनैव वर्तमानानां युष्माकं सर्वतः सुखम् ॥ १४
एतत्संशीलिनः क्वापि सन्तापैस्त्रिविधैरपि । पीडितुं नैव शक्यन्ते स्थिताव्यवहृतौ जनाः ॥ १५
एतदुक्तप्रकारेण वर्तमानाः क्रियास्वपि । यूयं भजन्तः श्रीकृष्णं सुखिनोऽत्र भविष्यथ ॥ १६

सुव्रत उवाच–

इत्युक्तास्ते नृपतयो राजन्भगवताऽखिलाः । जनाश्च मुनयो हृष्टास्तथेत्यूचुः प्रणम्य तम् ॥ १७
स्वस्वस्थानं ततो गन्तुमाज्ञप्ता हरिणा च ते । ययुस्ततो हरिरपि स्वीयं मन्दिरमाययौ ॥ १८
त्रयोदशीतस्त्रिदिने रात्रौ हरिरकारयत् । सभायां पञ्चमस्कन्धकथां पौराणिकेन च ॥ १९
नोल्लङ्घ्या स्वस्वमर्यादेत्यर्थं तस्या अबूबुधत् । सङ्गदोषं कर्मफलावश्यभोग्यत्वमप्यसौ ॥ २०

---

અને ત્યાગાશ્રમરૂપ નિવૃત્તિમાર્ગમાં રહેલા સર્વે જનોને માટે હિતકારી છે અને તે વચનો વિદુરનીતિના નામથી પ્રસિદ્ધ છે. વિદુરનીતિનો શ્રવણ, પઠનથી અભ્યાસ કરીને તેના થકી કાર્ય અને અકાર્યનો નિર્ણય કરતાં શીખવું.[૧૩] હે ભક્તજનો ! વિદુરજીએ કહેલી નીતિ અન્ય સમગ્ર નીતિશાસ્ત્રોના સારરૂપ શ્રેષ્ઠ છે. એ પ્રમાણે વર્તન કરવાથી તમને સર્વેને સર્વ પ્રકારે સુખ પ્રાપ્ત થશે.[૧૪] વિદુરનીતિનો અભ્યાસ કરનાર જે જનો વ્યવહારમાર્ગમાં રહેલા છે, તે મનુષ્યો અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ આ ત્રણે પ્રકારના તાપથી ક્યારેય પણ પીડા પામતા નથી. અર્થાત્ આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી તે સરળતાથી બહાર નીકળી જાય છે.[૧૫] હે ભક્તજનો ! પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરતાં કરતાં તમે વિદુરનીતિમાં કહેવા પ્રમાણે વર્તી વ્યાવહારિક કાર્યો કરતા રહેશો તો આલોકમાં સદાય સુખી થશો અને પરલોકમાં પણ સુખ પ્રાપ્ત થશે.[૧૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી પુંજાજી વગેરે ક્ષત્રિય રાજાઓ તથા સમસ્ત ભક્તજનો તથા સંતો અતિશય પ્રસન્ન થયા ને ભગવાન શ્રીહરિને પ્રણામ કરી તમે જેમ કહ્યું તેમજ અમે કરશું એ પ્રમાણે સૌ બોલ્યા.[૧૭] ત્યારપછી શ્રીહરિએ સૌને પોતપોતાના સ્થાને જવાની આજ્ઞા આપી તેથી સૌ પોતાના ઉતારે પધાર્યા અને સ્વયં ભગવાન શ્રીહરિ પણ પોતાની અક્ષરઓરડીએ પધાર્યા.[૧૮] હે રાજન્ ! આ ચરિત્ર કાર્તિક સુદ ૧૨ ની રાત્રીનું છે. શ્રીહરિ તેરશ, ચૌદશ અને પ્રથમ પૂર્ણિમા તિથિ પર્યંત રાત્રીએ સભામાં પ્રાગજી પુરાણી દ્વારા પંચમસ્કંધની કથા વંચાવી.[૧૯] આ ત્રણ દિવસ પર્યંત સૌએ

अष्टादशदिनानीत्थं सर्वे ते भगवज्जनाः । लेभिरे परमानन्दं कारुण्येन जगत्पतेः ॥ २१
पौर्णमास्यां च महता सम्भारेण स सत्पतिः । कारयामास जयया भक्तिजन्ममहोत्सवम् ॥ २२
उत्सवान्ते निशि जनान्भक्तांस्तान्भगवांस्ततः । आजिज्ञपत्सभासंस्थो गन्तुं देशं निजं निजम् ॥ २३

**श्रीनारायणमुनिरुवाच–**

यूयं सर्वे भक्तजना देशान्स्वान्स्वानहर्मुखे । योषितोऽध्वनि रक्षन्तः सावधाना व्रजन्त्वितः ॥ २४
देहादन्यं ब्रह्मरूपं निश्चित्यात्मानमच्युतम् । भजन्तश्च स्वधर्मस्थास्तद्धाम प्राप्स्यथ ध्रुवम् ॥ २५
प्राप्य ब्रह्मपुरं तच्च सर्वधामोत्तमोत्तमम् । भोगानलौकिकांस्तत्र तस्मात्प्राप्स्यथ वाञ्छितान् ॥ २६

---

**પંચમસ્કંધની કથા સાંભળી. તેમાં મનુષ્યોએ પોતપોતાની મર્યાદાનું ક્યારેય ઉલ્લંઘન કરવું નહિ. એવો ભાવ તથા સંગદોષ મનુષ્યને અવશ્ય નુકશાન નોતરે છે. તેથી સારાનો સંગ કરવો, અને ખરાબનો સંગ પ્રયત્નપૂર્વક છોડી દેવો, એવો ભાવ તથા કરેલા કર્મો પ્રાણીને અવશ્ય ભોગવવાંજ પડે છે. હસતાં હસતાં કરેલાં કર્મો રોઈ રોઈને ભોગવવાં પડે છે. માટે કર્મ પણ વિચારીને શુભ કરવાં, અશુભ ન કરવાં, આવો ભાવ ભગવાન શ્રીહરિ નિરૂપણ કરીને સૌને પ્રતિદિન સમજાવતા હતા.[20] હે રાજન્ ! શ્રીહરિની અપાર કરૂણાથી સર્વે સંતો તથા ભક્તજનો ગઢપુરમાં અઢાર દિવસ પર્યંત નિવાસ કરી ખૂબજ આનંદ પામ્યા.[21]**

**હે રાજન્ ! કાર્તિકી પૂર્ણિમાના દિવસે શ્રીહરિએ જયાબાની પાસે મોટી સામગ્રી ભેળી કરાવી, ભક્તિમાતાનો જન્મોત્સવ ઉજવાવ્યો, ચંદ્રોદય સમયે સાંજે ભક્તિમાતાનો જન્મોત્સવ ઉજવી, રાત્રીના સમયે વેદિકા ઉપર આવી સિંહાસન ઉપર વિરાજમાન થયેલા ભગવાન શ્રીહરિએ સભામાં બેઠેલા સમસ્ત દેશાંતરવાસી ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપતા કહેવા લાગ્યા.[22-23]**

**શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! આવતી કાલે પ્રાતઃકાળે તમે સર્વે તમારા દેશ પ્રત્યે ગમન કરજો, તેમજ માર્ગમાં સાવધાન રહેજો અને પોતપોતાની સ્ત્રીઓનું રક્ષણ કરજો. અને સંતો પણ આવતી કાલથી જુદા જુદા દેશોમાં વિચરણ કરવા જશે.[24] જીવનમાં પોતાના આત્માને દેહથી જુદો માની બ્રહ્મરૂપની ભાવના કરી પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરવું. અને પ્રેમપૂર્વક સ્વધર્મનું પાલન કરવું. જો આવી રીતે વર્તશો તો દેહને અંતે ચોક્કસ ભગવાનના ધામને પામશો.[25] સર્વશ્રેષ્ઠ બ્રહ્મપુરધામને પામીને ભગવાન થકી મનોવાંછિત અલૌકિક દિવ્ય ભોગોને પ્રાપ્ત કરશો.[26]**

सुव्रत उवाच-

इति श्रुत्वा प्रभोर्वाक्यं मुनिभिः सह ते जनाः । नत्वा तं हृष्टमनसः पप्रच्छुरिदमादरात् ॥ २७

जना ऊचुः-

एकान्तिकाः कृष्णभक्ता ज्ञानवैराग्यभक्तिभिः । सम्पन्ना भगवन् ! धर्मैर्लभन्ते धाम तस्य यत् ॥ २८
यश्चोच्यते परं धाम त्वया ब्रह्मपुराभिधम् । तद्धि वेदितुमिच्छामो वयं सर्वे स्वरूपतः ॥ २९
तस्मात्त्वं कृपयास्मभ्यं स्वरूपं तस्य तत्त्वतः । वक्तुमर्हसि भो स्वामिंस्त्वदन्यो नैव वेत्ति तत् ॥ ३०

सुव्रत उवाच-

पृष्टः स इत्थं निजभक्तसङ्घैर्विवित्सुभिर्धाम परं मुरारेः ।
प्रहर्षयंस्तानवदद्दयालुर्नारायणो भक्तजनैकबन्धुः ॥ ३१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे विदुरनीत्युपदेशकथननामा चत्वारिंशोऽध्यायः॥४०॥*

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિનું વચન સાંભળી સંતો તથા ભક્તજનોનાં મન અતિશય પ્રસન્ન થયાં ને ભગવાન શ્રીહરિને નમસ્કાર કરીને કહેવા લાગ્યા.[૨૭] હે ભગવાન્ ! જે ધામને જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહિત પોતપોતાના વર્ણાશ્રમધર્મનું યથાર્થ પાલન કરી એકાંતિક ભક્તો પ્રાપ્ત કરે છે. તે બ્રહ્મપુર નામનું સર્વોત્તમ ધામ તમે કહ્યું તે ધામના સ્વરૂપને અમે યથાર્થ જાણવા ઇચ્છીએ છીએ, હે સ્વામિન્ ! તેથી કૃપા કરીને તમે તે બ્રહ્મપુર ધામના સ્વરૂપનું યથાર્થ વર્ણન કરી અમને સમજાવો. કારણ કે તમારા સિવાય અન્ય મનુષ્ય એ સ્વરૂપને યથાર્થ જણાવવા સમર્થ થઇ શકતો નથી.[૨૮-૩૦]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુરારી ભગવાનના બ્રહ્મપુર ધામને જાણવાની ઇચ્છા ધરાવતા પોતાના ભક્તજનોએ જ્યારે આ પ્રમાણે પ્રશ્ન કર્યો ત્યારે ભક્તજનોના આત્મબંધુ, દયાળુ, અને સર્વના અંતર્યામી ભગવાન શ્રીહરિ સર્વને આનંદ ઉપજાવતા કહેવા લાગ્યા.[૩૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્રના તૃતીય પ્રકરણમાં શ્રીહરિએ ભક્તજનોને વિદુરનીતિ પ્રમાણે વર્તવાનો ઉપદેશ આપ્યો એ નામે ચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૦--***

---

## एकचत्वारिंशोऽध्यायः - ४१

**श्रीनारायणमुनिरुवाच-**

भक्ताः ! शृणुत वक्ष्यामि रूपं ब्रह्मपुरस्य वः । एकान्तिकानां भक्तानां प्राप्यस्यातिसुखस्य च ॥ १
एतद्रहस्यमस्तीति पुराणेषु महर्षिभिः । न सम्यग्विस्तरेणोक्तं प्रोक्तं नामान्तरेण च ॥ २
छान्दोग्योपनिषद्येतन्मोक्षधर्मेषु भारते । स्कान्दादिषु पुराणेषु सङ्क्षेपेणोपवर्णितम् ॥ ३
युष्माकं चाधिकारित्वान्मद्भक्त्या शुद्धचेतसाम् । कथयामि कथामेतां जना ! ब्रह्मपुराश्रयाम् ॥ ४
ब्रह्माण्डगोलके ह्यस्मिन्भुवनानि चतुर्दश । सप्तोर्ध्वं सप्त चाधस्ताद्वर्तन्ते संस्थितानि वै ॥ ५
लोकांश्चतुर्दशैवैतान् पृथिव्यावरणं जनाः ! । कोटियोजनविस्तीर्णमभितो व्याप्य वर्तते ॥ ६
उपर्युपरि तस्यापि जलं तेजो मरुन्नभः । अहङ्कारो महत्तत्त्वमिति चावरणानि षट् ॥ ७

---

# અધ્યાય - ૪૧

## એકાંતિક ભક્તજનોજ જેને પ્રાપ્ત કરી શકે છે તેવા બ્રહ્મપુર ધામનું વર્ણન.

શ્રીનારાયણ મુનિ કહે છે, હે ભક્તજનો ! એકાંતિક જનોને જ પ્રાપ્ત થતાં અને અતિશય સુખકારી એવાં બ્રહ્મપુરધામનું સ્વરૂપ હું તમને સંભળાવું છું. તમે સાવધાન થઈને સાંભળો.[૧] હે ભક્તજનો ! આ બ્રહ્મપુરધામ અતિશય રહસ્યરૂપ હોવાથી મોટા મહર્ષિઓએ પણ પુરાણોમાં તેનું વિસ્તારથી વર્ણન કર્યું નથી. અને ક્યાંક વૈકુંઠ, ગોલોક એવા પર્યાય નામથી વર્ણન કર્યું છે.[૨] છાંદોગ્ય ઉપનિષદ્‌માં, મહાભારતના મોક્ષધર્મમાં અને સ્કંદપુરાણમાં આ બ્રહ્મપુરધામનું સંક્ષેપથી વર્ણન કર્યું છે.[૩] હે ભક્તજનો ! મારી એકાંતિકી ભક્તિને કારણે તમારાં અંતર અતિશય વિશુદ્ધ થયાં છે. તેથી તમને બ્રહ્મપુરધામ સંબંધી કથા કહું છું.[૪] આ બ્રહ્માંડરૂપી ગોળામાં પૃથ્વી આદિ સાત ઉપરના લોક છે અને અતળ આદિ સાત નીચેના લોક છે. એવી રીતે ચૌદભુવન આ બ્રહ્માંડના ગોળામાં છે.[૫] હે ભક્તજનો ! ચૌદલોકની ફરતે ચારે બાજુએ એક કરોડ યોજનના વિસ્તારમાં પૃથ્વીનું આવરણ રહેલું છે.[૬]

હે ભક્તજનો ! પૃથ્વીના આવરણની ઉપર જળનું આવરણ, તેની ઉપર અનુક્રમે તેજ, વાયુ, આકાશ, અહંકાર અને તેની ઉપર મહતત્ત્વનું આવરણ, એમ છ આવરણો આવેલાં છે.[૭] એક એક આવરણ એક એકથી ઉત્તરોત્તર દશ દશ ગણાં અધિક છે. તેમજ પહેલાં કરતાં પછીનાં આવરણો સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ

एकैकस्माद्दशदशगुणितं ह्युत्तरोत्तरम् । ज्ञेयं चावरणं पूर्वात्सौक्ष्म्येणाप्यधिकं परम् ॥ ८
एतेषामपि सर्वेषां कारणं यत्तदष्टमम् । प्रकृत्याख्यं निगदितं महदावरणं जनाः ! ॥ ९
ततःपरं चिदाकाशमस्ति तेजोमयं महत् । अनाद्यनन्तं तद्धाम परमव्योमसंज्ञितम् ॥ १०
कोटिचन्द्रार्कवह्नीनां मिलितं यन्महन्महः । तदेकदेशतेजोऽग्रे याति खद्योततां हि तत् ॥ ११
अस्ति तत्रानन्दमयी सुधासिन्धुर्महानदी । नित्यानन्ता च गम्भीरा यामाहुर्विरजामपि ॥ १२
सुधासिन्धोरस्ति मध्ये द्वीपः सत्तात्मको महान् । भूरितेजोमयो दिव्यः सुखरूपः सनातनः ॥ १३
निवहैः कामधेनूनां वृषभैश्चारुविग्रहैः । जुष्टश्चाप्राकृतैरन्यैर्विविधैर्मृगपक्षिभिः ॥ १४
पारिजातैः कल्पवृक्षैर्मन्दारादिभिरङ्घ्रिपैः । मल्लिकाजातिमुख्याभिर्वल्लीभिः परितो वृतः ॥ १५
नानाविधैरुपवनैः फलपुष्पसमृद्धिभिः । नदीभिः सरसीभिश्च वापीभिर्मणिपर्वतैः ॥ १६

---

છે. અર્થાત્ પૃથ્વીના આવરણ કરતાં જળનું આવરણ દશ ગણું અધિક છે. અને તેનાં કરતાં સૂક્ષ્મ પણ છે. અને જળના આવરણ કરતાં તેજનું આવરણ દશ ગણું વધુ છે અને દશ ગણું સૂક્ષ્મ પણ છે એમ સર્વત્ર જાણવું.[૮] હે ભક્તજનો ! પ્રત્યેક બ્રહ્માંડનાં આવાં સાત આવરણના કારણભૂત પ્રકૃતિ નામનું આઠમું છેલ્લું આવરણ છે તે અતિશય મોટું છે. તે અનંતકોટી બ્રહ્માંડને આવરીને રહેલું છે.[૯] આ પ્રકૃતિ નામના આઠમા આવરણથી પર અતિશય તેજોમય મહાચિદાકાશ આવેલો છે. તેનો કોઈ અંત કે આદિ નથી. તેને "પરમ વ્યોમધામ" કહે છે.[૧૦] કરોડો સૂર્ય અને ચંદ્રમાનું એક સાથે મળેલું અનંતગણું તેજ પણ આ ચિદાકાશના એક અલ્પ સરખા પ્રદેશના તેજની આગળ માત્ર ખદ્યોત સરખું જણાય છે.[૧૧] આવા અતિશય મહાતેજોમય ચિદાકાશમાં એક ખાઈ સ્વરૂપે રહેલી અતિશય આનંદમયી નિત્ય, અનંત, અગાધજળથી ભરેલી, સુધાસિંધુ નામની મહાનદી આવેલી છે. અને "વિરજાનદી" એવા નામથી કહેલી છે.[૧૨]

હે ભક્તજનો ! વિરજાનદીને મધ્યે સત્યસ્વરૂપ, અતિશય તેજોમય, દિવ્ય રમણિય સદાય સુખદાયી, સનાતન નિત્યસિધ્ધ મહાન એક દ્વીપ આવેલો છે.[૧૩] તે દ્વીપ દિવ્ય કામધેનુના સમૂહોથી તેમજ દિવ્ય દેહવાળા વૃષભોથી અને અનેક પ્રકારના દિવ્ય પશુપક્ષીઓથી શોભી રહ્યો છે.[૧૪] તેમજ પારિજાત, કલ્પવૃક્ષ, મંદાર આદિ અનંત દિવ્ય વૃક્ષોથી અને મલ્લિકા, જૂઈ આદિ લત્તામંડપોથી અતિશય શોભી રહ્યો છે.[૧૫] વળી ફળ અને પુષ્પોની સમૃદ્ધિથી વૃંદાવનાદિ અનેક પ્રકારનાં ઉપવનો, નદીઓ, સરોવરો તથા વાવ, કૂવા આદિકથી અને મણિમય પર્વતોથી

एतैस्तेजोमयैः सर्वैः सुखरूपैरलौकिकैः । नित्यश्रीभिः परिवृतः सत्यद्वीपः स राजते ॥ १७
अस्ति तस्मिन् बृहद्दुर्गं शतशृङ्गाचलाभिधम् । लोकालोकाचलनिभं पुण्डरीकाकृति ध्रुवम् ॥ १८
महद्भिर्गोपुरै रम्यं चतुर्भिस्तच्चतुर्दिशम् । सुरक्षितं प्रतीहारैः सुबलप्रबलादिभिः ॥ १९
सुदर्शनादिभिः शस्त्रैर्मूर्तिमद्भिरुपाश्रितम् । अणिमप्रमुखाभिस्तन्महतीभिश्च सिद्धिभिः ॥ २०
तस्यान्तर्वर्तते दिव्या भूमिस्तेजोमयी शुभा । उपमानं क्वचित्तस्या ब्रह्माण्डे नात्र वर्तते ॥ २१
अभूतोपमया तां च निर्दिशामि ततो जनाः ! । यद्येवं स्यात्क्वचित्तर्हि सोपमीयेत तेन वै ॥ २२
स्वच्छकाचमयी भूमिरियं सर्वा सपर्वता । तादृश्यः स्युश्चाकृतयः सर्वाः स्थावरजङ्गमाः ॥ २३
यावत्यश्चान्तरिक्षस्था ग्रहनक्षत्रतारकाः । तावन्त एव सूर्याः स्युः सर्वतः सुप्रकाशकाः ॥ २४
तैः प्रकाशितया भूम्या काचमय्यातिरम्यया । आश्चर्यरूपया नूनं सा भूमिरुपमीयते ॥ २५

---

પણ શોભી રહ્યો છે.[૧૬] તેમજ તેજોમય, સુખરૂપ, અલૌકિક અને નિત્ય શોભા સંપન્ન સમૃદ્ધિથી પણ સત્યદ્વીપ સદાયને માટે શોભે છે.[૧૭] આ સત્યદ્વીપને વિષે શતશૃંગ પર્વત નામે મહાવિશાળ કિલ્લો આવેલો છે. તે લોકાલોક પર્વતની સમાન છે અને તેનો આકાર કમળના જેવો ગોળ છે. તે કિલ્લો નિત્ય છે.[૧૮] તેની ચારે દિશાઓમાં ઊંચાં ચાર રમણીય ગોપુર આવેલાં છે. સુબલ અને પ્રબલ આદિક દ્વારપાળો તેમની સુરક્ષા કરી રહેલા છે.[૧૯] આ કિલ્લાનું મૂર્તિમાન સુદર્શન ચક્ર આદિ આયુધો તથા મૂર્તિમાન અણિમાદિક અષ્ટસિદ્ધિઓ પણ સેવન કરે છે.[૨૦]

હે ભક્તજનો ! આવા કિલ્લારૂપ શતશૃંગ પર્વતની મધ્યે દિવ્ય રમણીય મંગલસ્વરૂપા ભૂમિ આવેલી છે. તે ભૂમિની ઉપમા આ બ્રહ્માંડમાં કોઈની સાથે આપી શકાય તેમ નથી.[૨૧] તેથી તે ભૂમિને હું અનુપમ કહું છું. છતાં તેનું ક્યારેક વર્ણન કરવું હોય ત્યારે એક કાલ્પનિક દૃષ્ટાંતના માધ્યમથી એ ભૂમિને ઉપમા આપીને વર્ણન કરી શકાય છે.[૨૨] હે ભક્તજનો ! સમગ્ર પર્વતોએ સહિત આ ભૂમિ સ્વચ્છ બિલોરી કાચની હોય, તેમાં રહેલી સ્થાવર જંગમરૂપ સર્વે આકૃતિઓ પણ તેવાજ સ્વચ્છ બિલોરી કાચની હોય, તથા આકાશમાં રહેલા ગ્રહ, નક્ષત્ર અને તારા જેટલી સંખ્યામાં છે તેટલા સૂર્યો હોય, તેવા સૂર્યોના પ્રકાશથી આ બિલોરી કાચની ભૂમિ જેવી શોભે તેવી અલૌકિક દિવ્ય શોભાએ સંપન્ન એ ધામની ભૂમિ શોભી રહી છે.[૨૩-૨૫] તે ભૂમિ ભગવાન શ્રીકૃષ્ણનું અનાદિ સિદ્ધ ધામ છે, તે ધામમાં ગોપ અને ગોપીઓના દિવ્ય સમૂહો નિવાસ કરીને રહે છે. જેને ગોલોક એવા નામે પણ કહેવામાં આવે છે.[૨૬] તે ધામ સર્વત્ર અતિશય મનોહર અને દર્શનીય છે. તેને

तदेतत्परमं धाम श्रीकृष्णस्य सनातनम् । गोलोक इति यत्प्राहुर्गोपगोपीगणावृतम् ॥ २६
दर्शनीयतमं तद्धि सर्वतोऽस्ति मनोहरम् । तत्र यद्यच्च रत्नादि ततस्सर्वमलौकिकम् ॥ २७
मुक्तानां तत्र पुंसां च योषितामपि कोटिशः । दिव्यानि चातिभास्वन्ति मन्दिराणि भवन्ति वै ॥ २८
तन्मध्ये ऽस्ति महत्तेजः कोटिकोट्यर्कभासुरम् । मनोहरमतिश्वेतं घनं सच्चित्सुखात्मकम् ॥ २९
यदाहुरक्षरं ब्रह्म सर्वाधारं तथामृतम् । अनाद्यनन्तं पूर्णं च स्वयंज्योतिः सनातनम् ॥ ३०
योगसंसिद्धिमापन्नाः षट्चक्राणि निजान्तरे । व्यतीत्य मूर्ध्नि पश्यन्ति यच्च कृष्णप्रसादतः ॥ ३१
तदेतदवगन्तव्यं धाम ब्रह्मपुरं हरेः । सर्वधामोत्तमं कालमायादिभयवर्जितम् ॥ ३२
तत्राश्चर्यमयं दिव्यं मन्दिरं वर्तते प्रभोः । तत्सौन्दर्यं न शक्तोऽहं भक्ता ! वर्णयितुं किल ॥ ३३
कोटिसूर्यप्रतीकाशरत्नस्तम्भातिभासुरम् । ऋद्धिभिः सकलाभिश्च जुष्टं तत्सर्वसिद्धिभिः ॥ ३४
एकान्तिकानां मुक्तानां कोटिभिस्तत्परिश्रितम् । योषाभिः कृष्णभक्ताभिर्मुक्ताभिश्चापि कोटिशः ॥ ३५

---

વિષે જે કાંઇ રત્ન આદિ છે તે અલૌકિક દિવ્ય છે.[૨૭] તેમાં મુક્તભાવને પામેલા નરનારીઓના દિવ્ય અને અતિશય પ્રકાશમાન એવા અપરિમિત કરોડે કરોડ રાજમહેલો આવેલા છે.[૨૮]

હે ભક્તજનો ! તે ધામના મધ્યે કરોડે કરોડ સૂર્યના પ્રકાશ સમાન મનોહર શ્વેત ઘાટું સત્, ચિત્ અને આનંદરૂપ મહાતેજ રહેલું છે. તે અક્ષરબ્રહ્માત્મક છે, સર્વેનું આધાર છે અને અમૃતધામ એવું નામ છે. તે અનાદિ અનંત, અપરિચ્છિન્ન, અમાપ, સ્વયં પ્રકાશિત, તેમજ સનાતન છે, એમ ઉપનિષદો કહે છે.[૨૯-૩૦] સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનના અનુગ્રહથી અષ્ટાંગયોગની સિદ્ધિ પામેલા યોગીજનો પોતાના અંતરમાં મૂલાધારાદિ છ ચક્રોને ભેદીને સહસ્રદળના કમળવાળા બ્રહ્મરન્ધ્રમાં તે અક્ષરબ્રહ્માત્મક તેજનું દર્શન કરે છે.[૩૧] હે ભક્તજનો ! આ સાક્ષાત્ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનનું બ્રહ્મપુર ધામ છે. તે સર્વ કરતાં ઉત્તમ અને કાળ, માયાદિકના ભયથી રહિત છે. એમ તમે નક્કી જાણો.[૩૨] તેને વિષે ભગવાનનું અતિ આશ્ચર્યમય દિવ્ય મંદિર આવેલું છે. તે મંદિરની સુંદરતાનું વર્ણન કરવા હું પણ સમર્થ નથી.[૩૩] એ મંદિર કરોડો સૂર્યના પ્રતિક સરખા રત્નોના સ્તંભોથી અતિશય પ્રકાશમાન છે. તેમજ સકલ સમૃદ્ધિ અને અણિમાદિ સિદ્ધિઓથી ભરપૂર છે.[૩૪] એકાંતિક ભાવને પામેલા કરોડો મુક્ત પુરુષો એ મંદિરનો આશ્રય કરી રહ્યા છે. તેમજ એકાંતિક ભાવને પામેલી કરોડો મુક્ત નારીઓ પણ તેનો આશ્રય કરીને રહેલી છે.[૩૫] તે મંદિરમાં રમણીય રત્નસિંહાસન આવેલું છે. રાધા, રમા

राधालक्ष्म्यादिभिस्तत्र सेव्यमानः स्वशक्तिभिः । रत्नसिंहासने रम्ये श्रीकृष्णो हि विराजते ॥ ३६
न तादृशं हि भवनं क्वापि लोकेषु विद्यते । उपमीयेत तद्येन ततो निरुपमं स्मृतम् ॥ ३७
अनेकशोऽपि मुक्तानां पुंसां स्त्रीणां च तत्र वै । भोगस्थानान्यनेकानि सन्ति दिव्यानि सुव्रताः ! ॥ ३८
भोगा भोगोपकरणान्यपि दिव्यानि सर्वशः । वर्तन्ते सुखरूपाणि तानि नित्यानि तत्र च ॥ ३९
यथेह भौदिका भोगाः पाञ्चभौतिकदेहिनाम् । सन्ति तेषां तथा तत्र चिद्रूपाणां हि चिन्मयाः ॥ ४०
तेजोमयाः सर्व एते गुणातीतास्तथाक्षयाः । सत्यज्ञानानन्दरूपा दिव्या निरुपमाः स्मृताः ॥ ४१
स्त्रियश्च पुरुषाश्चैते भवन्ति दिव्यमूर्तयः । अप्राकृतेद्रियप्राणा दिव्यालङ्कारवाससः ॥ ४२
कृष्णादेव सुखेच्छास्ति तत्र तेषां न चान्यतः । सुखं समं हि सर्वेभ्यो ददाति स च सर्वदा ॥ ४३
रूपं समृद्धिरैश्वर्यं स्थानं भोगाः सुखानि च । समान्येतानि सर्वेषां सच्चिदानन्दरूपिणाम् ॥ ४४
न्यूनत्वे चाधिकत्वे वा भोगादेस्तत्र सर्वथा । इच्छैवैकास्ति भोक्तृणां हेतुर्नान्यस्तु कर्हिचित् ॥ ४५

---

આદિક પોતાની શક્તિઓથી સેવાયેલા શ્રીકૃષ્ણ ભગવાન તે સિંહાસનપર વિરાજમાન છે.[૩૬]

હે ભક્તજનો ! કોઇ પણ લોકમાં તેવું મંદિર નથી કે જેની તેને ઉપમા આપી શકાય. તેથી તેને નિરૂપમ કહેલું છે.[૩૭] હે સારા વ્રતવાળા ભક્તજનો ! તે બ્રહ્મપુર ધામને વિષે અસંખ્યાત્ નરનારી મુક્તજનોના અપરિમિત દિવ્ય ભોગનાં સ્થાનો રહેલાં છે.[૩૮] તેના સર્વે ભોગ દિવ્ય સુખરૂપ અને નિત્ય છે. તેમજ તે ભોગને ભોગવવાનાં સાધનો પણ દિવ્ય સુખરૂપ અને નિત્ય છે.[૩૯] હે ભક્તજનો ! જે રીતે આલોકમા પાંચ ભૌતિક શરીરધારી મનુષ્યોના ભોગ પણ પાંચ ભૂતનાજ બનેલા છે, તેમ બ્રહ્મપુર ધામમાં ચૈતન્યમય શરીરવાળા મુક્ત નરનારીઓના ભોગ પણ ચૈતન્યમય દિવ્ય છે.[૪૦] તે સર્વે ભોગો ભોગવનારા મુક્તજનો કે ભોગનાં સ્થાન કે સાધન સર્વે અનુપમ તેજોમય, ગુણાતીત, ક્ષયરહિત, સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે.[૪૧] હે ભક્તજનો ! બ્રહ્મપુરધામમાં રહેલા નરનારી મુક્તજનો પણ દિવ્ય આકારવાળા છે, તેમની ઈન્દ્રિયો, વસ્ત્રો, અલંકારો સર્વે અમાયિક છે.[૪૨] તે ધામને વિષે રહેલાઓને કેવળ એક શ્રીકૃષ્ણ ભગવાન થકી જ સુખની અપેક્ષા રહે છે. અને તે શ્રીકૃષ્ણ ભગવાન સર્વે મુક્તજનોને સર્વદા સરખું સુખ આપે છે.[૪૩] તે ધામમાં સચ્ચિદાનંદરૂપ સર્વે નરનારીઓનાં રૂપ, સમૃદ્ધિ, ઐશ્વર્ય, ભોગ, સુખ આનંદ સર્વે એકજ સરખા છે.[૪૪] ન્યૂનાધિક ભાવ નથી. અને કોઈ અન્ય કારણ હોય તો તે માત્ર ભોક્તા એવા મુક્તજનોની કેવળ ઈચ્છા જ છે.[૪૫]

यथा कश्चित्समृद्धोऽपि स्वेच्छयैव नराधिपः । भोगान्भुंक्ते न भुंक्ते वा तथा तेऽपि निजेच्छया ॥ ४६
न कामवासना तेषां स्त्रीपुंसानां परस्परम् । अस्ति चैकैकरोम्णोऽपि तेषां तेजोऽर्ककोटिवत् ॥ ४७
तादृक्सकलमुक्ताङ्गतेजसोऽप्यधिकं महः । तद्धाम्नो ह्येकदेशस्थं भवतीत्यवगम्यताम् ॥ ४८
तादृशस्यापि तद्धाम्नः सकलं यन्महन्महः । तादृगेकतरस्यास्ति श्रीकृष्णांघ्रिनखस्य वै ॥ ४९
स प्रभुर्द्विभुजस्तत्र राजते श्यामसुन्दरः । निजाङ्गातिमहःपुञ्जावृतत्वाच्छ्वेतदर्शनः ॥ ५०
श्रीदामनन्दप्रमुखैः पार्षदैर्दिव्यविग्रहैः । सेव्यमानः सितच्छत्रचामरादिभिरादरात् ॥ ५१
शिवब्रह्मादिभिर्नैकब्रह्माण्डाधीश्वरैर्नतैः । मुक्तैरन्यैश्चार्च्यमानो गन्धपुष्पांशुकादिभिः ॥ ५२
धर्मेण सह भक्त्या च भगैर्वेदैश्च संस्तुतः । आस्ते राजाधिराजश्रीर्भगवान् पुरुषोत्तमः ॥ ५३

---

હે ભક્તજનો ! જેવી રીતે કોઈ સમૃદ્ધિમાન પુરુષ સકલ સમૃદ્ધિથી સંપન્ન છતાં પોતાની ઈચ્છા પ્રમાણે જ જે જોઈએ તે ભોગ ભોગવે અથવા ન પણ ભોગવે, તેમ ધામમાં રહેલા મુક્તો પણ પોતાની ઈચ્છા પ્રમાણેના જ ભોગ ભોગવે છે. પરંતુ આલોકના કે સ્વર્ગના ભોગની જેમ ત્યાં કોઈ ન્યૂનાધિકપણું નથી.[૪૬] તે ધામમાં રહેલા નરનારીઓને પરસ્પર કોઈ સ્ત્રી-પુરુષની ભાવના કે કામવાસના નથી. તેને માત્ર એક ભગવાનની સેવા કરવી એ જ વાસના હોય છે. અને બ્રહ્મપુરમાં રહેલા મુક્તજનોના એક એક રોમ પણ કરોડો સૂર્યના તેજની સમાન તેજોમય છે.[૪૭] તે અગણિત મુક્તજનોના અંગના સર્વ તેજ થકી તે ધામના અલ્પ સરખા પ્રદેશનું તેજ અધિક છે. એમ તમે નક્કી જાણો.[૪૮] તો સમગ્ર બ્રહ્મપુર ધામનું તેજ કેટલું હશે ? અને તેટલું તેજ તો ભગવાનની સર્વે આંગળીઓના નખમાંથી માત્ર એક નખમંડળમાં રહેલું છે. તેથી ભગવાન કેટલા તેજોમય છે ?[૪૯] હે ભક્તજનો ! તે ધામને વિષે રહેલા મહામંદિરમાં વિરાજતા ભગવાન નવીન મેઘની સમાન શ્યામ સુંદર છે, છતાં તેમના અંગમાંથી નીકળતા અતિશય શ્વેત તેજોરાશિના કારણે અતિશય શ્વેતવર્ણવાળા જણાય છે.[૫૦] પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ સદાયને માટે દ્વિભુજ રૂપે શોભી રહ્યા છે. દિવ્ય શરીરધારી શ્રીદામા, નંદ, સુનંદ, આદિક પાર્ષદો શ્વેત છત્ર ધારણ કરી, ચામર ઢોળીને આદરપૂર્વક શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરે છે.[૫૧]

હે ભક્તજનો ! અનંતકોટી બ્રહ્માંડના અધીશ્વરો કરોડો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તથા અનંત મુક્તો પણ નતમસ્તક થઈ ચંદન, પુષ્પ તથા વસ્ત્રાદિક ઉપચારો વડે શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરે છે.[૫૨] ભક્તિદેવીની સાથે ધર્મદેવ તથા ઐશ્વર્યાદિ છ ભગ તથા ઋગ્વેદાદિ વેદો મૂર્તિમાન થઈ સદાય શ્રીકૃષ્ણ

स च तेषु स्वभक्तेषु दिदृक्षा स्वस्य यादृशी । येषां स्यात्तादृशं तेभ्यो दर्शनं स्वं ददाति हि ॥ ५४
केचिच्चतुर्भुजं केचित्पश्यन्त्यष्टभुजं तथा । केचित्सहस्रबाहुं तं तस्मिन् बृहति धामनि ॥ ५५
यदेतत्परमं धाम श्रीकृष्णस्योदितं जनाः ! । अतर्क्यं तदगम्यं च सदानन्दरसात्मकम् ॥ ५६
तदीया येऽवताराः स्युस्तेषामेव ह्युपासया । भक्तैः स्वधर्मनिरतैस्तत्प्रसादात्तदाप्यते ॥ ५७
इत्येतत्परमं गुह्यं मया ब्रह्मपुरं जनाः ! । युष्मत्प्रीतिवशादद्य संक्षेपेणोपवर्णितम् ॥ ५८
कृष्णाभक्ताय धूर्ताय नास्तिकाय कदाचन । रहस्यमेतद्भो भक्ता ! वक्तव्यं नैव सर्वथा ॥ ५९

**सुव्रत उवाच–**

इत्येतत्परमदयालुना प्रगीतं माहात्म्यं सदसि बृहत्पुरस्य तेन।
श्रुत्वा ते सह मुनिभिर्जनाः प्रहर्षं सम्प्राप्य प्रभुमखिला ववन्दिरे तम् ॥ ६०

---

ભગવાનની સ્તુતિ કરે છે.[૫૩] બૃહત્ ધામમાં રહેલા ભક્તો તે ભગવાનને જેવા દિવ્ય દેહની સ્થિતિવાળા ચતુર્ભુજ કે અષ્ટભુજ કે સહસ્રભુજ જોવાને ઇચ્છે છે તે તે ભક્તોને તેમની રૂચિને અનુસારે સ્વયં ભગવાન તેમની આગળ પ્રાદુર્ભાવ પામીને તે રીતેનો અનુભવ કરાવે છે.[૫૪-૫૫] ભગવાન શ્રીકૃષ્ણનારાયણના આ બ્રહ્મપુરભામને પરમ ધામ પણ કહેલું છે. તેમજ સદાનંદરસરૂપ કહેલું છે અને અતર્ક્ય કહેલું છે, અગમ્ય અર્થાત્ અભક્તોથી પ્રાપ્ત થવું સદાયને માટે અશક્ય છે.[૫૬] આ પૃથ્વી પર શ્રીકૃષ્ણ ભગવાનના અવતારો પ્રાદુર્ભાવ પામે ત્યારે તેમની ઉપાસના, ભક્તિ કરતા થકા ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળા ભક્તજનો જ તે ધામને પામે છે.[૫૭] હે ભક્તજનો ! આ પ્રમાણે મેં અતિશય રહસ્યરૂપ બ્રહ્મપુરધામનું સંક્ષેપથી વર્ણન કેવળ તમારા પ્રેમને વશ થઈને કર્યું છે.[૫૮] હે ભક્તજનો ! શ્રીકૃષ્ણ ભગવાનની જેને ભક્તિ નથી એવા અભક્ત લોકો કેવળ મનુષ્યોને છેતરવા ભક્તપણાનો દંભ કરનારા કોઈ ધૂર્તને કે પછી પરમેશ્વર કે પરલોકમાં વિશ્વાસ નહિ કરનારા નાસ્તિકને આ રહસ્યરૂપ ધામની વાત ક્યારેય પણ ન જ કહેવી.[૫૯]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે પરમ કૃપાળુ પરમાત્મા ભગવાન શ્રીહરિએ સભાને વિષે પોતાના ભક્તજનોની આગળ કહેલું અક્ષરબ્રહ્મપુરનું મહાત્મ્ય સાંભળીને સર્વે મુનિજનોની સાથે ભક્તજનો પણ અતિશય હર્ષ પામ્યા અને ભગવાન શ્રીહરિને વંદન કરવા લાગ્યા.[૬૦] હે રાજન્ ! સર્વે સંતો અને ભક્તજનો આ શ્રીહરિ છે તે જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે તે નિશ્ચયથી જાણીને અને આ બ્રહ્મપુરધામ પણ આ જ ભગવાન શ્રીહરિકૃષ્ણનું છે

श्रीकृष्णं ननु भगवन्तमेव ते तं जानन्तस्तदपि च धाम तस्य राजन् ! ।
निश्चित्याथ च वपुषोऽन्त आत्मलभ्यं तद्ध्येवेत्यपि विविदुः प्रहृष्टचित्ताः ॥ ६१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे ब्रह्मपुरधामवर्णननामैकचत्वारिंशोऽध्यायः॥४१॥*

---

**अथ द्विचत्वारिंशोऽध्यायः - ४२**

**सुव्रत उवाच-**

अथाज्ञप्ता भगवता स्वस्ववासान् ययुर्नृप ! । सर्वे भक्ताः प्रभुं नत्वा स चापि निजमन्दिरम् ॥ १
अनुत्साहा अपि निजान् देशान् गन्तुं जनाश्च ते । हरेराज्ञापरा रात्रौ पाथेयादीनि चक्रिरे ॥ २
प्रभोः प्रासादिकं वस्तु भृत्वा पेशीषु युक्तितः । तन्मुखान्यप्यसीव्यंस्ते दूरदेशनयाय वै ॥ ३

---

એમ સમજીને બહુ જ પ્રસન્ન થયા અને દેહને અંતે એજ બ્રહ્મપુર ધામ પોતાને પ્રાપ્ત થશે એમ સર્વે માની મનમાં બહુજ હર્ષ પામવા લાગ્યા.[૬૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવપર શ્રીહરિએ ભક્તજનોના પ્રેમને વશ થઇને બ્રહ્મપુરધામનું વર્ણન કર્યું એ નામે એકતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૧--***

---

## અધ્યાય - ૪૨

### શ્રીહરિના આદેશથી સંતો ભક્તોએ પોતપોતાના દેશમાં જવાની તૈયારી કરી.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિએ સર્વે ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા કરી તેથી સર્વે ભક્તજનો પ્રભુને નમસ્કાર કરીને પોતપોતાને ઉતારે ગયા અને ભગવાન શ્રીહરિ પણ અક્ષરઓરડીએ પધાર્યા.[૧] ત્યારે સર્વે ભક્તજનોને પોતાના દેશ પ્રત્યે ભગવાનને છોડીને જવાનો જરાય ઉત્સાહ ન હતો છતાં પણ ભગવાન શ્રીહરિની આજ્ઞા થતાં જવા તત્પર થયા અને તેજ રાત્રીએ માર્ગમાં ઉપયોગી ભાતાં વગેરેની તૈયારી કરવા લાગ્યા.[૨] ભક્તજનોએ ભગવાન શ્રીહરિની પ્રસાદીભૂત સાકર આદિ વસ્તુઓની નાની નાની

वस्त्रपात्राध्वभक्ष्यादि कोष्ठलेषु निभृत्य च । योजयित्वा वाहनानि सज्जा आसन्नहर्मुखे ॥ ४
प्रातःकृत्यं विधायैव तुम्बिकाबद्धरज्जवः । सज्जा बभूवुर्मुनयः स्कन्धलम्बितपुस्तकाः ॥ ५
नृपाङ्गणमुपेत्यैव भगवद्दर्शनोत्सुकाः । तस्थुः सर्वेऽपि विप्राद्याः स्वस्कन्धार्पितयष्टयः ॥ ६
नारायणमुनिः सोऽपि तेभ्यो दर्शनदित्सया । भक्तप्रियोऽश्वमारुह्य निर्ययौ नगराद्बहिः ॥ ७
जनसम्मर्दभीत्येव निर्गच्छन्तं पुराद्बहिः । तमन्वयुर्जनाः सर्वे मुनयः पार्षदास्तथा ॥ ८
क्रोशार्धदूरां नृपतेर्दीर्घिकामेत्य च प्रभुः । भक्तानानन्दयंस्तस्थावश्वारुढः स वर्त्मनि ॥ ९
मुनीनां तत्र यूथानि जनसङ्घाश्च भूरिशः । वृन्दानि योषितां चाशु तं समेत्य ववन्दिरे ॥ १०

કોથળીઓ ભરી લીધી અને દૂર દેશ સુધી લઈ જવાની હોવાથી કોથળીના મોઢાં સીવી દીધાં, અને ભાતાંના ડબરાઓ તથા અન્ય પ્રસાદીની વસ્તુઓ મોટા કોથળામાં ભરી બળદગાડાં આદિ વાહનો તૈયાર કરીને, પડવાના દિવસે પ્રાતઃકાળે જવા તૈયાર થયા.[૩-૪] શ્રીહરિની આજ્ઞાથી જનોને બોધ આપવા માટે દેશાંતરમાં વિચરણ કરવા જનારા સંતો પણ પ્રાતઃકાળે સ્નાનાદિ સર્વ નિત્યવિધિ કરીને કૂવામાંથી જળ સિંચવા તુંબડાઓમાં બાંધવાની દોરડીઓ, પુસ્તકાદિક આવશ્યક ચિજવસ્તુઓને પણ બાંધીને, ખભે લટકાવી સજ્જ થઈને શ્રીહરિની પાસે આવ્યા.[૫] સર્વે સંતો તથા ભક્તજનોને શ્રીસહજાનંદ સ્વામીનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠા હોવાથી ઉત્તમરાજાના રાજભવનના આંગણામાં આવી ઊભા રહ્યા. તેમજ પોતાના ખભા ઉપર મૂકેલી વાંસની લાકડીઓવાળા કેટલાક બ્રાહ્મણાદિ ભક્તજનો પણ ત્યાં આવીને ઊભા રહ્યા.[૬] તે સમયે મહાદયાળુ ભક્તપ્રિય ભગવાન શ્રીનારાયણમુનિ પણ પોતાની આજ્ઞાથી દેશદેશાંતરમાં જતા સંતો-ભક્તોને પોતાનું દર્શન આપવાની ઈચ્છાથી પોતાના સૈન્ધવ ઘોડા ઉપર આરુઢ થયા અને નગરથી બહાર ભાગોળે જવા નીકળ્યા.[૭] માણસોની ભીડ જામવાના ભયથી પુરથી બહાર જઈ રહેલા શ્રીહરિની પાછળ સર્વે સંતો, પાર્ષદો અને ભક્તજનો પણ અનુસરવા લાગ્યા.[૮] શ્રીહરિ ગઢપુરથી અર્ધાકોશ (૧।। કી.મી.) દૂર આવેલી ઉત્તમરાજાની રાધાવાવ પાસે આવીને સર્વે સંતો-ભક્તોને દર્શનનો આનંદ પ્રાપ્ત થાય તે રીતે ઘોડા ઉપરજ અસ્વાર રહી માર્ગની પડખે ઊભા રહ્યા.[૯] તે સમયે સંતમંડળનાં, હરિભક્તોનાં અને સ્ત્રીઓનાં વૃંદો તત્કાળ ત્યાં આવી શ્રીહરિને વંદન કરવા લાગ્યાં.[૧૦] તેમાં ભક્તજનો ભગવાન શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભગવાન્ ! તમે પણ સંતોની સાથે અમારા નગરોમાં પધારો. અમારા નગરોમાં કે ગામોમાં

अस्माकं नगरे प्रेष्या मुनयो भगवंस्त्वया । पुनस्ते दर्शनं शीघ्रमस्त्विति प्रार्थयन् जनाः ॥ ११
व्रजिष्यन्तोऽथ मुनयो नानादेशांस्तदाज्ञया । बद्धाञ्जलिपुटाः प्रीत्या तं प्रणम्य च तुष्टुवुः ॥ १२

**मुनय ऊचुः-**

स्वामिंस्त्वं परमेश्वरश्च परमं ब्रह्मासि वेदोदितं
धृत्वादौ पुरुषाकृतिं विधिमरीच्यादिक्रमेणाखिलम् ।
विश्वं स्थावरजङ्गमात्मकमिदं शक्त्या सृजस्यात्मनः
पातुं तत्तिमिकूर्मशूकरमुखा धत्से स्वतन्त्रस्तनूः ॥ १३
देवान्साधुजनांश्च धर्ममभितो रक्षंश्च धर्मद्रुहो
दैत्यान्हंसि धृताकृतिः प्रतियुगं धर्मप्रियस्त्वं विभो ! ।
सर्वास्तास्तनवस्तवाखिलनिजैश्वर्येण युक्तास्तथा
चक्राद्यायुधदर्शितातिमहसः सन्ति प्रतापश्रुताः ॥ १४

---

તમારૂં અમને આવું ફરીથી જલદી દર્શન થાય તેવી કૃપા કરજો. આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા.[૧૧] ત્યારપછી સંતો પણ ભગવાન શ્રીહરિની આજ્ઞાથી દેશાંતરમાં વિચરણ માટે જવા તૈયાર થયેલા હતા તે બેહાથ જોડી શ્રીહરિને પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા.[૧૨]

**વિચરણ અર્થે દેશાંતરમાં જતા સંતોએ કરેલી શ્રીહરિની સ્તુતિ :–** હે સ્વામિન્ ! વેદમાં કહેલા પરમેશ્વર, પરબ્રહ્મનારાયણ તમે જ છો. તમેજ પ્રથમ સહસ્રશીર્ષપુરુષરૂપને ધારણ કરી બ્રહ્મા, મરીચી, કશ્યપ, આદિક પ્રજાપતિના ક્રમથી સ્થાવર-જંગમરૂપ આ સમગ્ર વિશ્વનું પોતાના યોગૈશ્વર્ય શક્તિથી સર્જન કરો છો. તેમજ આ વિશ્વના રક્ષણને માટે સ્વતંત્ર થકા મત્સ્ય, કૂર્મ, તથા વરાહ આદિક અનંત અવતારોને પણ ધારણ કરો છો.[૧૩] હે વિભુસ્વરૂપ ! હે ધર્મપ્રિય ! તમે યુગયુગને વિષે અવતાર ધારણ કરી દેવતાઓ, સંતો અને ધર્મનું સર્વપ્રકારે રક્ષણ કરો છો. અને ધર્મનો દ્રોહ કરતા દૈત્યોનો વિનાશ કરો છો. તે સમયે તમારી મૂર્તિ સમગ્ર અણિમાદિ ઐશ્વર્યથી સંપન્ન હોય છે. તેમજ સુદર્શન ચક્રાદિ આયુધો દ્વારા દેખાડેલા અતિશય પ્રકાશમાન પ્રસિદ્ધ પ્રતાપથી પણ સંપન્ન હોય છે.[૧૪] હે ભગવાન કમલનયન ! તમારી આ અમારા નેત્રોની સામે દર્શન આપતી મૂર્તિ આલોકના મનુષ્યોના અજ્ઞાનનો વિનાશ કરવા પ્રાદુર્ભાવ પામેલી છે. તે પ્રાકૃત મનુષ્યોના જેવી જણાતી હોવા છતાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ

मूर्तिस्ते भगवन्नियं त्विह नृणामज्ञानविच्छित्तये
जाग्रत्स्वप्नसुषुप्तिभिः परिहृताऽवस्थाभिरब्जेक्षण ! ।
धर्मं पारमहंस्यमेव दधतीब्रह्मस्वरूपस्थिति-
रुन्निद्रा भवपाशमोचनकरी वर्वर्ति सर्वोपरि ॥ १५
श्रद्धा शान्तिरतिक्षमा निपुणता लज्जा तितिक्षा दया
तुष्टिर्मैत्र्यभयं शमो दमतपो विद्या नयः सत्क्रिया ।
वैराग्योपरती विवेकविनयावष्टाङ्गयोगः स्मृति-
रैश्वर्याणि महान्ति सन्ति भगवन्नेतानि मूर्ताविह ॥ १६
निष्कामत्वमनन्यसाध्यमुरुधा निःस्वादनिर्लोभते
निःस्नेहत्वममानिता विमदता ज्ञानं च विज्ञानयुक् ।
इत्याद्याः खलु शक्तयस्तु भगवन्मूर्त्याऽनयाऽऽविष्कृता-
स्तन्वा नापरयाऽस्त्यतो मुनिवरब्रह्मादिसेव्या त्वियम् ॥ १७

---

ત્રણ અવસ્થાથી પર સદાય દિવ્ય સ્વરૂપે જ વર્તી રહી છે. તેમજ પરમહંસના ધર્મને ધારણ કરી બ્રહ્મસ્વરૂપની સ્થિતિવાળી આ મૂર્તિ પોતાનું ધ્યાન કરનાર ભક્તજનને પણ સદાય બ્રહ્મસ્વરૂપની સ્થિતિ પ્રાપ્ત કરાવી દે છે. વળી આ મૂર્તિ માયાના કાર્યરૂપ નિદ્રાથી પર છે. તેમજ પોતાનો સંબંધ પ્રાપ્ત કરનાર મનુષ્યનાં સાંસારિક બંધનોનો વિનાશ કરનારી છે. અને પૂર્વે પાદુર્ભાવ પામેલી સર્વે મૂર્તિઓ કરતાં અતિ ઉત્કૃષ્ટપણે વિરાજે છે.[૧૫]

હે ભગવાન્ ! શ્રદ્ધા, શાંતિ, ક્ષમા, સર્વકાર્યમાં નિપુણતા, લજ્જા, તિતિક્ષા, દયા, સંતોષ, મૈત્રી, અભય, શમ, દમ, તપ, વિદ્યા, નીતિ, સદાચાર, વૈરાગ્ય, વિવેક, વિનય, અષ્ટાંગયોગ અને સ્મૃતિ આ સર્વે મહાન ગુણો તથા મહા ઐશ્વર્યો આ મૂર્તિમાં અખંડ રહેલા છે.[૧૬] હે ભગવાન્ ! બીજા કોઈથી પણ સાધવું અશક્ય એવું બહુપ્રકારનું નિષ્કામ, નિઃસ્વાદ, નિર્લોભ, નિઃસ્નેહ, નિર્માનપણું, મદરહિતતા તથા વિજ્ઞાને સહિત જ્ઞાન આ સર્વે ગુણો તમારામાં સદાયને માટે રહેલા છે. તેથી આ તમારા સ્વરૂપની ઉપાસના તમારા જેવા ગુણો પ્રાપ્ત કરવા માટે જ નિવૃત્તિધર્મમાં રહેલા ઋષિશ્રેષ્ઠ સનકાદિકો તથા બ્રહ્મભાવને પામેલા શ્વેતમુક્તો તથા અક્ષરમુક્તો અતિશય આદરથી કરે છે. તેથી અમે પણ એક તમારી જ ઉપાસના કરીએ છીએ.[૧૭]

હે ભગવાન્ ! આ પૃથ્વી પર પોતાનાં કુકર્મોના પાપને વશ થઈ ઉત્પન્ન થયેલા અધર્મીગુરુઓ અધર્મવંશના કામ, લોભાદિકને અત્યંત વશ વર્તે છે. દૈત્યોના

येऽत्रात्मीयकुकर्मतो भुवि नरा जाताश्च नीता वशं
सर्गेणालमधर्मजेन भगवंस्तान्दुर्निवार्यात्ततः ।
को वा मोचयितुं क्षमस्त्वदपरो दैत्यांशपाषण्डिनां
शास्त्रैः कल्पितयुक्तितर्कनिवहैर्बम्भ्रम्यमाणान्भुवि ॥ १८
स्वीयान् पासि सदा ह्यधर्मजकुलात्वंदम्भमायाकलि-
हिंसाक्रोधदुरुक्तिमृत्युनिकृतिव्यामोहमुख्याञ्जनान् ।
ताभिस्राादिमपञ्चकादपि च तानाविद्यकात्पालयन्नष्टं
पारमहंस्यमात्ममहसा धर्मं मुदाऽपप्रथः ॥ १९
ये केचिद्गुरवोऽत्र वैन्यमखरुट्शक्रात्तहाताकृती-
र्बिभ्राणा धनलोलुपा विनियमा जैह्वे च शैस्ने रताः ।
शास्त्रार्थांश्च कुतर्कयुक्त्यभिहतान्स्वान्बोधयन्तो जनां-
स्तेऽद्य त्वन्महसा तमांसि तरणेर्भासेव यान्ति क्षयम् ॥ २०

---

અંશ સ્વરૂપે પ્રગટેલા તે પાખંડી ગુરુઓ પોતાની કાલ્પનિક બુદ્ધિથી રચેલા તર્કયુક્ત શાસ્ત્રોથી મનુષ્યોને વિભ્રાંત કરી કષ્ટથી પણ છોડાવી ન શકાય તેવા અધર્મ સર્ગ થકી છોડાવવા તમારા સિવાય બીજો કોણ સમર્થ છે ? કોઈ નથી.[૧૮] હે પ્રભુ ! તમે દંભ, કપટ, છળ, રાગ, દ્વેષ, કલહ, હિંસા, ક્રોધ, દુરુક્તિ, મૃત્યુ, શઠતા, મૂઢપણું આદિ અનેક અધર્મસર્ગના સમુદાય થકી પોતાના આશ્રિત ભક્તજનોનું નિરંતર રક્ષણ કરો છો. તેમજ અવિદ્યાના કાર્યરૂપ તામિસ્ર, અંધતામિસ્ર, તમ, મોહ, અને મહાતમ આ પાંચ થકી પણ તમે પોતાના ભકિતજનોનું રક્ષણ કરો છો. અને કાળે કરીને નષ્ટ થઈ ગયેલા પરમહંસોને પ્રિય અહિંસા, બ્રહ્મચર્ય, ઉપશમ, તપ, આદિ સદાચારરૂપ ધર્મનો પોતાના પ્રતાપથી આપૃથ્વી પર અતિશય હર્ષપૂર્વક વિસ્તાર કરી રહ્યા છો.[૧૯]

પૃથુરાજાનો છેલ્લો સો મો અશ્વમેધયજ્ઞ પૂર્ણ ન થઈ જાય તેવો પ્રયત્ન કરવા અતિશય ક્રોધે ભરાયેલા ઈન્દ્રે પ્રથમ ધારણ કરેલા અને પાછળથી છોડી મૂકેલા છત્રીસ પ્રકારના પાખંડી વેષોને અત્યારે લોકોને છેતરવા માટે ધારણ કરીને ફરતા ધનના લોલુપ, પવિત્રાદિ નિયમોનો ત્યાગ કરી વર્તતા, જીહ્વા તથા શિશ્ન ઈન્દ્રિયને પોષવામાં આસક્ત તથા કુતર્ક ભરેલી યુક્તિથી સત્શાસ્ત્રના અર્થોનું ખંડન કરીને કે અર્થો અવળાં કરીને પોતાના આશ્રિતજનોને શાસ્ત્ર વિરૂદ્ધ બોધ આપનારા, આલોકમાં જે અસુરગુરુઓ છે તે અત્યારે જેમ સૂર્યની કાંતિથી અંધકાર નાશ

लोकेऽस्मिन्हि नराः स्त्रियश्च कलिना कामेन चार्प्यर्दिताः
सर्वे वानरतुल्यतामुपगताः सन्ति प्रभो ! निस्त्रपाः ।
यक्षा अत्तुमिव द्रुता विधिमपि प्रायो नराः साम्प्रतं
स्वैरिण्यादय एव सन्ति वनितास्त्रेधा बलास्योद्गताः ॥ २१
तानेतान्कृपया त्वमेव सदय ! त्रातुं समर्थोऽसि वै
प्रागुक्तान्स्वसमानशीलिन इमे यस्माद्व्रजन्ते गुरुन् ।
प्रायः शिष्यपरम्परां तु गुरवो धावन्त्यदेवा यथा
ब्रह्माणं जघनोद्भवाः खलु गतिस्तेषां कथं स्याच्छुभा ॥ २२
ईदृक्पातकदुर्विधान् हतधियस्तान् सम्पदाऽऽसुर्यया
ऋद्धान्संसृतिकष्टस्त्वमवितुं स्वैश्वर्यमाविष्कुरु ।
दैवीं सम्पदमाश्रितांस्तु भगवंस्त्वद्भक्तिबोधोद्यताः
सद्यः साधव एव धाम परमं ते प्रापयन्ति क्षितौ ॥ २३

---

**પામે, તેમ તમારા અતિશય પ્રગટ પ્રતાપથી વિનાશ પામી રહ્યા છે.[૨૦] હે પ્રભુ ! આલોકમાં સર્વે નરનારીઓ કલિયુગ તથા કામક્રોધથી ખૂબ જ પીડા પામી રહ્યાં છે. તેથી તેઓ વાનરની જેમ અરસપરસ અન્યની સ્ત્રીને ભોગવવારૂપ હીન આચરણ કરી વિવેકહીન અને નિર્લજ્જ થયા છે. અત્યારે એ પુરુષો સૃષ્ટિ સમયે બ્રહ્માજીનું પણ ભક્ષણ કરવા પાછળ દોડેલા યક્ષ, રાક્ષસો અને અસુરોની સમાન થયા છે. અને અત્યારની સ્ત્રીઓ બલ નામના દૈત્યના મુખમાંથી ઉત્પન્ન થયેલી સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી આ ત્રણ પ્રકારની સ્ત્રીઓના જેવી થઈ છે.[૨૧]**

**હે દયાળુ ! જે કારણથી આવા પાપમાં પ્રવર્તતા નરનારીઓ પોતાની સમાન જ પાપાચારી ગુરુઓનો આશ્રય કરે છે. તેથી તેવા અતિ દુષ્ટ સ્ત્રીપુરુષોનું એક તમેજ નિષ્કારણ કરૂણાકરી, દુરાચાર થકી રક્ષણ કરવા સમર્થ છો. તે પાપી ગુરુઓ કેવા છે તો બ્રહ્માની જંઘામાંથી ઉત્પન્ન થયેલા અસુરો જેવી રીતે મૈથુનમાટે બ્રહ્માની પાછળ દોડયા હતા તેવા છે. કારણ કે તેઓ પોતાની શિષ્યપરંપરામાં આવતા સ્ત્રીપુરુષોને મહિમા દેખાડી તેઓની સ્ત્રીઓ સાથે મૈથુન કરવા પ્રવૃત્ત થાય છે. તો આવા ગુરુઓની અને શિષ્યોની શુભ ગતિ કેમ થાય ? ન જ થાય. પરંતુ તમે જો નિષ્કારણ કરુણા કરી તેઓનું અધર્મ અને કળિયુગથકી રક્ષણ કરો તો જ તે શક્ય છે. અને તે કરવા તમે સમર્થ છો.[૨૨] હે દયાસિંધુ ! આવા પ્રકારનાં પાપોથી દુર્ગતિને પામેલા, નાશ પામેલી બુદ્ધિવાળા તથા આસુરી સંપત્તિથી યુક્ત મનુષ્યોનું સંસૃતિના**

सच्छास्त्रीयपदैश्च युक्तिसहितैस्तान्सत्पथं बोधय-
न्नन्तर्यामितया तदीयहृदयाभीष्टांश्च देवान्विदन् ।
तत्तन्मूर्तिधरो मनांसि सहसा स्वस्मिंस्त्वमाकर्षय-
न्नैश्वर्येण निजेन तद्धृदयगो भूयाः समाधौ विभो ! ॥ २४
ऐश्वर्यं महदेतदेव तव वै प्रोक्तं ह्यसाधारणं
दुष्टानामपि यन्मनोनियमनं मूर्तौ तव स्याद्द्रुतम् ।
कामाहंकृतिकोपमत्सरमुखैर्दैत्यैर्हतैस्त्वद्यशः
पुत्राणां हननाद्दितेरतितरां ख्यातं भविष्यत्यपि ॥ २५
दैत्या ये बलिनो हिरण्यकशिपुप्राधानिकाश्चात्मनो
रूपैर्दिक्पतिचन्द्रभास्करमुखैर्यज्ञेषु भागग्रहाः ।

---

કષ્ટથકી રક્ષણ કરવા, તમે જ એક જો તમારા ઐશ્વર્યને પ્રગટ કરો તોજ તેઓનો ઉદ્ધાર શક્ય છે. એનો ઉદ્ધાર અમારાથી તો શક્ય નથી. હે ભગવાન ! આ પૃથ્વી પર દૈવી સંપત્તિવાળા જનોને તમારી એકાંતિકી ભક્તિનો બોધ આપી તેઓને અમે સંતો તમારા બ્રહ્મપુરધામની તત્કાળ પ્રાપ્તિ કરાવી શકીએ એમ છીએ. પરંતુ આસુરી સંપત્તિવાળાનો ઉદ્ધાર તો એક તમારે જ કરવો પડશે.[૨૩]

હે વિભુ ! તમે યુક્તિ સહિત વેદાદિ સત્શાસ્ત્રોનાં વાક્યોથી તે દુષ્ટજનોને સન્માર્ગનો બોધ આપો છો. ત્યારે તેઓના અંતરમાં ઉદ્ભવતી જે કોઈ દેવતાના દર્શનની ઈચ્છાને તમારી અંતર્યામી શક્તિથી જાણો છો. તેથી તમારા સ્વરૂપમાં તેઓનાં મનને તત્કાળ આકર્ષવા તમે તમારા અસાધારણ ઐશ્વર્યનો ઉપયોગ કરીને, તેઓની ઈચ્છાને અનુસારે તે તે ઈષ્ટદેવના સ્વરૂપને ધારણ કરી તેઓના અંતરમાં તમે પ્રગટ થાઓ છો. તે સમયે તમારૂં આવું ઐશ્વર્ય જોઈને ખુશ થયેલા તે જનો તમને સર્વના કારણ જાણી તમારો આશ્રય કરીને આસુરીમાર્ગ છોડી વિશુદ્ધ થાય છે. અને અંતે તમારા ધામને પામે છે. આવું રક્ષણ તમારા સિવાય બીજું કોણ કરી શકે ? કોઈ નહીં.[૨૪] હે સ્વામિન્ ! આવી રીતે તમે તમારી મૂર્તિમાં દુષ્ટજનોના મનને નિયમન કરો છો. એ તમારૂં અતિશય મહાન અસાધારણ ઐશ્વર્ય કહેલું છે. હે ભગવાન ! તમે કહેશો કે મારૂં ઐશ્વર્ય તો આવા દુષ્ટ અસુરોને મારી નાખવા પહેલેથી જ પ્રસિદ્ધ છે. તે બાબતમાં કહીએ છીએ કે, તમારૂં અત્યારનું ઐશ્વર્ય પહેલાનાં કરતાં અસાધારણ છે, કારણ કે કામ, ક્રોધ, અહંકાર તેમજ મત્સર

स्वीयं तेऽपि मनो न यन्तुमशकन्कामक्रुधाद्यैर्भृशं
क्लिष्टास्तद्भगवंस्त्वमान्तररिपून्निघ्नन्नसीशेश्वरः ॥ २६
कर्तुं नैव पराभवं तव तु ते किञ्चित्कथञ्चित्क्वचि-
त्कामाद्या बलिनोऽपि वैरिण इमे शक्ता भवन्ति प्रभो ! ।
यस्मात्त्वत्पदसेवका अपि च ये जेतुं समर्था न ता
न्साक्षात्तर्हि परात्परे भगवति त्वय्येव के नाम ते ॥ २७
ये दैत्यास्तु पुरा त्वया विनिहता रूपैर्नृसिंहादिभि-
स्ते देवारितया प्रसिद्धिमगमन्वेदे च लोकेऽखिले ।
एते तु प्रथिता भवन्त्यगणितब्रह्माण्डकोटिभ्र-
मज्जीवेशारय इत्यमून्हतवता सर्वोपरि स्थीयते ॥ २८

---

આદિ અનેક દૈત્યો જેવા અધર્મવંશના દુર્ગુણો કે જેના કારણે માનવ દૈત્ય બને છે. તે દોષોનો જ તમે તેના અંતરમાંથી વિનાશ કરી નાખો છો. તેથી તમારો અત્યારનો યશ હિરણ્યકશિપુ આદિક અસુરોના વિનાશ કરતાં અતિશય ઉચ્ચ કોટિનો છે. અત્યારે તમે દૈત્યોનો નહિ, દૈત્યત્વનો વિનાશ કરો છો. આવું કાર્ય તમારા સિવાય બીજું કોણ કરી શકે ? તેથી આ ઐશ્વર્ય તમારૂં સર્વોપરી પ્રસિદ્ધ થશે.[૨૫]

હે ભગવાન ! દિશાઓના અધિપતિઓ ચંદ્ર તથા સૂર્ય વગેરેને પોતાની શક્તિથી દૂર કરીને સૂર્ય, ચંદ્ર સ્વરૂપે પોતે થઈને યજ્ઞમાં તેમના હવિષ્યાન્નનો ભોગ અપહરણ કરી જવામાં સમર્થ, એવા હિરણ્યકશિપુ વગેરે અતિશય બલવાન દૈત્યો હતા. તેને પણ કામ, ક્રોધાદિએ બહુ પીડ્યા, તેથી તે દૈત્યો પોતાના મનને વશ કરવા સમર્થ થઈ શક્યા નહિ, આવા અતિશય બળવાન કામ, ક્રોધાદિ અંતઃશત્રુઓનો તમે દુષ્ટજનોના અંતરમાંથી વિનાશ કરી નાખ્યો છે. અને તેને દૈવી ભક્ત કર્યા છે. તેથી તમે ઈશ્વરોના ઈશ્વર પરમેશ્વર છો.[૨૬] હે પ્રભુ ! બળવાનોમાં પણ અતિશય બળવાન આવા વૈરીભૂત આ કામ, ક્રોધાદિ અંતઃશત્રુઓ છે તે અલ્પમાત્રામાં પણ તમારો પરાભવ કરવા કોઈ પ્રકારે ક્યારેય પણ સમર્થ થવાના નથી. હે પ્રભુ ! તમારા ચરણકમળનો એકાંતિકભાવે આશ્રય કરનારા જે ભક્તજનો છે તેને પણ પરાભવ કરવા કામ,ક્રોધાદિ અંતઃશત્રુઓ શક્તિમાન થઈ શકતા નથી. તો પછી પરાત્પર પરબ્રહ્મ સાક્ષાત્ પરમાત્મા તમને તે કામાદિક શું કરી શકે ? કાંઈ કરી શકે નહિ. તમારી ઉપાસના કરનારાઓથી જે ડરતા હોય

ये त्वां संसृतिबन्धमुक्तय इह ध्यातुं यतन्ते जना-
स्तेषां विघ्नकरा अपि ध्रुवमिमे सन्तीत्यतः पाहि तान् ।
दैत्यानां हननं पुरा यदकरोस्तस्मादपि ज्यायसी
मेतां ते तु कृतिं विदन्ति भुवि ये ते सूक्ष्मदर्श्युत्तमाः ॥ २९
देवा वा दनुजा नराश्च ऋषयस्तेषां च नार्योऽपि वा
लब्ध्वा प्राक्पदवीमिहातिमहतीं ये ये च्युतास्तत्पदात् ।
ते कामेन च मत्सरणे च रुषा मानेन लोभेन वा
तस्मात्त्वं भुवि तेभ्य एव जनतां पातुं सदैवार्हसि ॥ ३०

---

તે તમને શું કરી શકે ? એતો તમારી આગળ તુચ્છ છે.[૨૭]

હે ભગવાન ! પૂર્વે તમે નૃસિંહાદિ અવતારો ધારણ કરીને જે હિરણ્યકશિપુ આદિ દૈત્યોનો વિનાશ કર્યો હતો. તે દૈત્યો વેદ, શાસ્ત્ર, ઈતિહાસ, પુરાણાદિકને વિષે તથા અખિલભુવનમાં માત્ર દેવતાઓના શત્રુ તરીકે પ્રસિદ્ધ પામેલા છે. પરંતુ આ કામ, ક્રોધાદિ જે અંતઃશત્રુઓ છે તેતો અનંતકોટિ બ્રહ્માંડોમાં પોતાના કર્મને વશ થઈ ભટકતા સ્થાવર જંગમરૂપ સર્વ જીવોના તથા બ્રહ્મા, શિવ આદિ દેવતાઓના પણ મહાશત્રુઓ છે. એવી રીતની મહા ખ્યાતિ પામ્યા છે. આવા મહાબળવાન કામાદિકને તમે હણ્યા છે. તેથી સર્વોપરી વર્તો છો.[૨૮] હે હરિ ! આ લોકમાં જે મનુષ્યો સંસૃતિના બંધન થકી મુક્ત થવા તમારૂં ધ્યાન ભજન કરવા પ્રયત્ન કરે છે તેઓમાં દેશકાળઆદિકને લઈને કાંઈક પ્રમાદ કરનારા જનોને આ દોષો નક્કી વિઘ્ન કરે છે. તેથી તમારા આશ્રિત ભક્તજનોનું તમે રક્ષણ કરો, એવી અમારી પ્રાર્થના છે. હે ભગવાન ! પૂર્વે તમે હિરણ્યકશિપુ આદિ દૈત્યોને જે માર્યા તે કાર્ય કરતાં અત્યારે જેનાથી દૈત્ય થવાય તેવા કામાદિક શત્રુઓનો જ વિનાશ કર્યો છે. તે કાર્ય અતિ ઐશ્વર્યવાળું કહેવાય, છતાં જે જનો આ પૃથ્વી પર અતિશય સૂક્ષ્મ બુદ્ધિવાળા છે તેજ જનો તમારા આ મહા ઐશ્વર્યને જાણી શકે છે.[૨૯]

હે ભગવાન ! દેવતાઓ, દૈત્યો, મનુષ્યો, ઋષિઓ અને દેવાદિકની સ્ત્રીઓ આ સર્વે, આલોકમાં પ્રથમ અતિશય મોટી પદવીને પામીને પછી પોતાની ઉચ્ચ પદવી થકી ભ્રષ્ટ થયા છે. તે સર્વે કામ, મત્સર, ક્રોધ, માન અને લોભ આદિ દોષોના કારણે ભ્રષ્ટ થયા છે, તેથી હે પ્રભુ ! તમે આ પૃથ્વી પર પોતાના આશ્રિત ભક્તજનોનું એ શત્રુઓ થકી રક્ષણ કરો, એવી અમારી પ્રાર્થના છે.[૩૦] હે ભગવાન !

धन्यः कोसलदेशजः सह निजैः श्रीदेवशर्मा द्विजो
धन्या प्रेमवती च योषिदपि यन्नारायणोऽभूः स्वयम् ।
धन्यास्तिष्यभवा अपीह च वयं त्वत्पादपद्मेक्षण-
स्तस्मै श्रीहरये नमो भगवते तुभ्यं महावर्णिने ॥ ३१

**सुव्रत उवाच-**

इति विधाय हरेः स्तवनं च तं मुनिगणाः क्षितिपाल ! ववन्दिरे ।
सपदि तानभिनन्द्य धरातले विचरितुं नृहिताय स चादिशत् ॥ ३२
यथावन्मानयित्वैव भक्तान् सर्वान्स ईश्वरः ।
आज्ञाप्य गच्छन्त्विति तान्साश्रुनेत्रान्न्यवर्तत ॥ ३३
अध्येतुं किमु वेगसौष्ठवमसौ पांशुच्छलेनागतै-
श्चेतोभिः समुपास्यमानचरणं नृणामणुत्वाङ्कितैः ।

કૌશળ દેશમાં પ્રગટ થયેલા ધર્મના અવતાર એવા દેવશર્મા બ્રાહ્મણને પોતાના સંબંધીઓની સાથે ખૂબ ધન્ય છે, તેમજ મૂર્તિદેવીના અવતાર ભૂત અને ભક્તિનામવાળાં પ્રેમવતી તેમનાં પત્નીને પણ ધન્ય છે. કારણ કે જેમના થકી આપ સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણ સ્વયં આ પૃથ્વીપર પ્રગટ થયા છો. અમે સર્વે સંતો તથા તમારા આશ્રિત ભક્ત નરનારીઓ ભલે અત્યારે કળિયુગમાં ઉત્પન્ન થયા. પરંતુ સાક્ષાત્ નારાયણ તમારા ચરણનો આશ્રય મળવાથી અમે પણ સર્વે ખૂબ જ ધન્ય ભાગ્યશાળી છીએ. અને બીજાઓ પણ ભાગ્યશાળી છે. કારણ કે અનાયાસે તેઓને તમારા ચરણકમળનાં દર્શન થાય છે. આવી રીતે સર્વેને ભાગ્યશાળી બનાવતા મહાવર્ણીરૂપ હે શ્રીહરિ ! તમને અમે કાયા, મન, વાણીથી નમસ્કાર કરીએ છીએ.[31]

સુવ્રતમુનિ કહે છે. હે પૃથ્વીપતિ પ્રતાપસિંહ રાજા ! આ પ્રમાણે સંતોના મંડળોએ શ્રીહરિની સ્તુતિ કરીને વંદન કર્યાં. અને ભગવાન શ્રીહરિ પણ સર્વે સંતોને અભિનંદન આપ્યા ને મનુષ્યોના હિતને માટે આ પૃથ્વીપર વિચરણ કરવા જવાની તત્કાળ આજ્ઞા આપી.[32] તેવી જ રીતે ભગવાન શ્રીહરિએ સર્વે દેશાંતરવાસી ભક્તજનોને પણ યથાયોગ્ય માન આપ્યું. અને પોતાનો વિયોગ થવાને કારણે આંખમાંથી અશ્રુઓ વહેવડાવતા સર્વે ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપી સ્વયં પાછા ફર્યા.[33] હે રાજન્ ! પોતાના ભક્તજનો જેમની કીર્તિ અને યશનું ગાન કરી રહ્યા છે એવા શ્રીહરિ પોતાના ચરણના સ્પર્શથી અશ્વની

अश्वं काञ्चनवर्णमात्मचरणस्पर्शेन सन्द्रावय-
न्सद्यः प्राप पुरं पुरातनमुनिः सङ्गीतकीर्तिर्निजैः ॥ ३४
नैपुण्यं निजवाजिनः स भगवानास्कन्दिते धौरिते
पश्यन् रेचितवल्गितप्लुत इति ह्यानन्दयन्स्वाश्रितान् ।
सद्यः प्राप्य पुनर्मुनींश्च जनतामग्रेऽपि तेषां व्रजन्
हृष्टांस्तान्विदधत् पुनश्च नगरीं प्रायात्स्वचेतोहरः॥३५
ते तु भक्तजनाः सर्वे यथादृष्टं तमीश्वरम् । ध्यानेन पथि पश्यन्तः स्वस्वदेशान् ययुस्ततः ॥ ३६
हरिश्च तत्र नगरे संप्राप्य नृपमन्दिरम् । स्ववेदिमभितश्चाश्वं काष्ठामक्रामयद्धसन् ॥ ३७
आनन्दयन् जयामुख्या योषितोऽपि स ईश्वरः । अश्वेन कारयामास गतमर्धपुलायितम् ॥ ३८
ततो वाहात्समुत्तीर्य नारायणमुनिर्नृप ! । निजमन्दिरमभ्येत्य निषसादासने सुखम् ॥ ३९
स्वस्थचित्तस्ततः स्वामी प्रसन्नमुखपङ्कजः । स्तुवन् जयां च ललितां सोमादीन्प्राह पार्षदान् ॥ ४०

---

વિવિધ ચાલનું તથા વેગની શ્રેષ્ઠતાનું પ્રદર્શન કરાવતા, શિષ્યો જેમ ગુરુનું સેવન કરે તેમ ખરીદ્વારા ઊડેલી ધૂળ જેના ચાર ચરણનું સેવન કરી રહી છે એવા પોતાના વેગવંતા ઘોડાને દોડાવતા દુર્ગપુરમાં પાછા પધાર્યા.[૩૪]

હે રાજન્ ! શ્રીહરિ અતિશય વેગવાળા ઘોડાની આસ્કંદિત, ધૌરિત, રેચિત, વલ્ગિત અને પ્લુત આ પાંચપ્રકારની ચાલની નિપુણતાનું પ્રદર્શન કરાવતા અને દેશ પ્રત્યે જતા ભક્તજનોને પોતાની દિવ્ય શોભાથી આનંદિત કરતા ફરી તત્કાળ રાધાવાવની આગળ જતા મુનિમંડળ તથા ભક્તોના સંઘને દર્શન દઈને, ત્યાંથી આગળ જતા ભક્તજનોને દર્શનનું દાન આપી, સર્વેના મનને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરી ફરીથી દુર્ગપુર પધાર્યા.[૩૫] પોતપોતાના દેશમાં જઈ રહેલા સર્વે સંતો અને ભક્તજનોએ જેવા જેવા સ્વરૂપે શ્રીહરિનાં દર્શન કર્યાં હતાં તેવા સ્વરૂપનું ધ્યાન કરતાં પોતાના હૃદયકમળમાં માર્ગમાં ચાલતાં ચાલતાં પણ દેખાતું હતું. અને કેટલાકને બહાર પણ દેખાતું હતું.[૩૬] શ્રીહરિ દુર્ગપુરમાં ઉત્તમરાજાના દરબારમાં આવી લીંબતરુ નીચે રહેલી વેદિકાની ચારે બાજુએ મંદમંદ હસતાં હસતાં ઘોડાને પાંચ ક્ષણ પર્યંત ચલાવ્યો, તેમાં જયાબા આદિ સ્ત્રી ભક્તજનોને આનંદ ઉપજાવવા ઘોડાને અર્ધપુલાયિત નામની ચાલે પણ ચલાવ્યો.[૩૭-૩૮] પછી ભગવાન શ્રીનારાયણમુનિ ઘોડા ઉપરથી નીચે ઉતરી પોતાની અક્ષર ઓરડીએ આવી સુખપૂર્વક આસન ઉપર વિરાજમાન થયા ને સ્વસ્થચિત્તે તથા પ્રસન્નમુખે જયાબા તથા લલિતાબાની પ્રશંસા કરતા કરતા ભગવાન શ્રીહરિ સોમલાખાચર આદિક

आसीन्मद्धृदये यादृक्तादृगेवोत्सवो महान् । जातोऽयं तेन हृदि मे भृशं हर्षोऽद्य विद्यते ॥ ४१
नैव किञ्चिदपि न्यूनमासीन्नूनमिहोत्सवे । न शक्यो हि नृपैः कर्तुमीदृशस्तु महोत्सवः ॥ ४२
न सन्त्येतादृशा अत्र मनुष्यास्तु भुवस्तले । ललितेव जयैकास्ति जयेव ललिता ननु ॥ ४३
उत्तमस्तूत्तमो नूनं पितुरप्यधिको गुणैः । राजाऽनुपम एवास्ति भक्त आत्मनिवेदनी ॥ ४४

**सुव्रत उवाच-**

निजभक्तजनप्रशंसनं विदधत्येवमुदारकर्मणि । क्षितिपाल ! महामुनीश्वरे तमुपायन्नबलाः समर्चितुम् ॥ ४५

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे देशान्तरागत-भक्तसङ्घप्रत्येषणे मुनिसङ्घकृतनारायणस्तुतिनिरूपणनामा द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥**

---

**પોતાના પાર્ષદોને કહવા લાગ્યા કે હે પાર્ષદો ! મારા અંતરમાં જેવા પ્રકારનો ઉત્સવ ઉજવવાની ઈચ્છા હતી તેવા પ્રકારનો આ મહાન ઉત્સવ ઉજવાયો તેથી મારા અંતરમાં અત્યારે ખૂબ જ હર્ષ ઉભરાય છે. આ ઉત્સવમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા રહી નથી. એ નિશ્ચિત વાત છે. આવા ઉત્સવો તો મોટા મોટા મહારાજાઓ પણ ઉજવવા સમર્થ થઈ શકે નહિ.[૩૯-૪૨]**

**હે રાજન્ ! આ પૃથ્વી ઉપર અત્યારે જયા અને લલિતા જેવા કોઈ પણ મનુષ્યો નથી. માત્ર પરસ્પર એક બીજા જેવા એ બે છે. તેવી જ રીતે સ્વધર્માદિક ગુણોથી પિતા કરતાં પણ ચડીયાતા અને આત્મનિવેદી ભક્ત એવા ઉત્તમરાજા તો ખરેખર સર્વોત્તમ છે. તેથી એમની ઉપમાતો કોઈને આપી શકાય તેમ નથી.[૪૩-૪૪]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે મહા ઉદાર ચરિત્રોનો વિસ્તાર કરતા મહામુનિ મુક્તાનંદ સ્વામી જેવા સંતોના પણ ઈશ્વર ભગવાન શ્રીહરિ જ્યારે ભક્તજનોની પ્રશંસા કરી, ત્યારે સર્વે સ્ત્રી ભક્તજનો શ્રીહરિનું પૂજન કરવા પધાર્યા.[૪૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ ઉપર દેશાંતરથી પધારેલા ભક્તજનોને પાછા મોકલવા પધારેલા ભગવાન શ્રીનારાયણની સંતોએ કરેલી સ્તુતિનું નિરૂપણ કર્યું, એ નામે બેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૨--***

---

अथ त्रिचत्वारिंशोऽध्यायः - ४३

सुव्रत उवाच-

ब्रह्मचर्यव्रतपरा जया च ललिता रमा । समीपमाययुस्तस्य गृहीतार्हणपाणयः ॥ १
अमरीप्रमुखाश्चान्या योषितोऽप्यर्चनोत्सुकाः । नारायणस्य तास्तिस्रो मुख्या अन्वाययुस्तदा ॥ २
साङ्गोपाङ्गोत्सवस्यैव समाप्त्या स्वस्थचेतसः । कृतनित्यविधानास्ताः शुचयस्तं ववन्दिरे ॥ ३
तं स्मेरवदनाम्भोजं दृष्ट्वा स्वस्थं समास्थितम् । पूजनावसराभिज्ञाः पूजयन्ति स्म भक्तितः ॥ ४
सुगन्धिना चन्दनेन कृङ्कुमागुरुकेसरैः । कस्तूर्या चाक्षतैर्नानापुष्पहारैश्च शेखरैः ॥ ५
वस्त्रैर्नानाविधैः सूक्ष्मैरनर्घ्यैं रत्नभूषणैः । धूपदीपोपहारैश्च कर्पूरारार्त्रिकादिभिः ॥ ६
सम्पूज्य विधिवद्भक्त्या प्रभुं नत्वा निजं निजम् । भावं प्रकटयन्त्यस्तास्तुष्टुवुस्तं पृथक् पृथक् ॥ ७

---

# અધ્યાય - ૪૩

## જયાબા, રમાબા, લલિતાબા આદિ સ્ત્રી ભક્તોએ શ્રીહરિનું પૂજન કરી, સ્તુતિ કરી.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! બ્રહ્મચર્યવ્રત પરાયણ જયાબા, રમાબા અને લલિતાબા પોતાના હાથમાં પૂજાના ઉપચારો લઈ શ્રીહરિની સમીપે આવ્યાં.[૧] તેમની પાછળ અમરી તથા અમલા આદિ અન્ય સ્ત્રીઓ પણ શ્રીહરિની પૂજા કરવાની અત્યંત ઉત્કંઠાવાળી થઈને આવી.[૨] સાંગોપાંગ ઉત્સવની સમાપ્તિથી મનમાં સ્વસ્થતાનો અનુભવ કરી રહેલાં જયાબા વગેરે પવિત્ર સ્ત્રીઓ પોતાનો સમગ્ર નિત્યવિધિ સમાપ્ત કરી શ્રીહરિને પ્રથમ વંદન કર્યાં.[૩] પછી શ્રીહરિની પૂજાના અવસરને જાણતી તેઓ મંદમંદ હાસ્ય કરી રહેલા અને સિંહાસન પર વિરાજમાન શ્રીહરિને પણ ખુશી મુદ્રામાં જોઈ અતિશય ભક્તિભાવ પૂર્વક પૂજા કરવા લાગી.[૪] હે રાજન્ ! સુંદર કુંકુમ, અગરુ, કેસર, કસ્તુરી યુક્ત સુગંધીમાન ચંદન, ચોખા અને અનેક પ્રકારનાં વસ્ત્રો, બહુમૂલ્યવાળા રત્નો જડીત સુવર્ણના આભૂષણો, ધૂપ, દીપ, ફળ, કપૂર, આરતી અને પ્રદક્ષિણા આદિક ઉપચારોથી વિધિ પ્રમાણે ભગવાન શ્રીહરિની પૂજા કરી. ત્યારપછી પોતપોતાના અંતરના ભાવને પ્રગટ કરતી અલગ અલગ સ્તુતિ કરવા લાગી.[૫-૭]

**પ્રથમ જયાબા સ્તુતિ કરે છે :-** હે શ્રીહરિ ! હે શ્રીકૃષ્ણ ! હું તમને નમસ્કાર કરું છું. તમે સદાય આનંદસ્વરૂપ છો. સકલ આત્માઓના અંતર્યામી

**जयोवाच-**

नमामि कृष्णाय हरेऽखिलात्मनां सदात्मने श्रीपुरुषोत्तमाय ते ।
अनन्तकोट्यण्डभवादिहेतवे ह्यशेषकल्याणनिकेतमूर्तये ॥ ८
अधोक्षजायाक्षरधामवासिने स्वभक्तहृद्वाञ्छितमूर्तिधारिणे ।
अनेकमायापुरुषेश्वराय ते नमो नियन्त्रेऽखिलदेहधारिणाम् ॥ ९
अचिन्त्यमानन्दमयं च निर्गुणं वदन्ति वेदान्तविदोऽव्ययं च यत् ।
परं परंब्रह्म परात्मशब्दितं तदेव साक्षाद्भगवांस्त्वमेव हि ॥ १०
सुखं प्रदातुं स भवानिहाद्य नो निजाश्रितेभ्यो नृतनुं हि शिश्रिये ।
इमां तपोधर्मविरक्तिवेदनैर्निषेवितां नित्यमनन्यसंश्रयैः ॥ ११
निजेच्छया स्वीकृतयाऽनया विभो ! मनुष्यतन्वा सुरवृन्दवन्द्यया ।
त्वमाददानः कृपयास्मदर्चनं महोत्सवैर्नः सुखयस्यथेदृशैः ॥ १२

---

આત્મા છો. અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ છો. સમસ્ત કલ્યાણકારી અવિનાશી સુખના સ્થાનભૂત આપની આ મૂર્તિ છે. એવા હે પુરુષોત્તમ નારાયણ ! તમને હું નમસ્કાર કરૂં છું.[૮] હે અધોક્ષજ ! તમે અભક્તોની ઈન્દ્રિયોથી ગ્રહણ થતા નથી. એવા બ્રહ્મપુરધામના નિવાસી છો. પોતાના એકાંતિક ભક્તોના મનની ઈચ્છાઓ પૂર્ણ કરવા તમે રામ-કૃષ્ણરૂપે થઈને અનંતવાર અવતાર ધારણ કરો છો. અનંતકોટી પ્રધાન પુરુષોને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાની સામર્થીને આપનારા છો. એવા હે અખિલદેહધારી જીવાત્માઓનું નિયમન કરનારા પ્રભુ ! તમને હું નમસ્કાર કરૂં છું.[૯] હે શ્રીહરિ ! વેદાંતિ પુરુષો જેમને અચિંત્ય, આનંદમય, નિર્ગુણ, અવિનાશી, અક્ષરબ્રહ્મથી પણ પર પરબ્રહ્મ, પરમાત્મા એવા શબ્દોથી કહે છે. તે પરબ્રહ્મ, ભગવાન સાક્ષાત્ તમેજ છો. એવું હું નક્કી જાણું છું.[૧૦] આવા ભગવાન તમે આલોકમાં પોતાના આશ્રિત ભક્તજનો એવા અમને અત્યારે પોતાની મૂર્તિનું સુખ આપવા માટે આ મનુષ્ય શરીરનો સ્વીકાર કર્યો છે. તે આપનું આ મનુષ્ય શરીર બીજા કોઈમાં ન હોય તેવા અસાધારણ તપ, ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન આદિ ગુણોથી નિરંતર સેવાયેલું છે.[૧૧]

હે વિભુસ્વરૂપ ! પોતાની સ્વતંત્ર ઈચ્છાથી સ્વીકાર કરેલા આ દિવ્યશરીરને બ્રહ્માદિક દેવતાઓ પણ વંદન કરે છે. આવા પ્રત્યક્ષ માનવ શરીરથી અમે પૂજામાં અર્પણ કરેલા ઉપચારોને કરુણા કરીને સ્વીકારો છો. અને આવા મંગલરૂપ અન્નકૂટ, પ્રબોધની જેવા મહોત્સવો દ્વારા અમને અલૌકિક સુખ આપો છો.[૧૨] હે પ્રભુ !

सुखं तनोति श्रवणं च कीर्तनं स्मृतिर्नतिः पूजनमङ्घ्रिसेवनम् ।
प्रभो ! सखित्वं च तवात्र दासता वपुष्मतामात्मनिवेदनं तथा ॥ १३
तवात्र मूर्तौ यदि भक्तिलक्षणं दृढं भवेदेकतमं नवस्वपि ।
जनस्य यस्यात्र स कार्यकारणात्मकं हि तीर्णः सहसा तमोम्बुधिम् ॥ १४
कृतार्थ एवाजनि सोऽत्र भूतले ह्यभूदघौघोऽपि च तस्य भस्मसात् ।
बभूव मुक्तिः किल तस्य जीवतः प्रभो ! वयं विद्म इति स्वचेतसि ॥ १५
स्वभक्तसंरक्षणतत्परस्य ते न जन्मनामन्त उतास्ति कर्मणाम् ।
अशेषदुःखप्रशमैकहेतवे नमोऽस्तु तस्मै परमेश्वराय ते ॥ १६
स वै भवान्सद्व्ययमेव सम्पदामिह प्रकुर्वन्सुखदः सदैव नः ।
स्थितिः शरीरस्य तु यावदेव नः प्रभो ! निवस्तुं खलु तावदर्हसि ॥ १७

**सुव्रत उवाच–**

इति स्तुत्वा हरिं भक्त्या विरराम जया ततः । बद्धाञ्जलिपुटाऽस्तौषीत्तं प्रणम्य रमा नृप ! ॥ १८

---

**તમારાં ચરિત્રોનું શ્રવણ, તમારાં નામ અને યશનું કીર્તન, તમારી મૂર્તિનું ચિંતવન, તમને પંચાંગ કે સાષ્ટાંગ નમસ્કાર, નાના કે મોટા ઉપચારોથી તમારું પૂજન, તમારા ચરણકમળની સેવા, તમારે વિષે સખાભાવ, માન ત્યાગ કરવા પૂર્વકનો દાસભાવ તથા પોતાના દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણની સાથે તમારે વિષે કરેલું આત્મસમર્પણ, આલોકમાં દેહધારી જીવોને સુખ ઉપજાવે છે.[૧૩] હે ભગવાન ! આ લોકમાં જે મનુષ્યને નવપ્રકારની ભક્તિને મધ્યે કોઈ પણ એક પ્રકારની ભક્તિ જો દૃઢ થાય તો તે મનુષ્ય કાર્યકારણ સ્વરૂપ તમોગુણાત્મક માયાના મહાસાગરને તત્કાળ તરી જાય છે. હે પ્રભુ ! આ ભૂમંડળમાં આવા પ્રકારની ભક્તિ કરનારા મનુષ્યોનો જન્મ સફળ છે, તથા તેઓના પાપોના પુંજ ભસ્મીભૂત થાય છે. અને જીવતા થકા મોક્ષને પામ્યા છે. આ પ્રમાણે અમે અમારા મનમાં જાણીએ છીએ.[૧૪-૧૫]**

**હે શ્રીહરિ ! પોતાના એકાંતિક ભક્તોનું રક્ષણ કરવામાં તત્પર એવા તમારા જન્મ અને કર્મનો કોઈ પાર નથી. તમે આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ સમગ્ર દુઃખનું નિવારણ કરવામાં કારણરૂપ છો. એવા હે પરમેશ્વર ! તમને નમસ્કાર કરું છું. હે પ્રભુ ! આવા અપાર મહિમાવાળા તમે અમારી સંપત્તિનો સદ્વ્યય કરી અમને સુખ ઉપજાવો છો. આવી રીતે સુખ આપતાં જ્યાં સુધી અમારા શરીરની સ્થિતિ હોય ત્યાં સુધી સદાય અમારા ભવનમાં નિવાસ કરીને રહો.[૧૬-૧૭] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે અત્યંત ભક્તિભાવ પૂર્વક શ્રીહરિની**

**रमोवाच–**

स्वामिंस्त्वच्चरणाम्बुजं भवदवक्लिष्टात्मनां सौख्यदं ।
देहान्तःकरणेन्द्रियासुभिरहं वन्दे नतं सज्जनैः ॥
भूयस्यामिह संसृतौ स्वविहितैः कर्माख्यपाशैर्दृढं ।
बद्धान्मोचयितुं ततः खलु जनान्मायाधिपस्त्वं प्रभुः ॥ १९
मायायाः परतः परश्च भगवान्सर्वेश्वरः श्रीहरिः ।
स त्वं पुंप्रकृतीः प्रविश्य कुरुषेऽनेकाण्डसर्गादिकम् ॥
तत्रापीश ! न बध्यसे प्रकृतिभिर्नित्यं स्वतन्त्रः प्रभु- ।
र्निर्लेपः पवनो यथाऽखिलगतश्चेष्टाः प्रकुर्वन्नपि ॥ २०
आत्मीयेन सुखेन नित्यसुखवानेकस्त्वमेवासि वै ।
देवादेवनराः परे तु सुखिनः स्त्रीवित्तधामादिभिः ॥

---

સ્તુતિ કરીને જયાબા વિરામ પામ્યાં. ત્યારપછી રમાબા બે હાથ જોડી નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યાં.[૧૮]

**રમાબા સ્તુતિ કરે છે** :- હે સ્વામિન્ ! આ સંસારરૂપી દાવાનળમાં બળતા અત્યંત દુઃખી થયેલા અને તેથી જ તમારે શરણે આવેલા જીવાત્માઓને તમે સુખ આપો છો. સંતો જે ચરણકમળમાં વંદન કરે છે તેને હું કાયા, મન, વાણી અને પ્રાણથી વંદન કરૂં છું. અતિશય વિકટ એવી આ જન્મમરણ રૂપ સંસૃતિમાં પોતાના કર્મપાશથી દઢ બંધાયેલા જનોને મુક્ત કરવામાં એક તમે જ સમર્થ છો. બાકી માયાના ગુણથી ઘેરાયેલા અન્ય કોઈથી એ કાર્ય કરવું શક્ય નથી.[૧૯] કારણ કે, હે પ્રભુ ! તમે માયાથી પર જે અક્ષરબ્રહ્મ તેનાથકી પણ પર છો, તમે ભગવાન છો, પરમેશ્વર છો, એવા હે શ્રીહરિ ! તમે મૂળ પ્રકૃતિ અને પુરુષની અંદર અંતર્યામી સ્વરૂપે પ્રવેશ કરીને અનંત કોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરો છો. છતાંય હે પરમેશ્વર ! તમે સ્વતંત્ર છો, અતિ સમર્થ છો, દેહધારીઓની અંદર પ્રાણાદિકરૂપે રહીને તેમની સમસ્ત ઈન્દ્રિયોની ચેષ્ટાનો વ્યાપાર કરો છો, છતાં જેમ વાયુ નિર્લેપ છે, તેમ તમે પણ માયાના ઉત્પત્તિ આદિ કર્મમાં જરાય બંધાતા નથી. સદાય નિર્લેપ રહો છો.[૨૦]

હે આનંદસ્વરૂપ ! તમે તમારા સ્વરૂપના અસાધારણ સુખના કારણે સદાય આનંદમાં રહો છો અને બીજા દેવતાઓ, અસુરો, મનુષ્યો તો સ્ત્રી, ધન, ઘર અને

त्वद्भक्तास्तु सदा त्वयैव सुखिनो दुःखानि जानन्ति तान् ।
शब्दादीन्विषयांश्च येऽत्र रसिता यच्छान्ति वै संसृतिम् ॥ २१
ब्रह्माद्या जगतीह ये तनुभृतस्ते कालशक्त्यैव ते ।
वर्तन्ते हि नियन्त्रिता निजनिजामाजीविकां त्वत्कृताम् ॥
आश्रित्यैव विभो ! वृषा इव नसि प्रोताः कृषिं कुर्वतः ।
सर्वे ते तु वशे भवन्ति तव वै यावन्निजायुःक्षयः ॥ २२
मर्यादां रचितां त्वयैव भगवन् ! कालोऽपि सम्पालयन् ।
नाविर्भावयति क्षितौ दिवि तथा नानार्तूनां गुणान् ॥
वायुर्वाति दिवाकरो भ्रमति खे वर्षत्यमर्त्येश्वरो ।
मृत्युर्धावति सर्वतश्च सभयं नेशस्तदुल्लङ्घने ॥ २३
योषाहेमविभूषणांशुकगृहग्रामादिषु श्रीहरे ! ।
त्वन्मायारचितेषु सङ्गमपि यन्नैव क्वचिल्लिप्यसे ॥

---

વાહન આદિ તુચ્છ પદાર્થોથી પોતાને સુખી માને છે, તમારા એકાંતિક ભક્તો સદાય તમારી મૂર્તિનાં દર્શનાદિકથી જ સુખ કે આનંદ અનુભવે છે. તેઓને શબ્દાદિ પંચવિષય તુચ્છ અને દુઃખરૂપ લાગે છે. કારણ કે પંચવિષયોતો આલોકમાં પોતાનો આસ્વાદ માણતા મનુષ્યોને જન્મમરણરૂપ સંસૃતિના પ્રવાહમાં ધકેલી દે છે.[૨૧] હે વિભુસ્વરૂપ ! આ જગતમાં શરીરધારી બ્રહ્મા આદિક સર્વે તમારી કાળશક્તિને વશ વર્તે છે અને કર્મફળપ્રદાતા તમે અંતર્યામીપણે તેમનામાં રહી તેમનાં કર્મફળ પ્રમાણે સર્જી આપેલી આજીવિકાનો આશ્રય કરી સર્વે જીવે છે. નાથેલો બળદ જેમ ખેડૂતને વશ વર્તે છે. તેમ તે સર્વે દેવતા આદિ પ્રાણધારીઓ જ્યાં સુધી પોતાની આયુષ્યનો અંત ન આવે ત્યાં સુધી તમને વશ વર્તે છે.[૨૨] હે ભગવાન ! કાળ પણ તમે બાંધેલી મર્યાદામાં રહીને તમારાથી ભય પામતો આ પૃથ્વી પર કે અંતરિક્ષમાં વસંતાદિક છ ઋતુઓના ગુણને પ્રગટ કરે છે, વાયુ તમારા ભયથકી સર્વત્ર વાય છે. સૂર્ય તમારા ભયથી આકાશમાં ભ્રમણ કરે છે, ઈન્દ્ર તમારા ભયથી જ જળ વર્ષાવે છે. અને મૃત્યુ પણ તમારા ભયથી સર્વ જીવપ્રાણી માત્રમાં શીઘ્રગતિ કરે છે, તેમજ અગ્નિ પણ તમારા ભયથી બાળવાની ક્રિયા કરે છે. તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવા કોઈ સમર્થ નથી.[૨૩] હે શ્રીહરિ ! હે પ્રભુ ! તમારી માયામાંથી બનેલાં સ્ત્રી, સુવર્ણ, ધન, આભૂષણ, વસ્ત્ર, ઘર, ગામ, વાહન, આદિનો તમને

और्वोऽग्निर्जलधौ वसन्नपि पराभूतिं जलैर्नाप्नुवं ।
स्तान्यश्नन्नुत वर्धते खलु यथा त्वं तद्वदत्र प्रभो ! ॥ २४
त्यक्ताः प्राकृतिका मया तु निखिला मुक्तैस्तथान्यैर्गुणा ।
ये तेभ्योऽपि वयं बिभीम उरुधा त्वत्प्रेमवृद्धीप्सवः ॥
तेषु त्वं तु वसन्नपीश्वरतया नो बध्यसे नाज्यसे ।
व्योमेव स्थिरजङ्गमस्थमघहन्न स्पृश्यसे तद्गुणैः ॥ २५
ईशत्वं तव चैतदेव नृतनोर्मायागुणानञ्जनं ।
जानन्त्यत्र महाजना हि सुधियो भक्तप्रिय ! श्रीहरे ! ॥
त्वय्येवास्तु मनो मदीयमनिशं त्वां प्रार्थयामीत्यहं ।
त्वन्मायागुणतः सदास्मदवनं कर्तुं त्वमेवार्हसि ॥ २६

**सुव्रत उवाच-**

इति स्तुत्वा रमा भक्त्या नारायणमुनिं नृप ! । तूष्णीमासाथ ललिता तं तुष्टाव कृताञ्जलिः ॥ २७

---

ગમે તેટલો યોગ થાય છતાં તમને ક્યારેય બંધન કરી શકતાં નથી. વડવાનલ અગ્નિ સમુદ્રમાં રહીને જેમ વૃદ્ધિ પામે છે. તેમ તમે પણ સ્ત્રીઆદિના પ્રસંગમાં આવ્યા પછી નિઃસંગપણે રહી મહા પ્રતાપે યુક્ત વર્તો છો.[૨૪] હે આશ્રિતોના પાપને હરનારા મહાપ્રભુ ! અમારા અંતરમાં તમારે વિષે પ્રેમ વૃદ્ધિ થાય તેવી ઈચ્છા અખંડ વર્તે છે. તેથી મેં અને અન્ય મુક્તભાવને પામેલા અનંત જનોએ માયિક પંચવિષયોનો ત્યાગ કર્યો હોવા છતાં પણ અમે વિષયો થકી અત્યંત ભય પામીએ છીએ કે રખેને ક્યાક તેનું બંધન થાય. અને તમે તો વિષયોના મધ્યમાં રહો છો છતાં જેમ સ્થાવર જંગમરૂપ જગતમાં રહેલું આકાશ નિર્લેપ રહે છે, તેમ નિર્લેપ રહો છો અને ઈશ્વર હોવાથી પ્રાકૃતિક ગુણદોષમાં બંધાતા નથી.[૨૫] હે ભક્તપ્રિય શ્રીહરિ ! માયાના ગુણોમાં સાથે રહીને પણ નિર્લેપપણે રહેવું એજ મનુષ્ય શરીરમાં રહેલા તમારૂં ઈશ્વરપણું છે. એમ આ લોકમાં સદ્‌બુદ્ધિવાળા મહાપુરુષો તત્ત્વપૂર્વક જાણે છે. આવા તમારે વિષે મારૂં મન સદાય નિવાસ કરીને રહો. આ પ્રમાણે મારી તમારા ચરણમાં પ્રાર્થના છે. તમે તમારી માયાના ગુણોથી અમારૂં સદાય રક્ષણ કરો.[૨૬] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે રમાબાએ ભગવાન શ્રીનારાયણમુનિની ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરી મૌન થયાં, ત્યારપછી લલિતાબા બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યાં.[૨૭]

**ललितोवाच-**

श्रीवासुदेव ! पुरुषोत्तम ! पादपद्मं भक्त्या नमामि तव कायवचोमनोभिः ।
संसारवारिधिनिमज्जदनेकजीवप्रोत्तारणप्लवमहं श्रुतिवृन्दवन्द्यम् ॥ २८
मायापरोऽपि जगदुद्भवपालनान्तलीलार्थमात्तविधिविष्णुशिवादिरूपः ।
अप्राकृतैर्गुणगणैरभिसेवितांघ्रिस्त्वं राजसे हि परमेऽक्षरधाम्नि भूमन् ! ॥ २९
त्वं प्राकृताख्यतमसः पर एव तस्मिन् धाम्न्यृद्धिभिश्च महतीभिरुपासितोऽसि ।
राधारमाप्रमुखशक्तिभिरानताभिर्भक्त्याऽनुवेलमभिसेवितपादपद्मः ॥ ३०
मूर्तौ वृषात्त्वमभवः खलुमानवानां नारायणर्षिरभवाय पुरात्र खण्डे ।
प्रादुर्बभूविथ सुतोऽद्य तयोर्नृतन्वोः श्रीनीलकण्ठ इति कोसलदेश ईश ! ॥ ३१
हीनो गुणैस्त्रिभिरधीश्वर ! मायिकैस्त्वं नृत्वेऽपि दिव्यतनुरित्यसि निर्गुणाख्यः ।
सम्पोषणं विदधदेव तयोः स्वपित्रोः कल्याणमत्र तनुषे श्रितदेहभाजाम् ॥ ३२

---

**લલિતાબા સ્તુતિ કરે છે :–** હે શ્રીવાસુદેવ ! હે પુરુષોત્તમ ! તમારાં ચરણકમળ સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા અનેક જીવોનો ઉદ્ધાર કરનાર નૌકારૂપ છે. આવાં તમારાં ચરણમાં વેદની શ્રુતિઓ પણ વંદન કરે છે. અને હું પણ કાયા, મન વાણી, અને ભક્તિથી વંદન કરૂં છું.[૨૮] હે બ્રહ્મન્ ! તમે માયાથી પર હોવા છતાં પણ અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ લીલાનો વિસ્તાર કરવા બ્રહ્મા, વિષ્ણુ અને શિવસ્વરૂપને ધારણ કરો છો. તમે સદૈવ સર્વોત્તમ અક્ષરધામને વિષે વિરાજમાન છો અને ત્યાં અપ્રાકૃત એવા દિવ્ય સત્ય, શૌચાદિક અસંખ્યાત કલ્યાણકારી ગુણો તમારા ચરણ કમળની સેવા કરે છે.[૨૯] હે શ્રીહરિ ! પ્રાકૃત નામના મહામાયાના અંધકારથી પર બ્રહ્મપુર ધામને વિષે મહાસમૃધ્ધિઓ પણ નતમસ્તકે તમારી ઉપાસના કરે છે અને રાધા-રમા આદિક શક્તિઓ પણ ભાવપૂર્વક સમયે સમયે સતત તમારાં ચરણ કમળની સેવા કરે છે.[૩૦] હે ઈશ્વર ! તમે પૂર્વે આ ભરતખંડને વિષે મનુષ્યોને અનાદિના બંધનથી મુક્ત કરવા માટે ધર્મપ્રજાપતિ થકી પત્ની મૂર્તિદેવીને વિષે શ્રીનારાયણઋષિરૂપે પ્રગટ થયા હતા. તે જ અત્યારે ઉત્તર કૌશલદેશમાં દુર્વાસામુનિના શાપને કારણે મનુષ્યશરીર પામેલાં ધર્મ-ભક્તિ થકી શ્રીનિલકંઠ નામે પુત્રરૂપે પ્રગટ થયા છો.[૩૧] હે અધીશ્વર ! મનુષ્ય શરીરમાં રહ્યા થકા દિવ્યશરીરવાળા છો અને માયાના સત્ત્વાદિ ત્રણ ગુણથી પર નિર્ગુણ છો, માતાપિતા ભક્તિધર્મનું પોષણ કરી રહેલા તમે આલોકમાં પોતાના

वर्णाश्रमेषु सकलेष्वपि कालनष्टं धर्मं प्रवर्तयितुमीश ! सनातनं त्वाम् ।
जातं वदन्ति कतिचित्कतिचिच्च भूमन् ! पाषण्डिभिन्नमिह पारमहंस्यधर्मम् ॥ ३३
केचिद्वदन्ति पृथुयज्ञमहेन्द्रहातपाषण्डलिङ्गगुरुभिः कृशतां हि नीतम् ।
सत्सम्प्रदायमनघोद्धवसम्प्रणीतं पुष्टं विधातुमिह जात इति प्रभो ! त्वाम् ॥ ३४
पुष्टिं विधातुमिह धर्मयुजः स्वभक्तेर्धर्मारिगुर्वसुरसङ्घतनूकृतायाः ।
प्रादुष्कृतद्विजवराकृतिरित्यहं तु जाने भवन्तमखिलार्थदमाश्रितेभ्यः ॥ ३५
शृण्वन्ति ये तव गुणानिह नाथ ! सद्भ्यो गायन्ति वा स्वहृदये श्रुतिगान् स्मरन्ति ।
तेषां च ये विदधतेऽप्यनुमोदनं वा ते यान्ति धाम तव संसृतिबन्धमुक्ताः ॥ ३६
भक्तिं तवाथ तव वापि सतां प्रसङ्गं हित्वात्मबोधमुपलब्धुमिहाञ्जसा ये ।
क्लिश्यन्ति भूरिनियमैस्त इतो लभन्ते क्लेशं फलं ननु यथेह पुलाककण्डाः ॥ ३७

---

આશ્રિત જનોનું આત્યંતિક કલ્યાણ કરી રહ્યા છો.[૩૨] હે ઈશ ! હે ભૂમન્ ! કેટલાક મુનિજનો તમને કાળે કરીને નષ્ટ થયેલા સનાતન વર્ણાશ્રમના ધર્મને પ્રવર્તાવવા માટે પ્રગટ થયેલા છો એમ કહે છે, કેટલાક મુનિજનો તમને આલોકમાં પાખંડીઓએ ઉચ્છેદ કરી મૂકેલા સનાતન પરમહંસોના બ્રહ્મચર્યાદિક ધર્મોને પ્રવર્તાવવા માટે પ્રગટ થયા છો એમ કહે છે.[૩૩] હે પ્રભુ ! કેટલાકનો એવો અભિપ્રાય છે કે તમે પૃથુરાજાના યજ્ઞમાં ઈન્દ્રે જે પહેલાં કપટથી વેષો ધારણ કરેલા અને પછીથી છોડી દીધેલા તે પાખંડી વેષોને ધારણ કરી અત્યારે અસુરગુરૂઓએ દુર્બળ કરી મૂકેલા એવા સાક્ષાત્ ઉધ્ધવજીએ પ્રવર્તાવેલા સત્સંપ્રદાયરૂપ એકાંતિક માર્ગનું આલોકમાં પોષણ કરી, ફરી વૃદ્ધિ પમાડવા માટે પ્રગટ થયા છો, એમ કહે છે.[૩૪]

હે ભગવાન ! હું તો એમ જાણું છું કે તમે પોતાના આશ્રિતવર્ગને સકલ પુરુષાર્થનું ફળ આપી, ધર્મના દ્વેષી અસુરોથી દુર્બળ દશાને પમાડેલા ધર્મસહિત પોતાની ઉપાસનારૂપ ભક્તિનું પોષણ કરવા માટે જ શ્રેષ્ઠ બ્રાહ્મણકુળમાં પ્રાદુર્ભાવ પામ્યા છો. આવો મારો અભિપ્રાય છે.[૩૫] હે નાથ ! આ લોકમાં જે મનુષ્યો તમારા સદ્ગુણોનું સંતોના મુખથકી શ્રવણ કરે છે, અને પોતાના હૃદયમાં તેમનું સ્મરણ કરે છે. તેમજ વર્ણન કરનારાઓનું અનુમોદન કરે છે તે સર્વેજનો આ જન્મમરણરૂપ સંસૃતિના બંધનમાંથી મુક્ત થઈ તમારા બ્રહ્મપુરધામને પામે છે.[૩૬] હે શ્રીહરિ ! આલોકમાં જે પુરુષો તમારી ભક્તિ કે સત્પુરૂષોનો સમાગમ છોડીને પોતાના આત્મસ્વરૂપનું યથાર્થજ્ઞાન પ્રાપ્ત કરવા અનેક પ્રકારના નિયમોનું આચરણ

मुख्या मया तु तव भक्त्यधिकारिणो ये वैराग्यधर्मनिजबोधयुतास्त एव ।
सद्भ्यः श्रुता इति वपुर्वचनात्मभिस्ते सेवां करोमि निजशक्त्यनुसारिणीं वै ॥ ३८
स्याद्यत्र यत्र मम जन्म च तत्र तत्र ह्यत्राप्यमुत्र च निरन्तरमेकभक्त्या ।
निष्काममेव तव सेवनमीश ! मे स्तादित्यर्थयाम्यहमतिप्रणयाद्भवन्तम् ॥ ३९

**सुव्रत उवाच–**

ललिता ललितैः पद्यैरिति स्तुत्वा निजं प्रभुम् । तूष्णीमासीत्ततश्चान्याः स्त्रियो भक्तास्तमस्तुवन् ॥ ४०

**अमर्युवाच–**

वन्देऽहं नमदमरीललाटभूषाहीरालिद्युतिविलसन्नखेन्दुकान्ति ।
पादाब्जं तव सुरसिद्धसङ्घसेव्यं सद्भक्त्या निगमसरस्वतीप्रगीतम् ॥ ४१

---

**કરી કલેશ પામે છે. તે પુરુષો આ લોકમાં બીજ વગરનાં ફોતરાં ખાંડતા પુરૂષની માફક કેવળ પરિશ્રમરૂપ ફળને પામે છે. કારણ કે તમારી ભક્તિ અને સંતોના સમાગમવિના આત્મજ્ઞાન ક્યારેય પ્રાપ્ત થતું નથી.[૩૭] હે શ્રીહરિ ! જે પુરુષો વૈરાગ્ય, ધર્મ અને સ્વસ્વરૂપના જ્ઞાનથી યુક્ત છે તે પુરુષો જ તમારી ભક્તિના મુખ્ય અધિકારી થાય છે, એમ મેં તમારા એકાંતિક સંતોના મુખ થકી સભામાં સાંભળેલું છે. તમારી ભક્તિનો આટલો મહિમા હોવાથી હું સ્વધર્માદિ અંગોએ સહિત તમારી સેવારૂપ ભક્તિ કાયા, મન, અને વાણીથી શક્તિ અનુસારે કરૂં છું.[૩૮] હે ઈશ ! હે શ્રીહરિ ! આલોક કે પરલોકમાં જ્યાં જ્યાં જે જે યોનીમાં મને જન્મ પ્રાપ્ત થાય ત્યાં સર્વત્ર મને તમારી અનન્યભાવે એક નિષ્કામ સેવા જ પ્રાપ્ત થાય. આ પ્રમાણે હું તમારી પાસે અતિશય સ્નેહ પૂર્વક વિશ્વાસ સાથે યાચના કરૂં છું.[૩૯]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે લલિતાબા લલિતપદોથી ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી મૌન થયાં. ત્યારપછી અન્ય અમરી આદિક સ્ત્રીભક્તો ભગવાન શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યાં.[૪૦]**

**અમરીબા સ્તુતિ કરે છે :–** **હે ભગવાન ! હું તમારાં ચરણકમળમાં નિષ્કામભાવરૂપ ભક્તિથી વંદન કરૂં છું, આ તમારાં ચરણકમળ દેવાંગનાઓના લલાટમાં શોભતા આભૂષણોમાં જડેલા પંક્તિબદ્ધ હીરાઓની કાંતિ સમાન પ્રકાશી રહેલી નખચંદ્રિકાની કાંતિથી અત્યંત ઉજ્જવળ ભાસે છે. વળી બ્રહ્માદિક દેવતાઓ તથા શુક, સનકાદિક સિદ્ધોના સંઘો પણ તમારાં ચરણકમળનું સેવન કરે છે. વેદ અને સરસ્વતીદેવી પણ તેમની યશકીર્તિનું મહિમાપૂર્વક ગાન કરે છે, એવાં તમારાં**

नित्यं ते चरणयुगे ममास्तु चित्तं संसारे स्वजनधनादिषु क्वचिन्मा ।
सङ्गस्ते चरणसरोजलग्नहृद्भिर्योषाभिर्भवतु भवे सदैव चास्मिन् ॥ ४२

**अमलोवाच-**

भक्तानामभिलषितार्थदानदक्षं तं त्वाहं निजहृदये दधामि नित्यम् ।
भक्तिं मे ध्रुवमधिमान्य यस्त्वमल्पां कारुण्यादधिकमुपैषि हि प्रसादम् ॥ ४३
चित्तं मे गुणमणिमण्डने हि तस्मिंस्त्वय्येव प्रकटदयागुणे च भूम्नि ।
संलग्नं भवतु विहाय दैहिकानां संसर्गं धरणिवदस्तु तत्स्थिरं च ॥ ४४

**मेनोवाच-**

भक्त्याहं तव पदसारसं दयालो ! वन्दे तत्प्रणतजनार्तिनाशशीलम् ।
यत्स्पर्शादखिलमिदं पुनाति विश्वं रूपैः स्वैस्त्रिभिरमरेश्वरांश्च गङ्गा ॥ ४५

---

ચરણમાં વંદન કરૂં છું.[૪૧] હે હરિ ! આવાં તમારાં ચરણમાં મારૂં ચિત્ત નિરંતર આસક્ત થઈને રહો. આ સંસારમાં અમને સ્વજનો, ધન, ગૃહ, ક્ષેત્ર આદિ કોઈ પદાર્થમાં ક્યારેય પણ આસક્તિ ન થાઓ, અને આ સંસારમાં તમારા ચરણમાં આસક્ત એવા રમાબા આદિ સ્ત્રીભક્તોનો સદાય અમને સમાગમ પ્રાપ્ત થતો રહે.[૪૨]

**અમલાબા સ્તુતિ કરે છે :–** હે શ્રીહરિ ! તમે મારી અલ્પમાત્રની ભક્તિને અતિદયાળુ સ્વભાવને કારણે અધિક માનીને પ્રસન્ન થયા છો, એ નક્કી વાત છે. ભક્તજનોના મનોવાંછિત પુરુષાર્થોને પૂર્ણ કરવામાં વિચક્ષણ એવા તમારૂં હું મારા હૃદયમાં નિરંતર ચિંતવન કરૂં છું. મારૂં મન દૈહિક સ્વજનો તથા ધન આદિક પદાર્થનો સંસર્ગ છોડી સત્ય, શૌચાદિ સદ્‌ગુણોના ધામ તથા પ્રગટ પ્રમાણ દયાના ગુણથી શોભી રહેલા, અપાર મહિમાવાળા તમારે વિષે સદાય સંલગ્ન પૃથ્વીની જેમ સ્થિર રહે.[૪૩-૪૪]

**મેનાબા સ્તુતિ કરે છે :–** હે દયાળુ ! તમારાં ચરણના સ્પર્શ માત્રથી ભાગીરથી ગંગા, પોતાનાં મંદાકિની, ગંગા અને ભાગીરથી આ ત્રણ સ્વરૂપથી અખિલ વિશ્વને તથા બ્રહ્મા, શિવ આદિ દેવતાઓના અધિપતિઓને પણ પાવન કરી રહી છે. તેમજ પોતાને નમસ્કાર કરતા મનુષ્યોના ત્રિવિધ તાપનો વિનાશ કરે છે, જે તમારાં ચરણના સ્પર્શમાત્રથી આટલો મહિમા પ્રાપ્ત થયો છે. એવાં તમારાં ચરણકમળને વિષે હું ભક્તિથી વંદન કરૂં છું.[૪૫] હું ઘર, ધન વગેરે પદાર્થોમાંથી ચિત્ત ઉખેડીને ગાઢ પ્રેમયુક્ત થઈ તમારાં ચરણની સેવામાં જોડવા ઈચ્છું છું, તેના

तत्तेऽहं दृढतरभावतः पदाब्जं सेवे वै गृहधनतोऽपकृष्य चित्तम् ।
नेच्छामि ध्रुवममरादिभोगजातं त्वत्तोऽन्यत्तत इह मां सदा निधेहि ।। ४६

**सर्वाः स्त्रिय उचुः -**

अतिमनोहरं सर्वसुन्दरं तिलकलक्षणं चञ्चलेक्षणम् ।
विबुधवन्दितं स्वामिनाथ ! ते वपुरिहास्तु नो नित्यदर्शने ।। ४७
मदनमोहनं प्रेमदोहनं नयनगोचरं भक्तसञ्चरम् । भुवि सुदुर्लभं स्वामि० ।। ४८
निजजनैः सदा वाञ्छितं हृदा परसुखावहं हृत्तमोपहम् । परममङ्गलं स्वामि० ।। ४९
हृदयरोचनं बद्धमोचनं विगतशोचनं दीर्घलोचनम् । मृदुसिताम्बरं स्वामि० ।। ५०
मधुरभाषणं पुष्पभूषणं विजितदूषणं शोकशोषणम् । प्रहसदाननं स्वामि० ।। ५१

---

સિવાય બીજા દેવતાઓના ભોગને પણ ઈચ્છતી નથી. માટે મને તમારી સેવામાં સદાય નિવાસ આપો.[૪૬]

**સર્વે સ્ત્રીભક્તો સ્તુતિ કરતાં કહે છે :–** હે સ્વામિનાથ ! અમને અહીં ગઢપુરમાં મનોહર તમારી મૂર્તિનાં નિત્યે દર્શન થતાં રહે એવું માગીએ છીએ. તમારી આ મૂર્તિ અતિશય સુંદર, ઉર્ધ્વપુંડ્રતિલકથી શોભે છે, ચંચળ નેત્રોથી વિલસી રહી છે. બ્રહ્માદિ દેવતાઓ પણ આ મૂર્તિને હમેશાં વંદન કરે છે અને કામદેવને પણ મોહ પમાડે તેવી સુંદર છે. પ્રેમની પૂર્તિ કરનારી, અતિશય કરૂણાથી નિત્યે અમારાં નયન ગોચર વર્તે છે, ભક્તજનોની સાથે વિચરણ કરે છે. આ પૃથ્વી પર તમારી એક કરૂણા સિવાય યજ્ઞ, યોગ આદિ સો સો ઉપાયોથી પણ પ્રાપ્ત થવી દુર્લભ છે, માટે હે સ્વામીનાથ ! અમને અહીં ગઢપુરમાં તમારી મૂર્તિનાં નિત્ય દર્શન થતાં રહે.[૪૮] આ મૂર્તિનાં દર્શન કરવા ભક્તજનોનાં મન નિરંતર તલસે છે, આ મંગલમૂર્તિ પરમ ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત કરાવે છે, શરણે આવેલાના હૃદયના અંધકારનો વિનાશ કરે છે, સર્વમગલકારી પદાર્થોનું અને દર્શન કરનારનું મંગળ કરે છે, તથા અનાદિ માયાના બંધનમાં બંધાયેલા જીવોને મુક્ત કરે છે, દર્શન કરનારના શોકને તત્કાળ હરે છે, અને આનંદ આપે છે, કર્ણ પર્યંત લાંબા નેત્રોથી શોભી રહીછે, તેમજ કોમળ શ્વેતવસ્ત્રોને ધારી રહેલી આ મૂર્તિનાં હે સ્વામીનાથ ! અમને નિત્ય ગઢપુરમાં દર્શન થતાં રહે.[૪૯-૫૦]

હે સ્વામીનાથ ! તમારી આ મંગળમૂર્તિ મધુરવાણીનું ઉચ્ચારણ કરે છે, પુષ્પોના આભૂષણોથી શોભી રહી છે, સદાય દોષથી રહિત પોતાનું દર્શન કરનાર

कुसुमशेखरं कोमलान्तरं सदयदर्शनं दुःखकर्शनम् । विधिहरार्चितं स्वामि० ॥ ५२
परमपावनं लोकभावनं कुटिलकुन्तलं पुष्पकुण्डलम् । भवभयापहं स्वामि० ॥ ५३
सकलसिद्धिभिः सर्वऋद्धिभिः श्रितपदं सदा योगिभिर्मुदा । तदिदमेव हि स्वामि०॥ ५४
तव निवासतो दुर्गपत्तनं जयति भूतले सर्वतोऽधिक्रम् ।
भवदुपाश्रया मुक्तिरत्र यद्वसति सर्वदाऽन्यत्र दुर्लभा ॥ ५५
कुमतदुर्वनाद्घोरयौवनाद्रसनवृश्चिकाल्लोभलुब्धकात् ।
बहुतरापदो भूरिसम्पदो मुहुरिह त्वया रक्षिता वयम् ॥ ५६
प्रबलसंशयाद्दुष्टसंश्रयान्मदबिलेशयात्कुत्सिताशयात् ।
स्मरसरीसृपान्मानकोणपान्मुनिपते ! वयं मोचितास्त्वया ॥ ५७

**ભક્તજનોના સમગ્ર શોકનો વિનાશ કરે છે, મંદમંદ મુખહાસ્યથી અતિશય શોભી રહી છે, મસ્તક ઉપર પાઘમાં ધારણ કરેલા પુષ્પોના તોરાઓથી શોભી રહી છે, કોમળ અંતરવાળી, દયા ભરેલી દૃષ્ટિવાળી, ભક્તજનોનાં દુઃખને દૂર કરનારી છે, બ્રહ્મા, શિવ અને વિષ્ણુ આત્રણ દેવોદ્વારા અનેક પ્રકારના ઉપચારોથી વારંવાર પૂજા કરાયેલી છે, આવી તમારી મનોહર મૂર્તિનાં અહીં અમને નિત્યે દર્શન થતાં રહે.[૫૧-૫૨] હે સ્વામિનાથ ! તમારી આ મંગળમૂર્તિ પાવનકારી છે, લોકનું પાલન કરનારી, વાંકળીયા સ્નિગ્ધ કેશથી શોભી રહી છે, પુષ્પોનાં કુંડળને ધારણ કરનારી અને સંસારના ભયને દૂર કરનારી આ મૂર્તિ છે. જેના ચરણકમળનું સેવન સદાયને માટે સકલ રિધ્ધિ સિધ્ધિ તથા મુનિજનો પણ કરે છે, એવા હે સ્વામિનાથ ! તમારી મંગળમૂર્તિનાં સદાયને માટે અમને દર્શન થતાં રહે.[૫૩-૫૪]**

**હે શ્રીહરિ ! તમારા નિવાસને કારણે આ ગઢપુર નગર પૃથ્વી પર સકલ તીર્થો કરતાં પણ અધિક સર્વોત્તમ જયકારી પ્રવર્તે છે. કારણ કે અન્ય તીર્થોમાં જે સો સો સાધનોએ પણ મળવી દુર્લભ છે. એવી મુક્તિ તમારે આશરે રહેલી હોવાથી અહીં તે નિરંતર નિવાસ કરીને રહેલી છે તેથી મહા સુલભ છે.[૫૫] અને વળી તમે આલોકમાં અમારૂં કુમતિરૂપ અસત્ સંપ્રદાયરૂપી મહાઘોર જંગલથકી અને ભયંકર યુવાની થકી રક્ષણ કર્યું છે, સકલ ઈન્દ્રિયોને ક્ષોભ પમાડનાર રસનારૂપી વીંછીના ડંખથકી રક્ષણ કર્યું છે, લોભરૂપી ભયંકર વાઘ, ચિત્તા આદિ ભયંકર પ્રાણીઓથી, બહુ પ્રકારના રાગ, દ્વેષ, ઉદ્વેગ આદિ આપત્તિઓથી તથા પ્રચુર સમૃદ્ધિથી, વારંવાર રક્ષણ કર્યું છે. જેથી ઉપરોક્ત કોઈ અમને પરાભવ કરી**

अशुभभावतः क्रोधदावतो मृतिजनुर्भयात्पापदुर्नयात् ।
मधुमहाविषात्सर्वथामिषाद्यतिपते ! वयं रक्षितास्त्वया ।। ५८
विषयवारिधेस्तारिता यथा करुणया वयं भूरिशस्तथा ।
तव पदाम्बुजासक्तिविघ्नतः सततमेव नः पातुमर्हसि ।। ५९
क्वचन मानसं त्वत्पदाम्बुजाद्व्रजतु माऽन्यतो नाथ ! नः सदा ।
इति वयं मुहुः प्रार्थयामहे निजजनप्रियं त्वामधीश्वरम् ।। ६०

**सुव्रत उवाच–**

इति ताभिः स्वभक्ताभिर्योषाभिः संस्तुतो हरिः । प्रसन्नः सोऽभयं प्रादात्ताभ्यो भक्तपतिर्नृप ! ।। ६१

---

**શક્યા નથી. એવી સર્વ સુખમય વૃત્તિનું તમે અમને પ્રદાન કર્યું છે.[૫૬] હે મુનિપતિ ! પ્રબલ સંશયોરૂપી શલ્યોથી, ધર્મ ભ્રષ્ટ દુષ્ટપુરુષોના પ્રસંગથી, ધન તથા યુવાની આદિના મદરૂપી કાળા સર્પથી, માયિક વાસનાથી, દૂષિત અંતઃકરણથી તથા કામરૂપી મહાઅજગરથી, માનરૂપી મોટા રાક્ષસથી તમે અમારૂં રક્ષણ કર્યું છે.[૫૭] હે યતિપતિ ! અશુભ વાસનાથી, ક્રોધરૂપી દાવાનળથી, જન્મમરણના ભયથી, પાપરૂપ દુષ્ટનીતિથી, મદ્યરૂપી હળાહળ ઝેરથી, અનેક પ્રકારના માંસભક્ષણથી કરૂણા કરી તમે અમારૂં રક્ષણ કર્યું છે.[૫૮] જો તમે રક્ષા ન કરી હોત તો અમે કેવી રાક્ષસીવૃત્તિમાં જીવતા હોત ? માટે હે ભગવાન ! તમે કરૂણા કરીને વિષયરૂપી મહાસાગરથી રક્ષણ કર્યું છે, તે જ પ્રમાણે હવે તમારા ચરણકમળમાં અનુરાગ પ્રાપ્ત થતાં જે કોઈ અંતરાયો વિઘ્ન કરતા હોય તે થકી પણ સતત અમારૂં રક્ષણ કરો. એવી અમારી પ્રાર્થના છે.[૫૯] હે નાથ ! અમારૂં મન તમારા ચરણ સિવાય અન્ય કોઈ પણ પદાર્થમાં ક્યારેય પણ જાય નહિ, એવી અમારી પ્રાર્થના છે. પોતાના ભક્તજનોનું સદાય પ્રિય કરનાર, સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર એવા તમારા ચરણમાં વારંવાર પ્રાર્થના કરીએ છીએ.[૬૦]**

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે પોતાની ચરણસેવિકા સ્ત્રીઓએ ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી તેથી અતિશય પ્રસન્ન થયેલા ભક્તપતિ ભગવાન જયાબા આદિ સમસ્ત સ્ત્રીભક્તોને અભયવરદાન આપતા કહેવા લાગ્યા કે, હે ભક્તો ! તમારા સર્વના હૃદયમાં જે મનોરથ વર્તે છે તે પૂર્ણ થશે, એમાં તમારે કોઈ સંશય કરવો નહિ.[૬૧-૬૨] હે અબળાઓ ! દેહ કે દેહનાં માતા-પિતા આદિ**

**श्रीनारायणमुनिरुवाच–**

भवतीनां हि सर्वासां यो यो हृदिमनोरथः । वर्तते स स संपूर्णो भविष्यति न संशयः ॥ ६२
देहदैहिकसम्बन्धं दुस्त्यजं ह्यपि योगिभिः । मयि प्रेम्णा तृणमिव हित्वा मां भजथाबलाः ! ॥ ६३

**सुव्रत उवाच–**

इत्यादिभिः सुमधुरैर्वचनैर्विचित्रै स्तं तोषयन्तमृषिनायकमात्मनस्ताः
नत्वा नरेश ! वनिताः सकलास्तदानीं पप्रच्छुरेतदनघाश्च तदेकचित्ताः ॥ ६४

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे दुर्गपुर-स्थजयादियोषिन्मण्डलकृतभगवत्स्तुति-निरूपणनामा त्रिचत्वारिंशोऽध्यायः ॥४३॥**

---

**સંબંધીઓ તથા અન્ય પદાર્થોમાંથી સ્નેહનું બંધન તોડવું તે યોગીજનોને માટે પણ દુષ્કર છે. તે બંધન તમે તોડીને મારે વિષે જોડાયાં છો અને મારૂં ભજન સ્મરણ કરો છો તેથી તમારા મનનો મનોરથ ચોક્કસ પૂર્ણ થશે. એમાં કોઈ સંશય નથી.[૬૩]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે અનેક પ્રકારનાં મધુર વચનોથી તેઓને સંતોષ પમાડતા ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને નિર્દોષ તે સર્વે જયાબા આદિ વનિતાઓ ભગવાન શ્રીહરિના જ એક સ્વરૂપમાં ચિત્ત રાખી તેમને પ્રશ્નો પૂછવા લાગ્યાં.[૬૪]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં પ્રબોધનીના ઉત્સવ ઉપર દુર્ગપુરવાસી જયાબા આદિ સ્ત્રીનાં મંડળોએ કરેલી શ્રીહરિની સ્તુતિનું નિરૂપણ કર્યું, એ નામે તેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૩--***

## अथ चतुश्चत्वारिंशोऽध्यायः - ४४

जयादय ऊचुः-

नारायणमुने ! स्वामिन् ! भक्तवत्सल ! सत्पते ! । पृच्छामस्त्वां वयं किञ्चित्कृपया तच्छृणु प्रभो ॥ १
त्वां प्रसादयितुं प्रोक्ताः शास्त्रेषु बहवो गुणाः । दानयज्ञतपोयोगजपच्छन्दोव्रतादयः ॥ २
तेषु मुख्योऽस्ति कः स्वामिन् ! येन संसेवितेन वै । नितरां त्वं प्रसन्नः स्याः स्वभक्तेभ्यो वरप्रदः ॥ ३
प्राप्तेन येन चैकेन प्राप्ताः स्युः सकला गुणाः । अप्राप्ते च गुणे यस्मिन् गतास्युरपरे गुणाः ॥ ४
वयं वेदितुमिच्छामः सर्वास्तं त्वदुपासिकाः । वक्तुमर्हसि तस्मात्त्वं वासुदेव ! सुनिश्चितम् ॥ ५

श्रीनारायणमुनिरुवाच-

भक्त्यैवाहं प्रसन्नः स्यां यथा भक्तास्तथेतरैः । साधनैर्नैव तुष्यामि जानीतेति सुनिश्चितम् ॥ ६
दानयज्ञतपोयोगजपच्छन्दोव्रतादिभिः । तुष्येय सत्कृतैः किन्तु यथा भक्त्या न तैस्तथा ॥ ७

---

## અધ્યાય - ૪૪

### ભગવાનને અતિશય પ્રસન્ન કરવાના સાધનસ્વરૂપે માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિનું કરેલું નિરૂપણ.

જયાબા આદિ સ્ત્રી ભક્તજનો પૂછે છે, હે નારાયણમુનિ ! હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! હે સંતોના પતિ ! હે પ્રભુ ! અમને કાંઈક પૂછવું છે, તે કૃપા કરીને તમે સાંભળો.[૧] હે ભગવાન ! તમને રાજી કરવા માટે શાસ્ત્રોમાં દાન, યજ્ઞ, તપ, યોગ, જપ, સ્વાધ્યાય અને વ્રત વિગેરે અનેક ગુણો સાધનરૂપે કહેલાં છે.[૨] તે સર્વે સાધનોને મધ્યે એક એવો કયો ગુણ છે કે જેનું સેવન કરવાથી ભક્તજનોને ઈચ્છિત વરદાન આપનારા તમે અત્યંત પ્રસન્ન થાઓ.[૩] વળી હે ભગવાન ! એવો એક ગુણ અમને બતાવો કે એક ગુણને પ્રાપ્ત કરવાથી બીજા સમગ્ર ગુણોની આપોઆપ પ્રાપ્તિ થાય, અને જો તે એક ગુણ પ્રાપ્ત ન થાય તો બીજા પ્રાપ્ત કરેલા સર્વે ગુણો નકામા થઈ જાય. એવો કયો એક ગુણ છે.[૪] હે વાસુદેવ ! તમારી ઉપાસના કરનારી અમે સર્વે બહેનો તમને પ્રસન્ન કરવાનો મુખ્યગુણ જાણવા ઈચ્છીએ છીએ, તેથી તમે જે નિર્ણય કરેલો હોય તે અમને જણાવો .[૫]

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્ત બહેનો ! જેવો હું ભક્તિરૂપી સાધનથી પ્રસન્ન થાઉ છું, તેવો બીજા કોઈ સાધનથી પ્રસન્ન થતો નથી, એમ તમે જાણો.[૬] હે બહેનો ! સારી રીતે શુદ્ધભાવથી કરવામાં આવેલાં દાન, યજ્ઞ, તપ, યોગ, જપ, સ્વાધ્યાય અને વ્રત વગેરે સાધનોથી હું પ્રસન્ન જરૂર થાઉં છું. પરંતુ

न विप्रत्वं न देवत्वं नोत्कृष्टं जन्म चापरम् । मत्प्रीतिकारणं किन्तु भक्तिरेकास्ति सर्वथा ॥ ८
स्नेहेन सेवनं यत्तु माहात्म्यज्ञानपूर्वकम् । तदेव लक्षणं ज्ञेयं भक्तेरिह महाव्रताः ! ॥ ९
नराकृतिरपि कृष्णः सकलैश्वर्यसंयुतः । दिव्यविग्रह एवेति माहात्म्यं ज्ञेयमस्य च ॥ १०
तादृग्भक्तिगुणे प्राप्ते प्राप्ताः सर्वे गुणाः किल । भवन्ति तस्मिंश्चाप्राप्ते गता इव परे गुणाः ॥ ११
क्रियमाणापि भक्तिस्तु माहात्म्यज्ञानमन्तरा । न वर्धते न च गुणास्तं भजन्ति शमादयः ॥ १२
साप्यारम्भदशायां तु वर्धमानापि निर्बला । ध्रुवं नश्यति तारुण्यात्प्राक् स्त्रीव क्षयरोगिणी ॥ १३
तस्यां च क्षीयमाणायां प्रागुपात्ताः परे गुणाः । रक्ष्यमाणा अपि बलाद्ध्रियन्त्येव न संशयः ॥ १४
माहात्म्यज्ञानपूर्वं सा क्रियमाणा त्वनुक्षणम् । विवर्धतेऽतिबलिनी दाववह्निशिखा यथा ॥ १५
तपोमुख्याश्च नियमा ब्रह्मचर्यादयो यमाः । तथा शमदमाद्याश्च प्रोच्यन्ते विबुधैर्गुणाः ॥ १६

---

જેવો ભક્તિથી પ્રસન્ન થાઉં છું, તેવો તે સાધનોથી થતો નથી.[૭] મને પ્રસન્ન કરવામાં બ્રાહ્મણપણું કે દેવપણું કાંઇ કામ આવતું નથી.દીક્ષાદિ ગ્રહણ કરવા રૂપ સાધનો પણ કામ આવતાં નથી, પરંતુ કેવળ એક સર્વોત્તમ અનન્ય ભક્તિ જ મને પ્રસન્ન કરવાનું સર્વશ્રેષ્ઠ સાધન છે.[૮] હે મહાવ્રતને ધારણ કરનારી બહેનો ! માહાત્મ્યજ્ઞાન પૂર્વક કોઇનાથી પણ રોકી ન શકાય તેવા પ્રેમની સાથે નવપ્રકારે મારી જે સેવા કરવી તેને જ ભક્તિનું લક્ષણ જાણવું.[૯] કૃષ્ણ એવા અમે મનુષ્યાકૃતિમાં હોવા છતાં અહીં પણ અક્ષરધામમાં રહેલા દિવ્ય ઐશ્વર્ય અને પાર્ષદોએ સહિત સદાય દિવ્ય સ્વરૂપે રહેલા છીએ. આવી રીતનું અમારૂં માહાત્મ્ય જાણવું.[૧૦] આવા પ્રકારનો મહાત્મ્યનો એક ગુણ પ્રાપ્ત થાય તો બીજા સર્વે ગુણો આપોઆપ પ્રાપ્ત થાય છે. જો ભક્તિ પ્રાપ્ત ન થાય તો બીજા ગુણો હોવા છતાં નહીં જેવા જ જાણવા.[૧૧]

હે બહેનો ! પ્રતિદિન ભક્તિનું આચરણ કરે પરંતુ જો મહાત્મ્યજ્ઞાન ન હોય તો તે ભક્તિ વૃદ્ધિ પામતી નથી. માહાત્મ્ય જ્ઞાન વિના કેવળ ભક્તિ કરનારા ભગવાનના ભક્તને શમ, દમાદિ ગુણો પ્રાપ્ત થતા નથી.[૧૨] તે પ્રારંભિક દશામાં બહુજ વૃદ્ધિ પામેલી જણાય છે. પરંતુ જેમ ક્ષયરોગથી ઘેરાયેલી કન્યા યુવાન થતાં પહેલાંજ મૃત્યુ પામે છે, તેમ માહાત્મ્યજ્ઞાન વિનાની ભક્તિ પણ વૃદ્ધિ પામ્યા પહેલાંજ ક્ષીણ થઇ જાય છે. ભક્તિનો ક્ષય થતાં પૂર્વે ભક્તિની સિદ્ધિ માટે સંપાદન કરેલા તપ આદિ ગુણો પણ રહેવા સમર્થ થતા નથી, પણ વિનાશ પામી જાય છે. તેમાં કોઇ સંશય નથી.[૧૩-૧૪] જો માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ કરવામાં આવે તો તે વનમાં લાગેલા દાવાનળની જેમ ક્ષણે ક્ષણે અતિશય બલવાન થતી જાય છે.[૧૫]

माहत्म्यज्ञानहीनो हि तेषु चैकतमो गुणः । न तिष्ठेन्मनुजे तर्हि कुतः सर्वगुणा तु सा ॥ १७
विज्ञातं येन माहात्म्यं यावत्तस्य तु तावती । श्रद्धा कृष्णे भवेत्स्याच्च भक्तिः श्रद्धानुरूपिणी ॥ १८
विज्ञाय तस्य माहात्म्यं श्रद्धया या कृता दृढम् । भक्तिः सैकैव मेऽत्यन्तं प्रसन्नत्वस्य कारणम् ॥ १९
भवतीनां तु सर्वासामस्ति माहात्म्यवेदनम् । किन्तु तद्दृढतासिध्यै श्रोतव्याः सत्कथाः सदा ॥ २०
वेदेषु कृष्णमाहात्म्यं वर्णितं वर्तते भृशम् । दुर्ज्ञेयो हि तदर्थस्तु विद्वद्भिरपि सर्वथा ॥ २१
तेनैवातस्तदर्थस्तु व्यासरूपेण सद्धियः! । पुराणेष्वितिहासे च सुज्ञेयोऽस्ति निरूपितः ॥ २२
सारः सर्वपुराणादेः श्रीमद्भागवतं स्त्रियः ! । तस्यापि दशमस्कन्धः सार इत्यस्ति मे मतम् ॥ २३
कृष्णाकारस्य तत्रास्ति स्थापनं भक्तिधर्मयोः । आश्रयस्येत्यसौ नूनं मया सर्वाधिको मतः ॥ २४

---

તપ વગેરે નિયમો, બ્રહ્મચર્ય વિગેરે યમો, શમ, દમાદિક સાધનોને ભગવદ્ ભક્ત જ્ઞાની પુરુષોએ સદ્‌ગુણો કહ્યા છે.[૧૬] તે ગુણોની મધ્યે એક પણ ગુણ ભગવાનના માહાત્મ્યજ્ઞાન વિનાનો હોય તો મનુષ્યની અંદર સ્થિર થતો નથી. જો ભક્તિના અંગભૂત ગુણ જ સ્થિર ન થાય તો માહાત્મ્ય-જ્ઞાન વિના સર્વ ગુણોની આધારભૂત તે ભક્તિ કેવી રીતે સ્થિર થઈ શકે ?.[૧૭]

હે બહેનો ! જે ભક્તજન જેટલું ભગવાનનું માહાત્મ્ય સમજે છે, તેને તેટલી શ્રદ્ધા પ્રગટે છે. પછી તે શ્રદ્ધા દ્વારા પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ પ્રગટ થાય છે.[૧૮] આ રીતે ભગવાનનું માહાત્મ્યજ્ઞાન સારી પેઠે સમજીને શ્રદ્ધાથી મજબૂત થયેલી ભક્તિ જો કરવામાં આવે તો તે એક ભક્તિ જ મને અતિશય પ્રસન્ન કરવાનું સાધન સિદ્ધ થાય છે.[૧૯] તમે સર્વે મારા ભક્ત છો, અને તમારા અંતરમાં મારૂં માહાત્મ્ય પણ રહેલું છે. પરંતુ જો તેને વૃદ્ધિ પમાડવું હોય તો સદાય સત્શાસ્ત્રોની કથાનું શ્રવણ કરવું.[૨૦] શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય વેદોમાં પણ વર્ણવ્યું છે, પરંતુ વેદોના અર્થો સમજવા તેતો વિદ્વાનને પણ અતિશય કઠિન છે.[૨૧] એથી વ્યાસસ્વરૂપ પ્રગટ થયેલા અક્ષરધામાધિપતિ ભગવાન શ્રીકૃષ્ણે જ વેદોના અર્થોને ભાગવતાદિ અઢાર પુરાણોમાં તથા મહાભારતાદિ ઈતિહાસોમાં સુખપૂર્વક બોધ થાય તે રીતે સરળતાથી નિરૂપણ કર્યા છે.[૨૨]

હે સ્ત્રીભક્તજનો ! શ્રીમદ્‌ભાગવત પુરાણ સમગ્ર પુરાણો અને સત્શાસ્ત્રોના સારભૂત છે. તેમાં પણ દશમસ્કંધ, તે તો સારમાં પણ સાર છે, એવો મારો મત છે.[૨૩] કારણ કે તે દશમસ્કંધને વિષે ભક્તિ તથા ધર્મના સાધનરૂપ દિવ્ય મનુષ્ય શરીરે જણાતા આપણા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનું અતિશય પ્રતિપાદન

तस्मादवश्यं श्रोतव्यः पठनीयश्च सोऽन्वहम् । माहात्म्यज्ञानदार्ढ्यं स्यात्ताभ्यां भक्तिश्च वर्धते ॥ २५

सुव्रत उवाच-

इति श्रुत्वा भगवतो वाक्यं ता योषितोऽखिलाः । लब्ध्वैव परमानन्दं सादरं तं ववन्दिरे ॥ २६
ततो भगवताऽऽज्ञप्तास्ता ययुः स्वस्वमन्दिरम् । तद्गुणानेव गायन्त्यश्चक्रुः कर्म च नैत्यकम् ॥ २७
नारायणश्च सकलान्भक्तानानन्दयन्निजान् । उवास मन्दिरे स्वीये श्रेयोमूर्तिः स सत्पतिः ॥ २८
नृपतिरुत्तम आप्तमनोरथो भगवतः कृपया खलु तस्य सः ।
अचलभक्तिभरेण तमन्वहं परिचचार नरेश ! गतस्मयः ॥ २९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे भगवदतितोषकगुणनिरूपणनामा चतुश्चत्वारिंशोऽध्यायः ॥४४॥*

---

**કરેલું છે. તેથી દશમસ્કંધને મેં સર્વ કરતાં અધિક માન્યો છે.[૨૪] તેથી પ્રતિદિન તેનું અવશ્ય શ્રવણ-વાંચન કરવાથી ભગવાનના માહાત્મ્યજ્ઞાન પૂર્વકની ભક્તિ વધુ દૃઢ થાય છે અને વૃદ્ધિ પામે છે.[૨૫]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિના વચનો સાંભળી જયાબા આદિ સ્ત્રીભક્તજનો પરમ આનંદ પામી, તેમજ પુનઃ આદરપૂર્વક ભગવાન શ્રીહરિને પ્રણામ કરવા લાગી.[૨૬] ત્યારપછી ભગવાન શ્રીહરિની આજ્ઞા થતાં સર્વે બહેનો પોતપોતાના ભવનમાં ગઈ, અને ભગવાન શ્રીહરિકૃષ્ણના ગુણ ચરિત્રોનું ગાયન કરતી કરતી પોતાનાં નિત્ય કર્મરૂપ ભક્તિમાં ભગવાનની માળા જપવી, રસોઇ કરી સંતોને જમાડવા, પોતાના દરબારમાં રહેલા દેશાંતરવાસી ભક્તજનોના કે સ્ત્રીઓના ભોજનનો પ્રબંધ કરવો વગેરે ભક્તિમાં પ્રવૃત્ત થઇ ગઈ.[૨૭] હે રાજન્ ! કલ્યાણમૂર્તિ સંતોના સ્વામી, ભગવાન શ્રીનારાયણ પણ પોતાના ઉત્તમાદિ સમગ્ર ભક્તજનોને આનંદ આપતા પોતાના મંદિરમાં નિવાસ કરીને રહ્યા.[૨૮] હે નરેશ ! ભગવાન શ્રીહરિની કૃપાથી જેમના મનોરથ સર્વે પૂર્ણ થયા છે, એવા ઉત્તમરાજા કોઈ પણ જાતનો ગર્વ કર્યા વિના અતિશય દૃઢ ભક્તિભાવથી શ્રીહરિની પ્રતિદિન સેવા કરવા લાગ્યા.[૨૯]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિનું નિરૂપણ કર્યું, એ નામે ચુમાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૪--***

अथ पञ्चचत्वारिंशोऽध्यायः - ४५

सुव्रत उवाच-

अथ ता भगवद्भक्ता योषितः सकला नृप ! । समेता अभवन्सायं ललितायास्तु मन्दिरे ॥ १
विशाले मन्दिरे तत्र हरिनामध्वनिं ततः । मुहूर्तं चक्रिरे हर्षात्कुर्वन्त्यस्तालिकाध्वनिम् ॥ २
नाममन्त्रं भगवतो जप्तुं ताः शुचयः स्त्रियः । गृहीतमालिकाः सर्वा निषेदुश्चासनेष्वथ ॥ ३
धौतवस्त्रपरीधानाः स्वस्तिकासनमास्थिताः । ऋजुकायाश्चिन्तयन्त्यो यथादृष्टं हरिं हृदि ॥ ४
विशुद्धहृत्प्रस्फुरिते भगवद्वपुषि स्वकम् । मनः संयोज्य तन्मन्त्रं जपन्ति स्म स्थिरेक्षणाः ॥ ५
ध्यानस्थिता रमा तत्र जया च ललिताऽमरी । अमला कमलाद्यास्ताश्चित्रयोषा इवाभवन् ॥ ६
भगवन्मूर्तिसंलग्नमनःसु स्त्रीषु तासु च । इत्थं स्थितासु तत्रैकमाश्चर्यं नृपतेऽभवत् ॥ ७

---

# અધ્યાય - ૪૫

## અન્નકૂટ તથા પ્રબોધનીના ઉત્સવમાં સ્ત્રીભક્તોએ કરેલી સેવાથી પ્રસન્ન થયેલાં ભક્તિદેવીનું પ્રત્યક્ષ દર્શન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાનની ભક્ત તે સર્વે રમાદિ સ્ત્રીઓ સાયંકાળના સમયે લલિતાબાના ભવનમાં ભેળી થઈ.[૧] તે વિશાળ ભવનમાં અતિશય હર્ષપૂર્વક તાલીઓના ધ્વનિ સાથે એક મુહૂર્ત પર્યંત ભગવાન શ્રીહરિનું નામ સંકીર્તન કર્યું.[૨] પછી હાથ-પગ, મુખ ધોઈ પવિત્ર થઈ રમાબા આદિ સ્ત્રીભક્તજનો જમણા હાથમાં માળા લઈ ભગવાન શ્રીહરિના નામમંત્રનો જપ કરવા માટે પોતાનાં શ્વેત કંબલના આસનો ઉપર બેઠાં.[૩] સરળપણે અને સ્વભાવે ડોક અને મસ્તકને સ્થિર રાખી સ્વસ્તિક આસને બેઠેલી સર્વે બહેનોએ ધોયેલાં પવિત્ર વસ્ત્રો ધારણ કર્યાં હતાં અને ભગવાન શ્રીહરિનાં આજે જે સ્વરૂપમાં દર્શન કર્યાં હતાં, તે સ્વરૂપનું પોતાના હૃદયમાં ચિંતવન કરવા લાગી.[૪] સ્થિર દૃષ્ટિ રાખી વિશુદ્ધ અંતઃકરણમાં સ્ફુરાયમાન થયેલા પ્રગટ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપમાં પોતાના મનને જોડી તેમના મંત્રનો જપ કરી રહી હતી.[૫] તે સમયે રમાબા, જયાબા, લલિતાબા, અમરીબા, અમલાબા આદિ સ્ત્રીભક્તજનોનાં શરીર જાણે ચિત્રમાં આલેખાયેલાં હોય તેમ સ્થિર થયાં હતાં.[૬]

હે રાજન્ ! આ પ્રમાણે સ્ત્રીભક્તજનો ધ્યાનાવસ્થામાં બેસી સ્ફુરાયમાન થયેલી શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન થઈ જપ કરી રહી હતી તેવામાં તે સ્થળે એક

तासां तपःस्थभक्तानां मध्य आविर्बभूव ह । सहसा तेजसः पुञ्जः स च द्राग्व्याप तद्गृहम् ॥ ८
अयुतेन्दुप्रतीकाशं घनीभूतं च तन्महः । बभौ पिञ्जितकार्पासचयश्वेतं मनोहरम् ॥ ९
तस्मिन् गृहेऽथ तत्तेजो वियत्याकस्मिकाभ्रवत् । प्रादुर्भूतमपि स्थैर्यं प्राप विद्योतयद्दिशः ॥ १०
सप्तस्वरास्त्रयो ग्रामा मूर्च्छनाश्चैकविंशतिः । नादो बहुविधश्चासीत्तस्मिञ्छ्रोतृमनोहरः ॥ ११
स्वमाधुर्येणाचकृषत् स तासामपि योषिताम् । मानसं भगवन्मूर्तेर्बहिरित्यद्भुतं महत् ॥ १२
ससम्भ्रमं ततस्ताश्च ददृशुस्तन्महन्महः । साश्चर्यं शुश्रुवुर्नादान् तस्मिंश्च मधुरान्नृप ! ॥ १३
सादरं वीक्षमाणासु योषास्वित्थं रमादिषु । तस्मिन्नदृश्यतैका स्त्री दिव्यरूपा मनःप्रीया ॥ १४
दिव्यकौसुम्भवसना दिव्यालङ्कारमण्डिता । रूपानुरूपावयवा प्रसन्नमुखपङ्कजा ॥ १५
सुवर्णगौरी तन्वङ्गी सर्वावयवसुन्दरा । समानकर्णाभरणा सुकपोलोन्नसानना ॥ १६

---

આશ્ચર્ય સર્જાયું.[૭] ભગવદ્‌ભક્ત તપોનિષ્ઠ રમાબા આદિ સ્ત્રીઓની મધ્યે એકાએક પ્રગટ થયેલો તેજનો પુંજ સમગ્ર ભવનમાં વ્યાપી ગયો.[૮] એક સાથે ઉદય પામેલા હજારો ચંદ્રમા સરખા પ્રકાશવાળો, અત્યંતઘાટો, રૂના ઢગલા જેવો શ્વેત, અને મનોહર તે પુંજ ચારે તરફ પ્રસરી શોભવા લાગ્યો.[૯] આકાશમાં ઉદય પામેલાં ઘાટાં વાદળાંની સમાન દશેદિશાને પ્રકાશિત કરતા તે તેજપુંજના મધ્યે સપ્તસ્વર, ત્રણ પ્રકારના ગ્રામ, એકવીશ પ્રકારની મૂર્છના, બહુપ્રકારના રાગ અને કર્ણપ્રિય ગાન સાથે દિવ્ય સંકીર્તનનો નાદ સંભળાતો હતો.[૧૦-૧૧] તે નાદ સ્વરની માધુર્યતાથી શ્રીહરિના ધ્યાનમાં તલ્લિન થયેલાં રમાબા આદિ સ્ત્રીભક્તોના ચિત્તને ભગવાન શ્રીહરિની મૂર્તિમાંથી બહારના પ્રદેશમાં અતિશય આકર્ષી રહ્યો હતો. કોઈ દિવસ ન થાય તેવું થતાં સૌને આશ્ચર્ય થવા લાગ્યું.[૧૨]

હે રાજન્ ! પછી રમાબા આદિ સ્ત્રી ભક્તો પોતાના મનમાં અતિશય વિહ્વળ થઈ મહા તેજોરાશીને નિહાળતી તેજના મધ્યે થતાં મધુર ગીત ધ્વનિને આશ્ચર્યપૂર્વક સાંભળવા લાગી. તેવામાં તે તેજના પુંજને મધ્યે મનને પ્રિય સુંદર દિવ્ય આકૃતિવાળી એક સ્ત્રીનું દર્શન થયું.[૧૩-૧૪] તે સ્ત્રીએ દિવ્ય કસુંબલ વસ્ત્રો ધારણ કર્યાં હતાં અને દિવ્ય અલંકારોથી વિભૂષિત હતી, પોતાના રૂપને અનુરૂપ પરસ્પર સ્પર્ધા કરે તેવાં સુંદર અવયવો હતાં, મુખ પ્રસન્ન જણાતું હતું.[૧૫] શરીરનો વર્ણ સુવર્ણ સમાન ચળકતો ગૌર હતો, શરીર કૃશ હતું, કાનમાં સમાન આકારનાં આભૂષણો ધારણ કર્યાં હતાં, સુંદર ગાલ અને દીર્ઘ નાસિકાવાળું નવયૌવનના લીધે વૃદ્ધિ પામેલા સ્તનનો વિસ્તાર અને કૃશ ઉદર અનુપમ હતાં. મુખકમળની

नवयौवननिर्वृत्तस्तनभारकृशोदरी । मुखामोदानुरक्तालिझङ्कारोद्विग्नलोचना ॥ १७
बिभ्रती केशभारेण मालामुत्फुल्लमल्लिकाम् । सव्रीडसुस्मितोत्क्षिप्तभ्रूविलासावलोकना ॥ १८
विरजाम्बरसंवीतनितम्बद्वीपशोभया । काञ्च्याऽतिशोभना वल्गुचरणस्वर्णनूपुरा ॥ १९
रत्नेन्द्रकण्ठाभरणा करकङ्कणभूषिता । मोहयन्ती मनांसि स्वलावण्येनापि योषिताम् ॥ २०
वादयन्ती विपञ्चीं स्वां सख्यानुपूरितस्वरा । मानं हरन्ती गीत्येव गन्धर्वाप्सरसामपि ॥ २१
प्राक्तनानि चरित्राणि नारायणमुनेर्मुदा । गायन्तीं तां समीक्ष्यैव मुमुहुः सकलाः स्त्रियः ॥ २२
ततो वितर्कयन्ति स्म दिव्यां तां प्रमदां प्रति । इयं किंनु भवेल्लक्ष्मी राधा वापि सरस्वती ॥ २३
सावित्री वापि शर्वाणी स्वर्गलक्ष्मीश्च वा किमु । अन्या वा देवता काचित्समायातेयमत्र किम् ॥ २४

---

સુગંધમાં લોભાઈને ચોમેરથી ઊડી રહેલા ભમરાઓના ઝંકારથી સંભ્રમિત વિશાળ ચંચળનેત્રો અતિશય શોભતાં હતાં.[૧૬-૧૭] ખીલેલા મોગરાના પુષ્પની વેણી કેશમાં ધારણ કરી હતી, તે સ્ત્રી લજ્જાએ યુક્ત મંદમંદ મુખહાસ્યને કારણે કંપાયમાન થતી બન્ને ભ્રૂકુટિના વિલાસથી અતિશય દર્શનીય જણાતી હતી.[૧૮] તેમજ સ્વચ્છ વસ્ત્રથી ઢંકાયેલા બન્ને નિતંબ વિશાળ દ્વિપની જેમ શોભી રહ્યા હતા અને તેમના ઉપર કેડની સુંદર સુવર્ણની કટિમેખલા ધારણ કરી હતી. સુવર્ણના ઝાંઝરથી અલંકૃત બન્ને દિવ્ય ચરણ સુંદર જણાતાં હતાં.[૧૯] કંઠમાં રત્નજડિત દિવ્ય આભૂષણો ધારણ કર્યાં હતાં, હાથમાં ધારણ કરેલાં કંકણોથી તે સ્ત્રી અતિશય શોભતી હતી, અને પોતાના રૂપની લાવણ્યતાથી પોતાનું દર્શન કરી રહેલી રમાબા આદિ સ્ત્રીભક્તજનોના મનને મોહ ઉપજાવી રહી હતી.[૨૦] તે સ્ત્રી વીણાને મધુર સ્વરથી વગાડી રહી હતી, તે સમયે તેમની સાથેની સખીઓ મધુર કંઠથી સુર પૂરાવતી હતી. તેથી એવું સુમધુર ગાન થતું હતું કે જેને સાંભળીને ગંધર્વોએ સહિત અપ્સરાઓ પણ પોતાનો ગર્વ છોડી દે.[૨૧] આ રીતે ભગવાન શ્રીનારાયણમુનિના પૂર્વ અવતાર શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રનું અતિશય આનંદ પૂર્વક ગાયન કરી રહેલી એ દિવ્ય સ્ત્રીનાં દર્શન થતાં રમાબા આદિ સર્વે સ્ત્રીઓ મોહ પામી ગઈ.[૨૨]

હે રાજન્ ! ત્યારપછી તે દિવ્ય સ્ત્રી પ્રત્યે રમાબા આદિક સ્ત્રીઓ તર્ક વિતર્ક કરવા લાગી કે આ સ્ત્રી શું સ્વયં લક્ષ્મીજી હશે ? કે પછી સ્વયં રાસેશ્વરી રાધા હશે ? અથવા વાણીની દેવતા સ્વયં સરસ્વતી દેવી હશે ? કે બ્રહ્મા પત્ની સ્વયં સાવિત્રી તો નહિ હોય ને ? અથવા સ્વયં પાર્વતીજી તો નહિ આવ્યાં હોય ને ? કે સ્વર્ગની લક્ષ્મી સ્વયં અહીં આવી હશે કે શું ? કે અન્ય કોઈ દેવતાઈ સ્ત્રી આવી

नारायणमुनेः किंवा निरता पादसेवने । साक्षान्मुक्तिरियं दत्ते कृपया नः स्वदर्शनम् ॥ २५
किंवा भगवता पूर्वं मोहनार्थ शिवस्य यत् । गृहीतं मोहिनीरूपं तत्तेनैव प्रदर्श्यते ॥ २६
तद्रूपगानमाधुर्यमोहिता इति ताः स्त्रियः । बहुधा तर्कयन्त्योऽपि निश्चयं नापुरञ्जसा ॥ २७
उत्सुका अपि तां प्रष्टुं तेजसाऽस्याः प्रधर्षिताः । ताः स्त्रियः शेकिरे नैव वक्तुं किञ्चिदपि ध्रुवम् ॥ २८
विरक्तास्वग्रगण्याथ रमापि स्वं मनोहरिम् । विहाय तद्गतं बुद्ध्वा चिन्तयामास चेतसि ॥ २९
अहो अत्यद्भुतं ह्येतन्ममापि सुदृढं मनः । अस्यां योषित्यभूल्लुब्धं सद्यो दर्शनमात्रतः ॥ ३०
एकं हरिं विना क्वापि ब्रह्माण्डेऽत्र नराकृतौ । क्वापि मोहं न यत्प्राप मोहितं कत्कथं स्त्रियाम् ॥ ३१
ऐहिके च सुखे क्वापि तथा वै पारलौकिके । विरक्तं मानसं यन्मे तत्कथं मुह्यति स्त्रियाम् ॥ ३२
अलौकिकेषु यत्पुंसु स्त्रीषु धामसु भूरिषु । नाभूत्समाधिदृष्टेषु सक्तं क्वापि मनो मम ॥ ३३

---

હશે ? અથવા શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણકમળનું નિરંતર સેવન કરનારી અને ચરણમાં સદાય આસક્ત રહેતી મૂર્તિમાન સાક્ષાત્ મુક્તિદેવી શું આપને પોતાનું દર્શન દેવા આવી હશે ? અથવા પૂર્વે ભગવાન શિવજીને મોહ પમાડવા જે મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું એજ સ્વરૂપે આપણને દર્શન આપવા આવ્યા હશે કે શું ?.[૨૩-૨૬]

આ પ્રમાણે દિવ્ય સ્ત્રીની રૂપમાધુરી તથા ગીતમાં મોહ પામેલી રમાદિ સ્ત્રીભક્તો બહુ પ્રકારના તર્ક વિતર્ક કરવા લાગી, છતાં કોઈ નિર્ણય ઉપર આવી શકી નહિ, કે આ સ્ત્રી કોણ હશે ?[૨૭] પછી તે સ્ત્રીને પૂછવા માટે અતિ ઉત્કંઠા વાળી થઈ, કે તમે કોણ છો ? છતાં પણ પૂછવા સમર્થ થઈ શકી નહિ.[૨૮]

હે રાજન્ ! શ્રીહરિ સિવાય જેનું ચિત્ત કદાપિ ક્યાંય ગયું નથી, એવાં વૈરાગી તથા સ્ત્રીઓમાં અગ્રેસર રમાબા પણ પોતાનું મન પોતાના પ્રાણપ્રિય ભગવાન શ્રીહરિને છોડીને તે સ્ત્રીમાં ગયેલું જાણીને બહુ ચિંતા કરવા લાગ્યાં કે, અહો.......શ્રીહરિમાં સુદઢ જોડાયેલું મારૂં મન આ સ્ત્રીનાં દર્શન કરવા માત્રથી એજ ક્ષણે તેમાં લોભાણું કેમ ? તેથી મને ખૂબ આશ્ચર્ય થાય છે. કારણ કે ભગવાન વિના કોઈનામાં પણ મારૂં મન ક્યારેય પણ મોહ પામ્યું નથી. તો પછી આજ આ સ્ત્રીને વિષે કયા કારણથી મોહ પામ્યું છે ? મારૂં મન આલોક કે પરલોક સંબંધી કોઈ પણ સુખમાં આસક્તિએ રહિત છે છતાં આ સ્ત્રીમાં મોહ કેમ પામે છે ?.[૨૯-૩૨] મેં સમાધિમાં અનેક અલૌકિક સ્ત્રી-પુરુષોને જોયા છે. તેમાં પણ ક્યારેય આસક્ત થયું નથી.[૩૩] તો પછી આજે ભગવાન શ્રીહરિકૃષ્ણનું ધ્યાન છોડીને દર્શન માત્રથી

तदस्यां योषिति कथं त्यक्त्वैव हरिचिन्तनम् । सद्य एवाभवल्लुब्धामित्याश्चर्यं महन्ननु ॥ ३४
हरेरन्यत्र मे चित्तं जयाललितयोरपि । अमर्यादेश्च न क्वापि सज्जेतेत्यस्ति निश्चयः ॥ ३५
तस्मादिदं हरेरेव किञ्चित्कर्तव्यमस्ति वै । अन्यथा कः समर्थः स्यान्मनो मोहयितुं हि नः ॥ ३६
सान्निध्येऽपि स्त्रिया नित्यं स्वचित्ताक्षोभसम्भवम् । दर्पं यथाहरच्छम्बोर्मोहिनीरूपधृद्धरिः ॥ ३७
तथैवास्मत्परीक्षार्थं तादृग्रूपधरः पुनः । हरिरेव मनो नूनमस्माकं मोहयत्यसौ ॥ ३८
छलयन्तं निजा भक्ता अस्मान्रूपान्तरेण हि । पृच्छेयैनां कस्य पुत्री कस्य भार्येति नर्मणा ॥ ३९
इति निश्चित्य मनसा सा रमाऽतिदृढव्रता । पप्रच्छ नत्वा विनयाद्गायन्तीं तां हरेर्गुणान् ॥ ४०

**रमोवाच-**

नारायणि ! नमस्तुभ्यं मनोनयननन्दिनि ! । कासि कस्यासि पुत्री त्वं भार्या कस्यासि सुन्दरी ॥ ४१
भक्तानां स्वात्मनि मनः कर्षन्ती कापि देवता । नूनं भवसि मातस्त्वं ब्रूहि नः स्वचिकीर्षितम् ॥ ४२

---

**આ સ્ત્રીને વિષે કેમ લોભાય છે ? મારા માટે આ આશ્ચર્યની વાત છે.[૩૪] કારણ કે જયા, લલિતા, અમરી, રમા આદિ આ સર્વે સ્ત્રીઓનાં ચિત્ત ભગવાન શ્રીહરિને છોડીને ક્યાંય આસક્ત થાય જ નહિ, તેવો એને દૃઢ વિશ્વાસ છે.[૩૫] માટે અમારા પ્રાણ પ્રિય ભગવાન શ્રીહરિનું જ કંઈક કર્તવ્ય છે, એ નક્કી છે. નહીંતર અમારા મનને મોહ ઉપજાવવા કોણ સમર્થ થઈ શકે ?[૩૬] જેમ સતી પાર્વતીનું સદાય સાનિધ્ય હોવા છતાં મારા ચિત્તને કોઈ ક્ષોભ ન પમાડી શકે આવા પ્રકારનો શિવજીને ગર્વ હતો તે શ્રીહરિએ મોહિની સ્વરૂપ ધારણ કરીને હરી લીધો હતો.[૩૭] એજ રીતે આપણી પરીક્ષા કરવા કે આ સ્ત્રીઓનાં મન મારા વિના બીજે ક્યાંય જાય છે કે નહિ ? તે જોવા શ્રીહરિ સ્વયં મોહિની સ્વરૂપ ધારણ કરીને આપણા મનને મોહ પમાડતા હોય એવું જણાય છે.[૩૮] આપણે જેનાં ભક્ત છીએ એજ આપણને અન્ય રૂપ ધારણ કરી છેતરી રહ્યા છે તેથી મશ્કરીમાં મારે તેમને પૂછવું પડશે કે તમો કોનાં પુત્રી છો ? કે કોનાં પત્ની છો ?[૩૯]**

**આ પ્રમાણે મનથી નક્કી કરી અતિશય દૃઢવ્રતવાળાં રમાબા ભગવાન શ્રીહરિના ગુણાનુવાદ કરતાં તે સ્ત્રીને નમસ્કાર કરી વિનયથી પૂછવા લાગ્યાં કે, હે નારાયણિ ! હે મન અને નેત્રોને આનંદ આપનારાં દેવી ! તમને નસ્કાર. હે સુંદર દેવી ! તમે કોણ છો ? તમે કોનાં પુત્રી છો ? કે કોનાં પત્ની છો ?[૪૦-૪૧] હે માતા ! ભગવાનનાં એકાંતિક ભક્તો એવાં અમારાં મનને પોતાની તરફ ખેંચી રહેલાં તમે કોઈ દેવતા છો કે શું ? તમે જે કરવા માગતાં હો તે અમને જલદી કહો.[૪૨] હે માતા**

अस्माकं भगवद्ध्याने विक्षेपो जायते ध्रुवम् । उक्त्वातः खस्य कर्तव्यं गच्छ मातर्यथागतम् ॥ ४३
इति पृष्टा महाबुद्ध्या तीव्रवैराग्यसम्पदा । तया सा मधुरं प्राह धर्मपट्टाङ्गनावचः ॥ ४४

**भक्तिरुवाच-**

रमाद्या योषितो भक्ताः ! सर्वाः शृणुत मद्वचः । साक्षाच्छ्रीधर्मदेवस्य पत्नीं भक्तिमवैत माम् ॥ ४५
नारायणमुनेर्नित्यमन्तिकेऽहं सभर्तृका । वसामि दिव्यदेहेति न मां पश्यन्ति मानवाः ॥ ४६
प्रीणिताहं किल जयाललिताभ्यां विशेषतः । अन्नकूटे प्रबोधन्यामुत्सवेन च भूयसा ॥ ४७
भवतीभिश्च सर्वाभिरनादृत्य निजास्तनूः । श्रमः कृतो महानेव सादरं ह्युत्सवद्वये ॥ ४८
अत आभ्यां च युष्मभ्यं सर्वाभ्योऽपि प्रसन्नया । मया स्वदर्शनं दत्तमिति वित्त तदाज्ञया ॥ ४९
नान्यथा दर्शनं मे स्यात्प्रत्यक्षं योगिनामपि । वरं वृणीत तुष्टाया यूयं मत्स्वाभिवाञ्छितम् ॥ ५०

**सुव्रत उवाच-**

इति भक्तेर्वचः श्रुत्वा प्रहृष्टा गतसंशयाः । साश्चर्यं च सरोमाञ्चं प्रणेमुस्तां रमादयः ॥ ५१

---

**! અમને ભગવાનના ધ્યાનમાં વિક્ષેપ થાય છે, માટે તમને જે કાંઈ કરવું હોય તે કરીને અહીંથી જલદી વિદાય થાઓ.[૪૩] હે રાજન્ ! આ પ્રમાણે મહાબુદ્ધિશાળી અને તીવ્રવૈરાગ્યે સંપન્ન રમાબાએ જ્યારે પૂછ્યું ત્યારે ભક્તિદેવી મધુર વચનો કહેવા લાગ્યાં કે, હે રમાબા આદિ ભક્તજનો ! તમે મારૂં વચન સાંભળો, હું સાક્ષાત્ ધર્મની પત્ની ભક્તિદેવી છું.[૪૪-૪૫] પતિએ સહિત હું દિવ્ય દેહે તમારા ઈષ્ટદેવ અને મારા પુત્ર એવા ભગવાન શ્રીહરિની સમીપે સદાય નિવાસ કરીને રહું છું. મારો દિવ્ય દેહ હોવાથી બીજા પામર મનુષ્યો મને જોઈ શકતા નથી. પરંતુ ભગવાન શ્રીહરિકૃષ્ણની જેના પર કૃપા છે તે જનો મને નજરે જોઈ શકે છે.[૪૬] હે રમાબા ! તમો સર્વે બહેનોએ કરેલી અન્નકૂટની તથા પ્રબોધનીની સેવાથી હું અતિશય પ્રસન્ન થઈ છું.[૪૭] અને તમો સર્વે સ્ત્રીઓએ તમારા શરીરની પરવા કર્યા વિના બન્ને ઉત્સવમાં આદરપૂર્વક અતિશય પરિશ્રમ કર્યો છે.[૪૮] તેથી હું તમારા સર્વે ઉપર પ્રસન્ન થઈ છું, અને ભગવાન શ્રીહરિની આજ્ઞાથી જ મેં તમને મારૂં દર્શન આપ્યું છે, એમ તમે જાણો.[૪૯] એ સિવાય કેવળ અષ્ટાંગયોગની સાધના કરનારા મોટા યોગીઓને પણ મારૂં પ્રત્યક્ષ દર્શન ક્યારેય થતું નથી. તમારા ઉપર અતિશય પ્રસન્ન થયેલી મારી પાસેથી તમે કાંઈક ઈચ્છિત વરદાન માગો.[૫૦]**

**હે રાજન્ ! આ પ્રમાણેનું ભક્તિમાતાનું વચન સાંભળી રમાબા આદિ સર્વે સ્ત્રી ભક્તજનો અતિશય ખુશ થયાં ને સંશય દૂર થતાં તેમનાં ગાત્રો રોમાંચિત**

ततो बद्धाञ्जलिपुटाः प्रसन्नमुखपङ्कजाः । तामूचुर्योषितः सर्वा नारायणमनःप्रियाम् ॥ ५२

**रमादय ऊचुः-**

नमस्ते सर्वकल्याणि ! भक्ते ! भगवति ! ध्रुवे ! । त्वद्दर्शनान्महानेव हृद्यानन्दोदयोऽस्ति नः ॥ ५३
यदि प्रसन्ना भवसि तर्हि त्वं सर्वमङ्गले ! । कुरु स्थितिं हृत्स्वस्माकं सर्वासामपि सर्वदा ॥ ५४
एतमेव वरं देहि महाराज्ञि ! त्वमद्य नः । एतदन्यत्तु नास्माकं प्रार्थनीयं त्वदीश्वरि ! ॥ ५५
गाने त्वदीये चित्तं नो लुब्धं भवति वै भृशम् । तस्मात्त्वं ब्रूहि किं मातर्गायस्यतिमनोहरम् ॥ ५६
इति ताभिः प्रार्थिता सा प्रसन्ना भक्तिराह ताः । श्रूयतां वचनं भद्रा ! यथार्थं मम निश्चितम् ॥ ५७
यत्र धर्मो वसेत्तत्र वासो भवति मे ध्रुवम् । यतश्चापसरेद्धर्मस्ततो गच्छामि तत्क्षणम् ॥ ५८
पतिव्रताया मम वै प्रतिज्ञैषास्ति योषितः ! । नाहं जहामि तं स्निग्धं स्निग्धां मां न जहाति सः ॥ ५९
वशीकृतोऽस्ति स तु वै भवतीभिर्यतात्मभिः । यमैश्च नियमैस्तस्मादहमस्मि वशीकृता ॥ ६०

---

અને ગદ્ગદ્ થવા લાગ્યાં.[૫૧] તેમજ અતિશય વિસ્મય પામી તે ભક્તિદેવી પ્રત્યે પંચાંગ પ્રણામ કરી, પ્રસન્ન થયેલાં રમાબા આદિ સર્વે સ્ત્રીઓ હાથજોડી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીનારાયણમુનિને પણ વહાલાં લાગતાં ભક્તિમાતા પ્રત્યે કહેવા લાગ્યાં.[૫૨] સર્વે સ્ત્રીભક્તો કહે છે, હે સર્વેનું કલ્યાણ કરનારાં ! હે મા ભક્તિદેવી ! હે અચળસ્વરૂપા ! તમને અમે નમસ્કાર કરીએ છીએ. તમારાં દર્શનથી અમને હૃદયમાં ખૂબ જ આનંદ થયો છે.[૫૩] હે સર્વેનું મંગલ કરનારાં મા ! જો તમે પ્રસન્ન થયાં હો તો અમારાં સર્વેના અંતરમાં સર્વદા નિવાસ કરીને રહો.[૫૪] હે ઈશ્વરી ! મહારાજ્ઞિ ! તમો અમને આટલું વરદાન આપો. એ સિવાય તમારી પાસેથી બીજી કોઈ અપેક્ષા રાખતાં નથી.[૫૫] હે માતા ! તમે જે ગાન કરી રહ્યાં છો તેમાં અમારૂં ચિત્ત આશક્ત થાય છે. તમે મધુર ગીત કોનું ગાઓ છો ? તે અમને જણાવો.[૫૬] હે રાજન્ ! આ પ્રમાણે રમાબા આદિ સર્વે વિનંતી કરી પૂછ્યું. તેથી પ્રસન્ન થયેલાં ભક્તિમાતા તેઓને કહેવા લાગ્યાં કે, હે કલ્યાણીઓ ! તમે મારૂં વચન સાંભળો, જ્યાં મારા પતિ ધર્મદેવ નિવાસ કરીને રહે છે ત્યાં હું પણ અવશ્ય નિવાસ કરીને રહું છું. જે સ્થાનમાંથી મારા પતિ ધર્મ ચાલ્યા જાય ત્યાંથી હું પણ ચાલી જાઉં છું.[૫૭-૫૮] હે બહેનો ! હું પતિવ્રતા હોવાથી મારી આ પ્રતિજ્ઞા છે કે હું મારા પ્રેમનો આધાર મારા પતિ ધર્મદેવને ક્યારેય ન છોડું અને મારા પતિ મને ક્યારેય પણ છોડતા નથી.[૫૯]

હે બહેનો ! નિયમન કરેલાં મનથી અને અહિંસાદિક યમો તથા શૌચાદિક નિયમોનું દૃઢ પાલન કરી મારા પતિ ધર્મદેવને તમે વશ કર્યા છે, તેથી હું પણ

अतः सहैव पत्याहं वासं युष्मास्वभीप्सता । भवतीनामपि हृदि स्थास्याम्यत्र न संशयः ॥ ६१
किं गायसीति यत्पृष्टं श्रूयतां च तदुत्तरम् । सुखयेत्स्वं यस्तु तस्य गेयं यश इति स्थितिः ॥ ६२
अत्र नारायणमुनिः साक्षात्कृष्णो हि वर्तते । सोऽरक्षदसुरेभ्यो नः प्राक्तेभ्योऽद्य च रक्षति ॥ ६३
प्राक्तनानि चरित्राणि व्यासस्तस्य जुगुम्फ ह । गायामि तान्यहं नित्यं मनआनन्ददानि हि ॥ ६४
अग्रे त्वद्यतनान्यस्य चरित्राणि महामुनिः । गुम्फिष्यति शतानन्दस्तानि गास्यामि च स्त्रियः ! ॥ ६५

**सुव्रत उवाच–**

इति ताभ्यो वरं दत्वा तत्पश्नस्य च सोत्तरम् । तिरोबभूव सहसा विद्युल्लेखेव भूपते ! ॥ ६६
साश्चर्यं भृशमानन्दं प्राप्तास्ताश्च तदीक्षणे । हेतुं तु श्रीहरेरेव प्रसादं मेनिरेऽबलाः ॥ ६७
एवं भगवता तेन स्वभक्तानां मनोरथाः । पूर्यन्ते सकला राजन् ! रक्ष्यन्ते ते च सर्वतः ॥ ६८

---

તમને વશ થઈ છું.[૬૦] તેથી તમારા અંતરમાં નિવાસ કરવા ઈચ્છતા પતિ ધર્મદેવની સાથે હું પણ તમારા અંતરમાં નિવાસ કરીને રહીશ. તેમાં કોઈ સંશય નથી.[૬૧] અને બીજું તમે પૂછ્યું કે હું શું ગાઉં છું, તેનો ઉત્તર તમે સાંભળો. જે પોતાને સુખી કરે તેના યશનું ગાન કરવું જોઈએ, એવી લૌકિક રીત છે અને વૈદિક મર્યાદા પણ છે.[૬૨] આ ઉત્તમરાજાના દરબારમાં સાક્ષાત્ બ્રહ્મપુરાધિપતિ ભગવાન શ્રીકૃષ્ણ તમારા અનુગ્રહને માટે ભગવાન શ્રીનારાયણમુનિ સ્વરૂપે વિરાજે છે, એ ભગવાને પૂર્વે શ્રીકૃષ્ણાદિક અનંત અવતારો ધારણ કરીને અમારૂં અસુરો થકી રક્ષણ કર્યું છે, અને અત્યારે પણ કરી રહ્યા છે.[૬૩] તે અમારા પુત્ર ભગવાનનાં પૂર્વ શ્રીકૃષ્ણ અવતારનાં ચરિત્રો જે વ્યાસજીએ શ્રીમદ્ ભાગવત મહાપુરાણ ગ્રંથમાં લખ્યાં છે, તે શ્રોતા તથા વક્તાઓના મનને આનંદ આપનારાં ચરિત્રો હું નિત્યે ગાયા રાખું છું.[૬૪] હે બહેનો ! આ ભગવાન શ્રીહરિકૃષ્ણનાં અત્યારનાં ચરિત્રો મહામુનિ શતાનંદ સ્વામી આગળ ભવિષ્યમાં સત્સંગિજીવન શાસ્ત્રમાં ગુંથશે ત્યારે તે ચરિત્રો પણ હું અખંડ ગાઈશ.[૬૫]

હે રાજન્ ! આ પ્રમાણે ભક્તિમાતાએ રમાબા આદિ સ્ત્રી ભક્તોને કહીને તેઓએ માગેલું વરદાન આપ્યું ને તેઓએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર પણ આપ્યા, પછી વીજળીની માફક એકાએક અંતર્ધાન થઈ ગયાં.[૬૬] તે સમયે આશ્ચર્યની સાથે અતિશય આનંદ પામેલી સર્વે અબળાઓ ભક્તિમાતાનું પોતાને દર્શન થયું તેમાં ભગવાન શ્રીહરિનીજ એક અનહદ કૃપા માનવા લાગ્યાં.[૬૭] હે રાજન્ ! આ પ્રમાણે સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીનારાયણમુનિ પોતાના એકાંતિક ભક્તોના સકલ

एतादृशान्भूरिश एव तत्र महोत्सवान्भक्तमनोभिरामः ।
स कारयामास नृप ! स्वभक्तैर्निषेव्यमाणः प्रथयन् यशः स्वम् ॥ ६९
पवित्रमेतद्भगवच्चरित्रं यः श्रावयेद्यः शृणुयाच्च भक्त्या ।
विमुच्य तौ संसृतिसंज्ञपाशाद्धित्वा वपुर्ब्रह्मगतिं लभेताम् ॥ ७०

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे प्रबोधन्युत्सवे रमादीनां भक्तेः प्रत्यक्षदर्शनादिनिरूपणनामा पञ्चचत्वारिंशोऽध्यायः॥४५॥*

---

**अथ षट्चत्वारिंशोऽध्यायः - ४६**

**सुव्रत उवाच-**

यथा भगवता राजन् ! दुर्गपत्तन उत्सवाः । कृताः स तादृशानेवान्यत्रापि विदधे बहून् ॥ १

---

**મનોરથ પૂર્ણ કરે છે, અને સર્વે ભક્તજનોનું સર્વ પ્રકારનું વિઘ્નોથી રક્ષણ પણ કરે છે.[૬૮] હે રાજન્ ! ભક્તજનોના મનના અભિરામ ભગવાન શ્રીહરિ પોતાનાં ભક્ત જયાબા, લલિતાબા તથા ઉત્તમરાજાએ કરેલી સેવાનો સ્વીકાર કરતા અને પોતાના યશનો જનોમાં વિસ્તાર કરતા થકા ગઢપુરને વિષે આવા અન્નકૂટ તથા પ્રબોધનીના જેવા અનંત મહોત્સવો ઉજવ્યા હતા.[૬૯] પાવનકારી આ ભગવાન શ્રીહરિકૃષ્ણનું ચરિત્ર જે પુરુષો ભક્તિભાવની સાથે શ્રવણ કરશે કે ભક્તિભાવની સાથે અન્યને સંભળાવશે, તે બન્ને શ્રોતા અને વક્તા આ જન્મ-મરણરૂપ સંસૃતિના પ્રવાહમાંથી મુક્ત થઇ આ માયિક શરીરને છોડીને બ્રહ્મરૂપ થઇ અક્ષરધામને વિષે ભગવાન શ્રીહરિની સેવાને પ્રાપ્ત કરશે.[૭૦]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં રમાબા આદિ સમગ્ર સ્ત્રીભક્તજનોને ભક્તિમાતાએ પોતાનું પ્રત્યક્ષ દર્શન આપ્યાનું નિરૂપણ કર્યું, એ નામે પીસ્તાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૫-***

---

## અધ્યાય - ૪૬

**ભગવાન શ્રીહરિએ અનંત જગ્યાએ ઉજવેલા ઉત્સવોનું કરેલું સંક્ષિપ્ત વર્ણન.**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ જેવા ઉત્સવો દુર્ગપુરમાં**

वृत्तालये श्रीनगरे जीर्णदुर्गादिषु प्रभुः । उत्सवान्महतश्चक्रे सुखयन्नात्मसंश्रितान् ॥ २
द्वितीये वा तृतीयेऽब्दे जीर्णदुर्गे महोत्सवम् । चक्रे श्रीनगरे त्वेष प्रत्यब्दं स्वजनार्थितः ॥ ३
वृत्तालये त्वब्दमध्ये द्विस्त्रिर्वापि क्वचिच्चतुः । गत्वोत्सवांश्चकारासौ भक्तिधर्मौ प्रपोषयन् ॥ ४
एकादश्यां मोक्षदायां सफलायां च कर्हिचित् । सानन्दायां चकारासौ तिलदायां तथोत्सवम् ॥ ५
जयायां विजयायां च धात्र्यामपि चकार सः । तत्पुरे पापमोचन्यामेकादश्यां महोत्सवम् ॥ ६
विमलायां वरुथिन्यां मोहिन्यामपि कर्हिचित् । अपरायां निर्जलायां योगिन्यां चाकरोन्महम् ॥ ७
शयन्यां कामिकायां च पुत्रदायां च कर्हिचित् । अजायां क्वापि पद्मायामिन्दिरायां च स प्रभुः ॥ ८
पापाङ्कुशाभिधायां च रमाख्यायां च कर्हिचित् । बोधन्यामभयायां च महोत्सवमकारयत् ॥ ९
जन्माष्टम्यादिषु तथा कृष्णजन्मतिथिष्वपि । शिवरात्र्यां पुरे तत्र चक्रे क्वापि महोत्सवम् ॥ १०
दीपावल्यादिषु तथा स कुर्वन्नुत्सवं प्रभुः । स्वभक्तान् सुखयामास पुरुषान् योषितस्तथा ॥ ११

---

**ઉજવ્યા તેવા જ બીજા અનેક ઉત્સવો બીજા નગરોમાં જઈને પણ ઉજવ્યા.[૧] તેમાં ભગવાન શ્રીહરિએ વડતાલ, અમદાવાદ, જુનાગઢ, ડભાણ, જેતલપુર આદિ અનેક નગરોમાં પોતાના આશ્રિત ભક્તજનોને સુખ આપવા મહાન ઉત્સવો ઉજવ્યા છે.[૨] હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પોતાના ભક્તજનોની પ્રાર્થનાથી બીજે કે ત્રીજે વર્ષે જુનાગઢમાં અમુક ઉત્સવો ઉજવતા અને શ્રીનગરમાં તો પ્રતિ વર્ષે એક એક ઉત્સવ તો ઉજવતા જ.[૩] તેમાં ધર્મ અને ભક્તિનું પોષણ કરતા ભગવાન શ્રીહરિ વડતાલમાં તો વર્ષે એકવાર જઈને કે બે વાર જઈને ઉત્સવો ઉજવતા અને ક્યારેક તો ત્રણવાર કે ચારવાર પણ એક વર્ષમાં મોટા મોટા ઉત્સવો ઉજવતા.[૪]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિ વડતાલમાં વર્ષમાં કોઈવાર મોક્ષદા એકાદશીનો ઉત્સવ ઉજવ્યો. ક્યારેક સફલા એકાદશીનો ઉત્સવ ઉજવ્યો. ક્યારેક સાનંદા, ક્યારેક તિલદા એકાદશી, તથા ક્યારેક જયા, વિજયા, ધાત્રી, તથા પાપમોચની, વિમલા, વરૂથીની, મોહિની, અપરા, નિર્જલા, યોગિની, શયની, કામિકા અને પુત્રદા આદિ સર્વે એકાદશીઓના ક્યારેક ઉત્સવો કરતા. ક્યારેક પદ્મા, ઈન્દિરા, પાશાંકુશા, રમા, પ્રબોધની અને અભયા વગેરે એકાદશીના મહોત્સવો ઉજવ્યા.[૫-૯] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાનના પ્રાગટ્યની અષ્ટમી, ક્યારેક શિવરાત્રી, ક્યારેક દીપાવલી, આદિ મોટા મોટા ઉત્સવો પણ વડતાલમાં ઉજવી પોતાના આશ્રિત પુરુષો તથા બહેનોને ખૂબજ સુખ આપ્યાં.[૧૦-૧૧] ભગવાન શ્રીહરિના સાંનિધ્યમાં દર વર્ષે ઉજવતા આવા**

देशान्तरीया लोकाश्च भक्ता भगवतोऽखिलाः । प्रत्यब्दभाविनो ह्येतान् जानन्ति स्म महोत्सवान् ॥ १२
समीपस्था हरेर्भक्ता ये ते तु प्रतिवत्सरम् । प्रत्युत्सवं समाजग्मुः सोऽवसद्यत्र तत्र वै ॥ १३
द्वित्रेषु मध्यदेशीया उत्सवेष्वाययुर्जनाः । दूरस्थास्तु समाजग्मुर्यत्र यत्रैककोत्सवे ॥ १४
क्वचित्तत्राकरोत्स्वामी विष्णुयागाभिधं मखम् । विष्णुमन्त्रजपं क्वापि कारयामास वाडवैः ॥ १५
विष्णुस्तोत्रपुरश्चर्यां क्वापि विप्रैरकारयत् । कर्हिचिल्लक्षहोमं च कोटिहोमं च कुत्रचित् ॥ १६
ब्राह्मणान्भोजयामास क्वचित्तत्र सहस्रशः । दानान्येव ददौ क्वापि विप्रेभ्यः स महान्ति च ॥ १७
क्वचिद्विप्रकुमाराणां मौञ्जीबन्धनकारयत् । क्वचिच्च भगवन्मूर्तिसंस्थापनमहोत्सवम् ॥ १८
क्वचिदिष्टोत्सवं तत्र क्वचित्पूर्तोत्सवं च सः । चकार तेन भगवद्धर्मः पुष्टिमगात् पराम् ॥ १९
यत्र यत्रावसत्स्वामी पुरे ग्रामेऽथवा वने । तत्र तत्र जना आयन् शतशश्च सहस्रशः ॥ २०
तांस्तान् जनान्विमोच्यासावधर्मान्वयपाशतः । सन्मार्गे वर्तयामास स्वप्रतापेन भूपते ! ॥ २१

મહોત્સવ પ્રસંગોને દેશ-દેશાંતર નિવાસી સમગ્ર ભક્તજનો જાણે છે.[૧૨]

હે રાજન્ ! જે ભક્તજનો વડતાલ, અમદાવાદ, ગઢપુર કે જુનાગઢની સમીપમાં રહેતા તે ભક્તજનો ભગવાન શ્રીહરિ જ્યાં જ્યાં નિવાસ કરીને પ્રતિવર્ષે જે જે મોટા ઉત્સવો ઉજવતા. તેમાં ભાગ લેવા આવતા.[૧૩] અને જે મધ્યપ્રદેશમાં નિવાસ કરીને રહેતા તે ભક્તજનો વર્ષમાં બે ત્રણ ઉત્સવમાં ભાગ લેવા પધારતા, અને તનાથી પણ દૂર પ્રદેશમાં રહેતા ભક્તો વર્ષમાં એક ઉત્સવમાં પધારતા.[૧૪] હે રાજન્ ! ભગવાન શ્રીહરિ ક્યારેક વડતાલમાં વિષ્ણુયાગ નામનો યજ્ઞ કરતા, ક્યારેક બ્રાહ્મણો પાસે ભગવાન શ્રીવિષ્ણુના અષ્ટાક્ષરમંત્રનો જપ કરાવતા.[૧૫] ક્યારેક બ્રાહ્મણો પાસે વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પુરશ્ચરણ પણ કરાવતા, ક્યારેક શ્રીમદ્‌ભાગવતનું પુરશ્ચરણ કરાવતા, ક્યારેક એક લાખ મંત્રોનો હોમ કરાવતા, ક્યારેક કરોડ મંત્રોનો હોમ કરાવતા.[૧૬] વળી ભગવાન શ્રીહરિ વડતાલમાં ક્યારેક હજારો બ્રાહ્મણો તથા સાધુઓને જમાડી તૃપ્ત કરતા અને ક્યારેક સુપાત્ર બ્રાહ્મણોને ગુડધેનુ કે ધાન્ય પર્વત આદિ મહાદાનો પણ કરતા.[૧૭] ક્યારેક બ્રહ્મકુમારોને યજ્ઞોપવીત સંસ્કારનું પ્રદાન કરાવતા અને એકવાર તો ભગવાનની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પણ ઉજવેલો.[૧૮] તેમજ કોઈવાર ઈષ્ટોત્સવ કર્મ, કે પૂર્તોત્સવકર્મ પણ કરેલું. આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ વડતાલમાં અનંત ઉત્સવો ઉજવીને એકાંતિક ભાગવતધર્મની અતિશય પુષ્ટિ કરી છે.[૧૯] ભગવાન શ્રીહરિ જે જે પુર, નગર કે ગામમાં કે પછી વનમાં નિવાસ કરીને રહેતા. ત્યાં સેંકડો, હજારો કે લાખો મનુષ્યો આવતા અને જતા.[૨૦] ભગવાન શ્રીહરિ તે ઉત્સવમાં આવતા

अधर्मोऽदृश्यतां यातः कलिर्निर्बलतां ययौ । प्राप धर्मः प्रतिष्ठां च तस्मिन्वसति भूतले ॥ २२
इति ते कथिता राजन्नारायणकथा मया । तव प्रश्नानुसारेण किं भूयः श्रोतुमिच्छसि ॥ २३
इति श्रुत्वा स नृपतिः सुव्रतोक्तां हरेः कथाम् । भूयस्तामेव पप्रच्छ मुमुक्षुस्तं महामुनिम् ॥ २४

**राजोवाच–**

न तृप्तिमधिगच्छामि पीत्वा हरिकथामृतम् । पुनस्तत्पातुमिच्छामि पिपासुर्मुनिसत्तम ! ॥ २५
वृत्तालये भगवता कृता बहव उत्सवाः । इत्युक्तं हि त्वया ब्रह्मन् ! श्रोतुमिच्छामि तानहम् ॥ २६
अन्यच्च भगवान् यद्यद्धृतमानवविग्रहः । चकार चरितं तत्तद्वक्तुमर्हसि मे मुने ! ॥ २७
कथारसविदा तेन पृष्ट इत्थं महीभुजा । हरिसंस्मरणानन्दः सुव्रतस्तमुवाच सः ॥ २८

**सुव्रत उवाच–**

साधु पृच्छसि भूपाल ! मतिस्ते विमला ननु । नारायणकथामेव श्रोतुमिच्छसि यत्पुनः ॥ २९
विस्तरेण चरित्राणि नरनाट्यधृतः प्रभोः । सकलानि न शक्नोमि वक्तुं वच्मि समासतः ॥ ३०

---

**જનોને પોતાના પ્રભાવથી અધર્મવંશના બંધનમાંથી છોડાવી સદ્ધર્મના માર્ગ પર ચાલતા કરતા.[૨૧] ભગવાન શ્રીહરિ પૃથ્વી પર નિવાસ કરતા હોવાથી અધર્મ અદૃશ્ય થઈ ગયો અને કળિયુગ બળહીન થયો, તેમજ ધર્મની ખૂબજ પ્રતિષ્ઠા વધી.[૨૨]**

**હે રાજન્ ! મેં તમારા પ્રશ્નને અનુસારે શ્રીનારાયણ ભગવાનની કથા સંક્ષિપ્તમાં સંભળાવી, ફરી કાંઇ પૂછવું હોય તો પૂછો.[૨૩] આ પ્રમાણે મુમુક્ષુ રાજા પ્રતાપસિંહે સુવ્રતમુનિના મુખથકી ભગવાન શ્રીહરિનાં ચરિત્રોની કથા સાંભળી, છતાં તૃપ્તિ ન થવાથી વારંવાર કથામૃતનું પાન કરવાની ઈચ્છાવાળા રાજા મહામુનિને ફરી પૂછવા લાગ્યા.[૨૪] રાજા પૂછે છે, હે મુનિ શ્રેષ્ઠ ! હરિકથામૃતનું પાન કરીને મને તૃપ્તિ થતી નથી. એટલે વારંવાર કથામૃતનું પાન કરવાની ઈચ્છા થયા કરે છે.[૨૫] હે બ્રહ્મન્ ! શ્રીહરિએ વડતાલમાં અનંત ઉત્સવો કર્યા. એમ જે તમે હમણાં મને કહ્યું, તો વડતાલના ઉત્સવોની કથા સાંભળવા હું ઈચ્છુ છું.[૨૬] હે મુનિ ! નિષ્કારણ અપાર કરૂણા કરી, મનુષ્યાકૃતિ ધારી, વિચરણ કરી રહેલા ભગવાન શ્રીહરિએ તમે કહ્યાં તેના સિવાયનાં બીજાં જે કાંઈ ચરિત્રો કર્યાં હોય તેની કથા મને સંભળાવો.[૨૭] આ પ્રમાણે કથારસના સ્વાદને જાણતા પ્રતાપસિંહ રાજાએ જ્યારે પ્રશ્ન પૂછ્યો ત્યારે પ્રસિદ્ધ મહામુનિ સુવ્રતમુનિ ભગવાનનાં ચરિત્રનું સ્મરણ થઈ આવવાથી અતિશય હર્ષઘેલા થયા અને રાજાને કહેવા લાગ્યા કે હે રાજન્ ! તમે મને બહુ જ સરસ પ્રશ્ન કર્યો છે. તમારી મતિ અતિશય નિર્મળ છે. તેથી ફરી ફરી શ્રીનારાયણમુનિની કથા સાંભળવાની ઈચ્છા રાખો છો.[૨૮-૨૯] મનુષ્ય નાટક ધારણ**

प्रतिवर्षं दुर्गपुराद्धरिर्वृत्तालयं पुरम् । मुहुर्जगाम नृपते ! धर्मस्थापन उद्यतः ॥ ३१
तेनोत्सवास्तत्र महान्त एव कृता ह्यनेकेऽखिलसौख्यकर्त्रा ।
वदामि तत्रैकतमं समासात्तेनानुमेया इतरेऽपि तद्वत् ॥ ३२

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयपुरोत्सवप्रश्ननिरूपणनामा षट्चत्वारिंशोऽध्यायः॥४६॥**

---

**अथ सप्तचत्वारिंशोऽध्यायः - ४७**

**सुव्रत उवाच-**

अस्ति वृत्तालयं नाम गुर्जरेषु पुरं महत् । चत्वारोऽपि हि यत्रत्या भेजुर्वर्णा हरिं मुदा ॥ १
तेऽचीकमन्त सर्वेऽपि जनाः स्वनगरे हरिम् । आनीय दुर्गपुरतः कर्तुं दोलोत्सवं नृप ! ॥ २

---

**કરી વિચરણ કરી રહેલા ભગવાન શ્રીહરિનાં સમગ્ર ચરિત્રો તો હું કહેવા સમર્થ થઈ શકું તેમ નથી. તેથી સંક્ષેપથી અમુક ચરિત્ર કહું છું.[૩૦]**

**હે રાજન્ ! એકાંતિક ભાગવતધર્મનું સ્થાપન કરવામાં અત્યંત ઉત્સુક ભગવાન શ્રીહરિ પ્રતિવર્ષ વારંવાર ગઢપુરથી વડતાલપુર પધારતા અને સમગ્ર ભક્તજનોને સુખ ઉપજાવતા.[૩૧] વડતાલમાં મોટા મોટા અનંત ઉત્સવો ઉજવેલા તેમાંથી એક ઉત્સવની કથા તમને સંક્ષેપથી સંભળાવું છું. આ એક ચરિત્રની કથા ઉપરથી બીજા ઉત્સવોનું પણ તેજ રીતે અનુમાન કરી લેવું.[૩૨]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલમાં ઉજવેલા ઉત્સવોનું નિરૂપણ કર્યું, એ નામે છેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૬-***

---

## અધ્યાય - ૪૭

### ભગવાન શ્રીહરિને વડતાલથી પુષ્પદોલોત્સવ ઉજવવા માટે પધારવાનું આવેલું આમંત્રણ.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ગુજરાત પ્રદેશમાં વડતાલ નામનું વિશાળ નગર આવેલું છે. તે નગરમાં વસતા ચારે વર્ણના મનુષ્યો ભગવાન શ્રીહરિનું અતિહર્ષથી પોતપોતાના ધર્મમાં દૃઢપણે વર્તી ભજન સ્મરણ કરે છે.[૧] તે સર્વે ભક્તજનો**

कुबेरो यौवनाश्वश्च तत्र द्वावधिकारिणौ । तौ तैः सह विनिश्चित्य सम्भारांश्चक्रतुर्बहून् ॥ ३
भ्रातरं प्रेषयामास यौवनाश्वो निजं ततः । नारायणमुनेः पार्श्वं सोऽपि माघ्यामुपाययौ ॥ ४
स तं प्राप्य प्रभुं नत्वा भक्तमण्डलमध्यगम् । प्रार्थयामास बहुधा पुरं नः पावयेति च ॥ ५
ततः प्रसन्नो भगवान् भक्तवत्सल ईश्वरः । अनन्यभक्तांस्तान् जानंस्तत्राजिगमिषत्पुरे ॥ ६
प्राहाथ सुन्दराख्यं तं दूतं हरिरुदारधीः । गच्छाधुनाऽऽगमिष्यामि त्वत्पुरं मासि फाल्गुने ॥ ७
इत्युक्तः स प्रहृष्टात्मा तूर्णं स्वपुरमेत्य तत् । पौरानूचेऽथ ते हृष्टास्तं प्रतीक्ष्यावतस्थिरे ॥ ८
उद्घोषः सुमहानासीद्भुवि दिक्षु विदिक्षु च । स्वामिनारायणो वृत्तालयमायास्यतीति ह ॥ ९
पत्रदूतैश्च मुन्यादीन्नानादेशस्थितान् स च । स्वभक्तान् ज्ञापयामास वृतान्तमिममीश्वरः ॥ १०

---

ભગવાન શ્રીહરિને ગઢપુરથી વડતાલ પધારવાનું આમંત્રણ પાઠવી પુષ્પદોલોત્સવ ઉજવવાની ઈચ્છા ધરાવતા હતા.[૨] તેમાં કુબેરભાઈ પટેલ અને જોબનપગી બન્ને હરિભક્તો વડતાલમાં મુખ્ય અધિકારી ભક્તો હતા. તેઓ પુરવાસી અન્ય ભક્તજનોની સાથે મળીને ફૂલદોલોત્સવ ઉજવવાનો નિર્ણય કરીને ઉત્સવને લગતી સર્વે સામગ્રી ભેળી કરવા લાગ્યા.[૩] ત્યારપછી જોબનપગીએ પોતાના સગાભાઈ સુંદરપગીને શ્રીનારાયણમુનિને પ્રાર્થના કરી બોલાવી લાવવા ગઢપુર મોકલ્યા. ત્યારે સુંદરપગી સંવત ૧૮૭૫ ના માઘ સુદી પૂર્ણિમાના દિવસે ગઢપુર પધાર્યા.[૪]

હે રાજન્ ! સુંદરપગી ભક્તજનોના મંડળની મધ્યે ઊંચા સિંહાસન પર બિરાજીને જ્ઞાનરસનું પાન કરાવી રહેલા, ભગવાન શ્રીહરિની સમીપે આવી અષ્ટાંગ પ્રણામ કરીને કહેવા લાગ્યા કે, હે શ્રીહરિ ! તમે અમારા વડતાલપુરમાં પધારી ત્યાં રહેલા ભક્તજનોને પાવન કરો. આ રીતે બહુ પ્રકારે પ્રાર્થના કરી. તેમની પ્રાર્થના સાંભળી પ્રસન્ન થયેલા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ વડતાલવાસી સર્વ ભક્તજનોને પોતાના અનન્ય ભક્તો જાણી, તેમને દર્શન દેવા વડતાલપુર જવાની ઈચ્છા કરી.[૫-૬] હે રાજન્ ! પછી ઉદારબુદ્ધિવાળા ભગવાન શ્રીહરિએ સુંદરપગીને કહ્યું કે, હે દૂત ! તમે અત્યારે વડતાલ જાઓ. હું ફાગણ મહિનામાં તમારે ત્યાં જરૂર પધારીશ.[૭] હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું, તેથી સુંદરપગી અત્યંત પ્રસન્ન થઈ તત્કાળ પોતાને પુર આવી, શ્રીહરિના આગમનના સમાચાર આપ્યા. તે સાંભળી કુબેર પટેલ આદિ વડતાલવાસી ભક્તજનો ખૂબજ રાજી થયા ને ભગવાન શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.[૮]

હે રાજન્ ! શ્રીસ્વામિનારાયણ ભગવાન વડતાલપુર પધારી રહ્યા છે,

सौराष्ट्रादिषु देशेषु ये भक्ता मुनयश्च ते । सहैव हरिणा गन्तुमाययुर्दुर्गपत्तनम् ॥ ११
तस्मिन् विकृतवर्षेऽथ सम्प्राप्ते फाल्गुने हरिः । वृत्तालयपुरं गन्तुं ततः षष्ठ्यां विनिर्ययौ ॥ १२
तद्देशे धर्मरक्षार्थमुत्तमं नृपतिं हरिः ।आयास्यामो वयं शीघ्रमित्युक्त्वाऽऽस्थाप्य तं ययौ ॥ १३
जया च ललिताद्याश्च योषितोऽपि सहस्रशः । तमन्वीयुर्वाहनस्थाः पौरा लोकाश्च सर्वशः ॥ १४
सहस्रशो मुनिगणैर्वर्णिभिश्च सहस्रशः । सहस्रशो गृहस्थैश्च सहैव भगवान् ययौ ॥ १५
सौराष्ट्रीयादिभिर्भक्तैरनुयातः सहस्रशः । सहस्रशोऽश्ववारैश्च वेष्टितश्च पदातिभिः ॥ १६
अश्वां माणिक्यवर्णां द्रुततरगमनां सोऽधिरुढोऽर्ककान्तिः ।
पीतं भाले विशाले तिलकमथ दधत्कैसरं स्मेरवक्त्रः ॥

આવા પ્રકારનો ઉદ્‌ઘોષ પૃથ્વીપર ચારે દિશામાં વ્યાપી ગયો. પરમેશ્વર શ્રીહરિએ દેશદેશાંતર નિવાસી સર્વે પોતાના સંતો તથા હરિભક્તોને સ્વયં પોતે ફૂલદોલોત્સવ કરવા વડતાલ પધારી રહ્યા છે, એવા પ્રકારનું વૃત્તાંત મંગલપત્રિકાઓ લખી, સંદેશ વાહક દૂત દ્વારા જણાવ્યું.[૯-૧૦] તે સમયે સૌરાષ્ટ્ર દેશના સર્વે ગૃહસ્થ હરિભક્તો તથા તે દેશમાં વિચરણ કરતા સર્વે સંતોએ ભગવાન શ્રીહરિની સાથે જ વડતાલ જવાનું મનમાં ઠરાવી પ્રથમ ગઢપુરમાં પધાર્યા.[૧૧] ભગવાન શ્રીહરિ વિકૃતનામના સંવત્સરમાં સંવત ૧૮૫૭ ના ફાગણ સુદ છઠ્ઠને દિવસે દુર્ગપુરથી વડતાલ જવા માટે વૈધૃતિયોગના કારણે બપોરપછી રવાના થયા.[૧૨] તે સમયે શ્રીહરિએ ઉત્તમ રાજાને અમે જલદીથી પાછા આવીશું, એમ કહીને પંચાલ દેશમાં ધર્મનું રક્ષણ કરવા તેમને રાખીને, સ્વયં દુર્ગપુરથી રવાના થયા.[૧૩] તે સમયે જયાબા, લલિતાબા આદિ હજારો સ્ત્રીઓ પોતપોતાના રથ આદિક વાહનોમાં બેસી ભગવાન શ્રીહરિની પાછળ ચાલવા લાગી. તેમજ દુર્ગપુરવાસી સર્વે ભક્તજનો પણ પાછળ ચાલવા લાગ્યા.[૧૪] બીજા દિવસે હજારો સંતો, બ્રહ્મચારીઓ તથા ગૃહસ્થ ભક્તજનોનાં વૃંદ ભગવાન શ્રીહરિની સાથે ચાલતાં હતાં.[૧૫] સાથે સૌરાષ્ટ્ર તથા પાંચાલ દેશવાસી હજારો ભક્તો પણ શ્રીહરિને અનુસરી રહ્યા હતા, આ પ્રમાણે હજારો ઘોડેસ્વારો અને પદાતીઓથી વીંટાએલા ભગવાન શ્રીહરિ વડતાલપુર જઇ રહ્યા હતા.[૧૬]

**માણકીયે ચડ્યા રે મોહનવનમાળી :–** હે રાજન્ ! તે સમયે શ્રીહરિ માણેક વર્ણી અને શીઘ્રગતિએ ચાલનારી ''માણકી'' નામની ઘોડી ઉપર અસ્વાર થઇ સૂર્યની સમાન કાંતિથી અત્યંત શોભી રહ્યા હતા. વિશાળ ભાલમાં કેસરનું પીળું તિલક ધારણ કર્યું હતું, મંદમંદ હાસ્યવાળા મુખકમળથી શોભી

चञ्चत्कुन्तप्रवेष्टैर्निजचरणरतैरश्ववारैः परीतो ।
वल्गां दोष्णा दधानः सितवसनधरो नन्दयन्स्वाञ्जगाम ॥ १७
यात्रायां मङ्गलार्थं द्विजवररचितं साक्षतं कौङ्कुमं स्वे ।
बिभ्रच्छोणं ललाटे मुनिहृदयहरं चन्द्रकं चारुनेत्रः ॥
शृण्वन्बन्धोघवाचं निजगुणरचनां चित्रवादित्रघोषैः ।
सम्बद्धामूर्ध्वहस्तैर्जयजयवचनैर्भक्तसङ्घैर्नुतश्रीः ॥ १८
नानाग्रामागतैः स्वैरनुपदमभितः सङ्गतैः पूज्यमानो ।
दृष्ट्यैवानन्दवृष्ट्या स च पथि सुखयंस्तान् ययौ पूर्णकामः ॥
देवैराकाशसंस्थैः सितकुसुमचयैश्चाभिवृष्टः सहासं ।
पस्पर्शाभ्यस्ततूर्णाञ्चननिजवडवां पार्ष्णिना किञ्चिदेव ॥ १९
सहमाना न तत्स्पर्शमात्रमप्यतिवेगिनी । गत्या जितमरुत्तूर्णं पुप्लुवे ताक्ष्यर्वत्तु सा ॥ २०

---

રહ્યા હતા. હાથમાં ચળકતાં ભાલાંઓને ધારણ કરનારા પોતાના પાર્ષદ ઘોડેસ્વારોની ઘુંમરમાં ઘેરાયેલા, શ્વેતવસ્ત્રધારી શ્રીહરિ ડાબા હાથમાં માણકી ઘોડીની લગામ પકડી, પોતાના ભક્તજનોને માર્ગમાં આનંદ ઉપજાવતા ચાલ્યા.[૧૭] હે રાજન્ ! યાત્રાની શુભકામના માટે વિપ્રવર્ય મયારામ ભટ્ટે ચોખાએ સહિત કુંકુમથી કરેલો લાલવર્ણનો ચાંદલો શ્રીહરિના વિશાળ ભાલમાં શોભી રહ્યો હતો. સુંદર નેત્રોવાળા શ્રીહરિ અનેક પ્રકારનાં વાજિંત્રોના નાદથી મિશ્રિત થયેલી ગાયકવૃંદ જનોની વાણીને પોતાના ગુણચરિત્રોના પ્રબંધની રચના સાથે સાંભળી રહ્યા હતા. તે ભક્તજનો ઊંચા હાથ કરી ભગવાન શ્રીહરિના નામનો જયજયકાર કરી રહ્યા હતા. કેટલાક ભક્તજનો સ્તુતિ કરી રહ્યા હતા. એવા ભગવાન શ્રીહરિ માર્ગમાં ચાલ્યા જતા હતા.[૧૮]

હે રાજન્ ! ડગલે ને પગલે ચારેબાજુએથી આવી રહેલા અનંત ગામોના ભક્તજનો ભગવાન શ્રીહરિનું પૂજન કરી રહ્યા હતા. અને શ્રીહરિ પણ પોતાની આનંદમય દૃષ્ટિરૂપી વૃષ્ટિથી માર્ગમાં મળતા ભક્તજનોને ખૂબજ સુખ ઉપજાવતા હતા. પૂર્ણકામ ભગવાન શ્રીહરિની ઉપર આકાશમાં રહેલા બ્રહ્માદિ દેવતાઓ શ્વેત પુષ્પોની વૃષ્ટિ કરતા હતા. શ્રીહરિ મંદમંદ હાસ્ય કરતા, નિત્ય અભ્યાસથી શીઘ્ર ગમન કરનારી માણકીને પોતાના પગની એડીનો લગારેક સ્પર્શ કર્યો .[૧૯] તેથી પોતાની ગતિથી પવનની ગતિને પણ પરાભવ પમાડી દેનારી અતિશય વેગવંતી માણકી ઘોડી ગરુડની માફક તત્કાળ દોડવા લાગી.[૨૦] હે રાજન્ ! માણકી પશુજાતિની હોવા છતાં શ્રીહરિના સ્પર્શથી ભવિષ્યમાં થનારી બ્રહ્મપુરધામની પ્રાપ્તિ

पशुजातेरपि स्वस्याः प्रभोः स्पर्शाद्धि भाविनीम् । दर्शयन्तीवोर्ध्वगतिमूर्ध्वं दुद्राव सा जवात् ॥ २१
धावन्त्या अतिवेगेन पादन्यासं न भूतले । तस्यास्तदा जनः पश्यन् विस्मयं प्राप सर्वशः ॥ २२
दष्टाधराः पादहताश्वतुन्दाः कशाभिरश्वानतिवेगिनोऽपि ।
घ्नन्तोऽश्ववारा हरिपृष्ठबद्धदृशोऽन्वधावंश्च सहस्रशोऽथ ॥ २३
प्रान्तैश्चलद्भिः पृथुवेष्टनानां तद्धय्यनुद्रावितवाजिलोलाः ।
अदृश्यरूपैर्बभुरादितेयैः संवीज्यमाना इव चामरैस्ते ॥ २४
श्रमेण स्विन्नगात्राश्च श्रमफेनमुखान्हयान् । ताडयन्तोऽपि न प्रापुरश्वारुढं प्रभुं तु ते ॥ २५
अश्वैः सहातिस्विन्नांस्तानथ विश्रामयन्प्रभुः । स्वाश्वां नियम्य प्रसभं स प्रत्यैक्षत वर्त्मनि ॥ २६
अथापश्यन्दूराच्चपलतुरगीकेसरकरं करेणैकेनोर्ध्वां दधतमुरुपुष्पाम्रलतिकाम् ।
हसन्तं दृष्ट्वा स्वादृढपरिकरं चारुनयनं श्रमस्विन्नाङ्गास्ते पथि गतरजोधूसरपटम् ॥ २७

સ્વરૂપ ઊર્ધ્વગતિનું જાણે સૂચન કરતી હોય તેમ, વેગથી આકાશમાં ઊંચે ઉડવા લાગી.[૨૧] અતિશય વેગથી દોડી રહેલી ઘોડીના પગને પૃથ્વી પર નહીં જોતા સર્વેજનો અતિશય વિસ્મય પામવા લાગ્યા.[૨૨] ત્યારે હજારો ઘોડેશ્વારો શ્રીહરિની પાછળ નેત્રવૃત્તિને સ્થિર કરી, હોઠને દબાવી પોતાના પગની એડીથી તથા હાથમાં રહેલી લગામથી અશ્વોને તાડન કરતા, શ્રીહરિને પામવા વેગથી દોડી રહ્યા હતા.[૨૩]

હે રાજન્ ! શ્રીહરિની ઘોડી પાછળ દોડી રહેલાં સ્વારોનાં શરીરો અતિશય ઉછળી રહ્યાં હતાં, તેથી તેમના મસ્તક ઉપર બાંધેલી પાઘડીઓના છેડાઓ છૂટી જવાથી, તે ફરકતા છેડાના અગ્રભાગથી જાણે અદૃશ્ય સ્વરૂપે રહેલા દેવતાઓ ચામર ઢોળતા હોયને શું ? તેમ ઘોડેસ્વારો શોભી રહ્યા હતા. અતિશય પરિશ્રમ કરવાથી ઘોડાનાં અને સવારોનાં શરીરો પરસેવાથી ભીંજાઈ ગયાં ને ઘોડાઓના મુખમાં ફીણ વળવા લાગી. હાથમાં રહેલી લગામોથી અશ્વો ઉપર તાડન કરવા છતાં માણકી ઉપર આરુઢ થયેલા શ્રીહરિને આંબવા તેઓ સમર્થ થયા નહિ.[૨૪-૨૫] અને અશ્વોની સાથે પોતે પણ પરસેવાથી ભીંજાયેલા હોવાથી વિશ્રાંતિ લેવા માટે ભગવાન શ્રીહરિએ પોતાની માણકી ઘોડીને મંદગતિમાં કરી, પાછળ રહેલાની પ્રતિક્ષા કરતા ઊભા રહ્યા. તે સમયે પરસેવાથી ભીંજાયેલા શરીરવાળા સર્વે એ ઘોડેસ્વારોએ દૂરથી શ્રીહરિનાં દર્શન કર્યાં.[૨૬] તે સ્વભાવથી ચંચળ માણકીની કેશવાળીને હાથમાં પકડીને ઊભા હતા. બીજા હાથથી ઊંચી તેમજ અનેક પુષ્પોવાળી આંબાની ડાળને પકડી હતી. સામે દોડ્યા આવતા સવારોને જોઈને શ્રીહરિ મંદમંદ હસી રહ્યા હતા. કેડ ઉપર બાંધેલો બંધ એટલો મજબૂત હતો કે,

विलोक्य तं प्रभुं साश्वं तूर्णं सम्प्राप्य सादिनः । ते सर्वे जहृषुर्भक्तास्तद्दर्शनगतश्रमाः ॥ २८
तानाश्वास्याथ भगवान्साकं तैश्च शनैः शनैः । चचाल मार्गे मधुरैर्वाक्यैः स्वान्हासयन् हसन् ॥ २९
हरिरागच्छतीत्येवमुद्घोषः सुमहान्भुवि । पूःषु ग्रामेषु खेटेषु खर्वटेष्वप्यभूत्तदा ॥ ३०
अनेकेभ्यश्च देशेभ्यो भगवद्दर्शनोत्सुकाः । ईयुर्वृत्तालयं लोका वृद्धबालपुरःसराः ॥ ३१
कोसलाः काशिदेशीया मैथिलाश्च सहस्रशः । तथैव गौडदेशीया लोकाः किलकिलाश्रिताः ॥ ३२
पुरुषोत्तमपूर्जाता वङ्गदेशोद्भवास्तथा । गयन्तीनगरस्थाश्च प्रयागप्रान्तवासिनः ॥ ३३
शोणभद्रतटस्थाश्च वृन्दावननिवासिनः । माथुराः शूरसेनाश्च तत्रावन्त्या उपागमन् ॥ ३४
एते चान्येऽपि बहवः पूर्वदेशात्समागमन् । तथा काश्मीरदेशीया हरिद्वारनिवासिनः ॥ ३५
कुरुक्षेत्रगता ये च पुष्करप्रान्तवासिनः । मरुधन्वोद्भवा लोका अर्बुदाचलसम्भवाः ॥ ३६
जनाः सिद्धपदस्थाश्च शतशोऽथ सहस्रशः । वृत्तालयमुपाजग्मुरुदीच्या एत आदृताः ॥ ३७

**માણકી અતિશય વેગથી દોડતી હતી છતાં શિથિલ થયો ન હતો. કમળપત્રની સમાન સુંદર નેત્રોવાળા ભગવાન શ્રીહરિનાં શ્વેત વસ્ત્રો રસ્તામાં ઉડેલી ધૂળથી ભૂખરા રંગનાં જણાતાં હતાં.[૨૭]**

**હે રાજન્ ! અશ્વ ઉપર બેઠેલા સર્વે ભક્તો ભગવાન શ્રીહરિને નિહાળી તત્કાળ તેમની સમીપે આવી દર્શન કર્યાં, તેથી પરિશ્રમનો થાક દૂર થયો ને બહુ આનંદ પામ્યા.[૨૮] પછી શ્રીહરિએ સર્વે ઘોડસ્વારોને આશ્વાસન આપ્યું કે, અહો !!! તમે બહુ પરિશ્રમ કર્યો, થોડી વાર વિસામો લો, પછીથી આપણે ચાલીશું. આ પ્રમાણે મધુર વચનોથી સર્વેને સાંત્વના આપીને સૌને હસાવ્યા અને પોતે પણ હસ્યા. પછી સર્વેની સાથે માર્ગમાં ધીરે ધીરે ચાલવા લાગ્યા.[૨૯] હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીસ્વામિનારાયણ વડતાલ પધારી રહ્યા છે, એવા પ્રકારનો ઉદ્‌ઘોષ નગરો, ગામો તથા સર્વત્ર વ્યાપી ગયો.[૩૦] તેથી શ્રીહરિનાં દર્શનની અતિશય ઉત્કંઠા ધરાવતા ભક્તજનો વૃદ્ધો તથા બાળકોને આગળ કરી અનેક દેશોમાંથી વડતાલ આવવા લાગ્યા.[૩૧] કૌશલ, કાશી, મિથીલા, કીલકીલ, પુરુષોત્તમપુરી, વંગદેશ, ગયંતિ, પ્રયાગ, શોણભદ્રનદીતટ પ્રદેશ, વૃંદાવન, મથુરા, શૂરસેનદેશ, તથા અવંતીરાષ્ટ્ર વિગેરે પૂર્વના દેશોમાંથી હજારો ભક્તજનો વડતાલ શ્રીહરિનાં દર્શને પધાર્યા.[૩૨-૩૪] આ સિવાયના બીજા ઘણાક પૂર્વ દેશોના ભક્તજનો પણ વડતાલ પધાર્યા. તેમજ ઉત્તર દિશાના દેશો જેવા કે, કાશ્મીર, હરિદ્વાર, કુરુક્ષેત્ર, પુષ્કર, મરુ, ધનવ, આબુપર્વત દેશ, સિધ્ધપુર આદિના સેંકડો દેશમાંથી હજારો ભક્તજનો અતિશય આદરથી શ્રીહરિનાં દર્શન કરવા વડતાલ પધાર્યા.[૩૫-૩૭] તેવી જ રીતે પશ્ચિમદિશાના સિંધુ,**

तथाऽऽययु: पश्चिमत: सैन्धवा: कच्छदेशजा: । सौराष्ट्रा अपि पाञ्चाला: सौवीराश्च सहस्रश: ॥ ३८
तथा दक्षिणतस्तत्र लोकाश्चायन्सहस्रश: । सेतुबन्धोपकण्ठस्था वेङ्कटाचलजास्तथा ॥ ३९
श्रीरङ्गप्रान्तसञ्जाता: काञ्चीपुरनिवासिन: । दण्डकारण्यवासाश्च मलयाद्रिभवास्तथा ॥ ४०
विन्ध्याचलसमुद्भूतास्तापीतटनिवासिन: । नर्मदातीरवासाश्च गौर्जराश्च सहस्रश: ॥ ४१
भगवद्दर्शनोत्कण्ठै: स्त्रीबालस्थविरै: सह । शकटाभृतसंभारास्तत्राजग्मुर्जनास्तु ते ॥ ४२
यातुं शक्तिर्यदि स्यात्पथि चलत तदेत्येवमुक्ता: सुतै: प्राग्गेहे ये जीर्णदेहा हरिचरणयुगं
द्रष्टुमुत्कण्ठचित्ता:। धृत्वा यष्टीश्चलन्त: सह तरुणजनै: श्वासफुल्लारदास्यैर्नामान्युच्चैर्वदन्तो
द्रुततरमगमंस्तत्र कृष्णस्य तेऽपि ॥ ४३
पालयन्त्योऽथ मर्यादां योषाश्च भगवत्कृताम् । पुंसोऽस्पृशन्त्यो मार्गेऽपि तत्राजग्मुस्त्वरान्विता: ॥ ४४
अहं पूर्वमहं पूर्वं द्रक्ष्यामि श्रीहरिं त्विति । पुरश्चरन्तो धावन्त: शिशवोऽप्याययुर्द्रुतम् ॥ ४५
नानादेशसमायातैर्जनैस्तैरतिसङ्कुलम् । महीसाभ्रमतीवेत्रवतीनामन्तरं ह्यभूत् ॥ ४६

---

**કચ્છ, સૌરાષ્ટ્ર, પાંચાલ, સૌવીર આદિ દેશોમાંથી પણ હજારો ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા પધાર્યા.[૩૮] અને દક્ષિણદિશાના દેશોમાં સેતુબંધ રામેશ્વર, વેંકટાદ્રી, શ્રીરંગક્ષેત્ર, કાંચી, દંડકારણ્ય, મલ્યાચળ, વિંધ્યાચળ, તાપી, તેમજ નર્મદાતટના પ્રદેશ અને ગુજરાતના હજારો ભક્તજનો વડતાલ શ્રીહરિનાં દર્શન કરવા પધાર્યા.[૩૯-૪૧]**

**હે રાજન્ ! આ પ્રમાણે ચારે દિશાઓના ભક્તજનો શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠાવાળા થઈ સ્ત્રી, વૃદ્ધ, તથા બાળકોને સાથે લઈ રસ્તામાં ઉપયોગી સામગ્રીઓને ગાડામાં ભરી વડતાલ દર્શને આવ્યા.[૪૨] જો ચાલવાની શક્તિ હોય તોજ અમારી સાથે ચાલજો. આ પ્રમાણે ઘેરથી નીકળતાં પહેલાં પુત્રોએ પોતાના વૃદ્ધ પિતાઓને સૂચન કરેલું, છતાં પણ શ્રીહરિનાં ચરણનાં દર્શનની અત્યંત ઉત્કંઠા હોવાથી વૃદ્ધો હાથમાં લાકડી ધારણ કરી, અમને પણ ભગવાનનાં દર્શન કરવાં છે. માટે અમે ચાલશું જ, એ પ્રમાણે કહીને હઠાગ્રહથી યુવાનોની સાથે ચાલતાં શ્વાસ ચડતો હોવાથી તેમના કંઠ ફુલી જતા હતા, છતાં દાંત વગરના મુખથી વારંવાર સ્વામિનારાયણ સ્વામિનારાયણ હરિનામ સંકીર્તન કરતા વડતાલ આવી રહ્યા હતા.[૪૩] સ્ત્રી ભક્તજનો પણ માર્ગમાં કોઈ પુરુષનો સ્પર્શ ન થાય તે રીતે મર્યાદાનું પાલન કરતી, ઉતાવળી ગતિએ ચાલીને વડતાલ આવી રહ્યાં હતાં.[૪૪] પહેલાં હું દર્શન કરીશ. પહેલાં હું કરીશ. આ પ્રમાણે પરસ્પર બોલી રહેલા અને માર્ગમાં સર્વ કરતાં આગળ ચાલતાં ક્યારેક દોડતાં બાળકો પણ જલદીથી વડતાલ આવતાં હતાં.[૪૫] આ પ્રમાણે જુદા જુદા દેશોમાંથી આવતા ભક્તજનોથી મહી, સાબર,**

तावान् स भुवि देशोऽपि वर्ततेऽप्रतिमो नृप ! । येनोपमा भवेत्तस्य देशोऽन्यो नास्ति तादृशः ॥ ४७
रसाला सकला भूमिः सर्वर्तुषु सुखप्रदा । वर्तते यत्र देशे च कर्षकाणां मनःप्रिया ॥ ४८
मृष्टोदका निर्विकारा वाप्यः कूपाः सरांसि च । वर्ततेऽनुपदं यत्र ग्रामे ग्रामे वने वने ॥ ४९
आम्राणां क्षीरिकाणां च यत्र सङ्ख्या न विद्यते । अन्येऽपि बहवः सन्ति वृक्षा यत्र सुखप्रदाः ॥ ५०
उदुम्बराः कपित्थाश्च वटाः प्लक्षाश्च पीलवः । अम्लिकाश्वत्थगुन्द्राश्च नालिकेरास्तृणद्रुमाः ॥ ५१
बीजपूरकनारङ्गजम्बीराम्रातकास्तथा । नागकेसरपुन्नागबकुलाशोकपाटलाः ॥ ५२
सुवर्णकेतकीजातीशतपत्र्यश्च मल्लिकाः । पञ्चकाः करवीराश्च शमीबिल्वद्रुमोत्पलाः ॥ ५३
बदर्यः किंशुकाः पूगाः कदम्बाश्च कुरण्टकाः । पनसाश्च कदल्यश्च बन्धुजीवकयूथिकाः ॥ ५४
निम्बजम्बूमधूकाद्याः पत्रपुष्पफलादिभिः । सुखयन्तो जनान्सर्वे वर्तन्ते तत्र सर्वतः ॥ ५५
वनेऽपि यत्र पान्थानां गृहाकारद्रुमान्विते । छायाफलोदकप्राप्त्या ग्रामकार्यं न शिष्यते ॥ ५६
तावान्देशः पूण्यभूमिर्वृन्दावनमिवोत्तमः । साधवो भगवद्भक्ताः प्रायशो विचरन्ति यत् ॥ ५७
ईदृशे तत्र देशे ते निवासांश्चक्रिरे जनाः । वृत्तालयं वेष्टयित्वा सर्वतो हृष्टमानसाः ॥ ५८

---

વાત્રક આદિ નદીઓની મધ્યમાં રહેલા દેશોના પ્રદેશો અતિશય ભરચક થયા.[૪૬] આ ત્રણ નદીઓની અંતર્વતી રહેલો પ્રદેશ ભારતનો અનુપમ અજોડ પ્રદેશ છે. આ પ્રદેશ રસાળ અને સર્વઋતુમાં ફળ, ફુલથી સર્વજનોને સુખ આપતો અને ખોડૂતોના મનને આનંદ ઉપજાવે છે. આ પ્રદેશમાં ગામડે ગામડે વને વને મીઠા જળના કુવાઓ અને સરોવરો જોવા મળે છે.[૪૭-૪૯]

હે રાજન્ ! તે દેશમાં આંબાનાં તેમજ રાયણનાં અસંખ્ય વૃક્ષો આવેલાં છે. તેમ અન્ય વૃક્ષો પણ છે, જેવાં કે ઉમરડો, કોઠ, વડ, પીંપળ, પીલુ, આમલી, પીપળી, ગુંદી, નાળિયેરી, તાડ, ખજૂરી, નારંગી, લીંબુ, આમળાં, નાગકેશર, પુન્નાગ, બોરસળી, આસોપાલવ, પાટલ, સુવર્ણકેતકી, ચમેલી, બીજોરો, શતપત્રી, મલ્લિકા, હેમપુષ્પા, કણેર, શમડી, બીલી, ખડચંપો, બોરડી, ખાખરો, સોપારી, કદંબ, કુરટંક, ફનસ, કેળ, બપોરીયા, જુઇ, લીંમડા, જાંબુ, મહુડા આદિ અનંત વૃક્ષો તથા પત્ર, પુષ્પ અને ફળ આદિકથી મનુષ્યોને આનંદ ઉપજાવતાં બીજાં અનેક પ્રકારનાં વૃક્ષો રહેલાં છે.[૫૦-૫૫] આ દેશમાં વટેમાર્ગુઓને જંગલમાં પણ ફળદ્રુપ વૃક્ષો હોવાથી છાયા, ફળ અને જળની પ્રાપ્તિ થઇ રહે છે તેથી અતિશય સુખાવહ અને વૃંદાવનની ભૂમિ સમાન ઉત્તમ, તેમજ શ્રીહરિના સંતોનાં વિચરણથી પવિત્ર પ્રદેશ છે.[૫૬-૫૭]

હે રાજન્ ! આવા ઉત્તમ પ્રદેશમાં દેશાંતરમાંથી આવી રહેલા ભક્તજનોએ પ્રવેશ કર્યો. ત્યારે તેઓ સુખપૂર્વક વડતાલની ચારે બાજુ નિવાસ કરવા લાગ્યા.[૫૮]

तटेषु सरसां केचिन्नदीनां पुलिनेषु च । केचित्कूपोपकण्ठेषु न्यवसन्कतिचिज्जनाः ॥ ५९
गृहाकारान् द्रुमानेव न्यूषुराश्रित्य केचन । ग्रामेषु केचिन्न्यवसन् यथासुखमतन्द्रिताः ॥ ६०
कृतावासाश्च ते सर्वे दशम्यां यत्र सङ्गताः । भुक्त्वा पीत्वा सुखासीनाः प्रत्यैक्षन्तागमं हरेः ॥ ६१
पञ्चालदेशं समतीत्य भद्रां तीर्त्वा व्यतिक्रम्य च भाल्लदेशम् ।
तीर्त्वा ततः साभ्रमतीं हरिश्च प्रापत्तुरीयेऽह्नि चरोत्तरं सः ॥ ६२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे भगवत्प्रयाणदेशान्तरीयजनसङ्गागमननिरूपणनामा सप्तचत्वारिंशोऽध्यायः॥४७॥*

---

તેમાં કોઈ સરોવરના કિનારે, કોઈ નદીના તટ ઉપર, તો કોઈ કૂવાના કાંઠે નિવાસ કરીને રહ્યા.[૫૮] કેટલાક જનો ઘરની સમાન આકૃતિ ધરાવતાં ઘટાદાર વૃક્ષોનો આશ્રય કરીને રહ્યા. કેટલાક ગામમાં રહેવા લાગ્યા.[૬૦] આ પ્રમાણે વડતાલની ચારે બાજુ નિવાસ કરી રહેલા ભક્તજનો ભોજન જમી, સુખપૂર્વક ત્યાં રહેતા હતા. પછી ફાગણસુદ દશમની તિથિએ વડતાલમાં પ્રવેશ કર્યો ને શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.[૬૧]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પણ પાંચાળ દેશને ઓળંગી ભદ્રાનદીને ઉતરી ભાલપ્રદેશમાં પ્રવેશ કર્યો, ત્યાંથી સાબરમતી નદી ઉતરી ચોથે દિવસે ચરોત્તર દેશમાં પધાર્યા.[૬૨]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં શ્રીહરિ ગઢપુરથી વડતાલ જવા નીકળ્યાં અને ભક્તજનો પણ દેશાંતરથી શ્રીહરિનાં દર્શન કરવા માટે વડતાલ પધારી રહ્યાનું નિરૂપણ કર્યું, એ નામે સુડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૭--***

---

### अथ अष्टचत्वारिंशोऽध्यायः - ४८

सुव्रत उवाच-

तं देशं च रसालादीन् प्रशंसन्बहुधा द्रुमान् । पञ्चमेऽहनि मध्याह्ने पिप्पलावनमागमत् ॥ १
तत्र तत्र च तत्रत्यैः फलपुष्पादिभिर्नृप ! । उपायनैर्बहुविधैः पूजितः सादरं जनैः ॥ २
अनुगृह्णंश्च मधुरैर्वाक्यैस्तान्दशमीदिने । सायं वृत्तालयं प्राप जनानानन्दयन्प्रभुः ॥ ३
प्रतीच्यां दिशि लोकाश्च ते सर्वे बद्धदृष्टयः । श्रुत्वागमं हरेर्हृष्टाः सद्य उत्तस्थुरादरात् ॥ ४
प्राणागमे यथाङ्गानि प्रोत्थितास्तेऽथ तत्क्षणम् । प्रत्युज्जग्मुः प्रहर्षेण तं प्रभुं लक्षशो जनाः ॥ ५
तत्पूर्निवासिनः सर्वे ब्राह्मणाः क्षत्रिया विशः । शूद्राः कोलाश्च शतशो हरिभक्तास्तथा स्त्रियः ॥ ६
श्रुत्वा हरिमुपायातं तद्दर्शनमहोत्सवाः । प्रत्युद्गन्तुं तमुत्तस्थुः पौराः सर्वे ससम्भ्रमम् ॥ ७
श्रुत्वा हरेरागमनं प्रेमविह्वलचेतसः । प्रीता बभूवुः सकलास्तदानीं पौरयोषितः ॥ ८
वाससां भूषणानां च तदानीमतिसम्भ्रमात् । बभूव व्यत्ययस्तासां हर्षाश्रुप्लुतचक्षुषाम् ॥ ९

---

## અધ્યાય – ૪૮

## વડતાલ પધારેલા શ્રીહરિનાં દર્શને પધારેલા ભક્તસમુદાયની સ્થિતિનું વર્ણન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ચરોત્તર પ્રદેશના રસાળ તથા ફળદ્રુપ વૃક્ષોની બહુ પ્રકારે પ્રશંસા કરતા ભગવાન શ્રીહરિ પાંચમે દિવસે મધ્યાહ્ને પિપળાવ ગામે પધાર્યા.[૧] માર્ગમાં આવતાં તે તે ગામવાસી મનુષ્યો શ્રીહરિનું ફળ, પુષ્પ તથા સાકરનાં પડિકાં અર્પણ કરીને આદરપૂર્વક પૂજન કરતા.[૨] તે સમયે મધુર વચનામૃતોથી તે તે જનો પર અનુગ્રહ કરતા અને સર્વને આનંદ ઉપજાવતા શ્રીહરિ ફાગણસુદ દશમીની તિથિએ સાયંકાળે વડતાલ પધાર્યા.[૩] હે રાજન્ ! દેશાંતરવાસી સર્વે મનુષ્યો પશ્ચિમદિશા તરફ મુખરાખીને પ્રતીક્ષા કરી રહ્યા હતા તેવામાં જ ભગવાન શ્રીહરિના આગમનની વાત સાંભળીને સૌ અતિશય રાજી થઈને આદરપૂર્વક સન્મુખ ગયા.[૪] જેમ શરીરમાં પ્રાણનું આગમન થાય ને ચેષ્ટા પ્રગટે તેમ, શ્રીહરિના આગમનથી હર્ષઘેલાં થયેલાં સર્વે મનુષ્યો તત્કાળ તેમની સન્મુખ ગયા.[૫] બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વિગેરે સેંકડો નરનારીઓ શ્રીહરિ નજીકના પ્રદેશમાં આવી ગયા છે તેવું સાંભળી અતિશય વિહ્વળ થઈને સન્મુખ ચાલવા લાગ્યા.[૬-૭] ત્યારે હર્ષનાં આંસુથી ભરાયેલાં નેત્રોવાળા સર્વે જનો સન્મુખ જવાની ઉતાવળમાં સંભ્રમ દશાને કારણે ધારણ કરેલા છે ઉલટાં-સુલટાં વસ્ત્રો અને

यथातथाधृताभूषा यत्तद्विधृतवाससः । उत्कास्तदैव तं द्रष्टुं गृहेभ्यस्ता विनिर्ययुः ॥ १०
मार्जयन्त्यो गृहान्काश्चिल्लिम्पन्त्यश्चापराः स्त्रियः । स्नान्त्यः काश्चित्स्त्रियः सद्यस्त्यक्त्वा तत्सत्वरं ययुः ॥
काश्चित्पाकं प्रकुर्वत्यः काश्चिद्गोदोहनं तथा । सुतान् पयः पाययन्त्यस्त्यक्त्वा तत्काश्चनागमन् ॥ १२
ध्यायन्त्यः काश्चन हरिं काश्चित्तत्पदकार्चनम् । कुर्वत्यस्तद्विहायैव साक्षात्तं ययुरीक्षितुम् ॥ १३
काश्चित्समाधौ पश्यन्त्यो हरिं सद्यस्तिरोहितम् । ससम्भ्रमं समुत्थाय ययुरुन्मत्तवत्स्त्रियः ॥ १४
प्रत्युज्जग्मुर्हरिं प्रीत्या गीतवाद्यपुरःसरम् । जयध्वनिं प्रकुर्वन्तस्तदा पौराः सयोषितः ॥ १५
सत्वरं ते चलन्तोऽपि वाद्यघोषं हरेः पुरः । श्रुत्वा दूराज्जायमानमधावन्दर्शनोत्सुकाः ॥ १६
हरेः पुरःसरांस्तावच्छतशश्च सहस्रशः । दृष्ट्वा मुनीन्प्रणम्याथ साक्षादैक्षन्त ते प्रभुम् ॥ १७

अश्वाधिरुढं धृतचारुवल्गं सहासवक्त्राम्बुजमब्जनेत्रम् ।
मार्गे जनैश्चन्दनपुष्पहारैः सम्पूजितं भक्तमनोभिरामम् ॥ १८

આભૂષણોવાળી સ્ત્રીભક્તજનો, જે હાથમાં આવ્યું તે લઇને શ્રીહરિનાં દર્શન કરવા અત્યંત ઉત્કંઠાવાળી થઇને પોતાના ભવનમાંથી બહાર નીકળી શ્રીહરિના સન્મુખ દોડવા લાગી.[૮-૧૦]

હે રાજન્ ! તે સમયે કોઇ સ્ત્રી સાવરણીથી ઘરની સફાઇ કરી રહી હતી, કોઇ ઘર લીંપતી અને કોઇ સ્નાન કરી રહી હતી, તો કોઇ ગોદોહન કરતી, કોઇ રસોઇ કરતી, કોઇ પોતાના પુત્રને સ્તનપાન કરાવતી હતી, તે સર્વે પોતાનાં કામને તત્કાળ છોડી દઇને ભગવાન શ્રીહરિની સન્મુખ ચાલવા લાગી.[૧૧-૧૨] વળી કોઇ સ્ત્રી શ્રીહરિનું ધ્યાન કરતી હતી, કોઇ માનસ ઉપચારોથી ભગવાનના ચરણારવિંદનું પૂજન કરતી હતી, તેનો પણ તત્કાળ ત્યાગ કરીને પ્રત્યક્ષ શ્રીહરિની સન્મુખ ગઇ.[૧૩] તો કોઇ સ્ત્રીઓ સમાધીદશામાં શ્રીહરિનાં સારી રીતે દર્શન કરતી હતી અને અચાનક અંતર્ધાન થઇ ગયેલા ભગવાનને જોઇ, ઉન્મત્તની જેમ ઘરમાંથી બહાર નીકળી ભગવાન સન્મુખ ચાલવા લાગી.[૧૪] તે સમયે વડતાલપુરવાસી સર્વે ભક્તજનો પોતાની સ્ત્રીઓને સાથે લઇને પ્રેમથી જયજયકારનો ધ્વનિ કરતા અને વાજિંત્રો વગાડી કીર્તન કરતા કરતા ભગવાન શ્રીહરિને મળવાની અતિશય ઉત્કંઠાથી સામે દોટ મૂકવા લાગ્યા.[૧૫-૧૬] સૌ પ્રથમ ભગવાન શ્રીહરિની આગળ ચાલી રહેલા સેંકડો સંતોનાં દર્શન થયાં. તેઓને નમસ્કાર કર્યા અને ત્યારપછી શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા.[૧૭]

શ્રીહરિ માણકીઘોડી ઉપર વિરાજમાન થયા હતા, ડાબા હાથમાં લગામ હતી, અને સ્વભાવિક મંદમંદ મુખ હાસથી પ્રફુલ્લિત નેત્રકમળથી અને ચંદન તથા પુષ્પોના હારોથી અત્યંત શોભી રહેલા, શ્રીહરિનું દર્શન અતિશય મનોહર

चञ्चलत्प्रान्तासितांशुकेन तूर्णं दृढाबद्धकटिं कटाक्षैः ।
संवीक्ष्य भक्तानभि धावतः स्वं हसन्तमाश्चर्यवशादिवोच्चैः ॥ १९
करेण चैकेन समाव्रजद्भ्यो भक्तव्रजेभ्यो ह्यभयं ददानम् ।
तमश्ववारैर्वृतमाशु दृष्ट्वा ववन्दिरे येऽग्रगतास्त आदौ ॥ २०
कुबेरमुख्याः सकलाश्च पौरा भक्ताः पुमांसो द्रुतमेत्य तत्र ।
तं भूरिहर्षस्रवदश्रुनेत्राः प्रीत्या प्रभुं दण्डवदाशु नेमुः ॥ २१
स्त्रीणां च वृन्दानि सहस्रशोऽथ द्रष्टुं तमुत्कण्ठितमानसानि ।
तदावलोक्य प्रभुमाशु हर्षान्निधाय शीर्षाणि भुवि प्रणेमुः ॥ २२
दृष्ट्वा तमात्मपरमप्रियमम्बुजाक्षं नार्यः प्रहर्षमतुलं समवाप्य तूर्णम् ।
दृग्भिर्निधाय हृदयेषु हरिं मनोभिरालिङ्ग्य ताः पुलकिताङ्गरुहा बभूवुः ॥ २३

---

લાગતું હતું.[૧૮] ચળકતા અને ચંચળ છેડાવાળા શ્વેત વસ્ત્રથી કેડને મજબૂત રીતે બાંધી હતી. પોતાનું લક્ષ્ય કરીને સન્મુખ દોડ્યા આવતા વડતાલવાસી ભક્તજનો ઉપર કૃપાદૃષ્ટિથી આશ્ચર્યમાં ગરકાવ થઈ હસી રહ્યા હતા.[૧૯] હજારો અસ્વારોના વૃંદની મધ્યે શોભતા અને જમણા હાથથી અભયદાન આપી રહેલા શ્રીહરિને સામે આવેલા સર્વે ભક્તજનો દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૨૦] તેઓમાં કુબેર પટેલ, જોબનપગી આદિક સર્વે પુરવાસીઓ તુરંત દંડની માફક પડી શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા.[૨૧] અને સ્ત્રી ભક્તજનો પણ હર્ષઘેલી થઇ પૃથ્વીપર બેસી પંચાંગ પ્રણામ કરવા લાગી. તેઓને પોતાના આત્મા કરતાં પણ કમલનયન ભગવાન શ્રીહરિમાં અધિક પ્રીતિ હતી, તેથી તેમનાં દર્શન થતાંની સાથે નેત્રો દ્વારા પોતાના હૃદયકમળમાં શ્રીહરિને પધરાવ્યા, પછી મનથી તેમની સાથે આલિંગન કરી રોમાંચિત ગદ્ગદ્ ગાત્ર થઈ.[૨૨-૨૩]

શ્રીહરિની સન્મુખ આવેલા દેશાંતરવાસી ભક્તજનો સૌની આગળ ''જય શ્રીકૃષ્ણ'' આ પ્રમાણે ઉચ્ચે સાદે બોલી શ્રીહરિની સાથે પધારેલા ભક્તજનોને આનંદપૂર્વક ભેટવા લાગ્યા. અને દેશાંતરવાસી સ્ત્રી ભક્તજનો પણ શ્રીહરિની સાથે પધારેલાં રમાબા આદિ સર્વે સ્ત્રીભક્તજનોને ભેટવા લાગી.[૨૪-૨૫] સર્વે સ્ત્રીઓ હર્ષઘેલી થઇ ''જય શ્રીકૃષ્ણ'' કહી ઉત્સુકતાથી એકબીજાને ભેટી આલિંગન કરવા લાગી.[૨૬] અને શ્રીહરિની આજ્ઞાથી પ્રચાર પ્રસાર કરી વડતાલપુર પધારેલા અને લતા આદિકથી આચ્છાદિત સ્થળોમાં ઉતારા કરીને રહેતા હજારો સંતો-ભક્તો

देशान्तरीयः सर्वोऽपि जनो हरिसहागतान् । परिरेभे ब्रुवन् हर्षाज्जय श्रीकृष्ण इत्यसौ ॥ २४
देशान्तरीया नार्योऽथ प्रभुणा सह चागताः । पाश्चात्या योषितो दृष्ट्वा परिरब्धुं विदुद्रुवुः ॥ २५
स्तनोपपीडमौत्सुक्याद्धर्षेण महता वृताः । जय श्रीकृष्ण इत्येवं वदन्त्यः परिरेभिरे ॥ २६
देशान्तरेभ्य आगत्य स्थिताः कुञ्जेष्वितस्ततः । त्यागिनो भगवद्भक्तास्तत्राजग्मुः सहस्रशः ॥ २७
यथान्तरिक्षगा हंसा लक्ष्यीकृत्यैव मानसम् । सरस्तथा हरिं ते च दूरादभ्यपतन् द्रुतम् ॥ २८
तत्रागत्य हरिं नत्वा दण्डवत्तेऽथ संस्थिताः । तानालोक्य जनास्ते तु प्रणेमुः समुपेत्य च ॥ २९
कुर्वन्तश्च जय स्वामिन्नारायण इति ध्वनिम् । जानन्तस्तान्हरेः प्रेष्ठान् हर्षेण विलुलोकिरे ॥ ३०
तानागतान् यथायोग्यं मानयामास स प्रभुः । प्रणतानात्मनो भक्तान्सर्वान्सन्तोषयन्नृप! ॥ ३१
करस्पर्शेन कांश्चिच्च कांश्चित्सम्भाषणेन च । कांश्चिच्चाभयदानेन कांश्चित्सस्मितवीक्षणैः ॥ ३२
सम्भाव्येति जनान् सर्वान्स्त्रियश्च भगवांस्ततः । जयध्वानैः स्तूयमानः सह तैः पुरमाययौ ॥ ३३
कुबेरो यौवनाश्वश्च गृहीत्वा चामरे उभौ । वीजयामासतुर्भक्तौ तं तत्पार्श्वचरौ तदा ॥ ३४
सहस्रशो दीपिकानां महता तेजसा तदा । चन्द्रकान्त्या च तिमिरं सर्वदिश्यं व्यलीयत ॥ ३५
शङ्खभेरीमृदङ्गानां झर्झराणां सहस्रशः । कांस्यानां डिण्डिमानां च तत्र ध्वानो महानभूत् ॥ ३६

---

પણ શ્રીહરિને મળવા માટે દોટ મૂકી, જેવી રીતે આકાશમાં વિહાર કરતા રાજહંસો માનસરોવરનું લક્ષ કરીને દોટ મૂકે.[૨૮] ત્યારપછી સર્વે દંડની જેમ પૃથ્વી ઉપર પડી પ્રણામ કરીને શ્રીહરિની સન્મુખ ઊભા રહ્યા. તેને જોઈને શ્રીહરિની સાથે આવેલા સર્વ ભક્તજનો સંતોને વંદન કરવા લાગ્યા, અને જય સ્વામિનારાયણ કહીને શ્રીહરિનાં પ્રેમભરેલી દૃષ્ટિથી દર્શન કરવા લાગ્યા.[૨૯-૩૦]

હે રાજન્ ! શ્રીહરિ પણ પોતાની સન્મુખ આવી વંદન કરતા પોતાના એકાંતિક સર્વ સંતો તથા ભક્તજનોને સંતોષ પમાડી યથાયોગ્ય રીતે સન્માન કરતા હતા.[૩૧] તેમાં કોઈને હાથના સ્પર્શથી, કોઈને વાર્તાલાપથી, કોઈને અભયદાનથી અને કોઈને મંદમંદ મુખહાસ્યે યુક્ત દૃષ્ટિ આપીને નરનારીઓનું સન્માન કરતા હતા. અને સર્વે નરનારીઓ પણ શ્રીહરિનો જયજયકાર અને સ્તુતિ કરતા હતા. તે સમયે ભક્તજનોની સાથે શ્રીહરિએ વડતાલપુરમાં પ્રવેશ કર્યો.[૩૨-૩૩] ત્યારે મુખીયા કુબેર પટેલ અને જોબનપગી બન્ને જણા શ્રીહરિની પડખે ઊભા રહી, રત્નજડેલા દંડથી શોભતા ચામરને ગ્રહણ કરી શ્રીહરિ ઉપર ઢોળતા હતા.[૩૪] તે સમયે હજારો દીવડાઓની મહા જ્યોતથી અને ઉદય પામેલા ચંદ્રમાની કાંતિથી સર્વે દિશાઓમાંથી અંધકારે વિદાય લીધી.[૩૫] તેવામાં હજારો શંખ, ભેરી, ભુંગળ, વગેરે અનેક પ્રકારનાં વાજિંત્રોનો મોટો ધ્વનિ થવા લાગ્યો. તેથી કોઈના શબ્દો સાંભળી શકાતા

तस्मिंस्तु तुमुले घोषे कोऽपि केनचिदीरितम् । वाक्यं न किञ्चिच्छुश्राव करसंज्ञाऽभवत्तदा ॥ ३७
बहिराम्रवणे पुर्याः स्वावासस्थानमीश्वरः । अकारयच्चोद्धरिष्यन्स जन्तून्स्थावरानपि ॥ ३८
जनौघवेष्टितः स्थानं तत्प्रापत्स शनैः शनैः । पुर्या उदग्दिशि श्रेष्ठं सर्वलोकमनोहरम् ॥ ३९
तत्रोत्तरत्यथ विभौ तुरङ्ग्याः पार्श्विकः पुमान् । यावत्करं धारयति तावत्तस्थौ स भूतले ॥ ४०
स्वदर्शनं भवेदेव सर्वेषामिति स प्रभुः । उच्चं पीठं चतुष्पादं तस्थावारुह्य शोभनम् ॥ ४१
सहागतानां सर्वेषां स्थानान्यथ यथोचितम् । दापयामास भगवान्निषसादासने ततः ॥ ४२
किञ्चित्तत्र च विश्रम्य पीत्वा वारि ततो जनान् । नानादेशसमायातानवैक्षत समन्ततः ॥ ४३
तत्रासन् प्रायशो भक्ताः प्रेक्षका अपि केचन । तत्र स्थितिभिया केचित्स्वीयान्नेतुमुपागताः ॥ ४४
यत्र यत्रैक्षत विभुस्तत्र तत्र सुसङ्कुलान् । जनानेव स्थितान्स्वस्मिन्बद्धदृष्टीनवैक्षत ॥ ४५
पुरःस्थिताश्च यावन्तस्तावन्तः पार्श्वयोरपि । स्वपृष्ठतोऽपि तावन्तो दृष्टा भगवता जनाः ॥ ४६

---

ન હતા, ત્યારે બોલેલા શબ્દોનો અર્થ હાથની સંજ્ઞા કરી સમજાવતા હતા.[૩૬-૩૭] હે રાજન્ ! શ્રીહરિએ સ્થાવર જીવોના ઉદ્ધારના હેતુથી વડતાલથી બહારના ભાગમાં આવેલી આંબાવાડીમાં પોતાનો નિવાસ કર્યો.[૩૮]

હે રાજન્ ! ભક્તજનોના વૃંદથી ઘેરાયેલા ભગવાન શ્રીહરિ ધીરે-ધીરે પુરથ ઉત્તર દિશામાં રહેલી શ્રેષ્ઠ સર્વે લોકોને ગમે તેવી આંબાવાડીમાં પધાર્યા.[૩૯] ત્યારે પોતાની માણકી ઘોડી ઉપરથી જ્યાં નીચે ઉતરવા જાય ત્યાં બાજુમાં ઊભેલા રતનજી પાર્ષદે પોતાનું કાંડું અર્પણ કરવા હાથ લાંબો કર્યો. તેટલામાં જ શ્રીહરિ પૃથ્વી પર ઊભા રહ્યા ને સર્વે જનોને પોતાનું દર્શન થાય તે માટે ચારપાયા વાળા ઊંચા મંચ ઉપર જઇ દર્શન દેવા લાગ્યા.[૪૦-૪૧] ત્યારપછી પોતાની સાથે આવેલા ભક્તજનોને યથાયોગ્ય ઉતારા અપાવ્યા, ને પોતે ઊંચા મંચ ઉપર સ્થાપન કરેલા સિંહાસન પર વિરાજમાન થઇને થોડીવાર વિશ્રાંતિ લીધી તે સમયે નારાયણાનંદ બ્રહ્મચારી ચાંદીની કટોરીમાં મીઠું જળ ભરીને લાવ્યા, તેને પોતાના જમણા હાથમાં ગ્રહણ કરી, ડાબા હાથે કટોરીને ટેકો આપી જળપાન કર્યું. પછી પોતાની ચારે તરફ રહેલા દેશાંતરવાસી ભક્તજનોને નિહાળવા લાગ્યા.[૪૨-૪૩] ત્યારે સન્મુખ રહેલા મનુષ્યોમાં ઘણાખરા તો પોતાના આશ્રિત ભક્તજનો જ હતા. તેમાં કોઇક તો આ સ્વામિનારાયણ અને તેના સાધુ તથા તેનો સંપ્રદાય તથા ભક્તો કેવું વર્તન કરે છે ? આવું કૌતુક જોવા આવેલા હતા. તેમાં કેટલાક એવા હતા કે પોતાના પરિવારમાંથી થયેલા આશ્રિતો સ્વામિનારાયણની સમીપે રહી ન જાય તેને લેવા માટે આવેલા હતા.[૪૪]

दुर्गे क्षेत्रेषु सर्वेषु सरोवरतटेषु च । जनान्कूपोपकण्ठेषु शकटादिषु चैक्षत ॥ ४७
प्रतिवृक्षं च शाखासु ह्युपर्युपरि संस्थितान् । पुरे प्रतिच्छदिस्तद्वल्लोकानेव समैक्षत ॥ ४८
पश्यन्नेवं स उत्थाय दिशासु विदिशासु च । जनानेव समीक्ष्यैव जहास च भृशं प्रभुः ॥ ४९
सविस्मयं शिरः स्वं च धूनयन्सोऽप्यहो अहो । वदन्निति पुनः पीठे निषसाद हसन्नृप ! ॥ ५०
ऊर्ध्वौ कृत्वा भुजौ स्वस्य ततः स्थापनमुद्रया । उपावीविशदीशोऽसौ तिष्ठतः सकलाञ्जनान् ॥ ५१
आज्ञाकराश्च ते सर्वे लोकास्तत्करसंज्ञया । निषेदुर्बोधिताः सद्यो लक्षशोऽप्येकचेतसः ॥ ५२
उपविष्टांश्च तान्भूयो भगवान्मौनमुद्रया । चकार संयतगिरस्तालिकावाद्यपूर्वकम् ॥ ५३
तूर्ष्णीं तेषूपविष्टेषु भगवान्भक्तवत्सलः । सर्वेषां स्वागतं तेषां सुखावासं च पृष्टवान् ॥ ५४
एकैकदेशमुख्यांश्च द्वित्रान्द्वित्रान्निजान्तिके । आहूय तत्तद्देशीयं वृत्तान्तं समपृच्छत ॥ ५५

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિ જે જે દિશાઓમાં નજર કરતા હતા ત્યાં પોતાની સામે નજર સ્થિર કરીને ઊભેલા ભક્તજનો જોવામાં આવતા હતા.[૪૫] શ્રીહરિની ચારે બાજુ ભક્તજનોની ભીડ જામી હતી. તેને જોઈને દૂર દષ્ટિ કરી તો વડતાલના કિલ્લા ઉપર, ક્ષેત્રોમાં, સરોવરના કિનારે, કૂવાકાંઠે, ગાડા ઉપર વગેરે જગ્યાએ સર્વત્ર રહેલા મનુષ્યોને નિહાળ્યાં, વળી દરેક વૃક્ષોની ડાળો ઉપર, ઘરનાં છજાં ઉપર બેઠેલા અનેક જનોને ભગવાને નિહાળ્યા.[૪૬-૪૮] આ પ્રમાણે સર્વત્ર નજર કરી શ્રીહરિ પોતાના આસન ઉપરથી ઊભા થયા ને અસંખ્ય મનુષ્યોને જોઈ આશ્ચર્યપૂર્વક હસવા લાગ્યા.[૪૯] અહો !! અહો.... આ પ્રમાણે બોલતા અને પોતાનું મસ્તક કંપાવતા પુનઃ આસનપર વિરાજમાન થયા.[૫૦] ત્યારપછી શ્રીહરિ પોતાના બન્ને હાથ ઊંચા કરી બેસાડવાની મુદ્રાથી ઊભા રહેલા સર્વે જનોને બેસાડ્યા.[૫૧] લાખોની સંખ્યામાં હોવા છતાં શ્રીહરિની સૂચના માત્રથી બેસવાનો નિર્દેશ સમજીને સર્વે આજ્ઞાકારી ભક્તજનો તે જ ક્ષણે ત્યાં જ બેસી ગયા, પછી તાડી પાળી નાસિકા ઉપર આંગળી રાખી સૌને મૌન રહેવાની સૂચના કરી તેટલામાં લાખો મનુષ્યો એકજ ક્ષણમાં મૌન થઈ ગયાં. એટલે શ્રીહરિ સર્વેને સુખી સમાચાર પૂછવા લાગ્યા, તેમાં એક એક દેશના અગ્રેસર ભક્તજનોને પોતાની સમીપે બોલાવી સમાચાર પૂછ્યા. તેમાં પોતાની કે સંતોની અને ભક્તોનાં વર્તન સંબંધી જનશ્રુતિ પણ પૂછી.[૫૨-૫૫]**

**હે રાજન્ ! ત્યારપછી સમસ્ત ભક્તજનોને ભગવાન શ્રીહરિએ ચોર આદિકના પ્રવેશથી સાવધાન કરવા ભલામણ કરી કે તમારા નિવાસ સ્થાનમાં કોઈ અજાણી વ્યક્તિને પ્રવેશ કરવા દેશો નહિ, ભલે સત્સંગીના વેષમાં આવે છતાં**

तस्कराद्यप्रवेशार्थं ततस्तानन्वशात्प्रभुः । स्वस्वावासेष्वविज्ञातो निष्कास्यः पुरुषस्त्विति ॥ ५६
आज्ञप्तास्तेऽथ हरिणा तं प्रणम्य जना ययुः । स्वस्वावासान्निजं भाग्यं मन्यमाना महत्तरम् ॥ ५७
स्वे स्वे वासे चैकमेकं मनुष्यं संस्थाप्यैते भूय एत्याग्रतोऽस्य ।
तस्थुः सर्वे द्रष्टुमुत्कास्तमीशं यावत्तस्येक्षाऽभवत्तावदेव ॥ ५८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृतालयदोलोत्सवे भक्तानां सपरिवारभगवद्दर्शनानन्दनिरूपण-नामाऽष्टचत्वारिंशोऽध्यायः॥४८॥*

---

**एकोनपञ्चाशत्तमोऽध्यायः - ४९**

**सुव्रत उवाच-**

एतस्मिन्नन्तरे तत्र प्रभोस्तस्य तु सोदरौ । नराकृतिधरस्योभावाजग्मतुरकल्मषौ ॥ १

---

અજાણ્યા ઉપર ભરોસો કરશો નહિ.[૫૬] પછી પોતપોતાના ઉતારે જવાની આજ્ઞા કરી, આ પ્રમાણે શ્રીહરિના આદેશને મસ્તક ઉપર ધારણ કરી ભક્તો પોતાને ધન્ય ભાગ્યશાળી માનવા લાગ્યા, અને સૌ સૌના ઉતારે ગયા.[૫૭] ત્યારે પોતાના ઉતારાનાં રક્ષણ માટે વારાફરતી એક એક જણને ઉતારામાં મૂકીને શ્રીહરિનાં દર્શન કરવાની ઉત્કંઠા હોવાથી ફરી દર્શને આવ્યા ને જ્યાં સુધી શ્રીહરિનાં દર્શન થયાં ત્યાં સુધી ત્યાં જ બેસી રહ્યા.[૫૮]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલના ફૂલદોલોત્સવ પ્રસંગે પરિવારે સહિત શ્રીહરિનાં દર્શને પધારેલા ભક્તજનોના આનંદનું નિરૂપણ કર્યું, એ નામે અડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૮--***

---

## અધ્યાય - ૪૯

### રામપ્રતાપભાઇ આદિ અયોધ્યાવાસીઓનું આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ફુલદોલોત્સવન પ્રસંગમાં મનુષ્યાકૃતિ ધારણ કરી વિરાજી રહેલા શ્રીહરિના બન્ને ભાઈઓ, મોટા રામપ્રતાપજી અને નાનાભાઈ ઈચ્છારામજી તેમની સમીપે આવ્યા.[૧] હે રાજન્ ! શ્રીનીલકંઠવર્ણી જે દિવસથી ઘરનો તથા સગાસંબંધીનો ત્યાગ કરીને, કદી પાછા

यस्मिन्दिनेऽसौ भगवान्नीलकण्ठाभिधो गृहम् । हित्वा प्रवव्राज निजांस्तद्दिनात्तच्छुचाकुलौ ॥ २
रामप्रतापेच्छारामसंज्ञौ बुद्धिमतां वरौ । भगवद्विरहक्षामौ नित्यं तच्चिन्तने रतौ ॥ ३
देशान्तरे विचरतामागतानां स्ववेश्मनि । मुखान्मुनीनां तद्वार्तां श्रुत्वा तद्दर्शनोत्सुकौ ॥ ४
तत्स्नेहिभिश्च बहुभिर्बन्धुभिः सहितौ निजैः । सद्यो निर्ययतुर्ग्रामात्साश्चर्यौ कृतमङ्गलौ ॥ ५
यदा तौ निर्गतौ ग्रामाद्भ्रातरौ कृतनिश्चयौ । तदा तत्परिवारोऽपि साकं ताभ्यां च निर्ययौ ॥ ६
योषा रामप्रतापस्य भगवद्वीक्षणोत्सुका । नाम्ना सुवासिनी ख्याता पतिभक्तिपरायणा ॥ ७
तथा रामप्रतापस्य त्रयः पुत्राः सुबुद्धयः । नन्दरामष्ठाकुरोऽयोध्याप्रसाद इति श्रुताः ॥ ८
तथा तस्य सुता चैका नाम्ना सिद्धिरिति श्रुता । नन्दरामस्य योषाऽथ दिनमानाभिधा शुभा ॥ ९
तत्सुतौ रामशरणनारायणसमाह्वयौ । मेधानाम्नी च तस्यैव तनया शुभलक्षणा ॥ १०

---

**નહી ફરવાના દૃઢ સંકલ્પ સાથે વનમાં સિધાવ્યા તે દિવસથી આરંભીને શ્રીહરિના વિયોગમાં વ્યાકુળ થયેલા અને બુધ્ધિમાન મનુષ્યોમાં શ્રેષ્ઠ રામપ્રતાપજી અને ઈચ્છારામજીનાં શરીરો પોતાના સહોદરના વિરહને કારણે કૃશ થયાં હતાં. પ્રતિદિન રાત્રી દિવસ શ્રીહરિના વિચારોમાંજ તેનાં ચિત્ત મગ્ન રહેતાં હતાં.[૨-૩] શ્રીહરિની આજ્ઞાથી અનંત જીવોને ભગવાનના સ્વરૂપનો બોધ કરાવવા દેશાંતરમાં વિચરણ કરી રહેલા માયાજિતાનંદ વગેરે સંતો કોઈ વખત યદચ્છાએ તેમના ઘેર પહોંચ્યા. તેમના મુખેથી મહિમાએ સહિત ભગવાન શ્રીહરિનું વૃત્તાંત સાંભળ્યું ને નક્કી થયું કે એ તો અમારા સગાભાઈ છે. તેથી ભગવાન શ્રીહરિનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠા જાગી. પિતા ધર્મદેવે શરીર છોડતી વખતે જે શ્રીહરિની ભગવાનપણાના સ્વરૂપ સંબંધી વાતો કરેલી તેની સ્મૃતિ થઈ આવી, તેથી બહુજ આશ્ચર્ય પામ્યા, અને જવાના પ્રયાણમાં દૂરનો પ્રવાસ હોવાથી માંગલિક કર્મ કરી, શ્રીહરિને વિષે અતિશય સ્નેહવાળા પોતાના પરિવારના સંબંધીઓને સાથે લઈને તત્કાળ છપૈયા ગામેથી ચાલી નીકળ્યા.[૪-૬]**

**હે રાજન્ ! તેમની સાથે તેમનો પરિવાર પણ ચાલ્યો, તેમાં બાળપણમાં લાડ લડાવેલા શ્રીહરિનાં દર્શન કરવાની અત્યંત ઈચ્છાવાળાં અને પતિવ્રતા પરાયણ સુવાસિની નામનાં રામપ્રતાપજીનાં પત્ની હતાં. નંદરામ, ઠાકુરરામ અને અયોધ્યાપ્રસાદજી આ ત્રણ રામપ્રતાપજીના પુત્રો અને સિધ્ધિ નામની રામપ્રતાપજીની એક પુત્રી. દિનમાના નામનાં નંદરામજીનાં ધર્મપત્ની, રામશરણ અને નારાયણ બે નંદરામના પુત્રો અને મેધા નામની નંદરામની પુત્રી પણ સાથે હતાં, તેમજ શિવકુમારી નામનાં ઠાકોરરામની પત્ની તથા ગોવિંદા અને કુંતિ નામની**

ठाकुराख्यस्य भार्याऽथ नाम्ना शिवकुमारिका । गोविन्दाकुन्तिनाम्न्यौ च तस्य पुत्र्यावुभे अपि ॥ ११
भार्याऽयोध्याप्रसादस्य सुनन्दासंज्ञिका तथा । तस्यैव तनया नाम्ना यमुनेत्यभिविश्रुता ॥ १२
इच्छारामस्य भार्याऽथ ख्याता नाम्ना वरीयसी । पुत्राश्च तस्य प्रवराः पञ्च द्वे कन्यके अपि ॥ १३
गोपालो रघुवीरश्च तथा वृन्दावनाभिधः । सीतारामश्च बदरीनाथ इत्यात्मजाः श्रुताः ॥ १४
ख्याते फुल्लसरीफुल्लझरीसंज्ञे तु कन्यके । स्त्री गोपालस्य मण्डाख्या विरजाऽस्यानुजस्य च ॥ १५
सुफलाख्यस्तथा चैक इच्छारास्य शालकः । मानसारामसंज्ञोऽस्य मातुलेयश्च बुद्धिमान् ॥ १६
एतैरन्यैश्च सहितौ बन्धुभिर्भ्रातरौ च तौ । भगवद्दर्शकैः पान्थैः साकं तत्रोपजग्मतुः ॥ १७
प्रतिग्रामं पूज्यमानौ मार्गेऽपि भगवज्जनैः । स्वस्वामिसम्बन्धितया विनयेनादरेण च ॥ १८
तत्र तत्र तदैश्वर्यं श्रुत्वा विस्मितमानसौ । तत्पुरस्योपकण्ठे तौ दूराद्धरिमपश्यताम् ॥ १९
लक्षणैरात्मबन्धुं तं स्वानुभूतैरवेत्य तौ । दूराद्दुद्रुवतुः प्रेम्णा परिरब्धुं मुदान्वितौ ॥ २०

**બે પુત્રીઓ, તેમજ સુનંદા નામનાં અયોધ્યા પ્રસાદજીનાં પત્ની અને યમુના નામની તેમની પુત્રી પણ સાથે હતી.[૭-૧૨] તેવીજ રીતે વરીયાળી નામનાં ઈચ્છારામજીનાં પત્ની અને ગોપાળ, રઘુવીર, વૃંદાવન, સીતારામ અને બદરીનાથ આ પ્રવીણ પાંચ ઈચ્છારામજીના પુત્રો, તેમજ ફુલ્લસરી અને ફુલ્લઝરી આ બે પુત્રીઓ, સાથે મંડા નામનાં ગોપાળજીનાં પત્ની, વીરજા નામનાં રઘુવીરનાં પત્ની, તેમજ સુફળ નામનો ઈચ્છારામજીનો સાળો, અને મામાનો પુત્ર માનસરામ તથા અન્ય કાહ્નો, શિવદિન અને ભાગવત આદિક સંબંધીજનો બન્ને ભાઈઓની સાથે ફુલદોલોત્સવમાં ભગવાનનાં દર્શન કરવા આવી રહેલા પથીકજનોની ભેળા થઈ શ્રીહરિનાં દર્શન કરવા વડતાલ પધાર્યાં.[૧૩-૧૭]**

**હે રાજન્ ! માર્ગમાં પ્રત્યેક ગામના ભક્તજનો, વિનયપૂર્વક આ આપણા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનના સગા ભાઈઓ છે, એમ જાણી તેઓનું પૂજન સન્માન કરતા હતા.[૧૮] અને ભક્તજનોના મુખેથી પોતાના ભાઈ ભગવાન શ્રીહરિકૃષ્ણનો અસાધારણ દિવ્યપ્રતાપ સાંભળીને અતિશય વિસ્મય પામી ગયેલા બન્ને ભાઈઓએ સહિત ધર્મપરિવારે શ્રીહરિને દૂરથી નિહાળ્યા.[૧૯] તે સમયે બન્ને ભાઈઓએ પોતે અનુભવેલી મુખની લાવણ્યતા નાસિકાની સમીપે તલ, કાનની બુટીમાં તલ વિગેરે લક્ષણોથી ભગવાન શ્રીહરિને પોતાના સહોદર જ છે એમ ઓળખીને હર્ષપૂર્વક બહુકાળના વિરહ પછી દર્શન થયું હોવાથી પ્રેમથી ભેટવા દૂરથી દોટ મૂકી.[૨૦] દૂરના પ્રદેશથી પોતાના ઘરનો ત્યાગ કરી કેવળ પોતાનાં દર્શન કરવા પધારેલા બન્ને ભાઈઓનાં નેત્રોમાંથી પ્રેમનાં અશ્રુઓ વહી રહ્યાં હતાં, દર્શન**

आयातौ निजदर्शनार्थमथ तौ त्यक्त्वा गृहं दूरतः प्रेमाश्रुस्नुतिलोचनावतिमुदौ दृष्ट्वा स तद्भाववित् ।
भ्रातृस्नेहविहीनधीरपि तदा भक्तप्रियत्वात्प्रभुः पीठादुत्तरति स्म हासविकसद्वक्राम्बुजः सत्वरम् ॥ २१
तावत्तौ द्रुतमेत्य तं स्वपरमप्रेष्ठं क्रमेणादराद्दोर्भ्यां सम्परिरभ्य हर्षविविशावास्तां चिरं भ्रातरौ ।
तौ सम्मान्य यथोचितं स भगवानन्यांश्च बन्धून्निजान्मित्रादीन्परिरभ्य साश्रुनयनानानन्दयामास तान् २२
रामप्रतापं ज्येष्ठं तं नारायणमुनिस्तदा । प्रणनाम कनिष्ठत्वादिच्छारामस्तमादरात् ॥ २३
इतरानपि बन्धून् स्वानेवमेव यथोचितम् । ववन्दे भगवान् केऽपि तं नमश्चक्रुरुत्सुकाः ॥ २४
चिरेण दृष्ट्वा ते सर्वे प्राणप्रेष्ठं तमीश्वरम् । जहुर्विरहजं तापं लेभिरे परमं सुखम् ॥ २५
उपवेश्यासने तांश्च भगवान् पीठमास्थितः । पप्रच्छ स्वागतं तेषां वृत्तान्तं कुशलं तथा ॥ २६
मुनयोऽथ जनास्ते च पार्षदा योषितस्तथा । भ्रातरौ तौ प्रभोर्ज्ञात्वा प्रणेमुस्तमिवादरात् ॥ २७

---

**થવાથી તેઓના અંતરમાં આનંદ પણ સમાતો ન હતો. ભગવાન શ્રીહરિને પોતાના ભાઈઓમાં કોઈ સંબંધપણાનો સ્નેહ ન હતો, છતાં પણ ભક્તપણાના નિર્મળ ભાવને અતર્યામીપણે જાણી મંદમંદ હાસ્યથી પ્રફુલ્લિત મુખકમળથી શોભતા શ્રીહરિ તત્કાળ પોતાના સિંહાસન ઉપરથી નીચે ઉતર્યા.[૨૧] તેવામાં બન્ને ભાઈઓ પણ શ્રીહરિની સમીપે તત્કાળ આવી પહોંચ્યા અને અનુક્રમે ભૂજાઓ ભરી હર્ષથી ભેટતા રહ્યા. શ્રીહરિ પણ બન્ને ભાઈઓની તથા તેમની સાથે પધારેલા સંબંધીજનોની યથાયોગ્ય સંભાવના કરી અને પોતાના મિત્રોને પણ બાથમાં ઘાલીને ભેટ્યા તેથી ખૂબજ આનંદ થયો.[૨૨]**

**હે રાજન્ ! ભગવાન શ્રીનારાયણમુનિ પોતાના મોટાભાઈ શ્રીરામપ્રતાપજીને દંડવત્ પ્રણામ કરીને મળ્યા અને ઈચ્છારામભાઈ પોતે નાના હોવાથી શ્રીહરિને દંડવત્ પ્રણામ કરીને મળ્યા.[૨૩] વડીલ સંબંધીજનો તથા અન્ય સર્વેને યથાયોગ્ય વંદન કર્યા, આ રીતે સર્વે સંબંધીજનોએ પોતાના પ્રાણપ્રિય ઈશ્વર શ્રીહરિનાં બહુ લાંબાકાળ પછી દર્શન કરીને બહુ કાળના વિરહતાપને દૂર કર્યો અને પરમ સુખ પામ્યા.[૨૪-૨૫] પછી સર્વેને બેસાડી સ્વયં શ્રીહરિ આસન ઉપર વિરાજમાન થયા, અને સ્વાગતાદિ પ્રશ્નો પૂછી, અમે અહીં છીએ તે તમોએ કેમ જાણ્યું ? વગેરે વૃત્તાંત તથા કુશળ સમાચાર પણ પૂછ્યા.[૨૬] પછી મુક્તાનંદ સ્વામી આદિ સંતો, મયારામભટ્ટ, હેમંતસિંહરાજા આદિ સત્સંગીજનો, મુકુન્દાનંદવર્ણી, સોમલા સુરા આદિ પાર્ષદો તથા જયા, લલિતા આદિ બહેનોએ રામપ્રતાપજી તથા ઈચ્છારામજીને શ્રીહરિના સહોદર જાણી આદરપૂર્વક નમસ્કાર કર્યા.[૨૭] શ્રીહરિએ પોતાના સંબંધીજનોને ઉતારા માટે રાજાઓને યોગ્ય એવું એક ભવન અપાવ્યું.**

ततस्तेषां निवासार्थं प्रासादं स त्वदीदपत् । शुश्रूषायां यौवनाश्वं मुकुन्दं चाप्ययूयुजत् ॥ २८
ते सर्वेऽपि तदैश्वर्यं दृष्ट्वा श्रुत्वा च विस्मिताः । मेनिरे वासुदेवं तमात्मबन्धुं नराकृतिम् ॥ २९
यथासुखं वसन्ति स्म प्रासादे तत्र तेऽखिलाः । खानपानोपहाराद्यैः सेव्यमाना हरिप्रियैः ॥ ३०
रामप्रतापमुख्येषु प्रभोर्बन्धुषु तेष्वथ । गतेष्वावासमीशं तमानन्दानन्द ऊचिवान् ॥ ३१
पृच्छामि भगवन्नेकं संशयं त्वाधुनोदितम् । ज्येष्ठं सहोदरं वीक्ष्य साकेतादागतं तव ॥ ३२
प्रणेमे स त्वयैवादौ ददे प्रणमितुं न सः । तत्र किं त्वयि तद्भक्तेर्न्यूनतास्ति वृषात्मज ! ॥ ३३
मर्यादारक्षणार्थं वा सदाचारस्य किं त्वया । तथाचरितमेतन्मे वक्तुमर्हसि सत्पते ! ॥ ३४
तदा स भगवानूचे सर्वेषां शृण्वतां च तम् । अस्य भक्तिर्मयि मुने ! श्वाफल्केरिव वर्तते ॥ ३५
आगच्छन् गोकुलं मार्गे मथुरायाः स यादृशम् । प्राप्तो भावं तादृशं वै प्राप्तो भवति मय्यसौ ॥ ३६

**તેમની સેવામાં જોબનપગી અને મુકુન્દાનંદ બ્રહ્મચારીને નિયુક્ત કર્યા.[૨૮]**

**સર્વે સંબંધીજનો પણ શ્રીહરિના મહાઆશ્ચર્યકારી દિવ્યપ્રતાપનો પ્રત્યક્ષ અનુભવ કરીને અને ભક્તજનોના મુખેથી સાંભળીને અતિશય વિસ્મય પામી, પ્રત્યક્ષ બ્રહ્મપુરધામના અધિપતિ શ્રીવાસુદેવ ભગવાન છે એમ માનવા લાગ્યાં.[૨૯] સર્વે અયોધ્યાવાસી જનો પોતાને મળેલા ઉતારામાં સુખપૂર્વક રહેવા લાગ્યા. હરિપ્રિય જોબનપગી આદિ સેવકો તેમની ખાનપાનાદિકથી સેવા કરવા લાગ્યા.[૩૦] રામપ્રતાપભાઈ આદિ પ્રભુના સંબંધીજનો ઉતારે ગયા પછી સભામાં આનંદાનંદ સ્વામી શ્રીહરિને પૂછવા લાગ્યા કે, હે ભગવાન ! અયોધ્યાથી આવેલા તમારા મોટાભાઈ રામપ્રતાપજીને જોઈને મને એક સંશય ઉત્પન્ન થયો છે તે તમને પૂછું છું.[૩૧-૩૨] હે ધર્મનંદન ! તમને પ્રથમ નમસ્કાર કરવા તત્પર થયેલા રામપ્રતાપભાઈને રોકીને તમે તેમને નમસ્કાર કરવા આપ્યા નહિ. શું તમારે વિષે તેને ભક્તીમાં ન્યૂનતા હતી ? કે મોટા નાનાઓને વંદન ન કરે, આ શિષ્ટાચારની મર્યાદાનું રક્ષણ કરવા તેમોએ આવું ચરિત્ર કર્યું ? તે જણાવો.[૩૩-૩૪] ત્યારે શ્રીહરિ સભામાં સર્વેને સાંભળતાં આનંદાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે, હે મુને ! મારે વિષે મોટાભાઈની ભક્તિતો અક્રૂરજીના જેવી વર્તે છે.[૩૫] અક્રૂરજી જ્યારે ગોકુળ આવ્યા ત્યારે માર્ગમાં જેવો ભગવાન શ્રીકૃષ્ણ વિષે ભક્તિભાવ વર્તતો હતો અને જેવા સંકલ્પો કરતા હતા તેવો જ ભાવ મારે વિષે મોટા ભાઈને વર્તે છે.[૩૬] તેથી મારે વિષે ભક્તિની ન્યૂનતાનો તમે લેશ માત્ર સંશય કરશો નહિ. પરંતુ મેં એમને પ્રણામ કરવા ન દીધા અને મેં તેમને પ્રણામ કર્યા એતો ધર્મ મર્યાદાના સ્થાપન માટે જ છે, એમ તમે જાણો.[૩૭] આવું શ્રીહરિનું વચન સાંભળી મહામુનિ આનંદાનંદ સ્વામી તથા**

भक्तौ न्यूनत्वशङ्काऽतो मास्तु ते मुनिसत्तम ! । कृतं प्रणामादानं तु मर्यादास्थितये मया ॥ ३७
इति वाक्यं प्रभोः श्रुत्वा स महर्षिस्तथाऽपरे । सदःस्थिताः प्रजहृषुर्जनाः प्रापुश्च विस्मयम् ॥ ३८
देशान्तरेभ्यः समुपागातानां तस्मिन् दिने तत्र नरेश ! नृणाम् ।
हरीक्षणानन्दभरेण तेषां मार्गश्रमार्तिस्तु तिरोहिताऽभूत् ॥ ३९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे रामप्रतापादिभगवद्बन्धुजनागामननिरूपणनामैकोनपञ्चाशत्तमोऽध्यायः ॥४९॥*

---

**अथ पञ्चाशत्तमोऽध्यायः - ५०**

**सुव्रत उवाच-**

पुरे तत्र हरेः पौराः सेवायां नृप ! तत्पराः । बभूवुः सानुगमुनेर्भक्ता दायादयो द्विजाः ॥ १
यौवनाश्वः सुन्दरश्च जूषस्तक्षा च बादरः । खोडादयः क्षत्रवीरा भक्त्या पर्यचरंश्च तम् ॥ २
कुबेरो रणछोडस्तं मूलजिद्भयजिन्मुखाः । वैश्या नारायणगिरिर्गोस्वामी च सिषेविरे ॥ ३

---

**સભામાં બેઠેલા સર્વે સંતો તથા ભક્તજનો અતિશય આશ્ચર્યસહિત હર્ષ પામ્યા.**[૩૮] **હે રાજન્ ! વડતાલમાં દેશદેશાંતરથી આવેલા સર્વે ભક્તજનોને શ્રીહરિનાં દર્શન થવાથી અતિશય આનંદ ઉત્પન્ન થયો. તેથી માર્ગમાં ચાલવાના પરિશ્રમની જે પીડા હતી તે તત્કાળ દૂર થઈ.**[૩૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ ઉપર રામપ્રતાપભાઇ આદિ શ્રીહરિનાં સંબંધીજનો પધાર્યાનું નિરૂપણ કર્યું, એ નામે ઓગણપચાસમો અધ્યાય પૂર્ણ થયો. -૪૯-***

---

## અધ્યાય - ૫૦

### દશમની રાત્રે શ્રીહરિએ પાર્ષદોને ભોજન કરાવ્યું.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વડતાલપુરવાસી દયાળજી, વનમાલી વગેરે બ્રાહ્મણ ભક્તજનો શ્રીહરિ તથા સંતો, પાર્ષદોની સેવામાં તત્પર થયા.[૧] તેમજ જોબનપગી, સુંદરપગી, જુસોપગી, તખોપગી, બાદર, અને ખોડો વિગેરે ક્ષત્રિય શૂરવીર ભક્તો પણ શ્રીહરિની અનુરાગથી સેવા કરવા લાગ્યા.[૨] તથા વૈશ્યોમાં કુબેર પટેલ, રણછોડ, મૂળજી, ભયજી આદિ ભક્તજનો શ્રીહરિની

रत्नयाता जिते द्वे च मान्या रामादयः स्त्रियः । भक्तास्तत्परिचर्यायां बभूवुस्तत्परास्तदा ॥ ४
अथ प्रीतः स भगवानेकादश्या उपोषणम् । परेद्युरस्तीत्यनुगान्भोजयिष्यञ्जगाद तान् ॥ ५
हे सोम ! सूर ! खट्वाङ्ग ! मान्त्रिकालर्क ! मूलजित् ! । सायन्तनाशनं कर्तुमिच्छा चेद्बूत सत्वरम् ॥
एकादश्यस्ति महती श्वो नूनं धात्रिकाभिधा । अन्नानि नैव भक्ष्याणि यत्र नारायणाश्रितैः ॥ ७
इति श्रुत्वा प्रभोर्वाक्यं वीक्षमाणाः परस्परम् । उपवासावश्यकतां विदन्तस्तेऽब्रुवन्निदम् ॥ ८

**पार्षदा ऊचुः-**

स्वामिन्मार्गे लड्डुकादि ग्रामे वै पिप्पलावने । अत्तं तेन क्षुधा सम्यङ्नोदरे विद्यतेऽधुना ॥९
तथापि स्वामिनो वाक्यं पालनीयं हि सेवकैः । अत्स्यामस्तेन भगवन्भक्ष्यं किञ्चित्तु साम्प्रतम्॥१०
त्वत्प्रसादस्य माहात्म्यमेकादश्यधिकं प्रभो ! । जानीमोऽथापि ते प्रीत्यै नैवात्स्यामः परेऽहनि ॥ ११
श्रुत्वेति वचनं तेषां तदिङ्गितविदीश्वरः । कोऽस्ति पौरजनोऽत्रेति प्रहसन्नुत्थितोऽब्रवीत् ॥ १२
बद्धाञ्जलिपुटस्तावत्कुबेरः प्राह तं वचः । एष दासोऽस्ति भगवन्नाज्ञा देया यथारुचि ॥ १३

---

**સેવા કરવા લાગ્યા તથા ગોસ્વામી નારાયણગિરિ પણ સેવા કરવા લાગ્યા.[૩] અને બહેનોમાં રળિયાતા, જીતા નામની બે સ્ત્રીઓ, માની, રમા આદિ સ્ત્રી ભક્તો પણ શ્રીહરિની સેવામાં તત્પર થઈ.[૪] પછી પ્રસન્ન થયેલા શ્રીહરિ બીજે દિવસે એકાદશીનો ઉપવાસ હોવાથી સોમલાખાચર આદિ પાર્ષદોને ભોજન કરાવવાની ઈચ્છાથી તેમને કહેવા લાગ્યા કે, હે સોમ ! હે સુરા ! હે ખટ્વાંગ ! હે માંત્રિક ! હે અલર્ક ! હે મૂળજી ! તમારે જો સાંજનું ભોજન સ્વીકારવાની ઈચ્છા હોય તો જલ્દી કહેજો.[૫-૬] કારણ કે, આવતી કાલે ધાત્રિકા એકાદશી છે. તેથી નારાયણ એવા મારા આશ્રિત ભક્તજનોએ ભગવાનની પ્રસાદીનું અન્ન પણ જમવું નહિ.[૭] આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તે વચન સાંભળી સોમલાખાચર આદિક પાર્ષદો એક બીજાના મુખ સામે જોવા લાગ્યા ને ઉપવાસ કરવાની આવશ્યકતા હોવાથી શ્રીહરિને કહેવા લાગ્યા કે હે સ્વામિન્ ! માર્ગમાં પિપળાવ ગામે લાડુ જમ્યા છીએ તેથી અત્યારે ઉદરમાં ભૂખ જણાતી નથી, છતાં પણ અમારે તમારૂં વચન પાળવું જોઈએ. તેથી અત્યારે અમે કાંઈક ભોજન કરીશું.[૮-૧૦] હે પ્રભુ ! તમારા હાથની પ્રસાદીનું માહાત્મ્ય અમે એકાદશી કરતાં પણ અધિક જાણીએ છીએ, છતાં પણ સદ્ધર્મ પ્રવર્તક એવા તમારી પ્રસન્નતા માટે આવતી કાલે એકાદશીનો ઉપવાસ કરીશું.[૧૧]**

**આ પ્રમાણે સોમલાખાચરનું વચન સાંભળી તેમના અંતરના અભિપ્રાયને જાણતા શ્રીહરિ હસતા હસતા સિંહાસન ઉપરથી ઊભા થયા ને કહેવા લાગ્યા કે, અહીં કોઈ વડતાલપુરવાસી ભક્તજનો છે ?[૧૨] તે સમયે કુબેર પટેલ બે હાથ જોડી**

तमाह भगवान् पाकः कारितोऽस्त्यत्र वा न वा । स प्राह सिद्ध एवास्ति पाकोऽत्र क्षीरिकातले ॥ १४
गणेशजयरामाद्यैर्विप्रैः सत्वरकारिभिः । प्रचुराज्यसिताः कृत्वा स्थापिताः सन्ति गोलकाः ॥ १५
ओदनश्चाढकीसूपः क्वथिका वटिकान्विता । व्यञ्जनानि विचित्राणि कृतानि सन्ति भूरिशः ॥ १६
तच्छ्रुत्वा वचनं तस्य पाकशालां स सत्वरम् । गत्वा दृष्ट्वा हरिः पाकं चिन्तयामास भूपते ! ॥ १७
प्रसादमाहात्म्यविदां पत्तीनां त्यागिनां तथा । एतेषां खलु नैतावान् पाकः पर्याप्त ईक्ष्यते ॥ १८
ततो हरिर्यौवनाश्वं कर्णे प्राह पुराद् द्रुतम् । आनाय्यतां पिण्डकादि भक्ष्यमन्यत् घृतादि च ॥ १९
तेनाथ प्रेरिताः प्रेष्याः पुरं गत्वैव सत्वरम् । भृत्वा भक्ष्याणि पात्रेषु गृहीत्वा तानि चाययुः ॥ २०
तावद्भगवतः प्रीत्यै जनाः सूर्यपुरागताः । पर्पिकापिण्डकापर्णपात्रस्कन्धा उपाययुः ॥ २१
समयोचितसेवां तां दृष्ट्वा तेषां हसन्हरिः । प्रसन्नः प्रशशंसैव भालचन्द्रमुखांस्तु तान् ॥ २२
माथुरास्तावदेत्याशु हरेश्चरणयोः पुरः । भीता इवापरिचयाच्चक्रुः पिण्डकपर्वतम् ॥ २३

શ્રીહરિને કહેવા લાગ્યા કે હે ભગવાન ! આપનો ચરણ સેવક અહીં હાજર છે, બસ આજ્ઞા કરો.[૧૩] તેથી શ્રીહરિ તેમને કહેવા લાગ્યા કે તમે અહીં રસોઇ તૈયાર કરાવી છે કે નહિં ? ત્યારે કુબેરજીએ કહ્યું, હા મહારાજ ! અહીં રાયણના વૃક્ષ નીચે પાકશાળામાં રસોઇ તૈયાર કરીને જ રાખી છે.[૧૪] અને જલ્દી રસોઇ તૈયાર કરનારા ગણેશ, જયરામ આદિ વિપ્રભક્તોએ બહુ સાકર મિશ્રિત ઘીના લાડુઓ તૈયાર કરીને રાખ્યા છે. રાંધેલો ભાત, તુવેરની દાળ, ફૂલવડી, કઢી તેમજ અન્ય પ્રકારનાં શાકો પણ તૈયાર કરીને રાખ્યાં છે.[૧૫-૧૬] આ પ્રમાણે કુબેરજી પટેલનું વચન સાંભળી શ્રીહરિ તત્કાળ પાકશાળામાં જઇ રસોઇનું નિરિક્ષણ કરી, મનમાં વિચાર કરવા લાગ્યા કે મારા હાથની પ્રસાદીનું માહાત્મ્ય જાણતા પાર્ષદો તથા સંતોને આટલી રસોઇ પ્રર્યાપ્ત નથી.[૧૭-૧૮] તેથી જોબનપગીના કાનમાં કહ્યું કે, હે જોબનપગી ! પુરમાંથી તૈયાર પેંડા કે ઘી આદિક જે કાંઇ હોય તે જલદીથી લાવો.[૧૯] તેથી તરત જ સેવકોની સાથે જોબનપગી પુરમાં જઇને કંદોઇની દુકાનેથી પેંડાનાં પાત્રો લાવીને શ્રીહરિની સમીપે મૂક્યાં.[૨૦] તે સમયે સુરતના ભાલચંદ્ર શેઠ આદિ ભક્તોએ જોયું કે ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવાનો આ અવશર અમૂલ્ય છે. તેથી બરફી અને પેંડાનાં પાત્રો ખભે ઉપાડી લાવી શ્રીહરિની સમીપે મૂક્યાં.[૨૧]

હે રાજન્ ! સુરતના ભક્તજનોની તે સમયોચિત કરાયેલી સેવા કરેલી જોઇ મંદ મંદ હાસ્ય કરતા શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા ને ભાલચંદ્ર વિગેરે સુરતના ભક્તોની ખૂબજ પ્રશંસા કરવા લાગ્યા.[૨૨] ત્યારપછી મથુરાપુર નિવાસી ભક્તજનો પણ તત્કાળ ત્યાં આવ્યા ને શ્રીહરિની સાથે બહુ પરિચય ન હોવાથી ભય પામતા

ततोऽतिहृष्टः स महामुनीशः सर्वान् समाहूय च पार्षदान्स्वान् ।
इहासतां भोक्तुमरं भवन्तो यथोचितं पंक्तिश इत्युवाच ॥ २४
उपाविशंस्ते शुचयोऽथ भूत्वा हर्याज्ञया पंक्तिश एव सर्वे ।
तावद्विचिन्त्य प्रभुराजुहाव मुनीनपि स्वाननुगांश्च भोक्तुम् ॥ २५
हर्याहूत्याऽतिहृष्टा युगपदपहृतस्वासनस्थानकन्था ।
उत्फुल्लाम्भोजवक्त्राः करधृतकरकान्धूनयन्तोऽतिवेगात् ॥
पश्चादार्द्रा भोक्तुमायुर्हरिवदनदृशः साधुसङ्घा हसन्तो ।
भिक्षापात्राणि हर्षाद्द्रुतपदगमना विभ्रतस्ते शुचीनि ॥ २६
तानागतान्प्रणमतो मुकुन्दो हर्यनुज्ञया । यथोचितं यथास्थानमुपावीविशदस्मयः ॥ २७
ततः सूता मागधाश्च गायका वाद्यवादकाः । निषेदुर्भोक्तुमागत्य वन्दिनश्चाज्ञया हरेः ॥ २८
दीपानां राजयस्तत्र बभूवुर्हि सहस्त्रशः । दुर्गाण्यासन्प्रेक्षकाणां भोजकानभितो नृणाम् ॥ २९
मर्यादयोपविष्टेषु तेषु सर्वेषु पंक्तिशः । आज्ञापयामास विभुः परिवेष्टुं द्विजांस्ततः ॥ ३०
दक्षा द्विजा ये शतशः प्रीतये सद्गुरोः प्रभोः । बद्धकच्छाः क्षणेनैव चक्रुस्ते परिवेषणम् ॥ ३१

---

**થકા, શ્રીહરિના ચરણમાં પેંડાનો પર્વત રચી દીધો.[૨૩] તેથી અતિશય પ્રસન્ન થયેલા શ્રીનારાયણમુનિ પાર્ષદોને બોલાવ્યા ને કહ્યું કે તમે યથાયોગ્ય પંક્તિબદ્ધ ભોજન કરવા અહીંજ બેસી જાઓ.[૨૪] ત્યારે સર્વે પાર્ષદો હાથ, પગ, મુખ ધોઈને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે પંક્તિબદ્ધ બેસી ગયા, ત્યારે શ્રીહરિએ વિચાર્યું કે, સંતોની પંક્તિ પહેલી કરવી જોઈએ. તેથી પોતાની સાથે પધારેલા તથા દેશાંતરમાંથી પધારેલા સંતોને ભોજન માટે તત્કાળ બોલાવ્યા.[૨૫] ત્યારે સંતો શ્રીહરિના આમંત્રણથી અતિશય પ્રસન્ન થયેલા હાથ, પગ, મુખ ધોઈને પોતાનાં પાત્રો લઈને હસતા અને શ્રીહરિનું દર્શન કરતા ભોજન સ્વીકારવા માટે આવ્યા.[૨૬] ત્યારે ગર્વ રહિત એવા મુકુન્દ બ્રહ્મચારી શ્રીહરિને નમસ્કાર કરતા સર્વે સંતોને યથાયોગ્ય પોતપોતાનાં સ્થાને બેસાડતા હતા.[૨૭] તેમજ સુત, માગધ, ગાયકવૃંદ, બંદીજનો વગેરે પણ શ્રીહરિની આજ્ઞા થતાં જમવા બેઠા.[૨૮] ત્યાં ભોજનશાળામાં હજારો દીવાઓ મૂકવામાં આવ્યા હતા. અને સંતો ભોજન કરતા હતા તેનાં દર્શન કરવા માટે ચારે બાજુ જાણે કિલ્લો રચાયો હોય તેમ ભક્તજનો ઊભા હતા.[૨૯] મર્યાદા પ્રમાણે સર્વે ભોજન કરવા બેસી ગયા ત્યારે શ્રીહરિએ પીરસવાની આજ્ઞા આપી ત્યારે સેંકડો ચતુર બ્રાહ્મણો કેડમાં દૃઢ કછોટા બાંધીને સંતો તથા શ્રીહરિની પ્રસન્નતાને માટે ક્ષણવારમાં પીરસવા લાગી ગયા.[૩૦-૩૧]**

दत्वादौ भोज्यपात्राणि ततस्ते जलगर्गरीः । गृहीत्वा बिभरामासुरुदपात्राणि सत्वरम् ॥ ३२
ततः पङ्क्तिक्रमेणैव यथोचितमसम्भ्रमाः । अन्योन्यास्पृष्टशाकादि परिवेषणमाचरन् ॥ ३३
दृष्ट्वाथ गौर्जरीं रीतिं परिवेषणचातुरीम् । पाश्चात्या जहसुः केचित्प्रशशंसुश्च दाक्षिणाः ॥ ३४
व्यञ्जनानि विचित्राणि पर्पीपिण्डकलड्डुकाः । सर्वेषामेव पात्रेषु नाऽऽपुरन्योन्यमिश्रताम् ॥ ३५
सर्वं सर्वेषु पात्रेषु परिवेषितमिश्वरः । विलोक्याज्ञापयामास भोक्तुं सर्वान्निजाश्रितान् ॥ ३६
सुस्वादु भोजनं प्रीत्या कुर्वद्भ्यस्तेभ्य ईश्वरः । लड्डुकान् दापयामास पिण्डकांश्च पुनः पुनः ॥ ३७
तृप्तान् सर्वान् सदन्नैस्तानिच्छतः स्वकरार्पितम् । ज्ञात्वा स्वयं शुचिर्भूत्वा चकार परिवेषणम् ॥ ३८
तृप्तानामपि तेषां तत्प्राप्तं भगवतः करात् । नाभूदरोचकं किञ्चिल्लड्डुकादि मुहुर्मुहुः ॥ ३९
ओदने भुज्यमानेऽथ धारयैव ददद्घृतम् । रुचिं समापयामास तेषां वै भोजने प्रभुः ॥ ४०
तक्रान्तं भोजनमिति वदतः पार्षदानथ । सशर्करं पयोऽपिप्यत्तर्हीङ्गितविदीश्वरः ॥ ४१
निषिच्यमानं हरिणा पयः पात्रेषु धारया । आपूर्य तानि भूमौ च प्रयाति स्म ततस्ततः ॥ ४२

---

બ્રાહ્મણોએ પ્રથમ પત્રાવલી અને પડીયા અર્પણ કર્યા, પછી જળની ગાગરો ગ્રહણ કરીને કમંડલુ વિગેરે જલપાત્રો ભરી દીધાં.[૩૨] પછી ક્રમ પ્રમાણે અને પાત્રમાં એક બીજા પદાર્થોનો સ્પર્શ થાય નહિ તે રીતે પીરસવા લાગ્યા.[૩૩] તે સમયે ગુજરાતની પીરસવાની ચતુરાઇ નિહાળી પશ્ચિમદેશના જનો હસવા લાગ્યા કે, આવી રીતે જુદું જુદું પીરસવાનું આપણા દેશમાં કોઇને આવડતું નથી. તેમજ દક્ષિણ દેશના ભક્તજનો પણ પ્રશંસા કરવા લાગ્યા.[૩૪] પછી પંક્તિમાં શાક, પેંડા, લાડુ, વગેરે પદાર્થો પાત્રમાં એક બીજાનો સ્પર્શ ન થાય તેવી રીતે પીરસાઇ ગયા.[૩૫] સર્વેને સર્વે પદાર્થો પીરસાઈ ગયાં છે, તે જોઈ પછી સંતો-ભક્તોને ભોજન કરવાની આજ્ઞા આપી.[૩૬] ભોજન જમતા સંતો તથા પાર્ષદોને પોતાનાં દર્શનનું દાન આપવા પંક્તિમાં વિચરણ કરી રહેલા શ્રીહરિ વારંવાર પેંડા અને લાડુ પીરસાવ્યા. સ્વાદિષ્ટ અન્ન જમી તૃપ્ત થયેલા સંતો હજુ પણ પોતાના હાથની પ્રસાદી ઇચ્છે છે એમ જાણી સ્વયં ભગવાન શ્રીહરિ હાથ-પગ ધોઇ પીરસવા પધાર્યા.[૩૭-૩૮] શ્રીહરિના હસ્તથકી લાડુનો પ્રસાદ વારંવાર પ્રાપ્ત થતો હતો છતાં તૃપ્ત થયેલા સંતો અને પાર્ષદોને કોઇ પણ વસ્તુ અરુચિકર લાગતી ન હતી.[૩૯] પછી ભાતમાં ધારાવળી કરીને શ્રીહરિએ ઘી પીરસીને ભોજન કરનારને ભોજનમાં ખૂબ જ રુચિ ઉત્પન્ન થયેલી તે શાંત કરાવી.[૪૦] ત્યારપછી 'ભોજનને અંતે છાશ જોઈએ' એમ બોલતા પાર્ષદોને છાશના બદલામાં સાકર યુક્ત દૂધનું પાન કરાવ્યું.[૪૧]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ એટલું બધું દૂધ પીરસ્યું કે પાત્રો છલકાઇને

सम्मुखस्थस्य सोमस्य पयःश्वेतास्यदर्शनात् । भृशं जहासालर्कस्तु स्वयं भूयः पयः पिबन् ॥ ४३
पात्रमस्यापतद्भूमावट्टहासं प्रकुर्वतः । अहसत्तेन भगवान्हासयन्नश्नतोऽखिलान् ॥ ४४
एवमानन्दयन्भक्तान्भोजयामास सोऽनघ ! । सन्तृप्तांस्तांश्च विज्ञाय चक्रे स्वकरशोधनम् ॥ ४५
अन्योन्यस्योपरि जनाः स्वपादस्पर्शकाम्यया । पतिष्यन्तीति तत्स्थानाद्गन्तुमैच्छद्धरिस्ततः ॥ ४६
अथोच्चैस्तान् हरिः प्राह प्रेक्षका भोजकाश्च भो ! । स्वं स्वं स्थानं प्रयाताद्य श्वश्चाऽऽयायात सत्वरम् ॥ ४७
भवन्तः सम्यगश्नन्तु पाचकाः परिवेषकाः । इति चाज्ञापयामास पाचकादीनपि प्रभुः ॥ ४८
इत्यनुज्ञाप्य तान्सर्वान्भक्तकल्पद्रुमः प्रभुः । जय सच्चिदानन्देति प्रोच्य स्वं पीठमाययौ ॥ ४९
सम्यग्भुक्तीक्षणेन प्रमुदितवदनः स्वीयपादाश्रितानां पश्यन्बद्धाञ्जलींस्तानतिमधुरदृशा भक्तनारीनरौघान् ।
कट्यां दत्तैकपाणिश्चपलतरपदैर्धावितस्वानुयायी बिभ्रद्दोष्णा च वेत्रं हरिरखिलगुरुः पीठमध्यारुरोह ५०

---

પૃથ્વી પર દૂધની રેલમછેલ થઈ.[૪૨] પોતાની સામે બેઠેલા સોમલાખાચરનું દૂધ પીવાથી ધોળું થયેલું મુખ જોઈને, અલૈયાખાચર વારંવાર દૂધનું પાન કરતા કરતા ખૂબજ હસવા લાગ્યા.[૪૩] આમ અતિશય અટહાસ્ય કરતા અલૈયા ખાચરનું પાત્ર પૃથ્વી પર પડી ગયું તેથી ભોજન કરતા પાર્ષદો ખૂબજ હસવા લાગ્યા.[૪૪] આ પ્રમાણે ભગવાન શ્રીહરિ સંતો ભક્તોને ખૂબજ આનંદ ઉપજાવી ભોજન કરાવતા હતા. પછી સર્વેને તૃપ્ત થયેલા જાણી પોતાના હસ્તકમળ જળથી શુદ્ધ કર્યાં.[૪૫] પછી પોતાના ચરણકમળના સ્પર્શની ઈચ્છાવાળા ભક્તજનો ભીડને કારણે એક બીજા ઉપર પડશે એમ જાણી, શ્રીહરિ તે સ્થાન થકી જવાની ઈચ્છા કરી અને ઉચ્ચ સ્વરે કહ્યું કે, મારાં દર્શન કરવાની અત્યંત ઈચ્છાવાળા ભક્તજનો તથા હે ભોજન કરનારા સંતો પાર્ષદો ! સાંભળો, આજે સૌને પોતપોતાના ઉતારે જવાનું છે. આવતી કાલે જલદીથી પાછા સૌ આવજો.[૪૬-૪૭] તેમજ હે પીરસનારા અને રાંધનારા ભૂદેવો ! તમે પણ અત્યારે ભોજન કરી લ્યો. આ પ્રમાણે સૌને આજ્ઞા આપી જય સચ્ચિદાનંદ કહીને પોતાના સિંહાસન ઉપર પધાર્યા.[૪૮-૪૯]

હે રાજન્ ! સિંહાસન પાસે જતાં જતાં સંતોને સારી રીતે ભોજન કરતા નિહાળી બહુ આનંદિત થયા. બે હાથ જોડી પોતાનાં દર્શન માટે ઊભેલા નરનારીઓના સમૂહોને શ્રીહરિ અતિશય કરૂણાભરી દષ્ટિથી નિહાળી રહ્યા, ડાબો હાથ કેડ ઉપર ધારણ કર્યો અને જમણા હાથે નેતરની સોટી ધારણ કરી ઉતાવળી ગતિએ ચાલતા શ્રીહરિની પાછળ પાર્ષદો દોડી રહ્યા હતા. આવા પ્રકારની શોભાને ધારણ કરતા અખિલ જગતનાગુરુ ભગવાન શ્રીહરિ સિંહાસન ઉપર

भुक्त्वाऽऽचान्ताश्च ते सर्वे पार्षदाद्या मुहुर्मुदा । वीक्षमाणा हरिं दूरात्स्वं स्वं स्थानं ययुस्ततः ॥ ५१
उच्चपीठं समासीने तदा योगीश्वरे प्रभौ । जनसङ्घो नृपागच्छद्भृगुकच्छपुराद्द्रुतम् ॥ ५२
प्रणम्य स हरिं भक्त्या मानितस्तेन सादरम् । उपहारानुपानीतानर्पयामास तत्क्षणम् ॥ ५३
विलम्भकारणं पृष्टस्तदानीं हरिणा स च । गन्त्रीभङ्गं महीनद्यामुक्त्वावासाय जग्मिवान् ॥ ५४
तदर्पितानिक्षुदण्डान्सुवर्णकदलानि च । वीक्ष्यामृतफलानीशः स्वपुरस्तादवैक्षत ॥ ५५
स्वस्य पौराणिकं विप्रं दृढाबद्धकटिं स्थितम् । नतांसं मयरामं च नाचिकेतं समैक्षत ॥ ५६
प्रयागजितमाहाथ प्रहसन्भगवान्वचः । अद्याशनेच्छा भवतां वर्तते वा न वा द्विज ! ॥ ५७
स प्राहास्ति क्षुदुद्बोधस्तथाप्यध्वश्रमार्दनात् । नाद्य पाकं करिष्यामः स्वप्स्यामः प्राश्य वै पयः ॥ ५८
हरिस्तमाहाथ हसन्कदलानि घृतं सिताम् । भवन्तः सम्यगश्नन्तु श्वः कर्तव्यं व्रतं यतः ॥ ५९
इत्युक्तवन्तं तं प्राह स प्रहस्य द्विजोत्तमः । इच्छेयं सफलैवास्तु कृपानाथ ! तवाधुना ॥ ६०

---

આવીને વિરાજમાન થયા.[૫૦] સર્વે પાર્ષદાદિ જનો ભોજન કરી શ્રીહરિનાં દૂરથી વારંવાર દર્શન કરી પોતાના ઉતારે ગયા.[૫૧] યોગીશ્વર પ્રભુ ઊંચા સિંહાસન પર જ્યારે વિરાજમાન થયા ત્યારે ભરુચપુરથી આવેલો ભક્તોનો સંઘ તત્કાળ ત્યાં આવ્યો તે ભક્તજનોએ અતિશય પ્રેમભાવથી શ્રીહરિને પ્રણામ કર્યા અને શ્રીહરિએ પણ તેમને ખૂબજ આદર આપ્યો. તે સમયે એ ભક્તજનો કેળાં, શેરડી વગેરે જે કાંઈ ભેટ સામગ્રી લાવ્યા હતા તે સર્વે શ્રીહરિના ચરણમાં મૂકી અને શ્રીહરિએ તેમને આવવામાં વિલંબનું કારણ પૂછ્યું. ત્યારે તે ભક્તોએ કહ્યું કે, હે પ્રભુ ! મહીનદીમાં અમારાં ગાડાંની ધરી ભાંગી ગયેલી તેથી મોડા પડ્યા. તેમ કહી શ્રીહરિની આજ્ઞાથી ઉતારો કરવા ગયા.[૫૨-૫૪] અર્પણ કરેલી ભેટરૂપ શેરડી, કેળાં, જામફળ વગેરે પદાર્થોને શ્રીહરિએ પોતાની આગળ સભામાં બેઠેલા વિપ્ર પ્રાગજી પુરાણીને તથા વૃદ્ધાવસ્થાને કારણે આગળ નમી ગયેલા મયારામવિપ્રને તેમજ નાચિકેતાવિપ્રને પૂછ્યું કે તમને કાંઈ ભોજન કરવાની ઈચ્છા થાય છે કે કેમ ? ત્યારે પ્રાગજી પુરાણી કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! ઉદરમાં ભૂખતો રહેલી છે. છતાં માર્ગના પરિશ્રમની પીડાને કારણે અત્યારે માત્ર જલપાન કરીને શયન કરીશું.[૫૫-૫૮]

હે રાજન્ ! આ પ્રમાણે પુરાણીનું વચન સાંભળી શ્રીહરિ હસતાં તેને કહેવા લાગ્યા કે, હે વિપ્રો ! આવતીકાલે એકાદશીના વ્રતનો ઉપવાસ અવશ્ય કરવાનો છે. એથી તમે ત્રણે જણા આ કેળાં, ઘી અને સાકર મિશ્ર કરી અત્યારે સારી રીતે જમી લ્યો.[૫૯] ત્યારે પ્રાગજી પુરાણી હસતા હસતા કહેવા લાગ્યા કે, હે કૃપાનાથ !

ततो ददौ स भगवांस्तेभ्यस्त्रिभ्योऽपि भूरिशः । रम्भाफलानि पक्वानि शर्करां चातिनिर्मलाम् ॥ ६१
इयतीयतीति गिरा निषेधद्भ्योऽपि पाणिभिः । तेभ्यः पुनः पुनः प्रादात्कदलानि च पर्पिकाम् ॥ ६२
ततश्च दापयामास प्रस्थत्रयमितं घृतम् । पयोभृतां च कलशीं भगवान्ब्राह्मणप्रियः ॥ ६३
दत्तं भगवता सर्वं गृहीत्वा तच्च ते त्रयः । जग्मुः स्वोत्तरणस्थानं भारावनतकन्धराः ॥ ६४
फलानां हरिदत्तानां माधुर्यं ते मुहुर्मुहुः । प्रशंसन्तः फलाहारं चक्रिरे तत्र वाडवाः ॥ ६५
सन्तृप्तास्ते ततः प्रोचुस्तुन्दभ्रामितपाणयः । फलाहारः सदैवास्तु मास्तु पाकपरिश्रमः ॥ ६६
सर्वान् सन्तोषयित्वेत्थं भक्तांस्तत्रागतान्निजान् । अचिकीर्षद्धरिरपि कर्म सायन्तनं स्वकम् ॥ ६७

उत्तीर्य पीठात्करसंज्ञयैव दूरे प्रकुर्वन् जनतां जनेशः ।
युक्तस्तदा पञ्चषपार्षदैः स्वैर्निवेशनं स्वीयमुपाजगाम ॥ ६८
स्नात्वा विशुद्धे वसने वसित्वा प्रवासधर्मानुसृतो यथावत् ।
सन्ध्यादि कर्माचरदीश्वरोऽपि वेदोदितं ग्रहयितुं स्वकीयान् ॥ ६९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे भगवत्पार्षदादिभोजनानन्दनिरूपणनामा पञ्चाशत्तमोऽध्यायः ॥५०॥*

---

તમારો સંકલ્પ સત્ય થાઓ.[૬૦] ભગવાને કેળાં અને સાકર આદિ ઘણું બધું વિપ્રોને અર્પણ કર્યું. ત્યારે વિપ્રો કહે, બસ બસ, આટલું પર્યાપ્ત છે. આ પ્રમાણે વચનોથી અને હાથથી નિષેધ કરતા વિપ્રોને વારંવાર કેળાં તથા બરફી આપી અને છ શેર જેટલો ઘીનો ઘડો તથા દૂધ ભરેલો કળશ અર્પણ કર્યો.[૬૧-૬૩] ત્યારે ત્રણે વિપ્રો શ્રીહરિને નમસ્કાર કરીને ચાલ્યા, ઉપાડેલા ભારથી નમી ગયેલા ખભાવાળા તે પોતાના ઉતારે આવી ત્રણે ભૂદેવોએ શ્રીહરિએ આપેલાં કેળાં આદિ ફળની મધુરતાનાં વખાણ કરતા કરતા ફલાહાર કરી તૃપ્ત થયા અને ફાંદ ઉપર ડાબો હાથ ફેરવતા કહેવા લાગ્યા કે હંમેશ માટે આવું ફલાહાર પ્રાપ્ત થતું રહો. અને રસોઈ કરવાનો પરિશ્રમ દૂર થાઓ.[૬૪-૬૬]

હે રાજન્ ! શ્રીહરિએ વડતાલપુરમાં પધારેલા સર્વે ભક્તજનોને ખૂબ જ સંતોષ પમાડી પોતાના ઉતારે પધારીને સાયંકાલીન સંધ્યાવંદનાદિ નિત્યકર્મ કરવાની ઈચ્છાથી પોતાના સિંહાસનથી ઉતરી હાથની સંજ્ઞાથી ભક્તજનોને એક બાજુ કરતા કરતા પાર્ષદોની સાથે નિવાસસ્થાને પધાર્યા.[૬૭-૬૮] ત્યાં ગરમ જળથી સ્નાન કરી, ધોયેલાં શુદ્ધ વસ્ત્રો ધારણ કરી સ્વયં પરમેશ્વર હોવા છતાં સમસ્ત ભક્તોની શિક્ષાને માટે વેદોક્ત વિધિ પ્રમાણે સંધ્યાવંદનાદિ કર્મોનું અનુષ્ઠાન કર્યું.[૬૯]

### अथ एकपञ्चाशत्तमोऽध्यायः - ५१

सुव्रत उवाच-

पुरेऽपि भक्तैः पुरुषैः स्त्रीभिश्च नृप ! तत्कृते । फलाहारस्य सामग्री तदर्हा समसाध्यत ॥ १
धर्मस्थया भक्तया च गङ्गानाम्न्या तु विप्रया । सूरणादि घृतेनैव पच्यते स्म विशोधितम् ॥ २
खारिकाक्षीरिका चक्रे सच्छृङ्गाटकपूरिकाः । तया च पिण्डकाः शुभ्राः पर्पिका च मनोहरा ॥ ३
कृत्वैतच्चोज्ज्वले पात्रे निधायाह पुरौकसः । मुख्यान्भक्तान्भवन्तोऽत्र हरिमानयतेति सा ॥ ४
यौवनाश्वादिभिरथो एत्य तत्र स चार्थितः । पुरागमाय भुक्त्यर्थं प्रभुस्तान्प्रत्युवाच ह ॥ ५
अत्यन्तजनसम्मर्दे कथं पुरि ममागमः । भवेत्ततोऽत्राऽऽनयत किञ्चिद्भक्ष्यं पयोऽथ वा ॥ ६
ततस्तैः प्रेषितो दूतो गत्वा ताः प्राह योषितः । नायात्यत्र हरिस्तस्माद्भक्ष्यं नयत तत्र वै ॥ ७

---

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં સર્વેને સાયંકાળનું ભોજન કરાવી તૃપ્ત કર્યાનું નિરૂપણ કર્યું, એ નામે પચાસમો અધ્યાય પૂર્ણ થયો. ૫૦***

---

## અધ્યાય - ૫૧

### શ્રીહરિની ફલાહારલીલાનું વર્ણન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! વડતાલપુરને વિષે ભક્તજન નરનારીઓએ શ્રીહરિને માટે ઉચિત ફલાહાર સામગ્રીની તૈયારી કરાવેલી.[૧] તેમાં સ્વધર્મ નિષ્ઠ એકાંતિક ભક્ત એવાં બ્રાહ્મણી- ગંગાબાએ શ્રીહરિને માટે શુદ્ધ કરેલું સૂરણ ઘીમાં તળ્યું, ખારેકની ખીર, સીંગોડાંની પુરી, ધોળા પેંડા, સુંદર બરફી આદિ વાનગીઓ તૈયાર કરેલી હતી.[૨-૩] તેને ઉજ્જવલ પાત્રમાં ગોઠવીને તૈયાર કર્યા પછી જોબનપગી વગેરે પુરવાસી ભક્તોને કહ્યું કે, શ્રીહરિને ભોજન માટે અહીં બોલાવી લાવો.[૪] ત્યારે જોબનપગી શ્રીહરિના નિવાસ સ્થાને ગયા ને ફલાહાર કરવા પધારવાની વિનંતી કરી. ત્યારે ભગવાને કહ્યું કે, હે ભક્તો ! આટલી મોટી સંખ્યામાં જનમેદનીથી ભરચક નગરમાં મારૂં આગમન કેમ શક્ય થશે ? તેથી દૂધ આદિ જે કાંઇ હોય તે અહીં લાવો.[૫-૬]

શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી જોબનપગી વગેરે દૂત મોકલી બહેનોને કહેવડાવ્યું કે, શ્રીહરિ ત્યાં આવશે નહિ. તેથી જે કાંઇ ભોજન તૈયાર કર્યું હોય તે

आज्ञाकर्योऽथ ताः सर्वा भक्ता मान्यामुखाः स्त्रियः । श्रुत्वा तद्दूतवचनं गङ्गामाहुस्तथैव ताः ॥ ८
नायात्यत्र हरिस्तस्मात् खाद्यं पात्रे निधाय तत् । त्वमायाहि गृहीत्वैव वयं गच्छेम तत्पुरः ॥ ९
धर्मज्ञा सा ततो मार्गे ह्यस्पृश्यस्पर्शशङ्कया । घृतपक्कादि तत्खाद्यं सर्वं पात्रे बभार ह ॥ १०
पिधायान्येन पात्रेण तद्बध्वा शाणवाससा । करेणैकेन जग्राह द्वितीयेन गलन्तिकाम् ॥ ११
खाद्यपात्रकरा गङ्गा ताश्च नार्यस्ततो ययुः । राजमार्गं विहायैव मार्गेणान्येन सत्वरम् ॥ १२
पुराद्बहिश्च निर्यान्ति भक्तास्ता यावदुत्सुकाः । तावत्तत्रापि सङ्घातो जनानामभवन्महान् ॥ १३
यावत्तास्तत्स्थलादीषत्परावृत्तिं प्रकुर्वते । तावत्कुबेरभक्तेन जनान् दूरयितुं पथि ॥ १४
प्रेषिता आययुर्वेगाच्छूरा राजभटाः पुरः । करेषु यष्टीर्दधतो दूरदूरेति वादिनः ॥ १५
पुरःसरैश्च तैः पद्भैरुर्ध्वहस्तैः कृते पथि । चेलुस्ताः शतशो योषा दूरादैक्षन्त च प्रभुम् ॥ १६
अवाच्यां सोऽपि ता दूराद्दृष्ट्वा वेत्रधरांस्तथा । जहास च विवेदैव खाद्यमानीतमित्यपि ॥ १७

उपेत्य तास्तं नृप ! भक्तयोषा नत्वा हरिं दूरत एव तस्थुः ।
तद्भक्ष्यपात्रं पुरतोऽस्य भूमौ धृत्वा ततः सापि ननाम गङ्गा ॥ १८

---

**ઉતારે લઇ આવો.[૭] દૂતનું વચન સાંભળી માની આદિક સ્ત્રીભક્તોએ ગંગાબાને કહ્યું. મહારાજને જનમેદની વચ્ચે આવવું શક્ય નથી, તો જે પદાર્થો છે તે પાત્રમાં ભરીને તમે અમારી સાથે ચાલો. આપણે સર્વે શ્રીહરિની પાસે જઇશું.[૮-૯] ત્યારપછી ધર્મને જાણનારાં ગંગામા માર્ગમાં કોઇ અસ્પૃશ્યનો સ્પર્શ થઇ જાય તેવી શંકાથી ઘીમાં પકાવેલ શુદ્ધ પદાર્થો હતાં તે સર્વે રૂપાના પાત્રમાં ગોઠવીને તેની ઉપર બીજું મોટું પાત્ર ઢાંકી, તેની ઉપર પવિત્ર વસ્ત્ર બાંધી, એક હાથે પાત્ર ગ્રહણ કર્યું અને બીજે હાથે જળઝારી ગ્રહણ કરી, સર્વે સ્ત્રીઓ રાજમાર્ગનો ત્યાગ કરી બીજે માર્ગેથી તત્કાળ ચાલવા લાગી.[૧૦-૧૨] અંતરમાં શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠાથી સર્વે સ્ત્રી ભક્તો જેવી પુરથી બહાર નીકળી, ત્યાં પણ એટલી મેદની જામી હતી. તેથી પાછાં ફરવાની ઇચ્છા કરી. ત્યારે કુબેર ભક્તની પ્રેરણાથી માર્ગમાં આવતા લોકોને એકબાજુ કરવા માટે હાથમાં નેતરની છડી લઇને યુવાનો જનોને કહેવા લાગ્યા કે આઘા ખસો, જગ્યા કરો, જગ્યા કરો. એમ બોલતા રાજભટ્ટો વેગથી ગંગાબા આદિક સ્ત્રીઓની આગળ ચાલવા લાગ્યા.[૧૩-૧૫]**

**હે રાજન્ ! હાથ ઊંચા કરી પગે ચાલતા રાજભટ્ટોની પાછળ સેંકડો સ્ત્રીઓ ચાલતી હતી. ત્યારે તેઓએ દૂરથી શ્રીહરિનાં દર્શન કર્યાં, અને શ્રીહરિએ પણ પોતાના ઉતારાથી દક્ષિણ દિશા તરફ દૂર દૂર સ્ત્રી ભક્તો તથા છડી ધારણ કરેલા રાજભટ્ટોને જોઇ હસવા લાગ્યા ને પોતાને માટે થાળ લાવે છે તેમ જાણ્યું.[૧૬-૧૭]**

सायन्तनं सोऽपि विधिं विधाय प्रक्षिप्य कन्दादिषु सैन्धवं तत् ।
निवेद्य कृष्णाय च भक्ततुष्ट्यै भोक्तुं स्वयं पूर्वमुखो न्यषीदत् ॥ १९
पीतं वासो वसानः सिततिलकधरः स्कन्धदत्तोत्तरीयः ।
स्वाङ्गुल्याऽऽपृश्य कन्दाद्यपि च तदभिधां पूर्वमापृच्छ्य गङ्गाम् ॥
स्त्रीपुंसैरात्मभक्तैर्मितहसितमुखैरीक्ष्यमाणः स दूराद् ।
ग्रासे ग्रासेऽम्बुपानं विदधदखिलदृग्भूपतेऽभुक्त भूमा ॥ २०
मधुरांस्तु निजाङ्गुल्या पदार्थानस्पृशत्प्रभुः । सर्वेषां प्रीतये किञ्चिद्बुभुजेऽन्यत्सतांपतिः ॥ २१
तृप्तोऽस्मीति ततश्चोक्त्वा शिष्टखाद्यममत्रकम् । दासेभ्यो दापयित्वैव जग्राह चुलुकोदकम् ॥ २२
प्रक्षाल्य हस्तौ च मुखं स्वापस्थानमगात्ततः । स्वं स्वं स्थानं ययुः सर्वे तदा भक्तास्तदीक्षकाः ॥ २३
क्षणं सुप्त्वाऽथ चोत्थाय पार्षदं प्राह सत्वरम् । अश्वं समानयेतीशः सोऽश्वमप्यानयद्द्रुतम् ॥ २४

---

સ્ત્રીભક્તો ભગવાન શ્રીહરિની સમીપે જઈ પ્રણામ કરી દૂર જ ઊભી રહી અને ફલાહારની સામગ્રીનો થાળ ભરીને લાવેલાં ગંગાબા શ્રીહરિની આગળ પધરાવી નમસ્કાર કરી ઊભાં રહ્યાં.[૧૮] શ્રીહરિ પણ સાયંકાળનો સંધ્યાવંદનાદિ વિધિ પૂર્ણ કરીને તળેલાં સૂરણ ઉપર મીઠુ છાંટીને પોતાની પૂજાની મૂર્તિરૂપ શ્રીકૃષ્ણ ભગવાનની આગળ નૈવેદ્ય ધર્યું. અને પોતાના ભક્તોને રાજી કરવા માટે સ્વયં શ્રીહરિ પૂર્વમુખે બિરાજમાન થઈ જમવાનો પ્રારંભ કર્યો.[૧૯] એ સમયે શ્રીહરિએ પીળાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં, ભાલ આદિ પાંચ જગ્યાએ શ્વેત ઊર્વપુંડ્ર તિલક ધારણ કર્યાં હતાં, ખભા ઉપર કસુંબલ ઉતરીયવસ્ત્ર ધારણ કર્યું હતું. મંદ હાસ્ય કરતા શ્રીહરિનાં હજારો નરનારીઓ દૂરથી દર્શન કરી રહ્યાં હતાં. શ્રીહરિ પણ ભક્તો ઉપર કૃપા દૃષ્ટિ કરતા કરતા, આંગળીથી સૂરણ વગેરે પદાર્થોનો સ્પર્શ કરી ગંગાબાને પદાર્થોનાં નામ પૂછીને કોળિયે કોળિયે જળપાનની સાથે ફલાહાર કરવા લાગ્યા.[૨૦]

સંતોના પતિ ભગવાન શ્રીહરિ પેંડા, બરફી વગેરે પદાર્થોનો માત્ર સ્પર્શ કર્યો અને માત્ર શીંગોડાંની પૂરી અને સૂરણ વગેરે થોડું આરોગીને તૃપ્ત થયા. પછી બચેલો થાળ મુકુન્દ બ્રહ્મચારી દ્વારા પોતાના પાર્ષદોને પ્રસાદીમાં અપાવી દીધો. અને પોતે ચળુ કરી હસ્તપ્રક્ષાલન કરી શયનખંડમાં પધાર્યા. શ્રીહરિનું દર્શન કરનારા ભક્તો પોતપોતાને ઉતારે ગયા.[૨૧-૨૩] હે રાજન્ ! શ્રીહરિ એક મુહૂર્ત પર્યંત શયન કરી ઊભા થયા ને પાર્ષદ નાનખાચરને કહ્યું કે ઘોડી તૈયાર કરી

तमारुरोह भगवान्भक्ताभीष्टफलप्रदः । सर्वावासान् द्रष्टुकामः परिमेयपुरःसरः ॥ २५
दूरदेशेभ्य आयाता मदर्थं हि जना इमे । माभूवन्क्वापि ते स्थाने क्लिष्टा इति ययौ स तान् ॥ २६
ततो जनानां सर्वेषामावासेषु पृथक्पृथक् । गत्वा तत्स्वास्थ्यमापृच्छ्य न्यूनं यत्तददापयत् ॥ २७
सविस्मयं जनैः सर्वैः प्रणतोऽभिष्टुतश्च सः । पुनः स्वस्थानमागत्य सुखं सुष्वाप भूपते! ॥ २८
भक्तिं परां निरुपधिं पुरमानवानां देशान्तरागतनृणां च मुहुः प्रशंसन् ।
अग्रे स्वसन्निधिनिविष्टबृहद्व्रतानां निद्रां स किञ्चन दृगग्र उरीचकार ॥ २९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे भगवतः फलाहारलीलावर्णननामैकपञ्चाशत्तमोऽध्यायः॥५१॥*

---

જલદી અહીં લાવો. ત્યારે નાનખાચર અશ્વને તૈયાર કરીને લાવ્યા.[૨૪] શ્રીહરિ સર્વે ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા ભક્તોના નિવાસ સ્થાનોને જોવાની ઈચ્છા કરી, કેટલાક પાર્ષદોની સાથે અશ્વ ઉપર આરુઢ થયા, ને વિચાર કર્યો કે, આ સર્વે ભક્તો મારાં દર્શનની ઈચ્છા રાખી દૂરદૂર દેશોથી અહીં આવ્યા છે. તેથી તેને કોઈ અહીં ઉતારામાં તકલીફ ન પડવી જોઈએ, એમ ધારી સૌના ઉતારા પ્રત્યે જવા લાગ્યા.[૨૫-૨૬] દેશાંતરવાસી સર્વે ભક્તોના જુદા જુદા ઉતારે જઈ સ્વાસ્થ્યના ખબર પૂછી કોઈ અધૂરાશો હતી તે અપાવીને પૂર્ણ કરી.[૨૭] તે ભક્તો પણ શ્રીહરિ ખૂદ આપણી ખબર પૂછવા આવ્યા છે એમ જાણી વિસ્મયપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરી સ્તુતિ કરતા હતા. આ રીતે સૌની સંભાળ લઈ શ્રીહરિ પાછા પોતાના નિવાસ સ્થાને પધારી સુખપૂર્વક શયન કર્યું.[૨૮] પાસે રહેલા મુકુન્દ બ્રહ્મચારી અને સોમલા ખાચર આદિ પાર્ષદોની આગળ વડતાલના અને દેશાંતરથી પધારેલા સર્વે ભક્તોની નિષ્કપટ ભક્તિની વારંવાર પ્રશંસા કરતા કરતા યોગ નિદ્રાનો સ્વીકાર કરી તેને પણ સેવાનો લાભ આપ્યો.[૨૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે ભગવાનની ફલાહારલીલાનું વર્ણન કર્યું, એ નામે એકાવનમો અધ્યાય પૂર્ણ થયો. –૫૧–***

अथ द्विपञ्चाशत्तमोऽध्यायः - ५२

सुव्रत उवाच-

अथ निशोऽन्तिमयाम उपागते निपुणबन्दिजनैः समुदीरिताम् ।
मधुरमङ्गलगीततर्ति प्रभुर्द्रुतमबोधि निशम्य स भूपते ! ॥ १
कृतदृढासन आत्मनि चात्मना निजमलौकिकमक्षरतः परम् ।
अचलरूपमसौपुरुषोत्तमाभिधमचिन्तयदेकमखण्डितम् ॥ २
स च ततः कृतशौचविधिः प्रभुर्झटिति भक्तजनाहृतवारिभिः ।
शुचितरैः स्नपनं विदधे ततः परिदधौ शुचिनी सितवाससी ॥ ३
समुपविश्य कुशासन उत्तमे तिलकमूर्ध्वमसावकरोत्ततः ।
प्रथममेव चकार च नैत्यकं विधिमशेषजगद्गुरुरीश्वरः ॥ ४
अथ तस्मिन् दिने चक्रे श्रीकृष्णस्य महार्चनम् । एकादशीषु सर्वासु क्रियते तेन यत्सदा ॥ ५
आहूता ब्राह्मणास्तेन तत्राजग्मुश्च वैदिकाः । शास्त्रोक्तलक्षणैर्युक्ताः पूजाविधिविशारदाः ॥ ६
तं पूजां कारयामासुर्ब्राह्मणास्ते यथाविधि । जानन्तो धर्ममर्यादास्थापनार्थां हरेः कृतिम् ॥ ७

---

# અધ્યાય - ૫૨

## એકાદશીને દિવસે શ્રીહરિએ બ્રાહ્મણો દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનનું મહાપૂજન કર્યું.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! રાત્રીના અંતિમ પહોરમાં બંદીજનો મધુર સ્વરે શ્રીકૃષ્ણ ભગવાનના ગુણચરિત્રોનાં કીર્તનો ગાવવા લાગ્યા. તે સાંભળી શ્રીહરિ તત્કાળ જાગ્રત થઈ, પલંગ ઉપર જ દૃઢ પદ્માસન વાળી, પોતાના અંતરમાં સર્વથી પર અવિનાશી એવું પોતાનું પરબ્રહ્મ સ્વરૂપનું ભક્તજનોની શિક્ષાને અર્થે ધ્યાન કરવા લાગ્યા.[૧-૨] પછી શૌચવિધિ કરી ભક્તજનોએ લાવેલા પવિત્ર જળથી તત્કાળ સ્નાન કર્યું. પછી બે વસ્ત્રો ધારણ કરી ઉત્તમ દર્ભના આસનપર બેસી, પાંચ જગ્યાએ ઊર્ધ્વપુંડ્ર્ તિલક ધારણ કર્યું. પ્રથમ પ્રાતઃ સંધ્યાદિ નિત્યકર્મનો વિધિ કર્યો, પછી ફાગણ સુદ એકાદશીની તિથિએ હમેશાં સર્વે એકાદશીઓમાં કરવામાં આવતું શ્રીકૃષ્ણ ભગવાનનું મહાપૂજન કર્યું.[૩-૫]

હે રાજન્ ! મહાપૂજામાં ભગવાન શ્રીહરિના આમંત્રણથી વૈદિક વિધિને જાણનારા, શાસ્ત્રો લક્ષણે સંપન્ન તથા પૂજાવિધિમાં વિશારદ હરિશર્મા આદિક બ્રાહ્મણો આવ્યા.[૬] ભગવાન શ્રીહરિ ધર્મના સ્થાપનને અર્થે જ શ્રીકૃષ્ણ ભગવાનની

मण्डलं सर्वतोभद्रं नानारङ्गोपशोभितम् । कृत्वा तन्मध्यभागे च हैमं कलशमादधुः ॥ ८
पञ्चपल्लवसंयुक्तं सूक्ष्मवस्त्राभिवेष्टितम् । तस्योपरि शुभे पात्रे रम्यास्तरणमण्डिते ॥ ९
शोभनां प्रतिमां हैमीं श्रीकृष्णस्य मनोहराम् । प्राणप्रतिष्ठां कृत्वैव स्थापयामासुरादरात् ॥ १०
तदङ्गदेवताश्चान्याः पार्षदांश्च यथादिशम् । स्थापयामासुरव्यग्रास्तन्त्रोक्तविधिना द्विजाः ॥ ११
पूजाद्रव्याणि चाहृत्य स्वसमीपेऽखिलानि ते । पूजामकारयन्विप्रा मन्त्रैर्वैदिकतान्त्रिकैः ॥ १२
नारायणेन मुनिना कुर्वता धर्मपोषणम् । पूजायां क्रियमाणायामानन्दो भुव्यजायत ॥ १३
वीणावेणुमृदङ्गाश्च शङ्खदुन्दुभयस्तथा । नानाविधानि वाद्यानि तत्रावाद्यन्त वै मुहुः ॥ १४
तावत्सहस्रशस्तत्र हरेर्भक्ता हि योषितः । इतस्ततः समाजग्मुः पुरुषाश्च सहस्रशः ॥ १५
सर्वे मङ्गलगीतानि तदाऽगायन्मुदा भृशम् । वेदघोषं द्विजाश्चक्रुरुच्चैः सस्वरमुत्सुकाः ॥ १६
ब्राह्मणोक्तक्रमेणैव चकाराभ्यर्चनं प्रभोः । उपचारैः षोडशभिर्हरिरावाहनादिभिः ॥ १७
पञ्चामृतेन संस्नाप्य श्रीकृष्णं पयआदिना । चक्रेऽभिषेकं शुद्धोदैर्महापुरुषविद्यया ॥ १८
अमूल्यवस्त्राभरणैः पूजयामास तं स च । सुगन्धिना चन्दनेन पुष्पहारैर्मनोहरैः ॥ १९

---

પૂજા કરે છે. પોતે જ સ્વયં શ્રીકૃષ્ણ પરમાત્મા છે, એમ જાણતા ભૂદેવો સમસ્ત પૂજા વિધિ કરવા લાગ્યા.[૭] તેમાં પ્રથમ અનેક પ્રકારના રંગોથી સર્વતોભદ્રમંડળની રચના કરી, તેના મધ્યે સુવર્ણ કળશની સ્થાપના કરી, પાંચ પલ્લવયુક્ત સૂક્ષ્મ વસ્ત્રથી વીંટેલા કળશની ઉપર એક રમણીય આચ્છાદન વસ્ત્ર પધરાવ્યું. તેના પર પાત્ર પધરાવી તેમાં મનોહર શ્રીકૃષ્ણ ભગવાનની સુવર્ણની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી સ્થાપના કરાવી.[૮-૧૦] ત્યારપછી અવ્યગ્ર મનવાળા બ્રાહ્મણોએ શ્રીકૃષ્ણની ચારે બાજુ તેમના અંગદેવતા એવા કેશવાદિ ચોવીસ મૂર્તિઓની તથા નંદ, સુનંદ આદિ પાર્ષદોની સ્થાપના દિશાને અનુસારે વિધિ પ્રમાણે કરી.[૧૧] તેમજ સમગ્ર પૂજાની સામગ્રીને પોતાની સમીપે ભેળી કરીને વેદોક્ત મંત્રોથી પૂજા કરવા લાગ્યા.[૧૨] બ્રાહ્મણો જ્યારે સદ્ધર્મનું પોષણ કરતા શ્રીહરિ પાસે પૂજન કરાવી રહ્યા હતા, ત્યારે આ પૃથ્વી પર સર્વત્ર આનંદ આનંદ છવાયો.[૧૩]

પૂજનની સાથે વીણા, વાંસળી, મૃદંગ, શંખ, દુંદુભી, આદિ અનેક પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં.[૧૪] તે સાંભળીને હજારો નરનારીઓ ત્યાં આવ્યાં, ને સર્વે ભક્તજનો ઉચ્ચા સ્વરે મંગલ ગીતો ગાવવા લાગ્યાં.[૧૫] તેમજ બ્રાહ્મણો પણ ઉચ્ચસ્વરે વેદમંત્રનો ઘોષ કરવા લાગ્યા.[૧૬] હે રાજન્ ! શ્રીહરિ બ્રાહ્મણોએ કહેલા વિધિ પ્રમાણે આહ્‌વાહ્ન આદિ ષોડશોપચારોથી શ્રીકૃષ્ણની પૂજા કરી.[૧૭] પછી દૂધ વગેરે પંચામૃતથી સ્નાન કરાવી "જિતં તે પુણ્ડરીકાક્ષે" એ મંત્રોથી શુદ્ધ જળવડે

दत्त्व दशाङ्गं धूपं च दीपांश्च शतशो हरिः । नैवेद्यमर्पयामास विविधं सुमनोहरम् ॥ २०
ततश्च मध्ये पानीयमुत्तरापोशनं तथा । दत्त्वा ताम्बूलपूगादि चक्रे नीराजनं प्रभोः ॥ २१
दत्त्वा पुष्पाञ्जलिं भक्त्या नत्वा साष्टाङ्गमादरात् । अर्थयित्वा हरिस्तं च पूजां तामसमापयत् ॥ २२
पूजां समाप्य विधिवन्नित्यदानं विधाय च । ब्राह्मणान् पूजयामास सर्वांस्तत्र समागतान् ॥ २३
धेनूनां च शतं प्रादात्ततः स्वर्णं तिलांस्तथा । शतशो रूप्यमुद्राश्च ब्राह्मणेभ्यो ददौ प्रभुः ॥ २४

नानाविधानि वसनानि विभूषणानि दत्त्वा ततःसकलभक्तजनेभ्य ईक्षाम् ।
दातुं निजं स्ववसतेर्बहिरेत्य पीठमुच्चं समारुहदुदारयशाः स भूप ! ॥ २५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृतालयदोलोत्सवे भगवत्कृतश्रीकृष्णमहापूजोत्सवनिरूपणनामा द्विपञ्चाशत्तमोऽध्यायः ॥ ५२ ॥*

---

અભિષેક કર્યો તથા અમૂલ્ય વસ્રો અને આભૂષણો ધારણ કરાવી સુગંધીમાન ચંદન અને પુષ્પોના હારથી શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કર્યું.[૧૮-૧૯] પછી શ્રીહરિએ દશાંગધૂપ અર્પણ કરી સેંકડો દીવાઓ અર્પણ કર્યા ને બહુ પ્રકારનું નૈવેદ્ય અર્પણ કર્યું.મધ્યે પાણી તથા ઉતરાપોશન કર્યા પછી પાન સોપારીનો મુખવાસ અર્પણ કરી મહા આરતી કરી.[૨૦-૨૧] છેલ્લે શ્રીહરિએ ભક્તિભાવપૂર્વક પુષ્પાંજલી અર્પણ કરી દંડવત્ પ્રણામ કર્યા ને શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાર્થના કરી પૂજાની સમાપ્તિ કરી.[૨૨]

વિધિને અનુસારે હમેશાં કરવામાં આવતો દાનવિધિ પૂર્ણ કરીને ત્યાં પધારેલા સર્વે બ્રાહ્મણોનું પૂજન કર્યા પછી સો ગાય, સુવર્ણ, તલ, રૂપાની સો મુદ્રાઓ તેમજ અનેક પ્રકારનાં વસ્ત્રો આભૂષણો વગેરેનું દાન કર્યું, પછી સર્વજનોને દર્શન આપવા માટે ઉદાર કીર્તિવાળા શ્રીહરિ પોતાના નિવાસ સ્થાનેથી બહાર આવી ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા.[૨૩-૨૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે એકાદશીના દિવસે શ્રીહરિએ શ્રીકૃષ્ણ ભગવાનની મહાપૂજા કરી એ નામે બાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૨--***

---

## अथ त्रिपञ्चाशत्तमोऽध्यायः - ५३

सुव्रत उवाच-

तदा जय जयेत्येवं सर्वत्रैकोऽभवद्ध्वनिः । साष्टाङ्गं प्रणिपत्यादौ चक्रुस्तद्दर्शनं जनाः ॥ १
मुहूर्तमेवं सर्वेभ्यो दत्त्वा दर्शनमात्मनः । तांश्चोपवेशयामास हरिः स्थापनमुद्रया ॥ २
यथोचितं च ते तत्र निषेदुः सकला जनाः । स्त्रियश्च मुनयः सर्वे वीक्षमाणाः प्रभोर्मुखम् ॥ ३
तत्र ज्ञानतपोवृद्धा मुनयस्त्वग्रतो हरेः । तेषां च पृष्ठतः सर्वे निषेदुर्मुनयोऽपरे ॥ ४
गृहस्था लक्षशस्तांश्च संवेष्ट्यैवार्धचन्द्रवत् । निषेदुर्दक्षिणे भागे सम्मुखाश्च हरेर्नृप ! ॥ ५
अग्रे वृद्धाश्च तत्रापि युवानो मध्यदेशगाः । पृष्ठतश्च किशोराद्यास्तस्थुर्मर्यादयाऽखिलाः ॥ ६
पुरतो वामभागे च हरेः सङ्घस्तु योषिताम् । निषेदुरस्पृशन्तो नॄन्समेता अर्धचन्द्रवत् ॥ ७
तस्थुर्मर्यादया तत्र योषास्ता अपि सर्वशः । पार्षदाः सोममुख्याश्च पार्श्वयोस्तस्थुरीशितुः ॥ ८

---

## અધ્યાય - ૫૩

### ભગવાન શ્રીહરિના સાંનિધ્યમાં મોટી સભાનું આયોજન, ગાયકો દ્વારા ગાયન કળાનું દર્શન અને ગુજરાતના ભક્તજનોએ કરેલી ભગવાન શ્રીહરિની પૂજા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ જ્યારે ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા ત્યારે સર્વત્ર એકજ પ્રકારનો જયજયકારનો મોટો ધ્વનિ થવા લાગ્યો અને ભક્તજનો શ્રીહરિને પ્રથમ દંડવત્ પ્રણામ કરી ચરકમળનો સ્પર્શ કરવા લાગ્યા.[૧] સર્વે ભક્તજનોને શ્રીહરિએ એક મુહૂર્ત પર્યંત દર્શન આપ્યાં, પછી હાથની મુદ્રાથી સૌને બેસાડ્યા.[૨] સર્વે ભક્તજનો તથા સ્ત્રીઓ અને સંતો પણ શ્રીહરિના મુખકમળનું દર્શન કરતાં કરતાં તેમની સમીપે જ સૌ સૌની મર્યાદા અનુસાર યથાયોગ્ય સ્થાને બેસવા લાગ્યા.[૩] હે રાજન્ ! તે સર્વે જનોની મધ્યે જ્ઞાન અને તપથી વૃદ્ધ સંતો હતા તે ભગવાન શ્રીહરિની જમણી બાજુ બેઠા અને તેની પાછળ બીજા સંતો બેઠા.[૪] અને સંતોને વીંટાઇને અર્ધાચંદ્રાકારે લાખો હરિભક્તો બેઠા. તેમાં પણ જે વૃદ્ધ ગૃહસ્થો હતા તે આગળ બેઠા અને યુવાનો મધ્યે તથા કિશોરો તેની પાછળ બેઠા. આ પ્રમાણે મર્યાદાપૂર્વક સર્વ ભક્તજનો બેઠા.[૫-૬]

એજ રીતે સંઘમાં આવેલી સ્ત્રીઓ પણ પુરુષોનો સ્પર્શ ન થાય તે રીતે શ્રીહરિની સમીપે ડાબી બાજુએ અર્ધચંદ્રાકારે બેઠી.[૭] તેમાં વૃદ્ધાઓ આગળ,

स्त्रीपुंसानां मध्यभागे हरिपूजनयायिनाम् । धनुःप्रमाणविततं वर्त्माकार्यत दण्डवत् ॥ ९
मुनिभिश्च जनैः सर्वैर्मानितौ तावुभावथ । रामप्रतापेच्छारामौ हरेरग्रे निषेदतुः ॥ १०
सानन्दमेवं सर्वेषु निषण्णेष्वथ गायकाः । मुनयः स्वस्ववीणादिवाद्यानि समसज्जयन् ॥ ११
विपञ्चिका मृदङ्गांश्च कांस्यतालान्सझर्झरान् । सज्जीकृत्य स्वरालापं कृत्वा गायनमाचरन् ॥ १२
मुहूर्तं तेषु गायत्सु भगवान्सर्वदर्शनः । देशान्तरीयानद्राक्षीत् सज्जवाद्यान् स गायकान् ॥ १३
ततो मुनीननुज्ञाप्य गातुं तान्प्रैरयत्प्रभुः । तेषां गायनचातुर्यं ज्ञात्वा तानत्यमानयत् ॥ १४
सज्जतासादिवाद्यां च दृष्ट्वाऽथो वादकावलिम् । गायकान्विरमय्यैव प्रैरयन्स करेण ताम् ॥ १५
अत्युत्सुकाश्च ते सर्वे स्वस्ववाद्यान्यवादयन् । तद्धस्तलाघवं दृष्ट्वा प्रशशंस च तान् स्वयम् ॥ १६
वस्त्राणि च ददौ तेभ्यः सन्तुष्टो भगवांस्तदा । उत्थाय स ततोऽपश्यत् सर्वां जनमयीं भुवम् ॥ १७

---

યુવતીઓ મધ્યે અને કિશોરીઓ પાછળના ભાગે બેઠી. આ પ્રમાણે મર્યાદાપૂર્વક સ્ત્રીભક્તજનો શ્રીહરિની સમીપે બેઠી. તથા સોમલાખાચર આદિ પાર્ષદો શ્રીહરિની બન્ને બાજુ ઊભા રહ્યા.[૮] પૂજા કરવા આવતા ભક્તજનો માટે શ્રીહરિની સામે બન્ને સભાના મધ્યભાગમાં એક ધનુષ્ય જેટલી પહોળી રસ્તાના રૂપમાં શ્રીહરિએ જગ્યા રખાવી.[૯] પછી રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ પણ સભામાં પધાર્યા, તેમનું મુક્તાનંદાદિ સંતો તથા મયારામ ભટ્ટ આદિ ભક્તજનોએ સન્માન કર્યું અને શ્રીહરિની સમીપે આગળના ભાગમાં બિરાજમાન કર્યા.[૧૦] હે રાજન્ આ રીતે સર્વે સભાસદો જ્યારે સભામાં બેસી ગયા ત્યારે પ્રેમાનંદ સ્વામી આદિ ગાયક સંતોએ પોતપોતાનાં વીણા આદિ વાજિંત્રો તાલમાં સજ્જ કર્યાં.[૧૧] તેમાં વિપંચિકા, મૃદંગ, ઝાંઝ, કાંસા અને તાલ વગેરે વાજિંત્રોને સ્વરના આલાપ સાથે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિ સંતોએ રચેલાં પદોનું એક મુહૂર્ત પર્યંત ગાન કર્યું. પછી સર્વના મનના અભિપ્રાયને જાણતા શ્રીહરિ ગાયકવૃંદને વિશ્રાંતિ લેવાની આજ્ઞા કરી અને દેશાંતરવાસી ભક્તજનોને ગાન કરવાનો આદેશ કર્યો. તેમનું ચતુરાઈપૂર્વકનું ગાન સાંભળીને ગાયકોની શ્રીહરિએ ખૂબજ પ્રશંસા કરી.[૧૨-૧૪] પછી તેમને શાંત કરી તાસાં આદિક વાજિત્રોને સજ્જ કરી રહેલાવાદકોને હાથના ઈશારાથી વગાડવાનો આદેશ કર્યો.[૧૫]

તે સમયે સર્વે વાદકજનો અતિશય ઉત્સાહમાં આવી પોતપોતાનાં વાજિંત્રો વગાડવા લાગ્યા. શ્રીહરિ તેની ચતુરાઈ નિહાળીને ખૂબજ પ્રશંસા કરી.[૧૬] અતિશય પ્રસન્ન થયેલા શ્રીહરિ સૌ સૌને અનુરૂપ વસ્ત્રો આપી રાજી કર્યા. પછી સિંહાસન

पूजोपहारपात्राणि धृत्वा तान्समवस्थितान् । अज्ञासीत्पूजनं स्वस्य कर्तुमत्युत्सुकाञ्जनान् ॥ १८
तेषां मनोरथं पूर्णं कर्तुं भक्तप्रियः स च । मेघगम्भीरया वाचा तानुवाच दयानिधिः ॥ १९
एकैकग्रामलोका ये ते संहत्य परस्परम् । पृथक्पृथगिहायान्तु यूथशः सत्वरं जनाः ! ॥ २०
पूजने दीर्घसूत्रित्वं न कार्यं चात्र केनचित् । आगन्तव्यं गते यूथे ह्येकस्मिन्नपरेण च ॥ २१

सुव्रत उवाच–

प्रभो ! तथा करिष्याम इत्याज्ञां शिरसा हरेः । गृहीत्वा ते जनाश्चक्रुस्ततो भगवदर्चनम् ॥ २२
तत्रादौ गौर्जरा लोका ह्यल्पसत्वा पृथक् पृथक् । कोलाहलं प्रकुर्वन्तो यूथशस्तत्र चाययुः ॥ २३
ददुर्भगवते तस्मै वस्त्राणि रुचिराणि ते । चन्दनैः पुष्पहारैश्च पूजयामासुरादृताः ॥ २४
अलङ्कारांश्च विविधान्सौवर्णान्मणिमण्डितान् । अर्पयित्वोपहारांश्च तदग्रे निदधुस्ततः ॥ २५
अतीव जल्पतस्तांश्च तर्जन्या नसि दत्तया । न्यवारयत्स भगवान् पूजान्ते च व्यसर्जयत् ॥ २६
तैः कृताः पीतसाराणां पिण्डकानां च राशयः । फलानां विविधानां च विरेजुर्गिरिसानुवत् ॥ २७

---

ઉપરથી ઊભા થઈ સામે નજર કરી તો સમગ્ર ભૂમિ ઉપર મનુષ્યો જ જોવામાં આવ્યાં.[૧૭] જે મનુષ્યો શ્રીહરિનું પૂજન કરવા પાત્રો લઈને ઊભા હતા તેઓના અંતરમાં શ્રીહરિની પૂજા કરવાનો અતિશય ઉત્સાહ હતો તેને ભગવાને અંતર્યામીપણે જાણ્યો.[૧૮] તેથી ભક્તપ્રિય અને દયાનિધિ એવા ભગવાન શ્રીહરિ તેમનો મનોરથ પુર્ણ કરવા મેઘ સરખી ગંભીરવાણીથી જનો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! એક એક ગામના મનુષ્યો એક સાથે ભેળા મળીને પૂજા કરવા આવો.[૧૯-૨૦]

શ્રીહરિએ સર્વેને સૂચના આપી કે, પૂજામાં કોઈ સમૂહે વિલંબ કરવો નહિ, અને એક સમુદાય પૂજા કરીને પોતાના સ્થાને બેસી જાય પછી બીજા સમૂહે આવવું.[૨૧] તે સાંભળી ભક્તજનો કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! તમે જેમ કહ્યું છે તેમજ અમે સૌ કરીશું, એમ કહી શ્રીહરિની આજ્ઞા મસ્તક ઉપર ચડાવી સૌ પૂજન કરવા લાગ્યા [૨૨] પૂજન કરનારા જનોની મધ્યે પ્રથમ શરીરમાં અલ્પ સામર્થીવાળા ગુજરાત પ્રદેશના હરિભક્તો હતા તે કોલાહલ કરતા કરતા ગામગામના સમૂહમાં સાથે મળી પૂજા કરવા આવ્યા,.[૨૩] આદરપૂર્વક સુંદર વસ્ત્રો, ચંદન પુષ્પના હારો અને સુવર્ણના મણિજડેલા અનેક અલંકારો શ્રીહરિને અર્પણ કર્યાં અને અનેક ઉપહારોની ભેટ ધરી.[૨૪-૨૫] તે કોલાહલ કરતા હોવાથી શ્રીહરિએ નાસિકાના અગ્રભાગ ઉપર જમણા હાથની તર્જની આંગળી રાખીને શાંત કર્યા. ને પૂજાની સમાપ્તિ થતાં તેઓને વિદાય કર્યા.[૨૬] તેણે શ્રીહરિની આગળ પતાસાં, પેંડા અને ફળોના પર્વતની સમાન ઢગલાઓ કર્યા, અને તેમની સ્ત્રીઓ પણ અધિક સ્નેહને કારણે

तद्देशीया योषितश्च फलपुष्पादिपाणयः । हरेः पूजां विधायाशु जग्मुः स्नेहाधिका हरौ ॥ २८
निरपेक्षोऽपि भगवान्भक्तानामेव तुष्टये । भूषणादीनि कृपया स्वीचकार सतां प्रियः ॥ २९
भक्तोपनीतान् पृथुकञ्चुकादीन् नीहारचन्द्राभिधतुन्नवायः ।
सेवारतोऽस्यैव विधाय सद्यस्तद्धारणार्हांस्तमधारयच्च ॥ ३०

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे गुर्जरदेशस्थभक्तकृतभगवत्पूजननिरूपणनामा त्रिपञ्चाशत्तमोऽध्यायः ॥ ५३ ॥*

---

**अथ चतुष्पञ्चाशत्तमोऽध्यायः - ५४**

**सुव्रत उवाच-**

प्राच्योदीच्यास्ततो लोका नृपाजग्मुर्हरेः पुरः । महाबलाः प्रौढदेहा दीर्घनेत्रा महाभुजाः ॥ १
अमूल्यानि च वस्त्राणि पुष्पहारान्मनःप्रियान् । सहस्रशो मौक्तिकानां स्रजस्ते च समार्पयन् ॥ २

---

**ફળ, પુષ્પોના હારો, અને વસ્ત્રાલંકારોથી શ્રીહરિની પૂજા કરીને વિદાય થઈ.[૨૭-૨૮]**

**હે રાજન્ ! શ્રીહરિ સ્વયં પૂર્ણકામ હોવા છતાં ભક્તજનોને રાજી કરવા માટે તેમના ઉપર પરમ કરુણા કરી, તેમણે અર્પણ કરેલાં આભૂષણો વગેરેનો સ્વીકાર કરતા હતા.[૨૯] તે સમયે શ્રીહરિની સેવામાં તત્પર નિહારચંદ નામના દરજીભક્ત અન્ય ભક્તોએ લાવેલાં અંગરખાં, જામા આદિકને તત્કાળ ધારણ કરવા યોગ્ય બનાવી ધારણ કરાવતા હતા.[૨૯-૩૦]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલદોલોત્સવ પ્રસંગે ગુજરાતના હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું નામે ત્રેપનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૩--***

---

## અધ્યાય - ૫૪

## પૂર્વ તથા ઉત્તર દિશાના ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પછી શરીરમાં અતિશય બળવાન, પ્રૌઢ શરીરવાળા, દીર્ઘ નેત્રોવાળા, પૂર્વ અને ઉત્તર દિશાના ભક્તજનો શ્રીહરિની આગળ પૂજા કરવા આવ્યા.[૧] એણે અમૂલ્ય વસ્ત્રો, પુષ્પના હારો, હજારો મોતીઓની**

तथाविधाः स्त्रियस्तेषां धृत्वा पात्राणि पाणिषु । प्रभुं पुपूजुरागत्य भृतानि शर्करादिभिः ॥ ३
उपहारान्समर्प्याथ गच्छद्भयस्तेभ्य ईश्वरः । स्वकण्ठतः पुष्पहारानुत्तार्यैव ददौ मुदा ॥ ४
फलानां नैकजातीनां शर्कराणां च राशयः । व्यराजन्त प्रभोरग्रे गण्डशैला इवोन्नताः ॥ ५
अथागच्छन्दाक्षिणात्या वर्तुलोष्णीषमण्डिताः । बद्धकच्छाश्च तन्नार्यश्चपला इव विद्युतः ॥ ६
उपचारैः षोडशभिस्त आनर्चुर्यथाविधि । तेषां पूजनचातुर्यं दृष्ट्वा तुष्टोऽभवद्धरिः ॥ ७
परिधाप्य च वासांसि सितपीतारूणानि ते । भूषणान्यप्यनर्घ्याणि यथास्थानं न्यधारयन् ॥ ८
कटकानि शृङ्खलानि करयोश्चाप्यधारयन् । अङ्गुलीषु प्रभोस्ते च सद्रत्ना ऊर्मिकाः शुभा : ॥ ९
केयूरादीनि बाह्वोश्च कण्ठे सन्मौक्तिकस्त्रजः । शिरस्यधारयन्दिव्यं किरीटं सूर्यवर्चसम् ॥ १०
कर्णयोः कुण्डले तस्य हीरकावलिभासुरे । धारयित्वा बबन्धुश्च गोधौ मौक्तिकदामनीम् ॥ ११
काञ्चीं रत्नमयीं कट्यां नूपुरादीनि पादयोः । धारयित्वोपहारांश्च निदधुस्तस्य चाग्रतः ॥ १२
नानाविधानि खाद्यानि कदलानि सहस्त्रशः । आर्द्रद्राक्षाफलानीक्षून्भक्त्या तस्मै न्यवेदयन् ॥ १३

---

માળાઓ ધારણ કરાવી શ્રીહરિની પૂજા કરી.[૨] તે દેશની નારીઓ પણ મહાબળવાળી અને પ્રૌઢ શરીરવાળી સાકરના થાળ મૂકીને શ્રીહરિની પૂજા કરી.[૩]ઉપહારો અર્પણ કરી પરત જતા તે પૂર્વ ઉત્તર દિશાના ભક્તજનોને ભગવાન શ્રીહરિએ પોતાના કંઠમાંથી પુષ્પોના હાર ઉતારી હર્ષપૂર્વક અર્પણ કર્યા.[૪] તેઓએ અર્પણ કરેલા સાકરના ઢગલા મોટા શીખરની સમાન શોભતા હતા.[૫]

**દક્ષિણદિશાના ભક્તોની પૂજા :–** ત્યારપછી ગોળાકાર બાંધેલી પાઘડીઓથી શોભતા દક્ષિણ દિશાના ભક્તજનો તથા કેડ સાથે દૃઢ કછોટા બાંધી રાખતી ને વીજળીના જેવી ચપળ તેમની નારીઓ પણ શ્રીહરિની પૂજા કરવા આવી.[૬] ષોડશોપચારોથી વિધિપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. તેની પૂજા કરવાની ચતુરાઇ જોઇ શ્રીહરિ ખૂબજ આનંદ પામ્યા.[૭] તેઆએ પૂજામાં સફેદ, પીળાં તથા લાલ રંગનાં વસ્ત્રો પરિધાન કરાવ્યાં ને કીંમતિ આભૂષણો પણ ધારણ કરાવ્યાં.[૮] શ્રીહરિના હાથમાં સુવર્ણનાં કડાં, પગમાં સાંકડાં, આંગળીઓમાં રત્ન જડીત સુવર્ણની વીંટીઓ, બન્ને ભૂજાઓમાં બાજુબંધ, કંઠમાં મોતીઓની માળાઓ ધારણ કરાવી, મસ્તક ઉપર સૂર્યની કાંતિ સમાન ચળકતો દિવ્ય મુગટ, કાનમાં હીરાની પંક્તિથી પ્રકાશતાં કુંડળો, લલાટમાં મોતીઓની દામણી, કેડમાં રત્નજડીત સુવર્ણની મેખલા ધારણ કરાવી ને શ્રીહરિની આગળ અનેક ઉપહારોની ભેટ મૂકી.[૯-૧૨]

ત્યારપછી દક્ષિણી ભક્તો અનેક પ્રકારના પેંડા તથા બરફી, કેળાં,

महानीराजनं चाथ गीतवादित्रपूर्वकम् । कृत्वा पुष्पाञ्जलिं दत्वा प्रणम्य च ततो ययुः ॥ १४
प्रासादिकानि तेभ्योऽदात्फलानि भगवान्मुदा । पुष्पाणां च समूहा ये मुनिभ्यो व्यभजत्तु तान् ॥ १५
उत्थाय तस्थौ पीठे च ततः सद्यः स ईश्वरः । तदा जय जयेत्येवं त्रिलोक्यामभवद्ध्वनिः ॥ १६

भास्वद्भासुरसत्किरीटविलसत्पूर्णेन्दुबिम्बाननो ।
नानालंकृतिभूषणाङ्गमधुरः श्रोणिस्थपाणिद्वयः ॥
कण्ठात्पादतलावधिक्रमगतैः पौष्पैश्च मुक्तामयै ।
र्हारैर्भक्तमनोहरः स भगवान्पर्यैक्षताऽऽत्मप्रियान् ॥ १७

तावत्पाश्चात्यपुरुषा आययुः स्थूलवेष्टनाः । गुणैर्द्वादशभिर्युक्ता ब्राह्मणा भगवत्प्रियाः ॥ १८
शस्त्रास्त्रविद्यानिपुणाः क्षत्रिया दृढनिश्चयाः । तदोपविश्य तत्पूजां प्रभुरङ्गीचकार सः ॥ १९
विधिना कुर्वतः पूजां दृष्ट्वा तानप्यतद्विदः । भृशं जहास भगवान्हासयन्मुनिमण्डलम् ॥ २०

---

લીલીદ્રાક્ષ, શેરડીના સાંઠા વગેરે નૈવેદ્ય અર્પણ કર્યું, ને ગીત વાજિંત્રપૂર્વક શ્રીહરિની મહાઆરતી ઉતારી, પુષ્પાંજલી અર્પણ કરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ત્યાંથી વિદાય થયા.[૧૩-૧૪] ત્યારે ભગવાન શ્રીહરિએ તેઓને હર્ષપૂર્વક પ્રસાદીનાં ફળો અર્પણ કર્યાં, અને કંઠમાં હારો ધારણ કર્યા હતા તે સંતોને વહેંચી દીધા.[૧૫] પછી શ્રીહરિ પરિશ્રમ દૂર કરવા સિંહાસન ઉપરથી ઉભા થયા ત્યારે મોટો જયજયકારનો ધ્વનિ થવા લાગ્યો.[૧૬] શ્રીહરિ ચારેકોર ભક્તજનોને નિહાળવા લાગ્યા. તે સમયે શ્રીહરિએ દેદીપ્યમાન સુવર્ણનો મુગટ ધારણ કર્યો હતો. અને પૂર્ણિમાના ચંદ્રની સમાન મુખારવિંદ શોભી રહ્યું હતું. અનેક પ્રકારના અલંકારોથી શોભી રહેલાં અંગોથી અતિશય મનોહર જણાતા હતા, બન્ને હસ્તને કેડ ઉપર ધારણ કર્યા હતા. કંઠથી આરંભીને ચરણ સુધી પુષ્પો તથા મોતીઓના હારથી શ્રીહરિ અતિશય મનોહર જણાતા હતા.[૧૭]

**પશ્ચિમદિશાના ભક્તોની પૂજા :–** હે રાજન્ ! તેટલામાં મસ્તક ઉપર મોટી પાઘડી બાંધેલા પશ્ચિમ દિશાના ભક્તજનો પૂજા કરવા આવ્યા. તેમાં સૌ પ્રથમ સનતસુજાતમાં કહેલા બારગુણોએ યુક્ત અને શ્રીહરિને અતિશય વહાલા બ્રાહ્મણો પૂજા કરવા આવ્યા.[૧૮] પછી અસ્ત્ર શસ્ત્રની વિદ્યામાં નિપુણ અને શ્રીહરિને વિષે દૃઢ નિશ્ચયવાળા ક્ષત્રિય ભક્તો પૂજા કરવા આવ્યા, ત્યારે શ્રીહરિ સિંહાસન ઉપર બેસી પશ્ચિમ દિશાના ભક્તોની પૂજાનો સ્વીકાર કર્યો.[૧૯] દક્ષિણ દિશાના ભક્તોની જેમ પૂજાવિધિને જાણતા ન હોવા છતાં તેઓની જેમ વિધિપૂર્વક પૂજા

पूजयित्वाथ ते तस्मै वस्त्राण्याभरणानि च । दत्त्वोपहारान्विविधान् ययुर्नत्वा तमीश्वरम् ॥ २१
तद्देशीयाः स्त्रियश्चाथ तोषयन्त्यो मनःप्रियैः । प्रभुं वचोभिर्मधुरैरुपाजग्मुः सहस्रशः ॥ २२
गाढस्नेहा भगवति कृशाङ्ग्यश्च तपोव्रतैः । आतिथ्ये हरिभक्तानां निपुणाश्च जितेन्द्रियाः ॥ २३
खर्जूरखारिकापूगनालिकेरैर्भृतानि ताः । गृहीत्वा चारुपात्राणि तत्रागत्यार्चयन्प्रभुम् ॥ २४
पीतसाराणि शुभ्राणि पिण्डकांश्च मनोहरान् । दधानाः पृथुभिः स्थालै रूप्यमुद्राश्च काञ्चन ॥ २५
शर्करापात्रहस्ताश्च पर्पीपात्रकराः स्त्रियः । तमभ्यर्च्योपहारांश्च तदग्रे निदधुर्मुदा ॥ २६
एवं सर्वेऽपि ते लोकाः स्वस्वशक्त्यनुसारिणीम् । पूजां भगवतश्चक्रुर्भक्त्या परमया युताः ॥ २७
पत्रं पुष्पं फलं वाऽपि दरिद्रा अपि पूरुषाः । ददुर्यत्तत्स्वीचकार भावगम्यः स ईशिता ॥ २८
राजानो रङ्कजीवाश्च दरिद्रा धनिनोऽपि च । तुल्या भक्तप्रियस्यैते सर्वे सन्ति हरेः किल ॥ २९
प्रेम्णा भक्तेन पुंसा यत्पत्रं पुष्पं फलं जलम् । स्तुतिदूर्वादि वा दत्तं प्रीत्या गृह्णाति तत्प्रभुः ॥ ३०

---

કરવાનો આરંભ કર્યો તેને જોઇ શ્રીહરિ તથા સંતો ખૂબજ હસવા લાગ્યા.[૨૦] અને પૂજન કરનારા ભક્તોએ મહાવસ્ત્રો તથા આભૂષણો અર્પણ કર્યાં તથા અનેક પ્રકારના ઉપહારો અર્પણ કરી શ્રીહરિને નમસ્કાર કરી ત્યાંથી વિદાય થયા.[૨૧] પછી તે દેશનીહજારો સ્ત્રીઓ પણ મનને ગમે તેવી મધુરવાણીથી સંતોષ પમાડતી શ્રીહરિની પૂજા કરવા આવી.[૨૨] શ્રીહરિમાં ગાઢ સ્નેહવાળી, તપથી કૃશ શરીરવાળી, આતિથ્ય કરવામાં કુશળ અને જીતેન્દ્રિય એવી તે સ્ત્રીઓ ખજૂર, ખારેક, સોપારી, નાળિયેર વગેરે પદાર્થો ભરેલાં સુંદર પાત્રો હાથમાં ધારણ કરી શ્રીહરિની સમીપે આવી પૂજન કરવા લાગી.[૨૩-૨૪] તેમાં કેટલીક સ્ત્રીઓ શ્વેત પતાસાંના મોટા થાળ ભરીને લાવી હતી. કોઇ પેંડાના, કોઈ રૂપામુદ્રાઓના, કોઇ સાકરના અને કોઇ સ્ત્રીઓ બરફીના મોટા થાળ ધારણ કરી શ્રીહરિની પૂજા કરવા આવી, પૂજા કરીને તેમની આગળ સર્વે ઉપહારો હર્ષથી અર્પણ કર્યા.[૨૫-૨૬]

આ પ્રમાણે પ્રેમથી પોતાની શક્તિ અનુસારે શ્રીહરિનું પૂજન કર્યું, ધનથી દુર્બળ હતા તેમણે જે કાંઇ પત્ર, પુષ્પ, ફળ વગેરે અર્પણ કરી શ્રીહરિનું પૂજન કર્યું, ત્યારે તેમના અંતરના ભાવને જાણતા અને ભાવનાના ભૂખ્યા શ્રીહરિએ તે સર્વેનો આદરથી સ્વીકાર કર્યો.[૨૭-૨૮] કારણ કે રાંક કે ધનવાન કે રાજા સર્વે શ્રીહરિને ભક્તપણાના નાતે એક સરખા છે. તેથી તે ભક્તાએ પ્રેમથી અર્પણ કરેલાં પત્ર, પુષ્પ,ફળ,જળ જે કાંઇ હોય, તેમનો પ્રેમથી સ્વીકાર કરે છે.[૨૯-૩૦] ત્યાર પછી સંતોને પણ પોતાની પૂજા કરવાનો અતિ ઉત્સાહ છે તેમ જાણી તેમનો મનોરથ પૂર્ણ

अथो मुनीनपि ज्ञात्वा स्वपूजनसमुत्सुकान् । पूर्णं कर्तुं ह्यादिदेश तेषामपि मनोरथम् ॥ ३१
यथालब्धोपचारैस्ते पत्रपुष्पफलादिभिः । पूजां भगवतश्चक्रुः प्रणमन्तस्तपोधनाः ॥ ३२
एवं भगवता तत्र भक्तकल्पद्रुमेण वै । सत्सङ्गिनां हि सर्वेषां कृताः पूर्णा मनोरथाः ॥ ३३
परितश्च हरेरासन् भूषणानां सुवाससाम् । पुष्पाणां चोपहाराणां विचित्राः पर्वताः किल ॥ ३४
दिव्योच्चपीठमासीनस्तन्मध्ये भगवान्बभौ । मेरुस्थ इव पूर्णेन्दुः केसराचलमध्यतः ॥ ३५
तदैव ब्राह्मणेभ्योऽथ स प्रभुर्भूषणानि च । वासांसि चाप्यनर्घ्याणि ददौ सद्यो जगत्पतिः ॥ ३६
याचकेभ्यस्तथान्येभ्यो दरिद्रेभ्यो विशेषतः । अधनेभ्यः कुटुम्बिभ्यो ददौ भूरि धनं प्रभुः ॥ ३७
तोयं घनाघन इव प्रववर्ष ततः प्रभुः । द्रव्यं भूरितरं प्रीतो गृहस्थेभ्योऽपि तत्र सः ॥ ३८
तस्मिन्नेव क्षणे सर्वमेवं दत्त्वाप्यविस्मयः । सर्वान्विस्मापयामास कुर्वन्कर्म ह्यमानवम् ॥ ३९
अत्युदारधिय ऊर्जितश्रियः श्रीहरेर्वितरणोद्यतस्य त
वस्तु नाप किमपि ह्यदेयतां भूपते ! स्वधृतवाससी विना ॥ ४०

---

કરવા સંતોને પણ પૂજા કરવાની આજ્ઞા આપી.[૩૧] તેથી તપોધન સંતો શ્રીહરિને નમસ્કાર કરી પત્ર, પુષ્પ, ફળ આદિ જે કાંઇ ઉપચારો પ્રાપ્ત થયેલા તેનાથી ભગવાન શ્રીહરિની પૂજા કરી.[૩૨] આ પ્રમાણે ભક્તજનોના કલ્પવૃક્ષ સમાન શ્રીહરિએ વડતાલમાં સર્વે ભક્તજનોના મનોરથ પૂર્ણ કર્યા.[૩૩]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિની આગળ ચારે તરફ આભૂષણો, સુંદર વસ્ત્રો, પુષ્પના હારો, ફળ વગેરે ઉપહારો આદિના અનેક પર્વતો રચાયા.[૩૪] તેની મધ્યે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન શ્રીહરિ જેમ મેરુ પર્વતની ટોંચ ઉપર ચંદ્રમા શોભે તેમ શોભવા લાગ્યા.[૩૫] ત્યારે જગતપતિ ભગવાન શ્રીહરિ કિંમતી વસ્ત્રો અને આભૂષણો તેજ સમયે સભામાં બેઠેલા સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરી દીધાં.[૩૬] બંદીજન આદિક યાચક તથા દરિદ્રજનોને તેમજ બહોળા કુટુમ્બવાળા અને નિર્ધન જનોને વિશેષપણે કરીને ધન અર્પણ કર્યું.[૩૭] વરસતો મેઘ જેમ મોટી જળ ધારાથી વરસે તેમ પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ પાત્ર અપાત્ર જોયા વિના ગૃહસ્થોને પણ ખૂબ ધન અને દ્રવ્ય દાનમાં આપ્યું.[૩૮] વસ્તુ માત્રનું દાન આપીને પણ ગર્વ કર્યા વિના મનુષ્યથી કદાપિ ન થઇ શકે તેવું ચરિત્ર કરી સર્વે સભાજનોને અતિશય વિસ્મય પમાડ્યા.[૩૯]

હે રાજન્ ! દાન કરવાના સ્વભાવવાળા અતિ ઉદારભાવે વર્તતા અને સર્વ કરતાં અધિક ઐશ્વર્યશાળી એવા શ્રીહરિની પાસે પોતે ધારણ કરેલાં વસ્ત્ર

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे सकलभक्तसङ्घकृतभगवत्पूजननिरूपणनामा चतुःपञ्चाशत्तमोऽध्यायः ॥ ५४ ॥*

---

**अथ पञ्चपञ्चाशत्तमोऽध्यायः**

**सुव्रत उवाच-**

तस्मिन्दिने जनाः सर्वे एकादश्या उपोषणम् । चक्रुः स्वयं स भगवान्मर्यादारक्षणाय वै ॥ १
नागदेवात्समारभ्य मुहूर्तात्पूजनोत्सवः । आर्यम्णावधि तत्राभूत्तद्दिने तस्य भूपते ! ॥ २
भाग्ये मुहूर्तेऽथ हरिर्ब्राह्मणांस्तत्र संस्थितान् । सायंसन्ध्यावन्दनार्थं गच्छतेत्यादिदेश ह ॥ ३
स्वधर्मपालनं प्रेष्ठं प्रभोरस्तीति ते द्विजाः । निश्चित्य सरसस्तीरं जग्मुः सर्वे तदाज्ञया ॥ ४
जनानामपि विश्रामो मुहूर्तं स्यादिति स्वयम् । तुङ्गासनात्समुत्तीर्य स्वावासान्तर्विवेश सः ॥ ५

---

સિવાય કોઇ પણ જાતની વસ્તુ બાકી રાખી નહિ. પરંતુ સર્વસ્વનું દાન કરી દીધું.[૪૦]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીયપ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે ભક્તજનોએ ભગવાન શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ સર્વસ્વનું દાન કર્યું, એ નામે ચોપનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૪--***

---

## અધ્યાય - ૫૫

### ભગવાન શ્રીહરિની સાયંકાળની સંધ્યાવિધિની લીલા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! એકાદશીને દિવસે સર્વે ભક્તજનોએ ઉપવાસ કર્યો. સ્વયં ભગવાન શ્રીહરિએ પણ ધર્મમર્યાદાનું સ્થાપન કરવા એકાદશીને દિવસે ઉપવાસ કર્યો.[૧] રાત્રીના બીજા નાગદેવતા નામના મુહૂર્તથી આરંભીને દિવસના ચૌદમા અર્યમા નામના મુહૂર્ત પર્યંત ફાગણસુદ એકાદશીને દિવસે શ્રીહરિના પૂજનનો મહોત્સવ ઉજવાયો.[૨] પછી પંદરમા ભાગ્ય નામના મુહૂર્તમાં સભામાં બેઠેલા બ્રાહ્મણોને સાયંતની સંધ્યાની ઉપાસના કરવા જવાની આજ્ઞા આપી. પોતાને સ્વધર્મનું પાલન અતિશય પ્રિય છે એમ જાણીને સર્વે બ્રાહ્મણો શ્રીહરિનો આદેશ થતાં સરોવરને તીરે ગયા.[૩-૪] સભામાં બેઠેલા અન્ય સત્સંગીઓને પણ એક ઘડી વિસામો પ્રાપ્ત થાય તેવા હેતુથી સ્વયં ભગવાન શ્રીહરિ પણ ઊંચા

ततो जनाश्च मुनयः स्वस्वावासान्समेत्य ते । किञ्चिद्विश्रम्य पीत्वाम्भः पुनराश्वगमन्सभाम् ॥ ६
कृत्वा सन्ध्याविधिं तूर्णं ते चागत्य पुनर्द्विजाः । निषेदुस्तत्र सदसि यथास्थानं यथोचितम् ॥ ७
तावत्स चापि भगवान्प्रणतार्तिहन्ता विश्रम्य किञ्चिदथ सान्ध्यविधिं विधाय ।
नैसर्गिकस्वगतिधावितपार्षदौघो लोलत्सदुत्तरपटोऽधिरुरोह पीठम् ॥ ८
तत्र स्थितः स्वपरितो निजभक्तसङ्घान्पश्यन्दृढं स्वकटिबन्धपटं विधाय ।
नारायणस्य च वदन्नभिधाः स उच्चैस्तालध्वनिं परिततान हरिः कराभ्याम् ॥ ९
तदानीं तु जनाः सर्वे स्त्रियश्च मुनयस्तथा । तालिकावादनं चक्रुः कीर्तयन्तोऽभिधा हरेः ॥ १०
लक्षशस्तालिकाध्वानैस्तत्कालोत्थैश्च मिश्रितः । भगवन्नामनिनदस्त्रिलोकीं व्यानशे तदा ॥ ११
ऊर्ध्वैर्जनानां लोलद्भिर्बभौ भूः करपल्लवैः । वातोल्लोलैः स्थलाम्भोजैः प्रफुल्लैरिव मण्डिता ॥ १२
हस्तलाघवचातुर्याद्योजनं च वियोजनम् । भगवत्तलयोः कश्चित् पृथग्वेत्तुं शशाक नो ॥ १३

---

આસન ઉપરથી નીચે ઉતરી, પોતાના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો.[૫] ત્યારે સંતો તથા ભક્તજનો સર્વે પોતપોતાને ઉતારે ગયા. થોડીવાર વિસામો લઇ, જળપાન કરી, ફરી સભામાં આવી બેઠા.[૬] શ્રીહરિની આજ્ઞાથી સંધ્યાવંદન કરવા ગયેલા વિપ્રો પણ નિત્ય કર્મ કરી તત્કાળ સભામાં આવ્યા અને પોતાના યોગ્ય સ્થાને બેસી ગયા.[૭]

શરણાગતના દુ:ખનું નિવારણ કરતા શ્રીહરિ પણ કાંઇક વિશ્રાંતિ લઇ સંધ્યાવિધિ પૂર્ણ કરીને સભામાં આવતા હતા ત્યારે સ્વભાવિક ઉતાવળી ચાલે ચાલતા હતા, છતાં પાર્ષદો તેમની પાછળ દોડી રહ્યા હતા, ને ખભા ઉપર ધારણ કરેલું ઉત્તરીય વસ્ત્ર ચારે તરફ ઉડી રહ્યું હતું. આવી શોભાએ યુક્ત ભગવાન શ્રીહરિ સભામાં પધાર્યા અને સિંહાસન ઉપર વિરાજમાન થયા.[૮] પછી ચારે બાજુ ભક્તજનોને નિહાળવા લાગ્યા, કેડ સાથે કછોટાને મજબૂત બાંધી શ્રીનારાયણ નામની ધૂન્યનો ઉચ્ચ સ્વરે ઘોષ કરી, હાથની તાલીઓ પાડવા લાગ્યા.[૯] ત્યારે સર્વે સંતો, ભક્તો તથા બહેનો પણ શ્રીહરિના નામનું સંકીર્તન કરી તાલીઓનો નાદ કરવા લાગ્યાં. તેથી એક સાથે ઉત્પન્ન થયેલો સંકીર્તન તથા લાખો તાલીઓનો ધ્વનિ ત્રિલોકમાં વ્યાપી ગયો.[૧૧] તે સમયે તાડીઓ પાડવા ઉપર ઉઠાવી રખેલા હાથથી જાણે વાયુના વેગથી ચલાયમાન ગુલાબનાં ફૂલોથી પૃથ્વી અલંકૃત થયેલી હોય તેમ શોભવા લાગી.[૧૨]

હે રાજન્ ! તાલીઓ પાડતા શ્રીહરિના હસ્તની પ્રક્રિયાને જોઇ શકવા કોઇ સમર્થ થયું નહિ.[૧૩] એ અવસરે સભામાં હજારો દીવડાઓ પ્રગટાવ્યા હતા તેથી

सहस्रशो दीपिकाश्च तत्रासन्नथ सर्वतः । दिवेव तत्प्रकाशेन ज्योत्स्नया च बभौ निशा ॥ १४
तदा विठ्ठलदासश्च कृष्णदास उभौ हरेः । तस्थतुः पार्श्वयोरुर्ध्वप्रवेष्टघृतदीपिकौ ॥ १५
कीर्तनान्ते नमन्ति स्वं यावत्ते मुनयो जनाः । तावत्स्वयं जनान्तःस्थमुपविश्य स्वमानमत् ॥ १६
विस्मितास्तस्य तद्दृष्ट्वा ह्युपवेशनलाघवम् । तं नमस्कृत्य मुनयस्तुष्टुवुस्ते निजं प्रभुम् ॥ १७

गोविन्द ! नारायण ! वासुदेव ! श्रीकृष्ण ! सङ्कर्षण ! पद्मनाभ ! ।
नरानिरुद्धेश्वर ! लोकनाथ ! हरे ! मुकुन्दाद्य ! नमो नमस्ते ॥ १८
आनन्दकन्दाच्युत ! सुन्दराङ्ग ! दयानिधे ! माधव ! मङ्गलात्मन् ! ।
विष्णो ! हृषीकेश ! परावरेश ! प्रद्युम्न ! पद्मानन ! ते नमोऽस्तु ॥ १९
विशुद्धमूर्ते ! मधुसूदनाज ! दामोदर ! श्रीधर ! सर्ववन्द्य ! ।
ब्रह्मण्यदेवाक्षर ! पूर्णकाम ! प्रभो ! विभो ! नाथ ! नमो नमस्ते ॥ २०

---

સભામાં ચારે તરફ પથરાયેલા દિવાના પ્રકાશ અને ચંદ્રમાના પ્રકાશને લીધે રાત્રી શોભવા લાગી.[૧૪] તે સમયે વિઠ્ઠલદાસ અને કૃષ્ણદાસ ઊંચા કરેલા હાથમાં મશાલો ધારણ કરીને શ્રીહરિની બન્ને પડખે ઊભા રહ્યા.[૧૫] ત્યારપછી નારાયણ નામનો ધ્વનિ સમાપ્ત કરવામાં આવ્યો ને સંતો તથા ભક્તજનોએ શ્રીહરિને નમસ્કાર કર્યા અને ભગવાન શ્રીહરિએ પણ સિંહાસન પર બેસી ભક્તજનોના અંતરમાં રહેલાં પોતાના સ્વરૂપને સભાને નમસ્કાર કર્યા.[૧૬] શ્રીહરિની શીઘ્ર બેસવાની ચતુરાઈ નિહાળી વિસ્મય પામેલાં સંતો-ભક્તજનો નમસ્કાર કર્યા પછી સ્તુતિ કરવા લાગ્યા.[૧૭]

**સંતોએ કરેલી ૧૦૮ નામની સ્તુતિ :–** હે ગોવિંદ ! હે નારાયણ ! હે વાસુદેવ ! હે શ્રીકૃષ્ણ ! હે સંકર્ષણ ! હે પદ્મનાભ ! હે નર ! હે અનિરૂદ્ધ ! હે ઈશ્વર ! હે લોકનાથ ! હે હરિ ! હે મુકુન્દ ! હે આદ્ય ! તમોને અમારા વારંવાર નમસ્કાર છે. હે આનંદકંદ ! હે અચ્યુત ! હે સુંદર અંગોને ધારણ કરનારા ! હે દયાનિધિ ! હે માધવ ! હે મંગલાત્મા ! હે વિષ્ણુ ! હે ઋષિકેશ ! હે પર તથા અવર તત્ત્વોના સ્વામી ! હે પ્રદ્યુમ્ન ! હે પદ્મનાભ ! તમને અમારા વારંવાર નમસ્કાર છે.[૧૮-૧૯] હે વિશુદ્ધ મૂર્તિ ! હે મધુસૂદન ! હે અજ ! હે દામોદર ! હે શ્રીધર ! હે સર્વવંદ્ય ! હે બ્રહ્મણ્યદેવ ! હે અક્ષર ! હે પૂર્ણકામ ! હે વિભુ ! હે પ્રભુ ! હે નાથ ! તમને અમારા વારંવાર નમસ્કાર છે.[૨૦] હે વૈકુંઠ ! હે સત્યસ્વરૂપ ! હે ઉત્તમસ્વરૂપ ! હે ભૂમન્ ! હે હિરણ્યગર્ભ ! હે ત્રિકકૃદ્ ! (વરાહ અવતાર) હે કલાના ઈશ ! હે વિશ્વસ્વરૂપ ! હે

वैकुण्ठ ! सत्योत्तम ! सत्त्व ! भूमन् ! हिरण्यगर्भ ! त्रिककुत्कलेश ! ।
विश्वोत्तमश्लोक ! विधे ! महर्षे ! प्राणेश ! विश्वेश्वर ! ते नमोऽस्तु ॥ २१
वृषाकपे ! केशव ! धर्म ! धीर ! शुचिश्रवो ! भूतपते ! परात्मन् ! ।
पुण्याङ्ग ! यज्ञेष्टद ! पुण्यकीर्ते ! सुधीर्नमस्ते ! पुरुषोत्तमाय ॥ २२
अधोक्षज ! श्रीकर ! कञ्जनेत्र ! वेदैकविद्वेदकृदव्ययात्मन् ! ।
अव्यक्त ! संश्चित्पर ! सौख्य ! हेतो ! आनन्द ! विद्याधिपते ! नमोऽस्तु ॥ २३
ज्ञेयादिदेव ! प्रियभक्त ! पूज्य ! प्रेष्ठ ! प्रजेशामरवर्य ! सर्व ! ।
ब्रह्मागुणागम्य ! सदर्चनीय ! प्रमाणहीनाधिपते ! नमोऽस्तु ॥ २४
स्वामिन्महेशामलधाम ! देव ! ज्ञानप्रदागोचर ! सद्गुणाऽऽप्त ! ।
सहस्रमूर्ते ! पुरुषाप्तकाम ! प्रकाशकाकाशवपुर्नमस्ते ॥ २५

---

ઉત્તમશ્લોક ! હે વિધિ ! હે મહર્ષિ ! હે પ્રાણના ઈશ ! હે વિશ્વેશ્વર ! તમને વારંવાર નમસ્કાર છે.[૨૧] હે વૃષાકપિ ! હે કેશવ ! હે ધર્મસ્વરૂપ ! હે ધીર ! હે પવિત્ર યશને ધારણ કરનારા ! હે ભૂતપતિ ! હે પરાત્પર ! હે પવિત્ર અંગવાળા ! હે યજ્ઞના ફળને આપનારા ! હે પવિત્ર કીર્તિને ધારણ કરનારા ! હે સુંદર બુદ્ધિવાળા ! હે પુરુષોત્તમ ! તમને અમારા વારંવાર નમસ્કાર છે.[૨૨] હે અધોક્ષજ ! હે પોતાના ભક્તજનોનું શ્રેય કરનારા ! હે સુંદર નેત્રોવાળા ! હે દેવના અર્થને જાણનારા ! હે વેદને પ્રગટ કરનારા ! હે અવિનાશી તથા અવિકારી આત્મા ! હે અવ્યક્ત ! હે સત્યસ્વરૂપ ! હે ચૈતન્ય સ્વરૂપ ! હે પરસ્વરૂપ ! હે સોખ્યસ્વરૂપ ! હે જગતના હેતુભૂત ! હે આનંદસ્વરૂપ ! હે સર્વવિદ્યાના અધિપતિ ! તમને અમારા વારંવાર નમસ્કાર છે.[૨૩]હે જ્ઞેય ! હે આદિદેવ ! હે ભક્તપ્રિય ! હે પૂજ્ય ! હે પરમ પ્રેમના આધાર ! હે પ્રજાના પતિ ! હે દેવોમાં શ્રેષ્ઠ ! હે સર્વ ! હે બ્રહ્મ ! હે અગુણ ! હે અગમ્ય ! હે સંતોના પૂજનીય સ્વરૂપ ! હે પ્રમાણ રહિત ! હે અપ્રમેય ! હે અધિપતિ ! તમને અમારા વારંવાર નમસ્કાર છે.[૨૪] હે સ્વામિન્ ! હે મહેશ ! હે અમલધામ ! હે નિર્મળધામવાળા ! હે દેવ ! હે જ્ઞાન આપનારા ! હે અગોચર ! હે સદ્‌ગુણવાળા ! હે સર્વનું હિત કરનારા ! હે સહસ્રમૂર્તિ ! હે પુરુષ ! હે ભક્તજનોની ઈચ્છા પૂર્ણ કરનારા ! હે પ્રકાશક ! હે આકાશ જેવા નિર્લેપ શરીરવાળા ! તમને અમારા વારંવાર નમસ્કાર છે.[૨૫] હે સ્વતંત્ર ! હે માયાના અધિપતિ ! હે સર્વશક્તિમાન્ ! તમે અમારા ઉપર સદાય પ્રસન્ન રહો અને અમારૂં રક્ષણ કરો. એક તમે જ સર્વપ્રકારે આશ્રય કરવા યોગ્ય છો. આવા સર્વશાસ્ત્રમાં પ્રસિદ્ધ ગુણવાળા હે ભગવાન ! તમને અમે વારંવાર નમસ્કાર કરીએ

स्वतन्त्र ! मायाधिप ! सर्वशक्ते ! सदा प्रसन्नो भव पाहि चास्मान् ।
त्वमेव सर्वाश्रयणीय एकस्तस्मै मुहुस्ते भगवन्नमोऽस्तु ॥ २६
ततश्च प्रार्थयामासुः सर्वे भक्तजनाः प्रभुम् । बद्धाञ्जलिपुटा भक्त्या तन्मुखार्पितदृष्टयः ॥ २७
अस्माकं स्खलने क्षुते च पतने व्याधौ तथा जृम्भणे । मूर्च्छायां
मरणेऽपि वा विवशतां सम्प्राप्स्यतां नित्यदा ॥
त्वन्नामान्यखिलाघदुःखनिचयध्वंसातिशौर्याणि वै ।
वाचायां विलसन्तु निश्चलतया भक्तप्रिय ! श्रीहरे ! ॥ २८
मा देहगेहद्रविणेषु बुद्धिर्व्रजेद्भवत्पादयुगं विहाय ।
अस्माकमित्येव हरेऽभियाचितं सम्पूरयाधीश ! भव प्रसन्नः ॥ २९
इति सम्प्रार्थ्य ते सर्वे भक्तास्तद्गतमानसाः । निषेदुश्च यथास्थानं तं प्रणम्येश्वरं पुनः ॥ ३०
उपविष्टेषु सर्वेषु सर्वेषां हितकृत्प्रभुः । किञ्चिद्विवक्षुस्तांस्तूष्णीमकरोत्करसंज्ञया ॥ ३१

---

છીએ. આ પ્રમાણે એકસો ને આઠ નામથી સંતોએ સ્તુતિ કરી.[૨૬]

**સ્તુતિ પછી કરેલી પ્રાર્થના :–** ત્યારપછી સર્વે સંતો તથા ભક્તજનો બન્ને હાથ જોડી શ્રીહરિના મુખકમળ સામે જ એક દૃષ્ટિ રાખી શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા, હે ભક્તપ્રિય ! હે હરિ ! અમે ચાલતાં ક્યાંક પડીએ, અમને છીંક આવે, ઉપરથી નીચે પડીએ, કોઈ તાવ આદિની પીડા થાય, બગાસું આવે, મૂર્છાવસ્થા આવે, અમારૂં મૃત્યું થાય, અમે પરતંત્ર હોઈએ અથવા શરીરે પરતંત્ર થઈએ, આવા સમયે અમારી વાણીમાં સમગ્ર પાપને વિનાશ કરવામાં સમર્થ તમારૂં નામ સર્વદા વિલસતું રહે.[૨૭-૨૮] હે હરિ ! તમારા ચરણકમળનો ત્યાગ કરી અમારી બુદ્ધિ, દેહ, ઘર તથા દ્રવ્યમાં ક્યારેય આસક્ત ન થાઓ, હે પ્રભુ ! અમારી આ પ્રાર્થના તમે પૂર્ણ કરી અને અમારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૯]

હે રાજન્ ! આ પ્રમાણે સર્વે સંતો તથા ભક્તજનોએ પ્રાર્થના કરી, શ્રીહરિના સ્વરૂપમાં મન સ્થિર કર્યું, પછી શ્રીહરિને નમસ્કાર કરી યોગ્ય સ્થાને બેસી ગયા, પછી ભગવાન શ્રીહરિએ કંઈક કહેવાની ઈચ્છાથી સર્વને પોતાના હાથની સંજ્ઞા વડે મૌન કર્યા. પછી સભા પ્રત્યે મેઘની સમાન ગંભીર વાણીથી કહેવા લાગ્યા.[૩૦-૩૨]

**જાગરણ કરવાની આજ્ઞા :–** શ્રીનારાયણમુનિ કહે છે, હે મારા આશ્રિત સંતો ! ભક્તો ! તથા બહેનો ! તમે સર્વે હું જે કાંઈ કહું છું. તેને એકાગ્ર મનથી સાંભળો.[૩૩] એકાદશી આદિક કોઈ પણ વ્રત જાગરણ કરવાથી જ સંપૂર્ણ

तूष्णीं तेषूपविष्टेषु स्वास्यैककृतदृष्टिषु । मेघगम्भीरया वाचा प्रोवाच भगवानिदम् ॥ ३२

**श्रीनारायणमुनिरुवाच-**

शृण्वन्तु मामकाः सर्वे मुनयश्च नराः स्त्रियः । अव्यग्रमनसो भक्ता ! वाच्यमानं मया वचः ॥ ३३
व्रतं जागरणेनैव सम्पूर्णफलदं भवेत् । अतोऽद्य जागरः कार्यः श्रीकृष्णगुणकीर्तनैः ॥ ३४
इत्युक्त्वा गापयामास कृष्णपद्यानि भूरिशः । संस्कृतानि प्राकृतानि मुक्तानन्दादिभिश्च सः ॥ ३५
तालिकावादनं कुर्वन्नुच्चैस्तैरपि कारयन् । स्वयं च तैः सह जगौ भक्तसङ्घमनोहरः ॥ ३६

आनन्दयन्भक्तजनान्स इत्थं तान्कारयञ्जागरणं नरेश! ।
शुश्राव दीर्घं कृकवाकुशब्दं निशोऽन्तिमे याम ऋषिः पुराणः ॥ ३७
आज्ञाप्य सर्वान् समुनीञ्जनांस्तांस्ततो विधातुं स च नित्यकर्म ।
नमस्कृतस्तैः पटमण्डपं स्वं समेत्य कर्माण्यकृतात्मनः षट् ॥ ३८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे सायन्तनविधिनिरूपणनामा पञ्चपञ्चाशत्तमोऽध्यायः॥५५॥*

---

ફળને આપનારું થાય છે. તેથી આજે આપણે સૌ શ્રીકૃષ્ણ ભગવાનનું નામ સંકીર્તન કરીને જાગરણ કરીએ.[૩૪] આ પ્રમાણે કહીને સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં રચેલાં શ્રીકૃષ્ણનાં પદોનું મુક્તાનંદ સ્વામી વગેરે સંતો પાસે ગાન કરાવવા લાગ્યા.[૩૫] ત્યારે ભક્તજનોનું મન પોતાને વિષે હરનારા સ્વયં શ્રીહરિ પણ ઉચ્ચ સ્વરે તાલી બજાવવા લાગ્યા ને સંતો ભક્તોને ઉચ્ચ સ્વરે તાલી બજાવી ગાવવાની પ્રેરણા કરી ને સંતોની સાથે ગાવા લાગ્યા.[૩૬]

હે રાજન્ ! આ પ્રમાણે પુરાણપુરુષ અનાદિ સિદ્ધ સ્વરૂપ શ્રીહરિ જાગરણ કરી રહ્યા હતા તેવામાં રાત્રીનો અંતિમ પ્રહર થયો. ને ઉચ્ચસ્વરે કૂકડાઓના બોલવાનો અવાજ સંભળાવા લાગ્યો.[૩૭] તેથી શ્રીહરિએ મુનિ સહિત ભક્તજનોને સ્નાનાદિ નિત્ય કર્મ કરવાની આજ્ઞા આપી. ત્યારે સૌએ શ્રીહરિને નમસ્કાર કર્યા. અને સ્વયં શ્રીહરિ પોતાના પટમંડપમાં પધાર્યા ને સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ અને દેવપૂજન, આદિ ષટ્કર્મ કર્યાં.[૩૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીયપ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે સંધ્યાવિધિ, સંતોભક્તોની સ્તુતિ પ્રાર્થના અને એકાદશી જાગરણનું નિરૂપણ કર્યું, એ નામે પંચાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૫--***

अथ षट्पञ्चाशत्तमोऽध्यायः - ५६

सुव्रत उवाच-

श्रीकृष्णस्याथ विधिवत्स कृत्वोत्तरपूजनम् । हैमीं मूर्तिं द्विजेन्द्राय प्रददौ धरणीपते ! ॥ १
ब्राह्मणान्भोजयामास शतशश्च सहस्रशः । यथेष्टघृतखण्डाढ्यैर्भक्ष्यैर्भोज्यैश्च तत्प्रियैः ॥ २
भोजयित्वा मुनीन्सम्यक् पार्षदादींश्च पूर्ववत् । पाकं कर्तुं समारेभे स्वावासे च स्वयं हरिः ॥ ३
रामप्रतापेच्छारामौ सभार्यौ च तदैत्य तम् । प्रार्थयामासतू राजन्बहुधा विनयानतौ ॥ ४
एतावत्कालपर्यन्तं त्वया पाकः स्वयं कृतः । स्वज्ञातिविप्रस्याभावाद्युक्तं तत्तव धर्मिणः ॥ ५
साम्प्रतं तु वयं सर्वे त्वामेव शरणं गताः । त्वदन्तिके च स्थास्यामो यावज्जीवं सहान्वयाः ॥ ६
अतोऽस्माभिः कृतं पाकमुपयोक्तुं त्वमर्हसि । कृतार्था हि भविष्याम एतावत्यैव सेवया ॥ ७

सुव्रत उवाच-

इति सोदरयोर्वाक्यं स निशम्य कृपानिधिः । तयोर्निष्कपटं भावं विदन्स्वस्मिन्नुवाच तौ ॥ ८

---

## અધ્યાય - ૫૬

## ભગવાન શ્રીહરિએ બન્ને ભાઇઓને ઘેર પ્રતિદિન એકવાર ભોજન કરવાની હા પાડી.

સુવ્રતમુનિ કહેછે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિએ સર્વતોભદ્રમંડળમાં સ્થાપન કરેલા શ્રીકૃષ્ણ ભગવાનનું ઉત્તર પૂજન કર્યું. અને તે સુવર્ણની મૂર્તિનું ઉત્તમ એવા શિવયાજ્ઞિક વિપ્રને અર્પણ કરી અને સેંકડો ને હજારો બ્રાહ્મણોને રાજી કરવા ઘી સાકરનાં ભક્ષ્યાદિ ભોજન કરાવ્યાં. અને સંતોને પણ દશમની રાત્રીની જેમ સુખપૂર્વક જમાડ્યા, પછી સ્વયં શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને રસોઇ કરવાનો પ્રારંભ કર્યો.[૧-૩]

તે સમયે રામપ્રતાપભાઇ અને ઇચ્છારામભાઇ પોતાની પત્નીઓ (સુવાસિની અને વરીયાળીની) સાથે શ્રીહરિની સમીપે આવ્યા, અને વિનયપૂર્વક બહુ પ્રકારે પ્રાર્થના કરી કહેવા લાગ્યા કે, હે નીલકંઠવર્ણી ! અત્યાર સુધી તો અમારી સમીપનો અભાવ હોવાથી સ્વયં રસોઇ તૈયાર કરતા, એ ધર્મનિષ્ઠ એવા તમારા માટે યોગ્ય જ હતું.[૪-૫] પરંતુ અત્યારે તો પરિવારે સહિત અમે સર્વે તમારે શરણે આવેલા છીએ. અને જીવનપર્યંત તમારી સમીપે રહેશું.[૬] તેથી અમે કરેલી રસોઇ તમે જમવા પધારો. તમારી સેવાથી અમે કૃતાર્થ થઇશું, બીજા તપ આદિના અનુષ્ઠાનથી તમને રાજી કરે છે. તેમ અમારૂં આ તમને રાજી કરવાનું તપ જાણશું.[૭]

एवमेवाचरिष्यामि मान्यत्वाद्युवयोरपि । निर्दम्भं मयि भावं वां जाने सपरिवारयोः ॥ ९
एकैकस्मिन् दिने भोक्ष्य एकैकस्य गृहे हि वाम् । विधाय कृष्णनैवेद्यमाह्वातव्योऽहमन्वहम् ॥ १०
आमान्नादि मदर्थं च दद्युर्भक्तजनास्तु यत् । भवद्भ्यां तद्ग्रहीतव्यं पाकः कार्यो विशोध्य तत् ॥ ११
इत्युक्तौ तौ च तद्भार्ये आस्तां सुप्रीतमानसौ । प्रसन्नाश्चाभवन्सर्वे भक्ता अपि तदा नृप ! ॥ १२
रामप्रतापस्यावासे तस्मिन्नेव दिने ततः । पाकः कृतः सुवासिन्या पारणां तत्र सोऽकरोत् ॥ १३
ततः सर्वदर्शनं दातुं सर्वेभ्यो नृभ्य आत्मनः । पीठमुच्चमुपेत्याशु न्यषीदत्तत्र नाडिके ॥ १४
कृताह्निकानां यूथानि नृणां तद्दर्शनाय च । आजग्मुर्दर्शनं कृत्वा जग्मुश्च कतिचित्ततः ॥ १५
ब्रह्मचर्यव्रतस्थत्वाद्दिवानिद्रामनाचरन् । ततः स जनविश्रान्त्यै प्राविशद्दूष्यमात्मनः ॥ १६
तत्रापि सोमसूराद्यैः पार्षदैर्वर्णिभिश्च सः । मुकुन्दाद्यैः सेविताङ्घ्रिर्निषसादासने शुभे ॥ १७
ततोऽपराह्णसमये पीठमुच्चमुपेत्य सः । निषसाद वृतः स्वीयैः पार्षदादिभिरीश्वरः ॥ १८

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે બન્ને ભાઈઓનાં વચનો સાંભળી કૃપાનિધિ ભગવાન શ્રીહરિએ પોતાને વિષે બન્ને ભાઈઓનો નિષ્કપટ ભાવ જોયો, તેથી તેમના પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભાઈઓ ! મારે શરણે રહેલા તમે સન્માન કરવા યોગ્ય છો. તમે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે હું કરીશ. પરિવારે સહિત તમને મારે વિષે નિષ્કપટભાવ વર્તે છે. તે હું જાણું છું.[૮-૯] તમારા બન્નેને મધ્યે એકને ઘેર એક દિવસ ભોજન સ્વીકારીશ. તેથી પ્રતિદિન શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય ધરીને મને ભોજન માટે આમંત્રણ આપવા આવવું.[૧૦] અને હરિભક્તો મારા માટે જે કાંઈ કાચું સીધું અર્પણ કરે, તેને તમારે સ્વીકારવું અને તેને શુદ્ધ કરી રસોઈ તૈયાર કરવી.[૧૧] આપ્રમાણે શ્રીહરિનું વચન સાંભળી પત્નીએ સહિત બન્ને ભાઈઓ પ્રસન્ન થયા અને ભક્તજનો પણ અતિશય પ્રસન્ન થયા. પછી તે જ બારસના દિવસે રામપ્રતાપભાઈના નિવાસે સુવાસિની ભાભીએ રસોઈ તૈયાર કરી શ્રીહરિને પારણાં કરાવ્યાં.[૧૨-૧૩] પછી શ્રીહરિ સર્વ ભક્તોને પોતાનું દર્શન આપવા માટે ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. તેવામાં આહ્નિક વિધિ પૂર્ણ કરી કેટલાક મનુષ્યોના સમૂહો પોતાનાં દર્શન કરવા આવતા હતા અને જતા હતા.[૧૪-૧૫] ભગવાન શ્રીહરિ બ્રહ્મચારીના ધર્મમાં રહેતા હોવાથી લોકોના શિક્ષણને માટે પોતે દિવસની નિદ્રાનો સ્વીકાર કર્યો નહીં, પરંતુ મનુષ્યોની વિશ્રાંતિને માટે પોતાનાં કપડાનાં તંબુમાં પધાર્યા.[૧૬]

ત્યાં આસન ઉપર વિરાજમાન થયા ત્યારે સોમલાખાચર, સુરાખાચર આદિ પાર્ષદો તથા મુકુન્દબ્રહ્મચારી આદિક વર્ણિઓ શ્રીહરિના ચરણકમળની સેવા કરવા લાગ્યા.[૧૭] પછી બપોર નમતે શ્રીહરિ પાર્ષદોની સાથે ઊંચા સિંહાસન

मुनयश्च जनाः सर्वे तावत्तत्रैत्य सत्वरम् । स्त्रियश्च गायकाद्याश्च यथोचितमुपाविशन् ॥ १९
परितो वीक्षणेनैव भक्तान्सन्तोष्य तान्स्थितम् । प्रभुं प्रणम्य पप्रच्छुः कुबेराद्याः पुरौकसः ॥ २०
दोलोत्सवस्तिथौ कस्यां नरनारायणप्रभोः । कर्तव्य इह तद्ब्रूहि सम्भारान्कारयाम भोः ! ॥ २१

**श्रीनारायणमुनिरुवाच–**

फाल्गुन्यां फाल्गुने मासि नक्षत्रेऽर्यमदैवते । नरनारायणस्याऽऽसीज्जन्म स्वायंभुवान्तरे ॥ २२
तदैव दिव्यदोलायामारोप्य विबुधाधिपैः । आन्दोलितोऽस्ति भगवान्प्रथितोऽसौ ततो महः ॥ २३
भगवज्जन्म यत्र स्याच्छैशवादिक्रमेण तु । प्राधान्यं तत्र हि तिथेरन्यत्रर्क्षस्य निश्चितम् ॥ २४
अस्माकं पूज्यदेवोऽस्ति नरनारायणः प्रभुः । स षोडशाब्दिको धर्मान्मूर्तौ जातो हि वर्णिराट् ॥ २५
नक्षत्रव्रतमेवैतदार्यम्णर्क्षे ततोऽखिलैः । सूर्योदयस्पृशि जनैः कार्यमस्मन्मताश्रितैः ॥ २६

---

પર આવીને પુનઃ વિરાજમાન થયા, ત્યારે સંતો-ભક્તો તથા ગાયકવૃંદ અને સ્ત્રીઓ જલ્દીથી સભામાં આવી યથાયોગ્ય સ્થાને બેઠા.[૧૮-૧૯] સભાની ચારે તરફ પોતાની કૃપાદૃષ્ટિના અવલોકનથી સભામાં બેઠેલા સર્વે ભક્તજનોને સંતોષ પમાડીને સિંહાસન પર વિરાજમાન થયેલા શ્રીહરિને પ્રણામ કરીને કુબેરજી વગેરે પુરવાસી ભક્તજનો પૂછવા લાગ્યા કે, હે શ્રીહરિ ! શ્રીનરનારાયણ ભગવાનનો ફૂલડોલોત્સવ આપણે અહીં ક્યારે ઉજવવાનો છે ? એ અમને જણાવો. જેથી તે ઉત્સવને ઉચિત સામગ્રી અમે ભેળી કરવા લાગીએ.[૨૦-૨૧]

**ફૂલદોલોત્સવ શા માટે ? :–** ભગવાન શ્રી નારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! સ્વયંભૂ મન્વન્તરમાં ફાગણમાસની પૂર્ણિમાની તિથિએ અર્યમા દેવતા સંબંધી ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ભગવાન શ્રીનરનારાયણનો પ્રાદુર્ભાવ થયેલો છે.[૨૨] તેમના જન્મસમયે જ બ્રહ્માદિ દેવતાઓએ તેમને દિવ્ય ફૂલોના હિંડોળામાં પધરાવી ઝુલાવેલા તે દિવસથી આરંભીને આ ફૂલડોલોત્સવ પૃથ્વીપર વિખ્યાત થયો છે.[૨૩] જે દિવસે ભગવાનનો પ્રાદુર્ભાવ બાળક આદિકના ક્રમથી થયો હોય તે દિવસે જન્મોત્સવમાં તિથિનું પ્રધાનપણું ગ્રહણ કરવું. અને બીજી રીતે એકાએક કિશોર સ્વરૂપે પ્રાદુર્ભાવ પામ્યા હોય તો નક્ષત્રનું પ્રધાનપણું ગ્રહણ કરવું.[૨૪]

હે ભક્તજનો ! શ્રીનરનારાયણ ભગવાન આપણા પૂજ્યદેવ છે. તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ છે. ભગવાન સાક્ષાત્ સોળવર્ષની કિશોર અવસ્થાએ ધર્મદેવ થકી મૂર્તિદેવીને વિષે પ્રગટ થયા છે. એવું શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.[૨૫] તેથી આ નક્ષત્ર-પ્રધાન વ્રત છે. તે વ્રતમાં સૂર્યોદય સ્પર્શી ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર જે દિવસે હોય તે જ

सुव्रत उवाच-

इत्युक्त्वा तान्स भगवानपृच्छत्पुरतः स्थितम् । तदृक्षं मयरामाख्यं ज्योतिःशास्त्रविदं द्विजम् ॥ २७
निष्कास्य वेष्टनात्सद्यस्तिथिपत्रं विलोक्य सः । ऊचे कृष्णप्रतिपदि तदृक्षं भवतीति तम् ॥ २८
अथाह भगवान् पौरान् महः प्रतिपदि प्रभोः । कर्तव्य इति ते जग्मुस्तदुद्योगपराः पुरम् ॥ २९
सत्सङ्गिनोऽन्यदेशीयास्तावदेत्य सहस्रशः । नत्वा तं प्रार्थयामासुर्भोजनार्थं पृथक् पृथक् ॥ ३०
ममावासेऽखिलैः साकं मुनिभिः पार्षदैर्द्विजैः । आगन्तव्यं भोजनार्थं श्वः परश्वोऽथवा त्वया ॥ ३१
इत्थं पृथक्पृथक्सर्वाञ्जनान्प्रार्थयतः प्रभुः । विलोक्य प्रहसन्नाह श्रूयतां मद्वचो जनाः ! ॥ ३२
भक्त्यैव खलु युष्माकं प्रीतोऽस्मि मुनिभिः सहः । पृथक् पृथग्भोजनार्थं कर्तव्यो नाऽऽग्रहस्ततः । ३३
एकैकस्मिन्दिने भक्ता ! एकैकस्य गृहे पृथक् । अपि वर्षशतेनैतत्कथं पूर्येत भोजनम् ॥ ३४

---

દિવસે મારા આશ્રિત સર્વે ભક્તજનોએ ફૂલદોલોત્સવ ઉજવવો.[૨૬] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કુબેરજી આદિ ભક્તજનોને કહીને ભગવાન શ્રીહરિએ પોતાની આગળ જ બેઠેલા જ્યોતિષજ્ઞ મયારામ વિપ્રને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ક્યારે છે ? એમ પૂછ્યું.[૨૭] ત્યારે વિપ્ર તે જ ક્ષણે પોતાની પાઘમાંથી પંચાગપત્ર કાઢીને જોવા લાગ્યા ને આ નક્ષત્ર ફાગણવદ પડવાને દિવસે છે. એમ શ્રીહરિને કહ્યું.[૨૮] તે સાંભળી શ્રીહરિ કુબેરજી વગેરે ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા કે, શ્રીનરનારાયણ ભગવાનનો પ્રાગટ્ય મહોત્સવ પડવાને દિવસે ઉજવવાનો છે. આ પ્રમાણે શ્રીહરિની વાત સાંભળી કુબેર આદિ ભક્તજનો સામગ્રી ભેળી કરવા વડતાલપુરમાં ગયા.[૨૯]

હે રાજન્ ! ત્યારપછી અન્યદેશથી આવેલા હજારો સત્સંગીઓ શ્રીહરિની સમીપે પધારી, નમસ્કાર કરી, પોતાના ઉતારે ભોજન કરવા પધારવાની અલગ અલગ પ્રાર્થના કરવા લાગ્યા કે, હે પ્રભુ ! તમે સમગ્ર સંતો, પાર્ષદો તથા બ્રહ્મચારી આદિ બ્રાહ્મણોની સાથે અમારા નિવાસસ્થાને ભોજન કરવા માટે કાલ અથવા પરમ દિવસે જ્યારે સાનુકૂળ હોય ત્યારે પધારો.[૩૦-૩૧] ત્યારે શ્રીહરિ હસતાં હસતાં કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! મારૂં વચન સાંભળો. સંતોએ સહિત મારામાં તમારો ભક્તિભાવ જોઇ હું ખૂબજ પ્રસન્ન થયો છું. છતાં અલગ અલગ નિવાસસ્થાને ભોજન માટે બોલાવવાનો આગ્રહ ન કરશો.[૩૨-૩૩] કારણ કે, એક એક દિવસે એક એક સત્સંગીના નિવાસે જો ભોજન કરવા જઇએ તો તમો તો લાખોની સંખ્યામાં છો, તેથી સો વર્ષે પણ એ કામ પૂર્ણ થાય તેમ નથી. માટે એક એક ઘરે ભોજન

तस्मादेकैकदेशीयैः संहत्यैव पृथक् पृथक् । मुनिसन्तर्पणं कार्यमेकैकस्मिन् दिने जनाः! ॥ ३५
भक्ष्यैर्भोज्यैश्च विविधैर्लेह्यैश्चोष्यैश्च सद्रसैः । तृप्तेष्वेतेषु तृप्तोऽहमिति जानीत निश्चितम् ॥ ३६
साक्षान्मद्भोजनेच्छा चेद्युष्माकं तर्हि शोधितम् । मद्भ्रात्रावास आमान्नं भवन्तः प्रापयन्त्विह ॥ ३७
एवं कृते हि सर्वेषां सेत्स्यन्त्येव मनोरथाः । इत्युक्तास्ते जना जग्मुः स्वं स्वं स्थानं तथाऽऽचरन् ॥ ३८
ततः सायं स भगवान् नामसङ्कीर्तनं प्रभोः । चकार गापयामास तद्गुणांश्च महर्षिभिः ॥ ३९
स्वावासान् गन्तुमाज्ञाप्य पूर्वेद्युः कृतजागरान् । निजभक्तांस्ततः स्वामी जगाम स्वावमोचनम् ॥ ४०
तत्र नित्यविधिं कृत्वा धौतपादकराम्बुजः । सुखं निदद्रौ निद्रेशो ध्यायन्नेव हितं सताम् ॥ ४१
उषस्युत्थाय च पुनश्चक्रे नित्यविधिं हरिः । उत्सवोचितसम्भारांस्ततः पौरैरकारयत् ॥ ४२
चतुर्दश्यामपि प्रातः कृत्वा नित्यविधिं स्वकम् । पौरैः कृतांस्तु सम्भारान् सोऽर्थितस्तैर्ददर्श च ॥ ४३

---

કરવું શક્ય નથી.[૩૪] તેથી હે ભક્તજનો ! એક એક દેશના સત્સંગીઓ ભેળા મળીને એક એક દિવસે અલગ અલગ રસોઇ તૈયાર કરી સંતોને જમાડો.[૩૫] મધુર રસ સભર ભક્ષ્યાદિ ચાર પ્રકારનાં ભોજનોથી સંતો તૃપ્ત થશે, તો તેનાથી હું પણ તૃપ્ત થઈશ. આ વાત તમે નિશ્ચે સત્ય જાણો.[૩૬] જો તમને સાક્ષાત્ મને જ ભોજન કરાવવાની ઈચ્છા હોય તો શુદ્ધ કરેલું કાચું સીધું આ અમારા ભાઈઓના નિવાસસ્થાને અર્પણ કરજો.[૩૭] આમ કરવાથી પણ તમારા સર્વેના મનોરથો પૂર્ણ થશે. આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તે સાંભળી સર્વે સત્સંગીજનો પોતપોતાના નિવાસસ્થાને પધાર્યા ને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે પોતાના સંકલ્પો પૂર્ણ કરવા લાગ્યા.[૩૮]

હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિએ સાયંકાળે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ સંકીર્તન કર્યું તેમજ મુક્તાનંદ સ્વામી આદિ સંતો પાસે કરાવ્યું.[૩૯] એકાદશીની રાત્રીએ જાગરણ કરનારા સર્વે ભક્તજનોને બારસની રાત્રીએ પોતપોતાના ઉતારે જવાની આજ્ઞા આપી. તેથી સર્વે નમસ્કાર કરી પોતાના ઉતારે ગયા.[૪૦] ભગવાન શ્રીહરિ પણ નિવાસસ્થાને પધારીને મુખ, હસ્ત, ચરણ ધોઈ સંધ્યા ઉપાસનાનો નિત્યવિધિ પૂર્ણ કરીને, સંતોના હિતનું ચિંતવન કરતાં યોગનિદ્રાની સેવાનો અંગીકાર કર્યો.[૪૧] તેરસના પ્રાતઃકાળે નિદ્રાનો ત્યાગ કરી નિત્ય વિધિ કર્યો. તેવામાં પુરવાસી કુબેર આદિ ભક્તજનોએ ફુલદોલોત્સવને યોગ્ય સામગ્રી તૈયાર કરી.[૪૨] ચૌદશને દિવસે પ્રાતઃકાળે પોતાનો નિત્યવિધિ પૂર્ણ કરીને શ્રીહરિએ કુબેર આદિ ભક્તોની પ્રાર્થનાથી તેઓએ ભેળી કરેલી ઉત્સવની સામગ્રી નિહાળવા પધાર્યા ને ભક્તોને ઉત્સાહ વધે તે રીતે પ્રશંસા કરતા કરતા કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! મારા

लोके कुसङ्गिजनवन्मदुपाश्रयैस्तु होलादिनेषु पुरुषैर्न कदापि कार्यम् ।
गुह्याङ्गशब्दभषणं च खरावरोह इत्यात्मसंश्रितजनान्स तदाऽन्वशाच्च ॥ ४४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे दोलोत्सवनिर्णयनिरूपणनामा षट्पञ्चाशत्तमोऽध्यायः ॥५६॥*

---

**अथ सप्तपञ्चाशत्तमोऽध्यायः**

**सुव्रत उवाच-**

अथापरेद्युः कृतनित्यकर्मा पीठं स्वमुच्चं स उपेत्य राजन् ! ।
अध्यारुरोहाखिलभक्तसङ्घैस्तोष्टूयमानो विनयावनम्रैः ॥ १
पौराङ्गनाः पूजयितुं तमीयुः सहस्रशस्तावदुदारभावाः ।
गृहीतसच्चन्दनपुष्पपात्राः पुंसोऽस्पृशन्त्यो नतगात्रवल्ल्यः ॥ २

---

**આશ્રિતોએ લોકમાં કુસંગીઓની જેમ હોળીના દિવસે સ્ત્રી, પુરુષોના ગુહ્ય અંગોના વ્યંજક અપશબ્દોનું ઉચ્ચારણ કરી, કૂતરાં જેવું આચરણ કરવું નહિ. અને ક્યારેય પણ ગધેડાંની સવારી કરવી નહિ. આ પ્રમાણે શ્રીહરિએ ભક્તજનોને હોળી સંબંધી ઉપદેશ કર્યો.[૪૪]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફુલદોલોત્સવ પ્રસંગે ઉત્સવના મુહૂર્તના નિર્ણયનું નિરૂપણ કર્યું, એ નામે છપ્પનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૬--***

---

## અધ્યાય - ૫૭

## શ્રીહરિએ ફુલડોલમાં બિરાજેલા શ્રીનરનારાયણ ભગવાનનું પૂજન કરી આરતી કરી.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પૂર્ણિમાને દિવસે નિત્યકર્મ થકી પરવારીને ભગવાન શ્રીહરિ ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા, ત્યારે વિનયથી નમ્ર વર્તતા સમગ્ર ભક્તજનોએ શ્રીહરિની સ્તુતિ કરી.[૧] તેવામાં ઉદાર ભાવનાવાળી મહાભક્તિવાળી વડતાલપુરની હજારો સ્ત્રીઓ ભગવાન શ્રીહરિની પૂજા કરવા**

विज्ञाय तासां दृढभावमीश आज्ञापयामास निजार्चनाय ।
तदैव ता हर्षभृतान्तरङ्गाः प्रेम्णा तमात्माधिपतिं पुपूजुः ॥ ३
सुगन्धिना केसरचन्दनेन काश्मीरमिश्रेण सदक्षतैश्च ।
विचित्रवर्णोत्तमपुष्पहारैर्वस्त्रैः पुपूजुश्च विभूषणैस्तम् ॥ ४
सुस्वादुनानाफलपूरितानि निधाय पात्राणि तदन्तिके ताः ।
प्रेमाश्रुरुद्धेक्षणवृत्तयस्तं प्रणम्य जग्मुः शनकैश्च दूरम् ॥ ५
गता तिथिः पञ्चदशी तु नारीसम्पूजनस्वीकरणादिनैव ।
निद्राय किञ्चिन्निशि सार्धयामे शेषे जजागार स जागरूकः ॥ ६
उत्थाप्य तर्ह्येव मुकुन्दमुख्यान्स्वसेवकाञ्श्रीबदरीश्वरस्य ।
पूजां विधातुं महतीमशेषान्संसाधयामास महोपहारान् ॥ ७
स्नात्वा विधिं नैत्यकमाशु कृत्वा विप्रान्समाहूय विधिप्रवीणान् ।
नारायणस्याथ नरस्य मूर्तिं हैमीं समानर्च च पूर्ववत्सः ॥ ८

**આવી. સ્વાભાવિક લજ્જાથી તેનાં અવયવો નમ્ર જણાતાં હતાં અને હાથમાં ચંદન, પુષ્પ વગેરેનાં પાત્રો ધારણ કર્યાં હતાં.[૨] હજારો સ્ત્રીઓના અંતરનો શ્રીહરિએ ભક્તિભાવ જોયો તેથી પોતાની પૂજા કરવાની તેઓને આજ્ઞા આપી. તેથી સૌનાં અંતર આનંદથી ઊભરાવા લાગ્યાં અને પોતાના પ્રાણનાથ શ્રીહરિની પ્રેમેયુક્ત થઈ પૂજા કરવા લાગી.[૩] તેમાં કાશ્મીરી કુંકુમ મિશ્ર કરેલાં સુગંધીમાન ચંદન, ચોખા, અનેક પ્રકારનાં પુષ્પોના હારો, વસ્ત્રો તથા આભૂષણોથી ભગવાન શ્રીહરિની પૂજા કરી.[૪] ચરણોમાં અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ફળોથી ભરેલાં પાત્રો સમર્પિત કર્યાં. પ્રેમનાં અશ્રુ વહેવડાવતી તે સ્ત્રીઓ શ્રીહરિને નમસ્કાર કરી ધીરે ધીરે ત્યાંથી વિદાય થતી હતી.[૫] આ રીતે ફાગણસુદ પૂનમની રાત્રી વડતાલવાસી સ્ત્રીઓનું પૂજન સ્વીકારવામાં જ વ્યતીત થઈ ગઈ. તેથી ભગવાન શ્રીહરિએ રાત્રીએ થોડીવાર જ યોગનિદ્રાનો સ્વીકાર કર્યો.[૬] દોઢ પહોર પછી નિદ્રાનો ત્યાગ કરીને, મુકુન્દ બ્રહ્મચારી આદિ પોતાની સેવામાં રહેતા પાર્ષદોને જગાડ્યા અને બદરિપતિ શ્રીનરનારાયણ ભગવાનની પૂજા કરવા માટે સામગ્રી ભેળી કરવાની આજ્ઞા કરી.[૭] સ્વયં શ્રીહરિ તત્કાળ સ્નાન કરી નિત્યવિધિ સમાપ્ત કરી, વિધિમાં પ્રવીણ બ્રાહ્મણોને બોલાવ્યા, અને શ્રીનરનારાયણ ભગવાનની સુવર્ણ પ્રતિમાનું પૂર્વની માફક પૂજન કરવા લાગ્યા.[૮] આવાહનાદિ ષોડશોપચારોથી ભક્તિભાવપૂર્વક શ્રીનરનારાયણ ભગવાનની પૂજા કરીને વંદન કર્યાં.[૯] પછી તત્કાળ તૈયાર કરાવેલા અનેક સ્તંભોથી**

उपचारैः षोडशभिरावाहनपुरस्कृतैः । नरनारायणं भक्त्या पूजयित्वाऽभ्यवन्दत ॥ ९
सद्योऽथ कारिते दिव्ये नानास्तम्भोपशोभिते । दोलामबन्धयद्धैमीं मण्डपे सुमनोहरे ॥ १०
तस्यां सुवर्णदोलायां युक्तायां मणिराजिभिः । बदरीशं स्थापयित्वा प्रणम्याभ्यर्चयत्पुनः ॥ ११
कस्तूरीकेसरोपेतं कर्पूराद्यभिमिश्रितम् । तस्मै भगवते प्रीत्या सोऽर्पयामास चन्दनम् ॥ १२
नानाविधान् पुष्पहारान्नैवेद्यं च समर्प्य सः । आन्दोलयित्वा घटिकां चक्रे नीराजनं महत् ॥ १३

हैमं पात्रं कराभ्यां विरचितकमलं मौक्तिकैः कान्तिमद्भि- ।
र्मध्ये कर्पूरदीपं स दधदभिमुखं श्रीविशालेश्वरस्य ॥
तिष्ठंस्तद्ध्याननाट्यं विदधदथ शनैर्मण्डलाकारमूर्ध्वं ।
पात्रं तद्भ्रामयन्वै निजजनहृदयान्याहरद्दोर्विलासैः ॥ १४

नीराजने भगवता क्रियमाणे तु सर्वशः । भूमौ दिवि च वाद्यानि समवाद्यन्त भूरिशः ॥ १५
देशान्तरीयाश्च तदा लोकाः सर्वे कृताह्निकाः । श्रुत्वा वाद्यध्वनिं शीघ्रं तत्राजग्मुः समुत्सुकाः ॥ १६
चन्दनानि सुगन्धीनि पुष्पाणि विविधानि च । निधाय पात्रेषु तथा पूजाद्रव्याण्यनेकशः ॥ १७

---

શોભતા દિવ્ય સુમનોહર મંડપમાં સુવર્ણનો હિંડોળો બંધાવ્યો.[૧૦] પાંચ પ્રકારના મણિઓની પંક્તિથી શોભતા સુવર્ણના હિંડોળામાં બદરિપતિ શ્રીનરનારાયણ ભગવાનને પધરાવી શ્રીહરિએ નમસ્કાર કરી ફરી પૂજન કર્યું.[૧૧] તેમાં કસ્તૂરી કેસર અને કપૂર મિશ્રિત ચંદન શ્રીનરનારાયણ ભગવાનને શ્રીહરિએ અર્પણ કર્યું.[૧૨] અને અનેક પ્રકારના પુષ્પોના હાર ધારણ કરાવ્યા. પછી મહાનૈવેદ્યમાં દૂધપાક, બોરડીનાં ફળ વગેરે અર્પણ કર્યાં. પછી એક ઘડી સુધી ઝુલાવી મહા આરતી કરવા લાગ્યા.[૧૩]

ત્યારે શ્રીહરિએ પ્રકાશમાન મોતીઓથી રચેલા કળશના મધ્યે કપૂરના દીવડાને સુવર્ણના પાત્રમાં સ્થાપન કર્યો. પછી તે દીપપાત્રને હાથમાં ધારણ કરી શ્રી વિશાલેશ્વર ભગવાન શ્રીનરનારાયણની સન્મુખ ઊભા રહી ધ્યાન ધરી રહ્યા હોય તેમ શ્રીહરિ આરતીના સુવર્ણપાત્રને ધીરે ધીરે ઊંચે નીચે ગોળાકાર ફેરવવા લાગ્યા ને પોતાના હસ્તના વિલાસથી ભક્તજનોના હૃદયને પોતાની મૂર્તિમાં આકર્ષણ ઉપજાવવા લાગ્યા. તે સમયે પૃથ્વી પર અને આકાશમાં અનેક પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં.[૧૪-૧૫] તે ધ્વનિ સાંભળી દેશાંતરવાસી ભક્તજનો પોતાનો આહ્નિકવિધિ સમાપ્ત કરી, અતિ ઉત્સાહમાં તત્કાળ દર્શન કરવા આવ્યા.[૧૬] સાથે સુગંધીમાન ચંદન, પુષ્પોના હારો આદિ અનેક પ્રકારના પૂજાનાં દ્રવ્યો પાત્રોમાં ભરીને લાવ્યા.[૧૭] અનેક પ્રકારની ભેટો પણ પાત્રોમાં ગ્રહણ કરી પોતપોતાના

उपायनानि भूरीणि गृहीत्वा च पृथक् पृथक् । स्वस्वग्रामस्थलोकाश्च संहत्यैव परस्परम् ॥ १८
नानाविधानि वाद्यानि वादयन्तोऽतिहर्षिताः । हरेर्मङ्गलगीतानि गायन्तस्ते समाययुः ॥ १९
नीराजनस्य समये सर्वे ते तत्र सङ्गताः । चक्रुर्वाद्याध्वनिं हृष्टा मुखैरपि जयध्वनिम् ॥ २०
स घोषस्तुमुलो जातो लक्षशश्च तदा नृणाम् । तालिकाध्वनिभिर्मिश्रो व्यानशे ककुभो दश ॥ २१
गृहीत्वा रूप्यपात्रेभ्यो गुलालं प्रसृतैर्भृशम् । उच्चिक्षिपुः पार्षदाद्यास्तदा दोलान्तिके स्थिताः ॥ २२
देवा ब्रह्मादयः सर्वे विस्मिताः खे तदा स्थिताः । कुर्वन्तः पुष्पवर्षाणि दुन्दुभींश्चाप्यवादयन् ॥ २३
तुष्टुवुर्मुनयः सर्वे गन्धर्वाश्च जगुर्भृशम् । नृत्यमप्सरसश्चक्रुर्देवाश्चान्ये जयध्वनिम् ॥ २४
महोत्सवे जायमाने सर्वत्रैवं स सत्पतिः । कुर्वन्नीराजनं तस्य प्रभोरित्यवदत्स्वयम् ॥ २५

जय देव ! जय मङ्गलधामन् ! २ नारायण ! पुरुषोत्तम ! २ नरसख ! सकलात्मन् !
जयदेव ! जय देव २। ध्रुवपदम्।
भास्करचारुरुचौ च प्रसरद्बहुकिरणे २ नानारत्नसमुच्चित २ मणिनिकराभरणे।
मण्डपमध्यविराजितदोलासनसारे २ वन्दे त्वां स्थितमीशं २ सुरनरपरिवारे जय देव० ॥ २६

---

ગામના લોકો ભેળા મળીને અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડતા વગાડતા અતિશય હર્ષની સાથે શ્રીહરિના મંગળ ગીતોનું ગાન કરતા ત્યાં આવ્યા.[૧૮-૧૯]

મંડપમાં વાજિંત્રના ધ્વનિ સાથે જયજયકારનો ધ્વનિ કરવા લાગ્યા. તે જયઘોષ અન્ય લાખો મનુષ્યોની તાલીના ધ્વનિ સાથે એક થઈ મહાધ્વનિરૂપ દશે દિશાઓમાં વ્યાપી ગયો.[૨૦-૨૧] તે સમયે હિંડોળાની સમીપમાં રહેલા પાર્ષદો રૂપાનાં પાત્રોમાંથી ગુલાલના મુઠાઓ ભરી ભરી ઊંચે ઉડાળવા લાગ્યા.[૨૨] તે જોઈ આકાશમાં રહેલા બ્રહ્માદિ દેવતાઓ અતિશય વિસ્મય પામી પુષ્પવૃષ્ટિ કરી દુંદુભી આદિક અનેક પ્રકારનાં વાજિંત્રોનો નાદ કરવા લાગ્યા.[૨૩] હે રાજન્ ! સર્વે સંતો ભગવાન શ્રીહરિની સ્તુતિ ગાવવા લાગ્યા અને ગાંધર્વો ગાન કરવા લાગ્યા.[૨૪] અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને સર્વે દેવતાઓ જયજયકારનો ધ્વનિ કરવા લાગ્યા. આ પ્રમાણે આરતીના સમયે સમગ્ર બ્રહ્માંડમાં મહા મહોત્સવ થવા લાગ્યો, શ્રીહરિ ભારતવર્ષના અધિષ્ઠાતા ભગવાન શ્રીનરનારાયણદેવની આરતી ઉતારતાં આ પ્રમાણે બોલવા લાગ્યા.[૨૫]

**શ્રીનરનારાયણ ભગવાનની આરતી :–** હે દેવ ! તમારો જય થાઓ, જય થાઓ. હે સકલ મંગલ વસ્તુઓના આશ્રયધામ ! હે નારાયણ ! હે પુરુષોત્તમ ! હે નરસખા ! હે સમગ્ર જીવોના અંતર્યામી આત્મા ! હે દેવ ! તમારો જય થાઓ, જય થાઓ.સૂર્ય સમાન દેદીપ્યમાન તેથીજ અનેક પ્રકારના મહામૂલ્ય

हीरकवरपरिकान्तं दधतं ह्युतिविमलं २ वन्दे त्वां मकराकृति २ कुण्डलवरयुगलम् ।
रत्नोज्ज्वलतरमुकुटं शिरसा च दधानं २ चञ्चललोचनवीक्षण २ कृतबहुसुखदानं जय देव० ॥ २७
चञ्चद्वस्त्रानिवीते विद्युद्द्युतिवलये २ केयूरे च कराभ्यां २ दधति त्वयि निलये ।
नानाहारविराजितहृदये मम चित्तं २ रमतां सुखदे नित्यं २ त्वदनुस्मृतिवित्तं जय देव० ॥ २८
नूपुरशोभितचरणं करधृतवरकमलं २ ईषद्धास्यविसर्पित २ दशनद्युतिपटलम् ।
ध्यायामि प्रभुमेकं सततं हृदयेऽहं २ त्वामिति पाहि सदा मां २ निजजनमतिगेहं जय देव० ॥ २९
सर्वेशः सकलात्मा सुरनरमुनिपाता २ स्वामी सम्मत एक २ स्त्वमतोऽखिलधाता ।
मामिति शरणायातं ह्युद्धर भवसिन्धो २ र्नारायण ! बदरीश्वर ! २ देव ! दयासिन्धो ! जय देव० ॥ ३०
इत्थं सङ्कीर्तयन्नेव कृत्वा नीराजनं हरिः । मन्त्रपुष्पाञ्जलिं दत्वा चक्रे तस्य प्रदक्षिणाम् ॥ ३१

---

**મણિઓ જડિત આભૂષણોનાં ચારે તરફ પ્રસરતાં કિરણોથી પ્રકાશમાન, તેમજ મંડપની મધ્યે સ્થાપન કરેલા ચળકતા રત્ન સિંહાસનરૂપ હિંડોળામાં સુર, નર આદિ સર્વે પરિવાર જનોની સાથે વિરાજમાન, એવા હું તમને નમસ્કાર કરૂં છું. હે દેવ ! તમારો જય થાઓ, જય થાઓ.[૨૬] હે દેવ ! તમને હું વંદન કરું છું. સુંદર જડેલા શ્રેષ્ઠ હીરાઓથી મનોહર, મકરાકૃત કુંડળને કાનમાં ધારણ કર્યાં છે, રત્નજડીત મુગટ મસ્તક ઉપર ધારણ કર્યો છે, ચંચળ નેત્રોવડે સર્વ ભક્તજનોને સુખી કર્યા છે, એવા હે દેવ ! તમારો જય થાઓ, જય થાઓ.[૨૭] સુવર્ણના સૂત્રોથી પ્રકાશમાન વસ્ત્રના દુપટ્ટાને કંઠમાં હારની પેઠે ધારણ કર્યાં છે, બન્ને હાથમાં કડાં અને બાજુબંધ ધારણ કર્યાં છે, પોતાના ભક્તજનોના મનને રમણ કરવાના સ્થાનભૂત, અનેક પ્રકારના પુષ્પોના હારથી શોભી રહેલા હૃદયકમળવાળા તથા સર્વ ભક્તજનોને સુખ આપનારા, આપના સ્વરૂપમાં મારું મન સદાય સંલગ્ન થઈ રમતું રહે. એવા હે દેવ ! તમારો જય થાઓ, જય થાઓ.[૨૮]**

**હે દેવ ! તમારાં બન્ને ચરણકમળ ઝાંઝરથી શોભી રહ્યાં છે. જમણા હસ્તમાં ઉત્તમ પદ્મ ધારણ કરેલું છે. મંદમંદ હાસ્યથી ચંદ્રમાની ચંદ્રિકા જેવી, ધવલ કાંતિ જેવી, દંતપંક્તિની શ્વેતકાંતિ ચારે તરફ પ્રસરી રહી છે, તમે અનુપમ સ્વરૂપ છો, તમે સમર્થ છો, એવા તમારા સ્વરૂપનું હું મારા હૃદયમાં સતત ધ્યાન કરું છું. તમે ઘરનો ત્યાગ કરી નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મમાં વર્તતા પોતાના સેવક એવા મારું સદાય રક્ષણ કરો છો, એવા હે દેવ ! તમારો જય થાઓ, જય થાઓ.[૨૯] હે નારાયણ ! હે બદરીશ્વર ! હે દિવ્યમૂર્તિ ! હે દયાસિન્ધુ ! તમે સર્વના અધિપતિ છો, સકલ**

प्रणामं च पुनः कृत्वा दण्डवद्भक्तिसंयुतः । बद्धाञ्जलिपुटोऽस्तौषीन्नरनारायणं प्रभुम् ॥ ३२
अथौत्सुक्येन सम्प्रार्थ्य तं प्रणम्य ततो द्विजान् । नारायणमुनिः प्रीत्या पूजयामास सर्वशः ॥ ३३
वस्त्रैराभरणै रत्नैर्गोभूस्वर्णगजादिभिः । तान्प्रीणयित्वा भगवान् पूजां तामसमापयत् ॥ ३४
न ब्राह्मणेभ्य इह तस्य किमप्यभीष्टं न ब्राह्मणेभ्य उत तस्य किमप्यदेयम् ।
तान्प्रीणयन्ननुसवं तदभीष्टदानैब्रह्मण्यदेव इति स प्रथितस्ततोऽभूत् ॥ ३५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे दोलारुढनरनारायणार्चनविधिनिरूपणनामा सप्तपञ्चाशत्तमोऽध्यायः ॥५७॥*

---

આત્માઓના આધાર છો, તમે સુર, નર, અને મુનિજનોનું રક્ષણ કરનારા છો, સર્વના પોષક એક તમે છો, તેથી સકલ ઐશ્વર્યના સ્વામી પણ એક તમે જ છો, આવો લાંબો વિચાર કરીને હું એક તમારે શરણે આવ્યો છું. મારો ભવસાગરથકી ઉદ્ધાર કરનારા એવા હે દેવ ! તમારો જય થાઓ, જય થાઓ.[૩૦]

હે રાજન્ ! આ પ્રમાણે ભક્તજનોની શિક્ષાને માટે ભક્તપણાનું નાટ્ય કરતા ભગવાન શ્રીહરિ આરતીના પદનું ગાન કરી ભગવાન શ્રીનરનારાયણ દેવની આરતી ઉતારી, મંત્ર પુષ્પાંજલી અર્પણ કરી, પ્રદક્ષિણા કરી. ફરી ભક્તિભાવથી ભરપૂર શ્રીહરિએ દંડવત્ પ્રણામ કર્યાં. ત્યારપછી બન્ને હાથ જોડી શ્રીનરનારાયણ પ્રભુની સ્તુતિ કરીને અતિશય ઉત્સાહપૂર્વક ભગવાન શ્રીહરિએ શ્રીનરનારાયણ ભગવાનની પ્રાર્થના કરી, ત્યારપછી સર્વે બ્રાહ્મણોની પ્રેમથી પૂજા કરી.[૩૧-૩૩]

પછી વસ્ત્રો, આભૂષણો, રત્નો, ગાયો, પૃથ્વી, સુવર્ણ, હાથી, ઘોડા આદિ અનેક પદાર્થોનું બ્રાહ્મણોને દાન આપી તેમને સંતોષ પમાડ્યા અને તેમની પૂજાની સમાપ્તિ કરી.[૩૪] હે રાજન્ ! આલોકમાં શ્રીહરિને બ્રાહ્મણોથી બીજી કોઈ વસ્તુ પ્રિય નથી, સર્વપ્રકારે એક બ્રાહ્મણોજ પ્રિય છે. તેમને માટે અદેય કોઈ પદાર્થ નથી. તેથી ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણોની ઈચ્છાને અનુસારે તેઓને દાન આપી ખૂબજ પ્રસન્ન કર્યા. તેથી શ્રીહરિ ''બ્રહ્મણ્ય દેવ'' એવા નામથી ખૂબજ વિખ્યાતિને પામ્યા.[૩૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે હીંડોળામાં પધરાવેલા શ્રીનરનારાયણ ભગવાનની પૂજા વિધિ અને આરતીનું નિરૂપણ કર્યું એ નામે સત્તાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૭--***

---

अथ अष्टपञ्चाशत्तमोऽध्यायः

सुव्रत उवाच-

ततो वृतः सोममुकुन्दमुख्यैः स्वभृत्यवर्गैर्निजपीठमेत्य ।
सिताम्बरोऽध्यारुहदाशुकारी स भक्तसङ्केक्षणवृत्तिहारी ॥ १
तदा जयेति ध्वनिरास भूयान्वादित्रघोषश्च महान्बभूव ।
प्रभुश्च भक्तानखिलानुपेतानतीतृपत् स्निग्धसमीक्षणेन ॥ २
तदा कुबेरः सहयौवनाश्वस्तक्षादयश्चामुमुपेत्य भक्त्या ।
महार्हवस्त्राभरणैश्च गन्धैः पौष्पैश्च हारैर्विविधैः पुपूजुः ॥ ३
आनर्चुरन्येऽपि जनास्तमीशं देशान्तरीया ननु पूर्ववच्च ।
वस्त्रैश्च नानाविधभूषणाद्यै राजोपचारैः स्तुतिभिश्च नत्वा ॥ ४
तावत्तु पौरा महतः कटाहानानिन्यिरे केसररङ्गपूर्णान् ।
भृतानि शोणैरपि गर्गरीणां रङ्गै शतानि द्रुतमाहरंश्च ॥ ५
ह्रदांश्च कुम्भैरपि कृत्रिमांस्ते त्वानीय रङ्गान् बिभराम्बभूवुः ।
तत्राऽऽहरन् जानपदास्तु सर्वे भृतान् गुलालैः पृथुकोष्टलांश्च ॥ ६

## અધ્યાય - ૫૮

### ફૂલડોલના ઉત્સવ સાથે ભગવાન શ્રીહરિએ રંગોત્સવ પણ કર્યો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીનરનારાયણ ભગવાનની પૂજા આરતી કર્યા પછી શ્વેત વસ્ત્રધારી અને સત્કાર્ય કરવાના સ્વભાવવાળા ભગવાન શ્રીહરિ પાર્ષદવર્યો એવા સોમલાખાચર તથા મુકુન્દ બ્રહ્મચારી આદિની સાથે સભામાં પધારી સિંહાસન ઉપર વિરાજમાન થયા.[૧] તે સમયે જયજયકારના ધ્વનિ સાથે વાજિંત્રોનો મોટો ઘોષ થયો અને શ્રીહરિએ અમૃતમય નજરથી સભામાં બેઠેલા સમગ્ર ભક્તજનોને ખૂબજ સંતોષ પમાડવા લાગ્યા.[૨] તે સમયે જોબનપગી, કુબેર પટેલ, તખોપગી આદિ વડતાલના ભક્તજનો શ્રીહરિની સમીપે આવ્યા ને મહા અમૂલ્ય વસ્ત્રો, આભૂષણો, પુષ્પના હારો અને ચંદનાદિથી પૂજન કર્યું.[૩] બીજા ભક્તજનો પણ આભૂષણો, ચામરાદિક રાજોપચારોથી તથા સ્તુતિ નમસ્કાર વડે મહાપૂજન કર્યું.[૪] તેવામાં કુબેર પટેલ આદિ અગ્રેસર ભક્તજનો કેસરીયા રંગથી ભરેલાં મોટાં મોટાં કઢાયાં, લાલરંગથી ભરેલી મોટી ગાગરો અને ઘડાઓ ત્યાં લાવ્યા, અને હોજમાં ઘડાઓ ઠાલવી હોજ ભરી દીધો. તે સમયે સર્વે દેશાંતરવાસી ભક્તજનો પણ ગુલાલથી ભરેલા મોટા કોથળાઓ શ્રીહરિની સમીપે લાવ્યા.[૫-૬]

सहस्रशो रङ्गविमोचनानि यन्त्राणि हर्षेण सरेचकानि ।
तत्राहरन्पौरजनाः समेतास्तेनात्मभर्त्रा सह रन्तुकामाः ॥ ७
विलोक्य तान्बद्धकटीनुपेतान्विहर्तुकामान्निजभक्तसङ्घान् ।
मनोरथं पूर्णमसौ नरेश ! तेषां निजानामचिकीर्षदाशु ॥ ८
दत्त्वा स्वभूषादि ततो द्विजेभ्यो बध्वा कटिं पीतपटेन तूर्णम् ।
जग्राह हैमं स तु रेचकं स्वे पाणौ हसन्हासितभक्तसङ्घः ॥ ९
स्त्रीणां तु वृन्दान्यतिदूरतोऽसौ विधाय सद्यः करसंज्ञयैव ।
विक्रीडितुं भक्तजनान्यथेष्टमाज्ञापयामास गृहीतरङ्गः ॥ १०
प्रवर्षयामास स रङ्गधाराः साकं गुलालप्रसृतैर्महद्भिः ।
समीपवर्तिष्वपि दूरदेशसंस्थेषु भक्तेषु समानवर्ती ॥ ११
चक्रेऽभिषेकः परितश्च तस्मिन्मुनिव्रजै रेचकमुक्तरङ्गैः ।
क्षिपद्भिराराच्च गुलालमुष्ठीन् गायद्भिरेवास्य गुणान्हसद्भिः ॥ १२
परस्परस्योपरि यूथशस्ते रङ्गं गुलालं च भृशं क्षिपन्तः ।
हरेः समीपे मुनयो जनाश्च जरद्युवार्भाश्च चिरं विजह्रुः ॥ १३

---

હે રાજન્ ! પોતાના સ્વામી એવા શ્રીહરિની સાથે રંગ રમવાની ઈચ્છાથી ભેળા થયેલા હજારો ભક્તજનો રંગ ઉડાડવાની પિચકારીઓ તથા યંત્રવિશેષ બંબાઓ ત્યાં લાવ્યા.[૭] હે રાજન્ ! કેડ સંઘાથે વસ્ત્રોના કછોટા બાંધીને આવેલા અને પોતાની સાથે રંગક્રીડા કરવા ઈચ્છતા સર્વે ભક્તજનોને જોઈ શ્રીહરિ પોતે ધારણ કરેલા સુવર્ણના અલંકારો બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરીને, તત્કાળ પીળાં વસ્ત્રથી કેડ બાંધી પોતે હસતા અને સર્વને હસાવતા થકા સુવર્ણની પિચકારી હાથમાં લીધી.[૮-૯] સૌ પ્રથમ શ્રીહરિએ બહેનોને પુરુષોથી થોડે દૂર થવાની હાથવડે સંજ્ઞા કરી, પછી ભક્તજનોને રંગ રમવાની આજ્ઞા આપી.[૧૦] સ્વયં શ્રીહરિ પણ સમીપે કે દૂર ઊભેલા સંતો તથા ભક્તજનો ઉપર ગુલાલના ખોબાઓ ઉડાડવા લાગ્યા અને પિચકારી ભરી રંગ ઉડાડવા લાગ્યા.[૧૧] તે સમયે કીર્તનો ગાઈ રહેલા મુક્તાનંદ સ્વામી આદિ સંતોએ પિચકારી અને ગુલાલના ખોબા વડે પ્રથમ શ્રીહરિ ઉપર અભિષેક કર્યો.[૧૨]

હે રાજન્ ! વૃદ્ધો, યુવાનો અને કુમાર એવા સંતો તથા ભક્તજનો પરસ્પર એક બીજા ઉપર રંગ અને ગુલાલ અતિશય ઉડાવતા શ્રીહરિની સમીપેજ યૂથમાં ઊભા રહી બહુકાળ પર્યંત રંગક્રીડા કરી.[૧૩] પછી શ્રીહરિને રાજી કરવા માટે

यूथक्रीडां विहायैव चिक्रीडुर्द्वन्द्वशस्ततः । प्रीणनार्थं भगवतो मुनयः पार्षदादयः ॥ १४
रामप्रतापेच्छारामौ निजदेशानुसारिणीम् । कुर्वन्तौ रेचकक्रीडां हासयामासतुर्हरिम् ॥ १५
मुक्तानन्देन गोपालनन्दश्चिक्रीड सन्मुनिः । ब्रह्मानन्दस्तदा नित्यनन्देन मुनिराड् नृप ! ॥ १६
सच्चिदानन्दमुनिना शतानन्दश्च मद्गुरुः । चिक्रीड भूधरानन्दः शुकानन्देन चर्षिणा ॥ १७
मुनी गुणातीतानन्द आनन्दानन्द इत्युभौ । रेमाते च दयानन्दो निष्कुलानन्द इत्युभौ ॥ १८
महानुभावानन्देन प्रेमानन्दः स्म खेलति । चैतन्यानन्दमुनिना पूर्णानन्दस्तथा मुनिः ॥ १९
रेमाते भजनानन्दः परमानन्द इत्युभौ । स्वयंप्रकाशानन्दश्च वृद्धात्मानन्द इत्यभौ ॥ २०
रेमे च राघवानन्दो ज्ञानानन्देन साधुना । रेमाते चाद्भुतानन्दः सर्वज्ञानन्द इत्युभौ ॥ २१
आत्मानन्देन भगवदानन्दोऽरंस्त तत्क्षणम् । योगानन्दशिवानन्दौ रेमाते च तथेतरे ॥ २२
मुकुन्दानन्दवर्णीन्द्रो जयानन्देन वर्णिना । सह सोमेन सूरश्च रेमे भृगुजिताऽलयः ॥ २३
हेमन्तसिंहेन समं वास्तुश्चिक्रीड भूपतिः । साकं च मयरामेण क्रीडां चक्रे प्रयागजित् ॥ २४

---

**સંતો અને પાર્ષદો આદિ સર્વે બે બે વ્યક્તિની જોડીમાં રંગક્રીડા કરવા લાગ્યા.[૧૪] રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ પોતાના દેશની રીત પ્રમાણે રંગક્રીડા કરતા શ્રીહરિને હસાવવા લાગ્યા.[૧૫] ત્યારે મુક્તાનંદ સ્વામીની સાથે શ્રેષ્ઠ ગુણવાળા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીની સાથે નિત્યાનંદ સ્વામી, મારા ગુરુ શતાનંદ સ્વામીની સાથે સચ્ચિદાનંદ સ્વામી રમવા લાગ્યા. ભૂધરાનંદ સ્વામીની સાથે શુકાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામીની સાથે આનંદાનંદ સ્વામી રમવા લાગ્યા. દયાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી આ બે બે સંતો પરસ્પરની જોડી થઈને રંગ રમવા લાગ્યા.[૧૫-૧૮] પ્રેમાનંદ સ્વામી મહાનુભાવાનંદ સ્વામીની સાથે રમવા લાગ્યા, પૂર્ણાનંદ સ્વામીની સાથે ચૈતન્યાનંદ સ્વામી રમવા લાગ્યા, ભજનાનંદ સ્વામી પરમાનંદ સ્વામીની સાથે રમવા લાગ્યા, સ્વયંપ્રકાશાનંદ સ્વામી વૃદ્ધાનંદ સ્વામીની સાથે રમવા લાગ્યા.[૧૯-૨૦]**

**રાઘવાનંદ સ્વામી જ્ઞાનાનંદ સ્વામી સાથે, અદ્‌ભૂતાનંદ સ્વામી સર્વજ્ઞાનંદ સ્વામી સાથે, ભગવદાનંદ સ્વામી આત્માનંદ સ્વામી સાથે, યોગાનંદ સ્વામી શિવાનંદ સ્વામી સાથે અને કૃપાનંદ સ્વામી અક્ષરાનંદ સ્વામી સાથે રમવા લાગ્યા.[૨૧-૨૨] મુકુંદાનંદ બ્રહ્મચારી જયાનંદ બ્રહ્મચારી સાથે સુરાખાચર સોમલાખાચર સાથે, અલૈયાખાચર ભગુજીની સાથે,વસ્તાખાચર હેમંતસિહની સાથે રમવા લાગ્યા. પ્રાગજી પુરાણી સાથે મયારામ ભટ્ટ રમવા લાગ્યા.[૨૩-૨૪]**

चिक्रिड यौवनाश्वश्च कुबेरेण समं तदा । द्वन्द्वीभूयैवमन्येऽपि रेमिरे मुदिता जनाः ॥ २५
अजानन् रेचकक्रीडां सोमो रङ्गभृतं घटम् । सद्यो गृहीत्वा सूरस्य मूर्ध्न्यसिञ्चद्धसन्भृशम् ॥ २६
तदा सूरो बलिष्ठत्वात्पातयित्वैव तं भुवि । गुलालप्रसृतैस्तस्य मुखं नेत्रेऽभरद्धसन् ॥ २७
सूरेण पातितं सोमं ब्रह्मानन्दोऽवलोक्य च । नित्यानन्दं विसृज्यैव सूरं जग्राह तत्क्षणम् ॥ २८
रङ्गक्लिन्नं मुखं तस्य गुलालेन व्यलिम्पयत् । तावत्सूरोऽपि जग्राह तं शिखायां स्वपाणिना ॥ २९
गुलालं पुष्टमुष्ट्यैव तद्दृशोः प्रक्षिपन्भृशम् । चकार सम्भ्रान्तमिव तं मुनिं स तु भूपते ! ॥ ३०
दृग्रोधव्याकुलस्तस्य खल्वाटत्वं स विस्मृतः । पुनः पुनः शिखां धर्तुं करं चिक्षेप शीर्षणि ॥ ३१
तदा हसन् स भगवानपीठादुत्प्लत्य सत्वरम् । सूरं गृहीत्वा तन्मूर्ध्नि न्यषिञ्चद्रङ्गगर्गरीम् ॥ ३२
गुलालस्याञ्जलींस्तस्मिन्प्रक्षिप्य च पुनः पुनः । जनयामास लोकानां पद्मरागोच्चयभ्रम् ॥ ३३
अकस्मान्मयरामेण प्रक्षिप्तेनावरुद्धदृक् । गुलालेनाशु जग्राह रङ्गकुम्भं प्रयागजित् ॥ ३४
रङ्गबिन्दोः पातभयान्स्वमुखे स तु वाडवः । नतपृष्ठो हासितेशः कुम्भं दृष्ट्वाऽपलायत ॥ ३५

---

**જોબનપગી કુબેર પટેલની સાથે, આ રીતે બીજા સર્વે હરિભક્તો આનંદ પૂર્વક પરસ્પરની જોડી થઇ એક બીજાની સાથે રમવા લાગ્યા.[૨૫] રમતાં રમતાં સોમલાખાચર રંગક્રીડાને જાણતા હોય તેમ અચાનક હસતાં હસતાં રંગનો ભરેલો ઘડો સુરાખાચરના માથા પર રેડી દીધો.[૨૬] ત્યારે સુરોખાચર પણ પોતે અતિશય બળવાન હોવાને કારણે સોમલાખાચરને હેઠા પાડીને તેના મુખ અને નેત્રોમાં ગુલાલનો મુઠો ભરી દીધો.[૨૭] ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ સુરાખાચરે નીચે પાડેલા સોમલાખાચરને જોયા તેથી નિત્યાનંદ સ્વામીને છોડીને તત્કાળ સુરાખાચરને પકડી ગુલાલથી મુખ લીંપી દીધું, ત્યારે સુરાખાચરે પણ બ્રહ્માનંદ સ્વામીની ચોટલી પકડીને તેમના નેત્રોમાં ગુલાલની મોટી મુઠ્ઠી ભરીને લીંપવા લાગ્યા. તેથી બ્રહ્માનંદ સ્વામી વ્યાકુળ થઇ ગયા અને સુરાખાચરના માથામાં ટાલ પડી ગઇ છે એમ ભૂલી ગયા ને ચોટલી પકડવા મસ્તક ઉપર વારંવાર હાથ ફેરવવા લાગ્યા.[૨૮-૩૧] આ દૃશ્ય જોઇને ભગવાન શ્રીહરિ હસતા હસતા તત્કાળ સિંહાસન ઉપરથી કૂદીને નીચે ઉતર્યા ને સુરાખાચરને પકડી તેમના મસ્તક ઉપર રંગની ગાગર ઢોળીને, વારંવાર ગુલાલની મૂઠીઓ નાખવા લાગ્યા. તે જોઇ રહેલા સંતોના મનમાં પુષ્ટ શરીરવાળા સુરાખાચરને વિષે પદ્મરાગમણિનો કોઇ મોટો પર્વત હોય તેવી ભ્રાન્તિ થઇ.[૩૨-૩૩] આ બાજુ મયારામ ભટ્ટે પ્રાગજી પુરાણી ઉપર ગુલાલ ઉડાડ્યો તેથી નેત્રો રૂંધાયાં તેથી પ્રાગજી પુરાણી પણ તત્કાળ ભટ્ટ ઉપર રંગનો ઘડો ઢોળવા**

द्वन्द्वशः क्रियमाणासु क्रीडास्वित्थं स ईश्वरः । रङ्गक्लिन्नां दर्शयितुं सर्वानैच्छन्निजां तनुम् ॥ ३६
अश्वं जविनमारुह्य गीयमानगुणो जनैः । प्रदक्षिणीचकाराशु जनसङ्घानशेषतः ॥ ३७
रङ्गं गुलालं च भृशं प्रक्षिपन्तः पदेपदे । तमन्वधावन्मुनयो जनयूथानि च प्रभुम् ॥ ३८
एवं परिभ्रमन् दत्त्वा सर्वेभ्योऽपि स्वदर्शनम् । महानैवेद्यसमयं ज्ञात्वा पद्माकरं ययौ ॥ ३९
तत्र कृत्वा जलक्रीडां स्नात्वा भक्तैः सहाखिलैः । स्वस्वस्थानं जनान् गन्तुमाज्ञाप्यायात्स्वकेतनम् ॥ ४०
तत्र स्नात्वा भगवते नरनारायणाय सः । नैवेद्यमर्पयामास षट्पञ्चाशद्विधं नृप ! ॥ ४१
ततो नीराजनं कृत्वा प्रेङ्खादुत्तार्य तं पुनः । सम्पूज्य दत्त्वा विप्राय मुन्यादीन्समभोजयत् ॥ ४२
पीताम्बरं शोणपटेन बद्ध्वा दृढं स कट्यां परिवेषयंस्तान् ।
द्रुतक्रमाङ्घ्र्यम्बुज आर्षपङ्क्तिष्वानन्दयामास मुहुश्चरंस्तान् ॥ ४३
भक्ष्यैर्भोज्यैश्च लेह्यैश्च पक्वान्नैर्विविधैस्तथा । प्रचुराज्यसितामिश्रैस्तर्पयामास तान् प्रभुः ॥ ४४

---

ગ્રહણ કર્યો તે જોઈને મયારામ ભટ્ટ શ્રીહરિને હસાવતા ત્યાંથી પલાયન કરી ગયા.[૩૪-૩૫]

હેરાજન્ ! આ પ્રમાણે સંતો, પાર્ષદો અને ભક્તો સૌ પરસ્પર જોડી થઈને રંગ રમી રહ્યા હતા તે સમયે શ્રીહરિએ રંગભીની પોતાની મૂર્તિનાં દર્શન કરાવવા અતિશય વેગવંતા ઘોડા ઉપર આરુઢ થયા ને સર્વજન સમુદાયની પ્રદક્ષિણા કરવા લાગ્યા.[૩૬-૩૭] ત્યારે સર્વે ભક્તજનો શ્રીહરિનાં ગુણ ચરિત્રોનું ગાન કરવા લાગ્યા, શ્રીહરિની પાછળ પાછળ દોડતા સંતો અને ભક્તજનો અતિશય રંગ અને ગુલાલ ઉડાડવા લાગ્યા.[૩૮] હે રાજન્ ! આ પ્રમાણે ચારે તરફ પરિભ્રમણ કરી રહેલા ભગવાન શ્રીહરિએ સમસ્ત ભક્તજનોને દર્શન આપી, શ્રીનરનારાયણ ભગવાનનો મહાનૈવેદ્યનો સમય થયો છે એમ જાણી, દક્ષિણદિશામાં રહેલ ધનાતળાવે પધાર્યા.[૩૯] ત્યાં ભક્તજનોની સાથે જળક્રીડા કરીને, સર્વજનોને પોતપોતાના ઉતારે જવાની આજ્ઞા કરી. અને પોતે પણ ઉતારે પધાર્યા.[૪૦] શ્રીહરિએ ઉતારે ફરી સ્નાન કરીને શ્રીનરનારાયણ ભગવાનને છપ્પન પ્રકારનું નૈવેદ્ય અર્પણ કરી, મહાઆરતી ઉતારી, શ્રીનર-નારાયણ ભગવાનને હિંડોળેથી નીચે ઉતાર્યા અને પુનઃ પૂજન કરી, પ્રતિમા-ઓનું વિપ્રોને દાન કર્યું, પછી સંતોને ભોજન પીરસવા પધાર્યા.[૪૧-૪૨] તે સમયે લાલ વસ્ત્રને ડાબા ખભા ઉપરથી લઈ કેડ સંગાથે બાંધી, ઉતાવળી ગતિએ પાદવિન્યાસ કરતા સંતોની પંક્તિમાં વારંવાર પીરસતા આનંદ ઉપજાવવા લાગ્યા.[૪૩] ભગવાન શ્રીહરિ ખૂબજ ઘી, સાકરયુક્ત ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને

ततो भुक्त्वा स्वयं स्वामी स्वानुजावास आत्मनः । स्थानमेत्य विशश्राम मुहूर्तद्वितयं नृप ! ॥ ४५
पुनरुच्चं निजं पीठमारुरोह स सत्पतिः । सूर्यश्चास्तगिरिं प्रापद्दीपिकाश्च दिदीपिरे ॥ ४६
नामसङ्कीर्तनं कृत्वा भक्तैः साकं तदाऽऽगतैः । उपावीविशदेतांश्च हरिः स्वकरसंज्ञया ॥ ४७
आलोकयन् सदसि तान्सहसोपविष्टांस्तूष्णींस्थितान्स्ववदनाहितदृष्टिवृत्तीन् ।
भक्तव्रजानथ तदीयहितोद्यतोऽसौ राजन्नशिक्षयदनन्तगुणाढ्य इत्थम् ॥ ४८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे रङ्गक्रीडानिरूपणनामाऽष्टपच्चाशत्तमोऽध्यायः ॥५८॥*

---

**ચોષ્ય એવા ચાર પ્રકારનાં પક્વાન્નો પીરસીને સંતોને ખૂબજ તૃપ્ત કર્યા.[૪૪] હે રાજન્ ! પછી ત્યાંથી પોતાના નાના ભાઈ ઈચ્છારામજીના ઘેર ભોજન કરીને ઉતારે પધાર્યા અને ચાર ઘડી પર્યંત વિશ્રામ કર્યો.[૪૫]**

**સંતોના શ્યામ ભગવાન શ્રીહરિ ઊંચા સિંહાસન ઉપર આવીને વિરાજમાન થયા. તેવામાં સૂર્ય અસ્તાચળને પામ્યો ને વિઠ્ઠલદાસ આદિ નાપિતોએ કરેલી મશાલો ઝળહળવા લાગી.[૪૬] ભગવાન શ્રીહરિ તે સમયે હાજર રહેલા ભક્તજનોની સાથે નામ સંકીર્તન કર્યું પછી પોતાના હાથની સંજ્ઞાવડે નીચે બેસવાની આજ્ઞા કરી.[૪૭] તે સમયે સર્વે ભક્તજનો તત્કાળ મૌન ધારણ કરી સભામાં બેસી ગયા ને પોતાના મુખારવિંદ સામે સ્થિર દૃષ્ટિ કરી દર્શન કરવા લાગ્યા. તેને જોઈ તેનું હિત કરવામાં તત્પર તેમજ દયા આદિ અનંત ગુણોના સ્વામી ભગવાન શ્રીહરિ સૌને શિક્ષાનાં વચનો કહેવા લાગ્યા.[૪૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે રંગક્રીડા કરી તેનું નિરૂપણ કર્યું, એ નામે અઠ્ઠાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૮--***

---

## अथ एकोनषष्टितमोऽध्यायः

श्रीनारायणमुनिरुवाच-

श्रूयतां मद्वचो भक्ताः ! सर्वेषां वच्म्यहं हितम् । नोल्लङ्घ्या क्वापि मर्यादा शास्त्रीया हि मदाश्रितैः ॥ १
पुम्भिः स्त्रीभिस्त्यागिभिश्च सर्वैरेव मदाश्रितैः । स्वस्वधर्मस्थितैर्नित्यं सङ्गः कार्यः सतां सताम् ॥ २
घोरे कलौ युगे ह्यत्र जीवान् संसृतिबन्धनात् । सद्यो मोचयितुं शक्ताः सन्त एवामलान्तराः ॥ ३
लक्षणैरेव साधुत्वासाधुत्वे सदसत्स्थितैः । विज्ञातव्ये स्वया बुद्ध्या सेव्याः सन्तस्ततः सदा ॥ ४
सदाभासा हि बहवो वञ्चयन्ति जनान्भुवि । तस्मात्तेऽपि परीक्ष्यैव दूराद्धेया मुमुक्षुभिः ॥ ५
स्त्रीद्रव्यरससंसक्तास्तदर्थं जनवञ्चकाः । बाह्यतस्त्यागिवेषा ये ते ज्ञेयाः कलिरूपिणः ॥ ६
स्त्रैणानामसतां तेषां मूढानां खण्डितात्मनाम् । योषित्क्रीडामृगाणां च सङ्गः कार्यो न कर्हिचित् ॥ ७

---

## અધ્યાય – ૫૯

### ભગવાન શ્રીહરિએ સંતો, ભક્તો અને સ્રીઓને શાસ્રોની મર્યાદા પાલન કરવાનો ઉપદેશ કર્યો.

શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! તમે સર્વે મારૂં વચન સાંભળો, હું તમારા સર્વેનું હિત થાય તેવી વાત કરું છું. તે શું ? તો મારા આશ્રિત સર્વે જનોએ ક્યારેય પણ સત્શાસ્રની મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ.[૧] ત્યાગીઓ, ગૃહસ્થ પુરુષો અને સ્રીઓએ પોતપોતાના ધર્મમર્યાદામાં રહી સત્શાસ્રોક્ત લક્ષણવાળા સંતોનો સમાગમ નિત્યે કરવો.[૨] કારણ કે, આ ઘોર કળિયુગમાં જીવોને સંસૃતિના બંધનમાંથી મુક્ત કરવામાં નિર્મળ અંતઃકરણવાળા સંતોજ સમર્થ છે.[૩] સાધુ અને અસાધુને વિષે રહેલા બન્નેનાં જુદાં જુદં લક્ષણો સત્શાસ્રને અનુસારે પોતાની બુદ્ધિથી જાણવાં, અને પછી સંતલક્ષણે યુક્ત સાધુપુરુષોનું સેવન કરવું.[૪] કારણ કે, આ પૃથ્વી પર સત્પુરુષોના વેષ માત્રથી સ્વેચ્છાચારી અનેક પુરુષો મનુષ્યોને છેતરે છે. અને અમે જ સાચા સાધુ છીએ એમ કહીને ઉપરથી સ્રી, દ્રવ્યની ખૂબજ નિંદા કરે છે, પરંતુ બીજા ન જાણે તેમ તેનો સંસર્ગ પણ રાખે છે. તેવા સાધુની પણ લક્ષણોથી પરીક્ષા કરીને, જાણ્યા પછી મુમુક્ષુઓએ દૂરથી જ તેનો ત્યાગ કરવો.[૫]

**ત્યાગ કરવા યોગ્ય અસાધુનાં લક્ષણો :–** હે ભક્તજનો ! સ્રી, ધન, અને રસાસ્વાદમાં આસક્ત વર્તતા, તેમજ તેને માટે જ મનુષ્યોને છેતરવા બાહ્ય સાધુતાના વેષને ધરી રહેલા અસાધુઓને મૂર્તિમાન કળિયુગ જાણવા.[૬] સ્રીના

स्त्रैणसङ्गाद्यथा पुंसो भवेन्मोहश्च बन्धनम् । न तथाऽन्यप्रसङ्गेन जानीतेति सुनिश्चितम् ॥ ८
ईदृशा बहवः सन्ति साधुसंज्ञाः कलौ युगे । मुमुक्षाया अङ्कुरोऽपि यत्सङ्गान्नश्यति ध्रुवम् ॥ ९
ततः प्रवृत्तिर्जीवानां निरयद्वार्षु हि त्रिषु । स्त्रीद्रव्यहिंसासंज्ञेषु जायते नात्र संशयः ॥ १०
आदौ स्वभावतो लोकाः सन्ति सक्ता हि तत्त्रिके । तादृक्साधुप्रसङ्गाच्च सज्जन्तेऽतीव तेषु ते ॥ ११
देहान्ते तादृशाः सन्तस्तच्छिष्याश्चाखिला जनाः । कुम्भीपाकेषु पच्यन्ते यावच्चन्द्रदिवाकरौ ॥ १२
एतच्छ्रीमद्भागवते कपिलोऽगायदञ्जसा । श्रीकृष्णश्चैलगीतेन स्पष्टमाह सविस्तरम् ॥ १३
तस्मान्नैवासतां सङ्गः कर्तव्यः क्वापि केनचित् । साधूनां सेवनीयानां लक्षणान्यथ वच्मि वः ॥ १४
स्त्रीसङ्गमष्टधा त्यक्त्वा ब्रह्मचर्यं दृढं श्रिताः । तथैव धनमात्रस्य संसर्गं ये त्यजन्ति च ॥ १५

---

ઉપભોગમાં લંપટ અને તેથી જ સ્ત્રીક્રીડામૃગ જેવા મૂઢ અને દેહાભિમાની એવા અસાધુ પુરુષોનો સંગ ક્યારેય પણ ન કરવો.[૭] સ્ત્રીલંપટ પુરુષના પ્રસંગથી પુરુષને જેવું બંધન અને મોહ થાય છે તેવો બીજા કોઈના પ્રસંગથી થતો નથી, તે તમે નક્કી જાણો.[૮] આવા સ્ત્રીલંપટ અસાધુના પ્રસંગથી જીવના અંતરમાંથી મુમુક્ષુતાનો અંકુર જ વિનાશ પામે છે. આવા અસાધુઓ કળિયુગમાં બહુ હોય છે.[૯]

હે ભક્તજનો ! ઉપર કહેલા અસાધુના સંગથી મુમુક્ષુતાનો અંકુર નાશ પામ્યા પછી જીવને નરકની પ્રાપ્તિ રૂપ સ્ત્રી, દ્રવ્ય અને પ્રાણિવધરૂપ હિંસા, આ ત્રણ પ્રકારના દોષમાં પ્રવૃત્તિ થાય છે, એમાં કાંઈ સંશય નથી.[૧૦] મનુષ્યો સ્વભાવિક રીતે પ્રથમથી જ આ ત્રણ દોષમાં આસક્ત હોય જ છે, તેમાં પણ જો આવા પ્રકારના અસાધુનો પ્રસંગ થાય તો વધુ આસક્ત થાય છે.[૧૧] હે ભક્તજનો ! આવા પ્રકારના સાધુના વેષમાં રહેલા અસાધુઓ અને તેના શિષ્યો દેહના અંતે જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર તપશે ત્યાં સુધી કુંભીપાક નરકમાં રંધાય છે.[૧૨] આ બાબત હું જે તમને કહી રહ્યો છું તે શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધના એકત્રીસમા અધ્યાયમાં સ્વયં કપિલ ભગવાને માતા દેવહૂતિ પ્રત્યે યથાર્થ કહી છે. તેમજ આપણા ઈષ્ટદેવ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને પણ શ્રીમદ્ ભાગવતના અગીયારમા સ્કંધના છવીસમા અધ્યાયમાં પોતાના પરમ ભક્ત ઉદ્ધવજી પ્રત્યે સ્પષ્ટપણે વિસ્તારથી કહેલી છે.[૧૩] એટલાજ માટે મારા આશ્રિત સર્વે ભક્તજનોએ ક્યારેય પણ અસાધુનો સંગ ન કરવો. હવે તમને હું મુમુક્ષુઓને સેવવા યોગ્ય સાચા સાધુનાં લક્ષણો કહું છું.[૧૪]

**સંગ કરવા યોગ્ય સાધુનાં લક્ષણ :–** હે ભક્તજનો ! જે સાધુઓ અષ્ટપ્રકારે સ્ત્રીના સંગનો ત્યાગ કરી જીવન પર્યંત દૃઢ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા

मादकं नैव यत्किञ्चिद्भक्षयन्ति कदाचन । नानाविधरसास्वादं त्यक्त्वा जिह्वा जिता तु यैः ॥ १६
मनोवाक्तनुभिर्ये च स्वपरद्रोहवर्जिताः । जितेन्द्रिया जितक्रोधा निर्वासनिकचेतसः ॥ १७
देहादिषु पदार्थेषु निःस्नेहाः कृष्णसंश्रयाः । द्यूतादिव्यसनैर्हीना ये ते सन्तो मया मताः ॥ १८
धनुर्मात्रान्तरेणैव स्त्रीभ्यो दूरे चरन्ति ये । ऋषभार्षभवन्नित्यं निर्मानास्ते हि साधवः ॥ १९
प्रमादादपि जातायां स्वकीयनियमच्युतौ । प्रायश्चित्तं यथोक्तं ये कुर्वते ते च साधवः ॥ २०
एकाकिनो न गच्छन्ति यत्र कुत्रापि ये सदा । ऋते सतां साहचर्यात्ते ज्ञेया भुवि साधवः ॥ २१
श्रीकृष्णश्रवणादीनि विनैकोऽपि क्षणः क्वचित् । येषां न वितथो याति ते सन्तो मम सम्मताः ॥ २२
समागमस्तु कर्तव्य ईदृशानां सदा जनैः । हर्याश्रितानां साधूनां भवपाशान्मुमुक्षुभिः ॥ २३
एतल्लक्षणहीनो यः स्वैरचारी भवेदिह । सत्साधुतुल्यवेषोऽपि दूराद्धेयोऽन्त्यजादिवत् ॥ २४

---

હોય, ધનમાત્રનો સંસર્ગ છોડી દીધો હોય, અર્થાત્ દ્રવ્યનો સંગ્રહ પોતે કરે નહીં અને બીજા પાસે કરાવે પણ નહીં.[૧૫] કેફ કરનારી વસ્તુનું ક્યારેય પણ સેવન કરતા ન હોય, રસના ઇંદ્રિયને જીતીને વશ કરી રસાસ્વાદનો ત્યાગ કર્યો હોય.[૧૬] જે સાધુઓ કાયા, મન, વાણીથી પોતાનો કે પારકાનો દ્રોહ ન કરતા હોય, જીતેન્દ્રિય હોય, ક્રોધ ઉપર વિજય મેળવ્યો હોય, જેનું ચિત્ત નિર્વાસનિક થયું હોય.[૧૭] જેને દેહ તથા દેહના સંબંધીમાં કે કોઈપણ પ્રકારના પદાર્થમાં સ્નેહ ન હોય, જુગાર આદિ કોઈ પ્રકારનાં વ્યસનો જેનામાં ન હોય અને પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનના આશ્રિત હોય તેને મેં સાચા સાધુઓ માનેલા છે.[૧૮] જે સાધુઓ માર્ગ પહોળો હોય તો સ્ત્રીમાત્ર થકી ચાર હાથ દૂર ચાલે, તેમજ ઋષભદેવ ભગવાનના પુત્ર જડભરતજીની જેમ સદાય નિર્માનીપણે વર્તતા હોય, તે સાચા સાધુ કહેલા છે.[૧૯] જે સાધુઓ પ્રમાદથી પણ પોતાના ધર્મનિયમમાં કોઈ ભંગ થાય તો, શાસ્ત્રોક્ત પ્રકારે પ્રાયશ્ચિત કરતા હોય.[૨૦] સાધુની જોડ વિના ક્યારેય પણ કોઈ સ્થળે એકલા જતા ન હોય, તે પૃથ્વીપર સાચા સાધુઓ માનેલા છે.[૨૧] શ્રીકૃષ્ણ ભગવાનની શ્રવણાદિક ભક્તિ વિના એક ક્ષણ પણ વ્યર્થ જવા દેતા ન હોય, તેને મેં સાચા સાધુ માનેલા છે.[૨૨] હે ભક્તજનો ! ભવપાશથી મુક્ત થવા ઇચ્છતા મુમુક્ષુ પુરુષોએ આવા પ્રકારનાં લક્ષણોથી યુક્ત સંતો હોય તેમનો જ સમાગમ કરવો.[૨૩] આ લોકમાં આવા સાધુતાનાં લક્ષણોથી રહિત હોય અને સ્વેચ્છાચારી હોય, તેનો વેષ ભલે સાચા સાધુ જેવો હોય પણ શ્વપચાદિકની જેમ ત્યાગ કરવો.[૨૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આવા પ્રકારનું ભગવાન શ્રીહરિનું વચન

सुव्रत उवाच-

श्रुत्वैतद्भगवद्वाक्यं निःश्वसन्त्योऽथ योषितः । तमेव स्वहितं प्रष्टुं प्रैरयन्स्वान्विचक्षणान् ॥ २५
तासां दृक्करसंज्ञाभिर्ज्ञातभावाश्च ते नराः । वक्तुं विचक्षणा वाक्यमेवमूचुर्हरिं नृप ! ॥ २६

जना ऊचुः-

सर्वाराध्य ! प्रभो ! स्वामिंस्त्वया सम्यक्प्रदर्शिता । सदसद्व्यक्तिरस्मभ्यं विज्ञेया या मुमुक्षुभिः ॥ २७
स्त्रीद्रव्ययोस्तु संसर्गत्यागः प्रोक्तस्त्वया सताम् । मुक्तानां च मुमुक्षूणामविशेषेण सत्पते ! ॥ २८
स्त्रीणामनुमतेनेदं तत्रास्माभिश्च पृच्छ्यते । तच्छ्रुत्वा भगवन्नद्य ब्रूहि तत्रोचितोत्तरम् ॥ २९
सन्तोऽत्र द्विविधाः सन्ति मुक्ताश्चाथ मुमुक्षवः । मुक्ताः सिद्धदशां प्राप्ताः साधकास्तु मुमुक्षवः ॥ ३०
महदेवान्तरं तेषामुभयेषां परस्परम् । वर्ततेऽतः कथं स्वामिन्साधने तुल्यता भवेत् ॥ ३१
मुमुक्षूणां भवेदेव स्त्रीप्रसङ्गो हि बन्धदः । तेषामपक्वदोषत्वाद्युक्तं तद्वर्जनं प्रभो ! ॥ ३२

---

**સાંભળી નિસાસા નાખતી સ્ત્રીભક્તજનો પોતાના હિતને માટે ભગવાન શ્રીહરિને પૂછવા, વિચક્ષણ એવા પોતાના સંબંધીજન પુરુષોને મોકલ્યા.[૨૫] હે રાજન્ ! પોતાની સંબંધી નારીઓના નેત્રોની શાન અને હાથની ચેષ્ટાથી તેઓના અભિપ્રાયને જાણી ગયેલા અને પ્રશ્ન પૂછવામાં વિચક્ષણ પુરુષો સ્ત્રીભક્તો વતી પૂછવા લાગ્યા કે, હે સર્વના આરાધ્ય ! હે પ્રભુ ! હે સ્વામિન્ ! તમે સાધુતા અને અસાધુતાના લક્ષણોનું વિવેચન અમારી આગળ સારી રીતે કર્યું. સત્-અસત્નો વિવેક મુમુક્ષુઓએ અવશ્ય જાણી રાખવો જોઈએ.[૨૬-૨૭] પરંતુ હે સંતોના સ્વામી ! તમે સ્ત્રી અને દ્રવ્યના સંસર્ગનો ત્યાગ મુક્ત સ્થિતિને પામેલા અને મુમુક્ષુ સંતો માટે એક સરખો કહ્યો, તે બાબતમાં સ્ત્રીઓની પ્રેરણાથી અમારે તમને કાંઈક પૂછવું છે, તે સાંભળી તેનો યોગ્ય ઉત્તર અમને આપવાની અત્યારે કૃપા કરજો.[૨૮-૨૯]**

**હે ભગવાન્ ! આલોકમાં મુમુક્ષુ તેમજ મુક્ત આ બે પ્રકારના સાધુ રહેલા છે. તેમાં મુક્ત સંતો સિદ્ધ દશાને પામ્યા હોય છે. જ્યારે મુમુક્ષુ સંતો સાધન દશાવાળા હોય છે.[૩૦] તે બન્ને પ્રકારના સંતમાં પરસ્પર મહાન અંતર રહેલું છે. બન્નેના નિયમમાં એક સમાનતા રાખવી કેટલી યોગ્ય છે ?[૩૧] કારણ કે, હે પ્રભુ ! મુમુક્ષુ સાધુઓને સ્ત્રીનો પ્રસંગ બંધન કર્તા થાય છે એ નિશ્ચિત વાત છે. મુમુક્ષુ સંતોને કામાદિક દોષોનો સારી રીતે નાશ થયો ન હોવાથી સ્ત્રી દ્રવ્યનો ત્યાગ કરવો એ યોગ્ય છે.[૩૨] પરંતુ આ લોકમાં જે સંતો આત્મા અને પરમાત્માના યથાર્થ જ્ઞાનવાળા હોય, તેમ જ જેણે પ્રાણ, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોને જીતીને વશ કર્યા હોય, તેમજ પોતાના શરીરમાં પણ સ્વતંત્રપણે રહેતા હોય, અર્થાત્ શરીરમાં રહેવા છતાં તેને**

ये तु सन्तो जितप्राणमनोबुद्धीन्द्रिया इह । स्वातन्त्र्येणैव देहे स्वे वर्तमाना मनीषिणः ॥ ३३
ब्रह्मस्वरूपमात्मानं सम्प्राप्यैव समाधिना । नारायणं परंब्रह्म ये च साक्षादुपासते ॥ ३४
प्रतिमेषोन्मेषमेव ये तं पश्यन्ति सर्वदा । मुक्तास्त एव सम्प्रोक्ताः सन्तःसंसारतारकाः ॥ ३५
तेषां सद्गुणगानादौ को दोषो योषितां पुरः । स्त्रियश्च पुरुषास्तेषां सन्ति हेयतया समाः ॥ ३६
मुक्तानां ब्रह्मनिष्ठानां यथेष्टाचरणं प्रभो ! । न दोषायेति कतिचिद्विद्वांसोऽपि वदन्ति हि ॥ ३७
न ब्रह्मस्थितिमाप्तानामङ्गस्पर्शोऽपि दोषकृत् । स्त्रीणां सम्भाषणे तर्हि को दोषस्तादृशां भवेत् ॥ ३८
प्रदीप्तवह्नितुल्या हि ब्रह्मनिष्ठास्तु साधवः । लभन्ते खलु तत्साम्यं येऽत्र तत्सङ्गिनो जनाः ॥ ३९
धनुर्मात्रान्तरे दूरादुपविश्य च योषिताम् । पुरः कृष्णकथाकीर्तौ तेषां दोषोऽत्र कः प्रभो ! ॥ ४०
तादृशा यदि नो कुर्युस्तद्वार्तां योषितां पुरः । अधर्माद्वापि तद्रक्षां तदा स्त्रीणां गतिस्तु का ॥ ४१

---

દેહ, ઈન્દ્રિયો, મન અને પ્રાણનું કોઈ બંધન ન હોય.[૩૩] વળી બ્રહ્મસ્વરૂપ પોતાના આત્માને સમાધિમાં લીન કરીને પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીનારાયણ એવા તમારી સાક્ષાત્ પણે ઉપાસના, ભજન, ભક્તિ કરતા હોય.[૩૪] તેમજ પ્રત્યેક મેષોન્મેષમાં નિરંતર સાક્ષાત્ નારાયણ એવા તમારૂં જ દર્શન કરતા હોય, એવા પ્રકારના જે સંતો છે, તે સંસારમાંથી તારનારા મુક્ત પુરુષો કહેલા છે.[૩૫]

હે ભગવાન્ ! આવા પ્રકારના મુક્ત સંતોને સ્ત્રીઓની આગળ બેસી તમારાં ગુણ ચરિત્રોનું ગાન કરવાદિકમાં કયો દોષ રહેલો છે ? અમને તો કોઈ દોષ જણાતો નથી, કારણ કે, તે મુક્ત સંતોને મન, સ્ત્રી અને પુરુષો બન્ને સરખા પણે ત્યાગ કરવા યોગ્ય હોય છે.[૩૬] હે પ્રભુ ! બ્રહ્મનિષ્ઠ મુક્ત સંતપુરુષોએ પોતાના સંકલ્પ અનુસાર કરેલું આચરણ દોષરૂપ થતું નથી. આ પ્રકારે કેટલાક વિદ્વાનો પણ કહે છે.[૩૭] આવા બ્રહ્મસ્થિતિને પામેલા મુક્ત સંત પુરુષોને સ્ત્રીઓના અંગ સ્પર્શથી પણ દોષ લાગતો નથી, તો પછી સ્ત્રીની સાથે બોલવામાં કયો દોષ લાગે ? કોઈ દોષ ન લાગે.[૩૮] કારણ કે, હે સ્વામિન્ ! બ્રહ્મનિષ્ઠ મુક્ત સંતો તો ઝળહળતા અગ્નિ સમાન કહેલા છે. તેથી આલોકમાં જે જનો તેવા મુક્ત સંતોનો સમાગમ કરે છે. તે જનો પણ તે સંતની સમાન જ મુક્તભાવને પામી જાય છે, તે નિશ્ચે છે.[૩૯] તો પછી હે પ્રભુ ! આલોકમાં ધનુષમાત્ર દૂર બેસી સ્ત્રીઓની આગળ ભગવાન શ્રીકૃષ્ણનાં ગુણ ચરિત્રોની કથા-કીર્તન કરવામાં તે મુક્ત સંતોને કયો દોષ લાગે ? અમારા મને તો કોઈ દોષ લાગતો નથી.[૪૦] હાં . . . જો તેવા મુક્ત સંતો સ્ત્રીઓની આગળ ભગવાનનાં ગુણ ચરિત્રોની કથા વાર્તા ન કરે, અથવા અધર્મ માર્ગથી સ્ત્રીઓની રક્ષા કરવાની પ્રવૃત્તિ ન કરે, તો સ્ત્રીઓની ગતિ શું થાય ? કઈ રીતે

मुमुक्षवः साधका ये तत्कथास्ते तु सत्पते ! । योषितां पुरतो नैव कुर्युः स्वव्रतभङ्गतः ॥ ४२
स्त्रैणा ये साधुवेषाश्च चरन्त्येकाकिनो भुवि । ते तु वार्ताः प्रकुर्वन्ति नारीणां पुरतः स्वयम् ॥ ४३
तेभ्यस्तु क्वापि ता नैव शृण्वन्ति तत्कथा अपि । जानन्त्येव यतस्तास्तान् स्त्रैणान्धूर्तानिति प्रभो ! ॥ ४४
तस्मात्स्त्रीषु कृपां कृत्वा कृष्णभक्तिविवृद्धये । मुक्तांस्तदग्रे तद्वार्तां कर्तुमाज्ञापय प्रभो ! ॥ ४५
ब्रह्मचर्यं ह्यष्टविधं यत्त्वयात्र प्रकीर्तितम् । मुक्तानां तादृशानां तदस्तु सप्तविधं हरे ! ॥ ४६

सुव्रत उवाच–

इति सम्प्रार्थितो लोकैः कल्याणायैव योषिताम् । सर्वधर्मरहस्यज्ञः प्रोवाचेति हसन् हरिः ॥ ४७

श्रीनारायणमुनिरुवाच–

शृण्वन्तु भो नराः सर्वे स्त्रियश्च मुनयस्तथा । कल्याणं स्याद्यथा स्त्रीणां तमुपायं वदामि वः ॥ ४८

---

સ્ત્રીઓનો આ સંસારમાંથી ઉદ્ધાર થાય ?.[૪૧]

હે સંતોના શ્યામ ! હે પ્રભુ ! સાધન દશાવાળા મુમુક્ષુ સંતો પોતાના વ્રતનો ભંગ થઈ જવાના ભયે સ્ત્રીઓની આગળ ભગવાનની કથા વાર્તા ન કરે એ નિયમ યોગ્ય છે.[૪૨] તેમજ જે સ્ત્રી લંપટ અને ઉપરથી માત્ર સાધુતાનો વેષ ધારણ કરનાર સાધુપુરુષો આ પૃથ્વી પર એકલા ફરે જ છે. અને સ્ત્રીઓની આગળ સ્વેચ્છાએ વાતો પણ કરે છે.[૪૩] હે પ્રભુ ! તમારાં આશ્રિત સ્ત્રી ભક્તજનો એવા સંતોના મુખે ક્યારેય પણ ભગવાનની કથા વાર્તાનું શ્રવણ કરતાં જ નથી. કારણ કે, તેઓ એકલા ફરતા સાધુઓને સ્ત્રીલંપટ તેમજ ધૂર્ત પુરુષો જાણે છે.[૪૪] હે પ્રભુ ! માટે સ્ત્રીઓ ઉપર કૃપા કરીને કૃષ્ણ એવા તમારી ભક્તિની વૃદ્ધિ થાય તે માટે સ્ત્રી આગળ કથા વાર્તા કરવાની મુક્ત સ્થિતિને પામેલા સંતોને આજ્ઞા કરો.[૪૫] હે શ્રીહરિ ! તમે જે અત્યારે સાચા સાધુનાં લક્ષણો કહ્યાં, તેમાં અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય વ્રત પાલન કરવાનું જે કહ્યું, તેમાં મુક્ત સંતોને માટે સ્ત્રીઓ આગળ બોલવાની છૂટ આપી સાત પ્રકારનું બ્રહ્મચર્યનો નિયમ કરો.[૪૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે હરિભક્તોએ સ્ત્રીઓના કલ્યાણને માટે પ્રાર્થના કરી, ત્યારે ધર્મના રહસ્યને જાણતા ભગવાન શ્રીહરિ હરિભક્તોનાં સત્શાસ્ત્ર વિરૂદ્ધ વચનો સાંભળી હસવા લાગ્યા, ને ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા.[૪૭] શ્રીનારાયણ મુનિ કહે છે, હે સંતો, ભક્તજનો, તથા બહેનો ! તમે સર્વે મારૂં વચન સાંભળો, જે પ્રકારે સ્ત્રીઓનું કલ્યાણ થાય તેવો ઉપાય હું તમને કહું છું.[૪૮] શ્રીકૃષ્ણ ભગવાનની આશ્રિત સ્ત્રીઓને માટે અત્યંત હિતકારક હોવા છતાં તે શ્રીકૃષ્ણ ભગવાનની કથા વાર્તા જેવી રીતે કુસંગી પુરુષોના મુખે

यथा कृष्णं श्रिता नार्यस्तत्कथामपि कर्हिचित् । पुंसः कुयोगिनो वक्त्रान्न शृण्वन्ति हितामपि ॥ ४९
तथैव मुक्तपुरुषमुखादपि कथा हरेः । स्वातन्त्र्येण न वै श्रव्या स्त्रीभिः क्वापि विना नरात् ॥ ५०
स्त्रीणामेव पुरो मुक्तः कुर्याच्चेत्तत्कथामपि । त्यागिधर्मच्युतः सद्यः स भवेन्नात्र संशयः ॥ ५१
तस्य स्त्रैणस्य तु मुखाच्छृणुयाद्या च तत्कथाः । सापि स्याद्भ्रश्यते धर्मात्ततो यात्यधमां गतिम् ॥ ५२
महान्तं प्राप्नुतोऽनर्थं महापातकिनौ हि तौ । अब्रवीदिति मां पूर्वं श्रीरामानन्द उद्धवः ॥ ५३
इयं वार्तैवमेवास्ति नास्ति कोऽप्यत्र संशयः । पुंसः स्त्री च पुमान्नार्या बुद्धिभ्रंशस्य कारणम् ॥ ५४
पूर्वं हि बहवो मुक्ताः पुमांसश्च स्त्रियोऽपि च । अन्योन्यस्य प्रसङ्गेन भ्रष्टा याता अधोगतिम् ॥ ५५
स्त्रीप्रसङ्गो न कर्तव्यो मुक्तेनापि कदाचन । श्रीमद्भागवतोक्तानि पद्यान्यत्र वदामि वः ॥ ५६

सङ्गं न कुर्यात्प्रमदासु जातु योगस्य पारं परमारुरुक्षुः ।
मत्सेवया प्रतिलब्धात्मलाभो वदन्ति या निरयद्वारमस्य ॥ ५७

---

ક્યારેય પણ સાંભળવી નહિ.[૪૯] તેવી જ રીતે મુક્ત પુરુષોના મુખ થકી પણ મારી આશ્રિત નારીએ અન્ય પુરુષોના સાંનિધ્ય વિના કેવળ એકલા સ્વતંત્ર પણે ક્યારેય પણ સાંભળવી નહિ.[૫૦] જે મુક્ત સાધુ છે, તે પણ જો કેવળ સ્ત્રીઓની આગળજ ભગવાનનાં ગુણ-ચરિત્રોની કથા વાર્તા કરે તો તે મુક્ત સાધુ તે જ ક્ષણે ત્યાગીના ધર્મથકી ભ્રષ્ટ થાય છે. તેમાં કોઈ સંશય નથી.[૫૧] હવે ભ્રષ્ટ થયેલા સાધુના મુખ થકી જે સ્ત્રી કથા-વાર્તા સાંભળે, તે પણ પોતાના ધર્મથકી ભ્રષ્ટ થાય છે. અને અધમગતિને પામે છે.[૫૨] આ રીતે સ્ત્રી અને મુક્ત સાધુ બન્નેને મહાપાપ લાગતું હોવાથી બન્નેને અનિવાર્ય અનર્થની પ્રાપ્તિ થાય છે. એમ ઉદ્ધવાવતાર સદ્‌ગુરૂ રામાનંદ સ્વામીએ પૂર્વે મને કહેલું છે.[૫૩]

હે ભક્તજનો ! મેં કહેલી આ વાત એમ જ છે તેમાં કોઈ સંશય નથી. કારણ કે, પુરુષોની બુદ્ધિને ભ્રષ્ટ કરનારું કોઈ કારણ હોય તો સ્ત્રી છે, અને સ્ત્રીની બુદ્ધિને ભ્રષ્ટ કરનારું કોઈ કારણ હોય તો પુરુષ છે.[૫૪] પૂર્વે ઘણા બધા મુક્ત પુરુષો અને ઘણી મુક્ત નારીઓ પણ પરસ્પરના પ્રસંગથી પોતપોતાના ધર્મથકી ભ્રષ્ટ થઈ અધોગતિને પામેલ છે.[૫૫] ગમે તેવી મુક્ત સ્થિતિને પામ્યો હોય છતાં પુરુષે સ્ત્રીનો પ્રસંગ તો ક્યારેય ન કરવો. આ સંદર્ભમાં શ્રીમદ્ ભાગવતના કેટલાક શ્લોકો તમને સંભળાવું છું.[૫૬] તૃતીય સ્કંધમાં કપિલ ભગવાનનું વચન છે કે, યોગના પરં પારને પામેલા અને ભક્તિની અતિશય સિદ્ધિને ઈચ્છતા મુમુક્ષુ પુરુષોએ, તેમજ મારી ઉપાસના કરી બ્રહ્મભાવને પામેલા મુક્ત પુરુષોએ પણ ક્યારેય સ્ત્રીઓનો પ્રસંગ ન કરવો. કારણ કે પ્રમદા બન્ને પ્રકારના પુરુષોને માટે નરક

योषिद्धिरण्याभरणाम्बरादिद्रव्येषु मायारचितेषु मूढः ।
प्रलोभितात्मा ह्युपभोगबुध्द्या पतङ्गवन्नश्यति नष्टदृष्टिः ॥ ५८
मात्रा स्वस्रा दुहित्रा वा ना विविक्तासनो भवेत् । बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ॥ ५९
तस्माज्जितस्य मनसो विश्वासेन कदाचन । मुक्तो न कुर्यात्स्त्रीसङ्गं पुंप्रसङ्गं तथाऽबला ॥ ६०
मदाज्ञापि न मन्तव्या स्त्रीप्रसङ्गो भवेद्यया । मुक्तैरपि तथा स्त्रीभिः पुंप्रसङ्गो भवेद्यया ॥ ६१
भक्ता ! भवद्भिर्यत्तूक्तं प्रदीप्तानलसन्निभाः । मुक्ताः सन्तीति तत्सङ्गस्तासां भवति मुक्तये ॥ ६२
तत्त्वाचारविरुद्धं हि सतां लोके च गर्हितम् । निन्दितं वेदशास्त्रेषु तन्मतं महतां न च ॥ ६३
मुक्तप्रसङ्गो नारीणां मुक्तिहेतुरिदं वचः । एकस्मिन्नेव श्रीकृष्णे नित्यमुक्ते हि सम्भवेत् ॥ ६४
कृष्णं विना तु मर्यादा वैदिकी येन येन च । उल्लङ्घिता स सोऽद्यापि लोके वेदे च निन्द्यते ॥ ६५

**પ્રાપ્તિના દ્વારભૂત છે.[૫૭] અગિયારમા સ્કંધમાં દત્તાત્રેય ભગવાનનું વચન છે કે, માયા રચિત સ્ત્રી, સુવર્ણ, આભરણ, વસ્ત્ર આદિ પદાર્થોમાં ઉપભોગ પણાની બુદ્ધિથી મોહ પામેલા મનવાળા, તેથી જ મૂઢ તેમજ નષ્ટ પામેલ દષ્ટિ વાળા અજ્ઞાની પુરુષો પતંગિયાની જેમ જ સ્ત્રી આદિમાં વિનાશ પામે છે.[૫૮] નવમા સ્કંધમાં યયાતિ રાજાનું વચન છે કે, માતા, બહેન તેમજ પુત્રીની સાથે પણ એકાંતમાં વાસ ન કરવો. કારણ કે બળવાન ઇંદ્રિયોનો સમૂહ વિદ્વાન પુરુષોને પણ આકર્ષે છે. તો પછી બીજી યુવતીઓનો પ્રસંગ કેમ કરાય ? ન જ કરાય.[૫૯]**

**હે ભક્તજનો ! આ પ્રમાણે શ્રીમદ્ભાગવતનાં પ્રમાણ વચનો છે. તેથી મુક્ત પુરુષે પણ જીતેલા મનનો વિશ્વાસ કરીને ક્યારેય પણ સ્ત્રીનો પ્રસંગ ન કરવો. તેમજ મુક્તભાવને પામેલી અબળાઓ પણ પોતાના જીતેલા મનનો વિશ્વાસ કરીને પુરુષમાત્રનો પ્રસંગ ક્યારેય પણ ન કરવો.[૬૦] મારી આજ્ઞાથી સ્ત્રીનો પ્રસંગ ઉદ્ભવતો હોય તો મારી આજ્ઞા પણ મુક્ત પુરુષોએ સ્વીકારવી નહીં. અને મારી આજ્ઞાથી સ્ત્રીઓને પુરુષનો પ્રસંગ ઉદ્ભવે તેવી આજ્ઞા મુક્ત સ્ત્રીઓએ પણ ન માનવી.[૬૧] હે ભક્તજનો ! મુક્ત પુરુષો પ્રજ્જવલિત અગ્નિ જેવા છે. તેથી સ્ત્રીઓને તેમનો પ્રસંગ મુક્ત ભાવને પમાડે છે એમ જે તમે કહ્યું, તે તમારું વચન સત્પુરુષોના આચરણથી વિરૂદ્ધ છે. અને લોકવ્યવહારમાં તેમજ સર્વે વેદાદિ શાસ્ત્રોમાં પણ નિંદિત છે. તમારૂં આ વચન મહાપુરુષોને ક્યારેય પણ માન્ય નથી.[૬૨-૬૩] એવું જે વચન છે તે તો કેવળ એક શ્રીકૃષ્ણ ભગવાનને વિષે જ સંભવે તેમ છે. પરંતુ શ્રીકૃષ્ણ ભગવાન વિના કોઇ પણ જીવ કે ઇશ્વરે વૈદિક મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે, તે સર્વે જીવો અદ્યાપિ સુધી લોકમાં અને વેદમાં નિંદાને પાત્ર થયા છે.[૬૪-૬૫]**

ब्रह्मशङ्करशक्राश्च शशाङ्काङ्गिरसादयः । कामादुल्लङ्घ्य मर्यादां वैदिकीं गर्ह्यतां गताः ॥ ६६
अस्तु प्रसङ्गो दूरेऽयं वीक्षामात्रमपि स्त्रियाः । मुक्तानामपि सिद्धानां पातित्यायैव जायते ॥ ६७
यथेष्टाचरणं ये तु न दोषाय सतामिति । वदन्ति ते तु विज्ञेया महापातकिनो जनाः ॥ ६८
तस्मान्मुक्तेषु शङ्काऽपि यथेष्टाचरणस्य तु । न क्वापि केनचित्कार्या यत्ते धर्मस्य रक्षकाः ॥ ६९
प्राप्तोऽपि भक्तिं च दृढात्मनिष्ठां मुक्तोऽपि भक्ता ! वनिताप्रसङ्गात् ।
भ्रष्टो भवेत्स्त्री च तथाविधापि भ्रष्टा भवेदेव नरप्रसङ्गात् ॥ ७०

*इति श्रीसत्सङ्गिजीवनेनारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे जनशिक्षायां सदसल्लक्षणेषु मुक्तानां यथेष्टाचरणनिषेधनिरूपणनामैकोनषष्टितमोऽध्यायः ॥५९॥*

---

હે ભક્તજનો ! જગતના પિતા બ્રહ્માજી, આખા વિશ્વનો સંહાર કરનારા શિવજી, વરસાદ વરસાવી ત્રિલોકીનું પાલન કરનારા ઈન્દ્ર, ઔષધિઓનો અધિપતિ ચંદ્ર, સમગ્ર દેવતાઓના ગુરુ બૃહસ્પતિ આદિ અનેક કામદોષરૂપ શત્રુને વશ થઈ વૈદિક મર્યાદાનું ઉલ્લંઘન કરીને નિંદાને પાત્ર થયા છે.[૬૬] તેથી તમે કહેલો સ્ત્રીઓની સાથે સંતપુરુષોને બોલવાનો સંબંધ ન રહે એ જ યોગ્ય છે. કારણ કે, સ્ત્રીનાં દર્શન માત્રથી સિધ્ધગતિને પામેલા મુક્ત પુરુષોનું પણ પતન થાય છે.[૬૭] "સંતોને સ્વૈચ્છિક આચરણ દોષ માટે કલ્પાતું નથી" એમ જે મનુષ્યો કહે છે, તે મહાપાતકી છે એમ જાણવું.[૬૮] તેથી મુક્ત પુરુષોને પણ સ્વૈચ્છિક આચરણ કરવાની છૂટ છે, એમ ક્યારેય પણ માનવું નહિ. કારણ કે મુક્ત પુરુષો જ ધર્મના રક્ષક છે, તે છૂટછાટ લે તે કેમ ચાલે ?.[૬૯]

હે ભક્તજનો ! ભક્તિ તેમજ આત્મનિષ્ઠાને પામવા છતાં મુક્ત પુરુષો વનિતાના પ્રસંગથી ભ્રષ્ટ થયા છે. તેવી જ રીતે ભક્તિ તથા દૃઢ આત્મનિષ્ઠાને પામેલી સ્ત્રીઓ પણ જો પુરુષનો પ્રસંગ કરે તો જરૂર ભ્રષ્ટ થાય છે.[૭૦]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે જનોને શિક્ષા આપવાના હેતુથી સંત અને અસંતનાં લક્ષણોનું નિરૂપણ કરી, મુક્તપુરુષોના યથેષ્ટ આચરણનો નિષેધ કર્યો, એ નામે ઓગણસાઠમો અધ્યાય પૂર્ણ થયો. --૫૯--***

---

अथ षष्टितमोऽध्यायः - ६०

श्रीनारायणमुनिरुवाच-

मुक्तोऽपि पुरुषो यस्तु प्राप्तः सिद्धदशामिह । स्त्रीभ्यस्तेनापि भेतव्यमन्यथा पतितो भवेत् ॥ १
अयं पुमानियं स्त्रीति भेददृष्टिर्न यस्य च । स्त्रीसङ्गाद्भ्रश्यते सोऽपि ऋष्यशृङ्ग ऋषिर्यथा ॥ २
ऋष्यशृङ्गकथा सर्वैः श्रुताऽस्त्येव ततो जनाः ! । वर्तितव्यं सावधानैर्मुक्तैरपि मुमुक्षुभिः ॥ ३
मदाज्ञया वा धर्मस्य रक्षार्थमपि कर्हिचित् । स्त्रीप्रसङ्गो न कर्तव्यो मुक्तेनापि मनीषिणा ॥ ४
मुक्तानामात्मनिष्ठानामपि स्त्र्यवयवेक्षणम् । स्वस्थितेर्भ्रंशकं ज्ञात्वा त्याज्यं तत्सर्वथा बुधैः ॥ ५
अत्रेतिहासं प्राचीनं सर्वे शृण्वन्तु सादरम् । मुक्तावपि यथा क्लिष्टौ पुरा नारदपर्वतौ ॥ ६
पर्वतो नारदश्चोभौ पुरा स्वस्त्रीयमातुलौ । ब्रह्मनिष्ठावृषी सिद्धौ पुण्यक्षेत्राणि चेरतुः ॥ ७

---

## અધ્યાય - ૬૦

## સ્ત્રીના સહવાસથી મુક્ત ભાવને પામેલા નારદજી અને પર્વતનું થયેલું પતન.

શ્રીનારાયણ ભગવાન કહે છે, હે ભક્તજનો ! આલોકમાં સિધ્ધદશાને પામેલા મુક્ત પુરુષોએ પણ નારી થકી અવશ્ય ભય પામવું, નહિતો મુક્ત પુરુષ પણ ભ્રષ્ટ થાય છે.[૧] આ પુરુષ છે કે સ્ત્રી, આવા પ્રકારના ભેદને પણ નહિ જાણતા ઋષ્યશ્રૃંગમુનિ જેવી રીતે સ્ત્રીના પ્રસંગથી પોતાની સ્થિતિ થકી ભ્રષ્ટ થયા છે. તેમ કોઈ પણ મનુષ્ય સ્ત્રી પ્રસંગથી અવશ્ય ભ્રષ્ટ થાય છે.[૨] હે ભક્તજનો ! ઋષ્યશ્રૃંગ મુનિની કથા પૂર્વે માણાવદરના જન્માષ્ટમી ઉત્સવમાં મારા થકી તમો સાંભળેલી છે. તેથી મુક્ત કે મુમુક્ષુ પુરુષોએ સ્ત્રી પ્રસંગની બાબતમાં સાવધાન રહેવું.[૩] બુદ્ધિમાન મુક્તપુરુષોએ મારી આજ્ઞાથી પણ ધર્મની રક્ષા કરવા માટે ક્યારેય સ્ત્રીઓનો પ્રસંગ ન કરવો.[૪] સ્ત્રીના અંગદર્શનમાત્રથી પણ આત્મનિષ્ઠ મુક્તપુરુષો પોતાની સિધ્ધદશાની સ્થિતિમાંથી ભ્રષ્ટ થયા છે. એમ જાણી મારા આશ્રિત વિવેકી મુક્ત પુરુષોએ પણ સ્ત્રીઓના અંગનું દર્શન સર્વપ્રકારે ત્યાગવું.[૫]

હે ભક્તજનો ! આ પ્રસંગમાં પ્રાચીન ઐતિહાસિક કથા રહેલી છે તેને તમે સાવધાન થઈને સાંભળો, આ કથા સ્ત્રીના અંગદર્શન માત્રથી મુક્તભાવને પામેલા નારદ તથા પર્વત બન્ને ઋષિઓ કેવા કષ્ટને પામ્યા તેના સંબંધવાળી છે.[૬] પૂર્વે શરીરના સંબંધમાં મામા-ભાણેજનો સંબંધ ધરાવતા બ્રહ્મનિષ્ઠ તેમજ સિધ્ધદશાને પામેલા નારદ અને પર્વતમુનિ પૂણ્ય ક્ષેત્રોમાં વિચરણ કરતા હતા.[૭] એક સમયને

तावेकदाम्बरीषस्य विष्णुभक्तस्य भूपतेः । गृहमाजग्मतू रत्नैर्विविधैरुपशोभितम् ॥ ८
पूजितौ तेन राज्ञा तौ विविधैरुपचारकैः । तर्पितौ परमान्नेन सुखेनैव निषेदतुः ॥ ९
तस्य राज्ञोऽभवत्कन्या जयन्त्याख्या सुलोचना । रूपेणाप्रतिमा भूमौ शीललक्षणशालिनी ॥ १०
तस्या योग्यं वरं प्रष्टुं भूपतिः स तु तावृषी । नत्वाभिवादयित्वा तामुपविश्याब्रवीदिदम् ॥ ११

**राजोवाच-**

युवां हि ज्ञानसम्पन्नौ ब्रह्मनिष्ठौ तपोधनौ । नास्त्येवाविदितं किञ्चित्त्रिलोकीचारिणोर्हि वाम् ॥ १२
पृच्छामि तौ युवां प्रश्नमेकं प्रश्नविदांवरौ । तच्छ्रुत्वा चोत्तरं ब्रूतं विचार्यैव यथोचितम् ॥ १३
जयन्तीसंज्ञिकेयं मे दुहितास्ति सुलक्षणा । निश्चेतुं नैव शक्नोमि तस्या योग्यं वरं त्वहम् ॥ १४
तस्माद्युवां कृपां कृत्वा सर्वज्ञौ सर्वसौख्यदौ । योग्यमस्या वरं ब्रूतं चिन्तया व्याकुलं हि माम् ॥ १५
इत्युक्तौ तावृषी राज्ञा तां दृष्ट्वैव विमोहितौ । सुलक्षणां च चार्वङ्गीं कामयामासतुः स्वयम् ॥ १६

---

**વિષે તે બન્ને વિષ્ણુ ભગવાનના ભક્ત અંબરીષ રાજાના અનેક પ્રકારના રત્નો તથા બહુ મૂલ્ય પદાર્થોથી શણગારેલા રાજભવનમાં આવ્યા.[૮] ત્યારે અંબરીષ રાજાએ તે બન્નેની અનેક પ્રકારનાં ઉપચારોથી પૂજા કરી, દૂધપાક આદિક અન્ન જમાડી તૃપ્ત કર્યા. પછી બન્ને રાજભવનમાં સુખપૂર્વક થોડો વિશ્રામ લેવા બેઠા.[૯]**

**હે ભક્તજનો ! તે રાજાને જયંતી નામની એક સુંદર કન્યા હતી, સુલોચના તે કન્યા આ પૃથ્વીપર શરીરનાં રૂપ સૌંદર્યથી અનુપમ હતી. તેમજ શીલવ્રત તથા પતિવ્રતાના સારા સ્વભાવથી અતિશય શોભતી હતી.[૧૦] આ કન્યાને અનુરૂપ કોઈ વર મળશે કે કેમ ? એમ તે બન્ને ઋષિઓને પૂછવાની ઈચ્છાથી અંબરીષ રાજાએ તેઓને પ્રણામ કર્યા અને કન્યાને પણ પ્રણામ કરાવ્યા. ત્યારપછી રાજા કન્યાની સાથે તે ઋષિઓની સમીપે બેઠા અને બન્ને પ્રત્યે પૂછવા લાગ્યા.[૧૧] હે બ્રહ્મનિષ્ઠ ! તપોધન ! ઋષિઓ ! તમે બન્ને જ્ઞાનસંપન્ન ત્રિકાલદર્શી છો. તેથી ત્રિલોકમાં વિચરણ કરતા તમારા બન્નેથી ત્રિલોકીમાં કાંઈ અજાણ્યું નહિ હોય.[૧૨] પ્રશ્ન સમજવામાં ચતુર તમને બન્નેને હું એક પ્રશ્ન પૂછુ છું, તેનો યથાયોગ્ય વિચારીને ઉત્તર આપો.[૧૩] હે ઋષિઓ ! જયંતી નામે આ મારી સુલક્ષણા કન્યા છે. તેના યોગ્ય વરનો નિર્ણય હું કરી શકતો નથી.[૧૪] તમે સર્વજ્ઞ છો અને સર્વેને સુખ આપનારા છો. તેથી કૃપા કરીને આ કન્યાને કોઈ યોગ્ય વર હોય તો જણાવો, હું તે બાબતની ચિંતાથી વ્યાકુળ થયો છું.[૧૫] આ પ્રમાણે અંબરીષ રાજાએ પૂછ્યું, તેથી નારદ અને પર્વત બન્ને સુલક્ષણા તથા રૂપથી સુંદર અવયવોથી શોભતી તે જયંતી કન્યાને જોઈને મોહ પામ્યા ને મનમાં બન્નેને તે કન્યાને પરણવાની ઈચ્છા થઈ.[૧૬]**

प्रार्थयामासतुर्भूपं निर्लज्जौ काममोहितौ । आवाभ्यां देहि ते कन्यां श्रेयस्तव भविष्यति ॥ १७
तयोरिति वचः श्रुत्वा भूपतिः स तु विस्मितः । किञ्चिद्विचार्य तावाह जानन्नैष्ठिकतां तयोः ॥ १८

**राजोवाच-**

ब्रह्मनिष्ठौ युवां ख्यातौ नैष्ठिकब्रह्मचारिणौ । कन्यां वृणीथो मे यत्तद्विनोदो वा ऋतं वचः ॥ १९

**तावूचतुः-**

ब्रह्मचर्यं च गार्हस्थ्यं वनित्वं भिक्षुता तथा । भगवत्प्रीतये नास्ति भक्तिमेकां दृढां विना ॥ २०
यस्मिन्कस्मिन्नाश्रमे वा स्थित्वा भगवतो यशः । गातव्यं मोक्षमिच्छद्भिस्तेन तुष्यत्यधोक्षजः ॥ २१
एतावत्कालपर्यन्तं ब्रह्मचर्येण तद्यशः । वर्णितं कीर्तयिष्यावो गार्हस्थ्येनाथ भूपते ! ॥ २२
निःसंशयस्ततो विद्धि राजन् ! निश्चय आवयोः । कन्याया ग्रहणेऽस्तीति देहि नौ त्वं सुखी भव ॥ २३
वाक्यं श्रुत्वेति राजापि काममूढधियोस्तयोः । शापभीतोऽथ तावाह चिन्ताव्याकुलमानसः ॥ २४

---

હે ભક્તજનો ! જયંતીનાં દર્શન માત્રથી કામમોહિત થયેલા બન્ને નિર્લજ્જ થયા અને અંબરીષ રાજાને પ્રાર્થના કરવા લાગ્યા કે, હે નૃપતિ ! તમારી આ કન્યા અમને પરણાવી દો. તેનાથી તમારૂં કલ્યાણ થશે.[૧૭] આવા પ્રકારનું બન્નેનું વચન સાંભળી અંબરીષ રાજા અતિશય વિસ્મય પામ્યા ને કાંઇક વિચારીને તે બન્નેને નૈષ્ઠિક બ્રહ્મચારી જાણી કહેવા લાગ્યા કે, હે બ્રહ્મનિષ્ઠ ઋષિઓ ! તમે તો નૈષ્ઠિક બ્રહ્મચારીપણે આ જગતમાં પ્રસિધ્ધ છો. તમે જે મારી કન્યાને વરવાનું વચન બોલ્યા તે વિનોદમાત્ર છે ? કે સત્ય છે ?[૧૮-૧૯] આ પ્રમાણે રાજાએ પૂછ્યું તેથી બન્ને કહેવા લાગ્યા કે હે રાજન્ ! બ્રહ્મચર્યાદિ ચારે આશ્રમો ભગવાનની ભક્તિ વિના ભગવાનને રાજી કરવામાં કોઈ કામ આવતા નથી.[૨૦] મોક્ષને ઈચ્છતા ભક્તજનોએ જે કોઈ એક આશ્રમમાં રહીને ભગવાનના ગુણ ગાવા તેનાથી જ ભગવાન પ્રસન્ન થાય છે.[૨૧] હે રાજન્ ! અત્યાર સુધી અમે બ્રહ્મચર્યાશ્રમમાં રહીને ભગવાનના ગુણોનું કીર્તન કર્યું છે. હવે ગૃહસ્થાશ્રમમાં રહીને ગાઈશું.[૨૨] તેથી અમે આ કન્યાને પરણવાનો મનમાં નિશ્ચય કર્યો છે. આ વાત તમે નિશ્ચે સત્ય જાણો. અને અમને બન્નેને આ કન્યા પરણાવી દો, તમે બહુજ સુખી થશો.[૨૩]

શ્રીનારાયણ ભગવાન કહે છે, હે ભક્તજનો ! આ પ્રમાણે કામથી મૂઢબુદ્ધિવાળા થયેલા બન્નેનું વચન સાંભળી અંબરીષરાજાનું મન શાપથી ભય પામવાની ચિંતામાં વ્યાકુળ થયું.[૨૪] અને બન્ને ઋષિઓ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ઋષિઓ ! આ મારી કન્યા એક જ છે, અને તમે બે જણ છો. તો હું લોક અને શાસ્ત્ર વિરુદ્ધ

राजोवाच-

एका कन्या मदीयेयं युवां द्वाविच्छथश्च ताम् । लोकशास्त्रविरुद्धं तद्दानं कुर्यामहं कथम् ॥ २५
एकस्य भार्ये द्वे दृष्टे नैका भार्या द्वयोः क्वचित् । वरिष्यति ततः कन्या स्वयमेवेप्सितं वरम् ॥ २६
प्रातः स्वयंवरं चास्याः कारयिष्यामि निश्चितम् । आगन्तव्यं युवाभ्यां च तत्र नारदपर्वतौ ! ॥ २७
इत्युक्तौ तौ ततो यातौ चिन्तयन्तौ च तां हृदि । राजापि कारयामास स्वयंवरसभां ततः ॥ २८
कन्या कामयते रूपं नान्यदित्यवधार्य तौ । तपसा विकृतं रूपं स्वं रम्यं कर्तुमैच्छताम् ॥ २९
तयोरपीर्ष्या महती परस्परमभूज्जनाः ! । कन्या वरिष्यति ह्येकमिति हेतोः सकामयोः ॥ ३०
अन्यस्य विकृतं रूपं स्वस्य रम्यं भवेदिति । गूढं स्वस्य त्वभिप्रायं नोचतुस्तौ परस्परम् ॥ ३१
एकैकं वञ्चयित्वा तौ भक्ताभीष्टफलप्रदम् । वैकुण्ठे विष्णुमेवेशं रूपार्थं शरणं गतौ ॥ ३२
तत्रादौ नारदो गत्वा नत्वा सत्वरमच्युतम् । स्वस्य भार्यासमीहां तु गूहमानोऽब्रवीदिदम् ॥ ३३

---

બન્નેને એક કન્યાદાન કેમ કરી શકું ?[૨૫] એક પુરુષને બે પત્ની હોય તેવું તો ઘણી જગ્યાએ જોયું છે. પરંતુ બે પુરુષને એક પત્ની હોય તેવું કોઇ કાળે જોયું નથી. તેથી હવે આ કન્યા જ પોતાના ઈચ્છિત વરને વરશે.[૨૬] હે નારદ, પર્વત-ઋષિઓ ! આવતી કાલે આ કન્યાનો સ્વયંવર નક્કી કરું છું. તેમાં તમે બન્ને જરૂરથી પધારજો.[૨૭] હે ભક્તજનો ! આ પ્રમાણે અંબરીષરાજાએ કહ્યું તેથી નારદ અને પર્વત બન્ને કન્યાનું પોતાના મનમાં ચિંતવન કરતા કરતા રાજભવનમાંથી બહાર ચાલ્યા ગયા. ત્યારપછી રાજાએ પણ સ્વયંવર રચવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી.[૨૮] કન્યા રૂપાળા પતિને જ ઈચ્છે છે, પરંતુ ધનાદિકને કોઇ જોતી નથી. આવી એક ઉક્તિ છે. તેને પોતાના મનમાં વિચારીને બન્ને જણાએ પૂર્વે કરેલાં તીવ્ર તપશ્ચર્યાથી પોતાના રૂપને રમણીય કરવાની મનમાં ઈચ્છા કરવા લાગ્યા.[૨૯] હે ભક્તજનો ! કન્યા કોઈ એકને જ વરશે એ નક્કી છે. એમ વિચારી કામાસક્ત થયેલા બન્નેને એક બીજા સાથે પરસ્પર અતિશય મોટી ઈર્ષા ઉત્પન્ન થઈ.[૩૦]

ઈર્ષ્યાને કારણે બન્નેને વિચાર આવ્યો કે, અન્યનું રૂપ વિકૃત થાય અને પોતાનું રૂપ રમણીય થાય. આ વિચાર બન્ને જણાએ કોઈને અરસપરસ કહ્યો નહિ ને ગૂઢ રાખ્યો.[૩૧] ત્યારપછી તે બન્ને યુક્તિપૂર્વક એક બીજાને છેતરી રૂપની પ્રાપ્તિને માટે વૈકુંઠલોકમાં ભક્તજનોને ઈચ્છીત ફળ આપનારા, શ્રીવિષ્ણુ ભગવાનના શરણે ગયા.[૩૨] તેમાં પ્રથમ નારદજી ગયા ને પ્રણામ કર્યા અને પોતાને સ્ત્રી પરણવાની ઈચ્છા થઈ છે તે વાતને છૂપાવી શ્રીવિષ્ણુ ભગવાન પ્રત્યે કહેવા લાગ્યા.[૩૩] હે ભગવાન ! અંબરીષ રાજાની કન્યા જયંતીનો આવતી કાલે સ્વયંવર

अम्बरीषस्य कन्याया भविता श्वः स्वयंवरः । विनोदार्थं तत्र किञ्चिदागतोऽस्म्यत्र याचितुम् ॥ ३४
भगवन्नद्य मे रूपं भवेत् स्त्रीणां मनोहरम् । तपःकृशं च मे गात्रं पुष्टं च बलवद्भवेत् ॥ ३५
स्वयंवरात्तथारभ्य हरे ! सहचरस्य मे । वानरास्येन वैरूप्यं पर्वतस्य भवेदिति ॥ ३६
तथास्त्विति हरिः प्राह नारदोऽपि मुनिस्तदा । अनङ्गमोहनं रूपं सद्यो लब्ध्वा भुवं ययौ ॥ ३७
तावत्पर्वत आगत्य तथैवाभ्यार्थयद्धरिम् । सौरूप्यं स्वस्य देवर्षेः कप्यास्यत्वं स्वयंवरात् ॥ ३८
तथास्त्विति तमप्याह सोऽच्युतः प्रहसंस्तदा । स्त्रीपाशबन्धनं माभूद्भक्तस्येति दयानिधिः ॥ ३९
स पर्वतोऽपि सम्प्राप्य रूपमत्यद्भुतं ततः । नारदं भुवि सम्प्रापज्जयन्तीभजने रतम् ॥ ४०
गूढेङ्गितौ सुरूपौ तौ प्रोचतुश्च परस्परम् । सुरूपोऽसि त्वमेवेति त्वां वरिष्यति सा वधूः ॥ ४१
इत्थं वदन्तौ तौ रात्रिं तां तु दुःखेन निन्यतुः । वैशाखशर्वरी जाता तयोः कल्पनिशासमा ॥ ४२

---

**થવાનો છે. તે સ્વયંવરમાં કાંઈક વિનોદ કરવા માટે રાજાઓનો થોડો પરિહાસ કરવા મને તમારી પાસે થોડું કાંઈક માગવું છે. તેથી હું તમારી પાસે આવ્યો છું.[૩૪] હે ભગવાન ! આ અવસરે મારૂં રૂપ દર્શન માત્રથી સ્ત્રીનું ચિત્ત આકર્ષણ કરી લે તેવું થાય. તેમજ તપશ્ચર્યાથી દુર્બળ થયેલું આ શરીર સર્વરીતે પુષ્ટ અને બલવાન થાય.[૩૫] તેમજ સ્વયંવરના આરંભથી જ મારા સહચારી પર્વતનું વાંનરના જેવું વિકૃતરૂપ થાય, એવું માગવા હું અહીં આવ્યો છું.[૩૬]**

**હે ભક્તજનો ! આ પ્રમાણે નારદજીએ પ્રાર્થના કરીને માંગણી કરી, તેથી વિષ્ણુ ભગવાને કહ્યું "તથાસ્તુ" તેમ થશે. તે સમયે નારદમુનિ કામદેવને પણ મોહ પમાડે તેવું રૂપ પ્રાપ્ત કરી તત્કાળ પૃથ્વી પર પધાર્યા.[૩૭] અને આ બાજુ નારદજીની જેમ પર્વતમુનિ પણ ત્યાં વૈકુંઠ લોકમાં જઈ પોતાનું સુંદર રૂપ અને નારદજીનું વાંનરના મુખ જેવું વિરૂપ થાય તેવું વિષ્ણુ ભગવાન પાસે વરદાન માગ્યું.[૩૮] ત્યારે શ્રીવિષ્ણુ ભગવાને વિચાર કર્યો કે, મારા ભક્તને ક્યારેય છેદી ન શકાય તેવું સ્ત્રીરૂપ માયાનું બંધન કદાપિ ન થાઓ, એવું વિચારી દયાનિધિ ભગવાન શ્રીવિષ્ણુએ હસતાં હસતાં તે પર્વતમુનિને પણ "તથાસ્તુ" એ પ્રમાણે કહ્યું.[૩૯] આ બાજુ પર્વતમુનિ પણ અતિશય અદ્‌ભૂત મનોહરરૂપ પ્રાપ્ત કરીને પૃથ્વીપર જયંતીના ભજનમાં મશગૂલ થયેલા નારદજી પાસે આવ્યા.[૪૦] મનમાં ગૂઢ અભિપ્રાયને રાખી અતિશય રૂપવાન થયેલા તે બન્ને પરસ્પર એક બીજાને કહેવા લાગ્યા કે, તમે બહુ રૂપાળા છો તેથી કન્યા તમને જ વરશે.[૪૧] આ પ્રમાણે એક બીજાને કહેતાં કહેતાં નારદ અને પર્વત તે રાત્રી બહુજ દુઃખપૂર્વક વિતાવી. વૈશાખમાસની રાત્રી તે બન્નેને**

चक्रतू राजकन्याया निशि तौ गुणकीर्तनम् । अहो तस्य वपुः कान्तमहो तस्या नवं वयः ॥ ४३
अहो भुजलता तस्या अहो तस्या मितं स्मितम् । तस्या मुक्ताफलानीव मधुराण्यक्षराण्यहो ॥ ४४
पर्वतो नारदं प्राह जयन्त्या वदनाम्बुजम् । त्वया पूर्णेन्दुवद्दृष्टं किं वा फुल्लाम्बुजोपमम् ॥ ४५
नारदः प्राह तं तस्या निष्कलङ्केन्दुराननम् । तत्पुरः क्व कलङ्कीन्दुः क्व वा तज्जलजं जडम् ॥ ४६
एतां दशां च तौ प्राप्तावृषी स्त्र्यवयवेक्षणात् । प्रातरेवाम्बरीषस्य पुरमागत्य तस्थतुः ॥ ४७
तद्रूपदर्शनादेव मुमुहुः पुरयोषितः । पौराश्च विस्मिताः सर्वे तावेवैक्षन्त यूथशः ॥ ४८
स्वयंवरस्य वेलायां जग्मतुर्नृपसंसदि । तत्राहूता नृपेणान्ये राजानोऽपि समाययुः ॥ ४९
कन्याप्रवेशनद्वारसमीपे तावुभावृषी । निषेदतुः शीघ्रमेव कन्यालाभाय कामुकौ ॥ ५०
अम्बरीषोऽपि नृपतिर्मानयित्वा सभागतान् । उपावेशयदानम्य तौ तु वीक्ष्याऽऽप विस्मयम् ॥ ५१

---

બ્રહ્માના કલ્પની રાત્રી સમાન અતિશય મોટી જણાઈ.[૪૨]

હે ભક્તજનો ! ત્યારે બન્ને મુનિઓ આખી રાત્રી રાજકન્યા જયંતીના ગુણોની પરસ્પર વાતો કરવામાં વીતાવવા લાગ્યા. અહો !!! જયંતિના શરીરની શું કાંતિ છે ? તેની નવ યુવાની કેવી સુંદર છે ?[૪૩] તેની હાથરૂપી વેલી કેવી આશ્ચર્યરૂપ છે ? તેનું મંદમંદ હસવું કેટલું મનોહર છે ? તેમજ તેના વાણીના શબ્દો કેટલા સ્પષ્ટ અને કર્ણપ્રિય છે ?.[૪૪] પર્વત કહે છે, હે નારદ ! શું તમે જયંતીનું વદનકમળ શરદઋતુની પૂર્ણિમાના ચંદ્રમાની સમાન નિહાળ્યું, કે, સરોવરમાં ખીલેલા કમળ જેવું નિહાળ્યું ?[૪૫] તે સાંભળી નારદજી કહેવા લાગ્યા કે, હે પર્વત ! એ જયંતિનું મુખ તો ખરેખર સાક્ષાત્ નિષ્કલંક ચંદ્રમા જેવું છે. જોકે તેમના મુખની આગળ કલંકવાળા ચંદ્રમા પણ શું કરે ? અને વાગેન્દ્રિય રહિત જડ એવું પાણીનું કમળ ક્યાં ? એની સાથે તુલના પણ ન થઈ શકે.[૪૬] નારદ અને પર્વત બન્ને ઋષિઓ સ્ત્રીનાં દર્શનથી આવી દશાને પામ્યા. પ્રાતઃકાળે થોડો કાંઈક આહ્નિક વિધિ તત્કાળ પૂર્ણ કરી અંબરીષ રાજાના નગરમાં પધાર્યા.[૪૭] ત્યારે પુરની સ્ત્રીઓ તો તેમનાં રૂપનું દર્શન કરતાં જ મોહ પામી ગઈ. સર્વે નાગરિકજનો અતિશય વિસ્મય પામી ટોળે મળીને બન્ને મુનિઓને જોવા લાગ્યા.[૪૮] સ્વયંવરના સમયે રાજસભામાં તેઓ જતા હતા ત્યારે રાજાના આમંત્રણથી બીજા અનેક રાજાઓ પણ ત્યાં આવેલા તે સ્વયંવરની સભામાં બેઠા હતા.[૪૯]

શ્રીનારાયણ ભગવાન કહે છે, હે ભક્તજનો ! કામથી મોહ પામેલા બન્ને નારદ અને પર્વત તત્કાળ કન્યાની પ્રાપ્તિને માટે કન્યાના પ્રવેશદ્વારની સમીપે જ જઈને બેસી ગયા.[૫૦] અંબરીષરાજા પણ સ્વયંવરમાં પધારેલા સર્વે રાજાઓનું વાણી

सभासदस्तत्र सर्वे दृष्ट्वा रूपं तयोर्नृपाः । सन्त्यज्यैव जयन्त्याशां तावेवैक्षन्त विस्मयात् ॥ ५२
उभौ समानरूपौ हि मन्मथस्यापि मोहनौ । कं वरिष्यति सा कन्या त्विति संशिश्यिरेऽखिलाः ॥ ५३
गृहीतवरमालाऽथ जयन्ती राजकन्यका । प्रविवेश सभां तां च हरन्त्येव मनो नृणाम् ॥ ५४
तदैव तावुभौ जातौ मर्कटास्यावृषी नराः ! । परस्परं वीक्षमणौ परमां मुदमापतुः ॥ ५५
बुबुधे नारदश्चित्ते पर्वतं न वरिष्यति । अवैच्च पर्वतः कन्या नारदं न वरिष्यति ॥ ५६
कन्या तु तावुभौ दृष्ट्वा भीता चक्रे पलायनम् । बोधिताऽप्यम्बरीषेण नाऽऽगच्छत्सा पुनः सदः ॥ ५७
ततो राजा तावुपेत्य प्राह कन्या तु मे मुनी ! । भीता भवद्भ्यां नायाति गच्छतं तद्युवामिति ॥ ५८
स्वस्ववक्रस्य वैकृत्यमजानन्तौ हि तावुभौ । प्रकल्प्य राज्ञः कापट्यं हताशाविदमूचतुः ॥ ५९
आवां तपस्विनौ ज्ञात्वा राज्यैश्वर्यमदोद्धतः । कन्यां नैव ददासीति जानीवस्तव चेष्टितम् ॥ ६०

---

આદિકથી સન્માન કરી તેઓને નમસ્કાર કરીને યથાયોગ્ય સ્થાને બેસાડ્યા. નારદ તથા પર્વતને જોઇને તો રાજા અતિશય આશ્ચર્યમાં ડૂબી ગયા.[૫૧] તે બન્નેનાં રૂપ કામદેવને પણ મોહ પમાડે તેની સમાન સુંદર જણાતાં હતાં. તે સમયે સભામાં બેઠેલા સર્વે રાજાઓએ કન્યાપ્રાપ્તિની આશા છોડી દીધી ને અતિશય વિસ્મય પામી તે બન્ને મુનિઓને જ નિહાળવા લાગ્યા કે, આ બન્નેમાંથી કન્યા કયા મુનિને વરમાળા પહેરાવશે ? આ પ્રમાણે સર્વે રાજાઓ સંશય કરવા લાગ્યા.[૫૨-૫૩] તેવામાં વરમાળા હાથમાં ગ્રહણ કરીને મનુષ્યોના મનને હરતી રાજકન્યા જયંતીએ સ્વયંવરની સભામાં પ્રવેશ કર્યો કે તરત જ બન્ને ઋષિઓનાં મુખ વાનરનાં જેવા થઇ ગયાં, એક બીજાને પરસ્પર આવા મર્કટમુખવાળા જોઇને પરમ હર્ષ પામવા લાગ્યા.[૫૪-૫૫] કન્યા હવે પર્વતને નહિ વરે, અને મને વરશે એમ નારદજીએ મનમાં જાણ્યું, અને ખૂબજ હરખાયા. તેમજ પર્વત પણ કન્યા નારદજીને નહિ વરે એમ જાણીને મનમાં હરખાયા.[૫૬] જયંતિ તો તે બન્ને વાનરમુખા મુનિઓને નિહાળીને ભયભીત થઇ ત્યાંથી ભાગવા લાગી. ત્યારે અંબરીષે કહ્યું કે, બેટા ! પાછી કેમ ભાગે છે ? છતાં તે ફરી સભામાં ન આવી.[૫૭]

હે ભક્તજનો ! ત્યારે અંબરીષ રાજા બન્ને મુનિઓ પાસે જઇને કહ્યું કે, હે મુનિઓ ! મારી કન્યા તો તમારા બન્ને થકી બહુ ભય પામે છે. ફરી આ સભામાં આવતી નથી. તેથી તમે બન્ને ભગવાનના ભજન માટે અહીંથી જાઓ તો સારૂં.[૫૮] એમ જ્યારે રાજાએ કહ્યું. ત્યારે બન્ને મુનિઓ પોતપોતાના મુખને માંકડાના મુખ જેવા વિરૂપ નહિ જાણતા, અંબરીષ રાજા કાંઇક કપટ કરી રહ્યા છે એમ મનમાં નક્કી કર્યું. અને કન્યા પ્રાપ્તિની આશા નિષ્ફળ ગઇ છે. એમ જાણી અંબરીષ રાજા

आत्मज्ञत्वाभिमानेन मुनीनप्यवमानयन् । देहात्मबुद्धिस्त्वं मूढ ! भविष्यसि न संशयः ॥ ६१
एवं निरपराधं तं राजानं भगवत्प्रियम् । शप्त्वा तस्य गृहात्क्रुद्धौ बहिर्निर्ययतुर्मुनी ॥ ६२
विष्णुना भक्तरक्षार्थं तद्गृहे स्थापितं त्वथ । चक्रं सुदर्शनं शापाद्ररक्ष नृपतिं तु तम् ॥ ६३
प्रतिहत्य गृहाच्छापं कामक्रोधाग्निदग्धयोः । तयोर्मुन्योः पृष्ठलग्नं तं कृत्वा चक्रमन्वगात् ॥ ६४
सहसा तावुभौ दृष्ट्वा स्वपृष्ठे धूमराशिवत् । कृष्णवर्णं स्वशापं च विस्मयं प्रापतुस्तदा ॥ ६५
प्रलयाग्निनिभं तावज्ज्वालामालाभयङ्करम् । चक्रं सुदर्शनं दृष्ट्वा चक्राते स्म पलायनम् ॥ ६६
मर्कटास्यावुभावग्रे मध्ये तत्पृष्ठवल्गितः । शापस्तमोमयस्तस्य पश्चाच्चक्रमभूत्पथि ॥ ६७
विवर्णौ म्लानवदनौ श्रमस्विन्नशरीरकौ । भक्तद्रोहगतज्ञानौ पलायेते स्म तावुभौ ॥ ६८
भुवि सर्वेषु देशेषु प्रतिग्रामं गृहं गृहम् । पलायमानौ तौ यातौ पाहि पाहीति वादिनौ ॥ ६९

---

પ્રત્યે કહેવા લાગ્યા.[૫૯] હે રાજન્ ! રાજના ઐશ્વર્યના મદથી ઉધ્ધત થયેલો તું અમને તપસ્વી જાણીને કન્યા આપવા ઈચ્છતો નથી. તારી ચેષ્ટાને અમે જાણીએ છીએ.[૬૦] હે મૂઢ ! પોતાને આત્મજ્ઞાની માની, મુનિ એવા અમારી તું અવજ્ઞા કરે છે ? તેથી તું આજથી દેહાભિમાની થઈશ. તેમાં કોઈ સંશય નથી.[૬૧] શ્રીહરિ કહે છે, હે ભક્તજનો ! આ પ્રમાણે નિરાપરાધી અને ભગવત્પ્રિય અંબરીષ રાજાને શાપ આપી કામભંગનાં કારણે ક્રોધાયમાન થયેલા બન્ને મુનિઓ અંબરીષ રાજાની સભામાંથી બહાર આવ્યા.[૬૨] તે સમયે ભગવાન શ્રીવિષ્ણુએ ભક્તની રક્ષા માટે અંબરીષ રાજાના રાજભવનમાં સ્થાપન કરેલાં સુદર્શન ચક્રે, અંબરીષ રાજાની શાપ થકી રક્ષા કરીને, રાજભવનમાંથી જ શાપનું નિવારણ કરી એ શાપને કામ અને ક્રોધરૂપ અગ્નિમાં બળી રહેલા તે બન્ને મુનિઓની પાછળ સ્વયં સુદર્શન ચક્ર દોડવા લાગ્યું.[૬૩-૬૪]

હે ભક્તજનો ! બન્નેમુનિઓ પોતાની પાછળ આવતા ધૂમાડાના ગોટાની સમાન શ્યામવર્ણના અને રાજાને આપેલા પોતાના શાપને એકાએક આવતો નિહાળી વિસ્મય પામી ગયા.[૬૫] પ્રલયકાળના અગ્નિ સમાન ઝળહળતાં ભયંકર તેજવાળાં સુદર્શન ચક્રને જોઈ ત્યાંથી ભાગવા લાગ્યા.[૬૬] માંકડાના મુખવાળા બન્ને મુનિઓ માર્ગમાં સૌથી આગળ અને તેમની પાછળ દોડી રહેલો તમોમય શાપ અને મધ્યમાં સુદર્શન ચક્ર દોડવા લાગ્યું.[૬૭] અંબરીષ ભક્તના દ્રોહથી નિઃસ્તેજ થયેલાં તેઓના મુખ ગ્લાનિ પામ્યા ને દોડવાના બહુ પરિશ્રમથી શરીરે પરસેવો વળી ગયો હતો.[૬૮] છતાં જ્ઞાનરહિત થયેલા બન્ને મુનિઓ દોડી રહ્યા હતા. બચાવો... બચાવો...નો સાદ પાડતા દોડી રહેલા બન્ને મુનિઓ પૃથ્વીપરના સર્વે દેશ, ગામ,

निर्मानौ निर्मदौ चोभौ निर्लज्जौ यत्र यत्र तौ । पलाय्य गच्छतश्चक्रं तत्र तत्रान्वगाद्द्रुतम् ॥ ७०
रथाङ्गदह्यमानाङ्गौ द्विजौ नारदपर्वतौ । दृष्ट्वा नरा मर्कटास्यौ नोचुः किञ्चिदतद्विदः ॥ ७१
अदृष्टाश्रुतपूर्वां तां सम्प्राप्तावतिवेदनाम् । अधोलोकेषु सर्वत्र तौ च बभ्रमतुर्मुनी ॥ ७२
अप्राप्य कञ्चित्त्रातारं तत्रापि च ततो मुनी । जग्मतुर्देवलोकांश्च क्रोशन्तावुच्चकैर्भृशम् ॥ ७३
ऐन्द्रं वाह्नं च याम्यं च नैऋतं वारुणं तथा । मारुतं तौ च कौबेरं लोकमैशं च जग्मतुः ॥ ७४
सविस्मयं तेऽपि देवास्तत्रस्थाश्च तयोर्दशाम् । विलोक्य तादृशीं किञ्चिन्नोचुश्चक्रभयाद्वचः ॥ ७५
तावृषी सकलान्देवान्ब्रह्माणं शङ्करं तथा । नमन्तावपि न स्वस्य त्रातारं कञ्चिदापतुः ॥ ७६
वैकुण्ठं च ततो यातौ पाहि पाहि हरे ! इति । आक्रोशन्तौ दूरतस्तौ नेमतुर्विष्णुमव्ययम् ॥ ७७
दयालुः स हरिश्चक्रात्कृपया रक्षणं तयोः । कृत्वा भक्तस्य तं शापं स्वयं चाङ्गीचकार ह ॥ ७८

---

તથા ઘર ઘર પ્રત્યે ગયા.[૬૯] માન રહિત થયેલા બન્ને મુનિઓ, અહંકર રહિત થયા તેમજ લાજ છોડીને દોડતા જ્યાં જ્યાં જાય ત્યાં સુદર્શન ચક્રને પોતાની પાછળ જ શીઘ્ર ગતિએ આવતું જોતા હતા.[૭૦] ચક્રના તેજને કારણે બળતા અંગવાળા તથા માંકડાના મુખવાળા બન્ને મુનિઓને જોઇ તેના ભાગવાનું કારણ નહિ જાણતા મનુષ્યો કાંઇ પણ બોલતા ન હતા.[૭૧] અને ક્યારેય પણ નહિ અનુભવેલી ને નહિ સાંભળેલી વેદનાને પામેલા મુનિઓ આતાળ-પાતાળ આદિ સર્વે અધોલોક સુધી ઘુમી આવ્યા.[૭૨] ત્યાં તેમને રક્ષણ કરનારો કોઇ મળ્યો નહિ. તેથી ઉચ્ચસ્વરે બચાવો, બચાવોનો અતિશય આક્રોશ કરતા ઇન્દ્રાદિ દિગ્પાળોના લોકમાં ગયા.[૭૩]

શ્રીનારાયણ ભગવાન કહે છે, હે ભક્તજનો ! બન્ને મુનિ ઇન્દ્રલોક, અગ્નિલોક, યમલોક, નિર્ઋતિલોક, વરુણલોક, વાયુલોક, કુબેરલોક તથા રુદ્રલોકમાં ગયા.[૭૪] તે સર્વે લોકમાં રહેલા દેવતાઓ પણ બન્નેની આવી દશા જોઇ અતિશય વિસ્મય પામ્યા ને સુદર્શન ચક્રના ભયથી કાંઇ પણ વચન બોલી શક્યા નહિ.[૭૫] નારદ અને પર્વત બન્ને મુનિઓ ઇન્દ્રાદિ સકલ દેવતાઓ તથા બ્રહ્મા, શિવ આદિ ઇશ્વરોને પણ નમસ્કાર કરી રક્ષણ માગતા હતા છતાં કોઇ રક્ષણ કરનારૂં ન મળ્યું.[૭૬] તેથી વિષ્ણુના વૈકુંઠલોકમાં ગયા ને હે હરિ ! અમારું રક્ષણ કરો, રક્ષણ કરો, આ પ્રમાણે દૂરથી જ આક્રંદ કરતા કરતા અવિનાશી ભગવાન વિષ્ણુને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૭૭] તે સમયે દયાળુ ભગવાન શ્રીહરિએ કૃપા કરીને તે બન્ને મુનિઓની પાછળ આવતા સુદર્શન ચક્ર થકી રક્ષા કરી. ભક્તના શાપને સ્વયં સ્વીકાર કર્યો ને રામાવતારમાં તેને પ્રગટ કર્યો હતો, એમ પુરાણોમાં સર્વે કથા વર્ણવી છે. શ્રીવિષ્ણુ

एवं पुरा नारदेन पर्वतेन च भो नराः ! । सम्प्राप्तमतुलं कष्टं स्त्रिया ह्यवयवेक्षणात् ॥ ७९
तस्मान्मुमुक्षुर्मुक्तो वा मद्भक्तः क्वापि योषितः । प्रसङ्गं न प्रकुर्वीत सर्वथा स्वहिताय हि ॥ ८०
तथा मिथुनसक्तानां तिरश्चामपि दर्शनम् । मुक्तेनापि न कर्तव्यं किं पुनश्च मुमुक्षुणा ॥ ८१
ऋषिः प्राक् सौभरिर्मुक्तो ब्रह्मनिष्ठो जितेन्द्रियः । ब्रहद्व्रतादभूद्भ्रष्टो मीनमैथुनदर्शनात् ॥ ८२
ज्ञानस्य भक्तेरथवा बलेन मद्वाक्यमुल्लङ्घ्य मनोभवार्तः ।
यः स्वैरवर्ती भविता नरोऽसौ धर्मच्युतः प्राप्यस्यति भूरि कष्टम् ॥ ८३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे जनशिक्षायां स्त्रीप्रसङ्गान्नारदपर्वतयोर्दुर्दशाप्राप्तिनिरूपणनामा षष्टितमोऽध्यायः ॥६०॥*

---

ભગવાને તે બન્ને મુનિઓને આશ્વાસન આપી કૌસ્તુભમણિમાં તેઓનું મુખ દેખાડ્યું ત્યારે આવું કેમ થયું ? એવો બન્ને જણે પ્રશ્ન કર્યો. ત્યારે ભગવાને કહ્યું તમે બન્ને જણે એક બીજા માટે એવું માગ્યું હતું. તેથી આ પ્રમાણે થયું છે, તમો મારા ઉપર કોપ ન કરશો. આવીરીતનું જે કાંઇ થયું તેમાં સ્ત્રીના બંધન થકી તમારૂં રક્ષણ કરવાની મારી ઈચ્છાથી આમ થયું છે. એમ કહી બન્નેનાં માંકડાંનાં મુખ દૂર કર્યાં.[૭૮]

હે ભક્તજનો ! આ પ્રમાણે પૂર્વે નારદજી અને પર્વત બન્ને સ્ત્રીનાં દર્શન માત્રથી અતિશય કષ્ટ પામ્યા છે.[૭૯] તેથી મારા ભક્ત મુમુક્ષુ કે મુક્ત પુરુષોએ પણ પોતાના હિતને માટે સ્ત્રીઓનો પ્રસંગ સર્વ પ્રકારે ક્યારેય ન કરવો.[૮૦] તેમજ મૈથુનાસક્ત પશુ અને પક્ષીનું દર્શન મુક્ત પુરુષે પણ ક્યારેય ન કરવું. તો પછી મુમુક્ષુની શું વાત કરવી ?[૮૧] હે ભક્તજનો ! પૂર્વે મુક્ત સ્થિતિને પામેલા બ્રહ્મનિષ્ઠ અને જીતેન્દ્રિય એવા સૌભરી ઋષિએ પણ માછલાંનું મૈથુન જોયું તો પોતાના બ્રહ્મચર્ય વ્રત થકી ભ્રષ્ટ થયા.[૮૨] હે ભક્તજનો ! જ્ઞાનના કે ભક્તિના બળથી મારાં વાક્યનું ઉલ્લંઘન કરીને જે મનુષ્યો સ્વૈચ્છાચારી થશે, તે કામના આક્રમણથી મનમાં અતિશય દુઃખી થતા ધર્મભ્રષ્ટ થશે અને મહાન કષ્ટને પામશે.[૮૩]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે ભક્તજનોને શિક્ષા આપવાના હેતુથી સ્ત્રીના પ્રસંગથી મુક્ત સ્થિતિને પામેલા એવા નારદ અને પર્વતની દૂર્દશા થઇ તેનું નિરૂપણ કર્યું, એ નામે સાઠમો અધ્યાય પૂર્ણ થયો. –૬૦–***

---

**अध्यायः ६१**

**श्रीनारायणमुनिरुवाच**

नारीणां ब्रह्मनिष्ठानामपि पातित्यकृत्किल । निरीक्षणादिकं पुंसः स्त्रीभिस्त्याज्यं हि तत्ततः ॥ १
अत्र वः कथयिष्यामि कथां भक्ताः ! पुरातनीम् । यथा भ्रष्टाऽभवत्पूर्वं नैष्ठिकी देवयान्यपि ॥ २
आसीत्पुरा देवयानी कन्या शुक्रस्य शोभना । पितुः प्रसादात्सम्प्राप्ता बाल्य एवात्मनिष्ठताम् ॥ ३
सम्यग्योगकलायां च निपुणा धर्मशास्त्रवित् । प्रगल्भा नूतनं काव्यं कर्तुं स्वयमुदारधीः ॥ ४
स्वशिष्यतामुपेतानामासुरीणां सहस्रशः । कन्यानां बोधने दक्षा शुक्रवद्बहुयुक्तिभिः ॥ ५
शुक्रश्च स्वां दुहितरं प्राणेभ्योऽप्यतिवल्लभाम् । अनेकगुणसम्पन्नां प्रेम्णैवालालयत्सदा ॥ ६
अथैकदा कविस्तां च प्राप्तां दशमवत्सरम् । दृष्ट्वा वराय योग्याय जातुमैच्छद्यथाविधि ॥ ७

---

# અધ્યાય – ૬૧

## બ્રહ્મનિષ્ઠ હોવા છતાં પણ પુરુષના પ્રસંગથી દેવયાની નારીનું થયેલું પતન.

શ્રી નારાયણ ભગવાન કહે છે, હે ભક્તજનો ! બ્રહ્મનિષ્ઠ નારીઓને પણ પુરુષનું દર્શન ધર્મભ્રષ્ટનું કારણ બને છે, એ ચોક્કસ છે. તેથી મારે આશ્રિત સ્ત્રીઓએ પુરુષનાં દર્શન આદિકનો પ્રસંગ દૂરથી જ તજી દેવો.[૧] હે ભક્તજનો ! આ બાબતમાં પુરાણોક્ત એક પુરાતની કથા છે તે તમને કહું છું. જે કથા પૂર્વે જીવન પર્યંતનું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતધારી દેવયાની, કચના પ્રસંગથી પોતાના બ્રહ્મચર્યવ્રતમાંથી ભ્રષ્ટ થઈ હતી.[૨]

હે ભક્તજનો ! પૂર્વે શુક્રાચાર્યની શુભલક્ષણે સંપન્ન દેવયાની નામે એક કન્યા હતી, પિતા શુક્રાચાર્યના અનુગ્રહથી બાલ્યાવસ્થામાં જ આત્મનિષ્ઠતાને પામી હતી.[૩] અષ્ટાંગયોગની કળામાં તે ખૂબજ નિપુણ હતી. ધર્મશાસ્ત્રના અર્થને પણ સારી રીતે જાણતી હતી. પોતે નૂતન કાવ્યની રચના કરવામાં સમર્થ હતી. અતિશય મહાબુદ્ધિવાળી હતી અને પોતાની શિષ્યાઓ થઈને રહેલી બીજી હજારો અસુર કન્યાઓને બહુ પ્રકારની યુક્તિઓ પૂર્વક બોધ આપવામાં પિતાની સમાન હતી.[૫] શુક્રાચાર્ય પોતાના પ્રાણ કરતાં પણ અધિક વહાલી અને અનેક સદ્‌ગુણોથી સંપન્ન એવી પોતાની કન્યા દેવયાનીનું પ્રેમથી લાલન પાલન કરતા હતા.[૬] એક વખત શુક્રાચાર્યે પોતાની દિકરીને દશ વર્ષ પૂર્ણ થયાં છે. એમ જાણી કોઈ યોગ્ય વરને

ततो दुहितरं प्राह सोऽतिस्नेहेन भार्गवः । कन्ये ! बुद्धिमति ! प्रेष्ठे ! शृणु मे परमं वचः ॥ ८
प्राप्ता त्वं दशमं वर्षं दानकालस्ततोऽधुना । वर्तते तव तस्मात्त्वं ब्रूहि मे स्वेप्सितं वरम् ॥ ९
महर्षये वा देवाय नृषु वा ब्राह्मणाय वै । ददामि त्वामहं कन्ये ! ब्रूहि सत्यं मनोगतम् ॥ १०
दानकाले न यः कन्यां ददाति ब्राह्मणो भुवि । उचिताय वरायासौ ब्रह्महत्यामवाप्नुयात् ॥ ११
तस्माद्वरं कथय मां यस्मै रोचेत ते मनः । अथवा स्वेच्छयैवाहं ददामि त्वां महर्षये ॥ १२
इत्युक्त्वा देवयानी सा पितरं प्राह सस्मितम् । मम नास्त्येव हि प्रीतिः कस्मिंश्चित्पुरुषे पितः ! ॥ १३
तपो मे रोचतेऽत्यन्तं पुनःसंसृतिनाशनम् । यावज्जीवं तपः कर्तुं निश्चयो हि मया कृतः ॥ १४
तस्मान्मद्दानसङ्कल्पं त्यक्त्वा स्वमनसः पितः ! । स्वस्थो भव महाप्राज्ञ ! मच्चिन्तां मा कृथा वृथा ॥ १५
इच्छा यस्या भवेत्पुंसि तददाने महर्षिभिः । दोषः स्मृतोऽस्ति शास्त्रेषु विरक्ताया न वै क्वचित् ॥ १६

---

વિધિ પ્રમાણે તેનું દાન કરવાની ઈચ્છા કરી.[૭] પછી ભૃગુપુત્ર શુક્રાચાર્ય અતિશય સ્નેહથી પોતાની પુત્રી ને કહેવા લાગ્યા કે, હે બુદ્ધિમતિ પુત્રી ! મારૂં શ્રેષ્ઠ વચન સાંભળ.[૮] તને દશ વર્ષ પ્રાપ્ત થયાં છે. તેથી તારો યોગ્ય જગ્યાએ દાન કરવાનો સમય આવ્યો છે, માટે તારા મનને ઈચ્છિત કોઈ યોગ્ય વર નક્કી કર્યો હોય તો મને કહે.[૯] હે દિકરી ! હું તને કોઈ બ્રહ્મનિષ્ઠ મહર્ષિને અથવા દેવતાને અથવા મનુષ્યોને મધ્યે કોઈ બ્રાહ્મણને અર્પણ કરું. તારા મનમાં જે કોઈ ધારી રાખ્યો હોય તો મને સત્ય કહે.[૧૦] હે દિકરી ! તું એમ કહીશ કે, પિતાજી, તમે મારી ચિંતા શા માટે કરો છો ? તો હું કહું છું કે, જે બ્રાહ્મણ પોતાની કન્યાનો ઋતુકાલ પ્રાપ્ત થયો હોય છતાં યોગ્ય વરને દાન કરતો નથી તે બ્રાહ્મણને બ્રહ્મહત્યાની સમાન દોષ પ્રાપ્ત થાય છે.[૧૧] તેથી તારા મનમાં જે વર ગમતો હોય તે મને જણાવ, અથવા હું મારી ઈચ્છા પ્રમાણે કોઈ મહર્ષિને તારું દાન કરૂં.[૧૨]

હે ભક્તજનો ! આ પ્રમાણે પોતાના પિતા શુક્રાચાર્યે જ્યારે કહ્યું, ત્યારે દેવયાની મંદમંદ હસવા લાગી ને પિતા પ્રત્યે કહેવા લાગી કે, હે પિતાજી ! મને કોઈ પણ પુરુષમાં પ્રીતિ નથી. અને આ વાત સૌ કોઈ જાણે છે.[૧૩] વારંવારના સંસૃતિના પ્રવાહમાંથી નિવૃત્તિ આપનારૂં તપ જ મને અતિશય પ્રિય છે. તેથી મેં દેહાવસાન પર્યંત તપ કરવાનો નિશ્ચય કર્યો છે.[૧૪] હે મહાપ્રાજ્ઞ પિતાજી ! તેથી મારૂં દાન કરવાનો સંકલ્પ તમે મનમાંથી કાઢી નાખો. સ્વસ્થ થાઓ અને વ્યર્થ મારી ચિંતા ન કરો.[૧૫] જે કન્યાને મનમાં વરવાની ઈચ્છા હોય ને તેનું યોગ્ય સમયે દાન કરવામાં ન આવે તો જ મહર્ષિઓએ શાસ્ત્રમાં પિતાને માટે બ્રહ્મહત્યા પ્રાપ્તિનો

कन्यावाक्यमिति श्रुत्वा स तु शुक्रो महामतिः । नैष्ठिकव्रतमाहात्म्यं जानन्नोवाच किञ्चन ॥ १७
बाल्य एव विरक्तं च तस्या योगस्थितं तथा । दृष्ट्वा प्रसन्नः शुक्रोऽभूत्तत्प्रियं यच्चकार तत् ॥ १८
अथ काले च कियति व्यतिक्रान्ते कवेर्गृहे । कचो बृहस्पतेः पुत्रो विद्या अध्येतुमागमत् ॥ १९
शुक्राज्ञया स्थितस्तत्र विद्या अध्यैत सोऽपि च । दृष्ट्वा तद्रूपसौन्दर्यं देवयानी मुमोह सा ॥ २०
दिने दिने निजं धर्मं योगाभ्यासात्मचिन्तने । त्यक्त्वा शनैः शनैः सा च तच्छुश्रूषारताऽभवत् ॥ २१
पीडिता मन्मथेनाथ प्रार्थयामास तं रहः । स्वाङ्गप्रदर्शनाद्यैश्च लोभयन्ती गतत्रपा ॥ २२
त्वं मे भव पतिर्वीर ! तव योग्यास्मि सर्वथा । त्वयि मे रमते चित्तं न मां त्वं त्यक्तुमर्हसि ॥ २३
गुरुपुत्र्याऽर्थितस्त्वेवं कामविह्वलया कचः । धर्मविच्च महान्धीरस्तामुवाचाविवेकिनीम् ॥ २४
अवाच्यं किमिदं भद्रे ! भाषसे मां मुधा वचः । भगिनी गुरुपुत्री त्वं लोकशास्त्रविगर्हितम् ॥ २५

---

દોષ કહેલો છે. પરંતુ વિરક્ત કન્યાના અદાનમાં શાસ્ત્રમાં કોઈ દોષ કહ્યો નથી.[૧૬] આ પ્રમાણે પોતાની પુત્રીનું વચન સાંભળી મહાબુદ્ધિશાળી શુક્રાચાર્ય બ્રહ્મચર્ય વ્રતનો મહિમા સમજતા હોવાથી કાંઈ પણ બોલ્યા નહીં.[૧૭] બાલ્યાવસ્થામાં જ દેવયાનીનો વૈરાગ્ય તથા અષ્ટાંગ યોગમાં દૃઢ સ્થિતિ જોઈ પિતા શુક્રાચાર્ય બહુજ પ્રસન્ન રહેતા અને દિકરીને જે જે પ્રિય હોય તે પ્રમાણે સર્વે કરી આપતા.[૧૮]

હે ભક્તજનો ! ત્યારપછી બહુ કાળ વ્યતીત થઈ ગયો. તેવામાં બૃહસ્પતિનો પુત્ર "કચ" સંજીવની વિદ્યાનો અભ્યાસ કરવા શુક્રાચાર્યને ઘેર આવ્યો.[૧૯] શુક્રાચાર્યની આજ્ઞાથી તેમના ઘેર રહીને કચ પણ વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. સમય જતાં દેવયાની કચનું રૂપ અને સૌંદર્ય જોઈ મોહ પામી.[૨૦] તેથી દિવસે દિવસે ધીરે ધીરે પોતાની ધર્મસાધનાનો, યોગાભ્યાસનો, અને આત્મચિંતનનો ત્યાગ કરી કચની સેવામાં સર્વકાલ વીતાવવા લાગી.[૨૧] પછી કામથી અત્યંત પીડા પામેલી દેવયાની પોતાના અંગપ્રદર્શન વિગેરેના હાવભાવથી કચના મનને પોતાનામાં લોભાવવાનો પ્રયત્ન કરવા લાગી.[૨૨] તેમજ નિર્લ્લજ થઈ એકાંતમાં કચને વિનંતી કરવા લાગી કે હે વીર ! તમે મારા પતિ થાઓ, હું તમને સર્વ પ્રકારે યોગ્ય છું. મારૂં ચિત્ત તમારામાં રમે છે. તમે મારો ત્યાગ ન કરો.[૨૩] આ પ્રમાણે કામવિહ્વળ ગુરુપુત્રીની યાચના સાંભળી, ધર્મને જાણતા મહાગુણવાન ધીરજશાળી કચ અવિવેકી એવી દેવયાની પ્રત્યે કહેવા લાગ્યો કે, હે કલ્યાણી ! તમે ગુરૂપુત્રી કહેવાઓ, તેથી મારી બહેન છો. માટે લોક અને શાસ્ત્ર નિંદિત આવું નહિ બોલવા યોગ્ય વચન મને કેમ કહો છો ?[૨૪-૨૫] આ પ્રમાણે કચે તેમને સમજાવી. છતાં કામથી મોહાંધ દેવયાની કુબુદ્ધિવાળી

इति प्रत्युदिता सापि तेन धर्मविदा तदा । पुनः पुनस्तमेकान्ते एवमेवाऽऽर्थयत्कुधीः ॥ २६
प्रत्याख्यानं प्रकुर्वन्तं मुहुस्तं काममोहिता । क्रुधा शशाप सा मूढा विद्या ते निष्फलाऽस्त्विति ॥ २७
प्रतिशप्ता तेन सापि मा ते विप्रो वरोऽस्त्विति । स्वर्गं जगामाथ कचो विमना विफलश्रमः ॥ २८
अष्टोत्तरसहस्राब्दा वयसा देवयान्यपि । वव्रे ययाति नृपतिं क्षत्रियं स्वैरिणी यथा ॥२९
एवं सा ह्यात्मनिष्ठापि पुरुषस्येक्षणादिभिः । भ्रष्टा बृहद्व्रताज्जाता कुलटेवातिनिस्त्रपा ॥ ३०
पितुः शिष्यं भ्रातृतुल्यं मैथुनायाऽऽर्थयत्तथा । धर्मज्ञं ब्राह्मणं धीरमधर्मेण शशाप च ॥ ३१
स्वतश्च नीचजातियं चकार पतिमात्मनः । दुर्लभं ब्राह्मणत्वं च त्यक्त्वा क्षत्रत्वमाप सा ॥ ३२
सर्वोत्कृष्टं भृगुकुलं लाञ्छयामास साऽबला । तपःकृच्छ्रादिकं तस्याः श्रममात्रफलं ह्यभूत् ॥ ३३
तथैव रेणुका भार्या जमदग्नेः पतिव्रता । गन्धर्वराजमद्राक्षीदुदकार्थं नदीं गता ॥ ३४

---

થઈ એકાંતમાં વારંવાર કચ પ્રત્યે, બસ એકજ પ્રકારની યાચના કરવા લાગી.[૨૬]

શ્રીનારાયણ ભગવાન કહે છે, હે ભક્તજનો ! આ પ્રમાણે વારંવાર તેમની યાચનાને ઠુકરાવતા કચ પ્રત્યે કામમોહિત અને અતિશય મૂઢ થયેલી દેવયાની ક્રોધ કરી શાપ આપતી કહેવા લાગી કે, તારી વિદ્યા નિષ્ફળ થાઓ.[૨૭] ત્યારે કચ પણ દેવયાની પ્રત્યે સામો શાપ આપતાં કહેવા લાગ્યો કે, તું બ્રાહ્મણી હોવા છતાં તને કોઈ બ્રાહ્મણ જાતિનો પતિ નહિ મળે. ત્યારપછી કચ મનમાં બહુ ઉદ્વેગ પામ્યો ને સંજીવની વિદ્યાના અભ્યાસનો પરિશ્રમ નિષ્ફળ ગયો જાણી પાછો સ્વર્ગ પ્રત્યે ચાલ્યો ગયો.[૨૮] એકહજાર અને સાઠ વર્ષની થયેલી દેવયાની સ્વૈરિણી સ્ત્રીની માફક ક્ષત્રિય જાતિના યયાતિ રાજાને પરણી.[૨૯] આ પ્રમાણે આત્મનિષ્ઠ હોવા છતાં પણ દેવયાની પુરુષના દર્શનાદિકથી પોતાના નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતમાંથી ભ્રષ્ટ થઈ, કુલટા નારીની જેમ નિર્લજ્જ વર્તન કર્યું.[૩૦] પિતાના શિષ્ય અને ભાઈ સમાન કચને મૈથુન માટે વારંવાર વિનંતી કરી, તેમજ ધર્મજ્ઞ, ધીર અને બ્રાહ્મણ એવા કચને અધર્મથી શાપ આપ્યો.[૩૧] અને પોતાનાથી નીચ જાતિમાં જન્મેલા ક્ષત્રિય યયાતિરાજાને પોતાનો પતિ કર્યો. દુર્લભ બ્રાહ્મણત્વ છોડી ક્ષત્રિયપણાને પામી.[૩૨] આ પ્રમાણે અબળા દેવયાનીએ સર્વોત્કૃષ્ટ ભૃગુકુળને લાંછન લગાડ્યું. અને તેના કૃચ્છ્ર, ચાંદ્રાયણાદિવ્રત અને તપ, તેમજ અષ્ટાંગયોગની સાધના સર્વે વ્યર્થ ગઈ. તેથી પરિશ્રમ માત્ર ફળ મળ્યું.[૩૩]

હે ભક્તજનો ! તેવી જ રીતે જમદગ્નિ મહર્ષિનાં પતિવ્રતા પત્ની રેણુંકાદેવી પણ જળ ભરવા ગંગા નદીએ ગયાં અને ત્યાં ગંધર્વરાજ ચિત્રરથને જોવા માત્રથી

तद्रूपदर्शनात्सापि चक्रे स्वहृदि तत्स्पृहाम् । पत्युः क्रोधेन सा प्रापदपमृत्युव्यथां ततः ॥ ३५
तस्माद्धि ब्रह्मनिष्ठाभिरपि स्त्रीभिः कदाचन । पुंवीक्षणादिकं नैव कर्तव्यं स्वविनाशकृत् ॥ ३६
मुमुक्षवः स्युर्या नार्यस्तास्तु सत्सङ्गिनो मुखात् । भ्रातुः पत्युः पितुर्वापि शृणुयुः श्रीपतेः कथाम् ॥ ३७
मातामहान्मातुलाद्वा पुत्राद्वाऽपि पितामहात् । तद्वार्तां शृणुयुर्भक्त्या श्रुतां तैश्च सतां मुखात् ॥ ३८
श्रुत्वा च तत्कथा स्त्रीभिः कीर्तनीया परस्परम् । संशये सति पुंद्वारा प्रष्टव्याः सन्त एव च ॥ ३९
विधवाभिस्तथा स्त्रीभिः कथा पौराणिकी हरेः । विप्रेण वाच्यमानाऽग्रे पुंसां श्रव्या च दूरतः ॥ ४०
श्रीकृष्णगुणसम्बद्धगीतपद्यादिपाठनम् । समीपसम्बन्धवतः पित्रादेः कार्यमेव तत् ॥ ४१
स्वग्रामे वा परग्रामे धर्मवैराग्यभक्तिभिः । वृद्धा या योषितः स्युस्ता मान्या राधा रमा यथा ॥ ४२
तासां समागमः कार्यः प्रायशोऽत्र मुमुक्षुभिः । नारीभिः श्रेयसे स्वासां स्थेयं तत्प्रोक्तवर्त्मनि ॥ ४३

---

**રેણુંકાદેવીના અંતરમાં તેના ઉપભોગની સ્પૃહા જાગી, એ જાણી ગયેલા જમદગ્નિ ઋષિના ક્રોધથી રેણુંકાદેવી પરશુના પ્રહારથી અપમૃત્યુની પીડાને પામ્યાં.[૩૪-૩૫] એ કારણથી બ્રહ્મનિષ્ઠપણાને પામેલી સ્ત્રીઓએ પણ પોતાનો વિનાશ કરનાર અને ભગવાનના માર્ગથી પતન કરનાર, તેમજ વારંવાર જન્મ-મરણરૂપ સંસૃતિ પમાડનાર પુરુષના દર્શનાદિકનો પ્રસંગ ક્યારેય પણ થવા દેવો નહિ.[૩૬]**

**હે ભક્તજનો ! જે મુમુક્ષુ નારી હોય તેમણે તો સંતોનો સમાગમ કરી ઘરે આવેલા પોતાના સત્સંગીભાઈ, પતિ કે પિતાના મુખથકી ભગવાનની કથાનું શ્રવણ કરવું.[૩૭] અથવા સંતોના મુખથી સાંભળી આવેલા નાનાબાપા, મામા, કે મામાના પુત્રો, કે દાદાબાપા આદિકના મુખથકી ભગવાનની કથાવાર્તાનું પ્રેમથી શ્રવણ કરવું.[૩૮] અને તે કથા પરસ્પર સ્ત્રીઓને કહેવી. તેમાં જો કોઈ સંશય થાય તો પોતાના સંબંધી પુરુષો દ્વારા સંતોને પૂછાવવું.[૩૯] તેવીજ રીતે વિધવા સ્ત્રીઓ હોય તેમણે પણ પોતાના સંબંધી પુરુષોની આગળ સત્સંગી બ્રાહ્મણો વાંચવા માંડેલી ભગવાનની પૌરાણિક કથાઓનું શ્રવણ દૂર પ્રદેશમાં બેસીને કરવું.[૪૦] તથા શ્રીકૃષ્ણ ભગવાનના ગુણ સંબંધી ગ્રંથોનું, કીર્તનોનું, પદ્યનું, અધ્યયન કરવું, તે પણ સ્ત્રીઓએ પોતાના સમીપ સંબંધવાળા પિતા આદિક પુરુષોની પાસેથી જ કરવું.[૪૧] પોતાના ગામમાં કે પરગામમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય યુક્ત ભક્તિવાળી અને વંદન કરવા યોગ્ય જે નારીઓ હોય તેને રાધા, લક્ષ્મીની જેમ માનવી.[૪૨] આ રીતે આ લોકમાં મુમુક્ષુ નારીઓએ પોતાના કલ્યાણને માટે વંદન કરવા યોગ્ય ભગવદ્ ભક્ત નારીઓનો બહુધા સમાગમ કરવો. તેમજ તેમણે બતાવેલા ધર્મમાર્ગમાં જ ચાલવું.[૪૩]**

जन्माष्टम्यादिषु हरेरुत्सवेषु तु यज्जनाः । कार्यं स्त्रीभिः शृणुत तत् सन्मण्डलसमागमे ॥ ४४
सतां वासस्थलं वप्रवृत्याद्यैश्चेदनावृतम् । तर्हि पित्रादिभिः साकं योषाभिस्तत्र गम्यताम् ॥ ४५
एनेकशो जनानां च समुदायेऽथ तत्स्थले । स्त्रीभिः स्त्रीषूपवेष्टव्यं पुम्भिः पुंसु न चान्यथा ॥ ४६
तत्र पुंसः प्रति हरेः कुर्वतां च कथाः सताम् । मुखाद्दूरस्थिताभिस्ताः श्रोतव्याः स्त्रीभिरादरात् ॥ ४७
एवमेव निजग्रामे विनाप्युत्सववासरम् । आगच्छेयुर्यदा सन्तो महान्तो हि तपस्विनः ॥ ४८
तदानीमपि योषाभिर्जनसङ्घे यथा पुरा । स्वजनैः सह गन्तव्यं स्थातव्यं च यथोचितम् ॥ ४९
वृतिवप्रावृते स्थाने सतां स्त्रीभिः कदाचन । न प्रवेष्टव्यमित्याज्ञा मामिका सर्वयोषिताम् ॥ ५०
मदाज्ञां या समुल्लङ्घ्य प्रविशेत्तत्र निर्भया । कृत्यैव सा तु विज्ञेया नारी पापात्मिका भुवि ॥ ५१
दर्शनार्थमपि स्त्रीभिः स्वेष्टदेवस्य कर्हिचित् । गन्तव्यं नैव रात्रौ तु विना द्वावुत्सवौ जनाः ! ॥ ५२

---

હે ભક્તજનો ! શ્રીહરિના જન્માષ્ટમી આદિક ઉત્સવોમાં સંતોનું મંડળ પધારે ત્યારે સ્ત્રીઓએ સંતોનો સમાગમ કેમ કરવો, તે રીત તમને કહું છું, તે તમે સાંભળો.[૪૪] સ્વધર્મનિષ્ઠ સંતો જે નિવાસસ્થાનમાં બેસી કથા વાર્તા કરતા હોય તે નિવાસ સ્થાન ખુલ્લું હોય, વાડ વંડી આદિકના આવરણથી રહિત હોય તો ત્યાં ભગવાનની કથા સાંભળવા પિતા, પુત્ર કે ભાઈ આદિ સંબંધીજનોની સાથે જવું.[૪૫] અને ત્યાં પણ અનેક જનોના સમુદાયમાં સ્ત્રીઓએ સ્ત્રીઓની સભામાં બેસવું અને પુરુષોએ પુરુષની સભામાં બેસવું. પરંતુ મન ફાવે ત્યાં ભેળાં થઈને બેસવું નહિ.[૪૬] તે સભામાં પુરુષોને ઉદ્દેશીને ભગવાનની કથા કરતા સંતોના મુખ થકી તે કથા દૂર બેઠેલી સ્ત્રીઓએ પણ અતિ આદરથી સાંભળવી.[૪૭] એજ રીતે ઉત્સવના પ્રસંગ વિના પણ પોતાના ગામમાં જ્યારે મહા ધર્મનિષ્ઠ તપસ્વી સંતો પધારે ત્યારે પણ પૂર્વની પેઠે પોતાના સંબંધી પુરુષોની સાથે સ્ત્રીઓએ કથા-વાર્તા સાંભળવા જવું ને પોતપોતાની મર્યાદામાં પ્રમાણે અલગ અલગ બેસીને કથા સાંભળવી.[૪૮-૪૯] પરંતુ વાડ અથવા વંડીથી બાંધેલી સંતોની જગ્યામાં સ્ત્રીઓએ ક્યારેય પણ પ્રવેશ કરવો નહિ. આ પ્રમાણે મારે આશ્રિત સધવા-વિધવા સર્વે નારીઓને મારી આજ્ઞા છે.[૫૦]

હે ભક્તજનો ! જે સ્ત્રી મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને નિર્ભય થઈ સંતોના નિવાસ સ્થાનમાં પ્રવેશ કરશે તે નારીને પાપરૂપા કૃત્યા જેવી જાણવી.[૫૧] તેમજ પોતાના ઈષ્ટદેવનાં દર્શન માટે પણ બે ઉત્સવ સિવાય રાત્રીમાં ક્યારેય પણ બહાર જવું નહિ.[૫૨] શ્રીકૃષ્ણ ભગવાનનો જન્માષ્ટમીનો ઉત્સવ હોય તથા મારો જન્મોત્સવ હોય ત્યારે સ્ત્રીઓએ પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરવા રાત્રે પિતા, ભાઈ આદિકની

जन्माष्टम्युत्सवो यर्हि मम जन्मोत्सवस्तथा । तदा स्त्रीभिर्दर्शनार्थं निशि गम्यं सह स्वकैः ॥ ५३
राक्षसाः कामरूपा हि धर्मभ्रंशकरा निशि । चरन्तीति तदा गम्यं सावधानाभिरेव हि ॥ ५४
सतां समागमस्त्वेवं स्त्रीणां निःश्रेयसाय हि । पारम्पर्येण साक्षाच्च कर्तव्यत्वेन वर्णितः ॥ ५५
या आचरिष्यन्ति युवत्य इत्थमेधिष्यते प्रेम हरौ हि तासाम् ।
स्थितिश्च धर्मेऽपि भविष्यतीति ता ब्रूत यूयं वनिताः समस्ताः ॥ ५६

*इति श्रीसत्संङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे जनशिक्षायां पुरुषप्रसङ्गाद्देवयानीदुर्दशानिरूपणनामैकषष्टितमोऽध्यायः ॥६१॥*

---

**સાથે જવું.[૫૩] સ્ત્રીઓને ધર્મમાંથી ભ્રષ્ટ કરનારા અને ઇચ્છા પ્રમાણે રૂપધારીને ફરનારા રાક્ષસ જેવા પુરુષો રાત્રીમાં જ ફરે છે. તેથી સ્ત્રીઓએ અતિશય સાવધાનીપૂર્વક રાત્રીએ ભગવાનનાં દર્શન કરવા જવું.[૫૪] હે ભક્તજનો ! આ પ્રમાણે સ્ત્રીઓએ પોતાના કલ્યાણને માટે સંતોનો સમાગમ, સંબંધી પુરુષો દ્વારા પરંપરાથી મર્યાદાપૂર્વક પોતાના સમુદાયમાં રહીને કરવો. પરંતુ સાક્ષાત્ સામે બેસીને ન કરવો.[૫૫] હે ભક્તજનો ! આ પ્રમાણે જે સ્ત્રીઓ આચરણ કરશે તેઓને ભગવાન શ્રીહરિને વિષે અતિશયે પ્રેમ વૃદ્ધિ પામશે, અને પોતાના ધર્મમાં દૃઢ સ્થિતિ થશે. આ પ્રમાણે મેં તમને સમસ્ત સ્ત્રીભક્તોના પ્રશ્નોનો ઉત્તર કહ્યો છે, તે તમે તેઓને યથાર્થ કહી સંભળાવો.[૫૬]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે ભક્તજનોને શિક્ષા આપવાના સંબંધમાં પુરુષના પ્રસંગથી દેવયાનીની થયેલી દુર્દશાનું વર્ણન કર્યું, એ નામે એકસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૧--***

अध्याय ६२

श्रीनारायणमुनिरुवाच

गृहस्थाः पुरुषा ये स्युः परस्त्रीसङ्गवर्जनम् । सर्वथा तैः प्रकर्तव्यमिहामुत्र सुखेप्सुभिः ॥ १
गृहिणां च स्त्रियो याः स्युस्ताभिः पुंसः परस्य तु । प्रसङ्गः सर्वथा त्याज्य उद्वाह्याभिर्विशेषतः ॥ २
गृहस्थैरपि संत्याज्यः संसर्गो मद्यमांसयोः । पलाण्डुलशुनादेश्च तथा मादकवस्तुनः ॥ ३
चातुर्वर्ण्य जनैर्भक्ताः ! स्वज्ञातेरपि कर्हिचित् । नैवोच्छिष्टं भक्षणीयमग्निपक्वादिकं विना ॥ ४
भङ्गागञ्जाहिफेनानि तमालं त्रिविधं तथा । मच्छ्रितो नैव सेवेत द्यूतं स्तेयं तथानृतम् ॥ ५
दुग्धं घृतं च पानीयं नैव प्राश्यमगालितम् । क्रोधेर्ष्यामानहिंसाश्च हातव्या गृहिणापि च ॥ ६
देवार्थं वापि पित्र्र्थं न कार्यं जीवहिंसनम् । स्वर्गार्थमपि तीर्थादौ नात्मघातश्च कर्हिचित् ॥ ७

---

# અધ્યાય – ૬૨

## ભગવાન શ્રીહરિએ ભક્તજનોને સંક્ષેપથી કરેલો ગૃહસ્થધર્મનો ઉપદેશ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! આલોક અને પરલોકમાં સુખી થવા ઈચ્છતા મારા આશ્રિત ભક્તજનોએ પરસ્ત્રીસંગનો સર્વપ્રકારે ત્યાગ કરવો.[૧] તેવી જ રીતે ગૃહસ્થાશ્રમી પુરુષોની જે સધવા સ્ત્રીઓ હોય તેમણે પણ પોતાના પતિ સિવાયના પુરુષનો પ્રસંગ સર્વપ્રકારે ત્યાગ કરવો. તેમાં પણ પરણાવવા લાયક યુવાન કન્યાઓ અને વિધવા સ્ત્રીએ તો વિશેષપણે પુરુષોનો પ્રસંગ છોડી દેવો.[૨] હે ભક્તજનો ! ગૃહસ્થાશ્રમીઓએ મદ્ય, માંસ, ડુંગળી, લસણ, તેમજ માદક વસ્તુમાત્રનો સંસર્ગ પણ છોડી દેવો.[૩] ચારે વર્ણના કોઈ પણ મનુષ્યોએ પોતાની જ્ઞાતિનું પણ જમતાં છોડી દીધેલું ઉચ્છિષ્ટ અન્ન જમવું નહિ. કેવળ અગ્નિથી પકાવેલું કે ઘી, દૂધ આદિથી રાંધેલું હોય તેના સિવાયનું અન્ન ગ્રહણ ન કરવું.[૪] મારા આશ્રિત ગૃહસ્થ ભક્તજનોએ ભાંગ, ગાંજો, અફીણાદિ સર્વે ખાવું, પીવું કે સૂંઘવું આ ત્રણે પ્રકારે તમાકુનું સેવન તેમજ જુગાર, ચોરી, અને અસત્યનું ભાષણ આટલાનો સર્વ પ્રકારે ત્યાગ કરી દેવો.[૫]

હે ભક્તજનો ! ગાળ્યા વિનાનું દૂધ, ઘી કે જળનો ક્યારેય ઉપયોગ કરવો નહિ. તેમજ ગૃહસ્થ હોવા છતાં પણ ક્રોધ, ઈર્ષ્યા, માન અને હિંસાનો સર્વપ્રકારે ત્યાગ કરવો. દેવતાઓને કે પિતૃઓને ઉદ્દેશીને પણ જીવહિંસા ક્યારેય ન કરવી.

मत्स्य ग्राहस्य यत् पापं षण्मासाभ्यन्तरे भवेत् । एकाहे तत्समं ज्ञेयमपूतं यो जलं पिबेत् ॥ ८
अपूतजलपाने हि मांसभक्षणसम्भवात् । पुराणे दोष इत्युक्तः पेयं तद्गालितं जलम् ॥ ९
सांसारिकपदार्थेषु न विषज्जेतमूढवत् । सत्सु स्नेहं प्रकुर्वीत विशेषेण गृहाश्रमी ॥ १०
अच्छेद्यैरपि शास्त्राद्यैः पाशैः सांसारिकैर्दृढम् निबद्धमपि सन्तोऽत्र मोचयन्ति जनं किल ॥ ११
स्वधर्मस्थगृहस्थेभ्यस्त्यागिभ्यश्च विशेषतः । कृष्णवार्ताश्रुतिः कार्या गृहस्थैस्तु मुमुक्षुभिः ॥ १२
गृह्णियाद्यो धनं त्यागी वार्तां कुर्याच्च यः स्त्रिया । तस्माद्वार्तां हरेः श्रुत्वा गृही चान्द्रायणं चरेत् ॥ १३
स्वग्रामे धर्मवृद्धस्य गृहे सायं समेत्य च । तन्नामकीर्तनं कार्यं तत्कथाश्रवणं तथा ॥ १४
तन्मन्त्रजपमालानां यथाशक्ति निरन्तरम् । सङ्ख्यया नियमः कार्यः सर्वैरपि गृहस्थितैः ॥ १५
उपविश्य तथैकान्तै ध्यात्वा प्रत्यहमेव तम् । कर्तव्या मानसी पूजा मनोमलविशोधनी ॥ १६

**સ્વર્ગની પ્રાપ્તિને માટે પણ તીર્થક્ષેત્રાદિકમાં આત્મઘાત ક્યારેય પણ ન કરવો.[૭] માછીમારને છ મહિના માછલાં માર્યાનું જેટલું પાપ થાય તેટલું પાપ એક દિવસમાં ગાળ્યા વિનાનું જળ પીનાર મનુષ્યને લાગે છે.[૮] કારણ કે તેમાં માંસભક્ષણનો સંભવ હોય છે. માટે પુરાણોમાં આટલો મોટો દોષ કહેલો છે માટે જળ હમેશાં ગાળીને પીવું.[૯] ગૃહસ્થાશ્રમી જનોએ સ્ત્રી, દ્રવ્યાદિક સાંસારિક પદાર્થોમાં સાવ મૂઢની જેમ આસક્ત થવું નહિ, પરંતુ સંતોમાં વિશેષ સ્નેહ કરવો.[૧૦] કારણ કે સ્ત્રી, પુત્રાદિકમાં આસક્તિરૂપ સાંસારિક પાશ શસ્ત્રાદિકથી પણ તોડવો અશક્ય છે. એ પાશથી મજબૂત રીતે બંધાયેલા મનુષ્યોને આલોકમાં કેવળ સંતો જ મુક્ત કરી શકે છે.[૧૧] તેથી મુમુક્ષુ ગૃહસ્થ જનોએ સ્વધર્મનિષ્ઠ એવા ગૃહસ્થ ભક્તોના કે સંતોના મુખેથી શ્રીકૃષ્ણ ભગવાનની કથાનું શ્રવણ વિશેષપણે કરવું.[૧૨] હે ભક્તજનો ! જે ત્યાગી થઈને ધનનો સ્વીકાર કરે, સ્ત્રીઓ સાથે વાતો કરે, તેના મુખથી જો ભગવાનની કથા વાર્તા ગૃહસ્થ સાંભળે તો એક ચાંદ્રાયણવ્રત કરવું. અર્થાત્ તેઓના મુખેથી કથાવાર્તા પણ સાંભળવી નહિ.[૧૩] પોતાના ગામમાં ધર્મથી વૃદ્ધ ગૃહસ્થના ઘેર અથવા સાધુનાં નિવાસસ્થાન એવાં મંદિરો કે ધર્મશાળાઓ જો હોય તો ત્યાંજ ભેળા મળીને સાયંકાળે ગૃહસ્થજનોએ ભગવાનનાં નામ સંકીર્તનાદિકનું ઉચ્ચારણ તથા કથા શ્રવણ અવશ્ય કરવું.[૧૪] સર્વ ગૃહસ્થજનોને પોતપોતાની શક્તિ પ્રમાણે પ્રતિદિન ભગવાનના મંત્ર જપની માળાઓ નિશ્ચિત સંખ્યાના નિયમો રાખીને ફેરવવી. સંખ્યાના નિયમ વિના માત્ર અંદાજે ભજન કરવું નહિ.[૧૫]**

**હે ભક્તજનો ! તેમજ પ્રતિદિન એકાંત સ્થળમાં બેસી ભગવાનનું ધ્યાન**

वर्णाश्रमोचितं स्वस्य वेदेन विहितं तु यत् । कर्मषट्कं द्विजैस्तच्च कार्यं भक्तिसमन्वितम् ॥ १७
स्वधर्मस्य च्युतौ क्वापि जाते वा पापकर्मणि । निष्कृतिस्तस्य कर्तव्या सर्वैरपि मदाश्रितैः ॥ १८
अज्ञानात्तु सकृत्पापे कृते कर्मणि वै जनाः । मन्वादिभिः स्मृतः पूर्वैः प्रायश्चित्तविधिर्नृणाम् ॥ १९
प्रायश्चित्तं चिकीर्षुर्यो धर्मभङ्गस्य वैनसः । स्नात्वा स शरणं गच्छेत्पर्षदं संयताञ्जलिः ॥ २०
दश वा सप्त पञ्चापि त्रयो वाऽध्यात्मवित्तमः । धर्मनिष्ठाः सत्यपराः सन्तः पर्षत्प्रकीर्तिता ॥ २१
नैव लक्षेण मूर्खाणां नचैवाधर्मवादिनाम् । पर्षद्भवेन्न लुब्धानां न चापि पक्षपातिनाम् ॥ २२
न सा वृद्धैर्न तरुणैर्न सुरूपैर्धनान्वितैः । त्रिभिरेकेन पर्षत्स्याद्विद्वद्भिर्विदुषापि वा ॥ २३
श्रुताध्ययनसम्पन्नः सत्यवादी जितेन्द्रियः । सदा धर्मरत शान्तो यः स पर्षत्त्वमर्हति ॥ २४

---

કરી, મનના મેલને ધોનારી માનસીપૂજા કરવી.[૧૬] તેમજ પોતપોતાના વર્ણાશ્રમને ઉચિત વેદોક્ત સ્નાનાદિ છ કર્મ તો દ્વિજાતિ એવા ત્રણે વર્ણના ગૃહસ્થજનોએ શ્રીકૃષ્ણ ભગવાનની નવધા ભક્તિએ સહિત કરવાં.[૧૭] ક્યારેય પણ જો સ્વધર્મનો ભંગ થાય અથવા કોઇ પાપકર્મ થઇ જાય તો મારા આશ્રિત સર્વે જનોએ તેનું પ્રાયશ્ચિત અવશ્ય કરવું.[૧૮] અને અજ્ઞાનથી એકવાર કોઇ પાપરૂપ દોષ થઇ જાય તેના માટે પૂર્વના મનુ આદિક મહર્ષિઓએ પ્રાયશ્ચિતનો વિધિ બતાવેલો છે.[૧૯]

**પ્રાયશ્ચિત આપનાર પર્ષદ :–** હે ભક્તજનો ! ધર્મભંગનું કે અન્ય કોઇ પણ પાપનું પ્રાયશ્ચિત કરવા ઇચ્છતા મનુષ્યે સ્નાન કરી, બે હાથ જોડી, પ્રાયશ્ચિત આપનારી સભાને શરણે જવું.[૨૦] સ્વધર્મ નિષ્ઠ, સત્યપરાયણ, તેમજ સાધુ સ્વભાવના દશ જણા કે સાતજણા કે પછી પાંચ અથવા ત્રણ જણા ભેળા થયા હોય તેને અથવા અધ્યાત્મજ્ઞાની તથા ધર્મશાસ્ત્રનો જ્ઞાતા એક જણ હોય તેને પણ સભા કહેવામાં આવે છે.[૨૧] તે સિવાયના લાખ મૂર્ખાઓ, અધર્મીઓ, લોભીઓ કે પક્ષપાતીઓ ભેળા થાય તો પણ તેને સભા કહેવાતી નથી.[૨૨] વૃદ્ધ, યુવાન, અતિશય રૂપવાન કે ધનવાન હોય, તેના ભેળા થવાથી પ્રાયશ્ચિત આપનારી સભા સિદ્ધ થતી નથી. પરંતુ ધર્મનિષ્ઠ ત્રણ વિદ્વાનો હોય અથવા એક હોય તેને પણ સભા કહેવાય છે.[૨૩] વેદ-શાસ્ત્રના અધ્યયનથી સંપન્ન, સત્યવાદી, જીતેન્દ્રિય, ધર્મનિષ્ઠ, તેમજ શાંત સ્વભાવનો વ્યક્તિ હોય તે જ પ્રાયશ્ચિતની સભાનો સભ્ય થવાને યોગ્ય થાય છે.[૨૪] જો ધર્મના જ્ઞાતા વિપ્રો વયથી ભલે નાના હોય છતાં એજ સભાને યોગ્ય વૃદ્ધપુરુષો કહેલા છે. પરંતુ માથાના વાળ ધોળા થવા માત્રથી મૂર્ખ પુરુષો સભાના સભ્ય થવાને લાયક નથી.[૨૫] જે સભામાં સત્ય હોય ત્યાં જ ધર્મ રહેલો છે. પરંતુ જે

वयसा तनवोऽपि स्युर्यदि धर्मविदो द्विजाः । त एव वृद्धा विज्ञेया न मूर्खाः पलिता वृथा ॥ २५
यत्र सत्यं तत्र धर्मो ह्यधर्मस्त्वितरत्र च । धर्मो जयति नाधर्मः सत्यं जयति नानृतम् ॥ २६
निष्कृतौ व्यवहारे च व्रतस्यादेशने तथा । धर्मं वा यदि वाऽधर्मं पर्षद्यत्प्राह तद्भवेत् ॥ २७
ज्योतिषं व्यवहारं च प्रायश्चितं चिकित्सितम् । अजानन्योऽन्यथा ब्रूयात्स महापातकी भवेत् ॥ २८
पर्षदुक्तक्रियाचारात्पातकी तु भवेच्छुचिः । तत्रोक्तो यद्यधर्मः स्यात्पर्षत्तेन तु लिप्यते ॥ २९
तस्मात्सत्यं समाश्रित्य धार्मिकैः पापभिरुभिः । धर्म एव हि वक्तव्यः पर्षद्विप्रैर्न चेतरः ॥ ३०
स्त्रीणां च बालवृद्धानां क्षीणानां कुशरीरिणाम् । उपवासाद्यशक्तानां कर्तव्योऽनुग्रहश्च तैः ॥ ३१
ज्ञात्वा देशं च कालं च वयः सामर्थ्यमेव च । कर्तव्योऽनुग्रहः सद्भिर्ब्राह्मणैर्धर्मवेदिभिः ॥ ३२
लोभान्मोहाद्भयान्मैत्र्याद्यदि कुर्युरनुग्रहम् । नरकान् यान्ति ते मूढा रौरवान्नात्र संशयः ॥ ३३

---

સભામાં સત્યનો અભાવ હોય તે સભામાં અધર્મ જ નિવાસ કરીને રહેલો છે. ધર્મનો અને સત્યનો હમેશાં જય થાય છે, અધર્મનો કે અસત્યનો જય કદાપિ થતો નથી.[૨૬]

હે ભક્તજનો ! પ્રાયશ્ચિત, વ્યવહાર તથા વ્રત તહેવારાદિકના ઉપદેશમાં સભાસદો જેને ધર્મ કહે તેજ ધર્મ જાણવો, અને જેને અધર્મ કહે તેને અધર્મ જાણવો. એથી સભાસદોએ પ્રથમ નિર્ણય કરીને જ બોલવું, નહિ તો પોતે સભાસદો જ તે દોષના ભોક્તા થાય છે.[૨૭] જે જ્યોતિષશાસ્ત્રમાં કહેલા મુહૂર્તાદિકને, ઋણ લેવું દેવું આદિક વ્યવહારના નિર્ણયને, બ્રહ્મહત્યાદિક પાપનાં પ્રાયશ્ચિતને કે રોગ પ્રતિકારક ઔષધીના ધર્મને, જે પુરુષ શાસ્ત્રને અનુસારે યથાર્થ જાણતો ન હોય ને વિપરીત નિર્ણય આપે, તો તે પુરુષ મહાપાતકી થાય છે.[૨૮] સભાસદોએ બતાવેલી ક્રિયાનું આચરણ કરવાથી પાપ કરનારો પુરુષ શુદ્ધ થાય છે. પરંતુ જો પ્રાયશ્ચિત આપવાના નિર્ણય કરવામાં અધર્મ કે પક્ષપાત થયો હોય તો તેનો દોષ સભાસદોને જરૂર લાગે છે.[૨૯] તેથી ધાર્મિક અને પાપભીરુ સભાસદ વિપ્રે સત્યનો જ આશ્રય કરી ધર્મનો નિર્ણય આપવો, પરંતુ અધર્મનો નિર્ણય ક્યારેય પણ આપવો નહિ.[૩૦] સભાસદોએ સ્ત્રી, બાળક, વૃદ્ધ, રોગાદિકથી ક્ષીણ શરીરવાળા જનો, કૃશ શરીરવાળા જનો, તથા ઉપવાસાદિક કરવામાં અશક્તજનો ઉપર પ્રાયશ્ચિતનો નિર્ણય સંભળાવતી વખતે અનુગ્રહ કરવો.[૩૧] તેનાથી થઈ ન શકે તેવું પ્રાયશ્ચિત આપવું નહિ. ધર્મના સ્વરૂપને જાણતા સદ્ધર્મનિષ્ઠ સભાના સભ્યોએ દેશ, કાળ, વય અને સામર્થ્યનું ધ્યાન રાખી અનુગ્રહ કરવો.[૩૨] જે સભાસદ વિપ્રો લોભ, મોહ, ભય તેમજ મૈત્રીભાવથી જો નિર્ણય આપવામાં અનુગ્રહ કરે છે, તો સભાસદો

धार्मिकैरेव मन्वाद्यैर्धर्मविद्भिः पुरातनैः । धर्मः प्रोक्तोऽस्ति न त्वन्यैस्ततो वाच्यो विचार्य सः ॥ ३४
देशाचारं कुलाचारं ग्रामाचारं विबुध्य च । शास्त्राचारः प्रवक्तव्यः सहसा न तु कर्हिचित् ॥ ३५
पर्षदुक्तप्रकारेण पातकी व्रतमाचरेत् । तेनैव हि भवेच्छुद्धस्त्वन्यथा नरकं व्रजेत् ॥ ३६
रहस्यपापकर्मा तु शास्त्रं दृष्ट्वा स्वयं बुधः । यथोक्तनिष्कृतिं कुर्यादन्यस्त्वापृच्छ्य सद्बुधम् ॥ ३७
बालस्य नैव षष्ठाब्दात्पूर्वं पातकमस्ति हि । न राजदण्डस्तस्यास्ति प्रायश्चित्तं न विद्यते ॥ ३८
उनैकादशवर्षस्य पञ्चवर्षात्परस्य च । प्रायश्चितं चरेत्भ्राता पित्रादिर्वा गुरुः स्वयम् ॥ ३९
एकादशाब्दतो बालः षोडशाब्दावधि स्वयम् । प्रायश्चित्तार्धं कुर्वीतं वृद्धरोगिस्त्रियस्तथा ॥ ४०
पापनिष्कृतिकर्तैव पुमान् स्त्री चैति सद्गतिम् । तदकर्ता तु निरयान्नीचयोनीश्च याति हि ॥ ४१

પણ રૌરવ નરકમાં પડે છે. તેમાં કોઈ જાતનો સંશય નથી.[૩૩]

હે ભક્તજનો ! ધર્મનિષ્ઠ તથા ધર્મશાસ્ત્રના અર્થને યથાર્થ જાણતા પુરાતની મનુ આદિક સ્મૃતિકારોએ જ ધર્મનો ઉપદેશ કર્યો છે. અન્ય અધાર્મિક પુરુષોએ કર્યો નથી. તેથી ધર્મનો જ્યારે નિર્ણય કરવાનો થાય ત્યારે સભાસદોએ બહુ વિચારીને નિર્ણય કરવો.[૩૪] દેશાચાર, કુલાચાર અને ગ્રામાચારનું વિશેષપણે ધ્યાન રાખીને શાસ્ત્રાચાર કહેવો. પરંતુ તત્કાળ કોઈ નિર્ણય સંભળાવવો નહિ.[૩૫] હે ભક્તજનો ! પાપ કરનારો મનુષ્ય સભાસદોના કહેવા પ્રમાણે વ્રતનું અનુષ્ઠાન કરે, તેનાથી તે શુદ્ધ થાય છે, અને જો તેનું આચરણ ન કરે તો તે નરકને પામે છે.[૩૬] એકાંતમાં પાપકર્મ કરવાવાળો પુરુષ સ્વયં જ્ઞાની હોય તો ધર્મશાસ્ત્રને જોઈ તેમાં કહેવા પ્રમાણે યથાયોગ્ય પ્રાયશ્ચિત કરી નાખવું. જો પોતે વિદ્વાન ન હોય તો પોતાને અનુકૂળ ધર્મનિષ્ઠ સત્પુરુષને પૂછીને તેના કહેવા પ્રમાણે પ્રાયશ્ચિત કરવું.[૩૭]

**પ્રાયશ્ચિતના અધિકારી–અનધિકારી :–** પાંચવર્ષના અંત સુધીની ઉંમરના બાળકને પાપ લાગતું નથી. તેવા બાળકને કોઈ રાજદંડની શિક્ષા કે પ્રાયશ્ચિતની શિક્ષા હોતી નથી.[૩૮] છ થી દશ વર્ષ સુધીના બાળકનું પ્રાયશ્ચિત ભાઈએ, પિતાએ કે સ્વયં ગુરુએ કરવું.[૩૯] તેવી જ રીતે અગિયાર વર્ષથી આરંભીને સોળવર્ષ પર્યંતના બાળકોને અર્ધુ પ્રાયશ્ચિત કરવું, અને એંશી વર્ષથી ઉપરના વૃદ્ધ, રોગી અને સ્ત્રીઓએ પણ અર્ધુ પ્રાયશ્ચિત કરવું.[૪૦]

હે ભક્તજનો ! જે પુરુષ અને સ્ત્રી પાપનું પ્રાયશ્ચિત કરે છે તે નક્કી શુભગતિને પામે છે. અને પ્રાયશ્ચિત કરતા નથી તે નરકને પામે છે, અને કૂતરા આદિકની નીચયોનીને પામે છે.[૪૧] જે મનુષ્ય પાપ કર્યા પછી તેનું પ્રાયશ્ચિત કર્યું ન

कृत्वा यो दुष्कृतं तस्य नैव कुर्वीत निष्कृतिम् । तत्सङ्गादपि पापं स्यादतः कार्यो न सोऽपि च ॥ ४२
गृहस्थैस्त्यागिभिश्चापि योषाभिश्च यथोचितम् । स्वपापनिष्कृतं कृत्वा पाल्याः स्वनियमा दृढम् ॥ ४३
सांसारिके सुखे तुच्छे त्यक्त्वाऽऽसक्तिं सदा जनैः । वासुदेवे विधातव्या रतिः सर्वैर्मदाश्रितैः ॥ ४४
सा तु स्याच्छ्रद्धया नित्यं स्वधर्माचरणेन च । जिज्ञासया तन्महिम्नो योगेनाध्यात्मिकेन च ॥ ४५
तद्भक्तानां सेवनेन तत्कथाश्रवणेन च । स्त्रीद्रव्यरससक्तानां सङ्गत्यागेन सर्वथा ॥ ४६
अन्यत्र तद्गुणेभ्यश्च सन्तोषेणाप्यहिंसया । तत्कीर्तनेन च यमैर्नियमैश्चाप्यनिन्दया ॥ ४७
तितिक्षया च द्वन्द्वानां तन्नामस्मरणेन च । रतिः कृष्णे भवेन्नृणां तद्भक्त्या तु विशेषतः ॥ ४८
संसृतेः स्याद्व्यवच्छेदो भक्त्यैव परया हरौ । वैराग्यं च दृढं ज्ञानं भक्त्यैव लभते पुमान् ॥ ४९
भक्त्यैव स प्रसन्नान्योपायेन केनचित् । तस्मान्निष्कपटा यूयं भक्तिं कुरुत सर्वथा ॥ ५०

---

હોય તેનો કોઈ સંગ કરે તો તેને પણ પાપ લાગે છે. માટે પાપી પુરુષનો કોઈએ સંગ ન કરવો.[૪૨] મારા આશ્રિત ગૃહસ્થોએ, ત્યાગીઓએ અને સ્ત્રીઓએ પોતપોતાના પાપનું યથાયોગ્ય પ્રાયશ્ચિત કરી નિયમોનું દૃઢતાપૂર્વક પાલન કરવું. (વિશેષ વિસ્તાર પાંચમા પ્રકરણથી જાણી લેવો.)[૪૩]

**ભગવાનમાં પ્રીતિ થવાનાં સાધનો :–** મારા આશ્રિત સર્વે જનો તુચ્છ સાંસારિક વિષય સુખમાંથી આસક્તિનો ત્યાગ કરી સદાય સાક્ષાત્ ભગવાન શ્રી વાસુદેવમાં એક પ્રીતિ કરવી.[૪૪] તે પ્રીતિ થવાના સાધનોઃ- શ્રદ્ધા, નિત્યે સ્વધર્મનું આચરણ, ભગવાનનું માહાત્મ્ય જાણવાની ઈચ્છા, આત્મા-અનાત્માના વિચારનો અભ્યાસ, એકાંતિક ભક્તોનું સેવન, સ્વધર્મમાં રહેલા ભક્તોના મુખેથી કથાનું શ્રવણ, સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં આસક્ત પુરુષના સંગનો સર્વથા ત્યાગ, ભગવાનના ગુણ, શ્રવણ, કીર્તનાદિક સિવાય અન્ય માયિક પદાર્થોમાં સંતોષ, પરંતુ કથા કીર્તનાદિકમાં ક્યારેય સંતોષ ન થવો, અહિંસા, ભગવદ્ કીર્તન, અહિંસાદિ યમો, શૌચાદિક નિયમોનું પાલન, કોઈની પણ નિંદાનો ત્યાગ, ઠંડી-ગરમી આદિ દ્વન્દ્વોની સહનશીલતા અને ભગવાનના સતત નામ સ્મરણથી શ્રી વાસુદેવ ભગવાનને વિષે પ્રીતિરૂપ નવધા ભક્તિ ઉત્પન્ન થાય છે.[૪૫-૪૮] હે ભક્તજનો ! આ રીતે ભગવાન શ્રીહરિમાં પરમ પ્રીતિ ઉત્પન્ન થવાથી જીવને સંસૃતિનો વિનાશ થાય છે.[૪૯] તેમજ દૃઢ વૈરાગ્ય અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. ભગવાન આ પ્રકારની ભક્તિથી જ પ્રસન્ન થાય છે તેવા અન્ય કોઈ ઉપાયથી પ્રસન્ન થતા નથી. તેથી તમે નિષ્કપટભાવે સદાય સર્વપ્રકારની ભક્તિ જ કર્યા કરજો.[૫૦]

सुव्रत उवाच

इत्थं निजाश्रितजनानुपदिश्य धर्मं भक्तिं च भक्तितनयो नृपते ! प्रसन्नः ।
स प्रैरयन्मुनिगणान् गुणगायनार्थं विष्णोर्जनाश्च जगृहुः शिरसा तदुक्तीः ॥ ५१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे जनशिक्षायां प्रायश्चित्तविधिनिरूपणनामा-द्विषष्टितमोऽध्यायः ॥६२॥*

---

## अध्याय - ६३

सुव्रत उवाच

मुक्तानन्दस्तदा वीणां वादयन् षट्पदीं जगौ । गुर्जरीसंज्ञरागेण तालो यत्रैकतालिका ॥ १
रमतां सततं सततमखे त्वयि मानसं मम सखे ! ॥ ध्रुवपदम् ।

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભક્તિપુત્ર ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તજનોને સાધને સહિત ધર્મ અને ભક્તિનો બોધ આપીને અતિશય પ્રસન્ન થયા, અને સંતોને ભગવાનના ગુણગાનના કીર્તનો ગાવાની પ્રેરણા કરી, ત્યારે સભામાં બેઠેલા સર્વે ગૃહસ્થ ભક્તજનોએ પણ ભગવાન શ્રીહરિનાં ઉપદેશ વાક્યો પોતાના મસ્તક ઉપર ધારણ કરીને વંદન કર્યાં.[૫૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ પ્રસંગે ભક્તજનોને શિક્ષા આપી તથા પ્રાયશ્ચિતનું નિરૂપણ કર્યું, એ નામે બાસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૨--***

---

## અધ્યાય - ૬૩

### મુક્તાનંદ સ્વામીએ કરેલું ષટ્પદીનું ગાન તથા શ્રીહરિએ સમાધીનું સુખ આપ્યું.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ જ્યારે સંતોને ગાયન કરવાની પ્રેરણા કરી ત્યારે મુક્તાનંદ સ્વામીએ વીણાવાદન કરી, એકતાલી તાલના ગુર્જરી રાગમાં ષટ્પદીનું ગાન કરવા લાગ્યા.[૧]

હે સખા ! નિરંતર વિષ્ણુયાગાદિ યજ્ઞો કરનારા, ભક્તજનોએ કરેલી

अशरण शरणे भवभयहरणे बहुतरकरुणालये ।
सुखकरचरिते मुनिवरविदिते गुणगणवरुणालये । रमतां सततं. ॥ २
धृतसितवसने कृतमितहसने रुचिरचिकुरराजिते ।
शशिनिभवदने द्युतिजितमदने सकलसुरसभाजिते । रमतां सततं. ॥ ३
प्रविततनयने क्षणजितजयने विविधकुसुमहारके ।
तततरदलिके कृतवरतिलके निजजनसुखकारके । रमतां सततं. ॥ ४
परसुखनिलये परदरविलये सुररिपुमतिमोहने ।
अघचयहरणे सुखचयकरणे निगमगरसदोहने । रमतां सततं. ॥ ५
हृतसुरशमले करधृतकमले परिधृतपुरुभूषणे ।
कलिबलकदने शुभमतिसदने परिहृतनिजदूषणे । रमतां सततं. ॥ ६

---

**પૂજાનો સ્વીકાર કરનારા, તમે અશરણના શરણ છો. ભવસાગરના ભયના હરણ છો. કરુણાના સાગર છો, સર્વને સુખ ઉપજાવે તેવાં ચરિત્રો કરનારા છો, સંતો જ તમને યથાર્થ જાણી શકે છે, સત્ય, શૌચાદિ મહા ગુણ સમૂહના તમે મહાસાગર છો. એવા તમારે વિષે મારૂં મન સતત રમણ કરો.[૨]**

**હે સખા ! તમે અંગ ઉપર સદાય શ્વેત વસ્ત્ર ધારણ કરો છો, સદાય મંદમંદ મુખ હાસ્ય કરો છો, મસ્તકપર મનોહર કેશથી શોભી રહ્યા છો, શરીરની રમણીય કાંતિથી કામદેવને પણ તિરસ્કૃત કરો છો, અને સમગ્ર બ્રહ્માદિ દેવતાઓથી અતિશય પ્રેમથી સતત સેવાઓ છો. એવા તમારે વિષે મારૂં મન સતત રમણ કરો.[૩]**

**હે સખા ! તમે કાન પર્યંત દીર્ઘ નેત્રોને ધારણ કરનારા છો, આખા જગતને જીતનારા કામ, ક્રોધાદિ દોષોને એકક્ષણમાં જ જીતનારા છો, અનેક પ્રકારના પુષ્પોના હાર ધારણ કરનારા છો, કાંઈક ઉપડતા અને અતિશય વિશાળ ભાલને ધારણ કરનારા છો, ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરનારા છો, ભક્તજનોને અતિશય સુખ આપનારા છો. એવા તમારે વિષે મારૂં મન સતત રમણ કરો.[૪]**

**હે સખા ! તમે પરમ સુખના ધામરૂપ છો, કાળરૂપી મહાસર્પના ભયને દૂર કરનારા છો, મનુષ્યનાટ્યથી અસુરોની બુદ્ધિને મોહ ઉપજાવનારા છો, શરણાગતના પાપના પુંજને હરો છો, સુખની પ્રાપ્તિ કરાવો છો, 'ભગવાન સદાય મૂર્તિમાન અને કલ્યાણકારી ગુણોએ યુક્ત વર્તે છે' આવા વેદના સારરૂપ રસનું તમે દોહન કરનારા છો. એવા તમારે વિષે મારૂં મન સતત રમણ કરો.[૫]**

प्रशमितकोपे कृतमदलोपे मुनिवरगणनन्दिते ।
अतिमृदुहृदये निजजनसदये सुरनरमुनिवन्दिते । रमतां सततं. ॥ ७
गीत्वेति षट्पदीमादौ पद्यैः स प्राकृतैस्ततः । गायति स्म गुणान्भक्त्या वासुदेवस्य भूपते ! ॥ ८
ब्रह्मानन्दादयश्चान्ये मुनयो गानकोविदाः । तमेवानुजगुः प्रीत्या कुर्वन्तः स्वरपूरणम् ॥ ९
आरब्धे गायने तैश्च हरिः सदयया दशा । पर्यैक्षत निजान्भक्तान्ददत्तालं करेण च ॥ १०
सहस्रशस्तत्र नराश्च नार्यः समाधिमापुः कृपयैव तस्य ।
अलौकिके ह्यक्षरधाम्नि ते च तमेव कोट्यर्करुचिं ह्यपश्यन् ॥ ११
चतुर्भुजं चाष्टभुजं च केचित्तं वै द्विबाहुं ददृशुश्च केचित् ।
तत्तन्महाधामसु तत्तदीयैः संसेवितं शक्तिसमृद्धिभृत्यैः ॥ १२

---

**હે સખા ! તમે ભક્ત એવા દેવતાઓનાં દુઃખ હરણ કરો છો, હાથમાં કમળ ધારણ કરો છો, પૂજામાં ભક્તોએ અર્પણ કરેલાં આભૂષણો ધારણ કરો છો, ભક્તોના અંતરમાંથી કલિયુગનું બળ દૂર કરો છો, કલ્યાણકારી શુભમતિ આપો છો, ભક્તજનોના સ્વભાવિક લોભાદિકનાં દૂષણ હરો છો. એવા તમારે વિષે મારૂં મન સતત રમણ કરો.[૬]**

**હે સખા ! ભક્તજનોના મનમાંથી ક્રોધનું શમન કરો છો, અસુરગુરુ આદિકના મહામદનો વિનાશ કરો છો, દયાળુ સંતોના સમૂહોને આનંદ ઉપજાવો છો, કોમળ હૃદયવાળા છો, ભક્તો ઉપર બહુ દયા વરસાવો છો, દેવતાઓ, મનુષ્યો અને મુનિજનો તમને સદાય વંદન કરે છે. એવા હે સખા ! આવા તમારે વિષે મારૂં મન સતત રમણ કરો.[૭]**

**હે રાજન્ ! આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ ષટ્પદીનું ગાન કર્યું, પછી પ્રાકૃત ભાષાના પદોથી વાસુદેવ ભગવાનના ગુણોનું ભાવથી ગાયન કરવા લાગ્યા.[૮] ગાયનમાં કુશળ એવા બ્રહ્માનંદ સ્વામી આદિ સંતો પણ સ્વરપૂર્તિ કરી પ્રેમથી તેમની પાછળ ગાયન કરવા લાગ્યા.[૯] શ્રીહરિ પણ હાથની તાલી બજાવી તાલ આપતા આપતા અતિશય કરુણા ભરેલી દૃષ્ટિથી પોતાના ભક્તવૃંદને સભામાં ચારે તરફ નિહાળવા લાગ્યા.[૧૦]**

**હજારો નરનારીઓને થઈ સામુહિક સમાધીઃ–** **શ્રીહરિની દૃષ્ટિ પડતાં હજારો નરનારીઓ શ્રીહરિની કૃપાથી સમાધિદશાને પામ્યાં, સમાધિમાં તેઓ અલૌકિક દિવ્ય અક્ષરધામમાં વિરાજતા, કરોડો સૂર્યની સમાન મહા તેજસ્વી**

व्युत्थाय ते यद्यदलौकिकं स्वे हृदम्बरेऽचक्षत तत्तदेव ।
सम्पृच्छ्यमानान्बहुधा स्वबन्धून्यथावदूचुः किल तत्र तत्तत् ॥ १३
सन्दिग्धचित्ताश्च तदीश्वरत्वे ये केचिदासन्प्रथमं जनास्ते ।
आश्चर्यमालोक्य निशम्य चैतत् सर्वेश्वरं तं विविदुर्यथावत् ॥ १४
सम्बन्धिनः स्वान्भगवत्सकाशान्नेतुं गृहांस्तत्र समागता ये ।
ते दुष्टजीवा अपि तत्प्रतापं दृष्ट्वैव तस्याश्रयमाशु चक्रुः ॥ १५
आनन्दयित्वेति जनाञ्जनेशः स्वं स्वं निवासं प्रति गन्तुमेव ।
आदिश्य रम्यं पटमण्डपं स्वं समेत्य तस्मिन्निषसाद दैविः ॥ १६
स एवमेव प्रतिवासरं स्वानानन्दयन्भक्तजनान् समेतान् ।
उवास तत्राखिलसौख्यकारी यशः स्वकीयं प्रथयन्पृथिव्याम् ॥ १७

ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા.[૧૧] તેમાંથી કેટલાક ભક્તજનો વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, અક્ષર આદિ ધામોને વિષે પોતાની શક્તિ, સ્મૃદ્ધિ અને પાર્ષદોએ સેવેલા, સદાય દ્વિભુજ એવા ભગવાન શ્રીહરિનાં ચતુર્ભુજરૂપે દર્શન કર્યાં. કેટલાક અષ્ટભુજરૂપે અને કેટલાક સહસ્રભુજરૂપે દર્શન કર્યાં.[૧૨]

હે રાજન્ ! સમાધિમાં ગયેલા મનુષ્યો પોતાના હૃદયાકાશમાં શ્રીહરિનું જે જે અલૌકિક મહા ઐશ્વર્ય જોયું હતું તે સમાધિમાંથી બહાર આવ્યા પછી પોતાના પિતા, ભાઈ આદિ સંબંધીજનોના પૂછવાથી તે તે ઐશ્વર્યનું બહુ પ્રકારે યથાર્થ વર્ણન સભામાંજ કહેવા લાગ્યા.[૧૩] કેટલાક મનુષ્યો ભગવાન શ્રીહરિને વિષે પરમેશ્વરપણાના ભાવમાં સંશયયુક્ત મનવાળા હતા. તેઓએ આ આશ્ચર્ય નિહાળ્યું અને સંબંધીઓ થકી સાંભળ્યું ત્યારે શ્રીહરિને વિષે યથાર્થપણે સર્વેશ્વર એવા પુરુષોત્તમપણાનો નિશ્ચય કર્યો.[૧૪] અને કેટલાક દુર્જનો હતા તે પોતાના સંબંધીજનોને શ્રીહરિની પાસેથી બળપૂર્વક ઘરે તેડી જવા માટે આવ્યા હતા, તેઓએ પણ શ્રીહરિનાં અલૌકિક ઐશ્વર્યનું દર્શન કરી તેમનો તત્કાળ આશ્રય કર્યો.[૧૫] હે રાજન્ ! આ પ્રમાણે સર્વે જનોના ઈશ્વર તથા દેવશર્માના પુત્ર ભગવાન શ્રીહરિ સકલ જનોને આનંદ ઉપજાવી પોતપોતાના નિવાસસ્થાન પ્રત્યે જવાનો આદેશ કર્યો. અને પોતે પણ પટમંડપ-તંબુમાં પધાર્યા, ત્યાં પલંગ ઉપર વિરાજમાન થયા.[૧૬] હે રાજન્ ! સમગ્ર જીવોના સુખકારી શ્રીહરિ પ્રતિદિન ફૂલદોલોત્સવમાં વડતાલ પધારેલા પોતાના ભક્તજનોને પોતાના સાંનિધ્યનો આનંદ આપી, આ પૃથ્વી પર ખૂબજ યશ વિસ્તાર્યો, ને કેટલાક સમય સુધી વડતાલપુરમાં નિવાસ કરીને રહ્યા.[૧૭]

यावन्त्यहानि भगवान्न्यवात्सीत्तत्र पत्तने । दिने दिनेऽधिकं तत्र स्नेहो नृणामवर्धत ॥ १८
तत्तद्देशीयलोकानां तत्र पाकक्रिया अपि । प्रत्यहं नूतना आसन्नुत्तरोत्तरसद्रसाः ॥ १९
क्वचिद्दिने सभायां स प्रोचे वर्णाश्रमोचितान् । धर्मान्वेदेन विहितान् कृष्णभक्तिसमन्वितान् ॥२०
कस्मिंश्चिद्दिवसे ज्ञानं वैराग्यं च क्वचित्प्रभुः । भक्तिं निरूपयामास क्वचित्सदसि लक्षणैः ॥ २१
राजनीतिं क्वचित्प्राह दानधर्मांश्च कुत्रचित् । मोक्षधर्मान् क्वचित्प्राह स्त्रीधर्मांश्च स ईश्वरः ॥ २२
क्वचित्साङ्ख्यं क्वचिद्योगं पञ्चरात्रं च कर्हिचित् । धर्मान् परमहंसानां क्वचित्सदसि सोऽब्रवीत् ॥ २३
प्रायश्चित्तविधिं प्राह क्वचित् पापापनुत्तये । आपद्धर्मांश्च सर्वेषां स जगाद क्वचित्प्रभुः ॥ २४
पूर्णकामोऽपि भगवाननुकुर्वन्नृनाटनम् । वर्णाश्रमोचितं धर्ममाचचार स्वयं सदा ॥ २५
व्रतोपवासनियमान् यथाकालं यथोचितम् । जनानां शिक्षणार्थं वै चकार स्वयमीश्वरः ॥ २६
चैत्रशुक्लप्रतिपदि वत्सरारम्भवासरे । ब्रह्मात्मवासुदेवस्य कारयामास पूजनम् ॥ २७
गोदानं स्वर्णदानं च विप्रसन्तर्पणं तथा । मन्वादितिथिमुख्यायां तृतीयायामचीकरत् ॥ २८

---

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિ વડતાલમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ ભક્તજનોને પ્રતિદિન અધિક સ્નેહ વધતો જ રહ્યો.[૧૮] અને સંતો, ભક્તો માટે રસોઇ પણ પ્રતિદિન નવીન તેમજ સ્વાદિષ્ટ થતી રહેતી.[૧૯] અને શ્રીહરિ સભામાં ક્યારેક વર્ણાશ્રમને ઉચિત વેદવિહિત ધર્મોનું ભક્તિએ સહિત પ્રતિપાદન કરતા.[૨૦] કોઇ દિવસ જ્ઞાનનું, કોઇ દિવસ વૈરાગ્યનાં લક્ષણોનું પ્રતિપાદન કરતા, કોઇ દિવસ પ્રેમે સહિત નવધા ભક્તિનું નિરૂપણ કરતા.[૨૧] કોઇક દિવસ રાજનીતિ સમજાવતા, કોઇ દિવસ દાનધર્મની અને મોક્ષધર્મની વાતો કરતા. કોઇ દિવસ સ્ત્રીના ધર્મની અને ક્યારેક સબીજ સાંખ્યજ્ઞાનની વાતો કરતા. ક્યારેક યોગજ્ઞાનની વાતો કરતા, કોઇક દિવસ પંચરાત્ર શાસ્ત્રની વાતો અને કોઇ દિવસ પરમહંસોના ધર્મનું નિરૂપણ કરતા.[૨૨-૨૩] ક્યારેક પાપના પ્રાયશ્ચિત વિધિનું નિરૂપણ કરતા. ક્યારેક આપત્કાળના ધર્મો સમજાવતા.[૨૪] શ્રીહરિ સ્વયં પૂર્ણકામ હોવા છતાં વર્ણાશ્રમોચિત ધર્મનું સદાય પાલન કરતા.[૨૫] સ્વયં ઇશ્વર હોવા છતાં લોકશિક્ષાને માટે સમયે સમયે યથાયોગ્ય વ્રત ઉપવાસાદિકનું પણ પાલન કરતા.[૨૬] ચૈત્ર માસના પહેલે દિવસે બ્રહ્માએ જગતની સૃષ્ટિ સર્જી છે. એમ બ્રહ્મપુરાણમાં કહેલું હોવાથી નૂતન વર્ષના પ્રારંભને દિવસે (ચૈત્રસુદ એકમ) જગત સ્રષ્ટા બ્રહ્માજીના રૂપમાં શ્રીવાસુદેવ ભગવાનનું શ્રીહરિએ પૂજન કરાવ્યું.[૨૭] મનુ આદિ મુખ્ય તિથિઓમાં ચૈત્રસુદ ત્રીજની તિથિ આવતી હોવાથી શ્રીહરિએ તે દિવસે પણ ગાયનું દાન, સુવર્ણનું દાન તથા બ્રાહ્મણોનું**

तस्यां तिथौ भगवतः स च मत्स्यमूर्तेः पूजामहोत्सवमपि क्षितिपाल ! सम्यक् ।
शास्त्रोदितेन विधिनैव विधाप्य भुक्त्वा गन्तुं च दुर्गपुरमीश्वर उद्यतोऽभूत् ॥ २९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे नानातिथिकृतचरित्रनिरूपणनामा-त्रिषष्टितमोऽध्यायः ॥६३॥*

---

## अध्याय - ६४

### सुव्रत उवाच

तावद्राजन्पुरादेत्य गोस्वामी भक्तिमान् द्रुतम् । नाम्ना नारायण गिरिः प्रार्थयामास तं प्रभुम् ॥ १
आतिथ्यं कर्तुमिच्छामि श्वोऽहं सह मुनेस्तव । मनोरथमिमं स्वामिन्मम सम्पूरय प्रभो ! ॥ २
इति सम्प्रार्थितस्तेन भक्तवत्सल ईश्वरः । तथेत्युवाच तावत्तं पौरा अन्येऽप्युपाययुः ॥ ३

---

સંતર્પણ પણ કરાવ્યું.[૨૮] ચૈત્રસુદ ત્રીજના દિવસે શાસ્ત્રવિધિ અનુસાર ભગવાન શ્રીમત્સ્યનારાયણનો પૂજા મહોત્સવ પણ સારી રીતે ઉજવ્યો, હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિ ઈચ્છારામભાઈના ઘેર ભોજન કરી, દુર્ગપુર જવા તત્પર થયા.[૨૫-૨૯]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીય પ્રકરણમાં વડતાલ ફૂલદોલોત્સવ પ્રસંગે નરનારીઓને સમાધિનું સુખ તથા ઉત્સવો ઉજવ્યાનાં ચરિત્રોનું નિરૂપણ કર્યું, એ નામે ત્રેસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૩--**

---

## અધ્યાય - ૬૪

### નારાયણગીરી બાવા તથા હરિભક્તોની પ્રાર્થનાથી ભગવાન શ્રીહરિએ પોતાની જન્મ જયંતી અને વિમલા એકાદશી સુધી વડતાલમાં રોકાવાનું આપેલું વચન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ ગઢપુર જવા તત્પર થયા ત્યારે પુરમાંથી નારાયણગિરિ બાવા શ્રીહરિની સમીપે આવી પ્રાર્થના કરવા લાગ્યા કે, હે સ્વામિન્ ! હે પ્રભુ ! હું આવતી કાલે સંતોએ સહિત આપનો આતિથ્ય સત્કાર કરવા ઈચ્છુ છું. આપ કૃપા કરીને મારો મનોરથ પૂર્ણ કરો.[૧-૨] આ પ્રમાણે પ્રાર્થના

कुबेरो यौवनाश्वश्च जूषमूलजिदादयः । नमश्चक्रुः प्रभुं भक्त्या तं कुबेर उवाच च ॥ ४
अत्रागतस्य ते स्वामिंस्त्रयोविंशतिवासराः । गतास्तत्राऽऽद्यदिवसे यौवनाश्वमनोरथः ॥ ५
पाकस्वीकरणेनैव त्वया सम्पूरितः प्रभो ! । देशान्तरीयलोकाश्च ततः सन्तोषितास्त्वया ॥ ६
भक्तावयमपि स्वामिन्भवामस्तव सेवकाः । अननुगृह्य तान् यानं तव नैवोचितं किल ॥ ७
किञ्च जन्मोत्सवतिथिर्निकटेऽस्त्यागता तव । तत्र त्वदर्चनं स्वामिन्कर्तुमिच्छाऽस्ति नो हृदि ॥ ८
विमलोत्सवपर्यन्तं ततः स्थातुमिहार्हसि । इति सम्प्रार्थितो भक्तैस्तथेत्याह हसन्प्रभुः ॥ ९
ततः स न्यवसत्तत्र भक्तान्सन्तोषयन्निजान् । उपावसन्नवम्यां च मध्याह्ने राममार्चयत् ॥ १०
तेऽथ भक्तजनाः सर्वे तस्य जन्मदिनं हि तत् । विदन्तः परया प्रीत्या तमानर्चुः समुत्सुकाः ॥ ११

---

કરી તેથી ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ "તથાસ્તુ" કહ્યું. તેવામાં બીજા પણ નગરવાસી ભક્તજનો તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યા.[૩] તેમાં કુબેર પટેલ, જોબનપગી, જુષોપગી, મૂળજી આદિ સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિને ભક્તિભાવપૂર્વક નમસ્કાર કર્યા ને કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમે વડતાલપુરમાં પધાર્યા તેને આજે ત્રેવીસ દિવસ થાય છે. તે દિવસથી માંડી આજ સુધી માત્ર પહેલે દિવસે જોબનપગીની રસોઇ સ્વીકારી તેમનો મનોરથ પૂર્ણ કર્યો હતો.[૪-૫] હે પ્રભુ ! ત્યારપછી તમે દેશાંતરવાસી ભક્તોની રસોઇ સ્વીકારી તેઓના મનોરથ પૂર્ણ કર્યા છે.[૬] તો હે સ્વામિન્ ! અમે પણ તમારા ભક્તો છીએ, તેથી રસોઇ આપી તમારી તથા સંતોની સેવા કરવા યોગ્ય છીએ. એથી અમારા ઉપર અનુગ્રહ કર્યા વિના તમે દુર્ગપુર પ્રયાણ ન કરો, એવી અમારી પ્રાર્થના છે.[૭]

હે સ્વામિન્ ! તમારા જન્મોત્સવની તિથિ ચૈત્રસુદ નવમી પણ સમીપમાં જ આવે છે, એ દિવસે તમારૂં પૂજન કરવાની અમારી અંતરમાં ખૂબજ ઇચ્છા છે.[૮] તેથી તમે ચૈત્રસુદ વિમલા એકાદશીના ઉત્સવ પર્યંત અહીંયાં જ નિવાસ કરીને રહો એવી અમારી પ્રાર્થના છે. હે રાજન્ ! આ પ્રમાણે કુબેરઆદિ ભક્તજનોએ પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિએ હસતાં હસતાં તથાસ્તુ કહ્યું.[૯] હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિ પોતાના ભક્તજનોને સંતોષ પમાડતા વડતાલપુરમાં નિવાસ કરીને રહ્યા. ચૈત્રસુદ નવમીની તિથિએ શ્રીહરિએ ઉપવાસ કર્યો અને મધ્યાહ્ને કૌશલ્યાનંદન શ્રીરામચંદ્રજીનું વિધિ પ્રમાણે પૂજન કર્યું.[૧૦] ત્યારપછી રામનવમીના દિવસે શ્રીહરિના પ્રાગટ્યનો પણ દિવસ છે એમ જાણતા વડતાલપુરના તેમજ

वस्त्रैर्नवीनैश्चानर्घ्यैश्चन्दनेन सुगन्धिना । पौष्पैर्मनोहरैर्हारैर्हेमरत्नविभूषणैः ॥ १२
नीराजनेन महता स्तुत्या नत्या च सादरम् । तं सम्पूज्य निराहारं व्रतं चक्रुः सजागरम् ॥ १३
तत्प्रीतये दशम्यां ते साधून् विप्रान् यथाधनम् । सद्भोज्यैस्तर्पयामासुर्दानानि च ददुर्नृप ! ॥ १४
हरिश्च बहुशो विप्रान्सम्भोज्याकृत पारणाम् । महान्तमुत्सवं चक्रे ततस्त्वेकादशीदिने ॥ १५
लक्ष्म्या युतं वासुदेवं सौवर्णं भद्रमण्डले । राजोपचारैर्विविधैर्यथाविधि पुपूज सः ॥ १६
उपवेश्याथ दोलायां पुनः सम्पूज्य तं ततः । महानिराजनं कृत्वा समान्दोलयति स्म सः ॥ १७
मुहूर्तान्ते च तां पूजां समाप्याभ्यर्च्य वाडवान् । चकारोपोषणं स्वामी भक्तैः सह च जागरम् ॥ १८
द्वादश्यां विधिवत्कृत्वा पारणां प्रातरेव सः । प्रयाणायाश्ववारान्स्वान् पद्गांश्चाज्ञापयद्द्रुतम् ॥ १९
कतिचिन्मुनियूथानि गन्तुं देशान्तराणि सः । आदिदेशाथ कतिचित्सह स्वेनागमाय च । २०

---

**દેશાંતરવાસી ભક્તજનોએ અતિશય ઉત્સાહમાં આવી પરમ પ્રીતિથી ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું.[૧૧] સર્વે ભક્તજનોએ નવીન કિંમતી વસ્ત્ર, સુગંધીમાન ચંદન, મનોહર પુષ્પોના હાર, સુવર્ણ તથા રત્નોનાં આભૂષણ, મહાઆરતી, સ્તુતિ અને નમસ્કાર વડે ભગવાન શ્રીહરિનું આદરપૂર્વક પૂજન કર્યું. તેમજ નિરાહાર રહી ઉપવાસ કર્યો અને રાત્રીએ જાગરણ કર્યું.[૧૨-૧૩]**

**હે રાજન્ ! સર્વે ભક્તજનોએ દશમીના દિવસે શ્રીહરિને રાજી કરવા માટે પોતાની ધન સંપત્તિને અનુસારે સુંદર ભોજનોથી સાધુ તથા બ્રાહ્મણોને જમાડી, દાન આપ્યાં.[૧૪] ભગવાન શ્રીહરિએ પણ વિપ્રોને દાન આપી પારણાં કર્યાં. પછી એકાદશીના દિવસે મહાન ઉત્સવ ઉજવ્યો.[૧૫] તેમાં સર્વતોભદ્રમંડળની સ્થાપના કરી લક્ષ્મીજીએ સહિત સુવર્ણમય વાસુદેવ ભગવાનની અનેક પ્રકારના રાજોપચારોથી વિધિપૂર્વક પૂજા કરી.[૧૬] પછી તેમને પારણીયામાં પધરાવીને મહાઆરતી કરી, શ્રીહરિ ઝુલાવવા લાગ્યા.[૧૭] એક મુહૂર્તના અંતે ભગવાન શ્રીહરિએ પૂજાની સમાપ્તિ કરી, બ્રાહ્મણોનું પૂજન કર્યું. આજે એકાદશીના દિવસે પણ ભક્તજનોની સાથે ઉપવાસ કરવા પૂર્વક રાત્રીએ જાગરણ કર્યું.[૧૮]**

**પછી બારસના પ્રાતઃકાળે શ્રીહરિએ વિધિપૂર્વક પારણાં કરીને તત્કાળ દુર્ગપુર પ્રયાણ કરવા માટે પોતાના ઘોડેસ્વાર પાર્ષદોને તથા પદાતીઓને તૈયાર થવાની આજ્ઞા કરી.[૧૯] તથા કેટલાક સંતોનાં મંડળોને અજ્ઞાની જીવોને બોધ આપવા માટે દેશાંતરોમાં વિચરણ કરવા જવાની આજ્ઞા આપી. કેટલાક સંતોનાં મંડળોને**

आज्ञाप्य भृत्यान् सहयायिनः स्वान्स उच्चपीठे ह्युपविश्य हैमे ।
सम्पूज्यमानोऽखिलभक्तसङ्घैर्भक्तप्रियस्तान्प्रभुरादिदेश ॥ २१
शृण्वन्तु सर्वे पुरुषाश्च योषा निजं निजं देशमितो भवन्तः ।
गच्छन्तु मार्गे ह्यतिसावधाना भवन्तु कृष्णं हृदि धारयन्तः ॥ २२
एवमादिश्य तान्सर्वान्भगवान्करुणानिधिः । जय श्रीसच्चिदानन्देत्युच्चार्य हयमारुहत् ॥ २३
पाश्चात्यैरश्ववारैश्चपलतरहयैरन्वितो वेष्टनेऽसौ ।
पुष्पापीडान्विचित्रान्सिततिलकवरे कौंकुमं चन्द्रकं च ॥
कण्ठे हाराननेकान् दधदखिलजनैर्वीक्ष्यमाणोऽश्रुनेत्रैः ।
शृण्वन् गीतं सवाद्यं शशिनिभवदनो निर्ययौ भक्तसङ्घात् ॥ २४

---

પોતાની સાથે ચાલવાની આજ્ઞા આપી.[૨૦] પોતે પ્રયાણોચિત વસ્ત્રોને ધારણ કરી સુવર્ણના ઊંચા સિંહાસન ઉપર આવીને વિરાજમાન થયા. તે સમયે સમગ્ર ભક્તજનોએ વિદાયની પૂજા કરી, ત્યારે ભક્તપ્રિય ભગવાન શ્રીહરિ સર્વ ભક્તજનોને કહેવા લાગ્યા કે, હે ભક્તજનો પુરુષો તથા સ્ત્રીઓ ! તમે મારું વચન સાંભળો, તમે અહીંથી તમારા દેશ પ્રત્યે જવાનું પ્રયાણ કરો છો, તો માર્ગમાં ચાલતાં શ્રીકૃષ્ણ ભગવાનનું હૃદયમાં ધ્યાન કરતાં કરતાં ચાલજો. અને સાવધાની પણ રાખજો.[૨૧-૨૨]

હે રાજન્ ! આ પ્રમાણે કરુણાનિધિ ભગવાન શ્રીહરિએ સર્વે ભક્તજનોને આદેશ આપી, સર્વેને ''જય સચ્ચિદાનંદ'' કહીને ઘોડા ઉપર આરુઢ થયા.[૨૩] શ્રીહરિ ચારેબાજુ પશ્ચિમદેશના ઘોડેસ્વારોથી વીંટાયા હતા. મસ્તક ઉપર ફેંટો બાંધ્યો હતો. અનેક પ્રકારના પુષ્પોના તોરાઓ પાઘમાં ધારણ કર્યા હતા. ભાલમાં ઉત્તમ કેસરનું ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું હતું. વચ્ચે કુંકુમનો ગોળ ચાંદલો કર્યો હતો. કંઠમાં અનેક પ્રકારના પુષ્પોના તથા મોતીઓના હાર ધારણ કર્યા હતા. આંખમાં અશ્રુઓ વહેળાવતા ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરી રહ્યા હતા, પછી શરદઋતુના ચંદ્રમા જેવા મનોહર મુખવાળા શ્રીહરિ ભક્તજનોથી છૂટા પડી ગઢપુર જવા રવાના થયા.[૨૪] હે રાજન્ ! તે સમયે પોતાની પાછળ અનુસરતાં અનેક નરનારીઓને શ્રીહરિએ નીહાળ્યાં, તેથી પોતાના હાથની સંજ્ઞાથી પાછાં વાળવા પ્રયાસ કર્યો, છતાં પણ પાછાં વાળી શક્યા નહીં.[૨૫] તેથી શ્રીહરિ પગની પાનીનો સ્પર્શ કરી ઘોડાને દોડાવ્યો અને સ્વયં એકલાજ તત્કાળ ભક્તજનોની

अनुयातो नरान्नारीर्दृष्ट्वाथ च हरिर्बहून् । न निवर्तयितुं शक्तो बभूव करसंज्ञया ॥ २५
पार्ष्णिस्पर्शद्रावितेन ततोऽश्वेनैकलः स्वयम् । जगाम भक्तदृष्टीनामतिदूरे स सत्वरम् ॥ २६
यावद्दृष्टिबलं दृष्ट्वा न्यवर्तन्त च ते जनाः । ध्यायन्तस्तं साश्रुनेत्राः स्वं स्वं देशं ततो युयुः ॥ २७
रामप्रतापमुख्यास्तु तदा साकेतवासिनः । आज्ञयैव हरेर्जग्मुर्वाहनैः किञ्चिदग्रतः ॥ २८
पाश्चात्यानश्ववारादीन्समेत्याथ हरिः स च । गच्छन्दुर्गपुरं मार्गे भाल्लदेशमुपाययौ ॥ २९
तत्रबद्धाञ्जलिपुटान्मार्गमाबध्य संस्थितान् । जनान्सहस्रशोऽपश्यद्भगवान्प्रहसन्मुखः ॥ ३०
नमस्कृत्य प्रभुं तेऽथ वल्गां तस्य च वाजिनः । धृत्वा स्वं स्वं पुरं नैतुं हरिं सम्प्रार्थयन्भृशम् ॥ ३१
तान्निर्भर्त्स्य हरिर्गन्तुं नाशकद्भक्तवत्सलः । ततस्तेषां प्रियं कर्तुं तत्तत्पुरमगाच्च सः ॥ ३२
क्वचिदर्धं क्वचिच्चैकं क्वचिद्द्वे त्रीण्यपि क्वचित् । दिनान्युवास भगवान्भक्तानां प्रियकाम्यया ॥ ३३

---

**દૃષ્ટિથી અતિશય દૂર ચાલ્યા ગયા.[૨૬] ભક્તજનો પણ જ્યાં સુધી પોતાની દૃષ્ટિ પહોંચી ત્યાં સુધી શ્રીહરિનું દર્શન કરતા રહ્યા ને પછી પાછા વળ્યા. આંખમાં અશ્રુઓ વાળા સર્વે ભક્તજનો હૃદયમાં ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા કરતા પોતપોતાના દેશ પ્રત્યે જવા પાછા ફર્યા.[૨૭]**

**હે રાજન્ ! વડતાલપુરથી શ્રીહરિએ પ્રયાણ કર્યું તે સમયે અયોધ્યાવાસી રામપ્રતાપાદિ સર્વે સંબંધીજનો પણ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રથ આદિ વાહનોમાં બેસી, પહેલાં જ પ્રયાણ કરી દીધું હોવાથી થોડાક આગળ નીકળી ગયા હતા.[૨૮] ત્યારપછી ઘોડો દોડાવી આગળ નીકળી ગયેલા શ્રીહરિ, પોતાના પાર્ષદ એવા પશ્ચિમદેશના ઘોડેસ્વારોની સાથે દુર્ગપુર જઇ રહ્યા હતા. ત્યારે માર્ગમાં ભાલ પ્રદેશ આવ્યો.[૨૯] ત્યાના બે હાથ જોડી માર્ગમાં ઊભેલા હજારો ભક્તજનોને નિહાળ્યા, શ્રીહરિ સમીપે પધાર્યા ત્યારે સર્વે ભક્તજનો નમસ્કાર કરી, ઘોડાની લગામ પકડી પોતાના પુર પ્રત્યે લઇ જવાની અતિશય પ્રાર્થના કરવા લાગ્યા.[૩૦-૩૧] ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ સર્વે ભક્તજનોને તિરસ્કારીને સીધા ગઢપુર જવા સમર્થ થઇ શક્યા નહિ. તેથી ભક્તજનોનું પ્રિય કરવા તે ભક્તોના પુર પ્રત્યે જવાનો નિશ્ચય કર્યો.[૩૨] ભગવાન શ્રીહરિ ભાલદેશના ભક્તોનું ભલું કરવા કોઇ પુરમાં અડધો દિવસ ક્યાંક એક દિવસ ક્યાંક બે કે ત્રણ દિવસ, નિવાસ કરીને રહેતા હતા.[૩૩] તેથી ભક્તજનો ખૂબજ આનંદ પામતા હતા અને શ્રીહરિને પણ આનંદ ઉપજાવતા હતા એમ કરતાં એક મહિનો વ્યતીત થઇ ગયો.[૩૪]**

एवं निवसतस्तस्य मास एकः क्षणो यथा । व्यतिचक्राम भक्तान्स्वान्भृशं तोषयतो हरेः ॥ ३४
अथोत्तमस्तु नृपतिर्निवसन्दुर्गपत्तने । हरेः प्रतीक्षया मासं दुःखेन महताऽनयत् ॥ ३५
अद्य श्वो वा परश्वो वा सायं वा प्रातरेव वा । हरिरायास्यतीत्येवं चिन्तयाऽन्यं निनाय च ॥ ३६
तृतीये मासि तु प्राप्ते भृशं चिन्तातुरो नृपः । भगवद्विरहं सोढुं नाशकत्क्षणमप्यसौ ॥ ३७
खानपानविहीनश्च चिन्तातप्तवपुर्नृपः । भूरिप्रजागरः पत्रीं लिलेखैकमनाः शनैः ॥ ३८
लिखित्वा स्वप्रणामादि लिलेख प्रार्थनां ततः । अतिक्रान्तैव मर्यादा भगवन्! या त्वया कृता ॥ ३९
एतावत्कालपर्यन्तं प्राणा देहे कथञ्चन । स्थिता अतः परं त्वेते न स्थास्यन्तीति भाति मे ॥ ४०
सहनं त्वद्वियोगस्य नाहं कर्तुं क्षमः प्रभो ! । अत्रायाहि ततः शीघ्रं मामाकारय तत्र वा ॥ ४१
सविस्तरैतदर्थां तु लिखित्वा पत्रिकां नृपः । दूतेन प्रेषयामास सद्योऽसौ शीघ्रगामिना ॥ ४२

---

**વિરહાતુર દાદાખાચરનો પત્ર :–** હે રાજન્ ! આ બાજુ દુર્ગપુરમાં નિવાસ કરી રહેલા ઉત્તમ રાજા શ્રીહરિના આવવાનો અવધિ પૂર્ણ થઇ જવાથી આટલો બધો વિલંબ કેમ થયો હશે ? આ પ્રમાણે વિચારતા પ્રતીક્ષા કરતા કરતા એક માસ તો મહાદુઃખથી વીતાવ્યો.[૩૫] શ્રીહરિ આજે, કાલે કે પરમ દિવસે ચોક્કસ પધારશે. આવા પ્રકારના વિચારોના વમળમાં ઉત્તમ રાજાએ બીજો મહિનો પણ પ્રસાર કર્યો.[૩૬] પછી ત્રીજો મહિનો પ્રાપ્ત થતાં અતિ ચિંતાતુર થયેલા ઉત્તમ રાજા, એક ક્ષણ પણ ભગવાન શ્રીહરિનો વિરહ સહન કરવા સમર્થ થયા નહિ.[૩૭] તેથી ખાનપાન રહિત થયેલા ઉત્તમરાજાનું ચિંતાગ્નિમાં શરીર બળવા લાગ્યું. જાગરણ ઉપર જાગરણ થવા લાગ્યાં, પછી ધીરજ ખૂટવાથી એકાગ્ર મન કરી પત્ર લખવા લાગ્યા.[૩૮] ઉપમા લખવા પૂર્વક શ્રીહરિના ચરણમાં વંદનાદિક લખીને પ્રાર્થના લખી કે હે ભગવાન ! મારી આગળ તમે જે ‘‘હું એક મહિનામાં પાછો આવી જઈશ.’’ એવી કરેલી મર્યાદા તો ક્યારનીયે વીતી ગઇ છે.[૩૯] અત્યાર સુધી તો મારા શરીરમાં પ્રાણ મહાકષ્ટથી ટક્યા છે. મને લાગે છે કે હવે તમારા વિયોગમાં આ પ્રાણ ટકશે નહિ.[૪૦] હે ભગવાન ! તમારો વિયોગ સહન કરવા હવે હું સમર્થ નથી. તેથી આપ અહીં જલદીથી પધારો, અથવા તમારી સમીપે મને બોલાવી લ્યો.[૪૧]

હે રાજન્ ! આવા અર્થના સંદર્ભવાળો ઉત્તમરાજાએ પત્ર લખ્યો, અને શીઘ્રગામી દૂત દ્વારા તેજ ક્ષણે શ્રીહરિ ઉપર મોકલ્યો.[૪૨] દૂત પણ જે દિવસે ગઢપુરથી નીકળ્યો હતો તે જ દિવસે ભાલ પ્રદેશના ગાંફ ગામે આવી પહોંચ્યો

तस्मिन्नेव दिने दूतो गुम्फाख्यपुरमागमत् । हरिं प्राप्य ददौ तां च वाचयामास स प्रभुः ॥ ४३
सकलां वाचयित्वा तां भगवान्करुणानिधिः । असह्यं स्वस्य विरहं तेनाबुध्यत निश्चितम् ॥ ४४
ततः सर्वाननुज्ञाप्य तस्मिन्नेव दिने निशि । अश्ववारैः कतिपयैः सहायाद्दुर्गपत्तनम् ॥ ४५
अरुणोदयवेलायां प्रापतत्पुरमीश्वरः । उपविष्टो बहिर्वेद्यां तच्छुश्रावोत्तमो नृपः ॥ ४६
अभ्यधावत्तदैवासावनुपानत्पदोऽपि च । प्राणं वपुरिव प्राप्य तमानन्दमवाप सः ॥ ४७
उत्तीर्याश्वाद्धरिरपि परिरेभे तमानतम् । कृशीभूतं च तद्देहं दृष्ट्वा विस्मयमाप च ॥ ४८
साकं तेन हरिर्वेष्टितो निजपार्षदैः । प्राप्य स्ववसतिं स्थानं न्यवसत्तन्निषेवितः ॥ ४९
मानयित्वा भगवतो बन्धूंस्तमिव सादरम् । प्रासादे वासयामास स्वकीये स च भूपतिः ॥ ५०
एवं स भगवांश्चक्रे पुरि तत्र नृपोत्सवम् । अन्यानपीदृशानेव तत्र चक्रे स चोत्सवान् ॥ ५१

---

અને ભગવાન શ્રીહરિ પણ તેજ દિવસે ગાંફ ગામમાં પધાર્યા હતા. દૂતે રાજભવનમાં શ્રીહરિને ઉત્તમરાજાએ મોકલેલો પત્ર અર્પણ કરી પ્રણામ કર્યા. કરુણાનિધિ ભગવાન શ્રીહરિ તે પત્ર વાંચી જાણ્યું કે ઉત્તમરાજા હવે મારો વિયોગ સહન કરવા સમર્થ થઇ શકશે નહિ.[૪૩-૪૪] તેથી તે જ સમયે ભાલ પ્રદેશના સર્વે ભક્તજનોને પોતપોતાના ગામ પ્રત્યે જવાની આજ્ઞા આપીને, રાત્રીના સમયે ઘોડેસ્વાર પાર્ષદોની સાથે દુર્ગપુર જવા રવાના થયા.[૪૫] ભગવાન શ્રીહરિ અરુણોદય થતાં ગઢપુરને પામ્યા. પ્રતીક્ષા કરીને બહાર વેદિકા ઉપર બેઠેલા ઉત્તમ રાજાએ દૂત દ્વારા ભગવાન શ્રીહરિના આગમનના સમાચાર સાંભળ્યા, કે તરતજ પગમાં પગરખાં પહેરવાનું ભૂલી જઇ શ્રીહરિની સન્મુખ દોડ્યા, ને શરીર જેમ પ્રાણ પાછા આવતાં ચેતનવન્તુ થાય, તેમ ઉત્તમરાજા શ્રીહરિને પામીને આનંદઘેલા થઇ ઝુમવા લાગ્યા.[૪૬-૪૭] શ્રીહરિ પણ તત્કાળ પોતાના અશ્વ ઉપરથી નીચે ઉતરીને પોતાના ચરણમાં દંડવત્ પ્રણામ કરી રહેલા ઉત્તમરાજાને ઉઠાવી બાથમાં ઘાલીને મળ્યા. વિરહમાં આટલું બધું શરીર કૃશ થઇ ગયેલું જોઇ અતિશય વિસ્મય પામ્યા.[૪૮] સર્વે પાર્ષદોની સાથે વીંટાઇ ઉત્તમરાજાની સાથે પોતાના નિવાસ સ્થાને પધારી સુખપૂર્વક રહેવા લાગ્યા.[૪૯]

હે રાજન્ ! ઉત્તમરાજાએ ભગવાન શ્રીહરિના બંધુ રામપ્રતાપભાઇ તથા ઇચ્છારામભાઇ આદિ સર્વેને શ્રીહરિ જેટલું જ માન આપી, પોતાના ભવનમાં નિવાસ કરાવ્યો.[૫૦]

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ વડતાલપુરમાં પુષ્પદોલોત્સવની સાથે

महोत्सवं यः परमं पवित्रं हरेरिमं संशृणुयात्पठेद्वा ।
तौ वाञ्छितार्थं सकलं लभेतां हरेः प्रसादात्परमं पदं च ॥ ५२ ॥

*इति श्रीसत्संङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे तृतीयप्रकरणे वृत्तालयदोलोत्सवे भगवतो दुर्गपत्तनप्रत्यागमननामा चतुषष्टितमोऽध्यायः ॥६४॥*

## ॥ इति तृतीयप्रकरणं समाप्तम् ॥

---

બીજા અનેક ઉત્સવો ઉજવ્યા છે.[૫૧] જે મનુષ્ય ભગવાન શ્રીહરિની આ સર્વોત્તમ પરમ પવિત્ર એવી મહોત્સવ સંબંધી કથા સાંભળશે કે કહેશે, તે બન્ને શ્રોતા અને વક્તા શ્રીહરિની કૃપાથી આલોકમાં સમસ્ત ઈચ્છિત મનોરથને પામશે. તથા પરલોકમાં શ્રીહરિના પરમધામને પ્રાપ્ત કરશે.[૫૨]

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના તૃતીયપ્રકરણમાં વડતાલ ફૂલડોલોત્સવ કરી પાછા ગઢપુર પધાર્યાનું નિરૂપણ કર્યું, એ નામે ચોસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૪--***

# ॥ શ્રીમત્ સત્સંગિજીવન તૃતીય-પ્રકરણ સમાપ્ત ॥

---